
# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૧૩)



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ



પરમાગમ શ્રી સમયસાર
(ગાથા ૩૭૩-૪૧૫ શ્લોક ૨૨૨-૨૪૫) ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૮મી વારના પ્રવચનો
(પ્રવચન નંબર ૪૮૬-૫૩૧)

ॐ

परमात्मने नमः।

# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૧૩)

શ્રી કુંદકુંદાચાર્યદેવ-રચિત શ્રી સમયસાર પરમાગમ ઉપર
અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૮મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન
(ગાથા-૩૭૩થી ૪૧૫, શ્લોક-૨૨૨ થી ૨૪૫,
પ્રવચન-૪૮૬થી ૫૩૧)

પ્રસ્તુતકર્તા :
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,
સોનગઢ
સંપર્ક : ૯૭૨૨૮૩૩૧૪૩

વિક્રમ સંવંત
૨૦૭૮

વીર સંવંત
૨૫૪૮

ઈ. સન
૨૦૨૨


**પ્રકાશન તિથિ**

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાન
કેવળજ્ઞાન કલ્યાણક
તા.૨૬-૯-૨૦૨૨

**દાતારોની યાદિ**

એક મુમુક્ષુ, સોનગઢ ૧૦,૦૦૦/-

ટાઈપ સેટિંગ :
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧


ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે
જૈનજગતમાં પ્રસિદ્ધ છે;
જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે;
અસીમ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ શ્રી સમયસાર ૧૮મી વખતના આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ૩૪ પ્રવચનનાં
સંકલનરૂપ આ **'ભાગવત શાસ્ત્ર'** ભાગ–૧૩ અર્પણ કરતાં
અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

– પ્રસ્તુતકર્તા

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ-શાસ્ત્ર છે, જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજસ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર શ્રી સમયસારજીની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન-ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયેઃ લોપ થયો હતો, મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો, જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા, પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું, તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ,

ભવોદધિ-તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો કે જેમણે આ ઊભય આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ અને સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો સુવર્ણમય ઉદય થયો. તેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રી જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ-પ્રદાયક પ્રવચનગંગા દ્વારા પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની વિરોધીઓના વિરોધનો પણ નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી 'વિરોધીઓ પણ ભગવાનઆત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું, 'અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.'

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં 'સોનગઢ' મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :

- સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
- સમયસાર તો સિદ્ધાંત-શિરોમણિ અદ્વિતીય અજોડચક્ષુ ને આંધળાની આંખ છે.
- સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘશસ્ત્ર છે.
- સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું ગજબનું શાસ્ત્ર બની ગયું! જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ! ધન્ય કાળ !
- સમયસારની એક-એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક-એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં-ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.

- સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે!
- સમયસારના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
- સમયસાર તો ભરતક્ષેત્રમાં પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર-શાસ્ત્ર કહેવાય.
- સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
- સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે-અમૃત વહેવરાવ્યા છે.
- સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.
- સમયસારની મૂળભૂત એક-એક ગાથામાં ગજબ ગંભીરતા! પાર ન પડે એવી ચીજ છે. એક-એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.
- સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ-ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે, જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે, ધર્મનો ધોધ એવો ધર્મી છે, ધ્રુવ પ્રવાહ છે, જ્ઞાનની ધારા છે, ત્રણલોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે, વાસ્તવિક વસ્તુ છે, સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે, ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય-વાડો-ગચ્છ નથી. વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ—શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેમની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે—એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છેને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક-એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેમને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય! પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો ને બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે, પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ, તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિ તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની ૩૭૩ થી ૪૧૫ ગાથા તથા તેના ૨૨૨ થી ૨૪૫ શ્લોકો પીઠિકારૂપે છે. તેના ઉપર થયેલાં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૮મી વખતના સળંગ પ્રવચનો નં.૪૮૬ થી ૫૩૧ આ **"ભાગવત શાસ્ત્ર" ભાગ-૧૩માં** અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ, કોઈવાર બે વર્ષ, કોઈવાર અઢી વર્ષ તેમ ૪૫ વર્ષમાં ૧૯ વખત જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ-જેમ જ્ઞાનીની જ્ઞાન-સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ-તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા-નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વખતના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં-જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું

કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર. તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે, છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે, તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિઅપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના આચાર્યોના ગૂઢભાવોને ખૂબ જ સરળ ભાષામાં રજૂ કરી મુમુક્ષુ સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાન આત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત-અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ, તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

આ પુસ્તક : www.vitragvani.com પર તથા atmadhrm.com પર મૂકેલ છે.

લી.
**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**
**સોનગઢ**



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગદૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કૃહાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક'

ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિય'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી

સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ.

૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી  એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્દ્ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં-વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા

ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ,

ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છેને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છેને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ

દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની

તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા

કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાદીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર

મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**<br>**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૪૮૬ | ૨૨–૧૦–૧૯૭૭ | ગાથા–૩૭૩ થી ૩૮૨ | ૦૦૧ |
| ૪૮૭ | ૨૩–૧૦–૧૯૭૭ | ગાથા–૩૭૩ થી ૩૮૨ | ૦૧૫ |
| ૪૮૮ | ૨૪–૧૦–૧૯૭૭ | ગાથા–૩૭૩ થી ૩૮૨ | ૦૨૭ |
| ૪૮૯ | ૨૫–૧૦–૧૯૭૭ | શ્લોક–૨૨૨ | ૦૩૯ |
| ૪૯૦ | ૨૬–૧૦–૧૯૭૭ | શ્લોક–૨૨૩ | ૦૫૨ |
| ૪૯૧ | ૨૭–૧૦–૧૯૭૭ | શ્લોક–૨૨૩ | ૦૬૪ |
| ૪૯૨ | ૨૮–૧૦–૧૯૭૭ | શ્લોક–૨૨૩, ગાથા–૩૮૩ થી ૩૮૬ | ૦૭૫ |
| ૪૯૩ | ૨૯–૧૦–૧૯૭૭ | ગાથા–૩૮૩ થી ૩૮૬ | ૦૮૮ |
| ૪૯૪ | ૩૦–૧૦–૧૯૭૭ | શ્લોક–૨૨૪, ગાથા–૩૮૭ થી ૩૮૯ | ૧૦૦ |
| ૪૯૫ | ૩૧–૧૦–૧૯૭૭ | ગાથા–૩૮૭ થી ૩૮૯ | ૧૧૦ |
| ૪૯૬ | ૦૧–૧૧–૧૯૭૭ | શ્લોક–૨૨૫–૨૨૬ | ૧૨૨ |
| ૪૯૭ | ૦૨–૧૧–૧૯૭૭ | શ્લોક–૨૨૫–૨૨૬ | ૧૩૪ |
| ૪૯૮ | ૦૩–૧૧–૧૯૭૭ | શ્લોક–૨૨૭–૨૨૮ | ૧૪૬ |
| ૪૯૯ | ૦૪–૧૧–૧૯૭૭ | શ્લોક–૨૨૯–૨૩૦ | ૧૫૮ |
| ૫૦૦ | ૦૫–૧૧–૧૯૭૭ | શ્લોક–૨૩૦ | ૧૭૧ |
| ૫૦૧ | ૦૬–૧૧–૧૯૭૭ | શ્લોક–૨૩૦ | ૧૮૩ |
| ૫૦૨ | ૦૭–૧૧–૧૯૭૭ | શ્લોક–૨૩૦ | ૧૯૬ |
| ૫૦૩ | ૦૮–૧૧–૧૯૭૭ | શ્લોક–૨૩૧ | ૨૦૮ |
| ૫૦૪ | ૦૯–૧૧–૧૯૭૭ | શ્લોક–૨૩૨–૨૩૩ | ૨૨૧ |
| ૫૦૫ | ૧૦–૧૧–૧૯૭૭ | શ્લોક–૨૩૩–૨૩૪ | ૨૩૪ |
| ૫૦૬ | ૧૧–૧૧–૧૯૭૭ | ગાથા–૩૯૦ થી ૪૦૪ | ૨૪૭ |

| | | | |
|---|---|---|---|
| ૫૦૭ | ૧૨–૧૧–૧૯૭૭ | ગાથા–૩૯૦ થી ૪૦૪ | ૨૫૯ |
| ૫૦૮ | ૧૩–૧૧–૧૯૭૭ | ગાથા–૩૯૦ થી ૪૦૪ | ૨૭૨ |
| ૫૦૯ | ૧૪–૧૧–૧૯૭૭ | ગાથા–૩૯૦ થી ૪૦૪ | ૨૮૪ |
| ૫૧૦ | ૧૫–૧૧–૧૯૭૭ | ગાથા–૩૯૦ થી ૪૦૪ | ૨૯૬ |
| ૫૧૧ | ૧૬–૧૧–૧૯૭૭ | ગાથા–૩૯૦ થી ૪૦૪, શ્લોક–૨૩૫ | ૩૦૯ |
| ૫૧૨ | ૧૭–૧૧–૧૯૭૭ | શ્લોક–૨૩૫–૨૩૬ | ૩૨૧ |
| ૫૧૩ | ૧૮–૧૧–૧૯૭૭ | ગાથા–૪૦૫ થી ૪૦૭ | ૩૩૩ |
| ૫૧૪ | ૧૯–૧૧–૧૯૭૭ | ગાથા–૪૦૫ થી ૪૦૯, શ્લોક–૨૩૮ | ૩૪૫ |
| ૫૧૫ | ૨૦–૧૧–૧૯૭૭ | ગાથા–૪૦૫ થી ૪૧૦ | ૩૫૭ |
| ૫૧૬ | ૨૧–૧૧–૧૯૭૭ | ગાથા–૪૧૦–૪૧૧, શ્લોક–૨૩૯ | ૩૬૮ |
| ૫૧૭ | ૨૨–૧૧–૧૯૭૭ | શ્લોક–૨૩૯, ગાથા–૪૧૨ | ૩૮૧ |
| ૫૧૮ | ૨૩–૧૧–૧૯૭૭ | ગાથા–૪૧૨ | ૩૯૨ |
| ૫૧૯ | ૨૪–૧૧–૧૯૭૭ | શ્લોસક–૨૪૦ | ૪૦૩ |
| ૫૨૦ | ૨૫–૧૧–૧૯૭૭ | શ્લોક–૨૪૧ | ૪૧૫ |
| ૫૨૧ | ૨૬–૧૧–૧૯૭૭ | શ્લોક–૨૪૧, ગાથા–૪૧૩ | ૪૨૭ |
| ૫૨૨ | ૨૭–૧૧–૧૯૭૭ | ગાથા–૪૧૩ | ૪૩૯ |
| ૫૨૩ | ૨૮–૧૧–૧૯૭૭ | ગાથા–૪૧૩, શ્લોક–૨૪૨ | ૪૫૦ |
| ૫૨૪ | ૨૯–૧૧–૧૯૭૭ | શ્લોક–૨૪૨ | ૪૬૨ |
| ૫૨૫ | ૩૦–૧૧–૧૯૭૭ | ગાથા–૪૧૪ | ૪૭૪ |
| ૫૨૬ | ૦૧–૧૨–૧૯૭૭ | ગાથા–૪૧૪ | ૪૮૬ |
| ૫૨૭ | ૦૨–૧૨–૧૯૭૭ | શ્લોક–૨૪૪ | ૪૯૭ |
| ૫૨૮ | ૦૩–૧૨–૧૯૭૭ | શ્લોક–૨૪૫ | ૫૦૯ |
| ૫૨૯ | ૦૪–૧૨–૧૯૭૭ | ગાથા–૪૧૫ | ૫૨૨ |
| ૫૩૦ | ૦૫–૧૨–૧૯૭૭ | ગાથા–૪૧૫ | ૫૩૪ |
| ૫૩૧ | ૦૬–૧૨–૧૯૭૭ | ગાથા–૪૧૫ | ૫૪૪ |

ૐ

શ્રી પરમાત્મને નમઃ

# ભાગવત શાસ્ત્ર

(ભાગ–૧૩)
(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
સમયસાર ગ્રંથ ઉપરના ૧૮મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)

**આસો સુદ-૧૧, શનિવાર, તા. ૨૨-૧૦-૧૯૭૭,**
**ગાથા-૩૭૩ થી ૩૮૨ પ્રવચન નં.૪૮૬**

સમયસાર, '**પ્રથમ દૃષ્ટાંત કહે છે : આ જગતમાં બાહ્યપદાર્થ—ઘટપટાદિ—,**' પદાર્થ છેને બાહ્ય? '**જેમ દેવદત્ત નામનો પુરુષ યજ્ઞદત્ત નામના પુરુષને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે તેમ, દીવાને સ્વપ્રકાશનમાં (અર્થાત્ બાહ્યપદાર્થને પ્રકાશવાના કાર્યમાં) જોડતો નથી...**' દીપકનું દૃષ્ટાંત આપ્યું. ઘટપટ વસ્તુ છે એ દીપકનો પ્રકાશ કરે એમ નથી કહેતા. જેમ યજ્ઞદત્ત દેવદત્તને પકડીને ઠઆમ કાર્ય કર' એમ કહે છે, એમ બાહ્ય પદાર્થ દીપકને પ્રકાશ કર એમ નથી કહેતા. આ તો હજી દૃષ્ટાંત છે.

**શ્રોતા :–** દૃષ્ટાંત સમજાય નહિ ત્યાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દૃષ્ટાંત કહીએ કે આ લાકડી છે જુઓ, અહીંયાં દીપક છે. તો લાકડી એમ કહે છે કે તું મને પ્રકાશ? એમ દીવો છે. બાહ્ય પદાર્થ ઘટપટ એ એમ કહે છે કે મને પ્રકાશો? સમજાણું કાંઈ?

'**અને દીવો પણ લોહચુંબક-પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેને પ્રકાશવા જતો નથી;...**' શું કહે છે? પહેલું દૃષ્ટાંત છે કે જેમ દીવો છે દીવો, દીવો અને એક ઘટપટ છે અહીંયાં. તો ઘટપટ દીવાને એમ નથી

કહેતા કે મને પ્રકાશો. આ તો દૃષ્ટાંત છે. પછી આત્મા ઉપર ઉતારશે. સમજાણું કાંઈ? આ પુસ્તક છે, ઘટ છે, વસ્ત્ર છે, એ દીવાને એમ નથી કહેતા કે અમને પ્રકાશો. તેમ દીવો પોતાના સ્વભાવથી ખસીને એને જાણવા નથી જાતો, ઘટપટાદિને પ્રકાશવા નથી જાતો. કોની જેમ? **'લોહચુંબક-પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ...'** જેમ લોઢાનું પક્કડ હોય, ચુંબક હોય એ લોખંડની સોયને ખેંચે છે, એમ દીવો જે છે તે પરને જાણવામાં ખેંચાતો નથી, પોતાના સ્વભાવને છોડીને પરને પ્રકાશવામાં ખેંચાતો નથી. દીવો દીવામાં રહે છે અને પરપદાર્થ પરપદાર્થમાં રહે છે. આ તો દૃષ્ટાંત છે. પછી સિદ્ધાંત જરી ઝીણો પડશે.

**'પરંતુ, વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી...'** ઘટપટ છે એ દીવાને પ્રકાશતા નથી. દીવાનો સ્વતઃ પ્રકાશ છે. એ ઘટપટાદિથી પ્રકાશે છે એમ નથી. ઝીણી વાત છે. **'વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી, દીવો જેમ બાહ્યપદાર્થની અસમીપતામાં (પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે) તેમ બાહ્યપદાર્થોની સમીપતામાં પણ પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે.'** આ તો હજી દૃષ્ટાંત છે. **'(એમ) પોતાના સ્વરૂપથી જ પ્રકાશકતા એવા તેને (દીવાને), વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતો એવો મનોહર કે અમનોહર ઘટપટાદિ બાહ્યપદાર્થ જરાય વિક્રિયા ઉત્પન્ન કરતો નથી.'** એ દૃષ્ટાંત. હવે સિદ્ધાંત સમજો જરી સૂક્ષ્મ છે.

**'એવી રીતે હવે દાષ્ટાંત છે : બાહ્યપદાર્થ—'** આ ભગવાન આત્મા એ તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે. આત્મા ચૈતન્યપ્રકાશના નૂરનું પૂર છે. આહા..હા..! એ બાહ્યપદાર્થને જાણવામાં પોતાનું ક્ષેત્ર છોડીને બાહ્યપદાર્થને જાણતું નથી. આહા..હા..! તેવી રીતે બાહ્યપદાર્થ ચૈતન્યને એમ નથી કહેતા કે તું મને પ્રકાશ. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આ ચૈતન્ય દીવો છે અંદર આનંદકંદ પ્રભુ. સત્—છે ચિદ્ અને જ્ઞાન અને આનંદ. પ્રભુ જે આત્મા છે એ તો સચ્ચિદાનંદ પ્રભુ છે. શાશ્વત જ્ઞાન અને આનંદનો પિંડ છે.

**શ્રોતા :-** કોણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ આત્મા. ક્યાં ભાન છે? કોણ છે, શું છે કાંઈ ખબર નથી. અંદર આત્મા, આ તો દેહ જડ છે, માટી ધૂળ છે, આ કાંઈ આત્મા નથી. અંદર કર્મ છે જડ પુણ્ય-પાપના પરમાણુ, એનાથી આ પૈસા ધૂળ મળે, દરિદ્રતા મળે એ પરમાણુ જડ છે, એ જડ છે અને અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, માનના પરિણામ થાય છે એ તો વિકાર છે. ભગવાન એ તો વિકારથી અંદર ભિન્ન છે. આહા..હા..!

**શ્રોતા :-** પરપદાર્થ એ તો સમજીએ છીએ, પણ આત્મપદાર્થ કયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! આ છે એ જાણે છે કોણ? જેની સત્તામાં આ જણાય છે એ ચૈતન્યસત્તા છે. શરીરને ખબર છે કે હું શરીર છું? જડ માટી આ તો ધૂળ

છે. આ છે એ કોની સત્તામાં જણાય છે? એ આત્માની સત્તામાં જણાય છે કે આ શરીર છે. ડૉક્ટર! એ દવા-બવા બધી નિમિત્ત વાતું. આહા..હા..!

અહીંયાં તો ભગવાન શરીરથી ભિન્ન. આ તો માટી-ધૂળ છે. આ તો પુદ્ગલ અજીવ છે. એ અજીવમાં જાણવાની શક્તિ છે? એ છે એમ જાણે છે કોણ? એ ચૈતન્યપ્રકાશનો નૂર પ્રભુ આત્મા છે એ જાણે છે કે આ શરીર છે, પણ એ શરીર એમ નથી કહેતું કે તું મને પ્રકાશ, તેમ ચૈતન્ય પોતાનું સ્થાન છોડીને શરીરને પ્રકાશવા શરીર પાસે જ્ઞાન જાતું નથી. ન્યાય સમજાય છે? આહા..હા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભગવાન! તારી ભિન્ન ચીજ શું છે એની કદી ખબર જ નથી અને ખબર વિના ચોર્યાસીના અવતારમાં મરીને ભટકે છે. અવતાર કરી કરીને. પશુ, તિર્યંચ, નારકી, ઢોર, આ મનુષ્ય, આ શેઠિયા કે ગરીબ માણસ બધા દુઃખી પ્રાણી બિચારા છે.

**શ્રોતા :-** આપ કહો છો, દુઃખી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિતર લાવો આનંદ. દુઃખ ન હોય તો લાવો આનંદ. ભગવાન તો આનંદસ્વરૂપે સચ્ચિદાનંદ અતીન્દ્રિય આનંદનો કંદ છે. જો એની પર્યાયમાં-દશામાં આનંદ નથી તો દુઃખ છે. ચાહે તો ધૂળ મળે પાંચ કરોડ, દસ કરોડ ને શરીર સુંદર એ મારું એવી માન્યતા એ દુઃખરૂપ દશા છે. આહા..હા..! અરે..!

**શ્રોતા :-** પૈસા કમાવા એ દુઃખ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કમાય છે ધૂળ? પૈસા જડ છે. એ એને કારણે આવે છે અને એને કારણે જાય છે. શું આત્મા એ જડને લઈ-દઈ શકે છે? આહા..હા..! એની તો અહીંયા વાત પણ નથી. અહીં તો એટલું કહેવું છે કે જેમ દીવો ઘટપટને પ્રકાશવા પોતાનું સ્થાન છોડીને જાતો નથી અને ઘટપટ, દીવો મારો પ્રકાશ કરે એમ ઘટપટ કહેતું નથી. એમ ભગવાન આત્મા... આહા..હા..! ઝીણી વાત, પ્રભુ! અંદર ચૈતન્યપ્રકાશ, સ્વપરપ્રકાશનું નૂર, તેજનું પૂર આત્મા અંદર છે. કદી નક્કી કર્યું નથી, નિર્ણય કર્યો નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અમને કોણ કરાવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અજ્ઞાન કરે છે. ભાન ક્યાં છે એને. એ પૈસા-બૈસા નથી કરાવતા. પૈસા મારા એવી મમતા અજ્ઞાની કરે છે. પૈસા તો ધૂળ છે. ચાહે તો કરોડ હોય, પાંચ કરોડ હોય, ધૂળ કરોડ હોય. પોપટભાઈ ગયા. પોપટભાઈ અહીં બેઠા હતાને.

**શ્રોતા :-** ધૂળ હોય તો કપડા આવે, ધૂળ હોય તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય આવે નહિ કાંઈ. પરથી ચીજ આવે છે? આહા..હા..! લોકો એમ નથી કહેતા કે ખાનારનું દાણે દાણે નામ છે. એમ કહે છે. તમારે હિન્દીમાં છે?

**શ્રોતા :-** દાને દાને પે લિખા હૈ ખાનેવાલા કા નામ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનો અર્થ શું? ખાનારનું નામ દાણે દાણે છે એનો અર્થ શું?

કે જે પરમાણુઓ જે આવવાના છે એ આવશે અને નહિ આવવાના હોય એ નહિ આવે. તારા પ્રયત્નથી પરમાણુ આવશે અને તારા પ્રયત્નથી પરમાણુ દૂર થઈ જશે એમ ત્રણકાળમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન! તું કોણ છે? આહા..હા..! અંદર સચ્ચિદાનંદ પ્રભુ દેહદેવળમાં જ્ઞાનાનંદ, સહજાનંદ પ્રભુ, જેમાં જ્ઞાન પરિપૂર્ણ પડ્યું છે અને જેમાં અતીન્દ્રિય અનાકુળ આનંદ ઠસોઠસ ભગવાન આત્મામાં ભર્યો છે. આહા..હા..! એ મૂર્ખ પરમાં, ઈન્દ્રિયના વિષયમાં સુખ છે, પૈસામાં સુખ છે, આબરૂમાં સુખ છે, સુંદર શરીર મળે તો સુખ છે એવા ભિખારાવેડા ભિખારી કરે છે. પોતાના આનંદને છોડીને પરમાં ભીક્ષા માગે છે કે તારામાં સુખ છે, તારામાં સુખ છે. ધૂળમાંય નથી.

**શ્રોતા :-** આપ કહો છો કે આનંદ... પણ આનંદ હતો ક્યારે કે...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આનંદની ખબર પણ કે દિ' છે એને ભાન છે? અંદર છે આનંદ. આહા..હા..! મૃગલાની નાભીમાં કસ્તુરી છે. મૃગલા હોય છેને મૃગલા. મૃગલા હોય છે એની નાભીમાં કસ્તુરી છે, પણ એ કસ્તુરીની સુગંધ જાણે બહારથી આવે છે એમ માનીને બહાર ગોતે છે. એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકંદ પ્રભુ આત્મા છે. આ કોણ માને ક્યાંથી? આહા..હા..! એ આનંદ અંદરમાં છે અને બહારમાં શોધવા જાય છે. આ સ્ત્રીના ભોગમાં સુખ છે, આબરુમાં સુખ છે, પૈસામાં સુખ છે, એ મોટો મૂર્ખ છે. સુમેરુમલજી! ભાઈ અહીં તો આ વાત છે. આહા..હા..! દેહદેવળમાં પ્રકાશનાર ચૈતન્યદેવ સચ્ચિદાનંદ પ્રભુ એ દેહથી તદ્દન ભિન્ન છે. આહા..હા..!

એ દેહ એમ નથી કહેતો કે મને પ્રકાશો અને ચૈતન્ય પોતાનું સ્થાન છોડીને શરીરને પ્રકાશવા જાતો નથી. પોતાના જ્ઞાનમાં રહીને શરીરને જાણે છે. આહા..હા..! ન્યાય સમજાય છે? માર્ગ ધર્મ સૂક્ષ્મ છે, ભાઈ! અનંતકાળ થયો પરિભ્રમણ કરતો કરતો ચોર્યાસીના અવતાર... સમજાણું કાંઈ? અનંત-અનંત કર્યા. આહા..હા..! પણ મારી ચીજ અંદર શું છે એની ખબર નથી. એની કિંમત નથી અને એની કિંમત નથી તો બહારની ચીજની કિંમત જાતી નથી એને. બહારની કિંમત ટાંકે છે કે પૈસા મળ્યા, સ્ત્રી મળી, આબરૂ મળી, કાં પુણ્ય અને પાપના ભાવ આવ્યા એની કિંમત ટાંકે છે, પણ પુણ્ય-પાપ વિનાનો ચૈતન્ય ભગવાન અનંત આનંદનો કંદ સચ્ચિદાનંદ પ્રભુ છે એની મહિમા અને કિંમત કદી કરી નથી. ન કરી તો પરિભ્રમણ મટ્યું નહિ. સુમેરુમલજી!

એ કહે છે જુઓ, '**બાહ્યપદાર્થો—શબ્દો,...**' છે ભાઈ? ડૉક્ટરને બતાવો. શું કહે છે? જરી સૂક્ષ્મ વાત છે, પ્રભુ! આ શબ્દ છેને શબ્દ? વાણી જડ. ધ્વનિ ઉઠે છે. આમાં ઉતરે છેને? તો એ આત્મા છે? આ તો માટી છે, ધૂળ છે અવાજ. આ શરીર જેમ જડ છે એમાં અવાજ ઉઠે છે એ માટી અને જડ છે. આહા..હા..! એ શબ્દ. છે? એ '**શબ્દ, રૂપ,...**'

આ શરીરનું રૂપ. બે. 'ગંધ,...' ગંધ આવે છેને? અને 'રસ,...' આ ખાટો-મીઠો રસ. અને '**સ્પર્શ...**' શરીરનો સ્પર્શ. '**તથા ગુણ...**' .. પરિણમવામાં ગુણ છે ગુણ '**ને દ્રવ્ય–,**' એટલે વસ્તુ. જરી ન્યાયથી સૂક્ષ્મ (વાત કરી છે).

'**જેવ દેવદત્ત...**' એ પુરુષ છે. એ '**યજ્ઞદત્તને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે...**' છે. યજ્ઞદત્ત છે. એ દેવદત્ત યજ્ઞદત્તને હાથ પકડીને 'આ કામ લે, આ કામ કર' એમ કહે છેને? ભાષા સમજો છો? જેમ દેવદત્ત એક માણસ છે અને યજ્ઞદત્ત બીજો છે. તો દેવદત્તને પકડીને 'આ કામ કર' એમ કહે છે. એમ કહે એમ આત્મામાં નથી, એમ કહે છે. શું કહે છે જુઓ, '**તેમ, આત્માને સ્વજ્ઞાનમાં (બાહ્યપદાર્થોને જાણવાના કાર્યમાં) જોડતા નથી...**' આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાન પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ, પ્રજ્ઞાનો પુંજ છે એ બાહ્યપદાર્થ એને એમ નથી કહેતા, કોઈ નિંદાનો, પ્રશંસાના શબ્દ આવ્યા એ શબ્દ જ્ઞાનને એમ નથી કહેતા કે અમને પ્રકાશવામાં તું રોકા. કહે છે ઈ? આહા..હા..! નિંદા થઈ, પ્રશંસા થઈ એ તો જડની અવસ્થા છે. વાણિયા વાત કરે. નિંદા કરે કે તું આવો ખરાબ છો, આવો ખરાબ છો. એ તો ભાષા જડની અવસ્થા છે. એ પ્રશંસા કરે કે તું મોટો છો અને આવો છો. એ તો જડની અવસ્થા છે. તો એ જડની દશા આત્માને એમ નથી કહેતી કે તું અમને જાણ. જેમ ઘટપટ દીવાને નથી કહેતા કે તું અમને પ્રકાશ. એમ એ ચીજ શબ્દ, રૂપ, રસ એમ નથી કહેતા કે તું અમને પ્રકાશ. આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ! અનંતકાળ થયા એણે આત્મજ્ઞાન કર્યું નથી. એ આત્મા શું ચીજ છે? આ દુનિયામાં એક તો રળવામાં, ભોગમાં, વિષયમાં, પાપની લાગણીમાં ચોવીસ કલાક જાય. એકાદ-બે કલાક મળે કાંઈક સાંભળવાનું તે પણ ઊંધું મળે પાછું. ઝીણી વાત છે, પ્રભુ! અનંતકાળ થયા એણે આત્મજ્ઞાન કર્યું નથી. આ આત્મા શું ચીજ છે? આ દુનિયામાં એક તો રળવામાં, ભોગમાં, વિષયમાં, પાપની લાગણીમાં ચોવીસ કલાક જાય. એકાદ-બે કલાક મળે કાંઈક સાંભળવાનું તે પણ ઊંધું મળે પાછું. આત્મજ્ઞાનની વાત પણ મળતી નથી, સાંભળવા મળતી નથી. આહા..હા..!

અહીં કહે છે કે જે શબ્દ જગતની જડની પર્યાય, રૂપ જડની અવસ્થા, ગંધ જડની અવસ્થા, રસ જડની અવસ્થા, ગુણ-પરદ્રવ્યના ગુણો. પર છેને આત્મા? આ આત્મા સિવાય પર આત્મા અને પરદ્રવ્ય. એના ગુણો અને એનું દ્રવ્ય એટલે પરવસ્તુ. એ '**(બાહ્યપદાર્થોને જાણવાના કાર્યમાં) જોડતા નથી...**' આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ! ચૈતન્ય ભગવાન તેને એ બાહ્યપદાર્થ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ 'અમને તું પ્રકાશ' એમ એ બાહ્ય પદાર્થ જ્ઞાનને કહેતા નથી. આહા..હા..! એમ. એક વાત.

'**કે 'તું મને સાંભળ,...''** એ શબ્દ કહે છે કે મને સાંભળ? નિંદા, પ્રશંસાના શબ્દ આવ્યા તો એ શબ્દ એમ કહે છે-જ્ઞાનને કહે છે કે તું મને સાંભળ? એ તો જડ છે. આહા..હા..! આકરી વાત છે, બાપુ! આહા..હા..! '**તું મને સાંભળ, તું મને જો,...**' આ રૂપ શરીરનું.

આ શરીરનું રૂપ છેને સુંદર? તો એ કહે છે કે અમને દેખ? આ રૂપ એમ કહે છે જ્ઞાનને કે તું મને જો? એ તો જડ છે, માટી-ધૂળ છે. આહા..હા..! અને **'તું મને સુંઘ,...'** ફૂલ-ફૂલ. ગંધ. ગંધ છેને સુગંધ? તો એ સુગંધ આત્માને એમ કહે છે કે તું મારી ગંધ સુંઘ? ગંધ એમ કહે છે કે તું મને જાણવા રોકાઈ જા? આહા..હા..! **'તું મને ચાખ,...'** શીરો, લાડવા. શું કહેવાય? આ રસગુલ્લા. રસગુલ્લા હોય છેને દૂધના. ઈ એમ કહે છે કે તું મને ચાખ? આત્માને એ ચીજ કહે છે કે તું મને ચાખ? આહા..હા..!

**શ્રોતા :-** આ નામ સાંભળતાવેંત મોંમા પાણી આવી જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસાનો રસ છે ઘણો. ધૂળનો. બીડીયું ને તમાકુમાં પૈસા પેદા થાય પાંચ-દસ લાખ એટલે આહા..હા..! ધૂળમાંય નથી. એ તો ભિખારા છે. પોતાની ચૈતન્ય લક્ષ્મીને છોડીને પોતાની લક્ષ્મીને છોડીને પર પાસે ભીખ માગે છે કે પરમાં સુખ છે એ તો ભિખારી છે. ડૉક્ટર! બરાબર છે? પણ ન્યાયથી સમજવું પડશે કે નહિ? નિ-ધાતુ છે. નિ-ન્યાય. નિ-માં લઈ જવું. જેવી ચીજ છે તે તરફ જ્ઞાનને દોરી જવું એનું નામ ન્યાય. તો ન્યાય એમ કહે છે કે જે શરીરની ચીજ છે રૂપ, તો આ રૂપ તો જડ માટી છે. તો રૂપ આત્માને એમ કહે છે કે તું તને (શરીરને) જોવામાં રહી જા? એમ કહે છે ચીજ? આ તો માટી છે. ન્યાય સમજાય છે? આહા..હા..!

એમ નિંદા, પ્રશંસાના શબ્દો જડની દશા છે. એ અવસ્થા એમ નથી કહેતી કે તું મને સાંભળ. એમ તો નથી કહેતી, પણ પોતાનો જ્ઞાનસ્વભાવ જે પોતાના સ્વક્ષેત્રમાં પ્રભુ બિરાજે છે એ પોતાનું ક્ષેત્ર છોડીને એ નિંદા-પ્રશંસાના શબ્દને સ્પર્શવા જતો નથી. આહા..હા..! લોહચુંબક જેમ લોઢાની સોયને ખેંચે છે એમ ભગવાનનું જ્ઞાન શબ્દ, રૂપને ખેંચતા નથી. આહા..હા..! શું કહે છે આ? આવી વાતું હવે ઝીણી. ભગવાન! તારી વાત ઝીણી બહુ છે, ભાઈ! તેં તને કોઈ દિ' ઓળખ્યો નથી. ઓળખનારને ઓળખ્યો નથી, જાણનારને જાણ્યો નથી, દેખનારને દેખ્યો નથી. પરને જોયા અને પરને જાણ્યું એમ માનીને ચાર ગતિમાં રખડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પાંચ-પાંચ હજાર રૂપિયા, દસ-દસ હજાર મળે એક મહિનાના એ બધા ભિખારા છે. પોતાની લક્ષ્મી અંદર પડી છે સચ્ચિદાનંદ નાથ અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા એવી અનંત શક્તિનો સંગ્રહાલય પ્રભુ, આત્મા એવી અનંતી શક્તિનું ગોદામ છે, અનંતગુણનું ગોદામ છે. આહા..હા..! સવારે કહ્યું હતુંને.

ભગવાન આત્મા અરૂપી રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે. છતાં પર વર્ણ, ગંધ, રસ એમાં નથી, પણ એમાં પોતાની શક્તિ સ્વભાવ બેહદ જ્ઞાન, બેહદ આનંદ, બેહદ શાંતિ, બેહદ સ્વચ્છતા, અપરિમિત બેહદ પ્રભુતાનો, શક્તિનો સંગ્રહ પ્રભુ છે. આહા..હા..! અનંત-અનંત જ્ઞાનનું, દર્શનનું ગોદામ આત્મા છે. આહા..હા..! ગોદામ સમજો છો? મોટું ગોદામ

નથી કહેતા? એ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય સ્વચ્છતા, અનંત અનંત અતીન્દ્રિય પ્રભુતા એ શક્તિનું ગોદામ છે. એ શક્તિનો ભરેલો ભગવાન છે. એ પરમાં શક્તિ શોધવા જાય છે કે પરમાં આનંદ છે અને પરનું જ્ઞાન કરું. ભીખારી છે કહે છે. આવી વાત છે.

**શ્રોતા :-** નહિ જાણે એને તો (કાંઈ દોષ) નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ જાણે એનું મહાપાપ છે, રખડવાના, મરી જવાના. અજ્ઞાન એ કોઈ બચાવ નથી. સાંભળ્યું છે પોસ્ટમાં? પોસ્ટમેન પોસ્ટ હોયને આ. પોસ્ટ-પોસ્ટ. પોસ્ટ ઓફિસમાં બાંધે છેને પોસ્ટમેન? તો એ માસ્ટરને ઉભા રહેવું પડે. કારણ કે એમાં રસીદ પાંચ હજારની, બે હજારની, દસ હજારની એમાં હોય ને કોઈ ઉપાડી લે તો? તો હાજર રહેવું પડે. પછી એને કહે કે મને ખબર નહોતી અને આમાંથી કોઈ ઉપાડી ગયું. શું કરે છે? મારે છેને? લાખ. ત્યારે અમે નહોતા. અજ્ઞાન બચાવ છે? તમે નહોતા? તમને ખબર નથી? નોકરીમાં એટલી શર્ત છે કે બધી ચીજો પારકી છે કોઈ લઈ જાય. જાવ નાખો કેદમાં. પોસ્ટ માસ્તરને કેદમાં નાખી દે. અજ્ઞાન એ બચાવ નથી. સમજાણું કાંઈ? એમ અમને ખબર નથી, અજ્ઞાન બચાવ નથી. આહા..હા..! ચંદુભાઈ! અમને ખબર નહોતી. ખબર નહોતી એટલે? દુનિયાના ડહાપણ કરવા તો બહુ જાય છે. આહા..હા..! આવી ચીજ લાવ્યા અને આવી લાવ્યા અને આવી સોંઘી લાવ્યા, આની કિંમત ઘટાડીને લાવ્યા. ત્યાં તો બહુ ડહાપણ કરે છે. દુનિયાના ડાહ્યા, દુનિયાના ડાહ્યા, દુનિયાના સમજુ દુનિયામાં રખડનારા છે.

ભગવાન આત્માનું ડહાપણ જેણે કર્યું... આહા..હા..! હું તો ચિદાનંદ સ્વરૂપ છું. કોઈપણ ચીજને જાણવા હું પરમાં જાતો નથી અને પરચીજ મને જાણે એમ પરચીજ કહેતી નથી. ભાષા સમજો છો? થોડી અમારે ગુજરાતી આવી જાય છે. આહા..હા..! એ અહીં કહે છે જુઓ, એક ચીજ જે શબ્દ છે એ આત્માને નથી કહેતી તું અમને સાંભળ. રૂપ છે, સ્ત્રીનું રૂપ છે, ચામડા, હાડકાની સુંદરતા એ આત્માને એમ નથી કહેતી કે તું મને જોવા રોકાઈ જા. સમજાણું કાંઈ? અને મને સુંઘ અને મને ચાખ. આહા..હા..! મેસુબ. મેસુબ કહે છેને? મેસુબપાક હોય છેને? મેસુબ. એક શેર લોટમાં ચાર શેર ઘી (નાખે) એનો મેસુબ બને છે. તો એ મેસુબ એમ નથી કહેતા કે તું અમને ચાખ. એ તો જડ છે. અને તારું જ્ઞાનસ્વરૂપ છે એ મેસુબને અડતું નથી. મેસુબને અડતું નથી કે એને અડીને એનું હું જ્ઞાન કરું એમ નથી. આહા..હા..! મોટી ભૂલ અનાદિકાળથી. સુમેરુમલજી! આહા..હા..!

પ્રભુ તો સચ્ચિદાનંદ પ્રભુ, જ્ઞાનરૂપી ચંદ્ર સૂર્ય એ પોતાના જ્ઞાન અને આનંદથી પ્રકાશિત ચીજ છે એની તો ખબર નથી અને પરચીજમાં પોતાનું સુખ છે અને પર ચીજને જાણુ તો મારું જ્ઞાન સફળ થયું એવી માન્યતા અજ્ઞાનીની ભ્રમણા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** તત્ત્વ પકડવાથી ત્યાં આત્માને શોધતા નથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંદર વિચારે. એ આનંદકંદ છે અંદરમાં જાય તો. આત્મા અંદર... એ અંતરમાં જાવું, પરનું લક્ષ છોડીને અંદરમાં જાવું એ રસ્તો છે. પરનું લક્ષ છોડીને અંદરમાં જાવું એ રસ્તો છે. પરનું લક્ષ છોડીને આમ જાય છે ..ભાઈ એ તો. એ રસ્તો છે. પોતાની જ્ઞાનદશા વર્તમાન, શક્તિ—ગુણ તો ત્રિકાળ છે, પણ એની વર્તમાન દશા-હાલત પરમાં જાય છે એને રોકીને અંદરમાં જાવું એ કરવાનું છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? શશીભાઈ! જાણનારની વર્તમાન દશા જાણનાર આત્માની છે એ પોતાને નહિ જાણીને એ અવસ્થા પરને જાણવામાં રોકાય છે એ મિથ્યાભ્રમ અને અજ્ઞાન છે. એ દશાને અંદરમાં વાળવી. આંખ જે આમ છે એને બંધ કરવી. એમ જ્ઞાન પર્યાય બહાર જાય છે એને અંદર રોકવી. ઝીણી વાત છે, ભગવાન!

અનંત અનંતકાળમાં કદી કર્યું નથી. કરોડોપતિ, અબજોપતિ અનંતવાર થયો. અનંતવાર ભિખારી થયો, અનંતવાર કાગડો—કૌઆ-કૌઆ, કાગડો, કીડા, કૂતરા અનંતવાર થયો. અનાદિનો આત્મા છે. આત્મા છે એ કોઈ નવી ચીજ છે? છે એ ક્યારે નહોતી? અને છે એ ક્યારે નાશ થાશે? અને છે એના સ્વભાવનો નાશ ક્યારે થશે? ત્રિકાળ આનંદકંદનો નાથ પ્રભુ બિરાજે છે આત્મા પણ એના ઉપર નજર નથી કરતો. કેમ નજર કરવી? પણ નજર તું કરતો નથી. આમ જાય છે. મફતનો જાય છે, હેરાન થાય છે. આ ડૉક્ટપણામાં. એ જ્ઞાન ત્યાં રોકાઈ જાય છે તો નુકસાન છે તને. તારી ચીજ જેની જે દશા છે એના તરફ અંદર જાતી નથી અને જેમાં નથી એ તરફ જાય છે.

**શ્રોતા :-** ક્યાંથી આવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંદર છે. ક્યાંથી આવે ધૂળમાંથી? સચ્ચિદાનંદ પ્રભુ આહા..હા..! એ તો ચૈતન્ય હીરલો અનંત-અનંતગુણના પાસાથી ભરેલો પ્રભુ છે, પણ હવે એ વાત અત્યારે લોપ થઈ ગઈ. અત્યારે કાં તો ક્રિયાકાંડ કરો ને આ વ્રત કરો ને અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો, જાત્રા કરો અને દાન કરો. એ તો બધી ક્રિયા રાગની છે. એ કોઈ ધાર્મિક ક્રિયા નથી. ડૉક્ટર! એ ધાર્મિક ક્રિયા નથી. દયા, દાન, વ્રત, પૈસા-બૈસા, આ પૈસા આપે છેને? તમે આપો છેને? એમાં ધર્મ નથી એમ કહે છે. એકલા છે બ્રહ્મચારી. એ તો રાગની મંદતા હોય તો પુણ્ય છે, શુભભાવ છે, રાગ છે, દુઃખ છે. આહા..હા..! પ્રભુ તો રાગના, દુઃખના ભાવથી ભિન્ન ચીજ પ્રભુ આનંદસ્વરૂપ છે. અરે! કદી નથી કર્યું. સમજાણું કાંઈ? નરસિંહ મહેતાએ કહ્યું નથી? વૈષ્ણવમાં થઈ ગયાને, અહીં જૂનાગઢ. નરસિંહ મહેતા. 'જ્યાં લગી આત્મા તત્વ ચિહ્નયો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' જ્યાં સુધી આત્માને જાણ્યો નથી કે કોણ છે ત્યાં સુધી પૂજા, ભક્તિ, વ્રત, તપ છે એ બધું નિરર્થક સંસારમાં રખડાવનારું છે. આવે છે? નરસિંહ મહેતા અહીં જૂનાગઢમાં થયા કાઠિયાવાડમાં. એ તો જરીક એની શૈલીથી વાત કરી. બાકી આ ચીજ તો ક્યાં હતી, બાપુ? શું કહીએ? આહા..હા..!

મૃગની નાભીમાં કસ્તુરી, એની ગંધ આવે તો એ માને છે કે ક્યાંક બહારથી આવે છે. એ બહારમાં મૃગજળ—મૃગતૃષ્ણા. જે ખારીલી જમીન હોય ખાર-ખારવાળી જમીન. સૂર્યના કિરણથી જળ જેવું દેખાય. જળ જેવું મૃગતૃષ્ણા છે એ પાણી નથી. એમ ભગવાન આત્મા શરીર, વાણી, મન, પૈસા, ધૂળમાં સુખ છે અને એમાં ઠીક છે, એ મૃગજળમાં પાણી માને છે. ભગવાન આત્મામાં આનંદના પાણી ભર્યા છે. આહા..હા..! જેમ સાકરમાં મીઠાશ ભરી છે, જેમ લવણમાં ખારાશ ભરી છે એમ ભગવાન આત્મામાં જ્ઞાન પૂર્ણ ભર્યું છે. અહીં ભગવાન આત્માને કહે છે હોં! ભગવાન શબ્દનો અર્થ છે. સંસ્કૃતનો અર્થ એવો છે. ભગ-ભગ. ભગ નામ લક્ષ્મી. પોતાની આનંદ અને જ્ઞાનરૂપી લક્ષ્મી, વાન-એ લક્ષ્મીનું વાન, લક્ષ્મી સ્વરૂપ એનું છે. આ રાગ ને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. એ તો વિકાર અને દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અરેરે! એણે નિજ ચીજને જોવા...

**શ્રોતા :-** ...ક્યો રસ્તો અને ક્યા તરફ જવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ કરવું. પર તરફનું લક્ષ છોડીને અંદરમાં જાવું. આમ જાય છે તો આમ જાવું.

**શ્રોતા :-** કામ શું કરવું આમાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કામ બહારનું કાંઈ કરવાનું નથી. અંદરમાં જાવું બસ ઈ. અંદર ચૈતન્ય ભર્યો છે ભગવાન પૂર્ણાનંદ એ તરફ નજર (કર). ભક્તિમાં પણ આવે છે. વૈષ્ણવમાં આવે છે. 'મારા નયણને આળસે રે મેં નિરખ્યા ન નયણે હરિ, મારા નયનને આળસે રે મેં નિરખ્યા ન નયણે હરિ.' મારી નજરને આળસે મેં હરિ મારો નાથ મેં દેખ્યો નહિ. એ મારી નજરને આળસે. પણ લોકોને ક્યાં પડી આ દુનિયામાં આહા..હા..! કાં તો પ્રવૃત્તિ ધંધાની. એમાંથી નવરો થાય તો થોડા ઘણા દાન ને ભક્તિ ને પૂજા કરે. એ બધોય સંસાર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ચોવીસે કલાક સમાધિમાં બેઠા રહેવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમાધિમાં ક્યાંય બેસી રહે. અંદર આનંદને વિષય કરી શકે નહિ. પહેલી દૃષ્ટિ તો ફેરવે. દૃષ્ટિ પરમાં જાય છે એ દૃષ્ટિને અંદરમાં લેવી, પછી સ્વરૂપમાં સ્થિર થવું એ ચારિત્ર છે. ચારિત્ર કોઈ ક્રિયાકાંડ બહારના નથી.

ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ વસ્તુ છે, વસ્તુમાં અનંત શક્તિ વસેલી-રહેલી છે. એવી ચીજમાં નજર કરવી. એ નયનને આળસે. મારી નયણને આળસે મેં ભગવાનને જોયા નહિ મને. આહા..હા..! આવે છે? આહા..હા..! અહીં એ કહે છે. જ્ઞાનની પર્યાય તો તારી છે, પણ એ પર્યાય અવસ્થા પોતાને જોવા ન જતા પરને જોવામાં રોકાઈ જાય છે. ઝીણી વાત છે, પ્રભુ! આહા..હા..!

આખી જિંદગી અનંતકાળમાં એમને એમ આ... આ... આ.. આ... આ શરીર ને વાણી ને મન ને જડ ને બાયડી ને છોકરી ને કુટુંબ ને પૈસા ને આબરુ પરવસ્તુ. જે જ્ઞાનમાં નથી તેને જોવા રોકાઈ ગઈ. જે વસ્તુ અંદર છે તેને જોવા માટે નજર કરતો નથી. નજર કરતો નથી. આહા..હા..! ઝીણી વાતું, બાપુ!

**શ્રોતા :-** ... એમ આત્માને લઈ જઈ શકાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ લઈ જઈ શકે? નજર કોણે ઊંધી કરી છે? જેણે નજર ઊંધી કરી એ નજર સવળી કરી શકે છે. ગુરુએ ઊંધી નજર કરાવી છે? ઊંધી સમજ્યા? વિપરીત. વિપરીત નજર તો એણે કરી છે. તો એણે અવિપરીત કરવી. ગુરુથી પણ થતું નથી, શાસ્ત્રથી પણ થતું નથી. આહા..હા..! એ અહીં કહે છે.

'**તું મને ચાખ, તું મને સ્પર્શ, તું મને જાણ,...**' જુઓ, ભાષા! આહા..હા..! એ શરીર, વાણી, મન એમ નથી કહેતા તું અમને જાણ. એ તો જડ છે. '**અને આત્મા પણ લોહચુંબક-પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ...**' જેમ લોઢાની સોય હોય છેને, સોય. લોહચુંબક છેને? ખેંચાઈ છેને? એમ આત્માનો જ્ઞાનસ્વભાવ પરને જાણવામાં ખેંચાતો નથી, પોતાના ક્ષેત્રને છોડીને પરમાં જાતો નથી. આહા..હા..! દૃષ્ટાંત તો દીધું છે. લોહચુંબક સોયને ખેંચે છે, એમ ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વભાવમાંથી ખેંચાઈને શરીર, વાણી, મનને જાણવા જાતું નથી, એ તો પોતામાં રહે છે. માને છે કે હું પરમાં જાઉં છું. આહા..હા..! આવો માર્ગ બહુ ઝીણો બાપુ. આહા..હા..! આ કાંઈક કરવું હોયને તો સૂઝ પડે. આ વ્રત કરવા, બ્રહ્મચર્ય પાળવું જાવજીવ. એ તો જાવજીવ બ્રહ્મચર્ય પાળે એ તો શુભભાવ છે. એ કોઈ ધર્મ-બર્મ નથી. બ્રહ્મચર્ય તો એને કહીએ, બ્રહ્મ નામ આત્માનો આનંદ, એમાં ચર્ય નામ ચરવું. અતીન્દ્રિય આનંદસ્વરૂપમાં ચરવું એને બ્રહ્મચર્ય કહે છે. આહા..હા..! દરેક વાતમાં ફેર છે, પ્રભુ! ઘણો ફેર છે. અનંતકાળમાં એણે પોતાની કિંમત કરી જ નથી. પોતાની મહિમા જાણી નહિ અને પરની મહિમા છોડી નહિ. પોતાની મહિમા જાણે તો પરની મહિમા છૂટી જાય. પરની મહિમા છૂટી જાય તો પોતાની મહિમા થાય. ન્યાય-લોજિક છે. નિ-ધાતુ છેને નિ? ન્યાયમાં નિ ધાતુ છે. નિ નામ લઈ જવું. જેવી ચીજ છે એ તરફ જ્ઞાનને લઈ જવું એનું નામ ન્યાય. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે એ ચીજ તને કહેતી નથી અને '**આત્મા પણ લોહચુંબક-પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ પોતાના સ્થાનથી ચ્યુત થઈને...**' પોતાનું ક્ષેત્ર જે પોતાનો ભાવ છે જ્ઞાન અને આનંદ એ પોતાના ક્ષેત્રને છોડીને કોઈ શબ્દ-રૂપ-રંગને જાણવા પરમાં જાતું નથી. આહા..હા..! ભારે કઠણ ચીજ, ભાઈ! અનંતકાળનો અજાણ્યો પંથ. કદી સાંભળવા મળ્યો નથી. બહારમાં સંપ્રદાય તો એ વાત કરો, અપવાસ કરો, તપસ્યા કરો, ભગવાનની ભક્તિ કરો, મંદિર બનાવો, જાત્રા કરો, એ તો બધી રાગની ક્રિયા છે. આહા..હા..!

સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**લોખંડની સોયની જેમ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને જાણવા જતો નથી;...**' આત્મા પોતાનું ક્ષેત્ર, પોતાનો ભાવ તેને છોડીને શરીર, ગંધ, રસ, સ્પર્શને જાણવા જાતો નથી. એ તો પોતાના સ્થાનમાં જ છે. આહા..હા..! અજ્ઞાનીને ભ્રાંતિ થાય છે કે મારું જ્ઞાન પરને જાણવામાં રોકાણું એ મારું જ્ઞાન. એમ છે જ નહિ. આહા..હા..! પોતાના જ્ઞાનની દશાને અંતરમાં પોતાના જાણનારને જાણે, જોનારને જોવે, પરની ચીજ દેખાય એનાથી લક્ષ છોડવું. આહા..હા..! આવી વાતું ઝીણી હવે. બાપુ! મારગડા એવા છે, ભાઈ! જન્મ-મરણરહિત (થવાના). નહિતર ચોર્યાસીના અવતાર કરી કરીને દુઃખી (છે). કીડા, કાગડા, કૂતરા એવા ભવ. આહા..હા..! ઝીણી-ઝીણી કીડી હોય છેને. તો એવા અનંત ભવ કર્યા છે. અનાદિનો છેને. આત્મા કોઈ નવો છે? રહ્યો ક્યાં? છે તો રહ્યો ક્યાં? ભવભ્રમણમાં રહ્યો. આહા..હા..! ભલે કોઈ કરોડોપતિ શેઠિયા હોય, તોપણ એ પ્રાણી દુઃખી છે. કેમકે પોતાના આનંદની ખબર નથી. હું આનંદમૂર્તિ પ્રભુ છું એની અંતર દૃષ્ટિ કરે તો આનંદનો સ્વાદ આવે. એ વિના બાહ્યદૃષ્ટિમાં તો દુઃખી છે ઈ પ્રાણી. એ રાજા, મહારાજા, શેઠિયાઓ, અબજોપતિ દુઃખી છે. આહા..હા..! કેમકે પરપદાર્થમાં એનું લક્ષ છે અને લક્ષ હોવાથી એમાં વિકાર અને રાગ થાય છે. રાગ એ દુઃખ છે. આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ! ચાહે તો આ ભગવાન છે ત્રિલોકનાથ, તીર્થંકર સર્વજ્ઞ એના ઉપર નજર જાય, તોપણ શુભભાવ એ પુણ્ય છે, રાગ છે, દુઃખ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! અંતરમાં આત્મા આનંદસ્વરૂપ પ્રભુ એ તરફ જાય તો તેને આનંદની દશા પ્રગટે છે અને એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એનું નામ ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, બાપા!

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર ફરમાવે છે એ સંતો આડતિયા થઈને જગતને જાહેર કરે છે. આડતિયા હોય છેને આડતિયા? માલ દેનારા. આ સર્વજ્ઞ ભગવાનનો માલ છે એ સંતો જગતને જાહેર કરે છે, ભાઈ! માલ તો આવો છે. તારી ચીજ તારામાં પડી છે. એને તું જાણતો નથી, જોતો નથી, માનતો નથી, મહિમા કરતો નથી અને તારી ચીજમાં એ ચીજ નથી, એ ચીજને જાણે છે, દેખે છે અને મહિમા કરે છે. ભૂલમાં પડ્યો છે તું. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પરંતુ,...**' આહા..હા..! '**વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી...**' શું કહે છે? એ શબ્દ નિંદા, પ્રશંસા, રૂપ, ગંધ, રસ, સ્પર્શ એ વડે આત્મામાં જ્ઞાનની દશા ઉત્પન્ન નથી થતી. પર વડે આત્મામાં જ્ઞાનની દશા ઉત્પન્ન નથી થતી. કેમકે જ્ઞાનની દશા પોતાના અંતર ગુણથી ઉત્પન્ન થાય છે, પરથી નથી થતી. આહા..હા..! આ શાસ્ત્રથી પણ જ્ઞાન થાય છે એમ નથી એમ કહે છે. એ તો જડ છે, માટી છે આ શાસ્ત્ર તો.

**શ્રોતા :-** ગુરુથી તો થાય છેને જ્ઞાન?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગુરુથી નહિ અને ત્રણલોકના નાથ ભગવાન મળે, (એની) વાણી સાંભળે એનાથી પણ નહિ. પરદ્રવ્યથી પોતાનું જ્ઞાન ત્રણકાળમાં નથી થતું. ઝીણી વાત છે, પ્રભુ! પોતાના આનંદકંદનો નાથ પ્રભુ! એ પોતામાં નજર કરવાથી પોતાના જ્ઞાન અને આનંદ થાય છે. એ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. આકરી વાત છે.

**શ્રોતા** :- એને સમજાવવા માટે તો ગુરુ જોઈએને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ સમજે પોતે ત્યારે ગુરુ નિમિત્ત કહેવામાં આવે છે. પોતે પોતાનો ગુરુ છે. એ પોતામાં સમજે કે 'હું તો રાગ નથી, પુણ્ય નથી, હું તો આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ છું' એવો અનુભવ કરે તો એ આત્મા એનો ગુરુ છે. પરગુરુને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! એ બારદાન છે, પરગુરુ બારદાન છે, માલ નથી. બારદાન સમજો છો? આ ચોખાની ગુણી હોય છેને ચોખાની, ઘઉંની ગુણી. તો એ બારદાન એ ચોખા છે? ચોખા તો અંદર ચોખા ભર્યા એ ચોખા છે. આહા..હા..!

અંદરમાં પ્રભુ જ્ઞાનશક્તિનું સત્ત્વ પ્રભુ, પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ. એ પ્રજ્ઞા એટલે જ્ઞાન અને બ્રહ્મ નામ આનંદ. એ જ્ઞાન અને આનંદનો ગાંઠડો પ્રભુ છે ગાંઠડી. આહા..હા..! અરે! એકવાર રાગ અને આત્માની એકતાબુદ્ધિ છે, એમાં તાળા માર્યા છે. આત્માને શોધવામાં તાળા મારી દીધા છે. એકવાર કુંજી લગાવી દે કે રાગનો વિકલ્પ અને મારી ચીજ નિર્વિકલ્પ તદ્દન ભિન્ન છે. આહા..હા..! આવી વાત છે. શું થાય? આખો સંસારમાર્ગથી મોક્ષનો માર્ગ એકદમ ઊલટો છે. અત્યારે તો સાધુને એ બધા એ મનાવે બસ, અપવાસ કરો, વ્રત પાળો, ભક્તિ કરો, મંદિરો બનાવો, જાત્રા કરો સમ્મેદશિખરની અને ગીરનારની. ત્યાં ક્યાં ભગવાન છે? ભગવાન તો અહીં છે. જ્યાં છે ત્યાં નજર કરતો નથી અને જ્યાં નથી ત્યાં નજર કરે છે એ એની ભૂલ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જુઓને દૃષ્ટાંત કેવું આપ્યું છે! કે દીવો છે દીવો અને અહીંયા ઘટપટ છે. ઘટ એટલે ઘડો એને પટ એટલે વસ્ત્ર. એ ઘટપટ દીવાને એમ નથી કહેતા કે તું અમને પ્રકાશ અને દીવાનો પ્રકાશ લોહચુંબક જેમ સોયને ખેંચે છે એમ દીવાનો પ્રકાશ તેને પ્રકાશવા અંદરમાં નથી જતો, ઘટપટમાં નથી જતો, પોતામાં રહીને પરને પ્રકાશે છે. આહા..હા..! એમ ભગવાન આત્મા શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શરીર, રૂપ, જડ આત્માને એમ નથી કહેતા કે તું અમને જાણવા રોકાઈ જા અને પોતાનો આત્મા પણ પોતાનું સ્થાન છોડીને પરને જાણવા જાતું નથી. આહા..હા..! અરેરે! કદી દયા પાળી નથી. પોતાની ચીજ શું છે એની દયા નહિ, પરની દયા પાળવામાં હુશિયાર થઈ ગયો. આહા..હા..! પછી આ ડૉક્ટર પણ એવા હોય કેટલાક. ત્યાં રાજકોટમાં નથી ઓલા? મોટા ડોક્ટર ત્યાં મહિનો-બે મહિના ઓનરરી કરે મોટી હોસ્પિટલમાં. પહેલા ઓનરરી કરે, મહિનો-બે મહિના. શું કરવા? કે પોતાનું દવાખાનું ચાલે, બહાર આબરૂ થાય એટલે. લોકો જાણે ઓનરરી કર્યું બે મહિના સુધી. ધૂળેય નથી

કરી ઓનનરી. પોતાની દુકાન ચલાવવા. પણ એ બેય રાગ અને દ્વેષ છે. આહા..હા..! કહો, નવરંગભાઈ! એ પણ ડૉક્ટર છે.

**શ્રોતા :-** એ તો સર્જન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સર્જન છે. શેના નાકના? શેના? ગળાના સર્જન. ભાઈ પણ સર્જન. ભાઈ સાથે વાત કરીને. એ બેય રાજકોટના ડૉક્ટર છે. મોટા ડૉક્ટર હોં! ચંદુભાઈ.

**શ્રોતા :-** થોડા દિવસ પ્રવચન સાંભળવાથી ડોક્ટર થઈ જાય!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત તો એવી છે, ભગવાન! આહા..હા..! આવો નાથ અંદર મળ્યો પ્રભુ! અરે! એને જોતો નથી, દેખતો નથી. જ્યાં વસ્તુ પડી છે આખી એના ઉપર નજર નથી, જેમાં નથી ત્યાં નજરું કરીને રોકાઈ ગયો એ. આહા..હા..! એ માટે અહીં દૃષ્ટાંત આપ્યું છે.

શું કહે છે? '**પરંતુ, વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી...**' શું કહે છે ઈ? કે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ વડે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન નથી થતી, જ્ઞાનની અવસ્થા. આહા..હા..! આ શાસ્ત્ર છે. જુઓ આ તો પાનું છે. તો એનાથી અહીંયા જ્ઞાનની પર્યાય ઉત્પન્ન નથી થતી. એ તો પર ચીજ છે. ભગવાન! જ્ઞાન તો અહીંયાં છે. આવી વાતું છે. આ તો જડ છે. આને ખબર છે કે હું કોણ છું? કાગળને ખબર છે? અક્ષરને ખબર છે કે હું અક્ષર છું? એ અક્ષરનું જ્ઞાન અહીંયા થાય છે તો એ અક્ષરથી નથી થતું. આહા..હા..! અહીંયાં જ્ઞાનસ્વરૂપી ભગવાન છે, તેમાં સ્વયં જ્ઞાન પોતાથી થાય છે. માને છે કે અક્ષરથી જ્ઞાન થયું અને પરથી મને જ્ઞાન થયું. ભ્રમણા છે. પર ઉપરથી દૃષ્ટિ છોડતો નથી અને સ્વમાં દૃષ્ટિ એની આવતી નથી. જુદી જાત છે, ડૉક્ટર! આ વાત અહીંની-સોનગઢની. અહીં ૪૩ વર્ષથી જંગલમાં છીએ અમે. ૪૩ સમજ્યા? ૪૦ અને ૩. પહેલા ૪૫ વર્ષ રહ્યા. ૪૩ વર્ષ અહીંયાં થયા. આ મોટું મકાન થયું, આ ૨૬ લાખનું મકાન છે આરસપહાણનું. આરસપહાણ સમજ્યા? અને આખી દુનિયામાં નથી એવા અક્ષર છેને, આ સાડા ત્રણ લાખ અક્ષર. એ મશીનથી કોતરાવ્યા છે. મશીન ઈટાલીથી આવ્યું છે. નવું છે. પહેલુંવહેલું આવ્યું છે અને સાડા ત્રણ લાખ (અક્ષરો કોતર્યા છે). આ મકાનની કિંમત ૨૬ લાખની છે અને એ વખતે ૨૬ હજાર માણસો આવ્યા હતા ઉદ્‌ઘાટન વખતે. સાડા ત્રણ વર્ષ થયા. ૧૧ લાખનો એ ખર્ચ થયો હતો. ૩૭ લાખનું થયું અહીંયા. પણ એ બધો શુભભાવ છે, ધર્મ નથી.

**શ્રોતા :-** એ વાત ઝટ સમજાય જાય અને આ થોડી વાત પણ ન સમજાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધું થયું અને જાણે અમને ધર્મ થઈ ગયો. એ પુણ્યભાવ છે, શુભભાવ છે, બંધનું કારણ છે. આત્માની શાંતિને લૂંટનારો ભાવ છે. આહા..હા..! ડૉક્ટર! અહીંથી ૨૦ લાખ પુસ્તક બહાર પડ્યા છે. અહીંથી ૨૦ લાખ પુસ્તક બહાર પાડ્યા છે.

આવા-આવા ૨૦ લાખ. ૧૪ લાખ અહીં છપાણા છે અને ૬ લાખ જયપુર-જયુપર. જયપુર છેને? ત્યાં એક ડૉક્ટર છે. ડૉક્ટર એટલે? આ તમારો ડૉક્ટર એમ નહિ. ઓલો પી.એચ.ડીનો ડૉક્ટર. ૪૧ વર્ષની ઉંમર છે, હુકમીચંદજી છે. ઘણું મગજ.. ઘણું મગજ. અહીંનો ઘણો પ્રેમ અને ઘણી રુચિ છે. તો અહીંના ૬ લાખ પુસ્તક ત્યાં બહાર પાડ્યા છે. ૧૪ લાખ અહીંથી પડ્યા છે. ૨૦ લાખ પુસ્તક બહાર પડ્યા છે. એવી એવી ચીજ છે. જુઓને, આજે આવ્યું.

**શ્રોતા** :- શશીભાઈ લાવ્યા છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શશીભાઈ લાવ્યા છેને. શશીભાઈએ ત્યાં કર્યું છેને. હીરાલાલ આવ્યા છે કે નહિ? ક્યાં ગયા? આ બેઠા હીરાલાલ. ત્યાં પુસ્તક ૮૦ હજાર આપ્યા એમણે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમાં કાંઈ છે નહિ. બહારની ચીજની મહિમા કરે છે એ તો રાગ છે.

**શ્રોતા** :- ... તેને છોડવાનું તો આગળ વધે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અંદરમાં જાવાનું છે. આહા..હા..! જાણે કે બહારથી કાંઈક કર્યું તો અમે કર્યું. શું કર્યું? આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ તને ખબર નથી, પ્રભુ! એ મૃગલાની નાભીમાં કસ્તુરી એ મૃગને કસ્તુરીની કિંમત નથી. એમ તારા અંતરમાં અતીન્દ્રિય આનંદ અને જ્ઞાન (ભર્યા છે), મૃગલા જેવા પ્રાણીને પોતાના સ્વભાવની કિંમત નથી અને પરની કિંમત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એ '**વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી...**' શું કહે છે? પોતાનો જે જ્ઞાનભાવ છે એ જ્ઞાન જે અહીં ઉત્પન્ન થયું એ શબ્દ, રૂપ, ગંધથી ઉત્પન્ન થતું નથી. એ તો પરદ્રવ્ય છે. આહા..હા..! એક વાત. '**તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ હોવાથી...**' પોતાના જ્ઞાનની પર્યાય, દશા, પરથી ઉત્પન્ન થતી નથી અને પરવસ્તુ તેને ઉત્પન્ન કરાવી શકતી નથી અને પોતાની જ્ઞાનદશા પરવસ્તુને ઉત્પન્ન કરી શકતી નથી. આહા..હા..! વેપાર ને ધંધા કરે છેને? એ તો બધી જડની ક્રિયા છે. એ આત્મા કરી શકતો નથી. આહા..હા..! કહો, શેઠ! તમે તો બહુ કર્યું હતું. કરોડો રૂપિયા ભેગા કર્યા, ધૂળ.

**શ્રોતા** :- ... દુનિયાના કામ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ ધંધો કરે છે? રાગ કરે છે. એ ક્રિયા તો એને કારણે થાય છે. પક્ષઘાત થાય તો શરીર ચાલે છે? ઘણી .. કરે. જડની અવસ્થા જડથી થાય છે. પોતાથી નહિ. આ શરીર પણ ચાલે છે એ પોતાથી નહિ. કેમકે જડ પદાર્થ પોતાના ચૈતન્યથી ભિન્ન તત્ત્વ છે. તો ભિન્ન તત્ત્વની દશા જે થાય છે એ પોતાથી નહિ.

**શ્રોતા** :- ડૉક્ટર દવા દે તો રોગ મટે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ બધી વાતું છે. એ તો અંદર પરમાણુની પર્યાય એ જાતની બદલવાની હોય તો બદલે, ત્યારે ઓલાને નિમિત્ત કહેવાય, બાકી સમજવા જેવી વાત છે. એ બધી ખબર છે. આ ડૉક્ટર તો કલકત્તાથી આવ્યા છે. એને તો, દવા તો ઠીક, પણ મહારાજ પાસે જાવું છે મારે. આહા..હા..!

અહીંયાં તો પ્રભુ આત્મામાં જે આનંદ પ્રગટે છે એ પરદ્રવ્યથી નહિ અને આત્માની જ્ઞાનપર્યાય પરદ્રવ્યને ઉત્પન્ન કર શકતી નથી. બંને ભિન્ન-ભિન્ન પદાર્થ છે. ભિન્ન પદાર્થમાં ભિન્ન પદાર્થ કાંઈ કરી શકતું નથી. એવી દૃષ્ટિ થાય તો પોતાના સ્વભાવ તરફ દૃષ્ટિ વળે તો તેને આનંદનો સ્વાદ આવે, તેને જન્મ-મરણ મટે, નહિતર જન્મ-મરણ મટે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો સુદ-૧૨, રવિવાર, તા. ૨૩-૧૦-૧૯૭૭, ગાથા-૩૭૩ થી ૩૮૨, પ્રવચન નં. ૪૮૭

સમયસાર, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. અહીંથી શરૂ છે. '**આત્મા જેમ બાહ્યપદાર્થોની અસમીપતામાં**...' (એટલે કે) દૂર હોય. આ આત્મા છે ત્યાંથી બીજા પદાર્થ દૂર હોય તોપણ પોતાના જ્ઞાનમાં પોતાના સ્વભાવથી જાણે છે. એનો સ્વભાવ જાણવું, ચૈતન્યસ્વરૂપ છે. એ બાહ્ય પદાર્થ આત્માની સમીપમાં ન હોય, દૂર હોય તોપણ જાણી શકે અને '(**પોતાના સ્વરૂપથી જ જાણે છે**)...' અસમીપ હોય તોપણ પોતાના સ્વરૂપથી જાણે છે. એનો અર્થ એવો છે કે આત્મા ચૈતન્ય સ્વરૂપ છે એવી જેને અંતર દૃષ્ટિ થઈ છે, તેને સ્વનું જ્ઞાન પણ થાય છે અને બાહ્ય પદાર્થ દૂર હોય એનું પણ જ્ઞાન તેને અડ્યા વિના થાય છે. શું કહ્યું? અડ્યા વિના. આ લાકડી જુઓ આ દૂર છે. આ જ્ઞાનસ્વરૂપ આત્મા છે, પણ કોને? કે જેણે 'જ્ઞાનસ્વરૂપ છું, રાગ નહિ, પુણ્ય નહિ, શરીર નહિ, પરપદાર્થ નહિ, તેમ એક સમયની અવસ્થા જેટલો હું નહિ, હું તો ત્રિકાળી આનંદકંદ જ્ઞાયક છું' એવી જેને અંતર દૃષ્ટિ થઈ છે એને અંતર સ્વનું જ્ઞાન તો હોય છે, પણ બાહ્યપદાર્થ દૂર હોય એનું પણ સ્વમાં રહીને સ્વ અને પરપ્રકાશક પર્યાયનો સ્વભાવ હોવાથી પોતાને અને પરને તે જાણે છે. આકરી વાતું, આવું છે, બાપુ! એને જાણવા માટે એ પદાર્થની નજીક જવું પડતું નથી. તેમ પદાર્થ અહીં નજીક આવે તો જ આત્મા જાણી શકે એમ નથી. ન્યાય સમજાય છે? આહા..હા..! દુનિયાથી આખી વાતું ફેર એટલે લોકોને પોકાર... પોકાર... પોકાર... દૃષ્ટિ ઊંધી છેને એની પોકાર છે. વ્યવહારને

નિશ્ચયનું કારણ માનતા નથી. જેટલી વ્યવહાર ક્રિયા કરાય એનાથી નિશ્ચય સમ્યગ્દર્શન થાય છે. પણ એ વ્યવહાર પણ ક્યારે કહેવાય? જ્યારે એ વ્યવહારની રુચિ છોડી અને ત્રિકાળ આનંદના જ્ઞાયક સ્વભાવનો અનુભવ કરે ત્યારે રાગ બાકી રહ્યો તેને વ્યવહાર કહેવામાં આવે છે. આમ વસ્તુની સ્થિતિ આવી છે. એ રાગથી ચૈતન્યને ધર્મ થાય એ માન્યતા એ મિથ્યાત્વ છે અને ચૈતન્યના ભાન થયા અને રાગ હવે છે જ નહિ એ પણ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! વ્યવહાર છે નહિ એમ નહિ, પણ વ્યવહાર આશ્રય કરવાલાયક નથી. આશ્રય કરવાલાયક તો ચૈતન્ય જ્ઞાયકભાવ એક છે. વ્યવહાર આવે ખરો, હોય ખરો. જ્ઞાનીને આસ્રવ, રાગ હોય પણ તેને તે ઉપાદેય માનતો નથી. પણ જાણવામાં જાણે છે કે મારી પર્યાયમાં આસ્રવ છે, મારી કમજોરીને લઈને આ દુઃખ છે એમ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

બેય તરીકેના વાંધા છે. એકલો વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય એ પણ જૂઠી વાત છે. કેમકે નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહા..હા..! પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, હજારો રાણીનો ત્યાગ, જંગલમાં વસ્યો, બાળબ્રહ્મચારી રાજકુમાર હોય, પણ એ બધા પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા એ તો રાગ અને આસ્રવ છે. અને તે એમ કહ્યુંને? કે 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો? કે એ મહાવ્રતના પરિણામ, પંચ સમિતિ, ગુપ્તિના પરિણામ એ દુઃખરૂપ છે. આત્મામાં આનંદ છે એનો આત્માના આનંદનો સ્વાદ ન મળ્યો એને. આહા..હા..! સમજાણું કાંઈ? છ ઢાળામાં આવે છે. છ ઢાળા પાઠશાળામાં ભણાવે છે. વસંતીલાલજી! પાઠશાળામાં ભણાવે છે કે નહિ? ભણાય છે પણ ક્યાં ભાન ત્યાં? પાઠશાળામાં બોલાવે છે. એમાં એ આવે છે કે 'મુનિવ્રત ધાર' એ મુનિ કોણ? વસ્ત્રસહિત એ મુનિ નહિ. વસ્ત્રસહિત તો કુલિંગ છે. મુનિપણું હોઈ શકે નહિ વસ્ત્રસહિત. સમકિત હોઈ શકે, પાંચમું ગુણસ્થાન હોઈ શકે, પણ મુનિપણું વસ્ત્રસહિતવાળાને હોઈ શકે નહિ કોઈ દિ'. એટલે 'મુનિવ્રત ધાર' નિર્વસ્ત્ર, નગ્ન, અઠ્યાવીશ મૂળગુણ, પંચમહાવ્રત, પાંચ સમિતિ-ગુપ્તિ ચોખ્ખું અને કોઈ તો બાળબ્રહ્મચારી, આખી જિંદગી બ્રહ્મચર્ય (પાળે) પણ એ તો બધી શુભરાગની ક્રિયા છે. તેથી કહ્યુંને, 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' અંશે આનંદ ન મળ્યો. એનો અર્થ કે ઈ પંચમહાવ્રતના પરિણામ એ આસ્રવ છે એ દુઃખ છે. એમાં સુખ છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** મિથ્યાદષ્ટિને તો દુઃખરૂપ છે, પણ સમ્યગ્દષ્ટિના પણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પણ દુઃખરૂપ છે. એ માટે તો આ વાત આવે છે.

સમ્યગ્દષ્ટિનો જે વ્યવહાર આવે એ પણ શુભરાગ ભઠ્ઠી છે. એને રાગ આવે ખરો, જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી સમ્યગ્દષ્ટિ જીવને પણ ભગવાનની ભક્તિનો રાગ આવે,

પરની દયા પાળી શકું છું એમ નહિ, પણ પરને નહિ મારવાનો વિકલ્પ ઉઠે. સમજાણું કાંઈ? સત્ય બોલવાનો પણ રાગ આવે, શરીરથી બ્રહ્મચર્ય પાળું એવો એ વિકલ્પ-રાગ આવે, પણ એ રાગ છે એ આસ્રવ છે. અને એ 'રાગ આગ દાહ દહે સદા, તાતૈ સમામૃત સેઈએ' આવે છે? એમાંને એમાં આવે છે છ ઢાળામાં. 'રાગ આગ દાહ દહે સદા.' ચાહે તો શુભરાગ હો કે અશુભ, પણ 'રાગ આગ દાહ દહે સદા.' આહા..હા..! છ ઢાળામાં છે. દિગંબરમાં હોય. ગટુલાલજી! ગટુલાલજી! એ છ ઢાળામાં છે કે નહિ? છ ઢાળામાં છે. 'રાગ આગ દાહ દહે સદા.' ચાહે તો શુભરાગ મહાવ્રતનો હો, ભક્તિનો હો, પણ મુનિને કે જ્ઞાનીને એ રાગ આગ દાહ દહે. રાગ એ કષાય અગ્નિ છે. એ દાહ દહે છે. શાંતિને બાળે છે. આહા..હા..! આવી વાતું! એથી એનાથી ધર્મ ન થાય, તેમ એ નથી એમ નહિ. સમજાણું કાંઈ? એનાથી ધર્મ થાય એમ માને તો એ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે અને એ જ્ઞાનીને રાગ નથી જ એમ માને એ વ્યવહારનયને માન્યો નથી એટલે પણ મિથ્યાદૃષ્ટિ છે. ચંદુભાઈ! આવી વાત છે. આવી સ્પષ્ટ વસ્તુ છે પણ પોકાર... પોકાર... કરે છે. મુનિ બાપુ! કોને કહીએ? આગમ પ્રમાણે મુનિ કોને કહીએ? વ્યવહાર આગમ પ્રમાણે. નિશ્ચય તો એકકોર રહ્યો, પણ જેને માટે ચોકા કરીને આહાર લે, પૈસા ઉઘરાવે માણસો પાસે, ભલે કોઈપણ મંદિર ખાતે, કોઈપણ ખાતે એ કાંઈ સાધુનું આચરણ છે? એ સાધુનું કામ છે?

**શ્રોતા** :- ખટારા સાથે રાખે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ખટારા સાથે રાખે. અહીં આવ્યા હતાને સાધુ. ખટારા. આહા..હા..! ઘાસના ખટારા સાથે ભર્યા હોય. કેરીના ટોપલા સાથે (હોય). એ આવ્યા હતા રાજકોટ. કેરીના ટોપલા અને બાયુ સાથે રાંધનારી. આવો માર્ગ છે? બાપુ!

**શ્રોતા** :— ભક્તો રાખે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોના માટે રાખે છે? સાધુ માટે રાખે છે સાથે ટોપલા ભરીને બધા કેરીના. અહીંયા આવ્યા નહોતા? તમને ખબર નથી? વિમલસાગર આવ્યા હતા. એ બાઈ રાંધતી હતી. મોટા ખટારા બે હતા. કેરીના ટોપલાના ટોપલા ભર્યા હતા. એ કેરી. કેરી સમજ્યા? આમ. એને રસ કાઢીને આપતા. આહા..હા..! અહીં કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! આ કાંઈ માર્ગ...? વીતરાગનો આ માર્ગ છે?

**શ્રોતા** :- ગૃહસ્થને એવા ભાવ આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગૃહસ્થને એવા ભાવ આવે કે આને માટે બનાવું તે પાપ છે. અને એ સાધુને માને કે એ સાધુ છે, એ દેનારો મિથ્યાદૃષ્ટિ છે. એય..! શેઠ! એ શેઠે બધું કર્યું છે એણે પણ. ગામમાં શેઠાઈ હોય તો શું કરવી પણ મોટપ હોય તો. એમ કે મોટા માણસ કહેવાય છે. માથે આવી પડે. પણ એ કાંઈ માર્ગ છે? આહા..હા..!

અહીં તો પ્રભુ બે નયે વાત કરે છે કે નિશ્ચયથી જે ચૈતન્ય ભગવાન આત્મા આનંદસ્વરૂપ

(છે) એનો આશ્રય લે તો સમ્યક્ થાય, વ્યવહારથી સમ્યગ્દર્શન થાય નહિ. અને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયા છતાં એને પૂર્ણ દશા નથી માટે રાગનો આસ્રવનો ભાવ આવ્યા વિના રહે નહિ, રહે નહિ, રહે નહિ. એ વ્યવહાર છે... છે... છે... પણ જાણવાલાયક છે, આદરવાલાયક નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે.

અહીં કહે છે, '**આત્મા જેમ બાહ્યપદાર્થોની અસમીપતામાં...**' એટલે દૂર. '**(પોતાના સ્વરૂપથી જ જાણે છે)...**' શું કીધું ઈ? એકલા પરપદાર્થને દૂરને જાણે એમ નહિ, પોતાના સ્વરૂપથી. એટલે? હું જ્ઞાનાનંદસ્વરૂપ છું એવું જ્ઞાન થયું છે જેને, તેને દૂર પદાર્થને પણ પોતાના સમીપ, જ્ઞાનના સમીપમાં રહીને જાણે છે. એકલું જે જ્ઞાન પરને જાણે છે એ અહીં વાત નથી. આ તો પોતાના સ્વરૂપથી જ જાણે છે. જ્ઞાન છું, ચૈતન્ય છું, જ્ઞાયક છું એવું જ્યાં અનુભવમાં આવ્યું છે તેને જ્ઞાનીને દૂર પદાર્થ હો, એને અડતો પણ નથી, છતાં દૂરથી પણ પોતાના સ્વરૂપથી પોતાનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી જાણે છે. આહા..હા..! આમાં તો અક્ષરેઅક્ષર ધ્યાન રાખવું જોઈએ. એવી વાત છે, બાપુ! આહા..! અરેરે! વીતરાગના વિરહ પડ્યા, કેવળજ્ઞાન રહ્યા નહિ, મનઃપર્યયજ્ઞાન રહ્યા નહિ, ઝઘડા ઊભા કર્યા લોકોએ. અરે..રે..! આહા..હા..! આવું પ્રભુ ચૈતન્યસ્વરૂપ એનું જેને અંતર જ્ઞાન નથી અને અંતર જેને શાંતિનું વેદન નથી એને અસમીપ—દૂર પદાર્થનું જ્ઞાન થાય એમ હોઈ શકે નહિ. શું કીધું સમજાણું? જેને સ્વપદાર્થનું જ્ઞાન થયું છે સ્વને આશ્રયે, એ સ્વરૂપના જ્ઞાનમાં એ જ્ઞાનમાં પર દૂર પદાર્થ હોય તોપણ પોતાના સ્વરૂપમાં રહીને સ્વને જેમ જાણે છે તેમ પરને જાણે. એવો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. આહા..હા..!

બીજી રીતે કહીએ. ૧૭-૧૮ ગાથા સમયસાર. પ્રભુ તો એમ કહે છે કુંદકુંદાચાર્ય, પ્રભુ! એકવાર સાંભળ. તારી જે જ્ઞાનની પર્યાય છેને અજ્ઞાનની ભલે હો, પર્યાય જ્ઞાનની અવસ્થા એમાં આત્મા જણાય છે. જ્ઞાનની જે પર્યાય છે, પર્યાય અવસ્થા એનો સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી તે જ્ઞાનની પર્યાયમાં તારું દ્રવ્ય તત્ત્વ જ જણાય છે. અજ્ઞાનીની પર્યાયમાં પણ પર્યાયમાં સ્વપરપ્રકાશક હોવાથી પર્યાયમાં સ્વ જ્ઞાયક ચિદાનંદ ભગવાન પૂર્ણ તે જણાય છે, પણ અજ્ઞાનીની દૃષ્ટિ એ ઉપર છે નહિ. આહા..હા..! ૧૭-૧૮ ગાથા સમયસારની. બહુ અલૌકિક વાતું છે. અજ્ઞાનીની પર્યાય ભલે હો. આહા..હા..! પણ એ પર્યાય છે એ જ્ઞાનની દશા છેને અને એ પર્યાય છે તો જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છેને? તો એ પર્યાયમાં એકલું પરને જાણે એવું હોઈ શકે નહિ. એ પર્યાય સ્વને જાણે છે ને પરને જાણે છે એવો જ એનો પર્યાયનો સ્વભાવ છે. છતાં અજ્ઞાનીની દૃષ્ટિ ત્યાં જાતી નથી. 'હું આને જાણું છે' એમ જાતી નથી. 'હું રાગને અને પર્યાયને એને જાણું' એવી દૃષ્ટિ ત્યાં મિથ્યાત્વમાં રહે છે. ન્યાય સમજાય છે કાંઈ? આહા..હા..! કાંતિભાઈ! જોવું છે ઈ? ૧૭-૧૮. કાઢોને ૧૭-૧૮ ગાથા. ૫૦ પાને જુઓ એની ટીકા.

'(તે વાત વિશેષ સમજાવે છે :—)' છે? એ બીજો પેરેગ્રાફ છે. **'જ્યારે આત્માને, અનુભવમાં આવતા જે અનેક પર્યાયરૂપ ભેદભાવો તેમની સાથે મિશ્રિતપણું હોવા છતાં પણ સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું, આ આત્મા જેવો જાણ્યો તેવો જ છે એવી પ્રતીતિ જેનું લક્ષણ છે...'** પછી ત્રીજો પેરેગ્રાફ. **'પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા...'** છે? ત્રીજો પેરેગ્રાફ. **'પરંતુ જ્યારે...'** માલચંદજી! છે? ધ્યાન રાખો! આ તો અલૌકિક વાતું છે થોડી. **'પરંતુ જ્યારે આવો અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં... '** આહા..હા..! આબાળગોપાળ. બાળકથી માંડીને વૃદ્ધો એ બધાને એની પર્યાયમાં આબાળગોપાળને આ આત્મા **'સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...'** આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ! તારા જ્ઞાનની પર્યાયનો સ્વભાવ એવો છે કે જેથી તે પર્યાયમાં સદા કાળ સૌને આત્મા જ જણાય છે. આહા..હા..! ઝીણી વાત છે.

ફરીને. આપણે તો એકાદ ... ખૂબ દૃઢ થાય. **'જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન...'** આનંદનો નાથ અનુભવ કરનારો પ્રભુ ત્રિકાળી અનુભૂતિ હોં. ત્રિકાળી અનુભવનો, આનંદનો અનુભવસ્વરૂપ જ ભગવાન છે ઈ. આહા..હા..! એવો **'આત્મા આબાળગોપાળ...'** આબાળગોપાળ-બાળકથી માંડીને વૃદ્ધ. **'સૌને સદાકાળ...'** સૌને સદાકાળ **'પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...'** આહા..હા..! સુમેરુમલજી! જ્ઞાનની પર્યાયમાં, અવસ્થામાં, પ્રગટ પર્યાયમાં સૌને સદાકાળ આત્મા પ્રગટ **'પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં પણ અનાદિ બંધને વશે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...'** પણ એની દૃષ્ટિ ત્યાં જાતી નથી કે પર્યાયમાં આ આત્મા જણાય (છે) એમ દૃષ્ટિ જાતી નથી. આહા..હા..! શું કહ્યું એ?

પ્રભુ! તારી પર્યાય છેને જ્ઞાનની. અનંતગુણ તો ભલે રહ્યા, પણ પર્યાય છે એ જ પર્યાયનો ધર્મ એવો સ્વભાવ છે કે સ્વપર પ્રકાશે તે પર્યાયનો સ્વભાવ છે. તેથી સદા સૌને, સદા સૌને અજ્ઞાની આદિને પણ. આહા..હા..! **'પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...'** પર્યાયમાં આત્મા જ્ઞાયક છે એ જ એના જ્ઞાનમાં આવે છે પર્યાયમાં પણ દૃષ્ટિ ત્યાં કરતો નથી. સમજાણું કાંઈ? જેમ એનો જ્ઞાનસ્વભાવ જે ગુણ ત્રિકાળ એનો જેમ સ્વપરપ્રકાશક સ્વભાવ છે, તેમ તેની જ્ઞાનની વર્તમાન પ્રગટ પર્યાય એનો પણ સ્વપરપ્રકાશક સ્વભાવ છે. તેથી તે પર્યાયમાં સૌ જીવને સદાકાળ તે પર્યાયમાં જ્ઞાયક ભગવાન જણાતો હોવા છતાં પણ રાગને વશ થયેલો પ્રાણી તેને જોઈ શકતો નથી. આહા..હા..! માલચંદજી! માલ તો દેખાય છે કહે છે પણ દેખતો નથી. એનો પર્યાય છેને અવસ્થા. જ્ઞાનસ્વભાવ તો ત્રિકાળ

છે, પણ એની પ્રગટ પર્યાય છે એનો સ્વભાવ તો સ્વપરપ્રકાશક છે કે નહિ? પણ સ્વપરપ્રકાશક છે તેથી તેની જ્ઞાનપર્યાયમાં સૌને સદાકાળ આત્મા જ અનુભવમાં આવે છે, છતાં એની દૃષ્ટિ રાગ ઉપર છે માટે જોઈ શકતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત તો જુઓ તો આ સમયસાર! આહા..હા..!

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવનો પોકાર છે કે અજ્ઞાની આત્મા પણ એની જ્ઞાનની દશામાં જે દશાનો-પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે એ જાય ક્યાં? એથી તે પર્યાયમાં સૌને સદાકાળ ભગવાન આત્મા જ અનુભવમાં આવે છે પર્યાયમાં. આહા..હા..! સમજાય છે કાંઈ આમાં? વસ્તુ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ, પણ એની પર્યાયમાં એ જણાય છે કહે છે. સદાય અને સૌને જણાય છે, પણ એની નજરું પર્યાય ઉપર અને રાગ ઉપર છે એટલે આને જાણું છું એને ખોઈ બેસે છે. આહા..હા..! કેમકે જેના જ્ઞાનના સ્વભાવમાં સ્વપર પ્રકાશવાનું સામર્થ્ય છે તો તેની વર્તમાન એક સમયની પર્યાયમાં પણ સ્વપર પ્રકાશવાનું સામર્થ્ય ક્યાંય જતું નથી. આહા..હા..! અને તેથી તે જ્ઞાનની પ્રગટ અવસ્થામાં સ્વપરને જાણવાની તાકાત હોવાથી સદા સૌને પોતે જ અનુભવમાં આવે છે ભગવાન પર્યાયમાં. આહા..હા..!

'**પણ અનાદિ બંધના વશે...**' રાગને વશે પડ્યો છે એ રાગને જોવે છે, પણ આ દેખાય છે મને જ્ઞાનની પર્યાયમાં આ એમ જોતો નથી. ન્યાયથી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! સાંભળ્યું નથી આ ક્યાંય દિલ્હી-ફિલ્લીમાં ન મળે ક્યાંય. આહા..હા..! દિલ્હીમાં ઝઘડા આના બધા કાગળો આવે છે બહુ. રામજીભાઈ ઉપર આવ્યા છે બે-ત્રણ. આ ભાગ પડી ગયાને, જ્ઞાનચંદજી અને જયકુમાર ને એ બધા. કાગળ આવ્યા છે બે-ત્રણ. અરે! બાપુ! મારગડા જુદાં ભાઈ! આહા..હા..!

પ્રભુ! તું છો કે નહિ ચીજ? છે તો તેનો સ્વભાવ શું છે? જાણવું એ મુખ્ય સ્વભાવ. અનંત ગુણો ભલે હો, પણ એ અનંત ગુણો અમે છીએ એમ જાણતા નથી. એ અનંત ગુણોને પણ જ્ઞાન જાણે છે. જ્ઞાન છે એ પોતાને અને પરને જાણે છે. જ્ઞાન સિવાય આનંદ છે ભલે, પણ આનંદ છું એ આનંદ જાણતો નથી. એ જ્ઞાન જાણે છે આનંદને. આહા..હા..! સમ્યગ્દર્શન છે એ સમ્યગ્દર્શન પોતાને જાણતું નથી. સમ્યક્ ચારિત્ર છે સ્વરૂપમાં એ ચારિત્ર પોતાને જાણતું નથી. કારણ કે એમાં જ્ઞાનસ્વભાવ નથી. આહા..હા..! એ જ્ઞાનનો સ્વભાવ ત્રિકાળ છે એમાં સ્વપરપ્રકાશક (સ્વભાવ) પોતે પોતાને જાણે અને અનંતગુણને જાણે એવો જ્યારે સ્વભાવ છે તો એની પ્રગટ પર્યાયમાં પણ તે જ્ઞાનની પર્યાય પોતાને જાણે અને પરને જાણે એવો જ પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ પ્રગટ છે. અને તે પર્યાયમાં સદા સૌને એ જ્ઞાનમાં સ્વપ્રકાશક ભગવાન જ પ્રકાશે છે. આહા..હા..! છતાં એની દૃષ્ટિ એક સમયની પર્યાય અને રાગ ઉપર બુદ્ધિ હોવાથી એ ભગવાન જણાય છે તેમ એ માનતો નથી. વાત સમજાય છે કાંઈ? આહા..હા..! આ કેટલું આચાર્યે ગજબ કરે છેને! આહા..હા..!

પ્રભુ! તું તારી પર્યાયમાં જણાય છેને તને. તારી નજર ક્યાં તેં કરી છે ત્યાં? આહા..હા..! તારી નજરુંમાં તો રાગને વશ થઈ ગયો તું. એને લઈને પર્યાયમાં જ્ઞાયક ભગવાન જણાયો સદા સૌને જાણવામાં આવતો છતાં, રાગને વશ પડ્યો એ હું આને જાણતો નથી એમ માનું છું. આહા..હા..! માલચંદજી! આ તો મગજ કેળવવું જોઈએ જરી. આહા..હા..! 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી, તાતૈ વચન ભેદ ભ્રમ ભારી. જ્ઞેય શક્તિ દ્વિવિધા પ્રકાશી નિજરૂપા પરરૂપા ભાસી.' તો કહે છે કે જ્ઞાનની વર્તમાન પર્યાયમાં સ્વપર જ્ઞેયને જાણવાની તાકાત છે અને તેથી તે પર્યાય સ્વને, આખા દ્રવ્યને વર્તમાન પર્યાયમાં દ્રવ્ય આવતું નથી, પણ દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં થયું છે, છતાં તેની નજરું એની ઉપર નથી. આહા..હા..! શશીભાઈ! મોઢ છે, વૈષ્ણવ મોઢ. મોઢ એ નાતના ગાંધીની નહિ? ગાંધીની જાત હતીને મોઢ. અહીંના પાક્કા અભ્યાસી છે. બધું ફેરવી નાખ્યું આખું. આ તો આત્માની વાત છે, આમાં ક્યાં? આમાં મોઢ ને ફલાણું વાત પણ ક્યાં છે? આહા..હા..! ગજબ વાત કરી છેને!

પ્રભુ! તારી પર્યાયમાં તું જણા છો હોં અત્યારે! આહા..હા..! કેમકે તારી પર્યાયના સ્વભાવનું સામર્થ્ય જ એવું છે કે સ્વને જાણતા પરને જાણે એવું જ સામર્થ્ય છે. માટે તે પર્યાયમાં સ્વ ભગવાન સદા સૌને જાણવામાં આવતો હોવા છતાં દૃષ્ટિમાં રાગ અને પુણ્યને દેખીને ત્યાં અટકી ગયો છે. આ જાણવામાં આવે એને જાણતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! સત્ય તો આ છે, પરમ સત્ય આ છે. બહુ લખ્યું છે, ૬૮ ગાથા ચાલતી ત્યારે. આહા..હા..!

**'આ અનુભૂતિ છે તે જ હું છું એવું આત્મજ્ઞાન થતું નથી...'** ઓલામાં આપણે ૧૭-૧૮માં. જણાતો છતાં. ૧૭-૧૮ આપણે ૫૧ પાનું. આપણે ૧૭-૧૮ પાનું. એકલા ૧૭. એકલા ૧૭. એ નહિ. ઈ પાનું છે ત્યાં. જોયું? શું કહ્યું જુઓ, આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા. આમ જુઓ, ભગવાન આત્મા કરીને બોલાવ્યો છે. એ આનંદનો અનુભવસ્વરૂપ જ ભગવાન છે ત્રિકાળ. એવો ભગવાન આત્મા આબાળગોપાળ. આબાળગોપાળ—બાળકથી માંડીને, ગો એટલે વૃદ્ધમાન. વૃદ્ધ સુધી બધા જીવોને **'સૌને સદાકાળ...'** એક સમયનો પણ વિરહ નથી જેને. આહા..હા..! **'પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં અનાદિ બંધના વશે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...'** આહા..હા..! ભારે આકરું કામ! અલૌકિક વાતું છે, ભાઈ! કહે છે કે આત્મદેવના દર્શન તારી પર્યાયમાં સદાય થાય છે તને, પણ તારી નજર ત્યાં જતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? દેહદેવળમાં વર્તમાન જ્ઞાનની પ્રગટ અવસ્થામાં ભગવાન દેવ, ભગવાનસ્વરૂપ પ્રભુ ભગવાન લીધો છેને. ભગવાન સદાય સૌને પર્યાયમાં અનુભવમાં આવે છે. છતાં તે રાગના પ્રેમમાં, એ દયા, દાન, વ્રતાદિનો રાગ એના પ્રેમમાં તે અનુભૂતિ તે આત્મા તે એને બેસતું નથી. ચંદુભાઈ!

આહા..હા..! ગજબ કર્યું છેને કામ! ભલે તું ના પાડ કે હું નથી જાણતો પણ તારી... ચંદુભાઈ! આહા..હા..! તને ભાઈ! તારા જ્ઞાનની એક સમયની પર્યાયમાં સ્વપર, છ દ્રવ્યો, એના અનંત ગુણો અને એની પર્યાય અને આત્મા પૂર્ણાનંદનો નાથ, બેયને પર્યાયમાં સદાય સૌને જણાય છે છતાં એની દૃષ્ટિ રાગ ઉપરના સંબંધમાં જોડાઈ ગઈ છે. જેથી પર્યાયમાં જ્ઞાયક ભગવાન જણાતો છતાં આ અનુભૂતિ તે આત્મા એમ એને બેસતું નથી. આહા..હા..! ગુજરાતી પણ સાદી ભાષા છે. અહીં કાંઈ કોઈ એવી (કઠણ નથી). આહા..હા..! ઓહો..હો..!

**શ્રોતા :-** ભાવ તો સાદા નથીને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાવ તો છે ઈ છે. જગત શબ્દ કહે. ત્રણ અક્ષર છે. તો ત્રણ અક્ષરમાં કેટલું આવ્યું? અનંતા સિદ્ધો આવ્યા, અનંતા કેવળી આવ્યા, અનંતા નિગોદના જીવ છ દ્રવ્ય આવ્યા. જ-ગ-ત. ત્રણ અક્ષર એ કાનોમાત્ર વિનાના. જો ને જા ને જે કાંઈ નહિ. જ-ગ-ત. એમાં કેટલું આવ્યું? ચૌદ બ્રહ્માંડ અને લોકાલોક એક જગતની અંદર આવી ગયા. આહા..હા..! એમ અહીંયાં જ્ઞાન ભગવાન આત્મા... આહા..હા..! તારી પર્યાયમાં તને સૌને સદાકાળ પ્રભુ! તારી પર્યાયનો સ્વભાવ છે એથી ભગવાન આત્મા જ તારી પર્યાયમાં સદાય જણાય છે, છતાં તેના ઉપર તારી નજર નથી. નજરું એક સમયની પર્યાય અને રાગ ઉપર હોવાથી પરને જાણું છું એવી તને મિથ્યાબુદ્ધિ થઈ ગઈ છે. એકલો પરપ્રકાશક છું એવી બુદ્ધિ થઈ ગઈ છે તે મિથ્યાત્વ છે. અહીં તો ઓલા સમીપ અને અસમીપમાં એકલો પરને જાણે એમ નહિ તેથી આ વાત ભેગી લીધી. આવ્યુંને અત્યારે આપણે?

‘**આ આત્મા...**’ હવે આપણે અત્યારે ચાલતો વિષય. ‘**બાહ્ય પદાર્થોની અસમીપતામાં...**’ પણ કોને? કે ‘(**પોતાના સ્વરૂપથી જાણે છે**)...’ આહા..હા..! શું કહ્યું એ? પોતે ભગવાન આત્મા ચૈતન્યબિંબ સ્વપરપ્રકાશક સ્વભાવના સામર્થ્યવાળો નાથ એની એક સમયની પર્યાયમાં આત્મા જણાણો છે, એવી નજરું જેની થઈ ગઈ છે એને એ જ્ઞાનની પર્યાયમાં આત્મા જણાય છે, તેમ દૂર રહેલા પદાર્થો પણ પોતાની પર્યાયમાં રહીને પરને અડ્યા વિના જણાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. બધા પડખા જાણે તો ખબર પડે. એક જ પડખે પકડે... આહા..હા..!

એકવાર તો એમ કહ્યું હતું કે જે પર્યાય છેને જ્ઞાનની, બસ! એક જ વસ્તુ છે. કેમકે એમાં દ્રવ્ય-ગુણ જણાય છે, પોતે જણાય છે, એની અનંતી પર્યાય જણાય છે, સ્વદ્રવ્ય જણાય છે. એક પર્યાયમાં કોઈ ખામી બાકી નથી. આહા..હા..! એક પર્યાયનું અસ્તિત્વ એ સારા લોકાલોકનું અસ્તિત્વ છે. આહા..હા..! આખું જગત લોકાલોક. ઓહો..હો..! એક જ છે, બીજી ચીજ જ નથી. પર્યાય એક સમયની જાણવાની જે સ્વપરપ્રકાશક એમાં આત્મા દ્રવ્ય અને એના ગુણો અને એની ત્રણે કાળની પર્યાયો એક સમયમાં જણાય છે પર્યાયમાં અને છ દ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયો એક સમયમાં જણાય છે. એ એક સમય જ વસ્તુ આખું

જગત છે. આહા..હા..! આવી વાતું છે.

એક ફેરી વાત કરી હતી ૮૫માં એ. વીરજીભાઈની સાથે. નારણભાઈની દીક્ષા થઈ હતીને નારણભાઈની. વઢવાણમાં બહાર થઈ. પછી રાતે વાત થઈ હતી. તે દિ' હોં! ૮૫ની વાત છે. ૧૫ ને ૪૮ વર્ષ થયા. ૫૦માં બે ઓછા. કીધું જુઓ, ભાઈ! ખરેખર જોઈએ તો એક જ જ્ઞાનગુણની એક સમયની એક પર્યાય એ પર્યાયમાં ખામી શું છે? એ દ્રવ્ય-ગુણને જાણે, પોતાને જાણે, એની સિવાય અનંતા ગુણની પર્યાયને જાણે, અનંતા દ્રવ્ય-ગુણની પર્યાયને જાણે તો એક જ પર્યાય જગતમાં અસ્તિત્વ ધરાવે છે. આહા..હા..! માલ એ છે. આ માલચંદજી. આવો માલ છે. છતાં હવે ધ્યાન રાખજો.

એક સમયની પર્યાય દ્રવ્ય-ગુણને જાણે છે, પણ એ પર્યાયમાં દ્રવ્ય-ગુણ આવતા નથી. એ પર્યાય છ દ્રવ્યને જાણે, છતાં છ દ્રવ્ય અહીં આવતા નથી. આહા..હા..! એ પર્યાય પોતે પોતાના અસ્તિત્વમાં રહીને દ્રવ્ય-ગુણ અને પોતાને અને પરને પોતાના અસ્તિત્વમાં રહીને, પર્યાયના અસ્તિત્વમાં રહીને દ્રવ્ય-ગુણને જાણે છે, દ્રવ્ય-ગુણમાં પર્યાય પેસીને દ્રવ્ય-ગુણને જાણે છે એમ નથી. આહા..હા..! બાપુ! મારગડા એવા છે, ભાઈ! આહા..હા..! અરે! પ્રભુ તું કોણ છો? કેટલું તારું સામર્થ્ય છે ભાઈ! તને ખબર નથી. એક જ પર્યાય અનંતગુણની પર્યાય ભિન્ન રહી ગઈ. કારણ કે અનંતગુણ છેને? એની પર્યાયો અનંત છે. એ પણ ભિન્ન રહી ગઈ. એનું જ્ઞાન થયું પણ અનંતી પર્યાય જ્ઞાનની પર્યાયમાં આવી નહિ. એ પર્યાયમાં અનંતી પર્યાયનું જ્ઞાન થયું, એ પર્યાયમાં પૂર્ણ દ્રવ્ય આ ભગવાન પૂર્ણાનંદનું જ્ઞાન થયું, પણ એ પૂર્ણાનંદનો દ્રવ્ય પર્યાયમાં આવ્યો નહિ. એ પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થયું, છતાં છ દ્રવ્ય પર્યાયમાં આવ્યા નહિ. આહા..હા..! આવી વાત છે, બાપા! એવો ચૈતન્યચમત્કાર છે.

અને બીજી રીતે હમણા કહ્યું હતુંને બે દિવસ પહેલાં કે ભગવાન! એ કેવળજ્ઞાનની એક સમયની પર્યાય એ ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્યને જાણે, દ્રવ્ય-ગુણને જાણે, છતાં એ પર્યાય... આહા..હા..! આટલી નીકળી બહાર આવી, માટે દ્રવ્ય ને ગુણમાં કંઈ ખામી પડી, ઓછું થયું એમ નથી. આહા..હા..! એક સમયમાં કેવળજ્ઞાન (થયું) માટે દ્રવ્ય અને ગુણમાં કાંઈ ખામી પડી, ઓછપ થઈ એમ નથી. આહા..હા..! એ એક સમયમાં કેવળજ્ઞાન પૂર્ણ, આનંદ પૂર્ણ, અનંત શાંતિ પૂર્ણ એવું આવ્યું છતાં... આહા..હા..! તે પર્યાયની આ શું ચીજ છે કે આટલી બધી પર્યાય આવી મોટી પૂર્ણ થઈ છતાં દ્રવ્યમાં ઓછપ નથી? એ કોઈ ચૈતન્ય ચમત્કારના દ્રવ્યની કોઈ અલૌકિક વાતું છે!! આહા..હા..! ચંદુભાઈ! આહા..હા..! બાપુ! તારી શું વાત કરીએ નાથ! આહા..હા..! એ નિગોદમાં રહ્યો, અક્ષરના અનંતમા ભાગમાં પર્યાયનો વિકાસ રહ્યો, છતાં તે દ્રવ્ય-ગુણમાં કોઈ વિશેષતા રહી છે અને કાંઈક અધિક છે ગુણ દ્રવ્ય, એમ નથી. આહા..હા..! આ ચમત્કાર તો દેખો! બહારના ચમત્કારમાં ધૂળમાં શું પડી છે

અંદર? જેને એક સમયમાં કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, અનંત ગુણની પૂર્ણ પર્યાય પ્રગટ થઈ છતાં દ્રવ્ય અને ગુણ તો એવાને એવા, એટલા ને એટલા જેવા છે તેવાને તેવા છે. આહા..હા..! ચંદુભાઈ! આહા..હા..! બે-ત્રણ દિ' પહેલા વાત થઈ હતી. સમજાણું કાંઈ? હવે આ તે ચમત્કાર ચૈતન્યનો શું છે? બાપુ! લોકોને ખ્યાલમાં ન આવે. પૂર્ણ પર્યાય પ્રગટી તો કાંઈક તો અંદર દ્રવ્ય-ગુણમાં કમી થઈ હશેને? ભાઈ! તને ખબર નથી.

પ્રભુ! તારા ચૈતન્યના ચમત્કારની વાતુંની ભાઈ તને ખબર નથી. એ પૂર્ણ પર્યાયમાં ભલે દશા આવી અને દ્રવ્યમાંથી આવી એમ પણ કહેવાય વ્યવહારે. નિશ્ચયથી તો પર્યાય પર્યાયથી થઈ છે, દ્રવ્યથી પણ થઈ નથી. આહા..હા..! તે પર્યાય પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... અનંતા કેવળીઓ એક પર્યાય જાણે, એટલી પર્યાયની મહત્તા પ્રગટી છતાં દ્રવ્ય અને ગુણ તો એવાને એવા સરખા ને સરખા બેય પડ્યા છે. એમાં ઉણપ અને ઓછપ કદી ક્યાંય ત્રણકાળમાં થઈ નથી. આહા..હા..! આવી વાતું છે, બાપુ! એક પડખેથી સાંભળે અને બીજા પડખાં મૂકી દે તો મૂળ તત્ત્વ હાથ નહિ આવે. માલચંદજી બોલ્યા હતાને. બધે પડખેથી. આવો માર્ગ બાપા છે. આહા..હા..! તું કોણ? પ્રભુ! તું કોણ છો? આહા..હા..!

આખું જગત અને દ્રવ્ય-ગુણ-પર્યાય. પોતાની પણ અનાદિ-અનંત જ્ઞાનની પર્યાય, અનાદિ-અનંત એક દ્રવ્યની પોતાની એ પણ પર્યાયમાં જણાઈ ગઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એટલી મોટી પર્યાય! કે જે અક્ષરને અનંતમે ભાગે નિગોદમાં પર્યાય હતી એથી ચૌદ પૂર્વ અને બાર અંગનું જ્ઞાન થયું એ તો અનંતગણું થયું અને એનાથી પર્યાય કેવળી તો અનંતગુણી થઈ. આટલી અનંતગુણી થઈ છતાં દ્રવ્ય-ગુણમાં કાંઈ ઉણપ અને ઓછપ નહિ. અને તે દ્રવ્ય અને ગુણ અખંડાનંદ પ્રભુ પૂર્ણાનંદથી બિરાજમાન છે. એવો ચૈતન્યનો ચમત્કાર ભગવાનનો છે. આહા..હા..! અરે! ભગવાન! એકવાર સાંભળ તો ખરો પ્રભુ! આહા..હા..! શું કહે છે આ?

માણસને તો એમ થાય કે કેવળજ્ઞાન એટલે અનંતી-અનંતી પર્યાય, ગુણ-દ્રવ્યને જાણે, એટલી પ્રગટ શક્તિમાંથી આવી છે વ્યક્તિ, તો શક્તિમાં કાંઈ ઓછપ છે કે નહિ? ભગવાન! એ અલૌકિક વાતું, બાપા! આહા..હા..! ભાઈ! આ તો આ બધું 'સ્વરૂપથી જાણે છે' એમાંથી બધું નીકળ્યું. તમારા ચંદુભાઈ યાદ કરે છે તમને કોઈ વખતે. આહા..હા..! પ્રભુ! તું ભૂલી જા બહારને. બહાર ચીજ તને જાણવામાં આવી જશે તું ભૂલી જઈશ તોપણ. કેમકે તારો પર્યાયનો સ્વભાવ જ એટલો ભગવાને કહ્યો અને છે કે તું અંતર્મુખ થતાં... આહા..હા..! જે પર્યાય દ્રવ્ય-ગુણને જાણે છે તે જ પર્યાય અસમીપ દૂર રહેલા આકાશના પ્રદેશો ક્યાંય અનંત-અનંત દૂર છે. આકાશ છે, આ ચૌદ બ્રહ્માંડ તો અસંખ્ય યોજનમાં છે. લોક. ખાલી ભાગ ક્યાંય અંત અંત નહિ. ખાલી... ખાલી... ખાલી... ખાલી... ખાલી... એ આકાશના

પ્રદેશનો ક્યાંય અંત નથી. એવા અસમીપ પદાર્થને પણ જે સ્વપરપ્રકાશના સામર્થ્યને લઈને સ્વને પ્રકાશે છે તે દૂરને-દૂરને અડ્યા વિના અને દૂર બહુ છે છતાં કાળભેદ કર્યા વિના એક સમયમાં પૂર્ણ જાણે છે. આહા..હા..! રતિભાઈ! આ બધા પૈસા-પૈસામાં કાંઈ નથી ધૂળમાં. આહા..હા..!

'જાગીને જોઉં તો જગત દિસે નહિ.' આહા..હા..! તું જ દેખાય છે કહે છે. ઓલા તો એમ કહે છે જગત નથી. અહીં જગત છે, છ દ્રવ્ય છે પણ પોતાની પર્યાયને જોતાં એમાં જગત છે નહિ. જગત સંબંધીનું જ્ઞાન પોતામાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ આટલું નીકળ્યું આમાંથી. આવી વાતું છે પ્રભુના ઘરની વાતું શું કહે? એ સંતો પૂરું કહી શકે, કેવળીઓ પૂરું જાણી શકે, બાપુ! આહા..હા..! આ વસ્તુ એવી છે. એ ભગવાન પોતે બિરાજે છે મોટો. આહા..હા..!

આમ તર્કમાં જુઓ તો માણસને મુશ્કેલી પડે કે આટલી બધી પર્યાય પૂર્ણ પ્રગટી એ દ્રવ્યમાંથી આવી, કાંઈ અદ્ધરથી લટકી નથી. છતાં ત્યાં તો પૂર્ણને પૂર્ણ. લીંડીપીપરની ચોસઠપહોરી તીખાશ ચરપરાઈ છોટીપીપર, એ ચોસઠ પહોરી બહાર આવી તોપણ અંદર શક્તિ તો ચોસઠ પહોરી પૂરી પડી છે. આહા..હા..! એલા જડમાં પણ જ્યારે આવો સ્વભાવ... લીંડીપીપરની છોટીપીપર. ઘૂંટે તો ચોસઠ પહોરી. ચોસઠ એટલે રૂપિયો, ચોસઠ પૈસા, સોળ આના, રૂપિયો પૂરો, સર્વસ્વ. આહા..હા..! તો એક પીપરમાં પણ સર્વસ્વ ચરપરાઈ તીખાશ પૂરી પડી છે અને પ્રગટ થતાં ચોસઠ પહોરી પૂરી આવે છે તો ત્યાં તો ચોસઠ પહોરી ભરેલી એમને એમ છે. આહા..હા..! ત્યાં ક્યાંય અંદરમાં શક્તિમાં ઉણપ થઈ છે અને બહાર ચોસઠ આવી માટે ઉણપ થઈ અને સહેજ પૂરી છે માટે કાંઈક પુષ્ટિ ત્યાં વધારે છે (એમ નથી). આહા..હા..! જ્યારે જડના પરમાણુઓનો પણ જ્યારે આવો સ્વભાવ, એ તો એને જાણતા નથી, એને જાણનારો ભગવાન... આહા..હા..! એના જ્ઞાનની શું વાત કરવી પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો એ લેવું છેને. એકલા અસમીપને જાણે છે એટલું નથી. પોતાને જાણતા જાણે એમ લેવું છે. સમજાણું કાંઈ? કેમકે જ્ઞાનની પર્યાય પરને જાણે એકલો તો પરપ્રકાશક થયો તો મિથ્યાદૃષ્ટિ થયો, એનો સ્વભાવ સ્વપરપ્રકાશક પૂરો છે. એ પરને જ એકલું જાણે અને સ્વને ભૂલી જાય છે એ તો મિથ્યાજ્ઞાન છે. આહા..હા..! આત્મા.. સંતો વીતરાગી સંતોની બલિહારી છે, બાપા! એ દિગંબર સંતો એ તો કેવળજ્ઞાનના કેડાયતો કેવળજ્ઞાનને મોઢા આગળ મૂકી દીધું. લે રે લે હવે ખા લે. આહા..હા..! આત્મા.. એક લીટી ચાલી છે આજ. કુદરતે આવ્યું અંદરથી. ચંદુભાઈની હાજરી છેને. આહા..હા..! અહીં તો આમ લેવું છેને કે આત્મા જેમ બાહ્યપદાર્થની અસમીપતામાં જાણે છે. એકલું પરને જાણે છે એટલું અહીં ન લેવું એમ મારું કહેવું છે. સ્વને જાણતો પરને પરમાં દૂર રહેવા છતાં જાણે છે. એને દૂર અને નજીક

એવો કોઈ ભેદ જ નથી, કે બહુ દૂર આકાશના પ્રદેશ અનંતા એને જાણવાને વાર લાગે અને નજીકને જાણવાને કાળ થોડો લાગે એવું કાંઈ છે જ નહિ. એને એક સમયની અંદરમાં અનંત... અનંત... અનંત... અનંત... અસમીપ બહુ દૂર રહેલા પદાર્થને એક સમયમાં સ્વને જાણતા પરને જાણે. આહા..હા..! આવો ભગવાન આત્મા એની મહિમા આવે નહિ અને બહારની મહિમા છૂટે નહિ. આહા..હા..! બહારની ચીજ છે અંદર ભલે હો, વ્યવહારનયથી જાણવાલાયક બરાબર છે... આહા..હા..! પણ આદરણીય નથી. આદરણીય તો એક ભગવાન ત્રિલોકનાથ આત્મા આદરણીય અને ઉપાદેય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'આત્મા જેમ બાહ્યપદાર્થોની...'** બાહ્યમાં કોણ આવ્યા? અનંતા કેવળીઓ, અનંતા સિદ્ધો, અનંતા નિગોદના જીવો, પોતા સિવાય બીજા બધા. અસમીપમાં અસમીપતામાં પોતાના સ્વરૂપથી જાણે છે એમ કહેવામાં કે પોતાનું સ્વરૂપ છે એ પોતાને તો પોતે જાણે છે, પણ પોતાના સ્વરૂપમાં અસમીપને પણ તે જ ક્ષણે કાળભેદ વિના દૂરથી હો તોપણ એક સમયમાં જાણે એવો એનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! **'તેમ બાહ્યપદાર્થોની સમીપતામાં પણ...'** પહેલું અસમીપ લીધું જોયું? કેમ લીધું? કે દૂર છે એ પણ એમ જ જાણે છે એક સમયમાં? એક સમયમાં જાણે છે. આહા..હા..! પહેલું અસમીપ લીધું. અને તે ભગવાન આત્મા **'બાહ્ય પદાર્થોની સમીપતામાં પણ...'** શરીર, વાણી, મન, કર્મ અહીં નજીક છે તોપણ તે પોતે એક સમયમાં સ્વને જાણતા પરને પોતામાં રહીને પરને અડ્યા વિના, કાળભેદ કર્યા વિના જાણે છે. સ્વને જાણવાનું પહેલું અને પરને જાણવાનું પછી એવો પણ જેમાં ભેદ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. કહો, શશીભાઈ! અરે.. ભગવાન! બાપુ! કોની સાથે ચર્ચા ભાઈ! આહા..! આવા આત્માની સ્થિતિમાં તને અદ્‌ભૂતતા ન લાગે અને તને ઓલા વ્યવહારના દયા, દાન ને વ્રતના પરિણામની તને અદ્‌ભૂતતા લાગીને એનાથી આત્મા જણાય, એમ ન જણાય નાથ! આહા..હા..! એ વિકારી પરિણામમાં તાકાત નથી કે પ્રભુને જાણે. આહા..હા..! એની મોટી નિંદા ચાલે છે સોનગઢને નામે. બાપુ! સોનગઢના નામે રહેવા દે, આ તો પ્રભુના માર્ગમાં છે, ભાઈ! આહા..હા..! જ્યાં હોય ત્યાં એ ચાલે છે. એકાંત છે રે એકાંત છે. પ્રભુ! સમ્યક્ એકાંત છે હોં! આહા..હા..! એકાંત જ છે. આહા..હા..!

જેમ આત્મા બાહ્ય પદાર્થોથી દૂર હોવા છતાં પોતાના સ્વરૂપને જાણતાં તેને પણ સાથે જાણવાની તાકાત હોવાથી જાણે છે. તેમ ભગવાન આત્મા સમીપમાં રહેલા પદાર્થોને... આહા..હા..! અનંતા સિદ્ધો ઉપર બિરાજે છે એને પણ આત્મા અસમીપ ભલે દૂર હો, પણ પોતાની પર્યાયમાં તેને કાળભેદ કર્યા વિના જાણે છે અને ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ સમવસરણમાં સમીપ હો... આહા..હા..! છતાં એ આત્માની પર્યાય ભલે શ્રુતજ્ઞાનની પર્યાય હોય એ પણ સમીપ હોય તોપણ જાણે છે અને અસમીપ દૂર સિદ્ધો અનંતા છે એને

પણ સ્વને જાણતા પરને જાણવું તેનું સ્વરૂપ હોવાથી સ્વપરપ્રકાશક સામર્થ્યમાં બધું જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'બાહ્ય પદાર્થોની સમીપતામાં પણ...'** પણ કેમ કીધું? ઓલું અસમીપ છેને? અસમીપને જાણે, આને પણ જાણે, પણ એમાં સમીપની પહેલી વાત ન લીધી. કારણ કે લોકોને એમ થાય કે બહુ આઘું છે એટલે જાણતાં-જાણતાં કાંઈક વાર લાગતી હશે. અરે! આઘું હોય કે નજીક હોય એને જાણવાને માટે કાળભેદ છે નહિ. જેનો સ્વપરપ્રકાશક પર્યાય અંદર પ્રગટ્યો આહા..હા..! એના સ્વભાવની મર્યાદાની શું વાતું કરવી? વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો સુદ-૧૩, સોમવાર, તા. ૨૪-૧૦-૧૯૭૭, ગાથા-૩૭૩ થી ૩૮૨, પ્રવચન નં. ૪૮૮

૩૮૨ ગાથાની ટીકા છેને. અહીંથી ફરીને લ્યો જુઓ. **'વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી...'** કાલે ચાલ્યું છેને બાહ્યપદાર્થ? એની પહેલા બે લીટી. શું કહે છે? કે આ આત્મા છે એને કર્મ છે એ તો વિકાર ઉત્પન્ન કરી શકાતા નથી. કર્મ વડે ઉત્પન્ન કરી શકતા નથી, તેમ કર્મ એને ઉત્પન્ન કરતા નથી. કાલે આ બાહ્યપદાર્થ આવ્યું છેને, એની પહેલા બે લીટી. છે? **'વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી...'** એક વાત. એટલે? કે આ આત્મામાં જે કાંઈ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ થાય છે એ પર કર્મ વડે ઉત્પન્ન કરી શકાતા નથી. તેમ કર્મ તેને ઉત્પન્ન કરી શકતા નથી. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ..નો સિદ્ધાંત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સિદ્ધાંત નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે ત્યાં. આ અધિકાર સર્વવિશુદ્ધ પહેલાં શ્લોક આવી ગયો છે .. ક્રમબદ્ધમાં. આહા..હા..! આ ચૈતન્યસ્વરૂપમાં જો વિકાર થાય છે એ વિકાર પર વડે કરી શકાતો નથી, તેમ પર તેને કરી શકતો નથી. સમજાય છે કાંઈ? તેમ આત્મામાં સમ્યગ્દર્શન આદિ થાય એ વાત અહીં નથી, અહીં તો વિકારની છે, પણ એમાં પણ એમ લેવું કે આત્મામાં સમ્યગ્દર્શન થાય એ પર વડે ઉત્પન્ન કરી શકાતું નથી, તેમ પર તેને ઉત્પન્ન કરી શકતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

બે વાત કહી—કે આ ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ એમાં વિકાર થાય છે એ વિકાર પોતે પોતાના અપરાધથી વિકાર કરે છે. કર્મ એને વિકાર ઉત્પન્ન કરાવે, પર વડે વિકાર થાય એ નથી અને પર તેને વિકાર કરે, ઉત્પન્ન કરાવે એવો પરમાં સ્વભાવ નથી. સમજાણું કાંઈ?

આહા..હા..! સમજાણું કે નહિ? એ કર્મની વાત પહેલી ગઈ છે. હવે અહીંયાં નોકર્મની વાત છે આમાં. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ પરપદાર્થ નોકર્મ છે. એ આત્માને વિકાર કરાવતા નથી, તેમ એ વિકાર ઉત્પન્ન કરી શકતા નથી. એ જીવમાં પર વિકાર ઉત્પન્ન કરી શકતા નથી અને આત્મામાં વિકાર થાય એ પર વડે ઉત્પન્ન થતાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? છે? છે કે નહિ એમાં? બતાવો.

'**વસ્તુસ્વભાવ...**' વસ્તુનો એવો સ્વભાવ છે કે '**પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી...**' આત્મામાં મિથ્યાત્વ કે રાગ-દ્વેષ થાય તે પર વડે થઈ શકતું નથી. '**તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ હોવાથી...**' કર્મમાં એવો સ્વભાવ નથી કે જીવને વિકાર કરાવે. આત્મામાં પર વડે થતું નથી અને પર એને કરાવતું નથી. આહા..હા..! મોટો ગોટો ચાલે છે અત્યારે. કર્મને લઈને વિકાર થાય... કર્મને લઈને વિકાર થાય... એ તદ્દન શ્રદ્ધા મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? બીજી રીતે કહીએ તો આત્મામાં જે શુભયોગ છે રાગ, વિકલ્પ-રાગ એ આત્માને સમ્યગ્દર્શન ઉત્પન્ન કરી શકતો નથી, પર વડે સમ્યગ્દર્શન થતું નથી, તેમ શુભયોગમાં સમ્યગ્દર્શન ઉત્પન્ન કરે એવી શુભયોગમાં શક્તિ નથી. બરાબર છે? આહા..હા..! અરે..! એને ખબર નથી. ચેલેન્જ આપ્યું છેને ભાઈએ? મખનલાલજીએ કૈલાસચંદજીને. કૈલાસચંદજીએ કહ્યું કે શુભયોગ છે એ તો અપરાધ છે, હેય છે અને એને હેય ન માને તો એ મિથ્યાદૃષ્ટિ છે. ત્યારે મખનલાલજી કહે કે શુભયોગને હેય માને એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! બેને તકરાર. હવે જાગ્યા આટલા વર્ષે. આ બધું સોનગઢથી (બહાર આવ્યા) પછી અમારે શેઠ કહે છેને, ગડબડી પછી થઈ બધી. શેઠ! એમનો આશય કહેવો છે કે ફેરફાર આ બધો થયો એમ કહે છે. ગડબડી કરતા આપણે એવો અર્થ લેવો. બધો ખળભળાટ થયો. એ કૈલાસચંદજીએ એમ લીધું કે હમણાં કે ભાઈ શુભયોગ છે તે મોક્ષનો માર્ગ નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ ધર્મ-મોક્ષનો માર્ગ નથી, એ બંધનો માર્ગ છે. ત્યારે મખનલાલજી કહે છે કે એ શુભયોગ મોક્ષનો માર્ગ છે. ચેલેન્જ આપુ છું. દિલ્હીમાં આવો.

ત્યારે આજે એક નરેન્દ્ર છે સોલાપુરનો. નરેન્દ્ર સોલાપુરનો છે. એણે ચેલેન્જ આપી છે એને કે તમે બે દિવસ દિલ્હીમાં માગી છે ચેલેન્જ તો બે દિવસમાં પૂરું નહિ થાય. વિશેષ દશા જોશે. અમે ચેલેન્જ આપીએ છીએ કે શુભયોગ તે મોક્ષનો માર્ગ નથી. આ જૈન સંદેશમાં આવ્યું છે. સમજાય છે? આ મોટી ચર્ચા અત્યારે ચાલે છે બધા. દયા, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ ભાવ પણ મોક્ષનો માર્ગ છે. એ તો રાગ છે, આસ્રવ છે, બંધનું કારણ છે. ત્યારે એ હમણા હવે શરૂ થઈ વાત પંડિતોમાં. અહીંથી નીકળ્યા પછી. એટલે કૈલાસચંદજીએ કહ્યું કે શુભયોગ તે મોક્ષનો માર્ગ નથી, હેય છે. હેય ન માને તો મિથ્યાદૃષ્ટિ છે આ કહે. ત્યારે ઓલો કહે કે હેય માને તો મિથ્યાદૃષ્ટિ છે. વળી કૈલાસચંદજીએ જવાબ

આપ્યો કે કુંદકુંદાચાર્ય પણ શુભયોગને હેય માને તો એ પણ મિથ્યાદૃષ્ટિ ઠરશે. ભાઈ!

ત્યારે તેને નરેન્દ્રે પાછી ચેલેન્જ આપી છે આજ. મોટું લખાણ. છોકરો છે એ હુશિયાર કોક. કારંજાનો છેને? ક્યાંનો છે? ત્યાં ભણ્યો છે. આહા..હા..! એ આજે છે મોટું લખાણ. એ પહેલા પણ આવ્યું હતું કે હું ચેલેન્જ આપું છું પણ બે દિવસ નહિ તમે દિલ્હીમાં કહો છો કે બે દિવસ. બાર દિવસ... શું કીધું આ? ખાણિયા ચર્ચા. જયપુરનું બાર દિ' ચાલ્યું તોપણ પૂરું થયું નથી. બે ચોપડી છપાણી છેને. ત્યાં આવી છે. ખાણિયા ચર્ચા. તો બાર દિ' ચર્ચામાં પૂરું થયું નથી, તો બે દિ'માં નહિ થાય. હું ચેલેન્જ આપું છું કે શુભયોગ તે ધર્મ-મોક્ષમાર્ગ નથી, આસ્રવ છે, બંધનો માર્ગ છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને પણ રાગ હેય હોવા છતાં એને વ્રત, તપ, ભક્તિનો શુભભાવ આવ્યા વિના રહેતો નથી. છતાં તે હેય છે. આવે છે, હજી પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી અનુભવ સમ્યગ્દર્શન થયું કે રાગ એ હું નહિ, છતાં પૂર્ણ વીતરાગતા નથી ત્યાં તે શુભભાવ અશુભથી બચવા માટે સમ્યગ્દૃષ્ટિને પણ આવ્યા વિના રહેતો નથી. છતાં એ આસ્રવ અને બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? મોટું લખાણ છે. કહ્યું હતુંને ભાઈએ આજ, હિંમતભાઈએ. આહા..હા..!

એમ અહીંયાં લઈએ તો કર્મ એ જડ છે, પરપદાર્થ અજીવ છે. તો એ દ્વારા આત્મામાં વિકાર થાય એમ હોઈ શકતું નથી. એક વાત. તેમ કર્મ વિકારને ઉત્પન્ન કરી શકે એવો કર્મમાં સ્વભાવ નથી. બે વાત. ત્રીજી—શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ જે છે એને આત્મા જાણે, તો જાણતા એ શબ્દો વિકાર કરાવે એમ બનતું નથી. એ પર વડે શબ્દ સાંભળ્યા નિંદાના માટે અહીં વિકાર થયો, પર વડે વિકાર થાય એમ છે નહિ, તેમ એ શબ્દોમાં વિકાર કરાવવો એવો શબ્દમાં સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! નિંદા કરી કોઈએ. શબ્દો છે એ તો જડ. એ પર વડે જીવમાં વિકાર થાય એમ નથી અને એ શબ્દ વિકાર ઊપજાવે એવો શબ્દમાં સ્વભાવ નથી. ન્યાયથી તો સમજવું પડશે બાપુ આ તો. વીતરાગ માર્ગ છે આ તો, પરમેશ્વર જિનેન્દ્રદેવ... આહા..હા..! સમજાણું કાંઈ?

ત્રીજી વાત. અહીં બે વાત છે, પણ ત્રીજી વાત એ છે કે શુભયોગ છે તે મોક્ષનો માર્ગ નથી. શુભયોગથી આત્મામાં સમ્યગ્દર્શન થાય એ પર વડે સમ્યગ્દર્શન થાય તેમ નથી. તેમ શુભયોગમાં શક્તિ નથી કે એને સમ્યગ્દર્શન ઉત્પન્ન કરાવે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ છે. પણ મોટી તકરાર અને સોનગઢને નામે ઝઘડા-ઝઘડા. અમારે શેઠ કહે છેને અહીંથી ગડબડી ઊભી થઈ. વાત સાચી છે એક ન્યાયે. ભલે ગડબડીનો અર્થ ખળભળાટ કરો. વાત સાચી છે. એ અત્યારે જુઓને એ ચર્ચા ચાલી. કૈલાસચંદજી વચ્ચે અને મખનલાલજી વચ્ચે. એ તો બેય કેદુના છે. હવે ચર્ચા થઈ અને આ નરેન્દ્ર તો હમણા છે. નવો છે ભણેલો અને એણે સાહિત્ય અહીંનું વાંચ્યું છે. એને એ વાત બેઠી છે કે હું કાંઈ સોનગઢનો પંથ છે માટે કહું છું એમ નહિ, વસ્તુનું સ્વરૂપ આમ છે. એમ લખ્યું છે એણે જૈન સંદેશમાં.

બાપુ! પ્રભુ! ચૈતન્ય સ્વરૂપ છે, ભાઈ! તને ખબર નથી. આત્મા અતીન્દ્રિય આનંદનો રસકંદ (છે), એમાં વિકૃત અવસ્થા થવાની યોગ્યતા પર્યાયમાં છે એ પરને લઈને નહિ અને પર એને વિકૃત કરાવે એવો પરમાં સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અહીં કહે છે '**વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી...**' આહા..હા..! કોઈએ ગાળ દીધી માટે ગાળ દ્વારા અહીંયાં વિકાર થાય, દ્વેષ એના ઉપર થાય એવું છે નહિ. સમજાણું કાંઈ? ગાલી સમજો છોને? અને ગાળથી અહીંયાં દ્વેષ ઉત્પન્ન થાય એ પર વડે દ્વેષ ઉત્પન્ન થાય એવું આત્મામાં છે જ નહિ. પોતાના અપરાધને લઈને દ્વેષ કરે એ જુદી વાત છે. આહા..હા..! અને ગાળમાં તાકાત નથી કે પરને દ્વેષ ઉત્પન્ન કરાવે. સમજાય છે કાંઈ? આહા..હા..! પ્રભુ આત્મા સ્વતંત્ર વિકૃત થવામાં અને ધર્મ થવામાં સ્વતંત્ર છે. વિકૃત થાય વિકાર એ પણ સ્વતંત્ર છે. કેમકે કર્તા—સ્વતંત્રપણે કરે સો કર્તા. કર્તાની આ વ્યાખ્યા છે. સ્વતંત્રપણે કરે તે કર્તા. તો વિકાર પણ સ્વતંત્રપણે પોતાના અપરાધથી કરે માટે તે કર્તા વિકારનો જીવ છે. સમજાય છે કાંઈ? અને સમ્યગ્દર્શન પણ જે ઉત્પન્ન થાય એ સ્વતંત્રપણે તે કર્તા, એ શુભયોગ છે એ માટે એને અહીં સમ્યગ્દર્શન થાય એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? અને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું સ્વતંત્રપણે પોતાના સ્વભાવને આશ્રયે, પછી જે વિકાર થાય એ પણ કર્મને લઈને થાય એમ નથી. તેમ કર્મમાં તાકાત નથી કે વિકૃત ઉત્પન્ન કરાવે. પર વડે થાય નહિ, પર એને કરે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? સિદ્ધાંત સત્ય છે એને સમજવું જોઈએ બાપુ! આ તો સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્ર પરમેશ્વરનો માર્ગ છે. આ કાંઈ અલ્પજ્ઞાની કોઈએ કહ્યું એવો માર્ગ નથી. દિગંબર સંતો કહે છે એ સર્વજ્ઞ પરમાત્માની વાત કરે છે. સમજાય છે કાંઈ? આમાં તો આ વસ્તુ કાલે નહોતી સ્પષ્ટ કરી. એટલે આજે લીધું.

પછી હવે અહીં સુધી આવ્યું આપણે. '**આત્મા જેમ બાહ્યપદાર્થોની અસમીપતામાં...**' ત્યાં અર્થ આવ્યો હતો કાલે. આ વાંચ્યું હતું. આત્મા જ્ઞાનાનંદ પ્રભુ એ બાહ્ય પદાર્થોની દૂરતા હોય, દૂર હોય, તોપણ તે પોતે આત્મા પોતાથી જાણે છે, એ પદાર્થથી જાણતો નથી. છે? '**અસમીપતામાં (પોતાના સ્વરૂપથી જ જાણે છે)...**' એના ઉપર વ્યાખ્યા કાલે બહુ થઈ ગઈ. આહા..હા..! ભાઈ! આ તો શાંતિનો માર્ગ છે. આ તો ધીરેથી સમજવાનો માર્ગ છે. આ કાંઈ ઉતાવળથી એકદમ હલવું ને આમ છે ને તેમ છે એવો માર્ગ નથી, પ્રભુ! સમજાણું કાંઈ? કહે છે. આહા..હા..! '**(પોતાના સ્વરૂપથી જ જાણે છે)...**' એટલે? આ આત્મા અહીંયાં છે અને પદાર્થ આકાશ આદિ બહુ દૂર છે, છતાં તે આકાશને પોતાના સ્વરૂપથી અહીંયા રહ્યા, પરમાં ગયા વિના, પરને અડ્યા વિના પોતાથી જાણે છે. આહા..હા..! પોતાથી જાણે છે. સમજાણું કાંઈ? એક વાત.

'**તેમ બાહ્યપદાર્થોની સમીપતામાં પણ...**' જેમ બાહ્ય પદાર્થ નજીક હોય તોપણ પોતે

આત્મા પોતાના જ્ઞાનથી એને જાણે છે. એ છે માટે જાણે છે એમ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? એ તો વાત કહી હતીને એક ફેરી. ૮૩ની સાલમાં ચર્ચા બહુ થઈ હતી. ૧૯૮૩. કેટલા વર્ષ થયા? ૫૦ વર્ષ પહેલાં વાત ચર્ચા ઘણી મોટી ઉઠી. દામનગર શહેર છે દામનગર ત્યાં ચોમાસું હતું. મોટી ચર્ચા (થઈ). ૫૦ વર્ષ પહેલાં. એક શેઠિયા હતા પૈસાવાળા. અત્યારે તો પૈસા ઘણાં થઈ ગયા, પણ એ વખતે તો દસ લાખ તો બહુ ગણાતાને. ૫૦-૬૦ વર્ષ પહેલાં દસ લાખ એટલે? એ વખતના એક લાખ અને અત્યારના ૨૫ લાખ સરખા. કારણ કે ભાવ વધી ગયા અને પૈસાની કિંમત ઘટી ગઈ. દસ લાખ રૂપિયા અને ગૃહસ્થ માણસ હતા. તો એની દૃષ્ટિ એવી વિપરીત હતી. તો એવી ચર્ચા થઈ, વીરજીભાઈ હતા વકીલ. આ કાઠિયાવાડમાં દિગંબરનો અભ્યાસ કરનારા પહેલામાં પહેલા વીરજી વકીલ હતા જામનગરમાં. પહેલા વહેલા કાઠિયાવાડમાં દિગંબરનો અભ્યાસ કરનારા. એ ૯૨-૯૩ વર્ષે ગુજરી ગયા. એની સાથે ચર્ચા ઉપર થઈ. હું તો નીચે બેઠો હતો. એણે કહ્યું કે આ લોકાલોક છે તો કેવળજ્ઞાન થાય છે. વીરજીભાઈ કહે કે લોકાલોક છે તો કેવળજ્ઞાન થાય છે એમ નથી. પોતાની પર્યાયથી કેવળજ્ઞાન થાય છે. લોકાલોક તો સદાય પડ્યો છે. એનાથી થાય તો બધાને કેવળજ્ઞાન થવું જોઈએ. આહા..હા..! પણ એ સ્થૂળ બુદ્ધિ હતી બહુ સ્થૂળ. વિપરીત બુદ્ધિ ઘણી હતી, ઘણી વિપરીત. લોક આ જગત છે તો આત્મામાં જ્ઞાનની પર્યાય તેને જાણવાની એ છે તો થાય છે. નહિ, અહીંયાં જ્ઞાનની પર્યાયની તાકાત પોતાથી છે તો પોતાથી જ્ઞાનપર્યાય થાય છે. સમજાણું કાંઈ?

અહીં એ કહે છે કે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ સામે છે તો એનાથી અહીંયા જ્ઞાન થયું એના કારણે? અને એના કારણે અહીંયા રાગ-દ્વેષ થયા? બિલકુલ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! '**બાહ્યપદાર્થની અસમીપતામાં પણ પોતાના સ્વરૂપથી જ જાણે છે.**' જ્ઞાનસ્વરૂપી જે આ પોતે એનાથી જાણે છે. '**તેમ બાહ્યપદાર્થોની સમીપતામાં પણ...**' 'પણ' લીધુંને? અસમીપતામાં એમ આ સમીપતામાં પણ, નજીક હોય તોપણ '**પોતાના સ્વરૂપથી જ...**' જાણે છે. '**પોતાના સ્વરૂપથી જાણતા એવા તેને (આત્માને), વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતા એવા મનોહર કે અમનોહર શબ્દાદિ...**' શું કહે છે? શબ્દ નિંદાનો હોય કે પ્રશંસાનો હોય, રૂપ સુંદર હોય કે કુરૂપ હોય, ગંધ સુગંધ હોય કે દુર્ગંધ હોય, રસ મીઠો હો કે કડવો હોય અને ગુણ હોય કે અવગુણ હોય પરમાં, એ બધાને '**વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતા એવા મનોહર કે અમનોહર શબ્દાદિ...**' શબ્દ, રૂપ, ગંધ મનોહર હો કે અમનોહર હોય, સુંદર હોય કે અસુંદર હોય. એ '**શબ્દાદિ બાહ્યપદાર્થો જરાય વિક્રિયા ઉત્પન્ન કરતા નથી.**' આહા..હા..! શરીરનું સુંદર રૂપ જોયું માટે સુંદર રૂપથી અહીં રાગ થયો એમ છે નહિ. એમ કુરૂપ દીઠું કાળુકુબડું અને એને લઈને અહીં દ્વેષ થયો એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? કેમકે બાહ્યપદાર્થ

વડે આત્મામાં વિકાર થાય એવો વસ્તુનો સ્વભાવ નથી અને એ બાહ્ય પદાર્થ આત્માને વિકૃત કરે એવો એનામાં સ્વભાવ નથી. આહા..હા..! ધર્મની આવી વાતું. ઓલું તો કહે વ્રત કરવા, અપવાસ કરવા, ભક્તિ કરવી, જાત્રા કરવી, ઝટ સમજાય લ્યો! ભાઈ! એ તો રાગ છે, રાગની ક્રિયા છે. એ રાગને જાણતા પણ રાગ છે માટે એ જાણે છે એમ નહિ એમ અહીં કહે છે. આહા..હા..! એ રાગ આવ્યો અને રાગ હોય છે જ્ઞાનીને, પણ એ રાગ છે માટે રાગનું અહીં જ્ઞાન કરે છે એમ નથી. એ જ્ઞાનનો સ્વભાવ જ સ્વપરને પ્રકાશવો એ પોતાનો સ્વભાવ છે. તેમ રાગમાં તાકાત નથી કે રાગનું જ્ઞાન અહીં રાગની શક્તિથી અહીં રાગને જાણવાની શક્તિ ઉત્પન્ન કરે જ્ઞાનમાં એ રાગમાં તાકાત નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! આવી ધર્મની વાતું હવે એટલે પછી સોનગઢને નામે માણસો વાતું કરેને બિચારા. આહા..હા..! એ તો નિશ્ચયની વાતું કરે છે, વ્યવહારનો લોપ કરે છે એમ કહે છે. બાપુ! વ્યવહાર વ્યવહારના સ્થાનમાં છે. સમકિતી જ્ઞાનીને પણ રાગ, દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એના સ્થાનમાં હોય છે. છતાં તેનું જ્ઞાન કરે છે એ ચીજ છે માટે એનું જ્ઞાન થાય છે એમ નથી. જેનામાં જ્ઞાનની શક્તિ છે તે સ્વપરને પ્રકાશે છે. એ રાગમાં શક્તિ છે કે જ્ઞાનને ઉત્પન્ન કરાવે? આહા..હા..! તેમ રાગ છે માટે અહીં રાગનું જ્ઞાન રાગને લઈને થાય છે? આહા..હા..! આવું ઝીણું અને આવો ન્યાય. માર્ગ એવો છે, બાપુ! પ્રભુ! તારી ચીજ તો અંદર છે સચ્ચિદાનંદ પ્રભુ, એમાંથી પરને જાણતા તેને લઈને તને જ્ઞાન તેનું થાય એમ નથી. એને જાણતા તારો સ્વભાવ સ્વપરને જાણવાનો છે તેથી સ્વને-પરને જાણવાની પર્યાય થાય છે. આહા..હા..! આવી વાત છે. થોડી પણ ધીરી અને મીઠી વાત છે. આહા..હા..!

'**વિચિત્ર પરિણતિને પામતા...**' કોણ? શબ્દ નિંદારૂપે પરિણમે, પ્રશંસારૂપે પરિણમે, વિચિત્ર પરિણતિ છે. હો, જડની પર્યાય છે એ. એમ રૂપ. સુંદરરૂપે પરિણમો શરીર કે કુરૂપપણે પરિણમો એ વિચિત્ર પરિણતિ જડની છે. આહા..હા..! છે? '**વિચિત્ર પરિણતિને પામતા...**' એ પરવસ્તુ વિચિત્ર પરિણતિએ પામતા. એ શબ્દને આત્મા કરે નહિ, પરના રૂપને, આ રૂપને આત્મા કરે નહિ. આહા..હા..! નિંદા, પ્રશંસાના શબ્દને આત્મા કરે નહિ અને નિંદા, પ્રશંસાના શબ્દ વિચિત્રતાની પરિણતિએ પામતા પોતાની શક્તિએ પરિણમી રહ્યા છે. સમજાણું કાંઈ? '**વિચિત્ર પરિણતિને પામતા એવા મનોહર કે અમનોહર...**' શું? શબ્દાદિ બધા. માથે કહ્યું હતુંને? શબ્દ, રૂપ છેને? ગંધ, રસ, સ્પર્શ અને ગુણ અને દ્રવ્ય. પરના ગુણ છે એ ભલે અવગુણરૂપે ત્યાં પરિણમો, પણ એથી કરીને તને કોઈ દોષ ઉત્પન્ન કરાવે અવગુણ એમ છે નહિ અને પરના ગુણ કેવળી આદિના ગુણ જ્ઞાનમાં જણાય, પણ એથી ગુણ તને રાગ ઉત્પન્ન કરાવે એમ નથી. આહા..હા..! તેમ એ કેવળજ્ઞાનીનું જ્ઞાન છે ગુણ એનું અહીં જ્ઞાન થાય છે એ કેવળજ્ઞાનના જાણનારને એના કેવળજ્ઞાનને લઈને અહીં જાણવું થાતું નથી. આહા..હા..! આવો માર્ગ છે. એ જ્ઞાન પ્રભુ આત્માનો સ્વભાવ છે કે પોતાની પર્યાયમાં

પોતાથી સ્વતંત્રપણે સ્વપરપ્રકાશની પર્યાય ઉત્પન્ન કરે છે. આહા..હા..! પરથી નહિ અને પર વડે નહિ.

ત્યારે કોઈ કહે પણ અમે શાંતિ બેઠાથી હતા લ્યો. એમાં ગાળ દીધી. ગાળ દીધી તો અહીં દ્વેષ થયો કે નહિ? કે બિલકુલ જૂઠ છે. એ ગાળમાં તાકાત નથી કે તારા દ્વેષને ઉત્પન્ન કરે અને તારામાં દ્વેષ પર વડે ઉત્પન્ન થાય એવી તારી તાકાત નહિ. આહા..હા..! પ્રશંસા કે અભિનંદન આપ્યા. અભિનંદન આપેને પ્રશંસા. બધાને ભેગા કરીને જલસા ઉડાવે. ઘણી પ્રશંસા કરી તો મને રાગ ઉત્પન્ન થયો. તારી વાત ખોટી છે. એ પરમાણુઓ વિચિત્ર પરિણતિએ પરિણમે એમાં તને શું છે? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

દુર્ગંધ. બિલાડી, મીંદડી, કૂતરા સડેલા... સડેલ... સડેલ... આમ નજરે આવ્યા એ તો ગંધ છે. એ ગંધ તને કહે છે કે મને સુંઘ? અને ગંધનો પ્રેમ, રાગ-દ્વેષ થાય છે એમ છે? સુગંધ હોય તો રાગ ઉત્પન્ન થાય અને દુર્ગંધ હોય તો દ્વેષ ઉત્પન્ન થાય એમ છે? એ રાગ અને દ્વેષ પર વડે ઉત્પન્ન કરી શકાતા નથી અને પર એને ઉત્પન્ન કરી શકતા નથી. આહા..હા..! આવું ભેદજ્ઞાન છે. આહા..હા..! સાદી વાત છે, પણ વાત મૂળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલાક એમ કહેને કે સમ્યગ્દૃષ્ટિ છે તો રાગને પોતાનો માનતા નથી, એ તો પર છે. તો હવે રાગ ઉત્પન્ન થાય છે એ તો કર્મથી ઉત્પન્ન થાય છે. બિલકુલ ખોટી વાત છે કહે છે. લખાણ એ આવે છે અંદર પહેલા કે સમ્યગ્દૃષ્ટિને રાગ કરવાની રુચિ નથી. તો રુચિ વિના કર્મના જોરથી રાગ ઉત્પન્ન થાય છે. એ તો રુચિ નથી એ અપેક્ષાએ કહ્યું છે. ભાવાર્થમાં આવે છે. એ તો એની રુચિ નથી અને અરુચિ નબળાઈને કારણે થાય માટે કર્મથી થાય એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! એમ શબ્દને પકડે એના ભાવને પકડે નહિ તો (વિપરીતતા થાય).

અહીંયાં તો કહે છે કે કર્મમાં તાકાત નથી. આહા..હા..! જ્ઞાનાવરણીય કર્મ જે છે એની તાકાત નથી કે આત્માને વિપરીત જ્ઞાન કરાવે. તો આત્મામાં વિપરીત જ્ઞાન છે એ પર વડે થાય છે એવી તાકાત એમાં નથી. આહા..હા..! આવું છે. પર '**વિચિત્ર પરિણતિને પામતા...**' વિચિત્ર પરિણતિ (એટલે) શબ્દ, ગંધરૂપે, નિંદારૂપે, પ્રશંસારૂપે, સુંદરરૂપે, કુરૂપે, ગંધ, સુગંધપણે, દુર્ગંધપણે, સ્પર્શ-ઠંડાપણે, ગરમપણે, ઉષ્ણપણે, સુંવાળાપણે, કર્કષપણે, પરમાણુ એ તો પરમાણુ જડની અવસ્થા છે, (એ) વિચિત્ર પરિણતિએ પરિણમો. મનોહર કે અમનોહર '**શબ્દાદિ બાહ્યપદાર્થો જરાય વિક્રિયા ઉત્પન્ન કરતા નથી.**' આત્માને વિકાર બિલકુલ કરાવતા નથી. આહા..હા..! સમજાય છે? અમે તો ભાઈ શાંતિથી બેઠા હતા. આ આવ્યું. શું કરો છો? ગાળ દીધી. ગાળ દીધી તો અમને ગાળથી ક્રોધ આવ્યો. કહે છે, ખોટું છે. ગાળથી ક્રોધ ઉત્પન્ન નથી થતો અને ગાળમાં ક્રોધ કરવાની શક્તિ નથી. આવું સ્વતંત્ર સ્વરૂપ છે. આહા..હા..! આચાર્યોએ થોડા શબ્દોમાં ઘણું (કહ્યું છે).

અથવા બીજી રીતે કહીએ તો કેવળી ત્રણલોકના નાથ તીર્થંકરને જોયા એથી એને એના ઉપર પ્રેમ રાગ ઉત્પન્ન થયો, એમ પણ નથી અને ભગવાનના જ્ઞાનમાં આને રાગ ઉત્પન્ન કરે એવી જ્ઞાનમાં શક્તિ નથી. એમ કે ભગવાન ત્રણલોકના નાથ આમ દેખ્યા તો અમને રાગ એના કારણે આવ્યો. પ્રેમ. સમજાણું કાંઈ? તેમ અવગુણી જોયા ઘણાં અવગુણી-પાપી, કસાયખાના, પરસ્ત્રીના લંપટી અને સીધા માંસ ખાય આમ. બોકડા હોયને બકરા? બકરાના બચ્ચા, કાચા બકરાના હોયને એને સીધા ખાય. એવા પ્રાણી છે અત્યારે અનાર્ય દેશમાં. બકરી હોય છેને બકરી? શું કહે છે? એના નાના બચ્ચા હોય છેને, સીધેસીધા ખાય રાંધ્યા વિના, બટકા ભરે. એવું આવે છે. છાપામાં આવે. એવું જોયું અને મને ક્રોધ થયો. એ ખોટું છે. વિચિત્ર પરિણતિએ પરિણમો એ તો એની દશા છે. એમાં તને શું છે? સમજાણું કાંઈ? આહા..હા..! અર્ધાંગના જેને કહે. અર્ધાંગના કહેને. અડધું અંગ હું અને અડધું અંગ એ. એ બે થઈને એક. એ અર્ધાંગના પણ જ્યારે ખરે ટાણે ગાળ દે. ગાળ દે ગાળ.

આ બનેલી વાત છે. નામ નથી આપતા. મોટો રાજા હતો કરોડાધિપતિ. તેની સ્ત્રી હતી ગરાસણી. ગરાસણી નહિ? આ ગરાસદાર. રજપુતની દીકરી મોટી કન્યા. ઓલો બે-ત્રણ કરોડનો ઊપજવાળો હતો. તો એને ઘરે કાંઈક કહ્યું હશે કોઈવાર રાણીને. તો રાણી કહે, દરબાર! ધ્યાન રાખજો, અમે ગરાસણી છીએ, કંઈ પણ બોલશો, અપમાન કરશો તો અમે તમને નહિ ... બહારમાં વાત ન પાડે. શું કરે? ઓલી કડક હતી બાઈ. અમને કંઈ પણ જો તમે તિરસ્કાર કર્યો કે અપમાન કર્યું તો અમે ગરાસણી છીએ, રજપુતાણી છીએ. અમે વાણિયા વેવલા નથી કાંઈ. અનાદર કરી દઈશું તમારો. ઓલો દરબાર મોટો સુનમુન (બેઠો રહ્યો). એ માંડ માંડ બહાર વાત આવી. એઈ..! એમ બને છે. સ્ત્રીને બરાબર ઠીક ન લાગે તો એને કહે. જ્યાં ત્યાં તમે તોફાન કરો છો, આમ કરો છો એ નહિ ચાલે. તો એવું બોલે માટે અહીં ક્રોધ આવ્યો એમ નથી. કહો, સુમેરુમલજી! આ તો ક્ષણેક્ષણની વાત. સ્વતંત્ર છે. આહા..હા..!

એ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ, ગુણ અને દ્રવ્ય. આહા..હા..! પરમાત્માના ગુણ જોયા માટે મને રાગ થયો. એ ના પાડે છે, એમ નથી. તારી નબળાઈને કારણે તને રાગ થયો ભગવાન પ્રત્યે. અને દ્રવ્ય ભગવાનનું દ્રવ્ય, પૂર્ણાનંદ ચૈતન્યમૂર્તિ અખંડાનંદ દ્રવ્ય છે ચૈતન્ય ચમત્કારી એવું લક્ષમાં આવ્યું તો દ્રવ્ય પરદ્રવ્ય ઉપર રાગ થયો એમ છે નહિ. આહા..હા..! એ દ્રવ્યમાં તાકાત નથી કે તને રાગ ઉત્પન્ન કરાવે અને તારામાં તાકાત નથી કે પર વડે તારામાં રાગ ઉત્પન્ન થાય. પાછળ શબ્દમાં આવે છેને. આહા..હા..! આવું છે, પ્રભુ! તારો માર્ગ તો એવો છે. આહા..હા..! પર્યાયે પર્યાયે, અવસ્થાએ અવસ્થાએ સ્વતંત્ર છે. વિકાર પરને લઈને નહિ, પર વડે નહિ અને ગુણની દશા પણ પર વડે નહિ, પરથી નહિ.

ભાઈ આ મનુષ્યપણું છે અને વજ્રનારાચ સંહનન છે તો કેવળજ્ઞાન થયું. શાસ્ત્રમાં આવે

છે કે કેવળજ્ઞાન થાય તેને વજ્રનારાચ સંહનન જ હોય છે નિમિત્ત. વજ્રનારાચ સંહનન થાય છે તેને કેવળજ્ઞાન થાય છે. તો કહે છે કે એ વજ્રનારાચ સંહનન વિચિત્રરૂપે જડની પર્યાયે પરિણમી છે અને તને કેવળજ્ઞાન એમાં ઉત્પન્ન થયું એમ ક્યાં છે? સમજાણું કાંઈ? અને મનુષ્યપણું છે તો અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા. પશુમાં, નરકમાં થાય છે, પણ ચારિત્ર તો ત્યાં નથી થતું. ચારિત્ર તો મનુષ્યપણામાં જ થાય છે. સ્વરૂપની દૃષ્ટિ અનુભવ અને ઉપરાંત સ્વરૂપમાં લીનતા એ તો ચારિત્ર મનુષ્યપણામાં જ થાય છે. તિર્યંચ, નરક અને દેવમાં થતું નથી. તો એ મનુષ્યપણાનું શરીર છે તો ચારિત્ર થયું એમ નથી. આહા..હા..! એ આત્મામાં ચારિત્ર થવામાં પરની અપેક્ષાએ નથી અને આત્મામાં ચારિત્ર ઉત્પન્ન કરે એવી પરમાં શક્તિ નથી. આહા..હા..! આવી વાતું છે. ભિન્ને ભિન્ન તત્ત્વ. નવ તત્ત્વ છેને. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. તો કોઈ એક તત્ત્વ, બીજા તત્ત્વનું કરે એવી ચીજ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

**'વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિએ પામતા એવા મનોહર કે અમનોહર...'** શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ, ગુણ અને દ્રવ્ય **'બાહ્યપદાર્થ જરાય વિક્રિયા ઉત્પન્ન કરતા નથી.'** આહા..હા..! સમજાણું કાંઈ? **'આ રીતે આત્મા દીવાની જેમ...'** દીવો-દીવો હોય છેને દીવો? એ અહીં ઘટપટ હોય છે માટે દીવો પ્રકાશે છે એને એમ નથી અને ઘટપટ દીવાના પ્રકાશને પ્રકાશે એમ નથી. એ દીવાનો સ્વભાવ જ સ્વપરપ્રકાશનો છે એ પ્રકાશે છે. દીવો છે, અહીંયાં લાકડી છે. તો અહીંયાં દીવામાં લાકડીનો પ્રકાશ થાય છે, પણ એ લાકડીને કારણે નહિ. એ દીવાના પ્રકાશની શક્તિ છે કે સ્વપરને પ્રકાશે એ પોતાના સામર્થ્યથી પ્રકાશે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ હવે ઝીણો. નવરાશ ન મળે ફુરસદ. અરે! ઘણો વખત તો રળવું ને બાયડી, છોકરા, ધંધામાં પાપમાં જાય. આહા..હા..! કલાક, બે કલાક કો'ક દિ' વખત લે તો એને કુગુરુ માથે મળે એવા કે ઈ બે કલાક લૂંટી લે. એને એમ બતાવે કે જો તને વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કર તારો મોક્ષ થશે. એ લૂંટી લે એને. આહા..હા..!

અરે! આવો મનુષ્યભવ અનંતે કાળે મળે, ભાઈ! એમાં ભવના અભાવ કરવાનો આ તો કાળ છે. એ ભવનો અભાવ કોઈ કર્મ મટે અને ઘટે તો થાય એમ નથી. ભાઈ! કર્મ કાંઈક મારા મોળા પડેને તો મને સૂઝ પડે સમજવાની. એમ છે નહિ એમ કહે છે. તારા ઉલટા પુરુષાર્થને કારણે તું સમજતો નથી અને સુલટા પુરુષાર્થે તને સમજાય એ વાત છે. સમજાણું કાંઈ? કર્મે ભૂલ કરાવી. એ કર્મમાં તાકાત નથી અને તારી ભૂલ પર વડે થાય એવી તારામાં તાકાત નથી. આહા..હા..!

**'આ રીતે આત્મા દીવાની જેમ પર પ્રત્યે સદાય ઉદાસીન છે...'** દીવો પ્રકાશે છે. સાથે ઘટપટ હોય, સર્પ અને કોલસા હોય તો તો પ્રકાશે ઉદાસીન ભિન્ન રહીને. એ

કાંઈ એને લઈને પ્રકાશે છે દીવો એમ છે નહિ. '**ઉદાસીન છે (અર્થાત્ સંબંધ વગરનો,...**' એ દીવાને અને ઘટપટને કાંઈ સંબંધ નથી. આહા..હા..! '**તટસ્થ છે)...**' તટસ્થ-તટસ્થ. જેમ નદીમાં પાણી ચાલતું હોય. આમ બે કાંઠા હોય તટ-તટ. કાંઠા-તટ. તટસ્થ. એ પાણી ચાલે છે એ કાંઠાને લઈને નહિ. પોતાને કારણે પાણી તટસ્થ ચાલે છે. તટના સાધનને કારણે ત્યાં ચાલે છે એમ નથી. એમ આત્મા પરને દેખે છે એમાં તટસ્થ, પરના કાંઠે ભિન્ન રહીને પરને પોતાથી જાણે છે. આહા..હા..! આવી વાતું છે. ભાઈ! આ તો માર્ગ મોક્ષનો ભાઈ! અનંતકાળમાં અનંતવાર અગિયાર અંગ ભણી નાખ્યા. ભણી નાખ્યા. અગિયાર અંગ કોને કહે, પ્રભુ! અગિયાર અંગમાં એક આચારાંગ શાસ્ત્ર છે તો એમાં અઢાર હજાર તો પદ છે. એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક છે. એવા એવા આચારાંગ કંઠસ્થ કર્યું, સૂયગડાંગ ડબલ કર્યા, એનાથી ડબલ ઠાણાંગ. ૧૮ હજાર, ૩૬ હજાર, ૭૨ હજાર, ૧ લાખ ૪૪ હજાર, ૨ લાખ ૮૮ હજાર. આહા..હા..! એવા એવા અગિયાર અંગ કંઠસ્થ કર્યા, જાણ્યા એમાં શું આવ્યું?

પોતાનું સ્વરૂપ ચિદાનંદ છે એને સ્પર્શીને જ્ઞાન થાય તે જ્ઞાન છે. ભગવાન જ્ઞાનનો સાગર છે અંદર. લ્યો, આ શેઠનું સાગર આવ્યું. સાગરમાં ઓલું મૂક્યું છે, ફલાણાએ આમ કર્યું, મંદિરમાં આમ છે. ડાહ્યાભાઈ ત્યાં ગયા છેને. ડાહ્યાભાઈ અમદાવાદવાળા. જજ-જજ છે એટલે ત્યાં મોટા મોટા માણસો આવતા હશે. જજ હતાને. મોટા વકીલો. જજ છે. મગજવાળા માણસ છે ડાહ્યાભાઈ. બીજા પણ ગામમાં મંદિરો બનાવે. બીજા આવ્યા હશે, વાંચતા હશે. આહા..હા..! ડાહ્યાભાઈની બહુ સારી દૃષ્ટિ ને કથન બધું બહુ સારું. જજ હતા જજ. રિટાયર્ડ થઈ ગયા. અમદાવાદમાં મોટા જજ.

અહીં કહે છે કે વસ્તુસ્થિતિ એવી છે. '**એવી વસ્તુસ્થિતિ છે, તોપણ જે રાગદ્વેષ થાય તે અજ્ઞાન છે.**' આહા..હા..! અરે! પરપદાર્થ તને રાગ-દ્વેષ ઉત્પન્ન કરાવે નહિ અને તને રાગ-દ્વેષ ઉત્પન્ન થાય પર વડે એ થાય નહિ, છતાં તું (એમ માને કે) રાગ-દ્વેષ મને આ કરાવે એ તારું અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- શબ્દાદિક જડ...**' છે. આ નિંદા, પ્રશંસાના શબ્દો છે એ તો જડ છે, અજીવ છે. આહા..હા..! શબ્દ આદિ છેને? એમ રૂપ. રૂપ-કુરૂપ એ જડ છે. સુગંધ-દુર્ગંધ એ જડ છે. આહા..હા..! અને રસ. મીઠો રસ સાકરનો અને કડવો રસ અફીણનો, પણ એ તો જડ છે. આહા..હા..! એ સાકરની મીઠાશ ઘણી આવીને એટલે મને રાગ થયો. ખોટું છે એમ કહે છે. સાકરની મીઠાશ આવતી જ નથી. એ તો જડ છે. એના ઉપર લક્ષ જઈને 'આ ઠીક છે' એવો રાગ થાય છે એ તારાથી રાગ થાય છે, એ સાકરથી નહિ. અને એમાં કાંકરી આવી જાય. આમ દ્વેષ થાય. કાંકરીથી દ્વેષ નથી થયો. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

દરેક દ્રવ્ય, ગુણ, પર્યાય સ્વતંત્ર છે. પ્રત્યેક પદાર્થનું દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે શક્તિ, પર્યાય એટલે અવસ્થા સ્વતંત્ર છે. તે સમયે તે પર્યાય તે પોતાને કારણે થાય. ચાહે તો ધર્મની કે અધર્મની. એમાં પરનો હાથ, અધિકાર બિલકુલ છે નહિ. આહા..હા..! એટલે કોઈ એમ કહેને કે સમ્યગ્દર્શન અને જ્ઞાન થઈ ગયું પછી વિકાર છે એ નથી જ એને, અને હોય તો એ કર્મને લઈને છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું ક્યાં બેસવી?

એ તો '**જડ પુદ્‌ગલદ્રવ્યના ગુણો છે.**' જોયું! ગુણ શબ્દે પર્યાય લેવી અહીં. શબ્દ, રૂપ, રસ. આ ભાષા છે એ તો જડની પર્યાય છે. કોઈ નિંદા કરે તો એ નિંદા તો જડની પર્યાય છે, એ તારામાં ક્યાં ઘૂસી ગઈ છે? અને કોઈ પ્રશંસા કરે તો એ પ્રશંસા જડની પર્યાય છે. એ તને ક્યાં કહે છે કે મને સાંભળ. આહા..હા..! અને પોતાનો આત્મા પોતાનું સ્થાન છોડીને નિંદા-પ્રશંસા સાંભળવા જાય છે? એમ નથી. આહા..હા..! '**શબ્દાદિક જડ પુદ્‌ગલદ્રવ્યના ગુણો છે. તેઓ આત્માને કાંઈ કહેતા નથી, કે 'તું અમને ગ્રહણ કર (અર્થાત્ તું અમને જાણ)';...**' એમ કહે છે? આહા..હા..! મુસાફર એક ગામ છોડીને બીજા ગામે જાતા... જાતા... જાતા... કોઈ ગામ કહેતું નથી કે તું અહીંયા રોકાઈ જાય. એમ આત્મામાં એ શબ્દ, રૂપ, રસ જાણે છે તો એમ નથી કહેતા કે તું જાણવામાં રોકાઈ જા. આહા..હા..! વાત તો... આહા..હા..! દિગંબર સંતો સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ કેવળીના કેડાયતો છે. આહા..હા..! પરમેશ્વર જિનેશ્વરદેવ એનો ધર્મ એ દિગંબર સંતોએ રાખ્યા. માર્ગ તો આ છે. આહા..હા..!

'**તેઓ આત્માને કાંઈ કહેતા નથી કે 'તું અમને ગ્રહણ કર (અર્થાત્ તું અમને જાણ)'; અને આત્મા પણ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને ગ્રહવા (-જાણવા) તેમના પ્રત્યે જતો નથી.**' પોતે પોતાના ક્ષેત્રમાં રહીને જાણે છે. આહા..હા..! પોતાનું સ્થાન છોડીને પર શબ્દ નિંદા આદિને જોવા જાતો નથી કાંઈ. આહા..હા..! કેમકે ઈ પરવસ્તુનો પ્રભુ તો જ્ઞાનના પર્યાયમાં તો અભાવ છે. અભાવ છે તો એનો ભાવ કેમ અહીંયાં આવે? આહા..હા..! સમજાણું કાંઈ? અભિનંદન આપેને જ્યારે મોટું, જલસા બનાવીને. અંદર તો રાજી રાજી થાતો હોય. બહારથી એમ કહે, તમે મારી કદર કરી એ કદરને હું લાયક નથી, પણ મારી કદર કરી એ તમારી મોટપ છે, એમ કહે. સભા હોયને બે-પાંચ હજારની. માન આપે. જોકે તમે મારી કદર કરો છો એટલો હું લાયક નથી. અંદર તો રાજી રાજી હોય. પણ તમે તમારી મોટપને લઈને મને આ માન આપો છો અને તે મોટપ તમારે નભાવવી એ તમારું કામ છે. અરે! ભગવાન! શું કરે છે? ક્યાં જાય છે? શું કરે છે? પ્રભુ! તને તારી ખબર નથી. આહા..હા..! થાય રાજી અને ના પાડે કે ના ના આથી મને કાંઈ મોટપ આપવાને લાયક નથી. એમ બોલે. અરે! ભ્રમણા...ભ્રમણા.. ભ્રમણા. પ્રભુ! તું ભ્રમણામાં ભરમાઈ ગયો છો. ભગવત્સ્વરૂપ ચિદાનંદ નાથ અંદર એના અંદરમાં જતો નથી, એની સન્મુખ

થતો નથી અને બહારના લક્ષમાં ભરમાઈ ગયો છો તું. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે. આહા..હા..!

**'જેમ શબ્દાદિક સમીપ ન હોય...'** દૂર કોઈ નિંદા કરતું હોય. તોપણ તેને ખ્યાલમાં આવ્યું હોય કે કોક આમ કહે છે. જાણ, પણ બીજું છે શું એમાં? આહા..હા..! અને **'ત્યારે આત્મા પોતાના સ્વરૂપથી જાણે છે,...'** સમીપ ન હોય તોપણ. સમીપ ન હોય નિંદા, પ્રશંસા, બહુ દૂરથી કોઈ હોય તોપણ તું તારા આમાં રહીને જાણે છે. આહા..હા..! **'તેમ શબ્દાદિક સમીપ હોય ત્યારે પણ આત્મા પોતાના સ્વરૂપથી જાણે છે.'** સ્વરૂપથી જાણે છે એમાં કહેવાનો આશય કાલે કહેવાઈ ગયો હતો. એ ખરેખર પરને જાણે ક્યારે કહેવાય? કે 'સ્વરૂપ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા છું' એવું જેને અંદર ભાન સ્વરૂપનું થયું છે તે પરને જાણવામાં રોકાતો નથી, પણ એ જાણવાનો સ્વભાવ એને સ્વપરપ્રકાશક પ્રગટ થાય છે. સ્વને જાણે છે, ભેગો પરને જાણવાનો સ્વભાવ પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આમ પોતાના સ્વરૂપથી જાણતા એવા આત્માને પોતપોતાના સ્વભાવથી જ પરિણમતાં...'** એ શબ્દો, રૂપ, ગંધ તો જડ છે, એની પર્યાયે પરિણમે છે એ. એ તને એમ ક્યાં કહે છે કે તું મને જાણવા રોકાઈ જા. આહા..હા..! **'સ્વભાવથી જ પરિણમતાં શબ્દાદિક કિંચિત્માત્ર પણ વિકાર કરતાં નથી,...'** આહા..હા..! બહુ પ્રશંસા, વખાણ કર્યા તો એ તને વિકાર ઉપજાવતા બિલકુલ નથી. એ તો જડની પર્યાય છે. આહા..હા..! આંધળા પદાર્થ આંધળી પર્યાયે પરિણમે છે. **'જેમ પોતાના સ્વરૂપથી પ્રકાશતા એવા દીવાને ઘટપટાદિ પદાર્થો વિકાર કરતા નથી તેમ.'** દીવો હોય અને અહીં ઘટપટ હોય એ દીવાને કાંઈ વિકાર કરે છે ઈ? દીવાના પ્રકાશમાં કોલસો હોય એ દીવાના પ્રકાશને કાળો કરે છે? દીવાના પ્રકાશમાં વીંછી હોય તો દીવાના પ્રકાશને કડવો કરે છે? વીંછીનો ડંખ આવે છે ત્યાં? આહા..હા..!

**'આવો વસ્તુસ્વભાવ છે,...'** **'દીવાને ઘટપટાદિ પદાર્થો વિકાર કરતા નથી તેમ.'** પોતાને પરપદાર્થ જરી પણ વિકાર કરાવતા નથી અને કરતા નથી. આહા..હા..! અહીં તો ત્યાં સુધી લીધું કે ધર્મીના ગુણો છે એ ગુણો જાણતા તને રાગ થાય, એ ગુણો કાંઈ રાગ કરાવતા નથી. આહા..હા..! તેમ અવગુણ દેખીને તને દ્વેષ થાય એમ અવગુણથી દ્વેષ થતો નથી. એમ દ્રવ્યનો સ્વભાવ પરિપૂર્ણ પરમાત્મા આવા છે એ વાત સાંભળતા તને રાગ થાય કે આહા..હા..! આવા! એ કાંઈ દ્રવ્યને લઈને રાગ થતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એ દ્રવ્ય પરમાત્મદ્રવ્ય તને વિકાર કરાવતું નથી અને એના વડે વિકાર તારામાં થાય એવો તું નથી. આહા..હા..! આવો ઉપદેશ લ્યો! માણસને શું લાગે? અજાણ્યા માણસ આવે એને (એમ થાય), શું કહે છે આ? શું આ કહે છે? દયા પાળવી, એકેન્દ્રિય જીવની દયા પાળવી, દાન કરવું, ભૂખ્યાને અનાજ દેવા, તરસ્યાને પાણી દેવું, સ્થળ ન હોય એને કાંઈક

સ્થળ દેવું, જગ્યા દેવી, કપડા ન હોય એને-નાગાને કપડા દેવા, રોગીને ઔષધ દેવું એવી વાતું તો સમજાય પણ ખરી. પણ કોણ દઈ શકે અહીં તો ઈ કહે છે. આહા..હા..! દઈને લઈ શકે કોણ? એ તો પરની પર્યાય જડની છે. એને જાણવામાં પણ એ કહેતા નથી કે અમને જાણ. લેવા-દેવાની તો વાતેય ક્યાં છે? આહા..હા..! પૈસા પાંચ લાખ આપ્યા, તો એ પૈસા એમ કહેતા નથી કે અમને જાણવા રોકા. એ તો વિચિત્ર પરિણતિ અમારી છે અહીંથી જવાની. આહા..હા..! એના વડે તને આ રાગની મંદતા ઉત્પન્ન થઈ એમ નથી, તેમ એ તને રાગ ઊપજાવે એવી એનામાં તાકાત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અરેરે! સાચા સત્યના સમજણ વિના અવતાર તારા ઢોર જેવા છે. ભલે એ કરોડોપતિ હોય અને અબજોપતિ હોય. આવો માર્ગ પ્રભુનો એનું જેને હજી સાચું જ્ઞાન પણ નથી. સત્યતા શું છે, અસત્ય શું છે? આહા..હા..! એના વિના એને સમ્યગ્દર્શન થતું નથી. એના વિના આ બધી જંજાળ મારી નાખે છે. એ પોતાના અપરાધને લઈને હોં! એ જંજાળને લઈને નહિ.

**'શબ્દને સાંભળી, રૂપને દેખી, ગંધને સુંઘી, રસને આસ્વાદી, સ્પર્શને સ્પર્શી, ગુણ-દ્રવ્યને જાણી, તેમને સારાં-નરસાં માની રાગદ્વેષ કરે છે, તે અજ્ઞાન જ છે.'** એ તો તારો દોષ છે, પરને કારણે કાંઈ થતું નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ-૧૪, મંગળવાર, તા. ૨૫-૧૦-૧૯૭૭, શ્લોક-૨૨૨, પ્રવચન નં. ૪૮૯

૨૨૨ કળશ. સમયસાર. **'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—'**

(शार्दूलविक्रीडित)

**पूर्णैकाच्युतशुद्धबोधमहिमा बोधो न बोध्यादयं**
**यायात्कामपि विक्रियां तत इतो दीपः प्रकाश्यादिव।**
**तद्वस्तुस्थितिबोधवन्ध्यधिषणा एते किमज्ञानिनो**
**रागद्वेषमयीभवन्ति सहजां मुञ्चन्त्युदासीनताम्।।२२२।।**

શું કહે છે? **'पूर्ण-एक-अच्युत-शुद्ध-बोध-महिमा अयं बोधो'** આ આત્મા જે છે... સર્વવિશુદ્ધ અધિકાર છેને? 'પૂર્ણ,...' છે. વસ્તુ છે, પૂર્ણ છે. જ્ઞાન આનંદ આદિ સ્વભાવથી આત્મા પૂર્ણ છે. 'એક,...' છે. ભેદ નથી. 'અચ્યુત...' છે. પોતે પોતાનો સ્વભાવ જે ધ્રુવ પૂર્ણ એક એમાંથી ચ્યુત થતો નથી. વસ્તુસ્થિતિ છે. એ વસ્તુ સ્વભાવ ધ્રુવ છે, પૂર્ણ છે, એક છે અને પોતાની સ્થિતિ છોડતો નથી, એ પર્યાયમાં પણ આવતો નથી. પૂર્ણ સ્વરૂપ

જે છે દ્રવ્ય... ઝીણી વાત છે. નિર્ણય કરે છે પર્યાય, પણ વસ્તુનો નિર્ણય કરે છે. એ વસ્તુ એવી છે કે પૂર્ણ છે, એક છે, અચ્યુત છે અને એક અને શુદ્ધ છે. સમ્યગ્દૃષ્ટિનો નિર્ણય આ જાતનો છે. છે?

**'પૂર્ણ,...'** છે. આહા..હા..! **'એક,...'** છે. એકસ્વરૂપે છે. બધા થઈને એક એમ નહિ. આત્મા વસ્તુએ એક છે. પૂર્ણ જ્ઞાન-દર્શન-આનંદ આદિ સ્વભાવથી પૂર્ણ ભરેલ છે. આહા..હા..! **'અચ્યુત,...'** છે. પોતાના ધ્રુવ સ્વભાવથી કદી ચ્યુત થતો નથી. આહા..હા..! **'અને શુદ્ધ (-વિકાર રહિત)...'** છે. વસ્તુ વિકાર રહિત છે, વસ્તુમાં વિકાર નથી. સમજાય છે કાંઈ? **'એવું જ્ઞાન...'** એટલે એવો જે ભગવાન જ્ઞાનસ્વભાવ ત્રિકાળ **'જેનો મહિમા છે...'** એવો જેનો મહિમા છે. પૂર્ણ છે, એક છે, અચ્યુત છે અને શુદ્ધ છે એવો **'જેનો મહિમા છે...'** આહા..હા..! **'એવો આ જ્ઞાયક આત્મા...'** એવો જે ભગવાન જાણનાર સ્વભાવવાળો ત્રિકાળી જ્ઞાયકસ્વભાવભાવ.

**'बोध्यात्'** જ્ઞેય પદાર્થોને જાણતા. **'बोध्यात्'** એટલે જ્ઞેયપદાર્થ. બોધ **'बोध्यात्'** બોધ એવું પૂર્ણ અચ્યુત સ્વરૂપ એક અને **'बोध्यात्'** એટલે જે જાણવામાં આવે એવી ચીજ જ્ઞેય. **'बोध्यात्' 'काम् अपि विक्रियां न यायात्'** જરા પણ વિક્રિયા પામતો નથી. શું કહે છે? જ્ઞાનસ્વરૂપ ભગવાન પરદ્રવ્યને જાણતા જરી વિક્રિયાને પામતો નથી. એનું સ્વરૂપ જ જાણવું-દેખવું છે. વિક્રિયા પામે છે એ તો પોતાની પર્યાયમાં પોતાના અપરાધથી પામે છે, પણ કોઈ જ્ઞેયને જાણતા વિકૃત દશા થાય છે એમ નથી. છે? **'એવો આ જ્ઞાયક...'** સ્વભાવ ભગવાન. **'बोध्यात्'** જે જ્ઞાનમાં જણાય એવી ચીજો. પરમેશ્વર હોય, દેવ હોય, ગુરુ હોય, શાસ્ત્ર હોય, સ્ત્રી હોય, કુટુંબ હોય ગમે તે ચીજ સડેલી હોય, સુંદર હોય, એ ચીજ જાણતા, જ્ઞાનસ્વરૂપ જાણતા કાંઈ રાગ થતો નથી એને. એ તો એનું સ્વરૂપ છે. જાણવું અને દેખવું એવો તો ચેતના, ચેતનનો ચેતના ત્રિકાળી સ્વભાવ છે. તો એ **'बोध्यात्'** નામ જાણવાલાયક ચીજને જાણે, જાણે એટલે કાંઈ અહીંયા રાગ-દ્વેષ થઈ જાય એમ નથી. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાની ભગવાન કેવળજ્ઞાનની પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એથી કરીને રાગ થઈ જાય છે એમાં? પરને જાણતા વિક્રિયા રાગ થઈ જાય છે? એમ છે નહિ.

**શ્રોતા :-** પરને જાણતા આ સારું છે કે નથી એવો વિકલ્પ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો બીજી દશા થઈ. એ તો એને અનુકૂળ-પ્રતિકૂળ જોયું માટે રાગ-દ્વેષ થયો. પણ જ્ઞેય જાણતા જ્ઞાનમાં રાગ-દ્વેષ થાય એમ છે નહિ. એ તો આ ઠીક છે એમ મિથ્યાબુદ્ધિ ઉત્પન્ન કરી, અઠીક છે (એમ) મિથ્યાબુદ્ધિ ઉત્પન્ન કરી એથી વિકૃત થાય છે, પણ જણાવાયોગ્ય પદાર્થથી જાણનારને રાગ થાય છે એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આ પછી ઠીક છે એ તો પછી જાણનાર જ્ઞેયને જાણનાર ન રહ્યો, એ તો આ ઠીક છે એમ એણે વિકલ્પ ઉત્પન્ન કર્યો. આહા..હા..! શરીર સુંદર છે, આ શરીરના

ઘરેણા-દાગીના શું કહે છે? ઝવેરાત. ઝવેરાત બહુ સારા છે, એ તો એની કલ્પના ઊભી કરી, એ કાંઈ એ ચીજ કાંઈ એને રાગ કરાવતી નથી. તેમ જ્ઞાનનો સ્વભાવ જ્ઞેયને જાણતા રાગ કરે એવો જ્ઞાનનો સ્વભાવ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'જ્ઞેય પદાર્થોથી...'** **'काम् अपि'** જરીએ પણ. **'काम् अपि'** એટલે જરીએ પણ. **'विक्रियां न यायात्'** વિકાર-વિક્રિયા ઉત્પન્ન થતી નથી. **'જરા પણ વિક્રિયા પામતો નથી,...'** વસ્તુને દેખતા-જાણતા વિક્રિયા પામે તો કેવળજ્ઞાન પણ વિક્રિયા પામે. કેવળજ્ઞાની ત્રણકાળ, ત્રણલોકને દેખે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કાંઈ વસ્તુની ખબર ન મળે એટલે લોકો બહારમાંથી હાલી નીકળે આ દયા, દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા (કરવા). એ તો રાગ છે. ખરેખર તો એ રાગનો પણ જાણનાર છે. રાગ જાણતા કાંઈ રાગ થઈ જાય એવો જ્ઞાનનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

સાતમી ગાથામાં આવ્યું છેને ઈ, સાતમીમાં નથી આવ્યું? કે વસ્તુથી કાંઈ રાગ થતો નથી. પર્યાય છે એથી રાગ થતો નથી, પણ પર્યાયમાં પર બુદ્ધિમાં જતા રાગી છે માટે પરને જાણતા રાગ થાય છે. રાગી છે માટે રાગ થાય છે. સાતમી ગાથામાં આવ્યું છેને? આહા..હા..! **'ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।'** દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો દશા આત્માની પર્યાય છે. એ પર્યાય જાણતા કાંઈ રાગનું કારણ નથી, પણ પર્યાયને જાણતા રાગી પ્રાણી છે, માટે પર્યાયને જાણતા રાગને લઈને રાગી રાગ ઉત્પન્ન કરે છે. ઝીણી વાત છે થોડી. સાતમી ગાથામાં આવી ગયું છે. સમજાણું કાંઈ?

આત્મા છે એ વસ્તુ પૂર્ણ અભેદ એકરૂપ છે. હવે એમાં ભેદ પાડવો કે આ જ્ઞાન છે અને દર્શન છે ને ચારિત્ર છે એ ભેદ પાડવો એ રાગ છે, ભેદ પાડવો એ જાણવું એ રાગ છે. ત્યારે કહે કેમ? કે ભેદ પાડવો એ જાણવું એ રાગ છે તો તો કેવળીને પણ ભેદ ને બધું જાણે (તો) રાગ થાય. પણ અહીંયાં તો પરને જાણતાં રાગી પ્રાણી છે માટે રાગ કરે છે. સમજાણું કાંઈ? રાગી છે એટલે પરને જાણતાં ઠીક-અઠીક કરે છે માટે એને રાગ થાય છે. પરને જાણવું કે ભેદને જાણવું એ કાંઈ રાગનું કારણ નથી. પરને જાણવું અને ભેદને જાણવું રાગનું કારણ હોય તો ભગવાન પરને અને ભેદને બધાને જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ભગવાન તો સ્વસન્મુખ થઈને જાણે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્વસન્મુખ થયા પણ જાણે છેને પરને? લોકાલોકનું જ્ઞાન પર્યાયમાં જણાય છેને? પણ પરને જાણતા રાગ થાય છેને? ત્યારે કહે, અમને પણ રાગ ન થાય પરને જાણતાં. પણ તું રાગી છો. એ માટે પરને જાણતાં રાગી પ્રાણીને રાગ થાય છે. જરી ઝીણી વાત છે, બાપુ! આ તો ન્યાયનો માર્ગ છે. સમજાય છે કાંઈ?

કહ્યુંને? સાતમી ગાથામાં છે. સાતમી છેને સાતમી એનો છેલ્લો પેરેગ્રાફ છે. સાતમી ગાથા.

'અહીં કોઈ કહે કે...' છે? આવ્યું? સાતમી ગાથા. **'અહીં કોઈ કહે કે પર્યાય પણ દ્રવ્યના ભેદ છે, અવસ્તુ તો નથી;...'** શું કહે છે? જરી ઝીણી વાત છે બહુ. આત્મામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર એવા ભેદ તો છે અને એની પર્યાય પણ એનામાં છે, એ પર્યાય પણ કાંઈ અવસ્તુ નથી તો તેને વ્યવહાર કેમ કહી શકાય? પર્યાય છે એને વ્યવહાર કેમ કહી શકાય?

**'તેનું સમાધાન :—એ તો ખરું છે, પણ અહીં દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે. અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી...'** અહીં ગૌણ કર્યો છે ભેદને. પર્યાયને ગૌણ કરીને અભેદની દૃષ્ટિ કરાવવા, પર્યાય નથી એમ નહિ, પર્યાયને ગૌણ કરીને અભેદદૃષ્ટિ કરાવવા, સમ્યગ્દૃષ્ટિ કરાવવા એને પર્યાય ભેદ નથી, પર્યાય નથી એમ કહેવામાં આવ્યું છે. છે? **'અહીં એવો અભિપ્રાય છે કે ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા થતી નથી...'** શું કહે છે? અંદરમાં પર્યાય ઉપર લક્ષ રહે અને ગુણભેદનું લક્ષ રહે તો તેને સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? છઠ્ઠી, સાતમી ગાથા ઝીણી છે બહુ. એમ કે અહીંયાં પર્યાય તો છે, અંદર ગુણભેદ પણ છે, તો ગુણભેદ અને પર્યાય કોઈ અવસ્તુ નથી, અવસ્તુ હોય તો એને વ્યવહાર કહીએ. એટલે? કે જે આત્મામાં ન હોય અને પરવસ્તુ કહીએ તો એને વ્યવહાર કહીએ, પણ આત્માની પર્યાયને તમે વ્યવહાર કેમ કહો છો? એ તો પોતે વસ્તુ છે, અવસ્તુ નથી. આત્મા સિવાય બીજી ચીજને અવસ્તુ કહીએ આની અપેક્ષાએ. એ અવસ્તુ હોય એને વ્યવહાર કહેવાય, પણ આત્મામાં પર્યાયભેદ છે એ તો એની વસ્તુ છે. એને તમે વ્યવહાર કેમ કહો છો? ઝીણી વાત છે.

**'અહીં એવો અભિપ્રાય છે કે ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા થતી નથી...'** એ પર્યાય ઉપર લક્ષ રહે અને ગુણભેદ ઉપર લક્ષ રહે તો સમ્યગ્દર્શન અભેદની દૃષ્ટિ થતી નથી. આહા..હા..! અરે.. આવી વાતું છે. **'અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે;...'** ભાષા દેખો! પર્યાયને જાણતાં અને ભેદને જાણતાં વિકાર થાય છે એમ નથી, પણ સરાગી છે માટે પર્યાયને જાણતાં રાગ થાય છે. શાંતિભાઈ! ઝીણી વાતું છે, બાપુ! આ તો માર્ગ એવો ઝીણો છે. લોકોને તો વીતરાગ માર્ગ છે એ સાંભળવા મળ્યો નથી. બહારના ઢસરડા કરી કરીને આ ભક્તિ કરો ને પૂજા કરો ને... આહા..હા..! અહીં તો ત્યાં સુધી કહે છે કે આત્મા વસ્તુ છે, એમાં અનંતા ગુણો છે અને એની અનંતી પર્યાયો અસ્તિ છે, એ પર્યાયને તમે વ્યવહાર કેમ કહો? અને ત્રિકાળી ચીજને નિશ્ચય કેમ કહો? પર્યાય તો એની ચીજમાં-વસ્તુમાં છે. વસ્તુમાં છે એને વ્યવહાર કેમ કહો? વસ્તુમાં નથી એને પરચીજને તમે વ્યવહાર કહો તો એ બરાબર છે, પણ આત્મામાં પર્યાય તો પોતાની છે એને કેમ વ્યવહાર કહો? તો એનું સમાધાન કે અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે. જોયું!

**'અહીં એવો અભિપ્રાય છે કે ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી અને સરાગીને**

**વિકલ્પ રહ્યા કરે છે;...'** ભાષા અહીં વજન છે. રાગી પ્રાણી છે તેથી ભેદ અને પર્યાયનું લક્ષ કરશે તો રાગીને લઈને રાગ થશે. ભેદને અને પર્યાયને જાણતા રાગ થાય એમ નહિ. કારણ કે ભેદને અને પર્યાયને જાણવું તો કેવળી બધાને જાણે છે. ન્યાય સમજાય છે? આહા..હા..! ભારે ઝીણી વાતું. આવો માર્ગ. રાગી પ્રાણી છે એમ ભાષા છેને? **'સરાગીને વિકલ્પ રહ્યા કરે છે;...'** આહા..હા..! પોતાનો અભેદ વસ્તુસ્વભાવ એ દૃષ્ટિ છોડીને જો ભેદ અને પર્યાય ઉપર લક્ષ કરશે તો રાગી છે માટે વિકલ્પ થશે. ભેદને અને પર્યાયને જાણતા વિકલ્પ થાય એમ હોય તો કેવળી બધાને જાણે છે. પણ તું રાગી પ્રાણી છો, હજી સાધક છો. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે તને ભેદને, પર્યાયને ગૌણ કરીને અવસ્તુ નામ વ્યવહાર કહ્યો છે. અવસ્તુ એટલે વ્યવહાર. અવસ્તુને વ્યવહાર કહેવાય. વસ્તુને વ્યવહાર ન કહેવાય. એટલે? પોતાના દ્રવ્ય, પોતાના ગુણ અને પોતાની પર્યાય એ વસ્તુ છે એને વ્યવહાર ન કહેવાય, પરવસ્તુને વ્યવહાર કહેવાય. ત્યારે તમે પોતાની પર્યાય છે અને ગુણભેદ છે એને વ્યવહાર કેમ કહ્યો? અવસ્તુને વ્યવહાર કહેવાય, આ તો વસ્તુ પોતામાં છે. માલચંદજી! ઝીણી વાતું છે.

તો કહે છે કે સાંભળ ભાઈ! અંતર ભેદને અને પર્યાયને ગૌણ કરી, અભાવ કરીને નહિ. અને ત્રિકાળી ચીજ ઉપર દૃષ્ટિ કરાવવા સમ્યગ્દર્શન થાય માટે અભેદને સત્ય કીધું અને ભેદને-પર્યાયને ગૌણ કરીને અસત્ય કહ્યું. સમજાણું કાંઈ? એવો માર્ગ છે. કેમ? કે વસ્તુ તો એની જ છે, પર્યાય એનામાં જ છે, પણ રાગી પ્રાણી છે એટલે જ્યાં સુધી રાગ છે, ત્યાં સુધી તે ભેદ અને પર્યાય ઉપર લક્ષ કરશે તો રાગ થશે, એમાં એને સમ્યગ્દર્શન નહિ થાય. આહા..હા..! મીઠાલાલજી! માર્ગ એવો છે, ભાઈ! બહુ ઝીણો, બાપુ! અત્યારે તો કાંઈ આ વાત એટલી બધી ગુમ થઈ ગઈને. આહા..હા..!

શિષ્યને પ્રશ્ન એ ઉઠ્યો કે આ આત્મા છે એના જે દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે શક્તિ અને પર્યાય એટલે અવસ્થા એ તો પોતાની છે, એ વસ્તુ છે તો વસ્તુની કોઈપણ દશાને વ્યવહાર કેમ કહેવાય? વ્યવહાર તો વસ્તુમાં ન હોય એવી પરચીજને વ્યવહાર કહેવાય. આ પોતાની અપેક્ષાએ આ નિશ્ચય અને પોતાની અપેક્ષાએ બીજો વ્યવહાર, પણ તમે તેની પર્યાયને અને ભેદને વ્યવહાર કેમ કહ્યો? આહા..હા..! સમજાણું કાંઈ? કે ભાઈ! સાંભળ તો ખરો. પર્યાયદૃષ્ટિને ભેદ ઉપર દૃષ્ટિ થવાથી વસ્તુ અભેદ અખંડાનંદ છે એના ઉપર દૃષ્ટિ નિર્વિકલ્પ નહિ થાય અને નિર્વિકલ્પ દૃષ્ટિ થયા વિના સમ્યગ્દર્શન નહિ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એક-બે વાર, ત્રણ વાર તો કહીએ છીએ, ભાઈ!

**'અહીં એવો અભિપ્રાય છે કે ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા થતી નથી...'** આહા..હા..! એક સમયની અવસ્થા છે તો દ્રવ્યમાં પોતાની, પણ એ પર્યાય ઉપર લક્ષ જતાં અભિપ્રાય સમ્યગ્દર્શન જે થવું જોઈએ એ નહિ થાય, નિર્વિકલ્પતા નહિ આવે એને. આહા..હા..!

સુમેરુમલજી! અભેદ કરાવવા, એકરૂપ ચીજ ત્રિકાળ છે તે ઉપર દૃષ્ટિ હોવાથી સમ્યગ્દર્શન થશે. પર્યાય અને ભેદ ઉપર લક્ષ જતાં નિર્વિકલ્પ દૃષ્ટિ નહિ થાય. કેમ? કે **'સરાગીને વિકલ્પ રહ્યા કરે છે;...'** વિકલ્પ ભેદ અને પર્યાય જાણતા રાગ જ થાય એમ સિદ્ધાંત નથી, પણ સરાગી છે માટે પર્યાય અને ભેદ ઉપર લક્ષ જતાં એને રાગ થશે. આહા..હા..! સમજાણું કાંઈ? હજી આ બપોરે ઓલું ચાલે, આ ઝીણું પછી આ બધું ઝીણું. બધી વાતું એવી છે આ તો. અરેરે! એણે અનંતકાળમાં અનંત ભવ કર્યા, મુનિપણું અનંતવાર લીધું. દિગંબર અનંતવાર થયો, પંચમહાવ્રત (પાળ્યા) પણ સમ્યગ્દર્શન ન પામ્યો. આહા..હા..! અને એના વિના ભવનો અંત નહિ આવે. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે પ્રભુ! તું દ્રવ્ય છોને અનંતગુણનો પિંડ અને તારામાં સંખ્યાએ અનંત ગુણ છેને? અને ગુણની વર્તમાન દશા, અવસ્થા પણ છે. ત્રણે તારી ચીજમાં છે. છતાં અમે પર્યાયને અને ભેદને વ્યવહાર કહીએ છીએ, એ પરવસ્તુ નથી, છે તો તારામાં, પણ જ્યાં સુધી રાગી પ્રાણી છે એને જો ભેદ અને પર્યાય ઉપર લક્ષ જશે તો રાગ થશે, નિર્વિકલ્પતા નહિ થાય. એને અભેદ ઉપર દૃષ્ટિ કરાવવા પર્યાયને ભેદને વ્યવહાર કહીને ત્રિકાળી ચીજનો આશ્રય કરાવવા તેને નિશ્ચય કહ્યો છે. ભાઈ! આવી વાતું છે, બાપા! અહીં તો એક ન્યાય પણ ફરે તો આખી ચીજ પલટી જાય છે. આવો માર્ગ વીતરાગનો સર્વજ્ઞ પરમેશ્વરનો.

**'સરાગીને વિકલ્પ રહ્યા કરે છે; માટે જ્યાં સુધી રાગાદિ મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરી...'** ત્યાં સુધી પર્યાય આદિ ગુણભેદને ગૌણ કરી **'અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે.'** આહા..હા..! **'વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે...'** પછી તો ભેદ અને અભેદ બધું જાણે છે. વીતરાગ થાય પછી કાંઈ ભેદને જાણે તો રાગ થાય એવું પછી છે નહિ કાંઈ. મીઠાલાલજી! આવી વાતું છે. એ અહીં કહે છે જુઓ.

આત્મા... પહેલું કીધુંને પૂર્ણ છે. અભેદ કહો કે પૂર્ણ કહો કે એક કહો બધું અભેદ દૃષ્ટિ જે કીધી. અચ્યુત છે અને શુદ્ધ છે એવું જે જ્ઞાન એટલે આત્મા જેનો મહિમા છે. એવો આ જ્ઞાયક આત્મા **'જ્ઞેય પદાર્થોથી જરા પણ વિક્રિયા પામતો નથી,...'** જણાવાયોગ્ય પદાર્થથી રાગને પામતો નથી. કોની પેઠે? **'दीपः प्रकाश्यात् इव।'** **'જેમ દીવો પ્રકાશ્ય પદાર્થોથી (-પ્રકાશવાયોગ્ય ઘટપટાદિ પદાર્થોથી) વિક્રિયા પામતો નથી...'** દીવો બળે છે આમ અને ઘટપટ છે અહીં એથી કાંઈ દીવામાં વિકાર થાય છે કાંઈ? દીવો તો દીવો જ છે. પ્રકાશે છે. આહા..હા..! પોતાને પ્રકાશે એમ આ ઘટપટ છે એમ પ્રકાશે બસ. એ કાંઈ પ્રકાશે માટે દીવો ઓલવાઈ ગયો કે દીવામાં ઝાંખપ થઈ ગઈ એમ નથી. સમજાણું કાંઈ? દીવો પ્રકાશવાયોગ્ય પદાર્થને પ્રકાશે છે એથી દીવામાં કાંઈ ઊણપ અને ઘટ થઈ જાય છે એમ છે નહિ. દીવો તો દીવો જ છે.

એમ ભગવાન આત્મા ચૈતન્ય દીવો પરવસ્તુને જાણતા પોતાના જ્ઞાયકમાં કાંઈ પણ વિકૃતતા થતી નથી. આહા..હા..! આવો માર્ગ. ફુરસદ મળે નહિ, નિવૃત્તિ કરી નહિ. આ તો આત્માને ભવભ્રમણમાંથી બચાવવો હોય તો આ વાત છે. બાકી તો મરીને બધું કર્યું છે. આહા..હા..! શાસ્ત્ર પણ ભણ્યો, ક્રિયાઓ—વ્રત ને મહાવ્રત ને અનંતવાર કરી, અનંતવાર પૂજા-ભક્તિ મંદિરો કરોડો બનાવ્યા અને ભક્તિ પણ અનંતવાર કરી, પણ એ બધી રાગની ક્રિયા એમાં ભવભ્રમણનો નાશ નહિ. આહા..હા..! ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ એક શુદ્ધ અચ્યુત એક ચીજ ઉપર દૃષ્ટિ દેતાં એને સમ્યગ્દર્શન થાય અને એ જ્ઞાનસ્વરૂપમાં સમ્યગ્દર્શન થયું અને એ જ્ઞાન થયું પછી કોઈ બીજી ચીજ જાણે માટે જ્ઞાનમાં રાગ-દ્વેષ થઈ જાય એમ નથી. એમાં આ ઠીક-અઠીક કરે તો રાગ-દ્વેષ થાય. એ તો જ્ઞાનનો સ્વભાવ નથી. ઠીક-અઠીક કરવું એ તો જ્ઞાનનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ?

**'જેમ દીવો પ્રકાશ્ય પદાર્થોથી (-પ્રકાશવાયોગ્ય ઘટપટાદિ પદાર્થોથી) વિક્રિયા પામતો નથી તેમ.'** તેમ ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ અને જ્ઞાનસ્વભાવની અપેક્ષાએ જ્ઞાનનો સ્વપરપ્રકાશક જાણવાનો સ્વભાવ છે તેથી પરને જાણતા એ વિકારપણાને પામે એમ નથી. પણ રાગી થઈને ઠીક-અઠીક કરે તો વિકાર કરે. સમજાય છે કાંઈ? આવો ઉપદેશ હવે માણસને બેસવો કઠણ હજી. શું કહે છે? કઈ પદ્ધતિ છે એની. આવો માર્ગ છે પ્રભુનો. આહા..હા..! **'તેમ. તો પછી...'** **'तद्-वस्तुस्थिति-बोध-बन्ध्य-धिषणाः एते अज्ञानिनः'** અરેરે! **'એવી વસ્તુસ્થિતિના જ્ઞાનથી રહિત જેમની બુદ્ધિ છે એવા અજ્ઞાની જીવો...'** ચાલતો આપણે અધિકાર. છેને? **'અજ્ઞાની જીવો...'** **'किम् सहजाम् उदासीनताम् मुञ्चन्ति रागद्वेषमयीभवन्ति'** અરેરે! અરે! જાણતાં પોતાની ઉદાસીનતા જાણવા-દેખવામાં ન રહેતા આ ઠીક છે અને અઠીક છે એવા રાગ-દ્વેષ કેમ કરે છે?

**શ્રોતા :-** એટલે તો કીધું અજ્ઞાની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અજ્ઞાની છે. જેને આત્મા આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ છે, એને પરવસ્તુ જાણતા કાંઈ રાગ થતો નથી, જાણવું તો પોતાનો સ્વભાવ છે. આહા..હા..! જાણતાં આ ઠીક છે અને અઠીક છે એવી વિકલ્પદશા ઉઠાવે તો રાગ-દ્વેષ થાય. એ તો બીજી રીત છે, એ કાંઈ જ્ઞાનના સ્વભાવથી થયું નથી. આહા..હા..!

**'વસ્તુસ્થિતિના જ્ઞાનથી રહિત...'** ભાષા શું જોયું? વસ્તુસ્થિતિના બોધથી વંધ્ય. આહા..હા..! વંધ્ય. વંધ્યનો અર્થ રહિત કર્યો. વસ્તુસ્થિતિથી રાંડ્યા છે એમ. વસ્તુનું આવું સ્વરૂપ છે એનાથી વંધ્ય. એ વંધ્ય—રાંડેલા છે. વિધુર કહે છેને? આવી ગયું હતુંને પહેલા. આવી ગયું. પતિ ન રહે તો પત્નીને વિધવા કહેવાય, પત્ની (મરે) તો પતિને વિધુર કહેવાય. અહીં કહે છે કે આવો તારો સ્વભાવ જ્ઞાનનો, છતાં તું વંધ્ય—વિધુર કેમ થઈ ગયો તને? કે આ વસ્તુને જાણતા મને રાગ-દ્વેષ થાય છે, આવો રાંડ્યો, વિધુર કેમ થઈ ગયો તું?

તારા સ્વભાવને તું ભૂલી ગયો. આહા..હા..! આચાર્યને ટૂંકા શબ્દોમાં કહેવું છેને. કરુણા છે. ઈ કહેશે હજી, અર્થકાર કહેશે.

એવી બુદ્ધિ '**આ અજ્ઞાની જીવો...**' '**किम् सहजाम् उदासीनताम् मुञ्चन्ति**' અને '**रागद्वेषमयीभवन्ति**' '**પોતાની સહજ ઉદાસીનતાને કેમ છોડે છે...**' અહો! જાણવું-દેખવું તેનો સ્વભાવ, પરથી ઉદાસ સ્વરૂપ એનો સ્વભાવ એને કેમ છોડે છે? આહા..હા..! સુંદર શરીર દેખીને આ ઠીક છે, ખરાબ દેખીને અઠીક છે, પ્રભુ! એવા તારા જ્ઞાનસ્વભાવમાં એને જાણતાં એવું તો કાંઈ છે નહિ. અને આ તને શું થઈ ગયું અજ્ઞાન? આહા..હા..! '**અને રાગદ્વેષમય કેમ થાય છે?**' આ રાગ અને દ્વેષ કેમ ઉત્પન્ન કરે છે તું આ? '**(એમ આચાર્યદેવે શોચ કર્યો છે.)**' એમ કહીને પણ શું કહે છે જરી? છે આચાર્ય અમૃતચંદ્રાચાર્ય મુનિ દિગંબર સંત છઠ્ઠે ગુણસ્થાને. ચોથે તો જ્ઞાની, પાંચમે જ્ઞાની શાંતિ વિશેષ, છઠ્ઠે શાંતિ વિશેષ એને પણ કહે છે કે આટલો હજી રાગ છેને, તે શોચ, ખેદ થાય છે. આહા..હા..! છેને? '**રાગદ્વેષમય કેમ થાય છે? (એમ આચાર્યદેવે શોચ કર્યો છે.)**' છે? ખેદ કર્યો છે. નીચે ખુલાસો કરશે. આહા..હા..! નીચે ભાવાર્થમાં ખુલાસો કરશે. શું કહ્યું એ સમજાણું?

ચાહે તો નિંદા કરો, પ્રશંસા કરો. લોક વખાણ કરે કે અભિનંદન આપે પણ તું તો જ્ઞાનસ્વરૂપ છોને પ્રભુ! એ તો જ્ઞેય જાણવાલાયક વસ્તુ છે. એમાં આ પ્રશંસા મને કરી એમ કરીને રાગ શા માટે તું કરે છે? અને નિંદા સાંભળીને આ મારી નિંદા કરે છે. પણ એ તો જ્ઞેય છે. તારા જ્ઞાનનો સ્વભાવ તેને જ્ઞેય તરીકે જાણવાનો છે. એમાં એમ ન જતાં અતિરેક થઈને આ નિંદા મારી કરે છે એવો દ્વેષ કેમ ઉત્પન્ન કરે છે તું? આહા..હા..! આચાર્યે શોચ કર્યો છે. આચાર્યને પણ એટલો ખેદ છે. હજી રાગ છેને. મુનિ છે, આચાર્ય છે કેવળી નથી. ત્રણ કષાયનો અભાવ છે અને જરી સંજ્વલનનો રાગ છે તો એને એટલો ખેદ છે. એટલો હજી શોચ થઈને દુઃખ ઉત્પન્ન થાય છે. આહા..હા..! એ કરુણા લાવીને શોચ થાય છે એમ કહે છે.

અરે! જીવો! ચૈતન્યપ્રકાશમય પ્રભુ તું છે અને બોધ્ય નામ જ્ઞેયને જાણવાનો તો તારો સહજ સ્વભાવ છે. એમાં સ્વભાવને છોડી દઈને આ જ્ઞેય ઠીક અને અઠીક છે એમ કરીને રાગ-દ્વેષ શું કરે છે? આ તું શું કરે છે? આચાર્ય કહે છે કે અમને તારો ખેદ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એટલે કે પરચીજ જાણતાં ગમે તે નિંદા હો, પ્રશંસા હો, અરે! ભગવાનની વાણી હો અને ભગવાન સાક્ષાત્ હો. એ પહેલા આવી ગયું છે. ગુણ અને દ્રવ્ય. ગુણીના ગુણને જાણતા એ તો જ્ઞેય છે અને તું જાણવાનો સ્વભાવ છે છતાં ગુણીના ગુણ જાણતા તને પ્રેમ અને રાગ ઉત્પન્ન થાય છે. એ કાંઈ જ્ઞેયનો સ્વભાવ નથી, તેમ તારા જ્ઞાનનો સ્વભાવ નથી. આહા..હા..! એમ દ્રવ્ય જાણતાં, ભગવાનનું દ્રવ્ય પૂર્ણાનંદ પ્રભુ, અખંડાનંદ આત્મા એ દ્રવ્ય

જાણતા કાંઈ (રાગ થતો નથી), એ તો જ્ઞેય છે. સર્વજ્ઞ પરમેશ્વર તો તારા જ્ઞાનમાં જાણવા લાયક જ્ઞેય છે. એટલું છોડી દઈને આ જ્ઞેય ઠીક છે એમ કરીને તને રાગ કેમ થાય છે? આહા..હા..! અસ્થિરતાનો રાગ થાય છે એ કહે છે કે કેમ થાય છે? એમ અહીં તો કહે છે. આહા..હા..! એટલી કમજોરી છે. સમજાણું કાંઈ? નહિતર ભગવાનને જોવા અને ભગવાનના ગુણને જાણવા એ કાંઈ રાગનું કારણ નથી. પણ પરદ્રવ્ય પ્રત્યેનો પ્રેમ થઈ જવો, તારો સાક્ષી સ્વભાવ છે એનાથી ઓળંગીને પરદ્રવ્ય અને પરના ગુણ ઉપરનો રાગ થવો એ દોષનું કારણ છે. આહા..હા..! ભલે શુભરાગ થાય પણ એ દોષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાતું છે.

એ આવી ગયું છેને. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, ગુણ અને દ્રવ્ય. એટલે પરનું દ્રવ્ય છે કેવળી સિદ્ધ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એ તો પૂર્ણ દ્રવ્ય છે અને એની પર્યાયમાં નિર્મળ પૂર્ણ ગુણ છે અને પર્યાય એ દેખતાં તને રાગ થાય છે એ કાંઈ તારો જ્ઞાનનો સ્વભાવ નથી અને જ્ઞેય તને રાગ ઉત્પન્ન કરાવે એવો જ્ઞેયનો સ્વભાવ નથી. આત્મામાં પરને દેખીને રાગ થાય એવો તારો સ્વભાવ નથી, પર વડે રાગ થાય એ તારો સ્વભાવ નથી એ આવી ગયું છે. અને પર તને રાગ ઉત્પન્ન કરાવે એવો એનો સ્વભાવ નથી. આહા..હા..! ગજબ વાત કરે છેને. એકલો વીતરાગભાવ. સમજાણું કાંઈ?

અને આચાર્ય પણ એમ કહે છે, અરે! તું એમ કહે છે કે મને તો એને દેખીને રાગ થયો. એના ગુણને દેખીને અને એના દ્રવ્યને દેખીને રાગ થયો એ વાત સાચી નથી. મારી કમજોરીને લઈને, નબળાઈને લઈને રાગ થયો એ વાત બરાબર છે. ભાઈ! વાત સમજાય છે? રાગ થાય. જ્ઞાનીને પણ રાગ થાય, પરંતુ પોતાની નબળાઈ અને કમજોરીને લઈને રાગ થાય. કાંઈ એ જ્ઞેયને જાણે છે માટે રાગ થાય અને જ્ઞાન એને જાણે માટે રાગ થાય એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ હવે માણસે બિચારાએ સાંભળ્યો ન હોય એમને એમ આખી જિંદગી ચાલી જાય છે મનુષ્યપણું. આહા..હા..! ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ જિનેન્દ્રદેવનો આ પ્રવાહ છે. સંતો જગતને જાહેર કરીને (એમ કહે છે), અમે પણ હજી અજ્ઞાની આ પ્રમાણે રાગ-દ્વેષ કેમ કરે છે એનો અમને પણ હજી ખેદ (થાય છે), રાગી છીએ માટે ખેદ થાય છે. આહા..હા..! એ પણ આસ્રવ છે એટલો. સમજાણું કાંઈ? આહા..હા..!

જ્ઞાનના સ્વભાવને લઈને રાગ થાય એવો જ્ઞાનનો સ્વભાવ નથી. એ પર વડે આત્મામાં વિકાર થાય એવો આત્માનો સ્વભાવ નથી અને પર એને વિકાર ઉત્પન્ન કરે એવો પરમાં સ્વભાવ નથી. બેય બાજુ છે. આહા..હા..! હવે તને જે રાગ થાય છે એ તારી પર્યાયની કાં તો અજ્ઞાન છે વિપરીતભાવ અને કાં કમજોરી છે એને લઈને રાગ થાય છે, પણ પરને લઈને રાગ થાય છે એમ નથી. આહા..હા..! વીતરાગ માર્ગ બાપુ! ઝીણો છે, ભાઈ! અરે..! સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવ એનો વીતરાગ માર્ગ કોઈ અલૌકિક છે! એવી સ્થિતિ ક્યાંય છે

નહિ. સમજાણું કાંઈ? બધાને સમન્વય કરો... સમન્વય કરો એમ અત્યારે કહે છેને? કોની સાથે સમન્વય કરવો? સત્ય અને અસત્યનો સમન્વય ક્યાંય છે? આહા..હા..!

અહીં તો પ્રભુ એમ કહે, એ સાતમી ગાથામાં કહ્યું એ કે તારો સ્વભાવ પ્રભુ ચૈતન્યસ્વરૂપ (છે). પંચાધ્યાયીમાં એમ લીધું છે. પંચાધ્યાયીમાં એક શ્લોક છે. હે પ્રજ્ઞા! હે જ્ઞાની! તારો તો જ્ઞાનનો સ્વભાવ છે, બધું જાણ. જાણવામાં ક્યાં રાગ-દ્વેષ છે? પંચાધ્યાયીમાં એમ લીધું છે. જાણવામાં રાગ-દ્વેષ ક્યાં છે? પણ જાણતાં તને ઠીક-અઠીક એવી કલ્પના ઊભી કરી. રાગી છે. આહા..હા..! એ પંચપરમેષ્ઠી પણ ઠીક છે એવો જો વિકલ્પ કરીશ તો રાગ થશે. પંચપરમેષ્ઠી જ્ઞેય તરીકે જાણીશ અને જ્ઞાન તરીકે જાણનાર (રહીશ તો) રાગ નહિ થાય એમાં. આહા..હા..! આવી વાતું છે. ક્યાં મેળ કરવો? આહા..હા..! ૪૬ નહિ? ૪૬. છે?

'**ભાવાર્થ :- જ્ઞાનનો સ્વભાવ જ્ઞેયને જાણવાનો જ છે,...**' ભાવાર્થ છેને? કહેલાને સાદી ભાષામાં વાત કરે છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એનો સ્વભાવ જ્ઞેયને જાણવાનો જ છે. જેમ દીવાનો સ્વભાવ ઘટપટાદિને પ્રકાશવાનો છે એવો વસ્તુસ્વભાવ છે. એ તો વસ્તુનો સ્વભાવ છે. '**જ્ઞેયને જાણવામાત્રથી જ્ઞાનમાં વિકાર થતો નથી. જ્ઞેયોને જાણી, તેમના સારાં-નરસાં માની,...**' આહા..હા..! જોયું! '**આત્મા રાગી-દ્વેષી-વિકારી થાય છે તે અજ્ઞાન છે...**' આહા..હા..! માનીને કરે તો. અસ્થિરતાથી થાય એ તો જુદી વાત છે, પણ આ ઠીક છે અને અઠીક એને લઈને મને રાગ થયો એ અજ્ઞાન છે. મારી કમજોરીને લઈને રાગ અસ્થિરતાનો થાય છે તો ત્યાં અજ્ઞાન નથી પણ રાગ છે તેનો એટલો આસ્રવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**માટે આચાર્યદેવે શોચ કર્યો છે કે—'વસ્તુનો સ્વભાવ તો આવો છે, છતાં આ આત્મા અજ્ઞાની થઈને રાગદ્વેષરૂપે કેમ પરિણમે છે?''** આ રાગ-દ્વેષરૂપે કેમ થાય છે? '**પોતાની સ્વભાવિક ઉદાસીન-અવસ્થારૂપ કેમ રહેતો નથી?**' આહા..હા..! જાણનાર-દેખનાર ઉદાસ. પરથી ઉદાસીન મારું ભિન્ન આસન આનંદમાં છે. આહા..હા..! ઉદ્-ઉદાસીન. મારું ઉદ્ પરથી ભિન્ન આસન અંદરમાં છે. આહા..હા..! ઉદાસીનનો અર્થ આ છે. એવી વાત છે. મારું આસન રાગમાં અને પરમાં નથી. આહા..હા..! મારી બેઠક પરમાં નથી. ઉદાસીન-ઉદાસીન. મારી બેઠક તો આનંદ અને જ્ઞાનમાં મારી બેઠક છે. આહા..હા..! ત્યાં હું બેઠો છું, મારું આસન તો ત્યાં છે. આહા..હા..!

'**આ પ્રમાણે આચાર્યદેવે જે શોચ કર્યો છે...**' જોયું! હજી રાગ છેને. છઠ્ઠે ગુણસ્થાને મુનિ છે. વીતરાગી નથી એટલે રાગ આવે, અસ્થિરતાનો રાગ છે. એને આને દેખીને રાગ થયો છે એમ નથી. અજ્ઞાની કેમ રાગ-દ્વેષ કરે છે? એને દેખીને રાગ થાય છે એમ નથી, પણ પોતાની કમજોરી છે જરી એટલે જરી રાગ થાય છે. અરે! આ શું કરે છે? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એક-એક ગાથામાં કેટલી સ્પષ્ટ વાત છે! પણ વાતને વારંવાર

વિચારીને અંદર ઘોલન થવું જોઈએ. એને એક બાજુ રાખી અને બીજી બાજુ છોડી દેવી એમાં વસ્તુ સિદ્ધ ન થાય. એને હાથ નહિ આવે. આહા..હા..! **'આચાર્યદેવે જે શોચ કર્યો છે તે યુક્ત છે, કારણ કે જ્યાં સુધી શુભરાગ છે...'** દેખો! હજી મુનિને શુભરાગ છે, મિથ્યાત્વ નથી, અજ્ઞાન નથી. પરને લઈને રાગ થાય છે એમ નથી. જ્યાં સુધી શુભરાગ છે. જોયું! આહા..હા..! ત્યાં સુધી એટલો રાગ આકુળતાનો આવે છે. આહા..હા..! ગજબ વાત કરે છે! મુનિ છઠ્ઠે ગુણસ્થાને. ચોથે ગુણસ્થાને સમકિતી અને જ્ઞાની એને તો ત્રણ કષાય છે રાગ. આ તો મુનિ (છે).

'ણમો લોએ સવ્વ ત્રિકાળી વર્તી સાહુણં.' 'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં.' પાઠ એવો છે હોં! એ તો આ ટૂંકો શબ્દ કરી નાખ્યો અત્યારે. પાઠમાં એવો છે. 'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં.' ધવલમાં એવો પાઠ છે. 'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં.' પાઠ આખો આ છે. પછી ટૂંકો કરીને 'ણમો લોએ સવ્વ સાહુણં' કરીને એમાં બધામાં નાખી દીધું ચારેયમાં. ચારેયમાં એમ છે અને ત્રિકાળ શબ્દ પડ્યો રહ્યો છે. એ ધવલમાં પાઠ છે. આહા..હા..!

'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી' અનંત તીર્થંકરો થયા, છે અને થશે તે બધાને મારો નમસ્કાર! એવો શુભરાગ આવે. આહા..હા..! જ્યાં સુધી રાગી છે પ્રાણી ત્યાં સુધી એવો રાગ આવે. એ અજ્ઞાન નથી, એ ચારિત્રદોષ છે. પણ પરથી મને રાગ થાય છે એ અજ્ઞાન છે. આહા..હા..! મને ભગવાન દેખ્યા માટે શુભરાગ થયો એ અજ્ઞાન છે. મારામાં શુભભાવ, અશુભથી બચવા માટે મારી કમજોરીને લઈને મને ભગવાન પ્રત્યેનો રાગ થયો તો એ ચારિત્રનો દોષ છે. આહા..હા..! અને પરને લઈને મને રાગ થયો એ મિથ્યાત્વનો દોષ છે. આહા..હા..! કેટલો ફેર! આવું છે. એ કાંઈ બે-ચાર દિ'માં સમજાય જાય આ વાત, ઘણાં પડખાં આવે ત્યારે. એવી ચીજ છે. એ તો સમજે તો અંતર્મુહૂર્તમાં સમજે. છ માસ કીધું નહિ? અમૃતચંદ્રાચાર્યે કળશમાં કીધું છે. છ માસ સુધી એક ધ્યાન રાખીને કર આ વાત. જઘન્ય તો અંતર્મુહૂર્તમાં સમજાય એવું છે. ન સમજે તો અનંતકાળ (લાગે). પણ એકવાર લગની લગાવી દે તત્ત્વને સમજવાની તો છ મહિનામાં પૂરું પામીશ જ તું. આહા..હા..! આવે છેને? કળશમાં આવે છે. અમૃતચંદ્રાચાર્ય, આ જ અમૃતચંદ્રાચાર્ય. પહેલા કળશમાં આવે છે.

અહીંયાં કહે છે, **'જ્યાં સુધી શુભરાગ છે...'** મુનિને પણ. આચાર્યને, અમૃતચંદ્રાચાર્યને. આહા..હા..! એણે કહ્યું ત્રીજા શ્લોકમાં. અમને પણ હજી અનાદિનો રાગ છે એ અશુદ્ધ કલ્માષિતા. એ મલિન-કલ્માષિતા દુઃખરૂપ છે. કલુષિત છે રાગ. આ શુભરાગ હોં! આહા..હા..! આવે છે. વીતરાગ નથી એટલે થાય છે. **'ત્યાં સુધી પ્રાણીઓને અજ્ઞાનથી દુઃખી દેખી...'**

આહા..હા..! '**કરુણા ઊપજે છે...**' એ કરુણાનો ભાવ છે રાગ તો. '**અને તેથી શોચ થાય છે.**' રાગ થાય છે, એ ચારિત્રદોષ છે, દર્શનદોષ નથી. જાણે છે કે મારી કમજોરીનો રાગ થયો છે. કાંઈ ભગવાનને દેખીને કે આ અજ્ઞાની દુઃખી છે એને દેખીને મને રાગ થયો છે એમ નથી. આહા..હા..! અને પરને દેખીને મને રાગ થાય એ તો મિથ્યા દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આવો ફેર પડે. આહા..હા..! મુનિ એમ કહે છે આચાર્ય, અમૃતચંદ્રાચાર્ય. જેને એમ છે કે અમે જે અનુભવ પ્રગટ કર્યો છે મુનિપણું એમાં સમ્યગ્દર્શન જે પ્રગટ કર્યું છે એ હવે પડવાનું નથી. અમે આ સમ્યગ્દર્શનથી કેવળ લેવાના છીએ એમ કહે છે. ૩૮મી ગાથા સમયસારની, ૯૨ ગાથા પ્રવચનસારની. આહા..હા..! ચારિત્રથી પડી જશું કેમકે પંચમ આરો છે તો અહીંથી સ્વર્ગમાં જાશું ત્યારે ચારિત્ર રહેશે નહિ. આવતા ભવે પછી મનુષ્યપણે કેવળ પામશું, પણ અમારું સમ્યગ્દર્શન જે છે એ તો અપ્રતિહત છે. આહા..હા..! રાગ આવે છે, પણ અમારે દર્શનમાં બિલકુલ ભૂલ થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઘણે ઠેકાણે આવ્યું છે. ૩૮માં, ઓલામાં બધે. કળશમાં આવ્યું છે.

'**ત્યાં સુધી પ્રાણીઓને અજ્ઞાનથી દુઃખી દેખી કરુણા ઊપજે છે અને તેથી શોચ થાય છે.**' થાય વિકલ્પ. છદ્મસ્થ છે મુનિ વીતરાગ નથી, વીતરાગ હોય એને રાગ ન આવે. મુનિ છે, સમ્યગ્દૃષ્ટિ છે, સમ્યગ્જ્ઞાની છે અને ઉગ્ર સ્વસંવેદની છે. મુનિનું ભાવલિંગ ઉગ્ર પ્રચુર સ્વસંવેદન છે. અતીન્દ્રિય આનંદને પ્રચુરપણે વેદન એ ભાવલિંગી સંતોના ચિહ્ન છે. આહા..હા..! એને પણ કહે છે કે આવા દુઃખી પ્રાણી અજ્ઞાનીને દેખી (શોચ થાય છે કે) અરે! શું કરે છે આ પ્રાણી? પ્રભુ! તારો સ્વભાવ જ્ઞાન છે અને એ જ્ઞેયનો જણાવાનો સ્વભાવ છે. એમાં રાગ ઉત્પન્ન કરે કે આને લઈને મને રાગ થયો, આવું કરે છે શું તું આ? આહા..હા..! સમજાણું કાંઈ? કેટલી ગંભીરતા ભરી છે! આહા..હા..! મુનિ કહે છે કે અમને રાગ થાય છે, શોચ કરીને ખેદ થાય છે. ખેદ છે એટલું દુઃખ છે હજી. આહા..હા..! આનંદમાં અમારી આનંદદશામાં કચાશ છે. પૂર્ણાનંદ હોય એને રાગ હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પ્રાણીઓને અજ્ઞાનથી દુઃખી દેખી...**' પણ કેમ? જ્યાં સુધી શુભરાગ છે ત્યાં સુધી. એટલે દેખીને એમ નહિ. એમ. સમજાણું? જ્યાં સુધી રાગ છે એથી અજ્ઞાની દુઃખી દેખીને રાગ થાય છે. આહા..હા..! એમ કહ્યુંને? જ્યાં સુધી શુભરાગ છે, જ્યાં સુધી હજી શુભરાગ છે મુનિને ભાવલિંગી સંતને એ કારણે ત્યાં સુધી પ્રાણીને અજ્ઞાનથી દુઃખી (દેખીને રાગ થાય છે). એમ કે પરને દુઃખી દેખીને રાગ થાય છે એમ નહિ. પણ અમે હજી રાગી છીએ, અમને રાગ છે હજી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં સુધી શુભરાગ છે પંચમહાવ્રતનો, આવો હજી શુભરાગ મુનિને હોય છે. આસ્રવ છે, શોચ છે, દુઃખ છે, એ જગપંથ છે. આહા..હા..! ૪૦મી ગાથામાં કહ્યું છે સમયસાર. મુનિને જે પંચમહાવ્રતનો રાગ (આવે એ)

જગપંથ છે, એટલો હજી સંસાર છે. આહા..હા..! અને જેટલો વીતરાગભાવ પ્રગટ્યો છે એટલો મોક્ષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, પ્રભુ! આહા..હા..!

અહીં તો ટીકાકાર... અને હિન્દી બનાવ્યું જયચંદ્ર પંડિતે એ કેટલી વાત કરે છે! કે જ્યાં સુધી હજી શુભરાગ છે. અહીંયાં અજ્ઞાનીને દેખીને રાગ થાય એમ નહિ, પણ જ્યાં સુધી અહીં શુભરાગ છે ચારિત્રનો દોષ છે મુનિને હજી. ચારિત્ર યથાખ્યાત પૂર્ણ ચારિત્ર થયું નથી. છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય ચારિત્ર છે. સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, ચારિત્ર છે, પણ જ્યાં સુધી હજી મને શુભરાગ છે તો અજ્ઞાની પ્રાણીને દેખી, શુભરાગને લઈને (રાગ થાય છે). ત્યાં આપણે એમ કહ્યુંને સાતમામાં? કે જ્યાં સુધી રાગી છે એને પર્યાય અને ભેદ ઉપર લક્ષ જતાં રાગ થાય છે. ભેદ અને પર્યાય ઉપર લક્ષ જતાં રાગ જ થાય બધાને તો તો કેવળીને પણ થવો જોઈએ. આહા..હા..! પણ અમને જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી પર્યાય અને ભેદ દેખીને રાગ થાય છે. માટે, અભેદ ઉપર દૃષ્ટિ કરાવવા, ગુણભેદ અને પર્યાય નથી, એને કાઢી નાખી છે ગૌણ કરીને. કાઢી નાખીને નથી જેને. ગૌણ કરીને કાઢી નાખી છે. કારણ કે અભેદ દૃષ્ટિ કર્યા વિના સમ્યગ્દર્શન થાય નહિ, ભેદ ઉપરથી લક્ષ છોડ્યા વિના અભેદપણું થાય નહિ. આહા..હા..! ...ભાઈ! આવો માર્ગ છે. આહા..હા..! જયચંદ્ર પંડિત છે એ આ ખુલાસા કરે છે ગાથાના. આહા..હા..!

જ્યાં સુધી શુભરાગ છે. આ મહા સિદ્ધાંત છે. અજ્ઞાનીને દેખીને દુઃખી થાય, કરુણા ઊપજે એમ નહિ, પણ અમને જ્યાં સુધી અહીં રાગ છે હજી. આહા..હા..! અમે ત્રણ કષાયના અભાવવાળા વીતરાગી મુનિ છીએ પણ પૂર્ણ વીતરાગી નથી, અમને શુભરાગ છે પંચમહાવ્રતનો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો, ભક્તિનો એવો શુભરાગ છે એથી અજ્ઞાનીને દેખીને, અરેરે! આ શું કરે છે? એવો રાગ થાય છે. આહા..હા..! અને તેથી શોચ થાય છે. લ્યો એ શ્લોક પૂરો થયો. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ-૧૫, બુધવાર, તા. ૨૬-૧૦-૧૯૭૭, શ્લોક-૨૨૩ પ્રવચન નં.૪૯૦

સમયસાર, ૨૨૩ કળશ. છેને? '**હવે આગળના કથનની સૂચનારૂપ કાવ્ય કહે છે :-**'

(शार्दूलविक्रीडित)

रागद्वेषविभावमुक्तमहसो नित्यं स्वभावस्पृशः
पूर्वागामिसमस्तकर्मविकला भिन्नास्तदात्वोदयात्।
दूरारूढचरित्रवैभवबलाच्चञ्चच्चिदर्चिर्मयीं
विन्दन्ति स्वरसाभिषिक्तभुवनां ज्ञानस्य सञ्चेतनाम्।।२२३।।

શું કહે છે? '**रागद्वेषविभावमुक्तमहसो**'. અહીંયાં હવે ચારિત્રનો અધિકાર છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન થયું પણ હજી ચારિત્ર એમાં નથી એથી ચારિત્રની વાત હવે કરે છે. કેમકે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન (થતાં) જ્ઞાની થયો, અનુભવ થયો એને જ્ઞાનચેતના હોય છે, પણ હજી ગૌણપણે કર્મચેતના અને કર્મફળચેતનાનું સ્વામીપણું ન હોવા છતાં એને વેદન હોય છે. એ અહીં ચારિત્રમાં એ કર્મચેતના અને કર્મફળચેતનાનો અભાવ કરે છે. સમજાણું કાંઈ?

'**જેમનું તેજ રાગદ્વેષરૂપ વિભાવથી રહિત છે,...**' ચૈતન્યના તેજમાં જ્યાં ચારિત્ર એટલે સ્વરૂપની રમણતા. ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શનમાં સ્વરૂપાચરણનો અંશ રમણ છે, પણ ચારિત્ર નામ ધરાય એવી રમણતા નથી. એવી રમણતા તો છઠ્ઠે-સાતમે ગુણસ્થાને હોય છે. મુખ્યપણે અહીંયાં સાતમે હોય છે. સ્વરૂપની, જે અંતર રાગથી ભિન્ન થઈ આનંદ... આજ એક પ્રશ્ન એવો આવ્યો હતો વ્યાખ્યાન પછી ત્યાં ફરતાં, કે ભાઈ આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા શ્વેતાંબરમાં ક્યાંય એવી આવે છે કે આત્માની શ્રદ્ધા થાય ત્યારે એને આનંદનો સ્વાદ આવે ભેગો? સમજાણું? કહ્યું હતુંને? આત્મદ્રવ્ય જે છે દ્રવ્ય વસ્તુ એ વસ્તુમાં અનંતગુણ છે. હવે અનંતગુણનું સ્વરૂપ જે છે એનું જ્યારે જ્ઞાન અને પ્રતીત થાય ત્યારે અનંતગુણની શક્તિની વ્યક્તતાનો અંશ અનંતનો બહાર આવે. સમજાણું કાંઈ?

આત્મવસ્તુ છે કે નહિ આત્મપદાર્થ? તો એમાં અનંતગુણ છેને? તો હવે એની પ્રતીત થાય એટલે શ્રદ્ધા માત્ર એમ નહિ, એનો અનુભવ થઈને પ્રતીત થાય ત્યારે જેટલા ગુણો સંખ્યામાં છે તેનો એક અંશ બાહ્ય પ્રગટ આવવો જોઈએ. તો સમ્યગ્દર્શનમાં પણ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો જોઈએ. આ તો શ્વેતાંબરમાં ક્યાં છે એ વાત? એમ. સમ્યગ્દર્શન-સમ્યગ્દર્શન એ વાત કરે છે.

**શ્રોતા :-** દીક્ષા આપતી વખતે વ્યવહાર સમ્યક્‌નો આરોપ આપે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્રવ્ય-દ્રવ્ય. વ્યવહાર નહિ. દ્રવ્ય સમકિતનો આરોપ આપે છે ખબર છેને. પણ વાત એ છે...

સમ્યગ્દર્શન એટલે શું? આત્મ જે પદાર્થ સર્વજ્ઞે જોયો ભગવાન પરમેશ્વરે એ અનંતગુણનો પિંડ છે, અનંત શક્તિનો સંગ્રહાલય છે. તો જ્યારે પૂર્ણાનંદના નાથની જ્ઞાનમાં જ્ઞેય તરીકે જ્ઞાન થાય અને તેમાં પ્રતીત થાય ત્યારે જેટલા ગુણો છે શક્તિએ એ બધાનો એક અંશ વ્યક્ત સમ્યગ્દર્શનમાં-વેદનમાં આવે. આહા..હા..! સમજાય છે? આ તો એટલું એમ કે આત્મદ્રવ્ય-આત્મદ્રવ્ય, પણ આત્મદ્રવ્ય એટલે શું પણ? આહા..હા..! આત્માની શ્રદ્ધા કરો, આત્માની શ્રદ્ધા કરો, પણ શ્રદ્ધા એટલે શું?

આત્મા અનંત-અનંત શક્તિનો પિંડ પ્રભુ એવો જે મહાપ્રભુ અનંતગુણનો, એક એક ગુણમાં પણ અનંતગુણનું રૂપ, એવા અનંતગુણના સમુદાયરૂપ, એનું જ્ઞાનની વર્તમાન દશામાં એનું જ્ઞાન થાય અને જ્ઞાન થઈને પ્રતીતિ થાય તો તેમાં અનંતગુણની શક્તિ (પ્રગટ થાય). શ્રીમદ્ એમ કહે છે, સર્વગુણાંશ તે સમકિત. મારે તો એટલો અહીં વિચાર આવ્યો છે કે અનંતગુણ છે એની આસ્થા-પ્રતીત નહોતી અને પ્રતીત થઈ ત્યારે ફેર પડે છે કે નહિ પર્યાયમાં કાંઈ? સમજાય છે કાંઈ? સુમેરુમલજી! વસ્તુ આખી છે એની પ્રતીત નહોતી, વિશ્વાસ નહોતો, એનું જ્ઞાન નહોતું, એની રુચિ નહોતી. હવે જ્યારે એની દૃષ્ટિ અને રુચિ થઈ ત્યારે જે દશા પહેલી હતી એથી કાંઈ વ્યક્ત બીજી દશા થાય કે નહિ? ભાઈ! આહા..હા..!

પછી આનંદઘનજીએ થોડીઘણી વ્યાખ્યા કરી છે પણ એ બધું દિગંબરનું વાંચીને પછી. એમાં ક્યાંય એવું નથી કે સમ્યગ્દર્શનમાં આત્માનો અતીન્દ્રિય આનંદનો સ્વાદનો અંશ આવે અને જેટલા ગુણો છે તેટલા ગુણોનો વ્યક્ત અંશ પ્રગટ થાય અને પછી જ્યારે ચારિત્ર થાય, આ ચારિત્રની વ્યાખ્યા છે અહીં, ત્યારે તો અનંતગુણની વ્યક્તતા ઘણી જ, ઘણી વ્યક્તતા થાય. પૂરી વ્યક્તતા કેવળજ્ઞાનમાં થાય. એ તો પૂર્ણ થઈ જાય. સમ્યગ્દર્શનમાં એક અંશ બધા ગુણોનો વ્યક્ત પ્રગટ વેદનમાં આવે અને ચારિત્રમાં તો સ્વસંવેદનમાં ઉગ્ર (આનંદ આવે). કારણ કે જે ચોથે ગુણસ્થાને તો હજી રાગ-દ્વેષ છે તો ત્રણ કષાય છે તો ચારિત્ર નથી. સ્વરૂપાચરણ ચારિત્ર અંશે છે, પણ જે સંયમ નામ ધરાવે એવી સ્થિતિ નથી. એ પાંચમું ગુણસ્થાન જ્યારે સ્વરૂપની વિશેષ શાંતિ, જે શક્તિની વ્યક્તતાનો અંશ ચોથે હતો એના કરતાં પાંચમે શક્તિની વ્યક્તતાનો અંશ વિશેષ વધે છે. સમજાય છે કાંઈ આમાં? આહા..હા..! અને મુનિ છે એને તો શક્તિની વ્યક્તતાનો અંશ ઘણો જ વધી ગયો છે. અતીન્દ્રિય આનંદનો ઉભરો (આવે છે). ઉભરો સમજાય છે? આ દૂધનો ઉભરો આવે છેને? ઉફાન. ઉફાન કહે છેને? પણ એ ઉભરો તો પોલો છે. પાંચ શેર દૂધ હોય અને અગ્નિથી ઉભરો આવે પણ એ પોલું છે, એ કાંઈ દૂધ વધી જતું નથી. સમજાય છે કાંઈ? અને આ ભગવાન આત્મા

અતીન્દ્રિય શક્તિનો સાગર, એક-એક શક્તિમાં અનંતુ સામર્થ્ય. એવા આત્માની અંદરમાં સમ્યગ્દર્શન યથાર્થ જેવું છે તેવી પ્રતીતિનું દર્શન થાય અને તેનું જ્ઞાન થાય ત્યારે જેટલા ગુણો છે તેનો એક અંશ વ્યક્તપણે વેદાય તો એને આત્માની પ્રતીત અને આત્મા જાણ્યો એમ કહેવામાં આવે છે. ભાઈ! આ આવી વાત છે. ઠીક બરાબર તાવ ઉતરી ગયો અને આવ્યા ટાણે. આ વસ્તુ એવી છે, બાપુ! ભગવાન! શું કહીએ?

સમ્યગ્દર્શન પછી પણ અહીં હવે ચારિત્રની વ્યાખ્યા છે. ચારિત્રમાં તો સ્વરૂપ જેટલી શક્તિઓ છે એની શક્તિની ઘણી જ વ્યક્તતા પર્યાયમાં આનંદ અને શાંતિની ઘણી વધી ગઈ છે. વીતરાગતાનો અંશ ચોથે પ્રગટ્યો છે અને છઠ્ઠે તો વીતરાગતાની ઉગ્રતા પ્રગટી છે. આહા..હા..! કેમ? કે એ વસ્તુ પોતે વીતરાગસ્વરૂપ છે. આત્મા દ્રવ્ય જ પોતે વીતરાગ જિનસ્વરૂપ છે. એથી એની પ્રતીતિ થાય અને વીતરાગતા પર્યાયમાં ન આવે તો એ પ્રતીતિ જ નથી. સમજાણું કાંઈ? એ ઉપરાંત અહીંયાં તો... આહા..હા..! છઠ્ઠે ગુણસ્થાને અને સાતમે જ્યાં ચારિત્રદશા (પ્રગટ થઈ છે) ત્યાં તો એને વિશેષ શક્તિનો સંગ્રહ જે અનંતનો છે એની વ્યક્તતા-પ્રગટતા ઘણી છે. પૂર્ણ નહિ, પૂર્ણ તો કેવળમાં (થાય). આહા..હા..! તેમ ચોથે છે એનાથી વધારે છે અને કેવળ છે એનાથી થોડી છે. સમજાણું કાંઈ? આ તો વસ્તુની સ્થિતિ આવી છે. આહા..હા..! એને અહીં સાધારણ રીતે કરી નાખ્યું. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કરો. એ શ્રદ્ધા સમકિત છે જાવ. હવે આ વ્રત, તપ લઈ લ્યો એ ચારિત્ર છે. આહા..હા..! એમાં ભગવાન પોતે તો ક્યાંય આવ્યો નહિ હાથ. એ તો પુણ્યના પરિણામ આસ્રવના, રાગના પરિણામ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે. જુઓ, '**જેમનું તેજ રાગદ્વેષરૂપ વિભાવથી રહિત છે,...**' છે? ચોથે ગુણસ્થાને હજી રાગ-દ્વેષ હતો. એકતા તૂટી ગઈ અને અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, સ્વસંવેદન થયું, સ્વરૂપઆચરણ પણ થયું, પણ હજી રાગ-દ્વેષ હતા એથી રાગ-દ્વેષનો આસ્રવ હતો, બંધન હતું એ અહીંયાં જેના તેજ રાગ-દ્વેષરૂપ વિભાવથી રહિત થઈ ગયો હવે. આહા..હા..! છે શેઠ? એક એક શ્લોકમાં એટલી ગંભીરતા પડી છે. નવરાશ ક્યાં છે નવરાશ, ફૂરસદ નથી. આહા..હા..! હજી તો ઘણું આવશે. ઓલું '**तदात्वे**'. ૧૨મી ગાથામાં આવે છેને '**तदात्वे**'. વર્તમાનમાં '**तदात्वे**' નાખશે. ટીકા!

શું કહે છે? જેના તેજ, ચૈતન્યના તેજ જ્યાં અનંતગુણનો પિંડ પ્રભુ એની શક્તિના વ્યક્તતામાં જેના તેજ વધી ગયા છે. ચોથે ગુણસ્થાને જે તેજ હતું એના કરતા પાંચમે અને એના કરતા સાતમે તેજ વધી ગયું છે એકદમ. આહા..હા..! સમજાય છે કાંઈ? શું તેજ? '**રાગદ્વેષરૂપ વિભાવથી રહિત,...**' આ તેજ છે. ચારિત્રને. ઓહો..હો..! જેને પુણ્ય અને પાપના ભાવ હતા એનાથી રહિત જેની તેજ શક્તિ વધી ગઈ છે અંદર. આહા..હા..! અરે! મુનિપણું કોને કહે, બાપુ! આહા..હા..! ધન્ય અવતાર! જેની દશામાં (ચારિત્ર પ્રગટ

થયા)! બે બોલ ઉત્પન્ન થયા હતા. વ્યાખ્યાન પછી ત્યાં ફરતા હતા. એક તો દ્રવ્યસ્વરૂપ આત્મા એની શ્રદ્ધા થતાં વેદન આનંદનું ન આવે અને અનંતગુણ વ્યક્ત ન થાય તો એ પ્રતીત ક્યાં થઈ? એવું ક્યાં લખાણ છે શ્વેતાંબરમાં? એક વાત. સમજાણું? બે હતી કાંઈક વાત. ભૂલાઈ ગઈ હમણા.

હા, મુનિ. અને મુનિનું પાંચમી ગાથામાં એવું આવ્યું, મુનિ એમ કહે છે કે અમે અમારા વૈભવથી વાત કરશું. તો વૈભવ ક્યો અમારો? કે પ્રચુર સ્વસંવેદન આનંદનું પ્રચુર વેદન અને આત્માની શક્તિઓનું ઘણું જ અંતર આનંદનું વેદન એ અમારો નિજવૈભવ છે. આહા..હા..! કહો, શેઠ! આ તમારા પૈસાનો અને ધૂળનો વૈભવ નહિ, આ વૈભવ છે એમ કહે છે. આહા..હા..! મારે તો બીજું કહેવું હતું કે એક તો સમ્યગ્દર્શન થતાં આનંદનો સ્વાદ આવે એવી વાત ચોખ્ખી ક્યાંય નથી. પછી થોડી ભાઈએ નાખી છે પણ અહીંનું વાંચીને આનંદઘનજીએ. અને મુનિને પ્રચુર સ્વસંવેદન ચારિત્રમાં હોય, ચોથે ગુણસ્થાને થોડું આનંદનું વેદન છે, પણ મુનિને પ્રચુર સ્વસંવેદન એ પાંચમી ગાથામાં છે. ઘણો જ અતીન્દ્રિય આનંદ ઉછળી ગયો છે. જેમ દરિયાને, સમુદ્રને કાંઠે બાઢ આવે બાઢ આમ, એમ મુનિને તો અતીન્દ્રિય આનંદની બાઢ આવી ગઈ છે. આહા..હા..!

**શ્રોતા :-** સ્વસંવેદન પોતાનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ કહું છું. અને તે મુનિનું ભાવલિંગ સ્વ પ્રચુર સ્વસંવેદન એવી વાત ક્યાં છે? આહા..હા..! દિગંબર સંતો સિવાય એ વાત ક્યાંય છે નહિ. આહા..હા..! પણ લોકોને દુઃખ લાગે, શું થાય? માર્ગ બાપુ આવો છે. ભાઈ! તારા હિતની વાત છે. સંપ્રદાયના આગ્રહને લઈને દુઃખ લાગે કે આ બધું અમારું ખોટું? બાપુ! સત્ય શું છે એ જોને તું. આહા..હા..!

અતીન્દ્રિય આનંદનો નાથ અંદર પડ્યો છે. જેની શક્તિમાં કેવળજ્ઞાનમાં અતીન્દ્રિય અનંત આનંદ પ્રગટ થાય. તે સાદિઅનંત આનંદ પ્રગટ થયા કરે તોપણ જેમાં અતીન્દ્રિય આનંદની પૂર્ણતા છે એમાં ખામી ન આવે એવો ચૈતન્યચમત્કાર આનંદથી ભરેલો ભગવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એવા આત્માને જ્યારે ચારિત્ર હોય છે ત્યારે જેના તેજ એ પુણ્ય-પાપના ભાવના આસ્રવરહિત થઈને તેજ જેનું પ્રગટ થઈ ગયું છે અંદરથી. ચારિત્રની વ્યાખ્યા છેને. આહા..હા..! બાહ્યમાં એની નગ્ન દશા હોય. સમજાય છે કાંઈ? પણ અંતરમાં એની રાગ-દ્વેષરહિત જેના તેજ જેની દશામાં શક્તિની વ્યક્તતા વધી ગઈ છે. આહા..હા..! પૂનમના ચંદ્રને કાળે દરિયામાં ભરતી ઘણી આવે એવો ચંદ્રને અને દરિયાને સંબંધ છે. પૂનમ-પૂનમ હોયને પૂનમ—પૂર્ણ માસ. આજે પૂનમ છે લ્યો! ઉછળે. દરિયો ઉછળે પૂનમને દિ', એમ જ્યાં કેવળજ્ઞાન થાય ત્યારે તો દરિયો પૂર્ણ ઉછળીને આનંદની દશા પૂર્ણ પ્રાપ્ત કરે. આહા..હા..!

અહીં કહે છે, જેને અંતર સમ્યગ્દર્શનપૂર્વક, સમ્યગ્જ્ઞાનપૂર્વક, જેના રાગ-દ્વેષરહિત તેજ જેની દશામાં વધી ગઈ છે તેને ચારિત્ર કહેવામાં આવે છે. ભાઈ! માલચંદજી! આહા..હા..! એક લીટીનો અર્થ છે. હજી આખો (કળશ બાકી છે). તેજ '**રાગદ્વેષરૂપ વિભાવથી રહિત છે,...**' '**नित्यं स्वभाव-स्पृशः**' '**જેઓ સદા (પોતાના ચૈતન્યચમત્કારમાત્ર) સ્વભાવને સ્પર્શનારા છે,...**' ચારિત્રવંત તો, છઠ્ઠે ગુણસ્થાને જરી વિકલ્પ આવે, પણ સાતમે તરત અંદર આનંદના સ્પર્શને કરે છે ઈ. આહા..હા..! અહીં તો નિત્ય શબ્દ વાપર્યો છે. '**જેઓ સદા (પોતાના ચૈનત્યચમત્કારમાત્ર) સ્વભાવને સ્પર્શનારા છે,...**' અહીં તો એક જ વાત. આહા..હા..! છઠ્ઠે ગુણસ્થાને આવી જાય જરી વિકલ્પ પ્રમાદ, પાંચ મહાવ્રત કે શ્રવણનો કથનનો, પણ તરત જ સાતમા ગુણસ્થાનમાં એ જાય છે અંદર. આહા..હા..! માટે અહીં નિત્ય સ્પર્શનારા કહેવામાં આવ્યા છે. આહા..હા..! ધન્ય એની દશા! ચારિત્રની દશા, બાપુ! આહા..હા..! બહેને ખુલાસો ઘણો કર્યો છે. એમ કે મુનિ પોતાના અવલોકનમાં જાય છે. લોકો વાંચશે તો હિતનું કારણ છે. આહા..હા..! એ ચોપડી મળી બહેનને મળી? ... સહરાનપુર. .... મળી છે ચોપડી બહેન? મળી? ક્યાં છે? બહુ સરસ છે. મુનિની વ્યાખ્યા એવી બહુ સરસ. માખણ આવ્યું છે એમાં.

'**(પોતાના ચૈતન્યચમત્કારમાત્ર)...**' પ્રભુ ચૈતન્યચમત્કાર આહા..હા..! જેમાંથી આટલી સ્થિરતા પ્રગટ થાય તોપણ તે અંદર વીતરાગ અને ચારિત્રગુણથી તો પરિપૂર્ણ ભરેલો છે. આહા..હા..! એવો ચૈતન્યચમત્કાર છે. શું કહ્યું ઈ? કે પર્યાયમાં રાગ-દ્વેષરહિત તેજ જેને પ્રગટ્યા, છતાં એ દ્રવ્યમાં તો ચૈતન્યના તેજની પરિપૂર્ણતામાં ઉણપ કંઈ આવી નથી. આહા..હા..! અને '**જેઓ સદા (પોતાના ચૈતન્યચમત્કારમાત્ર)...**' શું કહ્યું માત્રમાં? કે જેને હવે રાગનો સ્પર્શ રહ્યો નથી. ચારિત્ર આવી ગયુંને. ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, સત્ શાશ્વત જ્ઞાન અને આનંદના ચમત્કારને સ્પર્શનારો ચારિત્રગુણ છે, એટલે વેદનારો છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્પર્શનારો છે એટલે અનુભવનારો છે, વેદનારો છે. આહા..હા..! ચૈતન્યચમત્કારને ચારિત્રવંત સંત મુનિ વાંરવાર ચૈતન્યને સ્પર્શે છે એમેય ન લેતા અહીં તો સદા સ્પર્શે છે એમ લીધું. આહા..હા..! એ છે પણ છતાં એને અહીંયાં વધારે સાતમાની લેવી છે. સાતમાની વાત મુખ્યપણે અહીંયાં લેવી છે. અર્થમાં પણ લેશે, અર્થમાં લેશે. જુઓ, છેને? આગળ આવે છે. '**એ તો અવિરત, દેશવિરત અને પ્રમત્ત અવસ્થામાં પણ થાય છે.**' છેને? જુઓ, એના ભાવાર્થમાં. સમજ્યા? '**અને જ્યારે અપ્રમત્ત અવસ્થા થાય છે ત્યારે પોતાના સ્વરૂપનું જ ધ્યાન કરે છે;...**' ભાવાર્થમાં આવશે, એના ભાવાર્થમાં છે. બહુ સરસ ટીકા કરી છે એણે. એનો ભાવાર્થ છેને?

'**અહીં તાત્પર્ય આમ જાણવું :—**' નથી? છે બીજો પેરેગ્રાફ. '**અહીં તાત્પર્ય આમ જાણવું :— જીવ પહેલાં તો કર્મચેતના અને કર્મફળચેતનાથી ભિન્ન પોતાની જ્ઞાનચેતનાનું**

સ્વરૂપ...' ચોથે ગુણસ્થાને **'આગમ-પ્રમાણ, અનુમાન-પ્રમાણ અને સ્વસંવેદન-પ્રમાણથી જાણે છે...'** ચોથે ગુણસ્થાને. **'અને તેનું શ્રદ્ધાન દઢ કરે છે;...'** તે તો અવિરત ચોથે ગુણસ્થાને હોય છે, દેશવિરત પાંચમે હોય છે, પ્રમત્ત છઠ્ઠે પણ હોય છે, અને જ્યારે અપ્રમત્ત અવસ્થામાં આવે ત્યારે એ પોતાના સ્વરૂપનું જ ધ્યાન કરે છે. આહા..હા..! બહુ સરસ ટીકા કરી છે જયચંદ્ર પંડિતે. આહા..હા..!

જેઓ નિત્ય સ્વભાવ સ્પર્શ, અતીન્દ્રિય આનંદનો નિત્ય સ્પર્શ નામ વેદે છે. ચૈતન્યચમત્કાર આનંદના વેદે છે એ આનંદને. ચારિત્રવંત આત્મા આહા..હા..! ચોથે ગુણસ્થાને અને પાંચમે તો ઉપયોગ અંદરમાં કોઈ વખતે જામે, કોઈ વખતે પંદર દિ'એ, બે દિ'એ, મહિનો, બે મહિના પણ થાય અને આ તો ચારિત્ર તો કહે છે કે એ છઠ્ઠેથી પોણી સેકન્ડ રહે એટલે તરત પોણી સેકન્ડના અડધા (સમયમાં) સાતમું ગુણસ્થાન આવી જાય એને. સમજાણું કાંઈ? આ તો છેલ્લી ગાથાઓ છેને ચારિત્રની. આહા..હા..! છઠ્ઠે ગુણસ્થાને પણ છે, પણ એને ત્યાં ટકતું નથી. કારણ કે બહારમાં એ વિકલ્પ આવે છે એ બોજો લાગે છે. પંચમહાવ્રતનો વિકલ્પ ઉઠે છે એ પણ બોજો લાગે છે. હળવી ચીજ નિર્મળાનંદ સાથે રાગ તેને બોજો લાગે છે. આહા..હા..! એ બોજાનો ભાર છોડી દઈને અંદરના આત્માના ચૈતન્યચમત્કારને સદાય સ્પર્શે એમ કીધું છે. વારંવાર ન કહેતા સદા સ્પર્શે એમ કીધું. સમજાણું કાંઈ? આહા..હા..! સમયસાર તો બાપુ આ તો અલૌકિક વસ્તુ છે! જૈનદર્શનમાં કેવળજ્ઞાનનો વિરહ ભૂલાવે એવી ચીજ છે. સમયસાર એટલે આહા..હા..!

જેઓ રાગ-દ્વેષરહિત વિભાવથી (રહિત), જેમના તેજ વિકારથી રહિત થઈ ગયા છે અને નિત્ય જેને ચૈતન્યચમત્કારનું વેદન વર્તે છે. એક વાત. હવે, **'पूर्व-आगामि-समस्त-कर्म-विकला'** **'જેઓ ભૂત કાળનાં તેમ જ ભવિષ્ય કાળનાં સમસ્ત કર્મથી રહતિ છે...'** પૂર્વના રાગથી રહિત પ્રતિક્રમણ છે, ભવિષ્યના રાગરહિત પચ્ચખાણ છે અને વર્તમાનમાં રાગરહિત આલોચના છે. ત્રણે વાત. આ પ્રતિક્રમણ. **'જેઓ ભૂત કાળનાં...'** છેને? આગામી છેને? પૂર્વ અને આગામી બેય. બે શબ્દ લીધા. પૂર્વના અને ભવિષ્યના. પૂર્વ અને આગામી બેય શબ્દ છેને? એટલે પૂર્વના કર્મ અને ભવિષ્યના. બેય સમસ્ત **'समस्त-कर्म-विकला'** સર્વ કર્મથી વિકળ છે—એ તો રહિત છે. આહા..હા..! ચારિત્રદશા એટલે સમ્યગ્દર્શનસહિત. સમ્યગ્દષ્ટિને અને હજી શ્રાવકને તો પાંચમે ગુણસ્થાને હજી રૌદ્રધ્યાન પણ હોય છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધો હોય. એમાં એકનો એક દીકરો હોય એ મરી જાય. એને કારણે ન હોય, પણ પોતાની કમજોરીને લઈને રૌદ્રધ્યાન આવી જાય. આહા..હા..! સમજાણું કાંઈ? એટલો આસ્રવ આવી જાય અને બંધ પણ થાય. ચારિત્રમાં એ નથી હવે. આહા..હા..!

ઋષભદેવ ભગવાન જ્યારે મોક્ષ પધાર્યા અષ્ટાપદ પર્વત ઉપર. ભરતને ખબર પડી. એ તો ગયા હતા પહેલા. ઈન્દ્ર ઉપરથી આવ્યા હતા. પ્રભુનો જ્યાં મોક્ષ થાય છે ત્યારે ભરત

બે આંખે આસુંએ રોવે છે. સમકિતી છે, જ્ઞાની છે, પણ હજી રાગ છેને. આહા..હા..! અરે! પ્રભુના વિરહ પડ્યા. સૂરજ ઊગે અને આથમે, પણ આ તો સૂરજ આથમ્યો એ આથમ્યો. ભરતક્ષેત્રમાંથી પ્રભુના વિરહ પડી ગયા. ઈન્દ્રો આવે છે ઉપરથી. અરે! ભરત! તમને આ કેમ છે? પ્રભુ! તમને તો મોક્ષ છેને આ ભવમાં. ઈન્દ્ર કહે છે. આ ભવમાં તમારો મોક્ષ છે. (ભરત કહે છે), બધી ખબર છે. ઈન્દ્ર આવે ઉપરથી શક્રેન્દ્ર હોં! ૩૨ લાખ વિમાનનો સ્વામી, એકભવતારી. એ કહે છે કે અરે ભરત! હજી અમારે એક મનુષ્યભવ ધારણ કરીને અમારે તો મોક્ષ જવું છે, તારે તો આ ભવમાં કેવળ છે અને આમ કેમ? બધું જાણું છું, બાપુ! બધી ખબર છે. પણ પ્રશસ્ત રાગને લઈને આવું થાય. કારણ કે ચારિત્ર નથીને હજી એટલે રાગ આવીને રોવે છે આમ. છતાં એ રાગને અને રોવાને એ જ્ઞાતા તરીકે જાણે છે. એટલો આસ્રવ આવે છે એ પણ એને ખબર છે. છે બાપુ! આહા..હા..! ઈન્દ્ર કહે છે, અમારે તો હજી એક મનુષ્યદેહ ધારણ કરીને મોક્ષ જાવું છે. પ્રભુ! તમારે તો આ ભવમાં મોક્ષ છે. ભગવાને કહ્યું છે અને તમને ખબર નથી? બધી ખબર છે. પણ પ્રભુના વિરહે, રાગી પ્રાણી છું... આહા..હા..! કાલે નહોતું આવ્યું? મુનિને શોચ થાય છે રાગ. આવ્યું હતુંને? રાગ છે. આહા..હા..! એ અહીં ચારિત્રમાં તો એ રાગથી રહિત તેજ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આવી વાતું છે.

બે વાત. કઈ બે? પૂર્વ અને આગામી. '**ભૂતકાળનાં તેમ જ ભવિષ્યના કાળનાં સમસ્ત કર્મથી રહિત છે...**' ચારિત્રવંત. '**અને...**' વર્તમાન હવે લેવું છે. '**तदात्व–उदयात् भिन्नाः**' '**तदात्व**' એટલે વર્તમાન, '**तदात्व**' એટલે વર્તમાન. એ વર્તમાન જે કર્મનો ઉદય આવે છે એનાથી ભિન્ન થઈ ગયો છે. આ '**तदात्वे**' ૧૨મી ગાથામાં આવે છે, આ શબ્દ. એ સમ્યગ્દર્શન થાય છે, અનુભવ થયો, સમ્યગ્જ્ઞાન થયું, પણ હજી એને અશુદ્ધતા બાકી છે, શુદ્ધતા થોડી છે. તેને ૧૨મી ગાથામાં પાઠમાં શબ્દ છે આ. સમયસાર ૧૨મીમાં છે. ૧૨મી ગાથા. પાનું આમાં ૨૬. છે. ૨૬ છેને? જુઓ, '**विचित्रवर्णमालिकास्थानीय–त्वात्परिज्ञायमानस्तदात्वे**' સંસ્કૃતમાં છે '**तदात्वे**'. સંસ્કૃતમાં છે.

અહીં શું કહેવું છે અહીં? કે સમ્યગ્દષ્ટિને જ્ઞાન અને દર્શન નિર્મળ થઈ ગયું, પણ હજી પર્યાયમાં અશુદ્ધતા છે. તો તે '**तदात्वे**' એટલે તે કાળે તેને જાણેલો પ્રયોજનવાન છે. કેમકે સમય-સમયમાં શુદ્ધિ વધે છે અને અશુદ્ધિ ઘટે છે, પણ અશુદ્ધિ છે. આહા..હા..! તેથી '**तदात्वे**' તે તે કાળે તેનું જ્ઞાન જાણવું, એને જાણવું એ વ્યવહારનય છે. જાણવું એ વ્યવહારનય છે. આહા..હા..! સમજાણું? છેને? '**तदात्वे प्रयोजनवान्**' સંસ્કૃતમાં છે. નીચે પણ છે અર્થમાં. જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. ગુજરાતીમાં. જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. આહા..હા..! શું કીધું એ? કે સમ્યગ્દષ્ટિ આત્માનો અનુભવ થયો, સમ્યગ્જ્ઞાની છે. એ તો નિશ્ચય સ્વભાવ ધ્રુવનું જ અવલંબન છે. છતાં પર્યાયમાં હજી પૂર્ણતા પ્રગટ થઈ નથી એટલે પર્યાયમાં અશુદ્ધતા

આવે છે અને શુદ્ધતા ઓછી છે. એ બેને તે કાળે તે તે સમયે તે તે જાણવું, બીજે સમયે શુદ્ધિ વધીને અશુદ્ધતા ઘટી તે સમયે તેને જાણવું, ત્રીજે સમયે શુદ્ધિ વધી અને અશુદ્ધતા ઘટી, પણ તેને જાણવું એ પ્રયોજનવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કારણ કે ચોથે-પાંચમે હજી કાંઈ આસ્રવ રહિત થયો નથી, અશુદ્ધતા રહિત થયો નથી. આહા..હા..! એટલે જેટલી અશુદ્ધતા છે તેને નિશ્ચયમાં તો દ્રવ્યનો જ આશ્રય છે, પણ પર્યાયને વ્યવહારમાં અશુદ્ધતા તેને તે કાળે તે તે સમયે, તે તે સમયે જાણેલો પ્રયોજનવાન છે. બીજે સમયે તે તે કાળે તે જાણેલો પ્રયોજનવાન છે. ત્રીજે સમયે તે કાળે તે પ્રકારે જાણેલો પ્રયોજનવાન છે. કારણ કે સમય સમયમાં શુદ્ધતાનો અંશ વધે છે, અશુદ્ધતા ઘટે છે એટલે સમયે સમયે જે-તે પ્રકારની શુદ્ધતા વધીને અને અશુદ્ધતા ઘટી તે તે જાણે છે અને જાણેલો પ્રયોજનવાન છે, આદરણીય નહિ. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે 'तदात्वे'. ત્યાં 'तदात्वे' કીધુંને? હવે અહીંયાં 'तदात्वे' આવ્યું જુઓ આપણે. 'तदात्व-उदयात् भिन्नाः'. વર્તમાનમાં જે ઉદય આવે છે તેનાથી તે ભિન્ન છે. આહા..હા..! આ તો શાસ્ત્ર અધ્યાત્મના પિંડ છે! આહા..હા..! ચારિત્રવંત જેને અંતરમાં રાગ-દ્વેષનો અભાવ થઈ અને વીતરાગતાની છોળું વધી ગઈ છે, સ્વસંવેદન આનંદની પ્રચુર વેદનદશા પ્રગટ થઈ ગઈ છે એ જ એનું ભાવલિંગ જેનું નિજવૈભવ છે. આહા..હા..! એને 'ભૂત કાળનાં...' એટલે પૂર્વના કર્મનો તો એને અભાવ છે, એ કરે છે એટલે પ્રતિક્રમણ—એ પાછો ફરી ગયો, ભવિષ્યના કર્મથી પાછો ફરી જાય છે અને સ્થિર થાય છે એ પ્રત્યાખ્યાન અને વર્તમાનમાં જે તદાત્વે ઉદય આવે છે તેને ભિન્ન કરે છે એ સંવર અને આલોચના. ગયા કાળનું પડિક્કમણું, વર્તમાનકાળનો સંવર, ભવિષ્યનું પ્રત્યાખ્યાન એ આ. આહા..હા..! એ પડિક્કમણામાં આવે છે. પણ બધા ગડિયા શીખી ગયા. આહા..હા..! પડિક્કમણું બધું શીખ્યા છેને? ગુણવંતભાઈ! નહિ શીખ્યા હોય. ઠીક. પાછળથી પછી અહીં આવ્યા છેને. પહેલેથી આવ્યા છે અહીં. જૂના માણસ. આહા..હા..!

શું કહ્યું? કે જેને આત્માના આનંદની લહેરું જેને ચારિત્ર ચરવું, ચારિત્ર એટલે ચરવું, ચરવું એટલે રમવું, રમવું એટલે જમવું, અતીન્દ્રિય આનંદનું જેને ભોજન વિશેષ વધી ગયું છે. ચોથે ગુણસ્થાને અતીન્દ્રિય આનંદના અંશનું જે ભોજન છે એ કરતાં મુનિને અતીન્દ્રિય આનંદનું ઉગ્ર ભોજન વધી ગયું છે. આહા..હા..! એથી 'तदात्वे' તે કાળે પણ જે કર્મનો ઉદય આવે એનાથી પણ ભિન્ન પડી ગયો છે. ૧૨ (ગાથામાં) તે કાળે ઉદય છે તેને જાણેલો પ્રયોજનવાન છે એમ વ્યવહારનય સ્થાપી. અહીં તો હવે એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! આવું વાંચ્યું પણ નહિ હોય ત્યાં. હવે આવ્યાને હવે. આવી વાતું. માર્ગ પણ બહુ બાપુ (સૂક્ષ્મ)! આહા..હા..! પ્રભુ! તારી મોટપનો પાર નથી અને તારી હીણપદશાને જાણવી એ પણ પ્રયોજનવાન છે. હીણી જાણે તો આગળ વધશે, પણ હીણી

ન જાણે તો આગળ વધશે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

પૂર્વ અને આગામી બે આવી ગયું અને '**तदात्वे**' ત્રણ. ત્રણ આવી ગયું. પૂર્વ કર્મથી રહિત, ભવિષ્ય કર્મથી રહિત, વર્તમાન કર્મથી રહિત. આહા..હા..! પૂર્વના પ્રતિક્રમણ, પૂર્વના પાપનું પ્રતિક્રમણ, ભવિષ્યના પાપનું પ્રત્યાખ્યાન, વર્તમાન પાપનું સંવર. આવે છેને ત્રણ? પ્રતિક્રમણમાં આવે છે બોલે. બોલ્યા હશે. સાંભળવા ગયા હશેને કેટલીક વાર. સ્થાનકવાસીમાં આવે છે એ. એ આ પણ. બોલી નાખે કે ...

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની જ્યાં રમતું માંડી અંદર, રમણતા ચારિત્ર એટલે સ્વરૂપના આનંદમાં રમણતા એ ચારિત્ર તો ક્ષણે ને ક્ષણે આનંદ, આનંદ ને આનંદ વેદન. જરીક વિકલ્પ આવી જાય છઠ્ઠે ગુણસ્થાને આવી જાય, પણ ત્યાં એને ગોઠે નહિ, ગોઠે નહિ, રુચે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ અંદરમાં વારંવાર સ્પર્શે. અહીં તો કહે છે, સદાય સ્પર્શે. વર્તમાનના રાગથી પણ ભિન્ન પડીને વીતરાગતાને વેદે છે, ભૂતકાળના કર્મને છોડીને પ્રતિક્રમણ કરીને પણ વેદે છે, ભવિષ્યના રાગને પચ્ચખાણ કરીને અંદર અરાગપણાને વેદે છે. આહા..હા..! આ તો અલૌકિક વાતું છે, બાપુ! આ કાંઈ કથા વાર્તા (નથી). આ તો ત્રિલોકનાથ જિનેન્દ્ર વીતરાગ આહા..હા..! વીતરાગ દરબારની સભાની વાતું છે. આહા..હા..!

'**तदात्व-उदयात् भिन्नाः**' '**જેઓ વર્તમાન કાળના...**' જુઓ, '**तदात्व**'નો અર્થ એ કર્યો. '**उदयात्**' '**કર્મોદયથી...**' '**भिन्नाः**' '**ભિન્ન છે,...**' આહા..હા..! હવે વિશેષ આવે છે. '**दूर-आरूढ-चरित्र-वैभव-बलात् ज्ञानस्य सञ्चेतनाम् विन्दन्ति**' આહા..હા..! '**दूर-आरूढ**' '**તેઓ (-એવા જ્ઞાનીઓ-) અતિ પ્રબળ...**' એવો અર્થ કર્યો અહીં દૂરનો. '**दूर-आरूढ**' '**અતિ પ્રબળ...**' સંસ્કૃત ટીકામાં એને '**दूरारूढ**'નો અર્થ અતિ દઢ ગાઢ (કર્યો). સ્વરૂપમાં અતિ દઢ-ગાઢ ચારિત્રમાં રમણતા જેને છે. અતિશય દૂર આરૂઢનો અર્થ. અતિશયથી, વિશેષથી, અતિ ગાઢ દઢ સ્થિરતાથી. સમ્યગ્દર્શનમાં અતિ દઢ ગાઢ ચારિત્ર રમણતા નથી. આહા..હા..! સમ્યગ્દર્શન જ્ઞાની થયો પણ હજી અતિદઢ ચારિત્ર જોઈએ તે નથી. એથી... આહા..હા..! આગળ વધીને જ્યાં ચારિત્ર પ્રગટ કરે છે સ્વરૂપમાં રમણતા. આહા..હા..! તો કહે છે કે અતિ દૂર આરૂઢ. અતિ દૂર એટલે અતિ અને આરૂઢ એટલે પ્રબળ. અતિ પ્રબળ ચારિત્રના વૈભવ બળથી. આહા..હા..! જુઓ, આ નિજવૈભવ.

'**અતિ પ્રબળ...**' અતિ ગાઢ-દઢ '**ચારિત્રના વૈભવના બળથી...**' લ્યો આ વૈભવ આવ્યો. આહા..હા..! મુનિનો સ્વરૂપમાં રમણતા દઢ-ગાઢ-ચારિત્ર એ એનો નિજવૈભવ છે. આહા..હા..! શિષ્યો ઘણાં અને શાસ્ત્રો બહુ પુસ્તક ઘણા ભેગા કર્યા હોય ને ઘણાં માણસને સંભળાવતો હોય એ એનો વૈભવ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! '**અતિ...**' દૂર. દૂર એટલે ઘણો આરૂઢ છે ચારિત્રના બળથી. સ્વરૂપમાં દઢપણે અતિ ચારિત્રના બળના સ્વરૂપની રમણતાના વૈભવના બળથી '**જ્ઞાનની સંચેતનાને અનુભવે છે—**' આનંદના જ્ઞાનના વેદન

એને વેદી રહ્યો છે. આહા..હા..! જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન, એની જ્ઞાનની સંચેતના, પર્યાયમાં એકાગ્રતાની તીક્ષ્ણ ધારાથી જ્ઞાનને વેદે છે. માલચંદજી! ભાષા આવી બધી છે આ. એ સ્થાનકવાસી-બાનકવાસીમાં એવું નથી ન્યાં ક્યાંય. આહા..હા..! આવી વાત છે, પ્રભુ! એ ભાગ્યશાળી બધા કે આ બાજુ થઈ ગયા. આ તો માર્ગ વીતરાગનો છે. કણેકણની પર્યાયનો અહીં તો વિવેક છે. આહા..હા..!

'**दूर-आरूढ-चरित्र-वैभव-बलात्**' એનાથી '**ज्ञानस्य सञ्चेतनाम् विन्दन्ति**' આહા..હા..! જ્ઞાનીઓ ચારિત્રવંત અતિ પ્રબળ ચારિત્રના વૈભવના બળથી જ્ઞાન નામ આત્માની સંચેતન એકાગ્રતાને અનુભવે છે. આહા..હા..! ચોથે ગુણસ્થાને અને પાંચમે જે એકાગ્રતા છે એના કરતાં ચારિત્રમાં તો એકાગ્રતા ઘણી અંદર વર્તે છે. એકલી જ્ઞાનચેતનાના વેદનમાં પડ્યો છે એ તો. આનંદના વેદનના અનુભવમાં પડ્યો છે, બસ. આહા..હા..! ભગવાન અતીન્દ્રિય આનંદનો કંદ છે, સચ્ચિદાનંદ પ્રભુ છે એના આનંદમાં રમણતામાં પડ્યો છે ચારિત્ર. આહા..હા..! આને ચારિત્ર કહીએ. અરે! અત્યારે તો કાંઈ બધો ફેરફાર કરી (નાખ્યો). બાપુ! તારા હિતની વાત છે, પ્રભુ! તને દુઃખ લાગે, પણ એના પરિણામ, આવી ઊંધી શ્રદ્ધા કરશે તો એના પરિણામ ઊંધા આવશે, ભાઈ! એન વેદવું કઠણ પડશે, બાપા! આહા..હા..! આ તો તારા હિતને માટે (છે). તું એમ ન માન કે અમારું અપમાન કરી નાખે છે. લ્યો! અમારા સાધુ.. પણ બાપા! સાધુપણું કેવું હોય, ભાઈ? આહા..હા..! એ તારા હિતની વાતું છે આ. આહા..હા..!

ઓહો..હો..! અતિ આરૂઢ, આરૂઢ. '**ચારિત્રના વૈભવના બળથી...**' સ્વરૂપની રમણતાના બળથી '**જ્ઞાનની સંચેતનાને...**' આત્માની સંચેતન, સંચેતન-સમ્યક્ પ્રકારે વેદન એને અનુભવે છે. આનંદના નાથને ઢંઢોળીને અતીન્દ્રિય આનંદને વેદે છે. આનું નામ ચારિત્ર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! '**चञ्चत्-चिद्-अर्चिर्मयीं**' '**કે જે જ્ઞાન-ચેતના ચમકતી ચૈતન્યજ્યોતિમય છે...**' આહા..હા..! જેના જ્ઞાનનો ચળકાટ, પ્રકાશ જેની પર્યાયમાં ચમકતો પ્રકાશ છે. ચોથે ગુણસ્થાને ચૈતન્યનો પ્રકાશ અલ્પ છે. આહા..હા..! ચારિત્રની રમણતાના ચૈતન્યની ચમકતાની ચમકું ઓહો..હો..! એ ઉજ્વળતાના ઢેર અંદરથી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? એને જ્ઞાન તો કરવું પડશેને કે ચારિત્ર કેવું હોય? આહા..હા..! '**चञ्चत्-चिद्**' '**જે જ્ઞાન-ચેતના...**' એને '**अर्चिर्मयीं**' '**ચમકતી ચૈતન્યજ્યોતિમય છે...**' એમ. આહા..હા..! ચૈતન્યજ્યોતિમય ચમકતી પર્યાયમાં હોં! વસ્તુ તો વસ્તુ છે, પણ સ્વરૂપના ચારિત્રની રમણતામાં પર્યાયની ચમકતી તેજની ચૈતન્ય સંવેદન પ્રગટ્યું છે. આહા..હા..! ભાષા ઓછી પડે છે. આચાર્યોને વસ્તુ કહેવામાં ભાષા ઓછી પડે છે એવી એ ચીજ છે. ભાષા જડ એની સાથે આત્માની વાતું કરવી. આહા..હા..! જે '**चञ्चत्-चिद्**' '**चञ्चत्-चिद्**' એટલે જ્ઞાન. '**चिद्**' એટલે જ્ઞાન, '**चञ्चत्**' એટલે ચેતના. એનો '**अर्चिर्मयीं**' ચમકતી ચૈતન્યજ્યોતિમય ચારિત્રવંતને. આહા..હા..!

'**स्व-रस-अभिषिक्त-भुवनाम्**' '**જેણે નિજરસથી** (પોતાના જ્ઞાનરૂપ રસથી) **સમસ્ત લોકને સિંચ્યો છે.**' એટલે? એવી જ્ઞાનદશા પ્રગટી કે લોકાલોકનું જેમાં જ્ઞાન થઈ જાય છે. આહા..હા..! અભિષેક થઈ ગયો અભિષેક. લોકાલોકના જ્ઞાનનો અભિષેક થઈ ગયો. ઓલો પાણીના અભિષેક કરે છેને. આહા..હા..! સ્વરૂપની રમણતા ચારિત્રની જામતા લોકાલોકનો જ્ઞાનથી અભિષેક થઈ ગયો એનો. એને એક સમયમાં લોકાલોક જણાય જાય છે. શાંતિભાઈ! આવી વાતું છે, બાપુ! આહા..હા..! હજી ઓલા તકરાર કરે છે. આજે ..નું આવ્યું છે. કાનજીસ્વામી પરની હિંસા કરી શકે નહિ એમ માને છે. પણ આચાર્ય કહે છે કે પર છે એ હજી અશુદ્ધ છે. શુદ્ધનું ન કરી શકે, પણ અશુદ્ધ છે એને વ્યવહારે હિંસા કરી શકે. વ્યવહાર છેને એમ કે. અશુદ્ધ થાય એ વ્યવહાર. માટે વ્યવહાર... અરેરે! એ આવ્યું છે. ઓલું ..છેને આવ્યું છે. દિગંબર ગુજરાતમાંથી નીકળે છેને, એમાં આવ્યું છે. આહા..હા..! એમ કે આ પરની હિંસા કરી શકે છે. અરે! પ્રભુ! આંગળી હલાવી શકે નહિ બાપા, આ જડ છે. દિગંબર જૈન એમાં આવ્યું છે. કાનજીસ્વામી એમ કહે છે કે પરની હિંસા કરી શકે નહિ. એ કુંદકુંદાચાર્યથી વિરોધ છે. કુંદકુંદાચાર્ય તો એમ કહે છે કે હું પરને મારી શકું કે જીવાડી શકું એ મૂઢ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. બંધ અધિકારમાં. અરે! પરને શું કરે બાપુ? તારામાં ઊંધાઈ અને સવળાઈ તું કર. બાકી પરને શું કરે? પણ એ વસ્તુ સ્વતંત્ર નથી? અને એ ચીજ પણ પોતાની પર્યાયમાં કાર્ય કર્યા વિના રહે છે કે જેથી તું તેનું કાર્ય કર? આહા..હા..!

'**स्व-रस-अभिषिक्त-भुवनाम्**' આહા..હા..! ભુવન એટલે લોક. લોકને જેણે નિજરસથી, પોતાના જ્ઞાનરૂપી રસથી લોકને સિંચ્યો એટલે લોકને જાણી લીધો. આખા જગતને ત્રણકાળ, ત્રણલોકને જ્ઞાનની પર્યાયમાં ચારિત્રની રમણતાથી કેવળજ્ઞાન થતાં લોકાલોકને જાણ્યો. આહા..હા..! એમ કહીને (એમ કહે છે કે) ચારિત્રથી મુક્તિ છે, એકલા સમ્યગ્દર્શન અને જ્ઞાનથી નહિ, ત્રણ ભેગા થઈને મુક્તિ થાય. સમજાણું કાંઈ? આહા..હા..! '**જેણે નિજ રસથી...**' સ્વરસ છેને સ્વરસ? સ્વ એટલે નિજરસ. '**अभिषिक्त-भुवनाम्**' ભુવન એટલે લોક. પોતાના જ્ઞાનમાં ભુવન જણાય ગયો છે. સ્વરૂપની રમણતા કરતાં જ્ઞાન સંચેતન થતાં જ્ઞાનની પર્યાય પૂર્ણ પ્રગટ થઈ ગઈ છે એમાં લોકાલોક જણાય જાય છે. ભાષા એકલી લોકની છે, પણ લોકાલોક જેમાં જણાય જાય છે. આહા..હા..!

'**ભાવાર્થ :- જેમને રાગદ્વેષ ગયા,...**' હજી સમકિતીને તો રાગ-દ્વેષ છે, ત્રણ કષાય છે. શ્રાવક પાંચમા ગુણસ્થાન સાચા હોં! એને હજી રાગ છે, રાગ-દ્વેષ છે, આસ્રવ છે, બંધન છે, દુઃખ છે. તેથી '**જેમને રાગદ્વેષ ગયા,...**' મુનિ. '**પોતાના ચૈતન્યસ્વભાવનો અંગીકાર થયો...**' જેના બિલકુલ રાગ-દ્વેષ ગયા અને ભગવાન ચૈતન્યસ્વરૂપ વીતરાગમૂર્તિનો સ્પર્શ વેદન થયું, અંગીકાર કર્યો. '**અતીત, અનાગત તથા વર્તમાન કર્મનું મમત્વ ગયું...**'

ગયા કાળના પાપ હતા તે પણ મારા નહિ અને આમ ઠરી ગયો અંદર. ભવિષ્યમાં પણ રાગ મારો નહિ એમ પ્રત્યાખ્યાનરૂપે ઠરી ગયો જ્ઞાનમાં, વર્તમાનમાં પણ રાગથી ભિન્ન પડીને સ્વરૂપમાં ઠરી ગયો. એ '**પોતાના ચૈતન્યસ્વભાવનો અંગીકાર થયો...**' '**વર્તમાન કર્મનું મમત્વ ગયું...**' ત્રણે કાળના રાગનું મમત્વ ગયું અને ત્રિકાળી જાણનાર ઉપર ઠરી ગયો અંદર. આહા..હા..! આવું ચારિત્ર છે. ચારિત્ર બાપા પંચપરમેષ્ઠી એ તો. નમો લોએ સવ્વ ત્રિકાળ સાહુણં. આહા..હા..! જેની દશા આનંદની ઉગ્ર થઈ ગઈ અને જેની રમણતાના તેજ વધી ગયા તેને લોકાલોકનું જ્ઞાન થઈ જાય છે. આહા..હા..!

'**મમત્વ ગયું એવા જ્ઞાનીઓ સર્વ પરદ્રવ્યથી જુદા થઈને...**' જોયું! '**ચારિત્ર અંગીકાર કરે છે.**' રાગથી પણ ભિન્ન થઈને ચારિત્ર સ્વરૂપમાં અંગીકાર કરે છે. આહા..હા..! '**તે ચારિત્રના બળથી કર્મચેતના અને કર્મફળચેતનાથી જુદી જે પોતાની ચૈતન્યના પરિણમનસ્વરૂપ જ્ઞાનચેતના તેનું અનુભવન કરે છે.**' ચોથે-પાંચમે હજી પણ કર્મચેતના અને કર્મફળચેતના છે. ભલે સ્વામીપણે નહિ, પણ વેદનપણે છે. એ મુનિને એ નથી હવે. આહા..હા..! બાપુ! એ દશા દેખવી એ પણ ભાગ્ય હોય એને દેખાય એવું છે. અત્યારે તો આ મુનિપણું બાપા ક્યાં છે? આહા..હા..! લોકોને દુઃખ લાગે છે કે અરે! આ મુનિને માનતા નથી. બાપુ! મુનિપણું કોને હોય? ભાઈ! મુનિને કોણ ન માને? મુનિ પરમેશ્વર છે! પણ મુનિપણું જોઈએને. નહિતર મુનિ તો .. શિહોરમાં. કપોળ છે મુનિ. જેમ પારેખ ને એમ કહેવાય એમ દોશી ને. તમારે શું અટક છે દીપચંદજીની? શેઠિયા. એમ શિહોરમાં અટક છે મુનિની. મુનિ. એ તો.. શિહોર છેને. અઢી ગાઉ. કપોળ છે કપોળ. કપોળ એક નાત છેને વૈષ્ણવની. એ મુનિથી ઓળખાય. અહીં રહેતા હતા, મળ્યા હતા અમને. એટલે મુનિ થઈ ગયા? આહા..હા..!

'**ચારિત્રના બળથી, કર્મચેતના અને કર્મફળચેતનાથી...**' કર્મચેતના એટલે પુણ્ય-પાપના ભાવનું કરવું એ કર્મચેતના અને કર્મફળચેતના એટલે એમાં હરખ-શોકનું વેદન કરવું એ કર્મફળચેતના. એનાથી '**જુદી જે પોતાની ચૈતન્યના પરિણમનસ્વરૂપ...**' ભગવાન આત્માના ચૈતન્યનું પરિણમન નિર્મળ જ્ઞાનાનંદ સ્વરૂપ પરિણમન એ '**જ્ઞાનચેતના તેનું અનુભવન કરે છે.**' એ તો સ્વરૂપજ્ઞાનને જ વેદન કરે છે હવે. રાગનું કરવું અને રાગને વેદવું એ છૂટી ગયું મુનિને. આહા..હા..! એ આનંદના વેદનમાં જ્ઞાનનું એટલે આત્માનું જ વેદન કરે છે. એનું નામ અહીંયાં ચારિત્ર અને મોક્ષનો માર્ગ તદ્દન નજીક છે એને મોક્ષ થવાને એની આ વ્યાખ્યા છે. આહા..હા..! વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૧, ગુરુવાર, તા. ૨૭-૧૦-૧૯૭૭, શ્લોક-૨૨૩, પ્રવચન નં. ૪૯૧

૨૨૩ કળશ એનું તાત્પર્ય. '**અહીં તાત્પર્ય એમ જાણવું :—**' છે? તાત્પર્ય એટલે રહસ્ય. એનો સાર એમ જાણવો કે '**જીવ પહેલાં તો કર્મચેતના...**' પુણ્ય અને પાપનો ભાવ એ કર્મચેતના છે. ચાહે તો શુભભાવ હો કે અશુભ હો, પણ એ રાગ છે તે કર્મચેતના છે. કર્મચેતના એટલે જડ કર્મચેતના એમ નહિ. રાગરૂપી કાર્યની ચેતના છે. કર્મ એટલે રાગરૂપી કર્તવ્ય, કાર્ય એની એ ચેતના છે. એ આત્માની જ્ઞાનચેતના નહિ. ચાહે તો અશુભભાવ હો કે શુભભાવ હો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ એ શુભ-અશુભભાવ એ કર્મ. કર્મ એટલે રાગનું કાર્ય. રાગરૂપી કાર્યની ચેતના છે.

'**કર્મફળચેતના...**' અને એમાં જે હરખ-શોકનું વેદવું—હરખ-રાગમાં હરખ અને દ્વેષમાં કંટાળો એવું જે હરખ-શોકનું વેદવું એ કર્મફળચેતના. એટલે? જે રાગરૂપી કાર્ય હતું એનું ફળ એ સુખ-દુઃખ, હરખ-શોક એ એનું ફળ છે. કર્મફળચેતના એટલે કર્મ જડ એની ફળ ચેતના એ અહીં વાત નથી. કર્મચેતના એટલે આત્માનો જે શુદ્ધ ચૈતન્યસ્વભાવ એનાથી વિરુદ્ધ એવો જે પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ તેને અહીંયા કાર્યરૂપી ચેતના, વિકારી કાર્યરૂપી ચેતના કહી અને કર્મચેતના કીધી અને એના ફળ તરીકે હરખ-શોકનું થવું એ કર્મફળચેતના. જડનું કર્મફળચેતના એમ નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સુખ-દુઃખનું વેદન?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સુખ-દુઃખનો વિકલ્પ(-વેદન) એ કર્મફળચેતના. રાગ શુભ થાય એમાં ઠીક છે એવું જે વેદન એ કર્મફળચેતના. અને દ્વેષ છે એમાં દ્વેષ એ કર્મચેતના પણ એમાં વેદન થવું દુઃખનું તે કર્મફળચેતના. આહા..હા..! આવી વાત છે. જડ કર્મની સાથે અહીંયાં સંબંધ નથી, એ તો પરમાણુ ભિન્ન ચીજ છે. અહીંયાં તો કર્મચેતના અને કર્ણફળચેતના બેય આસ્રવ છે અને બંધનું કારણ છે અને કર્મચેતના અને કર્મફળચેતના બેય દુઃખ છે. આત્માના આનંદના સ્વભાવથી એ વિરુદ્ધ ભાવ છે. માટે કર્મચેતના એટલે પુણ્ય-પાપમાં એકાગ્ર થવું કે એના ફળમાં હરખ-શોકમાં એકાગ્ર થવું એ બધું દુઃખનું વેદન છે.

**શ્રોતા :-** બંને ચેતના એકસાથે હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકસાથે જ છે. ગાથામાં આવી ગયું છે ક્યાંક. સમયસાર, ૧૦૨ (ગાથા). ચેતના રાગ વખતે જ રાગનું વેદન છે. ૧૦૨ ગાથા સમયસાર. છે? જુઓને અહીં

શાસ્ત્ર છેને. રામજીભાઈ કાયદા કાઢે કે નહિ? ૧૦૨ ગાથા. શ્લોક નહિ ગાથા. મૂળ પાઠ. **'जं भावं सुहमसुहं करेदि आदा स तस्स खलु कत्ता।'** ગાથા. જે ભાવ શુભ અને અશુભ કરે તે તેનો કર્તા. અને **'तं तस्स होदि कम्मं सो तस्स दु वेदगो अप्पा।।'** અને તે વખતે તેનું વેદન કરનારી કર્મફળચેતના. આ તો ઘણીવાર આવી ગયું છે. અહીં તો ૧૭વાર વંચાઈ ગયું છે.

**શ્રોતા :-** એકસાથે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકસાથે જ છેને. છે નીચે હરિગીત.

**જે ભાવ જીવ કરે શુભાશુભ તેહનો કર્તા ખરે,**
**તેનું બને તે કર્મ, આત્મા તેહનો વેદક બને. ૧૦૨.**

સમજાય છે કાંઈ? માર્ગ પ્રભુ આ તો અનંતકાળનો અજાણ્યો માર્ગ, ભાઈ! એ માર્ગ અલૌકિક છે. આહા..હા..! જૈનદર્શનમાં તો એટલું આવ્યું છે બધું કે સોનગઢવાળા પંચમહાવ્રત, અહિંસા, સત્ય, દત્તને ધર્મ કહેતા નથી. લ્યો કહો! આહા..હા..! બંધ અધિકારમાં તો પાંચ મહાવ્રતના પરિણામને બંધના કારણ કહ્યા છે. માટે સોનગઢવાળાનો વિરોધ કરો. કોનો વિરોધ કરે? બાપુ! આહા..હા..! જરી રાત્રે વાંચવા જેવું છે એ. વર્ણીએ લખ્યું છે. વર્ણીએ બનાવેલા પુસ્તકો છે એમાંથી આધાર આપ્યો છે. વાંચવા જેવું છે. વર્ણીજીએ પણ એમ લખ્યું છે એમકે. જ્યાં શુદ્ધ ઉપયોગ નથી એટલે હવે શુભ કરવું જ પડે, સંયમ પાળવો જ પડે, વ્રત કરવા જ પડે એવું લખ્યું છે. છે ઈ આવશે રાત્રે. જૈનદર્શનમાં કોકે 'વર્ણી વચનો' હશેને બધા એમાંથી કાઢીને આપ્યું છે.

અહીં તો કહે છે, પ્રભુ એકવાર સાંભળ તો ખરો, ભાઈ! તારી ચીજ એ તો ચૈતન્યના સ્વભાવથી ભરેલો ભગવાન અનાકુળ આનંદના રસનું તો દળ-કંદ છે. એમાંથી જેટલા પુણ્ય અને પાપના ભાવ થાય એ બધા આત્માના શાંતિ અને આનંદથી વિરુદ્ધ છે. સુમેરુમલજી! આહા..હા..! શાંતિથી બાપા આ તો (સમજવાની વસ્તુ છે). આ તો વસ્તુસ્થિતિ એથી છે. આહા..હા..! એ પુણ્ય અને પાપભાવ, શુભ અને અશુભ બેય કર્મચેતના. ૧૦૨માં એને કાર્ય કહ્યું. એ કર્મ કહો કે કાર્ય કહો. અને તે કાળે તેનું વેદન થવું એ કર્મફળચેતના. કર્મ એટલે જડની અહીં વાત લેવાની નથી. સમજાણું કાંઈ? ૧૦૨નો આધાર આપ્યો. રામજીભાઈ આધાર આપેને કોર્ટમાં ન્યાં. આ તો વીતરાગના કાયદા છે. પરમેશ્વર ત્રિલોકનાથ એના કહેલા કાયદાઓ છે. આહા..હા..! પ્રભુ! તું ભલે પહોંચી ન શક, પણ એ શુભ-અશુભભાવ એ ધર્મ નથી. સીધી ભાષાથી કહીએ તો તે અધર્મ છે. આહા..હા..! એ અધર્મરૂપી કાર્યને કર્મચેતના કીધી અને તેનું વેદન થવું એને કર્મફળચેતના કીધી. ભાઈ! આહા..હા..!

એ અહીં કહે છે કે **'પહેલાં તો કર્મચેતના અને કર્મફળચેતનાથી ભિન્ન...'** એમ છેને ભાઈ? એનાથી ભિન્ન ભગવાન છે અંદર. આહા..હા..! કર્મ પુણ્ય-પાપના ભાવ આસ્રવ

છે, વિકારી દશા છે એ પર્યાયનું વિકારી કાર્ય છે અને તેનું વેદન છે. વેદન એ વિકારી વેદન છે. એનાથી આત્માને ભિન્ન પહેલો જાણવો કહે છે. આહા..હા..! કેમકે નવ તત્ત્વમાં પુણ્ય અને પાપના બે તત્ત્વો છેને? એ કાંઈ જ્ઞાયકતત્ત્વ છે? આત્મા તો જ્ઞાયકતત્ત્વ ચૈતન્ય સહજાનંદ પ્રભુ છે અને શુભ-અશુભભાવ બે પુણ્ય-પાપ તત્ત્વ છે અને એનું વેદન પણ પુણ્ય-પાપ તત્ત્વ છે. આહા..હા..! એ કંઈ આત્મા નથી. એ અહીંયાં કહે છે.

પહેલાંમાં પહેલું જીવને હિત કરવું હોય એણે '**કર્મચેતના અને કર્મફળચેતનાથી ભિન્ન પોતાની જ્ઞાનચેતનાનું સ્વરૂપ...**' પોતાની જ્ઞાનચેતના. પોતે જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાનમાં એકાગ્ર થવું, જેવો પુણ્ય-પાપના રાગમાં અને ફળમાં એકાગ્ર થાય છે તેને છોડીને એનાથી ભિન્ન, કેમકે એ શુભ-અશુભભાવ એનું વેદન એ શુદ્ધ ધ્રુવ ઉપર તરે છે, અંદરમાં પ્રવેશ કરતું નથી આહા..હા..! એને એકવાર ભિન્ન પાડી અને '**પોતાની જ્ઞાનચેતનાનું સ્વરૂપ...**' જ્ઞાનમાં એકાગ્ર થવું. જ્ઞાન એટલે આત્મા. અહીં જ્ઞાનપ્રધાનથી કથન છે. જ્ઞાન તે આત્મા. એ આખો આત્મા જે જ્ઞાનસ્વરૂપ છે તેની ચેતના એટલે તેમાં એકાગ્ર થવું. એનું '**સ્વરૂપ આગમ-પ્રમાણથી...**' પહેલું નક્કી કરવું. શાસ્ત્ર જે કહે છે તેનાથી પહેલો એનો નિર્ણય કરવો. આહા..હા..! ભગવાન તીર્થંકરદેવના શ્રીમુખે દિવ્યધ્વનિ જે નીકળી એમાંથી સંતોએ આગમ રચ્યાં. એ આગમપ્રમાણથી આત્મા પુણ્ય અને પાપ અને પુણ્ય-પાપના ફળથી ભિન્ન છે એવું આગમપ્રમાણથી પહેલું જ્ઞાનચેતનાનું સ્વરૂપ નક્કી કરવું. સમજાણું કાંઈ? રાડેરાડ પાડે છે લોકો. વ્યવહાર પાંચને તમે અધર્મ કહો છો, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય. પણ બંધ અધિકારમાં લીધું છે. અહિંસા તો રાગની ઉત્પત્તિ છે. પરને ન મારવું અને દયા પાળવાનો ભાવ એ તો રાગ છે, એ તો અહિંસા એ વ્યવહાર છે, પણ નિશ્ચયથી તો રાગ છે એ હિંસા છે. પોતાના સ્વરૂપની હિંસા છે ઈ. આવી વાતું છે. આહા..હા..!

અને પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં તો એમ લીધું કે જેટલે અંશે જે પરની દયાનો ભાવ, સત્યનો ભાવ, અચોરીનો ભાવ, શરીરના બ્રહ્મચર્યનો ભાવ, અપરિગ્રહ પંચમહાવ્રતના પરિણામનો ભાવ એ બધો રાગ છે, આસ્રવ છે અને આત્માના શાંતિ, ધર્મના સ્વભાવથી તે વિરુદ્ધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું આકરું પડે લોકોને એકદમ. લોકોનો આધાર આપી કે વર્ણીજી પણ આમ કહે છે કે સંયમ પાળવો, વ્રત કરવા, આચરવા અને સોનગઢવાળા કહે છે કે એ વ્રતનો ભાવ તે ધર્મ નથી. હવે એવા આધાર આપીને લખાણ કરે છે. શું કરે? અરે પ્રભુ! જગપંથ છે. પુણ્યનો ભાવ, પંચમહાવ્રતનો ભાવ એ આસ્રવ છે, રાગ છે, ઉદયભાવ છે, એ જગપંથ છે, એ સંસાર છે. સુમેરુમલજી! આવી વાત છે, પ્રભુ! આહા..હા..!

અનંતકાળમાં પ્રભુ ચૈતન્યની જાત એણે જાણી નથી. ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ છે. અનાકુળ શાંતિ અને અનાકુળ આનંદનો ભરેલો છલોછલ. શું છલોછલ કહે છે? લબાલબ. લબાલબ ભરેલું તત્ત્વ છે, ભાઈ! એ અરૂપી છે. એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી. અવર્ણ,

અગંધ, અરસ, અસ્પર્શ એ વસ્તુ છે. એમાં તો આનંદ અને એકલું જ્ઞાન અને શાંતિ ભરી છે. એને કર્મચેતના અને કર્મફળચેતનાથી જ્ઞાનચેતના એટલે આત્મામાં જ્ઞાનમાં એકાગ્ર થવું. એ જ્ઞાનચેતનાનો આગમપ્રમાણથી પહેલો નિર્ણય કરવો. આહા..હા..! સમજાણું કાંઈ?

પછી '**અનુમાન-પ્રમાણ...**' અનુમાન કર્યું (કે) જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા. જ્યાં જ્યાં જ્ઞાન નહિ ત્યાં આત્મા નહિ. રાગ જે થયા દયા, દાન, વ્રતનો વિકલ્પ એ આત્મા નહિ, એ તો અણાત્મા છે. એટલે એમ અનુમાન (કર્યું) કે જ્યાં જાણક... જાણક... જાણક... જાણક... જાણક... સ્વભાવ તે આત્મા અને આત્મા તે જાણકસ્વભાવ એમ અનુમાનથી પહેલો નિર્ણય કરવો. સમજાણું કાંઈ? આહા..હા..! પહેલી વિધિ જ એવી છે જુઓને. સમ્યગ્દર્શન પામવું હોય, જેને જ્ઞાનચેતના એટલે આત્માનો સ્વભાવ જે જ્ઞાનસ્વરૂપ, પ્રજ્ઞાસ્વરૂપ, પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ પ્રભુ, પ્રજ્ઞા જ્ઞાન અને બ્રહ્મ આનંદ—એ પ્રજ્ઞા જ્ઞાન બ્રહ્મ સ્વરૂપ પ્રભુ, એની એકાગ્રતાની જે જ્ઞાનચેતના એનો આગમ પ્રમાણે પહેલો નિર્ણય કરવો કે કર્મ અને કર્મના ફળથી એ જ્ઞાનચેતના ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? પછી '**અનુમાન-પ્રમાણ...**' જ્યાં જ્યાં રાગ ત્યાં ત્યાં આત્મા નહિ, જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? એમ અનુમાન પ્રમાણથી, પહેલું આગમથી નક્કી કરવું, પછી અનુમાનથી અંદર જાણવું. બે વાત.

ત્રીજી (વાત). '**અને સ્વસંવેદન-પ્રમાણથી જાણે છે...**' હવે અંદર વેદન આવ્યું. સ્વ-પોતાને, સં-પ્રત્યક્ષ જ્ઞાન અને આનંદના વેદનથી આત્માને જાણે. આહા..હા..! આ વાત છે. માર્ગ આવો છે, બાપુ! આહા..હા..! ત્રણ બોલ લીધા. આમ ત્રણ બોલ એ લીધા, ત્રણ બોલ આ લીધા. એટલે ત્રણ એટલે કર્મચેતના, કર્મફળચેતના અને જ્ઞાનચેતના. એ કર્મચેતના અને કર્મફળચેતના એ વિકારી અને જ્ઞાનચેતના એ નિર્વિકારી આત્મામાં એકાગ્રતા તે નિર્વિકારી જ્ઞાનચેતના. ત્રણ થયા. હવે એ ત્રણમાં પણ આગમથી, શાસ્ત્રથી જ્ઞાનચેતના એટલે રાગથી ભિન્ન છે અને આત્મામાં એકાગ્ર થવું તે જ્ઞાનચેતના એમ આગમથી પહેલો નિર્ણય કરવો. આહા..હા..! કારણ કે શાસ્ત્ર એમ કહે છે. શાસ્ત્ર, જ્ઞાનચેતના એને રાગ કર્મચેતના અને કર્મફળચેતનાથી ભિન્ન આત્મામાં એકાગ્રતા તેને જ્ઞાનચેતના કહે છે. આવી વાતું છે. સાધારણને અભ્યાસ ન મળે અને આ પોતાની શું ચીજ છે એનો નિર્ણય કરવાની ફૂરસદ પણ ન મળે. અરેરે! અને આખી જિંદગી એમને એમ અહિત (કરે). ધંધા, પાણી, સ્ત્રી, બાયડી, છોકરા, કુટુંબ એના પ્રપંચમાં પડ્યા પાપના ભાવમાં. એને શાસ્ત્ર સાંભળવાનો, સત્ય શાસ્ત્ર સાંભળવાનો. આમ તો શાસ્ત્રના નામે તો ઘણાં (વાતો કરે છે). સત્ય શાસ્ત્ર સાંભળવાનો પણ જોગ ઓછો, એ ક્યારે નિર્ણય કરે? કહે છે. આહા..હા..!

પણ કહે છે અહીં તો તું પહેલા જો હિત કરવું હોય તો, સિદ્ધાંત શાસ્ત્ર સર્વજ્ઞે કહેલા આગમ એનાથી પણ આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ છે, એમાં એકાગ્ર થવું તે જ્ઞાનચેતના એમ

આગમથી નિર્ણય કરવો. પછી અનુમાનથી કરવો કે જ્ઞાન તે આત્મા, આત્મા તે જ્ઞાન. રાગ તે અણાત્મા, અણાત્મા તે રાગ. એ આત્મા નહિ. આહા..હા..! અનુમાનથી અને પછી સ્વસંવેદન પ્રત્યક્ષથી. આહા..હા..! પછી રાગ અને કર્મચેતના અને કર્મફળચેતનાથી ભિન્ન પડી અને ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એને સ્વ નામ પોતાથી, સં નામ પ્રત્યક્ષ જ્ઞાન અને આનંદના વેદનથી આત્માને જાણવો. આહા..હા..! આવું છે. સમજાણું કાંઈ?

**'સ્વસંવેદન-પ્રમાણ...'** જોયું, એને પ્રમાણ કીધું. પોતે પોતાથી આનંદથી, જ્ઞાનથી જાણે અને વેદે એને સ્વસંવેદન પ્રમાણ કહ્યું. ઓલું જે પ્રમાણ છે અશુદ્ધને જાણે એ અશુદ્ધ પ્રમાણ છે. એ પ્રમાણના નયમાં, વ્યવહારનયમાં એનું જ્ઞાન આવે, પણ વેદન એનું દુઃખરૂપ છે. આહા..હા..! અને આમાં તો સ્વસંવેદન પ્રમાણમાં આનંદનું વેદન છે. આહા..હા..! કેમકે ભગવાન આનંદ પ્રભુ છે એ સ્વ નામ પોતાથી, સં નામ પ્રત્યક્ષ, જેમાં રાગ અને મનની સહાય વિના... આહા..હા...! પોતાના આત્મસ્વભાવથી, શુદ્ધસ્વભાવથી સં-પ્રત્યક્ષ વેદન એ પ્રમાણ સ્વસંવેદનપ્રમાણથી આ આત્મા એમ જાણવો. આહા..હા..!

**'અને તેનું શ્રદ્ધાન...'** જાણીને શ્રદ્ધાન કરવું. જ્ઞાનમાં આ ચીજ છે એમ આવ્યા વિના શ્રદ્ધા કોની? જે ચીજ છે જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ એની વર્તમાન પર્યાયમાં જ્ઞાન એનું થાય કે આ ચીજ છે. તો જ્ઞાન થાય પછી એની શ્રદ્ધા થાય. આહા..હા..! સમજાણું કાંઈ? માલની વાત છે. આહા..હા..! એવી વાત છે, ભગવાન! માર્ગ બહુ મોંઘો થઈ ગયો લોકોને અત્યારે. આહા..હા..! હવે અહીં પાંચ મહાવ્રતના પરિણામને ચોખ્ખી વાત બંધ અધિકારમાં તો આચાર્યનો પોકાર છે કે એ બંધનું કારણ છે, આસ્રવ છે. હવે એના વાંધા ઉઠાવે છે કે એને એ સોનગઢવાળા...

**શ્રોતા :-** તત્ત્વાર્થસૂત્રમાં તેને પુણ્યના ફળમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધામાં .. એક એકમાં બંધ અધિકારમાં તો ચોખ્ખી વાત કરી. આહા..હા..! અને ગાંધી આવ્યા ત્યારે કહ્યું હતું વ્યાખ્યાનમાં. ૯૫માં ગાંધી આવ્યા વ્યાખ્યાનમાં. ૩૮ વર્ષ થયા. વ્યાખ્યાનમાં આવ્યા હતા ગાંધી મોહનલાલ. પરની દયા પાળવાનો ભાવ, 'એ પરની દયા પાળી શકું છું' એ માન્યતા મિથ્યાત્વ છે, બંધનું કારણ છે અને જે ભાવ થાય છે રાગ તે પણ બંધનું કારણ છે, એ અજ્ઞાન છે. એમાં મને ધર્મ માને છે તે અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે. મેં તો બંધ અધિકારની વાત કરી હતી, પણ એમને પછી એવું લાગ્યું. વ્યાખ્યાન સાંભળ્યું. ૩૫ મિનિટ સાંભળ્યું, બેઠા. પછી એને સભા ભરવી હતી એટલે (ગયા). પછી કોક વખતે એક બેચરભાઈનો દીકરો છે એને કીધું કે એક મહારાજ છે મને મૂઢ કહેતા હતા એ મહારાજ ક્યાં છે? શેઠ! મેં તો આમ કહ્યું, 'જે કોઈ પરજીવની દયા પાળી શકું છું, એ પરનું કર્તવ્ય કરી શકું' એ વસ્તુ મિથ્યાત્વ છે અને પરની દયાનો ભાવ છે એ રાગ છે અને રાગ છે તે હિંસા છે જીવની. એમાં ધર્મ માને એ મિથ્યાદષ્ટિ અજ્ઞાની સંસારી રખડનારો છે. બંધ અધિકારમાં છે. અજ્ઞાની મિથ્યાદષ્ટિ. એવું છે ઝીણી વાત. બધે એ ચાલે છે એટલે.

**શ્રોતા :-** અજ્ઞાની મિથ્યાદષ્ટિ ધ્રુવ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્રુવ છે. આહા..હા..! નિશ્ચય છે. આહા..હા..! શું થાય? ભાઈ! તારી વસ્તુને ભૂલીને પરમાં તું માન એ તો મહામિથ્યા ભ્રમ છે. ભગવાનને ભૂલીને એ પામર પુણ્ય અને પાપના ભાવ વિકૃત ક્ષણિક ઉપાધિ... આહા..હા..! એને પોતાના માનવા અને એમાંથી લાભ માનવો એ તો મોટો મિથ્યાત્વભાવ સંસાર છે. અરેરે! એમને એમ કરીને ચોર્યાસીમાં રખડી રહ્યો છે. ચોર્યાસી ભવાબ્ધિ-ભવરૂપી અબ્ધિ-દરિયો. ચોર્યાસી યોનિ, ચોર્યાસી લાખ યોનિ. એક એક યોનિમાં અનંતવાર ઉપજ્યો પ્રભુ! એને ભૂલી ગયો પણ. અનંત-અનંત કાળ ગયો, ભાઈ! આહા..હા..! એ શુભ અને અશુભભાવ અનંતવાર કર્યા અને અનંતવાર તેના ફળ ચાર ગતિમાં મળ્યા. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે એ બેય કર્મ અને કર્મફળચેતનાથી પહેલો તો આત્માને આગમથી જુદી જ્ઞાનચેતના છે એમ નિર્ણય કરવો, પછી અનુમાનથી કરવું કે જ્ઞાન તે આત્મા, આત્મા તે જ્ઞાન. રાગનો વિકલ્પ ભલે અહિંસા, દત્તનો ઉઠે એ આત્મા નહિ, એ તો અજીવ છે, એમાં ચેતનાનો અભાવ છે. ભગવાન જ્ઞાનસ્વરૂપની ચેતનાનો અંશ પણ તે રાગમાં મહાવ્રતના પરિણામમાં ચેતનાના અંશનો અભાવ (છે), માટે તે અચેતન અને અજીવ છે. આહા..હા..! માલચંદજી! આવો માલ છે. પ્રભુ! તારા ઘરની વાત ચાલે છેને. આહા..હા..!

પછી સ્વસંવેદનથી જાણવું '**અને તેનું શ્રદ્ધાન દઢ કરે છે;...**' જાણીને શ્રદ્ધાન દઢ કરે છે. પહેલું જાણવું આ જ્ઞાયકસ્વરૂપ છે, આનંદ છે, શુદ્ધ છે, પૂર્ણ છે, પૂર્ણમિદં. એ તો વેદાંતમાં પણ આવે છે. ગીતામાં એવું આવે છે, પણ એ બધી એકાંતની (વાતો). આ તો જુદી વસ્તુ છે. પૂર્ણમિદં. હું એક આત્મા પૂર્ણ છું. પર્યાય છે એ નિર્ણય કરે છે, પણ છું પૂર્ણ વસ્તુ. એ પર્યાય નિર્ણય કરે છે એ વાત બીજે નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પૂર્ણમિદં પણ પૂર્ણમિદંનો નિર્ણય કોણે કર્યો? પૂર્ણમિદં એણે નિર્ણય કર્યો? આહા..હા..! એ એમ કહ્યું. તેથી સ્વસંવેદન પ્રત્યક્ષ એ પર્યાય છે. પૂર્ણાનંદ સ્વ આખો પૂર્ણ એનું વેદન થાય પર્યાયમાં થાય છે, કાંઈ ધ્રુવમાં નથી. ધ્રુવ તો ધ્રુવ વસ્તુ છે. આહા..હા..! અરેરે! એવી વાતું એને કાને ન પડે, સાંભળે નહિ એ ક્યારે વિચારે? ભાઈ! આવો માર્ગ, બાપુ! અને મનુષ્યપણાની સ્થિતિ તો ચાલી જાય છે. મૃત્યુની સમીપ ચાલ્યો જાય છે. મૃત્યુનો સમય છે તે નિશ્ચય છે. જે સમયે જેનો દેહ છૂટવાનો એ નિશ્ચય-નિશ્ચય છે. એમાં ફેરફાર કાંઈ થાય એવો નથી. આહા..હા..! જે ક્ષણ જાય, દિવસ જાય, રાત જાય જતાં-જતાં એ મૃત્યુની સમીપ જાય છે. એમાં આ કાર્ય કરવાનું છે. આહા..હા..!

'**એ તો...**' આ રીતે તો. સ્વસંવેદન થાય અને શ્રદ્ધા સમકિત થાય '**એ તો અવિરત,...**'માં હોય છે ચોથે ગુણસ્થાને. અવિરત સમ્યગ્દષ્ટિને પણ આ તો હોય છે. ચોથે ગુણસ્થાને આસ્રવ છે હજી, પુણ્ય-પાપના ભાવ છે, વિષયની વાસનાનો ભાવ પડ્યો છે. એ નિવૃત્ત થયો નથી,

પણ સમ્યગ્દર્શનમાં એની પ્રતીતિમાં આવી ગયું છે કે 'આ આસ્રવ તે હું નહિ, હું તો પૂર્ણાનંદનો નાથ છું' એવું વેદન અને શ્રદ્ધા જ્ઞાનમાં આવી ગયું છે. આહા..હા..! ... ક્રિયા. આહા..હા..! તો કહે છે કે એવું જ્ઞાન અને વેદન અને શ્રદ્ધા તો અવિરત ચોથે ગુણસ્થાને પણ હોય છે. સમ્યગ્દષ્ટિને સમ્યગ્જ્ઞાનમાં આ શ્રદ્ધા અને જ્ઞાન તો હોય છે, પણ વિરતિ નથી. હજી એને પાપના, પુણ્યના પરિણામથી નિવૃત્તિ નથી, એકતા તૂટી ગઈ છે. એ વાત છે. આહા..હા..! પણ નિવૃત્તિ થઈ નથી હજી. તેથી તે અવિરતિ સમ્યગ્દષ્ટિને હોય છે.

**'દેશવિરત...'** પાંચમું ગુણસ્થાન. ઓલું ચોથું કીધું. શ્રાવક, સાચા શ્રાવક હોં! જેને આત્માનો અનુભવ થયો, સમ્યગ્દર્શન છે અને જરી પંચમ ગુણસ્થાન એટલે શાંતિની શુદ્ધિની વૃદ્ધિ પણ છે એને પણ આવું વેદન અને દૃઢ શ્રદ્ધા એને પણ હોય છે. આહા..હા..! **'અને પ્રમત્ત અવસ્થા...'** મુનિ છઠ્ઠે ગુણસ્થાને. એ અવસ્થામાં પણ આવું સ્વસંવેદનજ્ઞાન અને દૃઢ શ્રદ્ધા એવું હોય છે, પણ હજી રાગનો ભાગ છે એને છૂટ્યો નથી. મુનિને પણ હજી સંજ્વલનનો એટલો રાગ છે. પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ, ભક્તિ, વંદન, પ્રભુસ્મરણ એવો રાગ છે એટલે એ હજી આસ્રવથી નિવર્ત્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ત્રણ અવસ્થામાં પણ થાય છે. એટલે શું થાય છે? કે સ્વસંવેદન જ્ઞાનચેતનાનું સ્વરૂપ આગમથી જાણે, અનુમાનથી જાણે, સ્વસંવદેનથી જાણે એ તો ચોથે, પાંચમે, છઠ્ઠે ત્રણેમાં એ હોય છે.

**'અને જ્યારે અપ્રમત્ત અવસ્થા થાય...'** આહા..! હવે આવ્યું આગળ. ત્યાં વધારે લેવું. ધ્યાનમાં જાય છે. છઠ્ઠા ગુણસ્થાનમાં દશા ત્રણ કષાયના અભાવની છે, પણ હજી રાગનો વિકલ્પ છે. એટલે તદ્દન સાતમામાં જે જોઈએ અણાસ્રવી તેવો હજી અણાસ્રવી થયો નથી. હજી છઠ્ઠા ગુણસ્થાનવાળાને પણ સાસ્રવી સમકિતી કહ્યો છે. આહા..હા..! કારણ કે હજી વિકલ્પ છે પુણ્યનો, દયાનો, દાનનો, વ્રતનો, વ્યાખ્યાન કરવાનો, વ્યાખ્યાન સાંભળવાનો એ બધો વિકલ્પ છે. તો મુનિ છે છઠ્ઠે ગુણસ્થાને. સમકિતી ઉપરાંત સ્થિરતા એની વધી ગઈ છે, પણ હજી પ્રમત્તદશા છે. એટલે કે સાંભળવું, કહેવું, વિચારવું એવા વિકલ્પો એને હોય છે. એથી એને ત્રણને તો આ જ્ઞાનચેતના અને દૃઢ શ્રદ્ધા સમકિતી હોય છે, પણ જે અણાસ્રવી દશા જે પૂર્ણ જોઈએ તે હજી છઠ્ઠે નથી. આહા..હા..!

એ **'અપ્રમત્ત અવસ્થા થાય છે. અને જ્યારે અપ્રમત્ત અવસ્થા થાય છે ત્યારે જીવ પોતાના સ્વરૂપનું જ ધ્યાન કરે છે;...'** આહા..હા..! પછી અબુદ્ધિપૂર્વક રાગ છે, પણ એની અહીં ગણતરી ગણી નથી. અંદર ધ્યાનમાં જામી ગયો છે સાતમે ગુણસ્થાને મુનિ. બાહ્યમાં નગ્ન દશા હોય, દિગંબર હોય, જંગલમાં વસતો હોય અને અંદરમાં ધ્યાનમાં જામી ગયો છે. આહા..હા..! છઠ્ઠા ગુણસ્થાનની વિકલ્પદશાને પણ છોડી દઈને અપ્રમત્ત ધ્યાનમાં જાય છે અંદર. જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન એવા ભેદ પણ જેના ધ્યાનમાંથી છૂટી જાય છે. સમજાણું કાંઈ? આ તો છેલ્લી સ્થિતિની ગાથાઓ છેને. ચારિત્રના વૈભવની ગાથાઓ છે

આ તો. આહા..હા..! સમજાણું કાંઈ? '**જ્યારે અપ્રમત્ત અવસ્થા થાય છે ત્યારે જીવ પોતાના સ્વરૂપનું જ ધ્યાન કરે છે;...**' જોયું! પછી તો ઓલો વિકલ્પ મહાવ્રતનો આદિ ત્યાં છૂટી જાય છે. આહા..હા..! તો તો જીવ.. એમાં લખ્યું છે. આવશે રાતે. એમ કે તો તો આત્મા ખાઈ શકતો નથી તો બેસી રહો એક કોર. પણ ખાઈ શકતો નથી એમ શ્રદ્ધામાં તો નક્કી કર. ખાવા-પીવાની ક્રિયા છે એ તો જડની છે. આ હોઠ હલે, આમ દાંત હલે, રોટલીનો ભૂક્કો થાય એ તો બધી ક્રિયા જડની છે. એ આત્માની ક્રિયા અને આત્માની દશામાં એ છે જ ક્યાં? એમાં આવ્યું છે. જો તમે એમ કહી દો કે બસ શુદ્ધોપયોગ તે ધર્મ અને પછી આ સંયમ અને વ્રત ને આદિ તમે ધર્મ કરવાયોગ્ય ન માનો તો છોડીને બેસો. તો શું કરશો? તો પછી આત્મા ખાઈ શકતો નથી, પી શકતો નથી, પછી બેસીને એકલા શું કરશો તમે? અરે! પ્રભુ! શું કરે? ખાઈ શકતો નથી શું, અજ્ઞાની પણ ખાઈ શકતો નથી. ખાવા-પીવાની-બોલવાની ક્રિયા એ તો બધી પરમાણુ જડની છે. ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે એ જડની ક્રિયામાં ક્યાં આવે છે? એના રાગમાં પણ આવતો નથી, તો પછી જડની ક્રિયામાં ક્યાં આત્મા જાતો હશે? આહા..હા..! અરેરે! શું થાય?

'**જીવ પોતાના સ્વરૂપનું જ ધ્યાન કરે છે;...**' જોયું! છઠ્ઠે સુધી, ચોથે, પાંચમે, છઠ્ઠે તો હજી ભગવાનનું સ્મરણ, ભક્તિ, પૂજા, નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં પાંચ પરમેષ્ઠીને યાદ કરે એ બધો ભાવ રાગ તો ત્યાં છે હજી. આહા..હા..! પણ સપ્તમ ગુણસ્થાન જ્યાં મુનિને આવે છે આહા..હા..! ત્યારે તો પોતાના સ્વરૂપનું ધ્યાન હોય છે. ભગવાનનું ધ્યાન પણ ત્યાં હોતું નથી. ત્રણલોકના નાથ તીર્થંકર સમવસરણમાં બિરાજતા હોય એની પાસે બેઠો હોય તો એના ઉપર લક્ષ છે ત્યાં સુધી રાગ છે. આહા..હા..! ત્યાં સુધી હજી છઠ્ઠા ગુણસ્થાનની પ્રમત્ત દશા છે. આહા..હા..! આવી વાત.

'**જ્યારે અપ્રમત્ત અવસ્થા થાય છે ત્યારે જીવ પોતાના સ્વરૂપનું જ...**' છેને 'જ' છે. ત્યારે તો એક આત્માના આનંદનું ધ્યાન. બસ થઈ રહ્યું. આહા..હા..! એ લીધું નથી? નિશ્ચયમાં આત્મા હજી અંતરમાં ગુણગુણીના ભેદનો વિકલ્પ છે. નિશ્ચયના બે ભાગ પાડ્યા છેને? એવો વિકલ્પ છે ત્યાં સુધી સાસ્રવી છે. પરમાત્મપ્રકાશ, પરમાત્મપ્રકાશમાં છે. જ્યાં સુધી એને... નિશ્ચયના પણ બે પ્રકાર છે—એક તો નિશ્ચય એ કે પોતાના સ્વરૂપના ધ્યાન કરવામાં વિકલ્પ ઉઠ્યો કે હું કરું. ત્યાં સુધી તો સાસ્રવી આસ્રવવાળો એ જીવ છે. આહા..હા..! પરમાત્મપ્રકાશમાં છે. કેટલામું પાનું કીધું ભાઈ? વંચાઈ ગયું છેને. હમણા વંચાઈ ગયું. આહા..હા..! ત્યાં તો ત્યાં સુધી કહ્યું કે જેને એ શુભરાગ પણ મહાવ્રતાદિનો હોય એને જે ઉપાદેય માને એને આત્મા હેય છે અને જેને આત્મા ઉપાદેય છે તેને રાગ તે હેય છે. આહા..હા..! ૩૭ ગાથા. નહિ? ૩૬-૩૭. આહા..હા..! પહેલા શરૂઆતમાં પહેલા ભાગમાં. આહા..હા..!

જેને એ પુણ્યનો વિકલ્પ જે છે મહાવ્રતનો, ભક્તિનો આદિ એ રાગ જેને ઉપાદેય તરીકે માને છે, આદરણીય અંગીકાર કરવાલાયક (માને છે) એને ભગવાન આત્મા હેય છે, અણઅંગીકાર કરવાલાયક છે. આહા..હા..! અને જે ભગવાન આત્મા પૂર્ણાનંદના નાથને ઉપાદેય કરીને ધ્યાનમાં પડ્યો છે... પરમાત્મપ્રકાશ. ઠીક. નિશ્ચયના બે પ્રકાર છે. છેલ્લા છે ત્યાં છે. આમાં છે. આ બાજુ છે નીચે. નિશ્ચયના બે ભેદ. એક તો અંદર વિકલ્પ ઉઠે છે કે 'હું ધ્યાન કરું ને હું શુદ્ધ છું અને ચૈતન્ય છું' એવો જે વિકલ્પ છે તે પણ સાસ્રવી જીવ છે, આસ્રવવાળો જીવ છે. આહા..હા..! અને એ વિકલ્પ તૂટીને એકલું ધ્યાનમાં અપ્રમત્ત કીધું એ નિરાસ્રવી છે. છે એમાં, ગોતોને ક્યાં છે? આ બાજુના પાને છે. આ દશાની સાથે વર્ણન છે એ. અંદરમાં ધ્યાનમાં જાય છે, પણ હજી વિકલ્પ ઉઠે છે કે 'આ હું શુદ્ધ છું, અબંધ છું, પૂર્ણાનંદ છું' એવી વૃત્તિ ઉઠે છે એ પણ હજી આસ્રવ છે. અને એ વૃત્તિ છેદીને એકલા ધ્યાનમાં જાય છે ત્યારે અણાસ્રવી છે ઈ. આહા..હા..! આવો માર્ગ છે, બાપુ! એકલો પકડીને બેસે કે સમ્યગ્દૃષ્ટિને આસ્રવ નથી અને રાગ નથી ને દુઃખ નથી. બાપા! તને ખબર નથી, ભાઈ! માર્ગના સ્વરૂપની ખબર નથી. આહા..હા..! ક્યાં?

**શ્રોતા :-** ધ્યાનમાં વિચાર તો ચાલેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિચાર આનંદનો કીધુંને એ. આનંદનું વેદન. એ આવી ગયું છે આપણે. વિકલ્પથી રહિત થાય તો શૂન્ય થઈ જાય છે એમ પણ નહિ અને વિકલ્પરહિત થાય ત્યાં વિકલ્પ છે એમ પણ નહિ, પણ અંદર અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે એ વસ્તુ છે. એ આવી ગયું ભાઈ આપણે લખાણમાં. આહા..હા..! ઘણી વાતું તો આવી ગઈ છે ભાઈ આ તો. આહા..હા..! ૧૫૪ પાને એમાં ન નીકળ્યું કાંઈ. મારું પુસ્તક છે એમાં ક્યાંક મેં ચિહ્ન કર્યું છે આ બાજુ પાને. એ બધું કાંઈ યાદ રહે છે, બાપા? ભાવ યાદ રહે અહીં તો. આહા..હા..!

અહીંયાં કહે છે, '**જ્યારે અપ્રમત્ત અવસ્થા થાય છે ત્યારે જીવ પોતાના સ્વરૂપનું ધ્યાન કરે છે; તે વખતે, જે જ્ઞાનચેતનાનું તેણે પ્રથમ શ્રદ્ધાન કર્યું હતું...**' 'હું જ્ઞાનસ્વરૂપ છું, શુદ્ધ ચૈતન્ય છું' એવી જે સમ્યગ્દર્શન-શ્રદ્ધા કરી હતી ત્યારે અપ્રમત્ત ધ્યાનમાં તે સ્થિર થઈ જાય છે. આહા..હા..! છેને? '**તેમાં તે લીન થાય છે...**' જે શ્રદ્ધા કરી હતી સમ્યગ્દર્શનમાં કે 'હું પૂર્ણ શુદ્ધ અને જ્ઞાન છું' એવું જે સમ્યગ્દર્શન કર્યું હતું એ હવે એમાં લીન થાય છે. આહા..હા..! સમ્યગ્દર્શનમાં સમ્યગ્દર્શન પૂરતી લીનતા છે, પણ હજી આસ્રવ ગયો નથી એટલે આસ્રવરહિતની લીનતા નથી. ચોથે, પાંચમે, છઠ્ઠે. આહા..હા..! અહીં તો છઠ્ઠા સુધી આસ્રવ લીધો મુનિને. આહા..હા..! ત્રણ કષાયનો નાશ જેમ વીતરાગતા પ્રગટી, પણ હજી રાગનો ભાગ છે અને એ રાગ છે તે જગપંથ છે એમ કહ્યું છે મોક્ષ અધિકાર. એ જગપંથ છે. આહા..હા..! એની દિશા પર તરફ છે. રાગની દિશા પર તરફ

છે. રાગદશા એની દિશા પર તરફ છે અને વીતરાગની દશા એની દિશા સ્વ તરફ છે. આ તો સાદી ભાષા છે. આહા..હા..! આગળ-પાછળ એટલામાં હશે ક્યાંક. ઈ કોકનું છે. કોણ લાવ્યા ભાઈ એ? પૂરણચંદજી. ઠીક.

**શ્રોતા :-** ઘણાં વખત પહેલા વંચાઈ ગયું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલા પણ વંચાઈ ગયું છે, આ તો હમણાં પણ વંચાઈ ગયું છે. ઘણીવાર. અહીં તો બધા ૪૩ વર્ષ થયા. સવાર ને સાંજ. પહેલા બે વર્ષ સવારે વ્યાખ્યાન ચાલતા. ૯૧-૯૨. બપોરે નહિ. પછી બપોરથી અમારે ખુશાલભાઈ ગુજરી ગયાને મોટા ભાઈ ગુજરી ગયા. (તેમના) બૈરા પછી કહે કે અમારે સાંભળવું છે. ખૂણામાં નહોતા રહ્યા પછી. ખૂણા પાળે છેને વિધવા થાય તે. છ મહિના ઘરમાં રહે. તમારે કાંઈક ભાષા હશે. ખૂણો પાળે એમ કહે છે અમારે. બહાર ન નીકળે. આ કહે કે અમારે વ્યાખ્યાન સાંભળવું છે. પછી શરૂ કરી દીધું સવાર અને બપોરે બે વાર. ઓલું તો સવારમાં ચાલતું પહેલું બે વર્ષ. ૯૧-૯૨. ૯૩થી ભાઈ ગુજરી ગયા અષાઢ વદ અમાસ ૯૩ના. ત્યારથી સવાર અને બપોર બે વખત વ્યાખ્યાન ચાલે છે. ૯૩થી. ૪૦ વર્ષ થયા. આહા..હા..!

અહીં કહે છે, '**તે વખતે, જે જ્ઞાનચેતનાનું તેણે પ્રથમ શ્રદ્ધાન કર્યું હતું...**' એટલે કે 'હું તો જ્ઞાનસ્વરૂપ જ છું, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું' એવું જે સમ્યગ્દર્શનમાં શ્રદ્ધાન થયું હતું, પણ હજી આસ્રવરહિત થયો નહોતો. એ વખતે '**તેમાં તે લીન થાય છે...**' આહા..હા..! સાતમા ગુણસ્થાનની વાત છે. ચોથે, પાંચમે, છઠ્ઠે તો હજી આસ્રવ છે, બંધ છે, દુઃખ છે. આહા..હા..! '**તે વખતે, જે જ્ઞાનચેતનાનું તેણે પ્રથમ શ્રદ્ધાન કર્યું હતું તેમાં તે લીન થાય છે અને શ્રેણી ચડી,...**' એકદમ સાતમાથી આગળ જાય પછી. આઠમે, નવમે, દસમે શ્રેણી ચડી નીસરણી માંડીને, નીસરણી ચડેને જેમ ઉપર, એમ અંદર શુદ્ધતાની ધારા વહે. શુદ્ધતાની શ્રેણી ચડતા કેવળજ્ઞાન પામે. આહા..હા..! આવ્યું? પાનાફેર છે હોં એમાં. આ બીજી આવૃત્તિ હશે. આહા..હા..!

જુઓ, 'સવિકલ્પ-નિર્વિકલ્પ કે ભેદ સે નિશ્ચય મોક્ષમાર્ગ ભી દો પ્રકારકા હૈ.' હિન્દી છે. શું કહે છે? સવિકલ્પ અને નિર્વિકલ્પ. રાગસહિત પૂર્ણાનંદની પ્રતીતિ છે અને એક નિર્વિકલ્પ રાગરહિત સ્થિરતા છે. એ 'સવિકલ્પ ઔર નિર્વિકલ્પ કે ભેદ સે...' એ ૧૪મી ગાથા છે. પહેલી છે નહિ? પહેલાની. 'સવિકલ્પ ઔર નિર્વિકલ્પ કે ભેદ સે નિશ્ચય મોક્ષમાર્ગ દો પ્રકારકા હૈ. જો મૈં અંનત જ્ઞાનરૂપ હૂં, શુદ્ધ હૂં, એક હૂં ઐસા સોહમ કા ચિંતવન હૈ વહ તો સવિકલ્પ નિશ્ચય મોક્ષમાર્ગ હૈ.' એમાં હજી વિકલ્પ છે એટલો. આહા..હા..! મહાવ્રત આદિની વાત છૂટી ગઈ, પણ અહીંયાં અંદરમાં 'શુદ્ધ છું, નિર્વિકલ્પ છું અને અભેદ છું' એવી વૃત્તિનું ઉત્થાન છે ત્યાં સુધી સવિકલ્પ સાસ્રવી જીવ છે. આહા..હા..! છે? 'વહ તો સવિકલ્પ નિશ્ચય મોક્ષમાર્ગ હૈ. ઉસકો સાધક કહતે હૈં. યહાંપર ઉસકો ચિંતવન નહીં, જહાં પર કોઈ ચિંતવન

નહીં, કુછ બોલના નહીં ઔર કુછ ચેષ્ટા નહીં વહ નિર્વિકલ્પ સમાધિરૂપ સાધ્ય હૈ યહ તાત્પર્ય હુઆ.' આહા..હા..! સમજાણું કાંઈ? સવિકલ્પ અને નિર્વિકલ્પ બે પ્રકાર કીધા ઈ. 'કુછ ચિંતવન મત કર, સબ બાતોં કો છોડ, આત્મામેં આકર લીન કર યહી પરમધ્યાન હૈ.' નિશ્ચયમાં પણ એ સવિકલ્પ છે. આહા..હા..! વ્યવહાર તો છૂટી ગયો પંચમહાવ્રત, પણ અંદરમાં જે આમ વસ્તુ છે એનું ભાન છે, પ્રતીત છે, સમ્યક્ છે, સમ્યગ્દર્શન છે, જ્ઞાન છે પણ આ આત્મા તે શુદ્ધ છે, પરિપૂર્ણ છે, અભેદ છે એવો જે વિકલ્પ ઉઠે છે એ પણ એટલો તો હજી નિશ્ચયમાં આસ્રવભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જુઓ, ખુલાસો કર્યો છે. 'તત્ત્વસારમેં ભી સવિકલ્પ-નિર્વિકલ્પ નિશ્ચય મોક્ષમાર્ગ કે કથન મેં યહ ગાથા કહી હૈ. .. તત્ત્વાર્થસાર. ઈસકા સમાધાન યહ હૈ કિ આત્મતત્ત્વ હૈ વહ ભી સવિકલ્પ, નિર્વિકલ્પ કે ભેદ સે દો પ્રકારકા હૈ. સવિકલ્પ સહિત હૈ વહ તો આસ્રવસહિત હૈ.' ૧૪મી ગાથા છે. આહા..હા..! છઠ્ઠા ગુણસ્થાને અંતરમાં આત્મામાં જતા વિકલ્પ ઉઠે છે વૃત્તિ કે હું આવો છું... આવો છું... આવો છું. એ આત્મતત્ત્વ તે વિકલ્પસહિત તો આસ્રવસહિત છે, એ આસ્રવસહિત છે. 'ઔર જો નિર્વિકલ્પ હૈ વહ આસ્રવરહિત હૈ.' ૧૪મી ગાથામાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! પાઠમાં છે હોં. ...

છઠ્ઠે ગુણસ્થાને મુનિ છે, ત્રણ જ્ઞાન અરે! જેને ચાર જ્ઞાન પ્રગટ્યા હોય છે અને ત્રણ કષાયનો અભાવ હોય છે, પણ હજી અંદરમાં 'શુદ્ધ છું, પૂર્ણ છું' એ તરફની વૃત્તિ વિકલ્પ ઉઠે છે એટલો પણ એને હજી આસ્રવ છે. આહા..હા..! અને નિર્વિકલ્પ થયો તે નિરાસ્રવી છે. ૧૪મી ગાથા છે. સંસ્કૃત ટીકામાં પણ છે એ. મૂળ પાઠમાં છે હોં. આહા..હા..! ... અંદરમાં સ્થિર થા તો પવિત્ર થઈશ. જ્યાં સુધી વિકલ્પ રહેશે ત્યાં સુધી આસ્રવ અને બંધ છે. આહા..હા..! સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું અને ચારિત્ર પણ થયું છતાં હજી વિકલ્પ જ્યાં સુધી આ આવો... આવો.. આવો... એવો વિકલ્પ રહે છે ત્યાં સુધી આસ્રવ છે. આહા..હા..! એટલે કે ત્યાં સુધી હજી દુઃખ છે. આસ્રવ કહો કે રાગ કહો કે દુઃખ કહો. એટલી આકુળતા છે. આહા..હા..! અંદર ઠરી જાય ત્યારે નિરાકુળતા છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે. એ વીરાના માર્ગ છે શૂરાના, એ કાયરના ત્યાં કામ નથી. આહા..હા..! આવી દશા સુધી તેને આસ્રવી ગણ્યો. મહાવ્રતના પરિણામનું લક્ષ છૂટી ગયું છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનું લક્ષ છૂટી ગયું છે કારણ કે એ બધો રાગ છે, પણ અંદર નિશ્ચય આવો આત્મા છે એવું સમ્યગ્દર્શન-જ્ઞાન થયું છે, પણ આવો છે... આવો છે... ત્યાં સુધી વૃત્તિ ઉઠે છે એ વૃત્તિનું ઉત્થાન થાય છે એ વિકલ્પ છે અને એ આસ્રવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તે લીન થાય છે અને શ્રેણિ ચડી,...'** શ્રેણી એટલે સ્થિરતાની જમવટ જામી અંદર. જેમ નીસરણીએ ચડે છે પ્રાણી એમ અંદર સ્થિરતાની ધારા વહી. અતીન્દ્રિય આનંદની સ્થિરતાની

ધારા શુદ્ધિની વહેતા વહેતા કેવળજ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે ઓલો વિકલ્પ ઉઠ્યો એનાથી કેવળજ્ઞાન ન થાય તો એને કેવળજ્ઞાન... ભાઈ! માર્ગ બાપા બહુ.. એ સહજાનંદ પ્રભુ સહજાત્મ સ્વરૂપ, સહજ સ્વરૂપ છે ઈ. એમાં વિકલ્પ ઉઠે એ બધી કૃત્રિમતાની ઉપાધિ છે. આહા..હા..! એને બધેથી હઠવું પડશે, પ્રભુ! આહા..હા..! બાહ્યના ભભકા શરીર ને વાણી ને જુવાની એ તો સ્મશાનના હાડકાની ફાસફૂસ છે. આહા..હા..! સ્મશાન હોય ને સ્મશાનમાં હાડકા પડ્યા હોયને. ફોસ્ફરસ. નાની ઉંમરમાં.. ફોસ્ફરસ કહે છે. ઘણાં મરી ગયા હોય ને હાડકા પડ્યા હોય. રાતે છોકરાઓ જાય ત્યાં ભડકો દેખાય. એટલે લોકો કહે કાંઈક ભૂતડું છે. ભૂતડા કોઈ નથી. વ્યંતર છે. એ તો હાડકામાં ફોસ્ફરસ હોય છે. એમ આ જગતની આ બધી દેખાવડી હાડકાની ફોસ્ફરસ છે. આહા..હા..! પ્રભુ અંદર આનંદનો નાથ સુંદર રૂપાળો પ્રભુ બિરાજે છે. વીતરાગમૂર્તિ છે. આહા..હા..! એમાં જે જામી જાય છે એ અપ્રમત્ત શ્રેણી થઈને ધારાવાહી શુદ્ધતાને વધારીને કેવળજ્ઞાનને પામે છે. છે?

'**કેવળજ્ઞાન ઉપજાવી, સાક્ષાત્ જ્ઞાનચેતનારૂપ થાય છે.**' સાક્ષાત્ જ્ઞાનચેતના એટલે જ્ઞાન હવે પૂર્ણ દશા થઈ. પહેલી જ્ઞાનચેતના હતી, પણ આ જ્ઞાન સાક્ષાત્ થયું. એનો ખુલાસો નીચે છે. આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૨, શુક્રવાર, તા. ૨૮-૧૦-૧૯૭૭, શ્લોક-૨૨૩, ગાથા-૩૮૩ થી ૩૮૬, પ્રવચન નં. ૪૯૨

સમયસાર, સર્વવિશુદ્ધ અધિકાર. '**જ્ઞાનચેતનારૂપ થાય છે.**' ત્યાં સુધી આવ્યું છેને? ૨૨૩ કળશ એનો અર્થ આવી ગયો છે. ત્યાં સુધી આવી ગયું છે. એનું નીચે બાકી છે. છેલ્લું નહિ નીચે બાકી છે. જરી ઝીણી વાત છે. આહા..હા..! આ 'લોએ' શબ્દ છેને, કેટલાકને એમ લાગે કે આ નમો લોએ સવ્વ સાહુણં એમ કેમ કહ્યું? ખરેખર તો નમો લોએ સવ્વ અરિહંતાણં છે. એ તો છેલ્લો શબ્દ મૂક્યો છે. કોઈ એમ કહે કે લોએ તો લોકમાં એમ કેમ કહ્યું? સાધુ તો આદિ પંચપરમેષ્ઠી તો તીરછા લોકમાં જ છે. એમ નથી. આ તો સવારે લોએ શબ્દ આવ્યો હતોને. એ શેઠે સાંભળ્યો પણ નહિ હોય. નમો લોએ જે શબ્દ છે એ ત્રણે લોકને બતાવે છે. કેમકે તીરછા લોકમાં તો પંચપરમેષ્ઠી છે, પણ મેરુ પર્વતની ઉપર આ તીરછો લોક પૂરો થઈ જાય ત્યાં સાધુ સહસ્રાવનમાં હોય છે. એટલે ઊર્ધ્વલોકમાં પણ હોય છે. ધ્યાન કરવા ગયા હોય. હવે અધોલોકમાં એક વિજય ૯૦૦ યોજનની વિજય ઊંડી છે આમ. શાસ્ત્રમાં. આ તો લોકને કાઢી નાખવા માગે છે એ ખોટું છે. આ વિજય

છેને? ભરત નામની. એમાં એક વિજય નવસો યોજન ઊંડી વઈ ગઈ છે. ત્યાં નીચે ભાગ આવી જાય છે. ત્યાં પણ સાધુ આદિ, અરિહંત આદિ હોય છે. એથી નમો લોએ ત્રિકાળ ત્રણે લોકમાં છે એમ સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? આ તો ઘણાં વર્ષ પહેલા કહેલું. ફરીને કહ્યું આ. આ તો ઓલું સવારે કોકે કહ્યું હતુંને. તુલસી લોએ કાઢી નાખે છે. એ જાણે કે લોક એટલે તીરછાના હશે, ઊર્ધ્વ અને અધોમાં નથી. એમ નથી. ઝીણી વાત છે.

એક વિજય એવી છે જેમ આ મહાવિદેહમાં ૩૨ વિજય (છે), એવી ભરતમાં, એવી એક વિજય એવી છે કે આમ ૯૦૦ યોજન નીચે ચાલી ગઈ છે. એટલે એમાં અધો ભાગ આવી જાય છે. એમાં મનુષ્ય છે, મુનિ છે, અરિહંત છે. આહા..હા..! અને ત્રણલોકને એમ કહીને બીજી રીતે પણ છે. અરિહંત જ્યારે કેવળ સમુદ્‌ઘાત કરે છે ત્યારે તો આખા લોક પ્રમાણે છે. તો વંદન કરનારને એ વખતે કોઈ સમુદ્‌ઘાત હોય તો ત્રણે લોકમાં ભગવાન આત્મા બિરાજે છે આમ. સમજાણું કાંઈ? આ વાત તો ઘણા વર્ષ પહેલાં કહી હતી. આ નમો લોએમાં અક્ષર અનાદિ બરાબર મંત્ર છે ઈ. અનાદિસિદ્ધ મંત્ર છે એ. એક પણ અક્ષર શબ્દ કાઢી નાખે તો તત્ત્વનું યથાર્થપણું નહિ રહે. આહા..હા..! અરે! હજી આમાં વાંધા ઉઠે.

અહીંયાં તો કહે છે કે **'જ્ઞાનચેતનારૂપ થાય છે.'** ત્યાં સુધી આવ્યું છેને? એનો નીચે અર્થ. **'કેવળજ્ઞાની જીવને સાક્ષાત્ જ્ઞાનચેતના હોય છે.'** છે નીચે? એ શું કહ્યું? સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ સર્વજ્ઞ થાય છે એને તો એકલી જ્ઞાનસ્વરૂપી ભગવાન એનો ચેતન અને અનુભવ હોય છે. એને કોઈ પુણ્ય અને પાપના કર્મચેતના કે એનું ફળ કર્મફળચેતના સર્વજ્ઞ અને પરમેશ્વર વીતરાગ જિનેન્દ્રદેવને હોતું નથી. એનો અર્થ થાય છે. **'કેવળજ્ઞાની જીવને સાક્ષાત્ જ્ઞાનચેતના હોય છે. કેવળજ્ઞાન થયા પહેલાં...'** સર્વજ્ઞ પરમેશ્વર આત્મા થાય એ પહેલાં **'નિર્વિકલ્પ અનુભવ વખતે જીવને ઉપયોગાત્મક જ્ઞાનચેતના હોય છે.'** એટલે શું કહે છે? જેને સમ્યગ્દર્શન થયું છે એટલે? કે આત્મા કે પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનઘન અનંત-અનંત સ્વભાવનો પિંડ છે એવી સન્મુખ થઈને જે અનુભવ થયો છે અને જેને અંતરમાં જ્ઞાનસ્વરૂપ જે ત્રિકાળ છે તેને સ્પર્શીને જ્ઞાન થયું છે એને અહીંયાં જ્ઞાનચેતના કહે છે. સમજાય છે કાંઈ?

એ સમ્યગ્દર્શન થતાં, હજી ધર્મની પહેલી દશા થતાં એને સમ્યગ્દર્શનમાં જ્ઞાનચેતના હોય છે. એટલે કે પુણ્ય અને પાપના રાગની કર્મચેતના છે એને એનું સ્વામીપણું ઉડી ગયું હોય છે અને તેમાં હરખ-શોકનું વેદન છે એનું પણ સ્વામીપણું ઉડી ગયું છે. વસ્તુ છે. અને મુખ્યપણે તો એને જ્ઞાનચેતના સમ્યગ્દ્રષ્ટિને 'હું એક જાણનાર-દેખનાર જ છું' એવી જ્ઞાનસ્વરૂપી ભગવાન એની જ્ઞાનમાં ચેતના એટલે ચેતાઈ જવું, જાગૃત થઈ જવું એવી જ્ઞાનચેતના સમ્યગ્દ્રષ્ટિને ચોથે ગુણસ્થાને હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહે છે જુઓ.

**'પહેલાં પણ, નિર્વિકલ્પ અનુભવ વખતે જીવને ઉપયોગાત્મક જ્ઞાનચેતના હોય**

છે...' એટલે? જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે તેનો ઉપયોગ જાણવા-દેખવાનો જે વેપાર એ સ્વરૂપમાં લીન થઈ ગયેલો હોય છે. આહા..હા..! આવી વાતું છે, ભાઈ! એને અહીંયાં નિર્વિકલ્પ ઉપયોગ કહે છે. ફરીને. આ આત્મા અનંતકાળમાં કોઈ દિ' સમ્યગ્દર્શન પામ્યો નથી. કેમકે એનો ઉપયોગ ચૈતન્યમાં જોડાણો નથી. એનો વર્તમાન ઉપયોગ રાગ અને પુણ્ય અને એના ફળમાં જોડાયેલ છે. તેથી તેને કર્મચેતના અને કર્મફળચેતના અજ્ઞાનીને અનાદિથી વર્તે છે. હવે જ્યારે ધર્મ સમ્યગ્દર્શન પામે છે, સમ્યગ્દર્શન હજી હોં! ચોથું ગુણસ્થાન આહા..હા..! ત્યારે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ જે દળ પૂર્ણ છે તેનો તેને સ્પર્શ થાય છે. જે રાગ અને પુણ્ય-પાપના ભાવનો સ્પર્શ હતો એ વિકારી વેદન હતું અને અહીંયાં આનંદસ્વરૂપ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો પૂંજ છે પ્રભુ એવી સન્મુખ દૃષ્ટિ થઈને જ્ઞાનચેતના એટલે જ્ઞાનસ્વભાવને જેણે ચેત્યો છે. આહા..હા..! જેણે જ્ઞાનને જાગૃત કર્યું છે. આહા..હા..! આવી વાતું હવે. આમાં કાંઈ મેળ ખાય ક્યાં? એ વખતે એને ઉપયોગ અંદરમાં હોય છે, શુદ્ધ ઉપયોગ હોય છે. સમ્યગ્દર્શન થવાના પ્રથમ કાળમાં, ધર્મ થવાને પહેલે ક્ષણે ધર્મી એવો જે આ આત્મા અનંતા જ્ઞાન, દર્શન, આનંદના ધર્મને ધરનાર એનો વર્તમાન ઉપયોગ એમાં લીન થયેલો હોય છે. એના ઉપયોગમાં ધ્યેય અને ધ્યાન દ્રવ્યનું જ હોય છે. આવી વાત છે.

એથી કહે છે કે '**નિર્વિકલ્પ અનુભવ વખતે...**' એટલે કે વિકલ્પ શુભ-અશુભનો બુદ્ધિપૂર્વક છૂટી ગયો છે અને આનંદસ્વરૂપ ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રે કહેલો આત્મા, એમાં જેનો ઉપયોગ (લાગ્યો છે). જેને સ્વચીજ છે, સ્વચીજ પૂર્ણ ધ્રુવ એ જ્ઞાનની પર્યાયના ઉપયોગમાં જેને એ જ્ઞેય થયું છે એનો ઉપયોગ ત્યાં જ્ઞેયમાં લીન છે. આવી વાત હવે. છે નીચે છેને. '**નિર્વિકલ્પ અનુભવ વખતે...**' એટલે કે રાગની વૃત્તિ બુદ્ધિપૂર્વક છૂટી ગઈ છે. અબુદ્ધિપૂર્વક રાગ છે, પણ એને વિકલ્પની બુદ્ધિ છૂટીને નિર્વિકલ્પ ચૈતન્ય ભગવાન એની અંદર વેદનમાં ઉપયોગ ગયો છે. ત્યારે તેને આનંદનું વેદન આવે છે. આહા..હા..! એને નિર્વિકલ્પ ઉપયોગ કહે છે. એ નિર્વિકલ્પ ઉપયોગમાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. આવી વાત છે. આહા..હા..! અરે! જુઓને ચાલ્યા જાય છે જિંદગી. શાહુજી ચાલ્યા ગયા લ્યો! આહા..હા..! એ પહેલા ઓલો શાંતિ.. શું કહે એ? એ શાંતિલાલ ખુશાલ નહિ? આ શાંતિપ્રસાદ. આ શાંતિલાલ ખુશાલ. એની પાસે તો વળી બે અબજ અને ચાલીસ કરોડ, આની પાસે એકલા ચાલીસ કરોડ. શું કરે? બાપા! એ ચીજ ધૂળ અજીવ. આહા..હા..! ભગવાનમાં અનંતા-અનંતા કરોડ એવા ગુણો ભરેલા છે.

કોઈ દિ' વિચાર કર્યો નથી. એ સાંભળવા અત્યારે તો મળતું નથી. અત્યારે તો આ વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો, જાત્રા કરો, દાન કરો, મંદિર બનાવો, ઉપધાન કરો. આવું બધું ચાલે છે, ભાઈ! બધી ખબર છેને બાપુ! એ બધી ક્રિયાઓ તો રાગની છે બાપુ,

તને ખબર નથી. ભગવાન આત્મા એમાં આવતો નથી. આહા..હા..! જેમાં ચૈતન્ય સ્વરૂપી સ્વભાવ જેનો સ્વરૂપ, જેનું સ્વ-રૂપ જ્ઞાન છે, જેનું સ્વરૂપ આનંદ છે, જેનો સ્વ-પોતાનો ભાવ જ્ઞાન અને આનંદ છે એને જે સન્મુખ થઈને ઉપયોગ તેમાં લીન થાય એને અહીંયાં નિર્વિકલ્પ ઉપયોગ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**નિર્વિકલ્પ અનુભવ વખતે જીવને ઉપયોગાત્મક...**' ઉપયોગસ્વરૂપ '**જ્ઞાનચેતના હોય છે.**' ત્યારે તો તેને ઉપયોગ અંદર જામી ગયેલો (હોય છે). જ્ઞેય, જ્ઞાતા અને જ્ઞાન એવા ત્રણ ભેદ પણ જ્યાં નથી. સમ્યગ્દર્શન થતાં ધ્યાનમાં એ સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! આવી વાત છે.

**શ્રોતા :-** પહેલા કહો કે શુદ્ધોપયોગમાં થઓાય અને હવે કહો કે ધ્યાનમાં થાય!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સુખ-દુઃખના વિકલ્પ પણ નથી. એને અંદરમાં આત્મા આનંદસ્વરૂપ ધ્રુવ ચિદાનંદ અનાદિ-અનંત ચૈતન્ય રસકંદ આત્મા, સર્વજ્ઞે જોયો અને જાણ્યો અને પ્રગટ કર્યો, એ પ્રગટ કરી પૂર્ણ દશા એ શક્તિમાં પૂર્ણ પડ્યું છે. બીજી ભાષાએ કહીએ તો આત્મા સર્વજ્ઞસ્વભાવી સ્વરૂપ છે. એનું સ્વરૂપ જ સર્વજ્ઞસ્વભાવી છે. શક્તિરૂપે, ગુણરૂપે, ભાવરૂપે વસ્તુ સત્ છે તેના સત્ત્વરૂપે એ સર્વજ્ઞસ્વભાવી ચીજ છે. આહા..હા..! એનો અંતર્મુખ થઈને ઉપયોગ ધ્યાનનો વર્તમાન વેપાર અંતરમાં લીન થાય તેને નિર્વિકલ્પ વખતે '**જીવને ઉપયોગાત્મક જ્ઞાનચેતના હોય છે.**' ત્યાં તો અંદરમાં ઉપયોગ હોય છે એવી જ્ઞાનચેતના સમ્યગ્દષ્ટિને પ્રથમ હોય છે. આકરી વાત, બાપુ! આહા..હા..! શું થાય? માર્ગ એવો છે. અનંતકાળથી એણે એક સકેન્ડ પણ સમજ્યો નથી. આહા..હા..! ધમાલ બહારની ધમાલ. એમાંને એમાં માનીને બેઠો છે. પણ અંદર ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ છે એમાં ઉપયોગ લીન થાય છે એને જ્ઞાનચેતના કહે છે. એ જ્ઞાનસ્વરૂપી ભગવાન એને ચેત્યો એટલે જાણ્યો અને અનુભવ્યો. સમજાય છે કાંઈ?

'**જ્ઞાનચેતનાના ઉપયોગાત્મકપણાને મુખ્ય ન કરીએ તો,...**' હવે એ જ્ઞાન થયું સ્વરૂપનું ભાન, ઉપયોગ અંદર જામી ગયો એને મુખ્ય ન કરીએ તો પછી સમ્યગ્દર્શન-જ્ઞાન એને જે થયું છે એની પ્રતીતિ અને એનું લબ્ધપણું જ્ઞાનનું કાયમ રહે એ અપેક્ષાએ ઉપયોગાત્મક ચેતના ન ગણીએ તો '**મુખ્ય ન કરીએ તો, સમ્યગ્દષ્ટિને જ્ઞાનચેતના નિરંતર હોય છે,...**' આ વાંચ્યું પણ નથી શેઠ કોઈ દિ'. આહા..હા..! અરેરે! આવો ચાલ્યો જાય છે દેહ. આહા..હા..! ભગવાનનો વારસો તો મૂકી ગયા છે. સંતો વારસો મૂકી ગયા છે, પણ માણસોને લેતા આવડ્યો નથી. આહા..હા..! શું કહે છે? જ્યારે પ્રથમ સમ્યગ્દર્શન થાય છે, ચોથું ગુણસ્થાન શ્રાવક અને મુનિ થવા પહેલાની વાત. શ્રાવક-મુનિ તો કોઈ એથી ઊંચી દશા કોઈ અલૌકિક છે એ વાત તો સાંભળવી કઠણ પડે, એ ચોથું ગુણસ્થાન (હોવા) છતાં જ્ઞાનની વર્તમાન પર્યાય જે પ્રગટ છે, તેનો વેપાર ઉપયોગ અંદરમાં જામી જાય છે. તેને

નિર્વિકલ્પ ઉપયોગાત્મક જ્ઞાનચેતના કહેવામાં આવે છે. હવે એ ઉપયોગ અંદર જામી ગયો છે એ ઉપયોગ ખસી જાય અને વળી વિકલ્પમાં આવે, પણ છતાં એ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની જ્ઞાનચેતના પ્રગટી છે એ તો કાયમ રહે. આહા..હા..!

એથી '**જ્ઞાનચેતનાના ઉપયોગાત્મકપણાને મુખ્ય ન કરીએ તો, સમ્યગ્દષ્ટિને જ્ઞાનચેતના નિરંતર હોય છે,...**' આહા..હા..! ચાહે તો એ ધંધાના વિકલ્પ ઉઠે, છતાં એને જ્ઞાનચેતના, 'આત્મા જ્ઞાનાનંદ છું' એવું ભાન તો નિરંતર સદા રહ્યા કરે એને. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્દષ્ટિ જીવ ધર્મની પહેલી સીઢી અને પહેલી દશા એનો ઉપયોગ અંદરમાં હતો એ ખસી જાય, છતાં હું શુદ્ધ ચૈતન્ય છું અને ચૈતન્યની જ્ઞાનની દશા જે વિકાસ થયો છે એ જ્ઞાનચેતના તો નિરંતર રહે છે. એ જ્ઞાન તરફની એકાગ્રતા તો નિરંતર રહે છે. આહા..હા..! '**કર્મચેતના અને કર્મફળચેતના નથી હોતી;...**' એટલે શું? છે તો ખરી, પણ એનો સ્વામી નથી. અત્યારે દષ્ટિપ્રધાન કથનમાં એ લેવું છે. સમ્યગ્દષ્ટિ જીવને પુણ્ય-પાપના ભાવ થાય એ કર્મચેતના છે અને એમાં વેદન આવે એ કર્મફળચેતના છે. પણ સમ્યગ્દષ્ટિને જ્ઞાનચેતનાની મુખ્યતાને ગણીને આ કર્મ અને કર્મફળચેતનાને ગૌણ કરીને એનામાં નથી એમ કહેવામાં આવ્યું છે. આવી વાતું હવે બધી કેટલી વાતે ફેર. વાતે વાતે ફેર પડે. શું થાય? ભાઈ! આહા..!

'**કારણ કે તેને નિરંતર જ્ઞાનના સ્વામિત્વભાવે પરિણમન હોય છે,...**' સમ્યગ્દષ્ટિ જીવને, ધર્મીને નિરંતર પુણ્યના-પાપના ભાવ આવે, છતાં એનું સ્વામીપણું નથી કેમકે વિકાર છે. સ્વામીપણું તો 'ચૈતન્યસ્વરૂપ ભગવાન હું છું' એનું એને ધણીપતું, સ્વામીપણું, રાજપાટમાં પડ્યો હોય છતાં.. આહા..હા..! એને આ જ્ઞાનચેતનાનો ભાવ તો સદા નિરંતર રહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! '**કર્મના અને કર્મફળના સ્વામિત્વભાવે પરિણમન નથી હોતું.**' પુણ્યના પરિણામ આવે એને. પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી એને ભગવાનની ભક્તિ, પૂજા, દયા, દાન, વ્રતનો વિકલ્પ આવે, પણ એ રાગ છે. એ રાગ કર્મચેતના છે. એ કર્મચેતના મુખ્ય જ્ઞાનચેતનામાં એ નથી એમ ગણીને એને કર્મચેતનાનું સ્વામીપણું નથી એમ કહેવામાં આવે છે. આહા..હા..! '**કર્મના અને કર્મફળના સ્વામિત્વભાવે પરિણમન નથી હોતું.**' પરિણમન છે ખરું, પણ રાગ જે દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો ભાવ આવે, એ શુભરાગ (છે) પણ તેનું સ્વામીપણું હોતું નથી. એનું પરિણમન એટલે સ્વામિપણે પરિણમન હોતું નથી. પરિણમન છે. આવી વાતું હવે. આહા..હા..!

સમ્યગ્દષ્ટિ ધર્મની પહેલી સીઢી. હજી પાંચમું ગુણસ્થાન જે શ્રાવક અને છઠ્ઠું ગુણસ્થાન મુનિ એ તો કોઈ અલૌકિક દશા છે. એના પહેલાં સમ્યગ્દષ્ટિની દશામાં જિનવર વીતરાગના માર્ગની અંદર ઉપયોગ અંદર જામી ગયો છે એની મુખ્યતા ન કરીએ અને વિકલ્પમાં આવ્યો બહાર છતાં એને સમ્યગ્દર્શન અને જ્ઞાનચેતના તો નિરંતર રહે છે. એટલે? કે શુભ અને

અશુભભાવ આવવા છતાં તેનો સ્વામીપણે નહિ પણ તેને જ્ઞાતા-દ્રષ્ટાપણે જાણે અને દેખે છે. આહા..હા..! આવી વાતું હવે.

અરે! ચોર્યાસીના અવતારમાં રઝળ્યો છે. એના દુઃખો ભગવાન જ્યારે વર્ણવે છે નરકનું અને નારકીનું દુઃખ, એ સાંભળ્યા જાય નહિ, બાપા! એ દુઃખીના દુઃખને જોનારાને આંખમાંથી આંસુ આવ્યા છે. એવા દુઃખો એણે આ મિથ્યાશ્રદ્ધાથી વેઠ્યા છે. અને સમ્યક્શ્રદ્ધા કોઈ અલૌકિક ચીજ છે એની ખબર નથી. આ તો બહારથી દેવ-ગુરુ-શાસ્ત્રને માનો અને નવ તત્ત્વને વ્યવહારથી માનો એ સમ્યગ્દર્શન. હવે વ્રત અને તપ કરો એ ચારિત્ર. અરરર! પ્રભુ! ક્યાં ગયો તું? આહા..હા..! તારા ઘરમાં તું ન આવ્યો. બહારચલામાં ધર્મ માનીને બેઠો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..!

એ અહીંયાં જ્ઞાનચેતનારૂપ થાય છેને એનો અર્થ કર્યો નીચે. અહીં સુધી એનો અર્થ આવ્યો. કહો, સમજાય છે કે નહિ કાંઈ? શેઠ! સમજાય છેને આ? થોડું થોડું સમજાય. અંદર ચૈતન્ય નવ તત્ત્વમાં જેને ચૈતન્ય આત્મા કહીએ એ તો શરીર અજીવ છે, કર્મ અજીવ છે એનાથી તો ભિન્ન છે, પણ પાપના પરિણામ જે છે હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ ને ક્રોધ અને માન એવા પાપના પરિણામથી પણ પ્રભુ અંદર ચૈતન્ય ભિન્ન તત્ત્વ છે. એનાથી તો ભિન્ન છે, પણ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, નામસ્મરણ ભગવાનનું, ભક્તિ આદિના, જાત્રા આદિના ભાવ એ પુણ્ય છે, એનાથી પણ આત્મા તો ભિન્ન તત્ત્વ છે. આહા..હા..! એવા જ્ઞાયકસ્વરૂપની ચૈતન્યની અંતર દૃષ્ટિ થતાં પ્રથમ ઉપયોગ એમાં જામી જતાં એને જ્ઞાનચેતના ઉપયોગાત્મક થાય છે, પણ જ્યારે એમાં રહી શકે નહિ, પ્રગટ થયું ભાન, સમ્યગ્જ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું, જ્ઞાતા-દ્રષ્ટાપણાની દશા પ્રગટ થઈ પણ ઉપયોગ અંદરમાં ન રહી શકે ત્યારે બહારમાં વિકલ્પ આવે શુભ અને અશુભ રાગ તેનો તે સ્વામી થઈને પરિણમતો નથી. પરિણમે છે, પણ ધણીપતું કરીને પરિણમતો નથી. પરિણમતો નથી એટલે પર્યાયમાં કર્તાબુદ્ધિ અને ભોક્તાબુદ્ધિએ કરતો નથી. આહા..હા..! કહો, શાંતિભાઈ! આવું ક્યાંય મળે એવું નથી. દિલ્હીમાં રખડીને મરી જાય તો. આહા..હા..! ભગવાન વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, બાપુ એનો પંથ કોઈ અલૌકિક છે. આહા..હા..! હવે એટલું પૂરું થયું ત્યાં.

હવે નવો અધિકાર શરૂ કરે છે. '**અતીત કર્મ પ્રત્યે મમત્વ છોડે...**' હવે પ્રતિક્રમણ કોને કહે છે? ગયા કાળનું પ્રતિક્રમણ, ભવિષ્યનું પચ્ચખાણ અને વર્તમાનનો સંવર-આલોચના એ કોને કહે છે પ્રતિક્રમણ? હજી એ અલૌકિક વાતું છે. આહા..હા..! એ '**અતીત કર્મ...**' એટલે ભૂતકાળના જે પુણ્ય-પાપના ભાવ '**પ્રત્યે મમત્વ છોડે...**' આહા..હા..! એને પ્રતિક્રમણ કહે છે. પ્રતિ એટલે પુણ્ય અને પાપના વિકલ્પો શુભ-અશુભ છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ એમાંથી પાછો ફરે અને સ્વરૂપમાં અંદર જાય એવી દશાને પ્રતિક્રમણ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે? '**અતીત...**' ગયા કાળના કર્મ એટલે પુણ્ય-પાપના

ભાવ. જડ કર્મ નિમિત્તથી એ તો ... **'મમત્વ છોડે...'** 'એ શુભ-અશુભ ભાવ જ મારા નહિ, હું તો શુદ્ધ આનંદસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા છું' એવું અંતરમાં ભાન થાય અને સ્વરૂપમાં લીનતા થાય તેને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા..હા..! આ તો સાંજ-સવાર બેસીને પ્રતિક્રમણ કર્યા અને થઈ ગયા પડિક્કમણા. અરે! બાપા! એક સમયનું પ્રતિક્રમણ જેના જન્મ-મરણના અંત લાવે. આહા..હા..!

**'અતીત...'** અતીત એટલે ઓલા બાવા હશે એ અતીત? અતીત એટલે ભૂતકાળ. ગયો જે કાળ છેને અનંત? એમાં જેટલા પુણ્ય અને પાપના ભાવ થયા તેના પ્રત્યે મમત્વ છોડે. એ હું નહિ. હું તો જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ (છું)—એમ પુણ્ય-પાપના ભાવથી પાછો હઠી અને સહજાનંદ પ્રભુ આત્મામાં ઠરે એને અહીંયાં પ્રતિક્રમણ પરમાત્મા કહે છે. જિનેન્દ્રદેવ ત્રિલોકના નાથ પરમેશ્વર આને સત્ય, સાચું પ્રતિક્રમણ કહે છે. બાકી ગડીયાના પડિકમણા તો બધા ઘણી વાર કર્યા અનંતવાર. આહા..હા..! **'અનાગત કર્મ ન કરવાની પ્રતિજ્ઞા કરે...'** ભવિષ્યમાં હવે પુણ્ય અને પાપભાવ કરવા નહિ, પુણ્ય અને પાપ હોં ભાવ. દયા દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવ અને હિંસા, જૂઠું, ચોરી, કામ, ક્રોધ, માન, માયા પાપ—એ બેય ભાવ કરવા જ નથી હવે, એવી સ્વરૂપમાં પ્રતિજ્ઞા કરીને રમે એને પચ્ચખાણ કહેવામાં આવે છે. આહા..હા..! છે? છેને અંદર? **'અનાગત કર્મ ન કરવાની પ્રતિજ્ઞા કરે...'** 'ભવિષ્યમાં પુણ્ય-પાપના ભાવ હવે કરવા જ નથી, મારે તો મારા સ્વરૂપમાં ઠરવું છે' એવી પ્રતિજ્ઞા કરે તેને પચ્ચખાણ, પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. આહા..હા..! આ તો સવારમાં પોરષી પ્રતિક્રમણ શું કાંઈક કહેવાય? પોરશી પચ્ચખાણ એમ કાંઈક કહે છેને? કાંઈ ભાન ક્યાં છે હજી? સમ્યગ્દર્શન શું છે એની ખબરું નથી ત્યાં પચ્ચખાણ કેવા? આહા..હા..! આકરી વાતું, ભાઈ! ભવિષ્યના શુભ-અશુભભાવ નથી કરવા એવી સ્થિતિમાં સ્વરૂપમાં અંતરમાં રમવું એનું નામ પચ્ચખાણ પરમેશ્વર જિનેન્દ્રદેવ ફરમાવે છે. આહા..હા..! બે (વાત થઈ).

**'અને ઉદયમાં આવેલા વર્તમાન કર્મનું મમત્વ છોડે...'** કર્મના નિમિત્તથી થયેલા પુણ્ય-પાપનો ભાવ એનું મમત્વ છોડે કે 'એ હું નહિ, હું તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું' એવી દશાને આલોચના અથવા સંવર કહે છે. ગયા કાળનું પ્રતિક્રમણ, ભવિષ્યનું પચ્ચખાણ અને વર્તમાનનું સંવર એટલે આલોચના. આહા..હા..! આવી બધી નિશ્ચયની વાતું. પણ સત્ય આ છે, ભાઈ! સમજાણું કાંઈ? એવો નિશ્ચય હોય એમાં પછી વ્યવહાર પ્રતિક્રમણ શુભભાવ આવે, પણ એ પુણ્યબંધનું કારણ છે અને આ નિશ્ચય પ્રતિક્રમણ, પ્રત્યખ્યાન અને સંવર છે તે સંવર-નિર્જરાનું કારણ છે, મોક્ષનો એ માર્ગ છે. આહા..હા..!

**'ઉદયમાં આવેલા વર્તમાન કર્મનું મમત્વ છોડે તે આત્મા આલોચના છે; સદાય આવાં પ્રતિક્રમણ,...'** આહા..હા..! ચારિત્રની વ્યાખ્યા છેને આ તો. સમ્યગ્દર્શન ઉપરાંત જ્યારે ચારિત્ર પ્રગટે છે ત્યારે તે પુણ્ય અને પાપના ભાવથી છૂટી જાય છે અને સ્વરૂપમાં

ઠરે છે ત્યારે ચારિત્ર કહેવામાં આવે છે. એ ચારિત્રના પ્રકાર છે ત્રણ. ગયા પુણ્ય-પાપથી છૂટવું, વર્તમાનથી છૂટવું અને ભવિષ્યથી છૂટવું. છૂટીને સ્થિર થવું આનંદમાં. એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. ચારિત્ર એટલે ચરવું, ચરવું એટલે રમવું. આનંદસ્વરૂપ ભગવાનને ઓળખીને, પ્રતીત કરીને પછી એમાં રમણતા કરવી એનું નામ ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ ચારિત્ર કહે છે. આહા..હા..!

'**પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનાપૂર્વક વર્તતો...**' તે આત્મા '**સદાય આવા પ્રતિક્રમણ,...**' સદાય શબ્દે નિરંતર એમ કહે છે. આહા..હા..! સમ્યગ્દર્શનની જેમ જ્ઞાનચેતના સમકિતીને કાયમ છે, એમ આ નિરંતર પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન અને આલોચનારૂપ પરિણામ એ ચારિત્ર પણ નિરંતર હોય છે. '**આવાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનાપૂર્વક વર્તતો આત્મા ચારિત્ર છે.**' આહા..હા..! પંચમહાવ્રતના પરિણામ એ રાગ છે, એ ચારિત્ર નથી. આ બેસવું કઠણ, બાપુ! જેના નિજઘરમાં આવ્યો નથી. એ તો પરઘર છે. નિજઘરમાં અંદર રમે. પ્રતિક્રમણ, પુણ્ય-પાપથી પાછો હઠીને સ્વરૂપમાં રમે, ભવિષ્યના પુણ્ય-પાપને કરવાનું છોડી, પ્રતિજ્ઞા કરીને અંદર રમે, વર્તમાનમાં પુણ્ય-પાપના ભાવ થાય એમાંથી ખસીને સ્વરૂપમાં રમે તેને સદાય પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને સંવર સદાય હોય છે. ઓલું કહ્યું હતુંને, ઉપયોગાત્મક ચેતના ખસીને જ્ઞાનચેતના કાયમ રહે સમકિતીને એમ ચારિત્રવંતને કાયમ આવી રમણતા હોય છે. આહા..હા..! છેલ્લા શ્લોકો છેને.

'**આવું ચારિત્રનું વિધાન હવેની ગાથાઓમાં કહે છે :—**' આવી ચારિત્રની રીતની પદ્ધતિનું વિધાન હવેની ગાથામાં કહેવામાં આવે છે. ગાથા ૩૮૩.

**कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं।**
**तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमणं।।३८३।।**
**कम्मं जं सुहमसुहं जम्हि य भावम्हि बज्झदि भविस्सं।**
**तत्तो णियत्तदे जो सो पच्चक्खाणं हवदि चेदा।।३८४।।**
**जं सुहमसुहमुदिण्णं संपडि य अणेयवित्थरविसेसं।**
**तं दोसं जो चेददि सो खलु आलोयणं चेदा।।३८५।।**
**णिच्चं पच्चक्खाणं कुव्वदि णिच्चं पडिक्कमदि जो य।**
**णिच्चं आलोचेयदि सो हु चरित्तं हवदि चेदा।।३८६।।**

એનું હરિગીત. આ શ્લોક મૂળ શ્લોક શાસ્ત્રના. હવે એનું હરિગીત બનાવ્યું છે નીચે.

**શુભ ને અશુભ અનેકવિધ પૂર્વે કરેલું કર્મ જે,**
**તેથી નિવર્તે આત્મને, તે આતમા પ્રતિક્રમણ છે; ૩૮૩.**
**શુભ ને અશુભ ભાવી કરમ જે ભાવમાં બંધાય છે,**

**તેથી નિવર્તન જે કરે, તે આતમા પચખાણ છે. ૩૮૪.**
**શુભ ને અશુભ અનેકવિધ છે વર્તમાને ઉદિત જે,**
**તે દોષને જે ચેતતો, તે જીવ આલોચન ખરે. ૩૮૫.**

અહીં ખૂબી કરી છે વર્તમાન. વર્તમાનમાં પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિના જે પરિણામ થાય એ પણ દોષ છે એમ સિદ્ધ કર્યું છે. આહા..હા..! આકરું કામ માણસને. દોષ છે એ, એ આત્માનો ગુણ નથી, એ આત્માની દશા નથી. આહા..હા..! વર્તમાનમાં જે કાંઈ પુણ્ય અને પાપનો ભાવ થાય એને અહીંયાં દોષ કીધો, એનાથી ખસીને અંતરમાં રમે એને ચારિત્ર કહેવામાં આવે છે. આવી વાતું હવે. નવા માણસને તો એવું લાગે કે આ શું છે? આ તે જૈનધર્મ હશે? આ તે વીતરાગનો ધર્મ હશે? આ શું છે આ તે? અરે! પ્રભુ! બાપુ! એ વીતરાગના માર્ગ તો અનાદિ સનાતન તો આ છે. બાકી કલ્પીને બધા ઊભા કર્યા છે બાકી માર્ગ. આહા..હા..! સમજાણું કાંઈ?

**પચખાણ નિત્ય કરે અને પ્રતિક્રમણ જે નિત્યે કરે,**
**નિત્યે કરે આલોચના, તે આતમા ચારિત્ર છે. ૩૮૬.**

જોયું! નિત્ય પચ્ચખાણ હોય છે એને.

એની ટીકા. આહા..હા..! એક જણો કોક કહેતું હતું. નામ તો રહ્યુંને, નામ રહેશે. નામ શેઠિયાઓનું નામ રહે બહાર. દાન આપ્યા હોયને. નામ તો જડના છે. આત્માને નામ ક્યાં છે? વ્યવહારે પણ છે નહિ એ તો બીજાને બીજાથી જુદો પાડવા નામથી ઓળખાવ્યો. નામ શું અંદર લખ્યું છે આમાં? આ તો માંસ ને હાડકા છે. એને નામ કહેવું એ તો ઓળખવા માટે બીજા માણસ કરતાં આનું આમ નામ છે એ માટે નામ પાડ્યા, બાકી વસ્તુના નામ કેવા? એ નામની પ્રસિદ્ધિ રહે, જડની રહે. વસ્તુને નામ પણ યથાર્થપણે તો હોય નહિ. નામ નિક્ષેપે કહેવામાં આવે. એનામાં ગુણ નથી, પણ શબ્દથી નામનિક્ષેપે કહેવાય. આહા..હા..! એ ૪૭ નયમાં આવે છે. આહા..હા..! પ્રભુ આત્મામાં ક્યાં આત્મા શબ્દ લખ્યો છે?

ભગવાન અંતર અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત વીતરાગતા અને સ્વચ્છતા એના સ્વભાવથી તો પૂર્ણ ભરેલો પડ્યો છે પ્રભુ! અને પૂર્ણ જો ન હોય તો અરિહંતને પૂર્ણ દશા પ્રગટે એ ક્યાંથી આવશે? ક્યાંય બહારથી આવે છે? આહા..હા..! પણ બેસવું કઠણ બહુ, બાપુ! એનો અંદર વિશ્વાસ સમ્યગ્દર્શન, દુર્લભ વસ્તુ પ્રભુ! અશક્ય નથી, પણ દુર્લભ તો ઘણી દુર્લભ, ભાઈ! આહા..હા..! એણે કોઈ દિ' વિચાર કર્યો નથી. અરે! હું કોણ? ભગવાન શું કહે છે? અને આમાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન શું ચીજ છે? શું હશે એ તે? આહા..હા..! અહીં તો કહે છે કે...

'**ટીકા :- જે આત્મા...**' ટીકા છેને? '**પુદ્‌ગલકર્મના વિપાકથી (ઉદયથી) થતા ભાવોથી પોતાને નિવર્તાવે છે,...**' શું કહે છે? કર્મ છેને આઠ જડ માટી? વિહુઈરયમલા

નથી આવતું? લોગસ્સમાં આવે છે. એના પણ અર્થની ખબર ન મળે. વિહુઈરયમલા એટલે શું? નહોતું કહ્યું એક ફેરી? લીંબડીમાં તકરાર થઈ. દશા શ્રીમાળી અને વિશાશ્રીમાળીને તકરાર થઈ. એમાં દશાશ્રીમાળીની બાઈ હશે. સામાયિક કરીને બેસેને ઓલું? શું કહેવાય એ? ઘડી. ઘડી લઈને બેસે, મોઢે મુહપતિ (બાંધીને). તો એમાં આ આવ્યો છે પાઠ વિહુઈરયમલા. ત્યાં એ બોલી બાઈ કે વિશા રોઈ મળ્યા. ઓલા માણસ કહે પણ આપણી તકરાર લોગસ્સમાં ક્યાંથી આવી? આ કાઢ્યું ક્યાંથી આમાં આણે? જુઓ તો ખરા! પણ આ તો વિહુઈરયમલા છે. હે નાથ! હે પરમાત્મા! આપે વિહુઈ-વિશેષે હુઈ નામ ટાળ્યા છે રયમલા. રજ નામ આઠ કર્મની ધૂળ અને મળા નામ પુણ્ય-પાપના ભાવનો મળ એ આપે ટાળ્યા અને આપ સિદ્ધ થયા એવો એનો અર્થ છે. જય નારાયણ ..ભગવાનને ખબર. વિશા રોઈ મળ્યા કહે. આહા..હા..! આવી વાતું. કાંઈ અર્થની ખબ ન મળે, ભાવ તો ક્યાંય રહી ગયા. આહા..હા..! અરેરે! આવું મનુષ્યપણું (મળ્યું) એમાં વીતરાગ પરમેશ્વર એના જૈનમાં જન્મ થયો અને એ જૈન પરમેશ્વરનું શું કહેવું છે એ સમજે નહિ એ તો થયો ન થયોની વાત છે. આહા..હા..!

'**જે આત્મા...**' એમ કે જે આત્મા '**પુદ્ગલકર્મના વિપાકથી...**' કર્મ જે બંધાયેલું છે પૂર્વનું એના '**(ઉદયથી) થતા...**' પુણ્ય-પાપના ભાવ એનાથી '**પોતાને નિવર્તાવે છે, તે આત્મા તે ભાવોના કારણભૂત પૂર્વકર્મને (ભૂતકાળના કર્મને) પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે;...**' આહા..હા..! અહીં તો પડિક્કમણું (એટલે એમ માને કે) લોગસ્સ ઈચ્છામી પડિક્મણ ઈરિયા વહિયામ તસ્સ ઉતરી કરણેમ... નમોત્થુણં અરિહંતાણં. પાઠ બોલી જાય. ન મળે અર્થની ખબર, ન મળે તત્ત્વના ભાવની ખબર. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં પરમાત્મા જિનેશ્વરદેવ જે દિવ્યધ્વનિમાં આવ્યું એને દિગંબર સંતો આડતિયા થઈને જગત પાસે માલ આપે છે કે માલ તો આ છે, બાપા! પરમેશ્વર ત્રણલોકના નાથ જિનેન્દ્રનો માલ તો આ છે. તને રુચે તો લે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું?

'**જે કોઈ આત્મા પુદ્ગલકર્મ...**' જે જડ છે આઠ એનાથી થતાં ભાવ-શુભ અને અશુભભાવ એ '**પોતાને નિવર્તાવે છે,...**' એ શુભ અને અશુભભાવથી છોડે છે, એનાથી નિર્વતાવે છે અને આત્મામાં સ્વભાવમાં પ્રવૃત્તિ કરે છે. આહા..હા..! '**તે આત્મા તે ભાવોના કારણભૂત...**' તે ભાવના કારણભૂત પૂર્વકર્મ. એને એ '**પ્રતિક્રમતો થકો...**' એ ભાવથી પાછો ફરે છે એ પૂર્વના કર્મને છોડે છે. સમજાણું કાંઈ? આહા..હા..! શુભ-અશુભભાવ, દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ શુભભાવ. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ એ પાપભાવ. એ પૂર્વ કર્મના નિમિત્તથી થયેલા ભાવો, એનાથી જે આત્મા પાછો ફરે છે તે ભાવના કારણરૂપ કર્મથી પાછો ફર્યો છે. ભાષા તો સાદી છે. ભાવ તો ભાઈ જે છે ઈ છે, બીજું શું થાય? આહા..હા..! આનું નામ તો હજી પ્રતિક્રમણ કહે છે. ચારિત્ર છે ઈ. આહા..હા..!

**'ભાવોના કારણભૂત પૂર્વકર્મ...'** દેખો! એ ભાવના કારણભૂત નિમિત્તકર્મ હતુંને? એ **'(ભૂતકાળના કર્મને) પ્રતિક્રમતો થકો પોતે જ...'** સ્વયં આત્મા જ સ્વરૂપમાં સ્થિર થાય છે તે **'પ્રતિક્રમણ છે;...'** આહા..હા..! સહજાત્મસ્વરૂપ ભગવાન, એમાં એ પુણ્ય-પાપના ભાવથી છૂટે છે તે પ્રાણી પુણ્ય-પાપના ભાવના કારણ કર્મ પૂર્વનું એનાથી નિવર્તે છે અને સ્વરૂપમાં ઠરે છે. આહા..હા..! આનું નામ પ્રતિક્રમણ. ક્યાં ગયા જાદવજીભાઈ? બીજે બેઠા છે? નથી આવ્યા? આઘે બેઠા છે. ઓલાને સંભળાતું નથી. એ બધા શેઠિયા છે ત્યાં આગળ સ્થાનકવાસીના કલકત્તામાં. આહા..હા..! શું કહ્યું? અહીં કાંઈ પુનરુક્તિ દોષ લાગતો નથી.

અંદર ચૈતન્યપ્રભુ અનંત આનંદ અને અનંત જ્ઞાનનો સાગર ધ્રુવ પડ્યો છે પ્રભુ એનો આશ્રય કરીને, એનું અવલંબન લઈને પુણ્ય અને પાપના ભાવથી જે નિવર્ત્યો છે અને સ્વરૂપમાં પ્રવર્ત્યો છે એ ભાવના કારણરૂપ કર્મથી નિવર્ત્યો છે એને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. એ ગયા કાળના કર્મનું પ્રતિક્રમણ. આહા..હા..! એક-એક શબ્દમાં અને એક પદમાં કેટલી ભરેલી છે ઊંડપ! અરે! કરવાનું તો આ છે, બાપુ! બાકી જિંદગી ચાલી જાય છે. આહા..હા..! છે કોઈ ધણી? હાર્ટમાં થયું હશે શેઠને. ૪૦ કરોડ રૂપિયા છે (પણ છે) કોઈ ધણી? હોસ્પિટલમાં લઈ ગયા. થઈ રહ્યું. આહા..હા..! ભીંસ પડી હશે. લોહી જામી જાય છે. આ હાર્ટ ફેઈલ થાય છે એનો અર્થ એવો છે કે જે લોહી છેને એ જાડું થઈ જાય. એટલે શ્વાસ ચાલે નહિ. ભીંસ પડી જાય. એટલે એકદમ શ્વાસ છૂટી જાય. આહા..હા..! આ લોહી-લોહી છેને લોહી એ અંદર જામી જાય. દળ-દળ થઈ જાય. અહીં આપણે જૂની ભાષામાં એને 'પાટીયા ભીંસાતા' એમ કહેતા. ૫૦-૬૦ વર્ષ પહેલાં આવા મરણ તો થાતાં પણ એવું કહેતા. આ તો અમને તો બધા વર્ષની ખબર છેને. ૮૮ વર્ષ થયા. ૨૪ વર્ષ તો સંસારમાં ગાળ્યા હતા. ૬૪ અહીં થયા. ૮૮ થયા. આહા..હા..! લોકો એમ કહે, પાટીયા ભીંસાય છે પાટીયા. પાટીયા ભીંસાય છે એનો અર્થ એ કે હાર્ટફેઈલ થાય. ઘણે વખતે અંદર લઈ ગયા હોયને. એક ફેરી ગયા હતા ત્યાં રાજકોટ. રાજકોટ શું વઢવાણ. ઓલા કેવા કહેવાય ઈ? તમારા કામધેનુ ગાયવાળા. દાદભાવાળા. ભૂલી જઈએ. દાદભાવાળા. ૮૨ની વાત છે. ૮૨નું ચોમાસું હતુંને તો દાદભાવાળા ચુનીભાઈ. એણે બ્રહ્મચર્ય લીધું ઘરે. ઘસાઈ ગયેલાને એટલે બહારમાં સભા મોટી હોય. ૮૨માં વઢવાણ. એટલા બધા પેંડા વેચવા એટલે ઘરે બાધા લીધી. અને એની જોડે એક રહેતા કોઈ કુટુંબી. અહીં ચુનીભાઈ રહેતા. એને આ થયું હતું. પછી બોલાવ્યા મને કે મહારાજના દર્શન કરવા છે. આમ તરફડીયા મારતો હતો. બધું કુટુંબ ભેગું થયેલું. અહીં ભીંસ પડે અંદર. એમ કહે કે પાટીયા ભીંસાય છે. આ હાર્ટફેઈલ તો હવે સમજાણું કાંઈક. મૂળ તો પાટીયા ભીંસાય છે એટલે લોહી જામી જાય છે, શ્વાસ લઈ શકે નહિ, દેહ છૂટી જાય. એ છૂટવાનો સમય હોય ત્યારે છૂટે. એમાં લાખ કોઈ ઈન્દ્ર કે દેવ આવે...

આહા..હા..! આ જો કર્યું હશે તો ત્યાં કલ્યાણ થશે, બાકી મરીને જાશે હાલ્યા ક્યાંક ઢોર અને નરકમાં. આહા..હા..!

'(**ભૂતકાળના કર્મને**) **પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે;...**' એટલે શું કીધું? એમ કે ઓલા રાગને છોડે છે, કર્મને છોડે માટે એ પ્રતિક્રમણ છે? એ તો સ્વરૂપમાં પોતે ઠર્યો એ પ્રતિક્રમણ છે. શુભાશુભભાવથી ઠર્યો એ પોતે જ પ્રતિક્રમણ થયો. આત્મા આનંદસ્વરૂપની ઉગ્ર આનંદની દશામાં આવ્યો, અતીન્દ્રિય ઉગ્ર આનંદની દશામાં આવ્યો એ જ પ્રતિક્રમણ પોતે થયો. દુઃખથી છૂટ્યો. આહા..હા..! પુણ્ય અને પાપના ભાવ બેય દુઃખરૂપ છે, ભાઈ! આકુળતા રાગ છે. આહા..હા..! એ શુભ-અશુભ રાગ દુઃખ આકુળતાથી છૂટ્યો અને અનાકુળ પ્રભુ આનંદમાં જ્યાં આવ્યો, પ્રવૃત્તિ કરી સ્થિર એને કારણે પૂર્વના ભાવનું કારણ જે કર્મ હતું એનાથી નિવર્ત્યો એ પોતે પ્રતિક્રમણ થયો. સ્વરૂપની લીનતા થઈ આનંદમાં એ જ પ્રતિક્રમણ થયું. આહા..હા..! અરે! આવી વાતું! હવે બિચારા અજાણ્યા માણસ હોય, કોઈ દિ' સાંભળ્યું ન હોય અને બાયુંને આખો દિ' બિચારાને ધંધા આડે નવરાશ ન મળે. હવે એને આવી વાતું (સમજવી), બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! કોઈ બીજી રીતે બનાવીને, બતાવીને વાત કરશે, એ જિંદગી ચાલી જશે, ભાઈ! આહા..હા..! માર્ગ તો આ છે. અનંત તીર્થંકરો, અનંત પરમાત્માઓ, કેવળીઓ, આ પ્રતિક્રમણ, પચ્ચખાણ અને સંવરની આ વિધિ કહે છે. સમજાણું કાંઈ? એક વાત થઈ.

બીજી વાત. '**તે જ આત્મા, તે ભાવોના કાર્યભૂત...**' પુણ્ય-પાપના કાર્યભૂત તે '**ઉત્તરકર્મ...**' ભવિષ્યમાં બંધાય કર્મ. પુણ્ય-પાપના ભાવ જે ભવિષ્યના થાય એનાથી કર્મ જે બંધાય એ '(**ભવિષ્યકાળના કર્મને**) **પચખતો થકો,...**' '**તે ભાવોના કાર્યભૂત ઉત્તરકર્મને પચખતો થકો, પ્રત્યાખ્યાન છે;...**' છેને? પ્રત્યાખ્યાન પોતે છે. આહા..હા..! એ પોતે પચ્ચખાણ થયું અંદર, સ્થિરતા થઈ, વીતરાગદશા થઈ. પુણ્ય અને પાપની રાગદશા આકુળતા હતી એનાથી ખસીને આનંદની દશામાં સ્થિર થયો એ વીતરાગતા પ્રગટી ઈ પોતે પ્રત્યાખ્યાન છે. પ્રત્યાખ્યાન કોઈ ચીજ આત્માથી જુદી અને બહાર છે એમ છે નહિ. આહા..હા..! સમજાય એવું છે હોં! ભાષા તો સાદી છે, બાપા!

**શ્રોતા :-** ભાષા સાદી છે પણ ભાવ તો ઊંડા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાવ તો કીધાને, બાપા! ભાવ તો ઝીણા છે, પણ ભાષા સાદી છે. આહા..હા..!

ભગવંતસ્વરૂપ છેને પ્રભુ! આહા..હા..! વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા છે અંદર. સ્વભાવ અને શક્તિ એની વીતરાગસ્વરૂપે છે. આહા..હા..! એ પુણ્ય અને પાપના ભવિષ્યના ભાવો જે કર્મનું બંધનનું કારણ એ ભાવથી હઠીને અંદર ઠરે છે એ ભવિષ્યના કર્મથી પાછો ફર્યો તેને પચ્ચખાણ કહેવામાં આવે છે.

**શ્રોતા :-** ... પ્રતિક્રમણ અને ... પચ્ચખાણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રતિક્રમણ ભૂતનું અને ભવિષ્યનું પ્રત્યાખ્યાન. આહા..હા..! એ તો એક જ સમયે ત્રણે વાત છે. આહા..હા..! જે સમયે પુણ્ય અને પાપના ભાવથી નિવર્ત્યો તે જ સમયે પુણ્ય-પાપના કારણના કર્મથી નિવર્ત્યો એ પ્રતિક્રમણ. તે જ સમયે ભવિષ્યના પુણ્ય-પાપના ભાવથી નિવર્ત્યો અને તેથી પુણ્ય-પાપના ભાવથી બંધાતું કર્મ તેનાથી નિવર્ત્યો એ પોતે જ આત્મા પ્રતિક્રમણ છે અને પોતે જ આત્મા પચ્ચખાણ છે. આહા..હા..! આવી વાતું હવે. શું પોતે પ્રતિક્રમણ અને શું પોતે પ્રત્યાખ્યાન? એ ચારિત્રદશા થઈ અંદર. પુણ્ય-પાપ ભાવ હતો એ અચારિત્રદશા હતી. શુભ-અશુભભાવ તે અચારિત્રદશા હતી. અપ્રતિક્રમણ, અપ્રત્યાખ્યાન અને અનાલોચનાભાવ હતો, આસ્રવ હતો. આહા..હા..! એ પુણ્ય અને પાપના વર્તમાન ભાવથી નિવર્ત્યો એટલે આકુળતાથી અને અસ્થિરતાથી નિવર્ત્યો અને સ્વરૂપમાં સ્થિર થયો એ પૂર્વકર્મથી નિવર્ત્યો તે પ્રતિક્રમણ. તે જ કાળે ભવિષ્યના ભાવથી પણ નિવર્ત્યો અને ભવિષ્યના ભાવનું કારણ જે કર્મ એનાથી પણ નિવર્ત્યો અને ઠર્યો એ પોતે પચ્ચખાણ છે. આહા..હા..! કહો, સુજાનમલજી! આવી વાતું છે, બાપુ! આહા..હા..!

**'તે જ આત્મા, વર્તમાન કર્મવિપાકને પોતાથી અત્યંત ભેદપૂર્વક...'** એ જ આત્મા પ્રતિક્રમણ થયો, પ્રત્યાખ્યાન થયું તે જ આત્મા વર્તમાનમાં જે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ થાય એનાથી... છે? **'અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો,...'** એ રાગના પરિણામથી ભેદપૂર્વક આત્માને અનુભવતો. આહા..હા..! આ તો એકલા સિદ્ધાંતો છે, બાપા! આ કાંઈ વાર્તા-કથા નથી. આહા..હા..! **'અત્યંત ભેદપૂર્વક...'** જોયું! વર્તમાનમાં જે શુભભાવ થાય, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ એનાથી પણ અત્યંત નિવર્તતો. આહા..હા..! જેને દોષ કહ્યો હતો. **'આલોચના છે.'** એને સંવર કહેવામાં આવે છે. એણે આલોચ્યું, એણે જોયું કે મારું સ્વરૂપ તો આનંદ અને શાંતિ છે. એથી પુણ્ય અને પાપના ભાવથી હઠી અને અંદર ઠરે છે વર્તમાનમાં એને આલોચના કહે છે. છે તો તે તે સમયની દશા. પૂર્વની અપેક્ષાએ પ્રતિક્રમણ, ભવિષ્યની અપેક્ષાએ પ્રત્યાખ્યાન, વર્તમાનની અપેક્ષાએ સંવર. આહા..હા..! લ્યો! વિશેષ કહેવાશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૩, શનિવાર, તા. ૨૯-૧૦-૧૯૭૭, ગાથા-૩૮૩ થી ૩૮૬, પ્રવચન નં. ૪૯૩

૩૮૩-૮૪-૮૫-૮૬ છેને. એની ટીકા ફરીને. પાંચ લીટી તો આવી છે. ટીકા. શું અધિકાર છે? ચારિત્રનો અધિકાર છે. ચારિત્ર કોને હોય? જેને પહેલું આત્મદર્શન, પુણ્ય-પાપના રાગથી ભિન્ન આત્માનો સ્વભાવ અનુભવમાં આવ્યો હોય અને એમાં પ્રતીતિ થાય તેને સમ્યગ્દર્શન કહે છે અને એ આત્મા ચૈતન્ય વસ્તુ પરમસ્વભાવ એના સન્મુખ થઈને જે જ્ઞાન થાય તેને સમ્યગ્જ્ઞાન કહે છે. હવે એ દર્શન-જ્ઞાનપૂર્વક જેને ચારિત્ર હોય એ વિધિ શું એની? સમ્યગ્દર્શન-જ્ઞાન ન હોય ત્યાં ચારિત્ર હોય નહિ. એ ગમે એટલા વ્રત, તપ ને ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રત પાળે, પણ એ બધું...

**શ્રોતા :-** સંયમ તો હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અસંયમ હોય છે. એ વાતું ભાષા પાળે. સંયમ પાળો. કોને સંયમ કહેવો? સમ-યમ શબ્દ પડ્યો છે. સમ નામ સમ્યગ્દર્શનપૂર્વક યમ એને સંયમ કહીએ. ઝીણી વાત છે.

પ્રથમ તો આ આત્મા પૂર્ણ પરમ સ્વભાવભાવ તેની પ્રતીતિ અંતરમાં અનુભવ થઈને થવી અને તેનું જ્ઞાન થવું એનું નામ તો પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. એના પછી સ્વરૂપમાં ચારિત્ર એટલે રમણતા, ચરવું. આનંદ સ્વરૂપનું જે ભાન થયું એ આનંદમાં, અતીન્દ્રિય આનંદમાં રમવું, આતમરામ આત્મામાં રમે એને ચારિત્ર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ મોક્ષમાર્ગ છે. શુદ્ધરત્નત્રય એ મોક્ષમાર્ગ છે. એમાં એ રમણતા થઈને તો એ ચારિત્ર થયું. એટલે દર્શન-જ્ઞાન અને ચારિત્ર શુદ્ધરત્નત્રય તે મોક્ષમાર્ગ છે. નિયમસારમાં આવે છેને. પહેલામાં '**मग्गो मग्गफलं**'—માર્ગ અને માર્ગનું ફળ કહીશું એમ કુંદકુંદાચાર્ય કહે છે. માર્ગ શુદ્ધરત્નત્રય. એટલે કે જેને વ્યવહારરત્નત્રયની પણ અપેક્ષા નથી એવો જે નિરપેક્ષ ચૈતન્ય સ્વરૂપનો પૂર્ણાનંદની દૃષ્ટિ અંતરમાં અને એનું જ્ઞાન અને રમણતા એ નિરપેક્ષ નિશ્ચયરત્નત્રય તેને અહીંયાં મોક્ષનો માર્ગ કહે છે. આહા..હા..! આવી બધી શરતું છે. એ અહીંયાં ચારિત્રનું વ્યાખ્યાન છે. પણ એ સમ્યગ્દર્શન-જ્ઞાન થયું, હવે એને અસ્થિરતાના જે ભાવ છે, અચારિત્રના અસ્થિરતાના ભાવ એમાંથી પાછું વળવું. છે?

'**ટીકા :- જે આત્મા પુદ્‌ગલકર્મના વિપાકથી (ઉદયથી) થતા ભાવોથી...**' એટલે પુણ્ય અને પાપના ભાવ. એ '**પોતાને નિવર્તાવે છે,...**' એ પુણ્ય અને પાપના ભાવ તેનાથી આત્માને નિવર્તાવે છે. અહીંયાં આત્મા આખો પરિપૂર્ણ સ્વભાવ છે એનો આશ્રય લઈને

આ પુણ્ય અને પાપના ભાવ જે કર્મના વિપાકથી થતા, તેનાથી નિવર્તાવે છે. **'તે આત્મા તે ભાવોના કારણભૂત...'** તે આત્મા તે ભાવ પુણ્ય-પાપના કારણભૂત **'પૂર્વકર્મને (ભૂતકાળના કર્મને) પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે;...'** સ્વયં પ્રતિક્રમણરૂપ થયો એમ કહે છે અહીં. વ્યવહારમાં પ્રતિક્રમણની વ્યાખ્યા આવશે ભાવાર્થમાં. આ તો સ્વયં પૂર્વના કર્મના નિમિત્તથી થયેલા ભાવો એનાથી નિવર્ત્યો છે તે પૂર્વના કર્મથી નિવર્તીને સ્વયં રાગના અભાવસ્વભાવરૂપ પ્રતિક્રમણમય પોતે થયો. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? **'પોતે જ પ્રતિક્રમણ છે;...'** એમ છે અહીં શબ્દ. આ નિશ્ચયની વાત છેને. આહા..હા..! સ્વરૂપની દૃષ્ટિ અને સ્વરૂપનું જ્ઞાન તો છે પણ હવે જે અસ્થિરતાના ભાવો જે અચારિત્રના ભાવ હતા તેનાથી નિવર્તાવે છે જીવને અને સ્વભાવમાં રમણતામાં પ્રવર્તાવે છે તે ભાવના કારણરૂપ પૂર્વના કર્મ તેનાથી નિવર્ત્યો એમ કહેવામાં આવે છે. એનાથી પ્રતિક્રમણ કર્યું એમ કહેવાય છે. આવી વાતું! આ વાત આવી ગઈ છે કાલે.

**'તે જ આત્મા, તે ભાવોના કાર્યભૂત ઉત્તરકર્મને (ભવિષ્યકાળના કર્મને)...'** પુણ્ય-પાપના ભાવને જે નિવર્તે છે અંદરથી. આહા..હા..! શુભ-અશુભ જે ભાવ એનાથી પાછો વળે છે અને આત્મારૂપે, પચ્ચખાણરૂપે જ્ઞાનની પરિણતિ પચ્ચખાણરૂપે પરિણમી જાય છે, જ્ઞાન-જ્ઞાનરૂપે ઠરે છે તેને ભવિષ્ય કાળના ભાવનું કારણ જે કર્મ એનાથી નિવર્ત્યો અને તે પચ્ચખાણરૂપે થયો, આત્મા જ થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..! **'પ્રત્યાખ્યાન છે;...'**

**'તે જ આત્મા, વર્તમાન કર્મવિપાકને પોતાથી અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો,...'** વર્તમાનમાં રાગ અને પુણ્ય-પાપના ભાવથી એકતાબુદ્ધિ તો તૂટી ગઈ છે અને એટલી સ્વભાવની એકતા દર્શન-જ્ઞાનની તો થઈ છે. સ્વરૂપ આચરણની સ્થિરતા પણ થઈ છે. હવે તે ઉપરાંત અસ્થિરતાના જે પુણ્ય-પાપના ભાવ... છેને? વર્તમાન એનાથી નિવર્તે અને એનાથી નિવર્ત્યો એટલે સ્વરૂપમાં સંવરરૂપે સ્થિર થયો. આત્મામાં સંવરરૂપે અનાકુળ આનંદની પરિણતિરૂપે થયો એને અહીંયાં સંવર અને આલોચના કહેવામાં આવે છે. આહા..હા..! આવી વ્યાખ્યા છે. આવો માર્ગ છે. ચોર્યાસી લાખના અવતારમાં રઝળી એ દુઃખી થયો છે દુઃખી. એને દુઃખથી મુક્ત થવાનો પંથ આ છે.

એ પુણ્ય અને પાપના ભાવ બેય દુઃખરૂપ છે. 'દુઃખરૂપ હું નહિ અને આનંદરૂપ છું' એવું ભાન થયું છે. છતાં હજી પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ છે. એને પૂર્વના ભાવના દુઃખના કારણરૂપ કર્મથી નિવર્ત્યો, એટલે વર્તમાન ભાવથી નિવર્ત્યો એ પૂર્વના કર્મથી નિવર્ત્યો એ પ્રતિક્રમણરૂપ થયો. ભવિષ્યના પુણ્ય-પાપથી નિવર્ત્યો એ પુણ્ય-પાપના કારણરૂપ કર્મથી નિવર્ત્યો એ પચ્ચખાણરૂપ થયો અને વર્તમાનમાં પુણ્ય-પાપના ભાવથી નિવર્ત્યો તો તેના નિમિત્તરૂપે કર્મ છે એનાથી નિવર્ત્યો તે સંવરરૂપ થયો. બહુ આ તો ધ્યાન રાખે તો સમજાય એવું

છે. એ બધા નામાના ચોપડા-બોપડા લખ્યા હશે તે. આહા..હા..! બહુ ઝીણી વાતું, બાપુ! આહા..હા..! જન્મ-મરણ કરી કરીને હોથા નીકળી ગયા છે, ભાઈ! આહા..હા..! એ દુઃખથી મુક્ત થવા ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ, અનાકુળ આનંદનો કંદ આત્મા, એને પુણ્ય-પાપના અચારિત્રના દોષથી પાછો વાળીને ઠરવું, પછી ત્રણે કાળની અપેક્ષા લીધી. એક વર્તમાન એનાથી ખસ્યો તો ભવિષ્ય અને ભૂતમાંથી ખસ્યો એમ અહીંયાં કહેવામાં આવે છે. આહા..હા..! આ ચારિત્રની આ વિધિ. આહા..હા..! નગ્ન થયા અને અઠ્યાવીશ મૂળગુળ પાળે અને પંચમહાવ્રત પાળે માટે ચારિત્ર છે એમ નથી. એ ચારિત્ર જ નથી.

**શ્રોતા :-** ચરણાનુયોગમાં બધું આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો પછી આવશે. નિશ્ચય હોય છે ત્યાં એવો વિકલ્પ હોય એ આત્મારૂપ થયો એમ ન હોય, પણ પરથી નિવર્ત્યો એવો વિકલ્પ હોય એમ આવશે હમણાં ભાવાર્થમાં. આ તો આત્મારૂપ થયો એ વાત અહીં અત્યારે છે. પછી આવશે. ત્યાં તો વ્યવહારમાં તો આવશે ભાવાર્થમાં કે એનાથી નિવર્તે. બસ એટલી વાત. આત્મારૂપ થયો એમ નહિ. પાપના પરિણામથી નિવર્તે એ પ્રતિક્રમણ વ્યવહાર, પાપના પરિણામ ભવિષ્યથી નિવર્તે એ વ્યવહાર પચ્ચખાણ અને વર્તમાનના પાપ પરિણામથી નિવર્તે એ વ્યવહાર આલોચના-વ્યવહાર સંવર. પણ એ તો વર્તમાન પૂરતું પાપના પરિણામથી નિવર્ત્યો, પણ આત્મારૂપ હજી એ રૂપે થયો નહિ. આહા..હા..! અને અહીંયાં તો આત્મા એ રૂપે થઈ ગયો. શુભાશુભ ભાવના ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાળના પરિણામથી ભિન્ન પડી અને પ્રવૃત્તિ આનંદના સ્વરૂપમાં રમણતાની ઝમવટ જામી એને અહીંયાં નિશ્ચય પ્રતિક્રમણ, પડિકમણું, પચ્ચખાણ અને સંવર એટલે ચારિત્ર એને કહેવામાં આવે છે. આવી વાતું છે. આહા..હા..! લોકો એ રાડું પાડે કે એય..! ત્યાં તો નિશ્ચય-નિશ્ચય. પણ નિશ્ચય એ જ સાચું. અને નિશ્ચય પછી એને જરી વ્યવહાર આવે એ બંધનું કારણ આવે વચમાં. પણ નિશ્ચય જ્યાં નથી ત્યાં એ વ્યવહારથી નિશ્ચય થાય એ વાત તો ત્રણે કાળમાં સત્ય નથી. આહા..હા..!

અહીંયાં તો નિશ્ચય જ્યાં સત્ય, ભગવાન પરમ પરમાનંદસ્વરૂપ સત્ય, સત્યનો સાહેબો પોતે પ્રભુ, એનો સ્વામી પોતે છે. અતીન્દ્રિય આનંદનો સ્વામી ભગવાન, પૂર્ણ આનંદનો સ્વામી એને રાગથી એકતા તોડીને સ્વભાવની એકતા કરી એટલી તો આત્મપરિણતિ નિર્મળ થઈ. પણ હવે પુણ્ય અને પાપના ભાવ જે અસ્થિર હતા એનાથી નિવર્તે અને એમાં સ્થિરતામાં જામે આત્મામાં એ આત્મા પોતે ચારિત્રરૂપ થાય એને ચારિત્ર કહેવામાં આવે છે. આહા..હા..! આવું છે. ધીમે-ધીમે સમજવું ભાઈ આ તો. અનંતકાળમાં એ સત્યને સમજ્યો જ નથી. આહા..હા..! સત્ય સ્વરૂપ અંદર નિર્વિકલ્પ પ્રભુ જેમાં પ્રતિક્રમણ કરવું અને પ્રત્યાખ્યાન કરવું એવો જે વિકલ્પ પણ રાગ છે એ પણ સ્વરૂપમાં નથી. એવા સ્વરૂપનો આશ્રય લઈ અને રાગની એકતા જેણે તોડી છે એ જીવને રાગથી હવે નિવૃત્તિ થાય અને વીતરાગ સ્વભાવમાં

વીતરાગતાની પરિણતિ પ્રગટે એને અહીંયાં ચારિત્ર અથવા પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને સંવર આત્મા તે રૂપે થયો માટે તેને ચારિત્ર કહેવામાં આવે છે. કહો, શાંતિભાઈ! ઓલા બહારના પડિકમણા કેટલાય કર્યા હશે. ભાઈ પોપટભાઈને પૂછયું હતું કે અમે કર્યા હતા હિંમતભાઈની સાથે બહુ. પોપટભાઈ એમ કહેતા, નહિ? અમે ત્યાં દુકાન ઉપર કરતા. પડિકમણું કરીએ. પર્યુષણ હોં આઠ દિ'. પછી કાંઈ નહિ. આઠ દિ' કરીએ સાંજે પડિકમણા બધા ભેગા થઈએ. પડિક્કમણું હું કરાવતો. મોઢે કરેલું તે દિ'. આ તો ૬૫-૬૬ની વાત છે. ૧૯૬૫-૬૬. પણ ગડીયા બધા. આ મિચ્છામી દુક્કડમ, થઈ રહ્યું જાવ થઈ ગયું.

**શ્રોતા :-** એ તો સમજાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ મિચ્છામી કોને કહેવું? જે પુણ્ય અને પાપ સ્વરૂપમાં નથી તે જૂઠાં છે અને તે દુષ્કૃત છે એનાથી પાછું વળવું એનું નામ પ્રતિક્રમણ ને ચારિત્ર ને ધર્મ છે. હજી પુણ્ય અને પાપ સારા છે, સાચા છે, મારા છે એમ માન્યું ત્યાં મિચ્છામી દુક્કડમ ક્યાં આવ્યું? સમજાણું કાંઈ? આહા..હા..!

**'અત્યંત ભેદપૂર્વક...'** અત્યંત ભેદપૂર્વક શું કહે છે ઈ? વર્તમાનમાં જે કાંઈ પુણ્ય અને પાપના ભાવ (થાય) એનું કારણ કર્મ છે અને એનાથી થાય. આત્મા એનું કારણ છે નહિ એમ અહીં સિદ્ધ કરવું છે. કર્મના કારણના નિમિત્તના લક્ષે જે પુણ્ય અને પાપના ભાવ થાય એ વર્તમાનમાં તેનાથી અત્યંત ભેદ કરી, અત્યંત જુદો પાડી. આહા..હા..! આ વર્તમાન સંવર—આલોચના કીધી. **'અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો, આલોચના છે.'** અહીં સુધી કાલે આવ્યું છે.

આ શાસ્ત્ર આવા પડ્યા છે મીઠા મધુરા. આહા..હા..! એને વાંચવાનો પણ વખત ન મળે. એને વાંચે, વિચારે, સંસ્કાર નાખેને. ભલે સમ્યગ્દર્શન ન થાય, પણ એના સંસ્કાર નાખીને પુણ્યબંધ કરે તોપણ એ સ્વર્ગમાં કે સારા મનુષ્યપણામાં જાય. સમજાણું કાંઈ? આહા..હા..! એને બે-ચાર કલાક, પાંચ કલાક એનો વિચાર, મંથન, મનન, આ શું છે? એવી રાગથી ભિન્ન પડવાના સંસ્કાર નાખે અને સાથે ભિન્ન પડવાનું પુણ્ય પણ છે જરી શુભભાવ તો સાથે છે, એ જીવ ભલે સમ્યગ્દર્શન ન પામે, તોપણ એ સ્વર્ગમાં કે સારા મનુષ્યભવમાં જઈ ત્યાં પામશે. આહા..હા..! એ પામશે જ એમ અહીં તો વાત છે. અહીં ન પામેની વાત છે નહિ. અહીં તો એક જ વાત છે, અપ્રતિહતની વાત છે. અંદર સંસ્કાર પણ એવા નાખવા. આહા..હા..!

સવારમાં કહ્યું હતું વાણિયાનું. પણ એ વાણિયા કોણ? જેણે હજી સંસ્કાર નાખ્યા નથી, જેને હજી પુણ્યભાવ એવો છે જ નહિ, એવા પાપમાં પડ્યા છે એ મરીને પશુ આદિ થાય. પણ આવી વાત જેણે બે-ચાર કલાક દરરોજ સાંભળી છે એણે સંસ્કાર નાખ્યા છે અંદર કે આ રાગ નહિ.. આ નહિ... આ નહિ... અંદર ચિદાનંદ ભગવાન તે આ. આહા..હા..!

એના સંસ્કાર હંમેશા પડે. જેમ નવું કોડીયું હોયને કોડીયું શું કહેવાય? શકોરુ, પાણીનું શકોરું હોયને માટીનું. નવું હોય તો ટીપા પડે એ ચુસાઈ જાય, પણ ચુસાઈ જાય છતાં વધતા વધતા જ્યારે ઉપર વધે ત્યારે ઓલા ચુસાઈ ગયેલા ઉપર ઉપર આવે વધે. એમ આત્મામાં એ સંસ્કાર રાગથી ભિન્ન છું, ત્રણે કાળે ત્રણ લોકમાં. પુણ્યના પરિણામને અને મારે કાંઈ સંબંધ નથી. એવા જ્ઞાનના અવગ્રહ, ઈહા, અવાય ધારણાથી સંસ્કાર કરે, તોપણ એ આગળ વધીને કાં સ્વર્ગમાં જાય અને કાં મનુષ્યમાં મહાવિદેહમાં પરમાત્મા બિરાજે ત્યાં જન્મશે. સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાત છે. આવો માર્ગ! આહા..હા..! જેને અંતરના સંસ્કારમાં એ વાત બેસે એને પુણ્ય પણ ગૌણ થઈ જાય. સમજાય છે કાંઈ? એવા જીવો નરક અને પશુમાં ન જાય. આહા..હા..! એવા જીવોને તો મનુષ્યપણું કાં સારું મનુષ્યપણું પામે કાં મહાવિદેહમાં ભગવાનનો યોગ હોય, કાં સ્વર્ગમાં જાય. ત્યાં પછી ભગવાન પાસે જાય એવા સંસ્કાર થાય. આહા..હા..! આવી વાત છે.

'**એ રીતે...**' હવે ... ચાલે છે. '**તે આત્મા સદા પ્રતિક્રમતો...**' એ ચોથી ગાથા છે. ત્રણ ગાથાના અર્થ થયા. આ ચોથી ગાથાનો આ અર્થ છે. ચાર ગાથા છેને? ત્રણની વાત કરી. પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચના. હવે કહે છે કે ચોથી ગાથામાં શું? કે '**એ રીતે તે આત્મા સદા પ્રતિક્રમતો...**' આવે છેને? '**णिच्चं पच्चक्खाणं कुव्वदि**' ચોથી ગાથા છે. આહા..હા..! આવો જે ધર્માત્મા એ તો નિત્ય પચ્ચખાણ કરે છે. આહા..હા..! સદાય એને આત્માની ચારિત્રદશા વર્તે છે રમણતા એથી તે સદાય પચ્ચખાણમાં જ છે. આહા..હા..! ઓહો..! વાત પણ કેવી કરી જુઓને! પહેલાં ત્રણ વાત કરી અને ચોથી ગાથામાં (આ વાત કરે છે). એ વાંચ્યું ત્યાં સુધી ત્રણ ગાથાનો અર્થ થયો. હવે અહીંથી આ ચોથો છે હવે.

'**આ રીતે તે આત્મા,...**' તે આત્મા એમ. '**સદા પ્રતિક્રમતો...**' આહા..હા..! એને સદાય પુણ્ય અને પાપના ભાવથી પાછો ફરેલો સદાય સ્વરૂપમાં પ્રત્યાખ્યાનરૂપે પરિણમતો. આહા..હા..! '**(અર્થાત્ પ્રતિક્રમણ કરતો) થકો,...**' પહેલું પ્રતિક્રમણ છેને? અને '**સદા પચખતો...**' આહા..હા..! આ ચોથી ગાથાનો અર્થ છે. એ નિરંતર ચારિત્રદશા જેને અંતર વર્તે છે એ તો નિરંતર પચ્ચખાણમાં જ છે, નિરંતર પ્રતિક્રમણમાં જ છે, પાછો ફરેલો એમાં ઠરેલો જ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? '**અને સદા આલોચતો થકો,...**' ત્રણે સદાય નાખ્યું હવે. ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એની જ્યાં દૃષ્ટિ અને જ્ઞાન થયા, હવે એ ત્રણે કાળના પુણ્ય-પાપના ભાવને ત્યાંથી હઠી અને સ્વરૂપમાં ઠરે છે તેને સદાય પ્રતિક્રમણ છે, સદાય પચ્ચખાણ છે અને સદાય સંવર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા જરી સાદી છે, ભાવ તો બહુ ઊંચા છે. આવું છે, બાપા! આહા..હા..!

આ જુઓને સાંભળીએ છીએ કે હાર્ટફેઈલ થઈ ગયું, ફલાણું થઈ ગયું, ઢીંકણું થઈ ગયું.

ઓલા આવતા બિચારા નહિ એક તમારા? કપુરભાઈ અહીં બેસતા. હળવે-હળવે. એ ગુજરી ગયા લ્યો. કાંઈક થયું હશે. શરીર મોળું તો હતું બેસતા બિચારા આવીને. એના ઓલા રહેતા એ હતાને આપણે ચીમનભાઈને? ગયા? હાર્ટફેઈલ. ૭૮ વર્ષનું કોક કહેતું હતું. શાહુજીના ૬૬ વર્ષ. આહા..હા..! ૪૦-૪૦ વર્ષના, ૩૦-૩૦ વર્ષના. એક તો છોકરો નાનો ૮-૧૦ વર્ષનો એને હાર્ટફેઈલ થઈ ગયું. આહા..હા..! કોણ જાણે શું થાતું હશે? આયુષ્ય પૂરું થાયને અંદર. એ જામનગરનો છોકરો હતો. શિહોરમાં ભણતો. ભણવા ગયો અને જ્યાં નિશાળના પગથિયા ચડતો હતો ત્યાં હાર્ટ બંધ થઈ ગયું. આપણે અહીં શું કહેવાય? બોર્ડિંગ. બોર્ડિંગમાં એક છોકરો હતો. જોયો હતો અહીં આવતો બિચારો. અહીં દુઃખે-દુઃખે છે એમ કરતો હતો. એ પણ જરી ત્યાં બોર્ડિંગ છેને. અત્યારે આપણે બોર્ડિંગ ફરી ગઈ. પહેલા ઓલી કોર બોર્ડિંગ હતી. પોસ્ટ ઓફીસે. એ નીચે ઉતરતો હતો, પેશાબ કરવા જતો હતો ત્યાં હાર્ટફેઈલ થઈ ગયું. બોર્ડિંગનો છોકરો. એ ક્યાં એમ છે કે મોટી ઉંમરે જ થાય. આહા..હા..! અહીં મરી ગયો. એ છોકરો આવતો દર્શન કરવા. દુઃખે છે, અહીં દુઃખે છે એમ કહેતો. ચાલી શકતો નથી. અહીં દુઃખે છે એમ કહેતો. જુવાન હતો ૧૫-૧૬ વર્ષનો. એની ઉંમરની સ્થિતિ જ્યાં દેહની પડવાની છે એને પછી જુવાન હોય કે વૃદ્ધ હોય એની સાથે શું સંબંધ છે?

**શ્રોતા :-** ...મોરેનાવાળા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, મોરેનાવાળા. એ પણ એમ થઈ ગયું તમારે. શેઠના મકાનમાં. હવે જુવાન માણસ. અહીં બેસતા. આહા..હા..! અહીં મોઢા આગળ બેસતા અહીં. નામ શું? કૈલાસચંદજી. મોરેના હતાને, અહીં તો શેઠની સાથે રહેતા. અહીં બેસતા બિચારા. આહા..હા..! હાર્ટફેઈલ ઉડી ગયું. આ તો પર, જડ, માટી, ધૂળ કોકની ચીજ છે. એ મુદત આવી એટલે પૂરી થઈને ચાલ્યો જશે ફડાક દઈને. એ ઘડો ફૂટી જશે. આહા..હા..! એને કાંઈ વાટ જોવાની નહિ રહે ફલાણો ડૉક્ટર આવે અને ફલાણો ભાઈ આવે તો જ રહે. છોકરો દુકાને છે એ અહીં આવે તો દેહ છૂટશે. એવું છે? આહા..હા..! છૂટી ચીજ છે એને છૂટવું એમાં એને શું પણ? આહા..હા..! અહીં તો હજી છૂટી ચીજની તો વાત નહિ, હવે અંદર જે પુણ્ય-પાપના ભાવ છે એનાથી પાછું ફરીને સ્વરૂપમાં રમવું એનું નામ ધર્મની દશા-ચારિત્રની દશા કહેવાય છે. આહા..હા..! એ છે?

**'સદા પચખતો અને સદા આલોચતો થકો, પૂર્વકર્મના કાર્યરૂપ...'** પૂર્વકર્મનું કાર્ય શું? પુણ્ય અને પાપ થવું તે. **'અને ઉત્તરકર્મના કારણરૂપ...'** ભવિષ્યના કર્મો-કારણ એ પણ પુણ્ય અને પાપ. એ પચ્ચખાણ. એવા **'ભાવોથી અત્યંત નિવૃત્ત થયો થકો,...'** આહા..હા..! **'પૂર્વકર્મના કાર્યરૂપ...'** એટલે? પૂર્વ જે કર્મ છે એનું અહીં કાર્ય આવ્યું પુણ્ય અને પાપ એ પૂર્વકર્મનું કાર્ય કહેવાય છે. એ કાંઈ સ્વભાવનું કાર્ય નથી. આહા..હા..! એમાંથી પાછો વળ્યો છે. ભવિષ્યનું જે પુણ્ય-પાપ છે એનું કાર્ય કર્મ છે, એનાથી પાછો વળ્યો છે.

છેને? '**ઉત્તરકર્મના કારણરૂપ ભાવોથી...**' ઉત્તરકર્મ જે ભવિષ્યમાં બંધાવાનું હોય એનું કારણ જે પુણ્ય-પાપ એનાથી અત્યંત નિવૃત્ત થયો થકો. આહા..હા..! સંતોની, દિગંબર મુનિઓની વાણી બહું ટૂંકી અને મોટી મહા રામબાણની વાત છે. આહા..હા..! અરે! એને પહેલો જાણે તો ખરો, એનો નિર્ણય તો કરે કે માર્ગ તો આ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વર્તમાન કર્મવિપાકને પોતાથી અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો,...**' ત્રીજી વાત લીધી. '**પોતામાં જ જ્ઞાનસ્વભાવમાં જ—નિરંતર ચરતો...**' જોયું! નિશ્ચય છેને? '**પોતામાં જ જ્ઞાનસ્વભાવમાં જ...**' જાણવાનો સ્વભાવ. આહા..હા..! ખરેખર તો આ જેના સ્વભાવમાં જણાય છે તે ચેતન છે. આ બધું આ... આ... આ.. એમ જણાય છે જેની સત્તામાં એ ચેતનની સત્તામાં જણાય છે અને ખરેખર જાણે છે એ પણ ચૈતન્ય સત્તાને જ જાણે છે. સમજાણું કાંઈ? આ છે... આ છે... આ છે... આ છે... આ છે... એ કોની સત્તામાં જાણ્યું? એની તો એને ખબર નથી. આને ખબર છે ચૈતન્યને કે આ શરીર છે, આ વાણી છે, આ પૈસા છે, આ ધૂળ છે, આ મકાન છે. જેની સત્તાના હોવાપણામાં જણાણું તે ચૈતન્ય સત્તા તે આત્મા છે. અને ખરેખર તો જેની સત્તામાં જણાણું, પણ જેને જાણ્યું એ પણ ચૈતન્યની પર્યાય જ છે. આહા..હા..! પરને જાણ્યું નથી. એવી વાત છે. એ તો આવી ગયુંને ભાઈ આપણે જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા. કળશમાં આવી ગયું ઈ. આહા..હા..!

જ્યાં હોય ત્યાં ભગવાન ચેતના, ચેતન... ચેતન... ચેતન... ચેતન... એના અસ્તિત્વમાં, એના સંબંધમાં, એની હયાતીમાં આ છે એવું જણાય છે. એક. એટલે જાણનારો ચૈતન્ય છે તે જણાય છે અને એ જાણનારો જાણે છે તે આત્મા છે. હવે એ જાણનારો જણાય છે પર્યાયમાં એ આત્મા છે. પર જાણતું નથી. પરસંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં થાય તેને જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેની સત્તા હોવાપણામાં આ છે એમ જણાય. લોકાલોક કે ભગવાન કે નિગોદના જીવ કે શરીર કે બાયડી-છોકરા કે ધંધો એ બધું જેની સત્તામાં જણાય છે એ સત્તા ચૈતન્યસત્તા છે. જેની સત્તામાં જણાય છે એ ચૈતન્ય અને જે પરને જાણે છે એ પણ પર્યાય પોતાની છે એને એ જાણે છે. આહા..હા..! જાણનારો પણ એ અને જણાય પણ એ. આકરી વાત છે. આવું છે.

એવો '**જ્ઞાનસ્વભાવમાં જ...**' જોયું! પોતામાં જ એટલે કે. એમ. પોતામાં સ્વયં પોતામાં એટલે કે '**જ્ઞાનસ્વભાવમાં જ—નિરંતર ચરતો (વિચરતો, આચરણ કરતો) હોવાથી ચારિત્ર છે...**' આહા..હા..! જેની હયાતીમાં જણાય છે તે ચેતન છે અને જે જણાય છે એ પણ ચેતન જ જણાય છે. પર શરીરની, વાણી-બાણી એમ કહેવું એ તો વ્યવહાર છે. આહા..હા..! એવું જાણનારો જાણનારમાં જાણે છે, એમાં ઠરે છે એનું નામ ચારિત્ર છે. કહો, શાંતિભાઈ! આવી વાતું છે, બાપુ! આહા..હા..! ઓલું નથી આવતું ઊર્ધ્વસભા? ઊર્ધ્વસભા આવે છે, શ્રીમદ્‌માં નથી આવતું? 'સમતા રમતા ઊર્ધ્વતા જ્ઞાયકતા સુખભાસ,

વેદકતા રમતા યે સબ જીવ વિલાસ.' એમાં એ લીધું છે ઊર્ધ્વતા. કોઈપણ જાણવામાં જાણનારની મુખ્યતા વિના તે જણાય નહિ. આહા..હા..! કોઈપણ વખતે જાણવાની દશામાં જાણનારની સત્તા વિના, મુખ્યતા વિના જણાય નહિ. એ જ્ઞેયને જાણતો નથી, જ્ઞાનની સત્તાને જ્ઞાન જાણે છે. આહા..હા..! અરે! આવો ભગવાન.

એવા આત્માને પહેલો નિર્ણય તો કર્યો સમ્યક્માં. પછી પાછળથી સદાય... ત્રણ ભંગથી વાત કરી. વર્તમાન, ભવિષ્ય અને પૂર્વ એની વાત કરી, પણ એ ત્રણેમાં પરિણમન તો ચારિત્રનું એકાકાર સદા પોતે પરિણમી રહ્યો છે, બસ. એને આ વ્યવહારના પ્રતિક્રમણનો વિકલ્પ ઉઠે એ પણ બધું દોષમાં જાય છે. આહા..હા..! એ આવ્યું હતું નહિ? એમાં આવ્યું હતુંને. '**तं दोसं जो चेददि सो खलु आलोयणं**' ત્રીજી ગાથા હતી. છે? '**तं दोसं जो चेददि**' ત્રીજી ગાથા છે. આહા..હા..! આ વાત આકરી પડે છે લોકોને. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના વર્તમાન ભાવ એ દોષ છે. અરેરે! આવી વાત કેમ બેસે? ભગવાન આત્મા જિનેન્દ્ર ત્રિલોકનાથ પરમાત્માના શ્રીમુખે દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. આહા..હા..! પ્રભુ! તું કોણ છો? તું તો ચેતનારો-જાણનારો છો. કોને? તને. આહા..હા..! એવું ભાન થઈને પછી ઠરે છે એનું નામ ચારિત્ર અને એનું નામ મોક્ષનો માર્ગ. મુખ્ય ચારિત્ર તે મોક્ષનો માર્ગ છેને? સમ્યગ્દર્શન તો કારણ છે એનું. આહા..હા..!

અહીં તો ખૂબી શું કરી છે? કે ત્રણ ગાથા કહી અને પછી સદા પ્રતિક્રમતો, સદા પચ્ચખાણરૂપે રહેતો અને સદાય આલોચનારૂપે થતો. આહા..હા..! એ તો પહેલા ભેદથી સમજાવ્યું. છે તો એક સમયમાં એ ત્રણેય. પૂર્વકર્મના કારણથી પાછું ફરવું એટલે પુણ્ય-પાપથી પાછું ફરવું, ભવિષ્યના ભાવથી જે કાર્ય થવાનું કર્મ એનાથી પણ પાછું ફરવું, વર્તમાન કર્મના નિમિત્તે જે થતાં વિકાર એનાથી પાછું ફરવું તો કર્મથી પાછું ફરવું. આહા..હા..! અને અકર્મસ્વરૂપ એવો ભગવાન જ્ઞાનસ્વરૂપ. અકર્મસ્વરૂપ એટલે ભગવાન જ્ઞાનસ્વરૂપ. એમ કહ્યુંને જુઓને. '**પોતામાં જ—જ્ઞાનસ્વભાવમાં જ—**' આહા..હા..! એ અકર્મસ્વભાવ છે. પુણ્ય-પાપના ભાવ એ કર્મસ્વભાવ છે. કેમકે કર્મના કારણથી ઉત્પન્ન થયા છે અને ભવિષ્યના ભાવ કરે તો કર્મ બંધાય એનું એ કાર્ય છે. આહા..હા..! અરે..! આવી વાતું હવે. માર્ગ તો બાપુ,... જિનેન્દ્રદેવ પરમેશ્વર ત્રિલોકનાથ અને તે પણ એક આ સ્થિતિ દિગંબર ધર્મ સિવાય આ રીત અને વિધિ ક્યાંય છે નહિ. સનાતન જૈનધર્મ. આહા..હા..! સમજાણું કાંઈ? લોકોને દુઃખ લાગે વાડાને. સંપ્રદાયમાં વાતું એવી આવે. આમાં .. હમણા આવી છે. શ્વેતાંબર અને દિગંબરમાં થોડો ફેર. મૂળમાં કાંઈ ફેર નથી એમ કહે છે. આહા..હા..! અરે! ભગવાન! બાપુ! બહુ ફેર છે ભાઈ! આ તો તારા હિતને માટે વાત છે. આહા..હા..!

સંતોની વાણી તો જુઓ, એક એક શ્લોકમાં કેટલું ભર્યું છે! આહા..હા..! વર્તમાન પુણ્ય-પાપના ભાવથી પાછો ફરતા પૂર્વ કર્મથી પાછો ફર્યો એ પ્રતિક્રમણ. ભવિષ્યના પુણ્ય-પાપથી

પાછો ફર્યો તો પુણ્ય-પાપનું કાર્ય જે કર્મ એનાથી પાછો ફર્યો અને વર્તમાનમાં જે પુણ્ય-પાપનું કારણ, કર્મના પાકથી થયા ભાવ એનાથી પાછો ફર્યો એ કર્મથી પાછો ફર્યો. એ સદાય પ્રતિક્રમણ, સદાય પચ્ચખાણ અને સદાય સંવરમાં વર્તે છે. આહા..હા..! સમજાય છે? ભાષા તો સાદી, ભાઈ! ભાવ તો છે ઈ છે. એમાં કુંદકુંદાચાર્ય આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય. આ કુંદકુંદાચાર્ય છે, આ અમૃતચંદ્રાચાર્ય છે. અરે! નિયમસાર પદ્મપ્રભમલધારીદેવ. આહા..હા..! ઝીણી વાત. કેટલી વાત છે એમાં જુઓ.

એને તો પહેલું નથી કહેતા? અમારા જેવા બુધને હું કેમ નમું? પહેલો શ્લોક છેને ભાઈ? આહા..હા..! નહિતર પોતે તો મુનિ છે, પણ એમ કહે છે, હું છદ્મસ્થ છું અને ઓલા બધા છે એ સમજવા જેવા છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને બુધ. આહા..હા..! એને હું પ્રભુ કેમ નમું? આહા..હા..! તમે તો રાગને દ્વેષને જીતી સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મદશા પ્રગટ કરી છે. પ્રત્યક્ષ અમારી નજરમાં એ વાત બેસે છે. આહા..હા..! અમે તમને નમસ્કાર કરીએ પ્રભુ! બીજાને અમે નમસ્કાર નહીં કરીએ. આહા..હા..! પછી તો ચારેય બોલ એમાં ઉતાર્યા છેને. બુધ આ, બ્રહ્મા આ, વિષ્ણુ આ, મહેશ આ એમ ઉતાર્યું છે. આહા..હા..! બહુ સરસ ટીકા. એ પદ્મપ્રભમલધારીદેવ. દિગંબર સંત એમની ટીકા. અરેરે! અમારું મન હમણાં આગમના રહસ્યને બહાર પ્રગટ કરવામાં વિકલ્પ ઉઠ્યા કરે છે એથી આ ટીકાની રચના થાય છે. આહા..હા..! શૈલી તો જુઓ! અમારા મનમાં એમ છેને ભાઈ એમાં? અમારું મન ત્યાં પ્રેરાય છે કે આ શાસ્ત્રની ટીકા થાય છે, સ્પષ્ટીકરણ થાય. વારંવાર અમારું વિકલ્પમાં મન જાય છે એથી આ ટીકા થાય છે. આહા..હા..! ગજબ વાત છે! દિગંબર સંતો અલૌકિક વાતું છે!! આહા..હા..! એ એકલું નગ્નપણું અને પંચમહાવ્રત એ કાંઈ દિગંબરપણું નથી.

અંતરમાં નગ્ન નામ વિકલ્પથી રહિત નિર્વિકલ્પ આનંદનો નાથ એના અંદરમાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા (થાય) તેનું નામ દિગંબર કહેવામાં આવે છે. આહા..હા..! એ નાગા તે બાદશાહથી આઘા. જેને સમાજની પણ પડી નથી કે હું આવી આકરી વાત કરીશ અને સમાજ સમતોલે રહેશે કે નહિ? બેસશે કે નહિ? દુનિયા દુનિયાની જાણે, માર્ગ તો છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! જુઓને! આત્મા એ રૂપે થાય તેને ચારિત્ર કહે છે. સમાજ તોળી શકે કે ન તોળી શકે એ સમાજ જાણે. આહા..હા..!

'**પોતામાં જ—જ્ઞાનસ્વભાવમાં જ—નિરંતર...**' ઓલું સદા છેને? સદા હતુંને? '**નિરંતર ચરતો...**' ચરતો અંદર આનંદમાં ચરતો. આહા..હા..! ઢોર, પશુ જેમ ઘાસ ચરે ઘાસ, એમ મુનિ પોતાના આનંદને ચરે છે અંદર. આહા..હા..! પશુ જેમ લીલા ઘાસ ચરેને. એમ મુનિઓ આનંદના રમણતામાં આનંદને ચરે છે, એ આનંદના ભોજન કરે છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદના ભોજન કરે છે એનું નામ ચારિત્ર કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમાં દુઃખ અને આકુળતાની ગંધ નથી. સુખ અને અનાકુળતાના ઢગ વહે છે. દરિયામાંથી

જેમ ભરતી આવે કાંઠે, એમ ચારિત્રવંતને પર્યાયને કાંઠે અતીન્દ્રિય આનંદની ભરતી હિલોળા આવે છે. આહા..હા..! કોઈ કહે કે અરેરે! ચારિત્રવંત તો બહુ દુઃખી છે, આ પરિષહ સહન કરવા. એ વાત નથી, બાપુ! તને ખબર નથી. ચારિત્ર એને ન કહીએ. દુઃખ લાગે એ તો રાગ છે. આહા..હા..! એ તો આનંદમાં, મોજમાં રમે છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદમાં રમે છે. આહા..હા..! એને અહીંયાં ચારિત્ર કહીએ. છે?

**'નિરંતર ચરતો હોવાથી ચારિત્ર છે...'** આહા..હા..! જેમાં વ્યવહારરત્નત્રયના વિકલ્પની પણ અપેક્ષા નથી. પોતાના સ્વરૂપમાં આનંદમાં રમે છે આહા..હા..! એનું નામ ચારિત્ર અને એનું નામ મોક્ષનો માર્ગ છે. આહા..હા..! આવું (સાંભળતા) ઘણાને દુઃખ લાગે છે કે આ સોનગઢવાળા નિશ્ચયની વાત કરે છે અને વ્યવહારથી થાય એ વાત કરતા નથી. બાપુ! વ્યવહાર હોય, પણ વ્યવહાર બંધનું કારણ છે. જ્યાં સુધી સ્વરૂપની દૃષ્ટિ સ્થિરતા પૂર્ણ ન થાય ત્યાં સુધી વ્યવહાર, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ આવે, હોય, પણ છે એ રાગ અને છે એ દુઃખરૂપ. આહા..હા..! ભગવાન! તને એમાં શાંતિ નથી. જેમાં શાંતિ... શાંતિ... શાંતિ... અકષાયભાવ ઉપશમરસ, શાંતરસ, જેની પર્યાયમાં શાંતરસ રેલમછેલ થઈ ગયો છે એને ચારિત્ર કહીએ કહે છે. આહા..હા..! કહો, શેઠ! આવું સાંભળવું મુશ્કેલ પડે એવું છે. મળતું નથી ક્યાંય. બહુ ફેરફાર કરી નાખ્યો લોકોએ. આહા..હા..! છેવટે પછી એમ કહે કે નિશ્ચય કહો છો તમે વાત સાચી, પણ એનું સાધન? એમ કહે. એ આ વ્યવહાર કરીએ એ સાધન. હવે ધૂળેય સાધન નથી સાંભળને.

**શ્રોતા :-** કાંઈક તો કરવું પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરવું શું પડે? આહા..હા..! આ ચારિત્રદશા બાપુ! ધન્ય અવતાર! જેને ચારિત્રદશા (પ્રગટી) એ તો મહાવંદ્ય છે, વંદનીક છે, મહા પરમેષ્ઠીપદમાં ભળ્યા છે!! પણ એ વસ્તુ જોઈએને. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

જોયું! **'(અર્થાત્ પોતે જ ચારિત્રસ્વરૂપ છે). અને ચારિત્રસ્વરૂપ વર્તતો થકો...'** એ તો સ્વરૂપના આનંદમાં, શાંતિમાં અંતરમાં આનંદ... આનંદ... આનંદમાં રમતો થકો **'પોતાને-જ્ઞાનમાત્રને-ચેતતો...'** એ તો જ્ઞાનસ્વભાવી તેને અનુભવતો. પુણ્ય-પાપના ભાવ એ જ્ઞાનસ્વભાવી નથી, એ તો વિકારસ્વભાવી છે. આહા..હા..! ભાષા થોડી થોડી સમજાય છે ભાઈ? હિન્દી. થોડી થોડી સમજાય છે ગુજરાતી? આવ્યા હતા જયપુરથી. અહીં ગુજરાતી ચાલે છેને. આ તો ભગવાનની વાતું છે, બાપા! આહા..હા..! **'ચારિત્રસ્વરૂપ વર્તતો થકો પોતાને-જ્ઞાનમાત્રને-ચેતતો...'** જ્ઞાનસ્વરૂપને વેદતો. આહા..હા..! પુણ્ય-પાપના વિકલ્પને છોડતો. એ ઝેરનું વેદન છે. આહા..હા..! એ જ્ઞાનમાત્રને ચેતતો **'(અનુભવતો) હોવાથી (તે આત્મા) પોતે જ જ્ઞાનચેતના છે,...'** લ્યો અહીં સરવાળો લીધો. એ જ્ઞાનચેતના (છે). જ્ઞાનસ્વરૂપમાં ચેતાઈ ગયો જાગૃત થઈને આહા..હા..! એ જ્ઞાનચેતના છે. હવે એને

પુણ્ય-પાપની કર્મચેતના અને પુણ્ય-પાપનું વેદવું હરખ-શોક એ કર્મફળચેતના એને છે નહિ. આહા..હા..! **'એવો ભાવ (આશય) છે.'** ટીકા (પૂરી થઈ).

**'ભાવાર્થ :- ચારિત્રમાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનાનું વિધાન છે.'** એ વ્યવહારની વાત કરે છે હવે પહેલી. **'તેમાં, પૂર્વે લાગેલા દોષથી આત્માને નિવર્તાવવો...'** આટલો ફેર પડ્યો. ઓલામાં આત્મારૂપે પ્રતિક્રમણ થઈ ગયું. આ હજી દોષથી નિવર્ત્યો એટલો વિકલ્પ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્મા આમાં આત્મારૂપે થયો એ નિશ્ચયમાં આવશે. ભાઈ! આહા..હા..! નિશ્ચય જ્યાં અંદર છે એને આવો વ્યવહાર આવે. પણ કેમ? કે **'ચારિત્રમાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનાનું વિધાન છે. તેમાં, પૂર્વે લાગેલા દોષથી આત્માને નિવર્તાવવો...'** બસ એટલો વ્યવહાર થયો. **'તે પ્રતિક્રમણ છે,...'** વ્યવહાર પ્રતિક્રમણ શુભભાવ. **'ભવિષ્યમાં દોષ લગાડવાનો ત્યાગ કરવો તે પ્રત્યાખ્યાન છે...'** વ્યવહાર. અશુભથી નિવર્તીને શુભમાં આવ્યો એટલું. **'વર્તમાન દોષથી આત્માને જુદો કરવો તે આલોચના છે.'** એ વર્તમાન. એ પણ દોષથી આત્માને જુદો કરવો એ પણ વ્યવહાર થઈ ગયો. આહા..હા..!

**'અહીં તો નિશ્ચયચારિત્રને પ્રધાન કરીને કથન છે;...'** આહા..હા..! અહીં તો આત્મારૂપ થઈ જવું એમ કહેવું છે. દોષથી નિવર્તવું અને દોષનું પાછું ફરવું ને પચ્ચખાણ એ બધો વિકલ્પ વ્યવહાર છે, એ આત્મા નહિ. એવો (વિકલ્પ) હોય છે. પૂર્ણ વીતરાગ ન હોય એને અંદર સ્વરૂપની દૃષ્ટિ અને ચારિત્રની ભૂમિકામાં એવો વિકલ્પ આવે. એમાંથી-પાપથી નિવર્તે છે એટલી મર્યાદા. અને આત્મારૂપ થઈ જવું, પુણ્ય-પાપથી નિવર્તવું એનું નામ ચારિત્ર. આહા..હા..! વ્યવહાર નાખ્યો, પણ કોને વ્યવહાર? આહા..હા..! જેને સ્વરૂપની આનંદની દૃષ્ટિ થઈ, જ્ઞાન થયું અને ચારિત્ર છે, પણ ઉપયોગ એમાં રમ્યો નથી જ્યાં એથી એને વ્યવહાર પ્રતિક્રમણનો વિકલ્પ દોષથી નિવર્તવું એટલું આવે, પણ એમાં એ આત્મારૂપ ન થયો. ફક્ત અશુભથી નિવર્તીને શુભમાં આવ્યો. આહા..હા..!

**'અહીં તો નિશ્ચયચારિત્રને પ્રધાન કરીને કથન છે;...'** એ વ્યવહારની ક્રિયાનું શુભભાવનું કથન ગૌણ છે આમાં. સમજાણું કાંઈ? **'માટે નિશ્ચયથી વિચારતાં...'** સત્યથી જોતાં **'જે આત્મા ત્રણે કાળનાં કર્મોથી પોતાને ભિન્ન જાણે છે, શ્રદ્ધે છે અને અનુભવે છે, તે આત્મા પોતે જ પ્રતિક્રમણ છે,...'** હવે પોતે થયો સ્વયં પ્રતિક્રમણ. ઓલામાં સ્વયં પ્રતિક્રમણ નહોતું. ઓલામાં વ્યવહારમાં પાપથી નિવર્તીને શુભભાવમાં હતો એટલું. સમજાણું કાંઈ? છેને સામે પુસ્તક જુઓ. આ બધા શેઠિયાઓને પણ આ ધ્યાન રાખવું પડશે, બધું કરવું પડશે આ.

**શ્રોતા :-** (જાવું) તો બધાને એક જ જગ્યાએ છે, રસ્તા જુદાં-જુદાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના; રસ્તો જુદો-જુદો નથી. શેઠ બચાવ કરે છે. આ એક

જ રસ્તો છે, બીજો જુદો રસ્તો છે જ નહિ. શેઠિયા માણસ છેને. સૌનો બચાવ કરેને. આહા..હા..! અહીં તો આ એક જ વાત છે, ભગવાન! અને તમે તો ભગવાન છો. નામ પણ ભગવાન અને સ્વભાવે પણ ભગવાન. આહા..હા..! ભગવંત સ્વરૂપ પ્રભુ છેને તું. ભગવત્ સ્વરૂપ બિરાજે છે બધા આત્માઓ. એને આત્મા કહીએ કે વીતરાગ સ્વરૂપે બિરાજે તેને આત્મા કહીએ. આહા..હા..! તો આત્મા શક્તિરૂપે વીતરાગસ્વરૂપે જ બિરાજે છે. એનું સ્વરૂપ જ ભગવત્ સ્વરૂપ જ છે એનું. આહા..હા..!

અહીંયાં એ જ કહે છે, જુઓ ભાષા શું આવી? કે '**ત્રણે કાળનાં કર્મોથી પોતાને ભિન્ન જાણે છે, શ્રદ્ધે છે અને અનુભવે છે,...**' ચારિત્ર. '**તે આત્મા પોતે જ પ્રતિક્રમણ છે,...**' એટલું. ઓલામાં એમ આવ્યું હતું કે આત્માને લાગેલા દોષથી નિવર્તાવવો તે પ્રતિક્રમણ એટલું હતું. ત્યાં પોતે નહોતું ત્યાં. પહેલા બોલમાં ભાઈ! પહેલા બોલમાં આત્મા નહોતો. '**લાગેલા દોષથી આત્માને નિવર્તાવવો તે પ્રતિક્રમણ.**' એવો શબ્દ હતો. એ વ્યવહારની વાત છે. અહીંયાં તો '**પોતે જ પ્રતિક્રમણ છે,...**' '**આત્મા પોતે જ પ્રતિક્રમણ છે,...**' આહા..હા..! એ શુભ અને અશુભભાવ એનાથી નિવર્તીને સ્વરૂપમાં રમણતા થઈ છે એ પોતે જ પ્રતિક્રમણ છે. વ્યવહારમાં અશુભથી નિવર્તીને શુભમાં આવ્યો તો નિવર્ત્યો અશુભથી એટલી ચીજ. પોતે થયો નહોતો સ્થિરરૂપે એમાં, એમાં અસ્થિરતા હતી એટલી. આહા..હા..! અને નિશ્ચયમાં તો ભગવાન આત્મા શુભ-અશુભભાવથી નિવર્તી અને પોતે જ પ્રતિક્રમણ અને પચ્ચખાણરૂપે થઈ ગયો. આહા..હા..! એ આવે છેને ૩૪ (ગાથામાં), જ્ઞાન તે પચ્ચખાણ છે. રાગનો નાશ કરે છે એ પણ એક નામ કથન છે. એ પોતે જ્ઞાન છૂટીને રાગરૂપે કોઈ દિ' થયો જ નથી. એ તો જ્ઞાનરૂપે રહ્યો એ જ્ઞાનરૂપમાં ઠર્યો એ પચ્ચખાણ છે. ૩૪. આહા..હા..! ચારેકોર જુઓ કથન પૂર્વાપર વિરોધ રહિત દિગંબર સંતોની વાણી આહા..હા..! ક્યાંય છે નહિ. કોઈ પંથમાં આ વાત છે નહિ આવી. પણ એમાં રહ્યા એને પણ ક્યાં ખબર છે? એને વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... અને બહારની આ પ્રવૃત્તિ કલાક, બે કલાક કરે. આહા..હા..!

એ '**આત્મા પોતે જ પ્રતિક્રમણ છે, પોતે જ પ્રત્યાખ્યાન છે...**' જોયું! '**પોતે જ પ્રતિક્રમણ છે, પોતે જ પ્રત્યાખ્યાન છે અને પોતે જ આલોચના છે. એમ પ્રતિક્રમણસ્વરૂપ, પ્રત્યાખ્યાનસ્વરૂપ અને આલોચનાસ્વરૂપ આત્માનું નિરંતર અનુભવન તે જ નિશ્ચયચારિત્ર છે.**' આહા..હા..! '**જે આ નિશ્ચયચારિત્ર, તે જ જ્ઞાનચેતના છે.**' એ કર્મચેતના પુણ્ય-પાપની એ નહિ, પણ જ્ઞાનસ્વરૂપની રમણતા તે જ્ઞાનચેતના છે. નિશ્ચય ચારિત્ર એ છે. '**(અર્થાત્ જ્ઞાનનું અનુભવન)** છે. તે જ **જ્ઞાનચેતનાથી (અર્થાત્ જ્ઞાનના અનુભવનથી)** સાક્ષાત્ **જ્ઞાનચેતનાસ્વરૂપ** કેવળજ્ઞાનમય **આત્મા પ્રગટ થાય** છે.' એનું વિશેષ આવશે... (**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૪, રવિવાર, તા. ૩૦-૧૦-૧૯૭૭, કળશ-૨૨૪, ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન નં. ૪૯૪

ज्ञानस्य सञ्चेतनयैव नित्यं
प्रकाशते ज्ञानमतीव शुद्धम्।
अज्ञानसञ्चेतनया तु धावन्
बोधस्य शुद्धिं निरुणद्धि बन्धः।।२२४।।

સમયસાર, ૨૨૪ કળશ છે. ... શુદ્ધિપણાને પામે છે. શું કહ્યું? ફરીને. જ્ઞાન અને અજ્ઞાન બેની વાત છે. આત્મા ચૈતન્યસ્વરૂપ જેમાં પુણ્ય અને પાપના વિકલ્પોનો પણ ત્રિકાળ અભાવ છે એવું જે સર્વજ્ઞસ્વરૂપ એને જે ચેતે છે, એમાં જે એકાગ્ર થાય છે એવા જ્ઞાનસ્વભાવને જે વેદે છે તેની પર્યાયમાં જ્ઞાન એટલે શુદ્ધિ, પવિત્રતાની પ્રગટ દશા થાય છે. આવી વાત છે. એટલે? જ્ઞાન જાણનાર સ્વભાવ એનો ચૈતન્ય જેમાં આ બધું છે એ જણાય છે એ જાણનારો ચેતન છે. એ જાણનારને જાણીને એ જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા એટલે જ્ઞાનચેતના-સ્વરૂપમાં જાગૃતપણાની દશા પ્રગટ કરવી એનાથી શુદ્ધિની વૃદ્ધિ થાય છે. આહા..હા..! આવું છે.

**શ્રોતા :-** અહીં શું કરવા કહ્યું? શરૂઆતમાં કહેવું જોઈએને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સંવર અને નિર્જરા બે ભેગા થાય છે. સંવર છે ત્યાં નિર્જરા સાથે થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** ૧૧મી ગાથામાં કહ્યું છે કે ... આશ્રયે જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આશ્રયથી. આશ્રયમાં બેય થયું આ. એ ભૂતાર્થ જે જ્ઞાનસ્વરૂપ એનો આશ્રય કરતાં શુદ્ધિની ઉત્પત્તિ થઈ અને અહીં તો ચારિત્રની દશાનું વર્ણન વિશેષ કરવું છેને, એમાં વિશેષ રમણતા થતાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે. એટલે કે ધર્મની શુદ્ધિની વૃદ્ધિ થાય છે. આહા..હા..! આવી વાત છે. બે જ વાત છે અહીં. જ્ઞાનસ્વરૂપ પ્રભુ જેમાં આનંદ છે એવા જ્ઞાનસ્વભાવમાં જે ચેતે છે, તેમાં જે એકાગ્ર થાય છે તેની શુદ્ધિની ઉત્પત્તિ અને શુદ્ધિની વૃદ્ધિ તેમાં થાય છે. સમજાણું કાંઈ? એને સંવર અને નિર્જરા એટલે કે મોક્ષનો માર્ગ તેને થાય છે. આહા..હા..! બહુ ટૂંકું છે.

'**નિરંતર જ્ઞાનની...**' નામ આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન એની '**સંચેતના...**' સમ્યક્ પ્રકારે અંદર રમણતા '**થી જ...**' એના સ્વભાવમાં રમણતાથી જ. '**જ્ઞાન...**' એટલે આત્મા '**અત્યંત શુદ્ધ પ્રકાશે છે,...**' છે? આહા..હા..! કોઈ આ ભક્તિ ને પૂજા ને વ્રત ને તપ કરવાથી એ આત્માની શુદ્ધિ ઉત્પન્ન અને વૃદ્ધિ થાય છે એમ નથી. જેમાં જ્ઞાનસ્વભાવ ભર્યો

છે, જેમાં સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ અતીન્દ્રિય અનાકુળ આનંદનો રસકંદ (ભર્યો છે) તેમાં જે એકાગ્ર સ્વસન્મુખ થઈને થાય છે તેને શુદ્ધિ એટલે ધર્મની ઉત્પત્તિ અને વૃદ્ધિ તેને થાય છે. આ બધું ગયું ક્યાં ત્યારે ભક્તિ ને વ્રત ને તપ ને દાન ને દયા ને..? એ કહેશે. એને **'અત્યંત શુદ્ધ પ્રકાશે છે;...'**

**શ્રોતા :-** ભક્તિથી થોડી શુદ્ધતા થાય, આમાંથી થોડી શુદ્ધતા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં ચારિત્ર છેને વિશેષ. આમ તો રાગથી ભિન્ન સ્વરૂપમાં સંબંધ સ્વભાવનો છે એવું ભાન તો થયું, પણ હવે વિશેષ એ જ્ઞાનસ્વભાવમાં લીનતા-એકાગ્રતા થાય છે તેથી તેની જ્ઞાનની શુદ્ધિ એટલે આત્માની શુદ્ધિ એટલે આત્માની દશામાં પવિત્રતાની વૃદ્ધિ થાય છે. આહા..હા..! આવું છે ટૂંકું.

**'અને અજ્ઞાનીની સંચેતનાથી...'** છે? એ શું કહ્યું? કે પુણ્ય અને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, ભગવાનનું સ્મરણ આદિ રાગ એમાં એકાગ્ર થવું એ અજ્ઞાનચેતના છે. આહા..હા..! આમ ભગવાન જ્ઞાનસ્વભાવ તેમાં એકાગ્ર થવું એ અત્યંત શુદ્ધિની વૃદ્ધિ કરે છે. ત્યારે અજ્ઞાનચેતના એટલે પુણ્ય અને પાપના ભાવ, જેમાં જ્ઞાનસ્વરૂપનો અભાવ, જેમાં ચૈતન્યના સ્વભાવનો અભાવ એવા અજ્ઞાન એટલે રાગમાં પુણ્ય-પાપના ભાવમાં એકાગ્ર જે થાય છે. છેને? **'અજ્ઞાનીની સંચેતનાથી...'** સમ્યક્ પ્રકાર એટલે મિથ્યાશ્રદ્ધાથી. અંદર રાગમાં એકાગ્ર થાય છે. આહા..હા..! એને **'બંધ દોડતો થકો...'** ધાવત છેને? એને બંધ જ થાય છે એમ કહે છે. મિથ્યાત્વ આદિનો એને બંધ થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

અજ્ઞાનચેતના એટલે કર્મ, પુણ્ય-પાપના ભાવ એ કર્મચેતના છે. કર્મ એટલે જડની અહીં વાત નથી. એ કાર્યચેતના વિકારી કાર્યચેતના, શુભ-અશુભભાવ. અને તેનું ફળ સુખ-દુઃખ. એમાં જે એકાગ્ર થાય છે એને બંધ દોડતો બંધ, એકદમ બંધ થાય છે એમ કહે છે. આહા..હા..! એને દર્શનમોહનું કર્મ તરત બંધાય છે. દોડતો એટલે તરત બંધાય છે એમ. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાતું હવે આ. ઓલા તો કહે દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, આંબેલ કરો, આઠ અપવાસ કરી નાખ્યા. ધૂળમાંય ધર્મ નથી. એ તો બધી ક્રિયા રાગ છે. એ રાગમાં એકાગ્ર થવું એ અજ્ઞાનચેતના છે એમ કહે છે અહીં. આહા..હા..! એ દાનમાં પાંચ-દસ લાખ આપ્યા, એમાં કાંઈક રાગ કદાચિત્ મંદ કર્યો, તોપણ તે રાગમાં એકાગ્ર છે એ કર્મચેતનામાં એકાગ્ર છે, એટલે વિકારી કાર્યમાં એકાગ્રતા છે અને વિકારી કાર્યમાં એકાગ્રતાથી એને તરત-તરત કર્મ બંધાય. દોડતું એટલે તરત કર્મ બંધાય છે. આહા..હા..! બહુ ફેર. ચાલતી અત્યારે સંપ્રદાયની વાત અને મૂળ વીતરાગની વાતમાં ઉગમણો-આથમણો ફેર છે. આવું છે.

**'અજ્ઞાનની સંચેતનાથી...'** એટલે બરાબર રાગમાં એકાગ્રતા થવાથી એમ. જરીએ જ્ઞાનસ્વભાવમાં સન્મુખ નહિ અને રાગભાવમાં સન્મુખ થઈને ચાહે તો દયાના, દાનનો, વ્રતનો,

ભક્તિ, પૂજા, જાત્રાનો વિકલ્પ હોય, પણ એ રાગમાં એકાગ્ર થયેલો એને મિથ્યાત્વનો તરત બંધ પડે છે. આવી વાત છે લ્યો. હવે ઓલા કહે કે ભાઈ એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધું સાધન છે અને નિર્મળ ધર્મ થાય એ સાધ્ય છે. એ અહીં ના પાડે છે. જ્યાં ભગવત્ સ્વરૂપ બિરાજે છે, રાગના વિકલ્પ વિનાની ચીજ બિરાજે છે પ્રભુ તેની સન્મુખ થઈને તેમાં એકાગ્ર થાય છે એને તરત શુદ્ધિ પ્રગટ થાય છે. એટલે કે તેને ધર્મ થાય છે. અને રાગમાં એકાગ્ર થાય છે તેને તરત મિથ્યાત્વનો બંધ પડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેને એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ પુણ્ય છે, શુભરાગ છે, હવે અનાદિથી એ વાત માને છે કે એ રાગથી આત્માને સમકિત થશે. એ સાધન છે અને પછી સાધ્ય સમકિત થશે એટલે નિશ્ચય થશે. અહીં કહે છે કે રાગની એકાગ્રતાથી તરત બંધ થશે. કહો, શાંતિભાઈ! વાણિયા વિચાર કરે કે નહિ હવે? વેપારમાં કાંઈક નફો જાય, ખોટ જાય એમ વિચાર કરે છે કે નહિ? અહીં વિચાર કરશે કે નહિ આમાં? આહા..હા..!

જ્યાં ચૈતન્યનો સંગ્રહ છે, અનંતગુણનો સંગ્રહ છે પ્રભુમાં એવું ભગવત્ સ્વરૂપ ચૈતન્ય એમાં એકાગ્ર થાય એ ધર્મ અને એ મોક્ષનો માર્ગ. અને એને છોડીને ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના, દાનના, શુભભાવ હોય એ શુભમાં એકાગ્ર થાય છે તે સ્વભાવનો અનાદર કરે છે અને શુભરાગમાં એકાગ્ર થાય છે તેને તરત દોડતો મિથ્યાત્વનો બંધ પડે છે એમ કહે છે. આહા..હા..! છે કે નહિ સામું? એમાં છે કે નહિ પણ? વાંચ્યું છે કે દિ' કોઈ દિ' પણ? શું કહ્યું?

**શ્રોતા :-** વાંચ્યું તો છે પણ આવો અર્થ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત સાચી, વાત તો સાચી છે. એનો ભાવ સમજવો જોઈએને. આહા..હા..!

બે દિશા. ડાકલું હોય છેને આમ ડાકલું નહિ? એને દોરી હોય છે તે આમથી આમ થાય. આમ પણ વગાડે અને આમ પણ વગાડે. એમ ભગવાન આત્મા પોતાનો ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ સ્વભાવ એમાં રમે તો એને શુદ્ધિ થાય અને ધર્મ થાય અને મોક્ષનો માર્ગ થાય. એ જ આત્મા પોતાના શુદ્ધ સ્વભાવને છોડી દઈ અને રાગની ક્રિયામાં એકાગ્ર થાય અને રમે... આહા..હા..! એને સંસારની વૃદ્ધિ થાય છે. સમજાણું કાંઈ? આવી વાતું બહુ આકરી એટલે લોકો બિચારા (ટીકા) કરે સોનગઢને નામે. બાપા! માર્ગ છે, ભાઈ! આહા..હા..! તું અંદર એક પવિત્રનો પિંડ છો, ભાઈ! તને ખબર નથી. તારું હિત અંદર અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન તેમાં એકાગ્ર થવું એમાં તારું હિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને તેને છોડીને જેના સ્વભાવમાં નથી એવા જે શુભરાગમાં પણ, અશુભમાં તો ઠીક પણ શુભરાગમાં પણ એકાગ્ર થઈને રમે... આહા..હા..! એને દોડતો બંધ (આવે છે), તરત જ મિથ્યાત્વનું બંધન પડે છે એમ કહે છે. આહા..હા..! કહો, એ છે કે નહિ? શાંતિભાઈ! તમે તો સંસ્કૃત

ભણેલા છો.

**શ્રોતા :-** સંસ્કૃત તો આત્મા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંસ્કાર તો અહીં છે અંદર. આહા..હા..! બહું ટૂંકું. છેલ્લી ગાથાઓ છેને. એમાં ચારિત્રની ગાથા છે. જેણે રાગનો વિકલ્પ છે એ એનાથી સંબંધ તોડીને સ્વભાવનો સંબંધ કર્યો છે, બીજી ભાષાએ કહીએ તો એકત્વ-વિભક્ત સ્વભાવમાં એકપણું કર્યું છે, રાગથી વિભક્ત કર્યો છે એ જીવને શુદ્ધિ વધે છે અને જેણે રાગની એકતા કરી છે અને સ્વભાવને પૃથક્ ભિન્ન રાખ્યો છે એને મિથ્યાત્વની વૃદ્ધિ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'બંધ દોડતો થકો જ્ઞાનની શુદ્ધતાને રોકે છે...'** આહા..હા..! પ્રભુ! શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એની પવિત્રતા જે પ્રગટ થવી જોઈએ એને ઠેકાણે રાગમાં એકતાબુદ્ધિને લઈ એ પવિત્રતાને તે રોકી દે છે. આહા..હા..! છે કે નહિ એમાં શ્લોક? શેઠ કહે છે કે સમજવું કઠણ પડે એમ કહે છે. ઓલા નામું લખતા એમાં બહુ હોંશ પડે છે અંદર.

**શ્રોતા :-** અનાદિનો અભ્યાસ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભ્યાસ. વાત તો સાચી છે. એમાં રસ અને અભ્યાસ છે. આ પ્રભુ અંદર કોણ છે એનો અભ્યાસ નથી. વાત તો એમ છે, શેઠ! આહા..હા..! ભગવાન ચૈતન્ય હીરલો અનંતગુણના પાસાથી ભરેલો હીરો ભગવાન અંદર છે. આહા..હા..! એવા ચૈતન્ય હીરામાં જેણે નજરું નાખીને અંદર પડ્યો એને શુદ્ધિ ધર્મની વૃદ્ધિ એને સંવર અને નિર્જરા થઈ અને એને ચારિત્રદશા પ્રગટ થઈ. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! એનું જ્ઞાન પણ હજી સાચું નથી જેને. આહા..હા..! નવનીતભાઈ કહેતા કે આવી સમકિતની વાત ક્યાંય છે નહિ એમ કહેતા. અને મૂળચંદભાઈ એમ કહેતા. મૂળચંદભાઈ આવ્યા ... આવું ક્યાંય સાંભળવા મળતું નથી. મૂળચંદભાઈ ગુજરી ગયાને? બેય ભાઈઓ ગુજરી ગયા. માણેકલાલ અને મૂળચંદભાઈ. એ બિચારા કહેતા હોં! પ્રેમ બહુ એને. નવનીતભાઈ આમ કહેતા હરવખતે. આહા..હા..! અરે! આવી સમ્યક્‌ની વાત ક્યાંય છે નહિ એમ કહેતા હોં! નવનીતભાઈ બહુ કહેતા. આહા..હા..! મૂળચંદભાઈ એમ કહેતા કે આવી સત્યની વાત ક્યાંય સાંભળવા મળતી નથી. એમ કહેતા બિચારા. આહા..હા..! એમ કહેતા મૂળચંદભાઈ બિચારા. બહુ રસ. આહા..હા..! નવનીતભાઈને તો છ ઢાળા મોઢે. છ ઢાળા છપાવીને ઘણી. શું કીધું? ઘણી વહેંચી છે, (આત્મધર્મના) ગ્રાહકને ભેટ આપી છે. આવો સંસાર. આહા..હા..!

**'બંધ દોડતો થકો...'** આત્મસ્વભાવ. એની શુદ્ધતા એટલે પવિત્રતા જે પ્રગટ થવી જોઈએ તેને રાગની એકતાથી તે પવિત્રતાને રોકે છે. આહા..હા..! બહુ ટૂંકા શબ્દો ને આહા..હા..! માલ ભર્યો છે એકલો. દિગંબર સંતોની બલિહારી છે! આહા..હા..! એક એક શ્લોકમાં જેટલું કાઢો એટલું નીકળે એવું છે. આહા..હા..! બીજી રીતે કહીએ તો ચૈતન્ય શુદ્ધ સ્વભાવ જે નિત્યાનંદ પ્રભુ તેની સન્મુખતામાં જ દર્શન, જ્ઞાન અને ચારિત્ર થાય છે અને એનાથી વિમુખતા

અને રાગની સન્મુખતા તેમાં શુદ્ધિની વૃદ્ધિ રોકાઈ જાય છે. શુદ્ધિ પ્રગટ થવી જોઈએ એ રોકાઈ જાય છે અને અશુદ્ધતા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આવી વાતું છે, ભાઈ!

અરે! અનંતકાળમાં રખડીને ક્યાંય કોઈ એનો રજકણ અને રાગનો કણ એનો નથી. એક રજકણ 'રજકણ કે ઋદ્ધિ વૈમાનિક દેવની, સઘળા માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો.' શ્રીમદ્‌માં આવે છેને. 'રજકણ કે ઋદ્ધિ વૈમાનિક દેવની, સઘળા માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો.' આહા..હા..! ભગવાન આત્મા એ રજકણ અને રાગના કણથી તદ્દન ભિન્ન ભગવાન બિરાજે છે તેમાં એકાગ્ર થાય તેને શુદ્ધિ ઉત્પન્ન થઈને શુદ્ધિની વૃદ્ધિ થઈને ચારિત્ર થાય, પણ જે રાગમાં રોકાઈને એકાગ્ર થાય એને આત્માની શુદ્ધિનું રુંધન થાય. આહા..હા..! એટલે કે શુદ્ધિની ઉત્પત્તિ ન થતાં મલિનતાની, મિથ્યાત્વની ઉત્પત્તિ અશુદ્ધતાની થાય. આહા..હા..! આવી વાતું છે. અરે! જિંદગી ચાલી જાય છે. ૫૦-૫૦, ૬૦-૬૦, ૭૦ વર્ષ કેટલાને થયા. રહેવું કેટલું? એમાં આવો પરમાત્મા ત્રિલોકનાથ એ ચૈતન્યતત્ત્વને કહે છે તેનું જો સમજણ અને ભાન ન કર્યું તો એનો એળે અવતાર ગયો. ભલે પાંચ-પચાસ કરોડ ભેગા કર્યા હોય કદાચિત્. એ બધા ક્યાંય શરણ નહિ થાય, ભાઈ! આહા..હા..! ઓહો..હો..!

ત્યાગી થયો એ સાધુ, પણ જે એને અંદર શુભરાગમાં એકત્વબુદ્ધિ છે એની શુદ્ધિ રોકાઈ જાય છે કહે છે. આહા..હા..! અને જે કાંઈ અંદર રાગના.. આપણે આવ્યું હતુંને, રાગયોગ. આહા..હા..! પ્રભુ વીતરાગસ્વરૂપ આત્મા છે અત્યારે હોં અંદર. એ રાગના યોગમાં સંબંધમાં જોડાઈ જાય છે એ શુદ્ધિને રોકી દે છે અને એ રાગના એકત્વથી છૂટી અને સ્વભાવની સાથે એકત્વતા કરે છે તેને ધર્મની શુદ્ધિ અને સંવર, નિર્જરા અને ચારિત્ર તેને પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પંચમહાવ્રત પાળે માટે ચારિત્ર પ્રગટ થાય (એમ નથી). આહા..હા..! આવી વાતું આકરી બહુ, બાપુ! ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ ઈન્દ્રો અને ગણધરોની વચમાં આ પોકાર છે. આહા..હા..! દિવ્યધ્વનિમાં આ ભણકાર વાગ્યા. ભગવાન એકવાર જાગને તું પ્રભુ! તારી 'ઋદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા.' આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને તો રિદ્ધિ, સિદ્ધિ, વૃદ્ધિ ઘટમેં પ્રગટ સદા. અંદરમાં દેખે. આહા..હા..! 'અંતર કી લચ્છી સો અજાતિ લક્ષપતિ હૈ.' સમ્યગ્દૃષ્ટિ અંતરની લક્ષ્મીને પોતે પોતાની માને છે. આ અજાતિ લક્ષપતિ. માગ્યા વિના લક્ષપતિ છે એ. સ્વરૂપના લક્ષનો એ પતિ છે. 'દાસ ભગવંત કા ઉદાસ રહે જગત સો, સુખિયા સદૈવ ઐસે એક સમકિતી જીવ હૈ.' આહા..હા..!

એ **'જ્ઞાનની શુદ્ધતાને થવા દેતો નથી.'** આહા..હા..! લ્યો, આટલામાં તો બેમાં તો અડધો કલાક થઈ ગયો. હીરાલાલજી! આહા..હા..! અરે! આમ હાથ ખાલી રાખીને ચાલ્યું જાવું. એક રજકણ પણ સાથે આવવાનો નથી અને એનો એ નથી. એનો હોય તો સાથે આવેને. આહા..હા..! એનો તો આનંદ અને જ્ઞાનાદિ અનંતગુણનો સાગર પ્રભુ, જેનો સ્વભાવ પરિપૂર્ણ અને અચિંત્ય અને રાગથી અત્યંત ભિન્ન એવા ભગવાનને જેણે સંભાળ્યો, એમાં

એકાગ્ર થયો એને ધર્મ થયો, એને ચારિત્ર થયું અને એને મુક્તિનો માર્ગ હાથ આવ્યો, પણ એને છોડીને રાણી છોડે, રાજ છોડે, ભોગ છોડે બહારના, પણ અંદરમાં એ શુભરાગના ભોગને પોતાનો માનીને સુખબુદ્ધિ કરે... આહા..હા..! એ જીવને મિથ્યાત્વથી શુદ્ધિનું રૂંધન થઈ જાય છે. શુદ્ધિને તાળા મારે છે એ અને વિકારને ખુલ્લા કરે છે. ધર્મી રાગની એકતાના તાળા તોડી... આહા..હા..! આનંદની ખાણને ખોલી નાખે છે સમ્યગ્દૃષ્ટિ અને વિશેષે લીન થઈને ચારિત્ર કરે છે.

'**ભાવાર્થ :- કોઈ (વસ્તુ) પ્રત્યે એકાગ્ર થઈને તેનો જ અનુભવરૂપ સ્વાદ લીધા કરવો તે તેનું સંચેતન કહેવાય,...**' સંચેતન શબ્દ પડ્યો છેને? '**नित्यं ज्ञानस्य सञ्चेतनया**' છેને? અને '**अज्ञानसञ्चेतनया**' બેય સંચેતન છેને? એ સંચેતનની વ્યાખ્યા શું? સંચેતન શબ્દ છે એનો ભાવ શું? કે '**કોઈ (વસ્તુ) પ્રત્યે એકાગ્ર થઈને તેનો જ અનુભવરૂપ સ્વાદ લીધા કરવો તે તેનું સંચેતન કહેવાય,...**' છે. આહા..હા..! '**જ્ઞાન પ્રત્યે જ એકાગ્ર ઉપયુક્ત થઈને...**' જ્ઞાન એટલે આત્મસ્વભાવ. જ્ઞાનસ્વરૂપી પ્રભુ સર્વજ્ઞ સ્વભાવી ભગવાન, એના પ્રત્યે જ એકાગ્ર ઉપયોગ થઈને '**તેના તરફ જ ચેત રાખવી...**' તેના તરફનું જ ચેતનપણું, જાગૃતપણું રાખવું '**તે જ્ઞાનનું સંચેતન અર્થાત્ જ્ઞાનચેતના છે.**' આહા..હા..! તે જ્ઞાનનું સંચેતન. સમ્યગ્દર્શનપૂર્વક અંદર એકાગ્રતા છે તેને અહીં સંચેતના જ્ઞાનની, આત્માની કહેવામાં આવે છે. આહા..હા..! આવો ઉપદેશ કઈ જાતનો? આ બધા ૫૦-૬૦ વર્ષથી સાંભળીએ, ભાઈ આ વ્રત કરવા, અપવાસ કરવા, તપસ્યાઓ કરવી, લૂખા ચોવિહાર કરવા, અઠ્ઠાઈ કરવી લ્યો! લખાણમાં છાપામાં બહુ આવે. ફલાણી બાઈએ આઠ કર્યા, નવ વર્ષની ઉંમરે આઠ-દસ કર્યા, ઢીંકણા કર્યા. એ બધી લાંઘણું છે લાંઘણ. આહા..હા..! એ તો પર તરફના કોઈ રાગમાં એકાગ્ર થઈને પોતાની ચૈતન્ય દશાને રોકી રાખી છે. આહા..હા..! એ સંચેતન એટલે તેમાં એકાગ્ર થઈ ગયો છે, રાગમાં એકાગ્ર થયો. આહા..હા..! એ તો મિથ્યા શ્રદ્ધા, મિથ્યા શલ્યને વધારે છે. છાપામાં બહુ આવે છાપામાં. આ છોડી આઠ વર્ષની હતી એણે આટલું કર્યું, આ દસ વર્ષનો છે એણે આટલું કર્યું, ચાલીસ વર્ષની બાઈ હતી એણે માસખમણ કર્યું. શું કર્યું પણ ધૂળ?

**શ્રોતા :-** બહારમાં ચડી જાય અને વરઘોડા નીકળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ ખરી. બહારમાં પ્રસિદ્ધિ થાય એમાં. પાગલમાં પ્રસિદ્ધિ થાય એની. શેઠ! આહા..હા..! એ મિથ્યાત્વને વરઘોડે ચડ્યો છે, પ્રભુ! એ અનાદિનો અને અત્યારે ચડ્યો છે પાછો. આહા..હા..! એ વરજોળા છે, વરઘોડા નહિ. આહા..હા..! ભગવાન! તારો વરઘોડો તો એને કહીએ, વર નામ પ્રધાન ચૈતન્ય આનંદસ્વરૂપ ભગવાન એના ઉપર આરૂઢ થાય એને વરઘોડો કહીએ. આહા..હા..! બહુ ફેર. વાતે વાતે ફેર. આ અજાણ્યાને તો એવું લાગે કે આ માર્ગ નવો કાઢ્યો હશે. આ વીતરાગ જૈનધર્મ છે કાંઈ? જૈનધર્મમાં

તો સ્થાનકવાસીમાં અપવાસ, સામાયિક, પોષા, પડિક્કમણા, શ્વેતાંબરમાં જાત્રા, ઉપધાન અને ભક્તિ, દિગંબરમાં લૂગડા છોડીને કાંઈક ક્રિયાકાંડ કરવી આવું તો ચાલે છે. હવે આ વળી ચોથું ક્યાંથી કાઢ્યું? એય..! જયંતિભાઈ! બાપુ! માર્ગ છે આ. આહા..હા..!

એક વસ્તુમાં '**એકાગ્ર ઉપયુક્ત થઈને તેના તરફ જ ચેત રાખવી તે જ્ઞાનનું સંચેતન...**' એ સ્વરૂપ... સ્વરૂપ... સ્વરૂપ... ભગવાન આત્માનું સ્વરૂપ, પોતાનું રૂપ તો જ્ઞાન અને આનંદ આદિ, શાંતિ આદિ પોતાનું સ્વરૂપ છે. આહા..હા..! તેમાં એકાગ્ર થઈને અંદર લીન થવું એનું નામ સંચેતન જ્ઞાનચેતના છે, એ ધર્મચેતના છે. આવી વાતું હવે. '**તેનાથી જ્ઞાન અત્યંત શુદ્ધ થઈને પ્રકાશે છે...**' તેનાથી ભગવાન આત્મા જેમ ચંદ્ર સોળ કળાએ પ્રકાશે પૂનમને દિ'. પૂનમે સોળ કળા હોય છે. અમાસ હોય તોપણ એક કળા તો ખુલ્લી જ હોય એને. અને બીજે બે દેખાય તો ત્રણ કળા હોય. એક કળા અમાસની ગણાય નહિ એટલે અને પૂનમે પૂર્ણ સોળ કળા થાય છે. આહા..હા..! એમ ભગવાન આત્મા, મોર જેમ એના પીંછાથી ખીલે છે મોર, એમ ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વભાવમાં જ્યાં એકાગ્ર થાય છે ત્યારે ખીલી નીકળે છે કળા. આનંદ અને જ્ઞાનની કળા ખીલે આહા...! એને અહીંયાં જ્ઞાનચેતના એટલે ધર્મનું સ્વરૂપ એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**કેવળજ્ઞાન ઊપજે છે.**' જોયું! આહા..હા..! જેમ પૂનમનો ચંદ્ર સોળ કળાએ ખીલે એમ ભગવાન આત્મામાં શુદ્ધ ચૈતન્યઘનમાં લીન થઈ રમે, સંચેતન સમ્યક્ પ્રકારે જાગૃત થાય એને કેવળજ્ઞાન થાય છે, કેવળજ્ઞાન ખીલે છે. જેમ મોર સોળ કળાએ આમ ખીલે એમ આ ભગવાન આત્મા સોળ કળાએ, પૂર્ણ કળાએ, કેવળજ્ઞાન કળાએ ખીલી જાય છે. આહા..હા..!

'**અજ્ઞાનરૂપ...**' હવે એનાથી ઊંધું. '**(અર્થાત્ કર્મરૂપ અને કર્મફળરૂપ) ઉપયોગને કરવો,...**' એટલે? પુણ્ય અને પાપના ભાવના કાર્યને કરવા અને તેના ફળને ભોગવવા એવા ઉપયોગને કરવો. આહા..હા..! હવે આવી વાત (એટલે) લોકોને મુશ્કેલી પડે બિચારાને પછી. ભાઈ! તારા માર્ગની રીત તો આ છેને, ભાઈ! આહા..હા..! દુનિયા માનશે અને દુનિયા વખાણ કરશે એથી કરીને એ વસ્તુ કાંઈ નહિ આવી જાય ત્યાં. દુનિયાને ભાન ક્યાં છે બિચારીને. આખો દિ' રળવું, બાયડી, છોકરા, કુટુંબ પાપમાં પડ્યા પ્રપંચમાં એને હજી ધર્મ શું? સંવર શું? સમકિત શું ક્યાં હજી ખબર છે. હવે એની પાસેથી રિપોર્ટ લેવો. શું કહેવાય? સર્ટિફિકેટ. સારા છો તમે સારા. હવે એ પાગલો સર્ટિફિકેટ એને આપે. આહા..હા..!

અહીં તો ત્રણલોકનો નાથ જિનેન્દ્રદેવ એમ કહે કે જે પુણ્ય અને પાપના ભાવમાં એકાગ્ર થાય છે અને તેનું ફળ ભોગવે છે એવા '**ઉપયોગને કરવો, તેના તરફ જ (-કર્મ અને કર્મફળ તરફ જ-) એકાગ્ર થઈ તેનો જ અનુભવ કરવો,...**' એ પુણ્ય અને પાપનો જ અનુભવ કરવો '**તે અજ્ઞાનચેતના છે.**' આહા..હા..! હવે આ વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. આહા..હા..! વસ્તુનું તો આવું સ્વરૂપ છે. આહા..! '**તે અજ્ઞાનચેતના છે. તેનાથી**

**કર્મનો બંધ થાય છે,...'** આહા..હા..! એ શુભરાગ છે વ્રતનો, અપવાસનો એ બધો શુભરાગ, એમાં પણ જે એકાગ્ર છે તે અજ્ઞાનચેતના છે. આહા..હા..! **'કર્મનો બંધ થાય છે, કે જે બંધ જ્ઞાનની શુદ્ધતાને રોકે છે.'** કે જે બંધ ભગવાન આત્મા શક્તિએ જે શુદ્ધ છે, તેની વ્યક્તતા પ્રગટ થવાની શુદ્ધતાને રાગની એકતા શુદ્ધિ તેને રોકે છે. શાંતિથી, ધીરેથી એનું વાંચન કરવું જોઈએ, સ્વાધ્યાય કરવો જોઈએ. ભાઈ! આવા ટાણા ક્યારે મળશે? આહા..હા..!

ઓલો દાખલો આવે છેને. કાચબો હતો કાચબો એક. તળાવમાં માથે લીલ ફૂગના ગોદડા જામી ગયેલા. લીલ ફૂગ કહે છેને કાય કાય. ... ચંદ્ર કોઈ દિ' દેખ્યો નહિ. એમાં કોઈવાર કાચબો બહાર આવ્યો અને ઓલું ગોદડું હતું લીલ ફૂગનું એમાં તડ પડી ગઈ તડ પવનને લઈને. આમ નજર કરી ત્યાં ચંદ્ર દેખાણો. ઓહો..! આ શું? કોઈ દિ' બાપ-દાદાએ વાત નહોતી કરીને આ શું? બીજાને કહેવા જાય છે ત્યાં રોકાઈ ગયો અટકી ગયો. મેં આજે કાંઈ બહુ પ્રકાશ ભાળ્યો છે. ખોટો લાગે છે. તારા બાપ-દાદાએ કોઈએ ભાળ્યો નથી અને તું કહે છે આ. પણ સાચું કહું છું હોં! ચાલ બતાવું. પણ જ્યાં બતાવે ત્યાં ગોદડું આમ લીલ-ફૂગ એક થઈ ગઈ. આહા..હા..! બીજાને શી રીતે બતાવી શકે? આહા..હા..!

એમ ભગવાન આત્મા એ કર્મચેતના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ, એનાથી ભિન્ન પડીને જ્ઞાનનું ભાન થવું તેને જેમ ચંદ્ર દેખાણો એમ જિનચંદ્રની પ્રતીતિ થઈ. જિનચંદ્ર ભગવાન આત્મા એનું એને ભાન થયું. આહા..હા..! એ બીજાને વાત કરે કે એ જિનચંદ્ર ભગવાન અંદર એવો છે પવિત્ર વીતરાગ. અમને તો કાંઈ ભાસતો નથી. અમે તો રાગ ને આ કરીએ, આ કરીએ. આહા..હા..! એ રાગની એકતાથી તો કર્મબંધન થાય. જે બંધ આત્માની શુદ્ધતાને રોકે છે. લ્યો!

**'હવે આ કથનને ગાથા દ્વારા કહે છે :—'** ૩૮૭-૩૮૮-૩૮૯.

वेदंतो कम्मफलं अप्पाणं कुणदि जो दु कम्मफलं।
सो तं पुणो वि बंधदि बीयं दुक्खस्स अट्ठविहं।।३८७।।
वेदंतो कम्मफलं मए कदं मुणदि जो दु कम्मफलं।
सो तं पुणो वि बंधदि बीयं दुक्खस्स अट्ठविहं।।३८८।।
वेदंतो कम्मफलं सुहिदो दुहिदो य हवदि जो चेदा।
सो तं पुणो वि बंधदि बीयं दुक्खस्स अट्ठविहं।।३८९।।

જે કર્મફળને વેદતો નિજરૂપ કરમફળને કરે,
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુઃખબીજને; ૩૮૭.
જે કર્મફળને વેદતો જાણે 'કરમફળ મેં કર્યું',
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુઃખબીજને; ૩૮૮.

**જે કર્મફળને વેદતો આત્મા સુખી-દુઃખી થાય છે,**
**તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુઃખબીજને; ૩૮૯.**

આહા..હા..! ટીકા. ટીકા છેને. '**જ્ઞાનથી અન્યમાં...**' આ પ્રભુ જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય ચંદ્ર છે. જ્ઞાનચંદ્ર શીતળ... શીતળ... શીતળ... શાંત અવિકારી સ્વભાવથી ભરેલું જ્ઞાન એવો જિનચંદ્ર આત્મા એ જ્ઞાનથી અન્ય '(**-જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં**)' એ સિવાય ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ હો કે હિંસા, જૂઠું, ચોરી, વિષયનો ભાવ હો, એ ભાવમાં '**ચેતવું (અનુભવવું) કે 'આ હું છું'...**' આહા..હા..! આવી તો વાત ચોખ્ખી છે, પણ હવે ચોર કોતવાલને દંડે એવું થાય છે. એ તો થાવાનું હોય તે .. લોકો એમ માને બિચારા શું કરે? અરે! ભાઈ! અજ્ઞાની અનાદિથી આત્મા સિવાય જેટલા ભાવો પુણ્ય અને પાપ, શુભ અને અશુભ અને એનું ફળ બંધ અને એનું ફળ સંયોગ... આહા..હા..! એમાં ચેતવું કે આ હું છું. એ રાગભાવ આવે દયા, દાનનો એમાં ચેતવું કે આ હું છું. આહા..હા..!

'**તે અજ્ઞાનચેતના છે.**' શું કીધું ઈ? આત્માના ચૈતન્ય જ્ઞાન શુદ્ધ સ્વભાવ સિવાય જે અન્ય ભાવો એટલે પુણ્ય અને પાપના ભાવ, ચાહે તો શુભભાવ હો દયા, દાન, વ્રત એમાં એમ ચેતવું કે આ હું છું, એ પુણ્યતત્ત્વ છે તે હું છું, એ શુભભાવ છે તે હું છું. આહા..હા..! આવું સાંભળવા મળતું નથી. મુશ્કેલી છે, બાપુ! શું થાય? આહા..હા..! આત્માના સ્વભાવથી અન્યમાં. જ્ઞાન શબ્દે આત્મસ્વભાવ. શુદ્ધ ચૈતન્ય જ્ઞાન, આનંદ આદિ સ્વભાવ. જ્ઞાનથી એને મુખ્યપણે આત્મા કહ્યો છે. અન્યમાં આ હું છું (એમ ચેતવું) તે અજ્ઞાનચેતના છે. તે અજ્ઞાનમાં ચેતાઈ ગયો છે, અજ્ઞાનમાં જાગૃત થયો છે, સ્વરૂપમાંથી આંધળો થઈ ગયો છે. આહા..હા..! ચાહે તો ભલે હજારો રાણી છોડી હોય, હજારો રાજા ચામર ઢાળતા હોય અને રાજ છોડ્યા હોય, નગ્ન મુનિ હોય, જંગલમાં દિગંબર વસતો હોય. મૂળ માર્ગ તો એ હતો. શ્વેતાંબર તો પછી નીકળ્યા અને પછી સ્થાનકવાસી વળી એમાંથી નીકળ્યા અને વળી તેરાપંથી એમાંથી નીકળ્યા. આહા..હા..! અહીં તો કહે છે કે દિગંબર સાધુ નગ્ન મુનિ થાય, પણ અંદર દયા, દાન, વ્રતના જે ભાવ છે રાગ એમાં 'આ હું છું' એમ માને એ મિથ્યાદૃષ્ટિ છે, એ અજ્ઞાનચેતના છે. બહુ થોડા શબ્દોમાં ગંભીર વાતું છે, ભાઈ! આહા..હા..!

પરમાત્મા ત્રિલોકનાથના વિરહ પડ્યા. જ્ઞાનલક્ષ્મી ઉત્પન્ન થવી કેવળજ્ઞાનાદિ અટકી ગયા અને લોકો તકરારમાં પડી ગયા. આ માર્ગ છે, આ માર્ગ છે અને આ માર્ગ છે. આહા..હા..! લક્ષ્મી જાય, બાપ મરી જાય, છોકરા પછી તકરાર પાછળથી કરે કે આ મકાન અમે વાપરીએ છીએ એ મકાન ભલે બે લાખનું છે પણ મારું છે. આપણે મૂડી ભલે સાત લાખની, છ લાખની હોય, પણ બે લાખનું મકાન મારું અને એ ઉપરાંત પૈસાનો ભાગ પાડો. છોકરાઓ તકરાર કરે છેને. આહા..હા..! આપણે થયું હતુંને. બધું સાંભળલું છેને. મુંબઈમાં મોહનભાઈ

આ વાવડીવાળા હતાને. મોહન ત્રિકમનો દીકરો નરોત્તમ. ઘણા વર્ષ સુધી દુકાન ચલાવી. મોટી ઉંમર થઈ ગઈ. ભાઈઓ નાના. પછી ઉંમર મોટી થઈ ગઈ પછી વહેંચો કહે. ભાઈઓ કહે પણ બધું સરખું વેચાશે. પણ એલા! આ ૨૫-૩૦ વર્ષથી આ મેં કામ કર્યા. અવસ્થા મારી થઈ ગઈ હવે. નરોત્તમ ગુજરી ગયો મોહનભાઈનો. છેલ્લે અહીં આવ્યો હતો ત્યારે કહેતો હતો. ત્રણ ભાઈઓ. બે ભાઈઓ હતા. આ ૨૫-૩૦ વર્ષથી કામ લેતો. ભાઈ હવે વૃદ્ધ થઈ ગયો હું અને આ ત્રણ ભાગ સરખા પાડો. નહિ, ભાગ સરખા પડશે. એય..! શેઠ! આ બધું જોયું છેને, બધું તમારું બધું સાંભળેલું છે. તમારું એટલે આ સંસારનું. શું કહે છે? ઓલો તો વૃદ્ધ થઈ ગયેલો હોં. શરીર નબળું પડી ગયેલું. ૫૫-૬૦ એમ કાંઈક વર્ષ થઈ ગયેલા. નાના ભાઈઓ નાની ઉંમરના હતા. ૨૫-૩૦ વર્ષ સુધી પોતે વેપાર ચલાવેલો. ભાઈઓ તો પછી ભળ્યા. પછી હવે વહેંચવા વખતે (કહે) સરખા ભાગ પાડો. ઓલો કહે, બાપુ! મારું શરીર નબળું થઈ ગયું. હું કામ કરી શકું એમ નથી. તમે તો હજી જુવાન છો. તો કાંઈક મારો ભાગ વધારે તો રાખો. આ જગતની તકરાર.

અહીં કહે છે, અજ્ઞાની રાગમાં જોડાઈ ગયેલો મારો ભાગ આ છે. આહા..હા..! અરેરે! એને વહેંચતા ન આવડ્યું. રાગથી ભિન્ન ભગવાન છે એને જોતા, જાણતા, વિવેક કરતા ન આવડ્યું. અનાદિથી અમે રાગ કરતા આવી છીએ અને એમાં આ તો વળી શુભરાગ છે. માટે એમાં અમે એકાગ્ર થઈએ તો અમને ધર્મ થશે. આહા..હા..! કહે છે... કહ્યુંને? અજ્ઞાન ચેતના છે એ તો. આહા..હા..! છે બીજી લીટીમાં? આહા..હા..!

ભગવાનસ્વરૂપ પ્રભુ ત્રિકાળી આનંદ સચ્ચિદાનંદ પ્રભુ છે. સચ્ચિદાનંદ બીજા કહે એ નહિ હોં! સર્વજ્ઞ જિનેન્દ્રદેવે આત્માને સત્ ચિદ્ આનંદ, શાશ્વત જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ છે એમ જોયું છે. આહા..હા..! એવા આત્માને ન જાણતા, ન માનતા આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવ એ દયા, દાન, વ્રત, ભક્તિ, અપવાસ, તપસ્યા એ બધું વિકલ્પની વૃત્તિનું ઉત્થાન છે. આહા..હા..! એમાં જે એકાગ્રથી 'એ હું છું' (એવી માન્યતા) એ અજ્ઞાનચેતના છે, એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..!

'**તે બે પ્રકારે છે—**' હવે એ અજ્ઞાનભાવ બે પ્રકારે છે. '**કર્મચેતના અને કર્મફળચેતના.**' હવે એની વ્યાખ્યા. '**તેમાં, જ્ઞાનથી અન્યમાં (અર્થાત્ જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં) એમ ચેતવું કે 'આને હું કરું છું,'...**' એ પુણ્યના ભાવને હું કરું છું. દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એ પુણ્ય છે એને 'હું કરું છું' એમ જે માને છે... આહા..હા..! '**તે કર્મચેતના છે;...**' કર્મ એટલે જડ કર્મની અહીં વાત નથી. ભાવકર્મ જે પુણ્ય અને પાપના ભાવ એમાં પુણ્યનો, મુખ્ય વાત તો અટક્યો છે ત્યાં. એ શુભભાવ જે છે એને જગત અત્યારે ધર્મ માને છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભરાગ છે. ભાઈ! તને ખબર નથી. એ ચૈતન્યસ્વરૂપમાં એ નથી. એ રાગને 'હું કરું છું' એનું નામ કર્મચેતના—કાર્યચેતના. કાર્ય નામ

રાગરૂપી કાર્ય એમાં ચેતાઈ ગયો. આહા..હા..! પરના કાર્યની અહીં વાત નથી. પરના કાર્ય તો એ કરી શકતો નથી. ફક્ત એ રાગભાવ એ કાર્ય છે મારું એમ જેમાં અજ્ઞાનપણે ચેતાઈ ગયો છે તે અજ્ઞાનચેતના, કર્મચેતના છે. આહા..હા..!

**'અને જ્ઞાનથી અન્યમાં એમ ચેતવું કે 'આને હું ભોગવું છું',...'** આહા..હા..! ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ સિવાય અનેરો રાગ, શુભરાગ એને પણ હું ભોગવું છું **'તે કર્મફળચેતના છે.'** એ રાગરૂપી કાર્ય તેનું ફળ એ વિકાર એ કર્મફળચેતના છે. આહા..હા..! અધિકાર તો બહુ સારો આવ્યો છે હોં શેઠ! બરાબર રોકાણા છે. આવી વાત છે, બાપા! અરે! શું થાય? ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એને મૂકીને રાગમાં શુભરાગમાં જે એકાગ્ર થાય તે કર્મચેતના અને એ રાગમાં હરખનું વેદન કરે એ કર્મફળચેતના. એ અજ્ઞાનચેતના બેય છે. આહા..હા..! કહો, સુજાનમલજી! કેમ છોકરો હજારનો પગાર લાવતો હોય એકનો એક હુશિયાર હોય તો પછી ખુશી થઈ જાય કે આહા..હા..! બાપુજી-બાપુજી કરે તો કેવું થઈ જાય લ્યો અંદરથી. આહા..હા..! આ જીવ અટકવાના સાધન બધા. આહા..હા..! જેનો સ્વભાવ સર્વજ્ઞ છે એટલે કે બધાને જાણવું એનો સ્વભાવ છે. રાગ હો કે પુણ્ય હો કે પાપ હો કે ફળ હો, જેને કાંઈ કરવું એવો એનામાં સ્વભાવ, રાગ કરવો એવો સ્વભાવ જ નથી. આહા..હા..!

**'અન્યમાં એમ ચેતવું કે આને હું ભોગવું છે, તે કર્મફળચેતના છે.'** એ રાગના ફળમાં હરખ કરવો, હોંશ કરવી. આહા..હા..! મેં વ્રત પાળ્યા, મેં ભક્તિ કરી, મેં પૂજા કરી, મેં દાન આપ્યા એવા ભાવમાં હરખ કરવો એ કર્મફળચેતના છે. આહા..હા..! **'(એમ બે પ્રકારે અજ્ઞાનચેતના છે.) તે સમસ્ત અજ્ઞાનચેતના સંસારનું બીજ છે;...'** આહા..હા..! છે આવી વાત? ચાહે તો એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ, પૂજા, નામસ્મરણ શુભરાગ એ મારા એમ ચેતે એ સંસારનું બીજ છે, ચોર્યાસીમાં રખડવાનું બીજ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૫, સોમવાર, તા. ૩૧-૧૦-૧૯૭૭, ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન નં. ૪૯૫

સમયસાર, ટીકા ફરીને. ૩૮૭-૮૮-૮૯ છેને. **'ટીકા :- જ્ઞાનથી અન્યમાં...'** જે આ આત્મા છે આત્મા એ જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વભાવ સિવાય અન્યમાં **'(-જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં) એમ ચેતવું (અનુભવવું) કે 'આ હું છું',...'** રાગાદિ ભાવ આવે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ પુણ્ય રાગ છે. હિંસા, જૂઠું, ચોરી,

વિષયભોગ છે એ પાપ રાગ છે. એ રાગમાં એવો અનુભવ કરવો કે 'આ હું છું' અને એ રાગથી મને લાભ થશે એવી જે દૃષ્ટિ છે એ કર્મચેતના છે. છે? અજ્ઞાનચેતના છેને? શું કહ્યું? સૂક્ષ્મ વાત છે, ભાઈ! આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદ્‌ઘન જ્ઞાતાદૃષ્ટા છે તેને છોડીને શુભ અને અશુભભાવ રાગ 'એ હું છું' એમ માનવું, જાણવું એ અજ્ઞાનચેતના છે. શરીર, વાણી, મન અને પરવસ્તુ એક બાજુ રાખો અત્યારે, એ તો એમાં છે જ નહિ. અહીંયાં તો આત્મા પોતાનું ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ છે એમાં જે શુભ-અશુભ રાગ (થાય), ચાહે તો દાનનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો ભાવ એ રાગ છે, શુભરાગ પુણ્ય અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપરાગ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્યસ્વરૂપ છે એમાં 'રાગ હું છું' એવો અનુભવ કરવો, એમાં ચેતવું, એમાં એકાગ્ર થવું એ અજ્ઞાનચેતના છે. એ અજ્ઞાનચેતના સંસારનું બીજ છે. અને એ અજ્ઞાનચેતના આઠ કર્મનું કારણ છે તો આઠ કર્મ એ સંસારનું બીજ છે. તો આઠ કર્મનું કારણ પણ અજ્ઞાનચેતના છે, એ પણ સંસારનું બીજ છે. આહા..હા..! છે?

**શ્રોતા :-** આત્માને ન ઓળખવો હોય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એનું એ થયુંને. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ છે એને એણે નહિ જાણીને, એમાં એકાગ્ર નહિ થઈ રાગમાં એકાગ્ર થવું એ અજ્ઞાનચેતના છે અને એ અજ્ઞાનચેતના સંસારનું બીજ છે. સંસારમાં રખડવાનું કારણ છે. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ? એ અજ્ઞાનચેતના બે પ્રકારની છે. આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત ટીકાકાર છે. મૂળ શ્લોકકર્તા કુંદકુંદાચાર્ય દિગંબર છે. અમૃતચંદ્રાચાર્ય ટીકા કરનાર. ટીકાકાર કહે છે... દિગંબર સંત આત્મ અનુભવી આત્માના આનંદના સ્વસંવેદનને વેદનારા એવા મુનિ એમ કહે છે... એ પરમેશ્વર જિનેન્દ્ર કહે છે એ ઈ જ કહે છે કે પોતાનું સ્વરૂપ ચૈતન્ય નિર્દોષ પવિત્ર આનંદઘન એ ચૈતન્યને પોતા સિવાય ચાહે તો શુભભાવ હો કે અશુભભાવ હો રાગ એને પોતાનો અનુભવવો કે 'આ મારો છે' એનું નામ અજ્ઞાનચેતના છે. આહા..હા..! અને એ રાગથી મને લાભ થશે એનો અર્થ એ થયો કે રાગ મારી ચીજ છે. એવી માન્યતા અજ્ઞાનચેતના છે. આહા..હા..!

'**તે અજ્ઞાનચેતના છે. તે બે પ્રકારે છે—કર્મચેતના અને કર્મફળચેતના.**' હવે બે પ્રકાર. '**તેમાં, જ્ઞાનથી અન્યમાં (અર્થાત્ જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં) એમ ચેતવું કે 'આને હું કરું છું',...**' એ શુભરાગ કે અશુભરાગ તેનો 'હું કર્તા છું' એ અજ્ઞાન કર્મચેતના છે. આવી વાત છે. કહો, શેઠ! પોતાનું સ્વરૂપ ચૈતન્યઘન જ્ઞાયક ચૈતન્ય આનંદકંદ પ્રભુ એના સિવાય જેટલો રાગ છે શુભ કે અશુભ, 'એ રાગ મારું કર્તવ્ય છે' એમ માનવું એ કર્મચેતના અજ્ઞાનનો એક ભાગ છે. આહા..હા..! છે કે નહિ અંદર? આહા..હા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! અનંતકાળમાં એણે પોતાની ચીજ રાગથી ભિન્ન, એ પુણ્ય-પાપના વિકલ્પ જે રાગથી ભિન્ન

છે એનો કદી સ્વીકાર, સત્કાર, અનુભવ કર્યો નથી અને એના અનુભવ વિના જન્મ-મરણનો અંત આવતો નથી. આહા..હા..!

તો અહીંયાં કહે છે કે જે રાગાદિ વિકલ્પ શુભ હો, પણ હું કરું છું. છે? **'એમ ચેતવું કે 'આને હું કરું છું',...'** આહા..હા..! શુભરાગની ક્રિયાના પરિણામ છે શુભરાગના પણ 'હું એનો કર્તા છું' **'તે કર્મચેતના છે;...'** એ વિકારીભાવનું ચેતવું, વિકારીભાવમાં એકાગ્ર થયો, પોતાના સ્વભાવને એણે દૃષ્ટિમાંથી છોડી દીધો. આહા..હા..! છે કે નહિ શેઠ! છે એમાં? કદી વાંચ્યું છે જ ક્યાં? વાંચ્યું જ નથી. શું કહે છે? એ ભાવ આવે છે પણ રાગમાં એકતા થવી, એ રાગ મને લાભદાયક છે એમ માનવું એ અજ્ઞાન કર્મચેતના છે.

**શ્રોતા :-** લાભ ન થાય તો કરવો શું કરવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે રાગ. ધર્મીને પણ પોતાનું સ્વરૂપ ચૈતન્યનું, જ્ઞાનચેતનાનું વેદન, અનુભવ હોવા છતાં સ્વરૂપમાં સ્થિરતા ન હોય તો એવો ભાવ આવ્યા વિના રહે નહિ, પણ એ રાગ બંધનું કારણ છે. આહા..હા..! આકરી વાત, ભાઈ! વીતરાગમાર્ગ. પરમેશ્વર જિનેન્દ્રદેવ એનો માર્ગ રાગથી રહિત માર્ગ છે. રાગથી ભિન્ન થઈને અભ્યાસ રાગથી ભેદજ્ઞાનનો અભ્યાસ કરીને 'હું આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું' એવું અંતરમાં પ્રતીતિ અને વેદન થવું એનું નામ ધર્મ છે. એ જ્ઞાનચેતનાનું નામ ધર્મ છે. આહા..હા..!

**શ્રોતા :-** વ્યાખ્યાન સાંભળવું એ ધર્મ નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પુણ્ય શુભ વિકલ્પ છે. આવી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ... દિગંબર સંતોએ તો પરમસત્યને બહાર જાહેર કર્યું છે. સમાજ માનશે કે નહિ માને એની દરકાર નથી. માર્ગ આ છે. પોતાનું ચૈતન્ય સ્વરૂપ અંદર બિરાજમાન છે. 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી.' એ પોતાનું સ્વરૂપ જ્ઞાનસ્વરૂપ છે. એ પોતાના જ્ઞાનમાં જ્ઞાનસ્વભાવ સિવાય જે કાંઈ પુણ્ય અને પાપના ભાવ થાય છે એ મારા છે અને એનો અનુભવ કરવો કે એ મને લાભદાયક છે એ અજ્ઞાન કર્મચેતના બંધનું કારણ છે. આ વાત તો સ્પષ્ટ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવ્યું?

**'તે કર્મચેતના છે;...'** કર્મ એટલે જડ નહિ. જડ કર્મ તો અજીવ છે, ધૂળ છે ઝીણી એ નહિ. અહીંયાં તો રાગભાવ થવો, શુભ કે અશુભ રાગ એ પણ એક વિકારી કાર્ય છે. 'એ વિકારી કાર્ય હું કરું છું' એવી માન્યતા તે કર્મચેતના અજ્ઞાનચેતના છે. આહા..હા..! આવો માર્ગ છે. જિનેન્દ્રનો માર્ગ-ભવના અંતનો માર્ગ એ કોઈ અલૌકિક ચીજ છે. આ રાગને પોતાનો માનવો એ કહે છે કે ભવનું બીજ છે. સંસારમાં રખડવાનું એ બીજ છે. બીજમાંથી આખો સંસાર ફાલશે. આહા..હા..! એક વાત.

**'અને જ્ઞાનથી અન્યમાં એમ ચેતવું...'** ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય એવા જ્ઞાનથી અન્યમાં **'ચેતવું કે 'આને હું ભોગવું છું',...'** આ રાગભાવને હું ભોગવું છું. આહા..હા..!

'રાગને હું કરું છું' એ અજ્ઞાનકર્મચેતના અને 'રાગને હું ભોગવું છું' એ અજ્ઞાનકર્મફળચેતના. જડ કર્મની અહીંયાં વાત નથી. જડ તો ઝીણી માટી છે. જેમ આ માટી છે એમ આઠ કર્મ ઝીણી ધૂળ છે ધૂળ. એની તો વાત જ નથી. એનો કર્તા અને ભોક્તા આત્મા છે જ નહિ, અજ્ઞાનભાવે પણ નથી. આહા..હા..! અહીંયાં તો આત્મામાં શુભ અને અશુભરાગ જે થાય છે 'એ રાગનો હું કર્તા છું' એવી જ્ઞાનચેતનાને છોડીને રાગનો કર્તા એવી કર્મચેતનામાં અનુભવ કરવો એ અજ્ઞાનરૂપી કર્મચેતના સંસારનું બીજ છે. આહા..હા..! આવી વાત છે.

અને આત્માનું જ્ઞાન ચૈતન્યમૂર્તિ પ્રભુ તેને છોડીને રાગનો હું ભોક્તા છું. ચાહે તો શુભરાગ હો, પણ હું ભોકતા છું, એનો હું વેદનાર ભોક્તા-ભોક્તા (છું) એ અજ્ઞાનચેતનાનું કર્મફળ છે. એ અજ્ઞાનચેતનાનો બીજો ભાગ કર્મફળચેતના છે, એ પણ સંસારનું બીજ છે. આહા..હા..! આવી વાત આકરી વાત છે, બાપા! આહા..હા..! વીતરાગ દિગંબર સંતોની શૈલી ભવના અંતની વાત છે. આહા..હા..! જેમાં પોતાનો આત્મા પુણ્ય અને પાપના વિકલ્પ નામ રાગથી ભિન્ન છે એવા આત્માનો અનુભવ કર્યો તેણે ભવનો અંત કર્યો. સમજાણું કાંઈ? અને તેને છોડીને શુભ-અશુભ રાગ ચાહે તો વ્રતનો રાગ હોય, વ્રત એ પણ રાગ આસ્રવ છે. અપવાસ કરું એવો વિકલ્પ પણ રાગ છે, ભક્તિ, જાત્રાનો ભાવ પણ રાગ છે. સૂક્ષ્મ વાત છે, પ્રભુ! એ રાગનો હું કર્તા છું, જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવને છોડીને 'હું રાગનો કર્તા છું' એ કર્મચેતના અજ્ઞાનનો એક ભાગ છે અને એ સંસારનું બીજ છે અને ભગવાન આત્મા જ્ઞાનચેતનાને છોડીને 'એ રાગને હું ભોગવું છું' એ અજ્ઞાનચેતનાનો બીજો ભાગ કર્મફળચેતના છે. કહો, શેઠ! આ તો ભાષા તો સાદી છે. ભાવ તો ઝીણા કોઈ દિ' સાંભળ્યા નથી અંદર, દરકાર પણ કરી નથી. શું કહે છે? દરકાર કરી નથી. વાત તો સાચી છે. અનંતકાળમાં એ વાત અંતરમાં રુચિ નથી. બહુ તો દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જાત્રાનો ભાવ એ 'હું કરું' અને 'હું વેદું' એમ અનાદિથી માન્યું છે, એ અજ્ઞાન છે. આહા..હા..! એ અજ્ઞાનચેતના ચોર્યાસી લાખ યોનિમાં રખડવાનું બીજ છે. શાંતિભાઈ! આવો માર્ગ છે, પ્રભુ! આહા..હા..! છે?

'**(એમ બે પ્રકારે અજ્ઞાનચેતના છે.)**' બે પ્રકારની થઈને? એક કર્મચેતના, એક કર્મફળચેતના. કર્મચેતના એટલે 'રાગને હું કરું' એ કર્મચેતના અજ્ઞાન અને 'રાગને હું ભોગવું' એ કર્મફળચેતના અજ્ઞાન. આ તો હિન્દી ચોખ્ખી ભાષા આવે છે. સમજાય છે કે નહિ? આહા..હા..! માર્ગ પ્રભુનો વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો માર્ગ અલૌકિક છે. આહા..હા..! કહે છે, '**તે સમસ્ત અજ્ઞાનચેતના સંસારનું બીજ છે;**...' છે? હિન્દીમાં છે. હિન્દી લોકોની હિન્દીની માગણી હતીને. આહા..હા..! પ્રભુ એમ પરમાત્મા ફરમાવે છે, જિનેન્દ્રદેવ એ દિગંબર સંતો આડતિયા થઈને જિનેશ્વરનો માલ બતાવે છે. આહા..હા..! પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તારી ચીજ જે અંદર જ્ઞાનસ્વરૂપી ચેતનથી ભરેલી છે તેને છોડીને પોતામાં છે નહિ એવા દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ એ રાગમાં એકાગ્ર થઈને 'રાગ હું કરું છું'

તેને અજ્ઞાન કર્મચેતના કહે છે અને એ 'રાગને હું ભોગવું છું' એ અજ્ઞાનનું કર્મફળ બીજી ચેતના છે. બેય ચેતના સંસારનું બીજ છે. આહા..હા..! ચોખ્ખો પાઠ છે અંદર. અરે! પ્રભુ! ભગવાન! માર્ગ તારો ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ધર્મીને પણ એવો ભાવ આવે છે, પણ એનો એ કર્તા-ભોક્તા નહિ થતાં જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં સુધી વીતરાગતા ન પ્રગટે ત્યાં સુધી ધર્મી જીવની દૃષ્ટિ જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ (છું) એવું વેદન છે, છતાં પૂર્ણ વેદન વીતરાગતા નથી તો આવો શુભભાવ ભક્તિ આદિનો આવ્યા વિના રહે નહિ, પણ એ ભાવનો જ્ઞાની, ધર્મી કર્તા-ભોક્તા થતો નથી. એનો હું જાણનાર પોતામાં રહીને રાગ ભિન્ન છે એમ હું જાણું છું. આહા..હા..! આવી વાત છે.

**શ્રોતા :-** કરવા જેવા નથી તો છોડવા જેવા પણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરવા જેવા નથી અને છોડવા જેવા નથી પણ... એ આવી ગયું છે આપણે કળશમાં. આવ્યું હતુંને ક્યાંક. શેમાં? ત્રણ બોલ નહોતા લીધા? ૧૦૮? ૧૦૬? ૧૧૦-૧૧૦ ના. ૧૦૮. એ જ આવ્યું. જુઓ પ્રશ્ન, '**અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે...**' શુભ-અશુભ પરિણામરૂપી ચારિત્ર છે રાગ '**તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી.**' એમ કોઈ કહે. '**ઉત્તર આમ છે કે—વર્જવાયોગ્ય છે,...**' ૧૦૮ કળશ. હિન્દી છે. રાજમલની ટીકા. શ્લોક અમૃતચંદ્રાચાર્ય સંત, મુનિ દિગંબર (એમનો છે). આહા..હા..! એ શુભ અને અશુભ આત્માનું પરિણામ કોઈ એમ કહે કે કરવાયોગ્ય નથી, પણ એ વર્જવાયોગ્ય પણ નથી. એમ જો કોઈ કહે તો એ વર્જવાયોગ્ય છે. દૃષ્ટિમાં એને છોડવાલાયક છે. આહા..હા..! '**કારણ કે વ્યવહારચારિત્ર...**' એ પંચમહાવ્રતના પરિણામ આદિ રાગની ક્રિયા એ વ્યવહાર '**હોતું થકું દુષ્ટ છે,...**' ૧૦૮ કળશ છે. આમાંથી સમયસાર નાટક બનાવ્યું છે. બનારસીદાસ. એ '**દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે;...**' ત્રણ વિશેષણ લીધા. આહા..હા..! '**તેથી વિષય-કષાયની માફક...**' જેમ વિષય-કષાયના પરિણામ છોડવાલાયક છે એમ '**ક્રિયારૂપ ચારિત્ર...**' શુભ પરિણામ વ્રત, તપ, ભક્તિ આદિનો શુભભાવ '**નિષિદ્ધ છે એમ કહે છે—**' આહા..હા..! નિષેધ છે. આહા..હા..! દૃષ્ટિમાં એનો આદર નથી, આવે છે. ૧૦૮. કળશટીકા ૧૦૮ છે. હિન્દી છે હિન્દી. આહા..હા..!

માર્ગ તો શાંત... શાંત... શાંત... એ પુણ્ય અને પાપના શુભાશુભભાવ એનાથી ભિન્ન ચીજ જે આનંદ જ્ઞાનસ્વરૂપ છે એમાં જ્ઞાનનો, આનંદનો અનુભવ, વેદન થવું એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે અને એ સિવાય શુભ-અશુભભાવનું આચરણ, અનુભવ કરવો એ સંસારનું બીજ અજ્ઞાનબીજ છે. આહા..હા..! છે કે નહિ? શેઠ! ત્યાં જોયું નથી કોઈ દિ' ઘરે. પૈસા... પૈસા... પૈસા... પૈસા... અને શેઠિયા માણસને બહારથી માન આપે.

કરોડોપતિ માણસ. સાગર-સાગર. બેય ભાઈઓ બીડીના મોટા વેપારી. સાત તો ઘરે મોટી મોટરું. લોકો આપે કે ઓહો..હો..! મોટા છે. દાનમાં બે-ચાર લાખ ખર્ચે એટલે જાણે કે ઓહો..હો..! અહીં તો કહે છે કે એ દાનમાં દસ લાખ કે કરોડ આપે એમાં રાગની મંદતા રાખે તો શુભભાવ છે, પુણ્ય છે. દૃષ્ટિમાં એનો નિષેધ છે. આહા..હા..! આવે. સમજાણું કાંઈ? અહીં ક્યાં ઢાંકપીછોડો છે. આ તો ખુલ્લી વાત છે. આહા..હા..!

પ્રભુ! તારો માર્ગ આચાર્ય મહારાજ તો સ્પષ્ટ કરે છે. દિગંબર સંત એટલે આહા..હા..! આવી વાણી ક્યાંય છે નહિ. એ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એણે કહ્યું એ જ માર્ગ દિગંબર સંતો જગતને જાહેર કરે છે. આહા..હા..! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! તારી જ્ઞાનશક્તિ અને આનંદસ્વભાવ તેને છોડીને જે પુણ્ય-પાપના ભાવનો કર્તા અને ભોક્તા થયો તો એ સંસાર ચોર્યાસીના અવતારનું બીજડું છે. સમજાણું કાંઈ? છે? '**તે સમસ્ત અજ્ઞાનચેતના સંસારનું બીજ છે;...**' ચાર ગતિમાં રખડવાનું એ બીજડું છે. બીજમાંથી વૃક્ષ ફાલશે એમ પુણ્ય-પાપનો કર્તા-ભોક્તા થઈને અજ્ઞાનચેતનામાંથી ચોર્યાસી લાખ યોનિનું વૃક્ષ ફાલશે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! દુનિયાને તો સાંભળવા મળે નહિ મુશ્કેલ પડે એટલે. આખો દિ' સંસાર... સંસાર... સંસાર... આહા..હા..!

અહીં તો પરમાત્મા જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ ઈન્દ્ર અને ગણધરની સમક્ષમાં પરમાત્મા તો બિરાજે છે મહાવિદેહમાં. સીમંધર ભગવાન કેવળજ્ઞાનીપણે વર્તમાન બિરાજે છે સમવસરણમાં. ત્યાં આગળ આ કુંદકુંદાચાર્ય ગયા હતા. આઠ દિન ત્યાં રહ્યા હતા. સંવત્ ૪૯. બે હજાર વર્ષ પહેલાં. આહા..હા..! ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું કે ભગવાનનો આ સંદેશ છે, પ્રભુ! આહા..હા..! અને હજાર વર્ષ પછી અમૃતચંદ્રાચાર્ય થયા દિગંબર સંત એમણે આ ટીકા બનાવી. આ કળશ એમના છે. આહા..હા..! માર્ગ તો આ છે, ભાઈ! લોકોને રુચે ન રુચે પણ માર્ગ તો આ છે. એ પુણ્ય-પાપનું કરવું-ભોગવવું છોડીને પોતાના આનંદ અને જ્ઞાનસ્વરૂપને ભોગવવું અને કરવું એ ધર્મ છે અને એ સંસારના અભાવનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..!

પરમાત્મા તો બિરાજે છે. ઈન્દ્ર સભામાં જાય છે. અહીંયા પણ ઈન્દ્ર મહાવીર પરમાત્મા બિરાજતા હતા ત્યારે સમવસરણમાં ઈન્દ્ર આવતા હતા. એ ઈન્દ્ર એકભવતારી છે. શક્રેન્દ્ર છે, સુધર્મ સ્વર્ગના ૩૨ લાખ વિમાનનો સાહેબો, શક્રેન્દ્ર ઈન્દ્ર છે એ વર્તમાન એકભવતારી છે ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જવાના છે અને એની પત્ની પણ એકભવતારી છે. એક ભવ કરીને મોક્ષે જવાના છે. એ ઈન્દ્ર અને ઈન્દ્રાણી પણ જ્યારે સભામાં આવે છે તોપણ પરમાત્માની દિવ્યધ્વનિમાં આ વાત આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રભુ! એકવાર સાંભળ. એ તો જ્ઞાની છે. મતિ, શ્રુત અને અવધિ ત્રણ તો જ્ઞાન છે. એ સાંભળે એ વાણી કેવી હશે! આહા..હા..! અહીં ત્રિલોકનાથ જે કહેતા હતા એ સંતો દિગંબર મુનિ કેવળજ્ઞાનીના કેડાયત

એને કેડે-કેડે ચાલનારા એ એક જ દિગંબર સંતો (આ માર્ગ કહે છે), એ સિવાય બીજે આવો માર્ગ ક્યાંય છે નહિ. આહા..હા..! એ ભગવાન એમ કહેતા હતા એમ દિગંબર સંત જગત પાસે જાહેર કરે છે કે એ અજ્ઞાનચેતના સંસારનું બીજ છે. આહા..હા..!

એ તો મોક્ષ અધિકારમાં આવ્યું હતુંને કે મુનિને આત્મજ્ઞાન છે, ત્રણ કષાયનો અભાવ છે, વીતરાગતા છે, પ્રચુર સ્વસંવેદન આનંદનું વેદન મુનિને છે માટે તેને મુનિ કહે છે. તેને પણ જે પંચમહાવ્રતનો વિકલ્પ આદિ આવે છે એ જગપંથ છે. સમયસાર નાટકમાં મોક્ષ અધિકારમાં ૪૦મો બોલ છે. ૪૦મો બોલ છે ૪૦. જગપંથ છે. આહા..હા..! એ મુનિ આત્મજ્ઞાની આત્માના અતીન્દ્રિય આનંદના પ્રચુર સ્વસંવેદનની ભૂમિકામાં એ રાગ આવે છે પંચમહાવ્રત આદિ, ભક્તિ આદિનો તો કહે છે કે એ રાગ જગપંથ છે. એટલો એણે હજી ભવ કરવો પડશે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો તદ્દન અજ્ઞાનચેતનાની વાત છે. પોતાની અંદર સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો લબાલબ ભર્યો છે ભગવાન આત્મા અંદર. આહા..હા..! એની સ્વભાવસન્મુખ ન જોતા, એ સ્વભાવનો સ્વીકાર ન કરતા, એ શુભ અને અશુભભાવનો સ્વીકાર કરીને કર્તા-ભોક્તા થાય છે એ સંસારનું બીજ છે. છે એમાં? છે કે નહિ? સુબોધ! છે? આજે તો હિન્દી ચાલે છે. એ છોકરો સાંભળેને. આહા..હા..!

'કારણ...' સંસારબીજ કેમ? એ શુભ-અશુભ રાગ કરવાલાયક છે અને ભોગવવાલાયક છે, કર્તા અને ભોક્તા છું એ અજ્ઞાનચેતના કેમ સંસારનું બીજ છે? **'કે સંસારનું બીજ જે આઠ પ્રકારના કર્મ,...'** છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ આઠ કર્મ છે ભગવાને કહ્યા. એ સંસારનું બીજ આઠ કર્મ છે. **'તેનું તે અજ્ઞાનચેતના બીજ છે...'** આહા..હા..! આઠ કર્મ છે જડ ધૂળ એ સંસારનું બીજ છે અને એનું કારણ આ અજ્ઞાનચેતના એટલે કે એ સંસારનું બીજ છે. આહા..હા..! શું કહે છે? કે રાગભાવ ચાહે તો શુભ હો કે અશુભ હો, પણ મારે 'કરવાલાયક છે અને ભોગવવાલાયક છે' એ સંસારનું બીજ અજ્ઞાન છે. કેમ? કે એનાથી આઠ કર્મ બંધાય છે. તો આઠ કર્મ સંસારનું બીજ છે એનું કારણ જે અજ્ઞાનચેતના એ સંસારનું બીજ છે. આહા..હા..! કહો મિત્રસેનજી! આવો માર્ગ છે. આહા..હા..! અરેરે! આવી વાત. પરમાત્મા જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ બિરાજે છે. ભગવાન મહાવીર આદિ તો નમો સિદ્ધાણંમાં ગયા. ચોવીસ તીર્થંકર તો અરિહંતમાં ન રહ્યા હવે. એ તો નમો સિદ્ધાણં સિદ્ધપદમાં ગયા. આ ભગવાન બિરાજે છે એ નમો અરિહંતાણંમાં છે. કેમકે હજી ચાર કર્મ બાકી છે. ચાર કર્મનો નાશ થયો, કેવળજ્ઞાની છે પણ સિદ્ધ નથી અને ચોવીસ તીર્થંકર તો નમો સિદ્ધાણં સિદ્ધમાં ગયા. આ અરિહંત પદમાં છે. તો સિદ્ધને વાણી કે શરીર નથી. ભગવાન અરિહંતને શરીર અને વાણી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વાણીમાં આમ કહેતા હતા એ વાત કુંદકુંદાચાર્ય ત્યાંથી અહીં લાવ્યા છે. આહા..હા..!

ભગવાન ત્રિલોકનાથ સીમંધર ભગવાન એમ કહે છે કે જે 'રાગને કરવું, રાગને હું કરું અને રાગને હું ભોગવું' એ બેય કર્મચેતના અને કર્મફળચેતના અજ્ઞાન છે. અને એ સંસારમાં રખડવાનું બીજ છે. કેમ? કે આઠ કર્મ જે છે એ સંસારનું બીજ છે તો આઠ કર્મનું કારણ જે અજ્ઞાનચેતના—કર્મચેતના અને કર્મફળચેતના એ આઠ કર્મનું કારણ એનાથી આઠ કર્મ બંધાશે. તો આઠ કર્મ સંસારનું બીજ છે તો એનું અજ્ઞાનચેતના સંસારનું બીજ કહેવામાં આવ્યું છે. આહા..હા..! આવો માર્ગ પ્રભુનો, ભાઈ! આહા..હા..! આકરું કામ બહુ. નિવૃત્તિ લઈને પહેલો અભ્યાસ જોઈએ.

રાગનો વિકલ્પ આવે, પણ એનાથી ભેદજ્ઞાનનો અભ્યાસ, હું જુદો છું, ભિન્ન છું... ભિન્ન છું... ભિન્ન છું... એવો ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે અને એનું અભેદજ્ઞાન કરવાથી—એ રાગ અને કર્તા અને ભોક્તાને અભેદ કરવાથી મિથ્યાત્વનો અભાવ થાય છે, એ સંસારનું બીજ છે. આહા..હા..! આવું ક્યાં મળે? અરે! ભાઈ! વીતરાગ ત્રિલોકનાથના પંથમાં તે પણ દિગંબર સંતોના પંથમાં એ માર્ગ છે. એ માર્ગ બીજે ક્યાંય છે નહિ. આહા..હા..! શ્વેતાંબરમાં પણ આ વસ્તુ નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- થોડીક હશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બધી વિપરીત છે. શ્વેતાંબર પંથ તો દિગંબર પંથમાંથી બે હજાર વર્ષ પહેલાં (નીકળ્યો).

**શ્રોતા** :- એનો અનુભવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ક્યાંય છે નહિ. અમે તો કરોડો શ્લોકો જોયા છેને. અમે તો શ્વેતાંબર હતાને. ૪૫ વર્ષ તો શ્વેતાંબરમાં રહ્યા. આ ૪૩ વર્ષથી દિગંબર થયા. ૮૮ વર્ષ થયા. ૮૮ શરીરના છે ૮૮. ૯૦માં બે ઓછા. અમારા પિતાજી સ્થાનકવાસી શ્વેતાંબર હતા તો એમાં અમારો જન્મ થયો. તો એમાં અમે દીક્ષા લીધી સ્થાનકવાસી. પછી અહીંયા છોડી દીધી. ૯૧ના ચૈત્ર સુદ તેરશ. ૪૩ વર્ષ થયા. ૪૦ અને ૩. અહીંયાં એક મકાન જુદું છે. આ તો બધું જંગલ હતું. આ તો આખું જંગલ. અહીં તો પાડા બેસતા હતા. અમે તો ત્રણ વર્ષ જંગલમાં રહ્યા મકાનમાં. પછી ૯૪માં આ મકાન બન્યું સ્વાધ્યાય મંદિર. એ પહેલા બન્યું હોં. હવે તો ઘણાં કરોડો રૂપિયા નખાઈ ગયા છે. ઘણાં લોકો આવે છે. ત્યાં આ ચીજ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સ્થાકનવાસી અને શ્વેતાંબર મૂર્તિપૂજક છે એમાં તો આ ચીજ જ નથી. એય..! મનુભાઈ! આ બધા શેઠિયા સ્થાનકવાસીના છે. આ તો હતા. કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ છે, પ્રભુ! અનાદિ સનાતન જૈનદર્શન એ દિગંબર દર્શન એ એમ પોકાર કરે છે. આહા..હા..! શુભરાગનો ભાવ એ કરવાલાયક છે અને ભોગવવા લાયક છે તો એ અજ્ઞાનચેતના સંસારનું બીજ છે. કેમકે એ અજ્ઞાનથી આઠ કર્મ બંધાશે અને આઠ કર્મથી સંસારમાં રખડશે. કહો, શેઠ! સ્પષ્ટ છે કે નહિ? આ ફેરે રોકાણા છે શેઠ.

નાના શેઠ વધારે રહેતા હતા. આહા..હા..!

આ જુઓને શેઠ ચાલ્યા ગયા. શાહુજી શાંતિપ્રસાદ દિગંબરના મુખ્ય શેઠ. ૪૦ કરોડ રૂપિયા. શાહુજી અહીંયાં આવ્યા હતા હમણાં. બે-ત્રણ વ્યાખ્યાન સાંભળીને બે દિવસ રહી ગયા. હમણાં આવ્યા હતા. ચાલ્યા ગયા, ૨૭ તારીખે દેહ છૂટી ગયો. ૪૦ કરોડ અને ૪૦ લાખનો બંગલો. અમે એના બંગલામાં ગયા છીએ, આહાર-ભોજન કર્યું હતું ત્યાં. કલકત્તા ગયા હતા, દિલ્હીમાં ગયા હતા. એમાં શું? બહારની ચીજ શું છે? એ તો ધૂળ છે.

અહીંયાં તો અંદરમાં જે પુણ્ય અને પાપના ભાવ થાય તેને પણ ત્રણલોકના નાથ એમ કહે છે કે એ તો મેલ છે, રાગ છે. તારી ચીજ તો નિર્મળાનંદ અંદર પ્રભુ પડી છે. જેમાંથી કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થાય એ નિર્મળ જ્ઞાનમાં પડ્યું છે એમાંથી ઉત્પન્ન થાય છે, એ રાગની ક્રિયાથી કાંઈ ઉત્પન્ન થતું નથી. આહા..હા..! અરે..! આવી સત્ય વાત સાંભળવા ન મળે, પ્રભુ! તારું શું થાય? આહા..હા..! છે તો તું ભગવત્ સ્વરૂપ. આહા..હા..! અંદર રાગથી રહિત તારી ચીજ તો ભગવત્ સ્વરૂપ છે. બધા આત્માઓ ભગવત્ સ્વરૂપ છે. આહા..હા..! આ દેહ સ્ત્રીનો, પુરુષનો એ તો હાડકાની ચીજ છે, એ કાંઈ આત્માની ચીજ નથી. એ તો નહિ, પણ પુણ્ય અને પાપ એ પણ આત્માના નથી. કેમકે નવ તત્ત્વમાં પુણ્ય અને પાપ ભિન્ન તત્ત્વ છે અને જીવ જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે. નવ તત્ત્વ છે કે નહિ? તો જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. આહા..હા..!

અહીંયાં તો પરમાત્મા કહે છે એ દિગંબર સંતો જગત પાસે જાહેર કરે છે. માર્ગ પ્રભુનો આ છે. આહા..હા..! અને એનાથી ઉલટા માર્ગે રાગની ક્રિયામાં ચડી ગયો અને રાગનો અનુભવ કરવાલાયક છે અને કરવાલાયક છે, એ અજ્ઞાનભાવ છે એ સંસારનું બીજ છે એમ પરમાત્મા ફરમાવે છે. આહા..હા..! એ પૈસો એક પાય પણ સાથે આવતી નથી. આ શરીર માટી ધૂળ રાખ થઈ જાય છે રાખ. આ તો ભસ્મ થઈ જશે. આ તો માટી છે. ભગવાન અંદર જે બિરાજે છે એ તો પુણ્ય અને પાપના રાગના ભાવથી ભિન્ન છે અંદર. આહા..હા..! એવા રાગથી ભિન્ન પડીને ભેદનો અભ્યાસ કર્યો નથી અને રાગની એકતાબુદ્ધિનો અભ્યાસ કર્યો એ સંસારનું બીજ છે. આહા..હા..! છે?

'**કારણ કે સંસારનું બીજ જે આઠ પ્રકારનું કર્મ, તેનું તે અજ્ઞાનચેતના બીજ છે...**' રાગને કરવો અને રાગને ભોગવવો એ કર્મ અને કર્મફળચેતના, અજ્ઞાનચેતના આઠ કર્મનું કારણ છે. આહા..હા..! સૂક્ષ્મ વાત છે, ભગવાન! તારી પ્રભુતાનો પાર નથી. એમાં આત્મામાં તો સર્વજ્ઞ સ્વભાવ પડ્યો છે. આત્મામાં સર્વજ્ઞ સ્વભાવ અને પ્રભુતા, પ્રભુતા પૂર્ણ પ્રભુતા પડી છે અંદર. પ્રભુ ગુણ છે એમાં. ૪૭ શક્તિનું વર્ણન છેને. આહા..હા..! થોડી શક્તિ બોલીને નહિ હમણા? તમારી છોડી. આ વેલજીભાઈ છેને એની દીકરીની દીકરી આટલી નાની છોડી શક્તિ બોલી અંદર આવી હતી. શક્તિ ભાઈ બોલી થોડી. નાની છોડી

છે આવડી. આ વેલજીભાઈ છેને ઉજ્જૈન. બે મહિનાથી છે અહીં. બે મહિનાથી છેને? દીકરીની દીકરી છે. શક્તિ બોલી હતી. એની મમ્મી શીખવતા હશે. જ્ઞાન શક્તિ, આ શક્તિ. કીધું વાહ! ૪૭ શક્તિમાં એક પ્રભુત્વ નામની શક્તિ છે. આત્મામાં પ્રભુત્વ નામની પરમેશ્વર થવાની શક્તિ છે. આહા..હા..! ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રદેવે આત્મામાં અનંતા ગુણ જોયા છે. ગુણ કહો કે શક્તિ કહો, એમાં એક પ્રભુત્વ નામનો ગુણ છે. જે ગુણ—શક્તિ પરમેશ્વર થવાની છે. આહા..હા..! પામરપણે રહેવું કે સંસારપણે રહેવું એવો એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આવી વાત છે. આહા..હા..! વાત તો માર્ગ એવો છે.

સવારે નહોતું આવ્યું? સવારે હિન્દી હતું. ઓલા આવ્યા હતાને હિન્દી લોકો. સવારે આવ્યું સ્વપર. સ્વ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન અને પર એ પુણ્ય-પાપના ભાવ બંધન અને એના સ્ત્રી, કુટુંબ, પરિવાર એ બધો પુદ્‌ગલનો વિસ્તાર છે, એ ચૈતન્યનો વિસ્તાર નથી. આહા..હા..! એ સવારે આવ્યું હતું. કળશટીકા. સમજાણું કાંઈ? પ્રભુ! જ્ઞાન અને આનંદના સ્વભાવથી લબાલબ ભરેલો પ્રભુ. એનાથી રહિત જેટલા શુભ-અશુભભાવ અને એને કારણે બંધન અને એને કારણે આ સામગ્રી મળે, પૈસા, ધૂળ આદિ સ્ત્રી, કુટુંબ, પરિવાર એ બધો પુદ્‌ગલનો વિસ્તાર છે. આહા..હા..! ચૈતન્યનો વિસ્તાર તો જ્ઞાન, દર્શન અને આનંદની શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ કરવી એ ચૈતન્યનો વિસ્તાર છે. આવી વાતું. ભાઈ! પ્રભુનો માર્ગ એ સિવાય બીજે ક્યાંય નથી. આહા..હા..! જેમાં જન્મ્યા એને સાંભળવા મળે નહિ, તો બિચાર જન્મ્યા નથી એને તો ક્યાં (મળે)? આહા..હા..! આવો માર્ગ પ્રભુ!

કહે છે, '**સંસારનું બીજ જે આઠ પ્રકારનું કર્મ, તેનું તે અજ્ઞાનચેતના બીજ છે (અર્થાત્ તેનાથી કર્મ બંધાય છે). માટે, મોક્ષાર્થી પુરુષે...**' આહા..હા..! હવે સવળું આવ્યું. જેને આત્માનો મોક્ષ જોઈએ છે, જેને સિદ્ધપદ લેવું છે એવા મોક્ષાર્થી જીવે. મોક્ષાર્થી પુરુષ. પુરુષ શબ્દે આત્મા. '**અજ્ઞાનચેતનાનો પ્રલય કરવા માટે...**' આહા..હા..! એ પુણ્ય અને પાપનું કરવું અને ભોગવવું એ અજ્ઞાનચેતનાનો નાશ કરવા માટે, પ્રલય—નાશ કરવા માટે '**સકળ કર્મના સંન્યાસની ભાવનાને...**' આહા..હા..! એ પુણ્ય અને પાપના સકળ પ્રકાર-જેટલા પ્રકાર હો એ બધાનો સંન્યાસ-ત્યાગ એના ત્યાગની ભાવના કર અંદર સ્વરૂપમાં. આહા..હા..! સમજાણું કાંઈ? '**સકળ કર્મના સંન્યાસની (ત્યાગની) ભાવનાને...**' સંન્યાસ છેને. આ લોકો નથી કહેતા સંન્યાસી? એ સંન્યાસી નહિ. અહીં તો સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ, જે આત્મા આનંદનો કંદ પ્રભુ ચૈતન્યમૂર્તિ એને પૂર્ણ પુણ્ય-પાપના રાગનો ત્યાગ તે સંન્યાસ છે. સમજાય છે કાંઈ? બીજા સંન્યાસી નથી હોતા? એ ક્યાંય છે નહિ.

**શ્રોતા** :- વેદાંતમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વેદાંતમાં બહુ સંન્યાસી છે. આહા..હા..!

'**સકળ કર્મના સંન્યાસની (ત્યાગની) ભાવનાને...**' એ કર્મ અને કર્મફળચેતના. '**તથા**

**સકળ કર્મફળના સંન્યાસની ભાવનાને...**' એટલે આઠ કર્મ જે બંધ છેને એ. '**સકળ કર્મફળના સંન્યાસની ભાવનાને નચાવીને,...**' આહા..હા..! ત્યાગની ભાવનાનું પરિણમન કરીને. આહા..હા..! શુભ-અશુભ રાગનું કરવું અને રાગનું ભોગવવું એનો ત્યાગ કરીને ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપમાં અંદરમાં રમવું. આહા..હા..! '**સ્વભાવભૂત એવી ભગવતી જ્ઞાનચેતનાને...**' આહા..હા..! ઓલાને અજ્ઞાનચેતના કહી. ત્યારે એ પુણ્ય અને પાપના ભાવનો ત્યાગ કરીને પોતાના સ્વભાવમાં રાગથી ભિન્ન પડવાનો અભ્યાસ કરીને. આહા..હા..! ઓલી અજ્ઞાનચેતના હતી, ત્યારે આ સ્વભાવભૂત ભગવતી જ્ઞાનચેતના. આહા..હા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એનું સ્વસંવેદન જ્ઞાનનું વેદન કરવું, એ આનંદ અને જ્ઞાનનું વેદન કરવું એ ભગવતી સ્વભાવભૂત ચેતના છે. ભગવતી જ્ઞાનચેતના આ છે કે જે મોક્ષનું કારણ છે. આહા..હા..! છે અંદર? આત્મા આનંદસ્વરૂપ ભગવત્ સ્વરૂપ છે તો એની ચેતના અંદર રમવું, જ્ઞાનચેતના જ્ઞાનમાં-આત્મામાં રમવું એ ભગવતી જ્ઞાનચેતના સ્વભાવભૂત છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે?

'**સંન્યાસની ભાવનાને નચાવીને,...**' પુણ્ય અને પાપનું કરવું અને ભોગવવું એના ત્યાગની ભાવનાને નચાવીને, પોતાના સ્વરૂપમાં એકાગ્ર થઈને '**સ્વભાવભૂત એવી ભગવતી...**' મહિમાવંત ચેતના, જ્ઞાનચેતના. પોતાના જ્ઞાનસ્વરૂપમાં જ્ઞાનનો અનુભવ કરવો એ જ્ઞાનચેતના. આહા..હા..! છે? '**જ્ઞાનચેતનાને જ...**' ભાષા જુઓ. આહા..હા..! પોતાનો ભગવાન જ્ઞાન અને આનંદસ્વરૂપ પ્રભુ એમાં અંતર એકાગ્રતા, જ્ઞાન અને આનંદમાં એકાકાર થઈને જ. '**એકને સદાય નચાવવી.**' કર્મ અને કર્મના ફળના ત્યાગથી પોતાના સ્વરૂપની એકાગ્રતા એકને જ સદા નચાવવી જોઈએ-પરિણમાવવી જોઈએ. આહા..હા..! ભાષા ટૂંકી, ભાવ ગંભીર... ગંભીર... ગંભીર... સમયસાર એટલે આહા..હા..! અજોડ શાસ્ત્ર છે. કહે છે, પંચમ આરાના મુનિ છે. એ પંચમ આરાના પ્રાણીને એમ કહે છે... આહા..હા..! પ્રભુ! એ શુભ-અશુભભાવનું કરવું અને ભોગવવું તેનો ત્યાગ કરીને, તેનો સંન્યાસ કરીને, વસ્તુના ચૈતન્ય સ્વરૂપમાં એકાગ્ર થઈને સ્વભાવભૂત ભગવતી જ્ઞાનચેતનાને એક જ, '**એકને સદાય નચાવવી.**' આનંદમાં રમણતા કરવી જ્ઞાનચેતના એકને જ પરિણમાવવી જોઈએ. આહા..હા..! ભાષા સમજવી કઠણ પડે. આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાની ભગવતી જ્ઞાનચેતનામાં રમણતા કરે છે. આહા..હા..! રાગ આવે છે, પણ એનો ત્યાગ કરીને એનો જાણનાર-દેખનાર રહે છે. આહા..હા..! હવે આ નવરાશ ક્યાં મળે? મનુભાઈ! ધંધા આડે. આહા..હા..! એમાં વળી ભાયુને વહેંચે પછી એકબીજાને ઓલું થાય કે આને વધી ગયા અને મારે ઘટી ગયું. હરિફાઈ જામે. ભાઈ ગુજરી ગયાને મનસુખભાઈ ગુજરી ગયા. પોરબંદરમાં હતાને. ગોરાભાઈના દીકરા હતા ચાર. એ હમણાં ગુજરી ગયા. નાની ઉંમર ૫૮ વર્ષની. કરોડ રૂપિયા. ચાર ભાગમાં (વહેંચ્યા). ૨૫-૨૫ લાખ આવ્યા હશે. બે ભાઈઓ આવ્યા છે. એક ગુજરી ગયા અને એક ભાઈ ગયા છે બહાર

પરદેશમાં છે. આહા..હા..! ૫૮ વર્ષની ઉંમર લ્યો! દેહ છૂટી ગયો. દેહની સ્થિતિ જે સમયે પૂરી થવાની, લાખ ઈન્દ્ર ઉતરે, વૈદ ઉતરે તો એ સમય ફરે એવો નથી. એમાં ડૉક્ટર-બોક્ટર પોતે કાંઈ સાલ નાખે એવું નથી અંદરમાં. આહા..હા..! ડૉક્ટર મરી જાય છે પોતે. આહા..હા..! એં.. મને થયું. જાવ. આહા..હા..!

અહીં તો પરમાત્મા જિનેન્દ્રદેવ એના સંતો એમ જગતને જાહેર કરે છે, પ્રભુ! તારા સંસારનું બીજ જે રાગ કરવો અને ભોગવવો એનો ત્યાગ કરીને, દૃષ્ટિમાંથી એનો ત્યાગ કરીને, દૃષ્ટિમાં આનંદકંદ પ્રભુને લઈને એમાં જ્ઞાનચેતના આત્માનું વેદન કરવું એ ભગવતી સ્વભાવભૂત ચેતના એકનું સદા પરિણમન કરવાનું છે. એનું પરિણમન કર. એ મોક્ષનું કારણ છે. આહા..હા..! છે? આહા..હા..! પાછી ભાષા શું છે? '**ભગવતી જ્ઞાનચેતનાને જ એકને સદાય નચાવવી.**' વચ્ચે રાગ આવે પણ કર્તા-ભોક્તા ન થવું. આહા..હા..! ભગવતી જ્ઞાનચેતનામાં એકાગ્ર થઈને એકને જ નચાવવી. રાગરૂપે પરિણમન થાય પણ સ્વામીપણે નહિ અને ધણીપણે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** ભગવતી જ્ઞાનચેતના પ્રજ્ઞાપણે પરિણમે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકલું પરિણમે એ, પ્રજ્ઞા આનંદપણે પરિણમે એ. એ ભગવતી ચેતના કહો કે જ્ઞાનચેતના કહો કે પ્રજ્ઞાછીણી કહો. રાગ અને ભગવાન વચ્ચે પ્રજ્ઞાછીણી મારવી. જેમ એ છીણી લોઢાની હોય છે, મારીને બે ટૂકડા કરે છે, એમ પુણ્ય અને પાપનો વિકલ્પ જે રાગ કૃત્રિમ ક્ષણિક અને પ્રભુ ત્રિકાળી આનંદકંદ બે વચ્ચે પ્રજ્ઞાછીણી મારવી. અંદર સંધિ છે, સાંધ છે સાંધ એમાં પ્રજ્ઞાછીણીને પટકવી. આહા..હા..! આવી વાતું છે. સમજાણું કાંઈ?

'**સ્વભાવભૂત એવી ભગવતી જ્ઞાનચેતનાને જ...**' 'જ' એકાંત થયું. એક આનંદ પ્રભુ ભગવાન એની અંદર શ્રદ્ધા જ્ઞાનનું પરિણમન કરીને એક જ જ્ઞાનચેતના જ. એકાંત કહી દીધું. પરરૂપે નહિ એ અનેકાંત છે. આહા..હા..! ભગવાનસ્વરૂપ ચૈતન્ય અતીન્દ્રિય અનાકુળ આનંદનો કંદ એમાં એકાગ્ર થઈને વેદન કરવું. '**જ્ઞાનચેતનાને જ એકને સદાય નચાવવી.**' નચાવવાનો અર્થ પરિણમન કરવું. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેમાં પ્રથમ, સકળ કર્મના સંન્યાસની ભાવનાને નચાવે છે :—**' એ શુભ-અશુભભાવ એના ૪૯ ભંગ છોડવાલાયક છે એનો આ શ્લોક કહે છે. વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૬, મંગળવાર, તા. ૦૧-૧૧-૧૯૭૭, કળશ-૨૨૫-૨૨૬, પ્રવચન નં. ૪૯૬

સમયસાર, ૨૨૫ કળશ છે. છેને? હિન્દી છે. હિન્દી આવ્યા છે. એણે કહ્યું હમણાં. ૨૨૫.

कृतकारितानुमननैस्त्रिकालविषयं मनोवचनकायैः।
परिहृत्य कर्म सर्वं परमं नैष्कर्म्यमवलम्बे।।२२५।।

શું કહે છે? કે '**ત્રણે કાળના (અર્થાત્ અતીત, વર્તમાન અને અનાગત કાળ સંબંધી) સમસ્ત કર્મને...**' પુણ્ય અને પાપના ભાવ એ વિકારી કાર્ય છે. ગયા કાળમાં કરેલ, વર્તમાનમાં અને ભવિષ્યના સર્વ કર્મનો હું ત્યાગ કરું છું. ધર્મી ચારિત્રવંત એમ માને છે કે અતીત, અનાગત અને ભવિષ્ય '**સમસ્ત કર્મને કૃત-કારિત-અનુમોદનાથી...**' કોઈ કાર્ય પરનું થયું, એનો હું કર્તા નથી, હું કરાવનાર નથી અને કાર્ય થાય છે તેનું હું અનુમોદન કરનાર નથી એમ કહે છે અહીંયાં. કુંભારે ઘડો કર્યો તો હું અનુમોદન નથી કરતો કે ઈ એણે કર્યો. આહા..હા..! ઈ કર્તા નથી, ઘડો માટીથી થયો છે. સમજાણું કાંઈ? આ ઝીણી વાત. આહા..હા..!

આજે લખાણ આવ્યું છે જૈન ગેજેટમાં. એ સુમેરુચંદ.. છેને? અહીંયાંની વાત કરે છેને જગનમોહલાલનજી. એમ કે કાનજીસ્વામી પુણ્ય-પાપને હેય કહે છે, તો શાંતિસાગર પણ કહે કે હું સમયસાર વાંચું તો હું પણ પુણ્ય-પાપને હેય કહું. એ વાત એને રુચિ નહિ. એ જગન મોહનલાલજીએ લખ્યું. એને એ વાત રુચિ નહિ. કહે નહિ, શાંતિસાગરની શ્રદ્ધા એનાથી વિરુદ્ધ હતી. શાંતિસાગર તો એમ કહેતા હતા કે સૂરજના પ્રકાશ વિના સાધુ કેમ વિહાર કરી શકે? આહાર-વિહાર એ કાર્ય કરવામાં સૂર્યનો પ્રકાશ નિમિત્ત છે. કહો, અહીંયાં કહે છે કે મેં ઈ કોઈ કાર્ય કર્યું નથી, કરાવ્યું નથી, કરતાને અનુમોદ્યું નથી. આહા..હા..!

**શ્રોતા** :- પરનું કાર્ય કોણ કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પરનું નહિ... ઘડો કુંભારથી થયો છે. કુંભાર વિના ઘડો થાય કદી? શાંતિસાગર એમ કહેતા હતા. એણે નાખ્યું છે. જૈન ગેજેટમાં આવ્યું છે. ઘડો કુંભાર વિના થતો નથી અને આહાર-વિહાર મુનિને સૂર્યના પ્રકાશ વિના થતા નથી. આ શેઠિયાએ બધાએ એવું બધું સાંભળેલું હતું. શેઠ! એ વાત હતી નહિ. હજી આ લખાણ આવે છે. આજે આવ્યું છે જૈન ગેજેટમાં. શાંતિસાગર એમ... શાંતિસાગર ભદ્રિક હતા, કષાય મંદ હતો, દૃષ્ટિની ખબર નહિ. અને ત્યાં રોકાણા પણ નહોતા સોનગઢ. અને લોકો કહે સોનગઢ રહે છે. ખોટું છે. કહો, હવે એનું શું કરવું? અહીં ચોવીસ કલાક રહે.

**શ્રોતા :-** ન સાંભળ્યું હોય તો એમ જ માનેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ અહીંયા વાત બહાર ચાલે છે. અહીંયા રહ્યા હતા, ચર્ચા થઈ હતી. ૧૩મી ગાથાનો પ્રશ્ન કર્યો હતો. કીધું, આ શું છે? ખબર નહિને. એ તો સહનશક્તિ નહોતી. બહાર પોષ મહિનો, ધ્રુજતા-ધ્રુજતા હતા. બંધ કરો. શું કહેવાય એ? વેન્ટીલેશન. એ તો બિચારા ભદ્રિક માણસ હતા. બહુ બીજા કષાય કરવા (એમ નહોતું), પ્રકૃતિ મંદ હતી. દૃષ્ટિ તો આ વસ્તુ નહોતી તો બિચારા શું કરે? આહા..હા..! એમ લખ્યું છે એમાં. આજે ગેજેટમાં આવ્યું છે. શાંતિસાગર એમ માનતા હતા કે ઘડો કુંભાર વિના થતો નથી. અહીંયાં અમૃતચંદ્રાચાર્ય અને કુંદકુંદાચાર્ય કહે છે કે અમે કુંભારથી ઘડો થાય છે એમ જોતા નથી. અમે તો માટીથી ઘડો થયો એમ જોઈએ છીએ. શેઠ! આવ્યુંને? ૩૭૨ ગાથામાં આવ્યું. આવ્યું છે. ૩૭૨. અમે તો જોતા નથી, માટીથી ઘડો થયો એમ જોઈએ છીએ, પણ કુંભારથી ઘડો થયો એમ અમે તો જોતા નથી. અને એનો અહંકાર એની પાસે રહ્યો એમ કહે છે. જો એનાથી બન્યો હોય તો એનો અહંકાર અને એના શરીરનો આકાર એમાં આવવો જોઈએ. પણ એ વાત નહોતીને એટલે... જુઓ બે બોલ. ત્રીજો બોલ ઓલો લીધો છે કે કાનજીસ્વામી હિંસા, જૂઠું, ચોરી કાંઈ કરતા નથી, છતાં કહે કે અમે અવ્રતી છીએ. પણ વ્રતીમાં તો અંદરમાં શુદ્ધિ હોય, પવિત્ર આનંદની વૃદ્ધિ હોય, તેને વ્રતનો વિકલ્પ હોય તો વ્યવહારે વ્રતી કહેવામાં આવે છે. આહા..હા..! શું થાય પણ હવે?

અહીંયાં કહે છે કે ત્રણકાળના '**કૃત-કારિત-અનુમોદનથી...**' આ તો પુણ્ય-પાપની વાત છે હોં! પૂર્વના પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ. પૂર્વે મેં કર્યું હોય તો એને પાપ માને છે. હવે એ નથી. વર્તમાનમાં પણ નહિ અને ભવિષ્યમાં પણ નહિ. પુણ્ય અને પાપના ભાવ પૂર્વે કર્યા એ પણ નહિ, વર્તમાનમાં પણ નહિ અને ભવિષ્યમાં પણ નહિ. આહા..હા..! પરના કાર્યની તો વાત જ નથી. લોકોને સત્ય મળ્યું નથી શું કરે? એમ ને એમ જિંદગી. એ કહે છે જુઓ, '**મન-વચન-કાયાથી ત્યાગીને...**' હું તો શુભ-અશુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયનો અશુભભાવ એને હું મનથી કરતો નથી, વચનથી કરતો નથી, કાયાથી કરતો નથી, કરાવતો નથી, અનુમોદન કરતો નથી. આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શનસહિત ચારિત્ર કહેવામાં આવે છે. આહા..હા..! કાંઈ લોકોને અંદર પડી નથી (કે) તત્ત્વ શું છે? આહા..હા..! હું '**મન-વચન-કાયાથી ત્યાગીને...**' એ શુભ-અશુભભાવ ભૂતકાળના, વર્તમાનકાળના અને ભવિષ્યના મન-વચન-કાયાથી, કૃત-કારિત અનુમોદનથી હું ત્યાગ કરું છું. આહા..હા..! હું તો જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચિદ્ઘન આનંદ હું છું, એમાં હું સ્થિર થાઉં છું. આહા..હા..! એનું નામ ચારિત્ર છે. અહીંયાં તો પંચમહાવ્રતના પરિણામ પણ મેં કર્યા નથી, હું કરતો નથી, કરીશ નહિ એમ કહે છે. કેમકે એ પંચમહાવ્રતના પરિણામ રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એ સારું, વ્રત નહીં ને મહાવ્રત નહિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મહાવ્રત કહો કે બાર વ્રત કહો, બધો વિકલ્પ રાગ છે, આસ્રવ છે. આહા..હા..! એ તો અહીંયા કહે છે. પૂર્વે કોઈ મહાવ્રત કર્યા હોય અને મનથી, વચનથી, કાયાથી તો હું કરતો નથી, કરાવતો નથી અને એમાં મારું અનુમોદન નથી. આહા..હા..! ત્યારે આત્મામાં મન, વચન અને કાયાથી કૃત, કારિત, અનુમોદનથી ત્યાગ થાય ત્યારે સમ્યગ્દર્શનપૂર્વક સ્વરૂપમાં સ્થિરતા થાય તેનું નામ ચારિત્ર કહે છે. એ ચારિત્ર મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? છે?

ત્યારે શું કરે છે? '**परमं नैष्कर्म्यमवलम्बे।**' આહા..હા..! 'હું તો પરમ નિષ્કર્મ અવસ્થાનું અવલંબન કરું છું' એમ કહે છે. અવસ્થા હોં. પરમ નિષ્કર્મ વસ્તુ તો પરમ નિષ્કર્મ છે આત્મા, પણ હું એના અવંલબને જે નિષ્કર્મ અવસ્થા થાય છે—વીતરાગી દશા, પુણ્ય-પાપના રાગથી ભિન્ન પોતાની વીતરાગી દશા એ નિષ્કર્મ (અવસ્થાના) અવલંબે '**હું પરમ નૈષ્કર્મ્યને અવલંબું છું.**' આહા..હા..! લોકને દર્શન શું, જ્ઞાન શું, ચારિત્ર શું ખબર નથી. આ દેવ-ગુરુ-શાસ્ત્રને માને તો સમકિત થઈ ગયું, શાસ્ત્રનું જ્ઞાન કાંઈક થોડું કરે (એટલે) જ્ઞાન થઈ ગયું, પંચમહાવ્રત આદિ પાળે તો ચારિત્ર થઈ ગયું. ત્રણે જૂઠાં છે. આહા..હા..! અહીંયાં કહે છે '**હું પરમ નૈષ્કર્મ્યને...**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય નિષ્કર્મ શક્તિ અને સ્વભાવરૂપ છે એના અવલંબને નિષ્કર્મદશા રાગરહિત થઈ છે તેનું હું અવલંબન કરું છું—એમ ચારિત્રવંત ધર્મી જાણે છે અને માને છે. આવા લખાણ ચોખ્ખા પડ્યા છે સમયસારમાં.

'**હું પરમ નૈષ્કર્મ્યને** (ઉત્કૃષ્ટ **નિષ્કર્મ અવસ્થાને**) **અવલંબું છું.**' આહા..હા..! સમ્યગ્દર્શનમાં તો રાગ વિકલ્પ જે છે દયા, દાન, આદિ એનાથી ભિન્ન મારી ચીજ છે એ ચીજ આનંદ અને જ્ઞાનસ્વરૂપથી ભરેલી છે. એનો હું અનુભવ કરીને પ્રતીત-સમ્યગ્દર્શન પ્રગટ કરું છું. આહા..હા..! એ ઉપરાંત રાગની અસ્થિરતા પુણ્ય-પાપની છે તેને પણ છોડીને હું સ્વરૂપમાં સ્થિરતાનું, નિષ્કર્મદશાનું અવલંબન કરું છું. આહા..હા..! એ વ્રત ને તપ ને ભક્તિનો ભાવ એ કર્મ અવસ્થા છે, રાગરૂપી કાર્યની અવસ્થા છે. આહા..હા..! અહીંયાં કહે છે કે છે કે એ બધી કર્મ અવસ્થાનો ત્યાગ કરીને હું નિષ્કર્મ અવસ્થાનું અવલંબન કરું છું. અવસ્થા છોડીને નિષ્કર્મનું અવલંબન કરું છું. અવલંબન તો નિષ્કર્મ ત્રિકાળી ચીજનું છે, પણ ત્રિકાળી ચીજના અવલંબને રાગરહિત દયા, દાન, વ્રતના પરિણામથી રહિત નિષ્કર્મ વીતરાગી પરિણતિ જે ઉત્પન્ન થાય છે તેનું હું અવલંબન કરું છું. આહા..હા..! આનું નામ ચારિત્ર. હવે અહીં ચારિત્ર એટલે લૂગડા ફેરવીને કાંઈક નગ્ન થઈ જાય અને થઈ ગયા ચારિત્ર. આહા..હા..! શ્વેતાંબરમાં તો વળી વસ્ત્ર ફેરવીને લૂગડા પહેરે એ થઈ ગયા સાધુ. ભાઈ! પ્રભુનો માર્ગ જગતની પદ્ધતિથી નિરાળો છે. નિરાળો માર્ગ છે. આહા..હા..!

જેને પ્રથમ સમ્યગ્દર્શન થાય છે તેમાં પણ પુણ્ય અને પાપના ભાવનો કર્તા અને ભોક્તા

નથી અને મારી આનંદ અને જ્ઞાન... કેમકે એ તો રાગ છે, પુણ્ય છે. એ તો કર્મ છે, ભાવકર્મ વિકાર છે. આહા..હા..! તો કહે છે કે એ કર્મ મારી ચીજ તો નથી, હું એને મારા માનતો નથી, પણ એમાં અસ્થિરતા થાય છે એને છોડીને હું સ્વરૂપમાં સ્થિરતા કરું છું. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

'**(એ પ્રમાણે, સર્વ કર્મનો ત્યાગ કરનાર જ્ઞાની પ્રતિજ્ઞા કરે છે.)**' આ પ્રતિજ્ઞા. આહા..હા..! આમ બહારથી પ્રતિજ્ઞા કરી લે એમ નહિ. અંદરમાં શુભ અને અશુભભાવનો ત્રિકાળ ત્યાગ કરીને ત્રિકાળી જ્ઞાયકભાવનું અવલંબન કરીને નિષ્કર્મદશા દર્શન-જ્ઞાન-ચારિત્રની રાગના કાર્ય વિનાની અવસ્થા પ્રગટી એનું હું અવલંબન કરું છું અને હું પ્રતિજ્ઞા કરું છું... આહા..હા..! કે આવા પુણ્ય-પાપના ભાવ હું કદી કરીશ નહિ. આહા..હા..! એનું નામ ચારિત્ર, એનું નામ ઉત્કૃષ્ટ સંવર, મુનિની યોગ્યતા પ્રમાણે સંવર કહેવામાં આવે છે.

'**(હવે ટીકામાં પ્રથમ, પ્રતિક્રમણ-કલ્પ અર્થાત્ પ્રતિક્રમણનો વિધિ કહે છે :-**-)' એ ૯૯ ભંગ છે. '**જે મેં (પૂર્વે કર્મ) કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, મનથી, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો.**' એ કૃત્ય મારું દુષ્કૃત છે. આહા..હા..! મારું કાર્ય નથી. શુભભાવ પૂર્વ કર્યો હોય એ પણ દુષ્કૃત છે, એ મારી ચીજ નહિ. આહા..હા..! આવો માર્ગ. એવા ૪૯ ભંગ છે પછી. એ ભંગ છે પાછળ. એનો કળશ. ૨૨૬ કળશ છે? હિન્દી ૫૨૩ પાનું છે હિન્દીમાં. આહા..હા..! આ તો ચારિત્રનો અધિકાર છેને, તો સમ્યગ્દર્શન વિના ચારિત્ર કદી હોતું નથી અને સમ્યગ્દર્શનસહિત પણ જ્યાં સુધી પુણ્ય-પાપનું પરિણમન છે ત્યાં સુધી ચારિત્ર નથી. આહા..હા..! કર્તાપણાની બુદ્ધિ તો સમ્યગ્દર્શન થઈને છૂટી ગઈ. પુણ્ય અને દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ શુભ એના કર્તાપણા અને ભોક્તાપણાની બુદ્ધિ સમ્યગ્દર્શન થયું એમાં છૂટી ગઈ, પણ અસ્થિરતા નથી ગઈ. તો ઈ કહે છે કે એ અસ્થિરતાના પરિણામ પણ મારા નથી. મારા નથી એ તો સમ્યગ્દર્શનમાં હતું, પણ અસ્થિરતા હતી એ અસ્થિરતાને હું છોડી દઉં છું. આહા..હા..! અને 'મારો આનંદઘન ભગવાન આત્મા એમાં હું લીન થાઉં છું' એનું નામ ચારિત્ર મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. આહા..હા..! ક્યાં જવું?

मोहाद्यदहमकार्षं समस्तमपि कर्म तत्प्रतिक्रम्य।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।२२६।।

'यद् अहम् मोहात् अकार्षम्' '**જે મેં મોહથી અર્થાત્ અજ્ઞાનથી (ભૂતકાળમાં) કર્મ કર્યાં,...**' શુભ-અશુભભાવ જે કર્યા હતા. 'तत् समस्तम् अपि कर्म प्रतिक्रम्य' '**તે સમસ્ત કર્મને...**' પુણ્ય-પાપના ભાવને '**પ્રતિક્રમીને...**' હું હવે એનાથી હટી જાઉં છું. આહા..હા..! આ પ્રતિક્રમણ. શુભભાવથી પણ હઠવું. કેમકે શુભભાવ પણ દોષ છે. આહા..હા..! દયાનો ભાવ, હિંસાનો ભાવ, પ્રતિક્રમણ અશુભનો ત્યાગ અને શુભભાવ વ્યવહાર પ્રતિક્રમણ

એ શુભભાવ પણ દોષ છે. આહા..હા..! એ બધા દોષને હું છોડીને. '**मैं मोहथी अर्थात् अज्ञानथी...**' '**तत् समस्तम् अपि कर्म प्रतिक्रम्य**' ભૂતકાળમાં કર્યા હતા. '**સમસ્ત કર્મને પ્રતિક્રમીને...**' આ પ્રતિક્રમણ હોં! આહા..હા..! એ વિકારી ભાવથી ખસીને સ્વભાવ ચૈતન્ય શુદ્ધમાં સ્થિર થવું તેનું નામ પ્રતિક્રમણ કહેવામાં આવે છે. કહો, શાંતિભાઈ! પડિકમણા કર્યા હશે કે નહિ આ બધા સૌની સાથે? આહા..હા..! આ વસ્તુ જુદી, બાપુ! આહા..!

અહીંયાં તો કહે છે '**મોહથી...**' પરમાં સાવધાન થઈને જે કાંઈ શુભ અને અશુભભાવ કર્યા હતા એનો હવે હું ત્યાગ કરું છું. આહા..હા..! છે? '**તે સમસ્ત કર્મને પ્રતિક્રમીને...**' '**निष्कर्मणी चैतन्य-आत्मनि आत्मनि आत्मना नित्यम् वर्ते**' આહા..હા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! ધર્માત્મા, પોતાની ચારિત્રદશામાં રમનારા એમ માને છે અને એમ જાણે છે કે '**હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત)...**' એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ વિકાર છે એનાથી પણ રહિત '**ચૈતન્યસ્વરૂપ આત્મામાં...**' આહા..હા..! હું તો જાણનાર-દેખનાર ભગવાન આત્મા છું. એ પુણ્ય અને પાપભાવ તો, પુણ્ય-પાપ તત્ત્વ તો આત્મતત્ત્વથી ભિન્ન છે. એ આત્મતત્ત્વ નથી. નવ તત્ત્વ છે કે નહિ? આહા..હા..!

**શ્રોતા** :- પહેલા વ્રતની પ્રતિજ્ઞા લીધી હોય તો શું કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ક્યાં હતી પ્રતિજ્ઞા?

**શ્રોતા** :- એ પ્રતિજ્ઞા સાચી હતી કે ખોટી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખોટી ખોટી હતી. નહોતી લીધી? મોટી બે હજાર માણસની વચ્ચે હીરાજી મહારાજ પાસે આમ ધુમધામથી દીક્ષા ઉમરાળામાં ઘરે દીધી હતી મોટાભાઈએ. ૬૪ વર્ષ પહેલાં. ૬૪ વર્ષ પહેલાં દીક્ષા. સાડી ત્રેવીસ વર્ષની ઉંમર. અત્યારે તો ૮૮ થયા. ૯૦માં બે ઓછા. એટલી મોટી દીક્ષા હતી. સુંદર રૂપાળું શરીર. અત્યારે તો ૮૮ થયા. ત્યારે તો સાડી ત્રેવીસ વર્ષ. તો લોકો અમલદાર, અધિકારી, વહીવટદાર બધા જોવા આવતા હતા બહાર. ઓહો..હો..! આ પુરુષ સાધુપણું લેશે. વરઘોડો નીકળે ઉતારા પાસે બહાર આવે બધા માણસો. અમલદાર જોવા આવે. મહિમા હતીને તે દિ' તો ઘણી. બે અઢી હજાર માણસ અને ઘરે દીક્ષા લીધી હતી. દીક્ષા હતી ક્યાં પણ ભાન વિના? 'એ રાગની ક્રિયા મારી છે અને હું કરું છું' એવી માન્યતા મિથ્યા હતી. આહા..હા..!

**શ્રોતા** :- હવે દીક્ષા...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- તે દિ' તો માની હતી કે ચારિત્ર છે. માન્યું હતુંને. તે દિ' તો માન્યા વિના... અમે તો દુકાન ઉપર પણ પ્રતિક્રમણ કરતા હતા. ૬૫-૬૬-૬૭ની સાલ. કેટલા વર્ષ થયા? પ્રતિક્રમણ કરતા હતા આઠ દિવસ પર્યુષણના દિવસોમાં. પાલેજ છેને પાલેજ? ભરૂચ અને વડોદરાની વચ્ચે પાલેજ છે. ત્યાં દુકાન હતી. દુકાન છે અત્યારે. એ વખતથી દુકાન છે. મને તો ૬૪ વર્ષ થયા દુકાન છોડે. અત્યારે મોટી દુકાન છે. ૩-૪ લાખની પેદાશ

છે. ૩૦-૩૫ લાખ રૂપિયા છે. ત્રણ ભાઈ છે ભાગીદારના દીકરા. દુકાન ચાલે છે. તે દિ' અમે પણ દુકાન ચલાવતા. સાંજે પ્રતિક્રમણ કરીએ (અને) મિચ્છામી દુક્કડમ જાવ. કાંઈ ભાન ન મળે. અપવાસ કરીએ ચોવિહારા. ચોવિહારો સમજ્યા? પાણી નહિ. દુકાને બેસીએ પાણીનો બિંદુ પીએ નહિ. માનીએ કે અમે આજે અપવાસ કર્યો છે માટે ધર્મ કર્યો છે. અરે! ભાઈ! એ ધર્મ નહિ, બાપા! સમજાણું કાંઈ? આમ તો ૬૮ વર્ષથી રાત્રે આહાર-પાણીનો ત્યાગ છે. ૬૮ વર્ષથી. ૬૦ અને ૮. રાત્રે પાણી અને આહાર નહિ. પણ એ તો બહારમાં રાગની મંદતાનો ત્યાગ એ ધર્મ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ વખતે તો ધર્મ માનતા હતા. આહા..હા..! નાની ઉંમરથી એ રુચિ હતીને એ જાતની? દુકાન ચાલતી હતી. આહા..હા..! એ બધી ખોટી વાત છે.

અહીંયાં તો આત્મા પુણ્ય અને પાપનો વિકલ્પ જે રાગ એનાથી ભિન્ન ભગવાન અંદર છે એનો અનુભવ થઈને, જ્ઞાનમાં આત્માનું જ્ઞેયનું જ્ઞાન થઈને ભાનમાં પ્રતીત થાય છે અને સાથે આનંદનો સ્વાદ આવે છે ત્યારે તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ સમ્યગ્દર્શન ઉપરાંત હવે તો વાત છે કે શુભ-અશુભભાવ હતો તેને હું છોડું છું. હું નિષ્કર્મ અવસ્થાને પામું છું. એ રાગરૂપી કર્મ નામ કાર્ય એ અવસ્થાને છોડીને હું નિષ્કર્મ-રાગના કાર્ય વિનાની મારી અવસ્થા, નિર્દોષ વીતરાગીદશાનું હું અવલંબન લઈને એમાં સ્થિર રહું છું. આહા..હા..! આવી વાત છે. છે?

'**હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત)...**' કર્મ કોણ? આ જડ કર્મની વાત નથી. શુભ અને અશુભભાવ એને અહીંયાં કર્મચેતના કહે છે અને તેને ભોગવવું એ કર્મફળચેતના. છે અરૂપી. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ અરૂપી છે, પણ એમાં ચેતન્યના સ્વભાવનો અભાવ છે. આહા..હા..! તેથી તે કાર્યને હું છોડીને નિષ્કર્મ મારી અવસ્થા રાગરહિત, વિકલ્પરહિત, નિર્વિકલ્પદશાનું હું અવલંબન કરું છું. એનું નામ ધર્મ અને ચારિત્ર છે. આહા..હા..! જુઓ, કેટલા શબ્દ પડ્યા છે? કે '**निष्कर्मणी चैतन्य-आत्मनि**' '**निष्कर्मणी चैतन्य-आत्मनि आत्मनि**' આહા..હા..! રાગરહિત મારી ચૈતન્યની અવસ્થા. '**आत्मनि आत्मनि आत्मना**' એવા '**આત્મામાં આત્માથી જ...**' મારા શુદ્ધ સ્વભાવમાં શુદ્ધ સ્વભાવથી જ પુણ્ય પરિણામનો ત્યાગ કરવાથી મારો પવિત્ર ભગવાન આત્મા તેના શુદ્ધ સ્વભાવમાં શુદ્ધ સ્વભાવથી જ. આહા..હા..! છે? '**નિરંતર વર્તું છું...**' આહા..હા..! મારા આત્માની અતીન્દ્રિય આનંદદશા એ પુણ્યના પરિણામ છે એ દુઃખરૂપ આકુળતા છે. વ્રત, અવ્રતના ભાવ બેય આકુળતા, દુઃખ છે. આહા..હા..!

એણે એમ કહ્યું હતું કે કાનજીસ્વામી કાંઈ મોટી હિંસા, જૂઠું, ચોરી તો કરતા નથી, વિષય લેતા નથી અને છતાં કહે છે કે હું અવ્રતી છું. એમ લખ્યું છે. બાપુ! વ્રત ક્યારે કહેવાય? ભાઈ! આહા..હા..! એની શુદ્ધિની વૃદ્ધિ આનંદની થાય ત્યાર પછી બાર વ્રતનો

વિકલ્પ ઉઠે તેને વ્યવહાર વ્રત કહેવામાં આવે છે. આહા..હા..! લોકોને કાંઈ બિચારા.. હવે આવું લખે શાંતિસાગરને નામે. વાત સાચી શાંતિસાગર કહેતા હતા એમ કે કુંભાર વિના ઘડો થતો નથી. અહીં કુંદકુંદાચાર્ય કહે છે કે માટી વિના ઘડો થતો નથી. કુંભાર વિના જ ઘડો થાય છે એમ અમે જોઈએ છીએ. સ્ત્રી વિના રોટલી થાય છે એમ અમે જોઈએ છીએ, એમ કહે છે. રોટલી થાય છે એ સ્ત્રી વિના થાય છે. એ લોટથી રોટલી બને છે, સ્ત્રીથી નહિ. મિત્રસેનજી! ત્યાં રોટલી એની મેળાએ બની જાય સ્ત્રીના હાથ વિના? શું કહે છે?

**શ્રોતા :-** રેતીમાંથી બનાવી દે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લોટમાંથી બને છે. એ રોટલીનું કાર્ય લોટનું કારણ છે. લોટ કારણ છે અને રોટલી કાર્ય છે. સ્ત્રી કારણ છે અને રોટલી કાર્ય છે એમ ત્રણકાળમાં નથી. અજ્ઞાનીને ભ્રમ પેસી ગયો છે. કેમ? કે દરેક પદાર્થ અનંત જે ભિન્ન-ભિન્ન છે એ પોતાની પર્યાયનું કાર્ય કર્યા વિના એ પદાર્થ રહેતો નથી. તો એ પદાર્થ પોતાની પર્યાયનું કાર્ય અને બીજા (પદાર્થ) એની પર્યાયનું કાર્ય કરે એમ કેમ બને? આહા..હા..! સમજાણું કાંઈ? આ ભાષા થાય છે એ પણ આત્માનું કાર્ય નથી. આહા..હા..! અવાજ ઉઠે છે એ જડ પરમાણુ છે. શબ્દવર્ગણા સમૂહ પરમાણુનો પિંડ છે એમાંથી ભાષાની અવસ્થા ઉત્પન્ન થાય છે. આત્મા એનો કર્તા નથી. આહા..હા..! હવે આવું ગળે ઉતરવું. એ વેલણ હોય છેને વેલણ કહે છેને? એ વેલણથી રોટલી થતી નથી એમ કહે છે પરમાત્મા. કેમકે વેલણના રજકણ ભિન્ન છે અને લોટના રજકણ-પરમાણુ ભિન્ન છે. તો આમ આમ થાય છે, રોટલી પહોળી... પહોળી કહે છે? ચોડી થાય છે એ વેલણથી થાય છે એમ ભગવાન કહે છે કે અમે તો જોતા નથી. કુંદકુંદાચાર્ય કહે છે કે એમ અમે તો જોતા નથી. તને તારી આંધળી આંખે શું દેખાયું? પુનાતર! આવી વાત છે. આહા..હા..!

આ હોઠ હલે છે. આ તો માટી છે. આ હોઠ હલે છે એ કાર્ય આત્માનું નથી. એ હોઠ રજકણ માટી છે એની અવસ્થા આમ આમ થાય છે. આહા..હા..! ભાષા આત્માનું કાર્ય નથી. એ તો પરમાણુ ભાષાવર્ગણાનું, વર્ગણા નામ સમૂહ, પરમાણુનો પિંડ છે એનું એ કાર્ય છે. આહા..હા..! અહીં તો કહે છે કે અમે તો એમ જોતા નથી કે ઘડો કુંભારથી થાય છે એમ તો અમે જોતા નથી. આવ્યું છે કે નહિ? આપણે ૩૭૨ ગાથામાં આવી ગયું છે. નીચે પેરેગ્રાફ છે. બીજા પેરેગ્રાફની છેલ્લી લીટી. છેલ્લી બે લીટી છે. ૩૭૨ ગાથા. એનો બીજો પેરેગ્રાફ, એની છેલ્લી બે લીટી. છે? માટે '**કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' શેઠ! છે? વાંચો જોઈ શું છે? કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ. છે જ નહિ. '**કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' શેઠ ત્યાં સાઈકલ ચલાવે છે એ એના ચલાવનાર છે જ નહિ. અને મોટર ચલાવે છે, ડ્રાઈવર ચલાવે છેને? શેઠ તો બેસે છે અંદર. તો કહે છે કે ડ્રાઈવર મોટરને ચલાવતો નથી. અમે તો જોતા નથી કે ડ્રાઈવર મોટર ચલાવે છે.

મોટર પોતાના પરમાણુની પર્યાયથી ગતિ કરે છે. આહા..હા..! બહુ ફેર. છે? શેઠ નીકળ્યું? એ આવ્યું હતું.

એક કોઈ બ્રહ્મચારી બેઠો હતો મોટરમાં ઈ કહે, સોનગઢની મોટર માણસથી નથી ચાલતી. એ તો અંદર બેઠા છે એ પોતાથી ચાલે છે. મોટર મોટરથી ચાલે છે અને માણસ માણસથી ચાલે છે. મોટરમાં બેઠેલા માણસથી નથી ચાલતી. એવી સોનગઢની વાત છે એમ કહેતો હતો. અમે તો બેઠા છીએ મોટરમાં. મોટર ચાલે છે તો અમે એને કારણે ચાલીએ છીએ. ભગવાન ના પાડે છે. એરે! એ શરીર જે અંદર બેઠું છે એ શરીર આમ ચાલે એ જડની પર્યાય મોટરથી ચાલ્યું નથી. એય..! સુજાનમલજી! આહા..હા..! એમ આ શેઠની બીડી. એ બીડી બીડીવાળાથી બીડી થઈ નથી. અમે તો જોતા નથી, કુંદકુંદાચાર્ય તો કહે છે. કેમકે બીડીના રજકણ બીડીવાળાથી ભિન્ન છે. એ રજકણની અવસ્થા રજકણથી થઈ છે. એ બીડીવાળાથી બીડી થઈ નથી. આહા..હા..! એ તો દૃષ્ટાંત ઘણીવાર આપ્યું હતું એ વખતે. ૩૭૨માં. સમજાણું કાંઈ? છે?

**'માટી જ, કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી,...'** માટી પોતે કુંભારના શરીરને અને એના આત્માને, એના રાગને સ્પર્શ કર્યા વિના **'પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે.'** માટી પોતાના કુંભભાવે-ઘડારૂપે માટી ઊપજે છે. કુંભાર એને ઉપજાવે છે એમ અમે જોતા નથી. આવી વાતું હવે. કાંઈ ખબર ન મળે. સંસારના અભ્યાસ માટે ૧૦-૧૫ વર્ષ કાઢે એલ.એલ.બી. અને એમ.એ.ના પૂંછડા વળગાડવા. અહીં અભ્યાસ પાંચ વર્ષ કરવો હોય તત્ત્વનો તો કહે અમને વખત નથી, બાપા! મરવાનો વખત નથી એમ કહે વળી પાછા. મરવાનો ટાઈમ નથી. અરે! મરી જઈશ તો ટાંગા પડ્યા રહેશે એં.. એં.. આહા..હા..! એમ કેટલાક કહે છે. ભાઈ! મરવાનો પણ વખત અમને મળતો નથી. અરે! ભાઈ! એ ટાણા આવશે ત્યારે આમ છોકરાના લગન થતા હોય અને એ વખતે મૃત્યુ થાય. આહા..હા..! બન્યું છેને રાણપુર બન્યું છે. રાણપરમાં બન્યું હતું. ભત્રીજો હતો. વિશાશ્રીમાળી હતા. એના લગન હતા. ખસ જાન જવાની હતી અને કાકાએ એના લગન કર્યા. કાકાને ભત્રીજા ઉપર પ્રેમ અને ભત્રીજો ભેગા હતા. વીશાશ્રીમાળી હતા. એ રાતે કાકો મરી ગયો. જે વખતે ત્યાં મંડપ હતા મંડપ. એમાંથી મડદું કાઢ્યું અને જાનને પહેલાથી કહી દીધું કે તમે અહીંથી ચાલ્યા જાવ લગન કરવા. આહા..હા..! મારી દેહની સ્થિતિ પૂરી થવાની તૈયારી છે. હું તો નહિ આવી શકું, પણ તમને અહીં રોકી નહિ શકું. કાલે તિથિ છે. આહા..હા..! રાણપુરથી ખસ છેને ખસ, ત્યાં જાન ગઈ હતી. આહા..હા..! કાકો મરી ગયો. એના બાપ કરતા પણ એને પ્રેમ એટલો ભત્રીજા ઉપર હતો. વીશાશ્રીમાળી વાણિયા, રાણપુર. આહા..હા..! ભત્રીજો ગયો અને અહીં પાછળ મરી એ મંડપ નીચેથી કાઢ્યા. આહા..હા..! સ્થિતિ પૂરી થાય ત્યાં કોણ રોકે, ભાઈ!

આપણે અહીં આર્જ્યા નહોતા અહીં .. આર્જ્યા? ગુજરી ગયાને આ. ..આર્જ્યા રહેતા હતાને. અહીં નહોતા રહેતા આપણે અહીંયાં? એના લગન કર્યા જે મંડપની નીચે. ગૃહસ્થ હતા એના બાપ પૈસાવાળા. બોટાદથી જાન આવી. લગન કર્યા. લગન કરીને ત્યાં ને ત્યાં એને રોગ થયો પછી. પછી જાન ગયી. પાછી જાન આવી. લગ્નનો મંડપ હતો એ મરી ગયો તો જ્યાં લગ્ન કર્યા હતા ત્યાંથી મડદું કાઢ્યું. પંદર દિવસમાં. આહા..હા..! અહીં નહોતા એક બાઈ હતા આપણે. રસોડે જબુ... બાઈની છાપ બહુ ગામમાં. બહુ છાપ. બ્રહ્મચર્યની બાઈની છાપ. પંદર દિ'એ વિધવા પણ છાપ એની ઘણી. પંદર દિ'એ ધણી જ્યાં લગ્ન કર્યા એ મંડપથી નીચેથી મડદું કાઢ્યું. આહા..હા..! લગભગ ૬૬ની સાલ હશે. સંવત્ ૧૯૬૬. આહા..હા..! એ તો દેહની સ્થિતિને કોણ રોકે? કોણ રાખે બાપા? આહા..હા..! આ શાહુજી જુઓને ચાલ્યા ગયા. ૪૦ લાખના બંગલા, ૪૦ કરોડ રૂપિયા. બહુ લખાણ આવ્યું છે ભાઈ! ત્યાંનું મંત્રીનું. આત્મધર્મમાં છપાવવા માટે. શેઠને આપ્યું છે વાંચવા. આમ ધંધો કર્યો, આમ કર્યું અને આમ કર્યું બધું એ. એટલે એમ કે છાપો આત્મધર્મમાં. લક્ષ્મીચંદ મંત્રીએ લખ્યું છે એમાં. આહા..હા..! કહો, હવે એટલા પૈસા, ડૉક્ટર કાયમ ધ્યાન રાખનારા. દેહની સ્થિતિ પરમાણુની જ્યાં સુધી રહેવાની છે ત્યાં સુધી સંયોગે રહશે અને એક સમયમાં છૂટી જશે ફડાક દઈને. ત્યાં કોઈ વૈદ ને ડૉક્ટર અને ઈન્દ્ર પણ એને રાખી શકે એ કાર્ય નથી. આહા..હા..!

અહીં કહે છે, પોતાના સ્વભાવથી કુંભભાવરૂપ માટી ઉત્પન્ન થઈ. માટી પોતાના ઘડાભાવથી માટી ઉત્પન્ન થઈ છે, એ કુંભારના સ્વભાવથી ઘડો ઉત્પન્ન નથી થયો. આહા..હા..! હવે આમાંથી કેટલું કાઢી નાખવાનું એને? હવે ઈ ના પાડે છે. જૈન ગેજટમાં આવ્યું છે. શાંતિસાગર એમ કહેતા હતા કે કુંભાર વિના ઘડો થતો નથી અને એટલી વાત નથી પણ ઘડાને પછી અગ્નિમાં નાખીને પકાવે છે ત્યારે ઘડો પાકતો નથી એમ કહે છે. જૈન ગેજેટમાં આવ્યું છે આજે. આહા..હા..! હવે અહીં તો પ્રભુ કહે છે કે સાંભળ તો ખરો પ્રભુ! પ્રત્યેક આત્મા ભિન્ન ભિન્ન અને પ્રત્યેક રજકણ પોઈન્ટ, આ એક રજકણ નહિ આ તો ઘણા રજકણનો પિંડ છે, એનો છેલ્લો રજકણ આખરનો પોઈન્ટ એના બે ટૂકડા ન થઈ શકે એવા પોઈન્ટને પરમાણુ કહે છે, એ પરમાણુની પર્યાય પણ બીજો પરમાણુ કરે નહિ તો આત્મા કેમ કરે? આહા..હા..! સમજાણું કાંઈ? આવું કોણ માને? ગળે ઉતરવું કઠણ પડે. એ અભ્યાસ જ આખો ગુમ થઈ ગયો. આહા..હા..!

અહીં તો કહે છે કે હું તો સર્વ કર્મોથી રહિત. કર્મ શબ્દે પુણ્ય-પાપભાવ હોં. જડ કર્મ નહિ, ભાવકર્મ. આહા..હા..! એ વિકારી ભાવ સમસ્ત કર્મથી રહિત ચૈતન્યસ્વરૂપ આત્મા. હું તો ચૈતન્યસ્વરૂપ આત્મા છું. હું રાગરૂપ આત્મા એ તો હું છું જ નહિ. આહા..હા..! આવી વાતું હવે. નવા માણસને તો એવું લાગે કે આ શું કહે છે આ? આવો તે ધર્મ નવો કાઢ્યો હશે આવો? આહા..હા..!

ત્યાં અમારે બોટાદમાં તો આ જ ચાલે સંપ્રદાયમાં કે આપણે પરની દયા પાળીએ એ વ્રત છે, એ સંવર છે, હિંસા કરીએ એ આસ્રવ છે. માટે એ ભાવ છોડીને સંવર કરવો દયા પાળવી. અહીં કહે છે કે પરની દયા પાળે એ માન્યતા મિથ્યાદષ્ટિની છે. આકરી વાતું ભાઈ! કોણ કરી શકે પરની દયા? એનું આયુષ્ય હોય તો બચે. આયુષ્ય ન હોય તો શું તું આયુષ્ય દઈ શકે છે? આવ્યુંને? બંધ અધિકારમાં આવ્યું છે. તું એને આયુષ્ય દઈ શકે છે તો દયા પાળી શકે? એના આયુષ્ય પ્રમાણે રહે છે. તારાથી પરની દયા પળી? અરે! આવી વાતું! અરે! ભાઈ! તેં આત્માના હિતની વાત સાંભળી નથી. આહા..હા..! અરે! એ પૈસા ને આબરૂ ને ધૂળધાણી. આહા..હા..! એ મકાન ને પછી.. આહા..હા..! મોટા મકાન ૪૦ લાખના. બાળીને આવે તો બાયું રોવે. એ મકાન અત્યારે કાળા મહેલ જેવા દેખાય છે, ફલાણું. એ બાયું રોવે છે કાંઈક. આહા..હા..! જઈને આવે ત્યારે એવી ભાષા કાંઈક છે સાંભળી છે. અમારે ત્યાં વકીલ હતા. પન્ના કેવા? પ્રેમજીભાઈ વકીલ હતા લાઠીમાં. ઘરના મકાન મોટા હતા. ગુજરી ગયા પછી આમ બાયુ રોવે. આબરૂદાર માણસ, નરમ માણસ હતા. રોવે કે અરે! આહા..હા..! આ મકાન, મેડી મકાન તમારા વિના કાળા ધૂમાડા જેવા દેખાય છે. તમારી હયાતીને (લઈને) શોભતા હતા. આહા..હા..! એવું બોલે કાંઈક. ભાષા ભૂલી ગયા. ઘણાં વર્ષની વાત છે. આહા..હા..! બાયું રોવેને ત્યારે બોલે. આહા..હા..! ધણી મરે ત્યારે એમ રોવે છેને. મને ઊંડે કૂવામાં નાખીને દોરડા તોડ્યા. બધા સ્વાર્થના પૂતળા હોં! એ મરીને ક્યાં ગયો એને માટે રોવે છે ઈ? તું નરકે ગયો અને ઢોરમાં ગયો તો અમારે ક્યાં ન્હાવું છે? પણ અમારી સગડવતામાં તારું નિમિત્ત હતું એ ગયું એને એ રોવે છે. એને ઈ રોવે છે. આહા..હા..! અરેરે! બાપ મરીને ક્યાં ગયો હશે એ કોઈએ જોયું છે?

**શ્રોતા :–** દેવગત પામ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દેવગત પામ્યા. નરકમાં ગયો હોય અને લખે દેવગત પામ્યા. પાછળથી એમ જ લખશે હોં શેઠ! આ બેય શેઠિયા બેઠા છે. પાછળથી છોકરાઓ લખે. પિતાશ્રી દેવગત ગયા. પણ તમને દેવગત ગયાની ખબર છે? આહા..હા..! સંસ્કાર નાખે અને એમાં પુણ્યભાવ હોય તો સ્વર્ગમાં જાય. એ કઈ નવીન ચીજ નથી. આહા..હા..! પણ આ સંસ્કાર નાખવા જોઈએને. આહા..હા..! બધી ચીજથી ભિન્ન મારી ચીજ છે. મારા દયા, દાનના વ્રતના પરિણામથી પણ મારી ચીજ ભિન્ન છે. આહા..હા..! એમ અંતરમાં રુચિ કરીને સંસ્કારમાં પુષ્ટી આપવી. આહા..હા..! એને અલ્પકાળમાં સ્વર્ગ જ થશે. આહા..હા..! પણ નહિ શ્રદ્ધાની ખબર, નહિ સ્થિરતાની ખબર, નહિ આનંદની (ખબર). શું કહ્યું અહીંયાં જુઓ, મારી ચીજ શું છે? ચૈતન્યસ્વરૂપ આત્મા. છેને? હું તો જાણક સ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા એ આત્મા. દયા, દાન, વ્રત એ આત્મા નહિ, એ તો અણાત્મા રાગ છે. આહા..હા..! આ બધું લખાણ લખ્યું છે તો શેઠનું બધું એ લખ્યું છે. આમ ઉદ્યોગ કર્યો, આમાં આમ કર્યું. એમાં કાંઈ

ધર્મનું નહિ. અધ્યક્ષ હતા.

**શ્રોતા :-** બીજું કાંઈ કર્યું નથી એટલે લખાય શી રીતે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ અહીં આવતા, બિચારા સાંભળતા એટલું તો જોઈએ. એવી વાત લખી નથી એકેય. એ તો અહીંયાં ઉદ્યોગ કર્યો, આનું આ કર્યું, આમાં આ કર્યું. પણ એમાં કાંઈ નહિ. બિચારા પ્રાંતીજ આવ્યા હતા. સોનગોઢ ગયા વિના હું નહિ જાવ. સોગનઢ દર્શન કરીને પછી જઈશ. પછી આવ્યા, બે દિવસ રહ્યા, વ્યાખ્યાન સાંભળ્યું. એમ તો ત્રણ વાર અહીં આવ્યા. ત્રણ વાર આવી ગયા છે. પહેલાં તો ત્યાં રામજીભાઈના મકાનમાં ત્યાં જ આવ્યા ઉદ્‌ઘાટનમાં. પછી આમાં આવ્યા હતા આના ઉદ્‌ઘાટનમાં. અને પછી હમણાં પ્રાંતિજ અને એના ગામમાં ક્યું ગામ કહેવાય? દાલમીયા. દાલમીયામાં મળ્યા, કલકત્તામાં મળ્યા, દિલ્હીમાં મળ્યા અને મુંબઈમાં. છેલ્લે મુંબઈમાં ૮૭મે વર્ષે દાદરમાં આવ્યા. ૮૭ હજાર દીધા. તીર્થ ફંડમાં ૮૭ હજાર આપું છું. કેમ કે ૮૭મું વર્ષ બેઠુંને શરીરને ગયા વર્ષે. અત્યારે તો ૮૮ અહીં જામનગરમાં કર્યું. ૮૭ હજાર આપ્યા હતા. પ્રેમ હતો બિચારાને. પણ નિવૃત્તિ ન લઈ શકે. મેં તો ફતેપુરમાં કહ્યું હતું. ત્રણ-ચાર વર્ષ થઈ ગયા. કેટલામું વર્ષ હતું ત્યાં? જન્મજયંતિ ૮૩. ત્યાં આવ્યા હતા. ભાગચંદજી સોની આવ્યા હતા, બધા આવ્યા હતા. એકલા આવ્યા હતા એકલા. અમે બેઠા હતા ત્યાં એકલા આવ્યા. મેં તો કહ્યું, શેઠ! તમે પૈસાવાળા એટલે જ્યાં હોય ત્યાં પ્રમુખ કરે, મોટપ બેસાડે અને તમારો વખત આમાં જાય છે, ભાઈ! સાંભળતા હતા. શાંતિથી સાંભળતા હતા. અમારે ક્યાં એની પાસેથી કાંઈ લેવું હતું. જ્યાં હોય ત્યાં પ્રમુખ ઠરાવે, તમને મોટા ઠરાવે. એ જિંદગી આમાં જાય છે, ભાઈ! આ આત્માનું શું કરવું? એને માટે આ અવસર બધો ચાલ્યો જાય છે. સાચી વાત, મહારાજ! આહા..હા..! અરેરે!

અહીં કહે છે, હું આત્મા કોણ છું? કે જે પુણ્ય-પાપના ભાવનો ત્યાગ કરીને શેમાં હું સ્થિર થાઉં છું? કે ચૈતન્ય સ્વરૂપ આત્મામાં. આહા..હા..! એ ચેતન... ચેતન... ચેતન... જાણન-દેખન... જાણન-દેખન એવો જે ચૈતન્યસ્વભાવ એ આત્મા એમાં હું સ્થિર થાઉં છું. આહા..હા..! છે? **'ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ...'** એ શું કહે છે? **'(-પોતાથી જ-)'** એ શું કહે છે? કે દયા, દાન, વ્રત, ભક્તિ છે એ નિજ સ્વભાવ નથી, એ તો કર્મ રાગ છે અને હું તો નિજથી, મારા રાગરહિત નિજસ્વભાવથી હું અંદર રહું છું. આહા..હા..! છે? **'ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ...'** પોતાના શુદ્ધ સ્વભાવથી જ. આહા..હા..! જે અલિંગગ્રહણમાં છઠ્ઠો બોલ આવ્યો છે. ૨૦ બોલ છેને અલિંગગ્રહણના? એમાં છઠ્ઠો બોલ. હું મારા સ્વભાવથી જાણવામાં આવે એવો પ્રત્યક્ષ જ્ઞાતા છું. મારા સ્વભાવથી, રાગથી એનાથી જણાતો નથી. આહા..હા..! આવી વાત છે. આહા..હા..! મારો આત્મા મારા સ્વભાવથી જણાય છે. રાગરહિત મારો સ્વભાવ એનાથી હું જણાઉં છું. મારા સ્વભાવથી જાણવામાં

આવતો હું પ્રત્યક્ષ જ્ઞાતા છું. મને જાણવામાં કોઈ રાગ અને મનની અપેક્ષા છે નહિ. આહા..હા..! આવો આત્મા સાંભળ્યો નહિ એણે, જોયો નહિ, કિંમતું કરી નહિ, આ જિંદગી ચાલી જાય. એમાં યુવાન અવસ્થા હોય. આહા..હા..! અહંકાર... અહંકાર... અહંકાર... આમ પગ મૂકે આમ. જોડા પહેર્યા હોય એવા મોટા. છમ... છમ... છમ... ચાલતા જાય. ઓહો..હો..! ધરતીને ધ્રુજાવે એમ માને. ધરતી એના પગથી ધ્રુજતી નથી. એના જોડા અને એનો પગ આત્માથી ચાલતા નથી. આહા..હા..! એ પગ અને જોડા... જોડા કહે છેને? જુતા, એ પોતાથી ગતિ કરે છે, એ આત્માનું કાર્ય નથી. આહા..હા..!

નિજ તત્ત્વ તો ચૈતન્યસ્વરૂપ છે અહીંયાં કહ્યુંને. હું તો જાણનાર-દેખનાર સ્વરૂપ છું. હું શું કરું? હું પરને ચલાવું? ભાષા બોલું? શું હું કરું? આહા..હા..! બહુ માર્ગ વીતરાગનો (સૂક્ષ્મ છે). પરમેશ્વર ત્રિલોકના નાથ જિનેન્દ્રની આ વાણી છે. પ્રભુ! તું ચૈતન્યસ્વરૂપ આત્મા છોને. ઈ પણ એને ખબર નથી કે હું ક્યા સ્વરૂપે છું. અંદર જાણન-દેખન સ્વભાવ સ્વરૂપે તું આત્મા છોને. એ પુણ્ય-પાપના વિકારરૂપે તું છો જ નહિ. આહા..હા..! છે નહિ તો એને છોડીને ચૈતન્ય સ્વરૂપ આત્મામાં નિજથી એટલે પોતાથી જ, પોતાથી નામ પોતાના શુદ્ધ સ્વભાવથી જ. આહા..હા..! **'નિરંતર વર્તું છું.'** આહા..હા..! જુઓ, આ મુનિરાજ! હું તો ચૈતન્યસ્વરૂપ આત્મામાં નિજ સ્વભાવથી વર્તું છું. એ આત્મા અને એ ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક એક પંક્તિમાં કેટલી ગંભીરતા! આહા..હા..! **'નિરંતર વર્તું છું.'** આહા..હા..!

મુનિરાજ તો એને કહીએ કે ચૈતન્યસ્વરૂપમાં નિરંતર સ્વભાવથી નિરંતર વર્તી રહ્યા છે તેનું નામ મુનિપણું અને ચારિત્ર છે. એ પંચમહાવ્રતમાં પણ રહેતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ચારિત્ર અને મુનિપણું કોને કહીએ એનું જ્ઞાન તો કરવું પડશેને. કંઈકને કંઈક માને, ઉંધાને ઉંધું ન માને અને ઉંધાને સવળું માને. હોય ઉલટું અને માને સવળું. આહા..હા..! માન્યતામાં ઘેરાઈ ગયો છે એ. આહા..હા..! ચૈતન્યસ્વરૂપ નિજથી હું પોતામાં વર્તું છું. પુરુષાર્થથી મારા સ્વભાવમાં સ્થિરપણે રહ્યો છું. આહા..હા..! એનું નામ ચારિત્ર અને એનું નામ મુનિપણું છે. નગ્નપણું અને પંચમહાવ્રતના પરિણામ એ ચારિત્ર નથી. આહા..હા..! હજી તત્ત્વની, ચારિત્ર તત્ત્વ, સંવર તત્ત્વ એની ખબર ન મળે. આ પ્રમાણે જ્ઞાની અનુભવે છે. ધર્મી જીવ આ પ્રકારે આત્માનો અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ ભગવાનનો અનુભવ કરે છે, રાગનો અનુભવ છોડી દે છે. આહા..હા..! એનું નામ ચારિત્ર અને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૬, બુધવાર, તા. ૦૨-૧૧-૧૯૭૭, કળશ-૨૨૬-૨૨૭, પ્રવચન નં. ૪૯૭

કળશ છેને ૨૨૬ એનો ભાવાર્થ. અર્થ આવી ગયો છે. ભાવાર્થ. '**ભૂતકાળમાં કરેલા કર્મને...**' ગયા કાળમાં જે કાંઈ પુણ્ય-પાપના ભાવ કર્યા એને '**૪૯ ભંગપૂર્વક મિથ્યા કરનારું...**' ૪૯ ભંગ છે એ બધા. '**મિથ્યા કરનારું પ્રતિક્રમણ કરીને જ્ઞાની જ્ઞાનસ્વરૂપ આત્મામાં લીન થઈને નિરંતર ચૈતન્યસ્વરૂપ આત્માનો અનુભવ કરે,...**' આહા..! ગયા કાળના ૪૯ ભંગે પુણ્ય અને પાપ જે કર્યા, કરાવ્યા, અનુમોદ્યા આદિ એ બધાનું પ્રતિક્રમણ કરી તેનો અભાવ કરી અને આત્માના સ્વરૂપમાં '**જ્ઞાની જ્ઞાનસ્વરૂપ આત્મામાં લીન થઈને નિરંતર ચૈતન્યસ્વરૂપ આત્માનો અનુભવ કરે, તેનું આ વિધાન છે.**' પ્રતિક્રમણની આ વિધિ. ઓલા તો સાંભળ્યા મિચ્છામી દુક્કડમ. ગડિયા હાંક્યા. અહીંયાં તો આનંદસ્વરૂપ ભગવાન, એણે જે કાંઈ પુણ્ય અને પાપના ભાવો શુભ-અશુભ કર્યા, તેનો ત્યાગ કરીને અને ચૈતન્યસ્વરૂપ આત્મામાં લીન થઈને રમે એનું નામ પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આવી વ્યાખ્યા. છે કે નહિ? '**નિરંતર ચૈતન્યસ્વરૂપ આત્માનો અનુભવ કરે, તેનું આ વિધાન છે.**'

'**મિથ્યા' કહેવાનું પ્રયોજન...**' આ મિથ્યાદર્શન કહે છેને? મિથ્યાદર્શન. મિચ્છામી દુક્કડમ. મિચ્છામી દુક્કડમનો અર્થ શું? એ કહે છે. '**'મિથ્યા' કહેવાનું પ્રયોજન આ પ્રમાણે છે :— જેવી રીતે, કોઈએ પહેલાં ધન કમાઈને ઘરમાં રાખ્યું હતું;...**' ધન કમાઈને ઘરમાં રાખ્યું હતું. '**પછી તેના પ્રત્યે મમત્વ છોડ્યું ત્યારે તેને ભોગવવાનો અભિપ્રાય ન રહ્યો;...**' લક્ષ્મીની મમતા છોડી તેને ભોગવવાની મમતા રહી નહિ. આહા..હા..! અભિપ્રાય ન રહ્યો. '**તે વખતે, ભૂત કાળમાં જે ધન કમાયો હતો તે નહિ કમાયા સમાન જ છે;...**' આહા..હા..!

'**તેવી રીતે,...**' એ તો દૃષ્ટાંત કહ્યો. '**જીવે પહેલાં કર્મ બાંધ્યું હતું; પછી જ્યારે તેને અહિતરૂપ જાણીને...**' આહા..હા..! પુણ્ય અને પાપના બેય ભાવ અહિતરૂપ અને એનાથી બંધન થયું તે પણ અહિતરૂપ. આહા..હા..! એવું '**જાણીને તેના પ્રત્યે મમત્વ છોડ્યું અને તેના ફળમાં લીન ન થયો,...**' પુણ્ય અને પાપના ફળ મળે એમાં લીન ન થયો. ત્યાંથી ખસીને આત્માના અતીન્દ્રિય આનંદના અનુભવમાં લીન થયો એનું નામ પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આટલી શરતું. આહા..હા..! '**ત્યારે ભૂતકાળમાં જે કર્મ બાંધ્યું હતું તે નહિ બાંધ્યા સમાન મિથ્યા જ છે.**' નહિ બાંધ્યા સમાન છે. આહા..હા..! લગન પ્રસંગમાં છોકરાને વરઘોડે ચડાવે. પોતે સાધારણ હોય પૈસા વિશેષ ન હોય. શેઠિયા

પાસેથી પાંચ-દસ હજારના દાગીના લઈ આવે છોકરાને પહેરાવવા. એ જાણે કે આ કાંઈ મારા નથી. એ તો ત્રણ દિ'એ વરઘોડે ચડાવીને પાછા દઈ દેવાના છે. એમ ધર્મીને પૂર્વે પુણ્ય અને પાપના ભાવ કરીને બંધન (થયું) હતું એ મારું નહિ. આહા..હા..! એમાં હું નહિ. પુણ્ય-પાપને લઈને બંધન થયું અને એનું ફળ મળ્યું એ હું નહિ. આહા..હા..! એ રાખ્યું એ ન રાખ્યા જેવું થઈ ગયું. આહા..હા..! એ આત્માના સ્વભાવમાં લીન થયો. આહા..!

સવારમાં તો આકરું આવ્યું હતું નહિ? અધ્યાત્મ તરંગિણીમાં સંસ્કૃત ટીકામાં તો '**आचरंतु**'નો અર્થ એવો કર્યો છે કે મહાવ્રત આચરો અને શાસ્ત્રના અધ્યયન કરો એ બધો રાગ છે. આહા..હા..! અને તે રાગનું આચરણ કરીને ઠીક માનવું એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! ચાલતા આપણા અધિકારમાં એટલું લીધું કળશટીકામાં. '**आचरंतु**'. સમ્યગ્દષ્ટિ નામ ધરાવી અને પાપ, રાગ-દ્વેષ આદિના ભાવ કરે છતાં અમને બંધન નથી એવું મિથ્યા આચરણ આચરો તો આચરો. આચરણનો અર્થ એવો કર્યો એમણે. એ રાજમલ ટીકાએ એવો અર્થ કર્યો છે. જયચંદ્ર પંડિત અને અધ્યાત્મ તરંગિણીની ટીકાકારે અર્થ આવો કર્યો (કે) મહાવ્રત આદિ આચરો તો આચરો એ તો રાગની ક્રિયા છે. આહા..હા..! હવે મહાવ્રતને રાગ કહેવો. આહા..હા..! એ વૃત્તિ છે. રાગની વૃત્તિ છે એ તો. આહા..હા..! એ આત્મસ્વરૂપ નથી. હજી તો આવશે સમિતિ. સમિતિનું ઉત્કૃષ્ટ આલંબન કરો. બરાબર જોઈને ચાલો, વિચારીને બોલો, નિર્દોષ આહાર એને માટે કર્યો હોય તે લે, બીજો ન લે. એવી સમિતિમાં આચરણ કરો છતાં પણ રાગની રુચિ છે માટે તે મિથ્યાદષ્ટિ પાપી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં એ કહ્યું. ગયા કાળના જે પુણ્ય અને પાપના ભાવ કર્યા હતા એ કર્તૃત્વ હું છોડી દઉં છું. એ મારું સ્વરૂપ જ નથી. આહા..હા..! એ રીતે ગયા કાળના પુણ્ય-પાપના ભાવ અને એનું બંધન અને એનું ફળ બધાથી પાછો ફરે છે. પ્રતિક્રમ-પાછો ફરે છે અને સ્વરૂપના અતીન્દ્રિય આનંદમાં લીન થાય છે એને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આવી વ્યાખ્યા કોઈ દિ' સાંભળી હતી? પ્રેમચંદભાઈ! ચુડામાં ક્યાં? નહિ? આવી વાત. બધો ફેરફાર બહુ થઈ ગયો. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ વીતરાગભાવથી થાય. એને લોકો રાગથી થાય એમ માનીને બેઠા છે. આખો પલટો દૃષ્ટિનો છે.

'**આ રીતે પ્રતિક્રમણ-કલ્પ (અર્થાત્ પ્રતિક્રમણનો વિધિ) સમાપ્ત થયો.**' હવે પાઠમાં હતું ભવિષ્યના પચ્ચખાણનું તો અહીં લીધું છે આલોચના પહેલું. કારણ કે ભૂતકાળનું પ્રતિક્રમણ, વર્તમાનનું આલોચન અને ભવિષ્યનું પચ્ચખાણ. આલોચનાના સ્વરૂપમાં પણ એમ. હું વર્તમાનમાં પુણ્ય-પાપને કરતો નથી. આહા..હા..! ધર્મી જીવ... ચારિત્ર એને કહીએ કે જે શુભ અને અશુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ શુભ એને પણ હું કરતો નથી. કારણ કે એ તો રાગ છે. આહા..હા..! આવો માર્ગ. છે? '**હું (વર્તમાનમાં કર્મ) કરતો નથી, કરાવતો નથી,...**' બીજા પાસે મેં કરાવ્યું નથી કે ભાઈ પુણ્ય તેં કર્યું એ ઠીક છે. એ મેં કરાવ્યું

નથી અને કરતા હોય એને મેં અનુમોદન આપ્યું નથી. આહા..હા..! હું અનુમોદન આપતો નથી. આ વાત. ગજબની વાતું છે. આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા, શાસ્ત્ર શ્રવણ, મનન એ બધો શુભરાગ છે. તો ધર્મી ચારિત્રવંત થાય ત્યારે એમ માને છે કે એ કર્તવ્ય મારું નહિ. મેં કર્યું નથી, મેં કરાવ્યું નથી અને કોઈ કરતા હોય એવા શુભભાવને હું અનુમોદન આપતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અવલદોમ છે દુનિયાથી તો આ વીતરાગનો માર્ગ. આહા..હા..! '**મનથી, વચનથી અને કાયાથી.**' છેને? મનથી પણ શુભભાવને હું કરતો નથી વર્તમાન. શુભભાવ દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, જાત્રા એ બધો શુભરાગ. ધર્મી ચારિત્રવંત એમ માને છે, સમ્યગ્દૃષ્ટિ એમ માને છે કે હું એનો કર્તા નથી, પણ રાગ છે. અને ચારિત્ર જ્યારે થાય ત્યારે તો એ રાગ મારો છે નહિ એટલે અસ્થિરતા મારામાં છે જ નહિ. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ ઝીણો બહુ. આહા..હા..! એ કરતો નથી મનથી, વચનથી અને કાયાથી. એ પ્રમાણે ૪૯ ભંગ છે. એનો કળશ. કળશ છેને? ૨૨૭. ૨૨૭ છેને?

मोहविलासविजृम्भितमिदमुदयत्कर्म सकलमालोच्य।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।२२७।।

એનો અર્થ. '(**નિશ્ચયચારિત્રનો અંગીકાર કરનાર...**' સાચું ચારિત્ર જેને સમ્યગ્દર્શન છે. આત્મા આનંદ અને જ્ઞાતા-દૃષ્ટા છે એ દયા, દાનના વિકલ્પનો પણ આત્મા કર્તા નથી. આહા..હા..! એને રાગનો કર્તા માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એ અહીં કહે છે કે નિશ્ચયચારિત્ર અંગીકાર કરનાર. સાચું ચારિત્ર. આહા..હા..! કોને ચારિત્ર કહેવા? મોહવિલાસ. '**મોહના વિલાસથી ફેલાયેલું જે આ ઉદયમાન (ઉદયમાં આવતું) કર્મ...**' એ શુભ અને અશુભભાવ મોહનો વિલાસ છે. એ પુદ્ગલનો વિસ્તાર છે, એ મારી ચીજ નહિ. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મની પહેલી સીઢી એ એમ માને છે કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ ભાવ મારું કર્તવ્ય નહિ. આહા..હા..!

**શ્રોતા :-** ભક્તિ ચાલતી હોય ત્યારે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભક્તિ ચાલતી હોય તો એ રાગ છે એને હેય જાણે છે. ભક્તિ વખતે પણ રાગ છે ભગવાન તરફનો. એને ધર્મી તો અંદરમાં હેય જાણીને જ્ઞાનનો આદર કરે છે, રાગનો આદર કરતો નથી, પણ શુભરાગ આવ્યા વિના રહેતો નથી. આહા..હા..! છતાં એ હેય. આકરું કામ છે, ભાઈ! ધર્મ એ કાંઈ સાધારણ અત્યારે કલ્પાઈ ગયો છે લોકોમાં એ ધર્મનું સ્વરૂપ નથી વીતરાગનું. આહા..હા..! ભક્તિનો રાગ તો ધર્મીને પણ આવે, પણ એ રાગને હેય માને. એ છોડવાલાયક છે. હું છોડી શકતો નથી એટલે થાય છે, પણ છે છોડવાલાયક, આદરવાલાયક નથી. આહા..હા..! અહીંયાં તો હવે એ ચારિત્રવંતને એ રાગ

થતો જ નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! ચારિત્ર જેને મુનિપણું કહીએ. અરે! દશા કોણ છે, બાપુ! અરે! આહા..હા..! જેને અંતરમાં અતીન્દ્રિય આનંદના ઉભરા આવે છે ઉભરા. આહા..હા..! સમ્યગ્દષ્ટિ જીવ ચોથે ગુણસ્થાને હોય છે ગૃહસ્થાશ્રમમાં તોપણ એને અતીન્દ્રિય આનંદનો અંશ એને ઝળક એના સ્વાદમાં એને આવે છે. ત્યારે તો તેને હજી સમ્યગ્દષ્ટિ ધર્મની પહેલી સીઢીવાળો કહીએ. આહા..હા..! બાકી જેટલી ક્રિયાકાંડ કરે એમાં બધામાં રાગ (છે), એ રાગ દુઃખરૂપ છે. આહા..હા..! એનાથી હું પાછો ફરું છું. ચારિત્રવંત મુનિ. ચારિત્ર બાપુ! કોને કહેવું એ તો અત્યારે આહા..હા..! નજરે પડવું મુશ્કેલ છે. આહા..હા..!

ચારિત્રવંત કહે છે કે '**મોહના વિલાસથી ફેલાયેલું...**' એ શુભભાવ છે એ મોહનો વિલાસ છે, મારી ચીજ નહિ. આહા..હા..! હું તો જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ એમાં એ મોહનો વિલાસ રાગ પુણ્યનો દયા, દાન, વ્રત, જાત્રાનો એ મારો નહિ. આહા..હા..! આ વાત કેમ બેસે? અનંતકાળથી મિથ્યા શલ્ય રાખીને એ બધા આચરણ કર્યા અને એ આચરણથી મને ધર્મ થશે. આહા..હા..! એવું મિથ્યાદર્શન અને પાપને સેવ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું છે, ભાઈ! વીતરાગ એમ કહે છે, ધર્મી જીવ '**મોહના વિલાસથી ફેલાયેલું જે આ ઉદયમાન (ઉદયમાં આવતું)...** ' જે પુણ્ય-પાપના ભાવ '**તે સમસ્તને આલોચીને...**' સમસ્તને જોનાર જોઈ એને હું છોડું છું. આહા..હા..! આ વર્તમાનની વાત છે. ઓલા પ્રતિક્રમણ ગયા ભૂતકાળની હતી. આ આલોચના વર્તમાન સંવર દશા. સંવરમાં એ પુણ્યના પરિણામને પણ આસ્રવ ગણીને ધર્મી જીવ તેનાથી પાછો હઠી... આહા..હા..! આવી વાતું! પછી વિરોધ કરેને લોકો બિચારા. શું કરે? એને મળ્યું નથી. એને સત્ય સાંભળવા મળ્યું નથી. આહા..હા..! ત્રણલોકનો નાથ જિનેન્દ્ર વીતરાગ પરમેશ્વર એ વીતરાગભાવે ધર્મ કહે છે, રાગભાવે અધર્મ કહે છે. આહા..હા..!

એ અહીં ચારિત્રવંત એમ કહે છે કે વર્તમાનમાં મારી દશામાં મોહનો વિલાસ એ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજાનો ભાવ થાય... આહા..હા..! તેને હું આલોચું છું. એટલે કે હું એને છોડું છું કે એ મારી ચીજ નહિ. આહા..હા..! આવું કામ છે. ઘડ બેસવી કઠણ બહુ, બાપુ! ધર્મ વીતરાગ પરમેશ્વર જિનેશ્વરનો પંથ કોઈ અલૌકિક છે. આહા..હા..! એ આ રાગની ક્રિયા, વ્રત પાળ્યા, તપસ્યાઓ કરી, જાત્રાઓ કરી... આહા..હા..! એ બધી રાગની ક્રિયા શુભને એણે માન્યો ધર્મ. એ તો મિથ્યાત્વના મહાપાપને સેવનાર છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

એમ અહીં કહે છે. બધાને હું આલોચું છું. જોઈ જાઉં છું કે એ મારું સ્વરૂપ નહિ. આહા..હા..! છે? '**निष्कर्मणि चैतन्य-आत्मनि आत्मनि**' ભગવાન આત્મા તો એ પુણ્ય અને પાપના ભાવકર્મ છે એટલે વિકાર છે એનાથી હું નિષ્કર્મણી છું. મારો સ્વભાવ આત્માનો તો પુણ્ય-પાપના કાર્યથી ભિન્ન સ્વભાવ છે. આહા..હા..! એમ ધર્મી જીવ પોતાના આત્માના

સ્વભાવમાં રમતા આનંદમાં આવતા, રહેતા... આહા..હા..! **'સમસ્તને આલોચીને હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મથી રહિત)...'** ભગવાન આત્મામાં તો દયા, દાન આદિ, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ રાગ છે. આહા..હા..! ધર્મી કહે છે કે એને પણ હું જાણું છું, એ મારી ચીજ નહિ. આહા..હા..! છે? એ સર્વ કર્મોથી રહિત ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા. એ તો ચૈતન્ય જાણક-દેખન સ્વભાવથી ભરેલો ભગવાન આત્મા, એ તો જ્ઞાતા-દૃષ્ટા જાણક અને દેખન. એ રાગાદિ ક્રિયાનો પણ ભગવાન તો જાણન-દેખન છે. આ ભગવાન એટલે આત્મા હોં! આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. સાંભળ્યો પણ ન હોય. બહારના અપવાસ કરે અને એક ટંક ખાય અને આ ભગવાનના દર્શન કરે તો થઈ જાય ધર્મ. આહા..હા..! પ્રભુ! તું છેતરાઈ ગયો છો, પ્રભુ! આહા..હા..! તેં આત્માને છેતરી નાખ્યો. વીતરાગ એમ કહે છે કે તેં આત્માને... આહા..હા..! એવા શુભભાવથી મારો ભાવ છે અને મને લાભ કરશે, પ્રભુ! તેં ચેતનને ઘાયલ કરી નાખ્યો છે. આહા..હા..! તને ખબર નથી.

**શ્રોતા :-** ભગવાનની પ્રતિમા જોવે તો સમ્યગ્દર્શન થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો નિમિત્તની વાત. સમ્યગ્દર્શન એનાથી થાય તો તો અનંતવાર (દર્શન) થયા. એ તો (સમ્યગ્દર્શન) થાય ત્યારે એનાથી (-પ્રતિમાથી) લક્ષ ખસ્યું હતું એનું જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! સમવસરણમાં અનંતવાર ગયો છે, મહાવિદેહમાં અનંતવાર ઊપજ્યો આ જીવ. મહાવિદેહમાં તીર્થંકરનો કોઈ દિ' વિરહ ન હોય. એના સમવસરણમાં અનંતવાર દરેક જીવ જઈ આવ્યો છે. આહા..હા..! પણ ત્યાં કેવળી આગળ રહી ગયો કોરો. ત્યાં પણ રાગની ક્રિયાને પોતાની માની અને મિથ્યાત્વને સેવ્યું. ભગવાનની વાણી હતી કે 'રાગ તે અધર્મ છે અને રાગથી ભિન્ન પડીને સ્વરૂપમાં રમવું તે સમ્યગ્દર્શન અને ધર્મ છે' એ વાતને એણે અડવા ન દીધી. આહા..હા..! સમજાણું કાંઈ? આકરું બાપુ છે દુનિયાને. આહા..હા..!

**'ચૈતન્યસ્વરૂપ આત્મામાં...'** છે? **'આત્માથી જ...'** આત્મામાં આત્માથી જ. એટલે? ચૈતન્ય આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ મારા જ્ઞાન અને આનંદ દ્વારા અંતર સ્વરૂપમાં રમું છું. આહા..હા..! એ રાગની ક્રિયા દ્વારા નહિ. આહા..હા..! છે? **'ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ...'** 'જ' કેમ કહ્યું? કે રાગ વ્યવહારરત્નત્રનયનો જે વિકલ્પ છે, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો રાગ અને પંચમહાવ્રતનો રાગ અને શાસ્ત્રના ભણતરનો રાગ એ બધો રાગ છે. પરદ્રવ્ય ઉપર લક્ષ છે એ બધો રાગ છે. તે મારા ચૈતન્યસ્વરૂપ આત્મામાં હું તે રાગને છોડીને... આહા..હા..! અરે! વાતું સાંભળી ન જાય. કઠણ પડે એ ક્યારે કરે? સાંભળવા મળે નહિ. એમને એમ જિંદગીયું ચાલી જાય છે. ૪૦-૫૦-૬૦. શાંતિભાઈ! શાંતિભાઈ કહે જિંદગી મફત ગઈ અત્યાર સુધીની. આ બાપુ ખબર નથી? દુનિયાની ખબર નથી આખી? આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ઈન્દ્રોની સભામાં તો આમ કહેતા હતા. એની તો એને બિચારાને ખબર પણ ન મળે. આહા..હા..! કરોડપતિ પૈસા હોય અને પાંચ-દસ લાખ

ખરચે. થઈ ગયો ધર્મધુરંધરનું બિરૂદ આપી દે. દાનવીર. કહે છે કે એ રાગની મંદતા કરી હોય કદાચિત્ એમાં તો એ પુણ્ય છે, રાગ છે, વિકાર છે, ઝેર છે. આહા..હા..! ધર્મી કહે છે કે હું તો એનાથી પાછો ફરી જાઉં છું. મારા ચૈતન્યસ્વરૂપમાં સ્વરૂપથી લીન થાઉં છું, રાગને લઈને લીન થાઉં છું એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો આપણે ભાઈ ઘણા વર્ષથી ચાલે છે. આ તો ૪૩ વર્ષ થયા અહીં જંગલમાં. આ સમયસાર તો ૧૭મી વાર ચાલે છે, ૧૭મી વાર. ૧૬ વાર તો એક-એક અક્ષરનો અર્થ અને સભામાં પૂરું થઈ ગયું. આ ૧૭મી વાર ચાલે છે.

**શ્રોતા :-** દરેક વખતે નવા નવા હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નવા હોય છે. આ અમારે ... આવ્યા છેને. નવા આવ્યા છે. શિવલાલભાઈ તો આવે ઘણીવાર. શિવલાલભાઈ તો આવે. પ્રેમચંદભાઈ ને એ બધા છેને, આવે ઘણીવાર. આહા..હા..! અરે! બાપુ! મારગડા જુદાં, ભાઈ! આત્મા તો અંદર ચૈતન્યસ્વરૂપ છેને પ્રભુ! એ તો જાણન-દેખન અને અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. આહા..હા..! એમાં એ પુણ્યનો ભાવ એ તો આકુળતા અને દુઃખ છે. તો ધર્મી ચારિત્રવંત ત્યારે થાય છે કે એ ભાવથી નિવર્તી અને ચૈતન્યસ્વરૂપ આત્મામાં મારા સ્વભાવથી લીન થાઉં છું, વ્યવહારથી નહિ. આહા..હા..!

**શ્રોતા :-** આખી દુનિયા કહે ઈ ખોટું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાઈ દુનિયા આખી વીતરાગના માર્ગથી વિરુદ્ધ છે. વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ એની પ્રરૂપણા અને એની માન્યતાથી આખું જગત વિરોધ... વિરોધ... વિરોધ... સાધુ નામ ધરાવે. મહાવ્રતના પણ ઠેકાણા નથી હજી. એને માટે આહાર-પાણી લે કરેલા એ તો મહાવ્રતના પણ ઠેકાણા નથી. આહા..હા..! અહીંયાં તો મુનિ મહાવ્રત બરાબર પાળે, નગ્ન મુનિ હોય. મુનિ તો નગ્ન હોય. વસ્ત્રવાળા મુનિને સિદ્ધાંતમાં મુનિ કહ્યા નથી. સમજાય છે કાંઈ? આકરી વાતું, ભાઈ! એ તો નગ્ન હોય અને જંગલમાં રહેતા હોય છે અને એ પુણ્યના પરિણામથી પાછા હઠી અને આત્માના સ્વભાવથી આત્મામાં રમતા હોય છે એને મુનિ અને ચારિત્ર કહીએ. આહા..હા..!

**શ્રોતા :-** પંચમકાળ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પંચમકાળ હોય તે? પંચમકાળનો શેરો કોઈ લોટને બદલે ધૂળનો થાતો હશે? પાંચમો આરો છેને? પાનાચંદભાઈ! આ શેરો છે એ લોટને બદલે ધૂળનો થાય? અને ઘીને બદલે પેશાબનો થાય? અને સાકરને બદલે.. તેલનો કરે એ તો ગરીબ માણસ તેલનો કરે. એ તો બધું જોયું છેને. હલકા માણસ હોય એ કરે. પણ તેલને ઠેકાણે પેશાબ નાખે? કે પંચમકાળ છે, હલકો કાળ છે. સાકરને ઠેકાણે ધૂળ નાખે? આહા..હા..! બાપુ! માર્ગ તો એવો છે. પંચમઆરાનો હોય કે ચોથા આરાનો માર્ગ. વીતરાગનો 'એક હોય ત્રણકાળમાં

પરમાર્થનો પંથ.' આહા..હા..! પાંચમો આરો હોય કે ચોથો આરો હોય.

ભગવાન તો બિરાજે છે. મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે સીમંધર નાથ. સર્વજ્ઞપણે પાંચસો ધનુષનો દેહ, કરોડ પૂર્વનું આયુષ્ય, અબજો વર્ષથી છે અને હજી અબજો વર્ષ રહેવાના છે. મહાવિદેહમાં સમવસરણમાં બિરાજે છે. એમની આ વાણી છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કુંદકુંદાચાર્ય નગ્ન મુનિ બે હજાર વર્ષ પહેલા સંવત્ ૪૯માં ભગવાન પાસે ગયા હતા. આઠ દિન રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. એ શાસ્ત્રમાં આ પોકાર છે. અરે! ભાઈ! તું કોણ છો? આહા..હા..! શું તું એ દયા-દાનના પરિણામ થાય એ તું છો? એટલો તું છો? એમાં તું છો? આહા..હા..! ભાઈ! એ તો પુણ્યતત્ત્વ છે. નવ તત્ત્વમાં પુણ્યતત્ત્વ જુદું અને આત્મતત્ત્વ જુદું છે. આહા..હા..! જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. નવ તત્ત્વ છે. તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ એ તો પુણ્યતત્ત્વ છે. એ કાંઈ ધર્મતત્ત્વ, સંવરતત્ત્વ, નિર્જરાતત્ત્વ નથી. આહા..હા..! આવું છે.

હું તો આત્મામાં આત્માથી પોતાથી જ નિરંતર પ્રવર્તું છું. ધર્મી ચારિત્રવંત તો એને કહીએ કે જે પુણ્યના પરિણામથી પણ ખસીને પોતાના સ્વરૂપમાં વર્તમાનમાં આનંદમાં રમે, અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન અને સંવેદન હોય એને ચારિત્રવંત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છેને? મારું તો આ કાર્ય નથી. જુઓ, ભાવાર્થ છેને? **'વર્તમાન કાળમાં કર્મનો ઉદય આવે તેના વિષે જ્ઞાની એમ વિચારે છે કે—પૂર્વે કર્મ બાંધ્યું હતું તેનું આ કાર્ય છે,...'** આહા..હા..! ગજબ વાતું નાથ! એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એને એમ જાણ કે એ તો મેં બાધ્યું હતું કર્મ એનું કાર્ય છે, મારું નહિ. આહા..હા..! આવી વાત ક્યાં? આહા..હા..! અરેરે! જિંદગીયું ચાલી જાય છે અને દેહ છૂટીને જશે ક્યાંનો ક્યાય. ભગવાનનો માર્ગ વીતરાગ કહે છે એની ખબરેય ન મળે. સમજાણું કાંઈ?

**'મારું તો આ કાર્ય નથી.'** એ શુભ-અશુભભાવ એ મારું કાર્ય નહિ. દૃષ્ટિની પ્રધાનતાથી કથન છે. એથી સ્વભાવમાં રાગનું પરિણમન જરી છે પણ એ મારું કાર્ય નથી. જ્ઞાનની અપેક્ષાએ જોઈએ તો રાગનું જરી પરિણમન છે એ પરિણમે તે કર્તા એમ જાણે, પણ કરવાલાયક છે એમ એ જાણે નહિ. આહા..હા..! આવો માર્ગ તે કેવો હશે આ? આ નવો માર્ગ હશે? ભાઈ, અમે તો એ સાંભળતા કે છ પરબીની દયા પાળવી, અપવાસ કરવા, ઉપધાન કરવા, જાત્રા ભગવાનની કરવી ૯૯ વાર અને સાધુ આદિ હોય એને આહાર દેવા. અરે! ભાઈ! બધી વાતું, એ તો બધી રાગની ક્રિયાઓ છે, તને ખબર નથી. એ રાગની રુચિવાળો મિથ્યાદૃષ્ટિ છે, એ જૈન જ નથી. આહા..હા..! એ સવારમાં આવ્યું હતું. જેને શુભરાગની પણ રુચિ છે... આહા..હા..! એ શુભરાગથી મારું કલ્યાણ થશે, એ મિથ્યાદૃષ્ટિ જીવ છે એ જૈનને ઓળખતો નથી. એ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગની આજ્ઞાને જાણતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! છે?

**'પૂર્વે જે કર્મ બાંધ્યું હતું તેનું આ કાર્ય છે,...'** આહા..હા..! મેં પૂર્વે પુણ્ય-પાપના ભાવ કરેલા એનું બંધન થયું હતું, એના ઉદયમાં આ પુણ્ય-પાપના ભાવ એનું કાર્ય છે, મારું નહિ. આહા..હા..! હું તો જ્ઞાનસ્વરૂપી ચૈતન્યબ્રહ્મ, પ્રભુ! આહા..હા..! ભારે કામ, બાપુ! બહુ આકરું પણ. એક તો નવા માણસને તો એવું લાગે કે આ તે આવું ક્યાંથી કાઢ્યું? શું છે આ? જૈન ધર્મ હશે આ? અરે! બાપુ! જૈનધર્મ આ છે. બાકી બધા જૈન ધર્મ નથી. આહા..હા..! કહો, પુનાતર! જેલમાં જઈ આવ્યા છે, નહિ? કેટલો વખત? એક વર્ષ. એ હમણા ઓલા આવ્યા હતા એ ચાર મહિના જઈ આવ્યા. કાલે ઓલા ધ્રુવ ડોક્ટર આવ્યા હતા. રાજકોટવાળા નહિ? આંખવાળા. ધ્રુવ ડોક્ટર આવ્યા હતા. આંખના બધા ડોક્ટરો ભેગા થવાના હતા ભાવનગર. ત્યારે આવ્યા હતા બિચારા આવ્યા હતા અહીં. હું ચાર મહિના જેલમાં જઈ આવ્યો કહે. પહેલા. એ વખતે નહોતાને, આપણે ગયા ત્યારે નહોતા. પછી અત્યારે હતા. પહેલા જેલમાં જઈ આવ્યા. ભાઈ પી.વી. શાહ એ બધા જેલમાં જઈ આવ્યા? એ અને એનો દીકરો બેય જેલમાં નાખ્યા હતા. આ પણ જેલ છે, બાપુ! એ શુભરાગને પોતાનો માનવો અને એનાથી લાભ માનવો એ મહામિથ્યાત્વની જેલ છે. પણ કોને સમજાય? આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો આ હુકમ છે કે ધર્મી જીવ તો એ રાગ આવે એને એમ જાણે... આહા..હા..! છે?

**'મારું તો આ કાર્ય નથી. હું એનો કર્તા નથી,...'** આહા..હા..! હોંશે-હોંશે, હરખે-હરખે શુભભાવ કરે છે અને રાજી થઈ જાય કે આપણે ધર્મ કર્યો. આહા..હા..! ધર્મને નામે ધમાધમ ચલી. ચેતનજી બોલે છેને. 'ધામ ધુમે ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર.' અંદર જ્ઞાનનો માર્ગ પ્રભુનો એ તો ક્યાંય દૂર રહી ગયો. ધમાધમ બહારમાં આ કરો ને આ કરો ને. સવારથી સાંજ ભગવાનના દર્શન કરો, અપવાસ કરો અને લૂખા આહાર કરો. આહા..હા..! અરે! બાપુ! એ બધી પરની જડની ક્રિયા હું કરું છું એ માન્યતા જ મિથ્યાદષ્ટિની છે. એની તો ઠીક પણ એ શુભભાવ મારું કર્તવ્ય છે એ પણ મિથ્યાદષ્ટિ જૈન નથી. એને જૈન ભગવાન કહેતા નથી. આહા..હા..! અરેરે! શું થાય? બાપુ! માર્ગ તો આ છે. ત્રણલોકના નાથ સીમંધર પ્રભુ સભામાં વર્તમાનમાં સમવસરણમાં આ કહે છે. એ વાત આવી છે આ. આહા..હા..! સમજાણું કાંઈ? શું છે? આહા..હા..!

કહે છે ધર્મી જીવ કે પુણ્ય-પાપનો ભાવ એ મારું કાર્ય નહિ. શરીરની ક્રિયા એ આમ ચાલે એ તો મારું કાર્ય નહિ, એ તો જડની માટી આ તો ધૂળ છે. આ આમ હાલે-ચાલે એ તો જડની દશા છે. આત્માથી શરીર ચાલે ત્રણકાળમાં નહિ. આહા..હા..! આ તો અજીવ છે, જડ છે. ઈ જડની પર્યાય ચાલવાની એ ક્રિયા જડની પરમાણુની છે, આત્માની નહિ. આત્મા...

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ આ ધૂળ છે એની એને ખબર નથી? કાંઈક ખીલી વાગે તો એમ નથી કહેતા આપણે ગુજરાતમાં કે મારી માટી પાકણી છે, પાણી અડવા દેશો નહિ. એને કહે માટી અને વળી કહે કે એ મારું! આ ખીલી વાગેને ખીલી? લોઢાની. પછી ક્યાંક વાગે તો પાણી અડવા દેશો નહિ. કેમ? મારી માટી પાકણી છે, પાકશે તો પરુ થશે. માટી એટલે આ ધૂળ. આહા..હા..! આ જડ, અજીવ, ધૂળ છે, માટી છે. એને પોતાનો માનીને એની સંભાળ કરે. મૂંઢ તે કાંઈ મૂંઢના લક્ષણ કાંઈ જુદા હોય? ભલે મુનિ થયો હોય બહારથી. અજ્ઞાનીને કાંઈ શિંગડા ઉગે છે? આહા..હા..!

અહીંયાં તો પ્રભુ એમ ફરમાવે છે કે એ પુણ્ય-પાપના કાર્ય મારું તો આ કાર્ય નથી. હું આનો કર્તા નથી, હું આનો... છેને? '**શુદ્ધચૈતન્યમાત્ર આત્મા છું.**' આહા..હા..! હું તો શુદ્ધ ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા છું. રાગથી માંડીને બધી ચીજો મારા જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જાણવાલાયક છે, પણ એ ચીજ મારી છે એમ માનવાલાયક છે નહિ. આહા..હા..! હજી આ શરીરની ક્રિયા થાય એ મારી નહિ એ માન્યતા ન મળે જેને. આહા..હા..! લ્યો! આત્મા નીકળી ગયા પછી શરીર કેમ કામ કરતું નથી? પણ સાંભળને હવે, એ વખતે પણ કામ કરે છે. આહા..હા..! મડદું ઊભું થઈ જાય, આમ થઈ જાય. મરી જાય સાંજે પછી આખી રાત રાખવું હોય તો કોષ રાખે માથે. આ તો બધું નજરે જોયેલું છેને. લોઢાની રાખે આમ. ઊભું ન થઈ જાય. એ પરમાણુ છે, માટી છે, બાપુ! એની ક્રિયા જડની તે કાળે થવાની તે થાય. એ કાંઈ કોઈથી થાય નહિ. આહા..હા..! એ તો દૂર રહી ગઈ વાત અજીવની, અહીં તો પુણ્ય પરિણામનો કર્તા હું છું એમ માને તો તે જૈન નથી, તેને અજ્ઞાની અન્યમતિ કહેવામાં આવે છે. આહા..હા..! શાંતિભાઈ! આકરું તો છે, બાપુ! આહા..હા..! ત્રણલોકના નાથ વીતરાગ જિનેન્દ્રદેવ જેણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણ્યા, જેને પૂર્ણ વીતરાગતા આવી, જેની વાણી ઈચ્છા વિના ૐ ધ્વનિ છૂટે, એ ભગવાનને ઈચ્છા હોતી નથી કેવળીને પણ ૐ ધ્વનિ છૂટે. એમાંથી ગણધરો, સંતો શાસ્ત્રો રચે. એ માયલું આ શાસ્ત્ર છે. આહા..હા..!

'**મારું તો આ કાર્ય નથી. હું તો શુદ્ધચૈતન્યમાત્ર આત્મા છું.**' ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિ જીવ, ચારિત્રવંત જીવ એમ આત્માને માને હું તો દર્શન-જ્ઞાનમાત્ર છું. છે? '**તેની દર્શનજ્ઞાનરૂપ પ્રવૃત્તિ છે.**' મારી પ્રવૃત્તિ તો જાણવું-દેખવું એ પ્રવૃત્તિ મારી છે. રાગનો દયા, દાનનો વિકલ્પ એ પ્રવૃત્તિ મારી નહિ. આવી વાતું હવે. સમજાણું કાંઈ? આવું વીતરાગ પરમેશ્વર ફરમાવે છે. આહા..હા..! અરે! જેને સાંભળવા મળે નહિ બિચારા ક્યાં જાય? એમાંને એમાં જિંદગી પૂરી કરીને ચાલ્યા જાય. આહા..હા..!

'**તેની દર્શનજ્ઞાનરૂપ પ્રવૃત્તિ છે.**' કોની? '**હું તો શુદ્ધચૈતન્યમાત્ર આત્મા છું.**' હું તો જાણક-દેખન એવો ભગવાન આત્મા જાણનાર-દેખનાર છું બસ. એની પ્રવૃત્તિ તો દર્શનજ્ઞાનરૂપ પ્રવૃત્તિ છે. આહા..હા..! એની પરિણતિ એટલે પ્રવૃત્તિ જાણવા-દેખવાની પરિણતિ પર્યાય

એની તો છે. આહા..હા..! દ્રવ્યે પૂર્ણ શુદ્ધ, ગુણે દર્શન-જ્ઞાન આદિથી પૂર્ણ શુદ્ધ અને એની પર્યાયમાં દેખવા-જાણવાની પર્યાયની એ પ્રવૃત્તિ એની છે. એ દયા, દાનના વિકલ્પની પ્રવૃત્તિ આત્માની નહિ. આહા..હા..! હવે આવી વાત કેમ બેસે?

ઘડો કુંભારથી ન થાય. મોટા સાધુ પણ એમ બોલે કે ઘડો કુંભારથી થાય. શું કરવું પ્રભુ? શાસ્ત્ર તો એમ બોલે કે ઘડો માટીથી થાય. માટી દ્રવ્ય છે જડ એનાથી ઘડો પર્યાય થાય, કુંભારથી ઘડો ન થાય. અરરર! આવી વાત કરે. અજ્ઞાની સંયોગને જોનારા છે કે આ કુંભાર છે માટે ઘડો થાય છે. ધર્મી (એમ જોવે છે કે) માટી છે તો ઘડો થાય છે, કુંભારથી થતો નથી. આહા..હા..! એ તો સંયોગની દૃષ્ટિ ત્યાં છે. શું કરે? સાંભળવા મળે નહિ, વિચારમાં આવવું કઠણ, ભાવ બેસે નહિ. આહા..હા..! એમ જિંદગી મિથ્યા શ્રદ્ધામાં જિંદગી ચાલી જાય છે. આહા..હા..! ભગવાનની શ્રદ્ધા, ભગવાન કહે છે એવી શ્રદ્ધાના પણ ઠેકાણા નથી, ચારિત્ર તો ક્યાંય રહી ગયું. આહા..હા..!

એ '**દર્શનજ્ઞાનરૂપ પ્રવૃત્તિ વડે...**' શું કહે છે? હું એક ચૈતન્યસ્વરૂપી આત્મા, મારી પર્યાયમાં, અવસ્થામાં દેખવા-જાણવાની પરિણતિ થાય પર્યાય. આહા..હા..! હજી તો દ્રવ્ય-ગુણ-પર્યાય શું કહેવાય એની ખબરું ન મળે. જે જૈનદર્શનનું એકડાનું મીંડું. દ્રવ્ય એ આત્મા અનંતગુણનો પિંડ પવિત્ર પ્રભુ એ દ્રવ્ય અને એમાં જ્ઞાન-દર્શન-આનંદ આદિ અનંતી શક્તિ એના ગુણ અને એની વર્તમાનમાં દર્શન અને જ્ઞાનની પરિણતિ પર્યાય તે અવસ્થા, તે પર્યાય. આહા..હા..! છે? '**દર્શનજ્ઞાનરૂપ પ્રવૃત્તિ વડે હું આ ઉદયમાં આવેલા કર્મનો દેખનાર-જાણનાર છું.**' આહા..હા..! શુભ-અશુભભાવ આવ્યા એ કર્મ બાંધેલું એનું ફળ આવ્યું. હું તો એનો જાણનાર-દેખનાર છું. ધર્મી સમ્યગ્દૃષ્ટિ એમ માને. મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જૈનની ખબર નથી એ એમ માને કે એ કર્તવ્ય મારું છે રાગનું. તો વીતરાગમાર્ગ એ નથી. વીતરાગ માર્ગ તો વીતરાગભાવથી પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**મારા સ્વરૂપમાં જ હું વર્તું છું.**' હું તો એ પુણ્ય-પાપના ભાવ થાય તેને હું જાણનાર-દેખનારની પરિણતિ વડે જાણું-દેખું છું. આહા..હા..! હવે અહીં સુધી જાવું. ત્યારે તો તેને સમ્યગ્દર્શન હજી ધર્મનો એકડો, એકડો કહેવાય હજી અને ચારિત્ર તો ક્યાંય રહી ગયું પછી. આહા..હા..! ચારિત્ર તો એ પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન જ ન થાય અને સ્વરૂપમાં રમણતા જામી જાય અતીન્દ્રિય આનંદની એને ચારિત્ર ત્રણલોકનો નાથ વીતરાગ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**મારા સ્વરૂપમાં જ હું વર્તું છું.**' ધર્મી એમ માને છે કે હું તો મારું સ્વરૂપ દર્શન, જ્ઞાન, આનંદ એમાં જ હું વર્તું છું. મારો સ્વભાવ જાણવા-દેખવાનો અને આનંદનો એમાં હું વર્તું છું. રાગ દયા, દાન આદિ વિકલ્પ એ મારું સ્વરૂપ નહિ, મારા સ્વભાવ નહિ, એ તો કર્મનું કાર્ય છે. આહા..હા..!

'**આવું અનુભવન કરવું...**' આવું અનુભવન અંદરમાં રાગથી ભિન્ન પડી અને સ્વરૂપમાં

આનંદમાં રમવું, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદના વેદનમાં રમવું. આહા..હા..! જેમ દરિયાને કાંઠે પાણીની ભરતી આવે એમ ચારિત્રવંતને અતીન્દ્રિય આનંદની પર્યાયમાં ભરતી આવે. આહા..હા..! હિન્દીવાળા એને બાઢ કહે છે. બાઢ આવે બાઢ. અહીં કહે છે કે પ્રભુ અંદર અતીન્દ્રિય આનંદનો નાથ છે. એ મૃગલાની નાભિમાં કસ્તુરી, એ મૃગલાને કિંમતું ન મળે એની. એમ અજ્ઞાનીના અંતર આત્મામાં અનંત આનંદ અને જ્ઞાન ભર્યું છે એ અજ્ઞાનીને એની કિંમત છે નહિ અને પુણ્ય અને પાપના ભાવ થાય એની કિંમત એને. આહા..હા..! આકરો માર્ગ છે, ભાઈ! વીતરાગ પરમેશ્વરનો માર્ગ.

**શ્રોતા :-** મુનિઓએ રસ્તો સહેલો કરી દીધો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સહેલાં આ કર્યો છેને. તું છો ત્યાં જા, બસ. તું જ્યાં નથી ત્યાંથી ખસી જા. આમ સહેલો કર્યો છે. આહા..હા..! સંતોએ માર્ગ સહેલો કર્યો છે. પરમાત્મપ્રકાશમાં હતુંને, ભાઈ! ૧૩૯ ગાથા છે બીજા ભાગની. ભાઈ હિંમતભાઈ લાવ્યા હતા, બેંકવાળા. એમ કે આ કાળે ભગવાન નથી, કેવળી નથી એટલે કોઈ દેવતા નથી, દેવલોકના દેવ આવીને અને એ આવતા જ્યારે દેવલોકના બધા ત્યારે તો આત્માનું જ્ઞાન અને અંદર રમતા હતા. અત્યારે દુર્લભ છે. આવી ચીજમાં કરે તો મહાધન્ય છે એમ કહે છે. ૧૩૯ ગાથા. પરમાત્માપ્રકાશના બીજા અધ્યાયની ૧૩૯ ગાથા. આહા..હા..! ભાઈ લાવ્યા હતા સવારે હિંમતભાઈ. આ છે. આહા..હા..!

સર્વજ્ઞ પરમાત્માના વિરહ પડ્યા, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન રહ્યા નહિ, એવા પુણ્ય નહિ કે કોઈ ઉપરથી દેવ ઉતરે કે માર્ગ તો આ છે. અરેરે! એવા કાળમાં જેને આત્માનું ભાન થાય અને રાગથી ભિન્ન પડીને સમ્યગ્દર્શન કરે, ધન્ય છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલાના કાળમાં તો કાળનો કઠિયારો આજ કેવળી ભાળે. કઠિયારો હોય એ અંદરમાં ઉતરી જાય અને આનંદકંદમાં વિચરે. આહા..હા..! અને કેવળજ્ઞાન થઈ જાય અંતરમાં રમતા. ઈન્દ્રો, દેવો આવીને એનો મહોત્સવ કરે. એવું ભાળીને તો કો'ક ધર્મ પામે. અત્યારે તો આ વાત રહી નહિ. ભગવાનના વિરહ પડ્યા, ભગવાન મહાવિદેહમાં રહ્યા, અહીંયાં કેવળજ્ઞાનના વિરહ પડ્યા, કેવળજ્ઞાનની ઉત્પત્તિ રહી નહિ, અવધિજ્ઞાન, મનઃપર્યય રહ્યું નહિ. ઉપરથી દેવને ખબર છે કે આ માર્ગ આવો છે, પણ કોઈ ઉતરતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાવ એવો છે. પુણ્ય હોય તો આવેને. આહા..હા..! એ ૧૩૯.

'**આવું અનુભવન કરવું તે નિશ્ચયચારિત્ર છે.**' આનું નામ સાચું ચારિત્ર છે. લૂગડાં ફેરવ્યા કે નાગા થઈને પંચ મહાવ્રતના પરિણામ લીધા એ કાંઈ ચારિત્ર નથી. આહા..હા..! એ તો રાગની ક્રિયા છે, ભાઈ! તને ખબર નથી. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો. આહા..હા..! 'આતમજ્ઞાન...' એ દયા, દાનના વિકલ્પથી પણ ભિન્ન રાગથી પ્રભુ એનું જ્ઞાન અને એનું સમ્યગ્દર્શન કર્યા વિના જરીએ સુખને ન પામ્યો.

'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' તો પંચમહાવ્રતના પરિણામ એ રાગ છે, આસ્રવ છે અને દુઃખ છે. કેમ ગળે ઉતરે? આહા..હા..! બિચારો બાયડી, છોકરા છોડી, દુકાન છોડી, ધંધા છોડી, પાંચ-પચ્ચીસ હજારની પેદાશ છોડીને (સાધુ થયો હોય), હવે એને કહેવું કે તું રાગની ક્રિયાને પોતાની માને છો એ મિથ્યાદષ્ટિ છે. આકરું બાપા! એને ન ઉતરે. એના માનનારાઓને ન ઉતરે, એને ન ઉતરે. વાત એવી છે કાંઈ. આહા..હા..!

અહીં કહે છે '**અનુભવન કરવું તે જ નિશ્ચયચારિત્ર છે.**' એ આલોચનાની વ્યાખ્યા થઈ. હવે પ્રત્યાખ્યાન.

પ્રત્યાખ્યાન કરનારો પચ્ચખાણ '**હું (ભવિષ્યમાં કર્મ) કરીશ નહિ,...**' એ દયા, દાનના પુણ્ય પરિણામ પણ હું ભવિષ્યમાં કરીશ નહિ. કેમકે એ રાગ ને દુઃખરૂપ (છે). આહા..હા..! અંદરમાં રહીશ એનું નામ પચ્ચખાણ છે. આવી વાત. સવારમાં ઉઠીને કરેને પોરશીને. શું કહેવાય? સવારમાં? નવકારશી કરે, પોરશી કરે ને આ કરે. થઈ ગયા પચ્ચખાણ. અરે! પ્રભુ! ભાઈ! તને ખબર નથી, ભાઈ! એ પચ્ચખાણ તો એને કહીએ કે શુભભાવ પણ હું કરીશ નહિ. આહા..હા..! મારો સ્વભાવ તો શુદ્ધ અંદર ચૈતન્યસ્વરૂપ છે એમાં જ્ઞાન અને દર્શનની પરિણતિ કરીશ તે ચારિત્ર અને તે પચ્ચખાણ છે. આહા..હા..! આ વાત. વાતે વાતે ફેર. 'આણંદ કહે પરમાણંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક ત્રાંબિયાના તેર.' એમ વીતરાગ કહે છે કે તારે ને મારે વાતે વાતે ફેર છે, ભાઈ! આહા..હા..! તું ક્યાંય ઘૂંચાઈ ગયો છો અને માર્ગ ક્યાંય રહી ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો હિતની વાતું છે, પ્રભુ! આહા..હા..! એમાં કાંઈ અનાદરની વાતું નથી કે અમારો અનાદર થઈ જાય છે. અમે વ્રત પાળીએ તોપણ મિથ્યાદષ્ટિ? બાપુ! વસ્તુસ્વરૂપ જ એમ છે. આહા..હા..! એ વ્રતનો વિકલ્પ છે એ આસ્રવ છે. એ તત્ત્વાર્થસૂત્રમાં છે. આસ્રવ છે એ ધર્મ છે? આહા..હા..! પુણ્યાસ્રવ છે. પણ એ નથી સાંભળવું. અત્યારે તો આ કરો.. આ કરો.. આ ઉપધાન કરો દોઢ મહિનાના અને એક ટંક ખાવ અને એક દિવસ કાંઈ ન ખાવું અને હંમેશા ભગવાનની ઉઠબેસ કરવી સો વાર. આવી ક્રિયા કરે બિચારા. મહેનત કરી મજૂરી અને રાગની ક્રિયામાં ધર્મ માને, મિથ્યાત્વનું મહાપાપ સેવે અને ધર્મી કહેવરાવે. આહા..હા..! આકરું કામ છે.

કહે છે, '**હું (ભવિષ્યમાં કર્મ) કરીશ નહિ, કરાવીશ નહિ,...**' એ પુણ્યભાવને પણ હું ભવિષ્યમાં કરાવીશ નહિ. આહા..હા..! એનું નામ પચ્ચખાણ. '**અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી, વચનથી અને કાયાથી.**' નવ કોટીનો પહેલ બોલ લીધો છે. મનથી પણ કોઈ શુભભાવ કરે તો હું અનુમોદન નહિ આપું. આહા..હા..!

**શ્રોતા :–** ... બ્રહ્મચર્ય આપે ત્યારે અનુમોદન કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આપે શું? એ તો શુભભાવ છે. એ તો વાત કરી નહિ? પાપથી બચવા પૂરતું છે, એ ધર્મ નહિ. ૬૪ બ્રહ્મચારી દીકરીયું નથી? એ શું શુદ્ધભાવ છે ત્યાં?

એ તો શુભ પુણ્યનો ભાવ છે એટલો. રાગ છે. આહા..હા..! આવી વાતું છે.

બેંગલોરમાં ગયા નહિ તે દિ'? ભભુતમલ છે શ્વેતાંબર. બે કરોડ રૂપિયા. દિગંબર મંદિર આઠ લાખ નાખીને કરાવ્યું. આઠ લાખ. અને એક સ્થાનકવાસી મુંબઈમાં છે, જુગરાજજી કરોડપતિ. આવે છે, પણ ત્યાં એને અવસ્થા થઈ ગઈ થોડી. મહાવીરનો શું કહેવાય એને? માર્કેટ છે. મહાવીર માર્કેટ છે. કરોડપતિ છે. એણે ચાર લાખ નાખ્યા, ઓલાએ આઠ લાખ નાખી બાર લાખનું મંદિર થયું બેંગ્લોરમાં. ત્યાં અમે ગયા હતા. પણ વાત કરી, બાપુ! તારા આઠ લાખ અને ચાર લાખ તેં નાખ્યા માટે ધર્મ થઈ ગયો તને, એ હરામ છે ધર્મ હોય તો. પહેલેથી કહેતા આવીયે છીએ અહીં તો. એ પણ સમજે છેને.

આપણા નાનાલાલભાઈ લ્યોને. શ્વેતાંબર નાનાલાલભાઈ કરોડપતિ. જસાણી-જસાણી. મોટું મંદિર બનાવ્યું. પછી પંડિતે એને કહ્યું કે ઓહો..હો..! સોનાના આ ને તમે મંદિર બનાવ્યું. તમને આઠ ભવે મોક્ષ થશે. નાનાલાલભાઈ કહે છે, અમે એમ માનતા નથી. મહારાજ એમ કહેતા નથી અને અમે એમ માનતા નથી. કરોડપતિ નાનાલાલ કાળીદાસ જસાણી શ્વેતાંબર. ત્યાં મોટો ઝવેરાતનો ધંધો મુંબઈમાં. એને પંડિતે કહ્યું આવું તમે મંદિર (બનાવ્યું), સોનાના માથે કળશ. આઠ ભવે મોક્ષ છે. બાપુ! અમે એમ માનતા નથી. અમે તો એમાં શુભભાવ છે, પુણ્ય છે એટલું માનીએ. મંદિરમાં પાંચ લાખ ખર્ચ્યા, દસ લાખ ખર્ચ્યા માટે ધર્મ થઈ ગયો એમ છે નહિ. આહા..હા..! એમ પોતે કહે છે. આહા..હા..! હવે એ પ્રત્યાખ્યાનનો વિશેષ ભાગ છે. આગળ કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૭, ગુરુવાર, તા. ૦૩-૧૧-૧૯૭૭, કળશ-૨૨૭-૨૨૮, પ્રવચન નં. ૪૯૮

પ્રતિક્રમણ અને આલોચના એ બે અધિકાર ગયા. હવે '(પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે કે-)' પચ્ચખાણ-પચ્ચખાણ કહે છેને? એ પચ્ચખાણ કોને કહેવું? કે હું ભવિષ્યમાં કર્મ કરીશ નહિ. કર્મ શબ્દે પુણ્ય-પાપના ભાવ. આહા..હા..! જે શુભ-અશુભ રાગ એ અશુદ્ધ પરિણામ છે એને હું કરીશ નહિ. આહા..હા..! દયા, દાન, ભક્તિ, વ્રત, તપના ભાવ પણ રાગ અશુદ્ધ ભાવ છે એ. આહા..! આવી વાતું. એ સમકિતી જીવ રાગથી ભિન્ન પડી પોતાના સ્વભાવનું અનંત-અનંત ગુણનું.. આ તો એક મગજમાં આવી ગયું કે આત્મામાં એક અનંતધર્મ

શક્તિ છે. એક. એ અનંતધર્મ એક શક્તિ એક એક ગુણમાં, પ્રત્યેક ગુણમાં એનું રૂપ છે. આહા..હા..! શું કહે છે? આત્મામાં અંતરમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એમ અનંત ધર્મત્વ નામનો એક ગુણ શક્તિ છે. જે શક્તિ-ગુણનું પ્રત્યેક ગુણમાં એનું રૂપ છે. આહા..હા..! શું કહે છે? અનંત શક્તિઓ સંખ્યાએ અને એક એક શક્તિમાં બીજી અનંતી શક્તિનું રૂપ છે. આહા..હા..! આવો જે આ ભગવાન આત્મા એ પોતાના શુદ્ધ સ્વરૂપનું સમ્યગ્દર્શન કરી પુણ્ય અને પાપના ભાવથી ભિન્ન પડી પોતાના ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ કરી પછી કહે છે કે હવે હું પચ્ચખાણ (એટલે કે) ભવિષ્યમાં અશુદ્ધ પરિણામ પુણ્ય-પાપના થાય એ હું નહિ કરું. આહા..હા..! હું તો શુદ્ધ ઉપયોગ કરીશ. આ શું? આ પચ્ચખાણ.

શુભ-અશુભભાવ એ તો રાગ છે. તેને હું કરીશ નહિ, કરાવીશ નહિ. આહા..હા..! કોઈ શુભભાવ કરાવીશ નહિ કે આ કર શુભભાવ. ઉપદેશમાં વ્યવહારનયનું કથન આવે ત્યારે એને આત્મજ્ઞાન-દર્શન સહિત અશુભથી બચવા શુભભાવ આવે એને વ્યવહારથી કહે કે આ ઠીક છે, નિશ્ચયથી એ ઠીક નથી. આવી વાતું છે. ધર્મી જીવને પણ રાગથી ભિન્ન પડ્યો ચૈતન્ય એનું ભાન છે એને 'હું જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી ભરેલો છું, રાગ એ મારું સ્વરૂપ નહિ' એવું ભાન હોવા છતાં કમજોરીને લઈને અંદર ધર્મીને પણ વ્રત, તપ, દયા, ભક્તિ, પૂજાનો ભાવ આવે પણ એને એ હેય માને, આદરણીય ન માને, હેય માને. આહા..હા..! એ છોડવાલાયક છે. એવી તો એને સમ્યગ્દર્શનમાં માન્યતા હોય છે. પણ અહીં તો હવે કહે છે કે એનાથી હું આગળ વધું છું હવે. એ શુભાશુભભાવ એ મારામાં હવે થતાં જ નથી અને કોઈ કરતું હોય એને કરાવતો નથી, કરતો નથી, કરાવતો નથી, કરતાને રૂડું જાણતો નથી. આહા..હા..! શું કહે છે આ? એવો અશુદ્ધ પરિણામ એને છોડી અને શુદ્ધ ઉપયોગમાં, શુદ્ધ ઉપયોગ પૂર્ણાનંદનો નાથ પ્રભુ શુદ્ધ છે તેના દર્શન અને જ્ઞાન તો થયા છે એ ઉપરાંત હવે હું શુદ્ધ ઉપયોગનું આચરણ કરવામાં સ્થિર છું. એનું નામ પચ્ચખાણ કહેવામાં આવે છે. અરે! આવી વ્યાખ્યા હવે. સમજાણું કાંઈ?

'**હું કરીશ નહિ...**' કર્મ એટલે પુણ્ય અને પાપ અશુદ્ધ રાગભાવ. શુભ અને અશુભભાવ બેય અશુદ્ધભાવ છે. એ અશુદ્ધભાવ '**હું કરીશ નહિ, કરાવીશ નહિ,...**' છે? '**અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ,...**' આહા..હા..! કોઈ શુભભાવ કરતો હોય તો હું કરાવીશ તો નહિ, પણ કરતાને ઠીકપણે અનુમોદન નહિ દઉં. આહા..હા..! આવો માર્ગ ભારે ભાઈ! છે? '**મનથી, વચનથી તથા કાયાથી.**' મનથી કરીશ નહિ અશુદ્ધ પરિણામ પુણ્ય-પાપના, કરાવીશ નહિ, કરતાને રૂડું જાણીશ નહિ. વચનથી કરીશ નહિ, કરાવીશ નહિ, અનુમોદન કરીશ નહિ. આહા..હા..! વાણી દ્વારા પણ આ શુભભાવ આણે કર્યો 'એ ઠીક છે' એમ હું અનુમોદન નહિ દઉં. આહા..હા..! આવી વાત. અને કાયા દ્વારા કરણ, કરાવન અને અનુમોદન

એ નહિ કરું હું. આહા..હા..! આવો માર્ગ બહુ, બાપુ!

એક સમયનો વિકૃતભાવ આત્મામાં પર્યાયમાં છે. પર્યાય એટલે અવસ્થા. એક સમયનો વિકૃતભાવ. એ સિવાય આખું ચૈતન્યદળ શુદ્ધ અને પૂર્ણ છે. આહા..હા..! એની દૃષ્ટિપૂર્વક એનામાં શુદ્ધ ઉપયોગ કરી, શુદ્ધને શુદ્ધનું આચરણ કરી એવા શુદ્ધ સ્વભાવમાં શુદ્ધનું આચરણ કરી, શુદ્ધ ઉપયોગનું આચરણ કરી હું અશુદ્ધ ઉપયોગને છોડી દઉં છું. આહા..હા..! આનું નામ પચ્ચખાણ. અરે! પ્રભુ! આણે તો કોઈ દિ' સાંભળ્યું ન હોય પચ્ચખાણ એટલે શું. આ સવારમાં પોરશી કરવી, .. પચ્ચખાણ થઈ ગયા. અરે! ભાઈ! બાપુ! એવું તો અનંતવાર કર્યું છે, ભાઈ! એ તો બધી રાગની ક્રિયા છે. આહા..હા..!

ભગવાન આત્મા વીતરાગી સ્વરૂપ પ્રભુ એનું દર્શન સમ્યક્ થયું છતાં તે ઉપરાંત હવે શુદ્ધ ઉપયોગનું આચરણ કરીશ, તેનું નામ પચ્ચખાણ છે. આહા..હા..! છે કે નહિ એમાં? અરે! સંતો વારસો તો ઘણો મૂકી ગયા છે. પૈસાનો વારસો હોય તો એનો બાપ મૂકી જાય તો લઈ લે. સંતો આ વારસો મૂકી ગયા એની એને ખબર પણ ન મળે, ખબરેય ન મળે. આહા..હા..! ભગવાન! તું પૂર્ણ આનંદનો નાથ છોને. અતીન્દ્રિય અનંત બેહદ આનંદ એમાં અનંતધર્મ શક્તિનું અનંત રૂપ. આહા..હા..! શું કહે છે આ? મોટો શક્તિનો સાગર છે. અનંતગુણનું ગોદામ પ્રભુ છે. એક સમયની વિકૃત અવસ્થાનું લક્ષ છોડી દે તો એ અનંતગુણનું ગોદામ છે. આહા..હા..! છે અરૂપી પણ ઠસોઠસ અનંતી શક્તિથી ભરેલો એ પદાર્થ છે. એવા પદાર્થને હું પૂર્ણ સ્વરૂપની પ્રતીતિ, એનું જ્ઞાન કરીને પ્રતીતિ કરી છે મેં, હવે એ ઉપરાંત મારે પચ્ચખાણ કરવા છે કહે છે. આહા..હા..! એ પચ્ચખાણ એટલે આહા..હા..! એ અશુદ્ધ રાગાદિ પરિણામ પુણ્ય-પાપના એનો અભાવ (કરીશ). એને કરીશ, કરાવીશ, અનુમોદન મન-વચન-કાયાએ નહિ (કરું). આહા..હા..! અરે! એના જ્ઞાનમાં એને ખબરેય ન મળે.

એ ચૈતન્યપ્રભુ અંદર સર્વજ્ઞશક્તિથી ભરેલો છે. આત્મામાં સર્વજ્ઞશક્તિ પડી છે. અરે! પ્રભુ! એ શું હશે? આહા..હા..! આત્મામાં સર્વજ્ઞ સ્વભાવથી ભરેલો ભગવાન, સર્વજ્ઞ શક્તિથી ભરેલો છે ઈ. જે સર્વજ્ઞ પરમેશ્વર થાય છે અરિહંત તે સર્વજ્ઞ પર્યાયમાં, અવસ્થામાં થાય છે, પણ ક્યાંથી થયા એ? એ સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ અને એ સર્વજ્ઞ એક શક્તિમાં અનંત શક્તિનું સ્વરૂપ રૂપ છે. આહા..હા..! એમાં એનો આશ્રય કરીને પ્રથમ સમ્યગ્દર્શન કર્યું, પછી એનો આશ્રય કરીને અશુદ્ધ પરિણામ છોડીને પચ્ચખાણ શુદ્ધ ઉપયોગ કર્યા, પછી શુદ્ધ ઉપયોગમાં રમતાં-રમતાં આગળ વધીને આત્માનો ઉગ્ર આશ્રય કર્યો ત્યારે તેને કેવળજ્ઞાન થાય છે. આહા..હા..! આટલી શરતું છે. અરે! આવો કાળ આવ્યો. વીતરાગ માર્ગ આવો છે, પ્રભુ! એ નવ કોટીએ હું શુભભાવને કરીશ નહિ, કરાવીશ નહિ અને અનુમોદીશ નહિ એમ કહે છે અહીં તો. આહા..હા..! એ રીતે એના ૪૯ ભંગ છે. આવ્યુંને પછી? એ અર્થનો કળશ. ૨૨૮ ૨૨૮ કળશ છે. આહા..હા..! આ તો ધીરા અને શાંતિનું કામ છે, બાપુ! આ કાંઈ ઉતાવળે આંબા પાકી

જાય (એમ નથી). આહા..હા..! આત્માનું દર્શન થયા પછી પણ પચ્ચખાણ થવાને માટે ઘણો પુરુષાર્થ છે. એ પચ્ચખાણની વ્યાખ્યા શુદ્ધ ઉપયોગમાં રમવું અંદર ઉગ્રપણે એ પચ્ચખાણ છે. આહા..હા..! આમ વ્યવહાર પચ્ચખાણ અને દયા, દાનના વિકલ્પ એ બધા અશુદ્ધ રાગ છે એ તો. એ તો અપ્રત્યાખ્યાનસ્વરૂપ છે. આહા..હા..! એનાથી ભિન્ન પડીને ભગવાન ચૈતન્યસ્વરૂપ અનંતગુણનો... આહા..હા..! ઓહો..હો..!

એક વિચાર એ આવ્યો અનંતધર્મસ્વરૂપ એક શક્તિ. એ દરેક શક્તિમાં એનું રૂપ પાછું! ગજબ પ્રભુ કરે છેને! આહા..હા..! સાંભળ્યું નથી એણે આત્મા અંદર શું છે. આહા..હા..! આ તો માટી, જડ અજીવ છે. કર્મ એ અજીવ, માટી, ઝીણી ધૂળ છે. એ કંઈ આત્મામાં નથી, આત્મામાં તો એનો અભાવ છે, પણ અહીં તો પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત અને ભક્તિ, કામ અને ક્રોધના ભાવ એ પણ સ્વરૂપના સ્વભાવમાં અભાવસ્વરૂપ છે. આહા..હા..! અભાવસ્વરૂપ છે તેથી અભાવ કરી શકે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અભાવશક્તિ આવે છેને? અભાવશક્તિ એક છે ૪૭ શક્તિમાં. રાગના અને કર્મના અભાવસ્વરૂપ એવો એક અભાવશક્તિ નામનો આત્મામાં ગુણ છે. આહા..હા..! વાતે વાતે ફેર. શું કહ્યું ઈ? આ ભગવાન આત્મા દેહથી બિરાજમાન ભિન્ન તત્ત્વ એમાં એક અભાવ નામનો ગુણ છે. જેમ જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય એ બધા ગુણો (છે એમ) એમાં એક અભાવ નામનો ગુણ છે. એટલે? કે એ અશુદ્ધ પુણ્ય અને પાપના ભાવ એ પણે ન થવું એવો એનો સ્વભાવ છે. આહા..હા..! અભાવ નામનો ગુણ છે. ૪૭ શક્તિનું વર્ણન હમણાં જ થઈ ગયું છે. ઘણું લખાઈ ગયું છે. બહાર પડશે હવે હળવે-હળવે. આહા..હા..! અરે! પ્રભુ! આવો માર્ગ ક્યારે મળે? સાંભળવા એને મળે નહિ ત્યારે એ કરે ક્યારે? શી રીતે કરે? આહા..હા..!

અહીં કહે છે કે આહા..હા..! પ્રભુ! તારામાં એક એવી શક્તિ છે અનાદિ-અનંત કે અશુદ્ધ રાગ અને કર્મપણે ન થવું એવો તો તારો અભાવ નામનો ગુણ છે. આહા..હા..! છતાં નિમિત્તાધીન થઈને વિકૃત અવસ્થા થાય છે તેને સમ્યગ્દૃષ્ટિ જ્ઞાતા તરીકે, દૃષ્ટા તરીકે જાણે છે, મારા તરીકે માનતો નથી, પણ હવે તો આગળ અસ્થિરતા જે થાય છે એને હવે હું કરીશ નહિ, કરાવીશ નહિ, અનુમોદીશ નહિ. આહા..હા..! મારો ભગવાન શુદ્ધ સ્વરૂપે બિરાજમાન છે એના સન્મુખના હું તો શુદ્ધ ઉપયોગના પરિણમનમાં રમીશ. આહા..હા..! એનું નામ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ પરમેશ્વર વીતરાગદેવ એને પચ્ચખાણ કહે છે, ભાઈ! આહા..હા..! એ ચારિત્રનો એક ભાગ છે. ચારિત્ર એટલે આત્મા સ્વરૂપનું રમણ કરવું, ચરવું-ચરવું. આહા..હા..! જેમ પશુ ઘાસ ચરે છે. વસ્તુ છેને કાંઈક ચરે છે ઈ? એમ અહીંયાં આત્મામાં આનંદ આદિ શક્તિની વસ્તુ છે. એમાં ધર્મી જીવ એને ચરે એને ચરે એટલે અનુભવે છે. આહા..હા..! એ સ્વભાવમાં રમવું, ચરવું એ ચારિત્ર છે. ચારિત્ર કોઈ નગ્નપણું કે પંચમહાવ્રતના પરિણામ એ કાંઈ ચારિત્ર

નથી. આહા..હા..!

ભાઈ! અનંતકાળથી દુઃખી છે. એ ચોર્યાસીના અવતાર કરી કરીને મરી ગયો છે. આહા..હા..! એ નિગોદના જીવની વ્યાખ્યા પ્રભુ કરે. આહા..હા..! આ લસણ અને ડુંગળી એનો એક રાય જેટલો કટકો લઈએ તો એમાં અસંખ્ય તો ઔદારિક શરીર ભગવાન કહે છે. આહા..હા..! અને એક એક શરીરમાં અત્યાર સુધી જે સિદ્ધ ભગવાન થયા છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ સિદ્ધપણું અઢી દ્વીપમાંથી પામે છે એમ ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે. એ અત્યાર સુધી છ મહિના અને આઠ સમયમાં ૬૦૮, ૬૦૮ અનંત સંખ્યા થઈ એથી રાઈ જેટલી કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં એ સિદ્ધ કરતા અનંતગુણા જીવ છે. પાનાચંદભાઈ! આવો માર્ગ છે, બાપા! ભાઈ! ભગવાન છોને નાથ! આહા..હા..! તને ભગવાન તરીકે તો સંબોધે છેને સંતો, એમ કહીને હે ભગવાન! તું પુણ્ય-પાપના અશુચિ મેલથી પ્રભુ તું તો જુદો છોને. ૭૨ ગાથામાં આવ્યું છે. આહા..હા..!

ભગવાન આત્મા, એ શુભ-અશુભ રાગ જે અશુદ્ધ રાગ એ તો અશુચિ છે એનાથી તારું સ્વરૂપ તો નિર્મળાનંદ ભિન્ન છે. એ શુભ-અશુભભાવ વ્રત, તપનો વિકલ્પ છે એ જડ છે. આહા..હા..! આકરી વાતું, નાથ! એ રાગમાં ચૈતન્યના સ્વભાવનો જ્ઞાનનો અંશ નથી એથી એ રાગની ક્રિયાને જડ કીધી છે. આહા..હા..! શરીર તો જડ છે આ તો માટી. આહા..હા..! પણ એમાં જે દયા, દાન, વ્રતનો વિકલ્પ ઉઠે રાગ એમાં પણ ચૈતન્ય જે સ્વપરપ્રકાશક ઝળહળ જ્યોતિ એના ચેતનના સ્વભાવનો રાગમાં અભાવ છે માટે તે રાગને જડ કહેવામાં આવે છે. ભાષા તો સાદી, પણ બાપુ માર્ગ તો એવો છે. આહા..હા..! અરે! એણે કર્યું નથી અનંતકાળમાં. સમજાણું કાંઈ? ઊંધે રસ્તે ચડી ગયો અને પછી માન્યું. આહા..હા..!

કહે છે કે એ શુદ્ધ ઉપયોગ, ચાહે તો વ્રતના પરિણામ હોય, દયા, દાન, ભક્તિના હોય, પણ છે એ અશુદ્ધ ઉપયોગ, અશુદ્ધ પરિણામ છે એને અહીંયાં જડ કીધા. ભગવાન ચૈતન્યમૂર્તિ અંદર ભિન્ન છે એનાથી અને એ પુણ્ય-પાપના ભાવને, ૭૨ ગાથામાં ભગવાન તરીકે બોલાવીને કહે છે, ભગવાન! એ પુણ્ય-પાપના ભાવ તો દુઃખ છે, નાથ! તું તો ભગવત્ સ્વરૂપ છોને એનાથી ભિન્ન. આહા..હા..! સમજાણું કાંઈ? એ અંદરમાં પુણ્ય-પાપના ભાવને છોડી... ભિન્ન તો કહ્યું હતું, શુભરાગથી ભગવાનને ભિન્ન તો પહેલો સમ્યગ્દર્શનમાં કર્યો હતો, પણ અંદર સ્થિરતા નહોતી. એ સ્થિરતા માટે કહે છે કે એ અશુદ્ધરાગને હું છોડી અને મારા શુદ્ધ ઉપયોગમાં સ્વરૂપમાં રમું છું. એ મારું પચ્ચખાણ અને એ મારું ચારિત્ર છે. આહા..હા..! એનો શ્લોક કહે છે.

प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसम्मोहः।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।२२८।।

'(પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે કે-)' ભાષા લીધી છે. અજ્ઞાનીને પચ્ચખાણ

હોતા નથી. આહા..હા..! જેને રાગનો ભાવ રુચિમાં છે, ભલે એ દયા, દાન અને વ્રતનો રાગ હોય, પણ 'એ રાગ આદરણીય છે અને મને પોષાય છે' એવી જેની દૃષ્ટિ છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એ તો ધર્મની પહેલી સીઢીમાં પણ આવ્યો નથી. આહા..હા..! અહીંયાં તો સમ્યગ્દર્શન થયું. તેથી ભાષા એમ લીધીને. '**(પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે કે-)**' આહા..હા..! એ પુણ્ય અને પાપના અશુદ્ધ ભાવથી ખસી જઈ અને સ્વરૂપની રમણતામાં જોડાઈ જાય છે એ જ્ઞાની એમ કહે છે. સમજાવવું છેને અહીં તો.

'**भविष्यत् समस्तं कर्म प्रत्याख्याय**' '**ભવિષ્યના સમસ્ત કર્મ...**' એટલે શુભાશુભભાવ. આહા..હા..! '**ભવિષ્યના સમસ્ત...**' પુણ્ય-પાપના ભાવને '**પચખીને (ત્યાગીને),...**' '**निरस्त-सम्मोहः**' આહા..હા..! '**જેનો મોહ નષ્ટ થયો છે...**' આહા..હા..! જેને 'રાગ મારો છે' (એવો) મિથ્યાત્વભાવ જેને નષ્ટ થયો છે. મારી ચીજ તો આનંદ અને જ્ઞાનસ્વરૂપથી ભરેલી અનંત શક્તિથી ભરેલો ભગવાન (છે). આહા..હા..! કોઠીમાં જેમ દાણા ભર્યા હોય એમ નહિ, પણ સાકરમાં જેમ મીઠાશ ભરી છે તેમ. કોઠીમાં દાણામાં ભર્યા એ તો કોઠી જુદી અને દાણા જુદા. એમ અનંત ગુણ આત્મામાં કોઠીમાં જુવાર છે એમ નહિ, પણ જેમ સાકરમાં મીઠાશ ભરી છે એમ ભગવાન આત્મામાં અનંત આનંદ અને શાંતિ ભરી છે. આહા..હા..! એની વર્તમાન પર્યાયને, અનંત આનંદ અને જ્ઞાનસ્વરૂપી બેહદ ચીજ છે એના તરફનું વલણ કરીને જોડી દે એમાં ત્યારે તેને સમ્યગ્દર્શન પ્રથમ થાય છે. આહા..હા..! એ જ્ઞાની જ્યારે પચ્ચખાણ કરવા ઊભો થાય છે ત્યારે એ અશુદ્ધ પરિણામ પુણ્ય-પાપના ભવિષ્યના એ હવે નહિ કરું. મારા પરિણમનમાં એ નથી હવે. આહા..હા..! આવી વાતું હવે. છે?

'**જેનો મોહ નષ્ટ થયો છે...**' મોહ એટલે મિથ્યાત્વ. જેનો મોહ નષ્ટ-મિથ્યાત્વ નાશ થયો છે. એ અશુદ્ધ રાગ જે પુણ્ય દયા, દાનનો પણ મારો એ નષ્ટ થયો છે. આહા..હા..! અને '**એવો હું નિષ્કર્મ...**' નિષ્કર્મ એટલે? એ શુભ-અશુભભાવરૂપી જે કર્મ એટલે વિકાર એનાથી નિષ્કર્મ હું ભિન્ન છું. આહા..હા..! આવું સાંભળવાનું મળ્યું નથી, પાનાચંદભાઈ! એ તો તમને લાગતું નથી? આવો માર્ગ બાપા એવો છે. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞદેવનો આ પોકાર છે. આહા..હા..! અત્યારે તો બહારની રાગની ક્રિયા એમાં બધું સર્વસ્વ મનાવીને જિંદગી ચાલી જાય છે.

અહીં કહે છે '**નિષ્કર્મ...**' '**એવો હું નિષ્કર્મ...**' એટલે કે શુભ-અશુભભાવ જે અશુદ્ધ છે એ અશુદ્ધ કર્મ જે છે વિકાર એનાથી હું ભિન્ન છું એવો હું નિષ્કર્મ, શુભ-અશુભ ભાવના કાર્યથી ભિન્ન એવો નિષ્કર્મ. આહા..હા..! પ્રેમચંદભાઈ! આવી વાતું છે. ચુડામાં ક્યાંય સાંભળી નથી ત્યાં. આહા..હા..! વાતું ફેરફાર બહુ ઘણો થઈ ગયો. આહા..હા..! સનાતન વીતરાગ પરમેશ્વરનો માર્ગ કોઈ અલૌકિક છે! લૌકિક સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. આહા..હા..! જેના જન્મ-મરણના અંત આવ્યા હોય એને આ વાત બેસે એવી છે. આહા..હા..! કહે

છે, હું એ પુણ્ય અને પાપના ભાવ જે કર્મ એટલે જડ કર્મ નહિ, ભાવકર્મ અશુદ્ધ પરિણામ, એ અશુદ્ધ પરિણામને અહીંયાં કર્મ-કાર્ય કહ્યું છે. પર્યાય છેને વિકારી? એ કાર્યથી હું ભિન્ન નિષ્કર્મ છું. આહા..હા..! છે?

**'જેનો મોહ નષ્ટ થયો છે એવો હું...'** એવો હું નિષ્કર્મ છું. આહા..હા..! **'(અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં...'** એ રાગ હતો એ કાંઈ ચૈતન્યસ્વરૂપ આત્મા નહોતો. આહા..હા..! મારો પ્રભુ તો ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદ જ્ઞાનદર્શન ચેતનાના સ્વભાવથી ભરેલો આત્મા એવું ચૈતન્યસ્વરૂપ એ આત્મા એ શુભ-અશુભભાવ એ સ્વરૂપ આત્મા નહિ, એ તો અણાત્મા અજીવ છે. આહા..હા..! જેમાં ચૈતન્યના સ્વભાવના પ્રકાશનો અભાવ એ બધા અચેતન છે. આ તો અચેતન માટી છે જ જડ ધૂળ પણ શુભ અને અશુભભાવ એને અચેતન, નિષ્કર્મ એનાથી કર્મથી રહિત હું ચેતન છું. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ચૈતન્યસ્વરૂપ આત્મામાં...'** આત્માની વ્યાખ્યા કરી. આત્મા એટલે શું? એ તો ચૈતન્યસ્વરૂપ આત્મા છે. જ્ઞાન, દર્શનના સ્વભાવથી ભરેલો ભગવાન. આહા..હા..! બાળગોપાળ આવ્યું હતુંને ૧૭ ગાથામાં નહિ? ૧૭ ગાથામાં આવ્યું આબાળગોપાળ. બાળકથી માંડીને વૃદ્ધ જીવો. સ્ત્રીનું શરીર હોય, પુરુષનું શરીર હોય, તિર્યંચનું શરીર હોય, દેવનું શરીર હોય, પણ ભગવાન આત્મા અંદરમાં એની જ્ઞાનની વર્તમાન પર્યાયમાં આખો આત્મા જણાય છે. આહા..હા..! પણ એની નજર ત્યાં નથી. આહા..હા..! જ્ઞાનની વર્તમાન પર્યાય જે પ્રગટ વ્યક્ત અવસ્થા-હાલત એમાં એ જ્ઞેય આવી ચીજ છે એ જાણે જ છે પર્યાયમાં. પર્યાયમાં એ દ્રવ્ય આખું આવતું નથી. પર્યાય પર્યાયમાં રહે છે, વસ્તુ વસ્તુમાં રહે છે, પણ વસ્તુનું જ્ઞાન પર્યાયમાં અજ્ઞાનીને પણ આવે છે કહે છે. આહા..હા..! અજ્ઞાનીને રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ આવે છે પર્યાયમાં એમ નથી. પણ એની માન્યતામાં ફેર છે આખો. એની દશામાં દશાવાન જ જણાય છે એમ છતાં એની દૃષ્ટિ તેના ઉપર નથી તેથી દયા, દાનના વિકલ્પને પોતાનો માનીને ત્યાં એની દૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે, ભાઈ! બહુ ફેરફાર પણ આ તો. એવો માર્ગ છે, ભાઈ! વીતરાગ જિનેન્દ્રદેવ પરમેશ્વર ત્રિલોકનાથ એનો આ હુકમ છે. આહા..હા..! ભાઈ! પ્રભુ! તું શુદ્ધ ચૈતન્યઘન છોને, નાથ! એનું ભાન કરીને પછી અશુદ્ધ પરિણામને છોડીને સ્વરૂપમાં રમ અંદર એને પચ્ચખાણ કહેવામાં આવે છે. આહા..હા..!

અહીં તો આઠ વર્ષની છોડી સામાયિક કરે અને બે પચરંગી કરે, શેઠિયાઓ પછી પૈસા આપે કાંઈક. રૂપિયો બે રૂપિયા. ઓલાએ ધર્મ કર્યો, આણે ધર્મનું અનુમોદન કર્યું. અરે! બાપુ! એ ધર્મ નથી, ભાઈ! સામાયિક કોને કહેવી? આહા..હા..! જેમાં સમતા-વીતરાગતાનો આય-લાભ, સામાયક-આય. ક પ્રત્યય છે. વીતરાગભાવનો લાભ થાય તેને સામાયિક કહીએ. હજી તો વીતરાગ સ્વરૂપી આત્મા છે એવો દૃષ્ટિમાં જ આવ્યો નથી એને વીતરાગપણાની પર્યાયનો

લાભ ક્યાંથી આવે? એ સામાયિક નથી. આહા..હા..! અરે..! આવી વાતું છે. ... પાનાચંદભાઈ! આવે છેને બાપા! આહા..હા..! ભગવાન! એ બધી વાતું બહારની ખોટી છે. પ્રભુ! તને તારી મહત્તાની ખબર નથી. તું દેહને ન જો, વાણીને ન જો. એ બહારના આકારો, કપડા ને સ્ત્રી ને પુરુષ એ ન જો. આહા..હા..! અંદર ચૈતન્યસ્વરૂપ ભગવાન ત્યાં પણ અંદરમાં ચૈતન્યસ્વરૂપ ભગવાન બિરાજે છે બધે. એ અશુદ્ધ પુણ્ય-પાપના ભાવથી ભિન્ન છે અંદર. એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! જે પોતે પુણ્ય અને પાપના ભાવથી ભિન્ન પડીને જેણે ચૈતન્યસ્વરૂપને જાણ્યો, 'એને બીજા આત્મા ચૈતન્યસ્વરૂપ છે, પુણ્ય-પાપરૂપે નથી' એમ ભગવાન જણાય છે. આહા..હા..! બહુ ફેરફાર. કહો, સાદડીમાં હતું આ? સાદડી સાદડી હતી ત્યાં આ મુંબઈમાં નથી થાતી સાદડી? મરી ગયા પછી સાદડીમાં ભેગા થાયને બધા એને સાદડી કહે છે ત્યાં મુંબઈમાં. આહા..હા..!

ભગવાન! અહીંયાં તો કહે છે, હું તો ચૈતન્યસ્વરૂપ નિષ્કર્મ એવા આત્મામાં આત્માથી. એવો નિષ્કર્મ શુભ-અશુભભાવથી રહિત એવું ચૈતન્યસ્વરૂપ અસ્તિ પુણ્ય-પાપના ભાવથી રહિત. અસ્તિ-નાસ્તિ બેય કરી. એવા નિષ્કર્મ સ્વરૂપમાં, આત્મામાં આત્માથી જ. એટલે કે એ કોઈ રાગથી, વિકલ્પથી નહિ હવે. મારો આત્મસ્વભાવ શુદ્ધ છે તે સ્વભાવથી મારા આત્મામાં રહીશ. આહા..હા..! આનું નામ પચ્ચખાણ હવે. લોકોને એવું કરી નાખ્યું. નવ વર્ષની છોડી દસ અપવાસ કરે ત્યાં વખાણ કરે લોકો. આહા..હા..! હવે એવી લાંઘણ અનંતવાર કરી સાંભળને.

અહીંયાં તો પરમાત્મસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ નજરમાં આવે અને પછી તેમાં ઠરે, એ ક્રિયાકાંડના રાગથી પણ રહિત થઈને અંદર ઠરે એ 'આત્મામાં આત્માથી જ' એમ શબ્દ છેને? આત્મા શુદ્ધ ચૈતન્યમાં ચૈતન્ય તે આત્માથી એટલે શુદ્ધ પરિણામથી અંદર જાય છે હવે. આહા..હા..! '**આત્માથી જ નિરંતર વર્તું છું.**' આહા..હા..! ચારિત્રવંત, પચ્ચખાણવંત એમ કહે છે કે હું તો ચૈતન્યસ્વરૂપ એવો આત્મા એ આત્માથી એટલે પરમ પવિત્ર સ્વભાવથી જ નિરંતર એમાં વર્તું છું. આહા..હા..! એનું નામ પચ્ચખાણ કહેવામાં (આવે છે), જૈન શાસનમાં આને પચ્ચખાણ કહે છે. આહા..હા..!

'**નિરંતર વર્તું છું.**' જોયું! દર્શન-જ્ઞાનની પરિણતિ પર્યાયમાં શુદ્ધ ઉપયોગમાં વર્તું છું. આહા..હા..! એ અશુદ્ધ પરિણામને છોડી હું નિષ્કર્મ જે આત્મા તેના સ્વરૂપમાં સ્વભાવથી હું અંદર નિરંતર વર્તું છું. આનંદના નાથને અંદરમાં એકાગ્ર કરીને રમે આહા..હા..! એને ત્રણલોકના નાથ તીર્થંકરદેવ પચ્ચખાણ કહે છે, ભાઈ! આહા..હા..! અત્યારે તો પચ્ચખાણ ઓલા મૂળા અને પાંદડા જેવું થઈ ગયું. શાકભાજી જેવું સાધારણ પચ્ચખાણ. અરે બાપુ! એક સમયનો પચ્ચખાણ એ અનંતા ભવના અંતને લાવે, ભાઈ! આહા..હા..! '**નિરંતર વર્તું છું.**' ભાષા એમ છેને? છેને? 'आत्मना नित्यम् वर्ते' 'नित्यम्' મૂળ પાઠમાં છે. કાયમ હું તો મારા

સ્વરૂપમાં વર્તું એનું નામ પચ્ચખાણ છે. આહા..હા..!

એક તો આ શરીર, વાણી અને એની હૂંફ વર્તે અંદરમાં 'આ હું'. આહા..હા..! એ તો મિથ્યાદષ્ટિ છે. આ માટી, આ મારું શરીર આવું, હું જુવાન છું, હું વાણિયો છું, હું પંડિત છું એવા જે અભિમાન... આહા..હા..! એવું મિથ્યાત્વનું અભિમાન મિથ્યાદષ્ટિને હોય છે. જૂઠું અભિમાન. સમજાણું કાંઈ? આહા..હા..! આ શરીર તો જડ માટી છે. સ્મશાનમાં રાખ થાશે આની. આહા..હા..! એ આટલી નહિ રહે રાખ. અત્યારે તો આવડું દેખાય છે. રાખ થાશે ત્યારે તો આટલી થાશે, એમાં પવનની ઝપટ આવશે તો એ રજકણ ઉડી જશે, બાપા! 'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત, રજકણ તારા રખડશે જેમ રખડતી રેત, પછી નરતન પામીશ ક્યાં? ચેત, ચેત નર ચેત.' આહા..હા..! આવી વાતું છે, બાપુ! આહા..હા..! એ અહીં કહે છે કે '**નિરંતર વર્તું છું.**' આહા..હા..! એનો ભાવાર્થ ઓલી કોર.

'**ભાવાર્થ :- નિશ્ચયચારિત્રમાં...**' સાચા ચારિત્રમાં, સત્ય ચારિત્રમાં '**પ્રત્યાખ્યાનનું વિધાન એવું છે કે—**' સાચા ચારિત્રમાં, ભગવાને કહ્યું એવું સત્ ચારિત્રમાં પચ્ચખાણનું વિધાન-વિધિ એવી છે કે. છે? '**સમસ્ત આગામી કર્મોથી રહિત,...**' અશુદ્ધ પુણ્ય અને પાપના પરિણામથી ભવિષ્યના પરિણામથી રહિત. '**ચૈતન્યની પ્રવૃત્તિરૂપ...**' આહા..હા..! દેખો! અશુદ્ધના પરિણામથી રહિત. અશુદ્ધ શબ્દે શુભ દયા, દાન, વ્રતભાવ એ પણ અશુદ્ધ છે. આહા..હા..! એ અશુદ્ધ પરિણતિથી રહિત. પ્રવૃત્તિથી છેને? '**ચૈતન્યની પ્રવૃત્તિરૂપ શુદ્ધોપયોગ...**' આહા..હા..! એ શુભ-અશુભભાવ એ ચૈતન્યની પ્રવૃત્તિ નહિ. આહા..હા..! આવી વાત. ભગવાન જ્ઞાનજ્યોતિ ઝળહળ જ્યોતિ પ્રભુ, સર્વજ્ઞ સ્વભાવથી ભરેલો ભગવાન આ છે. સર્વજ્ઞપણું પ્રગટે છે ક્યાંથી? અંદર સ્વભાવ ભર્યો છે ત્યાંથી પ્રવાહ આવે છે. આહા..હા..! એવો ભગવાન સર્વજ્ઞસ્વભાવી...

કહે છે, હું '**શુદ્ધોપયોગમાં વર્તું...**' છું. મારા શુદ્ધોપયોગમાં વર્તું એ પ્રત્યખ્યાન છે. આહા..હા..! છે કે નહિ સામે? સોનગઢનું છે આ શાસ્ત્ર? આ તો કુંદકુંદાચાર્ય... આહા..હા..! એ સોનાને કાટ ન હોય. બહેનમાં નથી આવ્યું? કનકને કાટ ન હોય. આહા..હા..! એ અગ્નિમાં ઉધઈ ન હોય. આ ઉધઈ નથી થાતી? પાનાચંદભાઈ! ઉધઈ-ઉધઈ. ઓલી ઝીણી-ઝીણી લાકડામાં થાયને? બહુ ઝીણી. તડકો આકરો લાગે તો સડસડાટ મરી જાય. મેં જોયું છે ૭૫માં એકવાર. પાળિયાદ. પહેલા અપવાસ કરેલો હોયને એટલે ૧૨ વાગે દિશાએ જઈએ. ત્યાં બહાર તડકા ધોમ. હું બેઠો હતો ત્યાં જરી જીવાત નીકળી. નીકળી અને સડસડાટ થઈને મરી ગઈ. તડકો લાગ્યો અને મરી ગઈ. ધોળી થાય ઝીણી. ઉધઈ એને કહે છે. એ ઉધઈ અગ્નિમાં ઉધઈ ન હોય. એમ ભગવાન આત્માને આવરણ, અશુદ્ધતા અને ઉણપ ન હોય. અરેરે! કેમ બેસે? આહા..હા..! બે જણ પ્રશંસા કરે થોડી ત્યાં રાજી રાજી થઈ જાય. હવે એને આ આત્મા... એ ભગવાન આત્મા એને આવરણ નથી. વસ્તુને આવરણ કેવું? અને

શુદ્ધને અશુદ્ધતા પુણ્ય-પાપના ભાવ કેવા? અને ઉણપ નામ ઓછપ કેવી? જે વસ્તુ પ્રભુ છે એને ઓછપ કેવી? એ તો પૂર્ણાનંદનો નાથ છે ભગવાન આત્મા. અરેરે!

એ અહીં કહે છે, હું તો શુદ્ધોપયોગમાં વર્તુ છું. '**તે પ્રત્યાખ્યાન.**' છે. આહા..હા..! હવે શુદ્ધોપયોગ કહેવો કોને એની ખબર ન મળે. આહા..હા..! '**તેથી જ્ઞાની આગામી સમસ્ત કર્મોનું પ્રત્યાખ્યાન કરીને...**' કર્મ એટલે શુભ-અશુભભાવ (એને) છોડી દઈને '**પોતાના ચૈતન્યસ્વરૂપમાં વર્તે છે.**' તેને પચ્ચખાણ કહેવામાં આવે છે. આહા..હા..! આવી તો ભાષા સહેલી છે, બહુ સહેલી. ભાવ તો છે ઈ છે. આહા..હા..!

'**અહીં તાત્પર્ય આ પ્રમાણે જાણવું—**' આનું રહસ્ય અને સાર એમ જાણવો કે '**વ્યવહારચારિત્રમાં તો પ્રતિજ્ઞામાં જે દોષ લાગે તેનું પ્રતિક્રમણ, આલોચના તથા પ્રત્યાખ્યાન હોય છે.**' વ્યવહારમાં તો શુભભાવ આવે. ત્યારે પાપથી મિચ્છામી દુક્કડમ થાય એ વ્યવહાર પુણ્યબંધનું કારણ છે. સમજાણું? '**અહીં નિશ્ચયચારિત્રનું પ્રધાનપણે કથન હોવાથી...**' અહીંયાં તો આત્માના અંદરમાં શુદ્ધતામાં રમણતા કરે આનંદમાં, અતીન્દ્રિય આનંદના સ્વાદમાં એ પોતે પડે એને અહીંયાં તો નિશ્ચય સાચું ચારિત્ર કહે છે. આહા..હા..! નિશ્ચયચારિત્ર એટલે સાચા ચારિત્રનું '**પ્રધાનપણે કથન હોવાથી શુદ્ધોપયોગથી વિપરીત સર્વ કર્મો આત્માના દોષસ્વરૂપ છે.**' આહા..હા..! શું કીધું એ? જે વ્યવહાર પડિક્કમણું આદિ શુભભાવ સમકિતીને હોં! અજ્ઞાનીને તો હોતું નથી. આ તો સમ્યગ્દૃષ્ટિને નિશ્ચય સ્વરૂપની ચારિત્રદશામાં હજી કમજોરી છે એટલે શુભભાવ એને આવે પુણ્યબંધનું કારણ, પણ એ કાંઈ મૂળ ચીજ નથી. એ અહીં કહે છે જુઓ, કે '**કર્મો આત્માના દોષસ્વરૂપ છે.**' '**શુદ્ધોપયગથી વિપરીત...**' એ શુભ અને અશુભભાવ એ શુદ્ધોપયોગથી વિપરીત છે, માટે દોષસ્વરૂપ છે. આહા..હા..! ગજબ વાત છે! વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર પચ્ચખાણ એ શુભભાવ એ દોષસ્વરૂપ છે. આહા..હા..! પરાશ્રિત રાગ છે.

પૂર્ણાનંદનો નાથ પ્રભુ અંદર જેટલા સર્વજ્ઞો, અરિહંતો, તીર્થંકરો થયા એ બધા અનંત જ્ઞાન, અનંત આનંદને પ્રાપ્ત થયા એ ક્યાંથી થયા? કાંઈ બહારથી આવી છે એ ચીજ? એ અંદરમાં છે એ બહાર આવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રાપ્તની પ્રાપ્તિ છે. કૂવામાં હોય એ અવેડામાં આવે. એમ અંદરમાં હોય એને પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થાય. અંદર પૂર્ણ આનંદ અને જ્ઞાન-દર્શનથી ભરેલો ભગવાન છે. ભગવત્‌સ્વરૂપ જ છે એ. અરે! કેમ બેસે? આહા..હા..!

**શ્રોતા** :- વાણિયો નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વાણિયો કે દિ' હતો? તિર્યંચ કે દિ' હતો? બાયડી કે દિ' હતી? પુરુષ પણ કે દિ' હતો ઈ? એ તો છે આત્મા. આહા..હા..! સમજાણું?

'**શુદ્ધોપયોગથી વિપરીત સર્વ કર્મો આત્માના દોષસ્વરૂપ છે.**' આહા..હા..! નિશ્ચય

સત્ય ચારિત્ર જે સ્વરૂપ આત્માનું શુદ્ધ એમાં રમણતા એ શુદ્ધોપયોગ છે. એ સાચું ચારિત્ર છે. એનાથી પુણ્ય અને દયા, દાનના, વ્રતના ભાવ થાય એ પણ દોષસ્વરૂપ છે. આહા..હા..! આવું છે. છે? '**શુદ્ધોપયોગથી વિપરીત સર્વ કર્મો...**' કર્મો એટલે કાર્ય. પુણ્ય અને પાપના શુભ-અશુભભાવો બધા આત્માના દોષસ્વરૂપ છે. આહા..હા..! હવે એને લોકો ધર્મ માને. અમે ધર્મ કર્યો અને ધર્મ કરાવીએ છીએ. આહા..હા..! અરે! પ્રભુ! આવું મનુષ્યપણું ચાલ્યું જાય છે, ભાઈ! આહા..હા..! ચાલ્યા જાય છે માણસો જુઓને. એક પછી એક, એક પછી એક. આહા..હા..! મૂળચંદભાઈ કહેતા બિચારા. અરે! આવી વાત, મહારાજ! અમને ક્યાંય સાંભળવા મળતી નથી. એના .. હતાને. અહીં આવતાને કાયમ ઘણીવાર. અને આપણે નવનીતભાઈ. આપણી પાસે એનું મકાન છે. એ કહેતા કે અરેરે! આવી સમકિતની વ્યાખ્યાય ક્યાંય મળે એવી નથી. એમ એ નવનીતભાઈ કહેતા. સમ્યગ્દર્શનની આવી વાત ક્યાંય સાંભળવા મળે એવી નથી. બેય ચાલ્યા ગયા. આહા..હા..! એવું છે, બાપુ! એની દેહની સ્થિતિ પૂરી થાય એટલે... આહા..હા..! ક્યારે થાય એ તો એની મુદ્દત પૂરી થવાનો કાળ હોય તો ગમે તે બેઠા-બેઠા વાત કરતો હોય તો આમ ફૂ થઈ જાય. આહા..હા..!

એક મલકાપુરનો માણસ હતો, સ્વરૂપચંદ. કાપડનો વેપારીને? સ્વરૂપચંદ. સવારમાં છોકરો આવ્યો હતો કે મારા મામા છે. એ સ્વરૂપચંદભાઈને આખું મોક્ષમાર્ગ પ્રકાશક મોઢે. બહુ નાની ઉંમરનો. વેપાર મોટો કાપડનો વેપારી હતો, કાપડનો મોટો વેપારી મલકાપુરમાં. એ કહે કે હું બેઠો હતો અને મારો મિત્ર બેઠો હતો. બેય જણા બેઠા હતા. કાંઈ ન મળે. ૨૮ વર્ષની નાની ઉંમર. આમ બેઠા બેઠા આમ થયું તો દેહ છૂટી ગયો. કાંઈ ન મળે એમ કહેતા હતા. આહા..હા..! દેહની સ્થિતિ પૂરી થાય એટલે પછી એકદમ લોહી બંધ થઈ જાય. ફૂ બસ આટલું. આમ જોયું ત્યાં અરે! કાંઈ રોગ નહિ, કાંઈ નહિ. જુવાન માણસ હજી. મિત્રો બે વાત કરતાં કરતાં આમ જ્યાં જોયું ત્યાં ફૂ થયું ત્યાં ખલાસ થઈ ગયો, મરી ગયો. બાપુ! સ્થિતિ પૂરી થાય ત્યારે એવો જ પ્રસંગ બનશે. આહા..હા..! આ કાંઈ સંયોગી ચીજ છે આ કાંઈ એની ચીજ નથી. એ તો મુદતે આવી છે અને મુદત આવશે એલે ચાલી જશે. આહા..હા..!

ભગવાન આત્મા એને પુણ્ય-પાપનો ભાવ પણ સંયોગી છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ સંયોગી ભાવ છે, એનો સ્વભાવભાવ નથી. તેથી કહ્યુંને '**શુદ્ધોપયોગથી વિપરીત સર્વ કર્મો આત્માના દોષસ્વરૂપ છે.**' કર્મ એટલે જડ કર્મ નહિ. શુભ-અશુભભાવ કાર્ય એ બધા દોષરૂપ છે. આહા..હા..! '**તે સર્વ કર્મચેતનાસ્વરૂપ પરિણામોનું—**' એ કર્મ કેવા છે? કર્મચેતનાસ્વરૂપ પરિણામ છે. શું કીધું ઈ? કે શુભ-અશુભભાવ એ કર્મચેતના છે. કર્મ નામ કાર્ય. વિકારી કાર્યનું કાર્ય છે ઈ. આહા..હા..! કર્મચેતના. કર્મ એટલે જડ નહિ. શુભ-અશુભભાવ એ કાર્ય છે એ કર્મચેતના છે, એ આત્મચેતના નહિ. આહા..હા..! એ

**'કર્મચેતનાસ્વરૂપ પરિણામોનું—'** પરિણામ કીધાને એને? પરિણામ એટલે અવસ્થા. **'ત્રણે કાળનાં કર્મોનું—પ્રતિક્રમણ,...'** એ કર્મચેતનારૂપ પરિણામ પુણ્ય-પાપના ભાવ. તેને **'ત્રણે કાળનાં કર્મોનું—પ્રતિકર્મણ, આલોચના તથા પ્રત્યખ્યાન કરીને જ્ઞાની સર્વ કર્મ ચેતનાથી...'** એ પુણ્ય-પાપમાં એકાગ્ર છે તેનાથી ખસી અને **'પોતાના શુદ્ધોપયોગરૂપ આત્માનાં જ્ઞાનશ્રદ્ધાન વડે...'** આત્માના જ્ઞાનશ્રદ્ધાન વડે. એકલું નહિ પણ એ આત્માનું જ્ઞાન અને સમ્યગ્દર્શન થયું છે. આહા..હા..! એવા **'આત્માનાં જ્ઞાનશ્રદ્ધાન વડે અને તેમાં સ્થિર થવાના વિધાન વડે...'** આહા..હા..! સ્વરૂપમાં સ્થિર-સ્થિર જામી જવું અંદર. આહા..હા..! જેમ ઠંડી હવા લાગે બહુ અને પાણી આમ જામી જાય છેને બરફ. બરફ જામી જાય છે.

એક સાલમાં હતું. કઈ સાલ? ઘણાં સાલ પહેલા. એટલી ઓલી થઈ હતી બહાર. ઠંડી પડી ઠંડી. હીમ પડ્યો હીમ. હું ને જીવણલાલજી બે હતા. છ ગાઉનો વિહાર હતો. વીંછીયાથી એક મોજુકા છે. ત્યાં હતું ત્યાંથી ગઢડે આવવું હતું. છ ગાઉ અને હીમ, ભાઈ! એવો હીમ તે ગામડામાં રહેવું શી રીતે? ગામડામાં એકાદ ઘર હતું. જેતપુરમાં હતું ઘર એક. વીંછીયા પાસે મોજુકા છે. એક જ ઘર હતું અમલદારનું. અને હીમ પડ્યો સવારમાં. હવે જાવું ગઢડે. પછી ચાલતા રસ્તામાં હીમ. લોકો જોવે કે આ મહારાજ અત્યારે કેમ નીકળ્યા? બાપુ! વીંછીયેથી નીકળી ગયા, અહીં આવ્યા, સવારમાં આ પડ્યું, ત્યાં રહેવાય નહિ, ઘર ન મળે. ત્યારે પાણી બરફ થઈ ગયેલા. વીરડાના પાણી બરફ થઈ ગયેલા. ભાવસારના રંગો રંગારા હોયને રંગાળા? પાણી રંગવાળા એ ઠરી ગયેલા. પણ તે દિ' જુવાન અવસ્થા. ઘણાં વર્ષ થઈ ગયા. નામ ભૂલી ગયા. વર્ષ ક્યું હતું? ૮૫ કે એ.. ઘણાં વર્ષ થઈ ગયા. આહા..હા..! એમ આ આત્મા અંદર ઠરી જાય, હીમ જેવો થઈ જાય કહે છે. પુણ્ય અને પાપના ભાવ જે આકુળતા અને અસ્થિરતા વિકાર અને દુઃખ છે એનાથી ખસી અને આત્મા અનાકુળ આનંદકંદમાં બરફની જેમ ઠરી જાય. બરફની પાટુ નથી થાતી? મુંબઈમાં બહુ હોય છે. બરફની પાટું. ૧૫-૧૫, ૨૦-૨૦, ૨૫ મણની. અમે જતા હોય ત્યાં ખટારામાં પડી હોય તો દેખીએ. ૨૫-૨૫ મણની બરફની ખુલ્લી પાટું. એમ આ ભગવાન શીતળ સ્વરૂપની પાટ છે અંદર. આહા..હા..! એ બરફ છે અંદર. શીતળ... શીતળ... શીતળ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિના સ્વભાવથી ભરેલી પાટ ભગવાન છે અંદર. આહા..હા..! ઓલા તો જડના પરમાણુ છે બરફ તો. આ તો ચૈતન્યસ્વરૂપ શાંતિથી ભરેલો. આહા..હા..! એમાં હવે 'હું તો ઠરી જાઉં છું' કહે છે. પુણ્ય અને પાપના આકુળતાના ભાવ છોડી હું આમાં ઠરી જાઉં છું. છે?

**'જુદા પોતાના શુદ્ધોપયોગરૂપ આત્માનાં જ્ઞાનશ્રદ્ધાન વડે અને તેમાં સ્થિર થવાના...'** ત્રણે. પહેલું તો આત્મા વસ્તુ શુદ્ધ છે એનું રાગ અને દયા, દાનના વિકલ્પથી ભિન્ન પડીને પહેલું જ્ઞાન થયું હોય અને જ્ઞાનમાં એની પ્રતીતિ સમ્યગ્દર્શન થયું હોય, એમાં

આનંદના સ્વાદનો ભાવ આવ્યો હોય સમકિતમાં ત્યારે એના દ્વારા જાણ્યું હોય કે આ તો આત્મા એકલો અતીન્દ્રિય આનંદની પાટ છે. આહા..હા..! અરૂપી ઘન છે. એમાં '**જ્ઞાનશ્રદ્ધાન વડે...**' આત્માના જ્ઞાન, આત્માના જ્ઞાનશ્રદ્ધાન વડે હોં! શાસ્ત્રજ્ઞાન અને લૌકિક એ બધું નહિ. એની પર્યાયનું જ્ઞાન નહિ. આ તો આત્માના જ્ઞાન વડે '**અને તેમાં સ્થિર થવાના વિધાન વડે નિષ્પ્રમાદ દશાને પ્રાપ્ત થઈ,...**' નિષ્પ્રમાદ દશા. '**શ્રેણી ચડી,...**' એમાંને એમાં સ્થિર થઈને વધી જાય તો '**કેવળજ્ઞાન ઉપજાવવાની સન્મુખ થાય છે.**' એ કેવળજ્ઞાનને પામે અલ્પકાળમાં. આહા..હા..! પરમાત્મા જેટલા થયા એ અંદર સ્વરૂપમાં સ્થિર થઈને રમતાં-રમતાં અંતર રમતાં કેવળજ્ઞાન પામે છે. '**આ, જ્ઞાનીનું કાર્ય છે.**' લ્યો! ધર્મીનું તો આ કાર્ય છે. બીજું કાર્ય એનું છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૮, શુક્રવાર, તા. ૦૪-૧૧-૧૯૭૭, કળશ-૨૨૯-૨૩૦, પ્રવચન નં. ૪૯૯

૨૨૯ કળશ. '**હવે સકળ કર્મના સંન્યાસની ભાવનાને નચાવવા વિષેનું કથન પૂર્ણ કરતાં, કળશરૂપ કાવ્ય કહે છે :—**' પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચના—ત્રણનું કથન પૂરું થયું. હવે એનો સાર કહે છે.

समस्तमित्येवमपास्य कर्म<br>
त्रैकालिकं शुद्धनयावलम्बी।<br>
विलीनमोहो रहितं विकारै-<br>
श्चिन्मात्रमात्मानमथावलम्बे ।।२२९।।

બહુ ટૂંકુ. એ રીતે '**त्रैकालिकं समस्तम् कर्म**' એટલે કે જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે અને જેને સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્ર-સ્વરૂપની રમણતા પ્રગટ કરવી છે એ એમ જાણે છે કે ગયા કાળના જે પુણ્ય અને પાપના ભાવ (થયા) એ કાંઈ મારું સ્વરૂપ નથી, એનાથી હું પાછો હઠું છું. વર્તમાનમાં પુણ્ય અને પાપના ભાવ (થાય) એ કાંઈ મારું સ્વરૂપ નથી. આહા..હા..! એનાથી હું પાછો હઠું. તેમ ભવિષ્યમાં પણ પુણ્ય-પાપના ભાવ થાય એ મારું સ્વરૂપ નથી. તેથી હું પાછો ખસું છું. આહા..હા..! આવી વાતું. ગયો કાળ, વર્તમાન અને ભવિષ્ય. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ થયા હોય એ પુણ્ય રાગ છે વિકાર. હિંસા,

જૂઠું, ચોરી, વિષયભોગ વાસના પાપ એ બેય વિકારભાવ છે. આહા..હા..!

તો કહે છે 'ત્રણે **કાળનાં સમસ્ત કર્મોને...'** ત્રણે કાળના બધા પુણ્ય-પાપના ભાવને '**દૂર કરીને**–' આવું સ્વરૂપ છે. હવે અહીં તો હજી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ધર્મ છે અને ધર્મ કરવો. વીતરાગમાર્ગ તો એનાથી જુદો છે. આહા..હા..! કેમકે પ્રભુ આત્મા એ કહેશે. '**अपास्य**' નામ એ પુણ્ય-પાપના ભાવને છોડીને '**શુદ્ધનયાવલંબી...**' શુદ્ધનય. મારું પવિત્ર જે શુદ્ધ સ્વરૂપ તેને નય પ્રાપ્ત કરીને મારું એમાં અવલંબન, એને અવલંબુ એ મારો સ્વભાવ છે.

ફરીને. ધર્મી સમ્યગ્દષ્ટિ જીવ એમ જાણે, માને અને ઓળખે છે કે આહા..હા..! ત્રણે કાળના પુણ્ય અને પાપના ભાવથી હું પાછો હઠી, હવે પ્રાપ્ત શું કરું છું? પાછો હઠ્યો-ખસ્યો, પ્રાપ્ત શું કરું છું? કે શુદ્ધ મારું ચૈતન્ય આનંદઘન સ્વરૂપ. આહા..હા..! શુદ્ધ જે નય એને પ્રાપ્ત કરું છું. શુદ્ધને પ્રાપ્ત કરી અને એનું અવલંબન એ મારો સ્વભાવ છે. આહા..હા..! આવી વાતું! પાનાચંદભાઈ! સાંભળી ન હોય કોઈ દિ' કાંઈ. સાંભળી છે ત્યાં? આવો માર્ગ વીતરાગનો. આહા..હા...!

પ્રભુ અંદર આનંદનો નાથ પૂર્ણ શુદ્ધ ચૈતન્ય જેમાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત પ્રભુતા એવા બેહદ સ્વભાવથી ભરેલો શુદ્ધ સ્વરૂપ એને હું નય નામ પ્રાપ્ત કરું છું. વિકારથી ખસું દૂર હઠું છું. ત્રણે કાળનાં વિકારી પરિણામથી પાછો હઠું છું અને ત્રિકાળી શુદ્ધ સ્વરૂપને હું પ્રાપ્ત કરું છું. પુનાતર! આવી વાતું છે બહુ ઝીણી, બાપુ! અરે! વીતરાગનો માર્ગ! આહા..હા..! શરીર, વાણી, આ તો બધા પર છે, એને તો અડ્યો પણ નથી આત્મા કોઈ દિ'. આહા..હા..! આ તો જડ છે. મન, વાણી જડ. એ સવારમાં આવ્યું હતું પ્રવચનસારમાં સજ્ઝાયમાં કે શરીર, વાણી, મન એને હું કરતો નથી, હું કરાવતો નથી, થતાં હોય એને અનુમોદન કરતો નથી. એ તો મારી ચીજ જ નથી. આહા..હા..! એ તો અજીવ ચીજ છે; પણ મારામાં થતાં, મારા ઉલટા પુરુષાર્થથી પુણ્ય અને પાપના, દયા, દાન વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ થતાં એ ત્રણે કાળના વિકૃતભાવના કાર્યથી નિવર્તું છું. હવે કાર્યકર્તા થાય છે.

**શ્રોતા** :- થાય છે ક્યાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ જ કહે છે. હવે કાર્યકર્તા થાય છે. આ લોકો કહે છેને બધા કાર્યકર્તાઓ પાક્યા ફલાણા, ઢીકણાં. અત્યારે તો દેશમાં નથી કહેવાતું કાર્યકર્તા? રામજીભાઈ એમાં હતા થોડા ચડ્યા હતા. જેલમાં રહ્યા હતા એક મહિનો. આ બધા કેવા કહેવાય? ઢેબરભાઈ. ઢેબરભાઈ ને એ બધા કાર્યકર્તા કહેવાય. ત્યાં આવતા વ્યાખ્યાનમાં કાયમ, અહીં આવતા. શેના કાર્ય? બાપુ! તારા કાર્ય તો ક્યાં છે? આહા..હા..! એ કાર્ય પરમાત્મા એને કાર્યકર્તા કહે છે કે પરની વાત તો દૂર રહો, પણ શુભ અને અશુભભાવ એ પણ મારું કાર્ય નહિ.

આહા..હા..! એથી તેનાથી પાછો ખસી-હઠી. પણ એ તો નાસ્તિથી વાત થઈ હઠ્યો. હવે પ્રાપ્ત શું કર્યું? કાર્ય શું કર્યું? કે શુદ્ધ જે મારી ચીજ છે આનંદકંદ પ્રભુ એને નય પ્રાપ્ત કરું છું એવું મારું અવલંબન, એનો જ મારો આશ્રય એ મારો સ્વભાવ છે. આહા..હા..! આવી વાત. ઓલું તો એકેન્દ્રિયા, બેઈન્દિયા, તેઈન્દિયા. હતુંને ગોસળિયા? ઈચ્છામી પડિક્કમણું ઈરિયા વિરિયા તસ્સ મિચ્છામી દુક્કડમ. એ તો બધું કર્યું છેને. અમે પણ કર્યું છે. તસ્સઉતરી કરણેણં તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં,.. કાયોત્સર્ગ થઈ ગયો. અરે! ભાઈ! બાપા! વીતરાગ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ વીતરાગભાવે જે વર્ણન કરે છે... આહા..હા..!

અહીંયાં તો કહે છે કે હું, વિકૃત ભાવો જે છે એ બધા ત્રણે કાળના એ પર્યાયબુદ્ધિ છે એમ. એથી તેનાથી હઠું છું અને દ્રવ્યબુદ્ધિ એટલે મારો શુદ્ધ ધ્રુવ સ્વભાવ. એમ ભાષા બીજી કરી છે, પણ વસ્તુ આમ કહેવી છે. આહા..હા..! શુદ્ધનય અવલંબી. આહા..હા..! હું તો પવિત્ર મારો સ્વભાવ વીતરાગ અકષાય સ્વભાવ, ત્રિકાળી અકષાય સ્વભાવ શાંતરસથી ભરેલો ભગવાન એને હું નય નામ શુદ્ધને પ્રાપ્ત કરું છું, એ જ અવલંબન મને છે. કોઈ વ્યવહારરત્નત્રયનું અવલંબન છે અને એમાં હું આ અવલંબન લઉં છું એમ છે નહિ. આહા..હા..! આવી વાતું.

**શ્રોતા :-** નવો માર્ગ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગોસળિયા! એમ કે આ નવો માર્ગ શોધ્યો કહે છે. એ તો હવે... ભગવાન! નવો નથી, માર્ગ તો આ જ છે. જરી વિચારેને તો બેસી જાય એવું છે. હજી હા તો પાડે. આહા..હા..!

ભગવાન! તું કોણ છો? ક્યાં છો? કેવડો છો? કે એ પુણ્ય-પાપના વિકાર જેટલો ત્યાં તું નથી. આહા..હા..! એનાથી રહિત તારું સ્વરૂપ અખંડાનંદ પ્રભુ શુદ્ધ આનંદનું દળ, જ્ઞાનનો કંદ, શાંતિનો સાગર પૂર્ણ સ્વચ્છતાનો શક્તિનો ભંડાર અને અનંત-અનંત શક્તિના દરેક શક્તિથી ઈશ્વરથી ઈશ્વરશક્તિથી ભરેલો ભગવાન છે એ અંદર. આહા..હા..! અરે! એને કાને પણ પડે નહિ આ વાત. એ ક્યાં જાય? શું કરે? આહા..હા..! અરે! નિરાધાર. કપુરભાઈ! આ બધા શેઠિયા છે ત્યાંના. સાંભળ્યું હતું ત્યાં?

**શ્રોતા :-** ત્યાં સાંભળ્યું હોય તો અહીં આવે જ શું કરવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોપટભાઈ શું કહે છે? આંકડિયાના છે. ત્યાં કલકત્તા રહે છે. અને પોપટભાઈ અહીં વઢવાણના આપણા નહિ? પોપટલાલ મોહનલાલ. ઓળખો છો ભાઈ? પોપટલાલ મોહનલાલ આપણે, બે કરોડ રૂપિયા મુંબઈમાં છે. હમણાં ગયા, અહીં હતા. એને જ્યારે આવી વાત કરીએ ત્યારે એમ કે અહીં શું કરવા અમે આવ્યા છીએ? એવું ત્યાં હોય તો તો અહીં આવીએ શું કરવા? અહીં બેસતા. ગયા, દિવાળી-બીવાળીએ જાય. કાંઈક સૂંઘવા જાય. આહા..હા..! અરે! નોળિયો સૂંઘવા જાય. આહા..હા..! પ્રભુ! તારો માર્ગ તો, ભાઈ!

અંતર ચૈતન્યકંદ આનંદનો નાથ પડ્યો છે, પ્રભુ! તને એની મહિમાની, મોટપની તને ખબર નથી. તારી મોટપ તો સર્વજ્ઞથી પણ પૂરી કહેવાણી નથી. કેમકે વાણી દ્વારા કહેવું, આત્મા તો જડથી ભિન્ન અને આ વાણી તો જડ, દુશ્મન દ્વારા મિત્રોના વખાણ કરાવવા એ કેટલા કરે એ? આ વાણી જડ, માટી છે. આહા..હા..! અંદર ભગવાન એનાથી તો ભિન્ન. શરીર, વાણી, મન એનો કર્તા નહિ, કરાવનાર નહિ, અનુમોદનાર નહિ. આહા..હા..! તેમ તેનું કારણ નહિ એમ આવ્યું હતું સવારમાં. આ શરીર, વાણી, મનનું હું કારણ નથી, એ તો પુદ્ગલ જડ છે. આહા..હા..!

અહીંયાં તો આગળ જઈને હવે સમ્યગ્દૃષ્ટિ થાય છે ત્યારે તેને ત્રણકાળના વિકારથી રહિત મારું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છે એનું એને અવલંબન થાય છે. હવે અહીં તો એથી વિશેષ લેવું છે. પહેલેથી ઉપાડ્યું શુદ્ધનય પણ હવે જે મેં જે શુદ્ધનયથી મારા આત્માને પુણ્ય-પાપના ભાવથી ભિન્ન જાણ્યો, હવે હું પુણ્ય-પાપના ભાવથી ખસીને ઠરવા માગું છું. એ શુદ્ધ ચૈતન્યનું જે મેં અવલંબન લીધું છે એમાં વિશેષ અવલંબન લઈને ઠરવા માગું છું, એનું નામ ચારિત્ર ને પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન છે. અરે! હવે આવી વ્યાખ્યા, એય! શાંતિભાઈ!

**શ્રોતા :–** મહાવ્રતને ચારિત્ર કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળમાંય નથી, મહાવ્રત તો અભવિ પણ પાળે છે. એ તો વિકલ્પ છે, આસ્રવ છે. તત્ત્વાર્થસૂત્રમાં આસ્રવ કહ્યું છે. આહા..હા..! અહીંયાં એને બંધનું કારણ આસ્રવ કહ્યો છે. પુણ્ય-પાપના ભાવને અચેતન ને અજીવ ને જડ કહ્યા છે. અરે! પ્રભુ! ભાઈ! તેં સાંભળ્યું નથી, નાથ! તું અંદર કોણ છો? ચૈતન્યચમત્કાર. આહા..હા..!

કહ્યું નહોતું? કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય જે ત્રણકાળ ત્રણલોકને જાણે... આહા..હા..! એવી પર્યાય. ગુણ તો ત્રિકાળી છે, પણ પર્યાય પ્રગટ થાય મોક્ષની, કેવળજ્ઞાનની એવી એવી અનંતી પર્યાયો પ્રગટ થાય, પણ ચૈતન્યચમત્કાર તો એવોને એવો ભગવાન બિરાજે છે અંદર. આહા..હા..! એમાં નથી ઘટ ને વધ. એ ક્યાં સાંભળ્યું છે એણે? આહા..હા..! ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર વીતરાગ પરમાત્માના શ્રીમુખે તો આમ નીકળ્યું છે, પ્રભુ! આહા..હા..! એ આનંદનું દળ છે, ચૈતન્યનો ઘન છે. આહા..હા..! એને અવલંબીને સમ્યગ્દર્શનની ધર્મની પહેલી દશા પ્રગટ થાય છે. આહા..હા..!

અહીંયાં તો વિશેષ હવે શુદ્ધનય અવલંબન. અવલંબન બે શબ્દ પડ્યા છે. શુદ્ધનય અવલંબન અને છેટે છેને. ચિન્માત્ર આત્માનું અવલંબન. '**चिन्मात्रम् आत्मानम् अवलम्बे**' એટલે બે નાખવું છેને એને. એક તો આ કે મેં પ્રભુ! મારો સ્વભાવ ચૈતન્ય શુદ્ધ. વિકૃતભાવ તો એક સમયનો છે. આત્મામાં જે આ વિકાર સંસાર મિથ્યાત્વ, રાગ-દ્વેષના પરિણામ એક સમયના છે. બાકી આખી ચીજ છે એ તો શુદ્ધ ચૈતન્યઘન પવિત્ર છે. આહા..હા..! અહીંયાં કહે છે કે મેં પહેલું શુદ્ધનયનું અવલંબન લઈ મારા સ્વભાવને મેં પકડ્યો છે શુદ્ધ. આહા..હા..!

સમજાણું કાંઈ? આહા..હા..! આવો ધર્મ હવે. આ શરીર ને બાયડી, છોકરા ને પૈસા આ ધૂળધમાહા. આહા..હા..! શેઠિયા ચાલ્યા ગયા જુઓ. હવે અહીં બેઠા હતા રામજીભાઈ બેસે છે ત્યાં. .. અહીંયાં બેઠા હતા હમણા. થોડા મહિના પહેલા સાંભળવા આવ્યા હતા બિચારા. ૪૦ કરોડ રૂપિયા. અહીં આવ્યા હતા. નાની ઉંમર ૬૬ વર્ષ એટલે. અમારી ઉંમર હિસાબે તો ૬૬. ૨૨ x ૩ = ૬૬ અને ૨૨ x ૪ = ૮૮. ૨૨ x ૩ = ૬૬ અને ૨૨ x ૪ = ૮૮. ૨૨ વધારે .. આ તો ૮૮ થયા. શરીરની વાત છેને. આત્મા તો અનાદિ-અનંત છે એને મુદત કેવી? આહા..હા..!

અહીં તો કહે છે ધર્મી જીવ કે હું એક શુદ્ધ ચૈતન્યસ્વરૂપ નિત્યાનંદ પ્રભુ મારું સ્વરૂપ છે એ સ્વરૂપ પ્રાપ્તિ કરવા પરથી ખસી જાઉં છું. આહા..હા..! એ વ્યવહારરત્નત્રયનો જે શુભરાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા અને પંચમહાવ્રતના પરિણામ એ બધા રાગભાવથી હવે હું ખસી જાઉં છું. મારી ચીજને હું અવલંબીને પડ્યો છું એ મારું સ્વરૂપ છે. એ '**શુદ્ધનયાવલંબી (અર્થાત્ શુદ્ધનયને અવલંબનાર) અને વિલીનમોહ (અર્થાત્ જેનું મિથ્યાત્વ નષ્ટ થયું છે)...**' આહા..હા..! ૧૮મું પાપ આવે છેને મિથ્યાદર્શન શલ્ય. છેલ્લું ૧૮ પાપમાં આવે છે. પહેલું હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ... આહા..હા..! એ રાગની ક્રિયા મારી અને મને લાભ થાય એનો અર્થ એ રાગ મારો એવો જે મિથ્યાત્વભાવ, જૂઠો ભાવ, પ્રભુ સત્યસાહેબથી વિરોધી ભાવ. આહા..હા..! સત્યસાહેબ ચૈતન્યમૂર્તિ સર્વજ્ઞ પરમેશ્વરે જોયો તે, એવા સ્વભાવથી વિરુદ્ધ ભાવ રાગ ને દયા, દાનના વ્રતના પરિણામને મારા માનવા એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! શાંતિભાઈ! જઈ આવ્યા? ડૂબકી મારી આવ્યા ત્યાં? મુંબઈ જઈ આવ્યા? જાયને. હમણા વાત કરી હતી નહિ ઓલા? નોળિયો હોયને. સર્પ સાથે વઢેને પછી સૂંઘવા જાય નોળવેલ. એક ફેરી જોયું હતું ક્યાંક. જેતપુર કે. નહિ? ડુંગરમાં આપણે દિશાએ જતાને. ઓલી એક નીકળી હતી એક મોટી આવડી જનાવર. એવો નોળવેલ હોય અંદર. એ સર્પ સાથે વઢેને તો ઝેર ન ચડી જાય માટે નોળ સૂંઘી આવે. પછી સર્પ સાથે વઢે. શાંતિભાઈ! આ ઊંધું છે. એ દુકાન ને ધંધા ને રાગનું ઝેર સૂંઘી આવે ત્યારે તેને સખ આવે. આહા..હા..!

અહીં તો કહે છે, પ્રભુ! ઓહો..હો..! એક શ્લોકમાં કેટલું સમાડ્યું છે! .. હવે આવશે, ભાઈ! ઓલું ઉદય .. હવેના શ્લોકમાં એ તરત જ આવશે. આહા..હા..! દિગંબર સંતોએ ગજબ કામ કર્યા છે! આહા..હા..! સર્વજ્ઞના કેડાયતો, સર્વજ્ઞને અલ્પકાળમાં પોતાનો સર્વજ્ઞ સ્વભાવ છે એને પ્રગટ અલ્પકાળમાં જેને થવાનો છે અને થવાના છે એ સર્વજ્ઞ સ્વભાવને અનુસરીને વાત કરનારા છે બધા. આહા..હા..! આકરી વાતું. '**શુદ્ધનય અવલંબીને...**' ત્રણ શબ્દ પડ્યા છેને? એક તો પુણ્ય-પાપના ભાવ જે અશુદ્ધ છે ત્રણે કાળના તેનાથી પાછો હઠું છું અને ત્રિકાળી જે મારી શુદ્ધ ચીજ પવિત્ર આનંદકંદ પ્રભુ છે તેને નય નામ શુદ્ધને

પ્રાપ્ત કરીને તેને અવલંબું છું. એ અવલંબન મારો સ્વભાવ છે. રાગને અવલંબું એ મારો સ્વભાવ નથી એમ કહે છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ રાગ છે, ભાઈ! તને ખબર નથી. આ તો વીતરાગમાર્ગ છે. એમાં અંદર વિકલ્પ ઉઠે છે એ વૃત્તિ રાગ છે. તો કહે છે કે રાગને અવલંબું એ મારો સ્વભાવ જ નથી. આહા..હા..! હું તો શુદ્ધનયને અવલંબુ એ મારો સ્વભાવ છે. આહા..હા..!

વર્તમાન પર્યાયને, પર્યાય એટલે અવસ્થા એને ત્રિકાળી ધ્રુવ સ્વભાવ, શુદ્ધ સ્વરૂપ તેને પ્રાપ્ત કરીને અવલંબું છું. પ્રાપ્ત કર્યો નહોતો ત્યારે અવલંબતો નહોતો, અવલંબતો રાગને. આહા..હા..! એકલો અતીન્દ્રિય આનંદનો કોઠાર ભર્યો છે. ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદનો કોઠાર ભર્યો છે. અરે! ક્યાં બેસે એને. કોઈ દિ' સાંભળી નથી એણે. આહા..હા..! એ અતીન્દ્રિય આનંદનો ભંડાર મારો નાથ એને શુદ્ધને હું પ્રાપ્ત કરીને એને અવલંબું છું. આહા..હા..! આવ્યુંને? '**વિલીનમોહ...**' તેથી મિથ્યાત્વનો મને નાશ થઈ ગયો છે. આહા..હા..! એ પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિથી મને લાભ થશે એમ જે માનતો હતો એ મિથ્યાત્વનો તો મને નાશ થઈ ગયો છે. આહા..હા..! વિલીન. એકલું લીન પણ નથી. વિલીન-વિશેષે નાશ થઈ ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**(અર્થાત્ જેનું મિથ્યાત્વ નષ્ટ થયું છે)...**' છે અંદર? ગોસળિયાજી! છેને અંદર? આહા..હા..! ભાગ્યશાળી આ સાંભળવા આવ્યા બધી આ વાત. દુનિયાના ધંધા ને બધા... આહા..હા..! પ્રભુ! આ તો વાતું બીજી છે, ભાઈ! જગતની પડખેથી બીજી વાતું છે, ભાઈ! આહા..હા..!

પ્રભુ અંદર બિરાજે છેને, કહે છે. એક સમયની વિકૃતદશાની પાછળ પ્રભુ, પ્રભુતાના સ્વભાવથી ભરેલો ભગવાન બિરાજે છે અંદર એને હું પ્રાપ્ત કરું છું. આહા..હા..! એને હું શ્રદ્ધામાં સ્વીકાર કરું છું અને મારી શ્રદ્ધાથી પૂર્ણાનંદના નાથનો હું સત્કાર કરું છું, સત્કાર કરું છું. આહા..હા..! એ સત્ વસ્તુ છે તેનો સત્કાર કરું છું. અનાદિથી મેં પુણ્ય અને પાપના ભાવનો સ્વીકાર, સત્કાર કર્યો. મિથ્યાત્વમાં મોહીને મરી ગયો ચોર્યાસીના અવતારમાં. આહા..હા..! મારા નાથને મેં જોયો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વિલીનમોહ (અર્થાત્ જેનું મિથ્યાત્વ નષ્ટ થયું છે) એવો હું...**' આહા..હા..! આવી ખબર પડતી હશે? અત્યારે તો એમ કહે છે કે ખબર ન પડે. સમ્યગ્દર્શનનું કેવળી જાણે, આ જાણે, ફલાણું જાણે. ભાઈ લાવ્યા હતાને શંકરલાલ ક્યાં ગયા? આ લાવ્યા હતા, પણ એ શેમાંથી લાવ્યા હતા? એમાંથી? મરાઠી છાપામાં કહે છે આવ્યું હતું. જૈન પથ છપાય છેને એમાંથી લીધું હશે. ભાઈનું હતું, જગમોહનલાલજીનું એમાંથી લીધું હશે. એમ કે ભાવલિંગીની તો ઓળખાણ ન પડે, જણાય નહિ છદ્મસ્થને. અરે! પ્રભુ! શું કરે છે તું આ? એ તો એક વાત પંચાધ્યાયીમાં એમ લીધી છે કે સમ્યગ્દર્શન બહુ સૂક્ષ્મ છે, એ એમ ન જણાય. એ તો દર્શન સીધું ન જણાય એમ. પણ અનુભૂતિ દ્વારા, આત્માની અનુભૂતિ થાય એના

દ્વારા સમકિતની ઓળખાણ અવિનાભાવે હોય છે. આહા..હા..! બહુ ફેર. આવા ફેરમાં પડવું! આહા..હા..! બહારના ફેરમાં પડી પડીને મરી ગયો છે. આહા..હા..! અંદર ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે, પ્રભુ! તું સર્વજ્ઞસ્વભાવી છો હોં! તું અલ્પજ્ઞ જ્ઞાન નહિ તારું, એ સ્વરૂપ નહિ. આહા..હા..! તારો તો સર્વજ્ઞસ્વભાવ છે અંદર. ત્રિકાળી સર્વજ્ઞ શક્તિનો... બહુ શબ્દ થોડા વાપર્યા છે.

'**વિલીનમોહ...**' એટલે કે મેં ત્રણે કાળના વિકારોથી ખસીને મારો શુદ્ધ ચૈતન્યઘન આનંદ પ્રભુ સમ્યગ્દર્શનમાં મેં તેને પ્રાપ્ત કર્યું છે. શુદ્ધનય આહા..હા..! એને હું અવલંબનું છું. આહા..હા..! 'હવે...' હવે વિશેષ કહે છે. ચારિત્ર કહેવું છેને પાછું. આહા..હા..! હવે ચારિત્રદશા. આહા..હા..! આ તો લોકો લૂગડા ફેરવી, બાયડી-છોકરા છોડ્યા, દુકાન છોડી થઈ ગયો સાધુ ચારિત્ર. અરે! બાપા! ચારિત્રની વાતું સાંભળવી. અરેરે! આ કાળે મુશ્કેલ છે, પ્રભુ! નિર્ગ્રંથ મુનિઓને નજરે દેખવા એ અત્યારે મુશ્કેલ પડ્યું, ભાઈ! આહા..હા..! અહીંયાં કહે છે. જુઓ, આ તો હજાર વર્ષ પહેલાંની વાત છે. અમૃતચંદ્રાચાર્ય પહેલાં એમ કહે છે. '**विलीन मोहोः**' 'હવે...' '**विकारैः रहितं चिन्मात्रम् आत्मानम्**' આહા..હા..! હવે હું વિકારરહિત મારો જે આત્મા છે ચિન્માત્ર આત્મા '(સર્વ) **વિકારોથી રહિત ચૈતન્યમાત્ર આત્માને અવલંબું છું.**' એ વિશેષ ચારિત્ર થયું. ઓલો વિકારથી જુદું પાડીને પ્રાપ્ત કર્યું હતું, હવે વિકારનો ભાવ છોડીને મેં સ્થિરતા આત્માની પ્રાપ્ત કરી. અંતર આનંદમાં રમણ એનું નામ ચારિત્ર છે. હવે આવી વ્યાખ્યા હવે આ ક્યાંય. એનું નામ પ્રતિક્રમણ અને એનું નામ પ્રત્યાખ્યાન અને એનું નામ સંવર છે. પ્રેમચંદભાઈ! આવું સાંભળવા મળતું નથી ક્યાંય, બાપા! આહા..હા..! અમે તો આખું હિન્દુસ્તાન જોયું છેને. ૧૦-૧૦ હજાર માઈલ ત્રણ-ત્રણ વાર ફર્યા છીએ. હિન્દુસ્તાનમાં ત્રણ વાર ૧૦-૧૦ હજાર માઈલ. આ વાતું ગુપ્ત થઈ ગઈ બધે. આહા..હા..! જ્યાં હોય ત્યાં આ કરો ને આ કરો ને આ કરો ને આ કરો.

અહીં કહે છે કે એકવાર પ્રભુ સાંભળ તો ખરો, ભાઈ! ચોર્યાસીના અવતારમાં ભાઈ! તું રખડીને દુઃખી થયો છો. એવા મુનિવ્રતના વ્રતો પણ તેં અનંતવાર લીધા છે. આહા..હા..! એ તો પુણ્યના પરિણામ છે તો એનાથી સ્વર્ગાદિ મળે, પણ 'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો, ફિર પીછો પટક્યો.' એવા શુભભાવને લઈને શુક્લલેશ્યાથી ગ્રૈવેયક જાય. આહા..હા..! પણ મિથ્યાદૃષ્ટિ એને રાગથી લાભ થાય છે એ દૃષ્ટિ છૂટી નહિ અને આત્માથી લાભ થાય એ દૃષ્ટિ થઈ નહિ. આહા..હા..!

કહે છે, 'હવે...' '**विकारैः रहितं चिन्मात्रम् आत्मानम्**' '(સર્વ) **વિકારોથી રહિત ચૈતન્યમાત્ર...**' મારો પ્રભુ એમાં હવે અવલંબુ એટલે સ્થિર થાઉં છું. આહા..હા..! આ ચારિત્ર. સમજાણું કાંઈ? આહા..હા..! આ શરીર ને બાયડી ને છોકરાને પૈસા ને મકાન ને બધી ભંગજાળ. આહા..હા..! સ્મશાનના હાડકાની ફોસ્ફરસ છે બધી. અંદર પ્રભુ બિરાજે એને તો

કોઈ દિ' જોયો નહિ, જાણ્યો નહિ. એને અંદરમાં રુચિપૂર્વક સાંભળ્યો નહિ એમ કીધું. '**तत्प्रति प्रीतिचित्तेन**' પદ્મનંદિમાં શ્લોક છે કે જેણે આવો નાથ અંદર રાગથી ભિન્ન એવું જેણે પ્રીતિથી સાંભળ્યું છે એ અલ્પકાળમાં મોક્ષનું ભાજન છે. આહા..હા..! આવે છેને. '**तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता। स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम्।**' તે ભવિ ભવ્ય મોક્ષનું ભાજન છે. એને હવે મોક્ષદશા પ્રગટ થશે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો આત્માનો સમ્યગ્દર્શનનો અનુભવ એના ઉપરાંત ચારિત્રની દશાની વાતું આમાં છે. આહા..હા..! અહીં તો હજી સમ્યગ્દર્શનના પણ ઠેકાણા ન મળે, કેમ થાય એની ખબરું ન મળે અને સાધુ થઈને બેઠા પાંચ મહાવ્રત (પાળ્યા) અને બાયડી, છોકરા છોડ્યા, દુકાન છોડી, ધંધા છોડ્યા. પર છોડ્યું-ગ્રહણ એ સ્વરૂપમાં છે જ ક્યાં? પરનો ત્યાગ-ગ્રહણ તો આત્મામાં છે જ નહિ. આહા..હા..! અહીંયાં તો ફક્ત વિકારના પરિણામ હતા. પહેલા છેને શ્લોક શરૂઆતમાં છે. '**तत्प्रति प्रीतिचित्तेन**'. નાખ્યું છેને.

'**હવે (સર્વ) વિકારોથી રહિત ચૈતન્યમાત્ર આત્માને અવલંબું છું.**' આહા..હા..! ઓલામાં શુદ્ધનય અવલંબી વિલીનમોહ એમ કરીને કહ્યું હતું. આહા..હા..! હવે મારો પ્રભુ અંદર આનંદનો નાથ, અતીન્દ્રિય આનંદનો છલોછલ ભરેલો છે. અતીન્દ્રિય આનંદ હોં! આ ઇન્દ્રિયનો આનંદ છે એ તો દુઃખ છે, ઝેર છે. આ પાંચ ઇન્દ્રિયના વિષયમાં જેને રાગ થાય છે અને ઠીક માને છે, મજા પડે છે એ તો ઝેરના પ્યાલા પીવે છે. આ તો અમૃતના સાગર અંદર ડોલે છે અંદર. આહા..હા..! ઝેરનો કણિયો તો એક સમયનો છે કહે છે. અને ભગવાન તો અમૃતનો સાગર તો ત્રિકાળી પૂર્ણ છે એને હું અવલંબીને સ્થિર થાવ છું હવે. એનું નામ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, સંવર અને ચારિત્ર કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાતું હવે. લોકો બિચારા વિરોધ કરે હોં! એની માન્યતાથી ફેર પડેને. કરે, શું થાય? એને ખબર પડી નથીને. અને એ વિરોધ હોય એવો. આનંદઘનજી તો એમ કહે છે કે જ્ઞાનીના અભિપ્રાય સાથે જગતના અભિપ્રાય સાથે મેળ ખાય તો એ જ્ઞાનીનો અભિપ્રાય સાચો છે જ નહિ. આહા..હા..! જ્ઞાનીના અભિપ્રાય સાથે જગતનો અભિપ્રાય અથડાય તો એ સાચો અભિપ્રાય છે. નહિતર સરખેસરખો થઈ જાય તો અનાદિનું માને છે એવું થાય તો એની એ દશા છે. આહા..હા..! કહો, અજીતભાઈ! આફ્રિકાથી આવ્યા છે. આહા..હા..! આવું સ્વરૂપ છે. એક શ્લોકમાં કેટલું ભર્યું છે જુઓને. ઓહો..હો..!

'**હવે સકળ કર્મફળના...**' એ કર્મચેતના પુણ્ય અને પાપનું ચેતવું અને કર્મચેતના રાગમાં એકાગ્ર થવું એનો ત્યાગ બતાવ્યો. સંન્યાસ એટલ ત્યાગ. એનો અભાવ બતાવ્યો. હવે પૂર્વે જે કર્મ બંધાયેલા છે એના ફળને હવે હું ભોગવતો નથી એ હવે આવે છે. આહા..હા..! છે? '**હવે સકળ કર્મફળના સંન્યાસની...**' સંન્યાસ એટલે ત્યાગ હોં! ઓલા સંન્યાસી બાવા એમ અહીં નથી. અહીં તો કહે છે કે પુણ્ય અને પાપના કર્મચેતના એટલે વિકારનું

ચેતવું એનો મેં ત્યાગ કર્યો, સંન્યાસ કર્યો, ત્યાગ કર્યો. હવે પૂર્વના કર્મ પડ્યા છે બાંધેલા અજ્ઞાનપણે એ કર્મનું જે આવે મને દાન-ફળ એ વિના, હું એના ભોક્તા વિના હું ખરી જાવ, હું મારા આનંદનો ભોક્તા છું, એ કર્મનો ઉદયનો ભોક્તા હું નથી એની વાત ૧૪૮ પ્રકૃતિથી કહેશે. આઠ કર્મ—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય.. એ આઠ કર્મની ૧૪૮ પ્રકૃતિ છે. ભગવાને આઠ કર્મ કીધા એના ૧૪૮ પ્રકૃતિ ભેદ કહ્યા છે. આહા..હા..! એ કર્મફળના ત્યાગની ભાવનાને પરિણમાવે છે. નચાવે એટલે પરિણમાવે છે. આહા..હા..! ૨૩૦?

**विगलन्तु कर्मविषतरुफलानि मम भुक्तिमन्तरेणैव।**
**सञ्चेतयेऽहमचलं चैतन्यात्मानमात्मानम्।।२३०।।**

આહા..હા..! '**(સમસ્ત કર્મફળની સંન્યાસભાવના કરનાર...**' ધર્મી સમ્યગ્દૃષ્ટિ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ છે. પુણ્ય-પાપનો અનુભવ એ વિકાર છે એમ એણે જાણી અને આત્માનો અનુભવ વેદ્યો છે. એવો જે સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી સીઢીવાળો આગળ વધીને ચારિત્ર થયું છે. હવે એને જ્યારે ચારિત્ર હોવા છતાં પૂર્વના કર્મ તો પડ્યા છે. એના માટે કહે છે કે '**(સમસ્ત કર્મફળની સંન્યાસભાવના કરનાર...**' ૧૪૮ પ્રકૃતિ કર્મની છે. આમ આઠ કર્મ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, આયુષ્ય, મોહનીય, અંતરાય, નામ, ગોત્ર આઠ. પણ એની પ્રકૃતિ-પેટા ભેદ જ્ઞાનાવરણીયની પાંચ, દર્શનાવરણીયની નવ અને મોહનીયની .. એમ નામ કર્મની ૯૩ એમ કરીને આઠ કર્મની ૧૪૮ પ્રકૃતિ છે. આહા..હા..! ઓલા ૧૪૭ ભંગ કીધા, ૪૯ પ્રત્યાખ્યાનના, ૪૯ પડિક્કમણાના, ૪૯ આલોચનાના. હવે ૧૪૮ પ્રકૃતિ લે છે અહીંયાં. આહા..હા..!

'**(સમસ્ત કર્મફળની સંન્યાસભાવના કરનાર કહે છે કે—)**' '**कर्म-विष-तरु-फलानि**' '**કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ...**' આહા..હા..! મારો નાથ તો અમૃતસાગરથી ભરેલો પ્રભુ એનું ફળ તો અતીન્દ્રિય અમૃતનું વેદન એ મારું ફળ. આહા..હા..! આવી વાતે વાતે ફેર પડે. એ માણસને ન બેસે. અજાણ્યા હોય માંડ-માંડ... ૫૦-૫૫, ૬૦-૬૦ વર્ષ ગાળ્યા હોય ઓલામાં એમાં આ બધી વાતું. આ તે નવો ધર્મ હશે? નવો કાઢ્યો એમ કહે છે કેટલાક. સોનગઢવાળાએ નવો ધર્મ કાઢ્યો. અરે! પ્રભુ! નવો નથી, બાપુ! એ તો માર્ગ આ જ છે. ખબર નહોતી જગતને, બાપુ! અરેરે! '**કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ...**' શું કહે છે આ? આહા..હા..! અરે! એમાં તીર્થંકરગોત્રનું બંધન છે એનું ફળ કહે છે કે કર્મના વિષફળ. ગજબ વાત! હળવે-હળવે સાંભળજો. જે શુભભાવે તીર્થંકરગોત્ર બાંધ્યું હતું એ શુભભાવ તો ઝેર છે. એનાથી તું પાછો ફરી ગયો છો હવે, પણ હવે પૂર્વે બંધાણું છે એનું ફળ આવે એ પણ વિષતરુવરનું ફળ-ઝેરનું ફળ છે. આહા..હા..! મારો નાથ અમૃતસાગરથી ભરેલો એના અમૃતના અનુભવમાં તો અતીન્દ્રિય અમૃતનું સ્વાદ એનું ફળ અને કર્મના ફળ તો ઝેરના ફળ છે. આહા..હા..! છે?

'**કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ...**' વિષવૃક્ષ. આહા..હા..! શું પ્રભુની વાણી! જગતમાં ક્યાંય આવી વાત વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. વીતરાગ સિવાય ક્યાંય એકેય માર્ગ સાચો ક્યાંય નથી. વેદાંતમાં આત્માની વાતું કરી છે. બધા ઘણાં વેદાંતની વાત (કરે છે). અમારે ત્યાં વેદાંત બહુ હતું પાલેજમાં. દુકાન હતીને પાલેજ ત્યાં તો વેદાંતી બહુ અમારે. પાલેજ. ભરૂચ અને વડોદરા વચ્ચે. અને એક તો અમારો ગ્રાહક જ એનો હતો મોટ ગુરુ. બ્રાહ્મણ અમારો ગ્રાહક હતો. આ તો નાની ઉંમરની વાત ૧૮-૧૯-૨૦ વર્ષની. ધારધીર કરતા. માલ લેવા જઈએ તો આવે બિચારા ખાટલો પાથરીએ. પૈસા ધીર્યા હોયને. આ તો પોણો સો વર્ષ, ૭૦ વર્ષ પહેલાંની વાત છે. એ બ્રાહ્મણ હતો. ભૂલી ગયા નામ. અમારી દુકાન પાસે દરજી હતા એના ગુરુ હતા. આવે એટલે એને પગે લાગે. માલ અમારી પાસે લે. પણ વેદાંતનું બહુ જોર એ બાજુ. આહા..હા..! એ આત્માની બધી વાત પણ સર્વજ્ઞ પરમેશ્વરે કીધી એવી વાત તો ક્યાંય છે જ નહિ. આહા..હા..!

જિનેન્દ્રદેવ વીતરાગ જેણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા એવા અનંત તીર્થંકરો થઈ ગયા, વર્તમાન ૨૦ તીર્થંકરો બિરાજે છે. વિદ્યમાન તીર્થંકરો. સીમંધર સ્વામી બિરાજે છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, પાંચસો ધનુષનો દેહ છે, બે હજાર હાથ ઉંચા છે. કરોડ અબજો વર્ષથી બિરાજે છે, હજી અબજો વર્ષ રહેશે. વીસમાં તીર્થંકર મુનિસુવ્રતનાથના વખતમાં દીક્ષા લીધેલી છે. કેવળ થયું છે. હજી આવતી ચોવીસીમાં તેરમાં તીર્થંકર અહીં થશે ત્યારે મોક્ષ જાશે. એટલી મોટી લાંબી સ્થિતિ છે પ્રભુની. મહાવિદેહમાં સમવસરણમાં બિરાજે છે મનુષ્યક્ષેત્રમાં. આહા..હા..! ત્યાં આ વાત ચાલે છે. ઈન્દ્રો અને એની પાસે વાત તો આ ચાલે છે. આહા..હા..!

કહે છે કે '**કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ...**' આહા..હા..! અરે! પૂર્વે કોઈ શુભભાવથી, અશુભભાવથી પુણ્ય બંધાણા કે પાપ બંધાણા... આહા..હા..! એના ફળ ઝેરઝાડના ફળ છે એ તો કહે. આહા..હા..! અહીં જરી પુણ્યફળે પાંચ-પચાસ લાખ કે કરોડ, બે કરોડ મળે ત્યાં. આહા..હા..! એય..! શાંતિભાઈ! અમે સુખી છીએ. ધૂળેય નથી સુખી. દુઃખના ફળ, ઝેરના ફળ છે બધા. આહા..હા..!

**શ્રોતા :–** કેટલાક ઝેર એવા હોય કે જેના ફળ ખાટા-મીઠા હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના એ માને છે. મીઠા શું લાગે ત્યાં? સર્પ કરડ્યો હોય એને લીંબડો ખવરાવે તો મીઠો લાગે. લીંબડો મીઠો છે? આ સર્પ કરડે એને લીંબડો ખવડાવે પહેલો. એટલે ખબર પડે કે આને ચડ્યું છે કે નહિ ઝેર. એ ચાવે અને કડવું ન લાગે, મીઠું લાગે તો સમજવું કે ઝેર ચડી ગયું છે. સર્પના ઝેર જેને ચડ્યા તેને કડવા લીંબડા મીઠા લાગે. આહા..હા..! એમ જેને મિથ્યાશ્રદ્ધાના ઝેર ચડી ગયા છે એને આ પુણ્યના ફળ રાગ અને શેઠાઈ મીઠા લાગે. આવી વાતું છે, પ્રભુ! આહા..હા..! અરેરે!

અહીં તો એકદમ જન્મ-મરણરહિત કેમ થાય? મારો નાથ અંદર બિરાજે છેને. આહા..હા..! આનંદનું દળ છે, શાંતિનો સાગર છે. અનંત શક્તિનો સંગ્રહાલય, સંગ્રહ કરીને સ્થાન-ધામ પડ્યું છે એ તો. આહા..હા..! અનંતગુણનું ગોદામ છે, અનંત સ્વભાવનો સાગર છે. એવા પ્રભુને હું અવલંબ્યો છું અને ચારિત્ર પ્રગટ થયું છે કહે છે મને રમણતા અંદરમાં. હવે પૂર્વના કર્મના ફળ ઝેર જેવા એને હું છોડવા માગું છું, એને હું ભોગવવા માગતો નથી. શાતાવેદનીય બંધાણી અને આમ ઢગલા દેખાય. આહા..હા..! પાણી માગે ત્યાં મોસંબીના પાણી આવે, શેરડીના રસ આવે. પાણી લાવો (એમ કહે) ત્યાં શેરડીના રસ આવે. શું છે પણ આ?

અહીં ન આપણે થયું? આપણે ચીમનભાઈને ન થયું? બરવાળાવાળા ચીમનભાઈ ગુજરી ગયાને. બહેન ત્યાં ગયા હશે દીકરીને ત્યાં. ધીરૂભાઈને ત્યાં. એણે પાણી આપ્યું કાંઈક મોસંબી કે એવું કાંઈક. હવે એ પાણી પીધુંને. ચીમનભાઈ બરવાળાવાળા. હાર્ટફેઈલ. આહા..હા..! અહી બહુ રહેતા અને વારંવાર કહેતા અરે! પેટે પાટા બાંધીને પણ આ સાંભળવું છોડશો નહિ, ભાઈ! એમ કહેતા. ઉંમર નાની હતી કાંઈક ૬૪ વર્ષ કે ૬૨ હતી. અહીં જ રહેતા. એની દીકરી તો એક બાળબ્રહ્મચારી છે. બાળબ્રહ્મચારી દીકરી છે. ઘેલાશાના કહેવાય છેને બરવાળા ઘેલાશાના. એ આમ કહેતા બિચારા હોં! અરે! ભાઈઓ! પેટે પાટા બાંધીને, પૈસા ન હોય, ખાવા ન મળે, પેટે પાટા બાંધીને પણ આ સાંભળજો હોં આ છોડશો નહિ એમ કહેતા. હાર્ટફેઈલ થઈ ગયું. આહા..હા..! એનો દીકરો તો અહીં પરણ્યો છેને. મનસુખભાઈનો. એની ફઈની દીકરી. આહા..હા..! નિરંજન. એ તો આવું બોલતા લ્યો. આહા..હા..! ત્યાં તો સાધન હતું. ઝવેરાતનો ધંધો સુરતમાં. છોકરો ધંધો કરે છે. ઝવેરાતનો ધંધો છે ત્યાં. પણ આમ બોલતા હોં, અરે! ભાઈઓ! આવી વાત ક્યાંય સાંભળવા મળે નહિ બાપુ, ભૂખ લાગી હોય અને પેટે પાટા બાંધજો હોં. પેટમાં ન મળે અનાજ તો પાટા બાંધીને પણ સાંભળજો આ! એમ કહેતા બિચારા. આહા..હા..!

નવનીતભાઈ એમ કહેતા, અરેરે! આવી સમકિતની વાત! એ તો શેઠિયા માણસ. નવનીતભાઈ ગુજરી ગયાને. બે લાખના મકાન છેને. બહેન છેને ઘરેથી અહીંયાં. ૫૦-૬૦ લાખ રૂપિયા હશે. તે એમ કહેતા કે સમકિતની વાત આવી ક્યાંય છે નહિ. એ તો મોટા શેઠિયા હતા. આહા..હા..! અને મૂળચંદભાઈ એમ કહેતા તલાટી. એ ગુજરી ગયા. આ આવી વાત ક્યાંય સાંભળવા મળે એવી નથી ક્યાંય, મહારાજ! એમ કહેતા બિચારા લ્યો! વયા ગયા દેહ છોડીને જાઓ. આહા..હા..! માણેકલાલ એને બહુ પ્રેમ બિચારાને. મૂળચંદભાઈથી નાના હતા માણેકલાલ. એને હાર્ટફેઈલ થઈ ગયું. એને બહુ પ્રેમ હતો બિચારાને. અહીં કાયમ રહે. દેહની સ્થિતિ બાપુ ક્યારે પૂરી થશે? એ તો એનો સમય આવશે ત્યારે છૂટી જશે ફડાક દઈને. એ તો સંયોગી ચીજ છે. .. સંયોગીભાવ કહ્યા છે પ્રભુએ. આ તો પર છે, પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવને પ્રભુએ સંયોગીભાવ કહ્યો છે. કેમકે સંયોગના લક્ષે

ઉત્પન્ન થાય એ આત્માનું સ્વરૂપ નહિ. આહા..હા..!

અહીં કહે છે એ ૧૪૮ પ્રકૃતિ. આવશે. આ થોડું થોડું એનું લેશું. ઓલાનું ૪૯ ભંગનું બહુ ટૂંકું કરી નાખ્યું હતું. '**કર્મરૂપી વિષવૃક્ષના ફળ...**' આહા..હા..! અરેરે! આહારક શરીર બંધાણું હોયને પ્રભુ! મુનિ છેને. નામકર્મ જસકીર્તિ બંધાણી હોયને. યશકીર્તિથી આમ આબરૂ... આબરૂ... આબરૂ... આબરૂ... જ્યાં હોય ત્યાં વખાણ... વખાણ... થાય. અરેરે! એ તો કહે છે કે વિષવૃક્ષના ફળ છે ઈ. મારો નાથ આનંદનો એનું ફળ એ નહિ. આહા..હા..! કહો, શાંતિભાઈ! આ ઝવેરાતમાં તમારે છેને હોંગકોંગ. ક્યું ગામ કહેવાય? હોંગકોંગ. મધુ ત્યાં છેને હોંગકોંગ. કહે છે કે હું તો પૂર્વે કોઈ શુભભાવથી કે અશુભભાવથી જે કર્મની પ્રકૃતિ બંધાયેલી હવે હું એના ફળને ઉદયદાન વિના, એના લીધા વિના એ ભોગવ્યા વિના વયા જાવ. આહા..હા..! ભાષા દેખો!

'**मम भुक्तिम् अन्तरेण एव**' એનો અર્થ કર્યો સંસ્કૃતમાં. કાલે રાતે બતાવ્યું હતું. રાતે. '**મારા ભોગવ્યા વિના જ...**' એટલે કે કર્મની પ્રકૃતિ તો પડી છે. પૂર્વે ભાવ કર્યા હતા એનું ફળ... એવું સંસ્કૃતમાં છે. ઉદયદાન વિના, ઉદયદાન વિના. એ કર્મનો જે ઉદય છે એ દાન આપે છે. રાતે આવી હતી વાત, નહિ? રાતે. સંસ્કૃત ટીકામાં છે. રાતે કહ્યું હતું. આહા..હા..! કાઢ્યું હતુંને. શું છે આ? .. ૩૭ છે... શબ્દ છેને '**भुक्तिम् अन्तरेण**' એનું સંસ્કૃત કર્યું છે. '**भुक्तिम् अन्तरेण**' ઉદયદાન વિના. એ કર્મના ઉદયનું ફળ આવે દાન એ વિના ખરી જાઓ, મારે જોતું નથી. આહા..હા..! શાંતિભાઈ! આ તો શાતાનો ઉદય આવે એટલે નિરોગી શરીર. અમે ૬૦ વર્ષ સુધી કોઈ દિ' સુંઠ પણ ચોપડી નથી. પણ એમાં ધૂળમાં શું છે? એ તો ધૂળ છે. શાતાનો ઉદય હોય તો રોગ ન થયો હોય એમાં પણ (છે શું?). અહીં તો કહે છે કે શાતાના ઉદયમાં નિરોગતા રહે એ ફળ મારે જોતું નથી. આહા..હા..! એય..! આવી વાતું છે. દુનિયાથી જુદી જાત છે, બાપુ!

આ તો વીતરાગ જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ નમો અરિહંતાણં જેને અરિહંતપદમાં વાણી હોય છે. નમો સિદ્ધાણં પછી એને વાણી હોતી નથી. એ તો સિદ્ધ એકલા અશરીરી. નમો સિદ્ધાણં તો અશરીરી. ચોવીસ તીર્થંકરો એ બધા નમો સિદ્ધાણંમાં છે અત્યારે અને આ ભગવાન બિરાજે એ નમો અરિહંતાણંમાં છે, હજી ચાર કર્મ બાકી છે, શરીર છે, વાણી છે. આહા..હા..! એ ભગવાનની વાણી એમ કહે છે કે ધર્મી જીવ વર્તમાન, ભૂત, ભવિષ્યના પુણ્ય-પાપથી તો નિવર્ત્યો છે કરવાની અપેક્ષાએ, પણ પૂર્વે જે કાંઈ પુણ્ય-પાપના ભાવ થયા અને એના કર્મ બંધાણા. આહા..હા..! એ જશોકીર્તિ બંધાણી અંદર. જશ વ્યાપે જગતમાં. આહા..હા..! કહે છે કે એ કર્મનું ફળ ઝેરના ઝાડના ફળ છે એ, મારું ફળ નહિ. મારું ફળ તો અતીન્દ્રિય આનંદનું વૃક્ષ હું છું. એમાં એકાગ્ર થવાથી અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એ મારું ફળ છે. અરેરે! ભાષા ભાષાએ ફેર. વાતે વાતે ફેર. કહ્યું નહોતું? 'આનંદ કહે પરમાનંદા માણસે

માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક તાંબિયાના તેર.' આવે છેને ભાઈ! ગોસળિયાજી! એમ ભગવાન એમ કહે છે, પ્રભુ! તારે અને મારે બહુ ફેર છે, ભાઈ! આહા..હા..! વાતે વાતે ફેર, નાથ! તારી શ્રદ્ધા અને અમારો માર્ગ બેય જુદો છે આખો. આહા..હા..! અરેરે! એને કાને ન પડે, સાંભળવા ન મળે. એ ક્યારે રસ્તે જાય અને ક્યારે કુરસ્તો મૂકે? આહા..હા..!

અહીં તો આચાર્ય મહારાજ ભાવસંતી સંત છે, નગ્ન દિગંબર છે, જંગલમાં વસે છે, વસ્ત્રનો ટૂકડો પણ જેને ન હોય. આહા..હા..! એવી જેની બાહ્યની દિગંબર દશા હોય છે, અંદરમાં જેને અતીન્દ્રિય આનંદની છોળું ઉઠતી હોય છે, એ એમ કહે છે કે અમને હવે પૂર્વે ભૂલથી ભૂલો કરેલી પુણ્ય-પાપની. આહા..હા..! અમે ભગવાનને ભૂલીને ભૂલો કરેલી. આહા..હા..! એના બંધન તરીકે પ્રકૃતિ પડી છે આઠ કર્મની ૧૪૮. '**भुक्तिम् अन्तरेण**' એ ઉદયના દાન વિના-એ ઉદયના ફળ વિના ખરી જાવ. અમારે કામ નથી જોતું. આહા..હા..! એવી વાતું છે. સારા કર્મના ફળનો ઉદય હોય તો એમ કહે કે અમને પૂર્વના પુણ્ય ફળ્યા છે, બાપા! આહા..હા..! છોકરા કહ્યાગરા, વહુરુ સારા ઘરની પૈસા લઈને આવે. આહા..હા..! છોકરાના છોકરા પાછા વકીલો અને મોટા ડોક્ટરો પાંચ-પાંચ, દસ હજાર પેદાશ થાય મહિને. પુણ્ય ફળ્યા છે અમારે. ધૂળ.

**શ્રોતા :-** ફસાઈ ગયો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફસાઈ ગયો છે. આહા..હા..!

અહીં ધર્મી જીવ એમ કહે છે, અમે પૂર્વે ધર્મના ભાન વિના જે કાંઈ પુણ્ય અને પાપ થયેલા એનું ફળ તો કર્મબંધન છે પણ એ કર્મબંધનના ફળ આપ્યા વિના અમને ભોગવ્યા વિના ખરી જાવ એ. આહા..હા..! પહેલી કર્મચેતનાની વાત હતી, આ કર્મફળચેતનાની છે. ત્રણ પ્રકારની ચેતના છે—એક પુણ્ય-પાપમાં એકાગ્ર થવું એ કર્મચેતના વિકારીભાવ એટલે કાર્યચેતના અને કર્મના ફળને ભોગવવું, રાગ-દ્વેષનું ભોગવવું, હરખ-શોકનું ભોગવવું એ કર્મફળચેતના ઝેર અને ત્રીજી એ બેય વિના આત્માના આનંદમાં જ્ઞાનનું ચેતવું (એ જ્ઞાનચેતના.) '**भुक्तिम् अन्तरेण**' ખરી જાવ.

'**હું (મારા) ચૈતન્યસ્વરૂપ આત્માને નિશ્ચળપણે સંચેતું છું—**' આહા..હા..! હું તો મારો ચૈતન્યસ્વભાવ જાણવું-દેખવું એવું મારું ત્રિકાળી સ્વરૂપ, સર્વજ્ઞ સર્વદર્શી સ્વભાવવાળો હું એ મારા આત્માને ચેતું છું. આહા..હા..! '**નિશ્ચળપણે સંચેતું છું—અનુભવું છું.**' વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૯, શનિવાર, તા. ૦૫-૧૧-૧૯૭૭, કળશ-૨૩૦, પ્રવચન નં. ૫૦૦

સમયસાર, સર્વવિશુદ્ધ અધિકાર. ભાવાર્થ છે. ૨૩૦ કળશનો ભાવાર્થ. '**જ્ઞાની કહે છે કે—**' એટલે શું? જેને આ આત્મા, પુણ્ય-પાપના વિકલ્પની દશા એનાથી ભિન્ન સ્વરૂપનો અનુભવ થવો, જે છતી વસ્તુ છે, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદથી ભરેલો સ્વભાવ છે એની સન્મુખ થઈને, નિમિત્તો અને વિકલ્પો અને પર્યાય એ ત્રણથી વિમુખ થઈને, ત્રિકાળી સ્વભાવની સન્મુખ થઈને અંતરમાં રાગની એકતા તૂટી અને સ્વભાવની એકતા પ્રગટ થાય તેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એને જ્ઞાની અને ધર્મી કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** વ્યાખ્યા આપી હતી ઘણી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આટલી શરતું છે, બાપુ! આહા..હા..!

**શ્રોતા :-** જ્ઞાન કરે તે જ્ઞાની.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલે કે જ્ઞાની... જ્ઞાન એટલે શું પણ? આ આત્મા ચૈતન્યસ્વરૂપ જ ત્રિકાળી છે એની સન્મુખ થઈને, એને પડખે જઈને જે રાગ દયા, દાન આદિ વિકલ્પ અને એને જાણવાની વર્તમાન દશા એનાથી વિમુખ થઈને... આહા..હા..! ઝીણી વાત બાપુ! ધર્મ ઝીણો છે બહુ અને એનું ફળ પણ અનંત છે. અનંત આનંદ અને સાદિઅનંત આનંદ. આહા..હા..! અનંતકાળનો દુઃખી પ્રાણી એ પોતે પોતાના સ્વરૂપને ભૂલી અને શુભ-અશુભરાગ, એનું બંધન અને એનું ફળ એ મારા છે એમ માનીને મિથ્યાદૃષ્ટિ પરિભ્રમણ કરતો થાકતો નથી. આહા..હા..! એ અહીં કહે છે, પોતાની ચીજ જે છે અંદર નિત્ય રહેનારી,... એક સમયમાં પલટો ખાય છે એ તો પર્યાય છે અને પર્યાય ઉપર જ્યાં સુધી દૃષ્ટિ છે ત્યાં સુધી રાગના ઉપર લક્ષ એનું વિશેષ જાય છે અને તેથી તેને પોતાનું સ્વરૂપ માનીને મિથ્યાદૃષ્ટિપણું સેવે અને માને છે. આહા..હા..! આવી વાત છે. ગુલાંટ ખાય છેને જ્યાં. આહા..! વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ. પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ ભગવત્સ્વરૂપ આત્મા અંદર એનો આશ્રય કરે અને એક સમયની વર્તમાન પર્યાય અને રાગનો આશ્રય છોડે ત્યારે તેને ધર્મદશા, જ્ઞાનદશા પ્રગટ થાય. આહા..હા..! સમજાય છે કાંઈ?

એ '**જ્ઞાની કહે છે કે—**' હવે જ્ઞાની કહે છે એટલે કે જ્ઞાની જાણે છે કે '**જે કર્મ ઉદયમાં આવે છે...**' પૂર્વે બાંધેલું જે કર્મ છે એ ઉદય નામ પ્રગટ થાય છે સત્તામાંથી, સત્તામાં પડ્યું છે એમાં પ્રગટ થાય છે. આહા..હા..! એ '**તેના ફળને હું જ્ઞાતા-દૃષ્ટાપણે જાણું-દેખું છું,...**' તેને હું જાણું-દેખું છું કે એ રાગ થયો કે વિકારનો ભાવ એને હું જાણું-

દેખું છું. મારામાં તે પુણ્ય-પાપના રાગને, કર્મના ફળને મારામાં મેળવતો નથી. આહા..હા..! આવી વાત છે. અરે! બહારની જંજાળમાં ચોંટી ગયો છે અનાદિથી. સાધુ થાય તોપણ અંદર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એમાં એની રુચિમાં પડ્યો અને એના વર્તનમાં એમ માને કે હું ધર્મનું વર્તન કરું છું. આહા..હા..! એ પણ મિથ્યાદૃષ્ટિ છે. અહીંયાં તો તે રાગથી, રાગ તો કૃત્રિમ, ક્ષણિક, વિકાર, ઉપાધિ છે. એનાથી ભિન્ન ભગવાન આત્મા નિરૂપાધિ સ્વભાવ. અરે! પ્રભુ! શું છે? એકલો અતીન્દ્રિય આનંદનું દળ છે એ.

દળ સમજાય છે? પહેલાં દળના લાડવા થાતાં દિવાળીએ. ઘઉંના લાડવા દળમાં ઘી નાખીને. આ તો આનંદના દળનો લાડવો છે. આહા..હા..! અરે! એની નજરુંમાં એ આવે નહિ. એવડું મોટું અસ્તિત્વ છે... છે... છે... એને છે એને છેના વિશ્વાસ આવે નહિ. આહા..હા..! અને બહારની દૃષ્ટિઓ બધી. પુણ્ય અને પાપના વિકલ્પો, એનું બંધન અને એનું ફળ આ બધું પુદ્ગલની બધી છાયા, દુશ્મનનો બધો પરિવાર. આહા..હા..! એમાં પોતાપણું માનીને અનાદિથી અટકી ગયો છે, રોકાયેલો છે એનું નામ મિથ્યાદૃષ્ટિ છે. ચાહે તો જૈનનો સાધુ થયો હોય. આહા..હા..! પણ એ પર તરફના વલણવાળા શુભ-અશુભભાવમાં પોતાપણું માનવું અથવા એનાથી લાભ માનવો અને જેનાથી લાભ માને એ ચીજ પોતાની માને તો જ લાભ માની શકે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવું છે. એ શુભ અને અશુભભાવમાં મારો લાભ થશે મને, વ્યવહારરત્નત્રય જે શુભરાગ એનાથી મને લાભ થશે. તો જેનાથી લાભ થાય એની માન્યતા પોતાની જ થઈ એને. આહા..હા..! માર્ગ જિનેન્દ્રનો બહુ ઝીણો, બાપુ! આહા..હા..! એને અંતરમાં તેનો ભાવ તેની રુચિ છોડી અને ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ ધ્રુવસ્વરૂપ છે, ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... છે... છે... છે... છે... છે... છે... અનાદિઅનંત પ્રભુ ચૈતન્ય આનંદકંદ છે... છે... છે... છે... તેમાં બદલવું પણ નથી, તેમાં અપૂર્ણતા પણ નથી, તેમાં વિકૃતતા પણ નથી. આહા..હા..! ભગવાનજીભાઈ! આવી વસ્તુ છે, બાપા! આહા..હા..! મારીને સ્મશાનના લાડવા બહારના બધા. આ સ્મશાનમાં લાડવો નથી ચડાવતા લાડવો? મરી જાય પછી. એમ આત્માને મારી નાખ્યો રાગને પોતાનો માની. આહા..હા..! એને પર્યાયમાં ઘાયલ કરી નાખ્યો. વસ્તુ તો છે ઈ છે.

શું કીધું ઈ? જે દ્રવ્ય છે એ તો ઘાયલ પણ થાતું નથી, ઉણું થાતું નથી, વિપરીત થતું નથી. આહા..હા..! એવો ભગવાન દ્રવ્યસ્વભાવ, પદાર્થસ્વભાવ, વસ્તુસ્વભાવ ત્રિકાળ એમાં તો ઘાયલ પણ નથી અને વૃદ્ધિ નથી અને અશુદ્ધતા પણ નથી. આહા..હા..! જે એના સ્વભાવથી વિરુદ્ધ અને અન્ય ભાવ છે, જે એનો ત્રિકાળી આનંદ અને જ્ઞાનસ્વભાવ છે તેનાથી અન્ય અને વિરુદ્ધ ભાવ છે પુણ્ય-પાપ અને પુણ્ય-પાપના ફળ આ બધા.. આહા..હા..! એમાં ક્યાંય પણ મારાપણું માનીને ઊભો છે એણે ચૈતન્યનું મારાપણું દૃષ્ટિમાંથી છોડી દીધું છે. શાંતિભાઈ! ભારે કામ બાપુ આવું. આહા..હા..!

આવું તો બાવો થઈ જાય તો સમજાય એમ કહે. અમારે એમ કહેતા ઓલા નહિ? ધનબાદના અમૃતલાલ. ભાઈ! તું બાવો જ છો, ભાઈ! તારા સ્વરૂપમાં તો રાગનો અભાવ, તો પરનો અભાવ તું બાવો જ છો. આહા..હા..! તને તારી ચીજની કિંમતું નથી. એને તેં જાણ્યો (નથી), તેં તને જાણ્યો નથી. આહા..હા..! અને એના વિના બધી મહેનતું ભક્તિ ને પૂજા ને દયા ને દાન ને વ્રત ને એ બધા રાગના ભાવ. આહા..હા..! તેના પ્રેમમાં પ્રભુનો જેને પ્રેમ છૂટી ગયો છે અનાદિથી. આહા..હા..! એ જ્યાં અંદર પ્રભુની લગની લાગી છે અંદર... આહા..હા..! અનંત આનંદ અને અનંત જ્ઞાનનો સાગર પ્રભુ હું, એવી અંતરમાં શક્તિમાંથી વ્યક્તતા સમ્યગ્દર્શનની થઈ છે એની સાથે અનંતગુણનો અંશ વ્યક્ત પ્રગટ થયો છે એને અહીંયાં ધર્મી અને જ્ઞાની અને સમકિતી કહીએ. આહા..હા..!

એ જ્ઞાની માને છે કે '**કર્મ ઉદયમાં આવે છે તેના ફળને હું જ્ઞાતા-દૃષ્ટાપણે જાણું-દેખું છું,...**' પણ આમાં એક જરી ફેર કરશે. ભાઈ! જ્ઞાતા-દૃષ્ટાપણું તો ચોથેથી છે અને અહીંયાં તો ચારિત્રનો અધિકાર છે. સમજાણું કાંઈ? તો કહે છે કે તેને હું દેખું છું '**તેનો ભોક્તા થતો નથી,...**' એ વાત સાચી. પરમાર્થે જ્ઞાની રાગનો વિકલ્પ આવે શુભ કે અશુભ એનો કર્તા પણ નથી, એનો ભોક્તા પણ નથી. '**માટે મારા ભોગવ્યા વિના જ તે કર્મ ખરી જાઓ;...**' એ દુશ્મન આવ્યા સામે દેખાવ, મેં જોઈ લીધું એનું, ખરી જાવ હવે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**હું મારા ચૈતન્યસ્વરૂપ આત્મામાં...**' મારો નાથ ચૈતન્યસ્વભાવી પ્રભુ જેનો સ્વભાવ જ જાણવું-દેખવું છે. ત્રણકાળ ત્રણલોકના પદાર્થને પરજ્ઞેય તરીકે પોતાના જ્ઞાનમાં જાણવા તરીકે જાણનાર એ તો છે. આહા..હા..! કોઈ પરજ્ઞેયને પોતાનું માને તેવું એનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**હું મારા ચૈતન્યસ્વરૂપ આત્મામાં લીન થયો થકો તેનો દેખનાર-જાણનાર જ હોઉં.**' હવે અહીં એકાંત કોઈ પકડી લે કે ચોથે અને પાંચમે પણ બસ જાણનાર-દેખનાર છે, એને રાગ છે જ નહિ, એનો ખુલાસો કરે છે. સમજાણું કાંઈ? જાણનાર-દેખનાર છે ખરો, પણ એને હજી આસ્રવના ભાવ સમ્યગ્દૃષ્ટિને, પાંચમા શ્રાવકને અને છઠ્ઠા ગુણસ્થાન મુનિને રાગ આવે છે, જાણનાર-દેખનાર છે પણ હજી અસ્થિરતા પણ છે એને જાણે-દેખે છે, પણ અસ્થિરતા છોડી નથી. આહા..હા..! એ કહે છે.

'**અહીં એટલું વિશેષ જાણવું કે—અવિરત,...**' ચોથે ગુણસ્થાને. અવિરત ચોથા ગુણસ્થાનમાં ધર્મની પહેલી સીઢી ચોથું ગુણસ્થાન સમ્યગ્દર્શનમાં અવિરતિ છે ઈ. હજી પર્યાયમાં રાગની વિરતિ થઈ નથી, છૂટ્યો નથી. રાગની એકતા તોડી છે, પણ રાગની અસ્થિરતા છૂટી નથી. એને અહીંયાં અવિરતિ સમ્યગ્દૃષ્ટિ કહે છે. અરેરે! આવી વાતું! એને '**દેશવિરત...**' એથી આગળ જઈને જેને શાંતિ આનંદની વૃદ્ધિ થઈ છે, પણ હજી અસ્થિરતાના ભાવો રાગના છે. પાંચમે ગુણસ્થાને સાચા શ્રાવકને હોં! '**તથા પ્રમત્તસંયત દશામાં...**' મુનિને

છઠ્ઠે ગુણસ્થાને આહા..હા..! જેની બાહ્ય દશા નગ્ન છે, અંતર દશામાં પંચમહાવ્રત આદિના વિકલ્પ ઉઠે છે અને તેની અંતર દશા તો વિકલ્પથી રહિત, ત્રણ કષાયના ભાવથી રહિત જેની મુનિપણાની પ્રચુર આનંદના વેદનની દશા જેની થઈ છે, પણ હજી પ્રમત્તપણું ત્યાંથી છૂટ્યું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી જવાબદારી! અને કેટલી શરતું! આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..!

એ '**પ્રમત્તસંયમ દશામાં તો આવું જ્ઞાન-શ્રદ્ધાન જ પ્રધાન છે,...**' ચોથે-પાંચમે-છઠ્ઠે તો જાણવું અને શ્રદ્ધવું એ જ મુખ્ય છે. અસ્થિરતા ત્યાં છે હજી. સમજાણું કાંઈ? આહા..હા..! અસ્થિરતા તો મુનિ સાતમે ગુણસ્થાને જાય ત્યારે એ અસ્થિરતા છૂટી જાય. આહા..હા..! છઠ્ઠું અને સાતમું શું કહેવું? સાચા સંત હોય જે ભાવલિંગી એને તો ક્ષણમાં છઠ્ઠું અને ક્ષણમાં સાતમું આવે એવી દશા (હોય). આહા..હા..! એ તો સંત તેને કહીએ જૈનના. બીજામાં તો એ હોઈ શકે નહિ. આહા..હા..! જૈનના સંત એને કહીએ કે જે અતીન્દ્રિય આનંદને ઝૂલે ઝૂલતો હોય છે. શું કહેવાય તમારું? પારણું-પારણું. ભૂલી જઈએ છીએ. પારણું હોય છેને? એ મુનિ તો અતીન્દ્રિય આનંદના ઝૂલે ક્ષણમાં સપ્તમું, ક્ષણમાં છઠ્ઠું એવી દશાવાળા. અરે! આહા..હા..! એ મુનિને છઠ્ઠા ગુણસ્થાન સુધી જાણવા-દેખવાની મુખ્યતા છે. હજી અસ્થિરતા ટળી નથી. આહા..હા..! આમાં બધા વાંધા ઉઠ્યા છેને. જ્ઞાનચંદજી અને શેઠિયા તરફથી. કાલે એક કાગળ આવ્યો હતો. મુમુક્ષુ ગયા હતા એની પાસે પણ એ જાણપણાવાળો ગામમાં એ હતો અને એ વાંચતો હતો. હવે એને શલ્ય ગરી ગયું છે શેઠિયાને. સમકિતી હોય એને દુઃખ હોય જ નહિ, રાગ હોય જ નહિ. આહા..હા..! ભાઈ! કઈ અપેક્ષાએ વાત છે? એ રાગ થાય છે તેનો જાણનાર છે એ અપેક્ષાએ રાગ નથી, પણ છે એટલી અસ્થિરતા એને છે, એટલું જ્ઞાનીને પણ દુઃખ છે. આહા..હા..! જેટલો મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે એ પણ દુઃખ છે, આસ્રવ છે, ભાઈ! ત્યાં આત્માના આનંદની પૂર્ણતાનો એમને અભાવ છે. આહા..હા..! એથી તે દશામાં પાંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિનો રાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વિનયનો ભાવ એને એ હોય છે એ શુભરાગ. એટલો દોષ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ છઠ્ઠા સુધી '**જ્ઞાન-શ્રદ્ધાન જ પ્રધાન છે, અને જ્યારે જીવ અપ્રમત્ત દશાને પામીને...**' આહા..હા..! અંતર આનંદમાં લીન થઈ જાય છે મુનિ. અંતર સ્વરૂપમાં લીન થઈ જાય-અપ્રમત્તદશા. એ મુનિને અપ્રમત્તદશા તો ક્ષણે ક્ષણે આવે જ. સાચા સંત જેને જૈનદર્શનના સંત કહીએ, વીતરાગ પરમાત્માના સાધુ કહીએ એને તો ક્ષણમાં સાતમું અને ક્ષણમાં છઠ્ઠું એવી ભૂમિકા હજારો વાર આવે. પણ અહીં તો કહે છે કે જ્યાં સુધી છઠ્ઠા ગુણસ્થાનમાં તો જાણવા-દેખવાની પ્રધાનતાથી એનો જ્ઞાતા-દૃષ્ટા કીધો છે, પણ સ્થિર થયો નથી હજી અંદર. આહા..હા..! કહો, આ મોટા વાંધા છે. શાંતિભાઈ! તમારા દિલ્હીમાં આ મોટા વાંધા ઉઠ્યા છે. મિત્રસેનજી દિલ્હીમાં રહે છેને? એ બધા વાંધા ઉઠ્યા છે. જ્ઞાનચંદજી,

જયકુમાર પહેલાં તો બહુ આવતા. હમણા અંદર શલ્ય ગરી ગયું છે શેઠિયા તરફથી. દિપચંદજી શેઠિયા એણે એમ કહ્યું કે જ્ઞાનીને દુઃખ હોય નહિ. ઓલામાં આવ્યું છેને સોગાની, સોગાનીમાં. દ્રવ્યદષ્ટિપ્રકાશ. એમાં આવ્યું છે કે જ્ઞાનીને પણ શુભભાવ ભઠ્ઠી છે. એ ન રુચ્યું એને. અહીં તો કહે છે કે બાપુ! જેટલા પંચમહાવ્રતના પરિણામ છેને, ભાઈ! તને આકરું લાગે, એ રાગ છે અને 'રાગ આગ દહે સદા તાતૈ સમામૃત સેઈએ.' એ રાગ પણ આગ છે, કષાયનો આગ છે. ભાઈ! તને ખબર નથી. એ દયા, દાનનો વિકલ્પ છે, અરે! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ રાગ અને આગ છે. અરેરે! છ ઢાળામાં આવે છે. 'રાગ આગ દાહ દહે સદા.' આહા..હા..! એને એમ કે જ્ઞાની થયો એટલે પછી એને રાગ દુઃખ હોય જ નહિ, રાગ હોય નહિ. આવું અટક્યું. જતા જતા અટકે ત્યાં અટક્યું. આહા..હા..! આવી વાત છે.

એહીં કહે છે કે છઠ્ઠા ગુણસ્થાન સુધી.. મુનિ સાચા હોં! અમથા લૂગડા ફેરવીને નગ્ન થઈ જાય એ કાંઈ સાધુ નથી. ઝીણી વાત તો છે, બાપા! અને આ લૂગડાવાળા સાધુ તો સાધુ છે જ નહિ. જૈનદર્શનના પંથમાં એ છે જ નહિ. ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? સ્યાદ્વાદ માર્ગ છેને પ્રભુનો. એમ બહુ નાખે છે. ભગવાનનો સ્યાદ્વાદ માર્ગ છે. કથંચિત્ એમ પણ હોય, કથંચિત્ એમ પણ હોય. એમ ન હોય, ભાઈ! સ્યાદ્વાદ તો એમ કે એકવાર એમ કહેવું કે છઠ્ઠે પોતે જ્ઞાતા-દૃષ્ટા છે અને એક બાજુ એમ કહેવું કે એને પણ હજી આસ્રવભાવ છે, એ સ્યાદ્વાદ છે. આહા..હા..! બીજી રીતે કહીએ તો જ્ઞાનીને પણ રાગ આવે, વ્યવહાર છે. નિશ્ચયનયનો વિષય અનુભવમાં છે છતાં હજી રાગ છે એ વ્યવહારનયનો વિષય છે. વિષય નથી તો એકાંતનય થઈ જાય છે. બીજી રીતે કહીએ તો એ દયા, દાન અને વ્રતના પરિણામ એ વ્યવહાર એ નિશ્ચયનું કારણ છે, એ સ્યાદ્વાદ છે એમ નથી. આહા..હા..! આવી વાતું હવે ક્યાં નવરાશ ન મળે ઘરના ધંધા અને પૈસા આડે. આહા..હા..!

આ મરતા મોઢા ફાટ્યા ચાલ્યા જશે. આહા..! જેણે ચૈતન્ય ભગવાન આત્મા એનો અનુભવ કર્યો નથી, દૃષ્ટિ કરી નથી, 'હું એક રાગ વિના પૂર્ણાનંદનો નાથ છું' એવા સંસ્કાર રેડ્યા નથી, એ મરતા ભીંસમાં ભીંસાઈ જશે. એ રાગ અને પુણ્યના પરિણામમાં મહાવીર.. મહાવીર કરે ભલે, પણ એ તો રાગ છે. આહા..હા..! એ રાગની ભીડમાં ભીંસાઈ જશે. ચૈતન્યને ભૂલી ગયો. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે અપ્રમત્તદશા. મુનિને અપ્રમત્તદશા થાય. તેને 'શ્રેણી ચડે છે...' તરત પછી તરત એમ. એવી અપ્રમત્તદશા કીધી. આમ તો અપ્રમત્ત આવે અને પાછો પ્રમત્ત થાય તો એ સાચી અપ્રમત્તદશા નથી. સાચા મુનિ છઠ્ઠે-સાતમે ઝૂલતા હોય છે આમ. આહા..હા..! શ્રીમદ્ એ ભાવના ભાવે છે એમાં જુઓને. 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં,' હતા ગૃહસ્થાશ્રમી, લાખોના વેપાર હતા, આત્મજ્ઞાન હતું, સમકિતી હતા શ્રીમદ્ રાજચંદ્ર. પછી ભાવના મુનિપણાની ભાવતા હતા. આહા..હા..! 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ

જો, અડોલ આસન અને મનમાં નહિ ક્ષોભતા.' શરીરનું અડોલ આસન એકલું નહિ, પણ મારા અંદરમાં અડોલ આસન થાય એમાં મનની ક્ષોભનાનો વિકલ્પ પણ નહિ. આહા..હા..!

'અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા.' આહા..હા..! 'જાણે મિત્રપણાનો જોગ જો.' એમ કીધુંને? 'પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.' શરીર મારું નથી અને શરીર મારે જોતું નથી અને સિંહ શરીર લેવા આવે તો એ સિંહ મારો મિત્ર છે. આહા..હા..! એ મુનિદશા, બાપુ! 'પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.' વાઘ આવે શરીર આમ આવીને (ફાડી ખાય) તો એ તો મારો મિત્ર છે. કેમકે શરીર કાંઈ મારે જોતું નથી, મારું છે નહિ અને એ લઈ જાય છે એ તો બરાબર છે. આહા..હા..! આવી જ્યાં સમતા ઘૂંટાઈ છે અંદર, વીતરાગભાવ જ્યાં ઘૂંટાઈ છે કહે છે અંદર એને અહીંયાં શ્રેણી ચઢે, આગળ વધે એવી દશાને રાગ ગણ્યો નથી, એને તો ચારિત્ર હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શ્રેણી ચડે ત્યારે આ અનુભવ સાક્ષાત્ હોય છે.**' અતીન્દ્રિય આનંદનું એકલું વેદન ચાલે જ્યાં. રાગ અબુદ્ધિપૂર્વક રહે, પણ અનુભવમાં તો આનંદ જ રહે. આહા..હા..! એને ચારિત્રની રમણતા કહીએ અને એને આસ્રવ અને બંધ નથી, એને પૂર્ણ આનંદ તરફના વલણમાં, જોરમાં ચાલ્યો જાય છે. આહા..હા..! એ જંગલમાં પર્વતમાં વાઘ અને સિંહની ત્રાડું વચ્ચે બેઠો હોય અંદર, જેને મનમાં ક્ષોભ નથી. શાંત... શાંત... શાંત... આનંદના ધામમાં રમતો રામ. આહા..હા..! એને અહીંયાં કર્મના ઉદયનું ફળ ભોગવવું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**(હવે ટીકામાં સકળ કર્મફળના સંન્યાસની ભાવનાને નચાવે છે :—)**' નચાવે છે એટલે પરિણમાવે છે. જરી ઝીણી વાત છે. ઓલા ૪૯ ભંગ તો છોડી દીધા, પણ આ જરી સમજવા જેવી વાત છે. '**હું (જ્ઞાની હોવાથી)...**' આહા..હા..! મેં તો મારો પ્રભુ આત્મા આનંદ અને જ્ઞાનનો સાગર છે એને મેં જોયો, જાણ્યો, અનુભવ્યો છે. આહા..હા..! એ જ્ઞાની એમ કહે છે કે જાણે છે (કે) '**મતિજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' આહા..હા..! પ્રભુ! મતિજ્ઞાનાવરણીય કર્મ છેને હજી તને? હો, અને તેના નિમિત્તમાં પોતાની જ્ઞાનની હીણી પર્યાય પણ હો, પણ તે હીણી પર્યાય નૈમિત્તિક અને જ્ઞાનાવરણીય નિમિત્ત બધો વ્યવહાર. આહા..હા..! હું એને છોડીને મારા રાગની હીણી દશાથી અધિક મારી દશા શુદ્ધ ચૈતન્ય એને અનુભવું છું. આહા..હા..! ઝીણું છે, ભાઈ! છેલ્લી ગાથાઓ છેને. આહા..હા..!

આઠ કર્મ પડ્યા છે અને એમાં જ્ઞાનાવરણીયકર્મની પાંચ પ્રકૃતિ છે—મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યયજ્ઞાનાવરણીય, કેવળજ્ઞાનાવરણીય. સમજાણું કાંઈ? એ પાંચેય પ્રકૃતિ છે હજી મુનિને પણ, જ્ઞાનીને પણ. તો કહે છે કે એ મતિજ્ઞાનાવરણીય કર્મ જે જડ છે તેનું ફળ જે મારામાં હીણી જ્ઞાનની દશા એ ઉપર મારું લક્ષ નથી હવે. આહા..હા..! મારું લક્ષ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન એના ઉપર છે. તેથી એ જ્ઞાનાવરણીયની હીણી દશાના ફળને પણ હું ભોગવતો નથી. આહા..હા..! એનાથી અધિક થયેલું મારું જ્ઞાન

તેને હું તો અનુભવું અને વેદું છું. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ? આખરની ગાથાઓ છેને. ૩૮૭-૮૮-૮૯. આહા..હા..!

હું એક ચૈતન્યનો પુંજ પ્રભુ, ચૈતન્ય મારું સ્વરૂપ ચૈતન્ય દ્રવ્ય, પણ એની ચેતના જાણવું-દેખવું એ ત્રિકાળી સ્વરૂપ. એનો હું અનુભવનારો. આહા..હા..! મતિજ્ઞાનાવરણીયનું નિમિત્ત અને તેના સંબંધમાં નૈમિત્તિક હીણી દશા એ બધો વ્યવહાર છે, તે હેય છે, તેથી તેના ફળને હું ભોગવતો નથી. આહા..હા..! હવે આવી વાતું. ઓલું તો સહેલુંસટ હતું. કરમેભંતિ સામાયિક.. તસ્સઉતરી કરણેણં... થઈ ગયો કાયોત્સર્ગ. ... એવું હતું, પણ બધાને એમ હતુંને. અમે પણ એમાં હતાને. આહા..હા..! માર્ગ બીજો બાપુ! ભાઈ! આહા..હા..! ધર્મ જ્યાં પ્રગટ થયો ધર્મી જીવને, ધર્મી એટલે પ્રભુ આત્મા અને એનો ધર્મ એટલે જ્ઞાન, આનંદ આદિ શાંતિ. એ જ્યાં પર્યાયમાં શાંતિ અને આનંદની દશાનું વર્તન આવ્યું... આહા..હા..! એ ધર્મી એમ કહે છે. કહે છે એ ભાષા છે. જાણે છે કે મતિજ્ઞાનાવરણીય પ્રકૃતિ પડી છે, તેનો ઉદય પણ છે અને એમાં એનો સંબંધ બેને થતાં હીણી દશા પણ છે, પણ તે હીણી દશાના ફળને હું ભોગવતો નથી. આહા..હા..! હું તો એનાથી અધિક ભિન્ન મારું ચૈતન્ય છે તેને હું અનુભવું છું. જુઓ, એ છેને? '**ભોગવતો,...**' નથી.

'**ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું...**' ઓલી હીણીદશાનું ફળ નહિ મારું કહે છે. આહા..હા..! રાગ તો નહિ, શરીર, વાણી, મન તો નહિ, પૈસા, આબરૂ, કીર્તિ, બાયડી, છોકરા તો નહિ... આહા..હા..! પણ કર્મનું નિમિત્ત છે. એ રાડું માણસ એ પાડે છે કે એને લઈને આમ થાય. આજે બહુ આવ્યું છે. કર્મને લઈને આત્મામાં આમ થાય. અરે! બાપુ! કર્મ જડ છે, બાપુ! ભાઈ! એને તું માથે ઢોળે છો. કર્મને લઈને વિકાર થાય એમ નથી. એ તો નિમિત્તમાત્ર છે. અને વિકાર તો તું કર તો તારા કારણે થાય છે. એ વિકારમાં પણ હીણી દશાનું પરિણમન મારું મારાથી છે એ પણ હવે હું નહિ. આહા..હા..! મારું પડખું હવે સ્વભાવની સન્મુખમાં ગયો છે. આહા..હા..! હું સ્વભાવને પડખે ચડી ગયો છું. હીણીદશા અને રાગના પડખાને મેં છોડી દીધું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ભાષા તો ઝીણી છે, બાપુ! અરે! આ તો વીતરાગ ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ આહા..હા..! અનંત તીર્થંકરો થઈ ગયા, વર્તમાનમાં વીસ તીર્થંકરો બિરાજે છે, અનંત તીર્થંકરો થશે, બધાનો આ માર્ગ એક પંથ આ છે. આહા..હા..! જન્મ-મરણના ભાવથી ઉદ્ધાર કરવો હોય તો એનો રસ્તો તો આ છે. આહા..હા..!

એ કર્મના ફળને '**ચૈતન્યસ્વરૂપ આત્માને જ...**' જોયું! ત્રિકાળી લીધો. ત્રિકાળી ચૈતન્યસ્વરૂપ આત્મા છે. મારી દૃષ્ટિ ત્યાં છે. ચૈતન્યસ્વરૂપ આત્મા. પર્યાયની વાત પણ લીધી નથી અહીં. આ ચૈતન્યસ્વરૂપ તરફ અનુભવવું છે પર્યાય, પણ એ ચૈતન્યસ્વરૂપ આત્મા ધ્રુવ તરફનું જે વલણ એ મારો અનુભવ છે. આહા..હા..! ઝીણી બહુ વાતું, બાપા! આહા..હા..!

'એ વાતું છે ઝીણીયું, લોઢા કાપે છીણીયું' એમ નથી કહેતા લોકો? લોઢાની છીણી હોય એ કાપે કે લાકડાની છીણી કાપતી હશે? આહા..હા..! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એ પરમેશ્વર જે થયા એ પરમેશ્વરપણું આવ્યું ક્યાંથી? કર્મના ખસવાથી આવ્યું? બિલકુલ નહિ. અને અપૂર્ણ દશા ગઈમાંથી આવ્યું? બિલકુલ નહિ. એ તો અંદરમાં પૂર્ણ ભર્યું છે એમાંથી આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ઝીણું પડેને એટલે પછી સોનગઢની વાતને લોકો એકાંત (કહે છે). સોનગઢની છે કે આ કોના ઘરની છે આ? આ સોનગઢનું છે? માર્ગ તો આ છે, બાપુ! આહા..હા..! એને પહેલું જ્ઞાનમાં નિર્ધાર-નક્કી કરવું પડશે. આહા..હા..! એ દુઃખી થઈ (રખડી રહ્યો છે). આહા..હા..!

'હું...' છે? 'હું...' તો પહેલું લીધું. '**ફળને નથી ભોગવતો,...**' 'હું...' '**ચૈતન્યસ્વરૂપ આત્માને જ...**' લ્યો ઠીક! મારો જે ત્રિકાળી ચૈતન્યસ્વભાવ મારો આત્મા એને હું સંચેતું છું. સંચેતું '**અર્થાત્ એકાગ્રપણે અનુભવું છું.**' આહા..હા..! '(**અહીં 'ચેતવું' એટલે અનુભવવું, વેદવું,...**' જુઓ, હું પૂર્ણ આનંદને વેદું છું. પૂર્ણ આનંદ ભરેલો એને વેદું (છું). વેદવાની પર્યાયમાં પૂર્ણતા ભલે ન હો, પણ પૂર્ણ આનંદથી ચૈતન્યસ્વરૂપ કહો કે આનંદસ્વરૂપથી આત્મા, આનંદ પૂર્ણ આનંદસ્વરૂપી આત્માને હું વેદું છું. આહા..હા..! વેદું છું એ પર્યાય છે, અવસ્થા વર્તમાન પણ ત્રિકાળી જે આનંદમૂર્તિ ભગવાન છે તેને આશ્રયે હું વેદું છું. આહા..હા..! '(**અહીં 'ચેતવું' એટલે અનુભવવું, વેદવું, ભોગવવું. 'સં' ઉપસર્ગ લાગવાથી,...**' 'સ' છેને? '**સંચેતન...**' '**એટલે એકાગ્રપણે અનુભવવું...**' સંચેતનનો અર્થ એ.

આનંદસ્વરૂપ પ્રભુ. ચૈતન્યસ્વરૂપ અહીં લીધું છે. એ ચૈતન્યસ્વરૂપની સાથે આનંદસ્વરૂપ, ચૈતન્ય કેમ લીધું છે? કે એ ચૈતન્યના જ્ઞાનનો અંશ પ્રગટ છે, આનંદનો અંશ પ્રગટ નથી પર્યાયમાં એથી એને ચૈતન્યસ્વરૂપ જે ત્રિકાળી છે તે હું છું, તેને અનુભવું છું. એમ ત્રિકાળી આનંદસ્વરૂપ હું છું. અતીન્દ્રિય આનંદનો સાગર ગંજ પડ્યો છે મોટો અંદર. આહા..હા..! ભર-ભર. ભર નથી કહેતા તમારે? ગાડું ભરે. ગાડું ભર ભર્યું, ભર ભર્યું એમ કહે. એમ ભગવાન તો અનંત આનંદ અને જ્ઞાનના ભરથી ભરેલો છે એ તો. આહા..હા..! રાંકને ઋદ્ધિની શી ખબર! કહો, મલુપચંદભાઈ! એના દીકરા કહેતા હતા અમદાવાદમાં. એની પાસે પૈસા પચાસ કરોડ. એ પૂનમચંદ મુંબઈ, બીજા નંબરનો એમનો દીકરો પાંચ કરોડ. પહેલા નંબરનો સ્વીત્ઝર્લેન્ડમાં ચાર કરોડ. દીકરો ન મળે એને ન્યાલચંદ એકલો. નવરો થાતો નથી અને એનો બાપ પણ કહેતો નથી કે ભાઈ હવે તો નવરો થઈને આવ. પણ એ માને નહિ ત્યાં. પણ કાંઈ નહિ. છોકરો નહિ. એક છોડી પરણાવી દીધી. કાંઈ ન મળે અને ચાર કરોડ રૂપિયા.

**શ્રોતા :-** આપની પાસે આવીને રોવે છેને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ મારી પાસે આવે તો રોવે. હું તો બરાબર કહું, બાપુ! પણ

મરી જાવું છે? પછી રોવે. અરે! મહારાજ! એને પૂનમચંદ અને એને ભાગમાં છે ધંધો મુંબઈમાં. તો પૂનમચંદને બેને વાંધા હતા બે ભાઈઓને. .. મહિના ૬૦ હજાર આપવા તને. એમ પૂનમચંદે મોટા ભાઈને આપ્યું. કાયમ અહીંયાં અત્યારે. એક દિવસના બે હજાર. મહિનાના ૬૦ હજાર રૂપિયા નક્કી કર્યા છે. એ મલુપચંદભાઈ કહેતા હતા. નાના ભાઈએ મોટાભાઈને એક મહિને ૬૦ હજાર આપવા. એ રીતે બાર મહિનાના ગણવા. તોપણ ધંધો છોડતો નથી. આ એનો કાકો રહ્યો.

**શ્રોતા :-** .. પૈસા આપે છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસા છે તો વ્યાજ ઊપજતું ન હોય ચાર કરોડ છે તે. આહા..હા..! મારી નાખે જગત. મીઠાશ બહુ વાત એ. બહારની મીઠાશ મોટપ. આહા..હા..! ન્યાલભાઈ... ન્યાલભાઈ... ન્યાલભાઈ... ઉંમર હજી ૫૫ વર્ષની અને પૈસા ચાર કરોડ રૂપિયા. દીકરો ન મળે એકેય. હવે કાંઈ થાય નહિ. ૫૫ વર્ષે શું થાય હવે? દીકરી છે તો પરણાવી દીધી છે.

**શ્રોતા :-** છોકરાને ખોળે બેસાડ્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ખોળે બેસાડ્યો છે નાનાને. નાનો જાતો નથી. નાનો કહે કે મારા પપ્પા તો આ છે. પૂનમચંદને બે છોકરા છે. નાનો આને ખોળે બેસાડ્યો છે. એ કહે મારા પપ્પા તો આ છે. આવી ને આવી બે ભાઈઓ વચ્ચે તકરાર. આહા..હા..!

નહોતું કહ્યું મેં એક ફેરી? વાવડીના મોહનભાઈ હતા. મોહન ત્રિકમ. એનો દીકરો નરોત્તમ. અમે તો બધા ૬૦-૬૪ વર્ષથી જાણીએને બધાને. સ્થાનકવાસીમાં તો ૨૧ વર્ષ અને ચાર મહિના તો એ રહ્યા છીએ અને એ સિવાય બધો સ્થાનકવાસીમાં તો ૪૫ વર્ષ રહ્યાને. ૪૩ વર્ષ તો અહીં થયા હવે. એ નરોત્તમ હતો વાવડીવાળા. અને મોટો ધંધો એ કરતો મુંબઈમાં. મોટી ઉંમર થઈ ગઈ અને નાનાભાઈ બે નાના હતા. પછી મોટી ઉંમર પોતાની થઈ ગઈ અને ઓલા નાની ઉંમરના. વહેંચવા વખતે કહે સરખા વહેંચો. પાનાચંદભાઈ! આ કહે કે, બાપુ! મને ૫૫ થઈ ગયા. મેં ૩૫-૩૫ વર્ષ સુધી ધંધો કર્યો, હવે મારું શરીર મોળું પડી ગયું. તમે તો હજી બેય જુવાન છો અને સરખા ભાગ. નહિ, સરખા ભાગ કરો. આ દશા છે. ઓલાની ઉંમર ૫૫ થઈ ગયેલી. છોકરો છે અત્યારે. ધંધો છે. એટલે એણે કીધું ભાઈ! મેં ૨૫-૩૦ વર્ષ આમાં ગાળ્યા. તમે તો હજી નવા આવ્યા છો નાની ઉંમરના. મને મારો ભાગ કાંઈક વધારે તો દ્યો. કોક મકાન સરખું કે વધારે. નહિ, સરખા ભાગ પાડો. એ વાત અહીંયાં સંભળાવી હતી તો ભાઈએ પણ હા પાડી હતી. ભગવાનજી શેઠ. ભગવાનદાસ શેઠ. એને એમ છેને પાંચ છોકરા છે અને આ શેઠ હતા એને બે દીકરા છે. હવે અંદર ચાલતું હશે કાંઈક. એ પણ બોલ્યા હતા. એ બોલ્યા હતા. કહે હા એમ જ છે. આહા..હા..! શોભાલાલ અહીં બેસતા નહિ? એને બે દીકરા છે. એમાં એક દીકરાને કાંઈ નથી. બાયડી-ભાયડો બે જ છે. જરી અપંગ થઈ ગયો છે. નાનો જરી છે. આને પાંચ છોકરા છે. એટલે મેં કીધું

બધા સરખા ભાગ પાડવા. મહેનત તો એણે ઘણી કરી છે. આ કહે છે એવું. આવી ગડબડ ચાલે છે અંદર.

**શ્રોતા :-** બધે હોળી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધે હોળી છે? એને ખબર છેને, કરોડપતિ છેને ઈ. બધા ભાઈઓ ને બધું. છે, છેને અમે તો ભાઈ બધું જાણ્યું છે બાપા. આખી દુનિયાને જાણી છે. આહા..હા..! અમારે ઘરમાં જ થયું હતુંને. અમારા ભાઈ ગુજરી ગયા. પિતાજી પછી હું દુકાનમાં ગયો. મેં દીક્ષા લીધી તો મારા નાનાને ગોઠવ્યો. નાનો બે વર્ષ પરણીને એ ગુજરી ગયો. એટલે મોટા ભાઈને જે દુકાન હતી મોટી દુકાનમાં ભાગ ત્યાંથી કહે પિતાજીની દુકાન જાવ તમે તમારા પિતાજીની દુકાન છે. હવે એ દુકાન સાધારણ. એને દુકાન મોટી હતી. માલ-બાલ પડ્યો હતો બધો. હવે વહેંચવામાં એને નોકર હતો આણંદજી. પછી એને ભાગીદાર કરવો હતો તો માલમાં એવી રીતે લખવા માંડ્યું કે જેની રૂપિયાની કિંમત હોય એની દસ આના, આઠ આના (લખે). અમારે ભાઈ તો સરળ બહુ હતા, બહુ સરળ. કાંઈ નહિ આપણે આજીવિકા છે હવે કાંઈ નહિ જાવ. આજીવિકા છેને. પણ વાત કરી હતી એક ફેરી કે આણંદજીને ભાગમાં નાખવો. નોકર એક હતો એ મરી ગયો. બાયડી-ભાયડો બેય મરી ગયા. એટલે કે જ્યારે વહેંચવા માંડ્યું ઓલો માલ દુકાન હોયને દુકાનમાં? પછી એને નોંધવો જોઈએને. કેટલી કિંમતનો છે? કેટલી કિંમતનો છે. તો એ રૂપિયાની કિંમતના બાર આના અને દસ આના ગણે. ભાઈ સરળ બહુ હતા. કાંઈ નહિ અમારે, અમે તો બે જણા છીએને. આજીવિકા ઘણી છે અમારે. કાંઈ નહિ જાવ. એવું બધે ચાલે છે. આ ભગવાનજીભાઈએ કીધુંને. એવું ચાલે છે, બાપા! તકરાર. આહા..હા..! ઘણાં જોયા, ઘણાં જાણ્યા છે દુનિયાને. આહા..હા..! બાપુ! પણ તું કોણ છો? મારે અને કર્મના ઉદયને સંબંધ નથી. આહા..હા..! પૂર્વે શુભાશુભભાવથી બંધન થયું એના ફળને (અને) મારે સંબંધ નથી. હું તો અતીન્દ્રિય આનંદના ફળને વેદનારો. આહા..હા..! આ ચારિત્રની વ્યાખ્યા છે. આહા..હા..!

**'એકાગ્રપણે અનુભવું છું.'** એ ચેતવું એવો અર્થ અહીં બધા પાઠોમાં સમજવો, લ્યો! આહા..હા..! **'હું શ્રુતજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...'** શ્રુતજ્ઞાનાવરણીયકર્મ છેને પ્રકૃતિ? જ્ઞાનાવરણીયની બીજી. એના ફળને હું નથી ભોગવતો. આહા..હા..! ગજબ વાત છે. કેમકે મારું ધ્યેય તો ધ્રુવ ઉપર છે. આનંદસ્વરૂપ ભગવાન છે, જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે ત્યાં મારું ધ્યેય છે અને ત્યાં મારો આશ્રય છે અને ત્યાં મારું અવલંબન છે. આહા..હા..! માટે હું ચૈતન્યસ્વરૂપ એવા આત્માને અનુભવતા શ્રુતજ્ઞાનાવરણીયનું ફળ જે હીણી શ્રુતજ્ઞાનની દશા એ અને નિમિત્ત શ્રુતજ્ઞાનાવરણીય એનાથી હીણી નથી. હીણી થઈ પોતામાં નિમિત્ત એ, પણ એ બેનો સંબંધ થયો વ્યવહાર થઈ ગયો. એ વ્યવહારને હું ઉડાવી દઉં છું કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે. કોઈ દિ' સાંભળી ન હોય એય..! શાંતિભાઈ!

આવો વીતરાગમાર્ગ ત્રણલોકના નાથ જિનેન્દ્ર એટલે શું? જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પ્રત્યક્ષ જણાય છે. આ અરિહંત છે, કેવળી છે, જિનેન્દ્ર છે એની વાણી શું? એના ભાવ શું? બહુ ઝીણા, ભાઈ! આહા..હા..!

ત્રીજું. '**હું અવધિજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' લ્યો ઠીક! અવધિજ્ઞાન નથી. તોપણ કહે છે કે અવધિજ્ઞાનાવરણીય પ્રકૃતિ છે એના ઉદયથી એમાં હીણી દશા છે, અવધિજ્ઞાનનો અભાવ છે, એ ઉપર મારું લક્ષ નથી. આહા..હા..! છે? અવધિજ્ઞાની ન હોય એ પણ એમ માને છે. સમજાણું કાંઈ? એ અવધિજ્ઞાનાવરણીયના નિમિત્તમાં મારી અવધિદશા જ્ઞાન નૈમિત્તિક નથી છતાં તેના ફળને હું ભોગવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**અવધિજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' ત્રીજો બોલ થયો ઈ.

'**હું મનઃપર્યયજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' ઓહો..! પણ મનઃપર્યયજ્ઞાન નથીને તમને? તોપણ નથી ભોગવતો? સાંભળને ભાઈ! એનું ધણીપત્તું નહિ. પર્યાય તરફનું મારું જોર જ નથી. મારું જોર તો આનંદસ્વરૂપ ભગવાન ચૈતન્યસ્વરૂપ ઉપર મારું જોર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ચર્ચા મોટી થઈ હતી ૮૫માં વઢવાણમાં, સુંદર વોરાના અપાસરે. ૮૫માં. આ નારણભાઈની દીક્ષા હતીને ત્યારે. મોહનલાલજી હતા લીંબડી સંઘાડાના. નાના અપાસરા. મોહનલાલજી મણિલાલજી. મોહનલાલજીએ એક પુસ્તક લખેલું. ૮૦ની સાલમાં. મારી ઉપર આવ્યું હતું. હું બોટાદ હતો. આ તો ૫૩ વર્ષ પહેલાંની વાત છે. પુસ્તક આવ્યું તો એમાં ભૂલ હતી એની મોટી. મોહનલાલજી ઘણી મોટી દીક્ષા મારાથી ૫૦ વર્ષ વધારે દીક્ષા.

પણ પછી ચર્ચા થઈ ત્યાં સુંદર વોરાના અપાસરે વઢવાણમાં. કીધું, આ તમે શું લખ્યું? કે અભવિને મતિ, શ્રુત અને અવધિ ત્રણ હોય આવરણ. મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાનનું આવરણ ન હોય એવું લખેલું. મોહનમાળા એક પુસ્તક બનાવ્યું છે. ૮૦ની સાલની વાત છે. બધું વાંચ્યું છેને એ પણ. અમે તો ભેગા રહેતા ખરાને ત્યાં. અમારે હીરાજી મહારાજ પણ ભેગા રહેતા, જાતા. પછી મેં તો એને હળવેથી કહ્યું. મારી તો દીક્ષા એ વખતે નાનીને. ૮૫ની વાત છે એટલે ૧૫-૧૬ વર્ષની દીક્ષા એટલે ૪૦ વર્ષની ઉંમર. અને એની તો ૫૦ વર્ષની દીક્ષા. વાત કરવા બેઠા. મણિલાલજી હતા એક. પછી આ કહ્યું, 'પણ એને મનઃપર્યયજ્ઞાન થતું નથી અભવિને માટે મનઃપર્યયજ્ઞાનાવરણીય હોય નહિ. એને કેવળજ્ઞાન થતું નથી માટે કેવળજ્ઞાનાવરણીય હોય નહિ.' સાંભળો! થાય નહિ માટે હોય નહિ એમ કોણે કહ્યું? અભવિને પણ પાંચેય આવરણ છે. આ તો ૮૫ની વાત છે. મણિલાલજી બેઠા હતા. સાંભળો મહારાજ! કાનજીમુનિ શું કહે છે એ સાંભળો. કારણ કે મારી છાપ બહુ આકરી હતીને તે દિ' તો. એ શું કહે છે સાંભળો. તોડો નહિ, વાતને તોડી ન નાખો. એમ કે અભવિને મનઃપર્યયજ્ઞાન

અને કેવળજ્ઞાન થતું નથી માટે એને પાંચ આવરણ ન હોય, એને ત્રણ જ આવરણ હોય. મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય. બિલકુલ ખોટી વાત છે કીધું. તમે મોહનમાળામાં છપાવ્યું છે મને ખબર છે કીધું. જૂઠું છે એ. પછી ન બોલે. આ મનઃપર્યયજ્ઞાનાવરણીય તો અભિવને પણ હોય છે. પણ અહીં તો જ્ઞાની-ધર્મી છે એને ધર્મ પ્રગટ્યો છે અનુભવ છતાં એને મનઃપર્યયજ્ઞાન હોય નહિ કોઈને. છતાં એ કહે છે કે મનઃપર્યયજ્ઞાનાવરણીય પ્રકૃતિ છે મારે અંદર. એના ફળમાં મનઃપર્યયજ્ઞાનનો મને અભાવ છે, પણ એના તરફ મારું લક્ષ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું બાપુ, આ તો. આહા..હા..! પછી તો કબુલ કરતા. પછી તો શું કરે? કાનજીસ્વામી કહે છે એ.. કહે છે એ સાંભળો. મણિલાલજી હતાને. ... મોહનલાલજી એક બીજા શું કહેવાતા બીજા નંબરના? લાલજી તો તદ્દન નાનો. પણ બીજા નંબરનો એક હતો. નામ ભૂલી ગયા. બધા અમે ભેગા રહેતા. મોહનલાલજીનું નામ કાંઈક આપ્યું હતું. એનાથી મણિલાલજી નાના, એનાથી લાલજી નાનો અને એનાથી ધરમશી નાનો. ધરમશી હતો. આ તો તે દિ'. પછી આ ચર્ચા મોટી થઈ. પછી કહે બહાર પાડશો નહિ બહુ. કારણ કે સમાજ કાનજીસ્વામીનું માનશે. આપણું નહિ માને. આપણે ૫૦-૫૦ વર્ષની દીક્ષા. એમની છાપ જુદી છે. મેં કીધું, વિચારો આ ક્યાં ખાનગી વાત છે, મૂકો બહાર. અભવિને પાંચ આવરણ છે કે નહિ? મનઃપર્યય અને કેવળ થાય નહિ ભલે. થાય નહિ એ પ્રશ્ન ક્યાં છે? આવરણ છે કે નહિ? ભવિને પાંચ આવરણ છે અને અભવિને ત્રણ આવરણ છે. કોણે કહ્યું આવું? ભગવાન અંદર કેવળજ્ઞાનનો કંદ છે એથી એને કેવળજ્ઞાનાવરણીય નિમિત્તરૂપે છે અભવિને પણ. પુનાતરજી! ઝીણી વાતું, બાપુ! આ તો અમારે તો પહેલેથી બધું ચાલ્યું જ આવે છે. આહા..હા..! એ ૮૫ની વાત છે. એને કેટલા વર્ષ થયા? ૪૮ થયા. ૪૮ વર્ષ થયાને. ૮૫. આહા..હા..!

તે દિ' આ કહ્યું હતું. અભવિ ભલે હો, પણ એની શક્તિ તો જ્ઞાનનો પિંડ, કેવળજ્ઞાનની શક્તિ પડી છે અંદર. સમજાણું? અને મનઃપર્યયજ્ઞાનજ્ઞાન થવાની પણ શક્તિ એનામાં પડી છે, પણ આવરણ માથે છે. આવરણ નથી એમ કહો તો એ પાંચ આવરણ નથી તો એ જૂઠી વાત છે. એ કોને પડી હતી? પછી તો તરત કબુલ્યું કે વાત સાચી છે. એમ ન હોય, બાપુ! અહીં તો અંતરમાં ન્યાય બેસે તે વાત માનીએ. એમ ને એમ માનીએ એ વાત નથી અમારે.

અહીંયાં કહે છે કે મનઃપર્યયજ્ઞાનાવરણીય કર્મ છે મુનિને. મનઃપર્યયજ્ઞાન હોય પણ નહિ, કોકને મનઃપર્યયજ્ઞાન હોય મુનિને, છતાં કહે છે કે હું તો પૂર્ણ ચૈતન્યસ્વરૂપ, ચૈતન્યસ્વભાવ, ચૈતન્યસત્તા, ચૈતન્ય મારું હોવાપણું ધ્રુવપણું એને હું અનુભવું છું. અનુભવવામાં તો વેદન છે, પર્યાય છે પણ એના જોરમાં મને પર્યાયમાં એના તરફનું વેદન છે. સમજાણું કાંઈ?

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ-૧૦, રવિવાર, તા. ૦૬-૧૧-૧૯૭૭,**
**કળશ-૨૩૦, પ્રવચન નં. ૫૦૧**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છેને. આ આત્મા શબ્દ, રૂપ, રસ, ગંધ, દ્રવ્યશ્રુત, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ એનાથી ભિન્ન વસ્તુ છે. પહેલી ભિન્ન કહીને હવે એનું અસ્તિપણું સિદ્ધ કરે છે કે આત્મા... છે? આત્મા જ્ઞાન જ સમ્યગ્દૃષ્ટિ છે. અસ્તિથી સિદ્ધ કરે છે હવે. આહા..હા..! કેમકે જ્ઞાન જે જ્ઞાન જાણવાની જે સત્તા તે આત્મા. તેથી તે જ્ઞાન એ આત્મા અને એ જ્ઞાનનું સમ્યગ્દર્શનરૂપે પરિણમન થવું તેથી આત્મા સમ્યગ્દર્શન છે. જ્ઞાન સમ્યગ્દર્શન છે કહો કે આત્મા સમ્યગ્દર્શન છે કહો. આહા..હા..! ધર્મની પ્રથમ સીઢી, મોક્ષમહેલની પહેલી સીઢી. છ ઢાળામાં આવે છે. છ ઢાળા છેને. મોક્ષમહેલની પહેલી સીઢી. આહા..હા..! એ સમ્યગ્દર્શન એના વિના જ્ઞાન અને ચારિત્ર નિરર્થક (છે) એમ આવે છે છ ઢાળામાં. એ સમ્યગ્દર્શન એ આત્મા છે. એટલે? કે રાગના વિકલ્પના .. એકલો ચેતન... ચેતન... ચેતવું, જ્ઞાન અને દર્શનના સ્વભાવથી ભરેલો જે આત્મા એના પરિપૂર્ણ તત્ત્વને દૃષ્ટિમાં લઈ અને જ્ઞાનમાં જાણવામાં આવે અને એમાં એકાગ્ર થઈ અને આનંદનો આસ્વાદ આવે ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી સીઢીવાળો કહેવાય છે. આહા..હા..! આવી વાત છે.

એ જીવને આગળ વધતા સ્વરૂપમાં જ્યારે ત્રણે કાળના પુણ્ય-પાપના ભાવ એનાથી ભિન્ન પડીને સ્વરૂપની રમણતા કરે ત્યારે તેને ચારિત્ર થાય છે જે સાક્ષાત્ મોક્ષનું કારણ છે. એ ચારિત્રમાં આ વિધિ એક આવી કે ભૂત, ભવિષ્ય, વર્તમાનના પુણ્ય-પાપના ભાવથી તો હું રહિત છું. સ્થિરતા હોં, 'રહિત છું' એવું ભાન તો સમકિતમાં થયું છે, પણ અહીંયાં તો એના પુણ્ય-પાપના ભાવથી ભિન્ન પડી સ્થિરતા સ્વરૂપમાં લીનતા જામે તેને અહીંયાં ચારિત્રની દશા કહે છે. આહા..હા..! છેલ્લી ગાથાઓ છેને. એ ચારિત્રમાં પણ પૂર્વના બાંધેલા કર્મો પડ્યા છે. એનો જે ઉદય આવે, સત્તા છે સત્તા હોવામાં એનો ઉદય આવે એના ફળ તરફ મારું લક્ષ નથી એમ કહે છે. આહા..હા..! હું તો ચૈતન્યસ્વરૂપ જે આત્મા... ઝીણું બહુ, બાપુ! આહા..હા..! એ ચૈતન્યસ્વરૂપ આત્માનું અનુભવું, એમાં રહેવું, ટકવું, ઠરવું, એમાં કર્મના પ્રકૃતિના ઉદયનું ફળ આવતું નથી. આહા..હા..!

અહીંયાં તો આકરી ભાષા છેલ્લી આ છે. '**હું કેવળજ્ઞાનાવરણીયકર્મના ફળને...**' બસ, કેવળજ્ઞાન થઈ ગયું? આહા..હા..! અહીંયાં બીજી વાત છે કે કેવળજ્ઞાનાવારણીય પ્રકૃતિ પડેલી છે અને એના ઉદયને લઈને નૈમિત્તિક સંબંધમાં કેવળજ્ઞાનનો પોતાને કારણે અભાવ છે. પણ અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહે છે કે મારી દૃષ્ટિ ત્યાં કેવળજ્ઞાનનો અભાવ છે અને કર્મનું નિમિત્ત

છે એ ઉપર મારી દૃષ્ટિ નથી. આવી વાતું છે. હું તો ચૈતન્ય.. છે? ચૈતન્યસ્વરૂપ જે છે એને હું અનુભવું, સંચેતું-સં-સમ્યક્ પ્રકારે એકાગ્ર થઈને વેદું છું. આ પ્રકૃતિ છે છતાં તેના તરફના વલણવાળો ભાવ એ ઉપર લક્ષ નથી. હું તો ચૈતન્યસ્વરૂપ આનંદ છું. આહા..હા..! આકરી વાતું ભારે.

૧૪૮ પ્રકૃતિ છે. આઠ કર્મ છેને? એમાં પહેલા જ્ઞાનાવરણીયની પહેલી પાંચ પ્રકૃતિનું વર્ણન છે. ૧૪૮ પ્રકૃતિ છે એમાં બધાને સત્તામાં એટલી હોય એવું કાંઈ નહિ, પણ વર્ણન કરવું હોય તો બધું સામાન્ય કરેને. કેમકે અહીંયાં તો સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ ચૈતન્યસ્વભાવ સ્વરૂપ ભગવાન આત્માને જાણતો, વેદતો, પ્રતીત કરતો એને મિથ્યાત્વ પ્રકૃતિ અંદર સત્તામાં પડી હોય હજી. જો ક્ષાયિક સમકિત ન થયું હોય... ક્ષયોપશમ હોય એની પણ વાત લીધી છે કે મિથ્યાત્વ પ્રકૃતિનો ઉદય છે તેનું ફળ મારામાં આવતું નથી. હું તો ચૈતન્યસ્વરૂપ આનંદ જ્ઞાનસ્વરૂપ છું. આહા..હા..! ક્ષાયિક સમકિતીને એ મિથ્યાત્વ ન હોય. સમજાણું કાંઈ? ૧૪૮માં આ ત્રણ પ્રકૃતિ મિથ્યાત્વ, મિશ્રમોહનીય અને સમકિતમોહનીય એ કાંઈ બધાને ન હોય, પણ હોય તેને સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં એ પ્રકૃતિ અંદર પડી હોય ત્રણ, કહે છે. આહા..હા..! તો તેના તરફનું પણ મારું વલણ નથી. આહા..હા..!

તેમ એક આહારક શરીરના ચાર બોલ આવે છે. આહારક શરીર એ બધાને ન હોય. એ તો મુનિને આહારક શરીર, આહારક અંગોપાંગ, આહારક બંધન, આહારક સંઘાસન એવી ચાર પ્રકૃતિઓ એ મુનિને હોય છે અંદર. આહા..હા..! છતાં એના ઉદયના ફળને હું ભોગવતો નથી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણ એ, ચાર આ-સાત અને એક તીર્થંકર પ્રકૃતિ. એ કાંઈ બધાને ન હોય. મિથ્યાદૃષ્ટિની તો અહીં વાત છે જ નહિ. અહીંયાં તો રાગની ક્ષણિક વિભાવિક અવસ્થાથી (રહિત) ત્રિકાળી ચૈતન્યસ્વભાવનો અંતરમાં આશ્રય લીધો એ જીવની આ વાત છે. આહા..હા..! એને તો તીર્થંકરપ્રકૃતિ પણ પડી હોય કોઈને, બધાને હોય એવું કાંઈ નથી, તોપણ કહે છે કે એ તીર્થંકરપ્રકૃતિના ઉદયના ફળને હું ભોગવતો નથી. આહા..હા..! અહીંયાં રાજી-રાજી થઈ જાય. તીર્થંકરપ્રકૃતિ બાંધે તો આમ થાય, અરે! શું થાય? ભાઈ!

પૂર્વે જે ભાવે તીર્થંકરપ્રકૃતિ બંધાણી એ ભાવથી તો છૂટ્યો છું કર્મચેતનામાં, પણ એ પ્રકૃતિ પડી છે તેના ઉદય કાળે મારું લક્ષ એના ઉપર નથી. આહા..હા..! અહીં તો નીચલી વાત છે. ઉદય તો ખરેખર તેરમે આવે. પણ પ્રકૃતિ પડી છે અંદરમાં એ તરફ મારું (લક્ષ નથી). (એનું) ફળ એમ કે અહો..! તીર્થંકરપ્રકૃતિ પડી છે તો હું તીર્થંકર થવાનો છું આહા..હા..! એવું સમ્યગ્દૃષ્ટિને હોતું નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સમ્યગ્દૃષ્ટિને ખબર ન પડેને કે હું તીર્થંકર થવાનો છું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** (ખબર) પડે પોતાને કોઈ વખતે બાંધેલી હોય તો. શ્રેણિક રાજાને ખબર છે કે હું તીર્થંકર થવાનો છું. ક્ષાયિક સમકિતી છે, નરકમાં છે, પહેલી નરકે છે. ખબર

છે કે હું તીર્થંકર થવાનો છું. ભગવાને કહ્યું છે અને મને ખબર છે. આહા..હા..! છતાં એ તીર્થંકર પ્રકૃતિનું ફળ એ વિષરૂપી ઝાડના ફળ છે એ તો. આહા..હા..! અહીં પોતે એમ કહે, 'શોડષકારણ ભાવના ભાય...' શું પછી આવે છે? 'તીર્થંકરગોત્ર બંધાય' આવે છેને. 'દર્શનશુદ્ધિ ભાવના ભાય.' આહા..હા..! અહીં કહે છે કે એ પ્રકૃતિ કદાચિત બંધાયેલી પડી હોય. ન હોય એને માટે નથી. સમ્યગ્દૃષ્ટિ હોય, સાચા સંત હોય એને તીર્થંકરપ્રકૃતિ ન પણ હોય, પણ હોય છે એને એમ કહે છે, મારું લક્ષ તો અંતર ચૈતન્યસ્વરૂપ આત્મા તરફ દોરાઈ ગયું છે, એટલે હું એના ફળને ભોગવવાનો કામી નથી. આહા..હા..! આવું કામ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અને એનો વિષય બાપુ અલૌકિક છે. આહા..હા..! આમ માની બેઠા બહારથી (કે) દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અમને સમકિતી છે, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા સમકિતી છે. હવે વ્રત ને તપ કરો એટલે ચારિત્ર થઈ જશે. બધી ભ્રમણા અજ્ઞાનીની છે. આહા..હા..!

**શ્રોતા :-** એ પછી ઉપચાર કરીને થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ઉપચાર કોનો કરે વસ્તુ નથી ત્યાં? આહા..હા..! ઉપચાર કરે, એય..! ચેતનજી! તમારે ચાલે છે શ્વેતાંબરમાં. દ્રવ્યસમકિતનો ઉપચાર કરે છે. ખબર છે. બધી વાતું વિરોધ છે, બાપુ! શું થાય? આ તો સનાતન જૈનદર્શનની વાત છે. આહા..હા..! એ તો પછી પાછળથી નીકળેલો એક મત છે શ્વેતાંબર. એ સનાતન જૈન તત્ત્વ નથી. ઝીણી વાત પડે, પ્રભુ! શું કરે? સમજાણું કાંઈ? આ તો સનાતન અનાદિ સર્વજ્ઞ પરમેશ્વર એમણે કહેલો આ પંથ અને માર્ગ આ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં આપણે કેવળજ્ઞાનાવરણીય (પ્રકૃતિને) એને હું ભોગવતો નથી. કેવળજ્ઞાનાવરણીયને ભોગવતો નથી તો કેવળજ્ઞાન થઈ જાય. પણ એમ અહીં નથી અત્યારે વાત. મારી જે નિમિત્ત કર્મ કેવળજ્ઞાનાવરણીય અને કેવળજ્ઞાનની પર્યાયનો અભાવ મારે લઈને એ પર્યાયબુદ્ધિ ઉપર મારું લક્ષ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ઝીણી વાતું, બાપુ! આહા..હા..! હું ત્રણલોકનો નાથ આનંદનો ધણી, અતીન્દ્રિય આનંદનો ધણી હું છું. આહા..હા..! ચક્રવર્તી છ ખંડનો ધણી, હું પૂર્ણાનંદ નાથનો અખંડનો ધણી છું. આહા..હા..! પૂર્ણ સ્વરૂપ અંદર શું, ભાઈ! એ વસ્તુ શું છે? આહા..હા..! એ વાણી દ્વારા કેટલી વાતું આવે? અંદર તું ભગવાન પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ પ્રભુતા એમાં પામરતાનો અંશ નથી. આહા..હા..! એમાં વિકૃતદશા નથી, ઊણપ નથી. આહા..હા..! એવી જે વસ્તુ, વસ્તુ છે, પ્રભુ! વસ્તુ કોને કહે? એ પૂર્ણ વસ્તુ તરફની જ્યાં દૃષ્ટિ થઈ, તેને પૂર્ણને જ્યાં સ્વીકાર્યો... આહા..હા..! એને પર્યાયબુદ્ધિ ઉપરથી લક્ષ છૂટી ગયું છે. એથી કેવળજ્ઞાનાવરણીયના ફળને પણ હું ભોગવતો નથી. આહા..હા..! કેવળજ્ઞાન થઈ ગયું? સાંભળને હવે. એ પર્યાયમાં હીણી દશા છે એનો મારે આશ્રય નથી, તેના ઉપર મારું લક્ષ નથી. આહા..હા..! હું તો ચૈતન્યસ્વરૂપથી ભરેલો ભગવાન એના તરફના આશ્રયથી આનંદને વેદું છું, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ પાંચ થઈ.

હવે ચક્ષુદર્શનાવરણીય. દર્શનાવરણીયકર્મ છેને બીજું? એના નવ ભેદ છે. '**હું ચક્ષુદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' એમાં પણ આ વાત લેવી. છે તો ખરી પ્રકૃતિ, પણ તેના વલણમાં, ચક્ષુદર્શનાવરણીય નિમિત્ત અને પોતાની હીણી દશા દર્શનની એ નૈમિત્તિક, પણ તે તરફ મારું લક્ષ નથી. આહા..હા..! આવી વાત હવે. '**હું ચક્ષુદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' સંચેતું. સં-સમ્યક્ પ્રકારે આનંદનું ધામ ભગવાન તેમાં એકાગ્ર થાઉં છું એનું નામ સંચેતન. આહા..હા..! એમ આ અચક્ષુદર્શન. આંખ સિવાય ચાર એને અચક્ષુદર્શનાવરણીય કહે છે. એ '**હું અચક્ષુદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**'

'**હું અવધિદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' અવધિજ્ઞાન નથી, અવધિદર્શન નથી તોપણ અવધિદર્શનના ફળ ઉપર મારું વલણ નથી. આહા..હા..! અરે! મને અવધિદર્શન નથી એમ નહિ. હું તો ચૈતન્યસ્વરૂપનો કંદ પ્રભુ છું ને વળી અવધિદર્શન શું? આહા..હા..! જેના બાપુ! આહા..હા..! જેના તળિયામાં અનંત આનંદ અને અનંત જ્ઞાન બેહદ જેનું સ્વરૂપ વર્તે છે એ હું અચક્ષુદર્શનાવરણીય. આંખ સિવાય કાન, નાક, જીભ અને સ્પર્શ ચારના આવરણવાળી પ્રકૃતિ છે અને તેમાં નૈમિત્તિક હીણી દશા પણ છે, પણ એ ઉપર મારું વજન નથી. આહા..હા..! આવી વાતું છે. એક તો કર્મ, કર્મની પ્રકૃતિ, એના ઉદય અને ઉદયને ભોગવું નહિ ત્યાં સુધી વાત. બાપુ! ભગવાન! તારું માહાત્મ્ય તો એટલું છે... આહા..હા..! એ ચૈતન્યચમત્કારી વસ્તુ છે અંદર, ભગવાન! એ કહ્યું હતું, કેવળજ્ઞાન પ્રગટે તોપણ ચૈતન્યચમત્કારી વસ્તુમાં ઘટ થતું નથી અને અલ્પજ્ઞદશા રહે તો ત્યાં વસ્તુમાં કંઈ વધતું નથી. વસ્તુ તો વધ-ઘટ વિનાની ત્રિકાળી પડી છે. આહા..હા..! આવી વસ્તુ છે.

'**હું અવધિદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' એમ ''**હું કેવળદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' જોયું! છે તો ખરી પ્રકૃતિ. આહા..હા..! પણ એવી હીણી દશાના વેદન તરફ મારું વલણ નથી. આહા..હા..! હું તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ છું, પરમેશ્વરનું સ્વરૂપ જ હું છું. આહા..હા..! એ પરમેશ્વરના સ્વરૂપ તરફનું મારું જોર (છે) એથી એને હું વેદું છું. ભગવાનજીભાઈ! આવી વાતું બહુ, બાપુ! લોકોને... આહા..હા..! નિદ્રાદર્શનાવરણીય. નિદ્રા-નિદ્રા. આહા..હા..! પણ નિદ્રા આવે છેને સમકિતીને? પણ કહે છે કે એ વખતે પણ મારું જોર જે શુદ્ધ ચૈતન્યગોળો ભિન્ન છે એ મારું ભિન્નપણું ત્યાં પણ વર્તે છે. નિદ્રામાં પણ મારું ભિન્નપણું વર્તે છે. આહા..હા..! એ નિદ્રાની દશામાં હું મારું કાયમી, અસલી સ્વરૂપ આવતું નથી. આહા..હા..! આટલું શીખવું પડેને ક્યાં... નિદ્રા વખતે પણ મારી ચીજ જ તો જે ભિન્ન પડી છે તેનો જ મને અનુભવ

છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એમ નિદ્રાનિદ્રા. વિશેષ નિદ્રા. એમ '**પ્રચલાદર્શનાવરણીય...**' એટલે કે બેઠા બેઠા જરી ઝોલા ખાય આમ. એ દશા કાળમાં પણ મારી ચીજ તો ભિન્ન વર્તે છે. આહા..હા..! પછી '**પ્રચલાપ્રચલા...**' છે? એટલે કે ઘોડે બેઠો હોય તોપણ જરી નિદ્રા ઝોલા આવે. પણ કહે છે કે એ તરફ મારી દશા એ વખતે પણ નથી. આહા..હા..! મહાપ્રભુ ઉપર મારી દૃષ્ટિ છે. સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એ ઉપર મારું વલણ છે. એથી તે પ્રચલાપ્રચલાના ફળને પણ હું ભોગવતો નથી. આહા..હા..! હવે આમાં સ્ત્રી ભોગવવી ને દાળ-ભાત ભોગવવા ને આ ભોગવવા એ તો ક્યાં વાત રહી ગઈ. બાપુ! એ તો ક્યાં જડ છે, ભાઈ! આહા..હા..! '**હું પ્રચલાપ્રચલાદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...**' છેને? '**હું સ્ત્યાનગૃદ્ધિદર્શનાવરણીય...**' આહા..હા..! એવી નિદ્રા અંદર હોય કે જે નિદ્રામાં ઉભો થાય, ઢોર પાઈ આવે, ગાયું-ભેસું પાવા જાય નિદ્રામાં હોય એ, એવી એક નિદ્રા થાય છે. એ ઉપર પણ મારું લક્ષ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અધિકાર આવ્યો તો...

'**હું શાતાવેદનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' ત્રીજું કર્મ આવ્યું હવે. જ્ઞાનાવરણીય ગયું, દર્શનાવરણીય, આ વેદનીય. શાતા કર્મના ઉદયને લઈને પૈસા, બાયડી, છોકરા, કુટુંબ, ધંધા-પાણી એવા બહાર ચાલે, એ મારું લક્ષ ત્યાં નથી, એ ચીજ મારી નથી. શાતાવેદનીયને લઈને શરીરમાં નિરોગતા રહે. કોઈ દિ' સૂંઠ ચોપડવી પડે નહિ, દવાની પડીકી લેવી પડે નહિ. પણ એ શાતાવેદનીયના ફળ એ મારું સ્વરૂપ નથી, એને હું ભોગવતો નથી કહે છે. આહા..હા..! ઝીણું બહુ, બાપુ! આહા..હા..! શાતાવેદનીય થઈ. આહા..હા..! શરીરમાં નિરોગતા, રુષ્ટ-પુષ્ટ શરીર, આમા ત્રાંબા જેવા લાલ લોહી અંદરથી દેખાય શરીરમાં, પણ પ્રભુ એ તો જડની દશા છેને. હું તો ચૈતન્ય ભગવંતસ્વરૂપ છુંને. આહા..હા..! જેને ચૈતન્યસ્વરૂપના પૂર્ણની જ્યાં મહત્તાની મહિમા આવી, મહત્તાની મહિમા આવી એને આ બધા ફળની મહિમા ઊડી જાય છે. આહા..હા..! છે?

'**હું અશાતાવેદનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' હવે દુઃખ શરીરમાં. આહા..હા..! ચારિત્રની વાત છેને. સ્વરૂપ આત્મા ભગવાન અંદર એનું વેદન થયું, સાક્ષાત્કાર થયો, એ ઉપરાંત સ્વરૂપમાં રમણતા ચારિત્રની દશા રમી એમાં કંઈક અશાતાના ઉદય એવા આવે. આહા..હા..! સનતકુમાર ચક્રવર્તી રાજા, ચક્રવર્તીનું રાજ. આહા..હા..! સોળ હજાર દેવ સેવા કરે, એ ગળત કોઢ થયો ભાઈ, દીક્ષા લીધી. વીસ આંગળા ગળવા માંડ્યા. અરે! ક્યાં ગયું પુણ્ય પણ ચક્રવર્તીનું? મુનિ થયાને? બાપુ! એ તો પૂર્વના કોઈ... આહા..હા..! એ અશાતા વેદનીયના ફળને હું ભોગવતો નથી. મારો નાથ આનંદસ્વરૂપથી ભરેલો ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એને હું વેદું, જાણું છું. આહા..હા..! આવો માર્ગ તો જુઓ, બાપુ! આહા..હા..! અરેરે! સાંભળવા મળે નહિ એ કે દિ' એનું માહાત્મ્ય કરે અને મહિમા કરે અને મહિમા

બહારની છોડે? આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ હોય, સાતમી નરકે છે. અશાતાવેદનીયનો પાર નથી. સાતમી નરકે સમ્યગ્દૃષ્ટિ છે એની અહીં વાત નથી. અહીં ચારિત્રસહિતની વાત છે, પણ એને એ અશાતાવેદનીયના દુઃખનું વેદન અંદર નથી પરમાર્થે. અંદરમાં જરી રાગ આવે એનું વેદન છે, પણ એને ગૌણ ગણીને એ આત્માના આનંદને વેદે છે મુખ્યપણે નિશ્ચયથી કહેતા, પણ છે ખરું વેદન એને ત્યાં. આહા..હા..!

બ્રહ્મદત્ત ચક્રવર્તી આમ હીરાના ઢોલીયે-પલંગે સૂતેલો. સોળ હજાર દેવ ખમ્મા-ખમ્મા દેવ સેવા કરતા. એ મરીને છેલ્લે કુરુમતિ-કુરુમતિ... રાણી એક હતી એને. છન્નું હજાર રાણીમાં એક રાણી જેની હજાર દેવ સેવા કરતા. દેવ સેવા કરતા એ એની રાણી હતી. મરતાં કુરુમતિ! એમ કરતા મરીને ગયો સાતમી નરકે. અત્યારે નરકમાં છે. એ તો મિથ્યાદૃષ્ટિ છે. પણ પછી સમ્યક્ પણ કોઈ પામે, આહા..હા..! તો પરમાર્થે અશાતાના વેદનનું મૂળ મારું એ સ્વરૂપ નથી. અંદર રાગનો ભાગ છે તેટલો વેદાઈ જાય, પણ એ અહીં વાત લેવી નથી. અહીં તો ચારિત્રની વાત લેવી છેને. સમજાણું કાંઈ? આહા..હા..!

જેને આનંદના નાથમાં જમવટ જામી છે. આહા..હા..! જેને આનંદના કોળિયા દેખાય છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદના કવળ લેવાય છે. આહા..હા..! ચારિત્રદશામાં તો અતીન્દ્રિય આનંદના કોળિયા લેવાય અંદર. આહા..હા..! એય..! ભાઈએ નાખ્યું છેને સોગાનીએ દ્રવ્યદૃષ્ટિપ્રકાશમાં કે ગન્ના. ગન્ના એટલી શેરડી. શેરડીનો આમ રસ પીવેને. તૃષા લાગી હોય. ગટક... ગટક... ગટક... ગટક... પીવે, એમ ધર્મી આનંદના ગટક-ગટક રસ લેતો હોય છે. આહા..હા..! હીરાલાલજી! આવી વાતું છે. આહા..હા..! પ્રભુ! એ તો ચૈતન્યનો... આહા..હા..! નિધાન આનંદનો નિધાન ભગવાન છે, ભાઈ! તને ખબર નથી. એના સ્વરૂપ, સ્વરૂપ, એના સ્વરૂપમાં તો અતીન્દ્રિય... અતીન્દ્રિય... અતીન્દ્રિય... અતીન્દ્રિય... અતીન્દ્રિય... અપરિમિત આનંદ ભર્યો છે. આહા..હા..! એના આનંદના વેદનમાં... આહા..હા..! એ અશાતાવેદનીયનું ફળ મને નથી. હું દુઃખી નથી, હું અશાતામાં નથી. આહા..હા..! કેવી ચીજ હશે આ! આહા..હા..!

'**હું સમ્યક્ત્વમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' આ પ્રકૃતિ સમકિતીને બધાને હોય એવું કાંઈ નહિ. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિને હોય સત્તામાં અને મિથ્યાત્વ પણ હોય, પણ એની અહીં વાત નથી. અહીં તો સમ્યગ્દૃષ્ટિ થયો અને કોઈ પ્રકૃતિ મિથ્યાત્વના ત્રણ ટૂકડા થઈ જાય અને હજી પડ્યા હોય ત્રણ એની અહીં વાત છે અત્યારે. સમજાણું કાંઈ? આટલું બધું શીખવું ને... એ સમકિદર્શન '**સમ્યક્ત્વમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**'

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ આ વસ્તુસ્થિતિ એવી છેને. કર્મ એક નિમિત્ત છે અને વિકૃત અવસ્થા નૈમિત્તિક છે એવો બેનો વ્યવહાર છે એને જાણવો જોઈશેને. આહા..હા..! કર્મથી થતું નથી, પણ કર્મનું નિમિત્ત છે અને નિમિત્તને આધીન થતાં એની દશા જે ઉંધી થાય

છે... આહા..! તો કહે છે સમકિત મોહનીયકર્મ તો ક્ષાયિક સમકિતી ન હોય એને પણ હોય. સમજાણું? એના ફળને છતાં હું નથી ભોગવતો, આવીને ખરી જાય છે. આહા..હા..! મારો ભગવાન તો પૂર્ણાનંદથી ભરેલો એને સમકિતમોહનીયને લઈને જરી એક અંદર ઝાંય આવી જાય એ ઝાંયનું વેદન મને નથી કહે છે. આહા..હા..! આવી વાતું છે.

'**હું મિથ્યાત્વમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' સમકિતી છે. હજી મિથ્યાત્વ પ્રકૃતિ ક્ષય થઈ ગઈ નથી. ક્ષયોપશમ કર્યો છે, સમકિત થયું છે. સત્તામાં પડી છે એના ઉદયના ફળમાં મારું લક્ષ નથી. મારું લક્ષ તો શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદના નાથમાં, મારા ધ્યેયમાં (છે). મારી દૃષ્ટિનું ધ્યેય તો ભગવાન છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ મારો એ ધ્યેયમાં, ધ્યાનમાં એ મારો છે. આહા..હા..! આવું બધું ક્યારે શીખે? આહા..હા..! સમજાય છે? પ્રકૃતિ આવી છે તો એનો ખુલાસો તો કાંઈક થવો જોઈએને. ૪૯ ભંગ તો મૂકી દીધા. પણ આ તો એક સમજવા જેવી ચીજ છે. આહા..હા..!

પછી '**હું સમ્યક્ત્વમિથ્યાત્વમોહનીય...**' એટલે મિશ્રમોહનીય. મિશ્રમોહનીય ત્રીજે ગુણસ્થાને હોય પાક તરીકે. અહીં કહે છે કે એ પ્રકૃતિ પડી હોય તોપણ મને એના ફળ હવે નથી. આહા..હા..! હું તો ચૈતન્યસ્વરૂપ, આનંદસ્વરૂપ (છું). ચૈતન્યસ્વરૂપની મુખ્યતા લીધી છે, પણ એ ચૈતન્યમાં આનંદ અતીન્દ્રિય પણ અંદર પડ્યો છે ભેગો. અતીન્દ્રિય આનંદના સ્વરૂપને હું વેદું (છું). કેમકે અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા છે. અતીન્દ્રિય અનાકુળ આનંદસ્વરૂપ ભગવાન છે. આહા..હા..! હવે આવું કે દિ' સાંભળ્યું હોય? પાનાચંદભાઈ! વાણિયા જૈનમાં જન્મ્યા હોય તોપણ સાંભળે નહિ. અરેરે! વીતરાગ ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવના દિવ્યધ્વનિના પોકાર આ છે. અરેરે! વાડામાં વાત મળે નહિ અને આવી વાત હોય એને ઉડાવી દે મશ્કરી કરીને. એ તો બધી ધર્મની ઝીણી (વાતો કરે છે), પણ આ વ્રત ને તપની ક્રિયા તો કરતા નથી. અરે! બાપુ! વ્રત અને તપ હોય છે, પણ સમ્યગ્દર્શન પછી સ્વરૂપમાં અંદર વીંટાઈ જવું એનું નામ વ્રત છે. આ બહાર પાંચ મહાવ્રત આદિ તો વિકલ્પ અને આસ્રવ છે. આહા..હા..! અંદર આનંદના નાથમાં વીંટાઈ જવું (એ વ્રત) અને તપ એટલે ઇચ્છાનો નિરોધ થઈ અને ચારિત્રદશામાં ઉગ્ર પુરુષાર્થ થઈ અને જે અમૃતનો સાગર ઉછળે અંદરથી એ પ્રતપંતિ ઈતિ તપઃ એને તપ કહેવામાં આવે છે, બાકી બધી લાંઘણું કહેવામાં આવે છે. આહા..હા..! આવું છે.

'**હું સમ્યક્ત્વમિથ્યાત્વમોહનીયકર્મના ફળને ભોગવતો નથી,...**' '**હું અનંતાનુબંધી...**' આ ભાષા શું છે જુઓ હવે કષાયની. અનંત મિથ્યાત્વની સાથે ક્રોધ હોય એને અનંતાનુબંધી ક્રોધ કહે છે. મિથ્યાશ્રદ્ધાની સાથે ક્રોધ હોય એને અનંત. અનંત એટલે મિથ્યાત્વ. એને અનુબંધ સાથે હોય, પણ ભાષા શું છે? '**અનંતાનુબંધીક્રોધકષાયવેદનીય...**' જોયું! ક્રોધ-કષાય-વેદનીય. આહા..હા..! એ અનંત સંસારનું કારણ જે ક્રોધ એ તો સમકિતીને હોતું નથી. આહા..હા..! પણ કહે છે કે કોઈ સત્તામાં પડ્યો હોય હજી, ક્ષય ન થયો હોય તો તેના ફળને કાંઈ

હું ભોગવતો નથી. આહા..હા..! એ મારું વેદન જ નથી. અનંતાનુબંધી ક્રોધકષાયવેદનીય એમ શબ્દ વાપર્યો છે. અનંતાનુબંધી અનંત સંસારનું કારણ એવો ક્રોધ એનું જે વેદન એને અનંતાનુબંધી કહે છે. આહા..હા..! એમ અનંતાનુબંધી... છેને? આવી ગયુંને? એમ '**અપ્રત્યાખ્યાનાવરણીય-ક્રોધ...**' બીજા પ્રકારનો. એના ફળને હું ભોગવતો નથી. આહા..હા..! અહીં તો ચારિત્રદશા છેને.

'**હું પ્રત્યાખ્યાનાવરણીય...**' ત્રીજી ચોકડી કષાયની હોય છે. એ પણ '**કષાયવેદનીયમોહનીય...**' જોયું! કષાયવેદનીયમોહનીય આવા શબ્દ પડ્યા છે. અગિયાર પડિમા તો વિકલ્પ રાગ છે. આહા..હા..! એ પડિમાનો ભાવ એ વિકલ્પ રાગ છે, એને હું વેદતો નથી અહીં તો કહે છે. અહીં તો ચારિત્રની રમણતા છે. ભગવાન આનંદમાં રમી ગયો છે અંદર. આતમરામ રમે છે આત્મામાં. આહા..હા..! આ ઝીણી વાતું બહુ, ભાઈ! અપૂર્વ વાતું છે, બાપા! આત્મરામ એના અતીન્દ્રિય આનંદનો સ્વાદ, એનો સ્વાદીયો સમકિતી, ધર્મી એને ઈન્દ્રના ઈન્દ્રાસનોના સ્વાદ પણ સડેલા કૂતરા ને મીંદડા મરી ગયેલા એવા લાગે. આહા..હા..! આ ધાનના ઢોકળા છે શરીર એની તો શું વાત કરવી? એ તો બે દિ' કે ત્રણ દિ' જ્યાં તાવ આકરો આવ્યો હોય ત્યાં એં.. એં.. મોઢું થઈ જાય. પણ દેવો જેને હજારો વર્ષે તો અમૃતો વરસો અમુક મુદતે. એવી સ્થિતિવાળા દેવો, પણ એના ભોગ પણ આત્માના આનંદના ભોગ આગળ એનું પણ પ્રમાણ શું? ભગવાન આનંદના અનુભવ આગળ એ બીજી ચીજનો ભોગ એ છે જ ક્યાં? ઝેરના પ્યાલા છે. એ ઝેરના પ્યાલાને હું ભોગવતો નથી કહે છે. આહા..હા..!

એમ પ્રત્યાખ્યાનીય છેને? એમ '**સંજ્વલન...**' સંજ્વલન એટલે ચોથી ચોકડી છે. સંજ્વલન-સં-સમ્યક્ પ્રકારે જ્વલન. કાંઈક શાંતિ બળે અંદર. આહા..હા..! એવો '**ક્રોધકષાયવેદનીય-મોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' એ બધામાં લઈ લેવું. '**હું અનંતાનુબંધીમાનકષાયવેદનીય...**' ઓલો ક્રોધ હતો. આ માન-અભિમાન એને હું વેદતો નથી. એમ ચારેય લઈ લેવું. એમ '**અપ્રત્યાખ્યાનાવરણીયમાન...**' એમ '**પ્રત્યાખ્યાનાવરણીયમાન...**' એમ '**સંજ્વલનમાન...**' અને એમ '**હું અનંતાનુબંધીમાયા...**' મહામાયા કપટ જેના હૃદય હાથ ન આવે. આહા..હા..! ઊંડા.. ઊંડા... ઊંડા... માયા કપટના જાળ, કહે છે કે એ કષાય મારે નથી. એ કપટ મારે નથી અને ઉદયમાં આવે તેના તરફ મારું લક્ષ નથી. હું તો ચૈતન્ય આનંદનો નાથ પ્રભુ છું. આહા..હા..! એ અધિકપણે. '**णाणसहावाधियं मुणदि आदं**' એ પર્યાયથી પણ ભિન્ન છે ભગવાન પૂર્ણાનંદનો નાથ એને હું જાણું છું, એને હું વેદું છું. આહા..હા..! જુઓ આ ધર્મ! આવી વાતું છે. છેને? એ અનંતાનુબંધી માયા. એમ '**અપ્રત્યાખ્યાનવરણીયમાયા...**' સમકિતીને એ માયા ન હોય. અપ્રત્યાખ્યાનાવરણીય હજી હોય, પણ એનું વેદન મને નથી. એમ પ્રત્યાખ્યાનાવરણીયમાયા.

એમ 'સંજ્વલનમાયા...' પછી 'અનંતાનુબંધીલોભ...' તીવ્ર લોભ. એમાં મારું વલણ નથી એમ બધું લઈ લેવું લ્યો. એ છેક લઈ લેવું અહીંયાં ૩૫ સુધી.

હવે આવ્યું '**હું હાસ્યનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...**' જેમાં હાસ્ય લાગે, વિસ્મયતા લાગે, કુતૂહલતા એ ફળને હું ભોગવતો નથી. મારા આનંદના આશ્ચર્ય આગળ એ હાસ્યનું કુતૂહલપણું મને છે જ નહિ. સમજાણું કાંઈ? એ હાસ્યના ફળને હું ભોગવતો નથી. '**હું રતિનોકષાયવેદનીય...**' રતિ-ખુશી થયો. રાજીપો થાવો. એ રતિ કર્મ છે. એમાં રાજીપો થવો એ તરફનું મારું વલણ જ નથી. આહા..હા..! હું તો આનંદના અનુભવના રાજીપામાં પડ્યો છું. આહા..હા..! ચારિત્રની વાત છેને અહીં તો, સમકિતસહિત.

'**અરતિ...**' અરતિ, અરતિ. દીકરો વીસ વર્ષનો જુવાન છ મહિનાના પરણેતરે મરી જાય. આહા..હા..! અને પછી ભાઈ જુવાનજોધ અને કન્યા વીસ વર્ષની ફાટેલ કુંવારી એવી. લીલો સાંઠો મૂકીને વયો જાય. આ બધી છેને તમારી ભાષા છે બધી સંસારની. લીલો સાંઠો મૂકીને એમ કહે છે. પાનાચંદભાઈ! એમ કહે છેને? કહે છેને બધું સાંભળેલું છે. આ તો ૮૮ વર્ષ થયા. કોણ ધૂળ બાપા! લીલા સાઠા કોને કહેવા, ભાઈ! આહા..હા..! એમાં એને અરતિ થાય અરતિ. મારે અરતિ કાંઈ છે જ નહિ. આહા..હા..! હું તો આનંદના નાથનો વેદનારો અરતિ કેવી અહીં? આહા..હા..! એ અંદર ભગવાન શાંતની શાંતિનો... આહા..હા..! શું કીધું ઓલા બરફની પાટ, એમ અંદર શાંતિની પાટ છે, પ્રભુ! આહા..હા..! બરફને ચાટવા જાય તો ઠંડુ લાગે, એમ શાંતિની પાટના અનુભવમાં જાય તો એને શાંતિ આવે કહે છે. આવો બેઠો ભગવાન પણ એની સામું જોવું નથી. બહારના ધમાલ... ધમાલ... ધમાલ... સવારમાં તો એ આવ્યું હતુંને અપદ. એ વ્રત ને નિયમ ને વિકલ્પ છે એ પ્રભુ અપદ છે, તારું પદ નહિ, તારું સ્થાન નહિ, તારું લક્ષણ નહિ, તારું એમાં રક્ષણ નહિ. આહા..હા..! આવી વાતું આકરી લાગે લોકોને શું થાય?

પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ ઈન્દ્રોના સમક્ષમાં વાત આમ કરતા હતા એ આ વાત છે. આહા..હા..! ચક્રવર્તી રાજા સામે બેઠો હોય, છ ખંડનો ધણી, છન્નું હજાર સ્ત્રીની સોળ હજાર દેવ સેવા કરતા હતા. ભગવાન આમ કહે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અરતિનું વેદન ધર્મીને ચારિત્રવંતને ન હોય. આ ચારિત્રની અપેક્ષાએ વાત છેને. સમ્યગ્દૃષ્ટિ હોય એને જરી અરતિ હોય છે, શોક હોય છે, વેદન હોય છે, પણ જ્યારે એની ગૌણતા ગણીને કહેવું હોય તો એને વેદન નથી એમ કહે. અને અહીં તો સ્વભાવની લીનતા છે માટે એને ગૌણતા પણ નહિ, એને છે જ નહિ. આહા..હા..!

અરતિ, '**શોક...**' શોક છેને? '**શોકનોકષાયવેદનીય...**' શોક આમ ઉદાસ... ઉદાસ.. આહા..હા..! ધડાધડ ધડાધડ જ્યાં... આહા..હા..! પ્લેગનો અવસર હતો. ઉમરાળાની વાત છે. પહેલી વખતની હશે. એ મોટો છોકરો જુવાન ઘાંચીનો. બજારમાં નિશાળ હતીને ત્યારે.

હવે નિશાળ થોડી બહાર ગઈ છે. એમાં એનો મોટો મરી ગયો ઓલામાં, લઈને જનાજો હોયને એનો. એમ ત્યાં બીજો મરી ગયો ૩૫ વર્ષનો જુવાન. હળાહળ એનો બાપ પાછળ રોવે. જનાજો હોયને. મસ્જીદ નજીક છે ત્યાં નિશાળની પાસે ત્યાં લઈ જતા હતા. અહીં કહે છે કે કોણ મરે અને કોણ જીવે? મારી જીવતી જાત. આહા..હા..! હું જાગતો જીવ આ ઊભો છુંને હું. આહા..હા..! આવે છેને એમાં તમારે. જાગતો જીવ ધ્રુવપણે ઊભો છેને પ્રભુ! અનાદિઅનંતના નાથ. આહા..હા..! અનાકુળ આનંદનો સાગર ભગવાન છે. આ ઊભો છુંને હું ધ્રુવ. આહા..હા..! એ જરૂર તું તેની સામે જો તો પામી શકીશ. આહા..હા..! તેના સામું જોવાનો તેં પ્રયત્ન કર્યો નથી. પરની સામું જોવાની લગની લાગી એને આ લગની લાગી જ નથી. આહા..હા..! સમજાણું? અહીં કહે છે કે એ શોકને હું ભોગવતો નથી. આહા..હા..!

**'ભયનોકષાય...'** ભયને હું ભોગવતો નથી. હું તો નિર્ભય આનંદ પ્રભુ છું. ભયની પ્રકૃતિ છે, પણ તેના તરફના ફળમાં નૈમિત્તિકદશા એ મારી નહિ. આહા..હા..! હું તો નિર્ભયનો સાગર છું. સમકિતનું પહેલું આવે છેને નિઃશંક. નિઃશંક કહો કે નિર્ભય કહો. આહા..હા..! ભય નહિ. **'જુગુપ્સા...'** દુગંછા-દુગંછા. દુગંછા નામની પ્રકૃતિ છે એક એને હું ભોગવતો નથી. દુગંછા કેવી? આનંદના સ્વરૂપની ગંધ આગળ દુગંછા કેવી? આહા..હા..! જ્યાં કસ્તુરીની... આહા..હા..! કસ્તુરીની જ્યાં ઉપણી થતી હોય. ઉપણી સમજાય છે? આ ઘાસની.. ફોતરા અનાજ ભેગું હોયને પછી બાયું કણબણની બાયુ હોયને લાકડાની ઊંચે ચડી અને.. આહા..હા..! અહીં કસ્તુરીની જ્યાં ઉપણી ચાલે ત્યાં દુર્ગંધ કેવી કહે છે. આહા..હા..! હીરાભાઈ! આવું છે આ. બીજી જાત છે આ તો, બાપા!

**શ્રોતા :-** આ તો ભગવાન થવાની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો ભગવાન થવાની વાત અને ભગવાનસ્વરૂપ છો. છો તો થઈશ, ન હોય તો થાય એવું કાંઈ છે નહિ. આહા..હા..! અરે! એને પ્રતીતમાં, વિશ્વાસમાં કેમ આવે? આહા..હા..!

એ પ્રશ્ન થયો હતો ભગવાનજી વકીલ પાસે, રાજકોટ એક ફેરી ૮૭માં. ભગવાનજી વકીલ હતાને. એ પ્રશ્ન કર્યો હતો, મહારાજ! એવું તે આ નિઃશંકપણું આટલામાં થઈ શકે ધર્મનું? એ વાતું તમે મોટી કરો છો. એને એટલું મેં કહ્યું. ૮૭ની વાત છે. વીંછીયાથી આવતા હતા અમે. ભગવાનજી વકીલ હતા.

**શ્રોતા :-** એમના ભાઈને કહેલું. ભગવાનજીભાઈના ભાઈને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાઈ કોણ? ભગવાનજીભાઈ હા. એ ભગવાનજીભાઈનો ભાઈ કોણ? નરભેરામ-નરભેરામ. નરભેરામ. એ નરભેરામ. નરભેરામે એમ પ્રશ્ન કરેલો રાજકોટમાં ૮૭માં. કેટલા ઘણાં વર્ષ થઈ ઘયા. ૮૭-૮૭. આહા..હા..! એ કહે કે એવી નિઃશંકતા (હોય)?

કીધું હું એક પ્રશ્ન કરું? કે આ સ્ત્રી ૧૬ વર્ષની, ૧૭ વર્ષની પરણીને આવ્યા. એ તો અત્યારે વળી પહેલું.. તે દિ' તો તદ્દન અજાણ્યો, એના મા-બાપ કરી આવે પછી છોકરો જોવે નહિ. અત્યારે તો બધો ફેરફાર થઈ ગયો. પંદર દિ' ફરે ને હરેને ઢીંકણું ફીંકણું. તે દિ' તો એનો બાપ કરી આવ્યો હોય. કીધું રાતના પહેલા ભાગે એને શંકા પડે કે આ મને મારી નાખશે? આહા..હા..! તને ભોગના પ્રેમમાં એ અજાણી બાઈ ૧૬-૧૭ વર્ષની અને પહેલે વહેલે મેળાપમાં તને એમ થઈ જાય કે આ અજાણી છે અને મને મારી નાખશે? કેમકે તને રુચિ છે ભોગની એટલે એ શંકા પડતી નથી. આહા..હા..! ભગવાનજીભાઈ! અહીં તો બધા ઘણાં .. છેને ઘણાં વેઠ. એમ જેને અતીન્દ્રિય આનંદના... આહા..હા..! સાક્ષાત્કાર પ્રતીતમાં થયા એને શંકા કેવી? નિઃસંદેહ ભગવાન આત્મા હું છું. મારી ચીજ ભગવાનસ્વરૂપ છે, નહિતર ભગવાન થશે ક્યાંથી? પર્યાયમાં ભગવાન સર્વજ્ઞ અરિહંત થયા એ ક્યાંથી થયા? અરિહંતસ્વરૂપ છો પ્રભુ તું. આહા..હા..! અરેરે! કેમ બેસે? આ કાંઈ સંપ્રદાયની વાત નથી, આ તો વસ્તુના સ્વરૂપની વાત છે. કેમ ગુલાબચંદભાઈ! આ તો વસ્તુના સ્વરૂપની (વાત છે). આહા..હા..! અહીં કહે છે દુગંછા કેવી અહીં? આહા..હા..! સડેલા કૂતરા દેખાય નજરે તોપણ કહે દુગંછા મારે નથી. હું તો જાણનાર-દેખનારને રમું છું. એની રમતુંમાં આ દુગંછા મારે હોય નહિ. આહા..હા..!

એ '**સ્ત્રીવેદનોકષાય...**' છેને? સ્ત્રીવેદનો ઉદય એને હું ભોગવતો નથી. આહા..હા..! સમકિતી છે, ચારિત્રવંત છે. કોઈ પ્રકૃતિ સ્ત્રીવેદની પડી હોય અંદર. સમજાણું? એ ઉદય આવે. મારું ત્યાં વલણ નથી, હું તો આનંદસ્વરૂપ છું, ભગવાન! એ સ્ત્રીવેદને હું ભોગવતો નથી. એમ '**પુરુષવેદનોકષાય...**' આહા..હા..! પુરુષવેદનો વિષયનો ઉદય એને હું ભોગવતો નથી. મારા આનંદના ભોગવવામાં એ ઉદય આવતો જ નથી. આહા..હા..! ચારિત્રની વ્યાખ્યા છેને. પુરુષવેદ. એમ '**નપુંસકવેદનોકષાય...**' આ હીજડા થાય છેને પાવૈયા. બહુ નપુંસક હોય એ. એને એમ કે અહીં તો ભલે પ્રકૃતિ પડી હોય અંદર, પણ એના ફળને હું ભોગવતો નથી. હું તો આનંદના નાથને ચૈતન્યસ્વરૂપને અનુભવું છું. આહા..હા..! મારું ધ્યેયનું ધ્યાન તો ભગવાન ઉપર છે. મારો ભગવાન હોં! આહા..હા..! આવી સમાજમાં વાત મૂકવી... લોકો ખળભળાટ કરે છે. આહા..હા..!

એક મુનિની વ્યાખ્યા આજે આવી છે. એક મુનિને કોઈએ પૂછ્યું હશે કે સાહેબ! બહુ આપ તો વૈરાગ્યની વાત કરો છો. ભાઈ! અહીં તો વૈરાગ્યની વાત છે. ભોગની વાત જોઈતી હોય તો સોનગઢ છે. કારણ કે ખાવું, પીવું ને લહેર કરવી અને ધર્મ (થઈ જાય). એમ કહ્યું એણે. એટલે ઓલાએ કહ્યું કે મહારાજ! તમે આ શું કહો છો આવું? ત્યાં તો સમ્યગ્દર્શનની વાત, ધર્મની વાત છે. આહા..હા..! તમે આ શું ભોગની વાત ત્યાં કરે છે? આહા..હા..! ત્યારે પછી એણે મુનિએ કબુલ્યું. છાપામાં આવ્યું છે. આ શું કહેવાય? ... મારી ભૂલ થઈ

ભાઈ! બાપુ! ભોગની વાત છે અહીં નાથ? અહીં તો અતીન્દ્રિય આનંદનો નાથ અંદર એને અનુભવવાની વાતું છે. આહા..હા..! સમકિતીને એ ઈન્દ્રાણીના ભોગ પણ કાળા નાગ, કાળો નાગ જેમ દેખે એમ એને દુઃખ લાગે. ભાઈ! તું કોણ છો? તારી ચીજ આગળ એ ઈન્દ્રાણીના ભોગ પણ કાળો નાગ લાગે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં એ પુરુષવેદનીયને હું ભોગવતો નથી, એમ નપુંસકવેદનીયને ભોગવતો નથી. '**હું નરક-આયુકર્મના ફળને નથી ભોગવતો,...**' ઠીક! સમકિતી છે, હોય મનુષ્યમાં ચારિત્રવંતની વ્યાખ્યા છેને? એ ચારિત્રવંત તો છે તો મનુષ્યમાં, પણ કોઈ પૂર્વનું આયુષ્ય પડ્યું હોય તો કહે છે કે એને હું ભોગવતો નથી. જેમ નરકમાં જાય છે. શ્રેણિક રાજા ગયા, પણ એ આયુષ્યનો ભોગવટો મારે નથી. અહીં તો ચારિત્રવંતની વાત છે. '**તિર્યંચ-આયુકર્મના ફળને...**' એમ પશુનું આયુષ્ય જે હોય એનું ફળ હું ભોગવતો નથી. એમ '**મનુષ્ય-આયુકર્મના ફળને...**' મનુષ્યપણે છે. એનું તો આયુષ્ય પણ છે. મારે રહેવાની મુદ્દત છે અહીં એ મારે કારણે છે, આયુષ્યને કારણે નહિ. એ મુદત એટલી રહેવાની છે એ હું નહિ. હું તો ત્રિકાળ મારો ભગવાન છું એ ઉપર મારું જોર છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**હું દેવ...**' નહિ. દેવના ફળને હું ભોગવતો નથી. આહા..હા..! ચારિત્રવંત એમ કહે છે. આહા..હા..!

'**હું નરકગતિનામકર્મના...**' હવે ગતિની વાત છે. નરકની ગતિનો ઉદય તો ગતિનો હોય. સમકિતીને હોય, પૂર્વનો બંધ પડ્યો હોય, આયુષ્ય ન હોય ભલે પણ નરકગતિ પડી હોય. .. અનુભવતો નથી. તિર્યંચગતિના ફળને હું ભોગવતો નથી, મનુષ્યગતિના ફળને હું ભોગવતો નથી. મનુષ્યગતિ તો છે, પણ એને હું ભોગવતો નથી. ગતિ તો રાગ છે, ઉદયભાવ છે, ઉદયભાવનો અનુભવ મને નથી. ચારિત્રવંત છેને. '**હું એકેન્દ્રિયજાતિના...**' એકેન્દ્રિય પ્રકૃતિ પડી હોયને. હોય સમકિતી, મુનિ, ધર્માત્મા પણ પૂર્વની પ્રકૃતિ એકેન્દ્રિય પડી હોય અંદર નામકર્મમાં, તો એને હું ભોગવતો નથી. ઉદય આવીને ખરી જાય છે. એમ બે ઈન્દ્રિય. એકેન્દ્રિય એટલે આ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, વનસ્પતિ એ એકેન્દ્રિય કહેવાય. એકેન્દ્રિયા આવે છેને? એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રિઈન્દ્રિયા, ચૌ ઈન્દ્રિયા. એને બે ઈન્દ્રિય એટલે ઈયળ, કીડા એને કર્મના ફળને પણ હું ભોગવતો નથી. ત્રણ ઈન્દ્રિયને નહિ. આહા..હા..! ચૌ ઈન્દ્રિયને નહિ આ માખી આદિ. એની પડી હોય પ્રકૃતિ એને હું ભોગવતો નથી. '**પંચેન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' આહા..હા..! '**હું ઔદારિકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' '**હું વૈક્રિયિકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' '**આહારકશરીર-નામકર્મના ફળ...**' એ તો કોઈ મુનિને હોય, પણ છતાં સમુચ્ચય વાત લીધી છેને. એમ મુનિને પણ બધાને હોય એવું કાંઈ નહિ. પ્રકૃતિ બંધાઈ ગઈ હોય કોઈ, પણ કહે છે કે એના ફળને હું ભોગવતો નથી. આહારક શરીર બંધાઈ ગયું માટે હવે ભગવાન પાસે પ્રશ્ન કરવા જાઉં છું, એ તરફનું મારું વલણ નથી કહે છે. આહા..હા..! આહારક શરીર હોય છેને.

આ ઔદારિક શરીર છે આ, વૈક્રિયિક શરીર નારકી આદિને હોય છે અને આહારક શરીર મુનિને કોઈ શંકા ઉઠે ભગવાન બિરાજતા હોય જ્યાં. પૂછવા જવા આહારક શરીર બનાવે. ત્યાં જઈ અને ઉભો રહે જ્યાં ત્યાં સમાધાન થઈ જાય. પૂછવું ન પડે. એવી સ્થિતિ છે. ભગવાન તો બિરાજે છે કાયમ તીર્થંકર. સીમંધર ભગવાન આદિ મહાવિદેહમાં ત્રણે કાળે તીર્થંકરની હાજરી હોય છે. તો કહે છે કે એ આહારક શરીરને લઈને પ્રશ્ન પૂછવા જવું ને એ બધી મારી ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શું કીધું? આહારક.

'**તૈજસશરીર...**' તૈજસશરીર છે. આ તૈજસ શરીર ઉષ્ણતા લાગે અંદર. તૈજસ શરીર છે અંદર રજકણો એનું ફળ. અહીં તો '**કાર્મણશરીર...**' એ કાર્મણના કોથળામાં પ્રકૃતિઓ બધી ઘણી પડી છે આઠ, પણ એને હું ભોગવતો નથી. આહા..હા..! મારો નાથ રાગ અને કર્મના પરમાણુથી તદ્દન ભિન્ન છે. ભિન્નને ભાળ્યો. આહા..હા..! ઓલા કવિ એક (કહેતો), 'ભાણો ભાળે એવું ભાખે.' એક ભાણો કવિ હતો. એક રાજાને કાંઈક વાત કરી કે ભાઈ 'ભાણો ભાળે એવું ભાખે.' ભાણો કવિ કહે. એમ આ ભાળે એવો અનુભવ કરે. આહા..હા..! ભાણો ભાળે એવું ભાખે. આવે છે કાંઈક. એમ આ આત્મા ભાળે એવો અનુભવે. એ પરને ભાળતો જ નથી, જોતો જ નથી, આ જોવે છે. આહા..હા..! આવી વાતું. આહારકનું આવ્યુંને? તૈજસ અને કાર્મણ આવી ગયું.

હવે '**ઔદારિકશરીર-અંગોપાંગ...**' હોય છે એક પ્રકૃતિ. છેને? એ પણ હું નહિ. એમ '**વૈક્રિયિક...**' એમ '**આહારક...**' આહારકના અંગોપાંગ એ પણ નહિ. એમ '**ઔદારિકશરીરબંધન...**' પ્રકૃતિ છે એ નહિ. એમ વૈક્રિયિકનું બંધન એ હું નહિ. એમ આહારકનું બંધન છે એ પણ હું નહિ. આહા..હા..! ચૈતન્યસ્વરૂપને હું તો ભોગવનારો છું. આહા..હા..! '**હું તૈજસશરીરબંધનનામકર્મના ફળને નથી ભોગવતો,...**' એ બંધન છે એ પણ કાર્મણબંધન. એમ '**ઔદારિકશરીરસંઘાતનામકર્મના...**' એ રજકણો ભેગા થાયને જેમ. ભેગા કરવા હોયને જેમ રજકણો.. શું કહેવાય તમારે એ? આ ખંપાળી. ખંપાળી-ખંપાળી. ખંપાળી હોયને એનાથી આમ (ભેગું કરે). એમ આ ખંપાળી છે આ. એ સંઘાત નામની પ્રકૃતિ ધીમે ધીમે પરમાણુ આવે એને હું ભોગવતો નથી. એમ બધા આહારક સુધી લઈ લેવું, કાર્મણ સુધી લઈ લેવું લ્યો! હવે સંસ્થાનની વાત આવશે. થઈ ગયો વખત.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૧૧, સોમવાર, તા. ૦૭-૧૧-૧૯૭૭, કળશ-૨૩૦, પ્રવચન નં. ૫૦૨

સમયસાર, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર, શું ચાલે છે આ? કે આ આત્મા વસ્તુ છે એનું રાગથી (ભિન્ન) દ્રવ્યસ્વભાવનો અનુભવ થતા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય પછી એને ચારિત્રમાં જ્યારે જાય છે સ્વરૂપમાં સ્થિરતા (કરવા) ત્યારે ભૂતકાળ, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળના પુણ્ય-પાપના ભાવથી—એ કર્મચેતનાથી પાછો વળે છે. સમજાણું કાંઈ? કેમકે બે નય છે એમાં બે નયનો વિરોધ છે. જે નય નિશ્ચય છે એનાથી વ્યવહારનયનો વિરોધ છે. વ્યવહારનય વ્યવહાર દયા, દાન, વ્રત પરિણામને વ્યવહાર ધર્મ તરીકે કહે. નિશ્ચયનય દ્રવ્યને આશ્રયે થયેલી શુદ્ધતા, સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ એને ધર્મ કહે. તો કહે છે કે બે નયને વિરોધ છે. આ નય પુણ્ય જે છે એને વ્યવહારનય ધર્મ કહે છે તો એ અહીં તો હવે ધર્મદૃષ્ટિ થઈ આત્માની એને એ કર્મચેતનાથી નિવર્તે છે. (વ્યવહારધર્મ એ) સાચો ધર્મ હોય તો એનાથી નિવર્તવું હોય નહિ. સમજાય છે કાંઈ? ધર્મ તો કીધો છે એને પણ. નિશ્ચય આત્માનું દર્શન થતાં, આત્મજ્ઞાન થતાં આનંદનો અનુભવ વેદન થતાં જે કાંઈ રાગ બાકી રહે દયા, દાન, વ્રતાદિ એને વ્યવહાર ધર્મ તરીકે આરોપિત સાધન તરીકે, નિમિત્ત તરીકે કહેવામાં આવ્યું છે. હવે અહીંયાં આગળ વધવું છે એને એ જે વ્યવહારથી કહ્યું હતું એને એ છોડે છે અને અંદરમાં આવે છે હવે. આહા..હા..! આવી વાતું છે. સમજાણું કાંઈ? ગયા કાળના દયા, દાન, વ્રતના ભાવ, વર્તમાનના અને ભવિષ્યમાં એ ત્રણને કર્મચેતના ગણીને તેનાથી વ્યવહારે જે કહ્યો હતો એને પુણ્ય એનાથી પાછો વળે છે. કેમકે વ્યવહાર આનાથી વિરુદ્ધ છે. વિરુદ્ધથી પાછો વળે છે અને અવિરુદ્ધમાં ઠરે છે. આહા..હા..! આટલું બધું હવે યાદ ક્યાં રાખવું? એને ચારિત્ર કહે છે.

આનંદસ્વરૂપ ભગવાન આત્મા એને આનંદની શ્રદ્ધા, જ્ઞાન અને સ્વરૂપ આચરણની દશા તો ચોથેથી થાય છે. અને અહીંયાં તો એમ કહે છે કે ચોથે, પાંચમે અને છઠ્ઠે એવા વિકલ્પનો ત્યાગ સર્વથા નથી ત્યાં હજી. એ સાતમે જાય ત્યારે સર્વથા ત્યાગ થાય છે. એથી ખરેખર જ્ઞાનચેતના આત્માનો અનુભવ ચારિત્રની દશાનો ઉગ્રપણે સાતમે ગુણસ્થાને અનુભવ હોય છે. એના પહેલા સમ્યગ્દર્શન-જ્ઞાન પૂરતું ચોથે-પાંચમે-છઠ્ઠે શ્રદ્ધા-જ્ઞાનમાં એ હોય છે કે રાગ છોડવાલાયક છે, રાગ જાણવાલાયક છે, પણ એને છોડીને સ્થિર હજી થવાને ચોથે, પાંચમે, છઠ્ઠે લાયકાત નથી. સમજાણું કાંઈ? આ બધી શરતું છે.

શ્રોતા :- વધારે સમજાવું જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ જુઓને તેથી તો કહેવાય છે કે ચોથે, પાંચમે ને છઠ્ઠે... આવી ગયું છે અને હજી આવશે કે આ કર્મચેતના અને કર્મફળચેતના એટલે કે વર્તમાનમાં થતાં પરિણામ અને ભવિષ્યના અને ભૂતના એ પરિણામથી હું નિવર્તું છું. કારણ કે એ મારું સ્વરૂપ નથી. એ નિવર્તવું ચોથે, પાંચમે, છઠ્ઠે થતું નથી, સાતમે થાય છે. એથી તો કહેવાઈ ગયું છે અને હજી આવશે. સમજાણું કાંઈ? પણ ચોથે, પાંચમે, છઠ્ઠે એ રાગાદિ ભાવ છે તે ત્યાગ છે, હેય છે, જાણવાલાયક છે એવી દશા તો પ્રગટી છે, પણ એનો રાગનો અભાવ થઈને જે સ્થિરતામાં ચારિત્રદશા જોઈએ એ થઈ નથી તેથી તેને જાણે-દેખે છે એમ ચોથે, પાંચમે, છઠ્ઠા સુધી કહેવામાં આવે છે. અને સાતમામાં તો અંદર ઠરે છે હવે. ઉપયોગ શુદ્ધ જામી જાય છે. ચોથે, પાંચમે, છઠ્ઠે શુદ્ધ ઉપયોગ તો ક્વચિત્ આવે. છઠ્ઠે તો શુદ્ધ આવે નહિ. પણ આ તો શુદ્ધોપયોગ એવો આવે કે ઠરે અંદર. આહા..હા..! જેમાં પૂર્વના કર્મના ઉદયનો ભાવ આવતા એ તરફના વલણનો ભાવ છૂટી જાય છે તો કર્મના ફળને હું ભોગવતો નથી એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવું કેટલું યાદ રાખવું બધું? એવો માર્ગ છે, ભાઈ! માર્ગ એવો છે અંદર. આહા..હા..!

એ અહીં ૭૫ સુધી આવ્યું છે આપણે. '**હું કાર્મણશરીરસંઘાતનામકર્મના ફળને નથી ભોગવતો,...**' આખું કાર્મણ જે ૧૪૮... સમકિતી જીવને બધાને ૧૪૮ જ હોય એવું કાંઈ છે નહિ અને સમકિતીની અહીં વાત છે. સમજાણું કાંઈ? જ્યાં આત્મજ્ઞાન થયું અને આત્મદર્શન થયું એવાને બધાને ૧૪૮ પ્રકૃતિ હોય એમ નથી. ક્ષાયિક સમકિતી હોય એને તો મિશ્રમોહનીય, મિથ્યાત્વ અને સમકિત ત્રણેનો નાશ હોય. અને તેને સમકિત હોવા છતાં તીર્થંકરગોત્ર બંધ પણ ન હોય, છતાં અહીં તો સમુચ્ચય બધી વાત લેશે. અને મુનિ હોવા છતાં આહારક શરીરનું બંધન સંઘાતન, અંગોપાંગ એ પ્રકૃતિ ન હોય, પણ હોય એને માટે અહીં છે કે એના ફળને હું ભોગવતો નથી. આમાં આવી વાતું છે. એને જાણપણું તો સ્વપર બે ચીજ ભિન્ન છે. એમાં પરના પ્રકારો જે ચોથે, પાંચમે, છઠ્ઠે આવે છે એમાંથી એ નિવર્ત્યો નથી હજી કહે છે. આહા..હા..!

જ્યારે અંતર આનંદમાં લીન થઈ જાય છે ત્યારે એને પુણ્ય-પાપના ભાવ ત્રણે કાળથી નિવર્ત્યો અને પૂર્વના બંધ જે અજ્ઞાનભાવે કરેલા કર્મ એના ઉદયમાં તેનું જોડાણ નથી. આહા..હા..! અહીં તો ત્યાં સુધી લીધું છે કે કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ છે તેના ફળને પણ હું ભોગવતો નથી. કેવળજ્ઞાન છે નહિ. સમજાણું કાંઈ? એનો અર્થ એ કે કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ અને કેવળદર્શનાવરણીય પ્રકૃતિ છે નિમિત્તરૂપે અને અહીં હીણી દશા પણ છે નૈમિત્તિકરૂપે, પણ દૃષ્ટિવંતનો વિષય તે પર્યાય નથી. આહા..હા..! હું તો ચૈતન્યસ્વરૂપ... ચૈતન્યસ્વરૂપ... ચૈતન્યસ્વરૂપ એવો આત્મા (છું), પર્યાય પણ નહિ. આહા..હા..! દરેકમાં એ આવ્યું છેને? ચૈતન્યસ્વભાવ વસ્તુ એવો જે આત્મા તેને હું વેદું છું એટલે પર્યાયમાં અનુભવું છું. પણ

એ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય, કેવળજ્ઞાનાવરણીયના ફળને પણ હું પર્યાયમાં અનુભવતો નથી એમ કહે છે. આહા..હા..! એટલે? કે પર્યાયની હીણપ દશા અને નિમિત્ત એ બધો વ્યવહારમાં જાય છે. આહા..હા..! ઝીણું છે બહુ, બાપા! આચાર્યે તો એક-એક પ્રકૃતિના નામ લઈને કહ્યું છે. મહામુનિ સંત એણે સમજાવવા જગતને એક એક પ્રકૃતિના નામ લીધા છે. આહા..હા..! અહીં તો એકદમ બહુ ન પકડાય એટલે એકદમ લઈએ છીએ. આહા..હા..! એ કાર્મણ શરીર જે છે આખું ૧૪૮ હો કે ૧૪૦ હોય પ્રકૃતિ એના ઉદયને હું ભોગવતો નથી એટલે? કે હું તો ચૈતન્યસ્વરૂપ આત્મા આનંદસાગર છે તેના તરફનો મારો વિશેષ ભાવ અંદર છે. વિશેષ ભાવ એ અંદરમાં જાય છે. એ પર્યાયના વિશેષ ભાવને અનુમોદતો, કરતો નથી. આહા..હા..! આવી વાત હવે. ત્યાં સુધી આવ્યું છે.

પછી સંસ્થાન. શરીરના આકારની વાત છે. છ પ્રકારના શરીરના આકાર. સંસ્થાન. પહેલું '**સમચતુરસ્રસંસ્થાન...**' છે. એ હું નહિ. બીજું '**ન્યગ્રોધપરિમંડલસંસ્થાન...**' એ હું નહિ. આહા..હા..! શરીરની આકૃતિના છ પ્રકાર છે સમચતુરસ્રસંસ્થાન આદિ. એમ દરેકની વ્યાખ્યા શબ્દે પણ બહુ ઝીણું પડે એટલે છોડી દઈએ છીએ થોડું થોડું. '**સ્વાતિકસંસ્થાન...**' એ હું નહિ. '**કુબ્જકસંસ્થાન...**' એ હું નહિ. '**વામન...**' એ હું નહિ. '**હુંડક...**' એ પણ નહિ. છ સંસ્થાન. એ કર્મબંધનના પ્રકારના સંસ્થાન છે અને તેનો ઉદય પણ આવે છે, પણ ઉદય તરફનું મારું વલણ નથી, મારું જોર ત્યાં નથી. હું તો ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મા તેના તરફના વલણવાળો એના પડખે ચડેલો એ હું આત્માના ચૈતન્યના સ્વરૂપને જ અનુભવું છું. આહા..હા..! કઈ જાતનો આ ધર્મ? શાંતિભાઈ! આવું છે પણ બહુ. આ તો સર્વજ્ઞ પરમેશ્વર જેણે એક સમયમાં ત્રણકાળ જોયા એની આ વાણી છે. આહા..હા..! એ છ સંસ્થાન નહિ. હું તો મારું ચૈતન્યસ્વરૂપ જે ત્રિકાળી... આહા..હા..! એના ઉપર મારા જોરને લઈને હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એવો આત્મા છે, સંસ્થાનના ઉદયના ફળસ્વરૂપ આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

પછી સ્વસંસ્થાન આવે છે. છે? ૮૨. '**વજ્રર્ષભનારાચસંહનન...**' હાડકાની મજબુતાઈ. સંસ્થાનમાં આકાર હતા, આમાં હાડકાની છ પ્રકારની મજબુતાઈ-છ. પહેલા નંબરની મજબુતાઈ પહેલામાં જાય છે. છતાં જ્ઞાની એમ કહે છે કે એ વજ્રર્ષભનારાચનું બંધન પ્રકૃતિ નામકર્મમાં (છે તે હું નથી). એક નામકર્મની ૯૩ પ્રકતિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અને બીજી બધી સાત ને ૪૮-૫૫. સાત કર્મની ૫૫ છે. પણ કહે છે કે એ ભલે ૯૩ પ્રકૃતિ હો. એમાં કેટલીક તો મને ન પણ હો. જેને હો એ પણ એનો ભોગવનાર નથી સમકિત જ્ઞાની એમ કહે છે. આહા..હા..! એ પહેલું સંહનન. એમ છએ લઈ લેવા. ૮૭ સુધી આવી ગયું. છે? એ હાડકાની મજબુતાઈની કમજોરીના પ્રકાર. ઉત્કૃષ્ટ છે એ વજ્રર્ષભનારાચ. વજ્રર્ષભનારાચસંહનન એ દરેક શબ્દનો અર્થ એ પણ છે અને ઝીણી વાત છે.

હવે '**હું સ્નિગ્ધસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો,...**' શરીરની ચીકાશની વાત નથી આ. સ્પર્શ નામનું કર્મ છે એક અંદર એના ઉદય તરફનું મારું વલણ નથી. આહા..હા..! ચીકાશ નામનું એક કર્મ છે અંદર. શરીરમાં ચીકાશ આવે એ તો એનું ફળ છે. આહા..હા..! અહીંયાં કહે છે કે '**સ્નિગ્ધસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો, હું તો ચૈતન્યસ્વરૂપ આત્માને જ...**' ભાષા છે, જોયું! આહા..હા..! મારો નાથ આનંદસ્વરૂપથી અતીન્દ્રિય અનાકુળ સ્વભાવથી ભરેલો એ અનાકુળ સ્વભાવ કહો કે ચૈતન્યસ્વભાવ કહો, એના તરફનું મારું વલણ છે, માટે એને હું ભોગવું છું. આહા..હા..! જડ તો કાંઈ ભોગવાતું નથી, પણ જડના નિમિત્તથી અંદર ફળ આવે એ હું ભોગવતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? સમજાય એટલું સમજવું, બાપુ! આ તો મહાગંભીર આચાર્યોના હૃદય છે. આહા..હા..! એ સ્પર્શ.

ચીકાશ પછી '**રૂક્ષ...**' લૂખ્ખો, પછી ઠંડો, પછી ગરમ. છેને? પછી ગુરુ-ભારે સ્પર્શ, હળવો સ્પર્શ. આહા..હા..! સુંવાળો સ્પર્શ મૃદુ અને કર્કશ-કઠોર એને હું ભોગવતો નથી. વર્તમાન પર્યાયમાં રસ એની અહીં વાત નથી. કર્મ જે જડ કર્મ પડ્યું છે એનો ઉદય આવે છે તેના તરફ મારું વલણ નથી. સમજાણું કાંઈ? જ્યાં સુધી સ્થિરતા ન હોય અને સમ્યગ્દર્શન-જ્ઞાન થયું તો એ ભાવ નિમિત્તના સંબંધમાંથી થાય અંદર તો એનો એ જાણનાર-દેખનાર રહે, પણ અહીં તો હવે એ ઉપરાંત જાણનાર-દેખનાર ઉપરાંત એ ફળ જ આવતું નથી. સ્થિરતા જામી છે આત્મામાં. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આ વાત ક્યાંય હોતી નથી. આહા..હા..! એને થોડો અભ્યાસ જોઈશે. અભ્યાસ વિના ઘણા શલ્યો ઊંધા અનેક હોય છે, અટકવાના રસ્તા અનેક હોય છે, છૂટવાનો રસ્તો અંતરમાં જાવું એક એ છે. આહા..હા..!

પછી '**મધુરરસ...**' મીઠો રસ. એ મધુરરસ નામનું કર્મ છે હોં! મધુરરસ જે આવે છે એની અત્યારે વાત નથી. એ મધુર નામનું કર્મ છે તેના તરફના ઉદયથી મધુરરસનું જે લક્ષ જાય એ મારું લક્ષ ત્યાં જતું નથી કહે છે. આહા..હા..! હું મધુરરસના નામકર્મની પ્રકૃતિની વાત છેને અહીં તો. એના તરફ મારું વલણ નથી. આહા..હા..! હું તો ભગવાનને ભાળ્યા છે મેં, શુદ્ધ ચૈતન્ય એના તરફ મારું વલણ છે. આહા..હા..! હું તો એને પડખે ચડી ગયો છું, કર્મના ઉદયના પડખેથી હું ખસી ગયો છું. આહા..હા..! મધુર. એમ '**આમ્લરસ...**' ખાટો રસ, એમ તીખો રસ, એમ કડવો રસ, એમ કષાયેલો તુરો-તુરો એ હું નહિ. એના કર્મના ઉદયની પ્રકૃતિમાં મારું જોડાણ જ નથી. મારું જોડાણ તો અહીં ભગવાન તરફ છે. આહા..હા..! કેવળજ્ઞાનાવરણીય અને કેવળદર્શનાવરણીયને ભોગવતો નથી એ શું હશે? કેવળજ્ઞાન થઈ ગયું? સાંભળને વાત. એ પર્યાયમાં જે અલ્પતા છે એ ઉપર મારું જોર નથી. આહા..હા..! મારું જોર તો ત્રિકાળીમાં, મહાબળવંત પોતે જબરજસ્ત આત્મા ભગવાન એના તરફ બળિયાની સાથે મારું બળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં આમ હોય છે એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** ત્યાં બળિયો નહિ અને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મહા બળવાન છે ઈ. આહા..હા..! જેનું બળ અનંતુ શુદ્ધ સ્વરૂપની રચના કરે તે એનું બળ છે. અશુદ્ધતાની રચના કરે એ એનું બળ નહિ. આહા..હા..! પુણ્યની રચના કરે એ વીર્યને પણ અહીંયાં નપુંસક કહ્યું છે. આહા..હા..! વ્યવહારધર્મનો ભાવ જે શુભ એની રચના કરે એને નપુંસક કહે છે. સ્વભાવ શુદ્ધ સ્વરૂપની નિર્મળતા અનંતગુણની નિર્મળતાને રચે તે વીર્ય અને બળ એ મારું સ્વરૂપ છે. આહા..હા..! બીજાને હરાવવું એ મારું બળ છે એમ પણ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? તેમ એ બળ રાગને રચે એ હું નહિ. આહા..હા..! એ મારું બળ નહિ. વ્યવહારધર્મને રચે... નિશ્ચય અને વ્યવહાર બે વિરોધ નય છેને. નિશ્ચય કહે છે કે મારું બળ તો શુદ્ધને રચે છે. વ્યવહાર કહે છે કે વ્યવહાર પુણ્યને રચે છે તો એ વિરોધ છે બેનો. એ વિરોધધ્વંસિ એ આવે છેને શ્લોક પહેલો? આહા..હા..! એ પર્યાયની દૃષ્ટિના લક્ષે એ વાત છે એ વાતને છોડાવી દે છે. આહા..હા..!

ભગવાન મહાબાદશાહ અનંતગુણનો ધણી પ્રભુ, જેના એક એક ગુણમાં અનંતધર્મની શક્તિનું રૂપ છે. એક જ્ઞાનશક્તિ છે ગુણ એમાં અનંત ધર્મનું રૂપ છે. એક અનંતધર્મ નામની શક્તિ છે તો એનું રૂપ એમાં છે. એ સિવાય અનંતા ગુણો બીજા છે. દરેક ગુણનું રૂપ એ જ્ઞાનમાં છે. એમ દર્શનમાં છે, એમ આનંદમાં છે, એમ અસ્તિત્વમાં છે, એમ વસ્તુત્વમાં છે. આહા..હા..! મોટો ગુણનો ઢગલો છે, ભર ભર્યો છે મોટો. એવા આત્મા ચૈતન્યસ્વરૂપને હું તો જોઉં છું કહે છે, અનુભવ છું. કર્મના પ્રકૃતિના ફળને હું ભોગવતો નથી. આહા..હા..! ફળ આવી ગયાને રસ?

**'સુરભિગંધ...'** અને દુર્ભિગંધને હું ભોગવત નથી. આહા..હા..! એમ વર્ણ. ધોળો વર્ણ. ધોળો વર્ણ એટલે શરીરનું સુંદર રૂપ એ નહિ. ધોળા વર્ણની પ્રકૃતિ છે અંદર એના ફળને હું ભોગવતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'શુક્લવર્ણ...'** લાલ વર્ણ, પીળો વર્ણ, લીલો વર્ણ, કાળો વર્ણ એને હું ભોગવતો નથી કહે છે. નામકર્મના ફળને હોં! આહા..હા..! **'હું નરકગત્યાનુપૂર્વીનામકર્મના ફળને નથી ભોગવતો,...'** નરકમાં જવાની એક પ્રકૃતિ છે ગત્યાનુપૂર્વી. ભલે હો, હું તેને ભોગવતો નથી. આહા..હા..! ક્ષાયિક સમકિત શ્રેણિક રાજા નરકમાં ગયા, તો કહે છે કે એ નરકાનુપૂર્વી છે... આહા..હા..! એ ત્યાં લઈ ગઈ છે એ તો નિમિત્તથી છે, પણ મારી યોગ્યતામાં એવી દશા હતી એને લઈને ગઈ એ યોગ્યતાને પણ હું અનુભવતો નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ **'તિર્યંચગત્યાનુપૂર્વી...'** પશુમાં જવાની કે નિગોદમાં જવાની આનુપૂર્વીકર્મપ્રકૃતિ છે એને હું ભોગવતો નથી કહે છે. આહા..હા..! એમ મનુષ્યની ગત્યાનુપૂર્વી, એમ દેવની. પછી **'હું નિર્માણનામકર્મના ફળને નથી ભોગવતો,...'** શરીરની અનુકૂળ બધી ઈન્દ્રિયો જ્યાં જોઈએ ત્યાં કાન અહીં થાય, આંખ અહીં થાય. આંખ અહીં થાય, કાન અહીં થાય એમ

નહિ. એવી એક પ્રકૃતિ છે નિર્માણકર્મની. એ નિર્માણ પ્રકૃતિના ફળને હું ભોગવતો નથી. આહા..હા..! કોઈને નાક અહીં થાય અને કોકને અહીં થાય એમ હશે? એ નિર્માણ નામની એક પ્રકૃતિ છે કે જ્યાં સ્થાન હોય ત્યાં જ તે થાય. સમજાણું કાંઈ? એવું પણ કર્મની પ્રકૃતિના ઉદયના તરફનું મારું વલણ જ નથી. આહા..હા..! આવી વાતું છે. સમ્યગ્દૃષ્ટિ પણ તેના ફળને જાણે અને દેખે અને સ્થિરતા સાતમે થાય. ત્યારે તો એ ભાવ જ ન હોય એને. ચોથે, પાંચમે, છઠ્ઠે હજી એ તરફના વલણનો અસ્થિરતાનો ભાવ હોય છે. ફળ તરફના જોડાણના કારણે. પણ એ પછી તો હું મારામાં છે જ નહિ સાતમે. મૂળ વિશેષ સાતમાની વાત છે. ચારિત્રની દશાનું વર્ણન છેને. ક્યાં સુધી આવ્યું?

**'અગુરુલઘુનામકર્મના ફળને નથી ભોગવતો,...'** **'ઉપઘાતનામકર્મ...'** બીજાથી હણાય જાવ શરીર એવી એક પ્રકૃતિ, એ પ્રકૃતિના ફળને હું ભોગવતો નથી. **'પરઘાત...'** એ પ્રકૃતિને કારણે હું પરનો ઘાત કરું શરીર દ્વારા એ પ્રકૃતિના ફળને હું ભોગવતો નથી. આહા..હા..! **'આતાપનામકર્મના ફળને નથી ભોગવતો,...'** આતાપ. સૂર્ય જેમ આતાપ છેને. **'હું ઉદ્યોત...'** પ્રકાશ ચંદ્રનો એ કર્મ પ્રકૃતિ પડી હોય ભલે, ઉદયમાં આવે એ ફળને ભોગવતો નથી. શ્વાસ નામના કર્મને હું ભોગવતો નથી. આહા..હા..! આ શ્વાસ ચાલે છે એ શ્વાસ નામની પ્રકૃતિના નિમિત્તે. પણ કહે છે કે એ પ્રકૃતિ જે પડી છે એના ઉદય તરફ મારું વલણ જ નથી. આહા..હા..! **'હું પ્રશસ્તવિહાયોગતિનામકર્મના ફળને નથી ભોગવતો,...'** ગતિ હાથીની જેવી આમ ચાલે મલપતિ શરીર. એ વિહાયગતિ નામની પ્રકૃતિ છે એના ઉદય તરફ મારું વલણ નથી. એ વિહાયગતિ કીધી. પછી **'અપ્રશસ્તવિહાયોગતિ...'** ઊંટની જેમ પગ આમ આડા પડે, આડા પડે એવી ચાલ હોય, પણ એ હોય શરીરની અવસ્થા પણ એ જુદી, પણ એવી પ્રકૃતિ અંદર પડી છે તેના ફળ તરફ મારું વલણ નથી. આહા..હા..! છે?

**'સાધારણશરીર...'** એક શરીરમાં અનંત જીવ હોય એવા કર્મના ફળને હું ભોગવતો નથી. પ્રકૃતિ હોય છેને. ભલે સમકિત હોય, મુનિ હોય, પ્રકૃતિ પડી હોય છે અંદર, કંઈ બધી ખલાસ થઈ ગઈ છે એમ નથી. પણ એના તરફનો ભોગવટો નથી. એમ **'પ્રત્યેકશરીર...'** એક શરીરમાં એક જીવ એનો ભોગવટો નથી. એમ **'સ્થાવરનામકર્મ...'** એકેન્દ્રિય પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો એની જે પ્રકૃતિ હોં એની, એના ફળને હું ભોગવતો નથી. **'ત્રસનામકર્મના ફળને નથી ભોગવતો,...'** ત્રસ-ત્રસ. શરીર છે ત્રસ. એના ફળને હું ભોગવતો નથી. **'સુભગનામકર્મ...'** જે કર્મના કારણે બીજાને પ્રીતિ ઊપજે પોતાની એને સુભગનામકર્મ કહે છે. શું કીધું ઈ? સુભગનામકર્મ. જે કર્મના નિમિત્તે પરજીવને પોતા ઉપર પ્રીતિ ઊપજે એ કર્મના ફળને હું ભોગવતો નથી. આવું છે. છે? **'દુર્ભગનામકર્મ...'** જે કર્મના નિમિત્તે બીજાને અપ્રીતિ ઊપજે, પોતા ઉપર અપ્રીતિ કરે, પણ એ પ્રકૃતિને હું ભોગવતો નથી. આહા..હા..!

છે?

'**સુસ્વર...**' અવાજ-અવાજ. સુસ્વર થાય એ તો જુદી વાત છે. પણ સુસ્વર નામકર્મની કર્મ પ્રકૃતિ છે તેના ફળને હું ભોગવતો નથી. '**દુઃસ્વર...**' ભાષા ગધેડા જેવી હોય અને કાગડા જેવી ભાષા દુઃસ્વર એવી ભાષા હોય પણ પૂર્વના કર્મના નિમિત્ત છે પ્રકૃતિમાં એ તરફ મારું વલણ નથી. આહા..હા..! હું તો આનંદનો નાથ મારો ચૈતન્યપ્રભુ... આહા..હા..! એને પડખે ચડ્યો, મારી કરવટ દશા ફરી ગઈ છે. જેમ જમણે ઓલું હોયને ડાબે ફરી જાય, ડાબે હોય અને જમણે એમ દશા ફરી છે મારી કહે છે. હું જે રાગ અને પર્યાયબુદ્ધિમાં હતો એ મારી દિશા ફરી ગઈ અને દશા ફરી ગઈ. આહા..હા..! મારી દશા સમ્યગ્દર્શન છે અને દિશા મારી ચૈતન્ય ઉપર છે. આહા..હા..! આવો માર્ગ. તો એના ઉપર મારું લક્ષ નથી કહે છે. છેને? પછી શું આવ્યું?

'**શુભનામકર્મ...**' શરીરના અવયવ સુંદર હોય. શુભનામકર્મનું ફળ શું? શરીરના અવયવ સુંદર બધા હોય. નામ, આંખ, કાન સુંદર. એ તો હોય, પણ એ પ્રકૃતિ જે છે પડેલી એના ફળને હું ભોગવતો નથી. આહા..હા..! એમ અશુભ. શરીરના બધા અવયવો અસુંદર હોય. નાકના ઠેકાણા નહિ, કાન ચોંટી ગયેલા હોય એવા હોય છેને? આ છૂટું ન હોય આમ કોઈને ચોંટી ગયેલું હોય આમ. એ બધું અશુભનામકર્મ છે. સમજાણું કાંઈ? ઘણાં પ્રકાર છે. આ તો ભગવાનનું વર્ણન છે. આહા..હા..! નાકમાં પણ એક લાઈન સરખી હોય. બીજાને એક આમ હોય ને એક આમ હોય. એ દરેક અવયવો અસુંદર હોય એ અશુભ નામકર્મના ફળ. પણ કહે છે એ અશુભ નામ પ્રકૃતિ છે તેના તરફ મારું વલણ જ નથી ત્યાં. આહા..હા..!

પછી '**સૂક્ષ્મશરીર...**' સૂક્ષ્મ શરીર છેને આ નિગોદના. આખા લોકમાં ભરેલા. એ પ્રકૃતિ પડી હોય જ્ઞાનીને પણ, પણ એના ફળને હું ભોગવતો નથી. એમ બાદર શરીરને હું ભોગવતો નથી. બાદર શરીર. પ્રકૃતિને હોં. હું પર્યાપ્ત નામકર્મને ભોગવતો નથી. અપર્યાપ્ત નામ(કર્મ), હું સ્થિર નામકર્મને ભોગવતો નથી. આહા..હા..! છે? '**હું અસ્થિરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' '**હું આદેયનામકર્મના ફળને નથી ભોગવતો,...**' આદેય એટલે? કાંતિવાળું શરીર હોય. શરીરમાં કાંતિ હોય દરેક અવયવની. એનું નામ આદેય પ્રકૃતિ છે. પણ એ પ્રકૃતિ જડ છે એના તરફ મારું વલણ જ નથી કહે છે. મળેલી ચીજ ઉપર તો મારું વલણ નથી, પણ પ્રકૃતિ છે એના તરફ મારું વલણ નથી. આહા..હા..! ઝીણું બહુ આમાં. આહા..હા..! આદેય, અનાદેય. શરીરમાં કાંતિ જ ન હોય કઈ અવયવની. એવો હો તો હો, પ્રકૃતિના નિમિત્તમાં મારું કાઈ વલણ નથી કહે છે.

'**હું યશઃકીર્તિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' એ જશકીર્તિ નામકર્મનો ઉદય આવે અને બહારમાં જસ... જસ... જસ... આહા..હા..! એ મારું કામ નહિ. મારો જસ તો આત્માના ગુણનો એ જસ છે. આહા..હા..! એ વાત કહેતા હતા ઘણાં વર્ષ પહેલાં

પછી હવે ભૂલી ગયા. જસ છે અંદર જસ. પોતાને જે શક્તિઓ છે ગુણ એનો જસ છે અંદર. એના વખાણ છે એ પ્રશંસાનું વેદન છે એ જસ છે. એ જસને વેદું છું, આ જસની પ્રકૃતિને વેદતો નથી. એ વાત પહેલા ખૂબ કહેતા ઘણાં વર્ષ પહેલાં. હવે પછી કાંઈ બધું યાદ રહે છે? યશ કહેતા ભગવતી સૂત્રમાંથી. .. ભગવતી તો ૧૭ વાર વાંચેલુંને. ૧૬ હજાર શ્લોક અને સવા લાખની ટીકા. સવાલાખની ટીકા અને ૧૬ હજાર શ્લોક ૧૭વાર વાંચ્યું હતું. એમાં આ એક બોલ આવે છે અંદર પાછળ જસનો. આત્માનો જસ હોં એ. આહા..હા..! અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનો જસ જ્યાં અંદર પર્યાયમાં વેદનમાં આવે એ જસ મારો. આ દુનિયાનો જસ એ મારો નહિ, દુનિયા વખાણ કરે એ મારું નહિ. આહા..હા..! એવું આવે છે ભગવતીમાં પાછળમાં.

'**યશઃકીર્તિ...**' નહિ '**અયશઃકીર્તિ...**' નહિ. અપકીર્તિ દુનિયામાં થાય એ હું નહિ અને અપકીર્તિની પ્રકૃતિમાં જોડાણ મારું નહિ. અરે! '**હું તીર્થંકરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' આહા..હા..! આ લોકો રાજી રાજી થાય કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય આહા..હા..! એ ભાવ કેવો? કે એ ભાવ અધર્મ. અને એનાથી બંધાય પ્રકૃતિ એ ઝેરના ઝાડ. અમૃતનો સાગર ભગવાન એ અમૃતનું ઝાડ અને પ્રકૃતિ છે ઝેરના ઝાડ. આવ્યા છેને. સમજાણું કાંઈ? શોડષકારણ ભાવના ભાયે. પછી શું આવે છે? તીર્થંકરગોત્ર બંધાય. રાજી-રાજી થાય. અરે! આહા..હા..! ટીકામાં તો એવું આવે કે તીર્થંકર પ્રકૃતિ છે પરંપરા મોક્ષનું કારણ છે એવું આવે લ્યો! એ તો નિમિત્તના કથન છે. પ્રકૃતિ બંધાણી જડના રજકણો એનો ઉદય તો એ ઝેરના ઝાડ છે. એ પણ ઉદય ક્યારે આવે? કેવળજ્ઞાન થાય ત્યારે. હવે એક સંયોગ મળે એમાં મારે શું? હું તો કેવળજ્ઞાની છું. હું તો એ વખતે તો પ્રકૃતિનો ઉદય આવે તે વખતે હું પરનો જાણનાર થઈ ગયો છું. આહા..હા..! તો પહેલેથી કહે છે કે એ તીર્થંકર પ્રકૃતિના ભોગને હું ભોગવતો નથી. આહા..હા..! આ બધાને ન હોય પણ જેને હોય માટે લેવું આ. ૧૪૮ની સામાન્ય વાત છેને. આહા..હા..!

પછી કહે છે '**હું ઉચ્ચગોત્રકર્મના ફળને નથી ભોગવતો,...**' ઉચ્ચગોત્ર મોટું. રાજા, વાણિયા મોટા. નીચગોત્ર હલકું, ચંડાળ અને ચંડાળમાં પણ હલકા હોય જરી. '**હું દાનાંતરાયકર્મના ફળને નથી ભોગવતો,...**' ઠીક! '**હું લાભાંતરાયકર્મના ફળને નથી ભોગવતો,...**' એમ '**ભોગાંતરાય...**' ભોગ. ઉપભોગ-વારંવાર ભોગવાય એ. અને '**હું વીર્યાંતરાયકર્મના ફળને નથી ભોગવતો,...**' '**(આ પ્રમાણે જ્ઞાની સકળ કર્મોના ફળના સંન્યાસની ભાવના કરે છે).**' લ્યો! સંન્યાસ એટલે ત્યાગ. જેમ પુણ્ય અને પાપની કર્મચેતનાનો સંન્યાસ, એમ પૂર્વના કર્મના ફળનો સંન્યાસ. આહા..હા..! એક-એકમાં લાંબુ લાબું હોય તો ઘણો...

**શ્રોતા :-** બ્રાહ્મણમાં સંન્યાસી હોય છે. જૈનમાં પણ હોય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સંન્યાસનો અર્થ શું? ત્યાગી. સંન્યાસનો અર્થ ત્યાગ. એ કર્મચેતનાનો મારે ત્યાગ છે અને કર્મફળચેતનાનો મારે સંન્યાસ એટલે ત્યાગ છે એમ. ઓલા બાવા સંન્યાસી થાય એને તો બિચારાને ભાન પણ ક્યાં છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(અહીં ભાવના એટલે વારંવાર ચિંતવન કરીને ઉપયોગનો અભ્યાસ કરવો તે.**' અંદરમાં. '**જ્યારે જીવ સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની થાય છે...**' જુઓ હવે લીધો ખુલાસો. '**ત્યારે તેને જ્ઞાન-શ્રદ્ધાન તો થયું જ કે 'હું શુદ્ધનયે સમસ્ત કર્મથી'...**' એટલે પુણ્ય-પાપના ભાવથી. '**અને કર્મના ફળથી રહિત છું.**' એવું તો સમ્યગ્દર્શન થતાં ચોથે ગુણસ્થાને જ આવું હોય છે. રાગચેતના અને રાગના ફળને ભોગવવું એનાથી તો હું રહિત જ છું. આહા..હા..! '**પરંતુ પૂર્વે બાંધેલા કર્મ ઉદયમાં આવે તેમનાથી થતા ભાવોનું કર્તાપણું છોડીને,...**' ભાવ થાય, પણ તેનું કર્તવ્યપણું, મારું કર્તા લાયક છું, એ કરવાલાયક છે એમ છોડી દઈને. આહા..હા..! એક બાજુ એમ કહે કે ગણધર જેવા મુનિને પણ રાગનું જે પરિણમન છે તે કર્તૃત્વ છે એમ જ્ઞાનીનું જ્ઞાન જાણે. ૪૭ નય. જેટલે અંશે રાગનું પરિણમન, પરિણમન તે કર્તા એ બીજી વાત છે, કરવાલાયક છે તે કર્તા એ બીજી વાત છે. કરવાલાયક છે એ વાત સમ્યગ્દૃષ્ટિને હોય નહિ, પણ સમ્યગ્દૃષ્ટિ મુનિ હોય, ગણધર હોય, તીર્થંકર હોય છદ્મસ્થ એને પણ જેટલો પંચ મહાવ્રતાદિનો વિકલ્પ ઉઠે છે એટલો પરિણમે છે એટલું કર્તાપણું એને પણ છે. આહા..હા..! અને તેને એટલું ભોક્તાપણું પણ છે. આહા..હા..! ગણધર ચાર જ્ઞાનના ધણી અને તીર્થંકર છદ્મસ્થ હોય ત્યાં સુધી એને જ્ઞાનનું હીણાપણાનું પરિણમન રાગનું (છે) એટલું કર્તૃત્વ છે એ કર્તૃત્વ પરિણમનની અપેક્ષાએ કર્તૃત્વ, કરવાલાયક છે એ અપેક્ષાએ કર્તૃત્વ જ્ઞાનીને હોય નહિ. આહા..હા..! કહો, સમજાણું આ?

**શ્રોતા :–** ઝીણું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઝીણું છે ઝીણું બહુ. તેથી એકદમ લઈ ગયા. દિવસ બધા પરબના આવ્યા. માણસો બધા આવતા જાય છેને.

'**તેમનાથી થતા ભાવોનું કર્તાપણું છોડીને,...** ' જોયું! '**ત્રણે કાળ સંબંધી ઓગણપચાસ ઓગણપચાસ ભંગો વડે કર્મચેતનાના ત્યાગની ભાવના કરીને...**' ૪૯ લીધાને? ગયા કાળના ૪૯, વર્તમાનના અને ભવિષ્યના—૧૪૭ ભંગ કર્મચેતનાના. '**તથા સર્વ કર્મનું ફળ ભોગવવાના ત્યાગની ભાવના કરીને,...**' એ પ્રકૃતિ આ માથે કીધી. '**એક ચૈતન્યસ્વરૂપ આત્માને જ ભોગવવાનું બાકી રહ્યું.**' આહા..હા..! આમ તો શરીર સ્ત્રીનું કે દાળ-ભાતનું કે એને તો આત્મા ભોગવી શકતો નથી, અજ્ઞાની પણ કાંઈ ભોગવી શકતો નથી. ફક્ત એમાં રાગ થાય એને એ ભોગવે અને માને કે હું શરીરને ભોગવું છું. એ ભ્રમણા મોટી. આહા..હા..! એમ વીંછીનો ડંખ કે સર્પનું કરડવું, કાળા નાગ દેખે આમ ફડાક... એનું કાંઈ ભોગવટો આત્માને હોય નહિ, એ તો પરમાણુ જડના છે. એના તરફમાં

ઠીક નથી એવો જે અણગમો ઊભો થાય એવા દ્વેષને એ ભોગવે. તો અહીં તો કહે છે કે એ રાગ અને દ્વેષ એ હોવા છતાં તેનો હું કર્તા નથી, હું એનો જાણનાર-દેખનાર છું. ચોથે, પાંચમે, છઠ્ઠે. છે?

'**અવિરત, દેશવિરત અને પ્રમત્ત અવસ્થાવાળા જીવને જ્ઞાનશ્રદ્ધાનમાં નિરંતર એ ભાવના તો છે જ;...**' આહા..હા..! વ્યવહારનયનો વિષય ચોથે, પાંચમે, છઠ્ઠે હોય છે, પણ તેના ત્યાગની ભાવના અથવા જ્ઞાતા-દ્રષ્ટાની ભાવના એને સદાય હોય છે. આહા..હા..! '**અને જ્યારે જીવ અપ્રત્તદશા પ્રાપ્ત કરીને...**' જુઓ, એક. આહા..હા..! શુદ્ધ ઉપયોગમાં રમે અંદર ચારિત્રસહિત. આહા..હા..! છેને? '**એકાગ્ર ચિત્તથી ધ્યાન કરે, કેવળ ચૈતન્યમાત્ર આત્મામાં ઉપયોગ લગાવે...**' કેવળ એકલો ચૈતન્યમાત્ર. આહા..હા..! રાગ વિકલ્પ નહિ, પર્યાયભેદ નહિ, એકલો કેવળ ચૈતન્યમાત્ર આત્મા (તેમાં) ઉપયોગ લગાવે શુદ્ધ. '**અને શુદ્ધોપયોગરૂપ થાય,...**' દેખો! સાતમે તો શુદ્ધોપયોગ જામી જાય. પણ તેથી શુદ્ધોપયોગ નીચે નથી એમ નહિ. શ્રદ્ધા-સમકિત થવા કાળે એ શુદ્ધોપયોગ હોય, પણ અહીં તો ચારિત્રની દશાની ઉત્કૃષ્ટતા બતાવવા અપ્રમત્તમાં ત્યાં શુદ્ધોપયોગ ગણ્યો છે. સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને એ શુદ્ધોપયોગ સમ્યગ્દર્શનને કાળે શુદ્ધોપયોગમાં સમ્યગ્દર્શન થાય અને કોઈ કોઈ કાળે એ પણ પોતે ધ્યાતા, ધ્યાન અને ધ્યાનના (ભેદને) ભૂલી જઈ અને એકલા જ્ઞાનના ઉપયોગમાં આવી જાય તો એને શુદ્ધોપયોગ (થાય). પણ એ અલ્પકાળ. એને અહીં નહિ ગણતા, સાતમે ગુણસ્થાને શુદ્ધોપયોગ જામી જાય દર્શન, જ્ઞાન અને ચારિત્રસહિત તેને અહીં શુદ્ધોપયોગ કહેવામાં આવ્યો છે. આહા..હા..! કેટલી શરતું! આવો માર્ગ છે, ભાઈ!

'**ત્યારે નિશ્ચયચારિત્રરૂપ શુદ્ધોપયોગભાવથી શ્રેણી ચડીને...**' જોયું! આહા..હા..! સાતમાનું સાતિશય સપ્તમ ગુણસ્થાન લીધું છે. જે સાતમાથી પાછો ફરે અને છઠ્ઠે આવે એને અહીં ન ગણ્યો. અહીં તો સાતમે જામ્યો અને જામ્યા ભેગી શ્રેણી ચડી-શુદ્ધતાની ધારા વહી. નિસરણી જેમ ચડેને પગથિયે એમ શુદ્ધતાની વૃદ્ધિ થાય એનું નામ શ્રેણી કહે છે. આહા..હા..! '**શ્રેણી ચડીને કેવળજ્ઞાન ઉપજાવે છે. તે વખતે એ ભાવનાનું ફળ જે કર્મચેતનાથી અને કર્મફળચેતનાથી રહિત...**' કર્મચેતના ઓલા ૪૯ ભંગ, કર્મફળચેતના ૧૪૮ પ્રકૃતિનું ફળ. આહા..હા..! બેયથી રહિત '**સાક્ષાત્ જ્ઞાનચેતનારૂપ પરિણમન...**' આહા..હા..! કેવળજ્ઞાન વખતની વાત છે હોં! નીચે જ્ઞાનચેતના હોય છે, પણ જોડે હજી કર્મ અને કર્મફળચેતના પણ પર્યાયમાં છે. ભલે એને જાણે-દેખે પણ પર્યાયમાં છે. આહા..હા..! તેથી કેટલાક કહે છેને સમકિતીને દુઃખ અને રાગ હોય જ નહિ. એ તો કઈ અપેક્ષાએ હોય નહિ? સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની દૃષ્ટિમાં દ્રવ્યની મુખ્યતા લઈને જે સ્વભાવ પ્રગટ થાય તેની મુખ્યતા ગણીને, વિભાવ થાય અને વેદન છે તેને ગૌણ ગણીને નથી એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! એ તો છઠ્ઠા શું દસમા ગુણસ્થાન સુધી આસ્રવ છે રાગ. ઓલા પકડે કે જુઓ,

સમકિતીને આસ્રવ ને બંધ દુઃખ છે જ નહિ. એ એકાંત મિથ્યાત્વ છે. આ બધા પકડાઈ ગયા છેને શેઠિયાના માણસો. જ્ઞાનચંદજીને પકડાઈ ગયું છેને. ત્યાં દિલ્હીમાં તો તમારે .. એ હતો. પણ પકડાઈ ગયા છે શેઠિયામાં. જ્ઞાનીને દુઃખ હોય જ નહિ બસ. એમ ભાઈ જે કહે છે સોગાની કે શુભયોગ ભઠ્ઠી છે એ તીવ્ર કષાયવંતને ભઠ્ઠી લાગે. અહીં કહે છે કે છઠ્ઠા ગુણસ્થાનવાળાને પણ રાગ મંદ છે તે ભઠ્ઠી લાગે છે. આવી વાત છે. સમજાણું કાંઈ? એવા કાગળ આવતા શેઠિયાના. શીખો એની પાસેથી તમે સોનગઢવાળા ભઠ્ઠી કહે છે અને આમ કહે છે. અરે! પ્રભુ! બહુ પકડાઈ ગયેલા. જ્ઞાનચંદજી પણ પકડાઈ ગયા છે. પકડાઈ ગયા છે આવતા નથી. મને શંકા છે બધી ઘણી એમ કહે છે. લખી દ્યો. ના, લખી ન દઉં. આહા..હા..! અહીં એમ જ્યાં આવે સમ્યગ્દષ્ટિને તો શુદ્ધ પરિણતિ જ હોય છે એવી દૃષ્ટિને ત્યાં પકડે. પણ એ તો કહ્યું હતુંને એકવાર.

૧૧મી ગાથા. પર્યાયને સર્વ પર્યાયને અભૂતાર્થ કીધી, સર્વ પર્યાયને જૂઠી કીધી. કેવળજ્ઞાનની પર્યાયને જૂઠી કીધી. ગાથા તો આવી છે. વ્યવહાર અભૂતાર્થ તો પર્યાયમાત્ર જૂઠી છે. કઈ અપેક્ષાએ? મોક્ષમાર્ગ છે એ પર્યાય છે, કેવળજ્ઞાન છે એ પર્યાય છે, સિદ્ધ છે એ પર્યાય છે; પણ અહીં પર્યાયને ગૌણ કરી વ્યવહાર કહી અને અસત્ય કીધી છે અને ત્રિકાળીને મુખ્ય કહી, નિશ્ચય કરીને સત્ય એ છે એમ કહ્યું છે. આહા..હા..! આમાં કાંઈ ફેરફાર કરે તો ચાલે નહિ ભાઈ ત્યાં. આહા..હા..! મોટી ગડબડ ચાલી છે. અનેક રોકાવાના સાધન. બે જણા આવી ગયા હમણાં. શેઠિયાના બનેવી ભાલચંદજી અને ઓલા વિષ્ણુ સુમેરુમલ. એ બધા ત્યાં રોકાઈ ગયા હતાને. બે જણા આવી ગયા.

અરેરે! ભાઈ! આ માર્ગ એવો છે. એક નિશ્ચયનયથી જ્યાં કીધું હોય કે સમકિતીને આસ્રવ અને બંધ નથી એને એકાંત પકડી લે. દસમા ગુણસ્થાન સુધી રાગ હોય છે અને એથી એ બંધ હોય છ કર્મનો. લ્યો! એને ગૌણ ગણીને નથી કહેવામાં આવ્યો છે. અભાવ ગણીને નથી કહેવામાં નથી આવ્યું. આહા..હા..! હવે આટલું બધું કોણ શીખે? એમાં નવરાશ ક્યાં છે. એય..! શાંતિભાઈ! ઝવેરાત આડે. આ ઝવેરાત આડે અહીં નવરાશ નથી અને આ ઝવેરાત આડે (તમને નવરાશ નથી). આહા..હા..!

જેને હજી આનંદ પૂર્ણ પ્રગટ્યો નથી એ જ એમ કહે છે કે એને હજી કાંઈક દુઃખનો ભાગ છે. મિથ્યાદૃષ્ટિને જરીએ આનંદ નથી, કેવળીને જરીએ દુઃખ નથી, પણ સાધકને આનંદ અને દુઃખ બેય ભેગા છે. આહા..હા..! નહિતર સાધક કેમ કહેવાય? બાધકપણું છે અંદર. આહા..હા..! ભલે જાણવા-દેખવાલાયક છે એમ કહ્યું, પણ અસ્થિરતાની અપેક્ષાએ તેને આસ્રવ અને બંધ છે. જ્યાં સુધી યથાખ્યાતચારિત્રની રમણતા ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ આસ્રવ, બંધ અને દુઃખ છે. આહા..હા..! એક બાજુ કહે કે સમકિતીને બિલકુલ આસ્રવ-બંધ નથી. કઈ અપેક્ષાએ? એ તો મિથ્યાત્વ અને અનંતાનુબંધીની અપેક્ષાએ ત્યાં વાત કરી છે. આહા..હા..!

સમજાણું કાંઈ?

એ અહીં કહે છે કે '**કર્મફળચેતનાથી રહિત...**' થઈ ગયો. ક્યાં? કેવળ થયું ત્યારે. '**સાક્ષાત્ જ્ઞાનચેતનારૂપ પરિણમન તે થાય છે.**' જ્ઞાનચેતના તો ચોથે ગુણસ્થાને પ્રગટ થાય છે પણ અંશે. પંચાસ્તિકાયમાં એક ગાથા એવી છે કે જ્ઞાનચેતના કેવળીને જ હોય છે એવો પાઠ છે. પંચાસ્તિકાય. સમજાણું કાંઈ? એ તો પૂર્ણ છે એની અપેક્ષાએ વાત લીધી છે, પણ જ્ઞાનચેતના ચોથેથી શરૂ થાય છે. એટલે શું? કે જે રાગનું ચેતવું અને વેદવું હતું એ ખસીને જ્ઞાનસ્વરૂપ ભગવાન એની અંદર ચેતના એકાગ્ર થાય છે. જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થાય તે પર્યાયને જ્ઞાનચેતના કહે છે. રાગમાં એકાગ્ર થઈને થાય એને કર્મચેતના કહે છે. એમાં હરખ-શોકમાં એકાગ્ર થઈને ફળ ભોગવે તેને કર્મફળચેતના (કહે છે). સમકિતીને પણ જ્ઞાનચેતના હોય છે, પૂર્ણ નથી એટલે જરી કર્મચેતના અને કર્મફળ પણ હોય છે. એક બાજુ એમ કહે કે એને કર્મચેતના અને કર્મફળ હોતું નથી. કઈ અપેક્ષાએ? એ તો મુખ્ય કરીને અંતરની દૃષ્ટિને ભાવઆસ્રવ-બંધ છે, દુઃખ છે એને ગૌણ કરીને કહ્યું છે. નહિતર એકાંત થઈ જશે. મિથ્યાત્વ છે એકાંત એ તો. આહા..હા..! એ કાંઈ કર્મને લઈને નથી. કર્મ તો પરદ્રવ્ય છે. પોતાની પરિણતિમાં... આહા..હા..! ચૌદમે ગુણસ્થાને પણ ભગવાન કહે છે કે એ અસિદ્ધ છે એમ કહે છે. ત્યાં પણ હજી ઉદયભાવ છે. આહા..હા..! અને અહીં ચોથેથી એને રાગ છે જ નહિ. કઈ અપેક્ષાએ વાત કરી? ચૌદમે ગુણસ્થાન સુધી. એ પરમાર્થ વચનિકામાં આવે છેને કે વ્યવહાર અસિદ્ધત્વા. જ્યાં સુધી સિદ્ધ નથી ત્યાં સુધી વ્યવહાર કહ્યો છે. બાકી સિદ્ધની પર્યાય જીવના દ્રવ્યના બે ભાગ પાડ્યા સંસાર અને સિદ્ધ એ વ્યવહારનય છે. આહા..હા..! પણ અહીંયાં વ્યવહારનયને છોડવા માટે એમ કહે કે એનામાં છે નહિ. પણ નહિ હોય તો પછી કેવળજ્ઞાન થઈ જાય એને. આહા..હા..! અને કેવળજ્ઞાન નથી ત્યાં સુધી આનંદની અપૂર્ણતા છે ત્યાં દુઃખની અલ્પતા છે. સમજાણું કાંઈ? એ મોટા વાંધા ઉઠ્યા હતાને. વાત જ એવી છે આ. ભણે ભણતા-ભણતા પણ ખસી જાય ક્યાંક. ક્યાંક ઉતરી જાય. આહા..હા..! માર્ગ એવો નથી, બાપા! આહા..હા..!

અહીં તો કહે છે, '**જ્ઞાનચેતનારૂપ પરિણમન તે થાય છે. પછી આત્મા અનંતકાળ સુધી જ્ઞાનચેતનારૂપ જ રહેતો થકો પરમાનંદમાં મગ્ન રહે છે.)**' આહા..હા..! કેમકે ભવિષ્યકાળ ભૂતકાળથી અનંતગુણો છે. શું કહ્યું ઈ? મિથ્યાદૃષ્ટિને પણ ભવિષ્યકાળ સંસારની બુદ્ધિએ અભવિને પણ અનંતકાળ છે. એમ સમ્યગ્દૃષ્ટિ થઈને કેવળજ્ઞાન થયું એને પણ જે સાદિઅનંત થઈ દશા એ ભૂતકાળ કરતા અનંતગુણો કાળ છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું કહ્યું એ? બીજી રીતે કહીએ તો શુદ્ધ વસ્તુ જે છે ત્રિકાળી એનો જે આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એ મોક્ષનો માર્ગ અસંખ્ય સમય સુધી રહે અને એનું ફળ છે એ અનંતકાળ રહે. આહા..હા..! શું કહ્યું સમજાણું? સમ્યગ્દર્શન થઈને કેવળજ્ઞાન પામે એમાં

અસંખ્ય સમય જોઈએ. ભલે ભવ સાત-આઠ પણ બધા અસંખ્ય સમય. અનંત સમય ન હો એને. એ અસંખ્ય સમય તે સાધકપણે રહે અને પછી કેવળ થઈ જાય. તો અસંખ્ય સમયના સાધકનું ફળ કેવળજ્ઞાન અને એ કેવળજ્ઞાન અનંતકાળ રહે. ભલે પલટન થઈને. સમજાણું કાંઈ? 'સાદિઅનંત અનંત સમાધિ સુખમાં.' એ કાળ અનંતગુણો છેને. ભૂતકાળ કરતા ભવિષ્યકાળ અનંતગુણો છે. એથી... આહા..હા..! એ આનંદની દશા વ્યક્તિગત જ્યારે પ્રગટે તે અનંતકાળ ભવિષ્યમાં (રહે છે). એ કહેશે (કે) એ મારો આવો અનુભવ અંતરમાં અનંતકાળ રહો. સમજાણું કાંઈ? આહા..હા..! જેમાં હું ગયો છું ત્યાંથી મારે ખસવું નથી હવે. આહા..હા..! આનંદની રમતમાં ગયો એમાંથી નીકળવું નથી. એમને એમ રહો અનંતકાળ. એ અનંતકાળ કેટલો? આહા..હા..! ભૂતકાળની દશાના કાળથી અનંતકાળ ભવિષ્ય અનંતગુણો છે. આહા..હા..! એ તો મિથ્યાદૃષ્ટિ અભવિ સંસારને જે ભોગવે છે એ અનાદિસાંત અત્યાર સુધી રહે, પણ પછી હજી સાદિઅનંત છે. ભવિષ્ય અનંત... અનંત... અનંત... અનંત... અનંત... જેનો અંત નહિ. ભૂતકાળ કરતા અનંતગુણો સંસારમાં રહેવાનો છે ઈ. આહા..હા..! ત્યારે ધર્મી, વસ્તુ જેમ અનાદિઅનંત છે એનું ભાન થયું અને પ્રગટ દશા થઈ એ સાદિઅનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંતકાળ રહેવાની છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અહીં કહે છે. '**આત્મા અનંતકાળ સુધી જ્ઞાનચેતનારૂપ જ રહેતો થકો...**' આહા..હા..! '**પરમાનંદમાં મગ્ન રહે છે.**)' સિદ્ધ એ પરમાનંદમાં મગ્ન રહે છે. આહા..હા..! પ્રવચનસારમાં આવ્યું છેને કે કેવળી શેનું ધ્યાન કરે? એ તો ત્રણકાળ, ત્રણલોકને જાણે છે. પ્રવચનસારમાં પાછળ આવ્યું છે કે એ પરમાનંદનું ધ્યાન કરે છે. ધ્યાન એટલે એને અનુભવે-ભોગવે છે. પ્રવચનસારમાં છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદ પૂર્ણ જે શક્તિરૂપે, સ્વભાવરૂપે પૂર્ણ હતો એ પ્રગટરૂપે પૂર્ણ થઈ ગયો, બસ! એ એનું ધ્યાન કહો કે એનો અનુભવ કહો કે ભોગવટ કહો, આહા..હા..! એ અનંતકાળ સુધી શુદ્ધ ઉપયોગના ફળમાં પરમાનંદ દશાને પ્રાપ્ત થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૧૨, મંગળવાર, તા. ૦૮-૧૧-૧૯૭૭, કળશ-૨૩૧, પ્રવચન નં. ૫૦૩

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર, સમયસાર, ૨૩૧ કળશ.

निःशेषकर्मफलसंन्यसनान्ममैवं
सर्वक्रियान्तरविहारनिवृत्तवृत्तेः।
चैतन्यलक्ष्म भजतो भृशमात्मतत्त्वं
कालावलीयमचलस्य वहत्वनन्ता।।२३१।।

આહા..હા..! પ્રથમ તો અહીંયાં એમ કહે છે કે જે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે (એ) જ્યારે દયા, દાન, વ્રત અને ભક્તિના ભાવથી પણ ભિન્ન છે આત્મા, આ શરીર આદિ તો જડ છે માટી એનાથી તો જુદો છે. બાયડી, છોકરા, કુટુંબ એ તો બધા પર આત્મા છે, એનાથી તો આ જુદો આત્મા છે, પણ અંદરમાં એ પુણ્ય અને પાપના ભાવ થાય એનાથી અંદર આત્મતત્ત્વ જુદો છે. આહા..હા..!

**શ્રોતા :-** મરી જાય ત્યારે જુદો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અત્યારે પણ જુદો છે. મરી જાય ત્યારે શું, કોણ મરી જાય? મરે કોણ? જડ મરે? ચૈતન્ય મરે? મરે કોણ? શરીરની અવસ્થા બદલી જાય. આ માટીની અત્યારે શરીરની છે એ રાખની થાય. સ્મશાનની રાખ થાશે આ. આ કાંઈ આત્મા નથી, આ તો માટી જડ ધૂળ છે. અત્યારે જુદો છે. રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના ભાવ એ પણ વિકલ્પ અને વિકાર એનાથી અત્યારે જુદો છે. માન્યો છે કે હું રાગવાળો, એ તો એની માન્યતામાં ભૂલ છે. અરે! આવી વાતું છે. જિનેન્દ્રદેવ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ એમ ફરમાવે છે કે ભાઈ! તારું તત્ત્વ તો અંદર પુણ્ય-પાપથી રહિત જુદું જ છે. આહા..હા..! જે પુણ્ય અને પાપના ભાવ, પાપના એટલે આ હિંસા, જૂઠું, ચોરી, વિષય, રળવું, કમાવું, ભોગ ભોગવવો, પૈસા ભેગા કરવા, વ્યાજ આપવું, વ્યાજે લેવા, દેવા એ બધા પાપ. એ બધા પાપ હશે આ બધા રળવાના (ભાવ)?

... એ રાગથી ભિન્ન પડી અને જે અનાદિથી પુણ્ય અને પાપના કર્મચેતનાનો જે ભાવ હતો, વિકારભાવ જે કર્મચેતના, કર્મ એટલે જડ નહિ, એ શુભ-અશુભ રાગ એ કાર્ય છે વિકારી. આહા..હા..! એનું એ ચેતવું એમાં એકાકાર હતો એ કર્મચેતના, પાપચેતના છે. આહા..હા..! અને એની અંદરમાં હરખ-શોક થવો એ કર્મફળચેતના છે. એ રાગના ફળ તરીકે હરખ-શોક થવો એ કર્મ એટલે વિકારનું ફળ એ છે. બેય દુઃખદાયક છે. એનાથી ભિન્ન પડીને જેણે જ્ઞાનચેતના પ્રગટ કરી છે. એ વાત આવે છે હવે. આહા..હા..!

વસ્તુ છેને આત્મા. છે તો એ ત્રિકાળી છે, કાંઈ ક્ષણિક ચીજ નથી. અને છે તો એનામાં સ્વભાવ પણ છે કે નહિ? વસ્તુ છે તો વસ્તુનો સ્વભાવ છે કે નહિ સ્વસ્વરૂપ ત્રિકાળ? જેમ ત્રિકાળી વસ્તુ છે એવો એનો સ્વભાવ અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ એવો સ્વભાવ ત્રિકાળ છે. આહા..હા..! એવા સ્વભાવના ભાનમાં પુણ્ય-પાપના કર્તૃત્વની ચેતનાથી ભિન્ન પડી.. આહા..હા..! એ આનંદની રમતમાં આવવું, અતીન્દ્રિય આનંદસ્વરૂપ

ભગવાન આત્મા છે. કેમ બેસે? આહા..હા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ. .. વિષય છે એ તો રાગ છે, એ તો દુઃખદાયક છે. ભોગ ઈન્દ્રિયના વિષયો તરફનું વલણ. પૈસાને કાંઈ ભોગવી શકતો નથી. એ તો ધૂળ છે, જડ છે, માટી છે. 'એ મારા' એવી માન્યતા કરે છે એ મહાપાપ છે. આહા..હા..! અને એ પાપનું વેદન છે એ વિકારીનું વેદન છે, દુઃખનું વેદન છે. આહા..હા..! એનાથી ભિન્ન પડી.

છે કે નહિ એ ચીજ? છે તો ત્રિકાળ છે કે નહિ? તો ત્રિકાળ છે તો એનામાં અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન એવો ત્રિકાળી સ્વભાવ પણ છે કે નહિ? આહા..હા..! એવી ત્રિકાળી ચીજ ઉપર દૃષ્ટિ આપતા જે આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે તેની એકાગ્રતા થતાં જે દશા પ્રગટે તેને અહીંયાં જ્ઞાનચેતના, ધર્મચેતના, ભવના અંતનો અંત લાવનાર ચેતના એને જ્ઞાનચેતના કહે છે. આહા..હા..! અમેરિકામાં જાય બે-ત્રણ હજાર ડોલર, ત્યાં તો ડોલર ચાલેને, પગાર કાંઈક હોય તો એમ થઈ જાય કે ૨૦ હજાર પેદા કરીએ છીએ અમે તો મોટા આહા..હા..! ધૂળમાંય નથી સાંભળને. અને તે પાછા એના ખર્ચા એના પ્રમાણમાં હોય, બચે કેટલું એ તો સમજવા જેવું છે. આહા..હા..!

**શ્રોતા :-** પણ શાહુકાર તો ગણાયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાગલો શાહુકાર કહે એને. ગાંડા, પાગલ અજ્ઞાનીઓ એને શાહુકાર કહે. આહા..હા..! અહીં તો વાત એવી છે, બાપુ! સમજાણું કાંઈ? આ કરોડપતિ બેઠા જુઓને આ છે.. આ છે.. ઘિયા કરોડપતિ છે. રાટકોટ. ઓળખો છો ગોસળિયા? એ ઘિયા રાજકોટના છે. મોહનલાલ કાનજી ઘિયા એમના દીકરા છે. બધા સુખી... શાહુકાર હશે બધા ઈ. આહા..હા..!

**શ્રોતા :-** આપની પાસે તો એમ જ કહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહારના ગાંડાઓ બધા ભેગા થયેલા એને શાહુકાર કહે. પાગલની હોસ્પિટલમાં પાગલ મોટો કહેવાય. ભગવાનજીભાઈ! આહા..હા..!

અહીં તો ત્રણલોકનો નાથ જિનેન્દ્રદેવ એને શાહુકાર અને એને સત્યશરણ કહે છે કે જેણે અંદર આનંદનો નાથ પ્રભુ વસ્તુ છેને તો વસ્તુમાં વસેલી શક્તિઓ છે કે નહિ? વસેલી, રહેલી, ટકેલી શક્તિઓ છે કે નહિ? એ શક્તિની સન્મુખ થઈને અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી પણ વિમુખ થઈને... આહા..હા..! જેણે ભગવાન આત્મામાં એકાગ્રતા કરી એને જ્ઞાનચેતના કહે છે. એટલે કે એને ધર્મ કહે છે. એટલે કે એ ધર્મ ભવના અંતને લાવનારી દશા છે. આહા..હા..! બાકી પુણ્ય અને પાપના ભાવ એ તો ભવમાં પરિભ્રમણ ચાર ગતિમાં કરાવે એવા ભાવ છે. આહા..હા..!

**શ્રોતા :-** કોઈ પુણ્ય કરતું હશે તોપણ નહિ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે છે? એ તો ભાવ આવ્યા વિના રહેશે નહિ. એને એ કાળે શુભભાવ આવવાનો તે કાળે આવશે. પણ છે એ રાગ અને દુઃખ. આહા..હા..! કહો,

ભગવાનજીભાઈ! આહા..હા..! દાનમાં ૨૫-૫૦ લાખ ખર્ચ્યા. બે-પાંચ, દસ કરોડ હોય તે. એ તો જડની ક્રિયા છે પૈસાની. એમાં કદાચિત્ રાગ મંદ કર્યો હોય, અભિમાન માટે હોય કે 'મેં આપ્યા અને હું આવો મોટો' તો તો એકલું પાપ બાંધે છે નવું. આહા..હા..! પણ રાગની મંદતામાં કદાચિત્ પરિણામ કર્યા હોય તો એ શુભરાગ પુણ્યબંધ છે. એ આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે. આહા..હા..! અરેરે! ક્યાં બિચારા માણસને કોણ છું, ક્યાં છું એની ખબરું ન મળે. આહા..હા..!

અહીં કહે છે '(**સકળ કર્મોના ફળનો ત્યાગ કરીને...**' જોયું! શું કહ્યું એ? કે એક તો પુણ્ય અને પાપના ભાવ ગયા કાળમાં કર્યા, અત્યારે થાય અને ભવિષ્યમાં (થશે) એ બધાથી છૂટો હું છું. એવી કર્મચેતનાથી જેણે આત્માને જુદો જાણ્યો અને પૂર્વના કર્મબંધન પડ્યા એના ઉદયના ફળને ન ભોગવ્યા. હું તો અતીન્દ્રિય આનંદનો નાથ છું. આહા..હા..! સમજાણું કાંઈ? એવા કર્મના ફળનો ત્યાગ કરીને. આહા..હા..! અહીં તો જરી પુણ્ય ઉદય આવે અને પૈસા-બૈસા બે-પાંચ કરોડ મળે ત્યાં થઈ જાય 'હું પહોળો અને શેરી સાંકડી.' આહા..હા..! મારી નાખ્યો એણે આત્માને. ખૂન કરી નાખ્યું. આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ અંદર બિરાજે પૂર્ણાનંદનો નાથ એનો અનાદર કરી અને પુણ્ય-પાપના ફળને પોતાના માને... આહા..હા..! એણે ભગવાન ચૈતન્યના ભાવને ઘાયલ કર્યો છે. અરે! એને ખબરું ક્યાં છે? ભાન ક્યાં છે? બરાબર હશે? આ બધા પૈસા તો લાખો પેદા કરો છો. એના નાના ભાઈએ લાખ રૂપિયા હમણા આપ્યા પોર, ભાવનગર. આપણા સાહિત્યમાં. સાહિત્ય છપાય છેને. સાહિત્યમાં નાના ભાઈએ હોંગકોંગ-હોંગકોંગ છે નાનો, એક લાખ આપ્યા હમણા. તો ધર્મ છે ઈ?

**શ્રોતા :-** ધર્મનો પ્રચાર કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી. ધર્મનો પ્રચાર આત્મામાં થાતો હશે કે બહાર થાતો હશે? આ તો જગતથી જુદી વાત છે, બાપુ! આ જગત આખાને જાણીએ છીએ કે નહિ? આહા..હા..! ...

અહીં કહે છે કે એ કર્મનું ફળ અને કર્મ રાગાદિ કર્મ અને પૂર્વના બંધનનું ફળ એ મારું નહિ, હું તો આનંદસ્વરૂપ છું. આહા..હા..! એનો '**ત્યાગ કરીને જ્ઞાનચેતનાની ભાવના કરનાર...**' જ્ઞાનચેતના એટલે આત્મા જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ છે એની ભાવના, ચિંતવના એટલા એકાગ્રતા કરનાર એમ '**કહે છે કે :**)' છે? આહા..! '**પૂર્વોક્ત રીતે...**' '**નિઃશેષ-કર્મ-फल-संन्यसनात्**' '**સમસ્ત કર્મના ફળનો સંન્યાસ કરવાથી...**' આહા..હા..! આકરું કામ, ભાઈ! શુભ-અશુભભાવ અને શુભ-અશુભભવામાં હરખ-શોકનો ભાવ બધો દુઃખરૂપ છે. એનો ત્યાગ કરીને ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ અંદર છે. આહા..હા..! ચૈતન્યલક્ષણ. છે? '**સમસ્ત કર્મના ફળનો...**' ત્યાગ કરવાથી. સંન્યાસ એટલે ત્યાગ. સંન્યાસ એટલે ઓલા

સંન્યાસી બાવા એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'चैतन्य लक्ष्म आत्मतत्त्वं'** આહા..હા..! **'હું તો ચૈતન્ય જેનું લક્ષણ છે...'** જાણવું-દેખવું એ મારું લક્ષણ છે. રાગ દયા, દાન અને કામ, ક્રોધના પરિણામ એ તો પાપ છે, અધર્મ છે, મારી ચીજ નહિ. આહા..હા..! અરેરે! એણે અનંતકાળ ગયા ચોર્યાસીની યોનિમાં રખડતા. ચોર્યાસી લાખ યોનિ. અનંતવાર અબજોપતિ થયો, અનંતવાર ભિખારી થયો, અનંતવાર ઢોર થયો, અનંતવાર નરકમાં ગયો. ક્યાંય એને આત્માની શાંતિ ન મળી. આહા..હા..! જ્યાં છે ત્યાં ગયો નહિ, નથી ત્યાં મંથન કર્યું. આહા..હા..! અહીંયાં કહે છે કે હું કોણ છું? **'હું તો ચૈતન્ય જેનું લક્ષણ છે...'** એવું આત્મતત્ત્વ. આહા..હા..! હું આત્મા આત્મતત્ત્વ એટલે જેનું ચૈતન્ય જાણવું-દેખવું લક્ષણ એવું જે આત્મતત્ત્વ. કોઈ દયા, દાન અને કામ, ક્રોધ ને રળવાના, કમાવાના ભાવ એ તો પાપતત્ત્વ છે, એ કાંઈ આત્મતત્ત્વ નથી. આહા..હા..! આકરું કામ છે, ભાઈ! વીતરાગમાર્ગને જિનેન્દ્રદેવ કેવળજ્ઞાની પરમાત્મા અરિહંતદેવ ઈન્દ્રોની વચમાં આ ફરમાવતા હતા એ વાત છે. આહા..હા..! કહે છે કે આ ચૈતન્ય લક્ષણ આત્મા એવા આત્મતત્ત્વને. આમ **'भृशम'** છેને **'भृशम'**? એનો અર્થ અહીંયાં 'અતિશયપણે' એવો અર્થ કર્યો છે. અતિશયપણે-વિશેષપણે **'ભોગવું છું...'** આહા..હા..! ધર્મી તો એને કહીએ કે જે અતીન્દ્રિય આનંદને ભોગવું છું, હું રાગને ભોગવતો નથી. આહા..હા..!

**શ્રોતા :-** અતીન્દ્રિય આનંદ કેવો હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ઈન્દ્રિય આનંદ કેવો હશે? આ પર તરફમાં લક્ષ જઈને મજા માને છે એ રાગ. એ રાગ એ ઈન્દ્રિય આનંદ એટલે દુઃખ. એ રાગ વિનાનો અંદર સ્વભાવ છે તે સુખ આનંદ. પણ કોઈ દિ' ક્યાં દરકાર પણ કરી નથી. મજૂરની જેમ મજૂરીયું કરી, મરીને ઢોર થવાના ઘણા તો. આહા..હા..! માંસ ને દારૂનો ખોરાક વાણિયાને તો હોય નહિ. આહા..હા..! બાપુ! શું થાય? પરમાત્મા તો એમ કહે છે જેણે આત્માના સ્વભાવથી વિરુદ્ધ આડોડાઈ બહુ કરી છે... આડોડાઈ સમજાય છે? પુણ્ય અને પાપના ભાવ એ બધા આડોડાઈના ભાવ છે. આહા..હા..! એ આડોડાઈના ભાવના ફળમાં આ શરીર, ઢોર, ખીસકોલી, ગાયું, ભેંસ, ઘોડા એ આડા છેને આડા? એ આડોડાઈના ફળમાં આડા થવાના. આહા..હા..! અરેરે! કોણ કહે? પરમાત્મા સિવાય એ વાત કોણ કહે? સમજાણું કાંઈ? આહા..હા..! માંસ ને દારૂ ને એ ખોરાક હોય તો એ તો મરીને નીચે નરકમાં જવાના. નરકમાં નારકીની પાર્લામેન્ટ ભરાઈ ત્યાં પાપીઓની અને કપટ ને માયા ને કષાય, આડોડાઈ વસ્તુના સ્વરૂપથી વિરુદ્ધ ભાવ એના સેવનમાં પડ્યો એ મરીને ઢોર થવાનો છે. ગાયું, ભેંસુ, ઘોડા, ખીસકોલીની કૂખે જવાના. આહા..હા..! ભાઈ! માર્ગ તો આવો છે. કોઈ દયા, દાન, વ્રત ને ભક્તિ આદિના પરિણામ વધારે થયા હોય, ઝાઝા થયા હોય તો એ મરીને સ્વર્ગમાં જવાના, પણ ત્યાં પણ દુઃખ છે. આહા..હા..! મધ્યમ પુણ્ય હોય કદાચિત્ તો મરીને માણસ થાય, પણ

બધા રખડવાના રસ્તા છે એ તો. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું! લાલ-પીળા થઈને ફરતા હોય કાંઈક પાંચ-પચાસ લાખ રૂપિયા હોય, બાયડી-છોકરા કાંઈક ઠીક હોય રળવામાં.. આહા..હા..! અમે સુખી છીએ.

અહીં કહે છે કે અમે તો રાગથી રહિત થઈને આનંદને ભોગવીએ તે સુખી છીએ. 'સુખીયા જગતમાં સંત દુરિજન દુઃખીયા.' આહા..હા..! એ સંત નામ આત્મા આનંદસ્વરૂપ ભગવાન એના તરફનો અનુભવ, વેદન એ અતીન્દ્રિય આનંદસ્વરૂપ, ઇન્દ્રિયના આનંદમાં તો રાગ અને દુઃખ છે. વિષયમાં, ભોગમાં, પૈસામાં, ખાવા-પીવામાં જે લક્ષ જાય છે તો એ બધું દુઃખ અને રાગ છે એ તો વિકાર છે. આહા..હા..! એ લક્ષને ફેરવી અને ધર્મી એમ કહે છે કે એવા કર્મ અને કર્મના ફળ તરફનું મારું વલણ છૂટી જાય છે. આહા..હા..! હું તો એક આત્મા ચૈતન્યલક્ષણે ભરેલો ભગવાન આત્મા એને ભોગવનારો, અનુભવનારો હું છું. આહા..હા..! ભારે કામ ભાઈ આવું. કહો, ..ભાઈ! આમ પૈસા કાંઈક હોય. આહા..હા..! મહિને બે-ચાર લાખ પેદા થતા હોય, છોકરા સાત-આઠ જુવાન હોય અને કરોડપતિની દીકરીયું આવતી હોય. મૂર્ખ માને કે અમે સુખી છીએ. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! તને ખબર નથી તારી ચીજ શું છે? તારામાં શું ભરેલું છે? એવું આત્મતત્ત્વ શું ચીજ છે એની તને ખબર નથી.

તારામાં તો અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય શાંતિ ભરી છે. આહા..હા..! એવા અતીન્દ્રિય શાંતિના સાગરને આહા..હા..! હું તો ચૈતન્ય તરફ લક્ષ લેવા આત્મતત્ત્વને '**ભૃશમ**'નો અર્થ એ કર્યો, '**અતિશયપણે ભોગવું છું...**' વિશેષતા મારી એ છે કે અજ્ઞાનીઓ રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપને ભોગવે છે... આહા..હા..! મારી વિશેષતામાં એ છે કે.. આહા..હા..! એ વિકલ્પ.. આ તો માટી, જડ, ધૂળ છે, પૈસા ધૂળ છે, બાયડી-છોકરાના શરીર એ ધૂળ-માટી અને એનો આત્મા એ પરનો છે, એ કાંઈ તારા માટે આવ્યો નથી, એનો આત્મા તો પરવસ્તુ છે. આહા..હા..! હવે અહીં તો કહે છે કે મારામાં પુણ્ય અને પાપના ભાવનું વર્તન અને ભોગવવું એ પણ મારું સ્વરૂપ નહિ. આહા..હા..! પ્રેમચંદભાઈ! આવી વાતું છે, બાપુ! વાડામાં તો સાંભળવા મળવી મુશ્કેલ પડે. આહા..હા..! અરેરે! આવું માણસપણું મળ્યું અને એની શું ચીજ અંદર છે પોતે એની ખબરું ન મળે. બેખબરો. બેખબરો એટલે બે ખબર હશે? બેખબરો એ ભાષા છે. ખબર વિનાનો. આહા..હા..! બહારના ડહાપણમાં દીકરા જાણે ઉતર્યા વાતું કરે તો આનું આમ છે ને આનું આમ છે ને આનું આમ છે. એય..! ફૂલચંદભાઈ!

**શ્રોતા :-** ઈ આવડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ આવડે છે. આનું આમ થાય ને આનું આમ થાય ને આનું આમ થાય. અહીંથી માલ લાવીએ તો સોંઘો પડે અને એમાંથી વ્યાજ ચડે તો આટલું થાય

અને પૈસા પેદા થાય તો આમ થાય. વાતું પાગલની જેમ ગાંડો મંડ્યો. આહા..હા..! કહો, અજીતભાઈ! આ તો બધા પૈસાવાળા છે. નાઈરોબી. પૈસાવાળા એમ કહે છે લોકો. કહે છે. લક્ષ્મીચંદભાઈ. લક્ષ્મીચંદ નાનાને? નાના. પ્રેમચંદભાઈથી નાના લક્ષ્મીચંદ. બે ભાઈઓ. .. આવતા હતાને. બેય પાસે પોણો-પોણો કરોડ રૂપિયા છે કહે છે. એમ કહે છે, સાંભળ્યું છે આપણે ક્યાં... ધૂળમાંય આ તો... આહા..હા..! શું કર તું પ્રભુ? એ તો માટી છેને. અજીવ છે તેનો આત્મા ધણી? અહીંયાં તો પુણ્ય-પાપનો ધણી થાય સ્વામી તોપણ મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! બહુ પાછું ફરવું પડશે એને.

અતિશયપણે હું તો આ ચૈતન્યને ભોગવું છું. આહા..હા..! એટલે? એ મારો સ્વભાવ જે અતીન્દ્રિય જ્ઞાન એટલે કે ઈન્દ્રિયરહિત મારું સ્વરૂપ એવું જે અતીન્દ્રિય આનંદ અને જ્ઞાન એને હું અંતરમાં જઈને ભોગવું છું. એ મારી ચીજ છે. આહા..હા..! જેમાં અતીન્દ્રિય આનંદનું વેદન આવે એનું નામ ધર્મ અને એનું નામ આત્માનું સ્વરૂપ કહેવાય. આહા..હા..! **'તે સિવાયની અન્ય સર્વ ક્રિયામાં...'** શું કહે છે? છે? ભગવાનજીભાઈ! **'તે સિવાયની અન્ય સર્વ ક્રિયામાં...'** અન્ય સર્વ ક્રિયા એટલે? જેટલો પુણ્ય અને પાપનો વિભાવભાવ થાય એ મારી ભોગવવાની ક્રિયાથી અનેરી ક્રિયા છે એ. આહા..હા..! છે? **'તે સિવાયની અન્ય સર્વ ક્રિયામાં...'** આહા..હા..! ક્રિયાંતર છેને? ક્રિયા અંતરનો અર્થ? કે આત્માના અંતરમાં એકાગ્રતા થવી આનંદની એ ક્રિયા એનાથી અનેરી ક્રિયા જે પુણ્ય અને પાપના ભાવ એ વિભાવ ક્રિયા દુઃખની ક્રિયા. આહા..હા..! એ સિવાયની ક્રિયામાં **'વિહારથી મારી વૃત્તિ...'** આહા..હા..! એમાં ક્રિયામાં વિચરવું એનાથી હું ખસી જાઉં છું. આહા..હા..! એમાં ત્યાં ન જાઓ, મારો વિહાર એમાં ન જાઓ. આહા..હા..! મારો સ્વદેશનો વિહાર છોડી અને પુણ્ય-પાપના પરદેશમાં વિહાર મારો ન જાઓ. આહા..હા..! સમજાણું કાંઈ? છે?

**'તે સિવાયની અન્ય સર્વ ક્રિયામાં...'** અન્ય સર્વ ક્રિયા. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, રળવું, કમાવું ભાવ એ તો બધો પાપ, પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ પુણ્ય એ બધી ક્રિયાઓ આત્માના અનુભવની ક્રિયાથી અનેરી ક્રિયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્રિયા તો કીધી. ક્રિયાના ત્રણ પ્રકાર—એક આ જડ શરીર, વાણી, મન એ ચાલે એ જડની ક્રિયા છે. આ વાણી નીકળવી, આ બોલવું એ જડની ક્રિયા, આત્માની નહિ. અંદરમાં પુણ્ય અને પાપના ભાવ થવા એ વિકારી વિભાવિક ક્રિયા છે અને એનાથી ભિન્ન પડીને આત્મામાં એકાગ્રનો અનુભવ કરવો એ ધર્મની ક્રિયા છે. સમજાણું કાંઈ? એ ધાર્મિકક્રિયા છે. આ તો મંદિર બનાવે પાંચ-સાચ લાખનું... નાઈરોબીમાં બનાવવાના છેને. સાંભળ્યું છે. સાંભળ્યું છે પાંચ લાખનું બનાવવાના છે નાઈરોબીમાં. આપણા છેને મહાજનના ઘર ત્યાં, મુમુક્ષુના ૩૦-૩૫ ઘર છે. .. દોઢેક લાખનું તો છે કાંઈક નહિ? એમાં પાંચ લાખનું બનાવવાના છે. એ કહે છે કે એ તરફના વલણમાં મારી વૃત્તિ જાય છે... આહા..હા..!

એ તો પરક્રિયાની વૃત્તિ છે. આહા..હા..!

**'અન્ય સર્વ ક્રિયામાં વિહાર...'** એટલે વિચરવું. એ **'મારી વૃત્તિ નિવૃત્ત છે...'** એનાથી હું નિવૃત્ત છું. આહા..હા..! મારો આનંદનો નાથ પ્રભુ એમાં હું ઝૂકેલો છું. આહા..હા..! આ તો ચારિત્રસહિતની વાત છેને. સમ્યગ્દર્શન ઉપરાંત સ્વરૂપમાં રમણતા. આહા..હા..! એ ચારિત્રની વ્યાખ્યા છે વધારે. મારો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્ય છે એનો અનુભવ અને ભાન એ તો સમ્યગ્દર્શનમાં પણ થાય પણ અહીં તો ચારિત્ર એટલે સ્વરૂપમાં રહે. અનેરી રાગની ક્રિયાથી નિવૃત્ત છું અને મારા સ્વભાવની એકાગ્રતાની ક્રિયામાં હું પ્રવર્તું છું. આવી વાતું હવે. કઈ જાતનો આવો ઉપદેશ હશે? વીતરાગનો હશે આવો? વીતરાગમાં તો દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, મંદિર બનાવો, પૂજા કરો એવું આવે. આહા..હા..! બાપુ! તને ખબર નથી.

**'અન્ય સર્વ ક્રિયામાં...'** શબ્દ વાપર્યો છેને. પાઠમાં છેને. **'सर्वक्रियान्तर' 'सर्वक्रियान्तर'** એટલે? મારો આત્મા રાગથી ભિન્ન એનો જે અનુભવ આનંદનો એ મારી ક્રિયા. એ ક્રિયાથી સર્વ ક્રિયા બીજી ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, તપની હોય પણ એ બીજી ક્રિયા અનેરી વિભાવની ક્રિયા છે. આહા..હા..! આવું છે. **'મારી વૃત્તિ નિવૃત્ત છે (અર્થાત્ મારા તત્ત્વના ભોગવટા સિવાયની...'** અનુભવના આનંદના સિવાયની. આહા..હા..! **'અન્ય જે ઉપયોગની ક્રિયા—વિભાવરૂપ ક્રિયા...'** એટલે કે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ વિભાવક્રિયા છે અને હિંસા, જૂઠું, ચોરી, ધંધાપાણીના ભાવ દુકાનના એ તો બધા પાપક્રિયા છે. અરે..અરે..! આવું છે. પરદેશમાં જાય અને પગાર કાંઈક વધેને એટલે જાણે આહા..હા..! ૧૦ હજારનો પગાર અને ૧૫ હજારનો પગાર. પણ પગારમાં બચે છે કેટલું? એનો ખર્ચ તો જુઓ ત્યાંનો. પણ ફસ ચડી જાય અંદર જાણે. અમે આમ રળ્યા છીએ, અમે આમ રળીએ છીએ. બાપુ! તું ખોટમાં જા છો ત્યાં. આહા..હા..! તને ખોટ જાય છે ત્યાં. નફાનો ધંધો તો આત્મામાં આવવું તે છે. આહા..હા..! પણ એ સાંભળ્યું પણ ન હોય બિચારા શું કરે? આહા..હા..!

શેઠ આવ્યા હતાને જુઓને બિચારા બે-ત્રણ મહિના પહેલા. શાહુજી. ૪૦ કરોડ રૂપિયા. દિલ્હી. ઓણ આવી ગયા હતા અહીંયાં. પ્રેમચંદભાઈ! અહીં પ્રાંતિજ આવ્યા હતાને (ત્યારે) અહીં આવ્યા હતા. બે દિ' સાંભળી ગયા. ત્રણ વ્યાખ્યાન સાંભળ્યા. ૪૦ કરોડ રૂપિયા. મરી ગયા હમણાં ૨૩ તારીખે સવારમાં. ૧૧ ને ૧૦ મિનિટે. હવે ૪૦ કરોડવાળાને ડૉક્ટર કેટલા તૈયાર હશે? ૪૦ લાખના તો મકાન છે રહેવાના. નાની ઉંમર ૬૬ વર્ષ. અમારે હિસાબે તો નાની ઉંમર કહેવાયને. અમારે ૮૮. ૨૨ x ૩ = ૬૬ અને ૨૨ x ૪ = ૮૮ અહીં ૮૮ થયા શરીરને. ૩ .. હાર્ટ ફેઈલ થઈ ગયું. ફૂ. જાવ કાઢો નનામી. આહા..હા..! પ્રભુ! તું કોણ છો એની તને ખબર નહિ. એના ભાન વિનાના પરિભ્રમણના રસ્તે રખડી મર્યો

છો તું. ભાઈ! તને તારી દયાની ખબર નથી. આ દયા તો એને કહીએ કે મારું આનંદસ્વરૂપ છે એને માનીને તેને અનુભવવો તે જીવની દયા છે, એ પોતાની દયા છે. આહા..હા..! પરની દયા કોણ કરી શકે છે? પરનું તો આયુષ્ય હોય તે પ્રમાણે બચે, તું એને જીવાડી દે છે? બચાવી શકે છો? આહા..હા..! બહુ પણ...

**શ્રોતા :-** ... વાછડાને બચાવવો કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બચાવવાનો ભાવ આવે, પણ ભાવ છે એ રાગ છે. છતાં બચાવી શકતો નથી. એનું આયુષ્ય હોય તો બચે અને ન આયુષ્ય હોય તો જીવાડવાનો ભાવ હોવા છતાં મરી જાય. આહા..હા..! ચકલાના બચ્ચા નથી નીકળતા? અમે જોયું છેને. ચકલાના બચ્ચા પડી ગયા હોય નીચે. નાના છોકરા હોય. અરે! બચ્ચુ પડી ગયું હવે શું કરવું? સૂંડલો ઢાંકે. બચાવવા માટે સૂંડલો ઢાંકે એટલે કાંઈક નાના બચ્ચા છોકરા ઉપર લઈ મૂકી શકે નહિ. મોટા માણસ આવશે તો કહેશું ભાઈ ઉપરથી પડ્યું છે એને ત્યાં લઈ જાવ. ઢાંક્યું એમાં કૂતરું આવે તો ઉપાડીને મારી નાખે. આયુષ્ય બચાવવા જાય પણ એનું આયુષ્ય ન મળે એને કોણ બચાવે? આહા..હા..! આ નાની ઉંમરમાં થયેલું છેને. છોકરાઓ બિચારા. મોટા હોય નહિ. ઉપરથી પડ્યું બચ્ચું તો એને મૂકવું ક્યાં? સૂંડલો હોય એ ઢાંકી રાખે એટલે શું કોઈ મોટા આવે તો બતાવી શકે. ભાઈ આ બચ્ચું. ત્યાં તો કૂતરો આવે તો ઓલું ઊંચું કરીને (ખાઈ જાય). આયુષ્ય જ પૂરું થયું એને રોકે કોણ? આહા..હા..!

અહીં કહે છે, તારી દયા તું પાળી શકે છે. જેવડો અને જેટલો છો તેટલો માનીને તેમાં ઠરવું એ તારી દયા છે. આહા..હા..! જેવડો અને જેટલો છો એનાથી વિરુદ્ધ માનવું, હું પુણ્યનો કરનાર, દયા-દાનનો કરનાર, પાપનો કર્તા એ જીવના ભાવનું ખૂન કરે છે. એ ખૂની છે, હિંસક છે. આહા..હા..! ભાવ કોને કરે? કોણ કરે? ભાવ આવે, પણ ભાવ રાગ છે. એવો પ્રસંગ હોય તો ભાવ તો આવે કે આ મારા અને આને હું... પણ ભાવ આવે એથી બચાવી શકે એ તો છે જ નહિ. આહા..હા..! એનું આયુષ્ય હોય તો બચે અને ન હોય તો કાંઈ તું એનું આયુષ્ય આપી દે છે એને? બંધ અધિકારમાં આવી ગયું બધું. બંધ અધિકારમાં.

અહીં તો કહે છે કે મારા સિવાય જેટલી ક્રિયામાં વિહાર. જોયું! આહા..હા..! પાઠ છેને? '**सर्वक्रियान्तरविहार**' વિચરવું અંદર. આહા..હા..! વિહાર કરવો રાગનો. આહા..હા..! શુભ અને અશુભભાવમાં વિહાર કરવો એનાથી હું નિવર્તું છું, મારી ચીજ નહિ. આહા..હા..! એ મારો દેશ નહિ. આહા..હા..! મારો સ્વદેશ તો પુણ્ય-પાપના ભાવથી ભિન્ન છે, ભગવાન! ક્યાં બિચારાને સાંભળવા મળે નહિ અને બધા ભિખારા જેવા રાંકા. ભગવાને તો રાંકા કીધા છે. એ અબજોપતિ પણ ભિખારા છે. કેમ? કે સ્વલક્ષ્મીની ખબર ન મળે અને પરલક્ષ્મીના માગણ છે. લાવો... લાવો... લાવો.

અહીં દરબાર આવ્યા હતાને એક ફેરી. આ કરોડ... ભાવનગર દરબાર. કરોડનો તાલુકો. કરોડ રૂપિયાની ઊપજ છે. ભાવનગરના કૃષ્ણકુમાર આવ્યા હતા. આવે ત્યારે બધા ઘણાં આવે, શેઠિયા આવે. કીધું, દરબાર! મહિને પાંચ હજાર માગે એ નાનો માગણ, લાખ માગે એ મોટો માગણ અને કરોડ માગે એ તો માગણમાં માગણ છે મોટો. આહા..હા..! વ્યાખ્યાનમાં આવ્યા હતા. કૃષ્ણકુમાર ગુજરી ગયા બિચારા. એક કરોડનો તાલુકો છેને ભાવનગર દરબાર. વર્ષની કરોડની ઊપજ. ધૂળમાં શું તારું? માગણ છે કીધું. કહે, સાચી વાત મહારાજ. અમારે કાંઈ એની પાસેથી પૈસા-બૈસા લેવા હતા કાંઈ? કે માખણ ચોપડવું હતું. ઓહો..હો..! જાય મરીને ચાલ્યા જશે. ક્ષણમાં મરી ગયો. એકદમ.. નાટક જોતા હતા કે એવું કાંઈક હતું. ઘરમાં આવે છે ત્યાં એકદમ હાર્ટ ફેલઈ. લ્યો! એક કરોડની તો ઊપજ.

તમારે શેઠ નથી ત્યાં? જામનગર શ્વેતાંબર. કાળીદાસ અમૃતલાલ. બે, સવા બે કરોડની ઊપજ છે. જામનગર, વિશાશ્રીમાળી વાણિયા છે. મુંબઈમાં મોટી કંપની છે. સવા બે કરોડની તો પેદાશ છે. જામનગરના વિશાશ્રીમાળી શ્વેતાંબર. ખબર છે એને? એ બાઈ અહીંયાં આવી ગઈ હતી. સાંભળવા આવી હતી. સવા બે કરોડની તો વર્ષની પેદાશ છે. વાણિયો છે. એ છોકરો છે એનો મુખ્ય માણસ એની વહુ અહીંયાં સાંભળવા આવી હતી. પંદર દિ' રહી હતી. આ સાંભળને બાપા, તારી ધૂળમાં (કાંઈ નથી). અને બહારના ધર્મના ઉપદેશકો પણ એવા મળ્યા બધા કે આ કરો ને આ કરો ને આ કરો એમાં તમને ધર્મ થાય. મારી નાખ્યા બિચારાને.

**શ્રોતા :-** એવું બેઠું હોય તો શું થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું થાય!

અહીં કહે છે કે ધર્મી જીવ તો એને કહીએ કે જે આત્માના આનંદના ભોગવટા સિવાય રાગના કાર્યને, રાગના ફળને એ ક્રિયામાં વિચરવું એનાથી હું નિવૃત્ત છું. આહા..હા..! આવી વાતું છે. પોપટભાઈ! કહો, તમારે તો ડૉક્ટર મોટા સર્જન. સર્જન છેને એ રાજકોટમાં. આ હશે કાંઈક. ત્યાં વાંચે છે આપણે રાજકોટ, આપણા તરફથી. આહા..હા..! કોણ કરે ક્રિયા સર્જનની અને કોણ કરે ભાવ રાગ? આહા..હા..! આ તો છેલ્લી ગાથાઓ છેને (એટલે) એકદમ દર્શનસહિત ચારિત્રનું વર્ણન છે.

એ '**સિવાયની અન્ય જે ઉપયોગની ક્રિયા—**' '**આત્મતત્ત્વના ભોગવટા સિવાયની અન્ય જે ઉપયોગની ક્રિયા—વિભાવરૂપ ક્રિયા...**' દેખો! '**તેમાં મારી પરિણતિ વિહાર કરતી નથી—પ્રવર્તતી નથી);...**' આહા..હા..! આ તો ચારિત્રની વ્યાખ્યા છેને. સ્વરૂપમાં અંદર રમવું એનું નામ ચારિત્ર છે. આનંદના નાથમાં અંદર રમત માંડવી અંદર. આતમરામ, આત્મ-બાગમાં રમે તેને ચારિત્ર કહીએ. સમજાણું કાંઈ? વાતે વાતે ફેર. દુનિયાની માનેલી વાત, વીતરાગ જિનેશ્વર દેવ પરમેશ્વર પરમાત્મા એની વાતું જગતથી બધી ફેર છે. આહા..હા..!

**'મારી પરિણતિ વિહાર કરતી નથી—પ્રવર્તતી નથી);...' 'अचलस्य मम' 'એમ આત્મતત્ત્વના ભોગવટામાં અચળ એવા મને,...'** આહા..હા..! મારું સ્વરૂપ જે અતીન્દ્રિય આનંદ એના રમતમાં જે હું રમું છું.. આહા..હા..! એ અચળ છે. ત્યાંથી ખસતું નથી. આહા..! **'આત્મતત્ત્વના ભોગવટામાં અચળ એવા મને, આ કાલની આવલી...'** પ્રવાહ. શું કહે છે? ચારિત્રસહિતની વાત છેને. અંદર આત્માના આનંદના ભાનસહિત પછી આનંદમાં રમત, રમણતા ચરવું-ચરવું, આનંદનું ચરવું, અતીન્દ્રિય આનંદને અનુભવવું, વેદવું, ભોગવવું, એ દશામાં હું રહેલો ચારિત્રવંત કહે છે. એ ચારિત્ર છે. આ લૂગડા ફેરવ્યા અને થઈ ગયા સાધુ અને ચારિત્ર થઈ ગયા, ધૂળમાંય નથી ચારિત્ર.

**શ્રોતા :-** એને સાધુ કહેવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહેવાય અજ્ઞાનીઓ માને. આહા..હા..! સાધુ તો અંતરના આનંદના સ્વરૂપને ઉગ્રપણે સાધે તેને સાધુ કહીએ. મહાવ્રતના પરિણામ એ રાગ છે. એ કાંઈ ચારિત્ર નથી. આવું ભારે કામ ભાઈ આકરું. આહા..હા..!

આ તો હવે અહીંયાં શું કહેવું છે? કે હવે પછી જે અનંતકાળ જાય, અનંતકાળ છેને ભવિષ્ય? ભૂતકાળ કરતા ભવિષ્ય અનંતકાળ છે. શું કહ્યું એ? અનંતગણો છે. જે અનંતકાળ ગયો અનાદિસાંત અત્યાર સુધી, એના કરતા સાદિઅનંત ભવિષ્ય અનંતગુણો છે. અનુભવ કરનાર એમ જાણે છે કે મારો આમાં ને આમાં અનંતકાળ રહો હવે. આહા..હા..! સમજાય છે કાંઈ? જેમાં હું એકાગ્ર છું તે દશામાં અનંતકાળ રહો. આહા..હા..! પહેલી તો વાત પકડવી કઠણ પડે. શું કહેવા માગે છે અને કઈ રીત છે આ. છે દુનિયાની વાત અનાદિથી, બાપા! આહા..હા..! આ કાળનો પ્રવાહ અનંત છે ભવિષ્ય. **'તે આત્મતત્ત્વના ભોગવટામાં જ વહો-જાઓ.'** આહા..હા..! ભાવના કરી છેને અંદર. દયા, દાનના રાગનું કરવું અને એનું ભોગવવાથી છૂટો પડેલો પ્રભુઆત્મા એના અનંતના અનુભવમાં જ્યાં પડ્યો, હવે આની આ દશા મને સાદિઅનંત રહો એટલે કે એમને એમ અનંતકાળ રહો. આહા..હા..! અને સિદ્ધ થતાં અનંતગુણો કાળ છેને એને. ભૂતકાળ કરતા સિદ્ધ થયા પછી અનંતકાળ રહે છે. ભૂતકાળથી ભવિષ્યકાળ અનંતગુણો છે. આહા..હા..! મારા અંતર... ચારિત્રવંત ધર્મી અંદરની ભાવનામાં આમ ભાવે છે કે હું જે અંતરમાં રમણતાના ભોગવટામાં પડ્યો છું એ સાદિઅનંત રહો, એમાંથી ન નીકળું. આહા..હા..! **'(ઉપયોગની પ્રવૃત્તિ અન્યમાં કદી ન જાઓ.)'** આહા..હા..!

**'ભાવાર્થ :- આવી ભાવના કરનાર જ્ઞાની એવો તૃપ્ત થયો છે...'** આહા..હા..! જેમ ભૂખ લાગી અને ચુરમાના લાડવા અને પતરવેલીયા ખાઈને તૃપ્ત થાય ધૂળમાં, એમ આ ભગવાન આનંદસ્વરૂપમાં તૃપ્ત-તૃપ્ત ધર્મી છે. આહા..હા..! ચારિત્ર લેવું છેને અહીં તો. સ્વરૂપનું દૃષ્ટિ સમ્યગ્દર્શન થયું એ ઉપરાંત હવે સ્વરૂપમાં અંદર રમણતાની ઝમવટ જામે છે.

આનંદના નાથમાં સચ્ચિદાનંદ પ્રભુ સત્-શાશ્વત જ્ઞાન અને આનંદનો સાગર નાથ, એમાં જેની રમતું અંદરમાં લીન થઈ ગઈ. આહા..હા..! **'એવો તૃપ્ત થયો છે કે જાણે ભાવના કરતાં સાક્ષાત્ કેવળી જ થયો હોય;...'** કેવળી થવાનો છે આ ઉપાયથી પણ ત્યાં આ કેવળી છું કે એ પણ ક્યાં આવ્યું ત્યાં? આહા..હા..! અંતરના સ્વરૂપમાં એકાગ્રતા (થતાં) એ જાણે સાક્ષાત્ કેવળ પૂર્ણ થઈ ગયો હોય એવું ભાસે. બહાર નીકળવું નથી. આહા..હા..!

**'તેથી તે અનંતકાળ સુધી એવો જ રહેવાનું ચાહે છે.'** આહા..હા..! જ્યાં ગોઠ્યું છે ત્યાં ગોઠ્યું હોય ત્યાં ને ત્યાં પડ્યો રહે હવે. આહા..હા..! આનંદસ્વરૂપ ગોઠ્યો છે અંદર આત્મા ત્યાં હવે અનંતકાળ રહું બસ. **'એવો જ રહેવાનું ચાહે છે અને તે યોગ્ય જ છે; કારણ કે આ જ ભાવાનાથી કેવળી થવાય છે.'** એટલે? કેવળજ્ઞાન પરમાત્મા અરિહંતપદ થવાય એ કઈ ભાવનાથી? એ આત્માના આનંદના સ્વરૂપના અનુભવની એકાગ્રતાથી થવાય છે. કોઈ ક્રિયાકાંડથી, દયા, દાન, વ્રત ને તપની ક્રિયાથી એ કાંઈ કેવળજ્ઞાન થતું નથી, એ તો પુણ્યબંધનું કારણ છે. આહા..હા..! **'કેવળજ્ઞાન ઊપજવાનો પરમાર્થ ઉપાય આ જ છે.'** સ્વરૂપમાં રમણતા સ્વરૂપનો અનુભવ કરીને. આ તો આકરી વાત, છેલ્લી વાતું છેને, બાપુ! સ્વરૂપનો અનુભવ કરીને પછી સ્વરૂપમાં રમણતા ઊપજવાનો ઉપાય તો મોક્ષનો આ છે. આહા..હા..!

**'બાહ્ય વ્યવહારચારિત્ર છે તે આના જ સાધનરૂપ છે;...'** સાધન એટલે જ્યારે સ્વરૂપનું સાધન પ્રગટ્યું છે ત્યારે એ રાગાદિ હોય એને વ્યવહારસાધન કહેવામાં આવે છે. આહા..હા..! એનાથી સાધ્ય પ્રગટે છે એમ નહિ અહીંયાં. સમજાણું કાંઈ? બાહ્ય વ્યવહારચારિત્ર જે પંચ મહાવ્રતના પરિણામ આદિ એ તો રાગ છે. એ તો સ્વરૂપની રમણતા હોય અને અધૂરી હોય ત્યાં એવો ભાવ હોય એને સાધન તરીકે, વ્યવહાર તરીકે કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ? **'અને આના વિના વ્યવહારચારિત્ર શુભકર્મને બાંધે છે,...'** આહા..હા..! શુદ્ધ ચૈતન્યપ્રભુ અંદર બિરાજે છે એના અનુભવના ભોગવટા વિના જેટલા પંચમહાવ્રતાદિના પરિણામ એ પુણ્યબંધનું કારણ છે. આહા..હા..! સંસારના પાપના પરિણામનું તો શું કહેવું? એ તો પરિભ્રમણનું જ કારણ છે. આહા..હા..! પણ પંચમહાવ્રતના પરિણામ બાયડી, છોકરા છોડી, દુકાન છોડી, કરોડોપતિ છોડી, રાજા રાજપણું છોડીને સાધુ થયો હોય, પણ આત્માના અંતર આનંદના ભાન વિના એ પંચમહાવ્રતની ક્રિયા એ બધું બંધના કારણ સંસારમાં રખડવાની ક્રિયા છે. આહા..હા..! આવી વાત છે. છે?

**'આના વિના...'** એટલે સ્વરૂપના અંતર આનંદના સાધન વિના. ભગવાન આનંદનો નાથ પ્રભુ અંદર વીતરાગમૂર્તિ છે. આહા..હા..! આત્માનું સ્વરૂપ જ વીતરાગસ્વરૂપ છે અંદર. ક્યાં એને ખબરું ન મળે કાંઈ! એ વીતરાગ સ્વરૂપમાં... આહા..હા..! સ્થિરતા જેને જામી છે એને આ રાગની મંદતાના ભાવને વ્યવહારસાધન કહેવામાં આવે છે. પણ જેને આત્મદર્શન

અને સમ્યગ્દર્શન-જ્ઞાન જ નથી, એવા પંચમહાવ્રતાદિના રાગને તો પુણ્યબંધના કારણ તરીકે સંસારમાં રખડવાના ભાવ છે એ. આહા..હા..! છે કે નહિ?

'**આના વિના...**' એટલે? આનંદસ્વરૂપ પ્રભુ આત્મા અંદર અતીન્દ્રિય આનંદનું દળ છે એ. આહા..હા..! એના અનુભવ વિના, એની સન્મુખતાની પરિણતિ દશા વિના જેટલા ક્રિયા મહાવ્રતાદિના પરિણામ બધા એ બંધનું કારણ, સંસારનું કારણ છે. આહા..હા..! '**મોક્ષનો ઉપાય નથી.**' છેલ્લો શબ્દ એ છે. આહા..હા..! આત્મ ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એના સ્વભાવની એકતાના અનુભવના આશ્રય વિના જેટલા પંચમહાવ્રતાદિની ક્રિયા હો એ બધું બંધનું કારણ છે, એ મોક્ષનું કારણ નથી. કહો, પંચમહાવ્રત પાળે અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, જાવજીવ બ્રહ્મચર્ય પાળે તોપણ એ શુભભાવ છે. બ્રહ્મ નામ આનંદસ્વરૂપ ભગવાન એમાં આનંદમાં ચર્યા કરે તેને બ્રહ્મચર્ય કહીએ. એવા બ્રહ્મચર્ય વિના,.. બ્રહ્મ નામ આનંદસ્વરૂપ ભગવાન આત્મા સર્વજ્ઞ જિનેશ્વરે કહ્યો તે. આહા..હા..! એમાં બ્રહ્મચર્ય—બ્રહ્મ નામ અતીન્દ્રિય આનંદમાં ચરવું, રમવું એ બ્રહ્મચર્ય. એવા વિનાનું એકલું શરીરથી બ્રહ્મચર્ય પાળે જાવજીવ કે જાવજીવ અહિંસા, સત્ય, દત્ત પાળે એ બધો શુભભાવ બંધનું કારણ છે. કહો, શાંતિભાઈ! પરસેવા ઉતરી જાય એવું છે આ તો. આહા..હા..! ભાઈ! તારી જાતની કિંમત તને નથી. તું કેવડો, ક્યાં કેમ છો એની તને ખબર નથી.

ભગવાન! તારું સ્વરૂપ ભગવાન એમ વર્ણવે છે કે તું તો અતીન્દ્રિય આનંદનું દળ છો. જેમ શક્કરિયું હોય છેને શક્કરિયું. શક્કરિયા. એ લાલ છાલ સિવાય આખું શક્કર. શક્કરકંદ એટલે સાકરની મીઠાશનો પિંડ છે. એથી શક્કરકંદ કહેવાય છે એ; એમ આ ભગવાન આત્મા એ પુણ્ય અને પાપના વિકલ્પ એ છાલ છે લાલ, એના સિવાયની આખી ચીજ છે એ મીઠો સાકરનો પિંડ છે. અતીન્દ્રિય આનંદની મીઠાશનો પિંડ છે. કેમ બેસે? સમજાણું કાંઈ? શક્કરિયા નથી કહેતા આપણે? એટલી છાલ જરી છે, બસ એ સિવાય આખો શક્કરકંદ છે. શક્કર એટલે સાકરની મીઠાશનું દળ છે. એમ આ ભગવાન આત્મા, શરીર આદિ તો પર આ તો માટી-ધૂળ છે, પણ અંદર પુણ્ય-પાપના ભાવ થાય એ લાલ છાલ જેવા ઉપર (થાય છે), એ સિવાય અંદરમાં જુઓ તો અતીન્દ્રિય આનંદનું દળ છે એ તો. એના અનુભવથી જ મુક્તિ છે અને એના અનુભવ વિના એકલી ક્રિયાકાંડ પંચમહાવ્રતાદિ કરે એ મોક્ષનો ઉપાય નથી. હવે આવી તો ચોખ્ખી વાત છે અને વિદ્વાનો વિરોધ કરે. આહા..હા..! છેને ગોસળિયાજી! 'વિદ્વજનો નિશ્ચય ત્યજી વ્યવહારમાં વર્તન કરે.' એવો પાઠ છે. વિદ્વજનો અંતર સ્વરૂપને છોડી અને વ્યવહારમાં વર્તન કરે, પણ મોક્ષ તો નિશ્ચય આશ્રિત આત્માઓને નિર્વાણ છે. વ્યવહારના વર્તન કરનારને ધર્મ મુક્તિ-બુક્તિ છે નહિ. એવી ગાથા છે અંદર. એ વખતની બે હજાર વર્ષ પહેલાંની ગાથા કુંદકુંદાચાર્યની. આહા..હા..! વિદ્વાનો શાસ્ત્ર ભણીને એમ કાઢે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું જ્ઞાન એ બધું અમને મોક્ષનું કારણ

છે એમ કાઢે, એ વ્યવહારમાં વર્તન કરનારા બંધમાં જવાના છે. આહા..હા..! આવી વાત છે.

ભગવાનના વખતમાં કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ થયા. એ વખતે આ ગાથા આવી. વિદ્વાનો શાસ્ત્રોમાંથી આવું કાઢે કે પંચમહાવ્રતના પરિણામની ક્રિયા એ ધર્મનું કારણ છે, મોક્ષનું કારણ છે. તમે વિદ્વાનો વ્યવહારમાં વર્તન કરનારાઓ જૂઠાં છો. આહા..હા..! આવે છેને! પ્રવિણભાઈ! 'વિદ્વજનો નિશ્ચય ત્યજી વ્યવહારમાં વર્તન કરે.' આહા..હા..! ધર્મ બાપુ! જિનેન્દ્ર વીતરાગ દેવ ત્રિલોકનાથ એનો ધર્મ કોઈ અલૌકિક છે. આહા..હા..! કોઈ લૌકિક સાથે ક્યાંય મેળ ખાય એવું નથી. આહા..હા..! એ અહીં કહે છે. શુદ્ધ સ્વરૂપના સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રના અનુભવ વિના વ્યવહારચારિત્ર તો શુભકર્મને બાંધે. આહા..હા..! પુણ્યને બાંધે, બંધ થાય, ભવ મળે. આહા..હા..! એ મોક્ષનો ઉપાય નથી. છે?

**શ્રોતા :-** આવ્યા વગર રહેતા નથી તો છૂટવું કેમ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે જુદી વાત છે, પણ એ મારું સ્વરૂપ મને લાયક ધર્મમાં નથી, એ મને લાભદાયક નથી. આહા..હા..! સાકર ખાતા અંદર કાંકરી આવી જાય કોઈ. ચિરોડી-ચિરોડી આવે છેને ચિરોડી? એમાં સાકરના ભૂક્કામાં ચિરોડી કોઈ કાંકરી આવી જાય પણ પાધરી કાઢી નાખે ફડાક દઈને, એમ આનંદના અનુભવ કરતા વચ્ચે રાગ આવે એ શું કીધું એ? ચિરોડી જેવી કાંકરી છે કાઢી નાખે ઈ. આહા..હા..! આકરું કામ, પ્રભુ! બહુ કામ, બાપા! જિનવર વીતરાગ પરમેશ્વર એનો પંથ અલૌકિક છે. ક્યાંય બીજે એ વાત છે નહિ. એનામાં પડ્યા એને ખબર નથી તો બિચારા બીજાને તો છે નહિ ક્યાંય. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૧૩, બુધવાર, તા. ૦૯-૧૧-૧૯૭૭, કળશ-૨૩૨-૨૩૩, પ્રવચન નં. ૫૦૪

૨૩૨ કળશ.

यः पूर्वभावकृतकर्मविशद्रुमाणां
भुङ्क्ते फलानि न खलु स्वत एव तृप्तः।
आपातकालरमणीयमुदर्करम्यं
निष्कर्मशर्ममयमेति दशान्तरं सः।।२३२।।

'पूर्व-भाव-कृत-कर्म-विशद्रुमाणां फलानि यः न भुङ्क्ते' પહેલો આજ તો વિચાર એ આવ્યો કે 'લોએ' શબ્દ છેને, નમો લોએ સવ્વ સાહુણં. કોઈક એ 'લોએ' કાઢી નાખવા

માગે છે, પણ અહીં તો પાઠમાં 'નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં' એવો પાઠ છે. અને 'લોએ' કાઢી નાખવા માગે છે એમ કે લોકમાં તો અહીં જ છે, બીજે ક્યાંય નથી. એમ નથી. લોકમાં ઊર્ધ્વમાં પણ પરમેષ્ઠી બિરાજે છે કોઈ સાધુ પણ ધ્યાનમાં. મેરુ પર્વત ઉપર ગયા હોય તો ઊર્ધ્વ ક્ષેત્ર છે ત્યાં. અહીંયાં મધ્ય ક્ષેત્રમાં પણ છે અને એક અધો ક્ષેત્ર છે. લોકોએ સાંભળ્યું ન હોય. ૩૨ વિજય છે મહાવિદેહની. એમાં એક વિજય ૯૦૦ યોજન આમ ચાલી ગઈ છે ઊંડી. આ તો સંપ્રદાયમાં એ વાત (કરતા). મહાવિદેહના ૩૨ વિજય છેને એમાં એક સલીલાવતી નામની વિજય છે એ આમ ઉપર નથી રહી, આમ ૯૦૦ યોજન નીચે ચાલી ગઈ છે. એટલે અધોલોકમાં પણ ત્યાં મુનિ અને કેવળી પણ હોય છે. સમજાણું? એક જણાનું સાંભળ્યું હતું હમણા થોડા દિ' પહેલાં.

**શ્રોતા** :- ત્રણે લોકમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ત્રણે લોકમાં છે, બાપુ! ભાઈ! આહા..હા..! અને ત્રણે લોક અને ત્રિકાળ અરિહંતો થઈ ગયા, છે અને ભવિષ્યમાં થશે. સિદ્ધાંત પાઠ તો એવો છે ધવલનો કે 'નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં' એમ છે આખો પાઠ, પણ ટૂંકો કરીને ત્રિકાળવર્તી ન નાખતા લોએને છેલ્લામાં નાખ્યું. નમો લોએ સવ્વ સાહુણં. તો એ બધે લગાડી દેવું. નમો લોએ સવ્વ અરિહંતાણં, નમો લોએ સવ્વ સિદ્ધાણં. એ ઉપરાંત ધવલના પાઠની અપેક્ષાએ તો નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. આહા..હા..! જે હજી નિગોદમાં પડ્યા હશે જીવ અને ભવિષ્યમાં તીર્થંકર થવાના કે અરિહંત થવાના...

**શ્રોતા** :- જીવ સ્વતંત્ર છે. ગમે ત્યાં હોય... થવાના.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અને લોકમાં પણ ત્રણે લોકમાં છે. એમ નહિ કે આ મનુષ્યક્ષેત્ર તિરછું છે તેમાં જ છે. તિરછા ઉપરાંત મેરુપર્વત ઉપર તિરછા ઉપરમાં જાય છે સહસ્રાવન આદિ ત્યાં પણ મુનિઓ કોઈ ધ્યાન કરવા જાય છે.

**શ્રોતા** :- ગૃહસ્થો જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગૃહસ્થો કો'ક જાય, પણ મુનિઓ તો ખાસ એકાંત વનમાં ધ્યાન કરવા (જાય છે) આહા..હા..! ક્ષુલ્લકો જાય છે. નીચે અધોલોક છે. એ જમીન જ એવી છે કે નીચે ઉતરી ગયું છે આમને આમ ૯૦૦ યોજન. એમાં પણ પરમાત્મા બિરાજે છે ત્યાં. ત્યાં પણ સાધુ બિરાજે છે અધોલોકમાં. આહા..હા..! એ કહીને હવે આ કળશ શરૂ થાય છે. સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલી વાતું એક એક અક્ષર. એ હમણા કોઈ કહેતું હતું તેરાપંથીમાં તુલસી લોએને કાઢી નાખવા માગે છે. એવું સાંભળ્યું હતું થોડા દિ' પહેલાં.

**શ્રોતા** :- માર્ગ ચાલતો આવતો હોય એ ફેરવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ એને કંઈ નહિ. એમ કે લોકમાં બધા સાધુ આવી જાયને.

બધા સાધુ ન આવે, એક જૈનના જ આવે. તુલસી એમ કહે છેને. સ્થાકનવાસી તુલસી અમેરિકામાં ગયો છેને. એ એમ કહે છે કે નમો લોએ એમાં ક્યાં જૈનના સાધુની વાત છે? નમો લોએ સવ્વ સાહુણં—બધા સાધુને નમસ્કાર. એમ નથી, બાપુ! સાધુ કોને કહેવા એ તને ખબર નથી. આ લૂગડા ફેરવ્યા અને બેઠા સાધુ એ સાધુ નહિ. અંતરમાં આનંદસ્વરૂપને... એ પાંચમી ગાથામાં ન આવ્યું?

ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે હું મારા નિજવૈભવથી કહીશ. મારો નિજવૈભવ કેવો મુનિનો? પ્રચુર સ્વસંવેદન. આહા..હા..! એમાં એ અનુભવમાં એ મહોરછાપ આત્માના સ્વાદની છે. આહા..હા..! પાંચમી ગાથામાં છેને. મહોરછાપ છે. જેમ આ તમારા કાગળ હોયને, પોસ્ટમાં જાય, છાપ મારે છે. એમ મુનિ કહે છે, અમારો અતીન્દ્રિય આનંદના સ્વાદનો અંશ તો ચોથે હોય છે, પાંચમે હોય છે, પણ મુનિ તો કહે છે કે મને તો પ્રચુર સ્વસંવદેનની મહોરછાપ મારેલી અમારા મુનિપણાની. ભાવલિંગ અમારું એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનો પ્રચુર-ઘણો સં-સમ્યક્ પ્રકારે પ્રત્યક્ષ આનંદના સ્વાદમાં અમે રહ્યા છીએ. આહા..હા..! એ અમારો નિજવૈભવ અને એ અમારું ભાવલિંગ છે. દ્રવ્યલિંગ ભલે નગ્નપણું હો. સમજાણું કાંઈ? તો એ મુનિ તો એને કહીએ. એ મુનિ તો જૈનદર્શન સિવાય ક્યાંય હોઈ શકે નહિ. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી. એ ન કહ્યું? એ કાલે પરમ દિ' કહ્યું હતું.

'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, પણ મત મદિરા કે પાન સો મતવાલા સમજે ન. ઘટ ઘટ અતંર જિન વસે.' ભગવાન દેહમાં બિરાજમાન જિનસ્વરૂપે જ છે. આહા..હા..! બધા ઘટની અંદર અનંત જીવો. આહા..હા..! 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' એ જિનના સ્વરૂપને અનુભવે અને રાગને જીતે એ ઘટ ઘટ અંતર જૈનપણું છે. જૈનપણું બહારના લિબાસ અને વાડામાં નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, મત મદિરા કે પાન સો...' પણ પોતાના મતના દારૂના પીધેલાઓ મતવાલા સમજે નહિ કે જૈનપણું અને જિનપણું શું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ બનારસીદાસનું વચન છે. કઠણ લાગે જગતને શું થાય?

પ્રભુ પોતે જિનસ્વરૂપે બિરાજમાન છે. જો જિનસ્વરૂપે ન હોય તો પર્યાયમાં વીતરાગતા આવશે ક્યાંથી? સમજાણું કાંઈ? કેવળી પરમાત્મા સર્વજ્ઞ અને વીતરાગ થયા દશામાં, પર્યાયમાં, હાલતમાં, એ નહોતું પર્યાયમાં અને આવ્યું ક્યાંથી? આહા..હા..! અંદર સર્વજ્ઞ સ્વભાવી, અતીન્દ્રિય આનંદ સ્વભાવી વીતરાગમૂર્તિ પ્રભુ છે, ભાઈ! આહા..હા..! એનો સ્વભાવ જ જિન વીતરાગી આનંદ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી શાંતિ, સર્વજ્ઞસ્વભાવનો પિંડ પ્રભુ છે. એ જિન છે અને ઘટ ઘટ અંતર જૈન. એ જિનને અંદરમાં અનુભવે અને રાગને અંદરમાં એકત્વથી તોડે એ જૈન છે. જૈન કોઈ વાડો, સંપ્રદાય કોઈ નથી, એ તો વસ્તુનું સ્વરૂપ

છે. આહા..હા..! પણ 'મત મદિરા કે પાનસો' પોતાના મતના દારૂ પીધેલાઓ... આહા..હા..! એ જીવદ્રવ્યની સ્થિતિ અને જીવદ્રવ્યનો આશ્રય કરીને રાગને જીત્યા એવા જૈનો એ શું ચીજ છે એ મતવાલા ન સમજે. જેના અભિપ્રાયમાં મતનો અભિમાન ગર્વ આવી ગયો છે. 'અમે ભણ્યા છીએ અને અમે હજારોને સમજાવી શકીએ છીએ' બાપુ! એ ચીજો બીજી. આહા..હા..!

અહીંયાં કહે છે કે એ પરમાત્મા આમ કહે છે. એ સંતો પરમાત્માની આડતિયા થઈને વાત કરે છે. આ સંત છે દિગંબર મુનિ હજાર વર્ષ પહેલાં (થયા), એ કહે છે કે '**पूर्व-भाव-कृत-कर्म-विशद्रुमाणां**' એ જીવના પ્રાણના ઘાત કરનારા. આહા..હા..! કર્મ જે પૂર્વે બાંધ્યું છે અજ્ઞાનભાવે એનું ફળ તો ચૈતન્યપ્રાણને ઘાત કરનારું ફળ છે. આહા..હા..! '**विशद्रुमाणां**' ઝેરના ઝાડના ફળ એ છે. ભગવાન આત્મા અમૃતનો સરોવર સાગર, એ અમૃતનું ઝાડ છે ત્યાં અમૃત પાકે છે અને કર્મના ઝાડમાં ઝેર પાકે છે. બે ભિન્ન જાત છે ભાઈ! આહા..હા..! એ શબ્દે કાંઈ પકડાય એવું નથી, બાપુ! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એ અહીંયાં કહે છે '**पूर्व-भाव-कृत-कर्म**' એટલે એ પણ સિદ્ધ કર્યું કે વર્તમાનમાં સમ્યગ્દર્શન પ્રગટ્યું. હું પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્યઘન પરમાત્મસ્વરૂપ જ કૃતકૃત્ય જ છું. વસ્તુએ તો કૃતકૃત્ય જ છું. આહા..હા..! એવું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સ્વરૂપને અવલંબીને સ્વરૂપને આશ્રયથી થયું, હવે કહે છે કે વર્તમાનમાં તો થયું (કે) હું શુદ્ધ ચૈતન્યઘન, પણ મને અજ્ઞાનભાવે એટલે પૂર્વભાવ અજ્ઞાન હતો એ સિદ્ધ કરે છે. આહા..હા..! હું પૂર્વે વસ્તુ શુદ્ધ તરીકે હતો, પણ પર્યાયમાં અજ્ઞાન તરીકે હતો. આહા..હા..! એ અજ્ઞાનથી જે કર્મ બંધાયેલા એ બંધનના ફળ તરીકે આવે ફળ. છે?

'**પૂર્વે અજ્ઞાનભાવથી** કરેલાં...' એ વાત સિદ્ધ કરી પહેલી તો. પર્યાયમાં પૂર્વે જ્ઞાન જ હતું સમ્યક્ એમ નહિ. આહા..હા..! પૂર્વે સ્વભાવના ભાન વિનાનો હું હતો એ અજ્ઞાનભાવથી જે કર્મના રજકણોનું દળ પડ્યું છે સત્તા, સત્તા નામ અસ્તિત્વ તરીકે એનો ઉદય આવે છે જ્યારે ત્યારે આત્મા તેમાં જોડાઈ જાય છે તો એના ફળને ભોગવ્યું એમ કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પણ હું તો હવે ચારિત્રવંત છું. અહીં તો ચારિત્રની વ્યાખ્યા છેને. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનમાં હજી આગળ દશા ચારિત્ર ન હોય તો એને હજી રાગ-દ્વેષ થાય અને રાગ-દ્વેષને પરિણમે એટલે કરે ખરો. કરવાલાયક બુદ્ધિ તરીકે નહિ પણ પરિણમન તરીકે હજી અભાવ નથી થયો એટલે પરિણમન તરીકે શુભ-અશુભનો કર્તા પણ સમકિતી છે અને એનો ભોક્તા પણ છે. આહા..હા..! ભોગવવાલાયક છે માટે એમ નહિ પણ ભોક્તા છે. પૂર્ણ આનંદનો ભોક્તા જ્યાં નથી ત્યાં રાગનો ભોક્તા જ્ઞાની પણ છે. દુઃખને ભોગવે છે. આહા..હા..!

અહીંયાં '**પૂર્વે અજ્ઞાનભાવથી કરેલાં કર્મ**...' એ નિમિત્તથી કથન છે. અજ્ઞાનભાવ નિમિત્ત

હતું અને બંધાયેલા કર્મ એના કારણે બંધાય. આહા..! પણ ટૂંકી ભાષા કરવા (એમ કહ્યું કે) અજ્ઞાનભાવથી કરેલા જે કર્મ. એક વાત. **'તે કર્મરૂપી વિષવૃક્ષના ફળને...'** આહા..હા..! એ કર્મના ફળ તરીકે શાતાનો ઉદય આવે, અશાતાનો ઉદય આવે, યશકીર્તિ પ્રકૃતિનું ફળ આવે.. આહા..હા..! અરે! તીર્થંકરગોત્ર પ્રકૃતિ છે એ પણ ઝેરના ઝાડ. આહા..હા..! ગજબ વાતું છેને, પ્રભુ! એના ફળ પણ... આહા..હા..! જોકે કેવળજ્ઞાન થાય ત્યારે તીર્થંકરપ્રકૃતિનો ઉદય આવે, એ પહેલા ઉદય આવે નહિ. પણ ત્યારે તો કેવળજ્ઞાન થયું છે. પણ પહેલેથી અહીં તો કહે છે કે જે પ્રકૃતિ છે એનું ફળ આવે એ તો ચૈતન્યસ્વરૂપરૂપી પ્રાણનો ઘાત કરનારા ફળ છે. આહા..હા..! મારો ચૈતન્યપ્રાણ, જેને પહેલું જીવત્વ શક્તિથી લીધું છેને. કેમકે **'जीवो चरित्तदंसणणाणठिदो'** બીજી ગાથાનો પહેલો શબ્દ ત્યાંથી જીવતરશક્તિ કાઢી છે. આહા..હા..! **'जीवो चरित्तदंसणणाणठिदो'** દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્મામાં આમ ઠર્યો એમ ન લેતા જીવ આમ ઠર્યો એમ લીધું. આહા..હા..! જીવો—આનંદની દશારૂપી ચારિત્ર સમ્યક્ શ્રદ્ધા સ્વરૂપના આશ્રયની અને સમ્યગ્જ્ઞાન સ્વજ્ઞાનને સ્પર્શેલું જ્ઞાન, એ જીવ ત્યાં ટક્યો-રહ્યો એને આત્મા કહીએ. આહા..હા..! અને જે પોતે રાગ અને દ્વેષના પરિણામમાં રમે અને ટકે છે તેને અણાત્મા કહીએ. આહા..હા..!

**શ્રોતા :-** એને વ્યવહારઆત્મા કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારઆત્મા એટલે નિશ્ચયથી અણાત્મા. અપેક્ષાથી વાત છેને. આમ તો હવે અહીં સ્વામીપણામાં આવશે.

**'વિષવૃક્ષના ફળને જે પુરુષ (તેનો સ્વામી થઈને) ભોગવતો નથી...'** એવો અર્થ ભાઈએ કર્યો છે. જયચંદ્ર પંડિતે કર્યો છે એ અર્થ છે આ. પણ એમાં પણ રહસ્ય છે. સ્વામીપણે એટલે કે 'એ મારા છે' એમ સ્વામીપણે ભોગવતો નથી. ૭૩ ગાથામાં એમ કહ્યું કર્તાકર્મ (અધિકારમાં) કે પુણ્ય અને પાપનો સ્વામી કર્મ છે, આત્મા નહિ. એ દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયમાં એ વસ્તુ નથી, માટે એને વિકારનો સ્વામી કર્મ છે એમ ૭૩ ગાથામાં કર્તાકર્મમાં કહ્યું. એ વાતને પાછી પ્રવચનસારમાં ફેરવી વાત. આહા..હા..! હું, જેટલા મારામાં ધર્મો પર્યાય છે—વિકારી કે અવિકારી એનો હું અધિષ્ઠાતા છું. આહા..હા..! એટલે કે હું એનો સ્વામી છે. એક કોર ના પાડે અને એક કોર (આમ કહે). ખીલે બંધાવોને, બાંધો એમ કહે છે રામજીભાઈ. બાપુ! કઈ અપેક્ષા છે? ભગવાન! એ ખીલે બાંધવી જોઈએ. એકાંત તાણે તો વસ્તુસ્થિતિ એવી નથી. દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે, વિકાર છે. આહા..હા..!

એક બાજુ એમ કહે ૭૩માં કે એ પુણ્ય-પાપના ભાવનો સ્વામી કર્મ છે. પ્રવચનસારમાં એમ કહે કે એ અનંતા વિકારી ધર્મો કે નિર્મળ એનો અધિષ્ઠાતા તો પ્રભુ છે, એને પરની સાથે શું સંબંધ છે? પરદ્રવ્ય પરમાં પરિણમી રહ્યું છે. આહા..હા..! પર્યાયના લક્ષનું જ્ઞાન કરાવવા એમ કહે કે તે વિકારના પરિણામનો સ્વામી હું છું, આહા..હા..! અને તે વિકારનું

કર્તાપણું અને વેદનપણું એ મારો ધર્મ છે, પર્યાયની મારી એ ધર્મ—યોગ્યતા છે. આહા..હા..! ત્યાં તો એમ પણ કહ્યુંને ભાઈ સર્વવિશુદ્ધમાં તો, કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પ્રવજ્યા એ આત્મા છે. એમ ધર્મ-અધર્મ, પુણ્ય અને પાપના વિકલ્પો એ આત્મા છે. એને પરદ્રવ્યથી ભિન્ન પાડીને એની પર્યાયમાં જે હોય એ એનું છે એમ બતાવીને એનો સ્વામી ઠરાવે છે. આહા..હા..! અરેરે! આને એકાંત તાણીને કરે બાપુ એને નહિ બેસે વાત. એને જોશે પડખા બધા. દ્રવ્યનું પડખું, પર્યાયનું પડખું, ભેદનું, અભેદનું. આહા..હા..! ઝીણી વાત, બાપુ! અનંતકાળમાં એણે અનેકાંત સ્વરૂપ જેવું છે એવું એને એનો સ્વાદ અમૃતનો એને નથી આવ્યો. અનેકાંતનું ફળ તો અમૃતનો સ્વાદ છે. એમાં રાગ મારો છે અને એનો સ્વામી પણ એ બધું આવી જાય છે. આહા..હા..! ત્યારે તેને અમૃતનો સ્વાદ આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક બાજુ એમ કહે કે પુણ્ય અને પાપ એ આત્મા છે. બીજી બાજુ એમ કહે કે એ પુણ્ય અને પાપ એ પુદ્ગલ છે. કર્તાકર્મમાં એ પુદ્ગલના પરિણામ કહીને પછી પુદ્ગલ કહી દીધા છે. એક બાજુ કહે કે પુણ્ય અને પાપના ભાવ તે અજીવ છે. એક બાજુ કહે કે પુણ્ય અને પાપનો ભાવ તે આત્મા છે. આવી વાત છે.

**શ્રોતા :-** રાગને પણ આત્મા કહ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મા કીધુંને આ ધર્મ-અધર્મને. ધર્મ-અધર્મ એ જ્ઞાન છે, એ આત્મા છે. આહા..હા..! ઝીણી વાતું, બાપુ! આ તો વીતરાગમાર્ગ છે. આહા..હા..! દ્રવ્ય અને પર્યાય બેયનું અસ્તિત્વ. નિર્વિકારી પર્યાય અને વિકારી પર્યાયનું અસ્તિત્વ જીવની પર્યાયમાં છે, એ કાંઈ જડની પર્યાયમાં છે અને જડને લઈને છે એમ નથી. એ તો દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયમાં વાત જ્યારે ચાલતી હોય ત્યારે કહે કે સમકિતીને આસ્રવ અને બંધ નથી, પણ ત્યાં આગળ આસ્રવ-બંધ એ મિથ્યાત્વ અને અનંતાનુબંધી સંબંધી આસ્રવ અને બંધ નથી, પણ બધો આસ્રવ અને બંધ નથી એમ કહે તો વળી પાછા એમ કહે આસ્રવ (અધિકારમાં) કે યથાખ્યાતચારિત્ર જ્યાં સુધી ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ બંધ છે, આસ્રવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! દરિયો છે ભગવાન તો મોટો. આહા..હા..!

અહીં કહે છે કે સ્વામીપણે ભોગવતો નથી. હવે એના બે પ્રકાર પડ્યા પાછા. આહા..હા..! 'એ મારું સ્વરૂપ છે' એ રીતે ભોગવતો નથી. મારું ત્રિકાળી શુદ્ધ સ્વરૂપમાં એ મારું સ્વરૂપ છે એ રીતે ભોગવતો નથી, સ્વામી નથી, પણ પર્યાયની દૃષ્ટિએ જોતાં એ પર્યાયનો સ્વામી તે હું છું. આહા..હા..! આવી વાતું. સમજાણું કાંઈ? એ સ્વામીપણે ભોગવતો નથી. આહા..હા..! કેમકે એ મારા રાગનું ફળ આવે એમાં એ મારા ચૈતન્યપ્રાણને ઘાત કરે છે. મારા ચૈતન્ય જીવત્વશક્તિના પ્રાણ તો જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય એ મારા ત્રિકાળી પ્રાણ છે. એ પ્રાણની વર્તમાન પર્યાય નિર્મળ હોવી જોઈએ. સમજાણું કાંઈ? એને ઠેકાણે એ મલિન છે, એ મારા મલિન પરિણામ થાય એ મારા ચૈતન્યપ્રાણને ઘાત કરે છે. આહા..હા..! એના

એ પરિણામ વળી મારા છે એમ પર્યાયમાં કહે. પરદ્રવ્યને શું સંબંધ છે? એ એને કારણે પરિણમી રહ્યું, તું તારે કારણે પરિણમી રહ્યો છો. આહા..હા..! આવું જ્યાં વસ્તુનું સ્વયંસિદ્ધ સ્વતંત્ર સ્વરૂપ છે એને એકાંત તાણી જવું કે જ્ઞાની થયો એટલે હવે આસ્રવ અને બંધ છે જ નહિ. સમજાણું કાંઈ? એમ નથી, ભાઈ! જ્યાં સુધી યથાખ્યાતચારિત્ર ન થાય ત્યાં સુધી જ્ઞાનીને આસ્રવ અને બંધ છે, ત્યાં સુધી જ્ઞાનીને દુઃખ છે. આનંદ પૂર્ણ નથી એટલે રાગ છે તે દુઃખ છે. આહા..હા..! એ આકુળતા છે. એટલો ચૈતન્યપ્રાણને ઘાત કરે છે. આહા..હા..! જો ન કરતો હોય તો ચૈતન્યપ્રાણ પૂર્ણ ખીલી ગયા હોય, કેવળજ્ઞાન અને કેવળ આનંદ થઈ ગયો હોય, પ્રગટ્યો હોય. આહા..હા..! એ અહીં કહે છે, એને ભોગવતો નથી.

'**खलु स्वतः एव तृप्तः**' એટલે? '**ખરેખર પોતાથી જ...**' એટલે આનંદના સ્વરૂપથી જ. કર્મના ફળના સ્વરૂપના ત્યાગથી, કર્મના ફળના સ્વરૂપના અભાવથી મારા '**स्वतः एव तृप्तः**' મારા આનંદથી જ હું તૃપ્ત છું. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો ચારિત્રની વ્યાખ્યા છેને. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ઉપરાંત ચારિત્ર અને તે ચારિત્ર છે એ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન તો (ધર્મનું મૂળ છે). '**चरित्तं खलु धम्मो**' અને '**दंसणं मूलो धम्मो**' ચારિત્ર તે ધર્મ છે અને એનું મૂળ તે સમ્યગ્દર્શન-જ્ઞાન છે એમ કીધું. આહા..હા..! સમજાણું કાંઈ? ચારિત્ર એટલે શું? આ લોકો એમ કહે ત્રણ ગતિમાં ચારિત્ર નથી અને મનુષ્યમાં છે, માટે વ્રત ને તપ ગ્રહણ કરો ચારિત્ર. એમ અત્યારે ઉપદેશ ચાલે છે. એ ચારિત્ર નથી, બાપુ! એ તો બધા અવ્રતના ભાવ છે. આહા..હા..! જે અતીન્દ્રિય આનંદનો સાગર જ્યાં અનુભવમાં આવ્યો નથી તો ઠરવું ક્યાં પછી? ચારિત્ર એટલે ઠરવું. જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય અતીન્દ્રિય આનંદનો સમુદ્ર પ્રભુ છે એવું જ્ઞેય, એવું જ્ઞેય એનું પર્યાયમાં જ્ઞાન ન થાય તો પર્યાય ઠરવાનું શેમાં કરે? આહા..હા..! રાગમાં ઠરવું છે? આહા..હા..! એ તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન! આ તો સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છેને. એકદમ પૂર્ણ શુદ્ધતા પ્રગટ થાય એ ચારિત્રથી પ્રગટ થાય અને એ ચારિત્રમાં રાગનો સ્વામી નથી અને રાગનું ફળ ખરેખર તો એને આવતું જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જરી થોડું આવે એને જાણે-દેખે એમ લઈને એનો સ્વામી એ નથી. આહા..હા..!

નિર્જરા અધિકારમાં બીજી ગાથામાં કહ્યુંને કે કર્મનો ઉદય આવે સુખ-દુઃખ એ તો થોડું થાય છે પછી નિર્જરી જાય છે. ભાઈ! આવે છેને? પહેલી ગાથામાં દ્રવ્યકર્મની નિર્જરા કીધી. જડ ખરે છે. બીજી ગાથામાં અશુદ્ધતા ખરે છે એમ કહેવું છે. આહા..હા..! સમયસાર તો દરિયો છે, બાપુ! આહા..હા..! ત્યાં એમ કહે છે કે જ્ઞાનીને પણ સુખ-દુઃખ તો અંદર થાય છે. એક સમય પૂરતીની વાત છે, પણ તે ખરી જાય છે. અશુદ્ધભાવ ખરી જાય છે. એનું બંધન એને નથી. એમ ત્યાં સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે.

ભગવાનમાં અનંતા પાસા પડ્યા છે, અનંતગુણના પાસા. એની અનંતી પર્યાયો વિકૃત-અવિકૃત પર્યાયનો સમુદાય. તેથી એમ લીધુંને મોક્ષમાર્ગમાં? શુદ્ધ-અશુદ્ધ પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. એ અશુદ્ધ પર્યાય છે હવે ત્યાં અંદર? પણ પૂર્વે અશુદ્ધ હતી એ ન માનતો હોય એને એમ કહીને અશુદ્ધ પર્યાય અને શુદ્ધ પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે એમ કહ્યું. બે ઠેકાણે કહ્યું. એક સાતમા અધ્યાયમાં અને એક નવમામાં. આહા..હા..! મોક્ષમાર્ગ (પ્રકાશકે) તો ઘણું સ્પષ્ટ કરી નાખ્યું છે તત્ત્વને. આહા..હા..! રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં તો એમ આવે છે કે તિર્યંચનું સમકિત અને સિદ્ધનું સમકિત બેય સરખા છે. સમકિતમાં શું ફેર છે? આહા..હા..! સમજાણું કાંઈ? ગૃહસ્થ પણ જે વાત કરે અંદર અનુભવથી એ વસ્તુમાં ફેર ન હોય, સ્થિરતામાં ફેર છે. અને સ્થિરતા બહુ હોય માટે ઘણી સત્યતા કહે એમ નથી કાંઈ. સત્ય તો જ્ઞાની સમકિતી પણ પૂર્ણ સત્યને કહે. પૂર્ણ સ્થિરતા ન રહે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જે પુરુષ...**' અહીં તો પહેલા સમ્યગ્દર્શન-જ્ઞાન થયા પછીની વાત છે. સમજાણું કાંઈ? તે વિના અજ્ઞાનથી બાંધેલા કર્મને વર્તમાનમાં હું ભોગવતો નથી એ અજ્ઞાનીને લાગુ ન પડે. આહા..હા..! '**खलु स्वतः एव तृप्तः**' '**खलु**'નો અર્થ ખરેખર. '**स्वतः**'નો અર્થ '**પોતાથી જ...**' '**एव**' છેને '**एव**'? '**खलु स्वतः एव तृप्तः**' ખરેખર પોતાથી જ તૃપ્ત ધર્મી તો છે. આહા..હા..! ભગવાન આત્માનો અતીન્દ્રિય આનંદનો સાગર જ્યાં પર્યાયમાં ઉછળે છે એવા અતીન્દ્રિય આનંદથી ખરેખર, '**खलु**' એટલે '**ખરેખર...**' આહા..હા..! '**स्वतः एव**' '**स्वतः एव**' સ્વથી જ '**તૃપ્ત છે,...**' આહા..હા..! સમજાણું? રાગ છે પણ તેનો જાણનાર થઈને તેનાથી તૃપ્ત ન લેતા (અતીન્દ્રિય આનંદથી તૃપ્ત છે). આહા..હા..! સમજાણું કાંઈ? એ તો આવી ગયું હતુંને સવારે, નહોતું આવ્યું? વિષયકષાય દુઃખ છે તેને જાણે છે. વિષયકષાયના પરિણામ બિલકુલ છૂટી ગયા હોય તો તો કેવળ થઈ જાય. આહા..હા..!

અહીંયાં કહે છે, '**खलु स्वतः एव तृप्तः**' '**सः आपात-काल-रमणीयम् निष्कर्म-शर्ममयम् दशान्तरं एति**' આહા..હા..! જે કોઈ આત્મા પોતાના પવિત્ર સ્વભાવને અનુભવીને પૂર્વના કર્મના ફળમાં જોડાતો નથી... એ આસ્રવમાં આવે છેને કે ઉપયોગ પ્રમાણે ઉપયોગ જોડે તો જોડાણો. પૂર્વનું કર્મ આવે પણ ઉપયોગ જોડે તો જોડાય, ન જોડે તો ન જોડાય. .. આવે છેને? સમજાણું? ધર્માત્માનો ઉપયોગ અહીંયાં તો ચારિત્રનો ઉપયોગ લેવો છે હવે આચરણનો, સ્થિરતાનો. એવા આચરણમાં રમતો મુનિ. આહા..હા..! કહે છે '**તે પુરુષ, જે વર્તમાન કાળે રમણીય છે...**' વર્તમાનમાં જ અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે છે. આહા..હા..! આ માણસ એમ કહે છેને ચારિત્ર ભાઈ મહાવ્રત બહુ દુઃખ, મીણના દાંતે લોઢાના ચણા ચાવવા. એ વ્યાખ્યા એમ નથી. એ તો ચારિત્રને દુઃખદાયક ઠરાવ્યું. ચારિત્રના પરિષહ સહન કરવા પડે, ઉપસર્ગ સહન કરવા પડે, ભાઈ! દીક્ષા લે ત્યારે વાત કરેને. મા પાસે દીક્ષા લે ત્યારે મા એમ કહે, ભાઈ! એકલા ઉઘાડે પગે (ચાલવું), ત્યાં મકાન નથી,

ત્યાં વાઘ અને સિંહ એવા પરિષહ સહન કરવા પડશે, ભાઈ! આહા..હા..! માતા! રજા દે જનેતા! હું ત્યાં આનંદમાં રહીશ. આહા..હા..! અને માતા! કોલકરાર કરીને કહીએ છીએ, અજૈવ ધમ્મં પડિવજ્જ્યામો-આજ જ અમે સ્વરૂપની રમણતા અંગીકાર કરીશું. માતા! ફરીને જનેતા નહિ કરીએ હવે. આહા..હા..! ફરીને માતાને કૂંખ નહિ અવતરીએ હવે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સંપ્રદાયમાં કહેતા. ૧૪મું અધ્યયન છે ઉત્તરાધ્યનનું. બ્રાહ્મણના પુત્ર છેને. વૈરાગ્યની વાત તો મૂકી હોય. અજ્જૈવ ધમ્મં પડિવજ્જ્યામો. માતા! આજે જ અમે સ્વરૂપની રમણતા અંગીકાર કરીશું. ... જેને અંગીકાર કરવાથી ફરીને માતા, ભવ કરવાનો મારે નથી. આહા..હા..! ... માતા! ગયા કાળમાં અણપામેલી કઈ ચીજ બાકી રહી ગઈ? અહમિન્દ્ર અનંતવાર થયો, રાજા અનંતવાર થયો, આ શેઠિયો અબજોપતિ અનંતવાર થયો, માતા! એમાં ક્યાંય આત્મા નહોતો. સમજાણું કાંઈ? અમે તો ધર્મ, ધર્મ એટલે ચારિત્ર કીધુંને? ચરિતં ખલ્લુ ધમ્મો. કીધું છેને. તત્ત્વાર્થસૂત્ર. ચારિત્ર તે ધર્મ. સમ્યગ્દર્શન તો ચારિત્રનું મૂળ છે. '**दंसणं मूलो धम्मो**' આહા..હા..! સમ્યગ્દર્શન અને જ્ઞાનમાં એકલું ચારિત્ર ન હોય તો ચારિત્ર વિના મોક્ષ નહિ થાય. પણ ચારિત્રની વ્યાખ્યા એની એવી હોય કે દીક્ષા લઈ લેવી અને વ્રત પાળવા એ ચારિત્ર, એ એનું સ્વરૂપ નથી. અતીન્દ્રિય આનંદમાં રમમાણ રમમાણ થઈ જવું. આહા..હા..! અતીન્દ્રિય આનંદના રમમાણ. આહા..હા..! વ્યાખ્યા તપની કરી છે એ એવી કરી છેને કે ચારિત્રમાં ઉગ્ર પુરુષાર્થ તે તપ છે. તપની વ્યાખ્યા એવી કરી છે. અપવાસ-બપવાસ કરવો એ તપ એમ નહિ. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની રમણતામાં ઉગ્ર પુરુષાર્થ કરવો એનું નામ તપસ્યા કહેવામાં આવે છે. આહા..હા..! એકદમ અતીન્દ્રિય આનંદમાં ઘોલનમાં વધી જવું અને ઈચ્છાની ઉત્પત્તિ જ ન થવી એનું નામ તપસ્યા. ચારિત્રનો ઉગ્ર પુરુષાર્થ તે તપ છે. આહા..હા..! આવી વાતું છે.

અહીં કહે છે, એ વર્તમાનમાં પણ આનંદ છે. એમ નથી કે ચારિત્ર એટલે દુઃખ છે. આહા..હા..! લોઢાના ચણા મીણના દાંતે ચાવવા બાપા કઠણ છે, ભાઈ! એમ નથી. આહા..હા..! અહીંયાં તો અતીન્દ્રિય આનંદમાં રમણ કરવું. એ આનંદ છે. આનંદ... આનંદ... આનંદ... વેદતા-વેદતા મુક્તિ થઈ જાય છે. દુઃખ વેદતા-વેદતા (મુક્તિ થાય)? આહા..હા..! સમજાણું કાંઈ? '**વર્તમાન કાળે રમણીય છે...**' એટલે વર્તમાનમાં જ ચારિત્રમાં આનંદ છે. આહા..હા..! '**અને ભવિષ્યમાં પણ જેનું ફળ રમણીય છે...**' ભવિષ્યમાં પણ કેવળજ્ઞાનાદિ થઈને આનંદનું ફળ પૂર્ણ આવશે. આહા..હા..! '**ભવિષ્યમાં પણ જેનું ફળ રમણીય છે એવી નિષ્કર્મ-સુખમય દશાંતરને પામે છે...**' આહા..હા..! નિષ્કર્મ નામ પુણ્ય-પાપના કાર્ય વિનાની દશા, નિષ્કર્મદશા, સુખમયદશા, દશાંતર-રાગની દશાથી અનેરી દશાંતર એને પામે છે ઈ. આહા..હા..! વર્તમાનમાં પણ સ્વરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં શું છે ચીજ એ તો પ્રતીતમાં, જ્ઞાનમાં આવી ગઈ છે, હવે એમાં રમણતા કરતાં-કરતાં વર્તમાનમાં પણ આનંદ છે અને એના ભવિષ્ય

ફળમાં પણ આનંદ જ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સુખમય દશાંતરને પામે છે (અર્થાત્ જે પૂર્વે સંસાર-અવસ્થામાં કદી થઈ નહોતી એવી...'** દશા. આહા..હા..!

ભાઈ! અમૃતચંદ્રાચાર્ય એમ કહે કે અમે વસ્તુથી તો શુદ્ધ છીએ, પણ પર્યાયમાં અનાદિની (અશુદ્ધ) પર્યાય મારે હજી વર્તે છે કહે છે. આહા..હા..! કારણ કે હું પર્યાયમાં શુદ્ધ થઈ ગયો છું અને હવે અશુદ્ધ છે એમ નથી. મારે અનાદિની અશુદ્ધતા વર્તે છે હજી. મુનિ છે એમ કહે છે. **'कल्माषितायां'**. કલુષિત પરિણામ શુભભાવના એને, એ પણ કલુશિષત છેને. આહા..હા..! દુઃખ છે મને હજી. આહા..હા..! બીજા શ્લોકમાં આવે છેને. આહા..! મુનિ છે, ત્રણ કષાયનો અભાવ છે, પ્રચુર સ્વસંવેદન ભાવલિંગમાં રમે છે, છતાં હજી પર્યાયમાં અશુદ્ધતા છે એ અશુદ્ધતા અનાદિની છે. એ અશુદ્ધતા ગઈ હતી અને હવે થઈ છે નવી એમ નથી. આહા..હા..! એ અપેક્ષાએ. પર્યાયનો કાળ તો સમયનો જ છે અને એક સમય પૂરતી અશુદ્ધતા રહે છે, પણ એ અશુદ્ધતા આમ અનાદિથી અશુદ્ધ... અશુદ્ધ... અશુદ્ધ... થયા જ કરે છે. હું મુનિ છું તોપણ અનાદિની અશુદ્ધતા હજી મારી પાસે પડી છે. આહા..હા..! આ ટીકા કરતાં તે અશુદ્ધતા ગળી જાવ એમ કહે છે. એમાં વાત ફેર છે. ટીકા કરતા એટલે ટીકા કરવાનો તો વિકલ્પ છે અને વિકલ્પથી અશુદ્ધતા ગળી જાવ એમ નહિ. પાઠ તો એવો છે. ટીકા એવ. ટીકાથી જ આ થાવ એવો પાઠ છે, પણ એનો અર્થ એ કે ટીકાના કાળમાં મારું લક્ષ જોર દ્રવ્યના સ્વભાવ ઉપર ઘોલનમાં વર્તશે એટલે ટીકાના કાળમાં અશુદ્ધતા ટળી જશે. સમજાણું કાંઈ? આહા..હા..! હવે આવા શબ્દાર્થમાં ફેર, ભાવમાં ફેર. આહા..હા..!

**'સંસાર અવસ્થામાં કદી થઈ નહોતી...'** જોયું! મુનિ થયો છે, પણ સદાય નિર્મળ પૂર્ણ દશા કદી સંસારમાં થઈ નહોતી. આહા..હા..! **'એવી જુદા પ્રકારની કર્મરહિત સ્વાધીન સુખમય દશાને પામે છે).'** આહા..હા..! એક એક શ્લોકમાં પણ કેટલું ભર્યું છે! ભાઈ! આ તો વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ એની દિવ્યધ્વનિ એના પરમાગમ છે આ તો. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- જ્ઞાનચેતનાની ભાવનાનું આ ફળ છે.'** એટલે? રાગમાં ચેતાવું એ કર્મચેતના અને રાગમાં હરખ આવવો એ કર્મફળચેતના. એનાથી ભિન્ન ભગવાન સ્વરૂપમાં એકાગ્રતા એ જ્ઞાનચેતના. **'જ્ઞાનચેતનાની ભાવનાનું...'** એટલે વારંવાર રમવાનું **'આ ફળ છે.'** આ ફળ છે એમ કે પૂર્વે કીધું હતું એ. **'તે ભાવનાથી જીવ અત્યંત તૃપ્ત રહે છે...'** આહા..હા..! ભૂખ્યા માણસને જેમ ઊંચા લાડવા ચૂરમાના ઘીના પાયેલા મળે. આહા..હા..! એમ અહીંયાં આનંદની રમતમાં આનંદ ઝરે છે કહે છે. આહા..હા..! છે? **'તૃપ્ત રહે છે...'** અત્યંત આનંદમાં તૃપ્ત રહે છે. ચારિત્રની એ દશા છે. આહા..હા..! છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ આવે મહાવ્રતનો, તોપણ એમ કહે પ્રભુ કે એ તો જગપંથ છે. આહા..હા..! એક બાજુ

સમ્યગ્દષ્ટિને કાંઈ આસ્રવ અને બંધ નથી એમ કહે. એક બાજુ મુનિને પણ પંચમહાવ્રતના પરિણામ એ જગપંથ છે. સમયસાર નાટક. મોક્ષ અધિકારનો ૪૦મો બોલ છે. જગપથં. ઈત જગપંથ ઉત શિવપંથ. આ બાજુ ઢળ્યો છે વિકલ્પ એ જગંપથ છે, આ બાજુ ઢળ્યો છે નિર્વિકલ્પમાં એ શિવપંથ છે. આહા..હા..! હવે આવી વાતું એને પકડવી ક્યારે? જિંદગી ચાલી જાય, અવસર મળ્યા એ ન મળ્યા થઈ જાય. એને આ ક્યારે લાભ થાય? આહા..હા..! આજ ઓલો કાગળ છે એકનો બહુ સારો. દમોહ પાસેથી એક છોકરો નથી આવતો વૈરાગી? આભાસ? અભાન. અભાનનો એક આવે છેને એક પદ્મચંદજી. એનો કાગળ છે. બહુ લખ્યુ બહુ. ઓહો..! આ ચીજ અમને ક્યાંય મળે નહિ. અમે ક્યાં આવી ગયા અને અમને ક્યાં આ મળી વસ્તુ! ઓહો..! અમે શું કરીએ? શું કહીએ? એમ બિચારાનો બહુ મોટો કાગળ છે. પદ્મચંદજી વ્યાખ્યાનમાં આવે છે. બેઠા હતા અહીં. ઉદાસ જેવો લાગે વૈરાગી. દમોહ પાસે આભા આભા છેને? અભાના. એનો છે કાગળ. આહા..હા..!

ભગવાન આત્મા જેને જ્ઞાનચેતના પ્રગટી, જ્ઞાન એટલે આત્માનું જ્ઞાન અને આત્મામાં એકાગ્રતા પ્રગટી એનું નામ જ્ઞાનચેતના. અહીંયાં રાગની કર્મચેતના અને એના ફળમાં હરખ કર્મફળચેતના એ દુઃખમય ચેતના છે. ભગવાન આત્માના આનંદમાં રમતા જે જ્ઞાનપણાની અંતર આત્માની એકાગ્રતા થાય એ સુખરૂપ છે. એ અતીન્દ્રિય શાંતિના સ્વાદવાળી ચેતના છે. આહા..હા..!

**'અન્ય તૃષ્ણા રહેતી નથી,...'** અંતરના આનંદની તૃપ્તિમાં સ્વાદમાં બીજી તૃષ્ણા રહેતી નથી. આહા..હા..! મુનિ છેને. જાણે છે કે અમારે તો આ દેહ છોડીને સ્વર્ગમાં જાવું પડશે. આહા..હા..! પંચમ આરાના મુનિ છે. પણ અમે કહીએ છીએ અમને તો અમારી વસ્તુની તૃપ્તિ છે. બીજી ચીજની અમને હવે (જરૂર) છે નહિ. આહા..હા..! એ સ્વર્ગમાં જાય પણ નકાર કરતા જશે. આહા..હા..! એ સંસારના સુખની કલ્પનાનો નકાર કરતા જશે. આહા..હા..! આ હોંશના સડકા લઈને સ્વર્ગમાં જાય મિથ્યાદષ્ટિ. આહા..હા..!

**શ્રોતા :-** કેટલો ફેર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવો ફેર છે. એ એમ કહે છે કે આ તો મુનિ છે પંચમ આરાના, કેવળ તો છે નહિ. છતાં એમ કે અમે જ્યારે રમીએ અને રમતા રમતા એવી લાઈન થઈ જાય છે અમારી કે અમે આપાતકાળ ભવિષ્યનો અનંતકાળ આમને આમ રહે. ઓહો..! આહા..હા..!

**'અન્ય તૃષ્ણા રહેતી નથી,...'** આહા..હા..! **'અને ભવિષ્યમાં કેવળજ્ઞાન ઉપજાવી સર્વ કર્મથી રહિત મોક્ષ-અવસ્થાને પામે છે.'** લ્યો! આહા..હા..! આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ (છે). પણ ભાઈ! એ માહાત્મ્ય આવવા એ કાંઈ સાધારણ વાત નથી. ભગવાનનું માહાત્મ્ય આવવું, હું ભગવત્ સ્વરૂપ છું. આહા..હા..! પર્યાયમાં પામરતા,

પ્રભુતામાં પૂરા દ્રવ્યમાં. આહા..હા..! સમજાણું કાંઈ? પૂરો પ્રભુ છે. આહા..હા..! પૂર્ણ. આવરણનો નાશ થઈને અવિનાશી દશા પ્રગટ થાય છે તે પૂર્ણ દશા છે. આહા..હા..! તે દશાને વર્તમાન આનંદમાં રમતા રમતા, વર્તમાન તૃપ્ત થતા થતા તે દશાને પામશું. આહા..હા..! કોઈ મહાવ્રત ક્રિયા કરતા અને આ કરતા કરતા પામશું એમ નથી કહ્યું. સમજાણું કાંઈ? એવી કર્મથી રહિત મોક્ષ અવસ્થાને પામે છે. આહા..હા..!

'**પૂર્વોક્ત રીતે કર્મચેતના અને કર્મફળચેતનાના...**' જોયું! કર્મચેતના કોણ? કે ઓલા ૪૯ ભાંગા કીધા (૪૯ x ૩ =) ૧૪૭. પુણ્ય અને પાપના ભાવ પૂર્વે કર્યા, વર્તમાન થાય અને ભવિષ્યમાં (થવાના) એ બધાથી હું છૂટો પડું છું, એ કર્મચેતના મારી નહિ. આહા..હા..! એ સંવરના અધિકારની અપેક્ષા થઈ. હવે નિર્જરાની અપેક્ષામાં પૂર્વે બંધન કર્મ તેમાં જોડાવું નહિ, એનું ફળ મને નહિ એનું નામ નિર્જરા. આહા..હા..! એ નિર્જરા થતા થતા કહે છે કે શુદ્ધતા વધતા વધતા શુદ્ધ સ્વભાવની લહેર કરતા કરતા અમે પૂર્ણતાને પામશું. આહા..હા..! અમે દુઃખી થઈને, કષ્ટ વેઠીને અમે પામશું એમ નહિ. આહા..હા..! અમને કષ્ટ છે ચારિત્રમાં (એમ નથી). આવે છેને ઓલા નહિ છ ઢાળામાં? છ ઢાળામાં આવે છે, નહિ? જે રાગનો ત્યાગ અને પરિષહમાં શાંતિ જોઈએ એને ઠેકાણે કષ્ટ માને છે એ. અજ્ઞાની ચારિત્રદશાને કષ્ટ માને છે. છ ઢાળામાં છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, પ્રભુ મારો આનંદનો નાથ છે. આહા..હા..! એ અતીન્દ્રિય આનંદનો સાગર ઉછળે છે ત્યાં. દરિયાને કાંઠે જેમ પાણીની ભરતી આવે એમ અતીન્દ્રિયની પર્યાયમાં ભરતી આવે છે. આહા..હા..! એ ભરતીના આનંદમાં ને આનંદમાં અમે પૂર્ણ ભરતીને પામશું. આહા..હા..! આ પૈસા અને પૈસાની વાતું એ તો આમાં કાંઈ આવી નહિ. આહા..હા..! બાપુ! તારી લક્ષ્મી... આહા..હા..! 'ભગવાન' શબ્દ વાપર્યો છે. એ સંસ્કૃત ટીકામાં છે આ કળશમાં. સવારે બોલ્યા હતા એમાં. ભગવાન. ભગ નામ લક્ષ્મી છે. કેની? સ્વરૂપની લક્ષ્મી, એનો ભગ નામ લક્ષ્મીવાન છે એ તો. આહા..હા..! ભગવાન તો અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતાનો સ્વામી છે. એ વાન, એનો વાન—એનું રૂપ એ છે. લક્ષ્મી એનું રૂપ છે. આહા..હા..!

અહીંયાં કહે છે કે કર્મચેતના એટલે ૪૯ ભંગ ભૂત, વર્તમાન, ભવિષ્ય ત્રણે કાળના હોં ૧૪૭ અને કર્મફળચેતના ૧૪૮ પ્રકૃતિ. એના '**ત્યાગની ભાવના કરીને અજ્ઞાનચેતનાના પ્રલયને પ્રગટ રીતે નચાવીને,...**' આહા..હા..! એ વિકારચેતના એ અજ્ઞાનચેતના એનો પ્રલય-ખાસ વિશેષ કરીને લયને-પ્રલયને પ્રગટ કરી, નાશને પ્રગટ રીતે પરિણમાવીને. આહા..હા..! નચાવીને અર્થ પરિણમાવીને. '**પોતાના સ્વભાવમાં પૂર્ણ કરીને,...**' સ્વભાવને ક્ષેત્રની મોટપની જરૂર નથી. સ્વભાવને તેના સામર્થ્યની જરૂર છે, બસ. મોટું ક્ષેત્ર એટલે સ્વભાવ મોટો, આકાશ નામનો પદાર્થ સર્વવ્યાપક એનો અસ્તિત્વગુણ મોટો અને એક પરમાણુનો અસ્તિત્વ

ગુણ નાનો (એમ નથી). આહા..હા..! પણ નાનો તો અસ્તિત્વ થોડું એમ થયો એનો અર્થ. ભગવાન આત્માનું અસ્તિત્વ પૂર્ણ અસ્તિત્વ છે સત્તા. સમજાણું કાંઈ? આહા..હા..! એવા ભગવાન આત્માને '**અજ્ઞાનચેતનાના પ્રલયને પ્રગટ રીતે નચાવીને, પોતાના સ્વભાવમાં પૂર્ણ કરીને, જ્ઞાનચેતનાને નચાવતા થકા...**' આત્મામાં આનંદમાં રમતા થકા એ જ્ઞાનચેતના. '**જ્ઞાનીજનો સદાકાળ આનંદરૂપ રહો—**' આહા..હા..! હે ધર્મી! હે જ્ઞાનીઓ! આહા..હા..! આનંદમાં રહો તમે પ્રભુ કહે છે. આહા..હા..! ગુરુ એમ કહે છે. આહા..હા..! '**જ્ઞાનીજનો સદાકાળ આનંદરૂપ રહો—એવા ઉપદેશનું કાવ્ય હવે કહે છે :—**' છે? ૨૩૩.

अत्यन्तं भावयित्वा विरतिमविरतं कर्मणस्तत्फलाच्च
प्रस्पष्टं नाटयित्वा प्रलयनमखिलाज्ञानसञ्चेतनायाः
पूर्णं कृत्वा स्वभावं स्वरसपरिगतं ज्ञानसञ्चेतनां स्वां
सानन्दं नाटयन्तः प्रशमरसमितः सर्वकालं पिबन्तु।।२३३।।

આહા..હા..! '**अविरतं कर्मणः तत्फलात् च विरतिम् अत्यन्तं भावयित्वा**' '**જ્ઞાની જનો, અવિરતપણે...**' એટલે નિરંતરપણે. આહા..હા..! અવિરત એટલે પૂર્ણ નિવૃત્તપણે. આહા..હા..! નિરંતરપણે પુણ્ય-પાપના કાર્ય અને પુણ્ય-પાપના હરખ-શોક ફળથી '**વિરતિને અત્યંત ભાવીને...**' આહા..હા..! અવિરતપણે વિરતિને અત્યંત ભાવીને. ભાષા તો જુઓ! '**અવિરતપણે વિરતિને અત્યંત ભાવીને...**' એટલે? રાગથી નિવૃત્તિરૂપ નિરંતર ભાવીને, એમ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું છે.

'**अखिल-अज्ञान-सञ्चेतनायाः प्रलयनम् प्रस्पष्टं नाटयित्वा**' '**સમસ્ત અજ્ઞાનચેતના...**' એટલે પુણ્ય-પાપનું કરવું અને પુણ્ય-પાપનું ભોગવવું એવા '**અજ્ઞાનચેતનાના નાશને સ્પષ્ટપણે નચાવીને,...**' આહા..હા..! પરિણમાવીને. '**स्व-रस-परिगतं स्वभावं पूर्णं कृत्वा**' સ્વરસ આનંદનો રસ પોતાનો. આહા..હા..! એને '**નિજરસથી પ્રાપ્ત પોતાના સ્વભાવને પૂર્ણ કરીને,...**' નિજરસથી. નિજરસથી, આનંદના રસથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરીને, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પોતાની જ્ઞાનચેતનાને આનંદપૂર્વક નચાવતા થકા...**' પોતાની જ્ઞાનચેતના એટલે આત્માના સ્વભાવ તરફની એકાગ્રતાને આનંદપૂર્વક પરિણમાવતા થકા. દુઃખથી નહિ, એમ કહે છે. આહા..હા..! '**હવેથી સદાકાળ પ્રશમરસને પીઓ...**' પ્રશમરસ વીતરાગભાવરસને પીવો. આહા..હા..! 'નિર્વિકલ્પ રસ પીજીએ.' આહા..હા..! વિકલ્પના રસને ઝેરના પ્યાલા પીધા અનંતવાર. આહા..હા..! હવે તો નિર્વિકલ્પ રસને પીવો. થોડીક વાત આવશે.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૧૪, ગુરુવાર, તા. ૧૦-૧૧-૧૯૭૭, કળશ-૨૩૩-૨૩૪, પ્રવચન નં. ૫૦૫

ભાવાર્થ. ૨૩૩ કળશનો ભાવાર્થ. 'પહેલાં તો ત્રણે કાળ સંબંધી કર્મના કર્તાપણારૂપ કર્મચેતનાના ત્યાગની ભાવના કરાવી.' એટલે શું કહ્યું? કે પૂર્વે જે પુણ્ય-પાપના ભાવ થયા હતા, વર્તમાન થાય અને ભવિષ્યમાં થાય તે કર્મચેતના છે તેનો ત્યાગ કરાવ્યો. ભગવાન આત્મા આનંદસ્વરૂપ એ જ્ઞાનચેતનાથી જાગૃત થાય છે. એ કર્મચેતના અને કર્મફળચેતનાથી આત્માને જાગૃતિ થતી નથી. આહા..હા..! કર્મચેતના એટલે શું? કર્મ એટલે જડ કર્મ એમ નહિ. કર્મ નામ કાર્ય. પુણ્ય-પાપના ભાવરૂપી કાર્ય એટલે કર્મ એની ચેતના, એનું કર્તાપણું એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! અને તેના ફળ એટલે હરખ-શોકનું વેદન એ કર્મફળ એટલે કાર્ય જે વિકાર હતું તેનું ફળ એ પણ ઝેરનું વેદન છે, તેથી તેનો ત્યાગ કરાવ્યો. આહા..હા..! દૃષ્ટિમાંથી એનો ત્યાગ કરાવ્યો. આહા..હા..!

**શ્રોતા :-** દૃષ્ટિમાંથી ત્યાગ કરાવ્યો એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દૃષ્ટિમાંથી એટલે કે દૃષ્ટિ દ્રવ્ય ઉપર મૂકતા જ્ઞાનચેતના થાય ત્યારે કર્મ અને કર્મફળ ચેતનાનો અભાવ થાય. એમ વસ્તુનો અભાવ, કર્મચેતનાનો અભાવ કરાવી અને જ્ઞાનચેતનાને ઉત્પન્ન કરાવી. આહા..હા..! આવું છે. સમજાણું?

**શ્રોતા :-** જે કર્મચેતના થઈ હોય એનો તો અભાવ થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ હતો વર્તમાન એને ત્રણકાળ લાગુ પડે છે. એ પહેલી તો વાત થઈ ગઈ હતી. વર્તમાન શુભ-અશુભભાવ છે એનાથી હું નિવર્તું છું. કેમકે દોષ છે એવો શબ્દ છે પાઠમાં મૂળ ગાથામાં. શુભ અને અશુભ પોતે વર્તમાન પરિણામ એ દોષસ્વરૂપ છે. એનાથી પાછો વાળવો છે એટલે એની અપેક્ષાએ ભૂતકાળ અને ભવિષ્યમાં એની વર્તમાનની અપેક્ષાએ ત્રણે કાળથી પાછો ફર્યો. આહા..હા..! લાલચંદભાઈ! આવી વાત છે. એ ચર્ચા તો એક ફેરી ૮૮માં જામનગર થઈ ગઈ હતી કે ભાઈ આ એકને ત્રણ નામ કેમ પાડ્યા? મૂળ તો શુભ-અશુભભાવ એ આત્માનું કોઈ સ્વરૂપ નથી, એ તો વિભાવ છે. આગળ કહેશે એ. શુભ-અશુભભાવ છે પર્યાયમાં, એમ કરીને સ્થાપશે આત્મા પણ પછી એ વિભ્રમનું મૂળ છે. છેને અંદર છે. અતિવિભ્રમ જેનું મૂળ એવા ધર્મ-અધર્મ, એમ. ત્રીજો પેરેગ્રાફ છે ટીકાનો, ટીકાનો ત્રીજો પેરેગ્રાફ. ઝીણી વાત છે.

**શ્રોતા :-** અનાદિ વિભ્રમ જેનું મૂળ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ. પહેલી વાત એમ સિદ્ધ કરશે કે પુણ્ય અને પાપ, ધર્મ અને

અધર્મ છે તો આત્મા, એમ સિદ્ધ કરશે. પરદ્રવ્યનો શું સંબંધ છે? એમ કહે છે. શુભ અને અશુભભાવ એ જ્ઞાન જ છે, આત્મા જ છે, પણ હવે અહીંયાં ચારિત્રનું વર્ણન કરવું છે. એથી કહે છે કે અનાદિ વિભ્રમ જેનું મૂળ એવા પુણ્ય અને પાપ. એ વિભ્રમથી ઉત્પન્ન થાય છે પુણ્ય અને પાપ એમ કહે છે, સ્વભાવથી ઉત્પન્ન થાય એવી ચીજ નથી. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! '**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...**' છે? '**એવા...**' પુણ્ય અને પાપ. પહેલાં એમ સિદ્ધ કરશે કે પુણ્ય અને પાપ તો આત્મા છે, પણ એ આત્મામાં ઉત્પન્ન થાય છે માટે. પણ કહે છે કે વિભ્રમ મૂળ એનું છે. ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવમાં એ ઉત્પન્ન થાય એવો કોઈ આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! ભ્રમણા ઉત્પન્ન કરીને, ભ્રમણા જેનું મૂળ છે એનાથી પુણ્ય-પાપ ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ આમાં?

**શ્રોતા :-** અજ્ઞાન ગયા પછી પણ પુણ્ય-પાપ તો ઉત્પન્ન થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પછી થતા નથી, એ તો જ્ઞાનમાં જ્ઞેય તરીકે છે. એ જ્ઞેય તરીકે છે. અહીં તો ચારિત્રનો અધિકાર છેને. ચારિત્રનો અધિકાર છે એ સમજવા જેવી વાત છે કે એને પુણ્ય-પાપના ભાવ આત્મા કહી અને ચારિત્રનો અધિકાર છે એટલે એને ટાળે છે. આહા..હા..! છે તો એની પર્યાયમાં. ઝીણી વાત છે, ભાઈ! એની પર્યાયમાં એ આત્મા છે. એ કાંઈ કર્મને લઈને અને પરને લઈને (થયા છે એમ નથી). એનો સંબંધ શું છે? આહા..હા..! સમજાણું કાંઈ? '**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા...**' પુણ્ય અને પાપ. એમ કરીને દૃષ્ટિ છોડાવે છે પર ઉપરથી અને સ્વદૃષ્ટિ કરાવતા પુણ્ય-પાપ દૂર થઈ જાય છે અને સ્થિર થતાં ચારિત્ર થાય છે એમ સિદ્ધ કરવું છે. ભાઈ! આહા..હા..! આ અધિકાર તો આપણે સંવરમાં આવી ગયો છે. સંવર-સંવર. બે ઠેકાણે આવી ગયો છે. જોવું છે? ૧૮૭, ૧૮૮, ૧૮૯ એની ટીકા. ત્રણ ઠેકાણે આ (વાત) સિદ્ધ કરી છે. કારણ કે આ સંવર છેને. ૧૮૭-૮૮-૮૯ ગાથા. છે? એની ટીકા.

'**જે જીવ રાગદ્વેષમોહ જેનું મૂળ છે એવા શુભાશુભ યોગમાં વર્તતા આત્માને...**' આહા..હા..! છે? ટીકા છે? સમયસાર સામે પડ્યું છે. '**જે જીવ રાગદ્વેષમોહ જેનું મૂળ છે એવા શુભાશુભભાવ...**' અહીં દેખો! શુભાશુભના યોગની ઉત્પત્તિ, એનું મૂળ રાગ-દ્વેષ અને મોહ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! મારગડા એવા ઝીણા છે. આહા..હા..! એને '**દૃઢતર (અતિ દૃઢ) ભેદવિજ્ઞાનના અવલંબનથી આત્મા વડે અત્યંત રોકીને,...**' સંવર છેને? ત્યાં એમ કહ્યું. પછીની ગાથા છેલ્લી ગાથા સંવરની. તરત જ ગાથા સંવરની ૧૯૦-૯૧-૯૨. '**પ્રથમ તો જીવને,...**' ટીકા છે? '**આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ (અભિપ્રાય) જેમનું મૂળ છે...**' આહા..હા..! શું કોનું? '**એવા મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ અધ્યવસાનો વિદ્યમાન છે,...** ' આહા..હા..! કર્મ અને આત્માનો એકપણાનો અધ્યાસ-અભિપ્રાય જેનું મિથ્યાત્વ મૂળ છે. '**એવા**

**મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ અધ્યવસાનો વિદ્યમાન છે, તેઓ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે;...**' સંવરની છેલ્લી ગાથામાં બે ઠેકાણે આ નાખ્યું અને અહીંયાં ચારિત્રનો અધિકાર છે માટે ત્યાં નાખ્યું. સમજાણું કાંઈ?

અહીંયાં એમ સિદ્ધ કરે છે, ભાઈ! આ તો શાંતિના માર્ગ છે, બાપા! આહા..હા..! શરીર, વાણી, મન એ તો પર છે, કર્મ એ પર છે. પણ અહીંયાં પુણ્ય અને પાપના ભાવ થાય છે એની પર્યાયમાં એ કર્મને લઈને નહિ, પોતાની ઊલટી-ઊંધી વીર્યશક્તિને લઈને થાય છે. હવે થવાના મૂળ તરીકે શું એમ સિદ્ધ કરે છે સંવરમાં અને અહીં ચારિત્રમાં. કે એનું મૂળ તો મિથ્યાત્વ છે. ત્યાં રાગ-દ્વેષને મોહ કીધો, પણ એ મિથ્યાત્વ છે. આહા..હા..! અને એ રાગ-દ્વેષ-મોહ જેનું મૂળ છે એવા અધ્યવસાય કીધા. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય મારા એવો જે અભિપ્રાય એનું મૂળ મિથ્યાત્વ છે. આહા..હા..!

વસ્તુ ભગવાન તો ચિદાનંદ આનંદકંદ પ્રભુ એકલો જ્ઞાયક ચૈતન્યરત્નાકર છે. એમાં કહે છે કે પુણ્ય-પાપ એની પર્યાયમાં છે, પણ એનું મૂળ વિભ્રમ છે. છે એની પર્યાયમાં પણ ભ્રમણા એને ઉત્પન્ન થઈ છે. ભગવાન જ્ઞાતાદૃષ્ટા એના સ્વભાવને છોડી દઈ અને વિપરીત ભ્રમ ઉત્પન્ન કર્યો, એનાથી ઉત્પન્ન થયા શુભાશુભભાવ. આહા..હા..! વસ્તુના સ્વભાવમાં એ શુભાશુભ ઉત્પન્ન થાય એવી કોઈ શક્તિ નથી, કોઈ ગુણ નથી. સમજાણું કાંઈ? એ રીતે કહીને... અનંત શક્તિઓ છે પણ કોઈ શક્તિ વિકારને ઉત્પન્ન કરે એવી આત્મામાં કોઈ શક્તિ છે જ નહિ. આહા..હા..! ત્યારે કહે ઉત્પન્ન થાય છે એ શું? મૂળ તો પર્યાયબુદ્ધિ કહેવી છે ત્યાં ભ્રમણાનું કારણ નાખવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ જે ભગવાન આત્મા અનંત ચૈતન્યરત્નથી ભરેલો પ્રભુ, એમાં અનંત શક્તિઓ છે. અસ્તિત્વ, વસ્તુત્વ, જીવતર, ચેતન, દર્શન, જ્ઞાન આદિ ૪૭ અનંત, પણ કોઈ શક્તિ એવી નથી કે વિકારને ઉત્પન્ન કરે. આહા..હા..! ત્યારે કહે છે, વિકાર ઉત્પન્ન થાય છે એનું કારણ શું? શક્તિ નથી, દ્રવ્યમાં નથી, શક્તિમાં નથી. આહા..હા..! ભ્રમણા. મિથ્યાભ્રમ ઉત્પન્ન કરે છેને. સ્વભાવ ભગવાન સ્વરૂપ ચૈતન્યની એને ખબર નથી. તેથી ભ્રમણા ઉત્પન્ન કરીને ભ્રમણા જેનું મૂળ છે એવા શુભાશુભયોગ ઉત્પન્ન થાય છે. આરે...! આવી વાતું છે. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કહે છે ઉત્પન્ન થાય, ભ્રમણા જેનું કારણ છે, પછી થાય છે અસ્થિરતા એ પર્યાયની નબળાઈને લઈને થાય છે. અહીં તો પર્યાયબુદ્ધિથી થાય છે એ સિદ્ધ કરવું છે. શું કીધું ઈ? વસ્તુ એવી છે. આહા..!

આત્મ ભગવાન અંદર ચૈતન્યરત્નાકર, અનંત ચૈતન્યની મણિઓની ખાણ ખજાનો છે એ તો બાપુ! આહા..હા..! એમાં કોઈ શક્તિ એટલે ગુણ એટલે કે સત્‌નું સત્ત્વ, સત્ એવું જે દ્રવ્ય તેનું સત્ત્વ એટલે ગુણ એટલે શક્તિ, એવો કોઈ શક્તિ-ગુણ નથી કે વિકૃતદશા ઉત્પન્ન કરે. આહા..હા..! ત્યારે કહે છે કે વિકૃત અવસ્થા તો કીધી તમે કે આત્માની છે

અને આત્મામાં છે. એ કીધી છે, ઈ છે એના માટે કીધી છે, પણ એની ઉત્પત્તિનું મૂળ તો ભ્રમણા છે. એ ભ્રમણા એ પોતે કરે છે એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** પણ દ્રવ્યમાં નથી, ગુણમાં નથી અને પર્યાયમાં ભ્રમણા આવી ક્યાંથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કીધું પર્યાયબુદ્ધિ એ સિદ્ધ કરવું છેને. એથી પર્યાયબુદ્ધિને ભ્રમણા કીધી. લાલચંદભાઈ! ભ્રમણા નાખીને કહેવું છે પર્યાયબુદ્ધિ. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! આ તો માર્ગ વીતરાગનો ત્રણલોકના નાથ કેવળી ઈન્દ્રોની સમક્ષમાં ફરમાવે છે એ આ પંથ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પ્રભુ એમ ફરમાવે છે કે પ્રભુ! તારી પર્યાયમાં શુભ-અશુભભાવ દુઃખરૂપ ભાવ, આકુળતારૂપ ભાવ છે, પણ એનું ખરેખર ઉત્પત્તિનું મૂળ પર્યાયબુદ્ધિ છે. એટલે કે ભ્રમણા છે એ પર્યાયબુદ્ધિ. આહા..હા..! સમજાય એટલું સમજવું બાપુ! આ તો ત્રણલોકના નાથનો માર્ગ છે અને પોતે પ્રભુ ત્રણલોકનો નાથ જ છે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? જેની એક સમયની પર્યાયમાં પોતાનો દ્રવ્ય, ગુણ અને ત્રિકાળી પોતાની પર્યાય પણ જાણવામાં આવે. જેની પર્યાયમાં છ દ્રવ્યો, અનંત કેવળીઓના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણવામાં આવે એવી એક જ પર્યાયનું આટલું સામર્થ્ય છે. એક પર્યાયમાં એક જ પર્યાય એ તો એ પર્યાય સારું જગત અને લોકાલોક છે. આહા..હા..!

એક સમયની જ્ઞાનની પર્યાય, પ્રજા પર્યાય છે એનીને અને એના જાતની છેને. આહા..હા..! તો એ પર્યાયનું એટલું સામર્થ્ય છે તેટલું એને પ્રતીતમાં ન આવે ત્યાં સુધી તે પર્યાયની પ્રતીત એને યથાર્થ નથી. આહા..હા..! એ પર્યાયની એટલી સામર્થ્યતા છે કે સારી પર્યાય, સારા દ્રવ્ય-ગુણને જાણે દ્રવ્ય-ગુણને અડ્યા વિના અને સારા દ્રવ્ય છ દ્રવ્યને, છ દ્રવ્ય-ગુણ-પર્યાય અનંતા સિદ્ધો, કેવળીઓ, અનંતા નિગોદો, અનંત પરમાણુ, અનંતગુણા સ્કંધો એ બધાને પર્યાયમાં રહીને તેને સ્પર્શ્યા વિના જાણે તો એક જ પર્યાય તે સર્વ જગત આખું થઈ ગયું. આહા..હા..! એટલું એનામાં સામર્થ્ય છે. એટલા સામર્થ્યવાળી પર્યાયની પણ જેને ખબર નથી... આહા..હા..! એવા અનંતી પર્યાયનો ધણી એવો દ્રવ્યસ્વભાવ એના સામર્થ્યની એને પ્રતીતની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અરે!

કહે છે કે એ પર્યાયમાં પુણ્ય અને પાપ છે. પર્યાય સમજાય છે? અવસ્થા. અવસ્થાયી એક સમયની પર્યાયની પાછળ એટલે કે એની સમીપમાં પ્રભુ આખું તત્ત્વ છે. એ આખું તત્ત્વ જે છે એ પર્યાયને અડતું નથી અને દ્રવ્ય છે તે પર્યાયને અડતું નથી. આહા..હા..! છતાં એ પર્યાયમાં એક દ્રવ્ય-ગુણ પોતાના દ્રવ્ય-ગુણને અને એની પણ ત્રિકાળી પર્યાયને જાણે છે. જો ત્રિકાળી પર્યાયને પોતાની ન જાણે તો એ દ્રવ્યને ન જાણ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? એ આવે છેને, પ્રવચનસારમાં આવે છે ૪૮-૪૯ ગાથામાં કે ત્રણકાળને જાણે એમાં ત્રણકાળને એટલે પોતાની પણ ત્રિકાળી પર્યાય આવી જાય છે. જો ત્રણ કાળમાં પોતાની ત્રિકાળી પર્યાયને ન જાણે તો તો એક દ્રવ્યને પણ ન જાણ્યું એણે. સમજાય છે કાંઈ?

આહા..હા..! એક સમયની પર્યાયમાં ભૂતની અને ભવિષ્ય અનંતગુણી પર્યાય એને પણ એ પર્યાય જાણવાની તાકાતવાળી છે અને એ પર્યાય દ્રવ્ય પોતાનું આખું તેને જાણવાની તાકાતવાળી જાણે છે. આહા..હા..! એ પર્યાયમાં દ્રવ્યબુદ્ધિ જો જેને હોય તો તો તેને મિથ્યાત્વ નથી તેથી પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થતાં જ નથી એમ કહે છે. આહા..હા..! પણ જેને એ દ્રવ્યના સ્વભાવ અને પર્યાયની આટલી સામર્થ્યતા એના વિશ્વાસ જેને નથી, એના ભરોસા જે ભગવાનના ભરોસા નથી એને, એ ભ્રમણાથી પુણ્ય અને પાપ ઉત્પન્ન કરે છે. પ્રવિણભાઈ! આવી વાત છે. આહા..હા..! આ તો ભગવાનના અંદરના ઘરની વાતું છે, બાપુ! આહા..હા..! એ વાણીએ પણ પૂરા પડે નહિ એવો એ સ્વભાવ છે. એટલે એને વિભ્રમ કહ્યો ત્યાં. સમજાણું? સંવરમાં બે ઠેકાણે વિભ્રમ (કહ્યું). ૧૮૭, ૧૮૮, ૧૮૯ (અને) ૧૯૦, ૧૯૧ અને ૧૯૨ છેલ્લી છ ગાથા. આહા..હા..! અને આમાં પણ છેલ્લે હમણા આવશે. અહીં અટક્યું હતું અહીં કે એ કર્મપ્રકૃતિનો કર્મચેતના છે તેની ત્યાગભાવના. એનો અર્થ એ કે વર્તમાન પુણ્ય-પાપના ભાવ એ મિથ્યાત્વને લઈને ઉત્પન્ન થાય એમ સિદ્ધ કરીને તેનાથી પાછો વાળ્યો છે. વર્તમાનથી પાછો વળ્યો જે છે એ ભૂત અને ભવિષ્યથી પાછો વળ્યો એવા ત્રણકાળનો આરોપ એને અપાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! 'આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી વીતરાગ' સીમંધર પરમાત્માના મુખે આ વાત આવે છે. આહા..હા..!

એ અહીં કહે છે કે એ ૧૪૭ = ૪૯ (x ૩) ભંગ કરાવી, કર્મચેતનાના કર્તાપણામાં બનાવી, કર્તાપણાનો ત્યાગ બનાવી. ભાવાર્થમાં છેને, ભાઈ! શુભ-અશુભભાવ એની રચના એ કર્તાપણાની બુદ્ધિ તો આત્માનું વીર્ય એવું નથી કે પુણ્ય-પાપને રચે. આહા..હા..! એ વીર્યગુણ આવે છેને. સ્વરૂપની રચના કરે તે વીર્ય. વીર્ય તો એને કહીએ પ્રભુનું આત્મબળ, અંદર આત્મબળ કે જે શુભાશુભભાવને રચે નહિ. ફક્ત પોતાની જે શક્તિ અને સ્વરૂપ છે તેની નિર્મળ પર્યાયને રચે તેને વીર્ય કહીએ. આહા..હા..! અને જે કંઈ પુણ્ય-પાપની રચના થાય એટલી નપુંસકતા કહીએ. આહા..હા..! કેમકે નપુંસકને જેમ વીર્ય ન હોય એટલે પુત્ર ન હોય એમ પુણ્ય-પાપના ભાવમાં ચૈતન્યની પ્રજાની ઉત્પત્તિ ન હોય. સમજાણું કાંઈ? આહા..હા..! એને ત્યાગ કરાવી કર્તાપણાના ભાવને ત્યાગ કરાવી. છેને?

**'પછી ૧૪૮ કર્મપ્રકૃતિના ઉદયરૂપ કર્મફળના ત્યાગની ભાવના કરાવી.'** પછી પૂર્વના બાંધેલા છે એના તરફના વલણનો ભાવ છોડાવ્યો. આહા..હા..! આ બાજુનું વલણ કર હવે. આહા..હા..! આવી વાતું છે. ઓલા તો સહેલુંસટ હતું એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા, તેઈન્દ્રિય, ચૌઈન્દ્રિયા લ્યો! પાનાચંદભાઈ! ઈચ્છામી પડિમા તસ્સ મિચ્છામી દુક્કડમ લ્યો હતું એ. તસ્સઉતરી કરણેણં તાવકાયં ઠાણેણં માણેણં અપ્પાણં વોસરે. કાંઈ નહિ ખબર. બાપુ! મારગડા તારા જુદાં નાથ! તું ચૈતન્યરત્નાકર ભગવાન છો. તો ભગવાનમાં પુણ્ય-પાપને એટલે કે સંસારને એટલે કે ઉદયભાવને... આહા..હા..! ઉત્પન્ન કરે એવી કોઈ શક્તિ અને ગુણ નથી. આહા..હા..!

પણ પર્યાયબુદ્ધિએ એટલે કે ભ્રમણાથી પુણ્ય અને પાપ ઉત્પન્ન થાય છે તેના કર્તાપણાના ત્યાગની ભાવના પહેલી કરાવી. કર્તાપણાના ત્યાગની. પછી ૧૪૮ પ્રકૃતિના ભોગવટાપણાના ત્યાગની ભાવના કરાવી. છેને?

**'એ રીતે અજ્ઞાનચેતનાનો પ્રલય કરાવીને...'** એ બેય અજ્ઞાનચેતના હતી. આહા..હા..! **'જ્ઞાનચેતનામાં પ્રવર્તવાનો ઉપદેશ કર્યો છે.'** આહા..હા..! શુભ-અશુભભાવનું કરવાપણું છોડાવ્યું અને એમાં હરખ-શોકનો કર્મના નિમિત્તથી થતાં ભાવ પોતામાં હરખ-શોક એને છોડાવ્યો. પ્રભુ! તારામાં એ નથી. એમ પરના ભોક્તાપણાના ભાવનો ત્યાગ કરાવ્યો. **'એ જ્ઞાનચેતના સદા આનંદરૂપ—'** એ અસ્તિથી વાત કરી હવે. ત્યાગ કરાવ્યો અને જ્ઞાનચેતનામાં પ્રવર્તવાનો ઉપદેશ કર્યો. એ અસ્તિથી. એટલે શું કહ્યું? કે શુભ-અશુભભાવનું કરવાપણું અને એના ભોગવવાપણું છોડાવ્યું કે બાપુ! એ કરવું અને ભોગવવું એ તારું સ્વરૂપ નહિ. આહા..હા..! ભાઈ! તું તો ચૈતન્ય આનંદ રત્નાકર છોને. આહા..હા..! આ મોટો દરિયો ચૈતન્યરત્નનો અનંત રત્નની રેતું પડી છે અંદર. આહા..હા..! એ તે પુણ્ય-પાપને કેમ કરે? ભાઈ! વિભાવને કેમ કરે ઈ? આહા..હા..! એથી વિભાવના કર્તાપણાનો અને વિભાવના ભોક્તાપણાનો ત્યાગ કરાવી જ્ઞાનચેતનામાં જોડાવી દીધો છે. ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ છે ત્યાં જાને ભાઈ! તને ત્યાં શાંતિ મળશે. આહા..હા..!

એ વળી બહેનનું યાદ આવી ગયું, ઓલું બહેનનું નથી? આહા..હા..! ૧૪૯ પાને છે. **'જ્ઞાનીનું પરિણમન વિભાવથી પાછું વળી સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે.'** જુઓ, સાદી ભાષા. **'જ્ઞાની નિજસ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે.'** પરિપૂર્ણ છે નહિ. **'આ વિભાવભાવ મારો દેશ નથી.'** લ્યો, ભાઈ થોડું આવ્યું વળી. આ રામજીભાઈ કાલે કહેતા હતા. એ વિભાવભાવ અમારો દેશ નથી. આહા..હા..! **'આ પરદેશમાં અમે ક્યાં આવી પડ્યા?'** શુભ અને અશુભભાવ એ આત્માનો દેશ-સ્વદેશ નહિ. ભગવાનજીભાઈ! આહા..હા..! આવી વાતું છે. એવું પુસ્તક બહાર આવ્યું છે કે હજારો પુસ્તકને એક પુસ્તકના ઓલાથી એને મળી જાય સાર એવું છે. ચંદુભાઈનું લખાણ આવ્યું. એ તો ઠીક પણ અમારો છોકરો નાનો લ્યોને મનસુખભાઈનો નાનો. આ બેઠો સામે. એ વાંચીને કહે કે આહા..હા..! વાહ બાપુ! ધન્ય ભાગ્ય! જુવાન અવસ્થામાં આવી વાત સારી ગોઠે. હજી ગોઠી. આહા..હા..!

**શ્રોતા :-** જમુભાઈ.. ખુશ ખુશ થઈ ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જમુભાઈ હા. આહા..હા..! એ છે. હવે બહાર ગયા પછી, બહાર પડ્યા પછી સૌના હાથમાં હોય ત્યારે વાંચવાનો ભાવ છે. બહાર વધારે આવે અને સૌના હાથમાં મળે પછી એનું વાચંન ચાલશે.

અહીં તો કહે છે કે પરદેશમાં અમે ક્યાં આવી પડ્યા શુભાશુભમાં? આહા..હા..! અમને અહીં ગોઠતું નથી. આહા..હા..! ગુલાબચંદભાઈ! પુસ્તક આવ્યું? નથી. આવશે હવે. ઓલા

આત્મધર્મ મગાવે એ બધાને (ભેટ અપાશે). અહીં અમારું કોઈ નથી. આહા..હા..! શુભ-અશુભભાવમાં અમારું કોઈ નથી. બહારની તો વાત ક્યાં કરવી? આહા..હા..! જ્યાં જ્ઞાન અને શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્ય આદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે. ચૈતન્યરત્નાકર આવ્યું છેને. તે અમારો સ્વદેશ છે. આહા..હા..! ભાષા સાદી. ચાર ચોપડીનો ભણેલો, અમારે ધર્મચંદભાઈ કહે છે કે ચાર ચોપડીનો ભણેલો પણ આ શાસ્ત્ર અત્યારે નીકળ્યા એ સમજી શકે એવું છે. એમાં આ ચોપડી નીકળી, સાદી ભાષા. આહા..હા..! એ બહેનને તો બહાર નહોતું પડવું, પણ હવે હિન્દુસ્તાનમાં નગારા વાગશે એના. આહા..હા..! સમજાણું કાંઈ? જે વાંચે બધા એમ કહે છે લ્યો! ઓહો..હો..! આવી વસ્તુ આવી! એ.. હિંમતભાઈ!

અરે! અમારો પરિવાર વસે તે અમારો સ્વદેશ છે. અમે હવે સ્વરૂપદેશ તરફ જઈ રહ્યા છીએ. આહા..હા..! પુણ્ય-પાપનો ભાવ એ પરદેશ છે, પ્રભુ એ તારો દેશ નહિ, તારો પરિવાર નહિ. આહા..હા..! સાદી ભાષા. શાંતિભાઈ! **'અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને...'** મૂળ વતન જે આનંદકંદ પ્રભુ. આહા..હા..! **'ત્યાં અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે. જ્યાં બધા અમારા છે.'** કાંતિભાઈ! આ છોકરા-બોકરા તો ક્યાંય રહી ગયા બાયડી ને પૈસા ધૂળ. આહા..હા..! પુણ્ય ને પાપ આપણે તો અહીંયાં વિભ્રમનું મૂળ છેને. એ વસ્તુ જ નથી. ખરેખર ચીજની ચીજ જ નથી. એની પર્યાયમાં છે એમ સિદ્ધ કર્યું છે, પણ એ પર્યાયબુદ્ધિવાળો ભ્રમથી ઉત્પન્ન કરે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ છે. એ પુણ્ય-પાપના અસંખ્ય પ્રકાર એ અમારો પરિવાર નહિ, અમારો દેશ નહિ. આહા..હા..! સંવર અધિકારમાં તો એમ લીધુંને લાલચંદભાઈ! વિકારનું ક્ષેત્ર ભિન્ન છે. આહા..હા..! નિર્વિકારી ભગવાન પૂર્ણાનંદનો નાથ ધ્રુવ એનું ક્ષેત્ર અને વિકારની ઉત્પત્તિનું ક્ષેત્ર ભિન્ન છે, ભાવ ભિન્ન છે, કાળ ભિન્ન છે, ફળ ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. અરે! પ્રભુ! તું કોણ છો બાપુ! તને ખબર નથી. તારી વાતું કેવળી કહી શક્યા નથી. આહા..હા..! ભાઈ! તારી મોટપની તને ખબર નથી. તું કંગાલીયતમાં માનીને આત્માને બેઠો છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે. આપણે આવ્યુંને અહીં.

**'પોતાના સ્વભાવના અનુભવરૂપ છે.'** આહા..હા..! અહીં ગુરુએ **'જ્ઞાનચેતનામાં પ્રવર્તવાનો ઉપદેશ કર્યો છે. એ જ્ઞાનચેતના...'** એટલે? આત્માનો સ્વભાવ જ્ઞાન ત્રિકાળ સ્વરૂપ આનંદરૂપ એમાં એકાગ્ર થવું તેનું નામ જ્ઞાનચેતના. આહા..હા..! જે જ્ઞાનચેતના તે ધર્મ છે, જે જ્ઞાનચેતના તે શુદ્ધ ઉપયોગ છે. શુદ્ધ ઉપયોગ ન હોય તોપણ એકાગ્રતા તે જ્ઞાનચેતના છે. આહા..હા..! અને પુણ્ય અને પાપનો બે ભાવ તે અશુદ્ધ ઉપયોગ છે. આહા..હા..! અરેરે! લોકો ક્યાં પડ્યા બિચારા. શુભ ઉપયોગ તે મોક્ષમાર્ગ છે એવી ચર્ચા ચાલી બહાર. આહા..હા..! મખનલાલજીએ એમ કહ્યું કે શુભ ઉપયોગ તે મોક્ષનો માર્ગ છે. કૈલાસચંદજીએ કહ્યું તે શુભ ઉપયોગ તે હેય છે એમ કુંદકુંદાચાર્ય કહે છે. તમે જો હેય માનનારને મિથ્યાદષ્ટિ

ઠરાવો તો કુંદકુંદાચાર્ય હેય માને તો એ પણ મિથ્યાદૃષ્ટિ ઠરશે. અરે! પ્રભુ! અત્યારે આવી ચર્ચા ક્યાં ચાલી આ? અત્યાર સુધી સુઈ ગયા હતા બધા? ત્યારે એની સામે મખનલાલજીએ ચેલેન્જ આપી. ત્યારે એની સામે એક નરેન્દ્ર છે, સોલાપુર. બ્રહ્મચારી છે. એણે ચેલેન્જ આપી કે શુભ ઉપયોગ બંધનું કારણ (છે), મોક્ષનો માર્ગ નથી. તમે દિલ્હીમાં બે દિવસ ચર્ચાનું કહ્યું પણ બે દિવસે પૂરું નહિ પડે. આપણે ખાણિયા ચર્ચા કેટલા દિ' ચાલી જુઓ તો એટલી ચર્ચા બે પુસ્તક આવ્યા ૮-૮ રૂપિયાના, એને છપાવ્યા, ત્યાં પણ છપાવ્યા. એટલાએ પાર પડ્યું નથી તો હવે... આહા..હા..!

નિયમસારમાં તો પ્રભુ એમ કહે છે કુંદકુંદાચાર્ય, ભાઈ! પરદેશમાં કોઈ અબજ રૂપિયા મળી ગયા ક્યાંક (અને) દેશમાં આવીને ખાનગી ખાય. ઢંઢેરો ન પીટે. નહિતર તો ઘણા આવે માગણ આવે અમને દ્યો... અમને દ્યો... અમને દ્યો... એકલો ગોપવીને બેસજે. એમ જેને જ્ઞાનનિધીની પ્રાપ્તિ થઈ... આહા..હા..! એ એકલો અનુભવજે અંદરમાં. વાદવિવાદમાં પડીશ નહિ. સ્વસમય અને પરસમય સાથે વાદવિવાદ કરીશ નહિ, બાપુ! આહા..હા..! કુંદકુંદાચાર્ય એમ (કહે છે). બાપુ! આ તો મારગડા અંદરના છે. એ કોઈ વાદવિવાદે પાર પડે એવું નથી. કેમકે જીવની જાત અનેક અભવિ-ભવિ, કર્મની જાત અનેક પ્રકારની સ્થિતિ, રસવાળા, લબ્ધિની પણ ઉઘાડના ફળ પણ અનેક પ્રકારના. નાના જીવા, નાના કમ્મા, નાનાલધિ એવો શબ્દ છેને. કોની સાથે ચર્ચા કરવી? પ્રભુ! આહા..હા..! અહીં ચર્ચા કરવાની ઘણા ચેલન્જ આપે છે. બાપા! શું ચેલેન્જ કરીએ? ભાઈ! આહા..હા..!

ચંદ્રશેખર છેને એક સાધુ. લીંબડી આવ્યા હતા બે-ત્રણ સાધુ લઈને, બે-ત્રણ શેઠિયા લઈને. આપણે વિચાર કરીએ. વાત તો ચર્ચા કરીએ. કીધું ભાઈ! અમે તો કાંઈ ચર્ચા કરતા નથી, બાપુ! આહા..હા..! ત્યારે કહે, તમે ચર્ચાની ના પાડો, તમારું નામ શું છે બહારમાં એની મોટપને લાંછન લાગશે. ભાઈ! અમારે... પાછા એમ બોલ્યા કે તમે સિંહ છો તો હું સિંહનું બચ્ચું છું. ભાઈ! અમે સિંહ પણ નથી અને સિંહનું બચ્ચુ પણ નથી. આવુંને આવું વાતું કરે, અરે! પ્રભુ! શું કરે છે તું આ? એ ચર્ચા છેલ્લે સરવાળે ચર્ચા થઈ ગઈ. આ ચશ્મા વિના કાંઈ જ્ઞાન થાય? કીધું ચર્ચા થઈ ગઈ. પરદ્રવ્યને લઈને અહીં જ્ઞાતામાં જ્ઞાનની પર્યાય થાય. બધો ખુલાસો થઈ ગયો. આહા..હા..! અરેરે! બાપુ! તારા નિધાનમાં સમયે સમયે સ્વપરપ્રકાશકની પર્યાય તારા બળથી પ્રગટ થાય છે. આવ્યું હતુંને સવારમાં, નહિ? બળથી આવ્યું હતુંને નિર્જરા અધિકારમાં.

એ અહીં કહે છે, ગુરુનો ઉપદેશ છે કે '**પોતાના સ્વભાવના અનુભવરૂપ—છે.**' જ્ઞાનચેતના હોં! અને '**સદા આનંદરૂપ છે—**' કર્મચેતના અને કર્મફળચેતના દુઃખરૂપ છે, ત્યારે ભગવાન આત્માની અંતરની એકાગ્રતા તે સુખરૂપ અને આનંદરૂપ છે. આહા..હા..! એ ચોથે ગુણસ્થાનથી જ્ઞાનચેતના ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેને જ્ઞાનીજનો સદા ભોગવો—એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.'** આહા..હા..! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંતો, કેવળીના કેડાયતો ગુરુઓનો આ ઉપદેશ છે. આહા..હા..! કે પુણ્ય-પાપના ભાવનું કરવાપણું અને એમાં ભોગવવાપણું છોડી દે, પ્રભુ! એ દુઃખના ડુંગરામાં માથા ફોડ્યા તેં. આહા..હા..! આવી વાતું હવે. અંદર ભગવાન બિરાજે છે પ્રભુ મોટો એના તરફ જાને, ભાઈ! પડખું ફેરવી નાખને. પુણ્ય અને પાપને પડખે પડ્યો પર્યાયબુદ્ધિએ, એનો અર્થ એ છે એને દ્રવ્યબુદ્ધિમાં લાવ. આહા..હા..! એ **'ગુરુઓનો ઉપદેશ છે.'**

હવે **'આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે, તેથી જ્ઞાનને કર્તાભોક્તાપણાથી ભિન્ન બતાવ્યું;...'** પુણ્ય-પાપના ભાવનો કર્તા અને ભોક્તા એનાથી ભગવાન ભિન્ન છે આત્મા. એ જ્ઞાતા-દૃષ્ટા અને આનંદનો ભોકતા કરનાર છે. એ આનંદ અને જ્ઞાનની પર્યાયનો કર્તા છે. એ વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! **'હવેની ગાથાઓમાં અન્ય દ્રવ્યો અને અન્ય દ્રવ્યોના ભાવોથી જ્ઞાનને ભિન્ન બતાવશે. તે ગાથાઓની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છે :—'**

इतः पदार्थप्रथनावगुण्ठनाद्-<br>
विना कृतेरेकमनाकुलं ज्वलत्।<br>
समस्तवस्तुव्यतिरेकनिश्चयाद्-<br>
विवेचितं ज्ञानमिहावतिष्ठते।।२३४।।

**'અહીંથી હવે (આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં હવેની ગાથાઓમાં એમ કહે છે કે---)'** 'समस्त-वस्तु-व्यतिरेक-निश्चयात् विवेचितं ज्ञानम्' **'સમસ્ત વસ્તુઓથી ભિન્નપણાના નિશ્ચય વડે જુદું કરવામાં આવેલું જ્ઞાન,...'** આહા..હા..! એ **'પદાર્થના વિસ્તાર સાથે ગૂંથાવાથી (-અનેક પદાર્થો સાથે, જ્ઞેયજ્ઞાયકસંબંધને લીધે, એક જેવું દેખાવાથી) ઉત્પન્ન થતી ક્રિયા તેનાથી રહિત એક જ્ઞાનક્રિયામાત્ર,...'** આહા..હા..! ક્રિયા તો કીધી. વિભાવિક ક્રિયાથી રહિત અને જ્ઞાનક્રિયાથી સહિત. ક્રિયાનો નિષેધ કરે છે (એમ લોકો કહે છે). બાપુ! કઈ ક્રિયાનો નિષેધ? પુણ્ય અને પાપની ક્રિયા જે વિકારી છે તેનો અહીંયાં ત્યાગ બતાવે છે અને સ્વરૂપની જ્ઞાનની એકાગ્રતાની ક્રિયા તો ઉત્પન્ન થાય જ છે. એ સાધકપણામાં જ્ઞાનની ક્રિયા ઉત્પન્ન થાય તે સાધકપણું છે, એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. **'તેનાથી રહિત એક જ્ઞાનક્રિયામાત્ર, અનાકુળ (-સર્વ આકુળતાથી રહિત) અને દેદીપ્યમાન વર્તતું થકું,...'** આહા..હા..! એ રાગના ભાવનું કરવાપણું અને ભોગવવાપણું બાપુ છોડ, ભાઈ! એમાં હેરાન થઈને ચોર્યાસીના અવતારમાં રખડી મર્યો છો. આહા..હા..! એટલે કે પર્યાયબુદ્ધિને છોડ એમ કહેવું છે. આહા..હા..! ભગવાન મોટો બિરાજે છે અનંતગુણરત્નાકર ત્યાં જાને. તારો એ દેશ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'એમ નિશ્ચળ**

રહે છે.'

'ભાવાર્થ :- હવેની ગાથાઓમાં જ્ઞાનને સ્પષ્ટ રીતે સર્વ વસ્તુઓથી ભિન્ન બતાવે છે.' છે ગાથા પંદર. હવે એની આપણે ટીકા લઈએ સીધી. ગાથા અને ગાથાનું તિષ્ટપણું થાય ત્યાં વાર લાગશે.

'આ જ અર્થની ગાથાઓ હવે કહે છે :—'

सत्थं णाणं ण हवदि जम्हा सत्थं ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं सत्थं जिणा बेंति।।३९०।।
सद्दो णाणं ण हवदि जम्हा सद्दो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं सद्दं जिणा बेंति।।३९१।।
रूवं णाणं ण हवदि जम्हा रूवं ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं रूवं जिणा बेंति।।३९२।।
वण्णो णाणं ण हवदि जम्हा वण्णो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं वण्णं जिणा बेंति।।३९३।।
गंधो णाणं ण हवदि जम्हा गंधो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं गंधं जिणा बेंति।।३९४।।
ण रसो दु हवदि णाणं जम्हा दु रसो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं रसं च अण्णं जिणा बेंति।।३९५।।
फासो ण हवदि णाणं जम्हा फासो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं फासं जिणा बेंति।।३९६।।
कम्मं णाणं ण हवदि जम्हा कम्मं ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं कम्मं ण जिणा बेंति।।३९७।।
धम्मो णाणं ण हवदि जम्हा धम्मो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं धम्मं जिणा बेंति।।३९८।।
णाणमधम्मो ण हवदि जम्हाधम्मो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णमधम्मं जिणा बेंति।।३९९।।
कालो णाणं ण हवदि जम्हा कालो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं कालं जिणा बेंति।।४००।।
आयासं पि ण णाणं जम्हायासं ण याणदे किंचि।
तम्हायासं अण्णं अण्णं णाणं जिणा बेंति।।४०१।।
णज्झवसाणं णाणं अज्ढवसाणं अचेदणं जम्हा।
तम्हा अण्णं णाणं अज्झवसाणं तहा अण्णं।।४०२।।

जम्हा जाणदि णिच्चं तम्हा जीवो दु जाणगो णाणी।
णाणं च जाणयादो अव्वदिरित्तं मुणेयव्वं।।४०३।।
णाणं सम्मादिट्ठिं दु संजमं सुत्तमंगपुव्वगयं।
धम्माधम्मं च तहा पव्वज्जं अब्भुवंति बुहा।।४०४।।
રે! શાસ્ત્ર તે નથી જ્ઞાન, જેથી શાસ્ત્ર કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, શાસ્ત્ર જુદું-જિન કહે; ૩૯૦.
રે! શબ્દ તે નથી જ્ઞાન, જેથી શબ્દ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, શબ્દ જુદો-જિન કહે; ૩૯૧.
રે! રૂપ તે નથી જ્ઞાન, જેથી રૂપ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, રૂપ જુદું-જિન કહે; ૩૯૨.
રે! વર્ણ તે નથી જ્ઞાન, જેથી વર્ણ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, વર્ણ જુદો-જિન કહે; ૩૯૩.
રે! ગંધ તે નથી જ્ઞાન, જેથી ગંધ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, ગંધ જુદી-જિન કહે; ૩૯૪.
રે! રસ નથી કંઈ જ્ઞાન, જેથી રસ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, રસ જુદો-જિન કહે; ૩૯૫.
રે! સ્પર્શ તે નથી જ્ઞાન, જેથી સ્પર્શ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, સ્પર્શ જુદો-જિન કહે; ૩૯૬.
રે! કર્મ તે નથી જ્ઞાન, જેથી કર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, કર્મ જુદું-જિન કહે; ૩૯૭.
રે! ધર્મ તે નથી જ્ઞાન, જેથી ધર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, ધર્મ જુદો-જિન કહે; ૩૯૮.
અધર્મ તે નથી જ્ઞાન, જેથી અધર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, અધર્મ જુદો-જિન કહે; ૩૯૯.
રે! કાળ તે નથી જ્ઞાન, જેથી કાળ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, કાળ જુદો-જિન કહે; ૪૦૦.
આકાશ તે નથી જ્ઞાન, એ આકાશ કંઈ જાણે નહીં,
તે કારણે આકાશ જુદું, જ્ઞાન જુદું-જિન કહે; ૪૦૧.
નહિ જ્ઞાન અધ્યવસાન છે, જેથી અચેતન તેહ છે,
તે કારણે છે જ્ઞાન જુદું, જુદું અધ્યવસાન છે. ૪૦૨.

**રે! સર્વદા જાણે જ તેથી જીવ જ્ઞાયક જ્ઞાની છે,**
**ને જ્ઞાન છે જ્ઞાયકથી અવ્યતિરિક્ત એમ જ્ઞાતવ્ય છે. ૪૦૩.**
**સમ્યક્ત્વ, ને સંયમ, તથા પૂર્વાંગગત સૂત્રો, અને**
**ધર્માધરમ, દીક્ષા વળી, બુધ પુરુષ માને જ્ઞાનને. ૪૦૪.**

'**ટીકા :- શ્રુત (અર્થાત્ વચનાત્મક દ્રવ્યશ્રુત) જ્ઞાન નથી,...**' આહા..હા..! એ આત્મા નહિ. દ્રવ્યશ્રુત શાસ્ત્રના શબ્દો એ આત્મા નહિ. અહીં દ્રવ્યશ્રુત લીધું પહેલું. પછી શબ્દ સાધારણ લેશે. વચનાત્મક દ્રવ્યશ્રુત વાણી જે છે... આહા..હા..! ભગવાનની દિવ્યધ્વનિ એ દ્રવ્યશ્રુત છે. આહા..હા..! એમાં આવ્યું છે ભાવશ્રુત. શું કીધું? ભગવાનની વાણીમાં કેવળજ્ઞાન નથી આવ્યું એમ આવે છે પાઠ. ધવલમાં પાઠ છે કે ભગવાનની વાણીમાં ભાવશ્રુત આવ્યું છે. ભાવશ્રુતનો ઉપદેશ એમણે કર્યો છે એવો પાઠ છે. આહા..હા..! કેમકે સાંભળનારાઓને તેને ભાવશ્રુતપણે પરિણમે છે અને આ વાણીમાં કેવળજ્ઞાન નથી આવ્યું કહે છે. આહા..હા..! ભાવશ્રુત આવ્યું છે અને સાંભળનારાઓને અંતર્મુખ થઈને એને ભાવશ્રુત પ્રગટે છે. આહા..હા..! માટે વાણીમાં ભાવશ્રુત આવ્યું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે કે દ્રવ્યશ્રુત '**જ્ઞાન નથી,...**' આહા..હા..! '**કારણ કે શ્રુત અચેતન છે;...**' આહા..હા..! શ્રુતની વાણી જે છે એ તો અચેતન છે કહે છે. '**માટે જ્ઞાનને અને શ્રુતને વ્યતિરેક (અર્થાત્ ભિન્નતા) છે.**' આહા..હા..! ભગવાન આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એને દ્રવ્યશ્રુત અચેતનથી જુદાઈ છે. એટલે કે દ્રવ્યશ્રુતથી તેને જ્ઞાન થતું નથી એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કેમકે દ્રવ્યશ્રુત તે અચેતન છે, સાંભળનારની ઉપાદાનની યોગ્યતાથી તેને જ્ઞાન થાય છે ત્યારે દ્રવ્યશ્રુતને નિમિત્ત કહેવાય છે. છતાં તે જ્ઞાન પરલક્ષી છે, સ્વલક્ષી નથી. આહા..હા..! માટે દ્રવ્યશ્રુતનું જ્ઞાન એ ખરેખર એ પણ અચેતન છે. આહા..હા..! ઝીણું કર્યું. એ કહે છે કે '**દ્રવ્યશ્રુત જ્ઞાન નથી,...**' આહા..હા..! આવે છેને પરમાર્થ વચનિકામાં, નહિ? કે જેટલું પરાવલંબી-પરસત્તાવલંબી જ્ઞાન તેને મોક્ષનો માર્ગ કહેતા નથી. આવે છેને? આહા..હા..! એ દ્રવ્યશ્રુત નિમિત્ત જડ વાણી એ આત્મા નહિ અને એને સાંભળવાથી આત્મા પ્રગટે એમ નહિ. એને સાંભળ્યું છે એનો જે વિકલ્પ અને એનું જે જ્ઞાન છે તેનું લક્ષ છોડી દઈને... આહા..હા..! ભગવાન જ્ઞાનનો સાગર પ્રભુ એને સ્પર્શે છે તેને જ્ઞાન થાય છે. આહા..હા..! એ અગિયાર અંગ અને નવ પૂર્વને ભણી ગયો પણ એ જ્ઞાન નહિ. એ આવી ગયો છે અધિકાર, નહિ ભાઈ? શબ્દશ્રુત કીધું છે એને. શ્રદ્ધામાં નવ તત્ત્વ કીધા, જ્ઞાનમાં શબ્દ કીધું. દ્રવ્યશ્રુતને શબ્દશ્રુત કીધું છે. આહા..હા..! બંધ અધિકારમાં ૨૭૨-૨૭૩ (ગાથા). આહા..હા..! જેનાથી આત્મજ્ઞાન ન થાય તે વાણી અને વાણીથી થયેલા જ્ઞાનને દ્રવ્યશ્રુત કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વાણી તો દ્રવ્યશ્રુત છે, પણ સાંભળનારને જે જ્ઞાનનો પર્યાય થાય, શાસ્ત્ર એ તો નિમિત્ત છે, ઉપાદાન તો

એનું છે, પણ એનાથી જે જ્ઞાન થયું એ જ્ઞાન નહિ. આહા..હા..! એ પરસત્તાવલંબી જ્ઞાન બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનાથી પ્રભુ ભિન્ન છે અંદર. આહા..હા..! દ્રવ્યશ્રુતનું જ્ઞાન થયું એનાથી ભિન્ન છે આત્મા. આવી વાત છે. ભિન્નતા છે.

**'શબ્દ જ્ઞાન નથી,...'** એ શ્રુતનું પહેલું લીધું. પછી સાધારણ બધા શબ્દો. જેટલા શબ્દો છે લખાણના, બોલવામાં એ શબ્દો જ્ઞાન નથી. શબ્દ તો જડ છે, અચેતન છે. આહા..હા..! **'શબ્દ જ્ઞાન નથી,...'** એ પ્રવચનસારમાં આવે છેને ભાઈ, નહિ? કે દ્રવ્યશ્રુતને બાદ કરીએ તો એકલું જ્ઞાન રહી જાય છે. પ્રવચનસારના પહેલા ભાગમાં આવે છે. દ્રવ્યશ્રુતનો અર્થ કે તેનાથી સાંભળ્યું એવું જ્ઞાન એને બાદ કરીએ તો એકલું ભાવશ્રુત રહી જાય છે. પ્રવચનસારમાં છે. ગજબ વાતું છે! સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ ગજબ વાતું. આહા..હા..! એક એકમાં રામબાણ વાતું છે.

અહીં કહે છે કે શબ્દ ગમે તેટલા સાંભળો, પણ એ તો જડ છેને, પ્રભુ! આહા..હા..! એ જડથી તને જ્ઞાન થાય તારું? આહા..હા..! એ તો **'(પુદ્ગલદ્રવ્યનો પર્યાય છે,)'** શબ્દ જ્ઞાન નથી પણ એ તો પુદ્ગલ દ્રવ્યનો (પર્યાય છે). જ્ઞાનને અને શબ્દને જુદાઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અગિયાર અંગ કરેને અગિયાર અંગનું જ્ઞાન. એક એક અંગમાં અઢાર હજાર પદ છે. એક આચારાંગમાં. સૂયગડાંગમાં ડબલ પદ છે. અને એક એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક છે. આહા..હા..! પણ જે જ્ઞાન એનાથી થયું એ તો શબ્દજ્ઞાન છે કહે છે. એ શબ્દજ્ઞાન એ આત્મા અચેતન છે. આહા..હા..! જેમાં જ્ઞાનની પર્યાયમાં અતીન્દ્રિય આનંદ ન આવે એ જ્ઞાન જ્ઞાન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો થોડું ઘણું જ્યાં આવડે ૨૫-૫૦ હજાર શ્લોક કંઠસ્થ કર્યા ત્યાં કહે આહા..હા..! શું છે પ્રભુ? તને શું થયું આ? ભ્રમણા થઈ મોટી ભ્રમણા. આહા..હા..!

બંધ અધિકારમાં એમ કહ્યું છેને, ભાઈ! શબ્દશ્રુત કહ્યું એને. બંધ છેને બંધ. નિર્જરા પછી બંધ છે. એ ૨૭૨ એટલામાં છે. શું કીધું ઈ? ૪૨૦. **'આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે. કારણ કે શબ્દશ્રુત જ્ઞાનનો આશ્રય છે. આચારાંગ આદિ તે શબ્દશ્રુત તે જ્ઞાન છે.'** વ્યવહારુ. આહા..હા..! **'આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે.'** એ દ્રવ્યજ્ઞાનને શબ્દશ્રુત કીધા. આહા..હા..! જેમાં ભગવાન જ્ઞાનનો સાગર એને અડીને, સ્પર્શીને જ્ઞાન ન થાય. આહા..હા..! તેને અહીં તો શબ્દશ્રુત જ્ઞાન કહ્યું. વ્યવહાર. કેમકે એ શબ્દશ્રુત જ્ઞાનનો આશ્રય, એ વ્યવહારુ જ્ઞાનનો આશ્રય શબ્દશ્રુત છે. આહા..હા..! અને નિશ્ચય સમ્યગ્જ્ઞાનનો આશ્રય પ્રભુ ભગવાન છે. આહા..હા..! ભાઈ! તારી ચીજ તો જો. આહા..હા..! આવા તારા ગાણા ગાય અને તું જાગ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ કીધું છેને જુઓને. **'જીવાદિ નવ પદાર્થો દર્શન છે...'** એ નવ પદાર્થ તે સમકિત છે વ્યવહાર. આહા..હા..! પણ નવ પદાર્થ પર તે સમકિત? કેમકે એ શ્રદ્ધાનો વિષય એ પર છે, માટે તેને પર કહી

દે છે. આહા..હા..! નવ પદાર્થ તેને દર્શન કહીએ. વ્યવહારસમકિત હોં રાગ. આહા..હા..!

**'અને છ જીવ-નિકાય ચારિત્ર છે કારણ કે તે (છ જીવ-નિકાય) ચારિત્રનો આશ્રય છે;...'** ચારિત્રના પરિણામ વ્યવહારના જે શુભ છે એને ન લીધા. વ્યવહાર ચારિત્ર એને કહીએ જેમાં છ જીવ-નિકાય સામા લક્ષમાં છે. એટલે છ જીવ-નિકાય તે વ્યવહાર ચારિત્ર છે. છ જીવ-નિકાયનો સમૂહ વ્યવહાર ચારિત્ર. આહા..હા..! સમજાણું કાંઈ? જેમાં આત્માનો આશ્રય ન આવે તે જ્ઞાનને, શ્રદ્ધાને, ચારિત્રને જ્ઞાન કહેતા નથી. આહા..હા..! જેમાં ભગવાનના ભેટા ન થાય અને ભગવાન જેમાં ભળે નહિ. આહા..હા..! જેના જ્ઞાનમાં, શ્રદ્ધામાં, ચારિત્રમાં આત્માનો આશ્રય ન હોય અને ભળે નહિ એ જ્ઞાન-દર્શન-ચારિત્રને શબ્દશ્રુત નવ તત્ત્વ શ્રદ્ધારૂપ. નવ તત્ત્વ તે શ્રદ્ધા છે એમ કહે છે. નવ તત્ત્વ તે શ્રદ્ધા છે. વિકલ્પ જે શુભરાગ છે એ શ્રદ્ધા વ્યવહાર છે. નવ તત્ત્વ તે શ્રદ્ધા છે. આહા..હા..! અને છ જીન-નિકાય તે ચારિત્ર છે. કારણ કે શુભ પરિણામમાં છ જીવ-નિકાયનું લક્ષ છે. એક લીધું, બાકી પાંચેય સમાય જાય છે એમાં. અહિંસા, પરની અહિંસાનો વ્રત વિકલ્પ એમાં પાંચેય સમાડી દીધું છે. સમજાણું? પાંચેય મહાવ્રત. એ પાંચેય મહાવ્રત છ જીવ-નિકાયને લક્ષે થયેલું છે. માટે છ જીવ-નિકાય જ ચારિત્ર, વ્યવહારચારિત્ર છે કહે છે. આહા..હા..!

અહીં એ કહે છે એ **'જ્ઞાનને અને શબ્દને વ્યતિરેક છે.'** આહા..હા..! એ શબ્દ તો જુદો છે, પણ શબ્દના નિમિત્તથી પોતાનું પરલક્ષી ઉપાદાનમાં જ્ઞાન થાય તે પણ શબ્દજ્ઞાન છે, જડ છે એમ કહે છે. આહા..હા..! ગજબ વાતું, બાપુ! જેમાં અતીન્દ્રિય આનંદનું ફળ આવે નહિ, જે જ્ઞાનની સાથે અવિનાભાવી અતીન્દ્રિય સ્વાદ આનંદનો ન આવે એ જ્ઞાન કેમ કહીએ? કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાનાચંદભાઈ! આવી વાતું છે અહીં. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-0)), શુક્રવાર, તા. ૧૧-૧૧-૧૯૭૭, ગાથા-૩૯૦ થી ૪૦૪, પ્રવચન નં. ૫૦૬

આજ નિર્વાણ દિવસ ભગવાનનો છે. સવારમાં થોડું આવ્યું હતું મુદ્દાની રકમનું. અનાદિશાંત સંસાર, સાદિઅનંત સિદ્ધ. એ આજનો દિ' હતો. રાત્રીનો છેલ્લો ભાગ. આજનો દિ' એ નૈગમનયથી કથન છે. ભગવાન જ્યારે જન્મ્યા ત્યારે એમના પિતાજીના ભંડારમાં લક્ષ્મીની વૃદ્ધિ થઈ તેથી એનું નામ વર્ધમાન પાડ્યું. એના પાંચ નામ છે. કુદરતે એનો આત્મા તીર્થંકરનો આત્મા છે અને એ ભવમાં તો જેને મોક્ષ છે, છેલ્લો દેહ છે. એથી એમના જન્મ.. માતાના

પેટમાં આવ્યા ત્યારથી જ ભંડારમાં લક્ષ્મી વધવા માંડી. અહીંયાં લક્ષ્મીવાળો આવ્યો છે આત્મા. આહા..હા..! પેટમાં પણ ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન અવધિ આદિ મતિ, શ્રુત, અવધિ, ચક્ષુ-અચક્ષુ અને અવધિ, ત્રણ દર્શન અંદરમાં છે. હવે એમાં ક્યારે એને શુદ્ધોપયોગ થાય છે એ બહુ ખ્યાલ શાસ્ત્રથી આવ્યો નથી. સવા નવ મહિનામાં એમ કે ધ્યાનમાં શુદ્ધોપયોગ આવી જાય છે ક્યારેય? વિચાર તો કરેલા હોય બધા. કારણ કે આત્મા આનંદનો જ્ઞાન અને અનુભવ લઈને તો આવ્યા છે. આહા..હા..! ત્યારે એ અનુભવનો ઉપયોગ પણ અમુક કાળે થવો જોઈએ, પણ હવે કોઈ આધાર શાસ્ત્ર વિના આપણાથી ન કહેવાય.

પણ હજી જન્મ્યા પછી એમને નાનું બાળક હતા ત્યાં એક મુનિની સંગત (થઈ). મુનિઓ હતા મુનિ ભાવલિંગી સંત. એને કોઈ શંકા પડી સમજવાની. તે પ્રભુ પાસે ગયા. વંદન તો ન કરે, મુનિ છેને ભાવલિંગી, પણ આમ જ્યાં જોયા ત્યાં શંકાનું સમાધાન થઈ ગયું. જુઓ, એક નિમિત્ત-નૈમિત્તિક સંબંધ. વગર પૂછ્યે. એ ક્યાં એ તો બાળક છે, પણ આમ ત્રણ જ્ઞાનના ધણી છે, ત્રણ દર્શન છે. આહા..હા..! સમકિત છે. દેહથી અને રાગથી ભિન્ન ગોળો ત્યાં ભાનમાં છે. આહા..હા..! એને દેખીને મુનિને શંકા હતી તો જ્યાં દેખ્યા ત્યાં સમાધાન થઈ ગયું. તેથી એનું નામ સન્મતિનાથ આપ્યું. કે આ તે કોણ પુરુષ? આહા..હા..! અમે તો મુનિ છીએ છઠ્ઠે-સાતમે. એ તો હજી ચોથે છે. આહા..હા..! પણ તીર્થંકરનો આત્મા છેને. આમ જ્યાં નજર કરતાં સમાધાન થઈ ગયું. ઓહો..હો..! એટલે સન્મતિ નામ આપ્યું. પછી જક્ષની સાથે લડાઈ કરતા જીતી ગયા છે. એનાથી વીર નામ અપાયું. એમ પછી એના નામ ઘણા છે. અતિવીર, વીર, મહાવીર, વર્ધમાન અને સન્મતિ નાથ. આહા..હા..! એ પ્રભુનો છેલ્લો દેહ હતો.

અનાદિ-અનંત સંસારમાં ચરમ દેહ હતો. એ દેહ પછી હવે જન્મ ન હોય એને. આહા..હા..! એ મુનિ થાય છે ત્યારે ઘોર ઉપસર્ગ સહન કરે છે એટલે એનું મહાવીર આદિ નામ પડ્યું છે. પછી બાર વર્ષની અંદરમાં પણ બહુ થોડા દિવસનો આહાર, ઘણા દિવસનો ઈચ્છા નિરોધ અમૃતનો ખોરાક. કેવળજ્ઞાન થાય છે છતાં તેને દિવ્યધ્વનિ નીકળતી નથી. કેમકે દિવ્યધ્વનિ નીકળે તો તો ધર્મ પામનારા હોય જ. શ્વેતાંબર કહે છે કે દિવ્યધ્વનિ નીકળી પણ ધર્મ પામેલા નહોતા. એમ ન બને. જે ભાવે પ્રકૃતિ બંધાઈ ગઈ છે કે 'હું જગતને ધર્મ પમાડું' એવો વિકલ્પ હતો એમાં તીર્થંકરગોત્ર બંધાઈ ગયું. એ પ્રકૃતિનો ઉદય જ એવો હોય કે તેને સાંભળનારાઓ ધર્મ પામે, પામે ને પામે. કેટલાક. એમને કેવળજ્ઞાન થયું વાણી ન નીકળી. પામનારા નહોતા. એ વાણીની ધ્વનિનો કાળ જ્યારે આવ્યો ત્યારે ગૌતમ ગણધર હતા. મિથ્યાદૃષ્ટિ હતા. વેદાંતના .. આમ ભગવાન પાસે આવે છે, એનું સમવસરણ જ્યાં જોવે ત્યાં માન ગળી જાય છે. સમ્યગ્દર્શન એની મેળાએ પામી જાય છે. આહા..હા..! અને મુનિપણું થઈ જાય છે અંદર. થાય અને પછી ધ્વનિ નીકળે છે ભગવાનની. એ ગૌતમસ્વામી ત્યારે શાસ્ત્રની

રચના કરે છે. એ દિવસે. એ શાસ્ત્રની પરંપરામાં આ તત્ત્વ અહીંયાં આવ્યું છે આ એ છે. સમયસાર એ પરંપરાનું શાસ્ત્ર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

પછી તો કેવળ પામે છે. કેવળ પામ્યા પછી પણ કેટલોક કાળ રહે છે. છેલ્લે દિવસે આ ચૌદશની પાછલી રાતે એકદમ અંદર ચૌદમું ગુણસ્થાન અકંપદશા થઈ જાય છે. સહજ છે. કંપ છે ત્યાં સુધી હજી ઈર્યાવિય હતી. એક સમયનો પરમાણુઓ આવતા અને એ પરમાણુને કર્મ નામ પડતું એ કારણે. કર્મ નામ પડતુંને? ઈર્યાવિય કર્મ છેને? કર્મ નામ પડતું, પણ એક સમયે તે પરમાણુ પાછા .. વિના ખરી જતા. આહા..હા..! કર્મ તો નામ પડતું, કર્મનું નામ પડે તો ઈર્યાવિય કર્મ જ ન કહેવાય. આહા..હા..! પણ બીજે સમયે ઉડી જતું. એમાં પણ શ્વેતાંબરમાં ફેર છે. પહલે સમયે નીકળતું, બીજે સમયે બંધાતું, ત્રીજે સમયે ઉડી જતું. આ તો જે સમયે બંધાય તે જ સમયે છૂટી જાય છે. એ ચૌદમે જ્યાં અકંપદશા પૂર્ણ થઈ, થોડો કાળ અસિદ્ધદશા રહી. આહા..હા..! પાછલે પહોરે એકદમ ગોળો છૂટો પડી અને દેહથી છૂટીને આમ ઉપર ચાલ્યા જાય છે. કેમકે મુક્ત થાય તેની સમશ્રેણીએ મુક્તિ હોય. સમજાણું કાંઈ?

એક ફેરી પ્રશ્ન ઉઠ્યો હતો ઈ પહેલી જાત્રામાં કે આ જાત્રા શું આ તમે સમ્મેદશિખરની આ છે? બરવાળાવાળા હતાને એક. સંતબાળના ભગત હતા. બરવાળાવાળા જગજીવનભાઈ એણે પ્રશ્ન કર્યો. મેં કીધું કે ભાઈ! એવું છે કે જે સમયે જે ક્ષેત્રમાં મુક્તિ થાય છે તે ક્ષેત્રમાં ઉપર બિરાજે છે ભગવાન. એ ક્ષેત્રની નીચે જતાં એનું સ્મરણ થવા માટે છે. જાત્રા કોઈ ત્યાં... આહા..હા..! પરમાત્મા અહીં બિરાજે છે, બાપુ! અહીં ત્રણ મોક્ષે ગયા છેને. સુધર્મસ્વામી. શત્રુંજય. ધર્મ, અર્જુન એ માથે છે ત્યાં. શેત્રુંજયની માથે જ ભગવાન બિરાજે છે. એ એના સ્મરણના હેતુ માટે છે. છે તો વિકલ્પ પણ સ્મરણમાં આવે કે ઓહો..હો..! પરમાત્મા અહીં બિરાજે છે. એ સવારની પાછલી રાતે પરમાત્મા સિદ્ધ થઈ ગયા સમશ્રેણીએ. એ આ દિવસ છે. એનો ઈન્દ્રો આવીને મહોત્સવ કર્યા. એનો આ લોકોમાં દીવાળી એમ કહેવામાં આવે છે. દીપ જલે, દીપ કરે પ્રકાશ પછી આ ફટાક્યા ફટાક્યા બધું. આહા..હા..! જેનો દિ' પૂર્ણ થઈ ગયો. દિવસ એટલે સ્વકાળ. એ દીવાળી છે. આહા..હા..!

કળશટીકામાં તો એમ કહે છે કે એ પર્યાય છે એ જ પરકાળ છે, ત્રિકાળી છે સ્વકાળ છે. આહા..હા..! એ પરકાળની પર્યાયની અંદરમાં ભગવાનને પૂર્ણદશા સિદ્ધની થઈ એ આ દિવસનો ભાગ છે. સવારનો છેને. માટે એને દિવાળી કરીને મહોત્સવ કરવામાં આવે છે. છે તો એ તરફના વિકલ્પના વિચારો બધા વિકલ્પ, પણ એને યાદ કરવું પડે છે કે આવા સિદ્ધ... આવા સિદ્ધ... લક્ષમાં આવે છેને. આહા..હા..! એ સ્મૃતિને માટેનો મહોત્સવ છે. બાકી અંદરમાં પ્રગટ કરે ત્યારે એને પરના વિકલ્પની પણ જરૂર નથી. એને અહીંયાં દીવાળી કહેવામાં આવે છે. એનો દિવસ એટલે સ્વકાળ જ્યાં પૂર્ણ થઈ ગયો. આહા..હા..! ત્રિકાળી

સ્વકાળ તો પૂરો છે ત્રિકાળ, પણ પર્યાયને પરકાળ ગણ્યો છે ત્યાં એ પર્યાય ત્રિકાળની અપેક્ષાએ પરકાળ છે. આહા..હા..! એ પણ પૂર્ણ જ્યાં દશા થઈ ગઈ, એ સિદ્ધ થઈ ગયા. આહા..હા..! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન અનંત જ્ઞાનસહિત જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.' એ નિર્ગ્રંથ દશા થયા વિના કેવળજ્ઞાન પમાય નહિ. કેવળજ્ઞાન થયા વિના સિદ્ધદશા થાય નહિ. આહા..હા..! અને તે કેવળજ્ઞાનનું કારણ ચારિત્ર અને ચારિત્રનું કારણ સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શનનો વિષય શું એ અત્યારે અહીં ચાલે છે. આહા..હા..!

અહીં સુધી આવ્યું છે આપણે. પહેલો શબ્દ છેને. '**શ્રુત (અર્થાત્ વચનાત્મક દ્રવ્યશ્રુત) જ્ઞાન નથી,...**' વાણીનો જે અવાજ ઉઠે છે એ દ્રવ્યશ્રુત છે, એ જ્ઞાન નથી. આહા..હા..! '**કારણ કે શ્રુત અચેતન છે;...**' આહા..હા..! '**માટે જ્ઞાનને અને શ્રુતને વ્યતિરેક છે.**' બે બોલ તો આવી ગયા છે કાલે. બીજો. '**શબ્દ જ્ઞાન નથી,...**' આહા..હા..! વીતરાગની અવાજ વાણી નીકળે એ શબ્દ છે એ જ્ઞાન નથી કાંઈ. આહા..હા..! તેમ તેના સાંભળનારને જે ઉપાદાનથી જ્ઞાનની પર્યાય થાય ત્યારે તે શબ્દશ્રુત (નિમિત્ત કહેવાય). ભગવાન છે એ કેવળજ્ઞાન પામે છે એ કેવળજ્ઞાનની પ્રરૂપણા નથી કરતા, એ ભાવશ્રુતની પ્રરૂપણા કરે છે. ધવલમાં છે. વાણી દ્વારા ભાવશ્રુતની પ્રરૂપણા (કરે છે), કેવળજ્ઞાનની નહિ. આહા..હા..! કેમકે એ દ્રવ્યશ્રુતની વાણી જે શબ્દો છે એ સાંભળનાર પ્રાણીને અંતરમાં લક્ષ પહેલું થાય છે કે આ શું કહે છે? એ લક્ષ કરીને ફેરવી નાખે છે લક્ષને અંદર ત્યારે તેને ભાવશ્રુત જ્ઞાન થાય છે. એમાં આ વાણી નિમિત્ત છે માટે વાણીને ભાવશ્રુત કહેનારી કહેવામાં આવી છે. કેવળજ્ઞાન કીધું છે વાણી દ્વારા એમ નથી કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એમને ભાવશ્રુત તો છે નહિને. એ તો કેવળજ્ઞાની છે. પણ એ વાણી છે એમાં ભાવશ્રુતનો ભાવ આવે છે માટે એને ભાવશ્રુતથી કહ્યું એમ કહેવામાં આવે. આહા..હા..! પણ એ પણ શબ્દો છે કહે છે. એ શબ્દ એ ભાવશ્રુતજ્ઞાન નથી. શબ્દથી નિમિત્ત અને ઉઘાડ થયો પરલક્ષી એ પણ શબ્દજ્ઞાન છે. એ શબ્દજ્ઞાન છે એ શબ્દ તો અચેતન છે, પણ તેના લક્ષે પોતાથી થયેલું જ્ઞાન પણ અચેતન છે. આહા..હા..! કેમકે જેમાં જ્ઞાન થતાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ ભેગો ન આવે તે જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. આહા..હા..! આવી વાત છે. તેથી શબ્દો ત્રણલોકના નાથની વાણી પણ જ્ઞાન નથી અને એ સાંભળનારને પોતામાં ઉપાદાનને કારણે જે જ્ઞાન પ્રગટ્યું એમાં એ વાણી નિમિત્ત છે, તે પ્રગટ્યું જ્ઞાન પણ એ શબ્દશ્રુત છે, એ આત્મજ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અહીં કહે છે. '**શબ્દ જ્ઞાન નથી,...**' આહા..હા..! '**કારણ કે શબ્દ (પુદ્ગલપર્યાયનો પર્યાય છે,) અચેતન છે;...**' આહા..હા..! '**માટે જ્ઞાનને અને શબ્દને વ્યતિરેક (અર્થાત્ ભેદ) છે.**' આહા..હા..! અંતર્મુખ પ્રભુ, અંતર આત્મા અંતરમાં છે. એને બહિર્મુખના જ્ઞાને

અંતર્મુખનું જ્ઞાન થાય એવું એનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? છેલ્લી ગાથાઓ છેને. એકદમ અંદર જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય જે ઝળહળ જ્યોતિનું અસ્તિત્વ છે તેના ઉપર લક્ષ અને દૃષ્ટિ જાય છે ત્યારે જે જ્ઞાન થાય છે, ભલે શબ્દનું જ્ઞાન ન હોય છતાં એ સ્વના ચૈતન્યના ઝરણામાંથી... આહા..હા..! જે સમ્યગ્જ્ઞાન થાય છે તે જ્ઞાનથી શબ્દજ્ઞાન અને શબ્દના નિમિત્તથી થતું જ્ઞાન એ બધું અચેતન છે. આહા..હા..! એમાં તો શબ્દ સિદ્ધ કર્યા, શબ્દથી નિમિત્ત અને ઉપાદાનનું જ્ઞાન થાય એ પણ સિદ્ધ કર્યું અને ઉપાદાનમાં થાય એ જ્ઞાન વાસ્તવિક જ્ઞાન નથી એ પણ સિદ્ધ કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ? એથી જ્ઞાન અને શબ્દ એ બે ભિન્ન છે. આહા..હા..!

'**રૂપ જ્ઞાન નથી,...**' એ રૂપ એટલે વર્ણ, ગંધ, રસ, સ્પર્શનું ચારનું એકરૂપ. એકરૂપ એને અહીં રૂપ કીધું છે. રંગને રૂપ અહીં કહ્યું નથી. રંગ જુદો લેશે. સમજાણું કાંઈ? રૂપ એટલે રંગ, ગંધ, રસ અને સ્પર્શ એનું આખું રૂપ, આખો પ્રકાર એને અહીં રૂપ કહે છે. કારણ કે વર્ણ, ગંધ બીજે લેશે, જુદું લેશે. એ '**રૂપ જ્ઞાન નથી, કારણ કે રૂપ (પુદ્ગલદ્રવ્યનો ગુણ છે),...**' આહા..હા..! '**માટે જ્ઞાનને અને રૂપને વ્યતિરેક છે...**' આહા..હા..! શાસ્ત્રમાં એવું આવે છે. ભગવાનનું ભામંડળ હોય છે. પ્રકાશ તો અંદરમાં છે, પણ શરીરમાં ભામંડળ આમ પ્રકાશ ભા.. ભા.. ભા-મંડળ. પ્રકાશનું મંડળ શરીરમાં (દેખાય). એની સામું જોવે બીજો અંદરમાં સાત ભવ ભાળે, પણ એ 'ભવ' ભાળે. સમજાણું કાંઈ? ભવ વિનાનો આત્મા એને ન ભાળે એમાંથી. આહા..હા..! એ એટલો પુણ્ય પ્રકૃતિનો પ્રકાર છે. આહા..હા..! પણ ભગવાનનું ભા-રૂપ એ પણ નહિ એ કાંઈ જ્ઞાન નથી. એને જોતા જે અહીં જ્ઞાન થાય એ પણ જ્ઞાન નથી. આવી માર્ગની સ્થિતિ છે. આહા..હા..! વસ્તુસ્થિતિ આવી છે.

રૂપ તે પુદ્ગલની પર્યાય. આહા..હા..! '**જ્ઞાનને અને રૂપને વ્યતિરેક છે...**' હવે એના ભેદ પાડે છે. વર્ણ તે ગુણ અચેતન છે. છે? '**વર્ણ જ્ઞાન નથી,...**' હવે એ રૂપના ચાર પ્રકારમાંથી ભેદ પાડ્યો હવે. રંગ તે જ્ઞાન નથી. સોનાવર્ણે સોળ એવા આવે છેને ચોવીસ તીર્થંકરમાં. એનો જે રંગ દેખે માટે અહીંયાં જ્ઞાન થાય એને (એમ નથી). આહા..હા..! રંગ તે જ્ઞાન નથી, પણ રંગથી થયેલું નિમિત્તથી અહીંયાં જ્ઞાન તે પણ જ્ઞાન નથી. આહા..હા..! સુંદર સ્વરૂપ ભગવાન છે એનાથી જ્ઞાન થાય તે જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાન જે મોક્ષના માર્ગનો એક અવયવ. દર્શન-જ્ઞાન-ચારિત્ર માર્ગના ત્રણ અવયવ. ત્રણ થઈને પૂરું એક. એમાં આ જ્ઞાનનો અંશ પણ કહે છે ભગવાનના રંગને દેખીને થાતો નથી. આહા..હા..! એ રંગ તો અચેતન છે અને એનું અહીં જ્ઞાન થાય છે એ પણ અચેતન છે. આહા..હા..! કેમકે એના તરફનું જે જ્ઞાન થયું એમાં આનંદ ન આવ્યો. આહા..હા..! અને જ્ઞાનની સાથે અવિનાભાવી અતીન્દ્રિય આનંદ આવે એ જ્ઞાન તો સ્વના લક્ષે થાય છે. પરના લક્ષવાળા જ્ઞાનથી જ્ઞાન થાતું નથી. આહા..હા..! એ વર્ણ પુદ્ગલનો પર્યાય અચેતન છે. જ્ઞાનને

અને રંગને જુદાઈ છે.

પછી '**ગંધ જ્ઞાન નથી,...**' ગંધ-ગંધ. ભગવાનને શ્વોસોશ્વાસમાં એવી હોય સુગંધ કે બીજાને હોય નહિ. ભગવાનની સુગંધ શ્વાસમાં. આ કેટલાકના શ્વાસ નથી ગંધાતા? એવું કાંઈક કહે છેને કેવી ભાષા? ઉમરવા. ગંધાય શ્વાસ. ભગવાનનો શ્વાસ ગંધાય નહિ. આહા..હા..! સુગંધ-સુગંધ આવે, પણ એ સુગંધને જાણનારને પુણ સુગંધનું જ્ઞાન તે સુગંધનું છે એ આત્માનું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એમ રસ. '**રસ જ્ઞાન નથી,...**' છે? આહા..હા..! ખાટો, મીઠો આદિ એના ભેદ છે બધાય. ગંધમાં સુગંધ-દુર્ગંધ બેય. પણ અહીં તો હું ભગવાન ઉપર ઉતારું છું. '**રસ જ્ઞાન નથી,** કારણ કે રસ (**પુદ્ગલદ્રવ્યનો ગુણ છે,**) **અચેતન છે;...**' આહા..હા..! ખાટો-મીઠો રસ છે એનું જે જ્ઞાન તે જ્ઞાન નથી. કેમકે રસ જડ છે અને તેનાથી થતું જ્ઞાન એ પણ જડ છે. આહા..હા..! ભગવાન ચૈતન્ય જ્યોત અંદર પોતે જ્યારે ખીલે છે અંદરથી ત્યારે તેને પરની અપેક્ષા રહેતી નથી. તે જ્ઞાનને સમ્યગ્જ્ઞાન મોક્ષના માર્ગમાં ગણવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ સ્પર્શ. '**સ્પર્શ જ્ઞાન નથી,...**' શરીરના સ્પર્શનું જ્ઞાન થાય. આહા..હા..! એ સ્પર્શ તો જ્ઞાન નથી, પણ એનાથી જે જ્ઞાન થયું એ પણ જ્ઞાન સ્પર્શનું જ્ઞાન છે, આત્માનું જ્ઞાન નહિ. આવી વાત છે જરી. જેના જ્ઞાનના પાતાળ પડ્યા છે અંદર મોટા. આહા..હા..! ઊંડે-ઊંડે તળિયે પરમાત્મા બિરાજે છે જેને ધ્રુવ કહીએ.

એ કહ્યું હતું એકવાર કે આ અસંખ્ય પ્રદેશ છે એટલે આ પર્યાય છે આ ઉપર જ પર્યાય છે અસંખ્ય પ્રદેશની એમ નહિ. એના જે પેટમાં અંદર જુદાં અસંખ્ય પ્રદેશનો પિંડ છે એ દરેક પ્રદેશ ઉપર પર્યાય છે. આહા..હા..! એટલે કે દરેક પ્રદેશ ઉપર પર્યાય છે તે પર્યાયને ધ્રુવ તરફ અંદરમાં ઢાળવી, એકલા ઉપરથી આ પર્યાય છે આત્માના અસંખ્ય પ્રદેશ ઉપર, ઉપરના એ નહિ, એ એકલું નહિ. સારો આત્મા અસંખ્ય પ્રદેશી એની ઉપર જે પર્યાય છે એને એ જ પર્યાયને ત્યાં ને ત્યાં ઊંડે લઈ જવી ધ્રુવ છે ત્યાં.

**શ્રોતા :-** - કેટલો ઊંડો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનંત... અનંત... અનંત... ઊંડો છે. આહા..હા..! જેનો સ્વભાવ છે, જેનું સ્વ-રૂપ છે, જેનું સ્વ-રૂપ છે એની મર્યાદા શી? જેનો દ્રવ્યનો પદાર્થનો સ્વભાવવાનનો સ્વભાવ છે એ સ્વભાવની હદ અને મર્યાદા શી? ઓહો..હો..! એવી જે બેહદ અપરિમિત ધ્રુવતા એને પર્યાયને ત્યાં અંતરમાં લઈ જાય ત્યારે તેને જ્ઞાન થાય. આહા..હા..! શાસ્ત્રજ્ઞાનથી એ જ્ઞાન ન થાય એમ કહે છે અહીં તો. આહા..હા..! સમજાણું કાંઈ? એ સ્પર્શ એ જ્ઞાન નથી. સ્પર્શ અને જ્ઞાન જુદાં.

કર્મ અચેતન. '**કર્મ જ્ઞાન નથી,...**' આઠ કર્મ છેને. અને એ કર્મ છે એવો ખ્યાલ આવ્યો, કર્મ છે. કારણ કે કર્મ કર્મને જાણતું નથી. જાણે છે તો કર્મ છે એવું અહીં જ્ઞાન થાય એને

જાણે છે, પણ એ કર્મ તરફનું જે જ્ઞાન થયું એ જ્ઞાન પણ જ્ઞાન નથી. કર્મ તે જ્ઞાન નથી, પણ કર્મ છે એમ જ્ઞાનમાં આવે છે કે આ કર્મ છે. એ સંબંધી.. કેમકે કર્મ છે એ ચૈતન્યની પર્યાયની સત્તામાં જણાય છેને? કર્મ કર્મમાં જણાતું નથી. જેની પર્યાયની સત્તામાં આ કર્મ છે એમ શાસ્ત્રથી ભલે જાણે, પણ ખ્યાલમાં તો એમ આવ્યું કે આ કર્મ છે તે જ્ઞાનની પર્યાય જાણે છેને. આહા..હા..! તો કર્મ છે એ તો જ્ઞાન નથી, પણ કર્મ યાદ આવતા જ્ઞાન થયું એ સંબંધીનું પોતામાં પોતાને લઈને, એ પણ જ્ઞાન નથી. આહા..હા..!

ભગવાન તો અબદ્ધસ્પૃષ્ટ છે. આહા..હા..! એટલે કે અકર્મ અને અસ્પર્શ છે. પ્રભુ તો અકર્મી છે. આહા..હા..! એ અકર્મી પ્રભુને સ્પર્શે તે જ્ઞાનને જ્ઞાન કહીએ. આહા..હા..! આવી વાતું. સંસારના પાપ આખો દિ' એને નવરાશ (નહિ). સાંભળવાના વખતમાં પુણ્યની નવરાશ ન મળે. અરે! ધર્મ તો ક્યાં રહ્યો, પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ? ૨૦-૨૦ કલાક ત્યાં ગાળે, ૨૨ કલાક ત્યાં. એકાદ-બે કલાક સાંભળવા જાય એ પાછું એવું વિરુદ્ધ જ્ઞાન મળે. પણ અહીં તો કહે છે કે અવિરુદ્ધ સાંભળે તો એને પુણ્ય થાય એ વખતે. એને બે-ચાર કલાક પુણ્યનો પણ પ્રસંગ નહિ ચોવીસ કલાકમાં એને ધર્મ કે દિ' થાય, પ્રભુ? આહા..હા..! સમજાણું કાંઈ? એ અંદર ભગવાન તળિયે પડ્યો છે બિરાજમાન. એના તળના સ્પર્શ કે દિ' થાય એને? બહારના પાપના જ્ઞાન આગળ નવરો નથી અને શાસ્ત્ર તરફના સત્સમાગમ, શ્રવણ, વાંચન, મનન એનો જે પુણ્યભાવ એ પણ જ્યાં નથી. આહા..હા..! હવે એને પુણ્યભાવ હોય તોપણ એનાથી ભિન્ન ભગવાન છે. આવી વાતું છે, બાપુ! વીતરાગમાર્ગ એવો છે. લોકો કંઈકનો કંઈ માનીને બેઠા છે. અરે! ભગવાનના મૂળ...

કહે છે કે એ '**કર્મ જ્ઞાન નથી,...**' આહા..હા..! આ કર્મ વાંચે છેને? વાંચે ને બહુ વિચારે કર્મ માટે જ્ઞાન છે, એ નથી. આહા..હા..! કેમકે કર્મ તો જડ છે. એની ૧૪૮ પ્રકૃતિ છે. સમકિતીને હોય છે. મિથ્યાદૃષ્ટિને ૧૪૮ ન હોય. એ વાત કહેવાઈ ગઈ છે કર્મના ઓલામાં. તીર્થંકરગોત્ર, આહારક શરીર અંગોપાંગના ચાર બોલ, સમકિત મોહનીય, મિશ્રમોહનીય એ કાંઈ બધાને ન હોય. જેને આત્મજ્ઞાન થયું છે તેના ભેદ પડે તો એની બે પ્રકૃતિ બીજી હોય અને આહારક શરીરનું જેને બંધન થયું છે મુનિને એને એ હોય. આહારકના ચાર બોલ છે. આહારક શરીર, આહારક અંગોપાંગ, આહારક બંધન, આહારક સંઘાત આહારકના ચાર બોલ છે અને તીર્થંકરગોત્રની પ્રકૃતિ પણ બધાને ન હોય. જેને આત્મજ્ઞાન થયું છે અને એને કોઈ પ્રસંગે વિકલ્પ ઉઠ્યો એમાં પ્રકૃતિ બંધાય જાય છે એને તીર્થંકરપ્રકૃતિ હોય. તોપણ એમાં આપણે આવી ગયું છે કે એ તીર્થંકરપ્રકૃતિ પણ ઝેરનું ઝાડ છે, આહા..હા..! વિષવૃક્ષ છે. હવે અહીં તો રાજી-રાજી થઈ જાય. ભગવાન અમૃતનું ઝાડ છે, અમૃતનું કલ્પવૃક્ષ છે, અમૃતનો ચિંતામણિરત્ન ભગવાન છે. આહા..હા..! ત્યારે એ પુણ્ય અને પુણ્યથી થયેલી પ્રકૃતિ બંધાયેલી. આહા..હા..! એનાથી વિરુદ્ધ ઝેરના ઝાડ છે. સમકિતી એમ કહે છે કે એ ઝેરના ફળને મારે

ભોગવવું નથી. આહા..હા..! છતાં આવશે. સમજાણું કાંઈ? પણ એના તરફનું વલણ મારું નથી. મારું તો પ્રભુના ઉપરનું વલણ છે. જેમાં પ્રભુતા પૂર્ણ પડી છે ત્યાં મારું ઢલણ, વલણ... આહા..હા..! લક્ષણ, રક્ષણ ત્યાં છે. આહા..હા..! આવો માર્ગ હવે.

કહે છે કે એ કર્મ અચેતન છે. હવે અહીં તો રાડ પાડે છે કે કર્મ હેરાન કરે છે. પણ કર્મ આત્માની વિકારી પર્યાયને અડતું નથી અને વિકારી પર્યાય કર્મને અડતી નથી. આહા..હા..! અહીં તો કહે છે કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. આહા..હા..! એ કર્મ છે એવું શાસ્ત્ર કહે અને તારા ખ્યાલમાં આવે તોપણ તે કર્મ સંબંધીનું જ્ઞાન તે જ્ઞાન તારું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ અચેતન છે. '**માટે જ્ઞાનને અને કર્મને વ્યતિરેક છે.**' હવે એને એમ હજી તો આત્મા કર્મથી બંધાયેલો છે... બંધાયલો છે. એ હજી રાડ નાખે છે. અહીં તો કહે છે કે આત્માને કર્મથી બંધન છે જ નહિ. એ આત્મા અને કર્મ તદ્દન ભિન્ન-ભિન્ન ચીજ છે. આત્મા પોતાની સત્તાએ બિરાજમાન છે. કર્મ કર્મની સત્તાએ ત્યાં પડ્યું છે. બેની વ્યતિરેકતા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ધર્મ જ્ઞાન નથી,...**' ધર્માસ્તિ હોં! ધર્માસ્તિ દ્રવ્ય છેને એ ભગવાને જોયું. સર્વજ્ઞ પરમેશ્વરે જોયું એ સિવાય ક્યાંય ધર્માસ્તિકાય તત્ત્વ છે નહિ. જેને સર્વજ્ઞપંથ જેનામાં નથી સર્વજ્ઞતા એનામાં આ ધર્માસ્તિ અને અધર્માસ્તિ કોઈ હોઈ શકે નહિ, એણે જોયું નથી. આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વરે છ દ્રવ્યમાં અસ્તિપણે છે એમ જોયા, પણ છતાં કહે છે કે ધર્માસ્તિકાય તે આત્મા નથી, જ્ઞાન નથી; અને ધર્માસ્તિકાય છે એવું ખ્યાલમાં આવે તને તોપણ તે જ્ઞાન જ્ઞાન નથી. આહા..હા..! કારણ કે એ ધર્માસ્તિકાયમાં જ્ઞાનસ્વભાવ ભર્યો નથી કે એના તરફથી જ્ઞાન થાય. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવથી ભરપૂર ભરચક ભર્યો છે એના તરફનો આશ્રય કરે અને લક્ષ કરે તો જ્ઞાન થાય તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન મોક્ષનો માર્ગ છે. આહા..હા..! ક્યાં લઈ જાય છે? અરે! ક્યાં એ ઊભો છે?

ધર્માસ્તિ અચેતન છે તેમ અધર્માસ્તિ અચેતન છે. અધર્માસ્તિ છેને? ગતિ કરતા જીવની સ્થિરતામાં નિમિત્ત છે. સ્થિરતા થવી કે ગતિ કરવી એ તો યોગ્યતા પોતાની પર્યાયની છે. પણ કહે છે કે અધર્મ એ જ્ઞાન નથી. '**કાળ જ્ઞાન નથી,...**' કાળદ્રવ્ય છેને અસંખ્ય? આહા..હા..! અસંખ્ય દ્રવ્ય છે, પદાર્થ છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળા તત્ત્વો છે અસંખ્ય કાળાણુ એ કાંઈ જ્ઞાન નથી. આહા..હા..! અને આત્માના આશ્રય વિના જેટલો કાળ છે એવું જ્ઞાન થયું એ પણ જ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે હજી. આહા..હા..! રખડી મરે છે અનાદિથી દુઃખી... દુઃખી... દુઃખી... કોઈ શરણ નથી. જ્યાં શરણ છે ત્યાં જાતો નથી અને બહારથી ધમાધમ-ધમાધમ (કરે છે). આહા..હા..! એ કાળ તે જ્ઞાન નથી. કાળ અચેતન છે.

'**આકાશ જ્ઞાન નથી,...**' ઠીક! આકાશ અચેતન મોટો મહાપદાર્થ. '**માટે જ્ઞાનને અને**

**આકાશને વ્યતિરેક છે. અધ્યવસાન જ્ઞાન નથી,...'** આગળ હજી આત્મા જ્ઞાનને પુણ્ય-પાપ છે એમ કહેશે, પણ અહીં અધ્યવસાન એટલે એકતાબુદ્ધિ તે અધ્યવસાય તે જ્ઞાન નથી. પુણ્ય અને પાપને આગળ હમણા કહેશે એ આત્મા છે. એમ કહીને પાછું એમ કહે છે કે વિભ્રમ જેનું મૂળ છે. પુણ્ય-પાપ થાય છે પર્યાયમાં, આહા..હા..! પણ એ પુણ્ય અને પાપના ઉત્પન્ન થવાનું મૂળિયું સ્વભાવ તરફનો અનાદર અને પર્યાયબુદ્ધિનો ભાવ એવી ભ્રમણા તે પુણ્ય-પાપને ઉત્પન્ન કરવાનું મૂળિયું છે. આહા..હા..! ડાહ્યાભાઈ! આવી વાતું છે. આહા..હા..! નવરંગભાઈ! હવે આમાં પાણી ગળવું એ તો ક્યાંય રહી ગયું નહિ? પાંચની સાલમાં ચાલતું હતું. ત્યાં રાજકોટમાં ચાલતું હતું. ખબર છે? પ્રશ્નો ચાલતા હતાને નવરંગભાઈ તરફથી? પાંચની સાલ. કેટલા વર્ષ થઈ ગયા? ૨૮. આહા..હા..!

અહીં તો પરમાત્મા... એ સંતો કહે છે એ આડતિયા થઈને પરમાત્માની જ વાત કરે છે. સમજાણું કાંઈ? એ કહે છે કે અધ્યવસાન તે જ્ઞાન નથી. **'અધ્યવસાન અચેતન છે; માટે જ્ઞાનને અને (કર્મના ઉદયની પ્રવૃત્તિરૂપ) અધ્યવસાનને વ્યતિરેક છે.'** હવે અહીં અધ્યવસાય અને આત્મા જુદા કહેશે અને અંદરમાં પુણ્ય અને પાપના ભાવને આત્મા કહેશે. બીજી વાત છે. એની એકતા કરી છેને એ બુદ્ધિ-એ અધ્યવસાય એ આત્મા નથી.

**શ્રોતા :-** શુભભાવની... એ સમ્યગ્દૃષ્ટિને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના બધાને. અહીં તો પુણ્ય અને પાપ એ આત્મા છે એમ સિદ્ધ કરવું છે. કેમકે... ભાઈ પંડિતજી! પુણ્ય-પાપ સમ્યગ્દૃષ્ટિને માટે એને પણ પુણ્ય-પાપ આત્મા છે. એવી વાત છે, ભાઈ! જ્ઞાન જ પુણ્ય-પાપ છે. એટલે કે એનું જ્ઞાન કરે છે એમ નહિ. એની પર્યાયમાં પુણ્ય-પાપ એના પર્યાયમાં છે, માટે પુણ્ય-પાપ તે જ્ઞાન છે તે આત્મા છે. પરનો સંબંધ છોડીને અહીં વાત કરવી છે. પર્યાય છે એની. એ જ્ઞાન છે. જ્ઞાન એટલે આત્મા. અહીં જ્ઞાન એટલે આત્મા કહેવો છે. આહા..હા..! એક બાજુ એમ કહે કે પુણ્ય-પાપના ભાવ... ૭૩ ગાથામાં એમ કહે કે કર્મ એનો સ્વામી છે. ૭૩માં આવે છેને. કર્મ પુદ્ગલ એનો કર્મ સ્વામી છે. પ્રવચનસારમાં એમ કહે કે પુણ્ય અને પાપના પરિણામનો અધિષ્ઠાતા સ્વામી આત્મા છે. ૪૭ નય. બાપુ! આ તો અનેકાંતમાર્ગ છે. પર્યાયથી વાત થાય છે કે દ્રવ્યથી થાય છે બેને જાણવી જોઈએ. એકલી દ્રવ્યથી જ માને અને પર્યાયથી ન માને તો એકાંત છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક બાજુ એમ કહે કે પુણ્ય અને પાપ તે જીવ જ નથી, અજીવ છે. પહેલા ભાગમાં એમ આવે. જીવ ભાગમાં. અજીવ છે. લાલચંદભાઈ! અજીવ કીધા છે.

બીજી રીતે કહ્યું, તેથી ભાઈએ પ્રશ્ન કર્યો હતોને. મનોહરલાલ વર્ણી ત્યાં આવ્યા હતાને જયપુર. પ્રશ્ન આપેલો. બે પ્રશ્ન. આમ કેમ કહ્યું? બાપુ! એમ છે. ખરેખર એની પર્યાયમાં છે, પણ એનું એ સ્વરૂપ નથી. એ નીકળી જાય છે માટે તે પુદ્ગલ કહીને તેના પુદ્ગલના

પરિણામ કહીને પછી પુદ્‌ગલ આખું કહ્યું છે કર્તાકર્મમાં. પહેલા પુદ્‌ગલ પરિણામ કીધા અને પછી કહ્યું કે એ પુદ્‌ગલ જ છે, આત્મા નહિ. કઈ અપેક્ષાએ? એને દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરાવવા, પુણ્ય-પાપનો ભાવ તે પુદ્‌ગલ છે એમ બતાવી તેનાથી દૃષ્ટિને ખસેડે છે. અહીં એ પુણ્ય-પાપ કર્મમાં છે કે પરદ્રવ્યમાં છે એમ કોઈ માને તો એ વાત ખોટી છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવું છે. સવારે આવે કાંઈક, બપોરે આવે કાંઈક, શું માનવું આમાં? સવારે તો એમ આવે કે પુણ્યના પરિણામ એ પુદ્‌ગલ છે. આહા..હા..! એ અજીવ છે, ઝેરના ઝાડનું એ ફળ છે. આહા..હા..! કઈ અપેક્ષાએ પ્રભુ! સ્વભાવની દૃષ્ટિમાં જોઈએ તો એ પુણ્ય-પાપ એ કર્મનું ફળ (છે), પણ પર્યાયની અવસ્થાથી એની પર્યાયને જોઈએ એની પર્યાયમાં પુણ્ય-પાપ છે. ડાહ્યાભાઈ! આહા..હા..! એ અહીં કહે છે.

'**આમ, આ રીતે જ્ઞાનનો સમસ્ત પરદ્રવ્યો સાથે વ્યતિરેક નિશ્ચયસાધિત દેખવો (અર્થાત્ નિશ્ચય વડે સિદ્ધ થયેલો સમજવો-અનુભવવો).**' '**હવે, જીવ જ એક જ્ઞાન છે,...**' હવે આ બાજુ લાવ્યા. નાસ્તિ બતાવીને અને હવે જીવ જ એક જ્ઞાન છે, ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે (એમ કહે છે). '**કારણ કે જીવ ચેતન છે; માટે જ્ઞાનને અને જીવને જ અવ્યતિરેક છે.**' જ્ઞાનને અને જીવને અહીં અભિન્નતા બતાવવી છેને? '**જ્ઞાનને અને જીવને જ અવ્યતિરેક છે.**' એકતા છે, એકતા છે, અભિન્નતા છે. આહા..હા..! '**વળી જ્ઞાનનો જીવની સાથે વ્યતિરેક જરા પણ શંકનીય નથી...**' જ્ઞાન અને આત્મા એવા બે શબ્દોના ધ્વનિ ઉઠે માટે કાંઈક જ્ઞાન અને આત્મા જુદાં હશે એવી શંકા ન કરવી. આહા..હા..! એ તો કર્તાકર્મમાં આવી ગયું છેને પહેલા અધિકારમાં. જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા. ગુણ તે ગુણી. ગુણને જ ગુણી તરીકે અહીં તો કહેવો છે આખો. એ ગુણ એ ગુણીસ્વરૂપ જ છે. જ્ઞાન આત્મા જ છે. એને જરાય શંકા કરવાયોગ્ય નથી કે જીવથી ભિન્ન (છે). નામ ભિન્ન પડ્યું માટે ભાવ અને ભાવવાન ભિન્ન છે એમ જરીએ શંકા ન કરવી. આહા..હા..! ભાવવાન ભગવાન અને ભાવજ્ઞાન. ભાવવાન ગુણી અને જ્ઞાન ગુણ બે જુદાં છે એવી જરીએ શંકા ન કરવી. નામ જુદાં પડ્યાને? ભલે નામ જુદાં પડ્યા, ભાવ જુદાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

કર્તાકર્મમાં એ આવે છે પહેલા અધિકારમાં. જ્ઞાનમાં પ્રવર્તે છે એ આત્મામાં જ પ્રવર્તે છે. પહેલા ૬૯-૭૦ ગાથા કર્તાકર્મની એમાં આવે છે ત્યાં. સમજાણું કાંઈ? છે? ૬૯-૭૦. '**જેમ આ આત્મા, જેમને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે એવા આત્મા અને જ્ઞાનમાં...**' છે? એમાં '**વિશેષ નહિ હોવાથી તેમનો ભેદ નહિ દેખતો થકો, નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે,...**' એટલે આત્મા અને જ્ઞાન જુદાં નથી માટે જ્ઞાનમાં વર્તે છે એ આત્મામાં જ વર્તે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! છે? '**તેમનો ભેદ નહિ દેખતો થકો, નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે, અને ત્યાં વર્તતો તે, જ્ઞાનક્રિયા**

**સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં આવી નથી...**’ એ જ્ઞાનસ્વરૂપ ભગવાન તેમાં વર્તે છે તે જ્ઞાનક્રિયા થઈ. જ્ઞાનગુણ છે, ગુણી આત્મા અને જ્ઞાનમાં વર્તનારો એ દ્રવ્યમાં જ વર્તે છે અને એમાં વર્તનારની જે ક્રિયા છે એ સ્વભાવિક ક્રિયા છે જ્ઞાનની, તે નિષેધવામાં આવી નથી. રાગની ક્રિયા તે નિષેધવામાં આવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો કર્તાકર્મ અધિકારની વાત છેને. અહીં (ચાલતા અધિકારમાં) તો ધર્મ-અધર્મ પુણ્ય આ તારા આત્મામાં પર્યાય છેને પર્યાય એ સિદ્ધ કરવું છે. કેટલી અપેક્ષાઓ હોય! આહા..હા..! એને એક જ અપેક્ષાએ ખેંચીને માને એ તત્ત્વ એકાંત થઈ જશે. આહા..હા..! અહીં કહ્યુંને? ‘**જ્ઞાનમાં પોતાપણે વર્તે છે,...**’ અને જ્યાં પોતાપણે વર્તે એટલે આત્મા અને જ્ઞાન જુદાં નથી તેથી જ્ઞાનમાં પોતાપણે વર્તે એ આત્મામાં જ વર્તે છે. છેને? વર્તે છે એ પાછી ક્રિયા થઈ અને જ્ઞાનમાં આમ વર્તે છે એ ગુણ આત્મામાં જ વર્તે છે. એ ક્રિયા થઈ. સમ્યગ્દર્શન-જ્ઞાનની એ ક્રિયા થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? એ અધિકાર ચાલતો હોય ત્યારે....

અહીં તો એ કહે છે જ્ઞાન અને આત્માની એકતા છે. ‘**જ્ઞાનનો જીવ સાથે વ્યતિરેક જરા પણ શંકનીય નથી, કારણ કે જીવ પોતે જ જ્ઞાન છે.**’ હવે અભેદ કરી નાખ્યું. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે. નામ, સંજ્ઞા, લક્ષણે ભેદ નામ હો, સ્વરૂપ તો એક છે. સમજાણું કાંઈ? ‘**આ પ્રમાણે (જ્ઞાન જીવથી અભિન્ન) હોવાથી, જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે,...**’ આત્મા જ સમ્યગ્દષ્ટિ છે. સમ્યગ્દષ્ટિ તે આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જીવનો જે સ્વભાવ જે પૂર્ણ છે એની જે પ્રતીતિ, જ્ઞેય નામ આખા જ્ઞાનનું જ્ઞાન થઈને પ્રતીતિ થવી એ આત્મા સમ્યગ્દષ્ટિ છે. એ આત્મા જ સમ્યગ્દષ્ટિ છે. સમ્યગ્દષ્ટિ જુદી અને આત્મા જુદો એમ છે નહિ. આહા..હા..! આત્મા જ સમ્યગ્દષ્ટિ છે.

‘**જ્ઞાન જ સંયમ છે.**’ આ ભાષા જુઓ, ઈન્દ્રિયના દમન અને આ વિકલ્પ અને આ પાંચ (ઈન્દ્રિયનું દમન કરે) એ કોઈ સંયમ નથી. આહા..હા..! આત્મા જ તે પોતે સંયમ છે એટલે જ્ઞાન પોતે સંયમ છે. એટલે? જ્ઞાન જ્ઞાનમાં રમે છે તે સંયમ. જ્ઞાન તે સંયમ છે, તે આત્મા તે સંયમ છે. આહા..હા..! પાંચ ઈન્દ્રિયને આમ દમન કરવી અને પાછા વળવું એનાથી, અવ્રત છ કાયને પાંચ ઈન્દ્રિય અને મન બહારથી પાછું વળવું એ તો નાસ્તિથી વાત થઈ, પણ અહીં તો અસ્તિરૂપે તો જ્ઞાન જ્ઞાનમાં રમે છે તે જ્ઞાન તે સંયમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ સંયમ. આ જ્ઞાન આત્મા પોતે સંયમરૂપે પરિણમે છે. નિર્વિકારી વીતરાગ પર્યાયપણે આત્મા પરિણમે માટે જ્ઞાન તે સંયમ છે અને જ્ઞાન તે સંયમ છે માટે આત્મા તે સંયમ છે. આહા..હા..! આ લોકોને આકરું લાગે.

વિદ્યાનંદજીનું આવ્યું છેને વાંચ્યુંને આજે. વિદ્યાનંદજીનું નહિ વાંચ્યું હતું. એમ કે શુદ્ધોપયોગના અનુરાગી કાનજીસ્વામી છે. વિદ્યાનંદજીએ લખ્યું છે. પણ હજી ત્રુટીયા છદ્મસ્થ છેને છદ્મસ્થ એટલે ત્રુટી છે. શું કે આ વ્યવહારની ક્રિયાકાંડ અને એનાથી કોઈ ધર્મ થાય એ તો માનતા

નથી, પણ છતાં એણે હળવી ભાષા લખી છે. એમ કે એ તો.. પહેલાં તો આવ્યું હતું કે કલાકે-કલાકે અમે સાથે ચર્ચા કરીએ, વિનમ્ર છે, શાસ્ત્રનું અધ્યયન ગહન છે. એમ આવ્યું હતું પહેલું, પણ છદ્મસ્થ છે, ત્રુટી હોય, 'छलं न घेतवं'. છેને પાંચમી ગાથામાં. નીચે મૂક્યું છે એ. પણ કોઈ એનો બહિષ્કાર કરશે કે આ દિગંબર નથી. એ લોકો નહિ માન્ય રાખે કોઈ રીતે. એમ લખ્યું છે. સમજાણું? ભાઈ! એમ લખાણ આવ્યું છે. બહિષ્કાર કરવા માગે છેને એ લોકો ઓલા ફલટનવાળા, શાસ્ત્ર પરિષદવાળા. એના ઉપર બહુ સખત લખ્યું છે. બહિષ્કાર કરશે તો બુદ્ધિવાળાઓ દ્રવ્યલિંગીઓ શ્રાવક માનશે, પણ ભાવલિંગી શ્રાવક નહિ માને એમ. લખ્યું હતું એમ. લખાણ આવ્યું છે મોટું. અરે! ભાઈ! આહા..હા..! આ વસ્તુ બાપુ! જ્ઞાન તે સંયમ અને સંયમ તે જ્ઞાન એ શું છે? અહીં તો બહારની ક્રિયાકાંડમાં રોકાઈને અમે બ્રહ્મચર્ય પાળીએ છીએ અને સત્ય બોલીએ છીએ માટે અમારે સંયમ છે. ભાઈ! એ સંયમ નહિ.

૧૫૫ ગાથામાં એ વાતચીત થઈ ગઈ હતી એની સાથે. ૧૫૫ ગાથા છેને સમયસારની. ખાનગી ત્યાં દિલ્હીમાં થઈ હતી. 'जीवादीसद्दहणं' સમકિત કહ્યું છેને આમાં? કીધું, 'जीवादीसद्दहणं' એટલે શું? જીવાદિ નવ છે એમ શ્રદ્ધા એકલી એમ નહિ, પણ જીવાદિ છે તેનું આત્માનું નિર્મળ શુદ્ધરૂપે પરિણમન જ્ઞાનનું, આત્માનું થવું એનું નામ સમ્યગ્દર્શન છે. દેવ-ગુરુ માન્યા કે નવ તત્ત્વ માન્યા માટે સમ્યગ્દર્શન એમ નહિ. એ જ્ઞાનસ્વરૂપી ભગવાન એ આત્મારૂપે પરિણમે, જ્ઞાનરૂપે પરિણમે, પરિણમન કરે રાગરૂપે છોડી દઈને ત્યારે તેને સમકિત કહેવામાં આવે છે. અને ત્યાં ત્રણે બોલ છે. એમ કે નવ તત્ત્વનું જ્ઞાન તે જ્ઞાન. ના, એ આત્મા જ્ઞાનરૂપે પરિણમે, સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમે તે જ્ઞાન છે. શાસ્ત્રનું જ્ઞાન છે એ જ્ઞાન નથી. ૧૫૫ ગાથામાં. ચર્ચા થઈ હતી, ખાનગી થઈ હતી. અને ચારિત્ર એને કીધું છે. જ્ઞાનનું પરિણમન ભગવાન આત્મા આનંદસ્વરૂપનું પરિણમવું, અતીન્દ્રિય આનંદનું પરિણમવું થવું તેને સંયમ કહે છે. સંયમ આ છ કાયના જીવોની હિંસાથી પાછો વળ્યો માટે સંયમ થઈ ગયો એમ નથી. આહા..હા..! ૧૫૫માં છે. સમજાણું કાંઈ? ખાનગી વાત થઈ હતી દિલ્હીમાં.

અહીંયાં તો ભગવાન આત્મા... એમ કીધુંને, જ્ઞાન જ સંયમ છે એમ કીધુંને? 'જ' શબ્દ છે. પાઠમાં એમ છે જુઓ, છેને? 'ज्ञानमेव संयमः' 'एव' શબ્દ પડ્યો છે (એટલે) નિશ્ચય. આહા..હા..! પંચમહાવ્રતના વિકલ્પ ઉઠવા કે બાર વ્રતના વિકલ્પ એ કોઈ સંયમ નથી, એ ચારિત્ર નથી. અંદરમાં આત્માનું, આત્માપણે જ્ઞાનમાં રમણતાની જમવટ જાગે. આહા..હા..! એ જ્ઞાનમાં રમમાણ થાય અંદર એને સંયમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો થોડો ફેર લાગે એને એટલે મોટો ફેર લાગે. પણ આ બહારના એમ કે વ્રત ને તપ ને ક્રિયા એને સાધન કહ્યું છેને? એ તો સ્વરૂપને પામેલ છે તેને એવો નિમિત્ત અંદર આવો રાગની મંદતાની યોગ્યતા હોય એને વ્યવહાર સાધનનો આરોપ કરીને સાધન કહ્યું છે, પણ

એનાથી થાય સાધ્ય એ માટે સાધન કહ્યું છે એમ નથી. કારણ કે સંયમ પોતે જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, આત્મસ્વરૂપ છે, એને રાગરૂપથી આનંદસ્વરૂપનું પરિણમન થાય એમ કેમ બને? આહા..હા..! સમજાણું?

**'જ્ઞાન જ સંયમ છે,...'** આહા..હા..! આત્મા જ સંયમ છે. આહા..હા..! છેને ૧૫૫ ગાથા છે. આમાં છે. **'મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.'** ટીકા. **'તેમાં સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું-'** આત્માનું થવું. શ્રદ્ધારૂપે આત્માનું પરિણમવું, નિર્વિકલ્પપણે પરિણમવું તે સમ્યગ્દર્શન છે. છે? આ ચર્ચા દિલ્હીમાં થઈ હતી. **'जीवादीसद्दहणं'** શબ્દ પડ્યો છેને. એટલે નવ તત્ત્વને શ્રદ્ધીએ તે શ્રદ્ધા. એમ નહિ. શ્રદ્ધાન સ્વભાવે આત્માનું થવું. છેને? એમ **'જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું...'** જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું પરિણમવું **'તે જ્ઞાન છે; રાગાદિના ત્યાગ સ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે ચારિત્ર છે.'** સમજાણું કાંઈ? એ અહીં સંયમ કીધો છે. રાગાદિ વિકલ્પના ત્યાગ સ્વભાવે આત્માનું પરિણમવું, વીતરાગ પરિણતિપણે થવું તે ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચર્ચા થઈ હતી દિલ્હી. બધા શેઠિયાઓ હતા પણ બધાને બહાર કાઢ્યા હતા. શાહુજી-બાહુજીને. હું, એ અને એક ઓલા જિનેન્દ્ર વર્ણી છેને ક્ષુલ્લક છેને ક્ષુલ્લક. છોડી દીધું ક્ષુલ્લકપણું.

અહીં કહે છે કે જ્ઞાન જ સંયમ છે. આહા..હા..! સંયમ કોઈ આત્માની પરિણતિ નિર્મળથી ભિન્ન કોઈ ચીજ નથી. આહા..હા..! પાંચ ઈન્દ્રિયને દમવું અને મનથી પાછું વળવું એ બધો વિકલ્પ છે એ તો. આહા..હા..! અહીંયાં તો શુદ્ધ ભગવાન આત્મા પોતાના શ્રદ્ધાના સ્વભાવપણે પરિણમતો, પોતાના જ્ઞાનસ્વભાવે પરિણમતો એ પોતાના આનંદ સ્વભાવમાં રમણતારૂપે પરિણમતો તે ચારિત્ર છે. આહા..હા..! આટલી બધી શરતું. એ અહીં કહે છે, જ્ઞાન જ સંયમ છે. આહા..હા..! વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ-૨, શનિવાર, તા. ૧૨-૧૧-૧૯૭૭, ગાથા-૩૯૦ થી ૪૦૪, પ્રવચન નં. ૫૦૭

... એકલો ચેતન-ચેતન છે. અરે! આહા..હા..! એ પરથી ભિન્ન છે, પણ પોતે સમ્યગ્દર્શનથી તો એ આત્મા અભિન્ન છે. આહા..હા..! સત્યદર્શન, સત્ય પ્રભુ ચૈતન્યરત્નાકર ભગવાન એની સન્મુખ થઈને તેનો સ્વીકાર કરીને, તેનો સત્કાર કરીને, જેનો આશ્રય કરીને તે ત્રિકાળીનું

અવલંબન કરીને જે સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી અતીન્દ્રિય આનંદના સ્વાદસહિત જે સમ્યગ્દર્શન પ્રગટે એ આત્મા છે. આહા..હા..! એક કોર પર્યાયને વ્યવહાર કહીને અભૂતાર્થ કહે છે, અહીં કહે છે કે એ સમ્યગ્દર્શન એ આત્મા છે. અપેક્ષા સમજવી જોઈએને. એક જ પકડે એ ચાલે? સમજાણું કાંઈ? અને નિયમસારમાં ૩૮ ગાથામાં એમ કહ્યું કે જેટલી પર્યાયો છે પુણ્ય-પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ બધી પર્યાયો નાશવાન છે. ધ્રુવ ભગવાન ચૈતન્યસ્વરૂપ તેને અમે આત્મા કહીએ છીએ. આહા..હા..! એ પર્યાય છે તેને અમે આત્મા કહેતા નથી. ત્યાં એમ કહ્યું. શુદ્ધભાવ. બેય સાચું છે. રામજીભાઈ કહે છે નહિ? એનો એક નિર્ધાર કરીને એક ખીલે બાંધો. એ અનેકાંતથી ખીલે બંધાય એવું છે, એકાંતથી ખીલે બંધાય એવું નથી. આહા..હા..!

ભગવાન આત્મા, એ પર્યાય નાશવાન છે એનાથી ધ્રુવ અવિનાશી ભગવાન ભિન્ન છે. ત્યાં એમ કહ્યું. ત્યાં આગળ ત્રિકાળી શુદ્ધભાવનો આશ્રય લેવા માટે, પર્યાયનો આશ્રય છોડવા માટે ત્યાં એમ કહ્યું. અને ૧૧મી ગાથામાં પણ પર્યાય અસત્ય જૂઠી છે એ જૂઠી કહેવાનો આશય પર્યાયને ગૌણ કરી, એને પેટામાં રાખીને વ્યવહાર કહીને નથી કહી છે અને વસ્તુ જે ભગવાન ધ્રુવ ચૈતન્ય જે સમ્યગ્દર્શનનો વિષય એને મુખ્ય કરીને, નિશ્ચય કરીને, નિશ્ચય તે મુખ્ય નહિ, મુખ્ય તે નિશ્ચય કરીને તેને સત્યાર્થ ને ભૂતાર્થ ને એ છે એમ કહ્યું છે. અહીં બીજી રીતે. આહા..હા..! અહીં તો કહે છે કે સમ્યગ્દર્શન એ આત્મા છે. આહા..હા..! એનો પ્રવાહ આપણે આવી ગયુંને સંવેદન વ્યક્તિ. સવારમાં. સંવેદન વ્યક્તિઓ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એમાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ આદિ પ્રગટે તે બધા સંવેદન વ્યક્તિઓ તે સ્વરૂપનો ભાગ છે. આહા..હા..! એવાને અહીંયાં આત્મા જ કહ્યો છે. આહા..હા..! આવી વાત છે.

વ્યવહાર પર્યાયને અણાત્મા કહ્યો છે નિશ્ચયથી. શુદ્ધને આત્મા કહ્યો ધ્રુવને અને પર્યાયમાત્રને વ્યવહાર કહી, અણાત્મા કહી અને તે નથી એમ કહ્યું. આમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ ઝીણો, ભાઈ! વસ્તુનો સ્વભાવ જ આવો છે ત્યાં શું થાય? ભગવાને કહ્યું એ કાંઈ ભગવાને કર્યું નથી કાંઈ. એ તો જેવો સ્વભાવ છે તેવું જાણ્યું એવું વર્ણન કર્યું. આહા..હા..! તો કહે છે કે **'જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે,...'** જ્ઞાન શબ્દે અહીંયાં આત્મા. આત્મા જ સમ્યગ્દષ્ટિ છે. આહા..હા..!

**શ્રોતા :-** વ્યવહાર કહ્યો છે કે નિશ્ચય કહ્યો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિશ્ચય છે. પર્યાય નિશ્ચય છે. અહીં પર્યાય નિશ્ચય, ત્યાં દ્રવ્ય નિશ્ચય. આહા..હા..! આવો માર્ગ પ્રભુનો.

**'જ્ઞાન જ સંયમ છે,...'** અહીં સુધી તો કાલે આવ્યું હતું. જ્ઞાન એટલે આત્મા શુદ્ધ ચૈતન્યઘન એને સમ્યગ્દર્શનપૂર્વક સ્વરૂપમાં લીનતાની જમવટ જામવી એ સંયમ તે આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કર્તાકર્મમાં એમ કાઢ્યું. ૭૧ ગાથા. નિર્મળ પરિણમન

છે તે આત્મા છે એમ કીધું. ૭૧માં. આહા..હા..! ચારે કોર જુઓ તો વસ્તુની સ્થિતિ... સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપના ભાવ એને પણ અહીં તો આત્મા કહે છે. એની એકત્વબુદ્ધિ જે અધ્યવસાય તે આત્મા નહિ, આત્મા એનાથી ભિન્ન એમ કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! આ હળદરને ગાંઠીયે ગાંધી થવાય એવું નથી. ઘણી અપેક્ષાઓ વસ્તુને સમજવાને જોઈએ. આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માનો માર્ગ છે.

કહે છે કે એ '**જ્ઞાન જ સંયમ છે,...**' એ આત્મા પોતે પોતામાં સ્થિર થાય છે તે આત્મા છે. આહા..હા..! આ બધા વાંધા છે અત્યારે કે આ વ્યવહાર છે એ સાધન છે, કારણ છે એ માનતા નથી સોનગઢવાળા. માટે તે દિગંબર થવાને લાયક નથી એમ આવ્યું છે. આવે છે અને આજે પણ આવ્યું છે. આવે આવે એમાં કાંઈ (નવું નથી), એ સ્થિતિ ઉભી થાય જ. ક્રાંતિનો કાળ હોય ત્યારે સામે હોય એ. એકવાર તો એવું સાંભળ્યું હતું, વાંચ્યું નથી પણ સાંભળ્યું હતું એ ભાઈ છેને ઓલા હિતેષી દિલ્હીવાળા. પ્રકાશચંદજી. એણે લખ્યું હતું કે મહાવીરના વખતમાં જ્યાં જ્યાં ભગવાન જતાં ત્યાં ત્યાં કેટલાક નહિ, હજારો કહેતા ભૂલી ગયા. ચાર હજાર વિરોધીઓ ત્યાં .. ત્યાં કાયમ જતાં ત્યાં. આપણે વાંચ્યું નથી, પણ એણે ક્યાંકથી વાંચ્યું હશે. હિતેષી પ્રકાશચંદ છેને. .. એણે કહ્યું હતું. એ તો ચાલે. આહા..હા..! બાપુ! જેના જન્મ-મરણના અંત લાવવા, ભાઈ! આહા..! આ ભવભ્રમણ કરી કરીને દુઃખી છે. એ દુઃખી છે. બહુ દુઃખી છે, ભાઈ! દરિદ્ર છે. આહા..હા..! દરિદ્રને શું તમારે રોગીને શું કહે? દીન નહિ, દરિદ્ર એ નહિ. દર્દી છે. ભાષા ભૂલી જવાય છે ભાઈ તમારી. ચંદુભાઈએ લખ્યું હતું. દરિદ્ર નહિ દર્દી. એય..! દરિદ્ર જુદું અને દર્દી જુદું. એવો આવ્યો હતો કાગળ ભાઈનો વજુભાઈનો. મને પણ બરાબર ઠીક નથી, .. એવું કાંઈક લખ્યું હતું. આહા..હા..!

અહીં કહે છે એને દર્દ છે, મિથ્યાત્વનું દર્દ છે. આહા..હા..! ક્ષય રોગ છે એને મોટો. આહા..હા..! 'રાગ તે હું' અને 'આત્મા તે રાગ' એ મોટો ક્ષય છે. મોટું ક્ષય રોગનું દર્દ છે એને. આહા..હા..! ભલે આમ રાતા-પીળા બહારમાં ફરે. આહા..હા..! ભગવાન આનંદના નાથને પર્યાયમાં ઘા વાગે છે. આહા..હા..! લોહીજાણ જેમ થાય માણસને છરા વાગે ને શરીરમાં લોહી આમ હાલી નીકળે. કહ્યું હતુંને એક ફેરી ખસમાં બે ગરાસિયા હતા તે બે વિરોધી અને બહાર ગયા, ગયા ને .. થઈ મોટી. ગરાસિયા બે. એમાં એકને એવો માર્યો... ત્યાં ગામમાં પેસતા મરવાની તૈયારી થોડા વખત પછી, પણ ગામમાં ચાલતો એકલો આવ્યો અને ચારેકોર લોહીના ... ચાલ્યા. પગમાં પગરખામાં લોહી ભરાણા અને પચરક-પચરક લોહી બોલે ચાલતા ગામમાં પેસતા. ગરાસિયાને એટલે. એ.. દરબાર! એને જરી અંદર... આમ ગામમાં પેઠો, જોઈ શકે નહિ લોકો. એટલા છરા મારેલા. લોહીના આખા ધારા અને પગમાં પગરખાં પહેરીને પગરખામાં લોહી જાણ. ત્યાં પચરક-પચરક બોલે, લોહી ઉડે. એ પહોંચ્યો

ઘરે અને પછી થોડા વખતમાં મરી ગયો. પણ એને લોહીજાણ આમ. એમ ત્રણલોકનો નાથ આનંદનો નાથ પ્રભુ એને મિથ્યાત્વના ઘાથી લોહીજાણ થઈ ગયા છે એને. પર્યાયમાં હોં, દ્રવ્યમાં નહિ. આહા..હા..! મોટો દર્દી છે. આહા..હા..! અરેરે! જઈને ક્યાં પોઢે છે? નિગોદમાં જાય છે. આહા..હા..! જ્યાં એક શરીરમાં અનંતા ભેગા. એના અસ્તિત્વની કબુલાત અંદરથી આવવી જોઈએ. આ છે, આ બધું એ છે. આહા..હા..!

અહીં કહે છે કે સંયમ તો એને કહીએ કે ક્રિયાકાંડ જે રાગાદિ વ્યવહાર એ સંયમ નહિ. આમ તો પોકાર કરે છે. વાંધો એ છે કે વ્યવહાર સાધન ઉડાવી દેશો તો શ્રાવકપણું અને મુનિપણું નહિ રહે એમ કહે છે. પણ શ્રાવક-મુનિપણું હજી ક્યાં છે ખરેખર? એ તારા વ્રત છે એ તો વિકલ્પ અને રાગ છે. ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. જ્ઞાન તે સંયમ છે. જ્ઞાન જ. એમ છેને? પાઠ એમ છેને. '**ज्ञानमेव**' આહા..હા..! '**ज्ञानमेव संयमः**' સંસ્કૃતમાં છે. એ પુણ્ય અને ક્રિયા દયા, દાન, વ્રતની એ કોઈ સંયમ નથી અને એ આત્મા નથી. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય પર્યાયમાં રમણતામાં જામી જાય છે એ આત્મા છે, એને સંયમ કહીએ. આહા..હા..! સંયમ કોઈ દેહની ક્રિયા નહિ, સંયમ કોઈ દયા, દાન, વ્રતના વિકલ્પ ઉઠે એ સંયમ નહિ. એનાથી તો જુદો છે. ભલે અહીંયાં પુણ્ય-પાપ એની પર્યાયમાં કહેશે, પણ એ વિભ્રમને લઈને ઉત્પન્ન થાય એમ સિદ્ધ કરશે પાછું. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે,...**' ઈ શું કહે છે? કે ભાઈ આ અગિયાર અંગનું જ્ઞાન અને સૂત્રનું જ્ઞાન ને બાર અંગનું જ્ઞાન એ કોઈ શબ્દો છે ઈ? અહીં સમ્યગ્જ્ઞાનના વિકાસમાં જે અંગનું જ્ઞાન થાય સ્વને આશ્રયે તે આત્મા છે. ભાવશ્રુત. સમજાણું કાંઈ? એમ કે આ અગિયાર અંગ ને બાર અંગ અને આ ને ચૌદ પૂર્વ એ શબ્દો લખ્યા છે અને એનું જ્ઞાન થાય છે એ જ્ઞાન નહિ, અચેતન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો ભગવત્ સ્વરૂપની ભાગવત કથા છે. નિયમસારમાં આવે છેને. છેલ્લે શબ્દ આવે છે. છેલ્લી ગાથામાં. ભાગવત કથા છે. ભગવંત સ્વરૂપ પ્રભુ! અરે! એ કોણ છે? બાપુ! ચૈતન્યરત્નાકર. આહા..હા..! એને ચૈતન્યરત્નાકરમાં રમતું માંડી રમત. આત્મરામ. આહા..હા..! પોતાના બગીચાની પરિણતિમાં રમે છે. આહા..હા..! ઘરનો એ બગીચો આનંદનો છે. એમાં રમતું, રમે તેને સંયમ કહીએ. તેને અંગ પૂર્વનું જ્ઞાન એ ઉઘડેલા જ્ઞાનને સ્વના આશ્રયે તેને જ્ઞાન કહીએ. લખ્યા જ્ઞાન અને અંગ પૂર્વ એ નહિ. અને અંગ પૂર્વનું લક્ષ કરીને પરલક્ષથી જે ધારણા થઈ તે પણ આત્મા નહિ. આહા..હા..! બે શબ્દો વાપર્યા છેને.

**શ્રોતા :-** પુણ્ય-પાપને આત્મા કહે અને પરલક્ષી જ્ઞાન પોતાનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નહિ, અહીં તો પછી એની પર્યાયમાં છે માટે આત્મા કહેશે, પણ ઉત્પન્ન કેમ થાય છે? કે વિભ્રમને લઈને ઉત્પન્ન થાય છે. એ એની પર્યાયમાં સિદ્ધ

કરવું છે. પરમાં નથી થતું એ સિદ્ધ કરવું છે. એમ અહીં પણ થાય એની પર્યાયમાં પરલક્ષી પણ એ વસ્તુ પરસત્તાવલંબી બંધનું કારણ છે. આ પણ બંધનું કારણ પુણ્ય-પાપ છે, પણ છે એની પર્યાયમાં. એમ ઓલું જે પરજ્ઞાન છે, છે એની પર્યાયમાં, પણ એ ખરેખર આત્મા નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા પોતાની પરિણતિમાં ધારાવાહી શાંતિ પ્રગટે, ધારાવાહી આનંદની ધારા આવે એવી પરિણતિ જે છે એનો જેટલો વિકાસ થયો તો એ અંગ અને પૂર્વ એ જ્ઞાનની પર્યાય પોતાની છે. એ પોતાને આશ્રયે પ્રગટેલી પોતાની છે. એ અંગ પૂર્વ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે આવ્યું '**જ્ઞાન જ ધર્મ-અધર્મ છે,...**' અહીં આત્માને સિદ્ધ કરવો છે. સમજાણું કાંઈ? આત્મા પરથી ભિન્ન છે, તો શુભ-અશુભભાવ છે એ એની પર્યાયમાં છે અને તેથી તે આત્મા એની પર્યાયને આત્મા કહીને કહેવું છેને અહીં તો? ત્રિકાળી આત્મા તો આત્મા છે, પણ અહીં સમ્યગ્દર્શન સંયમને, અંગપૂર્વની પર્યાયને નિર્મળને આત્મા કહ્યો એવો જે નિર્મળ પર્યાયથી વિરુદ્ધ પણ છે પર્યાય એનામાં માટે એને આત્મા કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક બાજુ કહે કે પુણ્ય અને પાપના પરિણામ એ પુદ્‌ગલના પરિણામ કહી અને પછી પુદ્‌ગલ કહી દીધા છે. પુદ્‌ગલ જ છે ઈ. આહા..હા..! કેમકે પુરાવું અને ગળવું, ઓછું-વત્તું, ઘટ-વધ થવી એ દશા જેમ પુદ્‌ગલની છે, એમ એ પરિણામની ઘટવધ થાય છે એ બધા પુદ્‌ગલ છે. એક ધારાવાહી ભગવાન બિરાજે છે તે આત્મા અને તેને આશ્રયે થયેલી પર્યાય એકધારાવાહી નિર્મળ એને આત્મા કહે છે. આહા..હા..! આવું છે. હવે આમાં ચર્ચા અને વાર્તા શેની? ઓલા બિચારાએ તો લખ્યું કે ભાઈ બહિષ્કાર ન કરવો. આજે જ આવ્યું છે કે દિગંબર નથી. એમ ઘોષણા સાધુએ કરી છે હવે. અરે! પ્રભુ! તમે માનેલા જે દિગંબરો છે એવા દિગંબર આ નથી. એ વાત સાચી. આહા..હા..! દિગંબર કોને કહેવા ભાઈ? જેને વિકલ્પનું અંતર વસ્ત્ર નથી, સમ્યગ્દર્શનમાં. મુનિ થાય તેને આ વસ્ત્રનો વિકલ્પ નથી લેવાનો. અહીં વિકલ્પ છે પણ એ વિકલ્પ એનો નથી. એ વિકલ્પનું આચ્છાદન ભગવાનને નથી. આહા..હા..! જેમ વસ્ત્રનું આચ્છાદન સંતોને નથી એમ વિકલ્પનું આચ્છાદન શુભ આદિનું એ વસ્તુમાં નથી. આહા..હા..! એવી ચીજને અંદર જે અનુભવે અને સમ્યગ્દર્શન એને અહીં દિગંબરનો સમકિતી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? નવરંગભાઈ! આહા..હા..!

એ '**જ્ઞાન જ ધર્મ-અધર્મ...**' શબ્દ વાપર્યો છેને? પાઠમાં જ છે. પુણ્ય અને પાપના ભાવ.. કેમકે એ બધી પર્યાયો અશુદ્ધતાની છે અને શુદ્ધતાની પર્યાય જો એમાં અશુદ્ધતાની કાઢી નાખો તો આત્મા સિદ્ધ થાતો નથી. તેથી મોક્ષમાર્ગમાં કહ્યું કે શુદ્ધાશુદ્ધ પર્યાયનો પિંડ તે આત્મા. હવે એ તે શુદ્ધાશુદ્ધનો પર્યાયનો પિંડ એટલે ત્યાં અશુદ્ધતા ગઈ તે અંદર રહી નથી. ત્યાં તો પરિણામિકભાવે થઈ ગઈ છે. આહા..હા..! અરે! ક્ષયોપશમભાવનો પર્યાય એક સમયનો છે એ બીજે સમયે અંદરમાં જાય છે, ડૂબકી મારે છે. આહા..હા..! ત્યાં તો

એ પારિણામિકભાવે થઈ જાય છે. આહા..હા..! એ અવધિ ક્ષયોપશમભાવરૂપ પર્યાય અંદર ગઈ તો ત્યાં ક્ષયોપશમરૂપ રહે છે એમ નથી. આહા..હા..! જ્યારે એ પર્યાયને એની કહેવી છે, એનામાં જાય છેને? એથી અશુદ્ધ અને શુદ્ધ પર્યાયના પિંડને મોક્ષમાર્ગમાં બે ઠેકાણે આત્મા કીધો છે. સમજાણું કાંઈ? એટલે લોકોને એમ થઈ જાય કે અશુદ્ધ પર્યાય જે અનાદિની છે એ એક વર્તમાન છે ભલે (પ્રગટ હો), પણ અનાદિની નથી તો એ બધી અંદર હશે? શુદ્ધ-અશુદ્ધ પર્યાયના પિંડને આત્મા કહ્યો ત્યાં તો મોક્ષમાર્ગપ્રકાશમાં. એનો અર્થ એ કે આત્માને ત્યાં સિદ્ધ કરવો છે કે જો અશુદ્ધ પર્યાયો છે એને કાઢી નાખશો તો આત્મા ત્રિકાળી છે પર્યાયનો એ વસ્તુ સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ? અહીં એ વાત લેવી છે.

એનામાં પુણ્ય અને પાપની પર્યાય છે, અશુદ્ધ છે અને તે અશુદ્ધને અહીંયાં આત્મા કહ્યો છે. કેમકે સાધકને પણ અશુદ્ધતા અસંખ્ય સમય સુધી, સાત-આઠ ભવ કરે ત્યાં સુધી એ પર્યાય રહે છે. સમજાણું કાંઈ? તેથી એ પર્યાયનો જો સરવાળો કાઢી નાખો અને એક જ સમયની અશુદ્ધતા રહો તો એ ગુણની પર્યાયનો અંશ છે એ બધા અંશો વિનાનો ગુણ (ઠરશે) તો એ સિદ્ધ નહિ થાય ગુણ. ન્યાય સમજાય છે? આહા..હા..!

એ ગુણની જે પર્યાય થઈ અનાદિશાંત અશુદ્ધ અને પછી શુદ્ધ સાદિઅનંત, એ બધી પર્યાયનો સમૂહ તે આત્મા એમ કહ્યું. કેમકે જો એમાંથી અશુદ્ધતા કાઢી નાખો તો એ ગુણનું શુદ્ધ અને અશુદ્ધ પર્યાયનું આખું સ્વરૂપ તે ગુણ અને એ બધા ગુણનું સ્વરૂપ તે આત્મા. તો એમાં આત્મા સિદ્ધ થતો નથી અશુદ્ધતા કાઢી નાખો તો. ન્યાય સમજાય છે? પ્રવિણભાઈ! આહા..હા..! રામજીભાઈ કહે છે કે અમારા ઘણા બોલ આવે એક કલાકમાં એમ કહે છે. એ તો પકડી શકે છે હોં પણ એમ કે કેટલા પકડવા અમારે બધાને, એમ કહે છે. કહો, મોટાણી! આહા..હા..! ભાઈ! જગતના ધંધામાં અનેક પ્રકારના નથી રાખતા? હજારો ચીજ ઘરમાં હોય એની ત્રણ પટ્ટી ખ્યાલ રાખે. અમારે આણંદજી હતો એ ત્રણ પટ્ટી (ખ્યાલ રાખતો). જે ભાવે આવી હોય ચીજ એની ખબર હોય, કેટલી ખપી ગઈ એની ખબર હોય અને નવા ક્યા ભાવ છે એના અને નવા ભાવની કેટલી આવી ચીજ છે એ બધી એને ખ્યાલ હોય.

**શ્રોતા** :- એ તો કોઈકને એવી યાદશક્તિ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ હોય છે વેપારીને. વેપારી બધું જાણે. એમાં હજારો ચીજ તે શું છે? દવાવાળા દવા ન જાણે?

**શ્રોતા** :- બીજાને...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ કોકને ન હોય એ જુદું, પણ અંદર હોય એને રસ છેને રસ. જ્યાં રસ છે ત્યાં રુચિ જામે છે અને જામે છે ત્યાં ધારણા એની વિકાસ પામે છે. આહા..હા..!

અહીં કહે છે કે આત્મા જ પુણ્ય અને પાપ છે. આહા..હા..! અહીં જ્ઞાનીને માટે કહ્યું

છે એમ અહીં નથી અત્યારે. ફક્ત આત્મા આવો છે એટલું અહીં સિદ્ધ કરવું છે અને એ જ્ઞાની એને એ રીતે જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..! શુભ-અશુભભાવ અનાદિશાંત એટલો બધો કાળ અશુદ્ધતા પર્યાયની થઈ, હવે એ અશુદ્ધતા જો નથી જ એમ કહો તો તો એ ગુણ જ સિદ્ધ થતો નથી અને એક ગુણ સિદ્ધ થતો નથી તો અનંતાગુણની અશુદ્ધ જેટલા ગુણની એ અનંત તો આપણે કાઢી નથી અંદરથી. ૩૧ ગુણ કાઢ્યા હતા એક ફેરી અશુદ્ધ થવાના વિચાર કરીને એક ફેરી. પણ બીજા ઘણા અશુદ્ધના. કારણ કે એક એક આત્મામાં અનંતા સામાન્ય ગુણ છે અને અનંતા વિશેષગુણ છે. સામાન્યના છ બોલ લીધા છે એ તો ટૂંકું સમજાવવા માટે. બાકી તો એક એક ભગવાન આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ એવા સામાન્ય ગુણો કે જે બીજામાં નથી એવા અનંતા છે એમ કહ્યું છે. ક્યાં? પરમાત્મપ્રકાશમાં. પરમાત્મપ્રકાશમાં એમ કહ્યું છે કે ભગવાન આત્મામાં અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રદેશત્વ આદિ જે છ બોલ કહ્યા તો વધારે નથી? અરે! બાપુ! અનંતા છે. આહા..હા..! પણ એ વાણી દ્વારા કેટલા કહેવા? સમજાણું કાંઈ? અને સામાન્ય જે અસ્તિત્વ આદિ અનંતા છે અને વિશેષ જ્ઞાન, દર્શન આદિ પણ અનંતા છે. અસ્તિત્વ, વસ્તુત્વ એ સામાન્ય, પોતામાં પણ છે અને પરમાં પણ છે. પણ આત્મામાં છે અને બીજામાં નથી એવા પણ અનંતા ગુણો આત્મામાં છે. આહા..હા..!

**શ્રોતા :-** બધું અનંતુ જ આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! અનંત-અનંત ગુણનો દરિયો છેને અને એક એક ગુણમાં પણ બીજા અનંત ગુણોનું રૂપ છેને. જેમકે જ્ઞાન છે અને અસ્તિત્વગુણ પણ છે. તો અસ્તિત્વ ગુણ છે તે જ્ઞાનગુણમાં ન આવે, પણ જ્ઞાન છે, જ્ઞાન છે એ 'છે'પણું કાંઈ અસ્તિત્વ ગુણને લઈને નથી આવ્યું એમાં. સમજાણું કાંઈ? એ જ્ઞાન, જ્ઞાન છે એ 'છે'પણું જે જ્ઞાનમાં આવ્યું છે એ અસ્તિત્વગુણને લઈને નથી આવ્યું. અસ્તિત્વગુણ એમાં નથી ગયો માટે છે, પણ અસ્તિત્વગુણનું ત્યાં રૂપ છે, એ એનું સ્વરૂપ છે. એ જ્ઞાનનું અસ્તિત્વગુણનું રૂપ તે જ્ઞાનનું સ્વરૂપ છે. આહા..હા..! અસ્તિત્વગુણ જુદો છે. કાંઈ ગુણને આશ્રયે ગુણ છે? શાસ્ત્રમાં પાઠ એવો છે. '**द्रव्याश्रया निर्गुणा गुणा**'. વસ્તુના આશ્રયે ગુણ તે નિર્ગુણાગુણા--ગુણમાં ગુણ નહિ. ત્યારે હવે એને જ્યારે એમ કહો કે જ્ઞાનમાં અસ્તિત્વ ગુણ છે તો એ ગુણને આશ્રયે બીજો ગુણ આવી ગયો, તો એ ગુણ દ્રવ્ય થઈ ગયો અને બીજો ગુણ તે ગુણ થઈ ગયો, એમ છે નહિ. આહા..હા..! '**द्रव्याश्रया निर्गुणा गुणा**'. આ સિદ્ધાંત છે તત્ત્વાર્થસૂત્રનું ઉમાસ્વામીનું. આ વસ્તુને આશ્રયે જે ગુણ તેને નિર્ગુણગુણ, ગુણમાં ગુણ નહિ, પણ દ્રવ્યને આશ્રયે ગુણ તેને અમે ગુણ કહીએ છીએ. તો જ્ઞાનગુણમાં અસ્તિત્વગુણને લઈને જ્ઞાનગુણ છે તો તો ગુણને આશ્રયે બીજો ગુણ આવી ગયો. એમ નથી, પણ જ્ઞાન છે એવો અસ્તિરૂપ જ્ઞાનનો પોતાનો સ્વભાવ છે. જ્ઞાન છે એ અસ્તિરૂપ એનું સ્વરૂપ જ

પોતાનું એવું છે. એમ દર્શન છે એ છે એવું પોતાના જ સ્વરૂપને લઈને છે એ અસ્તિનું રૂપ છે. અસ્તિગુણ નહિ પણ એનું રૂપ છે. આહા..હા..! હવે આવું કેટલું યાદ રાખવું રામજીભાઈ કહે છે. ખીલે બંધાય એવું છે પાક્કું. દ્રવ્યથી કહેવાણું છે કે આ પર્યાયથી કહેવાણું છે? એને ખીલે બાંધવું જોઈએ. આહા..હા..!

જ્યાં આખું દ્રવ્ય એમ કહે ત્યાં તો કહે કે કેવળજ્ઞાનની પર્યાયને દ્રવ્ય અડ્યું નથી. આહા..હા..! અવ્યક્ત બોલ આવે છેને. અલિંગગ્રહણમાં આવે છે. આહા..હા..! દ્રવ્ય, ગુણ વિશેષને આલિંગન કરતી નથી. આહા..હા..! અભેદ વસ્તુ તે ભેદને આલિંગન કરતી જ નથી. અને દ્રવ્ય છે તે પર્યાયને આલિંગન કરતું નથી. અરે! પ્રભુ! નિર્મળ પર્યાય હોય તોપણ? ત્યાં કહે છે કે એ પર્યાયનું અસ્તિત્વ અને દ્રવ્યનું, ગુણનું અસ્તિત્વ બે ભિન્ન-ભિન્ન છે. એ તો પરની અપેક્ષાથી લે એટલે એનું છે એમ કીધું, પણ એના જ્યારે બે ભાગ પાડવા હોય ત્યારે એ પર્યાયને દ્રવ્ય અડ્યું નથી, સામાન્ય વિશેષમાં આવતું નથી અને વિશેષ સામાન્યને અડતું નથી. આહા..હા..! આ વીતરાગમાર્ગની ગંભીર શૈલી છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે... ૭૩ ગાથામાં એમ કહ્યું કે વિકારનો સ્વામી પુદ્‌ગલ છે. ત્યાં ૭૫-૭૬માં એમ કહ્યું કે અંતરંગમાં જે રાગ-દ્વેષ આદિ થાય છે તે પુદ્‌ગલ છે. બહિરંગમાં જે કર્મ અને શરીર છે એ તો પુદ્‌ગલ છે જ પણ અંતરંગમાં પુણ્ય-પાપ અને દયા-દાનના ભાવ થાય એ નિમિત્તના અવલંબે એ પણ પુદ્‌ગલ છે. સમજાણું કાંઈ? એની પણ તકરાર હતી પ્રેમચંદજી છે એક, સનાવત. એ કહે કે અંતરંગમાં રાગ-દ્વેષ લીધા છે જીવના એ જડના લેવા. ચર્ચા ચાલતી હતી ત્યાં ખંડવામાં. ભાઈ! એમ નથી. માણસને પછી અભિમાન ચડી જાય છેને. હું જાણું છું અને મેં જાણ્યું એમાં આ ભૂલ નીકળી? તો એને ભૂલ બેસે નહિ. કર્તાકર્મમાં આવે છેને ૭૫? બાહ્ય અને અભ્યંતર જે છે એ બધું જડ છે. તો જડ છે એટલે ઓલા રાગ-દ્વેષ લીધા એ પરમાણુમાં જડ લેવા એમ. એમ નથી. ત્યાં તો ભાવ દયા, દાન, વિકલ્પ જે ઉઠે છે એ સ્વભાવનો જેમાં અભાવ છે અને સ્વભાવમાં જેનો અભાવ છે એ અપેક્ષાએ તેને જડ કીધા છે. એ જડનો સ્વામી એ જડ એનો સ્વામી છે. આહા..હા..! અને નયમાં લીધું ત્યાં કે જેટલા અશુદ્ધ પરિણામ અને શુદ્ધ પરિણામ છે એનો સ્વામી અધિષ્ઠાતા ઈશ્વર આત્મા છે. જેમ જગતનો અધિષ્ઠાતા અજ્ઞાની ઈશ્વરને કહે છેને? એમ અહીં કહે છે કે પુણ્ય-પાપના પરિણામ અને ધર્મના પરિણામનો અધિષ્ઠાતા આત્મા છે. અધિષ્ઠાતાનો અર્થ ત્યાં સ્વામી લીધો.

હવે એક બાજુ અહીં કહે કે પુણ્ય-પાપનો સ્વામી કર્મ છે. ત્યાં એમ કહે કે પુણ્ય-પાપનો સ્વામી આત્મા છે. અહીં એમ કહે કે પુણ્ય-પાપ તે આત્મા છે. કઈ અપેક્ષાએ છે કીધું એ વાતને સમજવી જોઈએ. સમજાણું કાંઈ? એક જ જેનો બનેવી અને સાળો બે હોય તો કઈ અપેક્ષાએ કહ્યું છે એ ઓળખે છે કે નહિ? ભાઈ મારી બહેન છે એની વેરે માટે બનેવી

થાય છે, પણ એની કાકાની દિકરી મારે વેરે છે એ અપેક્ષાએ મારો સાળો થાય છે. એમ કહે કે નહિ? કે મૂંઝાઈ જાય? આહા..હા..!

**શ્રોતા :-** ત્યાં બધી ખબર પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યાં બધી ખબર પડે. ત્યાં એને શંકા ન પડે. અહીં પણ પરમાત્મા... આહા..હા..! એ શુભ અને અશુભ ચારિત્રગુણની વિપરીત પર્યાય, આનંદગુણની વિપરીત દુઃખપર્યાય, શ્રદ્ધાગુણની વિપરીત મિથ્યાત્વ પર્યાય એ બધી પર્યાયો એનામાં છે. એટલું. અહીં મિથ્યાત્વને રાખ્યું નથી, પુણ્ય-પાપને રાખ્યું છે. કેમકે પુણ્ય-પાપની ઉત્પત્તિ પર્યાયમાં છે અને એની ઉત્પત્તિ વિભ્રમને લઈને છે એમ સિદ્ધ કરવું છે.

**શ્રોતા :-** એ તો મિથ્યાત્વના પરિણામ છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ મિથ્યાત્વના પરિણામને રાખ્યા જ નથી એણે. એ ભ્રમ. એવી શૈલી છે. આહા..હા..! પણ છે એની પર્યાયમાં એમ કહે છે. અને તે આત્મા છે એમ કહ્યું છે. ઝીણી વાત છે, ભાઈ! આહા..! વર્ષ બેસતું છે. ૩૪ વર્ષ બેસે છે. આહા..હા..! તો કાંઈક એણે નવીન જાણવું પડશે કે નહિ? નવા વર્ષનું નવું. આહા..હા..!

ભાઈ! પરમાત્મા ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ ઇન્દ્રોની સમક્ષમાં એકભવતારી અને ઇન્દ્રો અને ઇન્દ્રાણી એકભવતારી સુધર્મ દેવલોકના ઇન્દ્ર અને એની ઇન્દ્રાણી એક ભવે મોક્ષ જનારા છે. દેવનો છેલ્લો દેહ છે અને છેલ્લો મનુષ્યનો દેહ થઈને મોક્ષ જવાના છે. એ ભગવાનના સમવસરણમાં આવે છે. સીમંધર ભગવાનના, ત્યાં ભગવાનની વાણી તો આ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ તે પર્યાય કર્મની અને પર સ્વામી, પણ પર્યાયદૃષ્ટિથી જોઈએ તો તે તેની પર્યાયમાં તેનો ભાવ છે ઈ. આહા..હા..! અને પ્રવચનસારમાં આવે છેને ભાઈ! કે પુણ્ય-પાપના ભાવ સ્વઆશ્રયે થાય છે. એ શ્લોક છે. એમ કહો તો વિકારીભાવ સ્વને આશ્રયે ન હોય, નિમિત્તને આશ્રયે હોય, છતાં..

**શ્રોતા :-** પોતપોતાનો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છેને પ્રવચનસારમાં છે. ત્યાં કીધું પ્રવચનસારમાં કે એ પુણ્ય-પાપના ભાવ કે મિથ્યાત્વભાવ એ સ્વઆશ્રય એટલે કે એની પર્યાયમાં થાય છે. સ્વઆશ્રય શબ્દ છે ત્યાં. પ્રવચનસાર. સમજાણું કાંઈ? એક બાજુ કહે કે વિકારી નિમિત્તને આધીન થાય છે, પરને આશ્રયે થાય છે. સ્વને આશ્રયે થાય એ તો નિર્મળ પર્યાય થાય. પરને આશ્રયે થાય તે પુદ્ગલ પરિણામ કહેવાય. આહા..હા..! ત્યાં એમ કહે કે સ્વને આશ્રયે થાય છે એ આત્મા છે. આહા..હા..!

**શ્રોતા :-** એનો દોષ બતાવવો હોય ત્યારે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દોષ એની પર્યાયમાં (થાય છે). એ દોષની પર્યાયો જે અનંત

થઈ અને ઘણાં ગુણોની જે છે એ કાઢી નાખો તો એ ગુણ જ સિદ્ધ નહિ થાય. આહા..હા..! સમજાય છે કાંઈ? આ ઉપરટપકે સાંભળે-બાંભળે તો પત્તો ખાય એવું નથી આ. આહા..હા..!

કહે છે કે પુણ્ય અને પાપ જ્ઞાન જ છે. 'જ' છે શબ્દ પાછો જોયું! છેને? આહા..હા..! **'ज्ञानमेवाङ्गपूर्वरूपं सूत्रं, ज्ञानमेव धर्माधर्मौ,'** જુઓ ત્યાં પણ એમ છે સંસ્કૃત. **'ज्ञानमेव धर्माधर्मौ,'** આહા..હા..! કહેવાનો આશય તો એ છે કે એનો એ પર્યાય છે. જો પર્યાય એનો કાઢી નાખો તો અનંતી પર્યાયનો જો અભાવ થાય તો ત્યાં ગુણ જ આખો સિદ્ધ નહિ થાય અને આખો ગુણ સિદ્ધ નહિ થાય તો દ્રવ્ય જ ત્રિકાળી અશુદ્ધ શુદ્ધ પર્યાયનો પિંડ જે કહેવામાં આવે એ સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ? આહા..હા..! પાછી જે અશુદ્ધ પર્યાયો ગઈ એ ડૂબકી મારીને અંદરમાં ગઈ છે. શું કીધું નહિ જળમાં? ગુળુપ ગુળુપ અંદર ગઈ. અશુદ્ધતા ગઈ છે અંદર? એની યોગ્યતાના ભાવ ત્યાં અંદર રહ્યા છે પારિણામિકભાવમાં. આહા..હા..! અને ભવિષ્યની જે પર્યાય થવાની છે શુદ્ધ કે અશુદ્ધ એની પણ યોગ્યતા એનામાં રહેલી છે વર્તમાનમાં. આહા..હા..! સમજાણું કાંઈ? ઘણાં પ્રકાર પડે, ભગવાનજીભાઈ! આ બધું સમજવું પડશે. દુનિયાના ડાહ્યા થઈને ફરે. આવો માર્ગ છેને, ભગવાન! આહા..હા..! તારી લીલા તો જો. ઓલા કહે કે કોઈ ઈશ્વરની લીલા. નહિ, આ તારી જ લીલા છે. વિકારમાં આવ તો પણ તું અને નિર્વિકારમાં આવ તો પણ તું. આહા..હા..!

**શ્રોતા :-** આશ્ચર્ય ઉપજાવે એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આશ્ચર્ય... અદ્ભૂત. અદ્ભૂતા અદભૂતં નથી કહ્યું છેલ્લું? છેલ્લા કળશમાં કહ્યું અદ્ભૂતા અદ્ભૂતં. આહા..હા..! પર્યાયથી અનેકને જાણે, વસ્તુથી એકરૂપ છે. આહા..હા..! બાકી એક તો અધ્યાત્મ પંચસંગ્રહ (છે) એમાં એક બોલ એવો લીધો છે કે પ્રભુ! તું સાંભળ એકવાર કે જ્ઞાનની એક સમયની પર્યાય કેવળની એ દરેકને ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... કરીને જાણે અને એની સાથે દર્શનની પર્યાય કોઈપણને ભિન્ન પાડ્યા વિના કે આ જીવ છે, જડ છે એમ નહિ, એ તો સત્તાનું સામાન્યરૂપે દર્શન કરે. આથી એક જ પર્યાય અભિન્નપણે જાણે અને એક જ પર્યાય ભિન્ન-ભિન્ન અનંતા (જાણે). આ પર્યાય, આ ગુણ, આ દ્રવ્ય, આ પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. એક એક અવિભાગ પ્રતિચ્છેદને જ્ઞાન ભિન્ન કરીને જાણે. આહા..હા..! અને તેની સાથે રહેલી દર્શનની પર્યાય, આ જીવ કે અજીવ એવું પણ જ્યાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ લીધું છે એમાં. એ અદ્ભૂત રસ છે. એમ લખ્યું છે. પંચસંગ્રહ લઈ ગયા હતાને હમણાં. વાંચવા લઈ ગયા હતા ત્યાં. એમાં છે અદ્ભૂત. આમ ઉપર પાને છે. અદ્ભૂત રસ આ બાજુના પાને પહેલા. પહેલા એટલે પહેલા પાનામાં નહિ, વચમાં. આહા..હા..! અદ્ભૂતા અદ્ભૂતં. એક સમયની પર્યાય, પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ તેને એક એકને ભિન્ન ભિન્ન જાણે અને તે સમયમાં રહેલી બીજી દર્શનની પર્યાય આ જીવ અને જડ એવો

પણ ભેદ કર્યા વિના (દેખે). આહા..હા..! એ વસ્તુનો સ્વભાવ જ કોઈ અદ્ભૂત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહ્યું નહોતું? લ્યો! કે એક જ આત્મા. આહા..હા..! અનંત-અનંત કેવળજ્ઞાનની પર્યાયે પરિણમે છતાં દ્રવ્ય અને ગુણ તો જેવા છે તેવા જ રહ્યા છે. આહા..હા..! અને તે ગુણ અને દ્રવ્યમાં વધ-ઘટ કાંઈ થઈ નથી. પર્યાયમાં આવડી મોટી પર્યાય ત્રણકાળ, ત્રણલોકને જાણે એવી આવી અને સાધારણમાં તો મતિજ્ઞાનનો પર્યાય અનંતમા ભાગે હતો, છતાં દ્રવ્ય અને ગુણમાં વધ-ઘટ નથી અને કેવળજ્ઞાન થતાં પણ કોઈ ત્યાં વધ-ઘટ નથી. આહા..હા..! એ કોઈ ચૈતન્યનો ચમત્કાર સ્વભાવ (છે). આહા..હા..! એ સ્વભાવ એવો છે. સ્વભાવમાં તર્ક કામ ન આવે. અગ્નિ ઉષ્ણ કેમ? કેમ એટલે શું? સ્વભાવ છે. આહા..હા..! આંગળી સ્પર્શને અડતી નથી. તો અડ્યા વિના શી રીતે મેળવણી કરશે? આહા..હા..! અગ્નિની પર્યાય પાણી ઊનું થાય તેને અડતી નથી. આહા..હા..! આ આંગળી છે એ અગ્નિને આમ અડતી જ નથી અને અગ્નિ આંગળીને અડતી નથી, છતાં ત્યાં ઉષ્ણતા થાય છે એ પરમાણુનો પોતાનો પર્યાય સ્વભાવ છે માટે. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા એનું જ્ઞાન અલૌકિક છે. આહા..હા..! એનો જ્ઞાનનો પાર સમ્યગ્જ્ઞાન પામી શકે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** એમાં ક્યાંય ફેર આવે એવું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાંય ત્રણકાળમાં ફેર કેવો? ફેર કેવા? આહા..હા..! નિઃસંદેહ, નિઃસંશય. નિઃશંક પહેલો ગુણ કહ્યો છેને. વસ્તુ જ એવી છે. આહા..હા..! એ તો બીજું પણ નહોતું કહ્યું? કે કેવળજ્ઞાનના પર્યાયના જેટલા અવિભાગ પ્રતિચ્છેદ છે, એટલા જ બીજે સમયે, એટલા જ ત્રીજે સમયે એવા અનંતકાળ થાય તો એ અનંતા અવિભાગ પ્રતિચ્છેદનો સરવાળો ન કરાય. અવિભાગ પ્રતિચ્છેદ તો એક સમયના છે તેટલા તેટલા જ છે અને તે પણ શક્તિમાં પણ તેટલા જ છે. આહા..હા..! હવે બહાર આટલા આવ્યા તોપણ શક્તિમાં તો એટલાને એટલા જ છે એમ કહે છે. શું કહે છે આ? ભાઈ! પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. એક પર્યાય અનંતા કેવળીને જાણે છે. શ્રુતજ્ઞાનની પર્યાય પણ એવડી છે. એ પરોક્ષ-પ્રત્યક્ષમાં ફેર છે. આહા..હા..!

જે પર્યાયમાં... આહા..હા..! અનંતા... અનંતા... અનંતા... દ્રવ્ય-ગુણ-પર્યાય જણાય અને એ પર્યાયનું સ્વરૂપ જેટલું છે તેટલું જ બીજે સમયે, તેટલું જ ત્રીજે સમયે, તેટલું જ અનંત કાળ, તો એ અનંતકાળનો સરવાળો થઈને અનંતા અવિભાગ પ્રતિચ્છેદ છે એમ નહિ. આહા..હા..! એ વીતરાગી વસ્તુ છે. આહા..હા..! જેમાં તર્કને પહોંચી શકતો નથી. એક શબ્દ આવે છેને. અગુરુલઘુ. પંચાસ્તિકાય. અગુરુલઘુ દરેક ગુણનો પર્યાયનો સ્વભાવ. કેવળજ્ઞાન પણ અગુરુલઘુની પર્યાપણે ષટ્ગુણહાનિવૃદ્ધિપણે પરિણમે છે. કેવળજ્ઞાનની પર્યાય પણ એક

જ સમયે અનંતગુણ અધિક, અસંખ્યગુણ અધિક, સંખ્યગુણ અધિક, અનંતગુણ હીણ, અસંખ્યગુણ હીણ, સંખ્યગુણ હીણ એ એક સમયની પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ (પરિણમે) છતાં કેવળની પર્યાય ત્રણકાળ, ત્રણલોકને જાણે એમાં કોઈ વધઘટ થતી નથી. સમજાણું કાંઈ? એ પંચાસ્તિકાયમાં લીધું છે ટીકામાં. એ આગમ પ્રમાણ છે એમ પાઠ છે. બાપુ! એમ કે જો શ્રુતજ્ઞાનમાં આવું બધું આવી જાય તો કેવળજ્ઞાનમાં શું બાકી રહેશે? આહા..હા..!

**શ્રોતા :-** આગમ પ્રમાણ કહેવું અને આગમમાં જોતા મળતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આગમ પ્રમાણમાં છે. આગમ પ્રમાણ એટલે એ કહે છે તેમ જાણી લેવું એમ. આહા..હા..! પંચાસ્તિકાયમાં છે, ટીકા છે.

**શ્રોતા :-** આગમ જોવા જઈએ તો કહે કે કેવળીગમ્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આગમ એટલે? એ આગમમાં જે કહ્યું છે એ આગમ ગમ્ય રાખવું. તારા તર્કથી નહિ બેસે ત્યાં એમ કહે છે. આહા..હા..! એવો જ કોઈ અદ્‌ભૂત, અદ્‌ભૂતાત અદ્‌ભૂત સ્વભાવ ચૈતન્યનો છે. એ છેલ્લા કળશમાં છે પાછળના કળશમાં. અદ્‌ભૂતા અદ્‌ભૂતં. આહા..હા..! પર્યાયના અવિભાગ પ્રતિચ્છેદ અનંતા. સરવાળો ન કરવો. એટલા ને એટલા રહે છે. અહીં પણ એટલું બહાર આવ્યું છતાં ત્યાં એટલા ને એટલા રહે છે. એટલા ને એટલા રહે છે. આ તો વાત નીકળી ત્યારે (ખુલાસા થાય). ઝીણી પડે પણ હવે માર્ગ બીજો શું છે હવે. આહા..હા..! એ વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાયનું માહાત્મ્ય છે. જે માહાત્મ્ય એના સાધારણ તર્કથી નહિ બેસી શકે. શ્રુતજ્ઞાનમાં એનું પાધરું પ્રત્યક્ષ થઈ જશે તો પછી કેવળજ્ઞાનમાં વિશેષતા રહી શું એને જાણવાની? આહા..હા..! એ કેવળજ્ઞાન જાણે છે. ગુણની એક એક પર્યાયમાં ષટ્ગુણ હાનિવૃદ્ધિ. કેવળજ્ઞાનનો એક સમયનો પર્યાય એમાં ષટ્ગુણ એક સમયમાં હોં! એક સમયમાં હાનિ અને બીજે સમયે વૃદ્ધિ એમ નહિ. જે સમયે અનંતગુણ વૃદ્ધિ તે જ સમયે અનંતગુણ હાનિ. આહા..હા..!

**શ્રોતા :-** વૃદ્ધિ અને હાનિ મગજમાં બેસતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કહે છેને તેથી કહે છેને. તેથી કહીએ છીએને.

**શ્રોતા :-** એક બાજુ એમ કહે શ્રુતજ્ઞાનમાં અને કેવળજ્ઞાનમાં માત્ર પ્રત્યક્ષ અને પરોક્ષનો જ ફેર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ પ્રત્યક્ષ થયું નથી એટલું એનો અર્થ ઈ. પરોક્ષ શ્રદ્ધામાં આવ્યું છે. પ્રત્યક્ષ નથી થયું. પ્રત્યક્ષ સ્વનું થયું છે, પણ આ ભાવ આવા એવું પ્રત્યક્ષ થયું નથી ત્યાં. એમાં પણ બે ભેદ છે. સ્વને માટે પ્રત્યક્ષ છે. મતિ-શ્રુતને લીધું છેને. સ્વને માટે પ્રત્યક્ષ છે અને પરને માટે પરોક્ષ છે. કેમકે એ પરનું હજી પ્રત્યક્ષ થયું નથી. આહા..હા..! એ રૂપે આખી દશા થઈ જાય ત્યારે પ્રત્યક્ષ કહેવાય છે એમ કહે છે. આહા..હા..! આ બધું નીકળે છે પુણ્ય-પાપમાંથી. આહા..હા..!

એક બાજુ એમ કહે કે શુભભાવથી બંધાયેલું તીર્થંકરગોત્ર પણ ઝેરનું ઝાડ. આહા..હા..! એક બાજુ એમ કહે કે અશુભભાવ તીવ્ર રૌદ્રધ્યાનના હોય તોપણ તે આત્મા છે. પ્રવિણભાઈ! આવું છે, બાપુ! આવું વર્ષ બેસતું છેને, બાપુ! આહા..હા..! ત્રણલોકના નાથ તીર્થંકરે કહ્યું એ ક્યાંય અત્યારે છે નહિ. આહા..હા..! ક્યાં ગયા શાંતિભાઈ કામદાર? ત્યાં બેઠા છે પાછળ. એ ત્રણે ભેગા બેઠા છે. તમારા જેવા સજ્જન માણસ હોય એણે ગામમાં કાંઈક સમાધાન કરવું જોઈએ કે નહિ? અમદાવાદમાં તકરાર ઝઘડા એવા હોય? હરિભાઈ જેવા માણસ ત્યાં છે. આહા..હા..! આવો માર્ગ, બાપા! આહા..હા..!

**શ્રોતા :-** તકરાર અને ઝઘડા કરે એ આત્મા...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય તો એનામાં છેને. આહા..હા..! વાત સાચી. આહા..હા..! પણ પછી કહેશે કે એ શુભ-અશુભની ઉત્પત્તિ છે પર્યાય આત્મા, પણ ઉત્પત્તિ વિભ્રમને લઈને છે. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાયદૃષ્ટિ દ્રવ્યદૃષ્ટિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બસ એ વાત છે. આવો માર્ગ છે, ભાઈ! તું એવી જાતનો છોને નાથ! આહા..હા..! તું પ્રભુ છો, ભાઈ! તું ભગવાન છો, તારામાં ઉણપ (નથી). બહેનનું નથી સૂત્ર એક? એય..! રસીકભાઈ! અમારે રસીકભાઈ કહે કે કાંઈક બોલજો. બહેનનો બોલ બોલજો એમ કહેતા હતા. આ વીંછીયાવાળા ભાઈ છેને આપણે ત્યાં. આહા..હા..! કનકને કાટ ન હોય. એ સોનાને કાટ ન હોય, એ અગ્નિમાં ઉધઈ ન હોય. આહા..હા..! કેટલી ભાષા સાદી અને સૈદ્ધાંતિક. એમ ભગવાન આત્મા દ્રવ્યસ્વભાવને આવરણ ન હોય. ભગવાનના સ્વભાવમાં ઉણપ ન હોય, એના સ્વભાવમાં અશુદ્ધતા ન હોય. આહા..હા..! હવે અહીંયાં અશુદ્ધતા કહે. રતિભાઈ! આવું ગંભીર છે. બધા પૈસા ભેગા કરોડ કરવામાં આવી મહેનત કોઈ દિ' પડી નથી ત્યાં. આહા..હા..!

જુઓ, ત્યાં એમ કીધું કે અશુદ્ધતા નથી, આવરણ નથી અને ઉણપ નથી એ વસ્તુના સ્વભાવની અપેક્ષાએ. પર્યાયમાં ભાવઆવરણ છે, દ્રવ્યઆવરણ નિમિત્ત છે એ નહિ. ૧૬મી ગાથામાં આવ્યુંને પ્રવચનસાર. દ્રવ્યભાવ ઘાતિકર્મ, દ્રવ્યભાવ બે ઘાતિકર્મ છે. જડ છે એ દ્રવ્યઘાતિકર્મ અને પોતાની યોગ્યતા એવી છે કે એ ભાવઘાતિકર્મ છે. આહા..હા..! હવે અહીં રાડ પાડે છે કે કર્મને લઈને ઘાતિકર્મ કીધા માટે આત્માની પર્યાયને ઘાતે. ભાઈ! એ તો નિમિત્તના કથન છે. પરદ્રવ્ય પરદ્રવ્યને છુએ નહિ, અડે નહિ અને ઘાત કરે? એમ છે નહિ. આહા..હા..! પંચાસ્તિકામાં ભાઈ! એમ નથી કહ્યું? વિષયનો પ્રતિબદ્ધ થોડો છે એને લઈને અટકેલો છે, એ એને આવરણ છે. આહા..હા..! વિષયને ઓછું જાણવામાં અટક્યો છે એ એને આવરણ છે. લાલચંદભાઈ! પંચાસ્તિકાયમાં છે. આહા..હા..! કર્મ-ફર્મની વાત ન લ્યો. ઓછો વિષય કરે છે એમાં અટક્યો છે તે એને આગળ વધવા દેતો નથી. આહા..હા..!

હવે આજ તો ઘણી જુદી જુદી જાત આવી ગઈ હોં!

**શ્રોતા** :- પર્યાયની લીલા બતાવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લીલા છે. આહા..હા..! ત્રણલોકના નાથ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એના માર્ગમાં આ રીત છે, ભાઈ! બીજે ક્યાંય છે નહિ. આહા..હા..! સવારે આવી. આહા..હા..!

એ જ્ઞાન જ પુણ્ય અને પાપ છે. આહા..હા..! એ અશુદ્ધતા તે આત્મામાં છે પર્યાયમાં. ત્રિકાળમાં અશુદ્ધતા, ઉણપ અને આવરણ છે નહિ. પર્યાયમાં આવરણ, અશુદ્ધતા અને ઉણપ પર્યાયમાં છે. આહા..હા..! વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ-૩, રવિવાર, તા. ૧૩-૧૧-૧૯૭૭, ગાથા-૩૯૦ થી ૪૦૪, પ્રવચન નં. ૫૦૮

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર, સમયસાર, અહીં આવ્યું છે. અધિકાર શું છે? કે આત્માથી જે ભિન્ન ચીજ છે, એનાથી ભિન્ન ચીજ છે અને આત્માના ગુણ પર્યાયો છે તે અભિન્ન ચીજ છે. અહીંયાં સામાન્ય-વિશેષ, એના દ્રવ્ય-ગુણ સામાન્ય છે અને વિશેષ નિર્મળ પર્યાય કે મલિન પર્યાય એ બધું વસ્તુનું સ્વરૂપ છે એમ અહીં સિદ્ધ કરવું છે. આહા..હા..!

**શ્રોતા** :- દ્રવ્ય અને વિકારી પર્યાય બંને ભિન્ન ચીજ છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ બીજી રીતે કહ્યું. જ્યારે કાઢી નખાવા માગે ત્યારે એનો સ્વભાવ નથી, એ પુદ્ગલના છે, ઝેર છે એમ કહે. અહીંયાં તો સામાન્ય-વિશેષરૂપ વસ્તુ છે, એ વસ્તુને પરની અપેક્ષા નથી. પુણ્ય અને પાપના ભાવ થાય એમાં એ પરની અપેક્ષા નથી. એની પર્યાયનો યોગ્યતાનો સ્વતઃ સ્વ ધર્મ છે. આહા..હા..!

**શ્રોતા** :- ભ્રમણા છે એમ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પછી કહેશે, પછી કહેશે. એની પર્યાય કહીને પછી કહે છે કે ઉત્પન્ન કેમ થાય છે એની પર્યાયમાં? ભ્રમને લઈને થાય છે. પણ આ સિદ્ધ કર્યા પછી. ઝીણી વાત છે. ઘણાં અધિકારોમાં તો એમ આવે કે ભગવાન શુદ્ધ ચૈતન્યઘન છે અને એ પુણ્ય અને પાપના ભાવ અજીવ છે, કર્મ તેનો સ્વામી છે અને દુઃખ તેનું ફળ છે, માટે એ પુદ્ગલ છે. આહા..હા..! અહીંયાં તો વસ્તુ છેને અંદર જુઓને. ઓલો કળશ છે આનો કળશ છે એમાં એ સિદ્ધ કર્યું છે. કળશ છેને ભાઈ! '**अन्येभ्यो व्यक्तिरिक्तमात्मनियतं बिभ्रत्पृथग्वस्तुता**' ત્યાં કળશ છે કળશ ૨૩૫. '**पृथक्-वस्तुताम् बिभ्रत्**' એટલી વાત સિદ્ધ

કરવી છે. પરદ્રવ્યથી પૃથક્ ભગવાન આત્મા એની વિકારી કે અવિકારી પર્યાય એનામાં છે. એમ કહીને... અંદર છે? **'પૃથક્ વસ્તુપણાને ધારતું (-વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષાત્મક હોવાથી પોતે પણ સામાન્યવિશેષાત્મકપણાને ધારતું થકું),...'** છે અર્થમાં? ૨૩૫.

અહીંયાં તો વસ્તુ સામાન્ય જે છે ત્રિકાળી ધ્રુવ અને વિશેષ છે નિર્મળ પર્યાય કે મલિન, એ વિશેષમાં જાય છે. એ સામાન્ય અને વિશેષ વસ્તુસ્વરૂપ છે. પરની સાથેનો સંબંધ અહીંયાં કંઈ કામ નથી. આહા..હા..! એ પર્યાયની... દૃષ્ટિના પ્રધાનપણે કથન આવ્યું ત્યાં તો બધું એમ જ આવ્યું. અહીં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં જેનો જે પર્યાય એનો છે તે જાણે. આહા..હા..! ચાહે તો રૌદ્રધ્યાનના પરિણામ હો, આર્તધ્યાનના હો, હિંસા, જૂઠું, ચોરી, વિષયના ભાવના હો, કે દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ (હો), પણ એ આત્માની પર્યાય છે. અહીં તો જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે પુણ્ય અને પાપ એમ કહેવું છેને. આહા..હા..! કેટલી અપેક્ષાઓ છેને. કેમકે એ પુણ્ય અને પાપ તારી પર્યાયમાં વિશેષરૂપે તારામાં થાય છે. સમજાણું કાંઈ? બીજી ચીજ નિમિત્ત હો, તો નિમિત્ત કાંઈ કર્તા નથી. આહા..હા..!

એ અહીં કહે છે કે જ્યારે પરથી ભિન્ન છે અને **'જ્ઞાન જ સમ્યગ્દૃષ્ટિ છે...'** ત્યાંથી લીધું છે. નીચે લેશે એમાં સર્વ દર્શનાદિ જીવસ્વભાવો સાથે અવ્યતિરેક લેશે. એ દર્શન એટલે સમ્યગ્દર્શનથી માંડીને એમ. ત્યાં દર્શન એમ લેવું. નીચે લેશે. ટીકા જ છે એ બધી. બેય ટીકા જ છે. સમ્યગ્દર્શન છે એ આત્મા છે અને પુણ્ય અને પાપના ભાવ એ પણ આત્મા છે. આહા..હા..! ઝીણો વિષય છે, ભાઈ! એકાંત કોઈ ખેંચે તો એ વાત (નથી). વીતરાગનો માર્ગ દ્રવ્ય અને પર્યાય અનેકાંત છે. આહા..હા..!

એક સમયે એમ કહે કે શુભ અને અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ પણ એ પુદ્ગલ છે પુદ્ગલ, એ જીવ નહિ. એ જીવના ત્રિકાળી સ્વભાવનો આશ્રય કરવા અને તેના આશ્રયથી વિકાર દૂર થાય છે તેથી તેને તે વિકાર તેનો નથી, પણ કર્મનો છે એમ કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? પણ અહીંયાં કહે છે કે... અહીંયા સર્વવિશુદ્ધજ્ઞાન છેને આ? જેમ પ્રવચનસારમાં જ્ઞાન અધિકારમાં પુણ્ય અને પાપના મિથ્યાત્વાદિ ભાવ એ પુણ્ય-પાપ આદિના ભાવનો કર્તા જીવ છે, ભોક્તા પણ જીવ છે (એમ કહ્યું). આહા..હા..! ત્યાં પરિણમે તે કર્તા અને ભોગવે તે ભોક્તા એટલી અપેક્ષા લઈને ત્યાં વિકારનો કર્તા જીવ છે. ગણધરનો આત્મા હોય કે તીર્થંકરનો આત્મા છદ્મસ્થમાં હોય પણ એ આહારનો વિકલ્પ ઉઠે કે પંચમહાવ્રતનો જે વિકલ્પ છે એ પરિણમન જીવનું છે, એ જીવના અસ્તિત્વમાં થાય છે, જીવનું એ સત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ તો શાંતિનો માર્ગ છે, બાપુ! પણ પછી કહેશે. પહેલું તો સમ્યગ્દર્શન-જ્ઞાન છે. જ્ઞાન એટલે આત્મા. આત્મા જ સંયમ છે. આત્મા સંયમ સ્વરૂપની રમણતા, જ્ઞાનસ્વભાવી આત્મામાં સન્મુખ થઈને લીનતા એ આત્મા છે. કેમકે આત્માની શુદ્ધતાના સ્વભાવમાંથી પ્રગટેલી શુદ્ધતા

છે એ શુદ્ધતાને અહીંયાં સંયમ કહેવામાં આવે છે. આહા..હા..!

અને '**જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે,...**' આ બાર અંગ છે અને અગિયાર અંગ છે એમ કહેવાય છે શાસ્ત્રો લખેલા અને પાના એ નહિ. અહીં ઉઘડેલું જે જ્ઞાન અંગનું કે પૂર્વનું જે વિકાસ થયેલો સ્વને આશ્રયે તે અંગ પૂર્વ જ્ઞાન તે આત્મા છે. વાણી જે છે એ તો જડ છે, અજીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અરે! એણે કોઈ દિ' 'જુદો છું' એમ જાણ્યું નથી. અવતાર કર્યા કર્યા. એક રસ્તામાં ઘો નીકળી હતી ઘો મોટી. આમ જાતી હતી. આહા..હા..! આને કાંઈ ખબર છે કે હું કોણ છું અંદર? શરીર મળ્યું પાતળું, લાંબુ આમ ગતિ કરવા. ઘો સમજો છો? હિન્દીમાં શું કહે છે? ઘો કહે છે ઘો. પાતળી લાંબી. નોળ છે એ તો જરી પગ ઊંચા હોય. આ છે આમ પગ... મોટી આજ સામે દેખાતી હતી. એ બીવે. આહા..હા..! તો એ શરીર ઉપર નજર એને. આહા..હા..! શરીરની સ્થિતિ અનુકૂળ તે મને અનુકૂળ, મને નહિ હું અનુકૂળ, બસ. આહા..હા..! એની સ્થિતિમાં આહારાદિ અનુકૂળ મળે તો મને ઠીક પડે. આહા..હા..! એ શરીર ઉપર જ નજર છે એની. બીજી ભાષાએ કહીએ તો એની પર્યાય ઉપર નજર છે. પર્યાય શબ્દે અવસ્થા એના ઉપર નજર છે અને એ નજર લાંબી જાય તો રાગ ઉપર જાય અને એથી આઘી જાય તો શરીર ઉપર જાય. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાયનો અર્થ ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય શરીરે થાય છે અને પર્યાય જીવની અવસ્થા પણ થાય છે. બે પ્રકાર છે. આહા..હા..! ધ્રુવ જે છે ચિદાનંદ પ્રભુ ધ્રુવ. છે... છે... છે... છે... છે... છે... છે... છે... એ તો અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ, પણ એની બદલતી અવસ્થા વિચારો આદિ, શ્રદ્ધા આદિની બદલતી પર્યાય, એ પર્યાય પણ એનામાં છે. આહા..હા..! અને એની એ પર્યાયનો કર્તા એ દ્રવ્ય છે. દ્રવ્ય કહેવું એ અપેક્ષિત છે. બાકી તો ખરેખર તો દ્રવ્ય ધ્રુવ છે. એટલે પર્યાયનો કર્તા પર્યાય અને પર્યાયનું કારણ પણ પર્યાય છે. સમજાણું કાંઈ?

એ તો કહ્યું હતું નહિ? પ્રવચનસારમાં ત્યાં સુધી લીધું છે જ્ઞાન અધિકારમાં કે પુણ્ય અને પાપનો ભાવ એ આત્માના આશ્રયથી થાય છે. લે! એક બાજુ કહેવું કે આત્મા પવિત્ર છે અને એનો આશ્રય લે તો મલિનતા થાય જ નહિ. પાઠ આવો ટીકાનો સંસ્કૃત છે. એનો અર્થ કે પુણ્ય-પાપ આત્મામાં, આત્માથી પોતાની પર્યાય પોતાથી થાય છે એમ ત્યાં સિદ્ધ કરવું છે. આહા..હા..! અહીંયાં પણ એ સિદ્ધ કરવું છે કે જ્ઞાન જ પુણ્ય અને પાપ છે. આહા..હા..! જ્ઞાન શબ્દે આત્મા. આત્મા જ પુણ્ય અને પાપ છે. કેમકે એના અંશમાં અંશી જે ત્રિકાળી એ સિવાય અંશમાં એનામાં થાય છે. આહા..હા..! એ એનું વિશેષ સ્વરૂપ છે. સામાન્ય સ્વરૂપ છે એ તો ત્રિકાળી પ્રભુ છે. વિશેષ સ્વરૂપમાં મલિન અને નિર્મળ પર્યાય એ વિશેષ, એ સામાન્ય વિશેષ થઈને વસ્તુ છે. એનો એક અંશ કાઢી નાખશો કોઈ વિશેષનો

તો એ વસ્તુ સિદ્ધ નહિ થાય એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહ્યું ને, મનોહરલાલજીએ પ્રશ્ન કર્યો હતો ત્યાં જયપુરમાં. એમ કે આ વિકારને પુદ્‌ગલના પરિણામ કેમ કહ્યા? કીધું, એની જાત છે એમાં એ નથી અને નિમિત્તને વશ થઈને, નિમિત્તથી નહિ, નિમિત્તને વશ થઈને ઉત્પન્ન થાય તે જવમાંથી જવ થાય એમ પુદ્‌ગલમાંથી પુદ્‌ગલ થાય એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! ૬૮ ગાથામાં આવે છેને. જવમાંથી જવ થાય. ૬૮ કર્તાકર્મ (અધિકાર). એમ પુદ્‌ગલમાંથી ગુણસ્થાનના ભેદ પડે છે એમ કહે છે ત્યાં તો. આહા..હા..! દ્રવ્ય અને પર્યાય એ બે સ્વરૂપ એનું છે. અહીં પરમેશ્વરને સિદ્ધ એ કરવું છે. સમજાણું કાંઈ? પછી એ કહેશે કે અહીં તો પુણ્ય અને પાપ બેય આત્મા જ છે. આહા..હા..! એક વાત.

અને '**જ્ઞાન જ પ્રવ્રજ્યા (દીક્ષા, નિશ્ચયચારિત્ર) છે,...**' છે? આ દીક્ષા-લૂગડા ફેરવ્યા અને પંચમહાવ્રતના પરિણામ કર્યા માટે દીક્ષા છે એમ નહિ. આહા..હા..! નગ્નપણું ધારણ કર્યું અને પંચમહાવ્રતના પરિણામ એ દીક્ષા નહિ, એ તો દખ્યા છે, દુઃખિયા છે. આહા..હા..! સંસારી પ્રાણી જે સંસારના ધંધા, પાણી આદિ કરે છે એ તો પાપ છે. ઘણો વખત તો એમાં જાય છેને? પોપટભાઈ! બાયડી, છોકરાને સાચવ્યા અને આ પૈસા થયા ને નામ કાઢ્યા બહાર ને આ કાઢ્યા. ફલાણાની કંપની અને ફલાણાનો દીકરો અને ફલાણાનું... આહા..હા..! એમાં પાપના કાળમાં એનો ઘણો કાળ જાય છે. હવે અહીં તો એમ કહે છે કે કોઈ દયા, દાનના ભાવ થાય તોપણ એ ખરેખર તો એ ચારિત્ર નથી. આહા..હા..!

**શ્રોતા :-** ચારિત્ર નથી પણ જીવની પર્યાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જીવની પર્યાય છે એમ કીધું પહેલું, પણ એ ચારિત્ર નથી. અહીં પાછો ચારિત્રનો અધિકાર છેને, ચારિત્ર સિદ્ધ કરવું છે. ચારિત્ર સિદ્ધ કરવું છે માટે એનામાં છે, એને પરસમય ગણીને સ્વસમયમાં આવ અને એને છોડ એમ સિદ્ધ કરવું છે. પરસમય છે ઈ, પણ છે તારી પર્યાયમાં. આહા..હા..! અરે! એને ક્યાં હો..હા.. હો..હા.. બહારની. દુનિયામાં ખૂંચી ગયો બહારમાં. આ ને તે ને આ ને તે. અરેરે! મારું શું? આહા..હા..! ઘો દેખીને તો ઘણાં વિચાર આવી ગયા હતા અંદર. આહા..હા..! અરેરે! આ કે દિ' માણસ થાય? એમાં આર્યકુળ કે દિ' મળે? એમાં જૈનકુળ કે દિ' મળે? એમાં પણ જૈનની વાસ્તવિક સ્થિતિની જે પરંપરા એમાં જન્મ કે દિ' થાય? અને એમાં પણ વાસ્તવિક સત્ય સાંભળવાનો વખત ક્યારે આવે? આહા..હા..! દુર્લભ છે, બાપા! ભગવાન! આહા..હા..!

વાદિરાજ તો કહે છે... વાદિરાજ મુનિ હતા. કોઢ હતોને જરી કોઢ. પ્રભુ! છે તો મુનિ, વીતરાગદશા છે, આત્મા તે ચારિત્ર છે, પણ હજી વિકલ્પ ઉઠે છે ત્યારે (કહે છે), પ્રભુ! હું જ્યારે ભૂતકાળના દુઃખને યાદ કરું છું... મુનિ કહે છે હોં! આહા..હા..! આયુધનો, શસ્ત્રનો ઘા વાગે એમ ઘા વાગે છે અંદર. આહા..હા..!

**શ્રોતા :-** વીતરાગ છે તેમને કેવો ઘા વાગે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ રાગ છે. એ ઘા વાગે છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! મુનિરાજ સાચા સંત જેને ત્રણ કષાયનો (અભાવ છે). આ પ્રવ્રજ્યા ચાલે છેને?

**'જ્ઞાન જ પ્રવ્રજ્યા છે,...'** એવી જેને આત્માના આનંદની પરિણતિ (વર્તે છે), સમ્યગ્દર્શન ઉપરાંત સ્વરૂપમાં રમઝટ વાગી છે જેને. આહા..હા..! એ ચારિત્ર તે આત્મા છે. એ આત્મા ચારિત્રવંત છે, આત્મા છે, એ મુનિરાજ એમ કહે છે. આહા..હા..! મિથ્યાદષ્ટિના પાપ અને દુઃખની વાતું શું કરવી? આહા..હા..! અવ્રતી સમકિતીના પણ પાપના પરિણામ છે આર્ત-રૌદ્રધ્યાન એના દુઃખનું શું કહેવું? આહા..હા..! મુનિરાજ વીતરાગપણામાં ઝૂલે છે એ કહે છે અરેરે! અમે જ્યાં દુઃખને યાદ કરીએ છીએ, એટલે કે મૂળ તો વિકલ્પ છે એમ સિદ્ધ કરે છે. અમે જ્યાં પૂર્વના દુઃખ નિગોદના, એ પશુના... આહા..હા..! અરે! એમાં હું હતો. એ ભોગવવામાં કોઈ બીજો હતો એમ નથી. આહા..હા..! એ દુઃખના દહાડા યાદ કરીએ છીએ ત્યાં ઘા વાગે છે. આહા..હા..! કહો, શાંતિભાઈ! અહીં તો ક્યાં અહીં તો લહેર કરે છે બધો. આહા..હા..! કાંઈક પાંચ-પચાસ લાખ મળ્યા, ધૂળ મળી ને કાંઈક ઓલું થાય તો બસ. આહા..! ફાલ્યા ફૂલ્યા. શેમાં? પાપમાં. આહા..હા..! આવા મુનિ પોતે કહે છે. આહા..હા..! પ્રભુ! મારા આનંદને ભૂલીને હું અનંતકાળમાં એવો દુઃખી થયો કે દુઃખને જ્યાં યાદ કરું ત્યાં શસ્ત્ર ઘા વાગે છે અંદર. એટલે ઓલો વિકલ્પ ઉઠે છેને દુઃખ લાગે છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સાચા સંત, પંચપરમેષ્ઠીમાં મળેલા સંત એનો આ પોકાર છે. આહા..હા..!

અહીં તો કાંઈ ખબરેય ન મળે હજી તત્ત્વ શું છે? સમ્યગ્દર્શન કેમ થાય? કેમ થાય એમ હોં! અને સમ્યગ્દર્શન હોય તો શું હોય? ખબરું ન મળે અને માને છે અમે મજામાં છીએ. ઠીક બાપા! શું થાય? ભાઈ! તારા દુઃખના દહાડા અનંત ગયા એમાં આના આ દહાડા પાછા દુઃખના તું ઉભા કરે છે. સમજાણું કાંઈ? અહીં સિદ્ધ શું કરવું છે? કે શુભ-અશુભભાવ આત્મા છે તેમ ચારિત્ર પણ આત્મા છે, હવે એને શુભ-અશુભભાવને ઉડાડવા માટે વાત બીજી કરશે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! સમયસાર ભરતક્ષેત્રમાં કેવળજ્ઞાનીને ભૂલાવે એવી ચીજ છે! આહા..હા..!

કહે છે કે દીક્ષા એ નિશ્ચયચારિત્ર એ આત્મા છે. આહા..હા..! અહીં તો પંચમહાવ્રતના ઠેકાણા ન મળે, અઠ્યાવીશ મૂળગુણને પાળવાના ઠેકાણા ન મળે અને અમે ચારિત્રવંત છીએ. પ્રભુ! તને લાભ નથી, ભાઈ! એ તારા અનાદરની વાતું નથી. ભગવાન! તું તો સ્વરૂપ આનંદ છોને. તારો અનાદર કોણ કરે? પણ અમાં ભૂલ જે છે પર્યાયની, એ ભૂલ શું ચીજ છે? કે તને ચારિત્ર જેને કહેવું એ તો છે નહિ અને પંચમહાવ્રતના ક્રિયાના પરિણામ જોઈએ તે સરખા નથી અને અમે ચારિત્રવંત છીએ, પ્રભુ! તને નુકસાન છે એમાં. આહા..હા..!

એ તારો ધંધો નુકસાનનો છે, ભાઈ! આહા..હા..! એ લાભનો ધંધો નહિ. આહા..હા..! ...ભાઈ! આહા..હા..! વાણિયા તો નફાનો ધંધો કરે. આહા..હા..!

કહે છે કે આત્મા '**જ પ્રવ્રજ્યા છે...**' એ જ્ઞાન શબ્દે ત્યાં આત્મા લેવો. નિર્મળાનંદ આત્મા પોતે જ પ્રવ્રજ્યા છે. આહા..હા..! જેને બાહ્યથી તો નગ્નદશા અને કોઈ પંચમહાવ્રતના વિકલ્પ પણ ઉઠે એ કોઈ ચારિત્ર નથી. આહા..હા..! ચારિત્ર તો આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન અકષાયસ્વભાવ એટલે કે ચારિત્રસ્વરૂપ જ પ્રભુ છે. એમાંથી ચારિત્રની રમણતા પર્યાયમાં પ્રગટ થાય, જેમાં રાગનો આશ્રય અને અવલંબન નહિ, જેમાં ત્રણલોકનો નાથ પ્રભુ જેના અવલંબે ચારિત્રદશા પ્રગટી તે આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એમ જ્ઞાનનો જીવપર્યાયોની સાથે...**' જ્ઞાન શબ્દે આત્મા. '**જીવ પર્યાયોની સાથે...**' મલિન અને નિર્મળ બેય લેવી. આહા..હા..! સમજાણું કાંઈ? '**જીવ પર્યાયોની સાથે અવ્યતિરેક નિશ્ચયસાધિત દેખવો (અર્થાત્ નિશ્ચય વડે સિદ્ધ થયેલો સમજવો-અનુભવવો).** ' આહા..હા..! જ્ઞાનની વાત છેને અહીંયાં? ભગવાન આત્મા દ્રવ્ય-ગુણે તો ત્રિકાળી શુદ્ધ છે, પણ પર્યાયમાં શુદ્ધતા તે આત્મા અને પર્યાયમાં અશુદ્ધતા તે પણ આત્મા. આહા..હા..! એમ.. છે? જ્ઞાન એટલે આત્માનો જીવ પર્યાયનો એટલે આત્માની પર્યાયનો એમ. પર્યાય શબ્દે ત્યાં મલિન અને નિર્મળ બેય. આહા..હા..! એની સાથે પણ અવ્યતિરેક એટલે જુદાઈ ન સાધવી. '**નિશ્ચય વડે સિદ્ધ થયેલો સમજવો-અનુભવવો**).' આહા..હા..! હવે એટલું સિદ્ધ કરીને... આહા..હા..!

'**હવે, એ પ્રમાણે સર્વ પરદ્રવ્યો સાથે વ્યતિરેક વડે...**' પરદ્રવ્ય એટલે શરીર, કર્મ, વાણી અને દેવ-ગુરુ-શાસ્ત્ર. એનાથી જુદાઈ વડે '**અને સર્વ દર્શનાદિ...**' પહેલું આવ્યું હતુંને સમ્યગ્દર્શન? જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે. એ ત્યાંથી દર્શન લેવું. આહા..હા..! દર્શન, જ્ઞાન, ચારિત્ર એ '**સર્વ દર્શનાદિ જીવસ્વભાવો સાથે અવ્યતિરેક વડે...**' આહા..હા..! ત્યાં તો પુણ્ય-પાપના ભાવને જીવસ્વભાવ સાથે એમ કીધું. આહા..હા..! ત્રિકાળ નહિ. અહીં તો '**જીવસ્વભાવો સાથે અવ્યતિરેક વડે...**' જુદાઈ નહિ માટે '**અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિને દૂર કરતું થકું,...**' આહા..હા..! જીવના સ્વભાવ સાથે અવ્યતિરેક વડે અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિને દૂર કરતું થકું. હવે અહીંયાં આવ્યું. '**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...**' પુણ્ય અને પાપની ઉત્પત્તિ પ્રભુ તારી પર્યાયમાં છે અને તેને અમે આત્મા કહ્યો, પણ તે પુણ્ય અને પાપની ઉત્પત્તિ... આહા..હા..! સ્વરૂપના ભાન વિના ભ્રમણાથી ઉત્પન્ન થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! શરીર, વાણી, કર્મ, પૈસો, મકાન, ધૂળધાણી એની સાથે તો કાંઈ સંબંધ નથી. આહા..હા..! પણ તારામાં થતાં પુણ્ય અને પાપના પરસમયરૂપે પણ છે આત્માની પર્યાય. આહા..હા..! એને જુદાઈ વડે-જુદાં નહિ કરતા એમ. અતિવ્યાપ્તિ-પોતામાં નથી અને પરમાં છે માટે એ અતિવ્યાપ્તિ દૂર થઈ ગઈ. અવ્યાપ્તિ-પરમાં વ્યાપે છે અને પોતામાં નથી

વ્યાપ્યું એ દૂર થઈ ગયું. પુણ્ય-પાપ પોતામાં વ્યાપે છે, પરમાં વ્યાપતું નથી. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનો માર્ગ એ આત્મામાં વ્યાપે છે, પરમાં વ્યાપતો નથી. ઓલું બહુ સાંભળેલું હોયને નિશ્ચયનું. નવરંગભાઈ! એવું લાગે કે આ તે શું કહે છે? ભાઈ! બાપા! અહીં તો પ્રભુનો માર્ગ તો દ્રવ્ય અને પર્યાય બે નયે છે, બે નયે છે. બે નય આદરવાલાયક છે એ પ્રશ્ન નથી, પણ બે નયે તેને સિદ્ધ ભગવાન કરે છે. પ્રભુનો માર્ગ બે નયનો છે. વ્યવહારનય અને નિશ્ચયનય, પર્યાયનય અને દ્રવ્યનય બેયનો માર્ગ છે. પણ તે વ્યવહારને માર્ગે નિશ્ચય પ્રાપ્ત થાય એમ નહિ. એ તો સવારમાં ન આવ્યું? કારણાંતરથી પ્રાપ્ત થાય એવું નથી. સવારમાં આવ્યું હતું.

ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવનો ભરેલો પ્રભુ સાગર એની રમતમાં એકાગ્ર થઈને મોક્ષનો માર્ગ થાય અને મોક્ષ થાય. એ કારણથી અનેરા કારણે દયા, દાન, વ્રત, ભક્તિના કારણે આત્માની પ્રાપ્તિ થાય એમ છે નહિ. આહા..હા..! આવા સ્પષ્ટ લેખો, એની ટીકા કરવી પાછી કે નહિ, દયા, દાન, વ્રત, તપસ્યા મુનિઓ કરે છે એ બધા સાધન છે. એમ કે એનાથી સાધ્ય થશે. અહીં કારણાંતરનો નિષેધ કરે છે. આહા..હા..! ભાઈ! આ નિષેધ કરીને પ્રવ્રજ્યા સિદ્ધ કરવી છે હવે. શુભાશુભભાવમાં રહે એ પ્રવ્રજ્યા નથી. છે ભલે એની પર્યાય. સમજાણું કાંઈ?

'**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...**' જેનું. કોનું? શુભ-અશુભનું. શુભ-અશુભભાવ જે પર્યાયમાં થાય તેને આત્મા કહ્યો, પણ એની ઉત્પત્તિનું મૂળિયું વિભ્રમ-મિથ્યાત્વ છે. આહા..હા..! છે? આમાં શબ્દો પડ્યા છેને. આહા..હા..! '**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...**' જેમ ચરિત્ત (ખલુ) ધમ્મો પણ એનું મૂળ '**दंसणं मुलो धम्मो**'. સ્વરૂપની રમણતા વીતરાગી દશા એ ચારિત્ર તે ધર્મ છે અને એ ધર્મનું મૂળ દર્શન છે, સમકિત છે. આહા..હા..! હવે અહીં કહે છે કે પુણ્ય-પાપનું મૂળ મિથ્યા ભ્રમણા છે. શું કહ્યું સમજાણું? આહા..હા..! ત્યાં કહ્યું કે '**दंसणं मुलो धम्मो**' ધર્મ જે ચારિત્ર છે, આત્મામાં ચારિત્ર જે નિશ્ચયચારિત્ર કહ્યું એ ધર્મ છે. વીતરાગદશામાં રમતા જે દશા થાય એ આનંદની દશા તે ચારિત્ર છે, એ ધર્મ છે. ચરિતં ખલુ ધમ્મો. ચારિત્ર નિશ્ચય ધર્મ અને ધર્મનું મૂળ '**दंसणं मुलो धम्मो**'. એ ચારિત્રનું મૂળ પાછું દર્શન છે. '**दंसणं मुलो धम्मो**' સમકિત જેનું મૂળ છે, એ પછી ચારિત્ર એનું ફળ છે. અહીં કહે છે કે એ પુણ્ય-પાપનું મૂળ શું? જે ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે, ત્યારે પુણ્ય-પાપ અચારિત્રનું મૂળ શું? આહા..હા..! સમજાણું આમાં? આહા..હા..! શું કીધું ઈ?

અષ્ટપાહુડમાં કહ્યુંને પહેલા પ્રાભૃતમાં કે '**दंसणं मुलो धम्मो**' ધર્મ એ ચારિત્ર વીતરાગી દશા નિશ્ચયચારિત્ર ધર્મ એ. કેમકે ધર્મી એવો જે આત્મા તેનો અકષાય વીતરાગી સ્વભાવ તે પરિણતિએ પરિણમ્યો એવું ચારિત્ર તે ધર્મ છે. પણ એ ચારિત્રનું મૂળ '**दंसणं मुलो धम्मो**'. '**दंसणं**' જેનું મૂળ છે એવો ધર્મ. સમ્યગ્દર્શન મૂળ છે એવો ધર્મ. હવે વિભ્રમ જેનું

મૂળ છે એવા શુભ-અશુભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? એને ભલે આત્મા કહ્યો, પણ ઉત્પત્તિ થાય છે એનું મૂળ કારણ શું? આહા..હા..! કેમકે કોઈ શક્તિ વિકાર કરે એવી શક્તિ તો છે નહિ. એ તો પર્યાયમાં છે એમ સિદ્ધ કર્યું છે. કોઈ ગુણ અનંતગુણ માયલો કોઈ ગુણ વિકાર કરે એવો કોઈ ગુણ જ નથી. ફક્ત પર્યાયલક્ષે દૃષ્ટિએ એ પુણ્ય અને પાપના ભાવ ઉત્પન્ન થાય છે. થાય છે ભલે એનામાં, પણ તેનું મૂળ અનાદિ વિભ્રમ જેનું મૂળ છે. આહા..હા..! ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે. ત્યારે પુણ્ય-પાપનું મૂળ મિથ્યાદર્શન છે. સમજાય છે કાંઈ? આહા..હા..! કેમકે એ પુણ્ય અને પાપના ભાવ એ અધર્મ છે એનું મૂળ કોણ? કે વિભ્રમ છે. અને વીતરાગી ચારિત્રનું મૂળ કોણ? કે સમ્યગ્દર્શન છે. આહા..હા..! કઈ શૈલી તો જુઓ, આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એને સત્ય વસ્તુ કાને પડે નહિ તે કયે રસ્તે જાય ત્યાં? આહા..હા..!

અહીં તો એ સિદ્ધ કરવું છે કે નિશ્ચયચારિત્ર છે એ આત્માની વીતરાગી દશા અને એ ધર્મ અને એ ધર્મ મોક્ષનું કારણ, પણ એ ધર્મનું મૂળ કોણ? કે '**दंसणं मुलो धम्मो**' દર્શન જેનું મૂળ છે તે ચારિત્ર. ત્યારે અહીં કહે છે કે પુણ્ય-પાપનું મૂળ કોણ હવે? કારણ કે એ અચારિત્ર છે, અધર્મ છે. ચારિત્ર એ ધર્મ છે અને પુણ્ય-પાપ એ અધર્મ છે. છે એની પર્યાયમાં. આહા..હા..! જુઓ તો શૈલી! આહા..હા..! '**અનાદિ વિભ્રમ...**' પાછું એ વિભ્રમ કાંઈ નવું નથી થયું કહે છે. અનાદિની ભ્રમણા (છે). ભગવાન આનંદના નાથને ભૂલી અને રાગના પ્રેમમાં મિથ્યાત્વના મૂળમાં શુભાશુભભાવ ઉત્પન્ન થાય છે. આહા..હા..! પછી થાય છેને? સમકિત થયા પછી થાય છેને? થાય છે એ તો જ્ઞાનમાં જ્ઞેય તરીકે છે. સમજાણું કાંઈ? આવો ઉપદેશ હવે. પરદેશમાંથી આવ્યા હોય અને સાંભળે (એને પૂછે કે) શું તમે સાંભળીને આવ્યા? કોણ જાણે કાંઈક એવું કહેતા હતા. ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે અને અધર્મનું મૂળ મિથ્યાદર્શન છે. અધર્મ કહો કે પુણ્ય-પાપ કહો. આહા..હા..! શું વાત!

'**અનાદિ વિભ્રમ જેનું...**' જેનું એટલે કોનું? પુણ્ય-પાપનું, શુભ-અશુભનું. એવા પરસમયને દૂર કરીને. આહા..હા..! અહીં તો ચારિત્ર લેવું છેને પાછું હવે. એ પુણ્ય-પાપ જે પરસમય છે. વળી પહેલાં કીધું હતું કે એ આત્મા છે. પણ એ અણાત્મા છે. પર્યાય તરીકે આત્મા છે, દ્રવ્ય તરીકે એ અણાત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો પ્રભુ તારા ઘરની વાત છેને. તું બાળક નથી, વૃદ્ધ નથી, યુવાન નથી, તું સ્ત્રી નથી, પુરુષ નથી, તું પર્યાય જેટલો નથી. આહા..હા..! અને એ પુણ્ય અને પાપની ઉત્પત્તિ અધર્મની મિથ્યાત્વ જેના મૂળિયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ પરમેશ્વરે જેણે પ્રત્યક્ષ જોયું છે. એ તો આવ્યું હતુંને સવારમાં નહિ? ઔષધી રસાયણ. જ્ઞાનની પર્યાયમાં રસાયણ આનંદની તરંગાવલી ઉઠે છે. જ્ઞાન જ્યાં પૂર્ણ પ્રગટે ત્યાં, જેમ રસાયણ ખાનારને જેમ તરંગ ઉઠે મસ્તીના... આહા..હા..! એમ જેને કેવળજ્ઞાન આત્માની પર્યાય પૂર્ણ પ્રગટી

એને અતીન્દ્રિય આનંદના તરંગો ઉઠે છે ભેગા હવે. આહા..હા..! એ અતીન્દ્રિય આનંદનું મૂળ ચારિત્ર, ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન. અહીં કહે છે કે પુણ્ય-પાપનું મૂળ મિથ્યાત્વ. એનું ફળ ચાર ગતિમાં રખડવું. આહા..હા..!

ઓલામાં ચારિત્ર ધર્મ એનું મૂળ સમ્યગ્દર્શન અને એનું ફળ ચારિત્ર એ મોક્ષનું કારણ, એનું ફળ વીતરાગતા. આહા..હા..! કેવળજ્ઞાન. આહા..હા..! ત્યારે અહીંયાં કહે છે... કઈ શૈલીએ વાત છે જુઓ તો ખરા. આહા..હા..! ગજબ વાત છેને! ભગવાન! તું પરમ સ્વરૂપે બિરાજમાન છો ધ્રુવ, એને તું ભૂલે છો ત્યારે ભ્રમણા ઉત્પન્ન થાય છે. ભગવાનને ભૂલે તેને ભ્રમણા થાય. અને ભ્રમણા જેનું મૂળ છે, પુણ્ય અને પાપના ભાવનું મૂળિયું ભ્રમણા છે. આહા..હા..! શું શૈલી! ગજબ વાત છે! આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! તીર્થંકર જિનેન્દ્રદેવ પરમાત્મા... આહા..હા..! જેના લોકના સ્વામી ઈન્દ્રો, અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર, અર્ધલોકનો સ્વામી ઈશાનેન્દ્ર, જેની વાણી સાંભળવા આવે એ ગલુડિયા જેમ કુતરીના હોય એમ બેસે. આહા..હા..! એ વાણીમાં આમ આવ્યું. પ્રભુ! તારો મોક્ષ જે છે પૂર્ણ આનંદ... મોક્ષ એટલે આત્માનો લાભ. આવે છે ક્યાંય? ક્યાં? નિયમસાર.

નિયમસારની શરૂઆતમાં આવે છે. આત્મલાભ તે મોક્ષ છે. આત્મા જેટલો છે જેવડો એ પ્રાપ્ત થવો તે મોક્ષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો આત્મા જેવો છે તેવો પર્યાયમાં પ્રાપ્ત થાય તેનું નામ મોક્ષ અને એ મોક્ષનું કારણ ચારિત્ર, વીતરાગદશા અને એ વીતરાગદશાનું મૂળ સમ્યગ્દર્શન. આહા..હા..! અને એનાથી હવે ઊલટું ગુલાંટ ખાય છે વાત કે પુણ્ય-પાપની ઉત્પત્તિ એનું ફળ ચાર ગતિ. ઓલામાં ફળ કેવળજ્ઞાન ચારિત્રનું અને આનું ફળ ચાર ગતિ રખડવાની. આહા..હા..! એનું કારણ પુણ્ય-પાપ અને પુણ્ય-પાપનું કારણ મિથ્યાદર્શન ભ્રમણા. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એક જણો કહેતો હતો કે તમે સમયસારના વખાણ કરો છો, બહુ ઊંચું. પંદર દિ'માં વાંચી ગયો હું. વાંચે તો રાત દિ' વાંચે તો વાંચી જાય પણ શું છે એમાં? પણ આ એક અંગ્રેજી અને ક, કા, કુ એમ કરીને અંદરમાં એ, બી, સી, ડી એમ કરીને વાંચે, પણ એ કાંઈ શબ્દની સાથે બીજા શબ્દને મેળવી ન શકે. સમજાણું કાંઈ? એમ એક વાક્યને બીજા વાક્ય સાથે એક અપેક્ષાને બીજી અપેક્ષાથી મેળવી નહિ શકે ઈ. આહા..હા..!

'**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે**' એવા પુણ્ય અને પાપ '**એવા ધર્મ-અધર્મરૂપ પરસમયને દૂર કરીને,...**' હવે ચારિત્ર લેવું છેને. એનો અર્થ ભ્રમણા દૂર કરીને અને ભ્રમણા દૂર થતાં સમ્યક્ થયું, પછી પુણ્ય-પાપ દૂર થતાં ચારિત્ર થયું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ સંસારના પાપ છે બધા એ તો સંસારમાં રખડનારા, પણ પુણ્ય છે એ સંસારમાં રખડવાનું કારણ (છે) એમ સિદ્ધ કરે છે. અને તે પુણ્ય અને પાપ જેના ફળ ચાર ગતિ... પંચાસ્તિકાયમાં આવે છે શરૂઆતમાં, એ ચાર ગતિ તે પરાધીન છે. આવે છેને? પહેલા પંચાસ્તિકાય. પરાધીન. દુઃખ... દુઃખ... દુઃખ... બાપુ! આહા..હા..! અનાકુળ આનંદનો નાથ ગતિમાં આવે એ કલંક

છે. આહા..હા..! મેસુબને, એક શેર લોટ અને ચાર શેર ઘીએ પાયેલો મેસુબ એ સડેલા ગધેડાના ચામડામાં વીંટવો.

**શ્રોતા :–** મેસુબને બગાડવા જેવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ જ કહે છે અહીં. આનંદના નાથને તું પુણ્ય અને પાપમાં જોડી દે છે. આહા..! એ ગધેડાના સડેલા ચામડામાં મેસુબને રોકી દે છે તું. આહા..હા..! વિભ્રમ મૂળ કીધુંને મિથ્યાત્વ. રોકાઈ ગયોને ત્યાં એમ કહે છે. આહા..હા..! શરીર, વાણી, મન, પૈસા એ તો ક્યાંય ધૂળ બાકી એની સાથે તો કાંઈ તારો સંબંધ નહિ, આત્મામાં એ છે જ નહિ, પણ અહીં તો આત્મામાં પુણ્ય અને પાપ છે એને આત્મા કહ્યો, પણ એની ઉત્પત્તિનું મૂળ તો ભ્રમણા છે. આહા..હા..! સમજાણું કાંઈ? મિંદડીની કડ ભાંગી જાય અને પછી ચાલે પણ એ ઢસરડા કરીને ચાલે. મિંદડી હોય છેને બિલ્લી. કડ ભાંગી જાય તો બે પગ આમ હોય અને બે પગ પાછળ ઢસડાઈને ચાલે. એમ જેના મિથ્યાત્વના મૂળિયા કપાઈ ગયા, અહીં તો પછી પુણ્ય-પાપ થાય છેને એનો પ્રશ્ન, એ બધા ઢસરડા છે પછી. સમજાણું કાંઈ? આહા..હા..! એમાં ધર્માત્માને રસ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

બહેનના તો શબ્દોમાં આવ્યું નથી વચનામૃતમાં? કે અરેરે! પુણ્યમાં આવ્યા એ ક્યાં અમે આવ્યા? પરદેશમાં આવ્યા. આહા..હા..! શુભભાવમાં આવ્યા એ અમારા દેશ નહિ, અમારો પરિવાર નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, રસિકભાઈ! રસિકભાઈ કહે, એકાદ બોલ કહેવો. પછી તો વચનામૃત છપાઈ જાયને તો સૌના હાથમાં હોય ને પછી વાંચવા હોય તો ઠીક પડે અને એણે વાંચ્યા હોય પછી અહીં વાંચવાનો અર્થ થાય ત્યારે એને મેળવાય, તો એને વધારે રસ પડે. આહા..હા..! અમારો માસ્તર એવો હતો. નરોત્તમ માસ્તર હતો. બાર વર્ષની ઉંમરની વાત છે તે દિ'. છોકરામાં અમે હુશિયાર કહેવાતા બે-ચાર જણા એને બોલાવે. બાયડી નહોતી તે રાંધતો. કહે કે પણ તમે વાંચીને આવજો અમારે ત્યાં. પછી તમે વાંચેલું હશે અને હું તમને અર્થ કરીશ એમાં ફેર શું પડે તો તમને ખબર પડશે. એમ કહેતો નરોત્તમ. કણબીવાડમાં રહેતો. અમારે જીવા પટેલ છેને કણબીવાડ. નીચે સુતાર માથે રહેતા. આ તો પોણો સો વર્ષ પહેલાંની વાતું છે. એ કહે કે પણ તમે વાંચીને આવજો હોં. તમે વાંચીને આવશો અને હું એનો અર્થ કરીશ ત્યારે તમને તમારા વાંચેલાના અને આ ભાવના અર્થનો આંતરો ત્યારે તમને બરાબર બેસશે. એમ જેણે શાસ્ત્ર-અભ્યાસ જરી કર્યો હોય એમાંથી એમાં યથાર્થ શું છે ત્યારે સાંભળે ત્યારે તેને અર્થ યથાર્થ બેસે. અરે! હું તો આમ માનતો અને આ તો કાંઈક બીજું નીકળ્યું. આહા..હા..! માસ્તર હતો નરોત્તમ કરીને. છઠ્ઠી સુધી ભણ્યા હતાને. પછી તો કાંઈ...

અહીં કહે છે, એ પરસમયને દૂર કરીને. હવે પાછું ચારિત્ર સિદ્ધ કરવું છેને અહીં તો. આ ચારિત્ર અધિકાર છે. પુણ્ય અને પાપની ઉત્પત્તિનું મૂળીયું તો ભ્રમણા. ભગવાન આનંદનો

નાથ એમાંથી પુણ્ય-પાપની ઉત્પત્તિ કેમ થાય? જે શુદ્ધ સાગર છે... આહા..હા..! જ્યાં ક્ષીર સમુદ્રના પાણી મીઠાં ભરેલા છે તેમાં ખારપ ઉત્પન્ન કેમ થાય? આહા..હા..! આ ભગવાન જ્યારે દીક્ષા લે છેને પછી ઇન્દ્ર એને રતનના ડાબલામાં એ લે છે લોચ અને પછી ક્ષીર સમુદ્રમાં (નાખે), આ લવણમાં નથી નાખતા. પહેલો લવણ દરિયો છે, એને ક્ષીરસમુદ્ર છે. દૂધનું જેવું મીઠું પાણી. છે જળ, છે જળના જીવ, પાણીના જીવ, પણ દૂધ જેવો દેખાવ ધોળો સફેદ. ત્યાં આગળ ભગવાનના કેશ જે લીધા હોય ઇન્દ્રે એ નીચે ન નાખે. એ રતનના ડાબલે લઈ લે ઇન્દ્ર. આહા..હા..! અને એ કેશ ક્ષીરસમુદ્રમાં નાખે. એ ક્ષીરસમુદ્રની લહેરું બધી મીઠી હોય છે. ત્યાં ખારી તરંગ ઉઠે નહિ ત્યાં. આહા..હા..!

એમ અહીંયાં ભગવાન આત્મા પુણ્ય-પાપની લહેરની ઉત્પત્તિનું કારણ તો ભ્રમણા છે, પ્રભુ! આહા..હા..! એ પુણ્ય-પાપ એ સંસાર છે અને સંસારનું ફળ ચોર્યાસીમાં રખડવું એનું મૂળીયું તો મિથ્યાભ્રમ છે. ભગવાન જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવે ત્રિકાળી છે એને ન જાણતાં, ન જોતાં, ન માનતા, ન અનુભવતા, રાગ અને પુણ્યાદિ તે હું છું. હું છું એટલે? કે ત્રિકાળી હું (વિકારી) છું એમ પર્યાયમાં (વિકાર) છે એ તો સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? પણ એ (પુણ્ય-પાપ) સ્વરૂપ મારું ત્રિકાળી ધ્રુવ છે એવી જે ભ્રમણા. આહા..હા..! એનું મૂળ **'એવા ધર્મ-અધર્મરૂપ (પુણ્ય-પાપરૂપ, શુભ-અશુભરૂપ) પરસમયને દૂર કરીને,...'** જુઓ, અહીં લાવ્યા પાછો સરવાળો. **'પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને...'** પ્રવ્રજ્યા એટલે દીક્ષા. આહા..હા..! એ પુણ્ય-પાપને દૂર કરીને, પરસમયને દૂર કરીને... આહા..હા..! આનંદનો નાથ આનંદમાં રમે એને અહીં ચારિત્ર અને પ્રવ્રજ્યા કહેવામાં આવે છે. પુણ્ય અને પાપના ભાવ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ મુનિ જ્યારે દીક્ષા અંતરમાં લે છે ત્યારે એ પુણ્ય-પાપને દૂર કરીને એ પરસમય છે. પણ પ્રભુ એક કોર આત્મા કહો અને વળી પરસમય કહો? આહા..હા..! એ પર્યાય અપેક્ષાએ પરસમય છે. સમજાણું કાંઈ? આહા..હા..! (વિકાર એ) દ્રવ્ય-સ્વસમય-ત્રિકાળી નથી.

એ **'પરસમયને દૂર કરીને,...'** આહા..હા..! એટલે કે મિથ્યાત્વનો નાશ કરી અને પુણ્ય-પાપને દૂર કરી એમ બેય આવ્યું. આહા..હા..! મિથ્યાત્વનો નાશ એ ત્રિકાળી આનંદના આશ્રયે થાય અને ચારિત્રનું મૂળ એ છે. આહા..હા..! **'दंसणं मुलो धम्मो'** એટલે અહીં પરસમયને દૂર કરીને બેય વાત કીધી. જેણે ભ્રમણા પણ ટાળી છે અને ભ્રમણા ઉપરાંત પુણ્ય-પાપના ભાવમાં ભ્રમણાને કારણે થતાં એને પણ દૂર કર્યા છે. હવે અહીં તો કહે છે કે પંચમહાવ્રત પાળીએ એ અમારું ચારિત્ર. આહા..હા..! ભાઈ! ચારિત્રના મોઢા મોટા છે. આહા..હા..! એ **'પરસમયને દૂર કરીને,...'** ઉપદેશની શૈલી તો એ છે. ખરેખર તો પરસમયને દૂર કરીને એટલે? કે સ્વભાવની દૃષ્ટિ સમ્યક્ કરી અને સ્વરૂપમાં સ્થિર થઈને એટલે પરસમયને દૂર કરીને. એ નાસ્તિથી વાત કરી. સમજાણું કાંઈ? આહા..હા..! આ ચોપડા જોવાની પણ નવરાશ

ન મળે. અરર! આખી જિંદગી. આહા..હા..! ઓલા ચોપડા એવા વાંચે ત્યાં બસ આમ.

**શ્રોતા :-** પાનું ફરે અને સોનું ઝરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સોના ઝરે. પેદાશ કોની પાસે છે? ઉઘરાણી કોની ખ્યાલ આવેને વધારે એટલે સોનું ઝરે એમ. ધૂળ ઝરે. પાના ફેરવે તો કોની પાસે કેટલું લેણું છે એ ખ્યાલ આવે તો સોનું ઝરે એમ કહે. એય..! ચીમનભાઈ! ધૂળેય ઝરતું નથી, પાપ ઝરે છે. આહા..હા..! અરેરે! ભાઈ! તારી ચીજને..

અહીં તો ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ વીતરાગ તીર્થંકરનો પોકાર છે સમાજની વચ્ચે. આહા..હા..! પ્રભુ! તું પુણ્ય અને પાપના ભાવ થાય તારી પર્યાયમાં, પણ એનું મૂળિયું તો મિથ્યાત્વ છે કહે છે. આહા..હા..! કેમકે સ્વભાવમાં કોઈ શક્તિ નથી કે પુણ્યરૂપે-પાપરૂપે પરિણમે. એ તો પર્યાયબુદ્ધિએ એટલે મિથ્યાત્વબુદ્ધિએ પુણ્ય-પાપ થાય એમ કહેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે. આહા..હા..! બે ભાઈ તો ચાલ્યા ગયા, પણ સંસ્કાર લઈને ગયા હોં! માણેકલાલભાઈ અને મૂળચંદભાઈ બેય સંસ્કાર લઈને (ગયા). માણેકલાલભાઈ તો એવું લખતાં-એવું લખતાં. આહા..હા..! કાગળ આવે તો અમે ક્યાંય વાત આવી સાંભળતા નથી. સાંભળવા ક્યાંય સત્ય મળે એવું નથી એમ બોલતા. ખબર છેને. આહા..હા..! માણેકલાલભાઈ તો બિચારા પડાવ નાખીને રહેતા અહીંયાં. એ તો મુદત થાય ચાલી જાય. આહા..હા..! સંસ્કાર લઈને ગયા છે. એને અંદર ઘા વાગતા કે આ કાંઈક ચીજ બીજી કહે છે અને એવી ક્યાંય સાંભળવા મળતી નથી. અને એક આપણા નવનીતભાઈ એમ કહેતા વારંવાર કે સમકિતની આ વ્યાખ્યા એવી ક્યાંય છે નહિ અત્યારે હિન્દુસ્તાનમાં. એ બિચારા એમ કહેતા. બાપુ! સમકિત કોને કહેવું? કાંઈ નહિ. આ તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, આપણને શ્રદ્ધા, તત્ત્વાર્થની શ્રદ્ધા છે, હવે વ્રત લઈ લ્યો એ ચારિત્ર. અરે! ભગવાન! બાપુ! અહીં તો વ્રતના પરિણામ શુભ છે એની ઉત્પત્તિનું કારણ મિથ્યાત્વ એમ કહે છે. હવે એને દૂર કરીને એનો અર્થ બે થયા—એક તો ભ્રમણા દૂર કરી અને ભ્રમણાથી ઉત્પન્ન થતાં પુણ્ય-પાપના ભાવને પણ દૂર કર્યા. આહા..હા..! ભાઈ! ચારિત્રદશા કોને કહેવી! આહા..હા..!

'**પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને...**' એ ભાષા કરી છે જુઓ, એ દૂર કર્યો તો થયો પોતે પ્રવ્રજ્યા વીતરાગપણે પરિણમ્યો છે. એ દૂર કર્યો માટે પ્રવ્રજ્યાપણે પરિણમ્યો છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? વખત થઈ ગયો. એ '**પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને (અર્થાત્ પોતે જ નિશ્ચયચારિત્રરૂપ દીક્ષાપણાને પામીને),...**' આહા..હા..! લ્યો! આ નિશ્ચયચારિત્ર તો આમ કહેવાય, ભાઈ! એની વિશેષ વ્યાખ્યા છે.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ-૪, સોમવાર, તા. ૧૪-૧૧-૧૯૭૭, ગાથા-૩૯૦ થી ૪૦૪, પ્રવચન નં. ૫૦૯

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ફરીને એ પેરેગ્રાફ. **'હવે, એ પ્રમાણે સર્વ પરદ્રવ્યો સાથે** વ્યતિરેક વડે...' એટલે? ભગવાન આત્મા શરીર, કર્મ, પરપદાર્થ દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર એનાથી તો તદ્દન ભિન્ન આત્મા છે. **'અને સર્વ દર્શનાદિ જીવસ્વભાવો સાથે અવ્યતિરેક** વડે...' પોતાનું સમ્યગ્દર્શન, શુદ્ધ ચૈતન્યની દષ્ટિનો અનુભવ એ આત્માથી અભિન્ન છે. શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ બધું તો પરચીજ. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પરચીજ એનાથી આત્મા ભિન્ન. સવારમાં તો આવ્યું હતુંને ઈ? પંચપરમેષ્ઠીની ભક્તિ એ પણ દુઃખરૂપ છે એમ આવ્યું હતું. આહા..હા..! રાગ છેને. આવે, પણ છે દુઃખરૂપ. પંચપરમેષ્ઠી પરમાત્મા પૂર્ણ એની ભક્તિ. આવ્યું હતું સવારમાં? એ પણ કષ્ટદાયક છે, કષ્ટસાધ્ય છે. આહા..હા..! એ પર તરફનું એટલું લક્ષ જાય છે એટલો એ રાગ દુઃખભાવ છે.

**શ્રોતા :-** બીજા .. માં બચે છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બચે ક્યારે? એ તો સમ્યગ્દર્શન હોય ત્યારે તે અશુભથી બચે છે શુભવાળો એમ કહેવામાં આવે છે, પણ જ્યાં રાગની એકતાબુદ્ધિ છે ત્યાં મિથ્યાત્વથી બચ્યો નથી ત્યાં અશુભથી ક્યાંથી બચે? વાત ઝીણી બહુ, બાપુ! આહા..હા..! જન્મ-મરણના ચોર્યાસીના અવતાર કરી કરીને અનંતકાળ ગયો. અને જ્યાં સુધી એ રાગની એકતાબુદ્ધિ રાખશે ત્યાં સુધી અનંત સંસાર એને કરવો પડશે. કેમકે રાગ અને પરપદાર્થ, અહીં તો રાગ એની પર્યાયમાં પણ થતાં એ પર્યાયમાં વિભ્રમથી ઉત્પન્ન થાય છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એમ કહ્યુંને **'દર્શનાદિ જીવસ્વભાવો સાથે અવ્યતિરેક...'** એમાં પુણ્ય-પાપ પણ આવ્યા. શુભ-અશુભભાવ પણ જીવસ્વભાવ. એની પર્યાયનો એ સ્વભાવ છે. આહા..હા..! એની સાથે અવ્યતિરેક એટલે જુદાઈ નહિ. એમ **'અતિવ્યાપ્તિ...'** એટલે પોતામાં ન હોય અને બીજે હોય તો અતિવ્યાપ્તિ કહેવાય અને પોતામાં ન જ હોય અને બિલકુલ વ્યાપે જ નહિ આત્મા તો અવ્યાપ્તિ કહેવાય. એ **'દૂર કરતું થકું,...'** અતિવ્યાપ્તિ એટલે પરમાં જવું અને અવ્યાપ્તિ એટલે પોતાની પર્યાય નથી અને પરમાં વ્યાપે છે એમ છે નહિ. જોયું! પુણ્ય-પાપના ભાવ પણ પોતામાં અતિવ્યાપ્તિ તરીકે નથી, તેમ અવ્યાપ્તિ તરીકે નથી. આહા..હા..!

**શ્રોતા :-** એ તો અશુદ્ધનિશ્ચયથી... નિશ્ચયથી તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નહિ. અત્યારે તો આત્મામાં દયા, દાન, શુભ-અશુભભાવ

તે આત્માની પર્યાય છે. આહા..હા..! એ આત્મા છે એમ અત્યારે સિદ્ધ કરવું છે. અહીં પર્યાયદૃષ્ટિમાં સર્વવિશુદ્ધજ્ઞાન, જાણતું જ્ઞાન આવું હોય છે. આહા..હા..! દૃષ્ટિના વિષયને જ્યારે દ્રવ્યમાં લે ત્યારે એમ કહે કે એ પુણ્ય અને પાપના ભાવ એ પુદ્‌ગલના પરિણામ છે. એ દૃષ્ટિ એકાંત ત્યાં જ રાખે અને પર્યાયમાં પુણ્ય-પાપ થાય તેને ન જાણે તો તે એકાંત મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આવી વાત છે ઝીણી. એ શુભ અને અશુભભાવ અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ દૂર કરી છે. એમાં વ્યાપ્યો છે એમ કહે છે. એમાં ન વ્યાપે અને પર તરફ લઈ જાય તો અતિવ્યાપ્તિ થઈ જાય અને પોતામાં ન હોય, કોઈ વખતે પણ વ્યાપે નહિ તો અવ્યાપ્તિ થઈ જાય. આહા..હા..! અહીંયાં તો સમ્યગ્દર્શન જેમ પોતાનો સ્વભાવ શુદ્ધ તેની પરિણતિ શ્રદ્ધા નિર્મળ, જેમ એ જીવનો સ્વભાવ પર્યાયનો છે એમ પુણ્ય અને પાપ પણ જીવનો સ્વભાવ છે. આહા..હા..! એક બાજુ કહે કે એ પુદ્‌ગલ છે અને અહીં કહે કે એ જીવ છે. આહા..! આમાં કાંઈ મેળ ખાય નહિ અજ્ઞાનીને. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- અજ્ઞાનીને... કરી દેવો જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ કહે છેને અનેકાંત. દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ કોઈ પુણ્ય-પાપના પરિણામ જડના અને અજીવના અને પુદ્‌ગલ એનો સ્વામી, પણ પર્યાયદૃષ્ટિથી જોઈએ તો તે તેનામાં વ્યાપેલા છે. આહા..હા..! આવી વાત. એકાંત જ તાણે કે બસ, આત્મામાં પુણ્ય-પાપ થાય એ કર્મને લઈને, કર્મને લઈને, કર્મના છે, પુદ્‌ગલના છે, એમ નથી.

**શ્રોતા** :- કથંચિત્ લગાવી દ્યો તો બરાબર થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કથંચિત્ કઈ રીતે કથંચિત્ પણ? એનામાં પર્યાય તરીકે છે, દ્રવ્ય તરીકે નથી એમ કથંચિત્; પણ કથંચિત્‌નો અર્થ એવો નથી કે એ પુણ્યથી ધર્મ થાય અને આત્માથી ધર્મ થાય. એવો કથંચિત્‌નો અર્થ નથી અહીં. સમજાણું કાંઈ? આહા..હા..!

એ જીવસ્વભાવ સાથે અજુદાઈ વડે '**અતિવ્યાપ્તિને અને અવ્યાપ્તિને દૂર કરતું થકું, અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...**' આહા..હા..! ગજબ વાત કરી છે. કાલે કરી હતી થોડી કે ચારિત્ર સ્વરૂપની રમણતા વીતરાગતા એ ધર્મ છે અને એ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે અને અહીં પુણ્ય-પાપભાવ તેનું મૂળ મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એકાંત પોતાની દૃષ્ટિએ સ્વચ્છંદે વાંચે તો કાંઈ બેસે એવું નથી. આહા..હા..! એક બાજુ એને એમ કહે કે એ તો અજીવ છે. પુણ્ય-પાપ અજીવ છે, પુદ્‌ગલના પરિણામ, કર્તા-કર્મમાં તો પુદ્‌ગલ કીધા છે. આહા..હા..!

જીવ-અજીવ અધિકારમાં અજીવ કીધા છે. આહા..હા..! એ તો વસ્તુના સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ, દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય છે એ ત્રિકાળ અભેદ શુદ્ધ છે, એથી એની અપેક્ષાએ, વિકાર એનો નહિ. વિકાર કર્મના પુદ્‌ગલના નિમિત્તે થાય માટે પુદ્‌ગલનો. પણ એકાંત માનીને બેસે કે એ પુણ્ય-પાપના કર્મથી જ થાય અને પુદ્‌ગલના છે (તો એ) મિથ્યાત્વ છે. આહા..હા..!

એ અહીં કહે છે કે પુણ્ય અને પાપના ભાવ બેય મલિન છે, છે એની પર્યાયમાં અને એમાં, પણ '**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...**' એ શુભ-અશુભ ઉત્પન્ન થવામાં મિથ્યાત્વ જેનું મૂળ છે. આહા..હા..! પોતાનો સ્વભાવ જે શુદ્ધ ચૈતન્ય છે એનું જેને જ્ઞાન નથી અને પુણ્ય-પાપની ઉત્પત્તિ મારાથી થાય એવી ભ્રમણા છે એને પુણ્ય-પાપનું મૂળ મિથ્યાત્વ છે. આહા..હા..! ભારે વાતું. સમજાણું કાંઈ?

કહ્યું હતુંને કાલે, નહિ? કે ચારિત્ર ધર્મ છે. ભાઈ! ચારિત્ર એટલે શું? વીતરાગદશા. આહા..હા..! એ કહે છેને? નિશ્ચયચારિત્ર પામીએ. આહા..હા..! જેમાં તદ્દન આહા..હા..! વીતરાગ પરિણતિની રેલમછેલ જ્યાં ચાલતી હોય એવી અરાગી-વીતરાગી દશા જેને કેવળજ્ઞાન લેવાને અલ્પકાળ છે એવું ચારિત્ર તે મુક્તિનું કારણ છે અને એ ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે. '**दंसणं मुलो धम्मो**' અહીં હવે એનાથી વિરુદ્ધ ગુલાંટ મારે છે કે પુણ્ય-પાપ ભાવ એ સંસાર રખડવાનું કારણ છે અને એ પુણ્ય-પાપના ભાવનું ઉત્પત્તિ મૂળિયું મિથ્યાત્વ છે. આહા..હા..! કઈ અપેક્ષાના કથન છે એ ન સમજે અને એકાંત તાણે તો એમાં ન ચાલે.

**શ્રોતા :-** આ મિથ્યાત્વનો સરવાળો શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઊંધી, અસત્ય શ્રદ્ધા. મિથ્યા નામ જૂઠી માન્યતા. રાગને પોતાનો માની અને પોતાના સ્વરૂપમાં રમવું એ મિથ્યાત્વભાવ છે, અસત્ જૂઠો ભાવ છે. મિથ્યા એટલે જૂઠો, સમ્યક્ એટલે સાચો. આહા..હા..! સમ્યક્ એટલે સત્યસ્વરૂપ પૂર્ણાનંદનો નાથ પ્રભુ તેના સન્મુખ થઈને અનુભવ સમ્યગ્દર્શનનો અને તેમાં પણ અતીન્દ્રિય આનંદના સ્વાદનો સાથે સાથ હોય એને સત્યદર્શન (કહે છે). કેમકે સત્ય વસ્તુ છે પ્રભુ સત્ય એમાં અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન ભરેલું છે. એનું જ્યારે સમ્યગ્દર્શન થાય ત્યારે તેના દર્શનમાં, પર્યાયમાં આનંદનો અંશ અને શાંતિનો અંશ અને જ્ઞાનનો અંશ અતીન્દ્રિયનો પ્રગટ થાય. એવા અનંતા ગુણનો અંશ પ્રગટ થાય. કેમકે જેણે દ્રવ્યને પકડ્યું છે. આહા..હા..! એ આ સમ્યગ્દર્શન એ ચૈતન્યના મૂળ સ્વભાવને આશ્રયે થાય તેને સત્યદર્શન કહે છે. અને રાગ મારો પર્યાયમાં છે પણ પર્યાયબુદ્ધિ કરે.. આહા..હા..! અહીં વિભ્રમ મૂળનો અર્થ એ કે પર્યાયબુદ્ધિ કરે, તો છે તો પર્યાય રાગ-દ્વેષ એનામાં, પણ પર્યાયબુદ્ધિ કરે તે વિભ્રમ મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**અનાદિ વિભ્રમ જેનું મૂળ...**' જેનું એટલે? શુભ-અશુભભાવનું. આહા..હા..! આકરી વાતું, બાપુ! અરે! અંતરની ચીજની બહારના ધંધા આડે નવરો ક્યાં છે? આ શું ચીજ છે એની. અહીં તો કહે છે કે... સવારમાં તો એ કહ્યું નહિ? પંચમહાવ્રત, શાસ્ત્ર અધ્યયન, પંચપરમેષ્ઠીની ભક્તિ એ બધો રાગ દુઃખરૂપ છે. આહા..હા..! છે એની પર્યાયમાં પણ એ પર્યાયબુદ્ધિવાળો એને પોતાના માનીને શુભાશુભ ઉત્પન્ન કરે એ મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! શું કહે છે?

**શ્રોતા :-** શાબ્દિક પ્રયોગ થયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શાબ્દિક પ્રયોગ કે અંદર વેદન થયું? શાબ્દિક પ્રયોગ તો વાચક શબ્દ છે. વાચક ત્યાં ક્યાં હતો? એ તો પુદ્‌ગલની પર્યાય છે. વેદન છે એ તો આનંદની ઉલટી દુઃખની દશાનું વેદન છે. આહા..હા..! સમજાણું કાંઈ? દુઃખનું વેદન છે તેને અહીંયાં દુઃખ કહે છે. દુઃખ શબ્દ છે માટે દુઃખ છે ત્યાં એમ નથી. આહા..હા..! જેને આત્મદર્શન નથી તેને આકુળતાનું વેદન છે એમ કહે છે. આહા..હા..! જેને આત્મદર્શન એટલે આત્મા સત્ય સાહેબ પ્રભુ, અનંત-અનંત શક્તિનો સંગ્રહાલય પ્રભુ એનો જેને અંતર અનુભવ, અંતર્મુખ થઈને બહિર્મુખને છોડીને અંતર પ્રતીતિનું વેદન જેને નથી... આહા..હા..! એ દુઃખને વેદે છે. ચાહે તો પંચમહાવ્રત ધારણ કરીને, હજારો રાણી છોડીને બેઠો હોય, રાજપાટ છોડે પણ એ પંચ મહાવ્રતના પરિણામ અને ભક્તિમાં જોડાઈ જાય છે એ દુઃખને વેદે છે. આહા..હા..! ભાઈ! મારગડા જુદાં.

**શ્રોતા :-** ત્રણ કષાયનો નાશ કરવામાં આવે છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને ક્યાં છે અત્યારે? એ તો મુનિને હોયને? એ ક્યાં? દુઃખનું વેદન મુનિને પણ હોય છે થોડું. ત્રણ કષાયનો નાશ થઈને ચારિત્ર આવ્યું, પણ જેટલો વિકલ્પ ઉઠે પંચમહાવ્રતનો એટલું દુઃખ છે. ઝીણી વાતું, ભાઈ! આહા..હા..!

એ '**અનાદિ વિભ્રમ જેનું મૂળ...**' જેનું. '**એવા ધર્મ-અધર્મરૂપ (પુણ્ય-પાપરૂપ, શુભ-અશુભરૂપ) પરસમયને દૂર કરીને,...**' ઓહો..! ગજબ કર્યું છેને! ઓલા એમ કહે છે કે એ વ્યવહાર ક્રિયા કરતાં-કરતાં, દયા, દાન, વ્રત કરતાં-કરતાં સમકિત થાય. આહા..હા..! અહીં કહે છે કે વિભ્રમ જેનું મૂળ એવા પુણ્ય-પાપને દૂર કરીને. દૂર કર્યામાં બે પ્રકાર આવ્યા. શુભા-શુભભાવનું મૂળ પણ જેણે મિથ્યાત્વ છે તે છેદ્યું અને પુણ્ય-પાપના ભાવથી રહિત થયો ત્યારે ચારિત્ર થયું. આહા..હા..! આવી વાત છે. અરે! આ દુનિયાના મોહજાળ મારી નાખે છે જગતને અને એમાંથી કદાચ નીકળે તો એ શુભભાવની મોહજાળમાં ફસાઈ ગયો. આહા..હા..!

એને '**દૂર કરીને, પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને...**' જોયું! પોતે જ આનંદની દશાને પામીને. આહા..હા..! પ્રવ્રજ્યા એટલે એ દીક્ષા. દીક્ષા એટલે કે પુણ્ય-પાપનું મૂળ જે ભ્રમ તેને છેદી અને પુણ્ય-પાપના ભાવથી રહિત. કેમકે એ પુણ્ય-પાપભાવ તે પરસમય છે. છેને? '**પરસમયને દૂર કરીને,...**' આહા..હા..! પહેલું એમ કહ્યું કે એ પુણ્ય અને પાપ એ પર્યાય આત્માની છે અને આત્મામાં છે. આહા..હા..! આત્મા છે ઈ. પુણ્ય-પાપ એ આત્મા છે એમ કહ્યું. જ્ઞાન છે એમ કહ્યુંને? જ્ઞાન કહો કે આત્મા કહો. આહા..હા..! અહીં કહે છે પણ એને દૂર કરીને. જ્યારે શુભાશુભ દૂર થયા તો મિથ્યાત્વનો નાશ થયો અને દૂર થતાં સ્વરૂપની રમણતા પ્રગટ થઈ. આહા..હા..! આનું નામ ચારિત્ર છે.

**શ્રોતા** :- કેટલામા ગુણસ્થાને ચારિત્ર?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છઠ્ઠે-છઠ્ઠે. સાતમાની વાત છે વધારે. આહા..હા..! છઠ્ઠે પણ હજી વિકલ્પ છે. આ સાતમાની વિશેષ વાત છે, કહેશે. આહા..હા..! આવી ગયું છે પહેલું.

'**પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને** (**અર્થાત્ પોતે જ નિશ્ચયચારિત્રરૂપ દીક્ષાપણાને પામીને**)...' આ દીક્ષા. આહા..હા..! '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ...**' અહીંથી હવે નવું આવ્યું. કાલે નહોતું અહી સુધી. '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને,...**' એ સ્વસમય. શુદ્ધ વીતરાગ પરિણતિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વીતરાગદશા એ સ્વસમય છે અને રાગદશા એ પરસમય છે. આહા..હા..! '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ...**' પાછું. દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ. આત્મામાં સ્થિતિરૂપ પણ અહીં તો દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ. ઓલી સ્થિતિ જે પુણ્ય-પાપમાં હતી એનાથી છોડીને સ્વરૂપમાં દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ. આહા..હા..!

**શ્રોતા** :- દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ બધાય જીવો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળેય નથી બધા જીવો, બિલકુલ નથી. અહીં પર્યાયની વાત ચાલે છે, એ તો દ્રવ્યની વસ્તુ છે. દ્રવ્યની તો અભવિને પણ હોય છે, એમાં શું થયું? દ્રવ્યસ્વભાવ તો ભગવાન છે, વીતરાગ છે. વસ્તુ દ્રવ્યસ્વરૂપ છે. અભવિને પણ જિનસ્વરૂપ છે, એથી શું થયું? અહીં તો પર્યાયમાં દર્શન-જ્ઞાન-સ્થિતિને પામીને. આહા..હા..! સમજાણું કાંઈ? એ એની મેળાએ વાંચીને આ તત્ત્વ નથી કાઢ્યું, આ રોટલા ખાવા અને વાંચવું પોતાની મેળાએ સ્વચ્છંદે ત્યાં. મેળ ખાય એવો નથી અહીં. બીજો રસ્તો નથી એને. આહા..હા..!

'**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ...**' જોયું! આહા..હા..! એનું નામ સ્વસમય પર્યાય હોં. દ્રવ્ય સ્વસમય છે એ તો ત્રિકાળ અભવિને પણ છે. અભવિ પણ જિનસ્વરૂપ જ છે. અભવિ પણ જિનસ્વરૂપે જ છે દ્રવ્ય. અહીં તો પર્યાયની વાત છે. આહા..હા..! જેવું જિનસ્વરૂપ છે તેવું દ્રવે છે. '**द्रव्यति इति द्रव्यं**'. દ્રવે છે, વહે છે, પ્રવહે છે. આહા..હા..! આત્મદ્રવ્યની સન્મુખતાની પ્રતીતિ, જ્ઞાન અને રમણતારૂપ '**સ્વસમયને પ્રાપ્ત કરીને,...**' એને એમ નથી કહ્યું કે કર્મ ટળે તો સ્વસમયને પ્રાપ્ત કરીને. એ વિભ્રમ જેનું મૂળ છે એવા શુભાશુભ પરસમયને દૂર કરીને પોતે દર્શનજ્ઞાન સ્થિતિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! અનંતકાળનો અજાણ્યો પંથ, એને પામવાની વાતું તો અલૌકિક હોયને. આહા..હા..! માર્ગ કોઈ અલૌકિક, બાપુ! આહા..હા..! જુઓને, આ અત્યારે સાંભળીએ છીએ ૨૫-૨૫ વર્ષના, ૩૦ વર્ષના છોકરાઓ ચાલ્યા જાય છે પરણીને. બબ્બે-ત્રણ-ત્રણ મહિનાના લગ્ન ૨૫ વર્ષનો જુવાન ઈંગ્લેન્ડમાં ગયો અને ત્યાં મરી ગયો. આહા..હા..! વીરજીભાઈના કાંતિભાઈ છેને? કાંતિભાઈના દીકારનો સાળો. આહા..હા..! ૨૫ વર્ષની ઉંમર, ત્રણ મહિનાનું લગ્ન. ઈંગ્લેન્ડમાં ગયા મહિને ત્યાં મરી ગયો. આહા..હા..! દેહની સ્થિતિ પૂરી થાય તે સમયે દેહ

છૂટે જ છૂટકો. એ ક્યારે છૂટશે? એમ નહિ કે હમણા તો અમારે નિરોગતા છેને. નિરોગતા પણ છે એ એક સમયની વાર લાગશે. આહા..હા..! એમને એમ બેઠા બેઠા ફૂ. થઈ રહ્યું જાવ.

નહોતું કહ્યું મલકાપૂરવાળાએ. એક સ્વરૂપચંદ છે. કાપડનો વેપારી છે મોટો. છોકરો છે જુવાન. મોક્ષમાર્ગ પ્રકાશક જેને કંઠસ્થ છે આખું. બહુ હુશિયાર. મલકાપુરનો સ્વરૂપચંદ મોટો કાપડનો વેપારી છે. ૧૦-૧૦ હજાર રૂપિયાના કાપડ રાખે. મોક્ષમાર્ગપ્રકાશક આખું એને લગભગ કંઠસ્થ-મોઢે છે. એ એમ કહેતો હતો કે એકવાર હું બેઠો હતો. મારો મિત્ર હતો ૨૫ વર્ષનો જુવાન. બેય બેઠા હતા. કાંઈ ન મળે, રોગ ન મળે, કાંઈ ન મળે. આમ જ્યાં મેં જોયું ત્યાં આમ ફૂ થયું ત્યાં મરી ગયો. મડદું. ઓહો..હો..! કોકને વહેમ પડી જાય કે આ તે શું છે? પણ કાંઈ નહોતુંને. આ તો મિત્ર હતા એટલે લોકોને વહેમ ન પડે. આમ બેઠા હતા, વાત કરતા હતા. બસ કરતાં... કરતાં... કરતાં... બસ એટલું થયું. ... ઢળી ગયું. દેહની સ્થિતિ પૂરી થાય તે સમયે એને કોઈ કારણની જરૂર નથી. આહા..હા..! એ તો એક સમયમાં દેહ ફડાક છૂટી જાય. આહા..હા..! રૂપાંતર થઈને જાવ પરભાવમાં હવે. આહા..હા..!

અહીં કહે છે કે જેણે પરસમયને દૂર કરી અને જેણે સ્વસમય એવું ચારિત્ર દીક્ષા ગ્રહણ કરી છે. એ દીક્ષા. છે? **'મોક્ષમાર્ગને પોતામાં જ પરિણત કરીને,...'** જોયું! મોક્ષમાર્ગને પોતામાં જ પરિણત કરીને. આહા..હા..! એ રાગ જે વ્યવહાર છે એ કાંઈ મોક્ષમાર્ગ નહોતો. આહા..હા..! હવે એ ઘણાં લોકો અત્યારે કહે છે, સોનગઢવાળાને વ્યવહાર શીખવો પડશે. એવી બધી વાતું કરે. પણ વ્યવહાર બાપુ! નિશ્ચય હોય ત્યાં આગળ અધૂરાશ છે એટલે શુભરાગ આવે, પણ એ કોઈ મોક્ષમાર્ગ છે એમ નથી. એ તો બંધનો માર્ગ છે, પણ આવે. મુનિને પણ શુભરાગ પંચમહાવ્રતના વિકલ્પો આવે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એને એ શુભરાગ બોજો લાગે. હળવી અબદ્ધ ચીજની આગળ, અબદ્ધ ચીજના અનુભવ આગળ શુભરાગ બોજો લાગે, ભાર લાગે. આહા..હા..! ધર્મીને શુભભાવ દુઃખ લાગે. આહા..હા..! એને છોડીને સ્વરૂપમાં રમે તેને આનંદની દશા પ્રગટ થાય. આહા..હા..! એને અહીંયાં દીક્ષા અને ચારિત્ર કહે છે. કહો, બલુભાઈ! આ તો ... વર્ષીતપ કર્યા અને આ દીક્ષાઓ લીધી દસ વર્ષના છોકરા. મુંબઈમાં બહુ થયું છે. કેટલાય છોકરા. સો છોકરાને દીક્ષા દીધી એમ કહે છે. ૧૦૮. લ્યો ઠીક! છોકરા ભેગા કર્યા હશે. આહા..હા..! અરે! ભગવાન! બાપુ! હજી સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થાય એની ખબરું ન મળે અને ચારિત્ર દઈ દેવા એને. ચારિત્ર પોતાને નથી અને એને પણ નથી. આહા..હા..! આકરું કામ છે, ભાઈ!

એ **'મોક્ષમાર્ગને...'** ક્યો મોક્ષમાર્ગ? **'દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ...'** એ મોક્ષમાર્ગ. વ્યવહારના વિકલ્પ એ મોક્ષમાર્ગ નહિ. આહા..હા..! ભારે આકરું કામ. સ્વરૂપ આનંદનો નાથ પ્રભુ તેની સન્મુખની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એવા સ્વસમયને, ચારિત્રને પ્રાપ્ત કરીને

અને એ મોક્ષમાર્ગને પોતામાં જ પરિણમાવીને એમ કહે છે. આહા..હા..! **'મોક્ષમાર્ગને પોતામાં જ...'** નિર્મળ પરિણતિ પોતામાં જ પરિણતિ કરીને. આહા..હા..! એને જ્ઞાન તો કરવું પડશેને ચારિત્ર કેવું હોય? સમજાણું કાંઈ? એ **'મોક્ષમાર્ગને પોતામાં જ પરિણત કરીને,...'** એટલે પુણ્ય-પાપ વિનાના શુભાશુભભાવ વિના, પોતાનો વીતરાગ જિનસ્વરૂપી પ્રભુ એને વીતરાગની પરિણતિરૂપ મોક્ષમાર્ગને પોતામાં કરીને, પરિણત કરીને, પરિણમાવીને. આહા..હા..! આવી વાતું આકરી પડે.

**'જેણે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવને પ્રાપ્ત કર્યો છે...'** આહા..હા..! એ મોક્ષમાર્ગનું ફળ. જેણે આત્માના આનંદના નાથને અનુભવમાં લીધો, પ્રતીતમાં લીધો અને પછી સ્વરૂપમાં સ્થિરતામાં જામી ગયો છે. આહા..હા..! એવો જે મોક્ષમાર્ગને પોતામાં પરિણમાવીને **'સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવ...'** કેવળજ્ઞાન. આહા..હા..! હવે એમ કેટલાક કહે છે કે પણ એ કેવળજ્ઞાન અત્યારે નથી માટે મોક્ષનો માર્ગ એ આ નથી, પણ વ્યવહાર કરવો એ અત્યારે છે. અરેરે! શું થાય? **'સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવને પ્રાપ્ત કર્યો છે એવું, ત્યાગ-ગ્રહણથી રહિત,...'** પછી તો રાગનો ત્યાગ અને સ્વરૂપનું ગ્રહણ એ પણ રહ્યું નહિ ત્યાં. પૂર્ણ દશા પ્રાપ્ત થઈ ગઈ કેવળજ્ઞાન પરમાત્મા. આહા..હા..! રાગનો ત્યાગ દૂર કરવો અને સ્વસમય પરિણમવું એ રહ્યું નહિ, એ તો પૂર્ણ થઈ ગયું. આહા..હા..!

**'ત્યાગ-ગ્રહણથી રહિત સાક્ષાત્ સમયસારભૂત,...'** એટલે શું કહ્યું? દ્રવ્ય તો સમયસારભૂત છે. વસ્તુ તો સમયસારભૂત જ છે, જિનસ્વરૂપ જ છે આત્મા. આહા..હા..! 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, મત મદિરા કે પાન સો મતવાલા સમજે ન.' આહા..હા..! 'ઘટ ઘટ અંતર જિન વસે...' દ્રવ્યસ્વભાવ એ જિનસ્વરૂપ છે. આહા..હા..! અને 'ઘટ ઘટ અંતર જૈન.' એ ઘટમાં રાગની એકતા તોડીને સ્વરૂપમાં રમણતા તે જૈન છે. જૈન કોઈ લિબાસમાં અને વેષમાં અને બહારની ક્રિયાકાંડના આડંબરમાં જૈનપણું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું. અજાણ્યાને માણસને તો એવું લાગે કે આ ક્યાંથી આ શું છે? આવો જૈનધર્મ? અમે તો ભાઈ વ્રત પાળવા, અપવાસ કરવા, ચોવિહાર કરવો, છપરબી કંદમૂળ ન ખાવું, બ્રહ્મચર્ય પાળવું. આહા..હા..! ભાઈ! એ બધી ક્રિયાઓ છે એ પરલક્ષી રાગની છે અને એ રાગ છે તે દુઃખરૂપ છે એ મોક્ષનો માર્ગ નથી. આહા..હા..!

**શ્રોતા :-** દર્શનશુદ્ધિ તો સાવ સહેલી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સહેલી છે લાકડા. લાકડા સહેલા છે. આહા..હા..! દર્શનશુદ્ધિ એટલે કોને કહેવું, ભાઈ! એ ભગવાનસ્વરૂપને અંતર ઓળખે અને પર્યાયમાં અનંતા ગુણોની વ્યક્તતા પ્રગટતા અનંતગુણની આવે એમાં અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય શાંતિનો સ્વાદ આવે આહા..હા..! એનું નામ દર્શનશુદ્ધિ છે. આહા..હા..!

**શ્રોતા :-** માલમાલ ખાય અને ઊભો થાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ઉભા હતો કે દિ'? ઉભો થયો જ નથી, ઉભો થાતો જ નથી, માને છે કે ઉભો થાઉં છું. ટાંગા તોડી નાખ્યા છે એણે. સમજાણું કાંઈ? એ પ્રશ્ન નારદ છે. .. પ્રશ્નનારદ છે. નારદ જેમ કુતૂહલ કરેને એમ પ્રશ્નની કુતૂહલતા કરે છે. આહા..હા..! અહીં કહે છે... આહા..હા..! બાયડી હતી ત્યારે તો અહીંયાં રહેતા, હવે પછી એકલા થઈ ગયા, ખાવા-પીવાની અનુકૂળતા જોવે બહુ. પહેલા વીશીમાં ખાતા અને વળી એના ભાઈ છે ત્યાં ખાય છે. એ સગવડતા જોવે સરખી. બાય તો કોઈ છે નહિ, પૈસા છે. મકાન છે, એનું ભાડું ઉપજે છે. લહેર કરવું અને પછી દર્શનશુદ્ધિ સહેલી છે. અમૃતલાલ! નામ તો અમૃતલાલ છે. આહા..હા..! અહીં તો પ્રભુ કહે છે, સાંભળ તો ખરો, ભાઈ! આહા..હા..! બાપુ! દર્શનશુદ્ધિ આહા..હા..! એ શાંતિના વેદન, અતીન્દ્રિય આનંદના વેદન આહા..હા..! મોક્ષનો નમૂનો જ્યાં આવે અંદર. મોક્ષસ્વરૂપ પછી, પણ મોક્ષનો નમૂનો અંદર આવે. મોક્ષમાં જેમ અતીન્દ્રિય આનંદ પૂર્ણ છે એમ એ અતીન્દ્રિય આનંદની સ્વાદ દૃષ્ટિ આવે. આહા..હા..!

એવા '**વિજ્ઞાનઘનસ્વભાવને પ્રાપ્ત કર્યો છે એવું ત્યાગ-ગ્રહણથી રહિત, સાક્ષાત્ સમયસારભૂત...**' એ સાક્ષાત્ કેમ કીધું? કે વસ્તુ તો સમયસારસ્વરૂપ, આનંદસ્વરૂપ જ હતી. વસ્તુ છે એ તો સમયસારસ્વરૂપ જ છે, પણ આ તો પર્યાયમાં સમયસારભૂત થઈ ગયો. આહા..હા..! જેવી એ પુણ્ય અને પાપ, કર્મ અને જડ, દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત વસ્તુ છે એવી જ પર્યાયમાં દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મની પરિણતિ કરી. આહા..હા..! દ્રવ્યકર્મ, નોકર્મ, ભાવકર્મ રહિતની પરિણતી કરી. આહા..હા..! એ અહીં કહે છે કે સાક્ષાત્ સમયસારભૂત થયો, સાક્ષાત્ આત્માનો થયો પર્યાયમાં. આહા..હા..! અરે! વાતું આવી. થોડુંક વાંચ્યું શાસ્ત્રને ત્યાં થઈ ગયું જ્ઞાન, થોડા વ્રત લીધા તો એ થઈ ગયું ચારિત્ર. અરે! ભાઈ! બાપા! તારા હિતની વાતું છે, ભાઈ! તને વાત બેઠી નથી. આહા..હા..! ભગવાન!

દૃષ્ટાંત તો આપ્યો નહોતો શક્કરિયાનો? શક્કરિયાની લાલ છાલને ન જુઓ ઉપરની લાલ પાતળી છાલ. જે વાસણમાં મૂક્યું હોય એ વાસણ ન જુઓ અને લાલ છાલ ન જુઓ તો એ શક્કરકંદ-સાકરની મીઠાશનો પિંડ છે. એ શક્કરીયું એટલે શક્કરકંદ કહે છે. સાકરની મીઠાશનું દળ પડ્યું છે આખું. એમ ભગવાન આત્મા જેમાં પડ્યું વાસણ એ વાસણ એટલે આ શરીરને જુઓ, એ વાસણ તો પર છે, એમાં પુણ્ય-પાપના ભાવ જે છાલ છે લાલ. આહા..હા..! એને ન જુઓ તો એ શક્કરકંદ જેમ સાકરની મીઠાશનો પિંડ છે, એમ ભગવાન અનંત અમૃત આનંદના સ્વાદનો પિંડ છે. આહા..હા..! એ અતીન્દ્રિય આનંદનું દળ છે. સમજાણું કાંઈ? દળના લાડવા નથી કરતા? હમણા લાવ્યા હતા લાડવા. અહીં વાત થઈ હતીને, કોક લાવ્યા હતા છોકરા માટે. રવિભાઈ. એના મામા લાવ્યા હતા. આ દળ-દળ. લાડવા દળના. આપણે કાંઈ ખાધા નથી. લાકડાના દળ, લાકડાના દળ. ભગવાન આનંદનું દળ. અરે! એને

ખબર ક્યાં છે? અહીં કહે છે કે જેવો અતીન્દ્રિય આનંદનું દળ પ્રભુ છે એવી દશામાં અતીન્દ્રિય આનંદ અને વિજ્ઞાનઘન પર્યાય પ્રાપ્ત થઈ ગઈ. આહા..હા..! એને અહીં સમયસારભૂત કહે છે. ભૂત એટલે થયો એમ. સમયસારભૂત થયો. આહા..હા..!

'**પરમાર્થરૂપ...**' ખરેખર પરમ અર્થરૂપ પદાર્થરૂપ '**શુદ્ધજ્ઞાન એક અવસ્થિત દેખવું...**' આહા..હા..! એકલી કેવળદશા જ્ઞાનની એમ જોવું. '**(અર્થાત્ પ્રત્યક્ષ સ્વસંવેદનથી અનુભવવું).**' એમ દેખવું. દેખવું છેને એનો અર્થ એટલે કે પૂર્ણ વિજ્ઞાનઘન દશાને પ્રત્યક્ષ અનુભવવી આહા..હા..! એનું નામ મોક્ષ અને કેવળજ્ઞાન છે.

**શ્રોતા :-** દેખવું, જાણવું અને અનુભવવું એ બધું એક જ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધું એક. અહીં દેખવું એટલે અનુભવવું. જાણવું એટલે અનુભવવું. અહીં તો એ લેવું છે. એકલું દેખવું-દેખવું એમ નહિ. અનુભવવું એનું નામ દેખવું. આહા..હા..! સમજાણું કાંઈ? છે?

'**(અર્થાત્ પ્રત્યક્ષ સ્વસંવેદનથી અનુભવવુ).**' એનો અર્થ છે. આહા..હા..! ભાવાર્થ. પ્રત્યક્ષ શબ્દ લીધો છે. સ્વસંવેદન પોતાથી સં-પ્રત્યક્ષ અનુભવવું એનું નામ કેવળજ્ઞાન અને કેવળદર્શન છે. આહા..હા..! આમ ત્રણકાળને જાણે અને ત્રણલોકને જાણે માટે કેવળજ્ઞાન એમ ન લીધું અહીં. અહીં તો પ્રત્યક્ષ વેદનમાં આવે એનું નામ કેવળજ્ઞાન છે. આહા..હા..! આવો માર્ગ ક્યાંથી કાઢ્યો? માર્ગ તો આ છે, ભાઈ! આહા..હા..!

'**ભાવાર્થ :- અહીં જ્ઞાનને સર્વ પરદ્રવ્યોથી ભિન્ન...**' જ્ઞાન એટલે આત્મા એને સર્વ પરદ્રવ્યોથી જુદો '**અને પોતાના પર્યાયોથી અભિન્ન...**' અહીં તો પુણ્ય-પાપ પોતાની પર્યાય છે એમ સિદ્ધ કર્યું છે પહેલું. આહા..હા..! '**તેથી અતિવ્યાપ્તિ...**' એટલે પોતામાં ન વ્યાપે અને બીજામાં હોય. જેમ અરૂપીપણું કહેવું તે અતિવ્યાપ્તિ છે. પોતામાં પણ છે અને પરમાં છે '**અને અવ્યાપ્તિ...**' કેવળજ્ઞાન કહેવું એ તો અવ્યાપ્તિ. પોતામાં નથી કેવળજ્ઞાન. એ '**અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ નામના જે લક્ષણના દોષો તે દૂર થયા.**'

'**આત્માનું લક્ષણ ઉપયોગ છે,...**' આહા..હા..! જાણવું અને દેખવું એ ઉપયોગ એ એનું લક્ષણ છે અને એ લક્ષણથી તે લક્ષ નામ જાણી શકાય છે. એ વ્યવહારરત્નત્રયના વિકલ્પથી તે ભગવાન જાણી શકાય એવો નથી. આહા..હા..! '**અને ઉપયોગમાં જ્ઞાન પ્રધાન છે;...**' ઉપયોગ તો બાર પ્રકાર છે. દર્શનના પ્રકાર બે ભેદ છે ઉપયોગના. પછી એના પડે બાર પ્રકાર. પણ અહીંયાં ઉપયોગમાં જ્ઞાનની મુખ્યતા લીધી છે. દર્શન અને એના પ્રકારોના ભેદની વાત નથી. આહા..હા..! '**તે (જ્ઞાન) અન્ય અચેતન દ્રવ્યોમાં નથી...**' જુઓ, '**તેથી તે અતિવ્યાપ્તિપણું નથી,...**' એમ. તે જ્ઞાન અચેતન નામ પરમાં શરીર, વાણી, મનમાં નથી. અરે! આ જ્ઞાન દેવ-ગુરુ-ધર્મમાં પણ આ જ્ઞાન નથી. આહા..હા..! છે? '**તેથી તે અતિવ્યાપ્તિપણું નથી,...**' પોતામાં પણ હોય અને પરમાં હોય તો તો અતિવ્યાપ્તિપણું

થઈ ગયું. એમ નથી. '**અને પોતાની સર્વ અવસ્થાઓમાં છે...**' જો એ જ્ઞાન બધી અવસ્થામાં ન હોય તો એનું વાસ્તવિક લક્ષણ ન કહેવાય. આહા..હા..! '**પોતાની સર્વ અવસ્થામાં છે...**' કેવળજ્ઞાનને કહેવા જાવ તો સર્વ અવસ્થામાં એ કેવળજ્ઞાન નથી, પણ જ્ઞાન લ્યો તો સર્વ અવસ્થાઓમાં જ્ઞાન છે. આહા..હા..! '**તેથી અવ્યાપ્તિવાળું નથી.**' ન વ્યાપે તેવું નથી. જ્ઞાન-ઉપયોગ તે કોઈ અવસ્થામાં ન હોય એમ નથી, તેમ જ્ઞાન જે અવસ્થા તે બીજામાં પણ હોય એમ નથી. માટે અતિવ્યાપ્તિ પરમાં નથી, અવ્યાપ્તિ (અર્થાત્) કોઈ વખતે વ્યાપ્યા વિના રહે નહિ એવું એનું જ્ઞાનલક્ષણ છે. આવી ભાષા હવે. આહા..હા..!

'**આ રીતે જ્ઞાનલક્ષણ કહેવાથી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ દોષો આવતા નથી.**' સમજાણું કાંઈ? જો આત્માને અરૂપી કહે તો અતિવ્યાપ્તિ દોષ આવે છે, આત્માને કેવળજ્ઞાન કહે તો અવ્યાપ્તિ દોષ આવે છે. બધી અવસ્થામાં કેવળજ્ઞાન નથી. સમજાણું કાંઈ? અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ. માર્ગ તો એવો (છે). અતિવ્યાપ્તિ એટલે? જે જાણવું એ ઉપયોગ એ આત્માનું લક્ષણ. જે જાણવું બીજામાં નથી તેથી તે અતિવ્યાપ્તિ એમાં નથી લાગું પડતી. પોતામાં પણ છે અને પરમાં પણ છે તો એ અતિવ્યાપ્તિ થઈ અને જે લક્ષણ પોતામાં કોઈ વખતે ન વ્યાપે અને કોઈ વખતે હોય અને કોઈ વખતે ન હોય તો તે અવ્યાપ્તિ દોષ થયો. જ્ઞાન તો બધી અવસ્થામાં છે. આહા..હા..! માટે જ્ઞાન તે અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિથી (દોષથી) ભિન્ન છે. આહા..હા..! આમાં મુંબઈના વેપાર ને ધંધા, ધમાલ એમાં આ અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ (સમજવા) નવરાશ ક્યાં છે? અરેરે..!

**શ્રોતા :–** આપ મુંબઈ પધારવા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ થોડા દિ' રહે એમાં ત્યાં... આહા..હા..! વેપારના ધંધામાં આટલો કાળ પરદેશમાં રહેવું એવી મુદત કરી છે? ... છોડી મુંબઈ ... મુદત રાખી છે કે આટલા વર્ષ મુંબઈમાં રહેવું? આખી જિંદગી મુંબઈમાં રહેવું છે. આહા..હા..! એને મુદત રાખી છે કે આટલો જ કાળ મુંબઈ આવે ત્યારે સમજવું અને પછી નહિ?

**શ્રોતા :–** થોડા વ્રત લઈએ તો..?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્રત પણ ક્યાં વ્રત, કોને કહે વ્રત? આહા..હા..! નિશ્ચય વ્રત તો આત્મા આનંદસ્વરૂપનું ભાન થઈ અને આત્મા આનંદમાં વીંટાઈ જાય આહા..હા..! એનું નામ વ્રત છે. આ વિકલ્પ છે એ તો રાગ છે, દુઃખ છે, વ્રત કેવા? આવો માર્ગ. ઈ અહીંયાં કહ્યું.

'**અહીં જ્ઞાનને જ પ્રધાન કરીને આત્માનો અધિકાર છે,...**' છે બીજો પેરેગ્રાફ? '**જ્ઞાનને જ પ્રધાન કરીને આત્માનો અધિકાર છે, કારણ કે જ્ઞાનલક્ષણથી જ આત્મા સર્વ પરદ્રવ્યોથી ભિન્ન અનુભવગોચર થાય છે.**' એ જ્ઞાનથી આત્મા અનુભવગમ્ય થાય છે. પરદ્રવ્યથી ભિન્ન, રાગથી પણ ભિન્ન જ્ઞાનલક્ષણથી ભિન્ન અનુભવગોચર થાય છે. એનો

જ્ઞાનલક્ષણથી અનુભવ થાય છે. '**જોકે આત્મામાં અનંત ધર્મો છે,...**' આત્મામાં તો અનંત શક્તિઓ છે. શક્તિઓ કહો, ગુણ કહો કે અહીં ધર્મ એટલે ધારી રાખેલા ભાવ માટે ધર્મ. ભગવાન આત્માએ ધારી રાખેલા ચૈતન્ય આદિના અનંત સ્વભાવો ધર્મો તે અનંત છે. છે? '**તોપણ તેમાંના કેટલાક તો છદ્મસ્થને અનુભવગોચર જ નથી;...**' છદ્મસ્થ નામ અલ્પ જ્ઞાનમાં રહેલાને અનંતા ધર્મો તેને છદ્મસ્થને અનુભવગમ્ય નથી. આહા..હા..!

'**તે ધર્મોને કહેવાથી છદ્મસ્થ જ્ઞાની આત્માને કઈ રીતે ઓળખે?**' જે અનુભવમાં આવતા નથી, અનુભવ આવવાલાયક નથી એને લક્ષણ જો કહે તો એ આત્મા શી રીતે ઓળખે એનાથી? '**વળી કેટલાક ધર્મો અનુભવગોચર છે,...**' કોણ? '**પરંતુ તેમાંના કેટલાક તો—અસ્તિત્વ,...**' છે. 'છે' એ પણ આત્માનો ધર્મ છે, પણ એ લક્ષણથી આત્મા ન જણાય. 'છે' તો આત્મા પણ છે, 'છે' તો પરમાણુ પણ છે, 'છે' તો છએ દ્રવ્ય છે. એમ છેથી પરથી ભિન્ન ન જણાય. આહા..હા..!

**શ્રોતા :-** છદ્મસ્થ દશા ક્યા ગુણસ્થાન સુધી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છદ્મસ્થ બારમા સુધી. અહીં છદ્મસ્થને નીચેની દશામાં લેવા.

'**કેટલાક તો—અસ્તિત્વ, વસ્તુત્વ,...**' સામાન્ય-વિશેષ વસ્તુત્વ એવો જે સ્વભાવ તો સામાન્ય પોતામાં પણ છે અને પરમાં પણ છે. '**પ્રમેયત્વ...**' જ્ઞાનમાં પ્રમેયત્વ એટલે જણાવું. આત્મા પણ જ્ઞાનમાં જણાય અને પર પણ જણાય એટલે પ્રમેયત્વ આદિ ધર્મોથી આત્મા ઓળખી ન શકાય. '**આદિ તો—અન્ય દ્રવ્યો સાથે સાધારણ અર્થાત્ સમાન છે...**' કેમકે પરમાણુ અને આકાશમાં પણ અસ્તિત્વ છે, વસ્તુત્વ છે, હોવાપણું છે, સામાન્ય-વિશેષપણું છે અને જ્ઞાનમાં જણાય એવો પ્રમેયત્વ ધર્મ પણ એમાં છે. આહા..હા..! આવી વાતું હવે.

'**તેમને કહેવાથી જુદો આત્મા જાણી શકાય નહિ, અને કેટલાક (ધર્મો) પરદ્રવ્યોના નિમિત્તથી થયેલા છે...**' પુણ્ય અને પાપ વગેરે. ત્રણ વાત કરી. આત્મામાં કેટલાક ધર્મો એવા છે કે છદ્મસ્થને ખ્યાલમાં ન આવી શકે, માટે તે લક્ષણથી ન ઓળખાય અને અસ્તિત્વ અને વસ્તુત્વ આદિ હો તો આત્મામાં પણ છે અને પરમાં પણ છે, તો એનાથી ભિન્ન ન ઓળખી શકાય. '**અને કેટલાક (ધર્મો)...**' છેને? '**પરદ્રવ્યોના નિમિત્તથી થયેલા છે...**' ત્રીજો બોલ. પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ આદિ એનાથી આત્મા ન ઓળખાય, એ તો રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આમાં એ આવ્યું. પરદ્રવ્યના નિમિત્તથી થતાં પુણ્ય-પાપના ભાવ તેનાથી આત્મા ન જણાય. વ્યવહારથી આત્મા ન જણાય એમ કહે છે. આહા..હા..! એક કલાકમાં કેટલી વાતું આવે. ભાઈ! આહા..હા..! એક રાત્રીમાં પીડા ઉપજે એ રાત્રી તો જેટલી છે એટલી છે, પણ મોટી રાત થઈ પડે એને. આહા..હા..! માથુ ફરી જાય.

એક શેઠિયો હતો તો વાની પીડા, વાની પીડા. પૈસાવાળા ઘણા લાખોપતિ. વાની પીડા એવી પીડા વા. અરે! મને બંદુકે ઉડાવી દ્યો. મારાથી સહન થાતું નથી. બંદુકે ગોળીએ ઉડાવો, મને સહન થતું નથી. નગરશેઠ પૈસાવાળા. આહા..હા..! એવી પીડા... એવી પીડા... હમણાં ભાઈનું નહોતું આવ્યું? ચંદુભાઈ ડૉક્ટર આવ્યા હતાને અહીંયાં. એને પથરીની પીડા ઉપજી હતી પીડા. પથરી કાંઈક રગમાં આવી ગઈ હશે. અને પીડા... પીડા.. પીડા... એણે નહોતું લખ્યું. એણે લખ્યું વજુભાઈને. વજુભાઈએ અહીં લખ્યું કે ચંદુભાઈ કહે છે કે હું દરદી થયો હવે. અને એ પીડા ધોળે દા'ડે તારા દેખાય છે. પીડા એટલી થાય છે. ચંદુભાઈ મળ્યા હતાને. અંદર રગમાં પથરી સહેજ નીકળી નહિ, ઉતરી નહિ એમાં પીડા... પીડા... પીડા... આ એપેન્ડીક્સ થાય, નથી થાતું? એપેન્ડીક્સ થાય. .. વ્યાધિ. બહુ પીડા હોય. .. ઉભી હોય પછી એ ચડે. છેને સાંભળ્યું છેને. અમારે ભાઈને થઈ હતી. ..ને થઈ હતી. .. મગનભાઈ હતાને ત્યાં રાજકોટમાં. મગન ઉદાણી. ત્યાં તો મોટા ડૉક્ટર આવ્યા હતા હોસ્પિટલમાં. બહુ પીડા થઈ હતી. ત્યાં લાવો. એને ક્યાં લાવે? મગનભાઈને પછી બધા... ઉપડ્યા. સહન કરનાર જબ્બર. આહા..હા..! આંસુ નહિ, રાડ નહિ. સહન કરનાર. એવી પીડા. આહા..હા..! ઘાણીમાં તલને પીલે એથી પણ પીડા... પીડા... પીડા... એ વેદન એવા અનંતવાર કર્યા પ્રભુ તેં તારા આત્માના ભાન વિના. બહારમાં રાજી અને હરખાય એમાં હરખાય ગયો, પણ પોતાનો હરખ આનંદનો ન આવ્યો એને. આહા..હા..!

અહીં એ કહે છે કે '**પરદ્રવ્યોના નિમિત્તથી થયેલા...**' દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ '**તેમને કહેવાથી પરમાર્થભૂત આત્માનું શુદ્ધસ્વરૂપ કેવી રીતે જણાય?**' આહા..હા..! ત્રણ પ્રકાર લીધા. આત્મામાં એટલા અનંતગુણ છે, એટલા અનંતગુણ છે કે આકાશના પ્રદેશો જે વ્યાપક છે ક્યાંય આકાશનો અંત નથી. અનંત... અનંત... અનંત... અનંત... નાસ્તિક પણ વિચારશે તો એને એમ આવે. એક ફેરી વાત કરી હતી કીધું, જામનગરના હતા દીવાન. એનો દીકરો આવ્યો હતો. .. ૯૦ની વાત છે. ના પાડો છો તમે નથી એમ. હું એટલું તમને પૂછું. ..દીવાન હતા જામનગરના. અહીં વ્યાખ્યાનમાં આવ્યા હતા. પણ એનો છોકરો પછી .. આવ્યો હતો .. છેને જામનગરથી બે ગાઉ છેટે .. ત્યાં. એ અને ડોક્ટરનો દીકરો હતો. ડોક્ટર છેને એ. કેવા? પ્રાણજીવન ડૉક્ટર. બેય જુવાનીયા. .. આવ્યા પછી બેઠા હતા. તમે એમ માનો કાંઈ નથી, પણ હું એટલું પૂછું છું કે આ ક્ષેત્ર છે જે આ, એમને એમ એમને એમ ક્ષેત્ર ક્યાં સુધી ગયું? આ ભરેલું. ખાલી ભલે તમારા ખ્યાલમાં ન આવે, પણ આ ક્ષેત્ર તો છેને. જગ્યો છેને. તો એ જગ્યો... જગ્યો... જગ્યો... જગ્યો... આમ... આમ.. ક્યાંય અંત છે એનો? અંત હોય તો પછી શું? આહા..હા..! જેના ક્ષેત્રનો સ્વભાવ તર્કથી પણ ગમ્ય ન થાય એવી કોઈ સ્વભાવિક ચીજ છે આકાશ વ્યાપક. લોકની બહાર એમને એમ અનંત અનંત યોજન, અનંત અનંત યોજન. અનંતને અનંતગુણા વર્ગ કહો, વર્ગ એટલે?

અનંતને એ જ આંકડે એક વાર ગુણો અને પછી એ રીતે એ આંકડાને એટલે આંકડે ગુણો એવા અનંતવાર ગુણો. આહા..હા..! તોપણ તે આકાશના પ્રદેશનો પાર ન આવે એટલા છે. આહા..હા..! ગમે તે માણસ નાસ્તિક હોય પણ એટલું તો તમે કહેશો કે આ જગ્યો આમ ને આમ. આ ભલે ભરેલી લ્યો આ .. પણ બધે તો ભરેલી નથી. કારણ કે પછી અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ખાલી એ આકાશ છે એનો ક્યાંય અંત છે? શું બેસે છે એના સ્વભાવમાં? આહા..હા..! જ્યાં એનો અંત નથી તેવા ક્ષેત્રજ્ઞ એનો જાણનારો ભગવાન એના જ્ઞાનની શી હદ કહેવી? સમજાય છે કાંઈ? એ આકાશના પ્રદેશની સંખ્યા છે એના કરતા આત્મામાં અનંતગુણા ગુણ છે. આ તમારા પૈસાના કરોડ, બે કરોડ, અબજ, બે અબજ એ આંકડો ગણાય જાય. અહીં તો આંકડો જ ગણાય નહિ. આહા..હા..! એટલું તો ક્ષેત્ર છે અને ક્ષેત્રજ્ઞ ભગવાન આત્મા એનો જાણનાર. આહા..હા..! એ જાણનારની શક્તિ કેટલી? અને એ ક્ષેત્રના જેટલા પ્રદેશોની સંખ્યા અમાપ છે એથી અનંતગુણા જીવના ગુણ છે. સમજાણું? એ માંયલા કેટલાક તો જણાય એવા નથી એમ કહે છે. કેટલાક જણાય એવા અસ્તિત્વ છે એ તો બીજામાં પણ છે. આહા..હા..! કેટલાક પર નિમિત્તથી થયેલા એથી પોતાનો સ્વભાવ નથી. એની વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**કારતક સુદ-૫, મંગળવાર, તા. ૧૫-૧૧-૧૯૭૭,**
**ગાથા-૩૯૦ થી ૪૦૪, પ્રવચન નં. ૫૧૦**

સમયસાર, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. અહીંયાં ચાલે છેને, '**અહીં જ્ઞાનને આત્માનું લક્ષણ કહ્યું છે...**' ત્યાંથી વાત છે. શું કહે છે? કે જેને આત્મજ્ઞાન કરવું હોય કે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય તો એ જ્ઞાનથી આત્મા જણાય છે એનાથી સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? આ તો શરૂઆત કરી છેને. આ આત્મા જે વસ્તુ છે વસ્તુ અંદર એ તો શરીરથી તો ભિન્ન છે જ, કર્મથી ભિન્ન અને અંદર પુણ્ય-પાપના ભાવ થાય છે, પર્યાયમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો પુણ્યભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયના પાપ ભાવ એ બેય વિકાર છે, એ બેય આત્મા નથી, એ આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..! અને એનાથી આત્મા જણાતો નથી. એ તો જ્ઞાન જાણન... જાણન... જાણન... ચેતના જાણન જેનું લક્ષણ છે એ જાણન સ્વભાવથી ચેતનાલક્ષણથી, જ્ઞાનલક્ષણથી લક્ષ નામ આત્મા જણાય છે. આહા..હા..! જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એવી જ્ઞાનની દશાને અંતરમાં વાળતા સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન

થાય છે. બીજો એનો કોઈ ઉપાય નથી. જે ક્રિયાકાંડ વચ્ચે આવે છે એ ક્રિયાકાંડ તો રાગ છે, એનાથી આત્માનું સમ્યગ્દર્શન, ધર્મની પહેલી સીઢી એનાથી ઉત્પન્ન નથી થતી. આહા..હા..!

તો એ કહે છે કે **'જ્ઞાનને આત્માનું લક્ષણ કહ્યું છે...'** જાણન... જાણન... જાણન... જાણન... એ આત્મા. **'એટલું જ નહિ, પણ જ્ઞાનને જ આત્મા જ કહ્યો છે;...'** અહીં તો જાણનસ્વભાવ એ આત્મા. આહા..હા..! અને જાણનસ્વભાવ એ આત્મા અંતરમાં લક્ષ કરવાથી આત્મજ્ઞાન થાય છે તો એની સાથે અતીન્દ્રિય અમૃતનો સ્વાદ પણ આવે છે. ત્યારે તેને આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન કહીએ. આહા..હા..! ધર્મની પહેલી સીઢી-મોક્ષમહેલની પહેલી સીઢી. છ ઢાળામાં આવે છે. છ ઢાળા છેને? પાઠશાળામાં ચાલે છે એમાં આવે છે કે મોક્ષમહેલની પહેલી સીઢી. એ જ્ઞાન જાણન સ્વભાવથી આ આત્મા અને એ જાણનસ્વભાવ એ આત્મા એવો અનુભવ થાય ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! બાકી તો અનંતવાર 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ પંચમહાવ્રતના પરિણામ આદિ આસ્રવ એ દુઃખરૂપ છે. આહા..હા..! આવ્યું કે નહિ એમાં? 'મુનિવ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ એ થયો કે પંચમહાવ્રતના પરિણામ જે છે એ રાગ છે અને એ દુઃખ છે. આહા..હા..! આકરી વાત, ભાઈ! તો રાગ છે એ દુઃખ છે એનાથી આત્મા આનંદસ્વરૂપ છે એ જણાતો નથી. આહા..હા..! આવી વાત બહુ ઝીણી, બાપુ! એણે દરકાર કરી જ નથી કદી.

હું આત્મા જ્ઞાન-જ્ઞાન જાણનસ્વભાવ એ આત્મા. એ જાણનસ્વભાવથી આત્મા જણાય છે, કેમકે જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે. એ કહ્યુંને, **'પણ જ્ઞાનને જ આત્મા જ કહ્યો છે; કારણ કે અભેદવિવક્ષામાં ગુણગુણીનો અભેદ હોવાથી,...'** ગુણી જે ભગવાન આત્મા અને જ્ઞાનગુણ બેની એક અપેક્ષા અભેદ કહેવાથી બન્ને એક જ છે, ભિન્ન નથી. આહા..હા..! આવી વાતું. **'જ્ઞાન છે તે જ આત્મા છે.'** જાણન... જાણન... જાણન... સ્વભાવ એ જ આત્મા. બાકી દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવે છે, પણ એ રાગ છે, એ અણાત્મા છે, એ વસ્તુનું સ્વરૂપ નથી. અશુભથી બચવા એ શુભભાવ આવે છે, પણ એ ધર્મ નથી. આહા..હા..! વીતરાગ જિનેન્દ્રનો માર્ગ સૂક્ષ્મ અને વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે. આહા..હા..! અને જ્યાં જ્ઞાન તે આત્મા એમ કહીને એ જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થાય એ આત્મામાં જ એકાગ્ર છે. સમજાણું કાંઈ?

તેથી **'અભેદવિવક્ષામાં જ્ઞાન કહો કે આત્મા કહો—કાંઈ વિરોધ નથી;...'** ઝીણી વાત છે. આત્મા અનંત જ્ઞાનાદિ ગુણનો પિંડ છે તો એમાં જ્ઞાનગુણ છે. તો જ્ઞાન તે આત્મા એમ કહેવાથી ગુણ અને ગુણીની એકતાનું કથન છે, અભેદ કથન છે. નહિતર આત્મા અને જ્ઞાન, ગુણ અને ગુણી એવા બે પ્રકાર તો છે. .. તરીકે જુઓ તો જ્ઞાન ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્યચંદ્રમા શીતળનો નાથ આત્મા એનાથી આત્મા જણાય છે માટે

જ્ઞાન તે જ આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાતું છે. અરે! છે? '**કાંઈ વિરોધ નથી; માટે અહીં જ્ઞાન કહેવાથી આત્મા જ સમજવો.**'

'**ટીકામાં છેવટે એમ કહેવામાં આવ્યું કે—**' ટીકા સંસ્કૃત અમૃતચંદ્રાચાર્યદેવની ટીકા. મૂળ શ્લોક ભગવાન કુંદકુંદાચાર્યના. દિગંબર સંત બે હજાર વર્ષ પહેલાં થયાં. સંવત ૪૯ કુંદકુંદાચાર્ય. વચ્ચે છે. એમના શ્લોક છે અને એની ટીકા અમૃતચંદ્રાચાર્ય. એક હજાર વર્ષ પહેલાં દિગંબર સંત અતીન્દ્રિય આનંદમાં રમનારા, પોતાના આનંદસ્વરૂપમાં ઘૂસીને અંતરમાં રમનારા મુનિ. આહા..હા..! એ મુનિની આ ટીકા છે. કહે છે કે '**ટીકામાં છેવટે એમ કહેવામાં આવ્યું કે—જે, પોતામાં અનાદિ અજ્ઞાનથી...**' ભગવાન આત્મા આનંદમૂર્તિ પ્રભુ એમાં અનાદિ અજ્ઞાનથી. છે? '**થતી શુભાશુભ ઉપયોગરૂપ પરસમયની...**' આહા..હા..! એ શુભયોગ અને અશુભયોગ બેય અનાદિની અજ્ઞાનની પ્રવૃત્તિ છે. ઝીણી વાત છે, ભાઈ! છે? '**અનાદિ અજ્ઞાનથી થતી...**' પોતાનો ચૈતન્ય આનંદસ્વરૂપ ભગવાન અને જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ એનું જ્ઞાન નહિ હોવાથી અજ્ઞાનને કારણે અનાદિથી પુણ્ય અને પાપના ભાવ એ અજ્ઞાનભાવથી ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જિનેન્દ્રનો માર્ગ ઝીણો છે, ભગવાન! અંતરમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું એ કોઈ અલૌકિક ચીજ છે. એ સાધારણ કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રને માને, નવ તત્ત્વને ભેદથી માને (એટલે) સમકિત એમ નથી. આહા..હા..! અહીંયાં તો કહે છે કે પોતાનું સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય એની દૃષ્ટિ વિના પોતાના સ્વભાવના અજ્ઞાનથી પુણ્ય અને પાપના ભાવની ઉત્પત્તિ થાય છે એ પરસમય છે. એ ખરેખર આત્મસ્વભાવ નથી, અણાત્મા છે. આહા..હા..! ઝીણું બહુ આવું. અમારે રતિભાઈ કહેતા હતા. ૪૩ વર્ષથી તો અહીં ચાલે છે. ૪૦ અને ૩. આવો માર્ગ. ૨૦ લાખ તો પુસ્તક બહાર પડ્યા છે. આહા..હા..!

અહીં જિનેશ્વર સર્વજ્ઞદેવ પરમેશ્વર એમ કહે છે, સંતો આડતિયા થઈને સર્વજ્ઞનો માલ બતાવે છે. આહા..હા..! પ્રભુ! તારામાં શુભ અને અશુભભાવ વિકાર જે ઉત્પન્ન થાય છે એનું મૂળ મિથ્યાત્વ છે. આહા..હા..! પરમ દિવસે કહ્યું હતુંને કે ચારિત્ર એ ધર્મ. આત્માના આનંદ સ્વરૂપમાં રમણતા, આનંદ અતીન્દ્રિય આનંદની મોજું માણવી અંતરમાં એ ચારિત્ર. ચારિત્ર એટલે ચરવું. અતીન્દ્રિય આનંદ ભગવાન આત્મા એમાં ચરવું, રમવું, જમવું, અતીન્દ્રિય આનંદનું ભોજન કરવું. આહા..હા..! એનું નામ ચારિત્ર. એ ચારિત્ર એ ધર્મ. ધર્મ એ મોક્ષનું કારણ. ત્યારે એ ચારિત્રનું મૂળ કોણ? '**दंसणं मुलो धम्मो**' ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન ન હોય તો ચારિત્ર હોઈ શકે નહિ. ચારિત્ર એ ધર્મ, પણ ચારિત્ર કોણ? આ વ્રત ને તપ ને ભક્તિ એ કાંઈ ચારિત્ર નથી. આહા..હા..!

**શ્રોતા :-** મોહ અને ક્ષોભથી રહિત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મિથ્યાત્વ અને અસ્થિરતાથી રહિત. સાદી ભાષા આ છે. ભ્રમણા

પુણ્ય-પાપ મારા એવી ભ્રમણા, એનાથી રહિત અને સ્વરૂપમાં ક્ષોભ નહિ, સ્થિરતા. આનંદની લહેર અંદરથી ઉઠે અતીન્દ્રિય આનંદની.

**શ્રોતા :-** આનંદની લહેર તો બહાર પૈસા મળે તો પણ ઉઠે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય પૈસામાં નથી. દુઃખીના દાળીયા છે પૈસાવાળા. આ બધા પૈસાવાળા બેઠા. આ કરોડપતિ બેઠા.

**શ્રોતા :-** પૈસાને જ્ઞેય કરી નાખે તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસાને જ્ઞેય ક્યાંથી કરે પણ આત્મા જ્ઞેય થયા વિના? આત્મા પોતાની પર્યાયમાં જ્ઞેય આનંદરૂપ છે એવો અનુભવ થયા વિના પરને જ્ઞેય કરી શકે નહિ ત્રણકાળમાં. આહા..હા..! 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી તાતૈ વચનભેદ ભ્રમ ભારી, જ્ઞેય સત્તા દ્વિવિધ પ્રકાશી સ્વરૂપા, પરરૂપા ભાસી.' તો સ્વરૂપનું જ્યારે જ્ઞાન થાય કે 'હું તો આનંદ અને વીતરાગમૂર્તિ છું, હું પરમાત્મસ્વરૂપ છું, કૃતકૃત્ય છું' એવી દૃષ્ટિમાં અતીન્દ્રિય આનંદના સ્વાદની સાથે પ્રતીતિ પ્રગટ થાય એને તો પ્રથમ સમ્યગ્દર્શન કહે છે. એ સમ્યગ્દર્શન ચારિત્ર ધર્મનું મૂળ છે. એ મૂળ વિના ચારિત્ર હોઈ શકે નહિ. હવે એનાથી ગુલાંટ વાત ખાય છે કે પુણ્ય અને પાપ જે અધર્મ છે એનું મૂળ કોણ છે? કે મિથ્યાત્વ છે. આહા..હા..! ચારિત્ર ધર્મ છે, પણ એ ચારિત્ર કોને કહેવું, ભાઈ? બહુ આકરી વાતું, ભાઈ! એ આનંદના અતીન્દ્રિય આનંદ જેને પાંચમી ગાથામાં કહ્યું છે કુંદકુંદાચાર્યે, પ્રચુર સ્વસંવેદન મારો વૈભવ છે. એ વૈભવથી હું સમયસાર કહીશ. એટલે? પાંચમી ગાથામાં છે. કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા. આઠ દિન રહ્યા હતા સીમંધર પરમાત્મા પાસે. ભગવાન બિરાજે છે મહાવિદેહમાં ત્રિલોકનાથ તીર્થંકરદેવ વીસ બિરાજે છે એમાં પહેલા સીમંધર ભગવાન બિરાજે છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે, પાંચસો ધનુષનો દેહ છે-બે હજાર હાથ, બિરાજે છે મહાવિદેહમાં એની પાસે ગયા હતા. સંવત્ ૪૯. કુંદકુંદાચાર્ય દિગંબર સંત ગયા હતા, આઠ દિન રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું છે. આહા..હા..!

તો કહે છે કે ભગવાનનો તો આ સંદેશ છે. આહા..હા..! કે ચારિત્ર એ સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદ(માં રમવું તે ચારિત્ર છે). આ ઇન્દ્રિયના વિષયનો આનંદ એ તો દુઃખ ઝેર છે. વિષયોમાં સુખ માનવું એ તો ઝેર અને મિથ્યાત્વભાવ છે. આહા..હા..! ભગવાન આત્મામાં સુખ અને શાંતિ ભરી છે એ આનંદમાં અનુભવ કરીને પછી રમવું એ ચારિત્ર. એ ચારિત્રનું મૂળ... ચારિત્ર ધમ્મો-ધર્મ અને ધર્મનું મૂળ સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનો આશ્રય આત્મા. હવે ગુલાંટ ખાય છે વાત. શુભ અને અશુભભાવ એ અચારિત્ર, એ વિકારી પરિણામ. એનું મૂળ મિથ્યાત્વ, ભ્રમણા. સ્વરૂપના ભાન વિના મિથ્યા ભ્રમથી તેને અજ્ઞાનને લઈને પુણ્ય અને પાપના ભાવ ઉત્પન્ન થાય છે, એ અધર્મ છે. અધર્મનું મૂળ મિથ્યાત્વ, ધર્મનું મૂળ સમ્યગ્દર્શન. આહા..હા..! અરેરે! એને કે દિ'... સમજાણું કાંઈ?

**શ્રોતા** :- મિથ્યાત્વનું મૂળ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મિથ્યાત્વનું મૂળ વિપરીત માન્યતા. મૂળ શું વળી? એ મૂળ પોતે જ છે. એ પુણ્યમાં ધર્મ માનવો, એ વ્રતાદિના પુણ્ય છે એને ધર્મ માનવો એ મિથ્યાત્વ છે. વિપરીત મિથ્યા નામ જૂઠી શ્રદ્ધા છે. આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું દળ છે. એના તળમાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે. આહા..હા..! એવા અતીન્દ્રિય આનંદને જ્ઞાનના લક્ષણ વડે કરીને તેને જાણવું તેમાં રાગ, પુણ્ય, દયા, દાન, વિકલ્પની પણ જેને અપેક્ષા નથી એવું સમ્યગ્દર્શન થતાં તે ધર્મનું મૂળ છે અને પછી સ્વરૂપમાં રમણતા થાય એ ચારિત્ર છે. એ ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શનનો આધાર-આશ્રય આત્મા છે. આહા..હા..!

હવે અહીંયાં પુણ્ય-પાપના ભાવ સામે લઈએ ચારિત્ર વિરુદ્ધ. શુભ અને અશુભભાવ. ચાહે તો ભગવાનની ભક્તિનો શુભભાવ હોકે વ્રતનો, તપનો આદિનો ભાવ હો, પણ એ બધા શુભ-અશુભ રાગ, એની ઉત્પત્તિનું કારણ અજ્ઞાન છે. છે? '**પોતામાં અનાદિ અજ્ઞાનથી થતી શુભાશુભ ઉપયોગરૂપ પરસમયની પ્રવૃત્તિ...**' આહા..હા..! એ આત્માની પ્રવૃત્તિ નહિ, એ તો પરસમયની વિકારની પ્રવૃત્તિ, અણાત્માની પ્રવૃત્તિ. આહા..હા..! આકરી વાત, ભાઈ! વીતરાગમાર્ગ સમજવો એ બહુ અલૌકિક વાત છે અને એ જેને સમજમાં આવ્યો એને ભવના અંત આવી ગયા. આહા..હા..! અનુભવમાં આવે ઈ હોં! અહીં કહે છે કે '**અજ્ઞાનથી થતી શુભાશુભ ઉપયોગરૂપ...**' શુભ અને અશુભ ઉપયોગ. શુભ ઉપયોગ અને અશુભ ઉપયોગ બેય '**અનાદિ અજ્ઞાનથી થતી શુભાશુભ ઉપયોગરૂપ પરસમયની પ્રવૃત્તિ...**' આત્મા સિવાયની પરસમય પ્રવૃત્તિ. સિવાય કહે છે? અલાવા. સમજાણું કાંઈ? આકરી વાતું, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો એ માર્ગ બીજે ક્યાંય નથી. આહા..હા..!

એ અહીં કહે છે '**પરસમયની પ્રવૃત્તિને દૂર કરીને,...**' આહા..હા..! એકદમ વાત કરી કે અજ્ઞાનથી થતી જે શુભાશુભ પ્રવૃત્તિ તેને દૂર કરીને. એનો અર્થ એ થયો કે એનું મૂળ જે મિથ્યાત્વ છે એનો નાશ કર્યો. પોતાનો ચૈતન્યસ્વભાવ આનંદનો અનુભવ કરીને મિથ્યાત્વનો નાશ કર્યો અને એ ઉપરાંત પુણ્ય-પાપના ભાવની પ્રવૃત્તિને છોડીને સ્વરૂપમાં રમણતા કરે છે એનું નામ સ્વસમય ચારિત્રદશા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે? '**પરસમયની પ્રવૃત્તિને...**' પ્રવૃત્તિ પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભભાવ. આહા..હા..! એ તો પરસમય પ્રવૃત્તિ, અણાત્માની પ્રવૃત્તિ, આત્મસ્વભાવની પ્રવૃત્તિ નહિ. આહા..હા..! તેને '**દૂર કરીને, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પ્રવૃત્તિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને,...**' આહા..હા..! આ તો અપૂર્વ વાતું છે, બાપુ! વીતરાગ સર્વજ્ઞ સિવાય એ ક્યાંય નથી. જિનેન્દ્રદેવ પરમાત્મા જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જણાયા વીતરાગભાવસહિત એની વાણી દિવ્યધ્વનિ ઇચ્છા વિના દિવ્યધ્વનિ નીકળે છે. સાક્ષાત્ ભગવાન બિરાજે છે. ઇચ્છા વિના

ૐ ધ્વનિ નીકળે છે. આહા..હા..! એમાંથી આ રચના શાસ્ત્રની કરી એ માયલા આ શાસ્ત્ર છે.

એ કહે છે કે '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં...**' શુભ-અશુભભાવ જે વિકાર છે અને ભગવાન તો નિર્વિકારી સ્વરૂપ છે. તો નિર્વિકારી સ્વરૂપમાં પુણ્ય-પાપની ઉત્પત્તિ મિથ્યાત્વને કારણે, અજ્ઞાનને કારણે ઉત્પન્ન થાય છે. કેમકે પોતાનું શુદ્ધ સ્વરૂપ જે ચિદાનંદ આનંદકંદ છે એની પ્રવૃત્તિ તો શુદ્ધ આનંદ અને અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની પ્રવૃત્તિ થાય છે. એનું અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આત્મા એની ખબર નથી જેને એ અજ્ઞાનથી પુણ્ય અને પાપની પ્રવૃત્તિ પરસયની થાય છે, ધર્મી જીવે એને દૂર કરીને. આહા..હા..! એ શુભાશુભભાવથી ખસીને પોતાના આનંદસ્વરૂપમાં પ્રવૃત્તિ કરવી એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રવૃત્તિ સ્વસમય છે, એનું નામ આત્માની પ્રાપ્તિ છે. આહા..હા..! આવું છે, પ્રભુ! અરે! માર્ગ તે માર્ગ છે પણ! અનંતકાળમાં એણે એક સમય પણ અંતર આનંદના નાથને જોયો નહિ.

અતીન્દ્રિય આનંદથી ભરેલો લબાલબ. આહા..હા..! પ્રભુ આત્મા તો અતીન્દ્રિય અનંત આનંદથી ભરેલો લબાલબ પ્રભુ છે. આહા..હા..! એમાં જેની બુદ્ધિ અતીન્દ્રિય આનંદ તરફ ઢળી ગઈ અને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું તો એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પ્રવૃત્તિને પ્રાપ્ત કરીને, એ પુણ્ય-પાપના ભાવ જે અજ્ઞાનથી ઉત્પન્ન થયા એનાથી દૂર થઈ ગયો, ખસી ગયો. આહા..હા..! ચારિત્ર અધિકાર છેને. સમજાય છે કાંઈ? ઝીણી વાત, બાપુ! આ શરીર તો માટી ધૂળ છે. આ તો માટી છે, જડ પુદ્ગલ. એની ક્રિયા હલનચલન એ તો બધી જડની છે. આહા..હા..! કર્મ અંદર છે અજીવ જ્ઞાનાવરણીય આદિ એ પણ અજીવ, જડ, માટી, ધૂળ છે અને શુભ-અશુભભાવ છે એ વિકાર છે. આહા..હા..! પ્રભુ તો નિર્વિકારી ચૈતન્યકંદ, દ્રવ્યસ્વભાવ વસ્તુ તો એવી છે. તો એ દ્રવ્યસ્વભાવમાં પુણ્ય-પાપની ઉત્પત્તિ કેમ થાય છે? પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવના અજ્ઞાનને કારણે શુભાશુભ પરિણતિ ઉત્પન્ન થાય છે તેનાથી ખસીને, તેને દૂર કરીને. આહા..હા..!

**શ્રોતા :-** દૂર થાતી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થાતી નથી, કરે ત્યારે થાયને પણ. એની મેળાએ થાતી હશે? આહા..હા..! જેવો રસ એને પ્રેમ છે પરમાં એવો પ્રેમ અંદર આત્માના આનંદમાં આવવો જોઈએ. આહા..હા..! અને જેને રાગનો પ્રેમ છે એને આત્માના આનંદ પ્રત્યે દ્વેષ છે. આહા..હા..! માર્ગ બાપુ જિનેન્દ્રના પંથના માર્ગની રીત આકરી છે, ભાઈ! દ્વેષ અરોચક ભાવ. રાગ રુચે અને આનંદ ન રુચે એને આનંદ પ્રત્યે દ્વેષ અરોચક-નથી રુચતો એ દ્વેષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય એવી ભાષા છે.

એ અહીં કહે છે. '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પ્રવૃત્તિ...**' પ્રવૃત્તિ જુઓ, પરિણામ લેવા છેને. શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા એની પ્રતીતિ અને સમ્યગ્જ્ઞાનમાં એનું જ્ઞાન અને

એમાં લીનતારૂપી પ્રવૃત્તિ... આહા..હા..! એ મોક્ષનો માર્ગ છે. એ '**પ્રવૃત્તિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને, એવા સ્વસમયરૂપ પરિણમનસ્વરૂપ...**' એ સ્વસમય શુભ-અશુભભાવથી રહિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ, વીતરાગ પરિણામસહિત એ સ્વસમય પ્રવૃત્તિમાં રહે છે. એ '**પરિણમનસ્વરૂપ મોક્ષમાર્ગમાં પોતાને પરિણમાવીને,...**' આહા..હા..! ઝીણા અર્થો છે. '**સ્વસમયરૂપ પરિણમનસ્વરૂપ...**' પર્યાય છે ઈ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ એ પર્યાય છે, દ્રવ્ય-ગુણ નથી. દ્રવ્ય અને ગુણ તો ધ્રુવ ત્રિકાળ છે. એનો અનુભવ કરવો એ પર્યાય છે. સમ્યગ્દર્શન પણ પર્યાય છે, કેવળજ્ઞાન પણ પર્યાય છે, સિદ્ધ પણ પર્યાય છે. તો અહીંયાં કહે છે કે શુભાશુભ પર્યાય જે હતી એ અજ્ઞાનભાવથી ઉત્પન્ન થઈ હતી એને દૂર કરીને પોતાના આનંદમાં રમણ કરે છે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વસમયને પ્રાપ્ત થાય છે. આહા..હા..! એ કહ્યુંને? '**એવા સ્વસમયરૂપ પરિણમનસ્વરૂપ...**' જોયું! આહા..હા..! એવી માન્યતા કે આ ભગવાન આત્મા આવો છે એમ માને એ શ્રદ્ધા એમ નથી. પરિણમનસ્વરૂપ. અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ એને સમ્યગ્દર્શનમાં શ્રદ્ધામાં પરિણમન, આનંદનું પરિણમન થવું. આહા..હા..! પરિણમન સમજ્યા? પર્યાય. દ્રવ્ય જે આત્મા છે વસ્તુ દ્રવ્ય એ તો ધ્રુવ છે અને જ્ઞાન-દર્શન અનંત ગુણ છે એ ધ્રુવ છે અને આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય છે. આહા..હા..! દ્રવ્ય, ગુણ અને પર્યાય એકડા છે, એની પણ ખબર ન મળે.

અહીંયાં તો પરમાત્મા જિનેન્દ્રદેવ ઈન્દ્રની વચ્ચે પણ આ કહે છે. આહા..હા..! એ સ્વસમયરૂપ પરિણમન. છે? '**સ્વસમયરૂપ પરિણમનસ્વરૂપ...**' આહા..હા..! આત્માના આનંદનું સમ્યગ્જ્ઞાન પરિણામ, આનંદનું સમ્યક્ પ્રતીતિ પરિણામ અને આનંદમાં રમણતા એ ચારિત્રરૂપી પરિણામ. પરિણામ નામ વર્તમાન દશા એ સ્વસમયરૂપ પર્યાયમાં... આહા..હા..! '**મોક્ષમાર્ગમાં...**' એ મોક્ષમાર્ગ છે. ભગવાનનું સ્વસમયરૂપ પરિણમન અંદર થવું, આનંદરૂપી પ્રવૃત્તિ થવી, એમાં પ્રતીતિ થવી એ દર્શન, જ્ઞાન થવું એ જ્ઞાન અને રમણતા થવી એ ચારિત્ર. આહા..હા..! અનંત-અનંતકાળ ગયો, ભાઈ! ચોર્યાસીના અવતારમાં. અનંતવાર સાધુ પણ થયો. દિગંબર મુનિ અનંતવાર થયો. કહ્યુંને છ ઢાળામાં. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન..' આનંદસ્વરૂપ ભગવાન એ તરફની પ્રતીતિ અને વેદન ન કર્યું એણે. આહા..હા..! તો એ આનંદસ્વરૂપની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એ સ્વસમયરૂપ પરિણમનસ્વરૂપ, વર્તમાનમાં પર્યાયમાં તે રૂપે થવું. આહા..હા..! આવી ભાષા છે. માર્ગ બહુ બાપુ આકરો છે, ભાઈ! લોકોને તો સાંભળવા કાંઈક મળે અને કંઈક માનીને જિંદગી કાઢી નાખે. આહા..હા..!

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' ભગવાનની દિવ્યધ્વનિ મુખમાંથી નીકળે ૐકાર. 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.' આહા..હા..! એ આગમની રચના ગણધરોએ

કરી તેની વાસ્તવિક સમજણ અને જ્ઞાન કરીને સંશયનું નિવારણ કરે આત્મા તેને સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! એ સમ્યગ્દર્શન, સમ્યક્ એટલે સત્યદર્શન. જેવું સ્વરૂપ નિર્મળ પવિત્ર ભગવાન છે તેની પ્રતીતિનું દર્શન, જેવું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે તેનું જ્ઞાન અને શુદ્ધ ચૈતન્ય છે તેમાં રમણતા. આહા..હા..! એવા '**પરિણમનસ્વરૂપ મોક્ષમાર્ગ...**' આનું નામ મોક્ષમાર્ગ. આ નિશ્ચયમોક્ષમાર્ગ એ પર્યાય છે. વ્યવહારમોક્ષમાર્ગ રાગને કહે છે, એ તો વિકાર છે. આહા..હા..!

**શ્રોતા :-** એ છે તો પર્યાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે પર્યાય પણ વિકાર છે, પરસમય છે એ તો. આહા..હા..!

'**સ્વસમયરૂપ પરિણમનસ્વરૂપ મોક્ષમાર્ગમાં પોતાને પરિણમાવીને,...**' આહા..હા..! જેવો પરમપારિણામિક ભગવાન જ્ઞાયકભાવ આત્માનો ત્રિકાળી એ રીતે પર્યાયમાં પણ પરિણમન શુદ્ધનું પરિણમન, પુણ્ય અને પાપના ભાવરહિત એની પરિણમન વર્તમાન પર્યાયમાં મોક્ષમાર્ગમાં પરિણમન થવું. આહા..હા..! જે '**સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવને પામ્યું છે,...**' અંતરમાં સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરતાં-કરતાં સંપૂર્ણ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. કોઈ બીજી ક્રિયાકાંડથી કેવળજ્ઞાન થાય છે એમ નથી. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાતું, બાપા! ભગવાન અંદર ત્રણલોકનો નાથ બિરાજે છે પોતે. અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ. ક્યાં એની નજરું છે. નજરમાં નિધાન જોયા છે કે દિ'? ધૂળને જોઈ આ બહારના પૈસા, બાયડી, છોકરા અને કાં પુણ્ય અને પાપના ભાવ. આહા..હા..! જે વસ્તુનો સ્વભાવ નથી એને જોયું ને જાણ્યું ને ટક્યો ત્યાં. ભ્રમણા છે અજ્ઞાન. આહા..હા..!

અહીંયાં તો પ્રભુ જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે કે એ શુભ-અશુભભાવ જે અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે એ પોતાનું જ્ઞાન કરીને પરસમયની પ્રવૃત્તિથી દૂર થઈ જા અને પોતામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમન, મોક્ષમાર્ગમાં પરિણમન કરીને. આહા..હા..! વીતરાગી પર્યાયરૂપે પરિણમન કરીને. આહા..હા..! આવો માર્ગ છે. છેને? '**મોક્ષમાર્ગમાં પોતાને પરિણમાવીને,...**' પોતાને. આનંદસ્વરૂપ ભગવાન આહા..હા..! મૃગની નાભિમાં કસ્તુરી, પણ મૃગને કસ્તુરીની કિંમત નથી, એમ અજ્ઞાનીને અંતરમાં આનંદનો નાથ ભગવાન બિરાજે છે, પ્રભુ પારિણામિક જ્ઞાયકભાવ એ અજ્ઞાનીને તેની કિંમત નથી. આહા..હા..! એની કિંમત પુણ્ય અને પાપના ભાવની કિંમત અને એનું બંધન ને એની કિંમત અને એનું ફળ આ ધૂળ આદિ મળે પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ એની કિંમત અજ્ઞાનીને. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મી જીવે તો પોતાના સ્વરૂપની કિંમત કરીને આહા..હા..! અમૂલ્ય ચીજની મૂળ ચીજમાં દૃષ્ટિ કરીને આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી પર્યાય છે, શુભાશુભભાવ છે એ રાગપર્યાય છે એનાથી ખસીને પોતાની ચિદાનંદની ભગવાનની પરિણતિ વીતરાગરૂપ કરીને મોક્ષમાર્ગમાં પરિણમન કરીને આહા..હા..! જે '**સંપૂર્ણવિજ્ઞાનઘનસ્વભાવ પામ્યું છે,...**' એ કરતાં-કરતાં કેવળજ્ઞાન સંપૂર્ણ જ્ઞાન એનાથી થાય છે. આત્માના આનંદમાં રમતા... રમતા...

રમતા... રમતા... પૂર્ણ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

એ '**સંપૂર્ણવિજ્ઞાનઘનસ્વભાવ...**' જોયું! સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવ. કેવળજ્ઞાન સંપૂર્ણ વિજ્ઞાનઘન. આહા..હા..! જેની એક સમયની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોકને નથી જાણતી, એની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોકને જાણવાની શક્તિ છે એને જાણે છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આકરી વાત છે, ભાઈ! જગતને આ વાત સાંભળવા મળતી નથી એમાં બિચારા શું કરે? ક્યાંક ક્યાંક રોકાઈને જિંદગી ચાલી જાય છે. અહીં પરમાત્મા જિનેન્દ્રદેવનો હુકમ (છે) કે મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શન નિશ્ચય સમ્યક્ આત્માનો અનુભવ એની પ્રતીતિ, જ્ઞાન અને રમણતારૂપી મોક્ષમાર્ગમાં પરિણમન કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે. ભાવ તો છે ઈ છે. આહા..હા..! ભાવ તો પરમાત્માના શ્રીમુખે દિવ્યધ્વનિ નીકળી છે એ વાત છે. આહા..હા..!

'**અને જેમાં કોઈ ત્યાગ-ગ્રહણ નથી,...**' પૂર્ણ સ્વરૂપ જ્યાં આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી આનંદનો નાથ ભગવાન એની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા કરતાં-કરતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. આહા..હા..! એ ત્યાગ-ગ્રહણ રહિત છે. હવે ત્યાગ રાગનું છોડવું અને સ્વરૂપનું ગ્રહવું એ ત્યાં રહ્યું નહિ, પૂર્ણ દશા થઈ ગઈ. પરમાત્મા અરિહંતપદ ત્યાં ગ્રહણ ત્યાગ કંઈ નથી. રાગનો ત્યાગ અને સ્વરૂપનું ગ્રહણ એ પણ ત્યાં નથી. પૂર્ણાનંદની પ્રાપ્તિ મોક્ષના માર્ગના કારણે ઉત્પન્ન થાય છે. આહા..હા..! આવી વાત લ્યો! છે? '**એવા સાક્ષાત્ સમયસારસ્વરૂપ,...**' સાક્ષાત્ સમયસાર. સમયસાર વસ્તુ તો સમયસાર છે જ. આત્મા 'જિન સોહી હૈ આત્મા.' એ તો પહેલા કહ્યું નહિ? સમયસાર નાટકમાં. 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, પણ મતમદિરા કે પાનસો મતવાલા સમજે ન. ઘટ ઘટ અંતર જિન વસે.' શરીરમાં ભિન્ન ભગવાન ઘટ ઘટ અંતર જિનસ્વરૂપે બિરાજમાન છે. જો જિનસ્વરૂપે ન હોય તો અરિહંતપદમાં જિનસ્વરૂપ પર્યાય ક્યાંથી આવશે? ક્યાંય બહારથી આવે છે પર્યાય? આહા..હા..! એ 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન' એ જૈન કોઈ લિબાસ બહારમાં નથી. એ આનંદના નાથની રમણતામાં રમે અને રાગને જીતે તે જૈન. સમજાણું કાંઈ? એ ઘટ ઘટ અંતર જૈનપણે અંદરમાં છે. જૈનપણું કોઈ બહારમાં છે નહિ. આહા..હા..! અને 'મત મદિરા કે પાન સો' પણ પોતાના અભિપ્રાયના, પોતાના મતની મદિરા પીધી છે એને પીવાથી મતવાલા પાગલ સમજે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

'**સાક્ષાત્ સમયસારસ્વરૂપ,...**' ભગવાન જેવું સ્વરૂપ હતું શક્તિરૂપે, કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ શક્તિરૂપે તો અંદરમાં હતું જ, કોઈ બહારથી આવતું નથી કેવળજ્ઞાન, કેવળદર્શન. સમજાણું કાંઈ? એ ભગવાન આત્મા અંદર શક્તિમાં પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન હતું એ અંતરના મોક્ષમાર્ગની રમણતા દ્વારા સાક્ષાત્ કેવળજ્ઞાન પામ્યો એ સાક્ષાત્ સમયસાર થયો. સમયસાર પાના નહિ, આ તો જડ છે. પર્યાયમાં સાક્ષાત્ અવસ્થામાં સમયસારની જ્ઞાનની પૂર્ણ અને આનંદની પૂર્ણ

દશારૂપ દશા એ સાક્ષાત્ સમયસાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ સમયસાર લખ્યું છે એ તો અક્ષર છે, જડ છે. આ પણ જડ છે. આત્મા સાક્ષાત્ સમયસાર અંદર પોતાનું નિજસ્વરૂપ પૂર્ણાનંદનો નાથ પૂર્ણમિદં. સર્વજ્ઞ પરમેશ્વરે જોયું છે કે એ આત્મા પૂર્ણ કૃતકૃત્ય આનંદકંદ છે. આહા..હા..! એની પ્રતીતિ નામ અનુભવ અને એનું જ્ઞાન અને એની લીનતા દ્વારા પૂર્ણ પર્યાય જે પ્રાપ્ત થાય છે તે સાક્ષાત્ સમયસાર થયો. શક્તિમાં હતો એ વ્યક્ત થયો. આહા..હા..! શક્તિરૂપે હતો એ વ્યક્ત પર્યાયરૂપ થયો. આહા..હા..! આવી વાતું છે, ભાઈ! આહા..! છે?

‘**પરમાર્થભૂત,...**’ એ પરમાર્થ છે. આહા..હા..! સર્વજ્ઞ સર્વ અતીન્દ્રિય અનંત આનંદ જે સ્વરૂપમાં અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, વીર્ય સ્વચતુષ્ટય, અનંતચતુષ્ટય જે આત્મામાં હતા, અનંતચતુષ્ટય જુદી ચીજ અને સ્વચતુષ્ટય જુદી ચીજ. સ્વચતુષ્ટયમાં તો સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અસ્તિ, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની નાસ્તિ એને સ્વચતુષ્ટય કહે છે, પણ અહીં તો સ્વ જે ત્રિકાળ નિજ આનંદ, નિજ જ્ઞાન આદિ અનંત ચતુષ્ટય અનંત અનંત ચતુષ્ટય શક્તિરૂપ બિરાજે છે. આહા..હા..! જેના સ્વભાવમાં અનંતજ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય એ અનંત ચતુષ્ટય છે એમાંથી જ્યારે અનંતજ્ઞાન, દર્શન પ્રગટ થયા, એ છે એમાંથી પ્રગટ થયા, પ્રાપ્તની પ્રાપ્તિ છે, છે એમાંથી નીકળે છે, ન હોય એમાંથી નીકળે નહિ. આહા..હા..! એવી ચીજને જ્યારે પ્રાપ્ત કરી ત્યારે પરમાર્થ થયો. પરમપદાર્થની પ્રાપ્તિ થઈ. એ પરમાર્થ છે હોં! પરની કોઈ દયા પાળવી અને સેવા કરવી એ પરમાર્થ એ બધી સમજવા જેવી વાત છે. કોણ કરી શકે પરની સેવા? એક સ્વદ્રવ્ય પરદ્રવ્યનું શું કરે? સમજાણું કાંઈ? આહા..હા..!

આ પરમાર્થભૂત ભગવાન પોતાની પર્યાયમાં, દશામાં પૂર્ણતાની પ્રાપ્તિ (કરે) એ પરમાર્થભૂત સમયસાર આત્મા કહેવામાં આવે છે. આમાં કેટલું શીખવું? વ્રત પાળવા અને ભક્તિ કરવી અને જાત્રા કરવી અને દાન કરવું એ તો સહેલુંસટ હતું લ્યો. બાપા! ભાઈ! એ તો રાગની ક્રિયા છે. ભગવાન! તને તારી ખબર નથી. એ તો વૃત્તિનું ઉત્થાન, એ વૃત્તિ ઉઠે છે. એ વૃત્તિ છે એ આત્મા નહિ. આહા..હા..! એ તો પાપથી બચવા શુભભાવ આવે છે, પણ એ આત્મા નહિ. આહા..હા..!

ભગવાન આત્મા તો અંદર.. આહા..હા..! જેની શક્તિમાં, જેના સામર્થ્યમાં, જેમ લિંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે. લિંડીપીપર કહે છે અમારે કાઠિયાવાડમાં. લિંડીપીપર હોય છેને. રંગે કાળી અને અંદર તીખાશ પૂરી ચોસઠ, ચોસઠ પહોરી એટલે રૂપિયે રૂપિયો, ચોસઠ પૈસા, સોળ આના, રૂપિયો. એ લિંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશ છે તો એને ઘસવાથી છે ઈ બહાર આવે છે. એ ઘસવાથી જો આવતી હોય તો લાકડા અને કોલસા ઘસે નહિ. એમાં છે ક્યાં? પીપરમાં રૂપિયે રૂપિયો, ચોસઠ એટલે સોળ આના તીખાશ ભરી છે. આપણી ગુજરાતી ભાષામાં તીખાશ ભરી છે. એને ઘૂંટે છે તો એ અંદર છે ઈ બહાર

આવે છે. એમ અનંતચતુષ્ટય અનંત જ્ઞાન, દર્શન, આનંદ પડ્યા છે અંદરમાં. એ અંદરની એકાગ્રતાથી ઘૂંટવાથી પર્યાયમાં અનંતચતુષ્ટય પ્રગટે છે. આહા..હા..! એ પરમાર્થભૂત છે. '**પરમાર્થભૂત, નિશ્ચળ રહેલા,...**' આહા..હા..! સર્વજ્ઞપણામાં પરમાત્મા નિશ્ચય થયો. છે? '**શુદ્ધ, પૂર્ણ જ્ઞાનને દેખવું.**' એવા શુદ્ધ પૂર્ણ જ્ઞાનનો આત્મદ્રવ્યનો અનુભવ કરવો જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે '**ત્યાં 'દેખવું' ત્રણ પ્રકારે સમજવું.**' ભગવાન આત્માને દેખવું ત્રણ પ્રકારે છે. આહા..હા..! છે? '**શુદ્ધનયનું જ્ઞાન કરીને પૂર્ણ જ્ઞાનનું શ્રદ્ધાન કરવું તે પહેલા પ્રકારનું દેખવું છે.**' શું કહે છે? શુદ્ધનય જે આત્મા પૂર્ણાનંદ પ્રભુ તેને શુદ્ધનય કહે છે અથવા શુદ્ધનયનો વિષય કહે છે. ૧૧મી ગાથામાં તો ભગવાન કુંદકુંદાચાર્ય એમ કહે છે, '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ત્રિકાળ સત્યાર્થ ભગવાન નિત્યાનંદ પ્રભુ તેને અમે શુદ્ધનય કહીએ છીએ. આહા..હા..! આવી વાતું.

પ્રથમ તો '**શુદ્ધનયનું જ્ઞાન કરીને...**' પૂર્ણ શુદ્ધ પવિત્ર અખંડ આનંદકંદ છે એનું જ્ઞાન કરીને. આહા..હા..! '**પૂર્ણ જ્ઞાનનું શ્રદ્ધાન કરવું...**' એ પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ સ્વરૂપ એનું જ્ઞાન કરીને શ્રદ્ધાન કરવું, એના જ્ઞાન વિના શ્રદ્ધાન કોનું? વસ્તુ જાણ્યા વિના શ્રદ્ધાન કોનું? આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, પ્રભુ! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે. કહે છે કે શુદ્ધનયને દેખવું એટલે ત્રિકાળી ચીજ જે શુદ્ધ ચૈતન્ય છે તેને જાણીને પ્રતીતિ કરવી. આ વસ્તુ પૂર્ણ આનંદ છે, પૂર્ણ જ્ઞાન છે, પૂર્ણ શાંતિ છે, પૂર્ણ પ્રભુતા છે, પૂર્ણ સ્વચ્છતા છે એવી અનંત શક્તિનો ભંડાર પૂર્ણાનંદ પ્રભુ છે એનું જ્ઞાન કરીને, જ્ઞાનની પર્યાયમાં તેને જ્ઞેય બનાવીને, જ્ઞાન કરીને પ્રતીતિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહા..હા..! છે?

'**શુદ્ધનયનું જ્ઞાન કરીને...**' એટલે ભૂતાર્થ ત્રિકાળ સ્વભાવનું જ્ઞાન કરીને '**પૂર્ણ જ્ઞાનનું શ્રદ્ધાન કરવું...**' એ પૂર્ણ આત્મા છે એની પ્રતીતિ કરવી '**તે પહેલા પ્રકારનું દેખવું છે. તે અવિરત આદિ અવસ્થામાં પણ હોય છે.**' ચોથે ગુણસ્થાને, પાંચમામાં એ હોય છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી હતા, અવિરતિ હતા, સ્વરૂપની રમણતાનું ચારિત્ર નહોતું, પણ તીર્થંકરગોત્ર બાંધ્યું. વર્તમાનમાં નરકમાં છે, પણ ત્યાંથી નીકળીને આવતી ચોવીસીમાં તીર્થંકર થશે એ સમ્યગ્દર્શનનો પ્રતાપ છે. આહા..હા..! એ સમ્યગ્દર્શન ચોથે ગુણસ્થાને પણ હોય છે, પાંચમેં પણ અને છઠ્ઠામાં પણ એ શુદ્ધનય સત્યાર્થ, ભૂતાર્થ, ત્રિકાળ સ્વભાવનું જ્ઞાન કરીને પ્રતીતિ અનુભવ કરવો એ દેખવું ચોથે, પાંચમે અને છઠ્ઠે પણ હોય છે. આહા..હા..! આવી વાતું છે. જયચંદ્ર પંડિત અર્થ કરે છે. અમૃતચંદ્રાચાર્ય એની ટીકા કરે છે અને એનો અર્થ આ કરે છે. આહા..હા..!

'**તે અવિરત...**' અવિરત એટલે ચોથું ગુણસ્થાન. સમ્યગ્દર્શન ચોથે ગુણસ્થાને પણ શુદ્ધનય

પરિપૂર્ણ આત્માનો અનુભવ થઈને પ્રતીતિ થાય છે. એ ચોથા ગુણસ્થાનમાં પણ છે. પાંચમે. પાંચમું એટલે વાસ્તવિક પાંચમું. આ વાડામાં જે શ્રાવક છે એ કાંઈ શ્રાવક નથી. આહા..હા..! અંતર ભગવાન આનંદસ્વરૂપનો અનુભવ કરીને પ્રતીતિ કરીને સ્વરૂપની શાંતિની વૃદ્ધિ કરીને તેનું નામ પંચમ ગુણસ્થાન છે. ત્યાં પણ કહે છે કે હજી અપ્રમત્તદશા નથી. માટે ત્યાં આગળ શુદ્ધનયથી દર્શન-જ્ઞાન કરીને પ્રતીતિ ત્યાં કરવી. આહા..હા..! છે? **'અવિરત આદિ અવસ્થામાં પણ હોય છે. જ્ઞાન-શ્રદ્ધાન થયા પછી...'** અનુભવ થયો, આત્માના આનંદનો સ્વાદ આવ્યો, સમ્યગ્દર્શનમાં આનંદનો સ્વાદ આવ્યો, અતીન્દ્રિય આનંદનો નાથ શક્તિમાં જે અતીન્દ્રિય આનંદ હતો એ સમ્યગ્દર્શનમાં વ્યક્તરૂપે આનંદના અંશનો સ્વાદ આવ્યો. આહા..હા..! ત્યાં હજી અપ્રમત્તદશા નથી. સમજાણું કાંઈ?

**'પછી બાહ્ય સર્વ પરિગ્રહનો ત્યાગ કરી...'** પછી વિકલ્પનો તો ત્યાગ છે પણ વસ્ત્રના ટૂકડાનો પણ ત્યાગ. આહા..હા..! અને અંતરમાં અતીન્દ્રિય આનંદની રમત માંડી. નિજ આત્મબાગમાં રમતું જેણે આનંદમાં રમતા એને સર્વ પરિગ્રહ છૂટી જાય છે. વસ્ત્રનો ટૂકડો પણ એને નથી રહેતો. અંતર આનંદમાં રમતા... રમતા... રમતા... એટલી દશા અંદર વિરતી થઈ જાય છે કે જેને વસ્ત્રનો ટૂકડો પણ નથી. વસ્ત્રનો ટૂકડો રાખે અને મુનિપણું થઈ જાય એમ ત્રણકાળમાં નથી.

**શ્રોતા :-** વસ્ત્ર તો છોડવું પડેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ છૂટી જાય. છોડવું ક્યાં છે? જ્યાં અંદરમાં આનંદનો અનુભવ, છઠ્ઠી ભૂમિકાની દશા અંદર થાય છે ત્યારે વસ્ત્રની દશા એને કારણે અજીવ છે તો એને કારણે છૂટી જાય છે. છોડવું પડે એ પરનું છોડવું એ આત્મામાં નથી. આહા..હા..! ઝીણી વાતું, ભાઈ! પરનું છોડવું અને ગ્રહવું એ આત્મામાં છે જ નહિ. આહા..હા..! ત્યાગગ્રહણશૂન્ય આવ્યુંને? ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. આત્મામાં અનંતી શક્તિ પડી છે. એમાં સમયસારમાં ૪૭ શક્તિનું વર્ણન છે. એમાં એક શક્તિ એવી છે ત્યાગઉપાદાનશૂન્યત્વ. પરનો ત્યાગ અને સ્વનું ગ્રહણ એનાથી શૂન્ય છે. રાગનું ગ્રહણ અને રાગનો ત્યાગ એનાથી શૂન્ય છે. આહા..હા..!

**શ્રોતા :-** પ્રભુત્વશક્તિ પણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કીધીને પ્રભુત્વશક્તિ. અંદર એ બધી શક્તિ છે. એમાં શું છે? પ્રભુત્વશક્તિમાં કાંઈ પરનું ગ્રહણ અને પરનો ત્યાગ એમાં નથી. આહા..હા..! પરદ્રવ્યનો ત્યાગ-ગ્રહણ એ આત્મામાં છે જ નહિ. આકરી વાતું, ભાઈ! વીતરાગ પરમાત્મા જિનેશ્વરદેવનો પંથ સમજવો આહા..! અલૌકિક વાતું છે, ભાઈ! બહારમાં લોકોએ કાંઈકનું કાંઈક માનીને મનાવ્યું છે. શું થાય? પ્રભુના વિરહ પડ્યા, સર્વજ્ઞ પરમાત્માની હાજરી રહી નહિ, કેવળજ્ઞાનની ઉત્પત્તિ રહી નહિ. આહા..હા..! કોઈ અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન પણ રહ્યું નહિ, લોકોમાં ઝઘડા ઉઠ્યા. આહા..હા..! ત્રણલોકનો નાથ આનંદનો સાગર પ્રભુ એના અનુભવની દૃષ્ટિ

વિના સમ્યગ્દર્શન થાય નહિ. આહા..હા..! એ કેવળીના વિરહે સંતોએ જાહેર કર્યું. દિગંબર સંતો હોં! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમાત્માના વિરહ પડ્યા ભરતક્ષેત્રમાં, ભગવાન ત્યાં રહી ગયા. ભરતમાં જન્મ થયો. આહા..હા..!

કહે છે, એ ચોથે, પાંચમે, છઠ્ઠે સ્વરૂપનો અનુભવ કરીને સમ્યગ્દર્શન થયું અને પછી એમાં સ્થિર થઈને એ પૂર્ણ સ્થિર વિશેષ તો અપ્રમત્તદશામાં થાય છે. પૂર્ણ સ્થિર તો વળી ચૌદમે એ વાત અહીંયાં અત્યારે નથી. અહીંયાં તો ચોથે, પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાને મુનિ, છઠ્ઠે જ્યારે હોય ત્યારે વિકલ્પ ઉઠે છે. પંચ મહાવ્રતાદિ, શ્રવણનો વિકલ્પ ઉઠે છે તો એ પ્રમત્તદશા છે, ત્યાં સુધી અહીંયાં અપ્રમત્તદશા ગણવામાં નથી આવી. આહા..હા..! ચોથે, પાંચમે અને છઠ્ઠે '**જ્ઞાન શ્રદ્ધાન થયા પછી બાહ્ય સર્વ પરિગ્રહનો ત્યાગ...**' પણ સમ્યગ્દર્શન-જ્ઞાન થયા પછીની વાત છે. સમ્યગ્દર્શન-જ્ઞાન નથી અને બાહ્યત્યાગ કરીને બેસે એ તો બધો મિથ્યાત્વ (સહિતનો) ત્યાગ છે. આહા..હા..! એ કહે છે. છેને?

'**બાહ્ય સર્વ પરિગ્રહનો ત્યાગ કરી તેનો (-પૂર્ણ જ્ઞાનનો) અભ્યાસ કરવો, ઉપયોગને જ્ઞાનમાં જ થંભાવવો,...**' જાણવાનો જે ઉપયોગ છે તેને જ્ઞાનમાં, અંતર સ્વરૂપમાં સ્થિર કરવો. આહા..હા..! અલૌકિક વાતું છે, ભાઈ! પરમેશ્વર વીતરાગ સિવાય એ ક્યાંય છે નહિ અને અહીં તો અત્યારે તો સંપ્રદાયમાં મુશ્કેલ થઈ પડ્યું. આખો માર્ગનો ફેરફાર કરી નાખ્યો. આ તો સાક્ષાત્ પરમેશ્વરના શ્રીમુખે નીકળેલી વાણીનો આ સાર છે. આહા..હા..! કહે છે કે એ '**ઉપયોગને જ્ઞાનમાં જ થંભાવવો,...**' જ્ઞાન જાણવાનો ઉપયોગ છેને જાણવાનો? એ જ્ઞાનસ્વરૂપી ભગવાનમાં થંભાવવો. એ સ્થિર ક્યારે થાય? કે જ્ઞાનમાં પૂર્ણાનંદનું જ્ઞાન થયું, પર્યાયમાં પૂર્ણાનંદનું જ્ઞાન થયું અને પ્રતીતિ થઈ તો એ ઉપયોગ જ્ઞાનમાં થંભાવવો. આહા..હા..! છે?

'**જેવું શુદ્ધનયથી પોતાના સ્વરૂપને સિદ્ધ સમાન જાણ્યું...**' શું જાણ્યું સમકિતમાં? '**પોતાના સ્વરૂપને સિદ્ધ સમાન જાણ્યું...**' 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહા..હા..! ત્રિકાળીની વાત છેને. ત્રિકાળી વસ્તુ છે એ સિદ્ધ સમાન છે. આહા..હા..! 'ચેતનરૂપ અનૂપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહા..હા..! 'મોહમહાતમ .. કિયો પરસંગ મહાતમ ઘેરો. જ્ઞાનકળા ઉપજી અબ મોકુ કહું ગુણ નાટક આગમ કેરો, તાકુ પ્રસાદ સધે શીવમાર્ગ વેગે મિટે ઘટ વાસ વસેરો.' બનારસીદાસે સમયસાર નાટક બનાવ્યું છે આ કળશટીકામાંથી. આહા..હા..! એ કહે છે કે પ્રથમ તો આત્માનો અનુભવ કરીને સમકિત કરવું અને પછી એમાં લીન થવું અને વિશેષ લીન થઈને અપ્રમત્તદશા પ્રગટ કરવી એ વાત કહે છે. ત્યારે તેને ચારિત્રની અંતરદશા વિશેષ થઈ અને એ પછી મોક્ષનું કારણ થાય છે. વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ-૬, બુધવાર, તા. ૧૬-૧૧-૧૯૭૭, ગાથા-૩૯૦ થી ૪૦૪, કળશ-૨૩૫, પ્રવચન નં. ૫૧૧

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ટીકાની છેલ્લી વાતું આવે છેને? આત્માને ત્રણ પ્રકારે દેખવો. એટલે શું? ત્રણ પ્રકારે આત્માને દેખવો જેથી એનું કલ્યાણ થાય. પહેલો પ્રકાર એ કે આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ છે. એનો સ્વભાવ અને શક્તિ પરમાત્મસ્વરૂપે જ છે. એને શુદ્ધનયથી એટલે કે તેને પૂર્ણાનંદના આશ્રયે સ્વભાવની ભક્તિ કરતા જે આનંદનો સ્વાદ આવે અને જ્ઞાનની પર્યાય તેને જ્ઞેય તરીકે જાણે એને પહેલા નંબરનું દેખવું કહેવામાં આવે છે. આવી વાતું છે. એને જન્મ-મરણનો અંત આવવામાં એને પ્રસંગ નજીક છે હવે એમ કહે છે. ચોર્યાસીના અવતાર કરી કરીને પાપના અને પુણ્યના પરિણામ અનંતવાર કર્યા, પણ એ પરિભ્રમણના કારણનો ભાવ છે. આહા..હા..!

સવારમાં આવ્યું હતું, '**अन्य परिग्रहेण**' એમ શબ્દ હતો. આત્મા આનંદ, જ્ઞાનસ્વરૂપ એને છોડીને અન્ય પરિગ્રહમાં સાવધાનપણે રહેવું એ પરિભ્રમણનું કારણ છે. ત્યાં સાવધાનીના ત્રણ પ્રકાર લીધા હતા. હતો તો પરિગ્રહ શબ્દ. પરનો પરિગ્રહ. સ્વરૂપનો આનંદસ્વરૂપ ભગવાન તેને નજરમાં ન લેતા... આહા..હા..! પરમાત્મસ્વરૂપ જ અંદર એનો સ્વભાવ છે એને દૃષ્ટિમાં આશ્રય ન લેતા જે વ્રતના પુણ્યના પરિણામ વ્રતના, તપના, ભક્તિના એવા પરિણામમાં સાવધાનપણે તેનું પાલન કરવું, સાવધાનપણે તેનું આચરણ કરવું અને સાવધાનપણે તે વ્રતાદિ તપના વિકલ્પને યાદ કરવા એ બધો અન્ય પરિગ્રહ છે. આહા..હા..! પૈસા-બૈસાની વાત તો તમારી ક્યાંય રહી ગઈ.

**શ્રોતા :-** .. પૈસા એમાં આવ્યા કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસામાં એમાં આવ્યા નથી. પૈસા તો દૂર છે એનો પ્રશ્ન ક્યાં? આ તો એની પર્યાયમાં વ્રત અને તપાદિના ભાવ થાય... પૈસો, શરીર એ તો એની પર્યાય એટલે અવસ્થાથી તદ્દન જુદી ચીજ છે એટલે એની અહીં વાત કરી નથી. આહા..હા..! અહીંયાં તો એના પર્યાયમાં વ્રત ને નિયમ ને તપ ને ભક્તિ ને પૂજા આદિનો ભાવ થાય એ અન્ય પરિગ્રહ, અન્ય વસ્તુ છે. આહા..હા..! એ ચૈતન્ય વસ્તુ ભગવાન પૂર્ણાનંદનો નાથ એની ચીજ નથી. આહા..હા..! સ્વ ચૈતન્યના પરિગ્રહ સિવાય એ વ્રત, તપ અને ભક્તિ આદિના પરિણામમાં એનું પાલન કરવું, આચરણ કરવું, સ્મરણ કરવું એ બધો અન્ય પરિગ્રહ છે. આહા..હા..!

**શ્રોતા :-** અન્ય પરિગ્રહ એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનેરી દશા છે, ઈ આત્માની ચીજ નથી. આહા..હા..! શરીર આ માટી, ધૂળ છે આની તો વાત કરી જ નથી ત્યાં. આ તો માટી, ધૂળ જગતની ચીજ છે. માટીના રાખ થઈને ઊડી જશે. આહા..હા..! ઓલામાં નથી આવતું? 'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત.' આ શરીરનો પીંડલો એ રાખ થશે મસાણમાં અને એની હવા લાગશે એટલે પરમાણુ-રજકણ ઊડીને ચાલ્યા જશે. આહા..હા..! એ 'રજકણ...' આ રજકણ છે ધૂળ. 'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત.' રેત જેમ વંટોળિયામાં ઊડે એમ આ રજકણ ઊડી જશે. 'પછી નરતન પામીશ ક્યા?' પ્રભુ! પછી આ મનુષ્યદેહ ક્યારે મળશે તને? આહા..હા..! 'પછી નરતન પામીશ ક્યાં? ચેત, ચેત નર ચેત.' જાગને નાથ! હવે તો સૂવાના ટાણા છોડ. આહા..હા..! પરવસ્તુની અંદર પોતાનું માનવું એ તો અંદર સૂઈ ગયો પરમાં. આહા..હા..!

અહીંયાં તો ત્યાં સુધી કહ્યું કે શુભભાવ થાય વ્રતના, તપના... આ આકરી વાત. અત્યારે તો આ એવું આકરું પડે, એ બધો પરલક્ષી ભાવ, અપવાસ કર્યા, આંબેલું કરી, ઓળીયું કરી ને અહિંસા, સત્ય, દત્ત મહાવ્રત પાળ્યા એ બધી પ્રભુ રાગની ક્રિયા, ભાઈ! આહા..હા..! એ રાગમાં સાવધાનપણે પાલન અને આચરણ અને સ્મરણ એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! ભગવાન આત્મા એના રાગની ક્રિયાથી ચૈતન્યસત્ત્વ ભિન્ન છે. એ જ્ઞાયક સ્વભાવથી ભરેલો અતીન્દ્રિય આનંદના સાગરમાં પોતે પડ્યો છે ઈ. આહા..હા..! અરે! કોઈ દિ' નજર કરી નથી. પર્યાય વર્તમાન અવસ્થાની પાસે જ પડી છે ચીજ. શું કીધું?

વર્તમાન પર્યાય જે છે અવસ્થા, અવસ્થા-હાલત એની પાસે એ ભગવાન પડ્યો છે આખો. અરે! એને ક્યાં ખબર છે? આહા..હા..! એવો આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એને શુદ્ધનયથી એટલે કે વર્તમાન પર્યાયમાં ભલે અલ્પતા હો, પણ શુદ્ધનયથી જોતાં એ પરિપૂર્ણ ભગવાન છે એમ એને શ્રદ્ધા અને જ્ઞાનથી દેખવું. આહા..હા..! અને એ શ્રદ્ધા, જ્ઞાન એવા નહિ કે આનંદના સ્વાદ વિનાની શ્રદ્ધા અને જ્ઞાન એ નહિ. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! માર્ગ તો આહા..હા..! વીતરાગ માર્ગ. આ દુનિયાની બહારની હોંશુમાં, હરખમાં જિંદગી ચાલી જાય છે. કાંતિભાઈ! સાચી વાત હશે? આહા..હા..!

અહીં પ્રભુ અંદર બિરાજે છે આનંદનો સાગર એને શુદ્ધનયથી એટલે કે વર્તમાન ભલે અલ્પજ્ઞ હો, પણ ત્રિકાળી ચીજ ભૂતાર્થ, સત્યાર્થ આનંદનો સાગર છે એમ અંદરમાં શુદ્ધ દૃષ્ટિથી એ ત્રિકાળીને જાણવું, માનવું અને તેના રાગના રહિત આનંદના અંશને વેદવું. આહા..હા..! એનું નામ પ્રથમ આત્માને દેખવું એમ કહેવામાં આવે છે. ભગવાન અંદર પડ્યો એને દેખતો નથી અને એનામાં ધૂળ એમાં શરીર નથી, વાણી નથી, અરે! પુણ્ય-પાપના ભાવ પણ એની ચીજમાં નથી. આહા..હા..! એને અનાદિથી જોતો પોતાને ભૂલી ગયો છે એને હવે જો એકવાર કહે છે. આહા..હા..! જ્યાં ભગવાનસ્વરૂપે બિરાજમાન પોતે પરમાત્મસ્વરૂપ છે, ભાઈ! તને

ખબર નથી. આહા..હા..! એમાં નજર નાખીને શુદ્ધનયથી તે વસ્તુ ભલે વર્તમાનમાં પ્રત્યક્ષ ન દેખાય, પણ શુદ્ધનયથી એટલે વર્તમાન પવિત્ર દૃષ્ટિથી એવા પૂર્ણાનંદના નાથને પ્રથમ પવિત્ર દૃષ્ટિથી શ્રદ્ધા કર, એને દેખ અને એને જાણ. એ પહેલા નંબરનું ભગવાન આત્માને દેખવું કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાતું હવે. આહા..હા..!

**શ્રોતા :-** પહેલો નંબર ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હજી બીજો નંબર હવે ઊંચો આવશે. પહેલો નંબર એટલે (ઊંચો) અને બીજો નંબર (નીચો) એમ નહિ. અહીં તો પહેલે એ અને પછી ઊંચો આવશે. પછી ત્રીજો પ્રકાર એનાથી ઊંચો આવશે. સમજાય છે કાંઈ?

એ '**શુદ્ધનયનું જ્ઞાન કરીને પૂર્ણ જ્ઞાનનું શ્રદ્ધાન કરવું...**' એમ આવ્યુંને? પૂર્ણ જ્ઞાનનું એટલે અલ્પજ્ઞ નહિ, પૂર્ણ-પૂર્ણ જ્ઞાનસ્વભાવ. આહા..હા..! વસ્તુ છેને? અસ્તિ છેને? છે છેને? તો છે એમાં કાંઈક ચીજ છે એ વસ્તુ શક્તિ છે કે નહિ? આહા..હા..! તો એમાં અનંત જ્ઞાન અને અનંત આનંદ આદિ શક્તિઓ એમાં છે. આહા..હા..! એને શુદ્ધનયથી એટલે કે વર્તમાનમાં પર્યાયમાં દૃષ્ટિ છોડી દઈને ત્રિકાળી વસ્તુ વર્તમાનમાં પર્યાયમાં આવી નથી એને શુદ્ધનયથી 'પૂર્ણ છું' એમ દૃષ્ટિથી એને દેખ. આહા..હા..! આવી વાતું છે. આવો ઉપદેશ હવે. આ ક્યાંય પૈસામાં દેખાય નહિ. બાયડી, છોકરામાં ઘૂંચાઈ ગયો એમાં દેખાય નહિ. અહીં તો કહે કે પુણ્ય-પાપના ભાવમાં ઘૂંચાઈ ગયો એને દેખાય નહિ. આહા..હા..! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમય સેકન્ડનો અસંખ્યમો ભાગ એમાં ત્રણકાળ ત્રણલોક જાણવામાં આવ્યા, એ અરિહંત પરમેશ્વર જિનેન્દ્રદેવ એની વાણીમાં આ આવ્યું. આહા..હા..!

પ્રભુ! જાણનારને જાણ, દેખનારને દેખ. આહા..હા..! ભગવાન જાણનારો પ્રભુ અંદર છેને. એને જોને. નજરું ત્યાં નાખને. જ્યાં નિધાન પડ્યું છે ત્યાં નજરને મૂકને. આહા..હા..! ભગવાનજીભાઈ! આવી વાતું. આફ્રિકામાં મળે એવું નથી, ક્યાંય મળે એવું નથી આ. ધૂળ મળે એવું છે ત્યાં. આહા..હા..! ભગવાન! ક્ષણમાં દેહ ચાલ્યો જશે. એની મુદત પૂરી થઈ એટલે ફડાક ઉડી જશે. એમ નહિ જોવે કે આ જુવાન છે અને આટલી ઉંમરનો ૪૦ વર્ષનો, ૨૫ વર્ષનો છે. ફડાક દેહ છૂટી જશે. એ તો સંયોગી ચીજ છે એની ચીજ ક્યાં છે? આહા..હા..! એટલે એની ચીજને છૂટ્યા પહેલાં અંદર છૂટો ભગવાન છે તેને એકવાર શ્રદ્ધા દ્વારા, એ આનંદની પર્યાયના વેદન દ્વારા આ આનંદસ્વરૂપ છે તેમ માન અને જાણ. આહા..હા..! એને પહેલા નંબરનું એટલે કે શરૂઆતનું દેખવું કહેવામાં આવે છે. પહેલો નંબર એટલે પછીનો નંબર નીચો અને આ ઊંચો એમ નહિ. સમજાણું કાંઈ? આવો ઉપદેશ છે. આહા..હા..! છે?

'**તે પહેલાં પ્રકારનું દેખવું છે.**' એ તો ચોથે ગુણસ્થાને અવિરતિને પણ હોય છે. છે? અવિરતિ એટલે સમ્યગ્દૃષ્ટિ અવિરતિ ગૃહસ્થાશ્રમમાં હો, એને પણ આ પહેલા પ્રકારનું

દેખવું સમ્યગ્દૃષ્ટિને અંતરમાં આત્માને જોવાનું હોય છે. આહા..હા..! આવી વાતું હવે. '**તે અવિરતિ આદિ અવસ્થામાં પણ હોય છે. જ્ઞાન-શ્રદ્ધાન થયા પછી...**' એ વસ્તુ છે તેનું જ્ઞાન થયું, વર્તમાન જ્ઞાનની દશામાં તે વસ્તુ પરિપૂર્ણ છે તેનું જ્ઞાન થયું અને વર્તમાન દશામાં એ પરિપૂર્ણ છે તેની શ્રદ્ધા થઈ. સમજાણું કાંઈ? આવી વાતું બાપુ! ભાઈ! ક્યાંય દુનિયાની સાથે મળે નહિ, મેળ ખાય નહિ. આહા..હા..! એને '**બાહ્ય સર્વ પરિગ્રહનો ત્યાગ કરી...**' જ્ઞાનશ્રદ્ધાન થયા પછી એણે બાહ્ય પરિગ્રહ-સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, આબરૂ, શરીર એ પરિગ્રહનો અંતરથી ત્યાગ કરી. આહા..હા..!

'**તેનો (-પૂર્ણ જ્ઞાનનો) અભ્યાસ કરવો,...**' પૂર્ણ જ્ઞાનનો અભ્યાસ. એ પૂર્ણ જ્ઞાનસ્વરૂપ જ ભગવાન છે એનો અનુભવ અને શ્રદ્ધા-જ્ઞાન થયું હતું, હવે તે પૂર્ણ જ્ઞાનમાં અંતરમાં જવાનો અભ્યાસ કરવો. આહા..હા..! ઊંડે-ઊંડે ભગવાન બિરાજે છે એવી શ્રદ્ધા, જ્ઞાન તો થઈ, સમકિત થયું, પણ હવે એમાં અંદરમાં રમવું. આહા..હા..! આતમરામ. 'નિજપદ રમે સો રામ કહીએ.' આહા..હા..! નિજપદ આનંદસ્વરૂપ ભગવાન છે આત્મા એમાં એનું જ્ઞાન અને શ્રદ્ધા, અનુભવીને કરી હતી પણ એમાં સ્થિરતા નહોતી. હવે એમાં સ્થિરતાનો અભ્યાસ કરવો કહે છે. આમાં મોં-માથું હાથ આવે નહિ. બાપુ! મારગડા તારા જુદાં, પ્રભુ! આ બધી બહારની વાતું થોથેથોથા છે. આહા..હા..! શરીર કાંઈક ઠીક મળ્યું, જુવાન અવસ્થા હોય, ૨૫ વર્ષની અવસ્થા જુવાન અને બે-પાંચ લાખની પેદાશ થાતી હોય, છોકરા સારા છ-આઠ પાક્યા હોય (તો) જાણે અમે બહુ વધ્યા. શેમાં વધ્યા, ભાઈ? પરમાં પોતાની માન્યતામાં વધ્યા એ તો પાપમાં વધ્યા છે. આહા..હા..! પ્રભુ! તારો આત્મા અંદર છેને સચ્ચિદાનંદ સ્વરૂપ, જેના સત્‌ની મોટપ આગળ જગતમાં કોઈ મોટી ચીજ છે જ નહિ. આહા..હા..! પણ ક્યાં એ વિચાર પણ નથી આવ્યો, સાંભળ્યું નથી. આ બહારના થોથા કરી કરીને મરી ગયો. આહા..હા..!

જે આત્મા છે એ એવી ચીજ છે કે સર્વોત્કૃષ્ટ અચિંત્ય વસ્તુ એનાથી કોઈ જગતમાં મોટી ચીજ છે જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? આવું હવે. આ રળવું અમારે બાયડી-છોકરાને પાલવવા કે આ કરવું? તમારો આવ્યો હતો હમણાં આવી ગયો હતો. આહા..હા..! ભાઈ! આવા મનુષ્યદેહમાં જો તારી ચીજની સંભાળ ન કરી, બાપા! વખત નહિ મળે પછી. આહા..હા..! ભાઈ! કરવાનું તો આ છે. એ સ્વરૂપનું જ્ઞાન અને શ્રદ્ધા થયા પછી પણ સમ્યગ્દર્શન થયા પછી પણ, સમ્યક્ નામ સત્ય સ્વરૂપ પૂર્ણાનંદના નાથની ઓળખાણ અને શ્રદ્ધા થયા પછી પણ એનામાં રમવું, વારંવાર અંદરમાં જાવું. આહા..હા..! નગ્ન મુનિ થાય છે. સમજાણું કાંઈ? જેને વસ્ત્રનો એક ટૂકડો પણ ન હોય. એ છોડી જંગલમાં આનંદમાં વસે અંતરના અભ્યાસ કરવા. આહા..હા..! અતીન્દ્રિય આનંદમાં અભ્યાસ કરવા.

'**ઉપયોગને જ્ઞાનમાં જ થંભાવવો,...**' ઝીણી વાત છે, પ્રભુ! એ જ્ઞાનનો વર્તમાન

વેપાર છે એ પર તરફ જાય છે એને છોડીને અંતર ઉપયોગને લગાડવો. આહા..હા..! જ્યાં પ્રભુ ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદનો નાથ પોતે છે ત્યાં જ્ઞાનના વેપારને જોડી દેવો. આ ઝવેરાતમાં અને રાગમાં જોડી દીધો એ કરતા અહીં જોડી દેને એમ કહે છે. છેને પડ્યો છે. આહા..હા..!

**શ્રોતા :-** અહં બ્રહ્માસ્મીનું ધ્યાન થાય તો થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહં બ્રહ્માસ્મી પણ એ સ્વરૂપ બ્રહ્મ એ કોણ અને કેવડો? અહં બ્રહ્માસ્મી બોલ્યે એમ કાંઈ દાળીયા ન વળે. બ્રહ્મા નામ સચ્ચિદાનંદ પ્રભુ દ્રવ્યસ્વભાવ જેનો, દ્રવ્ય એટલે વસ્તુનો સ્વભાવ જેનો પૂર્ણ એની પ્રતીતિ અને જ્ઞાન માટે તો એના તરફનો અનંત પુરુષાર્થ છે. આહા..હા..! એ અનંતકાળમાં એક સેકન્ડ પણ કર્યો નથી. થોથા કરીને મરી ગયો. બહુ તો હજી પાપ છોડ્યા કદાચિત્, તો વ્રત ને તપ ને ભક્તિના ભાવમાં જોડાઈને શુભભાવમાં મરી ગયો એમને એમ. આહા..હા..!

અહીંયાં તો કહે છે, પ્રભુ! તારી સમૃદ્ધિની વૃદ્ધિની ખબર નથી તને. તું તારા તત્ત્વમાં, આત્મતત્ત્વમાં શું સમૃદ્ધિ છે? શું રિદ્ધિ સિદ્ધિ છે? આહા..હા..! એની તને તારા સ્વરૂપના માહાત્મ્યની ખબર નથી. તો પહેલું એનું માહાત્મ્ય કરીને એની શ્રદ્ધા-જ્ઞાનમાં એ ચીજને લઈ લે. આહા..હા..! પછી અંતરનો ઉપયોગ જે જ્ઞાનનો જાણવાનો છે એ પર તરફ જે જુકે છે એ તો મહાસંસારનું કારણ છે, એ ઉપયોગને અંતરમાં (વાળવાનો) અભ્યાસ કર. આહા..હા..! હવે આવી વાતું. છે? '**ઉપયોગને જ્ઞાનમાં...**' જ્ઞાન એટલે આત્મા. જ્ઞાન શબ્દે આત્મા અંદર પૂર્ણાનંદનો નાથ એમાં ઉપયોગને જોડી દે. આહા..હા..! '**થંભાવવો, જેવું શુદ્ધનયથી પોતાના સ્વરૂપને સિદ્ધ સમાન જાણ્યું-**' જોયું! પહેલું 'સિદ્ધ સમાન મારું સ્વરૂપ છે' એમ સમ્યગ્દર્શનમાં જાણ્યું અને માન્યું હતું. આહા..હા..! આવી વાતું જગતથી ઊંધી બધી. ઊંધાથી તો ઊંધી જ હોયને. આહા..હા..!

ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે, પ્રભુ! અંદરમાં જાણ્યો તને પહેલો, હવે તું એ જાણેલામાં સ્થિર થવાનો અભ્યાસ કર. છે? એકાગ્ર થઈને ચિત્તને '**જેવું શુદ્ધનયથી પોતાના સ્વરૂપને સિદ્ધ સમાન જાણ્યું-શ્રદ્ધયું હતું તેવું જ ધ્યાનમાં લઈને...**' એવું જ વર્તમાનમાં ધ્યાનમાં લઈને, વર્તમાનની પર્યાયને એમાં ધ્યેય સ્વરૂપને બનાવીને. આહા..હા..! આવી વાતું હવે. આહા..હા..! '**તેવું જ ધ્યાનમાં લઈને ચિત્તને એકાગ્ર-સ્થિર કરવું,...**' આહા..હા..! '**ફરી ફરી તેનો જ અભ્યાસ કરવો,...**' અંતરના આનંદના નાથ ઉપર વારંવાર જાવું. આહા..હા..! એ અતીન્દ્રિય આનંદનો રસકંદ છે. દાખલો નહોતો આપ્યો શક્કરકંદનો? શક્કરકંદ જે છે શક્કરિયું એની લાલ છાલ જુઓ તો ઉપર ફોતરું છે એ તો અને અંદરનું જે શક્કરકંદ એ તો સાકરની મીઠાશનો પિંડ છે. એને શક્કરકંદ-શક્કરીયું કહેવામાં આવે છે. આહા..હા..! એમ આ ભગવાન આત્મા, એ શક્કરીયામાં મીઠાશ પડી છે એનો જાણનાર

તો આ છે, એને ખબર નથી. અને એનો જાણનાર ક્યારે થાય? કે પોતાને યથાર્થ જાણે ત્યારે એનો જાણનાર થાય. આવી વાત એટલે લોકો સમાજમાં ભેગા માણસ થઈ શકે નહિ, બેસી શકે નહિ. આહા..હા..! બાપુ! માર્ગ તો પ્રભુ આવો છે, ભાઈ! આહા..હા..!

એ જે જ્ઞાનમાં અને શ્રદ્ધામાં વસ્તુ પ્રતીતિમાં અને જ્ઞેય કરીને જ્ઞાનમાં જે વસ્તુ જણાણી હતી તેમાં અંતરમાં ઉપયોગને જાણવાના ઉપયોગ એટલે વેપાર જાણવાનો, એમાં જોડી દે. આહા..હા..! મુનિ થઈને વાત છે આ. દિગંબર મુનિ થાય છે, જંગલમાં વસે છે ત્યારે એ આત્માને જે અનુભવમાં લીધો હતો તેના અભ્યાસમાં એ જાય છે હવે. આહા..હા..! એ મુનિપણું છે. મુનિપણું કાંઈ નગ્નપણું, પંચમહાવ્રતના વિકલ્પ જે ઉઠ્યા એ કાંઈ મુનિપણું નથી. આહા..હા..!

એક બાઈ હતી. જુવાન અવસ્થા. લાઠીમાં હતી. એનો ધણી બીજી પરણ્યો હતો. બે વર્ષનું પરણેતર. શરીર કોમળ જરીક. એમાં એને શું કહેવાય આ? માતા નીકળ્યા માતા. અમે તો નજરે જોયેલું બધું ત્યાં. એ માતાદીઠ દાણે દાણે ઈયળ. આમ તળાયમાં મૂકી. આમ ફેરવે ત્યાં હજારો ઈયળું પડે, આમ ફેરવે તો હજારો ઈયળું દબાઈ જાય અને અહીંથી નીકળે. આહા..હા..! બાપુ! તેં આવા ભવ કર્યા તને ખબર નથી. એ બોલી, બા! મેં આવા આ ભવમાં પાપ નથી કર્યા. બે વર્ષનું લગન, નાની ઉંમર. આહા..હા..! લાઠીવાળા છે નહિ કોઈ? ધીરૂભાઈના ડેલામાં પાછળ અંદર આગળ. આહા..હા..! એ છોડી પછી રોવે. બા! મારાથી સહન થાતું નથી. દાણે-દાણે ઈયળું બટકા ભરે માંસમાં. આહા..હા..! આમ ફેરવે તો નીકળે અને આમ ફરે તો ઈયળું દબાઈને મરી જાય અને પાછી નવી અંદર ઉત્પન્ન થાય. આહા..હા..! એની બાને કહે, બા! મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી. ક્યાંના આવ્યા? બાપુ! અનંત ભવ છે, અનંતા-અનંતા કર્યા. કોઈ એવા ભવના એવા પાપ કર્યા હોય તો આ ઉદય આવે અંદર ત્યારે દીન થઈ જાય, દીન થઈ જાય. અને પૈસા કાંઈક પાંચ-પચાસ લાખ મળે ને ધૂળ મળે કાંઈક ઠીક ત્યાં ગર્વ થઈ જાય, અભિમાન થઈ જાય કે અમે વધ્યા, અમે આગળ ગયા. અરે! પ્રભુ ક્યાં ગયા? ભાઈ! આવા કાળમાં તો પ્રભુ તું ચૈતન્ય પરિપૂર્ણ શુદ્ધ છો ત્યાં નજર કરવા જેવી છે. અને તેની શક્તિની સામર્થ્યની ઋદ્ધિ અનંત છે. એને પ્રથમમાં પ્રથમ પ્રતીતમાં લઈને જ્ઞાન કરીને આનંદનો અનુભવ કરવો. પછી જે આનંદ સ્વરૂપ છે એ જ્ઞાનશ્રદ્ધામાં આવ્યું હતું, જાણ્યું હતું કે આ તો આનંદ અને જ્ઞાન છે. એમાં વર્તમાન ઉપયોગ જ્ઞાનનો એને જોડી દેવો સ્થિરતાનો વારંવાર અભ્યાસ ત્યાં જવાનો કરવો. આહા..હા..! આ બીજા નંબરનું જોવું થાય છે, દેખવું. આહા..હા..! આવો ઉપદેશ કેવો આ? અગમ્યગમ્યની વાતું છે, પ્રભુ! આહા..હા..!

**શ્રોતા :-** ગમ્ય થઈ શકે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઓહો..! થઈ શકે શું? કેવળજ્ઞાન લઈ શકે. આહા..હા..! જેના

સંગ્રહમાં કેવળજ્ઞાનની અનંતી પર્યાયો જેના સંગ્રહમાં પડી છે. આહા..હા..! એની પહેલી અનુભવ અને પ્રતીત તો કર. એ તો થઈ શકે છે. પોતે છે તેને પ્રાપ્ત કરવો એમાં તો સુગમ છે. રાગ અને રજકણ એના નથી અને એને કરવા મથે છે એ તો આકુળતા છે, છતાં એ આકુળતા હોવા છતાં રાગ અને રજકણ એનો થતો નથી. આહા..હા..!

અહીં કહે છે કે એકવાર વસ્તુને તેં દૃષ્ટિમાં લીધી અને તને દૃષ્ટિમાં જણાઈ ગયો કે આ તો પૂર્ણાનંદનો નાથ અનંત ઋદ્ધિસંપન્ન પ્રભુ છે, હવે તેના તરફના ઉપયોગને જોડી દે તું. આહા..હા..! એ મુનિદશા કહે છે. સમજાણું કાંઈ? મુનિદશા એટલે કાંઈ વ્રત પાળવા અને નગ્નપણું એ કાંઈ મુનિપણું નથી. આહા..હા..! અંતરના આનંદના નાથમાં વારંવાર રમતું રમત માંડવી. આહા..હા..! '**તે બીજા પ્રકારનું દેખવું છે.**' છે? '**આ દેખવું અપ્રમત્ત દશામાં હોય છે.**' જોયું! આહા..હા..! સાતમી ભૂમિકામાં ઠરી જાય છે અંદર. સાચા સંત હોય છે. મુનિનું ભાવલિંગ સ્વસંવેદન પ્રચુર એ એનું ભાવલિંગ છે. આહા..હા..! કપડા છોડ્યા અને નગ્ન પંચમહાવ્રત (પાળે) એ કાંઈ એનું ભાવલિંગ નથી. એ ભાવલિંગમાં અંતર લીન થવું. આહા..હા..! અને અપ્રમત્તદશા, જેને પંચમહાવ્રતના વિકલ્પની પણ સ્થિતિ છૂટી જાય અને જેવો જાણ્યો-દેખ્યો તેમાં ઠરે છે એને અપ્રમત્તદશા મુનિપણાની કહે છે. આહા..હા..! એ આગળ વધવા ગયો ત્યાં અપ્રમત્ત દશા થઈ. સમજાણું કાંઈ? આવી વાતું હવે. કોની પાસે કહે છે? શું કહે છે? બાપુ! તું ભગવાન છો અને તારી પાસે કહેવાય છે, ભાઈ! તને તારી ખબર નથી. આહા..હા..! એ ચૈતન્ય હીરો અનંતગુણના પાસાપણે પડ્યો છે. હીરાને પાસા હોય છેને, પણ એ તો ઉપર હોય છે અને આ તો અંદર અનંતગુણના પાસા ભર્યા છે. આહા..હા..! એને પહેલો શ્રદ્ધાજ્ઞાનમાં લઈ અને કરવા જેવું આ છે. બાકી ધૂળધાણી અને વા-પાણી છે. આહા..હા..! એ વ્રત ને તપ ને ભક્તિના આચરણ કર્યા પણ એ બધો રાગ છે, એ આત્મા નહિ. એ ભવભ્રમણનું કારણ છે. આહા..હા..!

અહીંયાં કહે છે કે એ અપ્રમત્તદશા થવી અંદર, જેવું જાણ્યું અને શ્રદ્ધયું હતું આત્માના જ્ઞાનની પર્યાયમાં, શ્રદ્ધામાં એવો અંદર ઠરે છે. આહા..હા..! એ દશા તો અલૌકિક છે, પ્રભુ! સમજાણું કાંઈ? એ અપ્રમત્તપણું... આહા..હા..! એ દશામાં હોય છે. '**જ્યાં સુધી એવા અભ્યાસથી કેવળજ્ઞાન ન ઊપજે...**' જોયું! અતીન્દ્રિય આનંદના નાથમાં રમણ કરતાં-કરતાં જ્યાં સુધી સર્વજ્ઞ પરમાત્મા ન થાય ત્યાં સુધી તેનો અભ્યાસ કરવો અંદર. આહા..હા..! નિશાળમાં ભણતા જુઓને એલ.એલ.બી. અને એમ.એ.ના પૂંછડા વળગાડવા કેટલો વખત ગાળે? આહા..હા..! અમારો મિત્ર હતો તે દિ'. ઘણા વર્ષ પછી મળ્યો. ભાવનગરનો હતો. પાલેજથી આવેલો. રસ્તામાં મળ્યો. વેણીલાલ હતો અને હિંમતલાલ ડૉક્ટરનો દીકરો હતો ત્યાં ઉમરાળા સુરત બાજુ. મને જોઈને કહે અરે! તમે અહીં ક્યાંથી? તું કીધું અહીંયાં ક્યાં? હું તો હજી ભણું છું. હેં! કેટલા વર્ષ થયા પણ? કહે, ૨૧ વર્ષથી ભણું છું. ધૂળના, પાપના

ભણતરમાં ૨૧-૨૧ વર્ષ જાય. આ આત્માના અભ્યાસ માટે વખત જોઈતો હોય તો કહે હમણા મરવાનો પણ વખત નથી. બાપુ! સાંભળને, મરવા ટાણે પડ્યો રહીશ ખાટલે. આહા..હા..! ઓલા ડૉક્ટરનું કહેતાને તમે નહિ? અડવાણી. અડવાણી ડૉક્ટર છેને મોટો ટાટામાં લંગડા. બે પગે લંડગો હતો. ખુરશી આમ લઈ જાય અંદર. આહા..હા..! છે હુશિયાર. લઈ જાય એમ જ છેને તે શું થાય? કહો, આમ હુશિયાર પણ શરીરે બે પગ ન મળે. આહા..હા..! અહીં તો કહે છે કે શ્રદ્ધા અને જ્ઞાનના પગ બે પ્રગટ્યા, હવે ચાલવા માંડ અંદરમાં જવા માટે. આહા..હા..! ત્રણલોકના નાથ જિનેન્દ્ર પરમેશ્વર વીતરાગના આ ફરમાન છે, ભાઈ! સંપ્રદાયમાં એ વાત ચાલતી નથી. એ તો વ્રત કરો અને અપવાસ કરો ને તપસ્યા કરો અને આ કરો ને એ કરો બિચારા, પ્રરૂપણા ઊંધી, શ્રદ્ધા ઊંધી.

**શ્રોતા :-** ઈ (જ વાત સાંભળવા) મળતી હતીને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ રીતે ધૂળમાં વરઘોડા ચડે એમાં દાળિયા આત્મામાં શું થયા? આહા..હા..! જેમાં અનંત આનંદનું ઘર પડ્યું છે એ આનંદનો સ્વાદ ન આવે એ શું કર્યું એણે? આહા..હા..! અને સ્વાદ આવ્યા પછી પણ એ સ્વાદને વધારવા અંતરમાં એકાગ્ર થા. આહા..હા..! ઝીણી વાત છે, બાપુ! આહા..હા..! પાગલ જીવોને તો પાગલ જેવી વાત લાગે એવું છે. મોટા પાંચ-પાંચ હજાર, દસ-દસ હજારના પગાર હોય, મોટા ભણ્યા અને માથા ફરી ગયા હોય. એને આ... શું કહે છે? બાપુ! બધું છે. તારી સ્થિતિ શું છે એ બધું ખ્યાલમાં છે. આહા..હા..! ભણ્યા છે ધૂળને. આહા..હા..! અહીં આનો અભ્યાસ કરને કહે છે. પણ તે વસ્તુની જેણે શ્રદ્ધા-જ્ઞાનમાં જોઈ એના અભ્યાસની વાત છે. એ શ્રદ્ધાનું જ્ઞાન પહેલું કર્યું હોય એને અંદર જોવા, જાણવા, ઠરવા માટેની અપ્રમત્તદશા છે. આહા..હા..! પણ આ જાતનું જ્ઞાન તો કરે પહેલું કે આ ચીજ આવી છે. આહા..હા..!

અરે! એ મરતા વલવલાટ કરતો, એ પીડા... આહા..હા..! જોઈ છેને માણસોની પીડા ઘણી. આહા..હા..! એમાં હાર્ટમાં થાય, લોહીના ચોસલા જામી જાય. આહા..હા..! શ્વાસ નીકળે નહિ પછી રાડેરાડ. ઘાંચીના બળદની જેમ આમ ફરે. ૭૬માં જોયું હતું એક ધ્રાંગધ્રામાં. અપાસરાની જોડે સંઘવી હતા જેઠાલાલ સંઘવી એને થયેલું કાંઈક. પહેલું તે દિ' એ હાર્ટ ફેઈલને શું એવી કાંઈ ખબર નહિ, આ તો ૭૬ની વાત છે. પણ મૂળ તો હાર્ટફેઈલ. પહેલા આપણે એમ કહેતા એને કે છાતીના પાટીયા ભીંસાય છે. એમ કહેતા ૫૦-૬૦ વર્ષ પહેલાં. પાટીયા ભીંસાય છે એનો અર્થ કે લોહી જામી જાય અંદર તો શ્વાસ લઈ શકે નહિ. અને આહા..હા..! બે ઘડી કે ચાર ઘડી રહેવું હોય એટલો કાળ એમાં તો રાડેરાડ અંદર દુઃખે. એ બધા કુટુંબી, બાયડી ને છોકરા ઉભા હોય. કોઈ સાલ નાખે નહિ ત્યાં. આહા..હા..! અરે! મેં તમારા માટે આ પાપ કર્યા, રોકાણો, કાંઈક તો મદદ કરો. આહા..હા..! પછી એમ કહે ત્યાં. અરેરે! બકરી ઉપર છરી ચડાવી હશે આમણે ત્યારે આપણે જોયું હશે માટે આ

જોવાનું મળ્યું આવું દુઃખ. એવી વાતું કરે વાણિયા. બકરીને કાપે છેને? ત્યારે કાપનારા આ હશે અને આપણે તે દિ' જોનારા હશું માટે આ જોવા મળ્યું. આ વાણિયા બધા આવી વાતું કરે. સંસારમાં ચાલ્યું છે આ બધું.

અહીં કહે છે, પ્રભુ! એકવાર તેં તને જાણ્યો અને જોયો હોયને એ કરવાનું પહેલું છે. પછી એમાં અપ્રમત્તપણે સ્થિર થવું એ બીજા નંબરનું (દેખવું છે). બીજા નંબર એટલે? બીજા પ્રકારનું. બીજો નંબર એટલે પહેલાથી હલકો એમ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો દિગંબર મુનિ જંગલમાં વસે અને જે આત્માનું જ્ઞાન છે ત્યાં ધ્યાનમાં વારંવાર જાય એની દશાનું વર્ણન કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આત્માનું જ્ઞાન અને ભાન થયું હોય, હવે એમાં રમવા માટે પછી આહા..હા..! મુનિની દશા ઈ છે. આનંદના નાથને જોયો-જાણ્યો હોય હવે એ આનંદના નાથમાં રમવામાં અંદર લીન થવા માટે એ મુનિપણું છે. આહા..હા..! મુનિપણું કોઈ પંચમહાવ્રત પાળવા અને એ પાળવાના આચરણ એ કાંઈ મુનિપણું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાના આનંદના નાથને... આહા..હા..! અપ્રમત્તપણે અનુભવવો એ બીજા પ્રકારનું દેખવું એ અપ્રમત્તદશામાં હોય.

**'જ્યાં સુધી એવા અભ્યાસથી કેવળજ્ઞાન ન ઊપજે...'** પૂર્ણાનંદ સર્વજ્ઞપદ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે અભ્યાસ કરવો. આહા..હા..! **'ત્યાં સુધી તે અભ્યાસ નિરંતર રહે.'** આહા..હા..! મુનિને બહાર આવ્યો વિકલ્પ આવે, પણ બહાર આવ્યો પણ એને ગોઠે નહિ, બોજો લાગે બોજો-ભાર લાગે, દુઃખનો બોજો. સુખસાગર ભગવાન જોયો છેને એની આગળ એ વ્રત અને તપના વિકલ્પ પણ દુઃખ લાગે. આહા..હા..! એથી તે દુઃખમાંથી ખસીને વારંવાર આનંદના નાથમાં જા. આહા..હા..! એ બીજા પ્રકારનો અભ્યાસ કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી કરવો. આહા..હા..! અહીંયાં એમ કહે છેને, ભાઈ! એલ.એલ.બી. અને એમ.એ.ની ડિગ્રી જ્યાં સુધી ન મળે ત્યાં સુધી એણે ભણવું. આ પૂંછડા નથી વળગાડતા? વકિલોને એલ.એલ.બી. અને ડૉક્ટરોને એમ.બી.એ. પૂરું ન થાય ત્યાં સુધી ભણે, એમ અહીં પરમાત્મા કહે છે કે જ્યાં સુધી સર્વજ્ઞદશા ન થાય ત્યાં સુધી સ્વરૂપમાં રમણતાનો અભ્યાસ કર. આહા..હા..! આવી વાતું છે. એ બીજો પ્રકાર થયો. છેને?

**'અહીં સુધી તો પૂર્ણ જ્ઞાનનું શુદ્ધનયના આશ્રયે પરોક્ષ દેખવું છે.'** જોયું! હજી પ્રત્યક્ષ આમ જ્ઞાન અને આનંદ પ્રત્યક્ષ થયા નથી. આનંદનું વેદન થયું, પણ આનંદ આમ જણાય છે એમ પ્રત્યક્ષ થયું નથી. આહા..હા..! જેમ આંધળો સાકર ખાય એ સાકર દેખાય નહિ એને પણ એની મીઠાશ આવે, સાકર દેખાય નહિ એને પણ મીઠાશ આવે, એમ પૂર્ણ વસ્તુ આનંદને જ્યાં સુધી દેખે નહિ ત્યાં સુધી એણે આનંદના અભ્યાસમાં રહેવું. એ પૂર્ણ આનંદ થાય એટલે કેવળજ્ઞાન થઈ જાય. એ પછી દેહ છૂટે એટલે મોક્ષ થઈ જાય. આહા..હા..! આવી વાતું છે. આહા..હા..! ત્યાં સુધી તો મુનિને અપ્રમત્તદશા સુધી પણ **'શુદ્ધનયના આશ્રયે**

**પરોક્ષ દેખવું છે.'** સમજાણું કાંઈ? કેમકે અનંતગુણ જે અરૂપી, અસંખ્યપ્રદેશી એનો દેશ એમાં અનંતગુણ જેની પ્રજા એને પ્રત્યક્ષ ત્યાં સુધી દેખતો નથી. આહા..હા..! એટલે જ્યાં સુધી પ્રત્યક્ષ કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી સ્વરૂપના અંતરનો અભ્યાસ અનુભવનો કરવો. આહા..હા..!

**'કેવળજ્ઞાન ઊપજે ત્યારે સાક્ષાત્ દેખવું થાય છે...'** લ્યો! છે? પહેલું પરોક્ષ હતું, પછી કેવળજ્ઞાન સર્વજ્ઞપદ થાય ભગવાન પરમાત્મા આત્મા. જેવો એનો સર્વજ્ઞસ્વભાવ છે, ભગવાનનો સ્વભાવ જ સર્વજ્ઞ છે આત્માનો, સર્વજ્ઞસ્વરૂપી જ એ છે. આહા..હા..! એવી દશામાં સર્વજ્ઞપણું જ્યાં સુધી ન આવે ત્યાં સુધી અંતરના આનંદ તરફનો અભ્યાસ કરવો. આહા..હા..!

**શ્રોતા :-** આવા અભ્યાસના પહોર કેટલા હોય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અંતર્મુહૂર્ત. થોડામાં થોડું અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે છ માસ. ત્યાં તો સમકિત માટે કહ્યું છે, પણ આ પણ છ મહિના કેવળજ્ઞાન થયા વિના રહે નહિ જાવ. આહા..હા..! એકધારા એની ધારા વહે અને દેહ છૂટીને સ્વર્ગમાં પણ જાય, પછી પણ અલ્પકાળમાં એને કેવળજ્ઞાન થયા વિના રહે નહિ. આહા..હા..! આવી વાતું છે.

**'તે સ્થિતિમાં જ્ઞાન સર્વ વિભાવોથી રહિત થયું થકું...'** ત્રીજા પ્રકારનું. **'સર્વનું દેખનાર-જાણનાર છે,...'** ત્રણકાળ ત્રણલોકને જાણે પર્યાય. આહા..હા..! એવો જ પ્રભુનો સ્વભાવ સર્વજ્ઞ છે આત્માનો, એવી પર્યાયમાં સર્વજ્ઞ થઈ જાય. આહા..હા..! ત્યારે એની પૂરી દશા થઈ. **'તે સ્થિતિમાં જ્ઞાન સર્વ વિભાવોથી રહિત થયું થકું સર્વનું દેખનાર-જાણનાર છે, તેથી આ ત્રીજા પ્રકારનું દેખવું તે પૂર્ણ જ્ઞાનનું પ્રત્યક્ષ દેખવું છે.'** ઓલું પરોક્ષ હતુંને? શુદ્ધનયના આશ્રયે પરોક્ષ દેખવું હતું, અપ્રમત્ત થઈ ગયું અને આ હવે પ્રત્યક્ષ થઈ ગયું. ઝળહળ જ્યોતિ ચૈતન્યશક્તિ હતી એ વ્યક્તમાં પ્રગટ થઈ ગઈ. જેમ લીંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી હતી એ જ્યારે પર્યાયમાં ચોસઠ પહોરી તીખાશ આવી ગઈ એટલે પૂરી થઈ ગઈ. એમ ભગવાન આત્મામાં પૂર્ણ કેવળજ્ઞાન શક્તિ પડી હતી એ અંતરનો અભ્યાસ કરતાં પર્યાયમાં પૂર્ણ જ્ઞાન અને દર્શન થઈ જાય ત્યારે એ પૂરી દશા થઈ. ખલાસ! એને ભાવમોક્ષ થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? આ ઓલામાં અભ્યાસ હોય કે નહિ સાતમી પછી ફલાણું, ઢીંકણું એલ.એલ.બી. ઘણાં કહે છેને એસ.એસ.સી. એસ.બી.સી. ભાષા ઘણી આવે છે. એમ અહીં તો... આ તો જન્મ-મરણરહિત કરવાની વાત છે, પ્રભુ! જન્મ-મરણ કરી કરીને મરી ગયો છે.

અરે! અબજોપતિ બ્રહ્મદત્ત ચક્રવર્તી. જેને ઘરે છન્નું હજાર સ્ત્રી, એક સ્ત્રી મોટી સ્ત્રી રત્ન (એની) હજાર દેવ સેવા કરે. સોળ હજાર દેવ એની સેવા કરે. આહા..હા..! એ હીરાના... શું કહેવાય એ? પલંગ. હીરાના પલંગે સૂતેલો અને મરીને સાતમી નરકે ગયો છે અત્યારે. આહા..હા..! અત્યારે સાતમી નરકે રાડેરાડ પીડા. કોણ સાંભળે ધૂળ? તેં કે દિ' સાંભળ્યું

હતું તારું? અરેરે! એણે એવા ભવ અનંતા કર્યા છે, ભાઈ! ગયા કાળમાં એવા ભવો અનંત કર્યા છે. ભૂલી ગયો એટલે નહોતા એમ કોણ કહે? બાળપણું છ મહિના, બાર મહિના ગાળ્યા એની ખબર છે કે બાર મહિનામાં મને મારી શું ધવરાવ્યો હતો? એ ખબર નથી. ખબર નથી માટે નહોતું એમ કેમ કહેવાય? આ એ કહે છે કે નથી દેખાતું માટે નહોતું એમ કેમ કહેવાય? આહા..હા..! ભાઈ! અનંતકાળ ગયો છે કે નહિ? આદિ વિનાનો છોને તું કે નવો થયો છો? અનાદિ... અનાદિ... અનાદિ... અનાદિ... એ રહ્યો ક્યાં? આ રખડપટ્ટીમાં રહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ વિના એના જન્મ-મરણના આરા આવે એવા નથી. આહા..હા..! અહીં એ કીધું. **'આ ત્રીજા પ્રકારનું દેખવું તે પૂર્ણ જ્ઞાનનું પ્રત્યક્ષ દેખવું છે.'** શ્લોક-૨૩૫.

**अन्येभ्यो व्यतिरिक्तमात्मनियतं बिभ्रत्पृथग्वस्तुता-**
**मादानोज्झनशून्यमेतदमलं ज्ञानं तथावस्थितम्।**
**मध्याद्यन्तविभागमुक्तसहजस्फारप्रभाभासूरः**
**शुद्धज्ञानघनो यथाऽस्य महिमा नित्योदितस्तिष्ठिति।।२३५।।**

કળશ છે ઈ. **'અન્ય દ્રવ્યોથી ભિન્ન,...'** **'अन्येभ्यो व्यतिरिक्तम्'** શરીર, વાણી, મન અને પુણ્ય-પાપના રાગથી પણ ભિન્ન. આહા..હા..! **'आत्म-नियतं'** **'પોતામાં જ નિયત,...'** **'पृथक्-वस्तुताम् बिभ्रत्'** **'પૃથક્ વસ્તુપણાને ધારતું...'** હજી આમાં સામાન્ય અને વિશેષ વિકાર પણ ભેગા લેવા અહીં તો. સમજાણું કાંઈ? પરના પદાર્થથી ભિન્ન અને પોતે સામાન્ય-વિશેષસહિત. સામાન્ય એટલે ત્રિકાળ રહેવું તે સામાન્ય અને વર્તમાન પર્યાયમાં નિર્મળ અને રાગાદિ થવું એ વિશેષ. એવી વસ્તુ પરપદાર્થથી આ ભિન્ન ચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું હવે. ક્યાં નવરાશ આમાં? શું કીધું એ યાદ રહેવું મુશ્કેલ પડે. ઘરે કોઈ પૂછે બૈરા નહોતા આવ્યા તો કહે શું સાંભળીને આવ્યા? કોણ જાણે કાંઈક એવું કહેતા આમ ને તેમ ને. આહા..હા..! બાપુ! મારગડા જુદા, નાથ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરે કહેલી રીત છે. અત્યારે તો બધું ગુમ થઈ ગયું છે. આહા..હા..! પણ તું ક્યાં ગુમ થા એવો છો? આહા..હા..! પોતાની ચૈતન્ય અને આનંદની સત્તાથી ભરેલો ભગવાન તો પ્રગટ-પ્રગટ વસ્તુ પડી છે અંદર. આહા..હા..! એ અન્ય વસ્તુથી જુદી છે. શરીર, વાણી, મન, પુણ્ય, બહારના ફળ આદિ ધૂળ, લક્ષ્મી, આબરૂ, બાયડી, છોકરા એનાથી તદ્દન વસ્તુ જુદી છે અંદર.

**'(-વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષાત્મક હોવાથી પોતે પણ સામાન્યવિશેષાત્મકપણાને ધારણ કરતું)...'** **'आदान-उज्झन-शून्यम्'** **'ગ્રહણ-ત્યાગ રહિત,...'** પરને ગ્રહવું અને પરને છોડવું એનાથી રહિત **'एतत् अमलं ज्ञानं'** **'આ અમલ (-રાગાદિક મળથી રહિત)...'** પછી લીધું. પહેલું લીધું હતું પરથી ભિન્ન સામાન્યવિશેષ. હવે તો એ રાગના મળથી પણ ભિન્ન. આહા..હા..! આ શરીર, વાણી, કર્મ, આ પર એનાથી તો પ્રભુ ભિન્ન-જુદો જ છે

એ. હવે તો કહે છે કે એની પર્યાયમાં રાગાદિ થાય એનાથી પણ જુદો છે ઈ. સમજાણું કાંઈ? આવી વાતું. કરવું શું પણ આમાં? એક જણો એમ કહે આમાં કરવું શું એ સૂઝતું નથી. બાપુ! પરથી ભિન્ન કરવું એ કરવું નથી? આહા..હા..! સ્વભાવસન્મુખ થઈ અને પરથી વિમુખ થવું એ ભેદજ્ઞાન કરવાનું છે. આહા..હા..! જે એકપણે માન્યું છે તે ભ્રમણા અને સંસાર છે રખડવાનો. એને રાગના વિકલ્પથી પણ ભિન્ન ભગવાન છે તેને ભેદજ્ઞાનથી જાણવો. આહા..હા..! આ કરવાનું છે. આહા..હા..! એ અન્ય દ્રવ્યોથી ભિન્ન અને **'एतत् अमलं ज्ञानं'** અને આ જ્ઞાનસ્વરૂપી ભગવાન તો રાગથી, મળથી પણ રહિત એવું જ્ઞાન.

**'तथा-अवस्थितम् यथा'** **'એવી રીતે અવસ્થિત (-નિશ્ચળ રહેલું) અનુભવાય છે કે જેવી રીતે...'** **'मध्य-आदि-अन्त-विभाग-मुक्त-सहज-स्फार-प्रभा-भासूरः-अस्य शुद्ध-ज्ञान-घन महिमा'** જેને આદિ નથી. ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ એને આદિ શી? એ તો છે, છે ને છે. એને મધ્ય શું? કે મધ્યમાં નહોતું. એ તો છે અનાદિનું. આદિ-મધ્ય-અંત રહિત એ તો ત્રિકાળી આનંદનો નાથ ભગવાન છે. આહા..હા..! આવી ભાષા અજાણી, ભાવ અજાણ્યા બધા. માર્ગ બાપા! એને હાથ આવ્યો નથીને. આહા..હા..! કહે છે કે **'આદિ-મધ્ય-અંતરૂપ વિભાગોથી રહિત...'** એ વિભાવ નામ પુણ્ય અને પાપના ભાવથી પ્રભુ રહિત છે અંદર. **'એવી સહજ ફેલાયેલી પ્રભા વડે દેદીપ્યમાન...'** આહા..હા..! જેમ કમળ ખીલે લાખ પાંખડીનું હોય. આ ગુલાબની પાંખડી હોય છેને? હજાર પાંખડીનું કમળ તો ત્યાં ચીખલી ગયા હતાને ચીખલી. ચીખલી છે ગુજરાતમાં. ત્યાં તળાવ છે. એ તળાવમાં હજાર પાંખડીનું ગુલાબ થાય છે. અમે ગયા ત્યારે તળાવ સૂકાઈ ગયેલું. પણ એ હમણાં કોક આવ્યું હતું ભાઈ, ચીખલીના આવ્યા હતા કાલે. ચીખલી-ચીખલી. એના તળાવમાં હજાર પાંખડીનું ગુલાબ થાય છે ગુલાબ. પણ શાસ્ત્રમાં તો (એમ છે કે) કોઈ ગુલાબ લાખ પાંખડીનું થાય એવું વર્ણન આવ્યું છે. આ ભગવાન આત્મા તો અનંત પાંખડીનું ગુબાલ છે. આહા..હા..! જેમાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ એવી અનંત શક્તિઓની ખીલવટ (થાય). આહા..હા..! એણે જેણે અનંત શક્તિની ખીલવટ કરી નાખી છે. આહા..હા..! છે?

**'સહજ ફેલાયેલી...'** એમ કીધુંને? એ શક્તિ જે શક્તિરૂપ એ ફેલાઈને આમ વિસ્તાર પામી ગઈ પર્યાયમાં. અનંતઆનંદ, અનંતજ્ઞાન, દર્શન. આહા..હા..! **'પ્રભા વડે દેદીપ્યમાન એવો એનો શુદ્ધજ્ઞાનઘનરૂપ મહિમા નિત્ય ઉદિત રહે...'** આહા..હા..! એ તો પ્રગટ દશા થઈ એ થઈ હવે એ નિત્ય કાયમ રહેવાની. એ મોક્ષદશા થઈ કેવળજ્ઞાન હવે પાછું ફરે નહિ. એને અવતાર લેવો ન પડે દુનિયાના ભક્તોની ભીડ દેખીને. રાક્ષસનું જોર થાય અને ભક્તને ભીડ થાય માટે અવતાર લેવો પડે. આહા..હા..! એ **'નિત્ય ઉદિત રહે...'** એમ કહે છે. કાયમ એવો ને એવો રહે બસ ખલાસ. એવી મહિમા સદા ઉદયમાન રહે. વાત કહેશે... (**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ-૭, ગુરુવાર, તા. ૧૭-૧૧-૧૯૭૭, કળશ-૨૩૫-૨૩૬, પ્રવચન નં. ૫૧૨

૨૩૫ કળશનો ભાવાર્થ છે થોડો. સૂક્ષ્મ વાત છે અહીંયાં, છેલ્લી ગાથા છેને. શું કહે છે? '**જ્ઞાનનું પૂર્ણ રૂપ સર્વને જાણવું તે છે.**' છે? ૨૩૫નો (ભાવાર્થ). આત્માનો સ્વભાવ સર્વજ્ઞ સ્વભાવ છે એનો. તો એ સર્વજ્ઞસ્વભાવનો જ્યારે અંતરમાં રાગથી ભિન્ન થઈને પોતાની અનંત વિભૂતિ એવી સમૃદ્ધ શક્તિવાન ભગવાન આત્મા એનો પ્રથમ અનુભવ થાય છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! પૂર્ણ આનંદસ્વરૂપ, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ એવો દ્રવ્યસ્વભાવ, જેમાં અનંત-અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ વિભૂતિ પડી છે. ચાહે તો ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ રાગ હોય, એનાથી પણ ભિન્ન થઈને. અંતર આનંદસ્વરૂપમાં એકાગ્રતાનું ભાન થવું, અનુભવ થવો તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન પછી આનંદસ્વરૂપ જે જ્ઞાનમાં જ્ઞેય તરીકે આવ્યું હતું તેમાં લીન થવું, અતીન્દ્રિય આનંદસ્વભાવ ભગવાન આત્મા એમાં લીન થવું, રમણતા કરવી તે ચારિત્ર છે. આહા..હા..! એ ચારિત્રથી સર્વજ્ઞપદ પરમાત્મપદ પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ?

એ '**જ્ઞાનનું પૂર્ણ રૂપ સર્વને જાણવું તે છે. તે જ્યારે પ્રગટ થાય છે...**' જ્યારે એ આત્મા આનંદસ્વરૂપમાં રમે છે, ક્રિયાકાંડના રાગથી તો ભિન્ન થઈને સમ્યગ્દર્શન થયું, પછી સ્વરૂપમાં રમણતા કરતાં-કરતાં અંદરમાં ચરવું, રમવું, જમવું, અતીન્દ્રિય આનંદનું સ્વસંવેદન ઉગ્રપણે થવું તેનું નામ ચારિત્ર છે. એ ચારિત્રથી જ્યારે સર્વજ્ઞપદ પ્રાપ્ત થાય છે ત્યારે સર્વ '**પૂર્ણ રૂપ સર્વને જાણવું તે છે.**' આહા..હા..! ત્યારે જ્ઞાનની પર્યાય ત્રણકાળ, ત્રણલોકને જાણે છે, સર્વજ્ઞ કેવળજ્ઞાનની પર્યાય. '**તે જ્યારે પ્રગટ થાય છે ત્યારે સર્વ વિશેષણો સહિત પ્રગટ થાય છે;...**' અર્થાત્ પૂર્ણરૂપ અચિંત્ય આનંદ આદિ શક્તિથી પૂર્ણ રૂપે પ્રગટ થાય છે. આદિ-મધ્ય-અંતરહિત ભગવાન આત્મા અનંત-અનંત શક્તિઓનો સાગર એનો અનુભવ કરતાં-કરતાં જ્યારે કેવળજ્ઞાન થાય છે ત્યારે સર્વ વિશેષણ પૂર્ણ આનંદ, પૂર્ણ વીર્ય, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા... આહા..હા..! એવી પ્રગટ શક્તિની વ્યક્તતા થાય છે તેનું નામ કેવળજ્ઞાન અને મોક્ષ કહે છે. એ છેને?

'**તેથી તેના મહિમાને કોઈ બગાડી શકતું નથી,...**' પૂર્ણાનંદની દશા જ્યારે પ્રગટ થઈ તો પછી એણે અવતાર લેવો પડે કે રાગ ઉત્પન્ન થાય કે કેવળજ્ઞાનને કોઈ બગાડી શકે એમ છે નહિ. '**સદા ઉદયમાન રહે છે.**' સર્વજ્ઞપદ જે સ્વભાવ હતો એ અનુભવ કરતાં-કરતાં પર્યાયમાં જ્યારે સર્વજ્ઞપણું થયું તો સદા ઉદયમાન રહે છે. એ સર્વજ્ઞપર્યાય સદા

પ્રગટ રહે છે. એ તો ૨૩૫માં વાત કરી.

**'આવા જ્ઞાનસ્વરૂપ આત્માનું...'** આહા..હા..! ભગવાન આત્મા અંદર જ્ઞાન પ્રજ્ઞા બ્રહ્મસ્વરૂપ (છે). વર્તમાનમાં જેમ જ્ઞાનની પર્યાય જણાય છે એવો જ્ઞાનસ્વરૂપ એ ત્રિકાળ છે. ત્રિકાળ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... ત્રિકાળ આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આહા..હા..! એવો ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માને **'આત્મામાં ધારણ કરવું...'** એ સ્વરૂપમાં રમણતા કરી. આહા..હા..! છેલ્લો અધિકાર છેને આખરનો ચારિત્ર અધિકાર છે. ચારિત્ર એ કોઈ બાહ્ય ક્રિયાકાંડ, પંચ મહાવ્રત કે નગ્નપણું એ કોઈ ચારિત્ર નથી. આહા..હા..!

**શ્રોતા :–** સાધન કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સાધન-ફાધન પણ નહિ. જ્યાં અંતરમાં એવા આનંદની રમણતા પ્રગટી, જ્યાં સુધી વીતરાગતા ન થાય તો પંચમહાવ્રતાદિના વિકલ્પ ઉઠે છે, પણ છે બંધનું કારણ. આહા..હા..!

**શ્રોતા :–** ઉપાય-ઉપેય તત્ત્વ આવે કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ ઉપાય કીધોને, આત્મા (સમ્યક્) જ્ઞાનસ્વરૂપે અપૂર્ણપણે પરિણમવું એ ઉપાય અને આનંદપણે પૂર્ણ પરિણમન કરવું એ ઉપેય. એ આવે છે. શું કહ્યું? આહા..હા..! આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની વિભૂતિ પ્રભુ એનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માની અપૂર્ણ પર્યાય, જ્ઞાનની, આનંદની અપૂર્ણ પર્યાય એ ઉપાય અને પૂર્ણ પર્યાય તે ઉપેય. ઉપાય દયા, દાન, વ્રત એ ઉપાય અને ઉપેય સિદ્ધપદ એમ નથી.

**શ્રોતા :–** વ્યવહાર સાધન કહેવાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિમિત્તથી કથન હો, વ્યવહારજ્ઞાન કરાવવા હોય. જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો નહિ. ઝીણી વાત, ભાઈ! પ્રભુનો માર્ગ વીતરાગનો... આહા..હા..! ઉપાયઉપેયમાં એ કહ્યું છે કે આનંદસ્વરૂપ ભગવાન, એક સમયની પર્યાયમાં ત્રિકાળી આનંદસ્વરૂપનો જ્યાં અનુભવ થયો ત્યારે તેને ઉપાય કહેવામાં આવે છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિ જે સ્વરૂપને આશ્રયે પ્રગટ થઈ તેનું નામ ઉપાય અને પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન પ્રગટ્યું એ ઉપેય, એનું ફળ. પૂર્ણ જ્ઞાનદશાની પર્યાયનું પરિણમન. આનંદની અપૂર્ણદશાનું પરિણમન એ ઉપાય અને પૂણ આનંદની દશા પ્રગટ થવી એ ઉપેય—ફળ છે. આહા..હા..! અરે! આત્મા શું ચીજ છે અંદર! વસ્તુ છેને વસ્તુ, એમાં અનંત શક્તિઓ વસેલી છે. ગોમ્મટસારમાં એ શબ્દ છે. વસ્તુ આત્મા પદાર્થ વસ્તુ છે. એક સમયની અવસ્થા જેટલી એ ચીજ નથી. આહા..હા..! એમાં તો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતપ્રભુતા આદિ શક્તિઓનો પિંડ પડ્યો છે ભગવાન તો. આહા..હા..!

**શ્રોતા :–** એટલી બધી શક્તિઓ આવી ક્યાંથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્વભાવ છે ત્યાં આવે ક્યાંથી? વસ્તુ છે કે નહિ સત્? સત્ છે કે નહિ? તો સત્ છે એની ઉત્પત્તિ ક્યાં? અને સત્ છે એની શક્તિની પણ ઉત્પત્તિ કેવી? એ તો શક્તિ છે જ. જેમ સાકર સદા છે તો સાકરની મીઠાશ પણ સદાય છે, એમ ભગવાન આત્મા અનાદિ-અનંત ધ્રુવ છે તો એમાં શક્તિ પણ જ્ઞાન, આનંદ આદિ અનાદિઅનંત શક્તિ પડી છે અંદર. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! બહારથી જોવાથી એ ચીજ મળતી નથી એમ કહે છે, અંતર્મુખ જોવાથી દેખાય છે. આહા..હા..! અંતર્મુખ ચીજ પડી છે મહાપ્રભુ. એક સમયની પર્યાયની પાછળ આખું આત્મતત્ત્વ અનંત આનંદથી ભરેલું પડ્યું છે. એ પરિપૂર્ણ શક્તિનો પિંડ પ્રભુ એને વર્તમાન જ્ઞાનમાં જ્ઞેય બનાવીને પ્રતીતિ અનુભવમાં કરવી એનું નામ તો પ્રથમ ધર્મની પહેલી સીઢી સમ્યગ્દર્શન છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? એ વસ્તુ છે કે નહિ? છે. છે તો, છે તો, છે તો છે જ!

જાણક દર્શન આનંદ-આનંદ છે... છે... છે... ત્રિકાળી આનંદ છે અંદરમાં. આહા..હા..! જેમ જ્ઞાન જાણન.. જાણન... જાણન... જાણન... છે... છે.. છે... એમ અતીન્દ્રિય આનંદ છે... છે... છે... એમ અનંતી પ્રભુતા. પ્રભુત્વ નામની એક શક્તિ અંદરમાં છે. ૪૭ શક્તિમાં લીધું છે કે પ્રભુત્વ—ઈશ્વરતા. આત્મામાં એક ઈશ્વરતા નામનો ગુણ, શક્તિ છે, છે અને છે. આહા..હા..! એ ભગવાનની સન્મુખ જોઈને... એ ભગવાન આત્મા. ભગવાન તીર્થંકર આદિ તો પરદ્રવ્ય છે. એની સન્મુખ જોતાં તો શુભરાગ થાય છે. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ આત્મા એના સન્મુખ થઈને એમાં એકાગ્રતા થવી, એ વૈભવની શક્તિની પ્રતીતિ થવી, અનુભવ કરીને પ્રતીતિ થવી એનું નામ સમ્યગ્દર્શન, ધર્મની મોક્ષમહેલની પહેલી સીઢી. છ ઢાળામાં આવે છે. છ ઢાળામાં આવે છેને. મોક્ષની મહેલની પહેલી સીઢી. આહા..હા..! અને પછી સ્વરૂપમાં રમણતા કરીને '**આત્માનું આત્મામાં ધારણ કરવું...**' એવો શબ્દ છે. ઝીણી વાત છે, પ્રભુ!

વસ્તુ શરીર, વાણી, મનથી ભિન્ન એ ક્રિયા જડની આત્મામાં નથી અને અંદર પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠે છે એ પણ વિકારી-વિભાવભાવ એ આત્મામાં નથી. તો આત્મામાં છે શું? અનંતઆનંદ, અનંતજ્ઞાન, શાંતિ આદિ સ્વભાવ અંદર ભરેલો છે. આહા..હા..! એની મહિમા લાવીને વ્યવહાર દયા, દાનના રાગની પણ મહિમા છોડીને, બહારની લક્ષ્મી-ધૂળ, પૈસા-બૈસા કે શરીર એની તો મહિમા ક્યાંય ધૂળમાંય નથી. આહા..હા..! પણ અહીંયાં દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય છે એ રાગ છે એની મહિમા પણ છોડીને, પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા અંદર સત્ શાશ્વત આનંદ અને જ્ઞાનથી પરિપૂર્ણ પ્રભુ એની મહિમા લાવીને એમાં ગુમ થઈ જવું. વિકલ્પને તોડીને એમાં નિર્વિકલ્પનો અનુભવ કરવો. આહા..હા..! એ તો મોક્ષમહેલની પહેલી સીઢી. આહા..હા..! પહેલું સોપાન છે હજી તો. એની જેને ખબર નથી એને ચારિત્ર અને વ્રત-તપ કેમ થાય? આહા..હા..!

અહીંયાં તો કહે છે કે '**જ્ઞાનસ્વરૂપ આત્માનું...**' એક મુખ્ય જ્ઞાન લીધું છે. અવિનાભાવી અનંત શક્તિઓ છે, પણ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ, ચેતનસ્વરૂપ આત્મા ત્રિકાળી. એ '**આત્માનું આત્મામાં...**' એ જ્ઞાનનું જ્ઞાનમાં. આહા..હા..! જ્ઞાનસ્વરૂપી આત્મા છે... છે... છે... એમાં જ્ઞાનસ્વરૂપી આત્મામાં જ્ઞાનથી 'ધારણ કરવું...' જ્ઞાનથી તેમાં લીન થવું. આહા..હા..! આવી વાતું! જગતને કોઈ દિ' અભ્યાસ નહિ. અંતર મહાપ્રભુ એની મહિમાની ખબર નથી. એવા '**આત્મામાં ધારણ કરવું...**' રાગમાં ધારણ કરવું આત્માને એ તો દૂર થઈ ગયું. આહા..હા..! જ્ઞાનસ્વરૂપ આત્મા. છે? '**જ્ઞાનસ્વરૂપ આત્માનું...**' આ તો અધ્યાત્મ વાત છે, પ્રભુ! આ કાંઈ કથા નથી, વાર્તા નથી. આ તો ત્રિલોકનાથ જિનેન્દ્રદેવની દિવ્યધ્વનિનો સાર છે. ઈન્દ્રો અને ગણધરોની સમક્ષ પરમાત્મા આમ ફરાવતા હતા દિવ્યધ્વનિ દ્વારા. અત્યારે પણ ફરમાવે છે પ્રભુ. સીમંધર ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. એ વાણી આ કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા ત્યાંથી લાવ્યા. આહા..હા..!

તો કહે છે કે '**જ્ઞાનસ્વરૂપ આત્માનું...**' એ રાગ અને પુણ્ય-પાપસ્વરૂપ આત્મા નથી. આહા..હા..! '**જ્ઞાનસ્વરૂપ...**' એ શું કહ્યું? જાણવું એ સ્વરૂપ એનું છે. પુણ્ય અને પાપ કે દયા, દાન, વ્રતનો વિકલ્પ એ એનું સ્વરૂપ નથી, એ તો વિરૂપ-કુરૂપ છે. આહા..હા..! જ્ઞાનસ્વરૂપ જાણક... જાણક... જાણક... જાણક... જાણક... જાણક... જાણક... જાણક એવો નિત્યાનંદ પ્રભુ એ જ્ઞાનસ્વરૂપ આત્માનું. '**જ્ઞાનસ્વરૂપ આત્માનું આત્મામાં ધારણ કરવું...**' છે? આત્માનું આત્મામાં ધારણ કરવું. આહા..હા..! '**તે જ ગ્રહવાયોગ્ય સર્વ ગ્રહ્યું...**' આહા..હા..! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ ભગવાનમાં લીન થવું તો જે ગ્રહણ કરવાલાયક હતું તે ગ્રહણ કર્યું. આહા..હા..! રાગથી, પુણ્યની ક્રિયાથી પણ ભિન્ન થઈને પોતાના સ્વભાવમાં જ્ઞાનસ્વભાવ સ્વરૂપ કહો કે સ્વભાવ કહો, સ્વ-પોતાનો ભાવ, સ્વરૂપ-પોતાનું રૂપ. એ આનંદ અને જ્ઞાનસ્વરૂપ પોતાના રૂપમાં આત્માને આત્મામાં ધારણ કરવું. આહા..હા..! થોડા શબ્દોમાં તો... એ જ્ઞાનસ્વરૂપી પ્રભુને જ્ઞાનમાં રાખવો. આહા..હા..!

**શ્રોતા :-** સાતમું ગુણસ્થાન.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાતમાની વાત છે ચારિત્રસહિતની. સમ્યગ્દર્શનસહિત સાતમાની વાત છે, પણ સમ્યગ્દર્શનસહિત. છેલ્લે અપ્રમત્તદશા આવે પછી કેવળજ્ઞાન થાય છેને? તો અપ્રમત્તદશા આ. છઠ્ઠે ગુણસ્થાને પણ હજી વિકલ્પ ઉઠે છે તો એને પણ છોડીને આત્મા જ્ઞાનસ્વરૂપ આત્માનું આત્મામાં ધારણ કરવું. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ!

**શ્રોતા :-** ચારિત્રનું આવ્યું એટલે અમારે કાંઈ સંબંધ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ચારિત્ર પણ સમ્યગ્દર્શન વિના ચારિત્ર ક્યાંથી થાય? એ તો પહેલાં કહ્યું. જે ચીજ અંતર દૃષ્ટિમાં જોવામાં આવી નથી તો એમાં રમણતા કરવી એ ક્યાંથી

આવ્યું? જ્ઞાનની વર્તમાન પર્યાયમાં અવસ્થામાં પૂર્ણ વૈભવ વિભૂતિ ભગવાન એ જ્ઞાનમાં આવ્યો નથી તો રમણતાં શેમાં કરવી? આહા..હા..! તો પહેલાં જ્ઞાનમાં એક આત્મા આનંદસ્વરૂપ એવો અનુભવ થયો તો એમાં આમાં રમવું એવી પ્રતીતિ થઈ. આહા..હા..! પછી અંદરમાં રમે છે, લીન થાય છે તે ચારિત્ર છે. આહા..હા..! આવી વાતું છે. તો એવું જેણે કર્યું એ ગ્રહણ કરવાલાયક છે એ ગ્રહણ કરી લીધું. આહા..હા..! પૂર્ણાનંદના નાથને ગ્રહણ કર્યો એણે બધું ગ્રહણ કર્યું. છે? **'તે જ ગ્રહવાયોગ્ય સર્વ ગ્રહ્યું...'** આહા..હા..! અંતરમાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત શક્તિઓ ભરેલી છે એવા આત્માને આત્મામાં સ્વરૂપની નિર્મળદશામાં રમણતા કરવી. આહા..હા..! તો જે ગ્રહણ કરવાલાયક છે આત્મા એને ગ્રહણ કરી લીધો. આહા..હા..! આવી વાત છે. પછી? છે?

**'અને ત્યાગવાયોગ્ય સર્વ ત્યાગ્યું—'** રાગાદિ ત્યાગ છે એ તો ત્યાગી દીધું એણે સ્વરૂપમાં રમણતા કરીને. આહા..હા..! અસ્તિસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ છે.. છે.. છે.. એને દૃષ્ટિમાં ગ્રહણ કરી લીધો અને ચારિત્રથી એમાં રમણતા કરી. આહા..હા..! તો ગ્રહણ કરવાલાયક એ ગ્રહણ થઈ ગયું અને છૂટવાલાયક રાગાદિ એનો ત્યાગ થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, પ્રભુ! આહા..હા..!

જિનેન્દ્રદેવનો માર્ગ બહુ સૂક્ષ્મ છે. લોકોને સત્ય વાત સાંભળવા મળવી કઠણ પડી ગઈ. આહા..હા..! અને તે પણ સર્વજ્ઞ સિવાય દિગંબર સંતો સિવાય આ વાત ક્યાંય નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ વાત બીજા કોઈ સંપ્રદાયમાં ક્યાંય નથી. (જેમાં) છે એ લોકોને ખબર નથી. આહા..હા..! અહીં સંતો દિગંબર મુનિઓ, ભાવલિંગી જેને અંતરમાં આનંદનું, અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન (પ્રગટ થયું છે). આહા..હા..! અતીન્દ્રિય આનંદમાં ઝૂલનારા એ મુનિ એમ કહે છે કે જેણે પોતાના આત્મામાં જ્ઞાનસ્વરૂપમાં જ્ઞાનમાં લીન થયો, અનુભવ તો કર્યો પહેલાં સમ્યગ્દર્શનમાં, પછી પૂર્ણ રીતે અંદર લીન થયો તો ગ્રહણ કરવાલાયક હતું તે ગ્રહણ કરી લીધું અને છોડવાલાયક રાગાદિ છૂટી ગયા એ ત્યાગ થયો. આહા..હા..! અરે! આવી વાતું. કઠણ પડે એ પચવવામાં કઠણ પડે. પ્રભુ! માર્ગ તો એવો છે વીતરાગનો. પરમેશ્વર જિનેન્દ્રદેવ...

**શ્રોતા :-** શ્રીમદ્ રાજચંદ્રે લીધું છે, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો માગણી ભાવના છે. અહીં તો થઈ ગઈની વાત છે હવે. આ તો સમ્યગ્દર્શનસહિત સ્વરૂપને ધારણ કર્યું એની વાત છે. એ તો સમ્યગ્દર્શનમાં પૂર્ણ સ્વરૂપમાં કેમ રમણતા થાય એવી ભાવના હતી. અહીં તો ભાવનામાં પૂર્ણ અંદર આવી ગઈ રમણતા. છેલ્લી ગાથાઓ છેને.

**શ્રોતા :-** એ બેયમાં ફેર છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘણો ફેર છે. ઉગમણો-આથમણો ફેર છે. ભાવના હજી એ તો

ભાવના છે એ કોઈ વસ્તુ નથી. અહીંયાં તો સ્વરૂપમાં રમણતા પૂરી થઈ ગઈ, ભાવનાનો ભાવ પૂરો થઈ ગયો. આહા..હા..! એ ઝીણી વાતું, બાપુ! આહા..હા..! અરે! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ આહા..હા..! અંતરમાં પ્રભુને પકડી લીધો.

જેમ શ્રીફળ હોય છેને નાળિયેર-શ્રીફળ-શ્રીફળ. આ નાળિયેર નથી કહેતા? તો એમાંથી છાલા કાઢી નાખ્યા અને કાચલી... કાચલીને શું કહે છે? નરેટીને કાઢી નાખી અને એ તરફની લાલ છાલ છે એ કાઢી નાખી અને રહી ગયું આખું શ્રીફળ શેર, દોઢ શેર મીઠો ધોળો ગોળો તેને શ્રીફળ કહે છે, એમ આ ભગવાન આત્મા આ શરીર એ છાલા એને કાઢી નાખ્યા, કર્મ છે એ કાચલી છે. કાચલી કીધીને? નરેટી એને છોડી દીધી અને જે લાલ છાલ છે જેમ એ કાચલી કોરની લાલ છાલ હોય, ટોપરાપાક કરે છેને ત્યારે છાલ કાઢી નાખે છેને. તો એ પુણ્ય-પાપની છાલ છે વિકલ્પ આહા..હા..! એને પણ છોડી દીધી અને અંદરમાં અતીન્દ્રિય આનંદનો ગોળો પડ્યો છે ભગવાન-શ્રીફળ, સ્વરૂપની લક્ષ્મીનો દાતા પ્રભુ પડ્યો છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? એ સ્વરૂપ કોણ છે? ભાઈ! એ વાતું ભાષામાં તો મર્યાદા આવે છે, વસ્તુ તો વસ્તુ છે. આહા..હા..!

અનંત-અનંત અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય અનંત જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો સ્વામી એ જ્યારે પોતાના સ્વરૂપનો અનુભવ કરીને લીન થાય છે... આહા..હા..! તો બધું ગ્રહણ કરવાલાયક ગ્રહણ કરી લીધું. એ આનંદને ગ્રહણ અને જ્ઞાનને ગ્રહણ કરવાનું હતું તે ગ્રહી લીધું. આહા..હા..! અને ત્યાગવાયોગ્ય જે વિકલ્પ હતો એ છૂટી ગયો. આહા..હા..! આવી વસ્તુ છે, પ્રભુ! લોકોમાં તો મુશ્કેલ પડે એવી છે. આહા..હા..! લોકો તો આ બહારથી વ્યવહાર કરી અને વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થઈ જશે (એમ માને છે). એવી દૃષ્ટિ એ તો મિથ્યાત્વ છે. આહા..હા..! સૂક્ષ્મ વાત છે. અહીં તો '**આત્માનું આત્મામાં ધારણ કરવું...**' એમ કહ્યુંને? આહા..હા..! એ શ્લોક કહે છે. ૨૩૬ને?

**उन्मुक्तमुन्मोच्यमशेषतस्तत्**
**तथात्तमादेयमशेषतस्तत्।**
**यदात्मनः संहृतसर्वशक्तेः**
**पूर्णस्य सन्धारणमात्मनीह।।२३६।।**

ભગવાન અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંતનો આ શ્લોક છે. મૂળ ગાથા છે એ કુંદકુંદાચાર્ય મહારાજની અને કળશ ટીકાના શ્લોક છે એ અમૃતચંદ્રાચાર્યના. એક હજાર વર્ષ પહેલાં થયા દિગંબર સંત અને કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલાં સંવત્ ૪૯ (માં થયા). આ કળશ છે એ અમૃતચંદ્રાચાર્યનો. એ કહે છે. '**संहृत-सर्व-शक्तेः पूर्णस्य आत्मनः**' '**જેણે સર્વ શક્તિઓ સમેટી છે...**' આહા..હા..! જે રાગમાં ભિન્ન-ભિન્ન થઈ જતી હતી શક્તિની પર્યાય એ સમેટી લીધી અંદરમાં. આહા..હા..! આવો ઉપદેશ હવે! શું થાય? પ્રભુ! માર્ગ તો આ છે.

આહા..હા..! અનંત શક્તિઓ જે ભગવાન આત્મામાં છે એ રાગમાં ખંડ-ખંડ થઈ જાતી હતી એ શક્તિઓ સમેટીને અંદરમાં લઈ લીધી. આહા..હા..! છે?

'**જેણે સર્વ શક્તિઓ સમેટી છે (-પોતામાં લીન કરી છે)...**' આહા..હા..! જે પુણ્ય અને પાપના દયા, દાનમાં લીન થતો હતો તો શક્તિનો પર્યાયમાં સંહાર થતો હતો, ઘાત થતો હતો. આહા..હા..! એ પોતાનો આનંદ અને જ્ઞાનશક્તિ જે પરમાં ખંડ ખંડમાં જોડાઈ જતી હતી તેને છોડી દીધી અને અંતરમાં લીન થયો. આહા..હા..! જ્યાં ધ્રુવધામ પડ્યું છે ધ્રુવ. સ્વદેશ પોતાનો ધ્રુવ છે. જેમાં નિત્યાનંદ પ્રભુ પડ્યો છે આહા..હા..! તેમાં પોતાની શક્તિને સમેટી લીધી. પરથી ખસેડીને પોતામાં એકાગ્ર થઈ ગયો. આહા..હા..! સર્વ શક્તિ લીધી છેને? અનંત શક્તિ જે ગુણ છે એની પર્યાયમાં-અવસ્થામાં રાગમાં રોકાઈ જતી હતી તે છોડી દીધી. આહા..હા..! અને પોતાની શક્તિ અંદરમાં સમેટી લીધી. આહા..હા..! છે?

'**એવા પૂર્ણ આત્માનું...**' એવા પૂર્ણ ભગવાન આત્મામાં. આહા..હા..! ચારિત્રસહિતની વાત છે, ભાઈ! આ તો છેલ્લી ગાથાઓ છેને. '**પૂર્ણ આત્માનું આત્મામાં ધારણ કરવું...**' ભગવાન આનંદસ્વરૂપમાં આનંદમાં ધારણ કરવું. પુણ્ય અને પાપના ભાવ એ તો દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? છ ઢાળામાં નથી આવતું? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ પંચમહાવ્રતાદિના પરિણામ એ દુઃખરૂપ છે. આહા..હા..! છ ઢાળામાં આવે છે. 'મુનિવ્રત ધાર...' અજ્ઞાની આત્માના અનુભવ વિના, સમ્યગ્દર્શન વિના એ 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' સ્વર્ગમાં ગ્રીવાના સ્થાને નવ ગ્રૈવેયક છે ત્યાં અનંતવાર ઉપજ્યો, પણ આતમજ્ઞાન બિન—આત્માના આનંદના સ્વાદ અને અનુભવ વિના... આહા..હા..! લેશ સુખ ન પાયો. પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, વ્યવહાર સમિતિ, ગુપ્તિ એ બધો રાગ એ દુઃખ છે. આહા..હા..! શું કહ્યું એમાં?

**શ્રોતા :-** પ્રભાવના થઈ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોની પ્રભાવના થઈ? પાપની થઈ. મિથ્યાત્વની પ્રભાવના થઈ. આહા..હા..! પ્રભાવના—પ્રકૃષ્ટે આત્માના આનંદની વ્યક્તતા પ્રગટ થાય એને પ્રભાવના કહેવામાં આવે છે. આ તો વાત તો એવી છે. આહા..હા..! બહાર કોણ કરી શકે પરનું? રાગ આવે છે એ તો શુભરાગ છે. આહા..હા..! શુભરાગ છે એ તો સ્વરૂપની હિંસા છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં અમૃતચંદ્રાચાર્યે કહ્યું કે પરની દયાનો ભાવ થાય છે, પણ છે રાગ અને હિંસા. અરર..! આવી વાતું આકરી પડે જગતને.

**શ્રોતા :-** આવી વાત લૌકિકમાં બોલાય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લૌકિક વળી ક્યાં હતા? અહીં તો લોકોત્તર ચૈતન્યતત્ત્વ ભગવાનની વાત ચાલે છે. આહા..હા..! પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં અમૃતચંદ્રાચાર્યે શ્લોક લીધો છે. પંચમ

આરાના મુનિએ સ્પષ્ટ કરી દીધું છે કે પરની દયાનો ભાવ છે એ રાગ છે. એમ હોવા છતાં પણ પરની દયા પાળી શકતો નથી. કેમકે એનું આયુષ્ય હોય તો બચે અને ન આયુષ્ય હોય તો કોઈ બચાવી શકે એમ ત્રણકાળમાં નથી. આહા..હા..! ફક્ત તેને ભાવ આવ્યો એ તો રાગ છે. રાગ છે એ પોતાના સ્વરૂપની હિંસા છે. આહા..હા..!

**શ્રોતા :-** જીવો અને જીવવા દ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જીવો અને જીવવા દ્યો એ વીતરાગનું વચન નથી. એ અંગ્રેજીનું વચન છે, એ તો અંગ્રેજીનું વચન છે. જુઓ, અંગ્રેજીનું છે. અહીંયાં તો જીવતરશક્તિ પોતાના આનંદસ્વરૂપમાં જીવવું અને આનંદસ્વરૂપે બીજાને જીવાડવો એ જીવો અને જીવવા દ્યો છે. આહા..હા..! બહુ વાત ફેર, ઘણો ફેર, ભાઈ! આ દસ પ્રાણથી જીવવું એ તો જડની ક્રિયા છે. એ તો આયુષ્ય હોય તો બચે, ન હોય તો મરી જાય, દેહ છૂટી જાય. દેહ છૂટી જાય, મરે કોણ? આત્મા મરે છે? આહા..હા..! આ દેહ પણ મરે છે? એ તો પરમાણુની પર્યાય પલટી જાય છે. શરીર છે એ બીજા રૂપે થઈ જાય છે. આહા..હા..!

ભગવાન આત્માનું રાગરહિત સ્વરૂપ પોતામાં ધારણ કરવું એમ કહે છે. આહા..હા..! ચારિત્રની વાત છેને સમ્યગ્દર્શનસહિત. સમ્યગ્દર્શન તો પહેલાં થયું છે, પછી ચારિત્ર થાય છે. સમ્યગ્દર્શન, જો આનંદનો અનુભવ ન હોય ત્યાં તો ચારિત્ર વ્રત, તપ આદિ બધા એકડા વિનાના મીંડા છે. એકડા શું કહે છે? એક બિના શૂન્ય. આવી વાત છે. એ તો કહ્યુંને 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો,' પણ આત્મજ્ઞાન કર્યું નહિ, સમ્યગ્દર્શન કર્યું નહિ. આહા..હા..! એ રાગની ક્રિયાથી મારી ચીજ ભિન્ન છે. એની દૃષ્ટિ અને અનુભવમાં વેદન ન કર્યું તો 'લેશ સુખ ન પાયા.' એમ કહ્યું છે. પંચમહાવ્રત પાળ્યા તો 'લેશ સુખ ન પાયા.' એમાં સુખ ક્યાં છે? એ તો રાગ છે, આસ્રવ છે. એમાં સુખ ક્યાં આવ્યું? એ તો દુઃખ છે. આહા..હા..! આવી વાતું છે. અરે! પરમાત્માના વિરહ પડ્યા. ભરતક્ષેત્રમાં સર્વજ્ઞ રહ્યા નહિ. સર્વજ્ઞ રહ્યા તો મહાવિદેહમાં રહ્યા અને પાછળ આ ગડબડ ગોટા ઉઠ્યા. આહા..હા..!

અહીંયાં તો પરમાત્મા એમ ફરમાવે છે, પ્રભુ! તું તો આનંદસ્વરૂપ, અતીન્દ્રિય આનંદ, અનાકુળ અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા છોને. એ અતીન્દ્રિય અનાકુળ આનંદસ્વરૂપમાં રમવું આત્મામાં ત્યાં ધારી રાખવો... આહા..હા..! એ ચારિત્ર છે. આહા..હા..! ધન્ય અવતાર! જેણે પોતામાં રમણતા પ્રગટ કરી એ અવતાર ધન્ય છે, સફળ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અને... છે?

**'એવા પૂર્ણ આત્માનું આત્મામાં ધારણ કરવું તે જ છોડવાયોગ્ય બધું છોડ્યું...'** આહા..હા..! વિકલ્પને, ભેદને પણ છોડી દીધા. અભેદ ભગવાન આત્મા, અભેદ સામાન્ય સ્વરૂપ એમાં લીન થયો તો ત્યાં અભેદદશા પ્રગટ થઈ ગઈ. આહા..હા..! ભાષા આવી, ભાવ ઝીણા. એને અનાદિઅનંત કાળમાં કદી અંતર્મુખ ચીજ શું છે એની દૃષ્ટિની ખબર જ

નથી. આહા..હા..! પ્રભુ અંદર પૂર્ણાનંદનો નાથ બિરાજે છે, પરમાત્મસ્વરૂપ જ છે. એ કહ્યું હતું નહિ? બનારસીદાસ. 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, ઘટ ઘટ અંતર જિન વસે.' જિનસ્વરૂપી ભગવાન આત્મા તો જિનસ્વરૂપ જ છે. એનો સ્વભાવ જિનસ્વરૂપ જ છે. આહા..હા..! 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન,' જૈન એને કહીએ કે રાગની એકતા તોડીને સ્વભાવની એકતા કરે તે જૈન છે. એ જૈન કોઈ સંપ્રદાય નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, પણ મત મદિરા કે પાનસો...' પોતાના મતના મદની મદિરા પીધી અને એ કારણે 'મત મદિરા કે પાનસો મતવાલા સમજેન.' પણ એ અભિમાની મતવાળા પોતાનું સ્વરૂપ શું છે તેને સમજતા નથી. આહા..હા..! આતો બનારસીદાસ, સમયસાર નાટક. સમયસારમાંથી બનાવ્યું છે. કળશટીકા છેને એમાંથી બનાવ્યું છે સમયસાર નાટક. આહા..હા..!

અહીં તો કહે છે 'ઘટ ઘટ અંતર જિન વસે.' ભગવાનસ્વરૂપ આત્મા ભગવાન જિનસ્વરૂપ જ અંદર બિરાજે છે. આહા..હા..! જો એ જિનસ્વરૂપી ન હોય તો વીતરાગ જે કેવળજ્ઞાન પામે છે એ પર્યાય વીતરાગની, કેવળજ્ઞાનની આવશે ક્યાંથી? કાંઈ બહારથી આવે છે? આહા..હા..! પ્રાપ્તની પ્રાપ્તિ છે, છે એમાંથી આવે છે. આહા..હા..! પ્રભુ જિનસ્વરૂપી ભગવાન આત્મા. આબાળગોપાળ... આહા..હા..! ૧૭-૧૮ ગાથામાં એમ લીધું છે કે પ્રભુ પૂર્ણાનંદસ્વરૂપ એ આબાળ-ગોપાળ, બાળકથી માંડીને વૃદ્ધને પોતાના જ્ઞાનની પર્યાયમાં એ જ જણાય છે. એમ લીધું છે. ઝીણી વાત છે, પ્રભુ! ૧૭-૧૮ ગાથા સમયસાર. આબાળગોપાળ-બાળકથી માંડીને વૃદ્ધ બધાને જ્ઞાનની વર્તમાન પર્યાયમાં જ્ઞેય પૂર્ણાનંદનો નાથ એનું જ જ્ઞાન થાય છે. પણ એની દૃષ્ટિ ત્યાં નથી અને પર્યાયને દેખે છે અને રાગને દેખે છે તો એનું દેખવું નાશ થઈ જાય છે. આહા..હા..! શું કહ્યું?

અનંત આત્માઓ જેટલા છે એની બાળક કે યુવાન, વૃદ્ધા, સ્ત્રી, પુરુષ આદિ ગમે તે ધારણ હો બહાર, પણ એમાં જે આત્મા છે એ તો વર્તમાન જ્ઞાનની પર્યાય ક્ષયોપશમ જે છે વિકાસ, એ પર્યાયમાં એને આત્માનું જ ભાન થાય છે. કારણ કે જ્ઞાનની પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. તો જ્ઞાનની પર્યાયમાં સ્વપ્રકાશક તો થાય છે, જણાય છે. આહા..હા..! છે? પણ ત્યાં એની નજર નથી. દેખાય છે ત્યાં નજર નથી. નજર તો એક સમયની પર્યાય અને દયા, દાન, વ્રત ને વિકલ્પ એના ઉપર નજર છે. આહા..હા..! મહાસિદ્ધાંત ભગવાનનો.

**શ્રોતા :-** વચનવર્ગણા હોવી જોઈએ ખરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વચનવર્ગણાથી ધૂળથી નથી આવતી. વિકલ્પથી પણ નથી આવતી તો વર્ગણાથી શું થાય, વર્ગણા તો જડ છે, ધૂળ છે આ. અવાજ ઉઠે છે એ તો ભાષાની વર્ગણા છે. આહા..હા..! આવો માર્ગ છે. વીતરાગ શાંત માર્ગ છે, શાંત માર્ગ છે. રાગભાવ એ અશાંત છે. એનાથી ભિન્ન ભગવાન શાંતિ ઉપશમરસનો કંદ પ્રભુ એમાં લીન થવું શાંતિ

છે. એમાં શાંતિ છે એમાં સમ્યગ્દર્શન છે, એમાં જ્ઞાન છે, એમાં ચારિત્ર છે. આહા..હા..! ન્યાય સમજાય છે? સૂક્ષ્મ છે, ભાઈ!

**શ્રોતા :-** આત્માથી પણ શૂન્ય થઈ જાય તો (શાંતિ મળશે)?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાં થશે? આત્માથી શૂન્ય થાય તો રાગ છે એકલો. રાગથી શૂન્ય થાય તો શાંતિ મળશે. આત્માથી શૂન્ય થાય તો રાગ મળશે. અશાંતિના સાગરમાં ડૂબી મર્યો છે અનાદિથી. ચોર્યાસીના અવતાર આહા..હા..! ચોર્યાસી લાખ યોનિમાં અવતાર કરીને ક્યાંય શાંતિની ગંધ નથી. આહા..હા..! એ અબજોપતિ, રાજા, દેવ હો એ દુઃખી છે. આત્માના જ્ઞાન વિના, સમકિત વિના એ પ્રાણી દુઃખી છે. આહા..હા..! એ બધા અબજોપતિ, પૈસાવાળા ભગવાન કહે છે કે એ તો રાંકા છે, ભિખારી છે. પોતાની ચીજની ખબર નથી અને પરચીજનો માગણ થયો ભિખારી. એય..! શાસ્ત્રમાં પાઠ છે એવો રાંકા. વરાંકા એવો શબ્દ છે મુનિરાજાનો. વરાંકા. રાંક છે રાંક. તારી ચીજમાં આનંદ પડ્યો છે, જ્ઞાન પડ્યું છે, શાંતિનું ધન પડ્યું છે એ તારી લક્ષ્મીની તને કિંમત નથી અને આ ધૂળની કિંમત કરવા જાય છે. આહા..હા..! ભિખારી છે તું!

**શ્રોતા :-** ભગવાન તો કહે પણ લોકો તો વખાણ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લોકો ગાંડા પાગલ છે એ પાગલના વખાણ કરે. બે, પાંચ, દસ કરોડ પૈસા હોય તો ઓહો..હો..! અને એમાં બે-પાંચ-પચ્ચીસ લાખ આપે એટલે ધર્મધુરંધર કહી દે. એમાં ધૂળમમાં ધર્મ ક્યાંથી આવ્યો? આહા..હા..! એય! વાતું આવી છે. અહીં તો ત્રણલોકનો નાથ વીતરાગ પરમાત્મા એમ કહે છે કે જેને પોતાની નિજલક્ષ્મીની ખબર નથી અને પરલક્ષ્મીમાં ઝાંવા નાખે છે કે આ લાવો... લાવો... લાવો... મોટો ભિખારી છે. ભગવાનજીભાઈ! આ કરોડપતિ ભિખારી? આહા..હા..! કરોડ શું અબજોપતિ ભિખારી છે. કાલે કોઈએ નહોતું કહ્યું? ભાઈએ બલુભાઈએ કહ્યું હતું. દેશ છેને એક.

**શ્રોતા :-** સાઉદ અરબ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ. ત્યાં કહે છે બહુ પેદાશ. એક ઈરાક છે ત્યાં તો એક કલાકના દોઢ કરોડની પેદાશ. દોઢ કરોડ. પેટ્રોલ નીકળ્યું છે. દેશ નાનો છે, પણ પેટ્રોલના કૂવા નીકળ્યા છે. તો એક કલાકની દોઢ કરોડની પેદાશ છે. ભિખારા મરીને નરકમાં જશે. આહા..હા..! એના કરતા બીજો કીધો દેશ એ. એને તો અબજો રૂપિયાની પેદાશ. દિવસની અબજો-અબજો રૂપિયાની પેદાશ છે. ધૂળમાં શું છે? આહા..હા..! તેલના કૂવા નીકળ્યા હોય તો દેખાય. જેમ દરિયો ફાટ્યો એમ એ ફાટ્યું. એમાં ધૂળમાં છે શું?

પોતાની લક્ષ્મી જે અંદર ચૈતન્યસાગર અંદર ડોલે છે. આહા..હા..! અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય ઈશ્વરતા, અતીન્દ્રિય લક્ષ્મીનો સાગર ભગવાન એની ખબર નથી, એનું જ્ઞાન નથી, એનો ભરોસો નથી. આહા..હા..! એને તો પ્રભુએ તો વરાંકા-ભિખારી

કીધા છે. બાદશાહ તો એ છે કે અંતરના આનંદના નાથને અનુભવીને ઠરે અંદર એ બાદશાહ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અસંખ્યપ્રદેશી પોતાનો સ્વદેશ એમાં અનંતગુણની પ્રજા (વસે છે), એને જેણે અંતર સમ્યગ્દર્શનમાં વશ કરી લીધી આહા..હા..! એ સ્વદેશમાં આવ્યો એ રાજા છે. રાજતિ શોભતિ ઈતિ રાજા. પોતાની આનંદલક્ષ્મીથી શોભે તે રાજા. એ ગાથા છે ૧૭-૧૮. જીવરાયા. સમયસારમાં દરિયો ભર્યો છે. કુંદકુંદાચાર્ય ૧૭-૧૮ ગાથામાં (કહે છે), '**एव हि जीवराया**' આહા..હા..! જીવરાજા ભગવાન પોતાની રિદ્ધિથી ભરેલો... આહા..હા..! એનો સ્વીકાર જ્યાં સમ્યગ્દર્શનમાં થયો તો આનંદ, અતીન્દ્રિય આનંદનો જ્યાં આસ્વાદ આવ્યો, સમ્યગ્દર્શનમાં હજી ચોથે ગુણસ્થાને, તો કહે છે કે એ જીવ શોભે છે, શોભે છે. રાજતે શોભતે ઈતિ રાજા. એ પોતાની લક્ષ્મીથી શોભે છે, ધૂળની લક્ષ્મીથી નહિ. આહા..હા..! અને જેને મુનિપણું પ્રગટ્યું... આહા..હા..! ધન્ય અવતાર! જેને અંતરમાં આનંદની લહેર પ્રગટ થઈ, પ્રચુરસ્વસંવેદન એ તો બાદશાહનો બાદશાહ છે. સમજાણું કાંઈ? બાદશાહ સમકિતી એનો પણ એ તો બાદશાહ છે. આહા..હા..!

અહીંયાં એ કહે છે કે આત્માને આત્મામાં જેણે ધારણ કર્યો, '**તે જ છોડવાયોગ્ય બધું છોડ્યું અને ગ્રહવાયોગ્ય બધું ગ્રહ્યું.**' આહા..હા..! આવી વાત હવે.

'**ભાવાર્થ :- પૂર્ણજ્ઞાનસ્વરૂપ, સર્વ શક્તિઓના સમૂહરૂપ જે આત્મા...**' લ્યો! '**પૂર્ણજ્ઞાનસ્વરૂપ, સર્વ શક્તિઓના સમૂહરૂપ જે આત્મા...**' એ જ્ઞાનાદિ અનંદ શક્તિનો સમૂહરૂપ પિંડ પ્રભુ આત્મા. આહા..હા..! જ્ઞાનસ્વરૂપ ભગવાન એને અતીન્દ્રિય જ્ઞાનમાં રાખવો, બસ જે ગ્રહણ કરવાનું હતું તે ગ્રહ્યું આહા..હા..! અને છોડવાલાયક જે રાગાદિ છે એને છોડ્યું. આહા..હા..! '**એ જ કૃતકૃત્યપણું છે.**' આહા..હા..! છેને? '**તે જ ત્યાગવાયોગ્ય જે કાંઈ હતું તે બધુંય ત્યાગ્યું અને ગ્રહણ કરવાયોગ્ય જે કાંઈ હતું તે બધું ગ્રહણ કર્યું. એ જ કૃતકૃત્યપણું છે.**' પૂર્ણાનંદનું કાર્ય પૂર્ણ થયું. સ્વરૂપની દૃષ્ટિ અનુભવમાં અને સ્વરૂપની સ્થિરતા ચારિત્રને કારણે પૂર્ણ આનંદ જ્યાં પ્રગટ્યો એ પૂર્ણ દશા આહા..હા..! કૃતકૃત્ય છે. હવે કાંઈ કરવું રહ્યું નહિ. કેવળજ્ઞાન પરમાત્મદશા અંતર સ્વરૂપની રમણતા કરતાં-કરતાં... આહા..હા..! પ્રગટ થઈ ગઈ એ કૃતકૃત્ય છે. કૃતકૃત્ય—કાર્ય પૂર્ણ થયું. હવે કાંઈ કાર્ય કરવું બાકી રહ્યું નહિ. આહા..હા..! કાર્ય નામ પર્યાય. સમ્યગ્દર્શન પર્યાય છે. સમ્યગ્દર્શન એ પર્યાય છે, કાંઈ ગુણ નથી. ગુણ તો ત્રિકાળ છે. મોક્ષનો માર્ગ પણ પર્યાય છે. આહા..હા..! અરે! સિદ્ધ પણ પર્યાય છે, એ કોઈ દ્રવ્ય-ગુણ નથી, દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. આહા..હા..! કેવળજ્ઞાન પણ પર્યાય છે, ગુણ નથી. ગુણ તો ત્રિકાળી ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ તો ત્રિકાળી જ્ઞાનગુણ છે. જે કેવળ પ્રગટે છે એ તો પર્યાય છે, અવસ્થા છે. તો કહે છે કે એ અવસ્થા પૂર્ણ પ્રગટ થઈ ગઈ સ્વરૂપના આશ્રયથી લીન થઈને (તો એ) કૃતકૃત્ય થઈ ગયો. હવે કાંઈ બાકી રહ્યું નહિ.

લોકો કહે છેને ગીતા આદિમાં, ભક્તોને ભીડ પડે અને રાક્ષસો દુઃખ દેતા હોય ભક્તોને તો અવતાર લેવો પડે. એમ નથી. એ તો પૂર્ણ દશા પ્રગટ થયા પછી વિકલ્પ નથી. આહા..હા..! સમકિત થયું ત્યાં રાગની એકતાબુદ્ધિ કરતા નથી. ત્યાં વળી પૂર્ણ દશા થઈ ત્યાં વળી અવતાર લેવો પડે! એ બધું ઠેકાણા વિનાનું ખાતું. ભક્તોની ભીડ દેખી, રાક્ષસો ભીડ આપતા હોય તો અવતાર લઈને ભક્તોને મદદ કરે. એ બધી વાત જૂઠી છે. પૂર્ણ આનંદની દશા જ્યાં કૃતકૃત્ય થઈ પછી કોઈ કાર્ય કરવાનું રહ્યું નહિ. આહા..હા..! એ શું કહે છે?

પહેલી જે શુદ્ધ ચૈતન્ય ધ્રુવ આનંદપ્રભુની શ્રદ્ધાની પર્યાય પ્રગટ કરી તો એ પર્યાય પણ કાર્ય છે. એ પર્યાય એ જ કાર્ય છે, પણ એને હજી કાર્ય કરવાનું બાકી છે. સ્વરૂપમાં લીનતા કરવી ચારિત્ર એ પણ એક કાર્ય છે. આહા..હા..! અને કાર્ય કરતાં-કરતાં પૂર્ણ કેવળજ્ઞાન જ્યાં થયું તો કૃતકૃત્ય કાર્ય પૂર્ણ થયું. એને વિશેષ કાર્ય કરવાનું ત્યાં રહ્યું નહિ. આહા..હા..! આવી વાતું હવે સાધારણ પ્રાણીને તો બિચારાને બેસે નહિ આ વાત. શું કહે છે આ? આમાં કાંઈ વ્યવહારથી થાય એવી વાતું તો આવતી નથી અને વ્યવહારના રસીયા રુચિવાળા... આહા..હા..! એ તો મિથ્યાદૃષ્ટિ છે. વ્યવહારની રુચિવાળા તો મિથ્યાદૃષ્ટિ છે. આત્માની દૃષ્ટિવાળા એ સમ્યગ્દૃષ્ટિ છે. એ સમ્યગ્દર્શનમાં કાર્ય કરતાં-કરતાં, સ્વરૂપમાં રમણતારૂપી કાર્ય કરતાં-કરતાં કેવળજ્ઞાનરૂપી કાર્ય જ્યાં થયું તો કૃતકૃત્યપણું થઈ ગયું, કોઈ કાર્ય બાકી રહ્યું નહિ. છે?

**'આવા જ્ઞાનને દેહ જ નથી—'** હવે કહે છે કે પ્રભુ આત્મા આનંદસ્વરૂપ પ્રગટ છે અંદર એને દેહ નથી તો એને આહાર ક્યાંથી આવ્યો? આહા..હા..! ભારે વાતું, ભાઈ! આહાર તો જડ છે, ધૂળ છે. આહાર દાળ, ભાત, શાક એ તો માટી-ધૂળ છે. એની ક્રિયા તો જડની છે ખાવાની, પીવાની. એ કાંઈ આત્માની ક્રિયા નથી. આહા..હા..! એવા ભગવાન આત્માને જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ એને રાગ નથી તો દેહ ક્યાંથી આવ્યો? કહે છે. આ જડ આ તો માટી-ધૂળ છે. આ તો અજીવતત્ત્વ છે. એ જીવતત્ત્વમાં અજીવતત્ત્વ આવ્યું ક્યાંથી? કહે છે. એ તો ભિન્ન છે. આહા..હા..! જ્યાં અંદરમાં શુભ-અશુભ યોગ ઉત્પન્ન થાય એ પણ ભિન્ન છે, વિકાર વિભાવ છે. તો વળી એને શરીર ક્યાંથી આવ્યું? ઝીણી વાત છે, પ્રભુ! અહીંયાં તો એ સિદ્ધ કરવું છે હવે કે જેને આત્મજ્ઞાન થયું તો એ આત્મજ્ઞાનમાં જ્યાં શરીર જ એનું નથી તો મુનિને આહાર છે એમ કહેવામાં આવે છે, પણ છે નહિ. આહાર તો જડ છે, પુદ્ગલ છે, માટી છે, ભગવાન અરૂપી ચૈતન્યઘન છે. એ આહાર કરે છે અને આહાર લાવે એવી વસ્તુ નથી. આહા..હા..! આવી વાતું! આહા..હા..! છે? **'આવા જ્ઞાનને દેહ જ નથી—એવા અર્થનો, આગાળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે :—'** વિશેષ કહેશે લ્યો...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ-૮, શુક્રવાર, તા. ૧૮-૧૧-૧૯૭૭, ગાથા-૪૦૫ થી ૪૦૭, પ્રવચન નં. ૫૧૩

૨૩૭ કળશ થઈ ગયો. હવે ગાથા છે.

अत्ता जस्सामुत्तो ण हु सो आहारगो हवदि एवं।
आहारो खलु मुत्तो जम्हा सो पोग्गलमओ दु।।४०५।।
ण वि सक्कदि घेत्तुं जं ण विमोत्तुं जं च जं परद्दव्वं।
सो को वि य तस्स गुणो पाउगिओ विस्ससो वा वि।।४०६।।
तम्हा दु जो विसुद्धो चेदा सो णेव गेण्हदे किंचि।
णेव विमुंचदि किंचि वि जीवाजीवाण दव्वाणं।।४०७।।

**એમ આતમા જેનો અમૂર્તિક તે નથી આ'રક ખરે,**
**પુદ્ગલમયી છે આ'ર તેથી આ'ર તો મૂર્તિક ખરે. ૪૦૫.**
**જે દ્રવ્ય છે પર તેહને ન ગ્રહી, ન છોડી શકાય છે,**
**એવો જ તેનો ગુણ કો પ્રાયોગી ને વૈસ્રસિક છે. ૪૦૬.**
**તેથી ખરે જે શુદ્ધ આત્મા તે નહીં કંઈ પણ ગ્રહે,**
**છોડે નહીં વળી કાંઈ પણ જીવ ને અજીવ દ્રવ્યો વિષે. ૪૦૭.**

**'ટીકા :- જ્ઞાન પરદ્રવ્યને કાંઈ પણ (જરા પણ) ગ્રહતું નથી તથા છોડતું નથી,...'** એટલે શું? જ્ઞાન એટલે આત્મા. જ્ઞાન શબ્દે અહીં આત્મા. એ આત્મા પરદ્રવ્યને ગ્રહે કે છોડતો નથી. આહાર કરવો કે આહાર છોડવો એ વસ્તુમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાન એટલ આત્મા પરદ્રવ્યને કાંઈ પણ, જરા પણ ગ્રહતું નથી. એક રજકણને... જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા.. અહીં કહેશે કે જરી રાગ આવે, છતાં એ જ્ઞાન અને રાગ પરદ્રવ્યને ગ્રહે કે છોડી શકે એવું વસ્તુનું સ્વરૂપ નથી. આહા..હા..! **'જ્ઞાન પરદ્રવ્યને કાંઈ પણ ગ્રહતું નથી...'** કર્મના રજકણને કે આહારના રજકણને કે વાણીના રજકણને એ આત્મા કંઈ પણ ગ્રહી શકતો નથી, તેમ છોડી શકતો નથી. આહા..હા..! આત્મામાં પરદ્રવ્યના ત્યાગ-ઉપાદાનશૂન્યત્વ શક્તિ છે. આહા..હા..! આત્મામાં અનંત-અનંત શક્તિમાંથી એક શક્તિ એવી છે કે એ પરદ્રવ્યને ગ્રહે કે છોડે એનાથી એનો સ્વભાવ શૂન્ય છે. આ પેંડા-બેંડા કરી શકતો નથી એમ કહે છે. આહા..હા..! આહાર એને નથી એમ સિદ્ધ કરતાં ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ પર રજકણને, રાગ તો અહીં છે, રજકણને અને પરદ્રવ્યને ગ્રહતો નથી તેમ છોડતો નથી એવું એનું સ્વરૂપ છે. આહા..હા..!

**'કારણ કે પ્રાયોગિક (અર્થાત્ પર નિમિત્તથી થયેલા) ગુણના સામર્થ્યથી...'** એટલે રાગ થાય કદાચિત્ પરના નિમિત્તથી. નિમિત્તથી છેને? એ તો નિમિત્તથી કથન છે, બાકી તો રાગ પોતાથી થાય છે. સવારમાં પંચાસ્તિકાયમાં આવ્યું હતુંને? એની દસમી ગાથામાં અને પ્રવચનસારની દસમી ગાથામાં બેય ઠેકાણે એમ કહ્યું છે કે એનો વિકારી પર્યાય (થાય) તેનો આશ્રય દ્રવ્ય છે. શું કહ્યું એ? જે પુણ્ય અને પાપના ભાવ થાય મિથ્યાત્વ આદિ, રાગાદિ વિકાર એનો આશ્રય આત્મા છે. આત્માને આશ્રયે વિકાર થાય છે. એની પર્યાય છેને એની, એમાં થાય છે. કર્મને લઈને નહિ, આ નિમિત્ત તો કથન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એક બાજુ ભગવાન આત્મામાં પુણ્ય અને પાપના ભાવ થાય તે વિકાર છે, એ કર્મના નિમિત્તના લક્ષે થાય છે એમ કહેવું એ વ્યવહાર છે. ખરેખર તો વિકૃત અવસ્થા આત્માની પર્યાયમાં આત્માને આશ્રયે થાય છે. આહા..હા..! બેય દસમી ગાથા છે. પંચાસ્તિકાય અને પ્રવચનસાર. બેય ગાથામાં આશ્રય આત્મા લીધો છે. આહા..હા..! એની વિકારી પર્યાય પણ પોતાને આશ્રયે થાય, પરને કારણે નહિ. આહા..હા..! તો પછી ધર્મની પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે નિર્મળ વીતરાગી પર્યાય એ તો આત્માને આશ્રયે થાય, એ કર્મનો અભાવ થાય તો થાય એવી અપેક્ષા એને છે નહિ. આહા..હા..! આવું તત્ત્વ!

આકાશની વાત કરી હતી. આકાશ સર્વવ્યાપક અપાર... અપાર... અપાર છે. છે એનો ક્યાંય પાર? કોઈ કહે કે ઈશ્વર કર્તા છે. તો શું ઈશ્વરે આ સર્વવ્યાપક આકાશને કર્યું? એ પહેલાં નહોતું? સમજાય છે કાંઈ? અને તે ક્યાં ઊભા રહીને કર્યું? પ્રશ્ન એ અમારે પાલેજમાં થયેલો. પાલેજમાં ઘણાં વર્ષની વાત છે. ૬૫-૬૬. એક વેદાંતી આવેલો અને એક કબીર આવેલા. બેને સાથે ચર્ચા થઈ. અમે જૈન લોકો ત્યાં જઈને ઊભા રહ્યા કે આ શું ચર્ચા કરે છે? ઘણી વાત છે પણ હોં. ૬૪-૬૫ની હશે વાત. ધર્મશાળા છે ત્યાં. અમારી દુકાન હતી એની પાછળ ધર્મશાળા છે. એ ધર્મશાળામાં બેય ઉતરેલા અને બેયને ચર્ચા ચાલી. ઓલો કબીરનો સાધુ કહે કે ઈશ્વરે કર્યું છે તો ઈશ્વર ઊભો હતો ક્યાં ત્યાં? કયે ઠેકાણે ઊભો હતો? ક્યાંય જગ્યા હતી કે નહિ? જગ્યા હતી તો એ જગ્યાનો કર્તા તો એ થયો નહિ. મોટી ચર્ચા ચાલી હતી. અમે જૈન લોકો જોવા ગયા હતા. તે દિ' ઉંમર નાની. ૧૮-૧૯ વર્ષની ઉંમર. પણ અમારી સામું જોયું પછી કબીર કહેતો કેમ ભાઈ! એ જાણે કે આ જૈન લોકો છે.

પહેલી તો વાત એ છે કે આ આકાશ છેને. લોકમાં છે અને ખાલી ભાગમાં આકાશ છે. કાંઈક વસ્તુ છે. ભલે પરમાણુ અને આત્મા નથી, પણ વસ્તુ છેને? ક્યાં સુધી છે એ? એનું અસ્તિત્વ છે એને કરે કોણ? સર્વવ્યાપક અસ્તિત્વ આકાશનું એને કરે કોણ? એટલે ત્યાંથી કર્તા ઊડી જાય છે. એ રીતે પરદ્રવ્યનો, કોઈપણ દ્રવ્યનો કર્તા ઈશ્વર છે નહિ. સમજાણું કાંઈ? જ્યારે સર્વવ્યાપક આકાશ જેનો અંત નહિ... અનંત નહિ... અંત નહિ... અંત નહિ...

શું છે આ તે વાત! એકવાર નાસ્તિક માણસ હોય એને પણ એમ થઈ જાય કે આ શું છે? આમને આમ જગ્યા ચાલતા... ચાલતા... ચાલતા... આ લોક પૂરો થઈ જાય. પછી ખાલી જગ્યા... ખાલી જગ્યા... ખાલી જગ્યા... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત યોજન ચાલ્યા જાય તો ક્યાંય અંત છે? શું છે આ તે? આહા..હા..!

એવો જ કોઈ ક્ષેત્રનો અચિંત્ય સ્વભાવ... આહા..હા..! જે સાધારણ તર્કમાં એનું અસ્તિત્વ આ રીતે છે એ બેસવું એને કઠણ પડે. આહા..હા..! તો એ આકાશ સર્વવ્યાપક જેનો અંત નહિ ક્યાંય... ક્યાંય... ક્યાંય.. આમ ભાષા સમજ્યા વિના ભલે માની લે પણ એના ખ્યાલમાં વિચાર કરીને... આહા..હા..! એનું અસ્તિત્વ, એનું અસ્તિત્વ ક્યાંય પૂરું થાતું નથી. આવો તો જેનો ક્ષેત્રનો અચિંત્ય સ્વભાવ. આહા..હા..! એને જાણનારો આ ભગવાન એના સ્વભાવની શું વાત કરવી! એની એક સમયની પર્યાયમાં એ અચિંત્ય અને અપાર ક્ષેત્ર તેને અવલંબ્યા વિના, તેના આશ્રય વિના પોતાની પર્યાયમાં બધું જાણે એ પર્યાયની તાકાત કેટલી? સમજાણું કાંઈ? આહા..હા..! અને તે પણ પર્યાય... ત્યાં તો વિચાર ઘણા આવી ગયા હતા બીજા. બધાય મૂકાય એવા નથી. કેમકે એક આત્મામાં... જે આકાશ છે એ અવ્યાપક છે આમ વ્યાપક, એના જે પ્રદેશો છે, એની જે સંખ્યા છે એ કરતાં અનંતગુણા તો એક આત્મામાં ગુણ અને એક પરમાણુમાં અનંતા ગુણ છે એવડા. આહા..હા..! એક પરમાણુ લ્યો તોપણ અનંતગુણ છે એમાં. આમ પરમાણુ સાધારણ એ મૂર્ત સ્વભાવનો પિંડ એક વસ્તુ છે. આહા..હા..! એનું ક્ષેત્ર એક પ્રદેશ છે, પણ એમાં ભાવની શક્તિની સંખ્યા આકાશના પ્રદેશનો જેમ અંત નથી, એથી અનંતગુણી એમાં શક્તિ છે, ભાઈ! એ વસ્તુ બીજી છે. આહા..હા..!

ક્ષેત્રે એક પરમાણુ રહી ગયો, પણ એમાં શક્તિનો જે સ્વભાવ છે એ સંખ્યાએ અનંત, અમાપ આકાશ કરતા અનંતગણું છે. એ સ્વભાવની શક્તિનું સત્ત્વ છે ઈ. આહા..હા..! અને તે જ પરમાણુ અનંત-અનંત છે. એને અનંતમે ભાગે જીવની સંખ્યા છે. પરમાણુની સંખ્યાને અનંતમે ભાગે ભગવાન આત્માની સંખ્યા છે. હવે એ એક એક આત્મા... આહા..હા..! પોતાની જ્ઞાનની વિસ્તા પર્યાયમાં, એ બધા પરમાણુની અનંતગુણી શક્તિ છે એક-એકની એવા અનંત પરમાણુઓ અને તેનાથી અનંતગુણા ત્રિકાળની પર્યાય, એનાથી અનંતગુણા એક-એક દ્રવ્યના ગુણ અને તેટલી ત્રણકાળના પર્યાય કરતા એક સમયની અનંતી પર્યાય. આહા..હા..! આવી વાત છે, બાપુ! આ અસ્તિ સિદ્ધ થયા વિના એને કર્તાપણું ઊડશે નહિ, વસ્તુ સિદ્ધ થશે નહિ. આહા..હા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે કાંઈ તત્ત્વો કહ્યા એ બહુ ઊંડા અને ગંભીર છે. આહા..હા..! જિનેશ્વર વીતરાગ... આહા..હા..! જેનો જીવનો સર્વજ્ઞ સ્વભાવ એવી એવી અનંતી શક્તિનો પિંડ પ્રભુ એની એક સમયની પૂર્ણ પર્યાયમાં અમાપ આકાશ અને અમાપ માપ વિનાની શક્તિઓના ગુણની સંખ્યા, ક્ષેત્રે ભલે હદ થઈ, પણ એની શક્તિની અનંતતા કેટલી? કે

જેનો અંત નહિ. આહા..હા..! શું કહે છે આ? એવો એનો સ્વભાવ પરમાણુ અને આત્માનો એ બધાને એક પર્યાય એક સમયની જાણે. એક સમયની પર્યાય આ બધાને જાણે, હવે એ એક સમયની પર્યાય પોતાના અનંતગુણા જે ગુણ છે, એક સમયની પર્યાય એવા અનંતગુણની અનંતી પર્યાય, એને એ પર્યાય જાણે, છ દ્રવ્યના અનંતા ગુણો જે આકાશના માપ વિનાના પ્રદેશ કરતાં પણ અનંતગુણા, માપ વિનાની શક્તિઓ એને એક સમયની પર્યાય જાણે. આમ માની લેવું સાધારણ પણ એનો આ રીતે શું છે? જ્ઞાનમાં એનો ભાસ થયા વિનાનું અસ્તિત્વ માનવું એ અસ્તિત્વ માનતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! એના કેવળજ્ઞાનની એક પર્યાયમાં એ જે એક દ્રવ્યના અનંતગુણ છે એને પણ જાણે, કેટલા ગુણો? કે આકાશના પ્રદેશનું માપ નહિ એથી અનંતગુણા એનું માપ નહિ. આહા..હા..! ચમત્કારી વસ્તુ છે, ભાઈ! પરમાણુ અને ચૈતન્યદ્રવ્ય એ ચમત્કારી વસ્તુ છે. ઓલો જડ ચમત્કારી છે અને ચૈતન્ય ચમત્કારી છે. આહા..હા..! એ સર્વજ્ઞ વીતરાગ સિવાય ક્યાંય કોઈએ આ રીતે જોયું નથી અને કહ્યું નથી ક્યાંય. આહા..હા..!

અહીંયાં તો હજી બીજું ઘણું લીધું હતું, પોણો કલાક ચાલ્યું હતું અંદર વળી ઊંડે-ઊંડે જતાં-જતાં. એ બધી વાતું બહાર આવવી મુશ્કેલ પડે. થોડી-થોડી આવે છે કાંઈ બધી પછી.. એ વખતે તો એકાગ્રતામાં બેઠા હોઈએને. આહા..હા..! અહીંયાં તો પાછું લેવું છે તો એ કે એક આત્મામાં અનંતગુણ છે એવા અનંતગુણનું એકરૂપ એની પ્રતીત કરવા માટે વિકલ્પ હોઈ શકે નહિ. કેમકે વિકલ્પ હદવાળી ચીજ છે અને પ્રતીત કરનારી પર્યાય બેહદ છે. એટલે કે વસ્તુ બેહદ છે. ભગવાનજીભાઈ! ઝીણી વાતું છે, બાપુ! બહુ ઝીણી. આહા..હા..! એ અનંત-અનંત અચિંત્ય માપ વિનાની શક્તિઓ... ઓહો..! શું કહે છે આ? એનું એકરૂપ અને એની પર્યાયમાં અનંતી પર્યાયો. અનંતગુણની અનંતી પર્યાય છેને? એ પર્યાય પણ ત્રણકાળના સમય કરતાં અનંતગુણી છે. એક સમયની પર્યાય ત્રણકાળના સમય કરતાં અનંતગુણી. શું છે આ? આવું અસ્તિત્વ ન હોય તો કોઈ રીતે અસ્તિત્વ સિદ્ધ થશે નહિ. એ સ્વયંસિદ્ધ જ સત્‌નું સ્વરૂપ જ એવું છે. આહા..હા..! અને એને પ્રતીત કરવા માટે અચિંત્ય બેહદ જ્ઞાન આનંદસ્વભાવ આત્મા લેવો છેને જ્ઞાન એટલે. એ અચિંત્ય મહાસ્વભાવ એને પ્રતીત કરવા માટે પ્રતીતમાં પણ આખો અચિંત્ય દ્રવ્યનો, ગુણનો સ્વભાવ તે પ્રતીતમાં આવી જાય છે. વસ્તુ આવતી નથી, પણ પ્રતીતમાં આવી જાય છે. એ પ્રતીત બેહદ શક્તિવાળી છે. આહા..હા..! જેને સમ્યગ્દર્શન કહીએ એ એક સમયની પર્યાય બેહદ.

એ તો ભાઈ કહ્યું હતુંને ઓલા અષ્ટપાહુડમાં ચારિત્રને અક્ષેય અમેય. પણ આ તો આ પર્યાય પણ અક્ષય અને અમેય છે. આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ! આહા..હા..! એના ઊંડા તળિયામાં જ્યારે પ્રતીત કરવા જાય છે, અચિંત્ય શક્તિઓ જેના માપ નહિ, માપ નહિ એ શક્તિ એટલામાં રહી... આહા..હા..! એ તે શું ચીજ છે? એવા સ્વભવાનો 'છે

આ બધી, છે આટલી' એમ જ્યારે પ્રતીત કરવા જાય એ પ્રતીતની બેહદતા હોય છે. એથી ત્યાં વિકલ્પ કામ ન કરે. આહા..હા..! એ નિર્વિકલ્પ પ્રતીતિ તેને પ્રતીત કરી શકે એટલી એની તાકાત છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એવી એક સમયની જ્ઞાનપર્યાય, એક સમયની પ્રતીતિ પર્યાય, એક સમયની રમણતા પર્યાય, એક સમયની આનંદની પર્યાય. આહા..હા..!

એટલું જરી અટક્યું હતું કે આ અસ્તિત્વગુણમાં આનંદનું રૂપ શી રીતે આવ્યું? એ મગજમાં આવ્યું નહિ. આનંદમાં અનંતગુણનું રૂપ આવે. ભાઈ! પણ અસ્તિત્વગુણમાં આનંદનું અનંતગણું રૂપ છે. અનંતગુણ ભલે એમાં નથી. એથી એમ કહેવામાં આવ્યું કે અસ્તિત્વગુણનો આનંદ, વસ્તુત્વનો આનંદ, દ્રવ્યનો આનંદ, અનંતગુણનો આનંદ એમ કહીને કહેવાય એટલે એને આ રીતે કહેવાય. આહા..હા..! આવો આત્મા એ સર્વજ્ઞે જોયો અને કહ્યો છે. એ સિવાય બીજે ક્યાંય છે નહિ એ વાત. આહા..હા..! અને વસ્તુની સ્થિતિ એટલી અને એવડી જ છે. આહા..હા..! એને અંદર પ્રતીત કરવા જાય છે ત્યાં ધ્રુવ ઉપર નજર પડતા ધ્રુવમાં અનંત અમાપ શક્તિઓ છે. ચૈતન્યચમત્કાર! આહા..હા..! જ્યાં આકાશનું માપ નહિ ક્યાંય આ શું છે? એનું અસ્તિત્વ .. આવે. પછી... પછી... પછી... પછી... પછી... પણ શું પછી? આહા..હા..! આટલું તો ક્ષેત્રનું અસ્તિત્વનું પછી... પછી... પછીપણું જેમાં નથી એના જાણનારના જ્ઞાનની પર્યાયમાં અનંતતા... અનંતતા... અનંતતા... અનંતતા આવે છે. આહા..હા..! ઝીણી વાત છે. બધું તો આવતું નથી, થોડું થોડું આવે છે. આહા..હા..! એવો જે ભગવાન આત્મા એને જ્યારે અનંત શક્તિઓનું ધ્રુવપણું છે એને પ્રતીત કરવા જાય છે ત્યારે તેની નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ જાય છે. નિર્વિકલ્પ દૃષ્ટિ વિના અંતરના તળના અનંત શક્તિઓની પ્રતીતિ કરી નહિ શકે એ. એ વિકલ્પમાં તાકાત નથી, વિકલ્પ મર્યાદિત ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અને જે એક સમયની પર્યાય અનંતગુણી છે એ ત્રણકાળના સમયથી અનંતગુણી છે અને પર્યાય જે એક સમયમાં અનંતગુણની છે એને અનંતમે ભાગે કાળ છે. આહા..હા..! શું કહે છે આ? ત્રણકાળ—આદિ નહિ, અંત વિનાનો કાળ પ્રભુ. આહા..હા..! જેની શરૂઆત નહિ. શરૂઆત હોય તો પહેલું શું પણ? આહા..હા..! એ તો જૈન પરમેશ્વરે જોઈને, અનુભવીને કહ્યું અને એ જ્ઞાનીના હૃદયમાં એ રીતે એને બેસે. આહા..હા..!

**શ્રોતા :-** કથંચિત્ અવક્તવ્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કથંચિત્ વક્તવ્ય અને અવક્તવ્ય બેય છે. નામથી વક્તવ્ય છે તેનું. પછી અવક્તવ્ય અર્થાત્ પૂર્ણ ન કહી શકાય એ અપેક્ષાએ. સમજાણું કાંઈ? એને નામ નિક્ષેપ પણ લાગુ પડે છે. ઝીણી વાત છે. ૪૭ નયમાં કીધું છે. નામ નિક્ષેપ. ગુણને પણ નામનિક્ષેપ લાગુ પડે છે, દ્રવ્યને નામનિક્ષેપ લાગુ પડે છે. આહા..હા..! ઝીણી વાત બહુ, નાથ! મહાપ્રભુ અનંતા-અનંતા સંખ્યાના હદ વિનાના ઓહો..હો..! એના ગુણનું અસ્તિત્વ

બેહદ શક્તિની ગુણની સંખ્યાની બેહદતા. અને એક એક ગુણની બેહદતા તાકાત. આહા..હા..! આ બધું જાણનારે જાણીને નક્કી કર્યું છે. એને આકાશને તો ખબર પણ નથી કે અમાપ છીએ, આમ છીએ ને તેમ છીએ. આહા..હા..!

એમ પરમાણુમાં અનંતગુણા ગુણ. એક પ્રદેશમાં જેટલા ગુણોની સંખ્યા, એટલી આકાશના અમાપ... અમાપ... અમાપ... એવા એક આકાશમાં પણ એટલા ગુણો. મોટો અમાપ માટે ગુણ વધારે, પરમાણુ આવો (નાનો) માટે ગુણ થોડા એમ નથી. આવી વાત છે. સમજાણું કાંઈ? ચંદુભાઈ! આવું છે આ. આવા જ્ઞાનને આહાર શો? કહે છે અહીં. આહા..હા..! જેની અચિંત્ય શક્તિ જ્યાં જ્ઞાનમાં પડી છે અને પ્રગટી જેને. આહા..હા..! વસ્તુનું સ્વરૂપ જ અચિંત્ય! વિકલ્પથી સિદ્ધ થઈ શકે એવી વસ્તુ જ નથી. એ સાધારણ અનુમાન પ્રમાણથી કરે તોપણ એ વસ્તુ એવી નથી. આહા..હા..! એ અલિંગગ્રહણમાં આવ્યું છેને. બીજાઓ દ્વારા અનુમાનથી જાણી શકાય નહિ. આહા..હા..! પોતે અનુમાનથી પરને જાણી શકે નહિ. આહા..હા..! એ વસ્તુ અમાપ અલૌકિક છે, બાપુ! એનું છે એવું અસ્તિત્વ અંદરમાં આવવું. અને એ રીતે જ છે, બીજી રીતે હોઈ શકે નહિ. એવો જે ભગવાન આત્મા એની પ્રતીતિ અને સ્વપર્યાયમાં તેનું જ્ઞાન આવવું, એ રાગ સાથે લઈને પ્રતીતિ કરે અને જ્ઞાનની પર્યાયમાં જણાય એવું એ સ્વરૂપ નથી. આહા..હા..! એ તો સ્વતંત્ર જ્ઞાનની પર્યાય વિકલ્પના રાગની અપેક્ષા વિના પોતે પોતાના અચિંત્ય અમાપ એવા સ્વભાવની શક્તિને પર્યાયમાં કબુલે, શ્રદ્ધે અને જાણવામાં આવે એવો જે ભગવાન આત્મા... આહા..હા..! હવે જરી રાગ કહેશે. લાંબી ઘણી વાત આટલી આવી થોડી. સમજાણું કાંઈ?

આવું જે '**જ્ઞાન પરદ્રવ્યને કાંઈ પણ ગ્રહતું નથી...**' આહા..હા..! પરદ્રવ્યનું સ્વરૂપ જેવું છે તેનું જ્ઞાન કરે એ તો એનો સ્વભાવ છે, પણ પરદ્રવ્યને પકડે, રજકણને પકડે અને રજકણને છોડે (એવો સ્વભાવ નથી). આહા..હા..!

**શ્રોતા :-** રૂપિયાને તો માણસો પકડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય પકડતો નથી, મમતા પકડે છે. રૂપિયા પકડાય જડ માટી ધૂળ? એ કહેશે. કહો, કપુરભાઈ! રૂપિયા પકડ્યા છેને કહે છે આ બધા? મોટી કંપની છે એની તો મોટી ત્યાં. આહા..હા..! કોણ પકડે પ્રભુ? અહીં તો રાગને કહેશે. ઓલા પરદ્રવ્યનો ગ્રહણ-ત્યાગ નથી એથી કહે છે કે '**જ્ઞાન પરદ્રવ્યને કાંઈપણ ગ્રહતું નથી...**' એ પ્રાયોગિક હો, એટલે શું? કે આત્મામાં રાગ ઉત્પન્ન હો, તોપણ એ રાગ દ્વારા પરને ગ્રહે અને મૂકે એવું હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મામાં ઇચ્છા ઉત્પન્ન થાય એ પોતાને આશ્રયે પોતામાં થાય છે. કમજોરી છેને? પણ એ ઇચ્છા થઈ માટે પરમાણુને ગ્રહે, આહારને ગ્રહે, આહારને છોડે કે પૈસા લે અને પૈસા દે એ ઇચ્છાથી પણ તે કામ કરી શકતો નથી. આહા..હા..! આવું ક્યાં છે? એ દિગંબર સંતો એ જગતને કેવળજ્ઞાનના કેડાયત, કેવળજ્ઞાન

ખડું કરી દીધું છે. આહા..હા..! કહે છે કે એ પ્રાયોગિક ગુણ એટલે પર્યાય છે. રાગની પર્યાય, શુભની કે અશુભની રાગ ઇચ્છા. એ ઇચ્છા થાય તેથી તે આહાર લઈ શકે અને આહારને છોડી શકે કે પૈસા લઈ શકે કે પૈસા છોડી શકે, કે વાણી બોલી શકે કે વાણી છોડી શકે, ઇચ્છાથી પણ તે કામ કરી શકતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત હવે. આહા..હા..! વીતરાગમાર્ગ જગતના અસ્તિત્વનું જેવું સ્વરૂપ છે તેવું એમણે કહ્યું છે.

એ '**(અર્થાત્ પર નિમિત્તથી થયેલા)**...' નિમિત્તથી શબ્દ છે, છતાં રાગ થયો છે સ્વપર્યાયમાં પોતાને કારણે. સમજાણું? પણ પ્રાયોગ શબ્દ છેને. એટલે કર્મના નિમિત્તથી (કહ્યું), પણ નિમિત્તથી થયું નથી. થયું છે તો પોતાથી. ઇચ્છા થઈ છે પોતાથી. આહા..હા..! પણ ઇચ્છા થઈ માટે હવે પરપદાર્થને ઉપાડી શકે કે ગ્રહી શકે કે છોડી શકે એ ઇચ્છાની પણ તાકાત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઇચ્છા થઈ પ્રાયોગિક એટલે નિમિત્તને આધીન પુરુષાર્થથી રાગ થયો, પણ એ રાગ થયો માટે આ શરીરને હલાવી શકે, બોલી શકે કે શરીર, વાણીને પકડી શકે કે એને છોડી શકે એવી એના રાગના ભાવમાં પણ તાકાત નથી. આહા..હા..! કહો, દેવાનુપ્રિયા! આવી વાત છે. આહા..હા..! એને અંદર બેસવું જોઈએ હોં! ભાષા અને શબ્દો રહી ગયા એમને એમ પડ્યા રહે ભલે ત્યાં. પણ એના ભાવમાં આ રીતે એનું હોવાપણું છે એ રીતે જ્ઞાનમાં ભાસન થઈને જ્ઞાન થાય ત્યારે યથાર્થ કહેવાય. એમને એમ ઓઘે ઓઘે જાણે અને માને એ કાંઈ વસ્તુ નથી. આહા..હા..! ત્રણલોકનો નાથ પરમેશ્વર જિનેન્દ્રદેવ એના ગુણની તો શું કહેવી? પણ એની પર્યાયની વાતો અચિંત્ય છે! એવો જ આ ભગવાન આત્મા છે. એના જેવો જ ઈ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે આત્મા સિવાય બીજા આત્માને કે આત્મા સિવાય બીજા પરમાણુઓને પૈસાના, દાળ, ભાતના, રોટલાના, લૂગડાના, કપડાના દાગીનાના ઉપાડે અને મૂકે એને ઇચ્છા થાય તોપણ ઇચ્છાથી ગ્રહણ મૂકે ને છોડે એ હોઈ શકતું નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! '**ગુણના સામર્થ્યથી**...' રાગ થયો તો તાકાત આવી. વિભાવ થયોને, તો વિભાવમાં તાકાત આવે કે નહિ પરને ગ્રહવા-છોડવાની? કહે છે. સ્વભાવની તાકાત ભલે ન હો. જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવ છે એ તો ભલે પરને ગ્રહે અને છોડી શકે એ નહિ. ગ્રહે નહિ અને છોડે નહિ, પણ રાગ તો વિકારીભાવ થયો. આહા..હા..! એ સિદ્ધ કર્યું છે મુનિને રાગ હોય આહાર લેવાનો, આહા..હા..! પણ એ ઇચ્છા થઈ માટે આહાર લઈ શકે છે (એમ નથી). આહા..હા..! આ જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ જેમના માર્ગ અને પંથ તો જુઓ! આહા..હા..! ત્રણલોકના નાથ પરમાત્મા ફરમાવે છે કે મુનિને વિકલ્પ ઉઠે આહા..! આહાર લેવાનો, તેથી વિકલ્પની તાકાતથી આહાર લઈ શકે એમ નહિ. આહા..હા..! આ મુનિની અપેક્ષા લેવી છેને અત્યારે. ઇચ્છા થાય, પણ ઇચ્છાથી આહાર લે કે આહારને ખાઈ શકે કે બટકા કરી શકે કે ગળે ઉતારી શકે એ ઇચ્છાથી પણ એ કામ ન કરી શકે. આહા..હા..!

હવે કહે છે કે એને કોઈ આહારની ઈચ્છાની વૃત્તિ થાય, છદ્મસ્થ છે, છતાં તે ઈચ્છા વડે આહાર લઈ શકે કે ઓગાળી શકે કે 'આ છોડું, આહાર છોડી દઉં છું' એ છોડવું-ગ્રહવું એ ઈચ્છાથી પણ કરી શકતો નથી. આહા..હા..! તો આ બધા કોણ કરે છે તમારે વસંત ને પેંડા કરે છેને? રાગ કરે છે. પ્રેમ છે બહુ અહીંનો. કંદોઈ છે. આહા..હા..! ભાઈ! તને તારી ચીજની ખબર નથી. આહા..હા..!

તારો નાથ તો અનંતગુણથી ભરેલો અમાપ-અમાપ. પણ કોઈ ગુણની વિપરીત પર્યાયનો રાગ થયો. આહા..હા..! છતાં એ રાગને લઈને આહા..હા..! બીજાને આમ થપ્પડ મારી શકે કે થપ્પડ મારતા અટકી શકે એ રાગને લઈને નહિ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ છત્રી પકડે. કહે છે કે એ રાગ થયો તો છત્રી પકડી શકે એ વાત એમાં નથી. આહા..હા..! બાપુ! વસ્તુની સ્થિતિ આવી છે, વસ્તુનું અસ્તિત્વ એવું છે. કેમકે પરદ્રવ્યનું અસ્તિત્વ તે સમયે આવવું હોય એ આવે અને જવાનું હોય એ જાય. અને લોકો પણ એમ કહે છે કે ખાનારનું નામ દાણે દાણે છે. એમ કહે છેને? એનો અર્થ શું છે? કે જે રજકણો ત્યાં આવવાને છે તે આવવાના. એ ઈચ્છા કરી માટે આવ્યા (એમ નથી). સારો આહાર આજે બનાવો એમ ઈચ્છા થઈ માટે સારો આહાર બન્યો અને આવ્યો એમ છે નહિ કહે છે. આહા..હા..! આજ તો પુડલા બનાવો. એય..! હસમુખભાઈ! આવી વાતું છે. આહા..હા..! કહે છે કે ઈચ્છાની મર્યાદા ઈચ્છામાં રહી ગઈ. એ ઈચ્છાને લઈને એ સારી ચીજ બને ને ખાય કે પીવે, પાણી પીવે ઈચ્છા થઈ, તૃષા લાગી છે એવી વૃત્તિ ઉઠી પણ એથી પાણી પી શકે કે પાણી બહુ સારું ન લાગ્યું તો છૂટી શકે એ ગ્રહણ-ત્યાગ ઈચ્છાના સામર્થ્યમાં પણ છે નહિ. આહા..હા..! છેલ્લા શ્લોકો છેને તો એકદમ... મુનિને વૃત્તિ હોય, પણ વૃત્તિથી આહાર લઈ શકે કે છોડે એ નથી એમ બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શું કીધું ઈ? મૂળ પાઠ છે એ. '**पाउगिओ विस्ससो**' કુંદકુંદાચાર્યનો પાઠ છે. પ્રભુ! તું સાંભળ એકવાર. ભલે તારે આત્મજ્ઞાન થયું, દર્શન થયું, ચારિત્ર થયું અને આહાર લેવાની વૃત્તિ ઉઠી, પણ તેથી તું આહાર લઈ શક અને આજે મારે આહાર આઠમ છે એટલે છોડી દઉં છું. આજે આઠમ છેને. એ ઈચ્છાને લઈને આહાર છોડે અને આહાર ગ્રહે એ વાત બનતી નથી. આહા..હા..! એને કારણે આહાર નહિ આવવાનો તો નહિ આવવાનો એને કારણે. ઈચ્છા થઈ માટે મેં આહાર છોડ્યો એ વાતમાં માલ કાંઈ નથી કહે છે. આવી વાતું મળે છે ક્યાંય? સાંભળવા મળતી નથી. વાત સાચી. આહા..હા..!

ભાઈ! તારા અસ્તિત્વમાં, તારા અસ્તિત્વમાં તને વૃત્તિ ઉઠે પણ તેથી પરના અસ્તિત્વને ગ્રહણ કર કે છોડી શક, એના હોવાપણાને તું ગ્રહણ કર કે છોડ, એ વસ્તુના રાગમાં પણ સામર્થ્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત કો'ક દિ' સાંભળવા મળે. આહા..હા..! પરમાત્મા ઈન્દ્રોની સમક્ષમાં પરમાત્મા આમ ફરમાવતા હતા એ વાત છે

આ. અરેરે! એને ખબરું ન મળે કાંઈ કે શું કરું છું અને કેમ થાય છે એની ખબર ન મળે. અજ્ઞાનમાં તણાઈને અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે. આહા..હા..! અહીંયાં તો પરમાત્મા એમ કહે, ઈચ્છા થઈ કે કપડું છોડું. તો ઈચ્છાથી કપડું છોડી શકે છે એ વાત નથી. ચાંદમલજી ભાઈ કહેતાને તે દિ'? એક ફેરી આવ્યા હતા. ચાંદમલજી હતા એક ઉદયપુરના હતાને, અહીંયાં આવ્યા હતા. કે આ કપડા છોડી શકે છેને સાધુ થાય ત્યારે? અરે! પ્રભુ! સાંભળને, ભાઈ! ઈચ્છા થાય, વૃત્તિ ઉઠે કે કપડા છોડું, પણ એ વૃત્તિથી કપડા છોડ્યા એ વૃત્તિમાં તાકાત આવી તેથી કપડા છૂટ્યા એ વાતમાં કાંઈ માલ એકેય સાચો દોકડો નથી. આહા..હા..! મુનિ થાયને જ્યારે? એ કપડા ઉતારેને. તીર્થંકર જેવા હોય તોપણ મુનિ થાય છે. એ કહે છે કે વૃત્તિ થઈ ઈચ્છા, પણ ઈચ્છામાં સામર્થ્ય નથી કે એ કપડાને ઉતારે અને કપડાને ગ્રહણ કરે. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** લોંચ કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો કહેવાનો હતો. વૃત્તિ થઈ કે હું લોચ કરું, પણ એથી લોચની ક્રિયા કરી શકે ઈચ્છાથી, ઈચ્છામાં એ તાકાત નથી. જ્ઞાનની તાકાતમાં તો જાણવું-દેખવું છે. રાગ થયો એને જાણે, જે થાય એને જાણે, પણ રાગ થયો એ પરની ક્રિયા લોચની કરી શકે એ ત્રણકાળમાં છે નહિ. આહા..હા..! કેમકે તું જેમ અસ્તિપણે છો, એમ બીજા પદાર્થો સત્તાના અસ્તિત્વપણે છે કે નહિ? અને અસ્તિત્વપણે હોય તો તેની પર્યાયનું અસ્તિત્વ એનાથી હોય કે તારાથી હોય?

**શ્રોતા :–** બળવાન હોય એ બધાનું કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળનુંય કરે નહિ. બળવાન હોય ઈ અભિમાન કરે. આહા..હા..!

અહીંયાં તો મુનિપણાની દશાનું વર્ણન કરતાં (કહે છે કે) રાગનો એ કર્તા નથી, પણ રાગ આવ્યા વિના રહેતો નથી આહારનો. છતાં એ રાગ આવ્યો માટે આહાર લઈ શકે છે, આમ હાથથી એમ નથી, કહે છે. આહા..હા..! એ વૃત્તિ ઉઠી કે આહાર આ પ્રમાણે લેવાય માટે આમ હાથ કરું. એ હાથને આમ કરું એ ક્રિયા પણ ઈચ્છાને લઈને થતી નથી અને પૂરો આહાર થાય ત્યાં છૂટી જાય. આમ કરેને. ત્યાં સુધી વાત લીધી, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! તને રાગ થાય, પણ રાગમાં એ તાકાત નથી કે પરને ગ્રહી ને મૂકી શકે, છોડી શકે. આહા..હા..! શું વાત કરે છે!

પરદ્રવ્યનું હોવાપણું છે કે નહિ? અને છે તો એની વર્તમાન પર્યાય થાય એ એનાથી થાય કે તારાથી થાય? આહા..હા..! આમ લોચ કરે. કહે છે કે એ ક્રિયા આત્માને ઈચ્છા થઈ માટે આ ક્રિયા થાય છે એમ નહિ. આહા..હા..! આવું ઝીણું. બાપુ! તું કેવડો ઝીણો ભાઈ! તેં વિચાર્યું નથી. આહા..હા..! અસંખ્ય પ્રદેશમાં ક્ષેત્રની હદ થઈ ગઈ, પણ એમાં જે અનંત સંખ્યાના ગુણો છે એની હદ નથી, હદ નથી, માપ નથી. આહા..હા..! શું છે

ઈ? એવા અનંત-અનંતગુણ કે જે પરમાણુમાં પણ એટલા છે. આહા..હા..! પરમાણુ એક દ્રવ્ય છે, રજકણ છે એમ લક્ષમાં ન લેતા એવી મૂર્ત શક્તિઓનો પિંડ એક છે વસ્તુ કે જે શક્તિ પણ એક આકાશના ગુણની જેટલી સંખ્યા છે એટલી જ સંખ્યા એ પરમાણુના ગુણની છે. આહા..હા..! એને ક્ષેત્રની મોટપની જરૂર નથી. એના સ્વભાવના સામર્થ્યની જરૂર છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા :–** આચાર્યે નવ પૂર્વનું જ્ઞાન અને ચૌદ પૂર્વનું જ્ઞાન એમાં શું લખ્યું હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ લખ્યું હશે આથી અનંતગણું બધું એમાં, પણ સાર આ. નવ પૂર્વ અને ચૌદ પૂર્વમાં આ સાર. નવ પૂર્વ તો અભવિ પણ કરે છે, પણ એનો સાર સમજતો નથી. નવ પૂર્વનું જ્ઞાન તો મિથ્યાદૃષ્ટિ જીવે અનંતવાર કર્યું. આહા..હા..! પણ અંતર અનંતગુણનો ધણી પ્રભુ ચૈતન્યચમત્કાર વસ્તુ આહા..હા..! જેમાંથી સર્વજ્ઞની પર્યાયો અનંતી-અનંતી પ્રગટે તોપણ જેમાં વધઘટ કંઈ થતી નથી. આહા..હા..! એવો ચૈતન્ય ચમત્કારી એ છે. જેમ આકાશમાં અમાપનું માપ જેમ ખ્યાલમાં આવવું મુશ્કેલ પડે, છતાં છતી અસ્તિ છે. એમ આના માપનું માપ અંદર ખ્યાલમાં આવવું આહા..હા..!

અનંતગુણ કોને કહે? ભાઈ! અનંત-અનંત કોને કહે? કે જેને અનંતની મર્યાદા-હદ નથી એટલા અનંત. આહા..હા..! ક્ષેત્ર ભલે એક પરમાણુ જેટલું કે અસંખ્ય પ્રદેશ જેટલું. આહા..હા..! એવું ભાવનું જ્ઞાનમાં ભાસન થાય તે જ્ઞાન રાગરહિત નિર્વિકલ્પ થઈ જાય અને તે જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદનો સાથ લઈને જ્ઞાન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એવા જ્ઞાનીને પણ કહે છે કે આહારની વૃત્તિ થાય. આહા..હા..! કેવળીને તો હોતી નથી. એની તો અહીં વાત છે નહિ, પણ આની વૃત્તિ થાય એ પ્રાયોગિક કહેવાય પ્રાયોગિક. સ્વભાવિક ચીજ ન રહી. જાણવું-દેખવું એ સ્વભાવિક ચીજ છે અને રાગ છે એ વિભાવિક પ્રાયોગિક-પુરુષાર્થથી-ઉલટા પુરુષાર્થથી થયેલી લાગણી-વૃત્તિ છે. એનાથી પણ પરદ્રવ્યને પાણી પીવું, પાણી છોડી દેવું... આહા..હા..! નાનો કોળિયો લેવો અને ઠીક ન પડે તો કોળિયો આમ છોડી દેવો મોઢામાંથી એ ક્રિયા ઈચ્છાને આધીન છે નહિ. આહા..હા..! તો આ બધો માલ-બાલ વેચે ને લે ને એ શું હશે આ બધું? અજ્ઞાનની કલ્પના છે. આ તો જ્ઞાનસહિતની કલ્પનાને પણ એ પરને ગ્રહી શકે, મૂકી શકે એમ ધર્મી માનતો નથી. આહા..હા..!

મુનિ, 'રાગ થાય છે માટે આ ક્રિયા બધી બની શકે છે' એમ મુનિ માનતો નથી, એમ સમકિતી પણ માનતો નથી. આહા..હા..! કે 'મને આ અશુભરાગ આવ્યો, માટે આ દેહની, વિષયની ક્રિયાની રમતું થવા માંડી' એમ એ માનતો નથી. આહા..હા..! અને શુભરાગ આવ્યો માટે મંદિર બનાવવાની ક્રિયા મારાથી થાય છે, ભગવાનની પ્રતિષ્ઠા પ્રતિમાને પધરાવું એ ક્રિયા રાગ થયો શુભ, પણ એથી તે પધરાવવાની ક્રિયાનું સામર્થ્ય શુભરાગમાં છે એમ નથી. રામજીભાઈએ બહુ ધ્યાન રાખ્યું હતું આમાં, પણ ધ્યાન તો એના પોતામાં રહ્યું કે ત્યાં

ગયું? કેમ દેવાનુપ્રિયા! આવું છે. આહા..હા..! પરદ્રવ્ય છેને. અને પરદ્રવ્ય છે તેની હયાતી તો કબુલી. આહાર આવશે, આહાર જાશે એ વાત અસ્તિપણે છે, પણ અહીંયાં વૃત્તિ થઈ માટે આહાર આવશે અને જાશે એ વાતમાં માલ કાંઈ નથી. આહા..હા..! આવી વાત હવે. હવે અહીં તો હજી હું કરું... હું કરું... હું કરું... જ્યાં-ત્યાં દુકાને બેઠો હોય અને થડો આમ સાચવું, આને સાચવું. આવો બા આવો આવો શું લેવું છે? એમ કહે.

**શ્રોતા :-** આવો ફઈબા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફઈબા કહે છે વળી. લૂંટવું હોયને. એક રૂપિયાનો સવા રૂપિયો કરવો હોય. સાધારણ માણસને અઢાર આના હોય, એને સવા રૂપિયે લૂંટવું હોય. આહા..હા..! રસીકભાઈ! શું હશે આ બધું? આહા..હા..!

ત્રણકાળ આદિ નહિ, અંત નહિ. એના જેટલા સમયો એથી અનંતગુણા એક જીવની, એક પરમાણુની અનંતી પર્યાય એથી અનંતગુણી. આહા..હા..! એવું જેને અંતર ભાન થયું છે, સ્વપરપ્રકાશક જ્ઞાન જાગ્યું-ઉઠ્યું એવા સમકિતીને કહે છે કે વૃત્તિ ઉઠે, રાગ આવે. આહા..હા..! પણ રાગને લઈને પરદ્રવ્યને... આહા..હા..! કહો, રાગ આવ્યો માટે સ્ત્રીને પરણ્યો અને ઠીક ન પડ્યું તો છોડી દીધી. શું કહેવાય છે અત્યારે કાંઈક? છૂટાછેડા. એવું ચાલે છે અત્યારે બહુ. આહા..હા..! એ વાતમાં કાંઈ નથી, ભાઈ! એ તો રાગની દશાની મર્યાદા તારામાં રહી. એ રાગે પરને છૂટાછેડા કર્યા અને ગ્રહણ કર્યું એ રહ્યું ક્યાં એમાં? આહા..હા..! રાગ આવ્યો માટે આ દીકરો થયો એ વાત તદ્દન જૂઠી છે. આહા..હા..!

**શ્રોતા :-** દીકરાને દીકરા તરીકે બોલાવવો કે શું કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દીકરા દીકરા બોલવાની ભાષા એના બાપની ક્યાં હતી ભાષા? બોલાવે કોણ? વૃત્તિ ઉઠી, પણ બોલવાની ક્રિયા છે એ જડ છે, એ આત્મા કરી શકતો નથી એમ કહે છે. આહા..હા..! જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ. સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિમાં રાગ આવે પણ તેને જાણનારો રહે અને રાગથી પરમાં કાર્ય થાય છે એમ એ ન માને. આહા..હા..! અજ્ઞાનીને રાગ થાય તે મારા કર્મને લઈને થયો એટલું માને પહેલું અને થયો તો આ બધા કામ એને લઈને વ્યવસ્થિત કામ ચાલે છે. દુકાનના આ કાપડ ને આ ને આ. કાપડના મોટા હોયને શું કહેવાય એ? ઘોડા લાકડાના મોટા-મોટા. એમાં પાંચ-પાંચ, દસ-દસ લાખના કાપડ પડ્યા રહેતા હોય. ઘરાક આવે એટલે આહા..હા..! શું જોવે છે? ભાઈ! કે ભાઈ કાપડ. વિવાહ છે છોડીના અને એનું પાંચ-પાંચ હજારનું કાપડ. આવો.. આવો.. એ કહે છે કે વૃત્તિ કરી માટે એ ક્રિયા થઈ એ છે નહિ, એમ બનશે નહિ. હવે આ લોકો પંડિત લોકો કેટલાક એમ કહે છે કે પરનો કર્તા ન માને એ દિગંબર નહિ. કહો, હવે આ ક્યાં મેળ ખાવો, બાપુ! શું તારે કરવું છે, ભાઈ? આહા..હા..!

અહીં કહે છે કે પ્રાયોગિક કે વૈસ્રસિક ગુણના સામર્થ્ય વડે એટલે નિર્મળ સમ્યગ્દર્શન,

સમ્યગ્જ્ઞાન અને શાંતિ વીતરાગ ચારિત્ર થયું તો ચારિત્રની પર્યાયથી એને આહાર લેવાની વૃત્તિ આવી ચારિત્રની પર્યાયની યોગ્યતામાં તો આહાર લઈ શકે એવું એનામાં છે નહિ. આહા..હા..! જાણનાર થયો માટે ત્યાં લઈ શકે, આહાર અત્યારે આવશે અને જશે એવું જ્ઞાન કર્યું, પણ એ જ્ઞાનને લઈને પરનો આહાર કરી શકે, છોડી શકે એમ છે નહિ. આહા..હા..! આઠમ ને ચૌદશે આહાર છોડ્યો છે, રસ મેં છોડ્યો છે, મેં ફલાણું છોડ્યું છે, મેં ઢીંકણું છોડ્યું છે. અભિમાન-અભિમાન મિથ્યાત્વના છે બધા. આહા..હા..! દેખાવનો આડંબર.

'(**અર્થાત્ સ્વભાવિક**) **ગુણના સામર્થ્યથી જ્ઞાન** વડે...' એટલે આત્મા વડે '**પરદ્રવ્યનું ગ્રહવું તથા છોડવું અશક્ય છે.**' થોડી લીટીમાં કેટલું ભર્યું છે જુઓ, આહા..હા..! એકવાર એક પ્રશ્ન ઉઠ્યો હતોને કે નિમિત્તથી કાંઈ ન થતું હોય તો તમે સમયસાર કેમ લઈને બેઠા? પુરાણ કેમ લઈને ન બેઠા? એક પ્રશ્ન થયો હતો ત્યાં ઈસરી. સમજાણું કાંઈ? સમયસાર નિમિત્તમાં કાંઈ વિશેષતા છે, પુરાણોમાં કાંઈ ઓછું આવ્યું એ વાત બધી મિથ્યા છે. એ વૃત્તિ આવી કે સમયસાર હોય, તોપણ સમયસાર આવ્યું એને કારણે, વૃત્તિને કારણે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. લ્યો! મોટા-મોટા માંધાંતા નામ ધરાવનારા ગોથા ખાતા હતા. એણે આ કહ્યું હતું લ્યો! કેમ તમે સમયસાર વાંચો છો? નિમિત્તમાં કાંઈ વિશેષતા ન હોય તો પુરાણ અને સમયસાર બેની વિશેષતા ન હોય તો સમયસાર લઈને કેમ બેસો છો? એય..! કોણ લે? બાપુ! તને ખબર નથી, ભાઈ! એ સમયસાર લઉં, એ વાંચું એવી વૃત્તિ ઉઠે, પણ એ વૃત્તિને લઈને સમયસાર આવે... આહા..હા..! અને આમ પાનું ફરે એ વૃત્તિ આવી પણ વૃત્તિને લઈને આમ પાનું ફરે એ ક્રિયા આત્માની નહિ. આહા..હા..!

**શ્રોતા** :- હાથની નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હાથની નહિ. હાથ જડ છે, પર છે. હાથના રજકણ પર અને આ રજકણ પર. આહા..હા..! હાથના રજકણ ઊંચું કરે અને છોડી દે એવી હાથમાં તાકાત નથી. આવો માર્ગ, ભાઈ! આહા..હા..! અરે! લૂંટાઈ ગયો છે અનાદિથી. અનંતકાળ વીત્યા દુઃખ જુઓને સાંભળીએ છીએ. આહા..હા..!

'**વળી,** (**કર્મ-નોકર્માદિરૂપ**) **પરદ્રવ્ય જ્ઞાનનો—અમૂર્તિક...**' કર્મનો આહાર પણ નથી અને નોકર્મ એટલે આહાર-પાણી. એ '**પરદ્રવ્ય જ્ઞાનનો—અમૂર્તિક આત્મદ્રવ્યનો—આહાર નથી,...**' કર્મનો આહાર અને નોકર્મ એટલે આ રોટલા-દાળ-ભાત-શાક એનો આત્માને આહાર છે જ નહિ. આહા..હા..! '**કારણ કે તે મૂર્તિક પુદ્‌ગલદ્રવ્ય છે; (અમૂર્તિકને મૂર્તિક આહાર હોય નહિ).**' અમૂર્તિકને મૂર્તિક આહાર જ હોય નહિ. '**તેથી જ્ઞાન આહારક નથી.**' આત્મા આહારક નથી. એ આહારનો કરનારો આત્મા નથી. વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ-૯, શનિવાર, તા. ૧૯-૧૧-૧૯૭૭,**
**ગાથા-૪૦૫ થી ૪૦૯, કળશ-૨૩૮, પ્રવચન નં. ૫૧૪**

ગાથાની .. છે. કૌંસમાં છેને. છેલ્લી ગાથાઓ છેને. એટલે આ ... પડ્યો છે. કેમકે અનંતગુણ જ્ઞાન સાથે અવિનાભાવી શક્તિઓનો પિંડ છે. પણ તે બધા ગુણો છે એ પોતે છે એને જાણતા નથી. એ જ્ઞાન એને જાણે અને જ્ઞાન જ્ઞાનને જાણે માટે જ્ઞાન તે આત્મા એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનસાગર એને અહીંયાં આત્મા કહીને બોલાવ્યો છે, જ્ઞાન કહીને. એ જ્ઞાન કહેવાથી આત્મા સમજવો. ટીકામાં જ્ઞાન શબ્દ છે. કારણ કે અભેદ વિવિક્ષાથી લક્ષણમાં લક્ષનો વ્યવહાર કરાય. લક્ષણ જ્ઞાન છે અને લક્ષ દ્રવ્ય છે, પણ તે લક્ષણમાં લક્ષનો વ્યવહાર કરાય, ગુણમાં ગુણીનો વ્યવહાર કરાય. આહા..હા..!

'**આ ન્યાયે ટીકાકાર આચાર્યદેવ આત્માને જ્ઞાન જ કહેતા આવ્યા છે.**' શું કહ્યું સમજાણું? એમાં દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ તો વિકાર છે, એ તો એના સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા..! એ તો જાણક ચૈતન્યચમત્કારી પદાર્થ ભગવાન આત્મા કે જેમાંથી અનંત-અનંત જ્ઞાન નીકળે તોપણ જ્ઞાનસ્વભાવમાં વધઘટ ન થાય અને એવો ને એવો રહે. આહા..હા..! આવા આત્માને જ્ઞાન તરીકે કહ્યો. તો જ્ઞાન તો ગુણ છે, લક્ષણ છે, દ્રવ્ય છે તે ગુણી છે અને લક્ષ છે. ગુણીને લક્ષને લક્ષણમાં આરોપ કરીને એ લક્ષણને જ આત્મા કહી દીધો. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ભાવાર્થ :- જ્ઞાનસ્વરૂપ આત્મા અમૂર્તિક છે...**' ભગવાનમાં તો રંગ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. આ તો બધી માટી, જડ, ધૂળ છે. '**અને આહાર તો કર્મ-નોકર્મરૂપ પુદ્‌ગલમય મૂર્તિક છે;...**' કર્મનો આહાર અને નોકર્મ, બે આહાર લીધા છે. આહા..હા..! કર્મ અને નોકર્મ. શરીર, વાણી, મન એ નોકર્મ અને કર્મના રજકણો બેયનો આહાર આત્માને નથી. એટલે? એ બેયને ગ્રહવું એ આત્મામાં નથી. કેમકે પોતે જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય અરૂપી અને આહાર કર્મ અને નોકર્મ તો રૂપી મૂર્ત વસ્તુ છે. એને ભગવાન આત્મા ગ્રહતો નથી, તેમ છોડતો નથી. કેમકે આત્મામાં એક ગુણ છે અનાદિ-અનંત ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. આહા..હા..! પરનો ત્યાગ અને પરના ગ્રહણથી તો ભગવાન આત્મા શૂન્ય છે. અહીં ભગવાન તરીકે આત્માને જ કહીએ છીએ હોં! આહા..હા..! ભગવત્‌સ્વરૂપ જ છે પ્રભુ તો. આહા..હા..!

**શ્રોતા :-** વાણિયાનું સ્વરૂપ ક્યાંથી આવી ગયું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાણિયો-ફાણિયો હતો કે દિ'? એ તો કહ્યું નહોતું? ઘણીવાર એ કહીએ છીએ. 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, પણ મત મદિરા

કે પાનસો મતવાલા સમજે ન. ઘટ ઘટ અંતર જિન વસે.' બધા ભગવાનસ્વરૂપ જિનસ્વરૂપી પ્રભુ આત્મા છે. આહા..હા..! વીતરાગ અકષાયસ્વરૂપ જ પ્રભુ છે. આહા..હા..! 'ઘટ ઘટ અતંર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' જૈન કોઈ લેબાસ અને બહારની ક્રિયાકાંડથી જૈનપણું છે નહિ, તેમ બહારના જાણપણાના ખોખાથી કાંઈ જૈનપણું નથી. આહા..હા..! જૈનપણું એટલે કે જિનસ્વરૂપી પ્રભુ... નિયમસારમાં આવે છેને? ભવ જીત્યા તે જિન કહીએ. જીતભવ. આહા..હા..! જેણે ભવને જીત્યા તે જૈન. નિયમસારમાં (આવે છે). એમ અહીંયાં આત્મા,... એ રાગ પોતે ભવ છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો હો કે ચાહે તો પુણ્ય-પાપનો હો, એ બધો રાગ એ ભવ છે. સ્વરૂપ એનું જિન છે. એ જિનસ્વરૂપનો આશ્રય લઈને આહા..હા..! જેણે ભવને જીત્યા એ જૈન છે. વાડાના જૈન એ જૈન નહિ. આહા..હા..!

**શ્રોતા** :- શ્રાવક નથી, સાવજ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શ્રાવક ક્યાં સાવજ છે. આહા..હા..!

**શ્રોતા** :- અમારા ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સાચી વાત છે એ. આહા..હા..! શ્રાવક તો શ્રવણ કરી, રાગથી ભિન્ન વિવેક કરી-ક, અને સ્વરૂપની ક્રિયા એકાગ્ર કરે તેને શ્રાવક કહીએ. આહા..હા..! રાગની ક્રિયા પણ નહિ. આહા..હા..! કેમકે એના સ્વરૂપમાં રાગ છે જ નહિ, સંસાર જ છે નહિ સ્વરૂપમાં. ઉદયભાવ કહો, રાગ કહો, સંસાર કહો એ ભગવાન જ્ઞાયકસ્વભાવમાં એ વસ્તુ છે જ નહિ. આહા..હા..! તો એ જિનસ્વરૂપ ઘટ ઘટમાં વસે છે, પ્રભુ! આહા..હા..! અને તેને જીતે જિન દ્વારા, રાગના ભવ ભાવને જીતે—એ હું નહિ, હું તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ વીતરાગ મૂર્તિ છું—એવું જેણે રાગને જીતી અને સ્વભાવમાં એકાગ્રતા કરી તે ઘટ ઘટ અંતર જૈનપણું અંદરમાં છે. આહા..હા..! પણ 'મત મદિરા કે પાનસો' પોતાના અભિપ્રાયના દારૂના પીધેલા. આહા..! 'મત મદિરા કે પાનસો મતવાલા સમજે ન' એ પાગલ-મતવાલા એ આત્મા જિનસ્વરૂપ છે તેને ઓળખતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે. એ ભગવાન તો જ્ઞાનસ્વરૂપ અમૂર્ત છે અને આહાર તો કર્મ, નોકર્મ પુદ્ગલ મૂર્તિક છે.

'**પરમાર્થે આત્માને પુદ્ગલમય આહાર નથી.**' એ કર્મને ગ્રહવો કે આહાર ગ્રહવો એ વસ્તુમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**વળી આત્માનો એવો જ સ્વભાવ છે...**' ચૈતન્યચમત્કાર પ્રભુ અમાપ પ્રમાણ વિનાના ગુણોનું માપ કરવું કઠણ એવા સ્વભાવથી ભરેલો ભગવાન '**તે પરદ્રવ્યને તો ગ્રહતો જ નથી;...**' ગ્રહતો 'જ' નથી. આહા..હા..! એ શરીર, વાણી, મન એને ગ્રહ્યા જ નથી, ગ્રહતો જ નથી. આહા..હા..! એ તો જ્ઞાનનું પરવસ્તુ વ્યવહારે જ્ઞેય છે. નિશ્ચયથી તો તે સંબંધીનું જ્ઞાન થાય તેને તે જ્ઞેય કરે છે. આહા..હા..! અરેરે! એને અનંતકાળ થયા, ચોર્યાસીના અવતાર કરી કરીને થાક્યો નહિ ઈ. પોતાના સ્વભાવથી વિપરીત વિકલ્પ અને એના ફળના સંયોગમાં અધિકતા, વિસ્મયતા, વિશેષતા જેને ભાસે એને

ભગવાન આનંદસ્વરૂપનો અનાદર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જિનસ્વરૂપી વીતરાગ સ્વભાવ સિવાય એને બીજી કોઈ પણ દયા, દાનના વિકલ્પ કે એના ફળ કે આ સંયોગી વાણી કે શરીર એમાં ક્યાંય પણ એને વિશેષતા, આશ્ચર્યતા, વીર્યની ઉલ્લસિત થતી દશા એ બધી સ્વભાવને અનાદર કરે છે. આહા..હા..! જરી સૂક્ષ્મ વાત છે, પ્રભુ! એ કોઈ શાસ્ત્રના ભણતરથી પણ પ્રગટ થાય એવું નથી. એવા અગિયાર અંગ અને નવ પૂર્વ પણ અનંતવાર કર્યા.

**શ્રોતા :-** તો કેમ કરવું એ સમજાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો અંતર આનંદસ્વરૂપ છે, જ્ઞાયક છે તેને જ્ઞાયક દ્વારા ગ્રહણ કરવો. આહા..હા..! અખંડ જ્ઞાયક સ્વભાવ તેની પરિણતિ જ્ઞાયકની, એ જ્ઞાયકની પરિણતિ દ્વારા જ્ઞાયકને ગ્રહણ કરવો. આહા..હા..!

**શ્રોતા :-** બાપ દાદાએ સાંભળ્યું નહોતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રામજીભાઈએ તો સાંભળ્યું છેને હવે. માણેકચંદભાઈએ નહોતું સાંભળ્યું. પ્રેમચંદભાઈ! ઓઘડભાઈએ ક્યાં સાંભળ્યું હતું? આમ પ્રેમ હતો બિચારાને, પણ એ વખતે આ ક્યાં બહાર (આવ્યું હતું). આહા..હા..!

ચૈતન્ય હીરલો અંદર, હીરાને જેમ પાસા હોય છે પણ એ ભિન્ન-ભિન્ન પાસાની દિશાઓ છે, આની દિશાઓમાં એક જ દશાના અનંત પાસા છે અંદર. આહા..હા..! એવો સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ જ પ્રભુ આત્મા છે. આહા..હા..! સાક્ષાત્ છે તો પર્યાયમાં સાક્ષાત્ થઈ શકે છે, એ કંઈ બહારથી પરમાત્મપદ આવતું નથી. આહા..હા..! અરેરે! મનુષ્યની જિંદગી એમને એમ જગતમાં બાયડી, છોકરા, ધંધો ને ભોગ એને રાજી રાખવા, પાપમાં જિંદગી જાય છે. આહા..હા..! શરીરની સંભાળ ને.. આહા..હા..! હુકમચંદજીએ લખ્યું છેને મહાવીરમાં, ભાઈ! મોટો લેખ લખ્યો છેને. પ્રભુને સ્ત્રી નહોતી. કેમ? કે સ્ત્રી પરણ્યો એટલે દુર્ઘટના ઊભી થઈ હવે બધી એને. આહા..હા..! એવું લખ્યું છે. બહુ મગજવાળો માણસ છે હુકમચંદજી. ઉંમર તો ૪૧ વર્ષની છે, પણ ૧૫-૧૫ હજાર છોકરાઓની પરીક્ષા લે છે જયપુરમાં. બહુ મગજ, ઘણું મગજ છતાં ઘમંડ નહિ, અભિમાન નહિ. આહા..હા..! ૪૦ હજાર માણસમાં... ભોપાલ અમે ગયા ૪૦ હજાર માણસ સભામાં. ૪૦ હજાર. પંડાલમાં સમાય નહિ. એને ૨૫ હજાર દેવા માંડ્યા એક જણાએ. આગ્રાવાળા છેને પદમચંદભાઈ ઘણાં લાખોપતિ. નામ ન આપ્યું એણે. પણ ઉત્તરના પ્રદેશવાળાઓ તમને ૨૫ હજાર તમારી કદર કરીને આપે છે. આપ્યા હતા એકલાએ. ૪૦ હજાર માણસની સભા હતી. આઠ દિ' પંચકલ્યાણક હતાને. હાથી ને ઘોડા ને. એ ૨૫ હજાર લીધા પણ કહે કે ભાઈ હું તો મહારાજ પાસેથી આ બધું શીખ્યો છું. એ ૨૫ હજારમાં સો રૂપિયા નાખીને પાછા આપી દીધા. આહા..હા..! કહો, હસમુખભાઈ! ક્યાં ગયા? એ છેને, એણે નિવૃત્તિ લીધી ઘણી. આહા..હા..!

**શ્રોતા :-** જરા વિગતથી આપ સમજાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અમારા બોટાદના છે. મુમુક્ષુ બોટાદના. મોટા લોઢાના વેપારી. મુંબઈમાં લાખો રૂપિયાની પેદાશ બહારની ઘણા લાખો. ૪૨ વર્ષની ઉંમર. ભાઈઓને કહ્યું કે મને છૂટા કરો, ભાઈ! બે ભાઈઓ છે. મને છૂટો કરો. બાપ ને મા ને ભાઈઓ બધા વિરોધ કરી ગયા. છૂટો ન કરીએ તમને છૂટો ન કરીએ. તમે આ બધું કર્યું, તમે આ કર્યું. ભાઈ! મને છૂટો કરો. મને ભાગ રૂપિયો આવતો હોય, પણ મને ચાર આના આપીને પણ છૂટો કરો. આહા..હા..! એ આ હસમુખ. નાની ઉંમર ૪૨ વર્ષની. એક છોડી અને છોકરો છે. કુંવારા બેય છે. મને મારે ભાગે રૂપિયો આવતો હોય તો મને ચાર આના આપો, ચોથો ભાગ. તમારામાંથી ચોથો નહિ. મારે ભાગ આવતો હોય એમાંથી ચોથો મને આપો પણ મને દુકાનથી છૂટો કરો. હવે અહીં તો પેદાશ કરોડ રૂપિયાના ઠેકાણા નથી. એય..! ભગવાનજીભાઈ! આ બધા કરોડોપતિ બેઠા. એય..! અજીતભાઈ! એની પાસે પોણો સો કરોડ છે, ૭૫ લાખ રૂપિયા છે. આ બધા કરોડોપતિ બેઠા છે અહીં. આહા..હા..! ધૂળમાંય નથી. આહા..હા..!

**શ્રોતા :-** પહેલાં છે એમ કીધું અને પછી નથી એમ કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ માન્યું છે. હતા ધૂળમાં. એનો પતિ, કરોડનો પતિ તો જડનો પતિ છે. ભેંસનો પતિ તો પાડો હોય. આહા..હા..! એમ જડનો સ્વામી થાય કે એ પૈસાનો લક્ષ્મીપતિ હું છું, એ તો જડ છે. આહા..હા..!

**શ્રોતા :-** લોકો જડ કહે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુનિયા તો પાગલને પાગલ વખાણે. આહા..હા..! એય..! શાંતિભાઈ! આને પૈસા ઘણા છે એનો એક નાનો છોકરો. કેટલા પૈસા પેદા કરે છે ત્યાં હોંગકોંગ-હોંગકોંગ. એક લાખ રૂપિયા તો હમણા આપ્યા, ભાવનગર. આ સત્ સાહિત્યના પ્રચાર માટે. એના નાનાભાઈએ એક લાખ આપ્યા હમણાં. એવા તો કેટલાય રૂપિયા ખર્ચે. અરે! એ ચીજ શું? એ તો પર છે. આહા..હા..!

**શ્રોતા :-** આપવી કે ન આપવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આપી શકતો નથી, લઈ શકતો નથી, રાખી શકતો નથી. એ તો અહીં વાત ચાલે છે. આહા..હા..! સમજાણું? આહા..હા..! બે ભાઈએ પાંચ લાખ આપ્યા તોપણ કાંઈ બોલ્યા નથી. બસ છે મારે. હમણા છૂટા થઈ ગયાને ત્રણ મહિના પહેલાં. દુકાન છોડી દીધી. ૪૨ વર્ષની ઉંમર છે. છોડી-છોકરો એક-એક છે. આહા..હા..! ધૂળમાં શું હતું? આહા..હા..! અને એકલા ઓરડામાં બેસીને વાંચે છે.

**શ્રોતા :-** ઓરડો બંધ કરીને કે ઉઘાડો રાખીને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોલાહલ બહાર હોય તો બંધ રાખીને. અને ત્યાં સુધી બોલ્યા

હતા પ્રેમમાં, આ બહેનનું પુસ્તક અનુભવ માટે નિમિત્ત આ છે. આહા..હા..! એમ બોલ્યા હતા. હજી ૪૨ વર્ષની ઉંમર છે. પાંચ લાખ આપ્યા તો બસ છે મારે. પૈસા તો ઘણા છે, મોટી દુકાન છે. આ ધૂળમાં શું હતું? શાંતિભાઈ! આ તો શરમમાં નાખી દે એવું છે. રામજીભાઈએ વાત કરી તો રામજીભાઈ કહે કે ધન્યવાદને પાત્ર છે. એથી આ વધારે વાત આજ કરી. અરે! બાપા! એમાં શું છે ધૂળમાં, ભાઈ! આહા..હા..! એ ભાઈએ તો લખ્યું છે કે સ્ત્રી પરણ્યો એટલે દુર્ઘટના શરૂ થઈ ગઈ પાપની હવે. એના ભોગ ને એને રાજી રાખવી, છોકરાને રાજી રાખવા, એને રળવું... એકલું પાપ. આહા..હા..!

**શ્રોતા** :- છોકરાને અમેરિકા મોકલવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો પોતાની વાત કરે છે. સુમનભાઈને મોકલ્યાને. પાપ કરીને પૈસા ભેગા કર્યા હતા અને પછી ખર્ચ્યા ત્યાં સુમનભાઈને ભણાવવામાં. આહા..હા..! એય..! આ તો વાત જ પોતે કરે છે. આહા..હા..! દુનિયા એમને એમ અનાદિથી ચાલી જાય છે.

ભગવાન આત્મા અંદર કહે છે, આહા..હા..! અનંત-અનંદ જેના અમાપ.. અંત ન મળે જે આકાશને અરે! એ શું ચીજ છે, બાપુ! કોઈ દિ' વિચાર્યું છે એણે? અલોક શબ્દ ભાષાએ એને અલોક, પણ એ શું અલોક છે? આહા..હા..! દશે દિશામાં ક્યાંય અંત નહિ, અંત નહિ, શું છે આ તે ચીજ? આહા..હા..! એવો જે ક્ષેત્રનો સ્વભાવ પણ જ્યાં તર્કથી અંદર ન બેસી શકે, આહા..હા..! એવા ક્ષેત્રનો જાણનાર ક્ષેત્રજ્ઞ પ્રભુ! આહા..હા..! એના અમાપને પણ અમાપ તરીકે અંત વિનાની અને અંત તરીકે નહિ વિનાનો જાણે છે જ્ઞાન. આહા..હા..! એ એક જ જ્ઞાન નહિ એવા અનંતા ગુણોનો ગુણની સંખ્યા કે જેનો અંત નહિ, એના પ્રદેશનો અંત નહિ એથી અનંતગુણા ગુણનો અંત નહિ. આહા..હા..! એ ક્ષેત્ર નાનું એમ ન જુઓ, એના સ્વભાવની શક્તિનું સામર્થ્ય તો... આહા..હા..! ભગવાન અનંત ચૈતન્ય ચમત્કારથી ભરેલો પ્રભુ એને કર્મ અને શરીર ને આહાર બહારનો છે નહિ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. તો પૈસા-બૈસા ધૂળ તો ક્યાંય રહી ગઈ. આહા..હા..!

**શ્રોતા** :- ધૂળ વિના ચા મળતી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળ વિના જ ચા મળે છે. નાના છોકરાને ક્યાં પૈસા છે? ચા તો દરરોજ મળે છે. પૈસા ક્યાં એની પાસે હતા? અને તે પણ આપણે સિદ્ધાંત નથી? કે ખાનારનું દાણે દાણે નામ છે. એ શું કહે છે? જે રજકણો જે સમયે તેના ક્ષેત્રમાં આવવાના, નજીકમાં હોય તે દિ' આવવાના. આહા..હા..! તારાથી એ રજકણો લવાય કે મૂકાય એ વસ્તુમાં નથી, પ્રભુ! તને ખબર નથી. આહા..હા..! અરે! તને તારી કિંમત નથી અને જે ચીજ તારામાં નથી તેની તને કિંમત છે. આહા..હા..! મોટી ભૂલ મણમાં પાંચશેરીની. આઠ પાંચશેરી મણમાં. આહા..હા..!

અહીંયાં પ્રભુ કહે છે કુંદકુંદાચાર્ય એ પણ સર્વજ્ઞના આડતિયા છે એ. આહા..હા..! સર્વજ્ઞનો

પ્રત્યક્ષ દેખેલો માર્ગ, શ્રુતજ્ઞાનમાં પરોક્ષ રીતે અનુભવમાં આવેલો એ માલ આપે છે જગતના આડતિયા છે. આહા..હા..! ભગવાન! એકવાર સાંભળને પ્રભુ! ભગવાન તરીકે બોલાવ્યો છે ૭૨ ગાથામાં. આહા..હા..! **'પરમાર્થે આત્માને પુદ્ગલમય આહાર નથી.'** કેમ? **'વળી આત્માનો એવો જ સ્વભાવ છે...'** આહા..હા..! એ રાગ પણ એનો નથી. એ તો માનેલી વાત છે. વિકલ્પ છે એ મારો છે એવી માન્યતા છે, વસ્તુમાં વિકલ્પ નથી. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ વિકલ્પ છે, રાગ છે એ સ્વરૂપમાં નથી અને સ્વરૂપમાં કોઈ દિ' થતો પણ નથી, પણ અજ્ઞાનીએ માન્યતામાં ઊભો કર્યો કે આ વિકલ્પ મારો અને મેં કર્યો. આહા..હા..! એવા ચૈતન્ય ચમત્કારી અનંતગુણના પિંડને રાગવાળો માન્યો, હિંસા કરી એણે. છ કાયની દયા, છ કાયની દયાની વાતું કરે પણ છ કાયમાં તું નથી? અને તું આખો અનંતગુણનો પિંડ ચમત્કારી વસ્તુ એનો આદર નહિ અને રાગનો આદર અને આનો આદર. આહા..હા..! તને તારી ખબરું નથી, પ્રભુ! આહા..હા..! અનાદર કરી નાખ્યો એણે. આહા..હા..!

અહીંયાં તો પ્રભુ કહે છે કે એ આત્મસ્વરૂપ જે જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એને કર્મ ને શરીર ને વાણીનું પકડવું નથી અને છોડવું નથી. આહા..હા..! ૯૫માં એ વાત થઈ હતી પહેલી પાલિતાણા ગયાને ત્યારે. ત્યાં તો સભા ઘણી હતી. બહાર વાત ગઈ. એક સાધુ નામ ધરાવનાર હતા એ કહે, નહિ. ભગવાન વાણી પહેલે સમયે ગ્રહે અને બીજે સમયે છોડે. આ લોકો કહે વાણી ગ્રહે નહિ અને છોડે નહિ, ખોટી વાત છે. અરે! પ્રભુ શું કરે છે? ભાઈ! આહા..હા..! તું પણ ભગવાન દ્રવ્યસ્વભાવે તો સાધર્મી છો મારો. દ્રવ્યસ્વભાવે તો અમારો સાધર્મી છો તું. આહા..હા..! પર્યાયના ફેરે ફેર બધા. આહા..હા..! એક ક્ષણની એક સમયની દશા.

**'તે પદ્રવ્યને તો ગ્રહતો જ નથી;---સ્વભાવરૂપ પરિણમો કે વિભાવરૂપ પરિણમો,...'** એવી ભાષા છે અહીં. કારણ કે ઓલી આહારની વૃત્તિ થાય છેને મુનિને. વૃત્તિ થાય, પણ એથી આહાર લઈ શકે કે ગ્રહી શકે કે કર્મને લઈ શકે, કર્મની નિર્જરા કરી શકે એ આત્માના સ્વભાવમાં નથી, એ વિભાવથી પણ નથી. આહા..હા..! અહીં તો ચારિત્રદશાવંત મુનિ એને વૃત્તિ ઉઠે આહારની તો કહે છે કે એ રૂપે પરિણમો. જ્યાં સુધી વીતરાગ દશા ન હોય તો રાગ પરિણમે, છતાં તેનો કર્તા ન થાય, તેનો જ્ઞાતા-દૃષ્ટા રહે, પણ પરિણમે તેટલો નયની અપેક્ષાએ, પ્રવચનસારમાં નયની અપેક્ષાએ તો જેટલો રાગપણે પરિણમે એનો કર્તા પણ એને કહેવાય જ્ઞાનની અપેક્ષાએ. કરવાલાયક છે એ અપેક્ષા નહિ, પણ પરિણમે તે કર્તા એમ જ્યારે કહેવું હોય ૪૭ નયની અપેક્ષાએ તો રાગનો કર્તા જીવ છે. સમકિતી તીર્થંકરનો આત્મા જ્યાં સુધી છદ્મસ્થ છે ત્યાં સુધી રાગ છે એનો કર્તા એ છે. આહા..હા..!

**શ્રોતા :-** એક ફેરી અકર્તા કહ્યો છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કઈ અપેક્ષાએ? ત્યાં ને ત્યાં અકર્તા કીધો છે પાછો. અકર્તા છે એ કર્તૃત્વ બુદ્ધિએ કરવાલાયક છે એ અપેક્ષાએ કર્તા નથી. આહા..હા..! પણ ગણધરને પણ રાગનો વિકલ્પ આવે છે એથી 'પરિણમે તે કર્તા' એમ કહીને એને કર્તા પણ કહ્યો છે. આહા..હા..! અરેરે! વાતુંના પાર ન મળે, એની હદ અને બેહદ શક્તિઓ. આહા..હા..! અરે! કોઈ દિ' સાંભળી ન મળે, સમજી ન મળે. આ જિંદગી જગતની મોકાણું માંડીને કાઢી બધી. આહા..હા..!

અહીં પરમાત્મા તો એમ કહે છે, સંત કહે છે એ પરમાત્મા જ કહે છે '**સ્વભાવરૂપ પરિણમો કે વિભાવરૂપ પરિણમો...**' જોયું! સમકિતી છે, જ્ઞાની છે, મુનિ છે એને પણ રાગનું પરિણમન આવે, પણ રાગ આવ્યો વૃત્તિ આહાર લેવાનો, પણ તેથી તે આહાર લઈ શકે છે એ વૃત્તિને લઈને એમ નથી. આહા..હા..! '**પોતાનાં જ પરિણામમાં ગ્રહણત્યાગ છે,...**' જોયું! સ્વરૂપને ગ્રહે કાં પરિણમનમાં રાગને ગ્રહે પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી, પણ એ પોતાના જ પરિણામનો ગ્રહણ ત્યાગ છે. પરવસ્તુનો ગ્રહણત્યાગ એક રજકણનો પણ આત્મામાં છે નહિ. આહા..હા..! '**પરદ્રવ્યનાં ગ્રહણત્યાગ તો જરા પણ નથી.**' '**આ રીતે આત્માને આહાર નહિ હોવાથી તેને દેહ જ નથી.**' આ દેહ જ આત્માને ક્યાં છે? દેહ તો જડનો જડમાં છે. આહા..હા..! એ શ્લોક કહે છે.

एवं ज्ञानस्य शुद्धस्य देह एव न विद्यते।
ततो देहमयं ज्ञातुर्न लिङ्गं मोक्षकारणम्।।२३८।।

'**આત્માને દેહ જ નહિ હોવાથી, પુદ્‌ગલમય દેહસ્વરૂપ લિંગ (-વેષ,...**' આહા..હા..! બાર વ્રત કે પંચમહાવ્રતના વિકલ્પનો ભેખ કે નગ્ન દશાનો ભેખ આત્મામાં નથી. આહા..હા..! એ '**(-વેષ, ભેખ, બાહ્ય ચિહ્ન) મોક્ષનું કારણ નથી—**' આહા..હા..! નગ્નપણું હો, મુનિ હોય એને, પણ એ કાંઈ મોક્ષનું કારણ નથી. એને પંચમહાવ્રતના પરિણામ પણ હો, એ બાહ્યલિંગ ભેખ છે એ કાંઈ મોક્ષનું કારણ નથી. આહા..હા..! '**એવા અર્થનું આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે :—**'

'**શ્લોકાર્થ :—**' '**एवं ज्ञानस्य शुद्धस्य देह एव न विद्यते**' '**આમ શુદ્ધ જ્ઞાનને...**' શુદ્ધ જ્ઞાન એટલે પવિત્ર ભગવાન આત્માને. આહા..હા..! એ પવિત્રતાના શક્તિનો સાગર છે. આહા..હા..! પવિત્રતાના શક્તિનો સંગ્રહાલય છે. આહા..હા..! મોટું ગુણનું ગોદામ છે પ્રભુ તો. અરે! એને ક્યાં ખબર છે? બહારથી જરી કાંઈક વાંચ્યું અને ભણ્યો ત્યાં થઈ ગયો એમ જાણે આપણે... આહા..હા..! પ્રભુ અનંત શક્તિનો સંગ્રહાલય-આલય સ્થાન છે, ગુણનું ગોદામ છે, સ્વભાવનો સાગર છે. આહા..હા..! જેની એક પર્યાયમાં છ દ્રવ્યના અનંતા ગુણો, જે આકાશના પ્રદેશથી અનંતગુણા ગુણ એક દ્રવ્યમાં એવા અનંતા દ્રવ્યને જેની એક સમયની પર્યાય જ્ઞાનની તેને અડ્યા વિના જાણે એવી એનામાં તાકાત છે. સમજાણું કાંઈ?

એવી જ્ઞાનની પર્યાય સિવાય તે જ્ઞાનની પર્યાય કઈ? શાસ્ત્રજ્ઞાન કે એ જ્ઞાનની પર્યાય નહિ. જે જ્ઞાનની પર્યાય જ્ઞાયક સ્વભાવને સ્પર્શીને આવે.. ખરેખર પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી, પર્યાય દ્રવ્યને અડતી નથી, મોક્ષમાર્ગની પર્યાય જે છે એ કાંઈ દ્રવ્યને અડતી નથી, પણ સ્પર્શીને એનો અર્થ કે એની સન્મુખ થઈ માટે સ્પર્શે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

અહીંયાં એ કહે છે કે '**આમ શુદ્ધ જ્ઞાનને...**' જોયું! શુદ્ધ જ્ઞાન. પવિત્ર પરમાત્મા આહા..હા..! વીતરાગમૂર્તિ પ્રભુ, દ્રવ્યસ્વભાવ, અચિંત્ય સ્વભાવ એવો જે ભગવાન આત્મા એને '**દેહ જ નથી;...**' એવો શુદ્ધ ભગવાન આત્મા. શુદ્ધ જ્ઞાન એટલે આત્મા એને '**દેહ જ નથી;...**' 'જ' નથી. 'જ' તો એકાંત થઈ ગયું. એકાંત જ છે. દેહ જ નથી. આહા..હા..! અને દેહની સમય સમયની પર્યાય થાય એ જડની જડમાં છે, આત્માથી નહિ અને આત્મામાં નહિ. આત્મા દેહની પર્યાયમાં નહિ અને દેહની પર્યાય ચૈતન્યમાં નહિ. આહા..હા..! શુદ્ધ જ્ઞાન. શુદ્ધ જ્ઞાન એટલે આત્મા. શુદ્ધ આત્માને દેહ જ નથી.

'**તતુઃ જ્ઞાતુઃ देहमयं लिङ्गं मोक्षकारणम् न**' '**તેથી જ્ઞાતાને...**' ભગવાન તો જાણનાર-દેખનાર, જેની એક સમયની પર્યાયમાં અનંતા આકાશના અંત નહિ એનું જ્ઞાન, જેની એક સમયની પર્યાયમાં છ દ્રવ્યના અનંતા ગુણો એક-એકના એવા અનંતા દ્રવ્યના ગુણોને એક સમયમાં જાણે. એ પણ સ્વલક્ષવાળો જાણે. શું કહ્યું એ? કળશટીકામાં આવ્યું હતું કે આ પાણી છે એ ઠંડું છે અને અગ્નિથી ઊનું થયું એ કોણ જાણે? એ પોતે સ્વરૂપગ્રાહી જ્ઞાન હોય તે જાણે. કળશટીકામાં આવી ગયું છે. એ શું કહ્યું? કે પરની જે ઉષ્ણતા અને ઠંડું એવું જ્ઞાન કોને હોય? એ તો પરપ્રકાશક જ્ઞાન થયું, પણ કોને હોય? જે સ્વરૂપગ્રાહી જ્ઞાન થયું હોય એને પરપ્રકાશકનું જ્ઞાન વ્યવહારે હોય. આહા..હા..! સમજાણું કાંઈ?

જેને જ્ઞાતા-દૃષ્ટાનું ભાન થયું છે અંદર અનુભવ, સ્વ ચૈતન્ય અનંતગુણનો સાગર ભગવાન તેને એક પર્યાયમાં દ્રવ્ય આવ્યું નથી, પણ દ્રવ્યની જેટલી તાકાત છે તેટલું જ્ઞાન પર્યાયમાં આવી ગયું છે. આહા..હા..! એવી એક સમયની પર્યાયે અનંત-અનંત અમાપ ગુણનો ધરનાર ભગવાન આત્માને જાણી લીધો. પર્યાયમાં જેણે જાણ્યો, એવા સ્વરૂપગ્રાહી જ્ઞાનીને પરનું ટાઢું કે ઊનાનું જ્ઞાન એને સાચું હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કળશટીકામાં આવી ગયું છે બે ઠેકાણે, વ્યાખ્યાનમાં કહ્યું હતું. આહા..હા..! જેને સ્વરૂપ ચૈતન્ય ભગવાન અનંત અમાપ શક્તિનો ધણી એની જ્યાં દૃષ્ટિ થઈ નથી, એનું જ્ઞાન આવ્યું નથી, એ પરને જાણવાને લાયક જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહ્યું અહીંયાં.

'**જ્ઞાતાને દેહમય લિંગ મોક્ષનું કારણ નથી.**' એ દેહ નગ્ન અને વ્રતના પરિણામ, એને એ જાણે છે એમ કહેવું એ કોણ? કે જે સ્વરૂપનો અનુભવ દૃષ્ટિ થઈ છે સમ્યક્ તે વ્રતના વિકલ્પને, શરીરની ક્રિયાને પર તરીકે જાણે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..!

આવી વાતું છે. તેથી કહ્યુંને? '**તેથી જ્ઞાતાને દેહમય લિંગ...**' એમ કહ્યું. જાણનારો જે સ્વને જાણે છે તેને રાગાદિનું જાણપણું પોતાના સ્વપરપ્રકાશકના સ્વભાવથી તેને અડ્યા વિના જાણે છે. એને જાણે છે એ ક્યારે? કે સ્વરૂપનું જ્ઞાન થયું છે ત્યારે. એવો જે જ્ઞાતા ભગવાન... આહા..હા..! એને દહમય. ભાષા જુઓ, દેહમય, દેહસ્વરૂપ, જડસ્વરૂપ. આહા..હા..! '**લિંગ મોક્ષનું કારણ નથી.**' એને વ્રતાદિના વિકલ્પો એ પણ દેહ જ છે—કાર્મણ દેહ જ છે, એ પણ મોક્ષનું કારણ નથી. આહા..હા..! આ લોકો એમ ઠરાવે છેને, ગુરુની ભક્તિ થઈ જાય તો ભક્તિ કરતાં-કરતાં કલ્યાણ થઈ જાય. મિથ્યાદર્શન શલ્ય છે, મોટું શલ્ય છે મહા. અહીં કહે છે કે એને રાગનું જાણવું જે રાગ થયો એને જાણવું, એ પણ ક્યારે થાય? સ્વરૂપનું જ્ઞાન હોય તો તે રાગને જાણે. રાગથી થાય કલ્યાણ એ તો પ્રશ્ન ન રહ્યો પણ રાગને જાણે એ પણ કોણ જાણે? આહા..હા..!

**શ્રોતા :-** સાહેબ! આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ .. વાંધો આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું વાંધો આવે છે?

**શ્રોતા :-** આત્મા તો બધું જાણે છે. આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાનસ્વરૂપ છે તો જાણે છે માટે કીધુંને. એ તો કીધુંને જાણે છે, પણ કોને? પોતાને જાણે છે એ પરને જાણે છે એમ અહીં સિદ્ધ કરવું છે. જાણે છે શું જાણે છે? જેની સત્તામાં જણાય છે, જેના હોવાપણામાં આ... આ... આ...છે જણાય છે એ સત્તાનું જેને જ્ઞાન છે તેને આનું જ્ઞાન યથાર્થ છે વ્યવહારે. એ ઝીણી વાત છે. ત્યાં નથી ધનબાદમાં રખડવામાં. દેવાનુપ્રિયા! ત્યાં એકલા રહે અને ભાડા ઊપજે અને રોટલા ખાય. વાંચીએ છીએ જાણે અમે સમજીએ (છીએ). આ દ્રવ્યની વાત આવી વિશેષ ત્યારે કહે કરણાનુયોગની વ્યાખ્યા છે. કેમ કહ્યું હતું કે નહિ? ભાઈ!

**શ્રોતા :-** આકાશની વાત આવતી હતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આકાશ... આકાશનો જાણનારો કોણ? આકાશ છે એવી સત્તાને જાણે કોણ? આકાશને ખબર છે કે અમે છીએ ચીજ? આહા..હા..! અમાપ... અમાપ... અમાપ... અમાપ... એવા અમાપની આકાશને ખબર છે? એનો જાણનારો જાણે છે કે આ વસ્તુ અમાપ છે. એનાથી પણ અનંતગુણા મારા ગુણનું અમાપપણું છે. આહા..હા..! ઝીણી વાતું બહુ બાપુ બહુ ભગવાન! એ મોક્ષનો માર્ગ સમજવો બહુ ઝીણી વાત છે, ભાઈ! એ કાંઈ... એવા અનંતવાર અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો અનંતવાર એમાં શું દાળિયા થયા? આહા..હા..! '**જ્ઞાતાને દેહમય લિંગ મોક્ષનું કારણ નથી.**'

'**હવે, આ અર્થને ગાથામાં કહેશે :—**'

पासंडीलिंगाणि व गिहिलिंगाणि व बहुप्पयाराणि।
घेत्तुं वदंति मूढा लिंगमिणं मोक्खमग्गो त्ति।।४०८।।

ण दु होदि मोक्खमग्गो लिंगं जं देहणिम्ममा अरिहा।
लिगं मुइत्तु दंसणणाणचरित्ताणि सेवंति।।४०९।।
બહુવિધનાં મુનિલિંગને અથવા ગૃહસ્થીલિંગને
ગ્રહીને કહે છે મૂઢજન 'આ લિંગ મુક્તિમાર્ગ છે'. ૪૦૮.
પણ લિંગ મુક્તિમાર્ગ નહિ, અર્હંત નિર્મમ દેહમાં
બસ લિંગ છોડી જ્ઞાન ને ચારિત્ર, દર્શન સેવવા. ૪૦૯.

એ અપેક્ષાથી વાત છે છોડીને ઈ. આહા..હા..! છોડીને કહેવું એ વ્યવહારની વાત છે, પણ સમજાવવું છે એટલે બીજું શું કહે? રાગના ત્યાગકર્તાપણાનું નામ માત્ર આત્મામાં છે. આહા..હા..! પરમાર્થે રાગનો કર્તા પણ આત્મા નથી. રાગના ત્યાગનો કર્તા પણ પરમાર્થે નથી. રાગનો કર્તા તો નહિ, પણ રાગના ત્યાગનું કર્તાપણું એ નામમાત્ર આત્મામાં છે. છે? ૩૪મી ગાથામાં છે. આહા..હા..! એ રાગના ત્યાગનું કર્તાપણું એ નામમાત્ર છે, પરમાર્થે રાગના ત્યાગનું કર્તાપણું પણ નથી. અહીં સમજાવવું છે તો બીજી કઈ રીતે સમજાવે? થોડા શબ્દમાં ટૂંકામાં સમજાવવું એટલે ભાષા આવી કરી. છોડીને, પરને છોડીને. એક બાજુ કહે કે રાગનો ત્યાગ કરવો એ પણ આત્માનું સ્વરૂપ નથી. ત્યાગકર્તાપણું પણ આત્માને લાગુ પડતું નથી. આહા..હા..! કઈ નયના વાક્ય છે એની ખબર ન મળે અને પકડીને બેસે. આહા..હા..!

મુનિલિંગ ને ગૃહીલિંગ–એ લિંગો ન મુક્તિમાર્ગ છે;
ચારિત્ર-દર્શન-જ્ઞાનને બસ મોક્ષમાર્ગ જિનો કહે. ૪૧૦.

'**ટીકા :- કેટલાક લોકો અજ્ઞાનથી દ્રવ્યલિંગને...**' નગ્નપણું અને વ્રતના વિકલ્પ ને એ દ્રવ્યલિંગ છે બધું. આહા..હા..! '**મોક્ષમાર્ગ માનતા થકા મોહથી દ્રવ્યલિંગને જ ગ્રહણ કરે છે.**' મિથ્યાત્વભાવ. પરમાં સાવધાનપણે વ્રતને ગ્રહણ કરે, નગ્નપણાને ગ્રહણ કરે છે. આહા..હા..! એ માને છે, ગ્રહણ કરી શકતો નથી. સમજાણું કાંઈ? એ માને છે એ અપેક્ષાએ ગ્રહણ કરે છે એમ કહ્યું. આહા..હા..! શું કહ્યું સમજાણું? '**કેટલાક લોકો અજ્ઞાનથી દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનતા થકા મોહથી દ્રવ્યલિંગને જ ગ્રહણ કરે છે.**' હવે એક કોર કહેવું કે શરીરની નગ્નદશાને કે રાગને ગ્રહણ કરે એ આત્મામાં છે જ નહિ. રાગના ત્યાગનું કર્તાપણું પણ આત્મામાં નથી. રાગના ત્યાગનું કર્તાપણું આત્મામાં નથી, અને એક કોર અહીં એમ કહે કે એ દ્રવ્યલિંગને ગ્રહણ કરે છે અજ્ઞાની. અજ્ઞાની એ ગ્રહણ કરે છે એમ માને છે. એથી એને ગ્રહણ કરે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે (-દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનીને ગ્રહણ કરવું તે) અનુપપન્ન અર્થાત્ અયુક્ત છે;...**' આહા..હા..! એ વિકલ્પને અને નગ્નદશાને મોક્ષનું કારણ માની. આહા..હા..! અને રાખવું. ગ્રહણ એટલે વ્રતના પરિણામને રાખવા, નગ્નદશાને રાખું એમ. એ ગ્રહણ કરવું એનો

અર્થ એટલો. આહા..હા..! તે '**અયુક્ત છે; કારણ કે બધાય ભગવાન...**' આહા..હા..! નામ જુઓ, આપવું પડ્યું. સંતો પણ અરિહંતનો દાખલો આપીને વાત કરે છે. આહા..હા..! નહિતર પોતે કુંદકુંદાચાર્ય જાતે કહે તોપણ માન્ય છે, પણ ઘણા નિર્માની જેને અકષાય દશા એટલી પ્રગટી છે. આહા..હા..! એને પણ કહેતા કે ભગવાન આમ કહે છેને અને ભગવાને આમ કર્યું છેને. શું કર્યું ભગવાને? '**બધાય ભગવાન અર્હંતદેવોને, શુદ્ધજ્ઞાનમયપણું હોવાને લીધે...**' એ ભગવાન તો શુદ્ધજ્ઞાનમય છે, જ્ઞાતા-દૃષ્ટામય એ તો પ્રભુ છે. આહા..હા..!

'**દ્રવ્યલિંગને આશ્રયભૂત શરીરના મમકારનો ત્યાગ હોવાથી, શરીરાશ્રિત દ્રવ્યલિંગના ત્યાગ વડે...**' જોયું! આ અપેક્ષાએ (વાત છે). શરીરાશ્રિત નગ્નપણું અને વિકલ્પ આદિ એના ત્યાગ વડે, એના અભાવ વડે. આહા..હા..! સમયસાર તો અલૌકિક ચીજ છે. એની એક-એક લીટીના ઘણા ગંભીર ભાવો છે. સમજાણું? કથનશૈલી કઈ અપેક્ષાએ છે એને ભાવ શું છે એ જરી ઝીણી વાત છે, પ્રભુ! આહા..હા..! '**શરીરાશ્રિત દ્રવ્યલિંગના ત્યાગ વડે...**' રાગની ક્રિયા અને નગ્નની ક્રિયાના અભાવ વડે. આહા..હા..! '**દર્શનજ્ઞાનચારિત્રની મોક્ષમાર્ગપણે ઉપાસના જોવામાં આવે છે...**' આહા..હા..! અરિહંત ભગવંતો બધા પરમાત્મા એને તો પરમાત્મસ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદ એનું સમ્યક્ સત્યદર્શન, જેવું સત્યસ્વરૂપ છે તેવી શ્રદ્ધા એટલે દર્શન, નિર્વિકલ્પદર્શન; જેવું સ્વરૂપ છે તેનું જ્ઞાનમાં જ્ઞેય કરીને જ્ઞાન અને તે જ્ઞાન થયેલી ચીજમાં રમણતા ચરવું, રમવું, જમવું, આનંદના ભોજન કરવા એ ચારિત્ર છે. આહા..હા..! ભગવાને તો આ કર્યું, હતું કહે છે. આહા..હા..! કાયરના તો કાળજા કંપે એવું છે.

**શ્રોતા :-** (ભગવાને કષ્ટ સહન કરીને તપ કર્યા છે.)

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહે છે લોકો. વાત સાચી. બધા એમ જ બોલે. સવારે સ્તુતિ કરેને શરૂઆતા કરે ત્યારે. ભગવાને .. કરીને અન્ન ખાધું નહિ, અન્ન કરીને અન્ન ખાધું નહિ, પાણી કરીને પાણી પીધા નહિ. એમ જાણે કે આહા..હા..! કેટલા કષ્ટ સહન કર્યા! અરે! બાપુ! તને ખબર નથી, ભાઈ! આહા..હા..! એ તો અમૃતના ભોજન કરતા હતા. અમૃતના ભોજનમાં ઇચ્છાની ઉત્પત્તિ નહોતી થતી અને ત્યારે તેને આહાર નહિ આવવાનો યોગ હતો એને લોકો બાહ્યથી ત્યાગ અને આહારનો ત્યાગ અને તપસ્યા કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સ્વરૂપની દૃષ્ટિ અનુભવની અને તે સ્વરૂપનું જ્ઞાન, પરનું નહિ અને સ્વરૂપમાં રમણતા એ ચારિત્ર અને એમાં ઉગ્ર પુરુષાર્થ ચારિત્રમાં તેનું નામ તપ. આહા..હા..! એવા તપને ભગવાન સેવતા હતા એમ કહે છે. આહા..હા..! એક ન્યાય ફરતા આખું ચક્કર ફરી જાય એવું છે. એને ખબર નથી અને ગોખીને વાતું કરવી હોય ભણી ભણીને. આહા..હા..! અહીં પરમાત્મા કહે છે કે અરિહંત તો દ્રવ્યલિંગના ત્યાગ વડે એટલે કે રાગ અને નગ્નપણાના અભાવ વડે

અને પોતાનો ભગવાન પૂર્ણાનંદનો નાથ તેમાં દર્શન, જ્ઞાન અને ચારિત્રની સેવના વડે. શું કીધું? અહીંયાં આત્માની સેવના ન લેતા આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન વીતરાગી આનંદના ભોજનસહિત જે પ્રગટી દશા તેની ઉપાસના જોવામાં આવે છે એમ કહે છે. આહા..હા..! શું કહ્યું? આમ તો દ્રવ્યની સેવા કરવી છે. અહીં તો પર્યાય પ્રગટી તેની સેવા અને ઉપાસના સેવા કરતા એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

સમ્યગ્દષ્ટિની દષ્ટિ તો દ્રવ્ય ઉપર ત્રિકાળી કાયમ પડી છે. એને શુદ્ધ પર્યાય ઉપરનું લક્ષ ત્યાં ચોંટતું નથી. આહા..હા..! જેને ગુણભેદ પણ જેની દષ્ટિમાં નથી. નિરંતર દ્રવ્યસ્વભાવ ઉપર દષ્ટિ અનુભવ હોવાથી, જેને ગુણભેદ અને પર્યાયના ભેદો પણ દષ્ટિનો વિષય નથી. આહા..હા..! છતાં અહીંયાં કહે છે કે એ પર્યાય દષ્ટિનો વિષય નથી. છતાં દષ્ટિ તો દ્રવ્ય ઉપર હોવાથી પૂર્ણાનંદના નાથના ઉપર દષ્ટિ હોવાથી, એની પર્યાયમાં જે દર્શન, જ્ઞાન, ચારિત્ર વીતરાગી થાય.. આ તો ઓલા રાગના અભાવ સ્વરૂપે, ત્યારે નિર્મળ પર્યાયની સેવા સ્વરૂપે એમ લેવું છે. સમજાણું કાંઈ? પર્યાય ઉપર દષ્ટિ છેને. જ્ઞાનથી બતાવ્યું છે. આહા..હા..! દષ્ટિ તો ત્યાં ત્રિકાળી આનંદના નાથ ઉપર ત્રિકાળી પડી છે ત્યાંથી ખસતી નથી. આહા..હા..! છતાં જ્યારે દષ્ટિ દ્રવ્ય ઉપર હોવાથી, પર્યાયમાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી દશા પ્રગટ થઈ તેની સેવના જોવામાં આવે છે એમ કહે છે, આચાર્ય એમ કહે છે. આહા..હા..! પર્યાયની સેવના જોવામાં આવે છે. એ એમ કેમ કહ્યું? કે ઓલા રાગ અને નગ્નપણાની સેવા નથી, ત્યાગ છે, ત્યારે આની સેવા છે એમ કીધું.

**શ્રોતા :-** સેવના તો દ્રવ્યની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સેવા તો દ્રવ્યની છે. આહા..હા..! પર્યાય ઉપર લક્ષ હોય તો તો વિકલ્પ ઉઠે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે પ્રભુનો, ભાઈ! આહા..હા..!

'**મોક્ષમાર્ગપણે...**' એમ ભાષા છેને? '**દર્શનજ્ઞાનચારિત્રની...**' કોણ? નિશ્ચય. જે દ્રવ્યનું ધ્યેય હોવાથી, દ્રવ્યનું ધ્યેય હોવાથી, ધ્યાનની પર્યાયને સવે છે એમ અહીંયાં કહેવામાં આવે છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર ધ્યાનની પર્યાય છે. આહા..હા..! ધ્યાનનું ધ્યેય દ્રવ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ અહીંયાં રાગના અભાવસ્વભાવરૂપ લઈને દર્શન-જ્ઞાનની પર્યાયને સેવે છે તેમ કહેવામાં આવ્યું છે. ખરેખર તો દષ્ટિ દ્રવ્ય ઉપર કાયમ રહેલી છે. એ પર્યાય ઉપર લક્ષ કરીને આ પર્યાય મને પ્રગટી અને આ પર્યાય એમ ત્યાં ટકતો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અહીંયાં તો ફક્ત વ્રતના વિકલ્પો અને નગ્નદશા એના ત્યાગનું કર્તાપણું એટલું સમજાવ્યું. ખરેખર તેનો ત્યાગકર્તા પણ આત્મામાં નથી, પણ એના અભાવથી એટલે તેના ત્યાગથી સ્વરૂપના ગ્રહણ ઉપર દષ્ટિ હોવાથી તેનું દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટી તેને સેવે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! હવે આમાં વાદવિવાદ કરે તો કાંઈ બેસે એવું નથી. આહા..હા..! શું થાય પ્રભુ?

'**ઉપાસના જોવામાં આવે છે...**' એમ કહ્યું. જોયું! અમને તો એમ જોવામાં આવે છે કે અરિહંતો દર્શન-જ્ઞાન-ચારિત્રની સેવા કરે છે એમ અમને જોવામાં આવે છે. આહા..હા..! ફક્ત ઓલો રાગની સેવા નથી એમ બતાવીને આની સેવા કરે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! એનું કાંઈ પર્યાય ઉપર લક્ષ નથી. આહા..હા..! હું દર્શન-જ્ઞાન-ચારિત્રને સેવું, આ પર્યાયને સેવું એમ નથી. આહા..હા..! દૃષ્ટિમાં તો ત્રિકાળી દ્રવ્ય તરવરે છે. એમાંથી એક સમય પણ ખસતી નથી દૃષ્ટિ. પણ તે દૃષ્ટિને દ્રવ્યમાં જોડવાથી જે પર્યાય પ્રગટ થઈ તેને સેવે છે એમ કહેવામાં આવ્યું છે. '**(અર્થાત્ તેઓ શરીરાશ્રિત દ્રવ્યલિંગનો ત્યાગ કરીને દર્શનજ્ઞાનચારિત્રને મોક્ષમાર્ગ તરીકે સેવતા જોવામાં આવે છે).**' વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ-૧૦, રવિવાર, તા. ૨૦-૧૧-૧૯૭૭, ગાથા-૪૦૮ થી ૪૧૦, પ્રવચન નં. ૫૧૫

૪૦૮ સમયસાર ગાથા એનો ભાવાર્થ. ભાવાર્થ છેને? '**જો દેહમય દ્રવ્યલિંગ મોક્ષનું કારણ હોત...**' શું કહે છે? કે શરીરની નગ્નદશા કે પંચમહાવ્રતના પરિણામ કે અઠ્યાવીશ મૂળગુણના પરિણામ જે રાગ એ દ્રવ્યલિંગ છે. એ '**મોક્ષનું કારણ હોત...**' જો એ દ્રવ્યલિંગ મોક્ષનું કારણ હોત આત્માને '**તો અર્હંતદેવ વગેરે...**' અર્હંતો, સંત, મુનિઓ વગેરે '**દેહનું મમત્વ છોડી...**' શરીર એ હું નહિ, તેમ અંદર વ્રતના વિકલ્પો આવે વ્યવહાર એ પણ હું નહિ. એમ '**દેહનું મમત્વ છોડી દર્શનજ્ઞાનચારિત્રને શા માટે સેવત?**' જો દ્રવ્યલિંગથી મુક્તિ હોય તો એ દ્રવ્યલિંગને છોડી અને દર્શન-જ્ઞાન આત્માને કેમ સેવત? પર્યાયથી વાત કરી છે અહીં.

**શ્રોતા :-** દ્રવ્યલિંગને છોડી એટલે નગ્નપણાને છોડીને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નગ્નપણું અને વિકલ્પનું લક્ષ, રુચિ છોડીને, એનો આશ્રય છોડીને. ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! મુનિપણું એટલે વ્યવહારના જે દ્રવ્યલિંગ છે અને અઠ્યાવીશ મૂળગુણ છે એ કોઈ મુનિપણું નથી. આહા..હા..! અને દ્રવ્યલિંગ તે નગ્નપણું તે દ્રવ્યલિંગ અને પંચમહાવ્રતના પરિણામ તે દ્રવ્યલિંગ. આ વસ્ત્રસહિત જે શ્વેતાંબર કહે છે એ તો દ્રવ્યલિંગ પણ નહિ. એને તો દ્રવ્યલિંગ પણ નથી અને ભાવ પણ નથી. આહા..હા..!

**શ્રોતા :-** અમારા બાપ-દાદા તો (આ બધું) કરતા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાપ-દાદા બાંધતા હતા ટોપ અને તમે ટોપીયું ઓઢવા માંડી.

બાપ-દાદા કરતાં હોય એમ કરતાં હોય તો તો... આહા..હા..!

અહીંયાં તો કહે છે કે જે આત્મા વસ્તુ છે એનું જે દર્શન, જ્ઞાન અને ચારિત્ર. આહા..હા..! સાધુને પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ હોય છે, પણ એ બધા વિકલ્પ અને રાગ હોય છે. આહા..હા..! અને દેહની ક્રિયા જે છે નગ્ન છે. આહા..હા..! અને અહીં **'पाषंडि लिंगाणी'** કહ્યા છે. **'पाषंडि'** એટલે મુનિ, પાખંડને છેદનારા. આહા..હા..! ઝીણી વાત, બાપુ! એણે અનંતકાળમાં ચૈતન્યનો આશ્રય લઈને સમ્યગ્દર્શન કોઈ દિ' કર્યું નથી અને શાસ્ત્રના જ્ઞાન કરીને માન્યું છે કે અમને જ્ઞાન થયું. એ અહીં ના પાડે છે કે એ દ્રવ્યલિંગ છે. આહા..હા..! શાસ્ત્રના ભણતર કરીને માને કે અમને જ્ઞાન છે, એ દ્રવ્યલિંગને જ મોક્ષનું કારણ માનનારા મિથ્યાદષ્ટિ છે. આહા..હા..!

**શ્રોતા :-** આ નવો અર્થ કર્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંદર આવી ગયો છે, પહેલા આવી ગયો છે. બંધ અધિકારમાં આવી ગયું છે કે જે શાસ્ત્રનું જ્ઞાન છે એ શબ્દશ્રુતનું જ્ઞાન છે એમ આવી ગયું. આવી ગયું નથી? ૨૭૩-૭૪-૭૫. આહા..હા..! નિશ્ચય-વ્યવહારની જ્યાં વ્યાખ્યા છે ત્યાં. ભાઈ! એ શાસ્ત્રનું જ્ઞાન જે છે, અગિયાર અંગનું કર્યું, નવ પૂર્વનું અનંતવાર કર્યું. આહા..હા..! એ કાંઈ જ્ઞાન નથી. એ તો શબ્દશ્રુત છે એમ કહ્યું છે ત્યાં. શબ્દશ્રુતનું જ્ઞાન છે એને શબ્દશ્રુત કહ્યું છે. ચંદુભાઈ! ઝીણી વાત, બાપુ! આહા..હા..! થોડું વાંચતા આવડ્યું અને વાંચતા આવડ્યું ત્યાં થઈ ગયું આ જ્ઞાન. અને બીજા પાસે જ્ઞાનનું માન લેવું. આહા..હા..! આકરી વાત, બાપુ! ત્યાં તો એમ કહ્યું છે કે જેટલું શબ્દશ્રુત એટલે વીતરાગની વાણી એના નિમિત્તથી થયેલું જ્ઞાન, એ જ્ઞાનને શબ્દશ્રુત કહ્યું છે, એ આત્મજ્ઞાન નહિ. આહા..હા..! ઝીણી વાત બાપુ! આ તો અંતરની વાતું. આ તો બહુ વિરોધ આવવા માંડ્યો એટલે વધારે સ્પષ્ટ થવા માંડ્યું. આહા..હા..! એવી વાત છે, બાપુ! શું થાય? અરે! જગત ક્યાં ઊભું છે અને ક્યાં જાશે ખબર નથી એને.

અહીં તો કહે છે કે જે શાસ્ત્ર છે વીતરાગના હોં! અન્યના શાસ્ત્ર તો શાસ્ત્ર નથી. આહા..હા..! શ્વેતાંબરના શાસ્ત્ર એ પણ શાસ્ત્ર નહિ. આહા..હા..! કેમકે એ તો કલ્પિત બનાવેલા છે. આ તો જિનેન્દ્રદેવના કહેલા શાસ્ત્રો. એ શાસ્ત્રનું જ્ઞાન તે જ્ઞાનને શબ્દશ્રુત કહ્યું, એ તો શબ્દશ્રુત છે. આહા..હા..! તે જ્ઞાન નહિ. કેમકે તે જ્ઞાનમાં શબ્દનો આશ્રય છે. શબ્દનો આશ્રય તે જ્ઞાનને શબ્દશ્રુત કહ્યું. એ આત્મજ્ઞાન સમ્યગ્જ્ઞાન નહિ. આહા..હા..! આવો માર્ગ. શ્રદ્ધાને પણ એમ કહ્યું કે દર્શન એ નવ તત્ત્વ છે. વ્યવહાર સમ્યક્ શ્રદ્ધા વ્યવહાર એ નવ તત્ત્વ છે. એ નવ તત્ત્વ છે તેની શ્રદ્ધા માટે નવ તત્ત્વ છે. આહા..હા..! જેની શ્રદ્ધામાં નવ તત્ત્વનો આશ્રય છે તે શ્રદ્ધાને નવ તત્ત્વ કહ્યું છે. શ્રદ્ધાને નવ તત્ત્વ કહ્યું છે. આહા..હા..! એ આત્મતત્ત્વ નહિ. આહા..હા..!

**શ્રોતા :-** નવમાં આત્મતત્ત્વ તો આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ એક સમયની પર્યાય આવી છે અને દ્રવ્ય આવ્યું છે તોપણ એનું જાણપણું આવ્યું, દ્રવ્યનો આશ્રય લઈને જ્ઞાન થયું નથી. ઝીણી વાત, ભાઈ! અરે! જગત અનાદિથી ક્યાંક ક્યાંક અટકીને ભ્રમણામાં માનીને બેસે છે, પછી આગળ જવાનો પંથ-રસ્તો રહેતો નથી એને. આહા..હા..! સમજાય છે કાંઈ? અને પંચમહાવ્રતના પરિણામને તો ત્યાં છકાયના જીવ છ જીવ-નિકાય કહ્યા છે. છ જીવ-નિકાય તે વ્યવહારચારિત્ર કહ્યું છે. આહા..હા..! એટલે? જેના પંચમહાવ્રતના પરિણામમાં છ કાયના જીવોનું નિમિત્ત છે માટે તેને પંચમહાવ્રતના પરિણામને પણ છ કાયના જીવ કહ્યા છે. એ તો છ કાયની દયા કીધી. આહા..હા..! એ ચારિત્ર નહિ. દર્શન-જ્ઞાન-ચારિત્ર અહીં જે કહે છે. જુઓ!

‘**દેહમય દ્રવ્યલિંગ મોક્ષનું કારણ...**’ એમાં આ બધું આવ્યું. વ્યવહાર શ્રુતજ્ઞાન શાસ્ત્રનું જ્ઞાન એ દ્રવ્યલિંગ છે, પંચમહાવ્રતના પરિણામ એ દ્રવ્યલિંગ છે, નવ તત્ત્વની શ્રદ્ધા ભેદવાળી એ દ્રવ્યલિંગ વિકલ્પ રાગ છે. આહા..હા..! એ ‘**દ્રવ્યલિંગ મોક્ષનું કારણ હોત તો અર્હંતદેવ વગેરે...**’ સંતો, ભાવલિંગી મહામુનિઓ એનું ‘**મમત્વ છોડી...**’ એટલે કે શાસ્ત્રનું જ્ઞાન, પંચમહાવ્રતના પરિણામ અને નવ તત્ત્વની શ્રદ્ધા તેની મમતા છોડી, એ હું નહિ. આહા..હા..! ઊંધી પ્રરૂપણા અત્યારે એટલી ચાલી છે કે એને પોતાને ખબર નથી, સાંભળનારને ખબર નથી. સમજાણું કાંઈ? ક્યાં બેઠા છે? ગુલાબચંદભાઈ ક્યાં બેઠા છે? ત્યાં બેઠા, ઠીક. ઓલું સાંભળવાનું. બહુ પ્રેમ છે એને. પ્રેમ ઘણો છે. કરવા જેવું આ છે એમ કહે છે. બાપુ! માર્ગ શું કહીએ? અરે!

અહીંયાં કહે છે કે એ ‘**દ્રવ્યલિંગ મોક્ષનું કારણ હોત...**’ આહા..હા..! એ શાસ્ત્રનું જ્ઞાન એ દ્રવ્યલિંગ, પંચમહાવ્રતના પરિણામ એ દ્રવ્યલિંગ, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એ દ્રવ્યલિંગ અને નગ્નદશા એ પણ દ્રવ્યલિંગ. આહા..હા..! દાસ! અરે! પ્રભુ! શું થાય? આ તો જેમ બહુ વિરોધ આવ્યોને એટલે જરી આ સ્પષ્ટ વર્ણન કરવું પડે. આહા..! વસ્તુસ્થિતિ એવી છેને. આહા..હા..! કહે છે કે જે દ્રવ્યલિંગ એટલે ત્રણે શ્રદ્ધા, જ્ઞાન અને પંચમહાવ્રતના પરિણામ અને નગ્ન દશા. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! એ જો મોક્ષનું કારણ એટલે આત્માના અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ તે મોક્ષ. આત્મલાભ, આત્માનો લાભ તે મોક્ષ. એટલે? આત્મા જે અતીન્દ્રિય આનંદ છે એ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ એનું નામ મોક્ષ અને મોક્ષ શબ્દ છે એમાં ધ્વનિ એવો છે કે દુઃખનો અભાવ તે મોક્ષ. અસ્તિથી મોક્ષ છે, નાસ્તિથી દુઃખનો અભાવ તે મોક્ષ છે. મોક્ષ છેને? મૂકાવું છેને ત્યાં? આહા..હા..! દુઃખનો રાગનો અંશ જે છે એ દુઃખ છે. કંપન્ન જે છે એ પણ અંદર આત્મામાં શાંતિને રોકનાર છે. આહા..હા..! એ બધાનો અભાવ. દ્રવ્યલિંગના વિકલ્પો અને નિમિત્તના શાસ્ત્રના જ્ઞાનનો પણ જ્યાં અભાવ. એમાં આ સંતો અને તીર્થંકરો ત્યાં (દ્રવ્યલિંગમાં) ન રોકાણા. શાંતિભાઈ!

એનું '**મમત્વ છોડી દર્શનજ્ઞાનચારિત્રને શા માટે સેવત?**' આહા..હા..! આ પણ પર્યાયનયથી કથન છે. શું કહ્યું એ? દર્શન, જ્ઞાન અને ચારિત્ર જે આત્મા ચિદાનંદ નિત્યાનંદ પ્રભુ એને ધ્યેય બનાવીને વર્તમાન જ્ઞાનની પર્યાયમાં તે સારા દ્રવ્યનું જ્ઞાન આવે અને એની પ્રતીતિ અને જે રમણતા એ પર્યાયના ભેદ છે. પર્યાયનું સેવન એ નિમિત્તનો ઉપદેશ છે. બાકી સેવન તો દ્રવ્યનું છે. એ ૧૬મી ગાથામાં આવી ગયું છે કે '**दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।**' એ દર્શનજ્ઞાન કોણ? નિશ્ચય હોં! એ પર્યાય છેને? દર્શનજ્ઞાન, સમ્યગ્દર્શન જે નિશ્ચય અનુભવની પ્રતીતિ, આત્માના આનંદના સ્વભાવની, શક્તિની વ્યક્તતા. વ્યક્તતા પ્રગટતા આનંદનું વેદન. એમાં પ્રતીતિ, એનું જ્ઞાન અને એમાં રમણતા. સમજાણું? એ ત્રણ '**दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।**' સાધુએ ત્રણને સેવવા એ અહીં કહ્યું છે. પણ એ '**तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो**' એકરૂપ આત્મા તે નિશ્ચય છે. આહા..હા..! ત્યાં એ અર્થમાં કર્યું છે કે ભાઈ! પર્યાયથી કહ્યું કેમ? લોકો પર્યાયથી સમજે છે માટે દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિશ્ચય છે, સ્વને આશ્રયે થયેલું સમકિત, જ્ઞાન અને ચારિત્ર એ પણ પર્યાય આશ્રય છે અને વ્યવહાર છે. આહા..હા..! શબ્દશ્રુતનું જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા અને પંચમહાવ્રત એ તો ક્યાંય રહી ગયા. અસદ્ભૂત વ્યવહાર. આ તો સદ્ભુત વ્યવહાર છે એને સેવવાનું કહ્યું એ પણ પર્યાયથી લોકોને સમજવા માટે છે. '**ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो।**' એ આત્મા ત્રિકાળી સ્વરૂપ છે તેની સેવનામાં, દર્શન-જ્ઞાન-ચારિત્ર એની સેવનામાં ત્રણમાં એક આવી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સમજાય છે? દેવાનુપ્રિયા! આ હળદરના ગાંઠીયે ગાંધી નથી થવાતું એમ કહે છે અહીં. થોડુઘણું વાંચ્યું એટલે થઈ ગયું જાણે જ્ઞાન.

**શ્રોતા :-** તુષમાષ ભિન્ન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તુષમાષ... અનુભવ છે એને. એ તુષમાષ બહારનું નહિ. છેને ગોતે છેને એ. અંતર આનંદનું વેદન છે એને આ તુષમાષનું વિશેષ જ્ઞાન નથી, બહારનું જાણપણું નથી એમ કહેવું છે. તુષમાષના શબ્દો પણ જેને યાદ રહેતા નથી, પણ અંદરમાં આત્મજ્ઞાનનું વેદન છે, આત્માના આશ્રયે વેદન છે, તેને દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહે છે. આહા..હા..! પણ એ પર્યાયનું સેવન અહીંયાં કહ્યું છેને ઈ?

'**દર્શનજ્ઞાનચારિત્ર શા માટે સેવત?**' એ તો એક રાગના ભેદનું સેવન છોડીને નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રગટ કરે છે, પ્રગટ કરે છે એથી તેને સેવે છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! આવી વાતું છે, બાપુ! આહા..હા..! ખરેખર તો આત્માને સેવે છે તે વસ્તુ છે. દાસ! અરે! આ તો માણસો બહુ ફેરફાર કરી નાખે છે. જોકે હવે કેટલાક સાધુ પણ કબુલ કરવા તો માંડ્યા છે હવે, પણ હજી બિચારા બહારથી ડરે છે. કર્ણાટકમાં છે એક ભવ્યસાગર. ૧૯ વર્ષની દીક્ષા દિગંબર અને આસુકવિ-શીઘ્રકવિ. ગાયનો આવે છેને એના

અહીંને માટેના, બહાર પાડતા નથી. એ એમ કહે છે, કાગળમાં આવ્યું હતું પહેલું, પહેલાં એવા તો દસ કાગળ આવ્યા. પહેલે કાગળે આવ્યું હતું કે સ્વામીજી! આપે શું કર્યું આ? ૨૦૦ વર્ષમાં આ વાત નહોતી એવી વાત આવી છે અને અમે મુનિ નથી, અમે સાધુ નથી. આહા..હા..! અરે! એટલી પણ... અને જ્યારે અમે તમારી સભામાં સાંભળશું તે દિ' અમારા ધન્યભાગ્ય છે! એમ લખ્યું બિચારાએ. સાધુ, દિગંબર સાધુ. શ્વેતાંબર સાધુ એ કોઈ કોઈને બિચારા... ધાંગ્રધ્રામાં છે રામવિજયના સાધુ. એને પણ.. આ દરબાર એક આવે છેને અહીં, સરવારાના દરબાર આવે છે એ દરબાર ત્યાં ગયા હશે. એણે કહ્યું કે તમે શું ત્યાં..? કે અમે તો આ શીખ્યા છીએ અંદરની વાત. ત્યારે એ કહે વાત તો સાચી છે એની. પણ અમે આ વસ્ત્ર લઈને બેઠા તો જાવું ક્યાં અમારે? જાવું ક્યાં? બહારમાં ૨૫-૨૫ વર્ષથી દીક્ષા લીધી હોય. બહારમાં શ્વેતાંબરમાં સાધુપણું મનાવતા હોય. અહીં સાધુપણું એ છે જ નહિ. એવા તો ઘણા આવે છે કેટલાક બિચારા.

**શ્રોતા :-** સંમતભદ્ર મહારાજ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંમતભદ્ર હા. હવે એ તો કેવો માણસ છે! કુંભોજ. બહુ વિદ્વાન. ૮૦-૮૧ વર્ષની ઉંમર અને મગજ તે મગજ, ઘણું વાંચન. નરમ માણસ છે. પછી આ વડોદરા એક ગયા હતાને ત્યાં, ધર્મદાસ. એની પાસે ગયા ખાનગી વાત થતાં... થતાં... થતાં... આ સોનગઢવાળા દિગંબર મુનિઓને પગે નથી લાગતા એનો ઝઘડો શું કરવા કરો છો તમે? એમ કહ્યું. સાધુ હોય તો એને સમતા રાખવી જોઈએ પગે લાગે ન લાગે એની સાથે સંબંધ શું? પછી તો છેવટે હળવે દઈને કહી દીધું. અહીં એકવાર આવી ગયા છે. અમે મુનિ નથી, અમે મુનિ નથી. બાપુ! દ્રવ્યલિંગ પણ નથી જ્યાં. આહા..હા..! ભાઈ! આ તો મારગડા જુદાં, ભાઈ! અરેરે! એવા તો કંઈક હવે નીકળ્યા છે ગુપ્ત-ગુપ્ત. પણ ઘણા પકડાઈ ગયા હોય, માન બહારમાં મળતું હોય એ મૂકીને કહેવું કે અમારી વાત આ બધી ખોટી છે.

**શ્રોતા :-** આકરું બહુ લાગે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આકરું બહુ લાગે. વાત સાચી છે. આહા..હા..! દુનિયામાં ડાહ્યા ગણાણા, જ્ઞાની ગણાણા હોય, ત્યાગી ગણાણા હોય, ચારિત્રવંત ગણાણા હોય હવે એને એમ માને. આહા..હા..! ભાઈ! આ તો માથા સાટે માલ મૂકે તો મળે એવો છે.

**'અર્હંતદેવ વગેરે દેહનું મમત્વ છોડી દર્શનજ્ઞાનચારિત્રને શા માટે સેવત? દ્રવ્યલિંગથી જ મોક્ષને પામત!'** શું કહ્યું જોયું! આહા..હા..! એ શબ્દશ્રુત જ્ઞાનથી, નવ તત્ત્વની શ્રદ્ધાથી અને છ કાયની દયા. ત્યાં આગળ એક છ કાયની દયાનું એક વ્રત લીધું છે બંધ અધિકારમાં, પણ એ એક વ્રતમાં પાંચેય આવી જાય છે. છકાય શબ્દે એક જ વાત લ્યે છે ત્યાં કે છ કાયના જીવ તે ચારિત્ર છે એટલે છ કાયના જીવની દયાનો ભાવ, શુભભાવ એ ચારિત્ર

છે એ પરાશ્રિત છે, એ ચારિત્ર નહિ. એમાં એક જ છ કાયની વાત લીધી, પણ એમાં પાંચેય મહાવ્રત આવી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! અહીં કહે છે કે પ્રભુ! જો એ દ્રવ્યલિંગથી મુક્તિ હોત, પંચમહાવ્રતથી, શબ્દશ્રુતજ્ઞાનથી, નવ તત્ત્વની શ્રદ્ધાથી... આહા..હા..! તો પ્રભુ અંતર આત્માની સેવના શી રીતે કરત એ? જોકે અહીં દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાયથી વાત કરી છે. મૂળ તો આત્માની સેવા છે. આહા..હા..! આનંદનો નાથ જ્ઞાયકભાવ એ રાગથી જુદો પડેલો જ છે. જુદું તત્ત્વ પડ્યું છે એકદમ વિકલ્પથી ભિન્ન પડેલું તત્ત્વ છે. એવા તત્ત્વને, વ્યવહારના દ્રવ્યલિંગથી જો મોક્ષનું કારણ થાત તો પ્રભુ એને છોડીને અંતરમાં કેમ જાત? આહા..હા..! સમજાણું કાંઈ? જયંતિભાઈ! આવો માર્ગ છે. આહા..હા..!

'**દ્રવ્યલિંગથી જ મોક્ષને પામત!**' આહા..હા..! '**માટે એ નક્કી થયું કે—દેહમય લિંગ મોક્ષમાર્ગ નથી, પરમાર્થે દર્શનજ્ઞાનચારિત્રરૂપ આત્મા જ મોક્ષનો માર્ગ છે.**' દેખો! આહા..હા..! અનંત ચૈતન્ય ચિંતામણિ પ્રભુ જેના શક્તિઓનો અપાર મહિમા, જેનો અપાર મહિમા છે, જેનો મહિમા કહી શકાય એટલો નથી એવી એ ચીજ છે. આહા..હા..! એવા આત્માને અવલંબીને, એને આશ્રયમાં જઈને એનું કેમ સેવન કરત, જો દ્રવ્યથી મુક્તિ થાતી હોત તો? આહા..હા..! સમજાણું કાંઈ? એ શબ્દશ્રુત કે નવ તત્ત્વની શ્રદ્ધા ભેદવાળી કે પંચમહાવ્રત એ બહિર્તત્ત્વ છે અને બહિર્તત્ત્વથી પોતાને કલ્યાણ થાય એ બહિરાત્મા માનનારો છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં એ કહ્યું '**પરમાર્થે દર્શનજ્ઞાનચારિત્રરૂપ આત્મા...**' ભાષા છેને. ત્રણ રૂપ આત્મા '**જ મોક્ષનો માર્ગ છે.**' એ આત્મા મોક્ષનો માર્ગ છે. આહા..હા..!

'**હવે એ સિદ્ધ કરે છે (અર્થાત્ દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ નથી, દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે—એમ સિદ્ધ કરે છે) :—**' ૪૧૦મી.

**ण वि एस मोक्खमग्गो पासंडीगिहिमयाणि लिंगाणि।**
**दंसणणाणचरित्ताणि मोक्खमग्गं जिणा बेंति।।४१०।।**

કુંદકુંદાચાર્ય જેવા મહાસંત એ પણ પોતે એમ કહે છે, જિન આમ કહે છેને પ્રભુ! આહા..હા..! પ્રભુ! તમે કહો તે વાત કબુલ-માન્ય છે. પણ જિનેશ્વર આમ કહે છે. આહા..હા..! '**जिणा बेंति**' જિનેશ્વર આમ કહે છે. અમે કહીએ છીએ પણ તને એમ લાગે કે આ તો છદ્મસ્થ છે અને કહે છે. પણ અમે તો પ્રભુ વીતરાગ જિનેશ્વર સર્વજ્ઞ કહે છે તે કહીએ છીએ અને સર્વજ્ઞે કહ્યું છે. આહા..હા..! છે?

**મુનિલિંગ ને ગૃહીલિંગ—એ લિંગો ન મુક્તિમાર્ગ છે;**
**ચારિત્ર-દર્શન-જ્ઞાનને બસ મોક્ષમાર્ગ જિનો કહે. ૪૧૦.**

આહા..હા..! ટીકા ૪૧૦ની. છેને, અર્થમાં એવું છે. '**पासंडी**' છેને. એ '**पासंडी**' નો અર્થ મુનિ. અને '**गिहि**' એટલે ગૃહસ્થ એમ. પાખંડને તોડનાર એવા મુનિ પાખંડી. આહા..હા..! ઝીણી વાત, બાપુ! આ તો અનંતકાળથી નહિ કરેલો ઉથલપાથલનો માર્ગ છે. લોક ભલે

માની લે બહારથી. અનંતવાર માન્યું છે. આહા..હા..!

‘**ટીકા :- દ્રવ્યલિંગ ખરેખર મોક્ષમાર્ગ નથી,...**’ ખરેખર મોક્ષમાર્ગ નથી. ‘**કારણ કે તે (દ્રવ્યલિંગ) શરીરાશ્રિત હોવાથી...**’ જોયું! સિદ્ધ કરે છે. એ તો શરીરને આશ્રિત છે. રાગ પણ શરીરને આશ્રિત, કર્મને આશ્રયે થયેલી ચીજ છે. રાગ પણ પરદ્રવ્ય છે. આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન એ પણ પરસત્તાવલંબી બંધનું કારણ છે. સમજાણું કાંઈ? એ પણ શરીરાશ્રિત છે એમ કહે છે. એય..! આત્મા આશ્રિત નહિ. આહા..હા..! ભગવાન અનંતગુણનો કંદ પ્રભુ, અનંતગુણની રાશિનો ઢગલો છે, નિર્મળાનંદ અનંતગુણનો ઢગ છે એનો આશ્રય નહિ એ વ્યવહારલિંગમાં. એ તો બધો પરનો આશ્રય એટલે શરીરાશ્રિત કહો, રાગ આશ્રિત બધો પરાશ્રિત છે. આહા..હા..!

**શ્રોતા :-** અમે તો સાંભળવા બેઠા છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પરાશ્રિત વાત છે બધી. એ પણ પરાશ્રિત છે સાંભળવું એ. અને તેના પરાશ્રયથી જે જ્ઞાન થાય છેને એ આ શબ્દોથી થતું નથી, એના ઉપાદાનથી થાય છે, છતાં તે પરાશ્રિતભાવ છે, એ જ્ઞાન નથી. આહા..હા..!

**શ્રોતા :-** તો બધું અમારું પાણીમાં ગયુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હતું કે દિ' તે પાણીમાં જાય? હોય તો જાય. આહા..હા..! એ તો પુસ્તક બહેનનું બહાર આવશે ત્યારે લોકો વાંચશે ત્યારે એને ખબર પડશે કે શું છે આ તે. આહા..હા..! વચનામૃતો બહેનના નથી, દિવ્યધ્વનિના છે. આહા..હા..! એ લોકોને પુસ્તક હાથ આવશે પાત્ર હશે એને. અપાત્ર તો એમાંથી પણ ઊંધું લેશે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કહે છે, ‘**શરીરાશ્રિત...**’ અહીં બે સિદ્ધ કરવું છે કે જે શબ્દજ્ઞાન, પંચમહાવ્રત એ આદિ પરાશ્રિત, શરીરાશ્રિત છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું કહ્યું આ? જ્ઞાયક ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, જેના જ્ઞાન અને શ્રદ્ધામાં પ્રભુનો આશ્રય નથી, તે જ્ઞાન અને શ્રદ્ધા બધા શરીરાશ્રિત છે. દેવાનુપ્રિયા! આવી વાતું છે. ત્યાં ધનબાદમાં નથી મળે એવું.

**શ્રોતા :-** સ્વપરપ્રકાશક શક્તિ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શક્તિ છે ક્યારે પણ? કોણે માની? ભાષામાં આવી ઈ? એની શ્રદ્ધાના પર્યાયમાં આખું દ્રવ્ય છે તેનું જ્ઞાન આવે અને એની શ્રદ્ધા આવે. એ દ્રવ્ય છે એ અનંતગુણનો પિંડ પ્રભુ એ પર્યાયમાં ન આવે, પણ પર્યાયમાં જેટલું એનું સામર્થ્ય છે એટલું પર્યાયમાં શ્રદ્ધા અને જ્ઞાનમાં આવી જાય, સ્વઆશ્રયમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ છે. લોકો તો ક્યાંય બિચારા પડીને બેઠા અને કંઈક માનીને મનાવીને. આહા..હા..! સેવતો હોય મિથ્યાત્વ અને માને કે અમે સારા જ્ઞાનને કરીએ છીએ અને જ્ઞાન દુનિયાને આપીએ છીએ. આહા..હા..!

અહીં કહે છે, '**શરીરાશ્રિત...**' બે જ વાત લેશે—એક પરદ્રવ્ય અને સ્વદ્રવ્ય, બસ બે. એમાં જેટલું શબ્દશ્રુતજ્ઞાન, પંચમહાવ્રતના પરિણામ, નવ તત્ત્વની શ્રદ્ધા એ બધું શરીરાશ્રિત, પરદ્રવ્ય આશ્રિત છે, માટે તે પરદ્રવ્ય છે. એ પરદ્રવ્ય છે. આહા..હા..! શું કહ્યું? શાસ્ત્રજ્ઞાન છે એ પણ પરદ્રવ્ય છે એમ કહે છે. આહા..હા..! ભગવાન એમાં સ્વદ્રવ્ય ચૈતન્ય ન આવ્યો. સમજાણું કાંઈ? જોકે નિયમસારમાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સ્વદ્રવ્યને આશ્રયે થયા એને પણ પરદ્રવ્ય કીધું છે. શું કહ્યું? શુદ્ધ પર્યાય જે નિર્મળ સમ્યગ્દર્શન પ્રગટી મોક્ષનો માર્ગ એને પણ ત્યાં પરદ્રવ્ય કીધું છે. કેમ? કે જેમ પરદ્રવ્યમાંથી નવી પોતાની પર્યાય આનંદની આવતી નથી, તેમ તે મોક્ષના માર્ગની પર્યાયમાંથી નવી આનંદની પર્યાય આવતી નથી. આહા..હા..! પરમ આનંદની નવી પર્યાયનું ધામ તો ચૈતન્ય પોતે ભગવાન છે એને સ્વદ્રવ્ય કહેવામાં આવે છે. મોક્ષનો માર્ગ એ પરદ્રવ્ય. આહા..હા..!

અહીં તો હજી ઓલો વિકલ્પ છે એને પરદ્રવ્ય કહેવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભેદવાળી શ્રદ્ધા, ભેદનું જ્ઞાન શાસ્ત્રનું, નવ તત્ત્વની શ્રદ્ધા ભેદવાળી, જેમાં ભગવાન એકરૂપ ચૈતન્ય આનંદનો નાથ અનુભવના વેદનમાં આવ્યો નહિ, એ બધા પરદ્રવ્યને આશ્રિત ભાવ છે. આવી વાત છે. શશીભાઈ! આહા..હા..! '(દ્રવ્યલિંગ) **શરીરાશ્રિત હોવાથી પરદ્રવ્ય** છે.' આહા..હા..! '**દર્શનજ્ઞાનચારિત્ર જ મોક્ષમાર્ગ છે,...**' સમ્યગ્દર્શન, જે પૂર્ણ સ્વરૂપ ભગવાન એની સન્મુખ થઈને અને પર્યાય ને રાગ અને નિમિત્તથી વિમુખ થઈને, નિમિત્તો પરદ્રવ્યો દેવ-ગુરુ-શાસ્ત્ર એનાથી ખસીને, એના પ્રત્યેની ભક્તિ આદિની શ્રદ્ધાનો રાગ, દેવ-ગુરુનો શ્રદ્ધાનો એ પણ રાગ એનાથી પણ ખસીને અને તે રાગનું જાણવું જે એક સમયની પર્યાયમાં થાય તેમાંથી પણ ખસીને. આહા..હા..! આવો માર્ગ છે, પ્રભુ! શું કહીએ? આહા..હા..! એ બધું પરદ્રવ્ય છે ત્યારે '**દર્શનજ્ઞાનચારિત્ર જ મોક્ષમાર્ગ છે,...**' જુઓ, એકાંત કહી દીધું, અહીં તો 'જ' કહ્યો. શ્રીમદ્‌માં તો એમ આવે છે કે જૈનદર્શનમાં 'જ' હોય જ નહિ. એ બીજી વાત છે ત્યાં. આત્મા નિત્ય જ છે કે અનિત્ય જ છે એમ 'જ' નહિ, પણ મોક્ષમાર્ગ તો આ જ છે એ તો 'જ' નિશ્ચયથી એકાંત છે અને વ્યવહારથી નહિ એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**દર્શનજ્ઞાનચારિત્ર જ મોક્ષમાર્ગ છે,...**' એકાંત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સ્વદ્રવ્યને આશ્રયે અંતરથી પ્રગટ્યા એ મોક્ષમાર્ગ છે.

'**કારણ કે તેઓ આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે.**' જોયું! એ મોક્ષમાર્ગ આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે. છે મોક્ષનો માર્ગ, છે પર્યાય, પણ આત્મા આશ્રિત હોવાથી એને સ્વદ્રવ્ય કહેવામાં આવ્યું. આહા..હા..! શું કીધું સમજાણું? છે તો પર્યાય. નિશ્ચય જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સત્ વસ્તુ છે તો પર્યાય, પણ '**તેઓ આત્માશ્રિત હોવાથી...**' આશ્રય, આશ્રિત... આશ્રિતમાં વજન છે. આહા..હા..! દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન એ બધું શરીરાશ્રિત-પરાશ્રિત છે, પરદ્રવ્ય આશ્રિત છે. આહા..હા..! ત્યારે ભગવાન આત્માનો જે મોક્ષમાર્ગ નિશ્ચય

વીતરાગી પર્યાય, નિર્વિકલ્પ આનંદની દશાનો અનુભવ, વીતરાગી દશા એ સ્વદ્રવ્યને આશ્રિત હોવાથી, સ્વદ્રવ્યને આશ્રિત હોવાથી. છેને? '**આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે.**' કોને સ્વદ્રવ્ય કીધું? મોક્ષમાર્ગને. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. આહા..હા..!

શુભભાવ શાસ્ત્રના ભણવાનો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો શુભભાવ, પંચમહાવ્રતનો શુભભાવ એ બધું પરદ્રવ્ય છે. કેમકે પરાશ્રિત હોવાથી પરદ્રવ્ય છે. આહા..હા..! અને આત્માના અવલંબનથી અંદર ભગવાન ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકભાવ, ચૈતન્યચમત્કારી ચીજ એનો મહિમા અંતર આવીને ચમત્કાર પર્યાયમાં પ્રગટ્યો. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર આનંદની રમણતા... આહા..હા..! એ આત્માશ્રિત હોવાથી તે મોક્ષમાર્ગની પર્યાયને સ્વદ્રવ્ય કહેવામાં આવે છે. આવી વાતું છે. ચંદુભાઈ! આવું છે, ભાઈ! આહા..હા..! અરે! અત્યારે તો ગડબડ-ગડબડ એવી ચાલી છે, શું થાય? બધી ગડબડ કરીને મનાવ્યું છે અને માન્યું છે. આહા..હા..!

ત્રણલોકના નાથ તીર્થંકરદેવની આ વાણી અને વજન છે. જેટલું પરદ્રવ્યને આશ્રયથી લક્ષે થાય તેને પરદ્રવ્ય કીધું. પરદ્રવ્યને આશ્રયે જ્ઞાન થાય, પરદ્રવ્યની શ્રદ્ધા થાય, પરદ્રવ્યનું આચરણ થાય રાગાદિનું, પરદ્રવ્યને લક્ષે દયા, દાન, વ્રતાદિનું એ બધા પરાશ્રિત, શરીરાશ્રિત હોવાથી પરદ્રવ્ય છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માના આનંદની દશા, સમ્યગ્દર્શન એ આનંદની દશા, જ્ઞાન એ આનંદની દશા. જ્ઞાન સાથે અતીન્દ્રિય આનંદ આવે એ જ્ઞાન. દર્શન સાથે અતીન્દ્રિય આનંદ આવે એ દર્શન અને દર્શન સાથે અતીન્દ્રિય આનંદની ઉગ્રતા આવે એનું નામ ચારિત્ર. આહા..હા..! કહો, શાંતિભાઈ! બધું સાંભળ્યું પણ નહિ હોય તમારા ભાઈએ ત્યાં. આવ્યાને. આવ્યા તો ખરાને. ભાઈ! માર્ગ બાપા એવો છે, ભાઈ! અરે! પ્રભુ! આહા..હા..!

'**તેઓ આત્માશ્રિત હોવાથી...**' મોક્ષનો માર્ગ તે આત્માના આશ્રયથી પ્રગટ્યો છે. કોઈ પરને આશ્રયે અને રાગને આશ્રયે પ્રગટ્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેઓ આત્માશ્રિત હોવાથી...**' પર્યાય. મોક્ષમાર્ગની નિર્વિકારી આનંદની પર્યાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સુખરૂપ, આનંદરૂપ એ આનંદરૂપની દશા આત્માશ્રિત હોવાથી એને સ્વદ્રવ્ય કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભાવાર્થ. એ ટીકા અમૃતચંદ્રાચાર્યની ટીકા. ભાવાર્થ ભાઈ જયચંદ્ર પંડિતે ભર્યો છે. '**મોક્ષ છે તે સર્વ કર્મના અભાવરૂપ...**' શું કહે છે હવે જરી? જયચંદ્ર પંડિતે પણ એવો અર્થ કર્યો છે. આહા..હા..! '**મોક્ષ છે તે સર્વ કર્મના અભાવરૂપ આત્મપરિણામ છે,...**' શું કીધું એ? મોક્ષ એટલે આત્માની પૂર્ણ પવિત્રતારૂપી પરિણામ. મોક્ષ એટલે દુઃખથી છૂટવું પૂર્ણ અને આત્માના પૂર્ણ પવિત્ર પરિણામ તેનું નામ મોક્ષ. સમજાણું કાંઈ? '**સર્વ કર્મના અભાવરૂપ આત્મપરિણામ (-આત્માના પરિણામ) છે,...**' મોક્ષ તે આત્માના પરિણામ છે. આહા..હા..! સિદ્ધપદ તે આત્માના પરિણામ છે, સિદ્ધપદ તે આત્માની પર્યાય છે.

આહા..હા..! સમજાણું કાંઈ? '**માટે તેનું કારણ પણ આત્માના પરિણામ જ હોવું જોઈએ.**' ન્યાયથી વાત કરે છે. મોક્ષ છે એ આત્માના અતીન્દ્રિય આનંદના, અતીન્દ્રિય જ્ઞાનના, અતીન્દ્રિય વીર્યના પરિણામ તે આત્માના પરિણામ છે. મોક્ષ આત્માના પરિણામ છે તો એનો માર્ગ પણ આત્માના પરિણામ હોવા જોઈએ. એમ ન્યાયથી જરી (વાત કરી છે).

'**માટે તેનું કારણ પણ આત્માના પરિણામ જ હોવું જોઈએ.**' ભાષા દેખો! નિશ્ચય મોક્ષમાર્ગને અહીંયાં પરિણામ કહ્યા. પર્યાય છેને. આહા..હા..! આવી વાતું છે. શાંતિભાઈ! આવું ક્યાંય દિલ્હી-બિલ્હીમાં નથી ત્યાં. આહા..હા..! પ્રભુના મારગડા એ જુદાં છે. કહે છે... શું કીધું એ? કે મોક્ષ એટલે આત્માની શક્તિ જે મુક્તરૂપ છે, આત્મા પોતે મુક્તસ્વરૂપ જ છે, વસ્તુએ મુક્તસ્વરૂપ છે તો એના આશ્રિતે થયેલા પૂરા પરિણામ મોક્ષના એ પર્યાયનો મોક્ષ. ઓલો દ્રવ્યમોક્ષ છે એ ત્રિકાળ. કેવળીનો દ્રવ્યમોક્ષ એ જુદી વસ્તુ એ એક બીજી વાત. અહીંયાં તો આત્મા પોતે મુક્તસ્વરૂપ જ ભગવાન છે અંદર. દરેક આત્મા, અબદ્ધસ્પૃષ્ટ, મુક્ત (સ્વરૂપ જ છે). અબદ્ધસ્પૃષ્ટ એ નાસ્તિથી વાત કરી છે. ૧૪મી-૧૫મી ગાથા. બાકી અબદ્ધ નામ રાગથી બદ્ધ નથી એટલે મુક્તસ્વરૂપ જ પ્રભુ છે અંદર. આહા..હા..! એ મુક્તસ્વરૂપના પરિણામ મોક્ષના એ પણ આત્માના પરિણામ છે. હવે '**તેનું કારણ પણ આત્માના પરિણામ જ હોવું જોઈએ.**' આહા..હા..! આ તો ભાષા તો સાદી છે. એય..! દેવાનુપ્રિયા! ભાવ તો જેમ છે (એમ છે). આહા..હા..!

'**તેનું કારણ પણ...**' કોનું કારણ? મોક્ષ એટલે સિદ્ધદશા. તેના જે પરિણામ એ આત્માના પરિણામ છે, એ આત્માના પરિણામ છે. વસ્તુ છે એ તો ત્રિકાળ છે, ગુણ પણ ત્રિકાળ છે, પણ તેને આશ્રયે થયેલા પરિણામ પણ પૂર્ણ-પૂર્ણ પવિત્ર છે તે આત્માના પરિણામ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ભાઈ નિવૃત્તિ જોઈએ અને અંદર પાત્રતા જોઈએ ત્યારે એ વાત બેસે એવી છે, ભાઈ! આહા..હા..! શું કહ્યું એ? મોક્ષ છે મોક્ષ એ પર્યાય છે, પરિણામ છે, આત્માના પરિણામ છે, ગુણ નહિ. મોક્ષ છે એ ગુણ નથી, પરિણામ છે. આહા..હા..! '**માટે તેનું કારણ પણ આત્માના પરિણામ જ હોવું જોઈએ.**' લોજિકથી-ન્યાયથી સિદ્ધ કરે છે. '**દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના પરિણામ છે;...**' આહા..હા..! એ શબ્દશ્રુતનું જ્ઞાન અને નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ અને પંચમહાવ્રતનો (વિકલ્પ) એ આત્મા નહિ, એ આત્માના પરિણામ નહિ. આહા..હા..! '**દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના પરિણામ છે;...**' પરિણામિક પરમપારિણામિક સ્વભાવભાવ ભગવાન એના પરિણામ, પરિણામી પદાર્થ પરિણમન કરીને પરિણામ નિર્મળ થયા—વીતરાગી પરિણામ થયા તો તે પરિણામ આત્માના. તો જે મોક્ષના પરિણામ જ્યારે આત્માના, તો એનું કારણ પણ આત્માના પરિણામ જોઈએ. પરના પરિણામ કારણ અને મોક્ષના પરિણામ તે કાર્ય એમ હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રોતા :- વાત જુદી જાતની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જુદી જાત છે. આવો માર્ગ છે, ભાઈ! સમજાણું કાંઈ?

'**દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના પરિણામ છે;...**' વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર ચારિત્રના પરિણામ એ આત્માના નહિ એમ કહે છે. એ તો અણાત્માના અજીવ પરિણામ. આહા..હા..! એ અજીવ પરિણામથી જીવના મોક્ષના પરિણામ ન થાય. આહા..હા..! મોક્ષના પરિણામ એ આત્માના પૂરા નિર્મળ પરિણામ હોવાથી તેના કારણમાં પણ આત્માના નિર્મળ પરિણામ તે કારણ હોય. એ આત્માના પરિણામ હોય એ કારણ હોય. તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય એ આનંદની દશા તે આત્માના પરિણામ છે. માટે આત્માના પરિણામરૂપી મોક્ષ એના કારણમાં આત્માના પરિણામ હોવા જોઈએ. આહા..હા..! કહો, હિંમતભાઈ! આવું છે. લોઢા આડે નવરા થાય ત્યારે આ સમજાય એવું છે. આહા..હા..! જુઓને ચાલ્યા ગયા બિચારા. આહા..હા..! હમણા પ્રમુખપણું આપ્યું. નવનીતભાઈ ગુજરી ગયા તો મુંબઈનું પ્રમુખપણું એને આપ્યું. એ થોડું રહ્યા ત્યાં ઉડી ગયા. આહા..હા..! એ દેહની સ્થિતિ નાશવાન છે. એ તો નાશવાન, પણ અહીં તો કહે છે... આહા..હા..! પરને આશ્રયે થયેલા પરિણામ એ મલિન છે, એ આત્મા નહિ, એ નાશવાન છે. આહા..હા..! જોકે મોક્ષના પરિણામ છે એ પણ નાશવાન છે. કેમકે એક સમયના પરિણામ છે. સમજાણું કાંઈ? પણ ત્રિકાળી ભગવાન અને આનંદના આશ્રયે પ્રગટ્યા છે માટે તેને સ્વદ્રવ્ય કહેવામાં આવ્યા છે. આહા..હા..! આવી વાતું છે. ક્યાંય બિચારા સલવાઈને પડ્યા બેઠા અને માની બેઠા અમે કાંઈક જાણીએ છીએ અને અમને કાંઈક આવડે છે. આહા..હા..!

શું કહ્યું એ? મોક્ષ એ પર્યાય છેને. મોક્ષનો માર્ગ પણ પર્યાય છે, મોક્ષ પણ પર્યાય છે અને બંધના પરિણામ એ પરિણામ છે, પણ એ વિકારી હોવાથી, પરાશ્રિત હોવાથી અજીવ છે. આહા..હા..! '**માટે નિશ્ચયથી તે જ મોક્ષનો માર્ગ છે.**' કેટલું સમાડ્યું ત્રણ લીટીમાં જુઓ! આ પૂર્વના પંડિતો. અત્યારે તો ગોટા વાળે છે. એક હુકમીચંદજી જાગ્યો છે. ૪૧ વર્ષની ઉંમર પણ એનો ક્ષયોપશમ આહા..હા..! ૧૫-૧૫ હજાર છોકરાઓની પરીક્ષા લે. ૧૦-૧૦ હજાર માણસની વચ્ચે વ્યાખ્યાન આપે. બહુ ક્ષયોપશમ, ઘણો ક્ષયોપશમ છતાં એનું અભિમાન નહિ, ઘમંડ નહિ. આહા..હા..! એવો માણસ છે. જયપુર-જયપુર. આવે છેને આપણે ઘણી વાર. આહા..હા..!

એમાં તર્ક ઉઠાવ્યો છેને, ઇન્દ્રિયના વિષયને સેવતો ન હોય માટે સંયમ છે એમ કોણે કહ્યું? કેમકે ઇન્દ્રિયાના વિષયો તો નવમી ગ્રૈવેયકના દેવને સ્ત્રીનો વિષય છે જ નહિ જિંદગી ૩૧ સાગર સુધી અને અનુત્તર વિમાનના દેવને ૩૩ સાગર સુધી સ્ત્રી છે જ નહિ. મનમાં, વચન અને કાયાથી સ્ત્રી છે જ નહિ એને. આહા..હા..! તો સ્ત્રીનું સેવન નહિ માટે સંયમ એમ હોય તો તો એને સંયમી કહેવા જોઈએ. આહા..હા..! એવો તર્ક કરે છે. બહુ મગજવાળો

માણસ. અહીં આવે તો એમ જ કહે, મહારાજ! આ બધું આપના પ્રતાપે છે. હું શીખ્યો છું તમારી પાસેથી એમ કહે. શું આ કીધું? જુઓ, હમણા તર્ક આવ્યો છે એનો કે નવમી ગ્રૈવેયકના દેવોને જાવજીવ સ્ત્રી નથી અને સ્ત્રીનો ભોગ નથી માટે તેને સંયમી કહેવો? તો સંયમી છે નહિ ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? અને આહારને માટેની જે ઉપાધિ છે એ પણ દેવને ત્યાં નથી. રાંધવું ને એકેન્દ્રિય જીવ હણાય એવું તો ત્યાં નથી. હજારો વર્ષે જ્યારે એ વૃત્તિ ઉઠે ત્યાં અમૃત ઝરે. હવે એવાને સંયમ છે? સંયમ એને ન કહેવાય. આહા..હા..! સંયમ તો સમ અંદર આત્માનું દર્શન સમ્યક્ થયું અને એમાં પછી લીનતા આનંદમાં થાય તેને સંયમ કહેવાય છે. આ ફેરી આવ્યું છે હિન્દી આત્મધર્મમાં. ભાઈ! મનસુખભાઈ આવ્યું છે એમાં. ભારે તર્ક કર્યો મેં કીધું ભાઈ, વાત સાચી. બાહ્યત્યાગથી તો જો સંયમી કહેવાય તો એને જાવજીવનો સ્ત્રીનો ત્યાગ છે. આહા..હા..! અને આહારના રાંધવાનો આરંભનો એને જાવજીવનો ત્યાગ છે. શાંતિભાઈ! બરાબર છે કે નહિ? માટે સંયમ કહેવો હોય તો તો એને સંમયી કહેવો જોઈએ અને ભગવાને તો એને અવ્રતી કહ્યા છે. ભાઈ! તને સંયમ શું ચીજ છે (એની ખબર નથી). આહા..હા..! સમ પડ્યો છે પહેલો, યમ પછી છે. જેને આત્માના અંતરની નિર્વિકલ્પ અનુભવની પ્રતીતિ થઈ છે એવા સમ્યગ્દર્શનપૂર્વક જે આનંદમાં લીન કરે છે લીનતા, અતીન્દ્રિય આનંદમાં લીનતાની ઝમવટ જામે છે એને સંયમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અહીં કહે છે કે '**નિશ્ચયથી તે જ મોક્ષનો માર્ગ છે.**' કોણ? કે આત્મા જે ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ એને સ્પર્શીને, તેમાં એકાગ્ર થઈને આત્માને આશ્રિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું તે આત્માના પરિણામ, મોક્ષ પણ આત્માના પરિણામ. માટે મોક્ષના પરિણામ આત્માના તો એનું કારણ પણ આત્માના પરિણામ હોવા જોઈએ. તે આત્માના પરિણામ આ. એનાથી મોક્ષ થાય, વ્યવહારથી તારો મોક્ષ થાતો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**કારતક સુદ-૧૧, સોમવાર, તા. ૨૧-૧૧-૧૯૭૭,**
**ગાથા-૪૧૦, ૪૧૧, કળશ-૨૩૯, પ્રવચન નં. ૫૧૬**

ભાવાર્થ પછી આવ્યું છેને? ભાવાર્થ થઈ ગયો. ભાવાર્થ થઈ ગયો. એ તો કીધું. પછીનું બાકી છે લિંગનું. ભાવાર્થની ત્રણ લીટી થઈ ગઈ, પછી લિંગ છે. લિંગની વાત બીજો પેરેગ્રાફ છે.

'લિંગ છે તે દેહમય છે;...' શું કહે છે? આ શરીરનું નગ્નપણું એ હોય છે મુનિને,

પણ એ તો દેહની દશા છે, એ કાંઈ આત્માનો મોક્ષમાર્ગ નથી. એમ અંદરમાં પંચમહાવ્રતના ભાવ આવે, અઠ્યાવીશ મૂળગુણ હોય, એ કાંઈ આત્માના ભાવ નથી; એ તો રાગભાવ છે. તેથી ખરેખર તે પરદ્રવ્ય છે, દેહમય છે એ તો. આહા..હા..! આવું આકરું લાગે માણસને. શુભયોગ છે તે મોક્ષનો માર્ગ છે એમ પોકારે છે જ્યાં હોય ત્યાં. આજે મોટું (લખાણ) આવ્યું છે. સોનગઢ એકાંત છે. શુભભાવથી મોક્ષમાર્ગ કહેતા નથી. કહો, હવે શું થાય? અહીં કહે છે કે શુભભાવ છે એ તો રાગ છે. એ રાગ છે એ તો દુઃખ છે. દુઃખ છે એ આત્માના સમ્યગ્દર્શન સુખનું કારણ થાય? ઝીણી વાત, બાપુ! આહા..હા..! અનંતકાળથી રઝળે છેને. એને પર પ્રત્યેના રાગની વૃત્તિની રુચિ ખસતી નથી અને એ રાગની રુચિ ખસ્યા વિના જ્ઞાયક ધ્રુવ ચૈતન્યમૂર્તિની એને રુચિ થતી નથી. આહા..હા..!

જે અનંત-અનંત આનંદ આદિ ગુણની ખાણ છે આત્મા એની રુચિ અને દૃષ્ટિ ક્યારે થાય? કે પર્યાયબુદ્ધિ એટલે રાગની રુચિ છૂટે તો આ રુચિ થાય. આહા..હા..! અને તે એકાંત છે. તે સ્વભાવનો આશ્રય લેતા જે ધર્મ થાય તે ધર્મ મોક્ષનો માર્ગ છે. સમ્યક્ એકાંત છે. રાગથી થાય નહિ એનું નામ અનેકાંત છે. અહીં તો કહે છે કે આત્માને આશ્રયે ધર્મ થાય અને રાગ થાય શુભ એને આશ્રયે પણ ધર્મ થાય તો એ સ્યાદ્વાદ અનેકાંત કહેવાય. આવો સ્યાદ્વાદ ફુદડીવાદ છે. એ વીતરાગ સ્વરૂપી ભગવાન આત્મા એને વીતરાગથી વિરુદ્ધ રાગનો સંબંધ જ નથી. આહા..હા..! એવા રાગને ધર્મનું કારણ માનવું.. મોટી ચર્ચા ચાલી છેને અત્યારે. એ આજે પણ આવ્યું છે. નરેન્દ્રએ લખ્યું છેને. નરેન્દ્રએ લખ્યું છે કે શુભ મોક્ષનો માર્ગ હોય તો અમે ચેલેન્જ કરીએ છીએ કે મોક્ષમાર્ગ નથી. કરો ચર્ચા. હવે અત્યારે ચાલ્યું આ બધું, સોનગઢ નીકળ્યા પછી. મોટી ચર્ચા. એક છે કોલ્હાપુરનો નરેન્દ્ર કરીને. એણે લખ્યું હતું કે બિલકુલ નહિ. શુભરાગ મોક્ષનો માર્ગ છે જ નહિ. તમે ચેલેન્જ આપો છો અમને. જગનમોહનલાલે પહેલાં લખ્યું હતુંને, મખનલાલજીએ કે શુભયોગ છે તે હેય નથી. શુભયોગને હેય માને તે મિથ્યાદૃષ્ટિ. ત્યારે કૈલાસચંદજીએ લખ્યું કે શુભયોગ હેય તો કુંદકુંદાચાર્ય માને છે. તો કુંદકુંદાચાર્ય મિથ્યાદૃષ્ટિ ઠર્યા? ત્યારે ચેલેન્જ આપી છે ઓલાએ. ચાલો દિલ્હી આવો બે દિ', ચર્ચા-વાદવિવાદ કરીએ. તો એની સામે નરેન્દ્ર છે કોલ્હાપુરનો, એણે ચેલેન્જ આપી છે કે હું ચેલેન્જ આપું છું કે આવો. બે દિ'એ નહિ પત્તો ખાય. બે-ચાર વધારે જોશે. શુભયોગ તે ધર્મ મોક્ષમાર્ગ છે જ નહિ. એને હું ચેલેન્જ આપું છું આવો. હવે આ ચર્ચા અત્યારે ચાલે છે. અરે! ભાઈ!

એ તો પહેલા કહેવાઈ ગયુંને કે મોક્ષ એટલે શું? કે આત્માના અતીન્દ્રિય આનંદના પરિણામની પૂર્ણતા તે મોક્ષ. તો એ આત્માના પરિણામ છે મોક્ષ તો. તો મોક્ષ આત્માના પરિણામ એ મોક્ષના કારણ પણ આત્માના પરિણામ હોવા જોઈએ. એ વાત આવી ગઈ છે. આહા..હા..! રાગ કાંઈ આત્માના પરિણામ નથી, એ તો વિભાવ છે. નિશ્ચયથી તો એને પુદ્ગલના પરિણામ

અથવા પુદ્ગલ જ કહ્યા છે. આહા..હા..! ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ (છે) પણ એની ઉપર દૃષ્ટિ અને એની મહિમા આવી નથી. ભગવાન મહા અતીન્દ્રિય આનંદના અનંત સ્વભાવથી ભરેલો ભગવાન છે. એ અંદર જોયું નથી, નજર કરી નથી. કરવાના તરફમાં કર્યું નથી અને નથી કરવાના તરફમાં જુકાઈ ગયો છે. આહા..હા..! એથી એને આત્મા શું ચીજ છે? વસ્તુ છે કે નહિ કોઈ? અને છે તો એ શું છે? આહા..હા..! અખંડ આનંદ અને જ્ઞાનરસથી, શાંતરસથી, વીતરાગરસથી ભરેલો એ ભગવાન છે. ભાઈ! તને ખબર નથી. આહા..હા..! એવા ભગવાન આત્માના સ્વભાવના પૂર્ણ દશાના પરિણામ મોક્ષ, તો એના વર્તમાન મોક્ષનો માર્ગ પણ એના વીતરાગી પરિણામ હોય તે મોક્ષનો માર્ગ હોય, એ આત્માના પરિણામ છે. રાગાદિ તો વિભાવ પરિણામ છે, પુદ્ગલ પરિણામ છે. આહા..હા..! આકરી વાતું, ભાઈ! શું કરે? અરે! અનંતકાળ થયા. આત્મા શું ચીજ છે અને એમાં સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા શું કહે છે એનો એણે વિચાર કર્યો જ નથી. આહા..હા..!

જિનેન્દ્રદેવ એમ કહે કે લિંગ છે તો દેહમય છે. એ શુભભાવ પણ બાહ્યવ્રત છે. આગળ કહે છે, એ છોડાવ્યા છે એ છોડાવવાનો અર્થ? એને છોડાવીને અશુભમાં જવું એમ નથી. એ હોય છે. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો, આત્માના અવલંબે નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું ત્યાં પૂર્ણ વીતરાગતા નથી એટલે એને વ્રતના પરિણામ હોય છે. સમજાણું કાંઈ? એને છોડાવીને નીચે ઉતારે છે એમ નથી. એને છોડીને સ્વરૂપમાં જા. એ માટે અહીં દેહમય લિંગ રાગાદિને પણ દેહમય કહ્યા છે. આકરું કામ હજી અહીં. આહા..હા..!

આ જંગલમાં અંધારું હતુંને રાત્રે. શું કહેવાય? બેટરી. જંગલ છેને આઘે જઈએ છીએ. ત્યાં પ્રકાશમાં આટલા આટલા ફુદરડા ઝીણા. બહુ જંગલમાં હોય ફુદરડા ઝીણા, ફુદરડા. શરીર બહુ નાનું આટલું અને એને પાંખ બે આવડી મોટી. પાંખ આવડી હોય અને શરીર તો બહુ નાનું. એવા ઓલા પ્રકાશ દેખીને.

**શ્રોતા :-** પાંખ મોટી હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાંખ મોટી. આટલું હોં. અડધી તસુ જેટલી પાંખું બે અને શરીર તો બહુ નાનું ઝીણું. આહા..હા..! કીધું, જુઓને અરે! આમ ઉડે અને પ્રકાશ પાસે આવે, ઉડે ને ભાગીને આવે. આહા..! આ અવતાર. અંદર શરીર એટલું ભલે હો, પણ એમાં આત્મા છે એ તો અનંત આનંદ અને અનંત ગુણનો ચૈતન્યચમત્કાર પ્રભુ બિરાજે છે. આહા..હા..! હવે આ જંગલ અને આવા અવતાર. આહા..હા..! અનંતવાર કર્યા અને જેને હજી મિથ્યાત્વભાવ નહિ ટાળે એને અનંતવાર કરવા પડશે. આહા..હા..! આ જંગલમાં કોઈ આહાર નહિ, પાણી નહિ ત્યાં શું કરતા હશે? જીવાત કાંઈક ખાતા હશે લીલોતરીમાં. આહા..હા..! એવા અવતાર. ઝીણા બહુ. એ તો મોટી પાંખવાળા થાય છે, પણ એનું શરીર બહુ નાનું હોય ઈયળ જેટલું. ઈયળ જેટલું શરીર હોય ઈયળ. પાંખુ મોટી આવડી આવડી હોય. માંડ માંડ ઉડે ને પડી

જાય, માંડ માંડ ઉડે ને પડી જાય. આહા..હા..! અહીં કહે છે કે એનો આત્મા છે પ્રભુ એ પણ. ક્ષેત્ર ભલે નાનું છે, પણ ચૈતન્યચમત્કારથી ભરેલો ભગવાન અંદર છે. એને છકાયના જીવને છકાય એ આત્મા નથી કહ્યો. એને જ્ઞાનમાત્ર જે જાણકસ્વભાવ, ચૈતન્ય જાણકસ્વભાવ તેને આત્મા કહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એમ આ દેહમાં બિરાજતો પ્રભુ, શરીર તો મોટું આવડું અને એમાં આત્મા પણ એને આકારે રહે શરીરને આકારે, છતાં એના સ્વભાવમાં ચૈતન્ય વસ્તુનો ચમત્કાર અલૌકિક છે, ભાઈ! શું થાય? આહા..હા..! એ તત્ત્વ છે, વસ્તુ છે, સ્વતઃસિદ્ધ અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ છે ઈ. આહા..હા..! એ નિત્યાનંદના આશ્રયે કરતા જે નિર્મળ પરિણતિ થાય એ આત્માના પરિણામ. એ પૂર્ણ મોક્ષના આત્માના પરિણામનું આ કારણ થાય. મોક્ષના પરિણામ આત્માના તો એનું કારણ વિભાવ રાગ થાય એમ ત્રણકાળમાં બને નહિ. આહા..હા..! શું થાય? પોતે પોતાને જ ભૂલી ગયો છેને. આહા..હા..! અને ભૂલની ભ્રમણામાં કાંઈક કાંઈક કલ્પનાઓથી માને છે. આહા..હા..!

અહીં કહે છે, '**લિંગ છે તે દેહમય છે; દેહ છે તે પુદ્ગલદ્રવ્યમય છે;...**' એ બધું પુદ્ગલ છે. આહા..હા..! '**માટે આત્માને દેહ મોક્ષનો માર્ગ નથી.**' આ શરીરની ક્રિયા હાલવું-ચાલવું એ કાંઈ દેહની ક્રિયા કંઈ મોક્ષનો માર્ગ નથી, તેમ અંદર વ્રતનો વિકલ્પ ઉઠે છે એ પણ કાંઈ મોક્ષનો માર્ગ નથી. આવી આકરી વાત પડે છે. સોનગઢપંથી એમ કરીને નામ આપે છે. સોનગઢપંથીઓ આમ માને છે. અરે! પ્રભુ! આ તો વીતરાગપંથ છે. આહા..હા..! બહેને લખ્યું છેને, કનકને કાટ ન હોય, અગ્નિને ઉધઈ ન હોય. બહેનમાં આવ્યું છેને. કનક નામ સોનું એને કાટ ન હોય, એમ અગ્નિમાં ઉધઈ ન હોય. ઉધઈ સમજો છો? ઝીણી-ઝીણી જીવાત, ધોળી ઝીણી જીવાત. એ આમ તડકો લાગે તો સડસડ થઈને મરી જાય. એ અગ્નિમાં ઉધઈ ન હોય, એમ પ્રભુ દ્રવ્યસ્વભાવ સત્ત્વ સ્વભાવ એને આવરણ ન હોય, એને અશુદ્ધતા ન હોય, એમાં ઉણપ ન હોય. આ ત્રણ શબ્દ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઘણી સાદી ભાષા અને સિદ્ધાંતનું મૂળ રહસ્ય. સાદી ગુજરાતી. છોકરાઓને કોકને પૂછ્યું કે ભાઈ વાંચ્યું? હા, હા, બહુ સહેલું લાગે છે. આહા..હા..! સાવ સહેલી વાત છે, બાપા! તારા ઘરની વાત છે, ભાઈ! અને તે સાદી ભાષા ગુજરાતી. આમ તદ્દન બે ચોપડીનો ભણ્યો હોય એ પણ સમજી શકે. આહા..હા..! એમાં ભણતરનું શું કામ છે? અંદર બિરાજે છેને પ્રભુ.

જેમાં અનાકુળ અતીન્દ્રિય આનંદ અનંત છે. એ કેમ બેસે ભાઈ? આહા..હા..! જેનો સ્વભાવ છે, સ્વરૂપ છે. આહા..હા..! એ આત્મા સ્વરૂપવાન અને એનું સ્વરૂપ અનહદ જ્ઞાન અને અનહદ આનંદ એવી અનહદ શક્તિઓનો એ તો ભંડાર છે, ભાઈ! આહા..હા..! એને આશ્રયે થતા જે પરિણામ તે મોક્ષનું કારણ છે. આહા..હા..! '**માટે આત્માને દેહ મોક્ષનો**

**માર્ગ નથી. પરમાર્થે અન્ય દ્રવ્યને અન્ય દ્રવ્ય કાંઈ કરતું નથી...'** આહા..હા..!

**શ્રોતા :-** વ્યવહારે કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારે બોલાય છે, કરે છે નહિ. અરે ભાઈ! આવો અવસર મળવો મુશ્કેલ, ભાઈ! દુનિયાનું સહન કરી લેજે પણ આ વસ્તુને પકડજે. પ્રતિકૂળતા હો દુનિયામાં, ગમે તે પરિષહ ઉપસર્ગ હો એને ગણીશ નહિ, કુટુંબ-કબીલા કદાચ વિરોધ કરે એને ગણીશ નહિ. આ કરી લે... આ કરી લે.

અતીન્દ્રિય આનંદનું અસ્તિત્વ તત્ત્વ એ વસ્તુ અનાદિ-અનંત એ નિત્ય વસ્તુ ઉપર દૃષ્ટિ આપતા જે નિર્મળ પરિણામ પ્રગટ થાય તેને શુદ્ધ કહીએ, તે શુદ્ધ પરિણામ તે પૂર્ણ શુદ્ધતાનું કારણ છે. આહા..હા..! મોક્ષ એ પૂર્ણ શુદ્ધ છે. આહા..હા..! અરે! ક્યાં જઈને રખડે છે? આવા જીવોને દેખીને. એક સર્પ કાલે હતો. મોટો સર્પ નીકળ્યો. કાલે રવિવાર નહિ? કાલે નહિ? રસ્તામાં મોટો લાંબો સાપ નીકળ્યો. મોટર ઉભી રહી ગઈ નહિતર કચરાઈ જાય. માણસ પણ જોડે ઉભો હતો બીજો કો'ક. એ કહે સર્પ નીકળ્યો. મોટો લાંબો સર્પ આમ નીકળ્યો હતો. આહા..હા..! આ અવતાર જુઓ એના! ત્રણ હાથ લાંબો, એ કહે ત્રણ સાડા ત્રણ હાથ લાંબો હતો. લાંબો. આહા..હા..! એના દાઢમાં ઝેર, એના આત્મામાં આનંદ. આહા..હા..! એ પણ અંદર ભગવાન છે આત્મા. અતીન્દ્રિય અમૃતના સાગરમાં અંદર લબાલબથી ભરેલો ભગવાન છે. આહા..હા..! એની દાઢમાં ઝેર. ડંખ મારે ત્યાં ખ્યાલ આવે કે સર્પનો ડંખ લાગ્યો. રાડ નાખી જાય. પીડા ન હોય એમાં. વીંછીના કરડમાં પીડા હોય છે, સર્પના કરડમાં પીડા ન હોય. એ જ્યાં આવ્યો ત્યાં ઘેન ચડી જાય. આહા..હા..! એમ ભગવાન આત્માના આનંદમાં રાગના પરિણામનું ઝેર નથી. એને દાઢમાં ઝેર છે એ રાગમાં ઝેર છે. આહા..હા..! મોટો સર્પ હતો.

એક ફેરી તો અમે બોટાદમાં જોયો હતો મોટો જબ્બર. એકલો હું દિશાએ જતો હતો અને વાડમાં રહેતો હશે મોટો .. પાણી પીવા નીકળેલો તળાવ હતું જોડે. હું બરાબર દિશાએ નીકળ્યો. બહુ છેટું હતું દિશાએ. અને એને બીક લાગી અને એકદમ ગુલાંટ મારી આમ. આમ મોઢું હતુંને તો આમ ગુલાંટ મારી આમ મોઢું જ્યાં વાડમાં જાવું હતુંને એને. અને આટલો મોટો, જાડો અને લાંબો. ઓહો..હો..!

એક ફેરી ક્યાં? એક ફેરી ત્યાં જતા હતા ત્યાં સર્પ મોટો ભાળ્યો હતો જામનગર. નથી આની કોર? ભૂલી ગયા ગામનું નામ. આમ .. રસ્તામાં. એ રસ્તામાં નીકળ્યો હતો એક મોટો જબરદસ્ત નીકળ્યો. અમને દેખીને આમ.. બીક લાગી એને બિચારાને. અમે જરીક ઉભા રહ્યા. એ બિચારો હળવે-હળવે નીકળી ગયો. આ અવતાર! આહા..હા..! આવા અનંત અવતાર કર્યા, ભાઈ! ભવ અને ભવના ભાવ વિનાનો ભગવાન એને જેણે જાણ્યો અને માન્યો નહિ એણે આવા ભવ અનંતા કર્યા. કોઈ ત્યાં દયા કરનાર નહોતું. આહા..હા..!

અહીં કહે છે કે પ્રભુ! એકવાર સાંભળ અને નિર્ણય તો કર. આહા..હા..! એવો નિર્ણય કર કે દુનિયા આખી ફરે તો ફરે નહિ. આહા..હા..! કહે છે કે એ '**અન્ય દ્રવ્ય કાંઈ કરતું નથી એ નિયમ છે.**' એ નિયમ છે. રાગાદિ દેહની ક્રિયા આત્માને કાંઈ લાભ કરતી નથી. એવો જગતના તત્ત્વનો નિયમ છે. લ્યો, આ નિયમ નથી કહેતા કે નિયમ લ્યો. પણ એ આ નિયમ છે. આહા..હા..!

'**જો આમ છે (અર્થાત્ જો દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી અને દર્શનજ્ઞાનચારિત્ર જ મોક્ષમાર્ગ છે) તો આમ કરવું—એમ** હવે ઉપદેશ કરે છે :—' ૪૧૧.

तम्हा जहित्तु लिंगे सागारणगारएहिं वा गहिदे।
दंसणणाणचरित्ते अप्पाणं जुंज मोक्खपहे।।४११।।

**તેથી તજી સાગાર કે અણગાર-ધારિત લિંગને,**
**ચારિત્ર-દર્શન-જ્ઞાનમાં તું જોડ રે! નિજ આત્મને. ૪૧૧.**

આત્માને જોડ એમ કીધું. જોયું! આત્મામાં જોડ. આહા..હા..!

'**ટીકા :- કારણ કે દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી,...**' આટલો તો ખુલાસો વીતરાગ પોતે મુનિ સંતો કહે છે. આહા..હા..! અમારું નગ્નપણું છે એ કાંઈ મોક્ષનો માર્ગ નથી અને અમને અંદર પંચમહાવ્રત આદિના વિકલ્પ આવે, હોય છતાં એ કાંઈ મોક્ષમાર્ગ નથી. આહા..હા..! આવો તો ગાથાદીઠ પોકાર છે. આહા..હા..! અને તે પ્રભુ તારા હિતની વાત છેને. શુભથી મોક્ષમાર્ગ માન તો પ્રભુ તને મિથ્યાત્વનું અહિત મોટું થશે. આહા..હા..! સ્વભાવનો સાગર એને ક્ષણિક એક સમયની વિકૃત અવસ્થા એ સ્વભાવના સાગરને ખોલવા માટે કારણ બને એ તો કલંક છે. સમજાણું કાંઈ? વાત એ છે કે આત્માનું ક્ષેત્ર આવડું છે શરીર પ્રમાણે, માટે એને એમ લાગે છે. કોઈ દિ' વર્તમાન પર્યાય સિવાય રમતું કાંઈ કરી નથી એણે. વર્તમાન પર્યાય અને તેના આગળ જતાં રાગ અને એનું આગળ જતાં શરીર, બસ ત્યાં એની રમતું માંડી બધી. આહા..હા..! એક સમયની પર્યાયની પાછળ, પર્યાય છે એ તો વ્યવહાર આત્મા છે, એની પાછળ પ્રભુ નિશ્ચય આત્મા. એ શબ્દો નહિ, બાપુ! એ પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ અતીન્દ્રિય શાંતિ, પૂર્ણ સર્વજ્ઞ સ્વભાવ, પૂર્ણ સર્વદર્શી સ્વભાવ, પૂર્ણ પ્રભુતાના સ્વભાવથી ભરેલો ભગવાન આત્મા એને, કહે છે કે '**દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી,...**' આવો ભગવાન એમાં બિરાજે એને આ ક્રિયાકાંડના ભાવ અને શરીરની નગ્નતા એ કોઈ મોક્ષનું કારણ નથી.

'**તેથી સમસ્ત દ્રવ્યલિંગને છોડીને...**' એટલે કે વ્રતના વિકલ્પનું લક્ષ છોડીને. વ્રત છોડીને અવ્રતમાં જાવું એમ નહિ. મુનિને વ્રત તો હોય છે. નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્રની ભૂમિકામાં પૂર્ણતા નથી એને વ્રતનો વિકલ્પ હોય છે, પણ અહીં કહે છે કે એને છોડીને એટલે કે એના ઉપરનું લક્ષ છોડીને સ્વરૂપમાં ઠર. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું. અંદર

નિરાલંબી નિરાશ્રય ભગવાન ચિદાનંદ પ્રભુ છે. જેના અનંતગુણને કહેવા માટે કેવળીને પણ એટલું આયુષ્ય નથી. આહા..હા..! એક એક ગુણ કહેવા જાય તો જિંદગીમાં કેટલા કહી શકે? આયુષ્ય સંખ્યાત તો સંખ્યાત કહી શકે. અસંખ્ય તો આયુષ્ય નથી કેવળીને પણ. આહા..હા..! તો આ તો અનંતાઅનંત અનંતાઅનંત શક્તિઓનો સંગ્રહ ભગવાન. ક્ષેત્રને ન જો, એના ભાવની શક્તિની તાકાત કેટલી! આહા..હા..! એક કુદ્દું દેખ્યું, પણ એના શરીરમાં ઓલો પ્રભુ બિરાજે એ તો અનંત અને અમાપ શક્તિનો ધણી છે. આહા..હા..! અંતર તો એ પરમાત્મસ્વરૂપ જ છે. આહા..હા..! એમ દૃષ્ટિમાં એ લે ત્યારે એને બેસેને. આહા..હા..!

'**દ્રવ્યલિંગને છોડીને દર્શનજ્ઞાનચારિત્રમાં જ,...**' પૂર્ણ દર્શન, પૂર્ણ જ્ઞાન, ચારિત્રથી ભરેલો ભગવાન એને આશ્રયે થયેલું દર્શન, જ્ઞાન અને ચારિત્ર. આહા..હા..! એને જ '**તે મોક્ષમાર્ગ હોવાથી,...**' છે? '**આત્માને જોડવાયોગ્ય છે—**' હોવાથી આત્માને જ જોડવાયોગ્ય છેને? '**મોક્ષમાર્ગ હોવાથી આત્માને જોડવાયોગ્ય છે—**' એ રાગમાં ન જોડાતા... આહા..હા..! એ દર્શનજ્ઞાનચારિત્ર જે નિર્મળ પરિણામ તેમાં આત્માને જોડ. આહા..હા..! આવી વાતું છે. એક તો સંસારના કામ આડે નવરો નથી. પાપના પોટલા ૨૨ કલાક. રળવું ને બાયડી, છોકરા, કુટુંબ... આહા..હા..! જે એને કાંઈ સંબંધ નથી, પણ એના માટે બધા કાળ ગુમાવે છે પોતાનો અને એના માટે કાળ આપે. આહા..હા..! હવે એમાંથી નવરો થઈને પણ જ્યારે નિવૃત્ત થઈને પણ પાછો શુભરાગના રમતુંમાં રમે અને એનાથી કલ્યાણ થાય, તો એ તો એની એ દશા છે. સમજાણું કાંઈ? આવી વાતું, ભાઈ! આવો ઉપદેશ! છ કાયની દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, તપસ્યાઓ કરવી, એ તો આવતું નથી આમાં. એ તો બધો વિકલ્પ છે પ્રભુ તને. જ્ઞાનસ્વરૂપીમાં આ ઉત્થાન કરવું વૃત્તિ, આમ કરવું એ તો વૃત્તિનું ઉત્થાન એ તો રાગ છે, વિકાર છે. આહા..હા..! એને છોડીને સ્વરૂપમાં લીન થા એમ કહેવું છે. છોડીને એટલે કે એને છઠ્ઠે ગુણસ્થાને મુનિને વ્રત હોય એ વ્રત છોડીને અવ્રતમાં આવવું એમ કાંઈ છે નહિ. શુભ છોડીને અશુભમાં આવવું (એમ નથી કહેવું). એ શુભ છોડીને સ્વરૂપમાં આવવું. આહા..હા..! આવી વાતું છે. એને છોડીને સ્વરૂપમાં આવને કહે છે. આહા..હા..! એ તારા ઘરમાં આવને. લ્યો, એ ઘર એ છે. આહા..હા..!

આવે છેને ભજનમાં આવે છે. 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે. અબ હમ કબહુ ન નિજ ઘર આયે.' પુણ્ય કર્યા તો પુણ્યવાળો, પાપ કર્યા તો પાપવાળો, શરીર આવ્યું તો શરીરવાળો, બાયડીવાળો, પત્નીનો પતિ, પૈસા થયા તો પૈસાનો પતિ આ બધા નામ ધરાવ્યા પ્રભુ તેં. આહા..હા..! નિજઘર પ્રભુ જેમાં અખંડ આનંદનો નાથ બિરાજે છે પ્રભુ, એના ઘરમાં તું ન આવ્યો, પરઘરમાં વ્યભિચારી થયો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..!

અહીં કહે કે '**મોક્ષમાર્ગ હોવાથી, આત્માને જોડવાયોગ્ય છે—એમ સૂત્રની અનુમતિ છે.**' એમ સિદ્ધાંતનું કથન આ છે, આ આજ્ઞા છે. આહા..હા..! જોયું! અમૃતચંદ્રાચાર્યે પણ અર્થ કર્યો. સૂત્રની આ અનુમતિ છે. સિદ્ધાંતનું આમ કહેવું છે અને સિદ્ધાંતની આ આજ્ઞા છે. આહા..હા..! અરે! છેને ટીકામાં? '**इति सूत्रानुमतिः**' સિદ્ધાંતને આ કહેવું છે એમ કહે છે. આહા..હા..! રાગને છોડીને સ્વરૂપમાં ઠરવું એમ સિદ્ધાંતને કહેવું છે, આગમને એમ કહેવું છે, જિનવાણી આમ કહે છે. આહા..હા..! વીતરાગ જિનેશ્વર પરમાત્મા એની અનુમતિનું કથન આ છે કે રાગની ક્રિયા અને દેહના લિંગનું લક્ષ છોડી દે. આહા..હા..! સમાધિશતકમાં આવે છેને. આ ભાઈ સાથે અર્થ કર્યો હતો. પંડિત લાલન. પંડિત લાલન કહે કે જુઓ, આમાં લિંગ અને એનો આગ્રહ રાખવો નહિ એમ કીધું છે. માટે ગમે તે લિંગ અને ગમે તે નગ્ન અને વસ્ત્રસહિત હોય તોપણ મુક્તિ થાય એમ કહેતા હતા ઈ. એ એમ નથી. નગ્નપણું અને વ્રતના વિકલ્પ છે એનો આગ્રહ છોડી દેવો કે આનાથી મોક્ષ થશે. લિંગ તો નગ્ન જ હોય, પણ નગ્નપણાથી મને કલ્યાણ થશે એ આગ્રહ છોડી દે. પણ એનો અર્થ એવો નથી કે નગ્નપણા સિવાય વસ્ત્રસહિત પણ હોય અને મુનિપણું હોય, એવું ત્રણકાળમાં નથી. સમજાણું કાંઈ? લાલન હતાને પંડિત લાલન. પંડિત મોટા ભણેલા. ૧૬ વર્ષની ઉંમરથી ૯૨ વર્ષ સુધી ભણ્યા-ભણ્યા, ભણતર-ભણતર. શ્વેતાંબર હતા. પંડિત અહીંયાં રહ્યા હતા. પછી આ મૂક્યું હતું એક ફેરી અહીંયાં. અહીંયાં વાત ચાલતી હતી કે ભાઈ મુનિનું લિંગ તો નગ્ન જ હોય. એને વસ્ત્રનો કટકો પણ હોય નહિ અને એને પંચમહાવ્રતના પરિણામ જ હોય, પણ છતાં એ દ્રવ્યલિંગ છે. એનાથી મુક્તિ થશે એવો આગ્રહ છોડી દે. પણ એનો અર્થ એવો નથી કે આ લિંગ ન હોય અને બીજું પણ લિંગ હોય અને આગ્રહ છોડી દે આ નગ્નપણા સિવાય વસ્ત્રસહિત હોય તોપણ મુક્તિ થાય એ આગ્રહ છોડી દે એમ નથી. સમજાણું કાંઈ?

પંદર ભેદે સિદ્ધ કહ્યા છે શ્વેતાંબરમાં. પંદર ભેદે સિદ્ધ. સ્ત્રીલિંગે સિદ્ધ, પુરુષલિંગે સિદ્ધ, નપુંસક લિંગે સિદ્ધ, ગૃહસ્થલિંગે સિદ્ધ, અન્યમતિના બાવાના વેષને લિંગે સિદ્ધ. શ્રીમદ્‌માં પણ એમ આવે છે. મુનિને, આત્મજ્ઞાનીને કેવળજ્ઞાન પામવાની તૈયારીવાળાને તો નગ્નદશા જ હોય. મુનિને નગ્નદશા સિવાય કોઈ દશા હોઈ શકે નહિ. આહા..હા..! વસ્ત્રનો ટૂકડો નહિ અને પાણી લેવાનું હાથમાં પાત્ર પણ ન હોય એને. આહા..હા..! એ લિંગ તો એ જ હોય, પણ એ લિંગથી મુક્તિ થશે એ આગ્રહ છોડી દે. સમજાણું કાંઈ? પણ એનો અર્થ એવો નથી કે બીજે લિંગે પણ મુનિપણું થાય અને કેવળ થાય. એવું છે નહિ ત્રણકાળમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

શ્વેતાંબરમાં તો એ આવે છેને. મરુદેવી ભગવાનના દર્શન કરવા જાતા હતા ત્યાં હાથીને હોદ્દે આમ... આહા..હા..! ઋદ્ધિ સમવસરણ દેખી એકદમ કેવળજ્ઞાન થઈ ગયું. હાથીને હોદ્દે મોક્ષ. એક તો સ્ત્રી એનું લિંગ ઠરાવ્યું અને હાથીને હોદ્દે અને કેવળ મોક્ષ મુનિપણા નહિ.

બધી કલ્પનાઓની વાતું છે. સ્ત્રી તો ભગવાન તીર્થંકરને સ્ત્રી ઠરાવ્યાને મલ્લિનાથ. શ્વેતાંબરે મલ્લિનાથને સ્ત્રી ઠરાવ્યા. બાપુ! એ સ્ત્રી હોય નહિ. તીર્થંકર કદી સ્ત્રી હોય નહિ ત્રણકાળમાં. બાપુ! મારગડા જુદાં છે આ. અને સ્ત્રીના લિંગે સાધુપણું ન હોયને. દ્રવ્યલિંગ જેને સ્ત્રી છે એને તો સાધુપણું પણ ન હોય. પાંચમા ગુણસ્થાન સિવાય આગળ જઈ શકે નહિ. આહા..હા..! એને ઠેકાણે હાથીને હોદ્દે મરુદેવીને કેવળજ્ઞાન થયા. તદ્દન વિરુદ્ધ છે.

**શ્રોતા :-** ભગવાનની માનું નામ લઈને ખોટું કહે એ કોણ માને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! એ લોકોએ આ રીતે કલ્પના-કલ્પના બાંધી. લોકોને દુઃખ થાય, શું થાય? બાપુ! માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? દ્રવ્યલિંગ તો જે હોય તે જ હોય. અનંત તીર્થંકરો, અનંત સંતો મુક્તિએ પધાર્યા બધાને નગ્નપણું જ હતું, એને વસ્ત્રનો ટૂકડો પણ નહોતો. આહા..હા..! પણ એ લિંગ મોક્ષનું કારણ નથી એમ અહીં સિદ્ધ કરવું છે. પણ લિંગ મોક્ષનું કારણ નથી માટે ગમે તેવું લિંગ હોય એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વ્રત મોક્ષનો માર્ગ નથી, માટે અવ્રતના પરિણામે પણ મુનિપણું થઈ જાય અને કેવળ થાય એમ નથી. આહા..હા..!

અહીં તો કહે છે, સૂત્રની સિદ્ધાંત અનંત જ્ઞાનીઓની, પરમાગમની આ અનુમતિ છે કે દ્રવ્યલિંગ એ નગ્નદશા અને મહાવ્રતના પરિણામ તે મુક્તિનું કારણ નથી. મુક્તિનું કારણ નથી માટે મુક્તિ જનારને એવું નિમિત્ત ન હોય એમ નહિ. સમજાણું કાંઈ? એનાથી મુક્તિ નથી. ગમે તે લિંગ હોય. વ્રતના વિકલ્પથી અને નગ્નપણાથી મુક્તિ થાય એ સિદ્ધાંત નહિ, એ સિદ્ધાંતની આજ્ઞા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- અહીં દ્રવ્યલિંગને છોડી આત્માને દર્શનજ્ઞાનચારિત્રમાં જોડવાનું વચન છે તે સામાન્ય પરમાર્થ વચન છે.**' એટલે કે એ વ્રતને છોડીને અવ્રતમાં જાવું એમ નથી ત્યાં. વ્રતના વિકલ્પ છોડીને ગમે તે સ્થિતિમાં એને મુનિપણું થઈ જાય કે કેવળજ્ઞાન થઈ જાય એમ નથી. આહા..હા..! માર્ગ તો આવો બાપુ છે. શ્રદ્ધામાં જો દૃષ્ટિમાં વાંધો આવ્યો તો બધી ગડબડ ઉભી થશે. સમજાણું કાંઈ? '**જોડવાનું છે તે સામાન્ય પરમાર્થ વચન છે. કોઈ સમજશે કે મુનિ-શ્રાવકનાં વ્રતો છોડાવવાનો ઉપદેશ છે.**' એમ નથી. એમ કે ગમે તે વ્રતમાં શું કામ છે ત્યાં? એમ કરીને અવ્રતમાં આવી જવું અને ગમે તેવા પરિણામમાં આવવું એમ નથી. સમજાણું કાંઈ?

'**જેઓ કેવળ દ્રવ્યલિંગને જ મોક્ષમાર્ગ જાણી...**' જોયું! નગ્નપણું અને પંચમહાવ્રતના પરિણામ એવા '**દ્રવ્યલિંગને જ મોક્ષમાર્ગ જાણી ભેખ ધારણ કરે છે,...**' ભેખ ધારણ, નગ્નપણું ધારણ કરે છે. આહા..હા..! '**તેમને દ્રવ્યલિંગનો પક્ષ છોડાવવા ઉપદેશ કર્યો છે કે—**' ભાવલિંગ સહિત દ્રવ્યલિંગ એવું જ હોય, પણ એ ભાવલિંગ વિનાના એકલા દ્રવ્યલિંગથી મોક્ષ થાય એનો પક્ષ છોડાવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો કોઈ કહે

કે એ તો દિગંબર ધર્મ સિદ્ધ થશે. તો આ પછી શ્વેતાંબર અને સ્થાનકવાસી જૈન છે (એનું શું)? દિગંબર ધર્મ કોઈ પક્ષ નથી, વસ્તુનું સ્વરૂપ આ છે. સમજાણું કાંઈ? અરે! ક્યાં પડી છે, ભાઈ! આહા..હા..! દુકાને બેઠો હોય તો એટલું ધ્યાન રાખીને બેસે કે ખાધુ ન હોય, ઉંઘ ન આવી હોય રાત્રે તો ઝોલા ન ખાય ત્યાં, અહીં ચા પીને સરખું ન આવે તો ઝોલા આવે એને. આહા..હા..! કાં બપોરની ઉંઘ ન આવી હોય સરખી. આહા..હા..!

'**ભેખ ધારણ કરે છે, તેમને દ્રવ્યલિંગનો પક્ષ છોડાવવા ઉપદેશ કર્યો છે કે- ભેખમાત્રથી...**' એટલે? '**(વેશમાત્રથી, બાહ્યવ્રતમાત્રથી)...**' બાહ્યવ્રત એ વિકલ્પો. એનાથી '**મોક્ષ નથી,...**' પંચમહાવ્રતને પાળે અને પાંચ સમિતિ, ગુપ્તિ, અઠ્યાવીશ મૂળગુણ પાળે માટે એ મુનિ છે અને મોક્ષનો માર્ગ છે એમ નથી. આહા..હા..! '**પરમાર્થ મોક્ષમાર્ગ તો આત્મના પરિણામ જે દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ છે.**' જોયું! એ પરિણામ. આત્માના પરિણામ શુદ્ધ ચૈતન્ય ભગવાનની પ્રતીતિ સમ્યગ્દર્શન, શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન અને શુદ્ધ ચૈતન્યમાં રમણતા એ આત્માના પરિણામ છે. પંચમહાવ્રતના પરિણામ એ કોઈ આત્માના પરિણામ નથી, એ તો વિભાવ છે, પુદ્ગલ પરિણામ છે. આહા..હા..! આવું સાંભળવા મળે નહિ એ હવે કે દિ' વિચારે અને કે દિ' જાય? ચાલ્યા જાય છે જુઓને. હમણાં જુઓ નવનીતભાઈ ગયા. શેઠ ગયા શાહુજી. આ ગયા. બુધવારે અહીં હતા. પોપટલાલ મોહનલાલ. લ્યો અહીં બેસતા. વયા ગયા, ઉડી ગયા બે મિનિટમાં. દેહની સ્થિતિ પૂરી થાય ત્યાં... આહા..હા..! જે આ ચીજ છે એ કરવાનું કર્યું ન હોય અને બહારમાં આ રીતે શરીર ચાલ્યું જાય પછી ક્યાં જાવું ભાઈ એને? આહા..હા..!

અહીં તો કહે છે કે બાહ્ય વ્રત કે પંચમહાવ્રત કે નગ્નપણું એ કોઈ મોક્ષનો માર્ગ નથી. છે? એનાથી '**મોક્ષ નથી, પરમાર્થ મોક્ષમાર્ગ તો આત્માના પરિણામ જે દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ છે. વ્યવહાર આચારસૂત્રમાં કહ્યા અનુસાર જે મુનિ-શ્રાવકનાં બાહ્ય વ્રતો છે,...**' હોય છે કહે છે. '**તેઓ વ્યવહારથી નિશ્ચયમોક્ષમાર્ગનાં સાધક છે;...**' સાધકપણું તો દર્શન-જ્ઞાન-ચારિત્રનું છે, પણ એની જોડે આવા વ્રત છે એને સાધકપણાનો આરોપ દઈને સાધક કહેવામાં આવે છે. સાધકપણાનું કથન બે પ્રકારે છે, સાધકપણું તો એક જ પ્રકારે છે. આહા..હા..! સાતમા અધ્યાયમાં, મોક્ષમાર્ગપ્રકાશક સાતમા અધ્યાયમાં કહ્યું છે કે મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે છે. માર્ગ બે નથી, માર્ગ તો એક જ છે. સ્વને આશ્રયે થતી દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એક જ મોક્ષમાર્ગ છે, પણ એનું નિરૂપણ કરતાં નિશ્ચય મોક્ષમાર્ગની સાથે દેવ-ગુરુની શ્રદ્ધા અને પંચમહાવ્રતના પરિણામ છે તો રાગ, પણ આ મોક્ષમાર્ગ નિશ્ચયનો ત્યાં આરોપ આપીને વ્યવહારે મોક્ષમાર્ગ કહ્યો, પણ એ મોક્ષમાર્ગ છે નહિ. આહા..હા..! આવું છે. કેટલું શીખવું આમાં?

'નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે' શ્રીમદ્‌માં આવે છે. નિર્ગ્રંથ આ. જેને રાગની

ગાંઠ છૂટી ગઈ છે, રાગની એકતા છૂટી ગઈ છે અને જેને અંતર આનંદના સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટી છે એ મોક્ષનો માર્ગ છે. બાહ્યલિંગ તો એ હોય તે જ હોય. શ્રીમદ્દમાં એ અર્થ કરે છેને બીજા? શ્રીમદ્દમાં. 'જાતિ વેશનો ભેદ નહિ કહ્યો માર્ગ જો હોય.' બહુ પ્રરૂપણા કરે છે. એક છે ભગવાનદાસ. ભગવાનદાસને? મુંબઈ. ભગવાનભાઈ. એ વવાણિયામાં મોટી પ્રરૂપણા કરે છે. 'જાતિ વેશનો ભેદ નહિ કહ્યો માર્ગ જો હોય.' ગમે તે જાતિ અને ગમે તે વેશમાં મોક્ષમાર્ગ હોય. કહ્યો માર્ગ જો હોય તો. પછી મેં અર્થ એનો એવો કર્યા છો ત્યાં ૯૫માં, રાજકોટ. 'કહ્યો માર્ગ જો હોય તો જાતિ વેશનો ભેદ નહિ.' જે જાતિ અને જે વેશ હોય તે જ હોય. આહા..હા..! એ લોકો ત્યાં એવો આગ્રહ કરે છે. તેથી અર્થ કર્યો હતો તે દિ' ૯૫માં. ૩૮ વર્ષ પહેલાં રાજકોટમાં. મોક્ષમાર્ગ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય તો એને જાતિ વેશનો ભેદ નહિ. જાતિ જે હોય તે જ હોય અને વેશ નગ્નપણું તે જ હોય. એ લોકોને વિરુદ્ધ લાગ્યું. શ્રીમદ્દના ..ઓને. અહીં તો સત્ય છે એ આ છે. ભગવાનજીભાઈ! આવે છેને એમાં? આવે છે ભાઈ! અહીં તો એવું છે. અહીં કાંઈ કોઈનો પક્ષ નથી. અહીં તો સત્યનું શું સ્વરૂપ છે તે વાત છે. એ લોકો એમ કહે છે. ગમે તે જાતિ ચંડાળની હોય, તોપણ મોક્ષ થાય અને વેશ... અને એમ કે ગમે તે જાતિ અને ગમે તે વેશ. બાવાનો વેશ હોય, પરમહંસનો હોય એમાં પણ કેવળજ્ઞાન પામે. બિલકુલ ખોટી વાત છે, એમ ત્રણકાળમાં નથી.

અહીંયાં તો અર્થ એવો કર્યો તે દિ' આત્મસિદ્ધિ વાંચી આપણે અર્થ કર્યો છે આત્મસિદ્ધિમાં. પાંચ-સાત હજાર પુસ્તક છપાઈ ગયા. અર્થ તો એવો કર્યો હતો 'કહ્યો માર્ગ જો હોય,' ભગવાને કહ્યો એવો એ આત્માનું દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય તો 'જાતિ વેશનો ભેદ નહિ.' જાતિ જે હોય ક્ષત્રિયની, બ્રાહ્મણની વૈશ્યની તે જ જાતિ હોય. વેશ નગ્નપણું જ હોય. 'કહ્યો માર્ગ જો હોય તો જાતિ વેશનો ભેદ નહિ.' જાતિ વેશનો ભેદ નહિ કહ્યો માર્ગમાં એમ નહિ. આહા..હા..! એના આશ્રિતોને ઓલું લાગ્યું થોડું. શ્રીમદ્દનો આશય તો એ છે, પણ સત્યનો આશય તો આ છે. આહા..હા..! ભગવાન કુંદકુંદાચાર્યનો તો આ પોકાર છે. અનાદિ સનાતન સર્વજ્ઞ પરમેશ્વરોનો તો એ પોકાર છે. મોક્ષ જનારને જાતિ ચંડાળની હોય અને મોક્ષ મુનિ થાય, ત્રણકાળમાં બને નહિ અને વેશ લૂગડા પહેર્યા હોય અને કેવળ થાય અને સાધુ થાય એમ ત્રણકાળમાં બને નહિ.

**શ્રોતા :-** શ્વેતાંબરમાં તો છે જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની તો ક્યાં વાત જ છે. એ બધી કલ્પનાથી અર્થ કરી નાખ્યા. આકરું લાગે, બાપુ! શું થાય, ભાઈ! માર્ગ તો આવો છે. આહા..હા..! ત્યાં તો દશવૈકાલિકમાં તો એમ લીધું કે 'अनंत' અનંત જ્ઞાન પામ્યો હોય કેવળી તોપણ છદ્મસ્થ ગુરુનો વિનય કરે. એ ભાષા આત્મસિદ્ધિમાં આવી ગઈ છે. એ વાત સાચી નથી. ભગવાનજીભાઈ! અહીં

તો આ છે, બાપુ!

**શ્રોતા** :- ખોટું ન ચાલે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીં ન ચાલે. આહા..હા..! એણે કહ્યું છેને, કેવળજ્ઞાની. 'ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન.' અરે! પણ વિનય કેવળી કરે છદ્મસ્થગુરુનો! છદ્મસ્થને વિનય કરે કોણ? જેને બહુમાન આવે, પોતાથી મોટા હોય, વિકલ્પ આવે એ વિનય કરે. ભગવાનથી મોટા કોણ છે? એને વળી વિકલ્પ કેવો આવે કે પોતાના ગુરુનો વિનય કરે? એનો અર્થ એવો કર્યો હતો તે દિ' ૩૮ વર્ષ પહેલાં કે વિનય કરે ભગવાન એટલે? કેવળજ્ઞાનમાં જોયું હતું કે પૂર્વે મેં ગુરુનો વિનય કર્યો હતો એ જ્ઞાન કર્યું એનું નામ વિનય. આહા..હા..! વર્તમાનમાં છદ્મસ્થ ગુરુને કેવળી વિનય કરે, બિલકુલ હોય નહિ. શું થાય, ભાઈ! અહીં તો વાત એવી છે. અને ગુરુની ભક્તિ કરતાં-કરતાં કલ્યાણ થઈ જાય એ ખોટી વાત છે. ગુરુ અને દેવ તો પરદ્રવ્ય છે એની ભક્તિ તો શુભરાગ હોય છે અને શુભરાગે મુક્તિ થાય અને ધર્મ થાય એમ ત્રણકાળમાં બને નહિ. આવી વાત છે. પરમ સત્ય તો આ છે. સર્વજ્ઞ પરમાત્માના મુખથી નીકળેલું તત્ત્વ તો આ છે.

અહીં કહે છે '**વ્યવહાર આચારસૂત્રમાં કહ્યા અનુસાર જે મુનિ-શ્રાવકનાં બાહ્ય વ્રતો છે, તેઓ વ્યવહારથી નિશ્ચયમોક્ષમાર્ગ...**' હોય તેને નિમિત્ત તરીકે કહેવાય એમ કહે છે. પણ જેને નિશ્ચય મોક્ષમાર્ગ હોય એને એ સાધક તરીકે, નિમિત્ત તરીકે કહેવાય, પણ જેને નિશ્ચય છે નહિ એને વ્રત ને ફલાણા સાધક થાય એમ છે નહિ. દુનિયાને બેસે ન બેસે, આવો માર્ગ છે, ભાઈ! '**તે વ્રતોને છોડાવ્યાં નથી, પરંતુ એમ કહ્યું છે કે તે વ્રતોનું પણ મમત્વ છોડી...**' એમ. વ્રત મારા છે અને મારી ચીજ છે એ છોડી દે એમ. '**પરમાર્થ મોક્ષમાર્ગમાં જોડાવાથી...**' એમ. વ્રતના વિકલ્પકાળે તો અહીં સ્થિરતા પોતાથી હોય છે. એ વ્રતને છોડાવીને સ્થિરતા છોડાવી છે એમ છે નહિ કાંઈ. સમજાણું કાંઈ? '**પરંતુ એમ કહ્યું છે કે તે વ્રતોનું પણ મમત્વ છોડી...**' એ વ્રત છે એ મારી ચીજ છે અને મને લાભ (થશે) એ વાત છોડી દે. '**પરમાર્થ મોક્ષમાર્ગમાં જોડાવાથી મોક્ષ થાય છે,...**' આહા..હા..! ચૈતન્ય નિર્મળાનંદનો નાથ પ્રભુ એની પ્રતીતિ અનુભવમાં, એનું જ્ઞાન અનુભવમાં અને તેની રમણતા સ્થિરતા એ એક જ મોક્ષનો માર્ગ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' આહા..હા..! હવે એવી શ્રદ્ધાની ખબર ન મળે. આહા..હા..! દુનિયા ગમે તે બોલે. દુનિયા એમ પણ કહે કે આ તો એકાંત છે. શ્રીમદ્ પણ આમ કહી ગયા છે શ્વેતાંબર અને દિગંબર બેય મોક્ષના આચાર્યો મોક્ષમાર્ગવાળા છે, એમ કહી ગયા છે. એ તો એ વખતે એ શૈલી હતી અને લોકો એ શૈલીમાં કહેવાય, પણ છે નહિ. સમજાણું કાંઈ? કાળીદાસભાઈ! આવું છે.

'**કેવળ ભેખમાત્રથી-વ્રતમાત્રથી મોક્ષ નથી.**' એટલું સિદ્ધ કરવું છે જોયું! આત્માના

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વિનાના વ્રત અને નગ્નપણું એવા કેવળ વ્રત એનાથી મોક્ષમાર્ગ નથી, એટલે એનાથી મોક્ષ થતો નથી. આહા..હા..! પછી અપૂર્વ અવસરમાં તો એમ કહ્યું છે, દેહમાત્ર પરિગ્રહ હોય છે. અપૂર્વ અવસરમાં તો કાઢી નાખ્યું, બધું કાઢી નાખ્યું. 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ.' બાહ્ય અને અભ્યંતર બેયમાંથી રાગ છૂટીને વ્રત પણ છૂટીને નિર્ગ્રંથદશા થાય ત્યારે મોક્ષમાર્ગ થાય. આહા..હા..! પણ ત્યાં છે એ ન લે, પાછું આની કોર હોય એ લે.

**શ્રોતા :–** જે લાભનું હોય એ લેવાયને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** લાભનું છે કે નુકસાનનું છે? પકડ્યું છે એનું લે એમ. વ્રતમાત્રથી, ભેખમાત્રથી મોક્ષ નથી એટલી વાત. વ્રત હોય છે છઠ્ઠે ગુણસ્થાને પંચમહાવ્રતના, પણ નિશ્ચય વિનાના વ્રતને વ્યવહારવ્રત પણ કહેવાતા નથી અને કેવળ વ્રતથી મોક્ષ માને એને તો નિશ્ચય છે નહિ. એને અહીં છોડાવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :–** એ સાચું હોય તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ત્યારે હોય, સાધન કહેવાય, કીધુંને નિમિત્ત કહેવાય. સાધન કહો કે નિમિત્ત કહો.

**શ્રોતા :–** સાથે હોય તો મદદ કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મદદની અહીં વાત નથી. અહીં તો આરોપથી કથન કરવાની વાત છે. સાધન કીધુંને પહેલું. સાધન બે પ્રકારના કથનમાત્ર છે. સાધનનો પ્રકાર તો એક જ છે. મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે નિશ્ચય અને વ્યવહાર. મોક્ષમાર્ગ બે નથી. મોક્ષમાર્ગ તો એક જ છે. ભગવાન આત્માના અવલંબે દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય તે એક જ મોક્ષમાર્ગ છે. આહા..હા..! શાંતિભાઈ! આવું છે આ બધું. અત્યાર સુધી તો બધું કંઈક કર્યું હશે. ભાષણ-બાષણ પોકાર્યા હશે. આમાંથી થાય ને આમથી થાય ને આમથી થાય. શું કરે પણ ખબર વિના? આહા..હા..! આવો માર્ગ છે. અનંત દિગંબર સંતોએ, અનંત દિગંબર સંતોએ આ પોકાર કર્યો છે કે માર્ગ તો આ એક જ—સ્વને આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષનો માર્ગ અને તેમાં પંચમહાવ્રત અને નગ્નપણું હોય નિમિત્ત તરીકે, હોય એ જ્ઞાન કરવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'હવે, આ જ અર્થને દૃઢ કરતી આગળની ગાથાની સૂચનારૂપે શ્લોક કહે છે :'**

दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः।
एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा॥२३९॥

આહા..હા..! **'આત્માનું તત્ત્વ...'** ભાષા દેખો! 'आत्मनः तत्त्वम्' **'આત્માનું તત્ત્વ...'** 'दर्शन-ज्ञान-चारित्र-त्रय-आत्मा' **'દર્શનજ્ઞાનચારિત્રયાત્મક છે (અર્થાત્ આત્માનું યથાર્થરૂપ દર્શન, જ્ઞાન, ચારિત્ર...'** છે. આહા..હા..! આત્મતત્ત્વ છે એ તો ત્રિકાળી છે, પણ એનું તત્ત્વ એટલે પરિણમન થવું એ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માનું તત્ત્વ. આહા..હા..! છે?

'ચારિત્રના ત્રિકસ્વરૂપ છે); **તેથી મોક્ષના ઇચ્છક પુરુષે...'** જેને આત્માની પૂર્ણ દશા પ્રાપ્ત કરવી છે એણે '(આ **દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ) મોક્ષમાર્ગ એક જ સદા સેવવાયોગ્ય છે.'** જોયું! 'એક જ સદા સેવવાયોગ્ય છે.' વ્રતાદિ હોય પણ એ સેવવાયોગ્ય નથી, હોય તે જ્ઞાન કરવાલાયક છે. એ એક જ સેવવાલાયક છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**કારતક સુદ-૧૨, મંગળવાર, તા. ૨૨-૧૧-૧૯૭૭,**
**કળશ-૨૩૯, ગાથા-૪૧૨, પ્રવચન નં. ૫૧૭**

સમયસાર, ૪૧૨ ગાથા. છેલ્લું તો એ આવ્યું હતું, કળશમાં આવ્યું હતુંને. **'મોક્ષમાર્ગ એક જ સદા સેવવાયોગ્ય છે.'** આહા..હા..! મોક્ષમાર્ગ બે નથી. વ્યવહારમોક્ષમાર્ગ અને નિશ્ચયમોક્ષમાર્ગ એ તો કથન નિરૂપણ છે. આહા..હા..! મોક્ષમાર્ગ તો જેને સુખી થવું હોય એણે તો એક નિશ્ચય મોક્ષમાર્ગ આદરવાલાયક છે. મોક્ષમાર્ગ સેવવા લાયક કીધું છે એ તો આત્મા સેવવાલાયક છે.

**શ્રોતા :-** વ્યવહાર સાધક છે એમ કીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાધક કીધુંને. નિમિત્તનું કથન છે એ તો. આરોપિત કથન છે. પાઠ શું છે? જુઓ! '(આ **દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ)' 'एक एव सदा सेव्यः'** માથે ઉપર. **'मुमुक्षुणा'** જેને આત્માના પરમ આનંદની પ્રાપ્તિની અભિલાષા છે. આહા..હા..! આત્મામાં જે અતીન્દ્રિય આનંદ પડ્યો છે અપાર, અનંત, અપરિમિત એમાંથી જેને પરમ આનંદ અતીન્દ્રિય પરમાનંદની પ્રાપ્તિ એવો જે મોક્ષ એની જેને ઇચ્છા અભિલાષ છે, એણે તો... છે? **'મોક્ષના ઇચ્છક પુરુષે...'** મુમુક્ષુની વ્યાખ્યા કરી. **'મોક્ષમાર્ગ એક જ સદા સેવવાયોગ્ય છે.'** આહા..હા..! આવી વાત છે. એ વાત ૪૧૨માં વધારે કહે છે.

मोक्खपहे अप्पाणं ठवेहि तं चेव झाहि तं चेय।
तत्थेव विहर णिच्चं मा विहरसु अण्णदव्वेसु।।४१२।।

**તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને;**
**તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે. ૪૧૨.**

આહા..હા..! **'(હે ભવ્ય!) પોતે અર્થાત્ પોતાનો આત્મા અનાદિ સંસારથી...'** વસ્તુ અનાદિ છે તો અનાદિ સંસારથી તે ભૂલેલો છે. આહા..હા..! **'અનાદિ સંસારથી માંડીને પોતાની પ્રજ્ઞાના (-બુદ્ધિના) દોષથી...'** કર્મને કારણે નહિ. આહા..હા..! પોતાનો

દોષ છે એ. સ્વરૂપને જાણતો નથી અને રાગ અને દ્વેષની,.. પરની તો ક્રિયા કરી શકતો નથી, શરીર, વાણી, મન, પરદ્રવ્ય. પોતામાં સંકલ્પ અને વિકલ્પ કર્યા કરે છે અનાદિથી, એ પોતાનો અપરાધ છે એમ કહે છે. એ સંકલ્પ અને વિકલ્પ પુણ્ય-પાપના કરે છે એમાં આત્માની શાંતિને ઘાતે છે. આહા...!

**શ્રોતા :-** અનાદિની ભ્રમણાને કારણે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનાદિની ભ્રમણા છે એ પર્યાયમાં. અનાદિનો ભગવાન પણ એવો ને એવો છે. પૂર્ણ શુદ્ધ ચૈતન્ય આનંદ રસકંદ અને અનાદિનો એ છે અને પર્યાયમાં અનાદિની ભ્રમણા છે. આહા..હા..!

પુણ્ય અને પાપના અસંખ્ય પ્રકાર તેને કરતો પોતાના અપરાધને કારણે. આહા..હા..! એમાં કોઈ કર્મનો જરી દોષ છે એમ નથી. આહા..હા..! અનાદિથી રખડી રહ્યો છે ચોર્યાસીના અવતારમાં. એ પોતાના દોષથી '**પરદ્રવ્યમાં-રાગદ્વેષાદિમાં...**' આહા..હા..! જોયું! પરદ્રવ્ય એટલે રાગદ્વેષાદિ એમ. લીટી કરી છેને. આહા..હા..! શુભ અને અશુભ રાગ અસંખ્ય પ્રકારના એ પરદ્રવ્ય છે. એટલે કે એ પરદ્રવ્ય એટલે રાગદ્વેષાદિ. આહા..હા..! ભગવાન સ્વદ્રવ્ય એનાથી ભિન્ન છે. આહા..હા..! બહારની પ્રવૃત્તિની મીઠાશને લઈને એ અનાદિથી પરદ્રવ્ય એવા જે પુણ્ય અને પાપના અસંખ્ય પ્રકારના ભાવ એમાં '**નિરંતર સ્થિત રહેલો હોવા છતાં,...**' જોયું! નિરંતર સ્થિત છે કહે છે. આહા..હા..! જેમ ભગવાન નિરંતર નિત્યાનંદ પ્રભુ છે, એમ અજ્ઞાની રાગ અને દ્વેષમાં નિરંતર સ્થિત છે. આહા..હા..! એટલે કે એ પર્યાયબુદ્ધિ ત્રિકાળી ચૈતન્યદ્રવ્યના સ્વભાવનો મહિમા છોડી દઈ અને એ પુણ્ય અને પાપના ભાવમાં સ્થિત છે અનાદિથી. આહા..હા..!

ભગવાન અમૃતસ્વરૂપ છે ત્યારે એ પુણ્ય અને પાપના ભાવ એ ઝેરસ્વરૂપ છે. આહા..હા..! એ ઝેરના પ્યાલા અનાદિથી પી રહ્યો છે. આહા..હા..! આવું છે તત્ત્વ. આહા..હા..! પરની સાથે શું સંબંધ છે? પર રાગ કરાવે કે પર ટળે તો રાગ ટળે એ કોઈ છે જ નહિ. આહા..હા..! મિથ્યાભ્રમણા, ભગવાનને ભૂલીને ભ્રમણા ઉત્પન્ન કરી. આહા..હા..! નિત્યાનંદ પ્રભુ અનંત-અનંત ગુણના અમાપ શક્તિથી ભરેલો એના માપમાં ન આવ્યો અને આ પુણ્ય અને પાપના માપ કરીને એમાં સ્થિત (રહીને) અને એમને પીધા. ઝેર પીધા એણે અનાદિથી. આહા..હા..! આવી વાત છે. આ બહારના પૈસાવાળા દેખાય કે સાધુ બહાર ત્યાગી દેખાય કે નિર્ધન દેખાય કે નારકીનો જીવ દેખાય કે કીડી, કાગડા, કૂતરા,... આહા..હા..! ઝીણા પતંગિયાના જીવ દેખાય પતંગિયું હોયને. આહા..હા..! એ અનાદિથી પોતાની ચીજને ભૂલી અને પુણ્ય-પાપની ભ્રમણામાં પોતે ત્યાં પડ્યો છે. સમજાણું કાંઈ? એ રાગદ્વેષમાં શુભભાવ, વ્યવહારરત્નત્રયનો શુભભાવ પણ આવી ગયો. નિયમસારમાં કહે છેને એવા નામ કથનમાત્ર વ્યવહારરત્નત્રયમાં પણ અનંતવાર આવી ગયો છે. નિયમસારમાં છે. આહા..હા..! આ તો

એકલા પાપ છે આખો દિ'. રળવું ને વિષય ને... એ પાપના પોટલા ઉપાર્જે છે. આહા..હા..! પણ અહીં તો કહે છે કદાચિત્ એ પાપના પરિણામથી ખસી ગયો અને પુણ્યના પરિણામમાં આવ્યો તોપણ તે ઝેર છે, રાગ છે, વિકાર છે, દુઃખ છે. આહા..હા..! એ દુઃખમાં અનાદિથી સ્થિત છે. આહા..હા..! છે?

**'અનાદિ સંસારથી માંડીને પોતાની પ્રજ્ઞાના (-બુદ્ધિના) દોષથી...'** આહા..હા..! પુણ્ય-પાપમાં પણ આવ્યું હતુંને. પોતાના અપરાધથી રજકણ. લાવ્યા હતાને તે દિ' શેઠ હુકમીચંદજી. એની સાથે ઓલા જીવનધર હતાને પંડિત, ઈંદોરવાળા. એમ કે જુઓ આમાં કર્મના રજકણને લઈને છે. એમ નથી. એનો અર્થ તો વાંચો ટીકામાં. પોતાના અપરાધથી તે વિકારપણે પરિણમ્યો છે. છે તો ભગવાન સર્વજ્ઞ-સર્વદર્શી. આહા..હા..! રાગાદિ પરપદાર્થ અનંતને જાણે-દેખે એવો એનો સ્વભાવ (છે). સ્વમાં રહીને પરને અડ્યા વિના અને પરના સંબંધ વિના પોતે પોતાથી સ્વપરપ્રકાશનો સ્વભાવ એનું સામર્થ્ય જ છે. એવો જે ભગવાન અનાદિનો છે... આહા..હા..! છતાં એ અનાદિની ભ્રમણા પાછી ત્યાં. પર્યાયમાં અનાદિની ભ્રમણા. આહા..હા..! શરીર, વાણી, મન આ તો માટી, પૈસા, છોકરા, એ તો બહાર રહી ગયા, પણ અંદરમાં એને પુણ્ય અને પાપના ભાવ. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામક્રોધ પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ પુણ્ય એ બેય રાગ-દ્વેષ છે, રાગ છે. આહા..હા..!

એ **'રાગદ્વેષાદિ...'** આદિ શબ્દમાં લઈ લીધું બધું. વાસના વિષયની, ભગવાનની ભક્તિનો ભાવ આદિ બધા રાગ અને કષાય છે. આહા..હા..! એમાં **'નિરંતર સ્થિત...'** નિરંતર તેમાં સ્થિત છે. આહા..હા..! એવો **'નિરંતર સ્થિત રહેલો હોવા છતાં,...'** કેમકે પોતાના અપરાધથી નિરંતર સ્થિત રહેલો એમ કહેવા માગે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાના રાગદ્વેષમાં નિરંતર અપરાધથી સ્થિત રહેલો હોવા છતાં. હવે ગુલાંટ ખાય છે. પાછો વળ હવે. આહા..હા..! એ ભ્રમણામાં અનાદિઅનંત કાળ ગાળ્યો પ્રભુ તે. આહા..હા..! એ શેઠિયાઓ કે રાજાઓ કે દેવ એ બધા દુઃખમાં ગરકાવ છે. આહા..હા..! એ રાગ અને દ્વેષમાં સ્થિત છે. એ દુઃખના ભાવમાં રમણતા કરી રહ્યા છે. આહા..હા..! આમ પૈસા અબજો રૂપિયા હોય તોપણ? પૈસા જડ ધૂળ છે.

**શ્રોતા :-** પૈસા કોઈના થતા જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોના થાય પણ? રાગ કોઈનો આત્માનો થતો નથી, તો ચીજ ભિન્ન છે, એ તો (પોતાની) માની છે. આહા..હા..!

જે સ્વરૂપ પ્રભુ આત્માનું છે એમાં તો એ પુણ્ય અને પાપ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ અને શાસ્ત્રના ભણતરની આવડતનો રાગ... આહા..હા..! બહેનમાં નાખ્યું છે એ. આવડત થોડું કરીને અભિમાન કરીશ નહિ. આહા..હા..! અમને આ આવડે

છે, ભાઈ! શેના તને અભિમાન થયા છે, ભાઈ? આહા..હા..! શાસ્ત્રના ભણતર એ પણ રાગ છે. આહા..હા..! એ ભણતરમાં આવડતમાં જો અભિમાન થયા, પ્રભુ તું મરી જઈશ તું હોં! આહા..હા..! કેમકે એવી આવડત તો અગિયાર અંગ અને નવ પૂર્વની અનંતવાર કરી, પણ એ તો બંધના કારણ અજ્ઞાન છે. આહા..હા..! એમાં એ અનાદિથી સ્થિત છે. આહા..હા..! એમાં સ્થિત રહેલો હોવા છતાં, કર્મને કારણે રહેલો હોવા છતાં એ વાત નથી લીધી. કેમકે એને લઈને છે જ નહિ કાંઈ. આહા..હા..!

**શ્રોતા :-** બીજા શાસ્ત્રમાં તો લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજા શાસ્ત્રમાં તો નિમિત્તના કથન છે. નિમિત્ત કોણ હતું એને જણાવ્યું. એમાં જ આ લોકો રાડ પાડે છેને. નિમિત્તથી, કર્મ નિમિત્તથી થાય, કર્મ નિમિત્ત. રતનચંદજી તો એ જ લખ્યા કરે. એને એ બેઠું હોય બિચારા શું કરે? અરે! ભાઈ! જીવનધર તે દિ' શેઠ સાથે આવ્યા હતા એ કહેતા હતા. .. કર્મને કારણે રખડે છે. એમ નથી. આહા..હા..! 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' આહા..હા..! આનંદનો નાથ અતીન્દ્રિય સ્વરૂપે ભગવાન બિરાજમાન તે પણ ધ્રુવ. આહા..હા..! એમાં નજર ન કરતાં એ પુણ્ય અને પાપમાં નજરુંને ચોંટાડી. આહા..હા..! અને તેમાં દુઃખના ભાવમાં સ્થિત રહેલો છે એ. જુઓ, આ સંસારદશા કહે છે. કોઈ શરીરમાં રહ્યો છે કે વાણીમાં રહ્યો છે કે બાયડી-કુટુંબમાં રહ્યો એમ નહિ. આહા..હા..! ફક્ત પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષના ભાવમાં નિરંતર સ્થિત રહ્યો છે. આહા..હા..!

'**છતાં, પોતાની પ્રજ્ઞાના** ગુણ વડે...' હવે ગુલાંટ ખાય છે. આહા..હા..! અરેરે! ભગવાન અનંત અમાપ શક્તિનો ધણી પ્રભુ એને હું ભૂલીને પરમાં સ્થિત રહ્યો. હવે પોતાની જ્ઞાનની પર્યાયને રાગથી ભિન્ન કરી અને પૂર્ણાનંદના નાથમાં એણે જ્ઞાનની પર્યાયને વાળી, જ્ઞાનની પર્યાયને ત્રિકાળી સ્વરૂપમાં ઢાળી. આહા..હા..! એ પોતાના પ્રજ્ઞાના ગુણ. ગુણ શબ્દે પર્યાય છે. '**પ્રજ્ઞાના ગુણ...**' ઓલો દોષ હતોને એટલે આ ગુણ કીધો છે. છે તો પ્રજ્ઞાની પર્યાય. '**પોતાના પ્રજ્ઞાના...**' પર્યાય વડે જ. આહા..હા..! એ પર્યાયમાં રાગ અને દ્વેષ છે ત્યાંથી પાછો ફર્યો એ પોતાની પ્રજ્ઞાના ગુણ વડે ફર્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્યાં એમ નથી કહ્યું કે દર્શનમોહ કર્મે માર્ગ આપ્યો માટે સ્વ તરફ વળ્યો છે.

**શ્રોતા :-** જ્ઞાન વધે તો વાંધો શું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાન વધે એટલે શું? કોનું જ્ઞાન? આત્માનું જ્ઞાન કે કર્મનું જ્ઞાન? કર્મનું જ્ઞાન જડનું, પરનું જ્ઞાન એ આત્માનું ક્યાં છે? આહા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં તો '**પોતાની પ્રજ્ઞાના ગુણ...**' ભાષા તો જુઓ! ઓહો..હો..! સમયસાર તો સમયસાર! પોતાના અપરાધથી વિકાર અને રાગમાં ઠર્યો છે અને પોતાના ગુણથી પ્રજ્ઞાની પર્યાયને અંદરમાં વાળી છે. જે જ્ઞાનની પર્યાય રાગ-દ્વેષમાં સ્થિત હતી એને પોતાની પ્રજ્ઞાના

ગુણ વડે. આહા..હા..! એને એના તરફથી પાછો વાળી. આહા..હા..! એટલે કે દ્રવ્ય તરફ જુકી. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે તે તરફનું વલણ કરી. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..! હમણા તો જુઓને આ બધા કરોડોપતિ ઉડીને વયા જાય છે. આહા..હા..! નથી રહેતું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. આહા..હા..! એક સમયમાં બીજો ભવ. ક્યાં ભવ? એકલો રખડતો જાય છે. આહા..હા..! અહીં એકલો હતો, પણ માન્યું હતું કે હું બેકલો છું. આહા..હા..! શરીર છે ને છોકરા છે ને નોકરો છે ને દુકાન છે ને મુનિમો છે ને ધંધો બહુ સારો ચાલે છે. અરે! ભગવાન! શું કરે છે તું આ? આહા..હા..! એ પર તરફના રાગ અને દ્વેષમાં સ્થિત હોવા છતાં, આવું તો છે કહે છે. એમ નથી કે શુદ્ધ જ છે પર્યાયમાં, એમ નથી. પર્યાયમાં તો અનાદિનો અશુદ્ધ જ છે. આહા..હા..! જેવો ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ શુદ્ધ છે એ અનાદિનો શુદ્ધ છે. અશુદ્ધની પર્યાયકાળે પણ વસ્તુ તો શુદ્ધ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને પાછો વાળીને. આહા..હા..! પોતે જ ત્યાં આમ જાતો હતો તેને પાછો વાળીને. એ ઘર તરફ વાળ. જ્યાં તારું ઘર છે તેમાં પ્રજ્ઞાની પર્યાયને વાળ. આહા..હા..! ભાષા તો ભલે સાદી પણ ભાવ તો બાપા છે ઈ છે. આહા..હા..! છેલ્લા શ્લોકોમાં તો એકલો ગર્ભ ભર્યો છે માખણ.

**'પોતાની પ્રજ્ઞાની...'** પરિણતિ **'વડે જ તેમાંથી પાછો વાળીને...'** તેમાંથી (અર્થાત્) વ્યવહાર રાગાદિમાં જે હતો એમાંથી પાછો વાળીને. આહા..હા..! અરે! એને ભવનો થાક લાગ્યો નથી. ભવભ્રમણ કરતાં-કરતાં અનંતા અનંતા ભવ (થયા). ઓહો..હો..! એ કુદડાના ભવ ને કંથવાના ભવ ને કાગડાના ભવ ને બાપુ! એ રાગ-દ્વેષમાં રહ્યો એવા ભવ અનંતા કર્યા તેં. આહા..હા..! હવે તો પાછો વળ, હવે તો ઘર તરફ ઢળ એમ કહે છે. પરઘરમાં ભમતો વ્યભિચારી થઈને. આહા..હા..! ભાષા તો જુઓ આચાર્યની! આહા..હા..! પાઠ એમ છેને, **'मोक्खपहे अप्पाणं ठवेहि' 'ठवेहि'** શબ્દ છેને એટલે આમ સ્થિત હતો તેને આમ સ્થિત કર એમ. સમજાણું? વાત તો **'मोक्खपहे अप्पाणं ठवेहि'** એમ છે. ઓલામાં સ્થિત છે એ તો એમાંથી નાસ્તિથી કાઢ્યું. આહા..હા..! મોક્ષપંથમાં સ્થાપ એમ કીધું. તો એનો અર્થ થયો કે બીજે પંથે છે ત્યાંથી પાછો વળે છે ત્યારે મોક્ષપંથમાં સ્થપાય છે. આહા..હા..! આ કોઈ વિદ્વતાનો વિષય નથી. આહા..હા..! અરે! એને પડી ક્યાં છે, મારું શું થશે? આહા..હા..! એમ અનંત ભવ મરીને પછી... આહા..હા..!

**શ્રોતા :-** આ ભવ મીઠો છે, પરભવ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય મીઠો નથી. અજ્ઞાની માનીને પડ્યો છે, ઝેર પીવે છે. આહા..હા..! ઝેરના પ્યાલા પીને રાજી થાય છે. શું થાય? અને વળી પાછો મરીને જાશે. આહા..હા..! જેને ધર્મ નથી, જેને આ સંસ્કાર પડ્યા નથી, રાગથી ભિન્ન હું છું એના સંસ્કાર જામ્યા નથી, જેણે પુણ્ય કર્યા નથી, આહા..હા..! સત્સમાગમે ૪-૪-૫ કલાક દરરોજ શ્રવણ

કરવું એવો વખત ગાળ્યો નથી એને તો એકલા પાપના પરિણામ મરીને. આહા..હા..! એ અબજોપતિ કે કરોડોપતિ તિર્યંચ-પશુમાં જન્મવાના છે. પશુ—ગાય, ભેંસ કે ઢેઢગરોળીને કૂંખે અવતરવાના છે. આહા..હા..! જેણે ભગવાનની સાથે આડોડાઈ કરી... આહા..હા..! તિર્યંચ થાય. આ રીતે હોં! આહા..હા..! ઘણો મોટો ભાગ તિર્યંચ જ થવાના. આહા..હા..!

**શ્રોતા :-** જીવોની સંખ્યા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તિર્યંચની સંખ્યા મોટી છે અને તિર્યંચમાં તો નિગોદ પણ આવે, એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય. આહા..હા..! ભાઈ! ચૈતન્યની આડમાં અવળાઈ કરીને પ્રભુ તેં તિર્યંચના ભવ વ્હોર્યા. આહા..હા..! એકવાર હવે પાછો વળને. આહા..હા..! એ પુણ્ય અને પાપના ભાવ... હવે એની હજી ખબરું ન મળે, પુણ્ય-પાપ શું હશે? ક્યાં હશે? આહા..હા..! એની પર્યાયમાં, અવસ્થામાં જે પુણ્ય અને પાપના ભાવ દશામાં (થાય), વસ્તુમાં તો છે જ નહિ, વસ્તુ તો આનંદકંદ પ્રભુ છે... આહા..હા..! એની દશામાં, હાલતમાં, અવસ્થામાં વર્તમાન અંશમાં, પર્યાયમાં જેટલા ભ્રમણાના રાગ-દ્વેષ છે... આહા..હા..! એ બધા ઝેરના પ્યાલા અનુભવે છે. આહા..હા..! અરે! સાધુ થઈને પણ જે રાગની રુચિમાં પડ્યો છે એ આકુળતાને વેદે છે. સમજાણું કાંઈ?

ભગવાન કુંદકુંદાચાર્ય (કહે છે), '**मोक्खपहे अप्पाणं ठवेहि**' એમાંથી આ કાઢ્યું કે પરમાં સ્થિત છે એને પાછો વાળ હવે. આહા..હા..! એ ગાથાનો અર્થ છે. પરમાં સ્થિત છે એ આમ સ્થિત થાય એમાંથી આ કાઢ્યું પહેલું. આહા..હા..! કારણ કે '**मोक्खपहे अप्पाणं ठवेहि**' એમ કીધું ત્યારે એમાં સ્થિત નથી, અનાદિથી પરમાં સ્થિત છે એ પહેલું કાઢ્યું. આહા..હા..! અરે! તને હોંશુ શેની આવે, ભાઈ?

એક સજ્ઝાય છે. એ સજ્ઝાયમાળમાળામાં. 'હોંશીડા મત હોંશ ન કીજીએ.' મોટી સજ્ઝાય છે. આટલો શબ્દ યાદ રહી ગયો છે. ચાર પુસ્તક છેને સજ્ઝાયમાળા. દુકાન ઉપર બધા વાંચેલા ૬૫-૬૬ની સાલ. એમાં એ ગાયન મોટું આવે છે. હોંશીડા મત હોંશ ન કીજીએ. પ્રભુ! તને રાગ ને પરમાં હોંશું આવે, બાપુ! આહા..હા..! તને હરખ આવી જાય છે પરેને માટે આમ, એ હોંશ ન કર હવે, પ્રભુ! આહા..હા..! પરમાં ઉત્સાહનું વીર્ય જ્ઞાન અને જ્ઞાનનું વીર્ય પરમાં જોડાઈને ઉલ્લસિત થાય છે. આહા..હા..! એ હોંશીડો છે પરમાં. આહા..હા..! હવે પાછો વળને, પ્રભુ! આહા..હા..! ભાષા ટૂંકી છે પણ ભાવ ગંભીર છે.

પર્યાયબુદ્ધિમાં, રાગદ્વેષમાં સ્થિત છો એવું હોવા છતાં, ભલે હો, પણ પ્રજ્ઞાના પુરુષાર્થથી એમાંથી પાછો વળી. આહા..હા..! છે? '**તેને અતિ નિશ્ચળપણે...**' આહા..હા..! ઓલામાં રાગ-દ્વેષમાં નિરંતર સ્થિત હતોને? નિરંતર સ્થિત હતો. હવે આ બાજુ ગુલાંટ ખાય છે. આહા..હા..! મારો નાથ અનંતગુણનો (ધણી), અનંત આનંદ, અનંત જ્ઞાન, એવી શક્તિ અનંત, પણ એવી શક્તિની સંખ્યા અનંત. જ્ઞાનની પર્યાય એમાં વળતાં અમાપનું જ્ઞાન કરે, જેનો

અંત નથી તેનું જ્ઞાન કરે. આહા..હા..! વર્તમાન જ્ઞાનની દશા અમાપ, શક્તિની સંખ્યા અમાપ છે. આહા..હા..! એ અમાપ તરફને રાગની સ્થિતિમાં સ્થિર છો ત્યાંથી પાછો વાળ. '**अप्पाणं ठवेहि**' આહા..હા..! મોક્ષપંથમાં આત્માને સ્થાપ એમ કીધું જોયું! આહા..હા..! એ તારા પુરુષાર્થથી થાય છે એમ કહે છે. આહા..હા..! કાળલબ્ધિ પાકશે ત્યારે થાશે, આમ થાશે, બાપુ! એ ત્યારે પુરુષાર્થથી થશે. આહા..હા..! '**मोक्खपहे अप्पाणं ठवेहि**' એક પહેલાં પદની વ્યાખ્યા આટલી છે હજી. આહા..હા..!

ભાઈ! તું કોણ છો? શ્રીમદ્‌માં નથી આવતું? 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' ખરું શું સ્વરૂપ? આ પુણ્ય-પાપ નહિ. 'હું કોણ છું? ક્યાંથી થયો?' હું કોણ છું? હું તો આત્મા છું. ક્યાંથી થયો? થાય ક્યાંથી? છે એ થાય ક્યાંથી? છે એ અનાદિ છે અને છે તે જાય ક્યાં? આહા..હા..! સમજાણું કાંઈ? 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' મારું સ્વરૂપ ખરું કોણ છે? આહા..હા..! 'કોના સંબંધે વળગણા છે? રાખું કે પરહરું? એના વિચાર વિવેકપૂર્વક...' ૧૬ વર્ષની ઉંમર. મોક્ષમાળા. આહા..હા..! પૂર્વનું લઈને બહુ આવેલા, ક્ષયોપશમ ઘણો. 'એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા, તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વો અનુભવ્યા.' હું અનાદિનો પરમ પવિત્ર આનંદનો સાગર છું. હું તો અનાદિનો અનંત જ્ઞાન (સ્વરૂપ છું). જ્ઞાન શક્તિ છે તે શક્તિનું માપ નથી. એટલી શક્તિનો ભંડાર, એવી અનંતી શક્તિનો સાગર એ મારું ખરું સ્વરૂપ છે. આહા..હા..! ક્યાંય એને સાંભળવા મળે નહિ, સાંભળવા નવરો થાય નહિ. આહા..હા..! એના ઘરની હિતની વાતું. આહા..હા..!

અહીંયાં '**પોતાની પ્રજ્ઞાના ગુણ વડે જ તેમાંથી પાછો વળીને તેને અતિ નિશ્ચળપણે...**' ભાષા કેવી છે એ? કે એવી રીતે સ્થાપ કે પાછો ફરે નહિ હવે. આહા..હા..! અપ્રતિહત. આહા..હા..! ભગવાન આત્મા આનંદ પ્રભુ એના તરફનો જુકાવ, દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આત્માને સ્થાપ. જે આત્મા રાગ અને પુણ્યની ક્રિયામાં સ્થપાયેલો, રહેલો છે એને ભગવાન આત્માને પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી સમકિત, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર '**अप्पाणं ठवेहि**' આત્માને ત્યાં રોક. આહા..હા..! તું જ પોતે રાગમાં રોકાતો હવે અહીં રુક. આહા..હા..! આવો ઉપદેશ, આવી વાત છે. ઓલા કહે વ્રત કરો, અપવાસ કરો, આ કરો ને આ કરો. આહા..હા..! ધૂળમાંય નથી. આ તો આત્મા આત્મામાં સ્થાપ, આત્માને સ્થાપ. છે? '**अप्पाणं ठवेहि**' મોક્ષપંથ એવા આત્માને સ્થાપ. આહા..હા..! છેને? મોક્ષમાર્ગમાં પોતાના આત્માને સ્થાપ એમ કહે છે. આહા..હા..! અરેરે! એને ક્યાં પડી છે શું થશે? અહીંથી મરીને સાધારણ પ્રાણી... એક ભરવાડ નીકળે છે. બકરીના બચ્ચા ૧૦-૧૫ છે. એકલો જુદા ચારવા નીકળે છે. નાના-નાના બચ્ચા. ૧૫-૨૦ ભેગા થયા છે તો એકલા બકરા સિવાય એકલાને ચારે. આહા..હા..! એને દેખીને વિચાર આવ્યો કે કેટલા મરીને

શાહુકારો મરીને બચ્ચા થયા હશે. આહા..હા..! વાણિયામાં મહેલમાં પડ્યા હોય એ મરીને બકરીના બચ્ચા થાય. આહા..હા..!

**શ્રોતા :-** બીવડાવો છો કે સાચી વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે! બાપુ! વસ્તુ તો આવી છે, ભાઈ! શું કહીએ? આહા..હા..! કેમકે ઘણાં તો માંસ ને દારૂ એ તો ન હોય વાણિયાને. આહા..હા..! ધર્મ ન મળે નિજાનંદ પ્રભુ એનો અનુભવ સમ્યક્. આહા..હા..! એટલે વચલા વર્ગમાં રાગ એટલે માયા અને લોભ. દ્વેષ એટલે ક્રોધ અને માન. આમાં એ પડ્યા છે અંદર. આહા..હા..! એવી વાત છે, ભાઈ! આહા..હા..! પાછું અનંતે કાળે માણસપણું થવું મુશ્કેલ એવી અવસ્થામાં ચાલ્યા જાય. આહા..હા..! બચ્ચા નીકળે છે તો રાડું પાડે છે. નાના-નાના છે ૧૫-૨૦. એક ભરવાડ કો'ક નીકળે છે બહાર નીકળીએ ત્યારે. આહા..હા..! ક્યાંના મહેલમાંથી મરીને બકરા થયા હશે કીધું આ. આહા..હા..!

જેને પરની હુંફ ચડી ગઈ છે... આહા..હા..! પોતાના આનંદના નાથની હૂંફ જેણે છોડી દીધી છે. ત્રણલોકનો નાથ ચિદાનંદને પડખે ન આવતો, એનાથી વિરુદ્ધ પુણ્ય અને પાપને પડખે પડ્યો. આહા..હા..! એના અવતારમાં ઘણા પશુઓ થવાના. આહા..હા..! અહીંયાં કહે છે એ પશુ આડોડાઈ તેં કરી, હવે છોડને, પ્રભુ! આહા..હા..! શું આવો હશે માર્ગ? આમાં કરવું શું? વ્રત કરવા કે દયા પાળવી કે ભક્તિ કરવી કે દાન કરવું એ તો કાંઈ આવતું નથી આમાં. બાપુ! એ કરવામાં તો ક્રિયા તો કરી શકતો નથી, પણ એમાં રાગ આવે છે એ. રાગ છે તે સંસાર છે અને રાગ છે તે ચોર્યાસીના અવતારની ખાણ છે. પ્રભુ આત્મા અતીન્દ્રિય આનંદની ખાણ છે. આહા..હા..! એ પરમાં હોશું કરી, પ્રભુ! પાછો ફરને હવે. આહા..હા..! એમ કહે છે. જ્યાં હોંશ-હરખ કરવા જેવી ચીજ છે અંદર, આનંદ કરવાલાયક અંદર ચીજ છે. આહા..હા..!

એમાં '**અતિ નિશ્ચળપણે...**' ભાષા એમ છે જોયું! એકલું નિશ્ચળપણે નથી લીધું. '**અતિ નિશ્ચળપણે...**' પોતાનું જે સ્વરૂપ આનંદ ને જ્ઞાનનો સાગર અમાપ શક્તિઓ એનું મૂળ શું? એની કિંમત શું? આહા..હા..! એની કિંમતું છોડી દઈને રાગ અને પુણ્યની કિંમતમાં ઢળી ગયો છો. પ્રભુ! એકવાર એની કિંમત છોડી દે અને તારી કિંમત કર. આહા..હા..! '**તેને અતિ નિશ્ચળપણે...**' કર એમ કહે છે. '**અતિ નિશ્ચળપણે દર્શનજ્ઞાનચારિત્રમાં...**' ઓલામાં એમ હતું, રાગદ્વેષાદિમાં નિરંતર સ્થિત, એમ હતુંને? હવે અહીં એ શબ્દ છે જુઓ, આહા..હા..! ટીકા તે ટીકા છે! આવી ટીકા ભરતક્ષેત્રમાં સમયસારની આ ટીકા એવી ટીકા ક્યાંય નથી. આહા..હા..! પક્ષમાં ચડેલા માને એમાં મુશ્કેલ પડે. આહા..હા..!

કહે છે '**અતિ નિશ્ચળપણે દર્શનજ્ઞાનચારિત્રમાં નિરંતર સ્થાપ;...**' ભાષા છે? જેવો નિરંતર રાગ અને દ્વેષમાં સ્થિત હતો, એવો હવે નિરંતર જેનો આંતરો નથી એવી ચીજ

પ્રભુ છે એમાં પણ નિરંતર સ્થાપ હવે. આહા..હા..! સમજાણું કાંઈ? મોંઘુ લાગે પણ આ વિના છૂટકો નથી. આહા..હા..! ભાઈ તો કહેતા પોપટભાઈ તો. બે કરોડ રૂપિયા ઉપર છે. બે કરોડ તો કહેવાય છે, પણ ઘણી પેદાશ છોકરાઓને. છ છોકરાઓ છેને મુંબઈમાં. કહીએ કે તમને ત્યાં નહિ મળે. તો (કહે), શું કરવા અહીંયાં અમે આવીએ છીએ. ત્યાં હોય તો અહીંયાં આવીએ શું કરવા? એમ અહીં કહેતા. અને... આહા..હા..! અને આ સમજે છૂટકો છે એમ કહેતા. ખબર છે? વારંવાર એ કહેતા. આહા..હા..! આ સમજ્યા વિના કોઈ છૂટકારો નહિ થાય, પ્રભુ! અરેરે! દેહ ચાલ્યા જશે. આહા..હા..! છ-છ છોકરાઓ તે મરતા દેહ છૂટ્યો તો કોઈ છોકરો પણ સાથે નહિ. આહા..હા..! પણ જરીક એમ કે આવે ત્યારે કહે કે બાપુ કેમ છે? એ પણ ન મળે. .. દુઃખાવો. બેન જોડે સૂતા હશે રંભાબહેન એને જગાડ્યા કે મને આ દુઃખે છે. બસ થઈ રહ્યું ત્યાં તો ફૂ. દેહ છોડીને પરલોક. આહા..હા..! જ્યાં નથી સગા, નથી વ્હાલા, નથી મકાન, નથી ઘર. આહા..હા..! એણે આ અનિત્ય નામ રાગ-દ્વેષના પ્રેમને છોડીને નિત્યાનંદ પ્રભુનો પ્રેમ કોઈ દિ' કર્યો નથી. આહા..હા..! એના પ્રેમમાં સ્થિર થા હવે, કહે છે. આહા..હા..!

'**અતિ નિશ્ચળપણે...**' નિરંતર. વચમાં પછી નાખ્યું છે '**અતિ નિશ્ચળપણે દર્શનજ્ઞાનચારિત્રમાં નિરંતર સ્થાપ;...**' આહા..હા..! એ આત્માને સ્થાપ એમ કીધું. આહા..હા..! તારા પુરુષાર્થથી સ્થાપ એમ કીધુંને? પ્રજ્ઞા વડે '**પ્રજ્ઞાના ગુણ વડે જ...**' એમ છે પાછું. કથંચિત્ રાગથી પણ થાય એમ ન ત્યાં આવ્યું. '**પ્રજ્ઞાના ગુણ વડે જ...**' એમ છેને? 'જ' છે. આહા..હા..! હવે આ લોકોને એકાંત લાગે છે, પ્રભુ! તને.. આહા..હા..! વ્યવહાર પણ કથંચિત્ સાધન છે અને એનાથી સાધ્ય થાય છે. પ્રભુ! ભૂલમાં પડ્યો છો, ભાઈ! તારું અહિત થાય છે, ભાઈ! એમાં તને અમારી વાતને ખોટી પાડે છે એમ રહેવા દે, ભાઈ! આહા..હા..! સંતો તો પોકાર કરે છે. કુંદકુંદાચાર્ય દિગંબર નગ્ન મુનિ જેને આનંદના ઢગલા પર્યાયમાં આવ્યા છે. આહા..હા..! ઢગલા-ઢગલા હોં! અતીન્દ્રિય આનંદના ઢગલા આવ્યા છે. આહા..હા..! એ કરુણાનો વિકલ્પ ઉઠ્યો છે લખવાનો એમાં બોલે છે, આમ કહે છે. '**નિરંતર સ્થાપ;...**' હવે અમારે રળવું કે દિ'? અને બાયડી-છોકરાને નભાવવા કે દિ'? ધંધો કે દિ' કરવો? નિરંતર અહીં સ્થાપ તો આ કે દિ' કરવું અમારે?

**શ્રોતા :-** કે દિ' કરી શકે છે ક્યાંથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરી શકે છે ક્યાં, બાપુ? તને ખબર નથી? એ તો પહેલાં તો કીધું. પરનું કરી શકે એ તો પ્રશ્ન જ નથી. રાગ અને દ્વેષ કરે છો. હવે એમાંથી પાછો વળ બસ. આહા..હા..! મફતનો માને મૂઢ થઈને. મેં છોકરા માટે કર્યું, બાયડી માટે કર્યું, છોકરાની વહુ માટે આજે સાડલા પાંચ હજારના લાવી દીધા અને દાગીના દસ હજારના કર્યા. ધૂળેય કર્યું નથી. આહા..હા..! કર્યો છે તો રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના ભાવ.

અહીં તો પુણ્ય લીધા, લક્ષ્મી દેવામાં કાંઈક રાગ મંદ થાય એ પુણ્ય, પણ એ પુણ્યમાં ઠર્યો છે એ મિથ્યાત્વ છે. આહા..હા..! અને સ્વમાં ઠરે, નિર્મળ દર્શનજ્ઞાનમાં આત્માને સ્થાપે... આહા..હા..! એ પવિત્રતા છે. આવી વાતું હવે માણસને. અભ્યાસ જોઈએ ભાઈ થોડો. અનાદિનો અભ્યાસ ન મળે. એમાં દિગંબર સંતોની વાણી આહા..હા..! ક્યાંય મળે એવી નથી. એને માટે પ્રયાસ કર પ્રભુ તું. આહા..હા..! બહારને ઘણાને રાજી રાખ્યા, પણ એમાં તું રાજી ન થયો. રાજી માન્યો, પણ રાગના રાજીપણામાં તું દુઃખમાં રાજી થયો. એકવાર આત્માને રાજીમાં લાવને. આહા..હા..!

ભગવાન અનંત આનંદ, અનંત-અનંત શું કહે છે? આહા..હા..! આત્મામાં અનંતગુણ છે એમાંથી આ ત્રણની વાત લેવી છે. પણ એ દર્શનમાં સ્થાપમાં એમાં આખો આત્મા ત્યાં સ્થપાય છે. જ્ઞાનમાં સ્થાપ એમાં જ્ઞાનની પર્યાયમાં આખો આત્મા આવે છે, ચારિત્રમાં પણ ત્યાં આખો આત્મા સ્થિર થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક-એક ગુણમાં.. કહ્યું હતુંને રાત્રે. એક-એક ગુણ શક્તિ છે એમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ છે. એવા-એવા દરેક ગુણમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. અવિભાગ પ્રતિચ્છેદ એટલે? જેનો ભાગ કરતા પછી બીજો ભાગ ન થઈ શકે એવો છેલ્લામાં છેલ્લો નાનો અંશ તેને અવિભાગ પ્રતિચ્છેદ કહેવાય. એવા અંશો એક ગુણમાં અનંત છે. એવા અનંતગુણમાં એક-એકમાં અનંત અંશો એવા. આહા..હા..! અને જ્યારે પ્રગટ થાય છે પર્યાયમાં પૂર્ણ, તો જેટલા અવિભાગ પ્રતિચ્છેદ ગુણના છે એટલા જ પર્યાયમાં પ્રગટ થાય છે, છતાં ત્યાં ઘટતું નથી. આહા..હા..! ભગવાન આત્માનો એવો સ્વભાવ કે અનંત અવિભાગ પ્રતિચ્છેદ ભરેલી એક-એક શક્તિ અને એ શક્તિની પર્યાયમાં વ્યક્તરૂપે અનંત અવિભાગ પ્રતિચ્છેદ આવ્યા પર્યાયમાં, છતાં એ પોતે તો છે ઈ છે. આહા..હા..! આ તે શું છે?

જેમ ગુણની સંખ્યાનું અમાપપણું એ શું છે? જેમ ક્ષેત્રનું અમાપપણું ક્યાંય-ક્યાંય માપ નહિ આ તે શું હશે? આ શું છે આ? નાસ્તિક માણસ પણ એકવાર વિચાર કરે તો શું છે આ? એવા આકાશના પ્રદેશો એક રજકણને રોકે તેટલાને પ્રદેશ કહીએ. એવા એવા અનંતા પ્રદેશ ક્યાંય અંત... અંત... અંત... અંત નહિ. આહા..હા..! એથી અનંતગુણા એક આત્મામાં ગુણ છે. એ ગુણનું સંખ્યાનું માપ ક્યાંય થઈ શકે એવું નથી. અનંત છે અનંત. આહા..હા..! ક્ષેત્રથી ભલે પહોળો ન હોય, પણ ભાવથી અનંત... અનંત... અનંત.. પહોળો છે અંદર. આહા..હા..! એવા આત્માને તું દર્શન-જ્ઞાન-ચારિત્રમાં અતિનિશ્ચળપણે સ્થાપ. આહા..હા..! તને અલ્પકાળમાં મોક્ષ થઈ જશે. એ અનુભૂતિ કરતાં-કરતાં મોક્ષ થઈ જશે. વ્યવહારની ક્રિયા કરતાં-કરતાં મોક્ષ થશે એ ત્રણકાળમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ધૂળધાણી અને વા-પાણી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પણ એમાં વા-પાણી પણ નથી, દુઃખ છે મોટું. મોટા દુઃખને

વ્હોરે છે. દુઃખના અસ્તિત્વને, હયાતીને વ્હોરે છે. અરે! પ્રભુ! અહીં આનંદના નાથને વ્હોરતો નથી ત્યારે અનંતા દુઃખને વ્હોરે છે. એ પણ ફળવાળી ચીજ છે, દુઃખના. આહા..હા..!

‘**પાછો વાળીને તેને અતિ નિશ્ચળપણે દર્શનજ્ઞાનચારિત્રમાં નિરંતર સ્થાપ;...**’ એક શબ્દનો અર્થ થયો. ચાર છેને. ‘**मोक्खपहे अप्पाणं ठवेहि**’ આહા..હા..! હવે ‘**तं चेव झाहि**’ છેને બીજો શબ્દ? ‘**तं चेव झाहि**’ ‘**સમસ્ત...**’ કર્મચેતના. આહા..હા..! ‘**સમસ્ત અન્ય ચિંતાના નિરોધ વડે...**’ અનેરી ચિંતાને રોકવાથી, નિરોધ વડે. કોઈપણ વિકલ્પ ગુણગુણીના ભેદનો હોય પણ એ ચિંતા છે તેને રોકીને. આહા..હા..! ‘**અન્ય ચિંતાના...**’ અન્ય ચિંતા એટલે સ્વરૂપના દર્શન-જ્ઞાન-ચારિત્ર સિવાય અન્ય ‘સમસ્ત’ પાછું ‘**સમસ્ત અન્ય ચિંતાના...**’ આહા..હા..! દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા અને ભક્તિનો વિકલ્પ પણ એક ચિંતા છે. આહા..હા..! આકરું પડે માણસને. કાંઈ બીજો રસ્તો સહેલો? સહેલો કહો કે મોંઘો કહો, જે છે ઈ આ છે. આહા..હા..!

‘**સમસ્ત અન્ય ચિંતાના...**’ કે ભાઈ આ પાછળ હું જઈશ પછી આ ધર્મનું શું થશે? લોકોને ધર્મ કોણ પમાડશે? એ મૂકી દે ચિંતા છોડી દે. આહા..હા..! ‘**અન્ય ચિંતાના નિરોધ વડે અત્યંત એકાગ્ર થઈને...**’ છેને? ઓલામાં અતિ નિશ્ચળપણે હતું. ‘**અત્યંત એકાગ્ર થઈને...**’ એક અગ્ર. જેણે ભગવાન ધ્રુવ ચૈતન્યને દૃષ્ટિમાં લીધો છે એવા એક અગ્રના અંદરમાં. આહા..હા..! ‘**દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યા;...**’ આહા..હા..! પર્યાયથી વાત કરી છે. આમ તો દ્રવ્યને ધ્યાજે, પણ પર્યાયથી વાત કરી છે. આનું ધ્યાન નહિ અને આનું ધ્યાન એમ કરીને વાત કરી છે. રાગની ચિંતા છે એ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છે. આહા..હા..! ધ્યાન તો એને આવડે છે. ધ્યાન નથી આવડતું એમ નહિ. આર્તધ્યાનમાં રોકાય તો બધું ભૂલી જાય છે. એક જ ધ્યાન લાગ્યું હોય અંદર રાગની કલ્પનાનું. આહા..હા..! કોઈ પૈસા પેદા થયા હોય, કાંઈ કમાણી ઠીક હોય, છોકરા પરણતા હોય તો રાતનો ઉજાગરો થઈ જાય તો ખબર ન પડે. છોકરાનો વરઘોડો કાઢવો હોય તો વિચારે ચડી ગયો હોય કે આનું આમ કરવું, વરઘોડો પહોંચ્યો હોય બજારમાં તો આ ભાઈસાહેબ અંદરમાં વિચારમાં બેઠો હોય. આના બાપ કેમ નથી આવતા? આ બધું બનેલું છે. કે બાપ બેઠા છે અંદર વિચારમાં. આ હોળીના વિચારમાં બેઠો છે.

**શ્રોતા :-** હોળી કે દિવાળી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દિ’ વાળે તો તો આત્મામાં જાય. હોળી છે ત્યાં. આહા..હા..! કેમ પણ એનો બાપ દેખાતો નથી? આ વરઘોડો બજાર સુધીમાં વરઘોડો આવ્યો, ભાઈ કેમ નથી આવ્યા? એ તો કહે વિચારમાં પડ્યા છે. શું વિચારમાં હતા? આ વરઘોડો (નીકળ્યો છે). કાલે શું કરવું? ફલાણું શું કરવું? ઘરે શું વહેંચવું? કેટલું આપણે આમ કરવું, વિચારમાં ચડી ગયો હું. તમારો વરઘોડો નીકળ્યો મને ખબર નથી. આહા..હા..! જુઓ, આ એને ધ્યાન

કરતા તો આવડે છે. ઊંધા ધ્યાન કરતા આવડે છે. આહા..હા..! અહીં કહે છે કે સવળું ધ્યાન કર હવે. તને આવડે તો છે એકાગ્ર થતાં, પણ રાગમાં અને પુણ્યભાવમાં એકાગ્ર થતા આવડે છે તને. આહા..હા..!

**'ચિંતાના નિરોધ વડે...'** ધ્યાન છેને? **'एकाग्र चिन्ता निरोधो ध्यानं'** એ સૂત્ર છેને તત્ત્વાર્થસૂત્રનું. એ અહીં લાગુ પાડ્યું. **'एकाग्र चिन्ता निरोधो ध्यानं'** તત્ત્વાર્થસૂત્રમાં છે. એ અહીંયાં કહ્યું જુઓ, **'સમસ્ત અન્ય ચિંતાના નિરોધ વડે અત્યંત એકાગ્ર થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ...'** બીજી વાત નહિ કહે છે. આહા..હા..! પૂર્ણાનંદના નાથની પ્રતીતિ, પૂર્ણાનંદના નાથનું જ્ઞાન અને તેમાં રમણતા એનું જ એકલું ધ્યાન કર. આહા..હા..! સમજાણું કાંઈ? આકરી વાત તો છે, બાપુ! શું થાય, ભાઈ? દુનિયાને એકાંત લાગે એવું છે. પંડિતોના બધા ભણેલા અને મોટી આ વાતું બહાર આવી તો અથડામણી ઊભી થઈ છે. આહા..હા..! સોનગઢીપંથ એમ કરીને. અરે! પ્રભુ! શું કરે છે તું આ? આ તો મોક્ષપંથની વાતું છે એમાં સોનગઢપંથ (ક્યાં આવ્યો)? આહા..હા..! એ બે શબ્દનો અર્થ થયો. છેને? ત્રીજાનો કરશે હવે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ-૧૩, બુધવાર, તા. ૨૩-૧૧-૧૯૭૭, ગાથા-૪૧૨, પ્રવચન નં. ૫૧૮

**'ઘા.'** ત્યાં સુધી આવ્યું છે. પહેલાં બે બોલ થયા. પહેલો બોલ એમ થયો કે અનાદિથી સંસારમાં પોતાના પ્રજ્ઞાના ગુણના અપરાધને લઈને. પ્રજ્ઞાનો અપરાધ. કોઈ કર્મનો અપરાધ નહિ. એ અપરાધને લઈને **'રાગદ્વેષાદિમાં નિરંતર સ્થિત...'** કર્મમાં સ્થિત કે શરીરમાં સ્થિત એમ નથી અહીં લીધું. કારણ કે એ તો પરવસ્તુ (છે). અનાદિથી રાગ-દ્વેષ અને મિથ્યાત્વ એમાં સ્થિત રહ્યો હોવા છતાં પાછો વળ હવે. આહા..હા..! છેને? **'પોતાની પ્રજ્ઞાના ગુણ વડે જ તેમાંથી પાછો વળીને...'** એટલે કે એમાં કોઈ વ્યવહારરત્નત્રયના રાગની મદદથી પાછો વળે એમ નથી. આહા..હા..!

**શ્રોતા :-** વ્યવહારરત્નત્રયને તો સાધક કહેવાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સાધક તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. આકરી વાત છે. લોકોને સત્યનું શરણ (મળ્યું નથી). મંગળિક, ઉત્તમ અને શરણ તો ભગવાન પૂર્ણાનંદનો નાથ છે. આહા..હા..! એનો આશ્રય (છોડીને), પર તરફના વલણથી છૂટીને પોતાના આત્માને જ્ઞાન-

દર્શન-ચારિત્રમાં સ્થાપ. આહા..હા..! જે અનાદિથી પુણ્ય અને પાપ ને મિથ્યાત્વભાવમાં છે, એ છે અસ્તિ એમાંથી પાછો વાળ. આહા..હા..! ઘરમાં આવવા માટે ત્યાંથી પાછો વળ. આહા..હા..!

**શ્રોતા :-** પાછો વળે એનું નામ જ પ્રતિક્રમણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પ્રતિક્રમણ વળી,... આ તો ત્યાંથી ખસી નાસ્તિથી વાત કરી છે. પછી અહીં ઠરવું. નિરંતર એમ કહ્યુંને?

નિરંતર સ્થિત રહેલો છતાં '**અતિ નિશ્ચળપણે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર સ્થાપ;...**' હજી એનું જ્ઞાન પણ યથાર્થ ન હોય એ ક્યાં જાય? આહા..હા..! અનુભૂતિની એવી વાતું કરવા મંડ્યા છે હવે. વિદ્યાનંદજીનો લેખ છે કે અનુભૂતિ એ વસ્તુ છે કરવાની, એમ લખ્યું છે. પણ તો પછી આ બધા... આહા..હા..! મૂળ તો આત્મા આનંદ અને અનંતગુણનું અમાપ ગુણનું સ્વરૂપ છે. એનામાં એના દર્શન-જ્ઞાન અને ચારિત્ર, એના સ્વરૂપની શ્રદ્ધા, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપમાં સ્થિરતા એમાં સ્થાપ આત્માને... આહા..હા..! જન્મ-મરણના અંત લાવવા હોય તો. આહા..હા..! બાકી તો અનાદિકાળથી અશુભ પણ અનંતવાર કર્યા અને શુભ પણ અનંતવાર કર્યા. એ કાંઈ ધર્મ નથી, એનાથી પાછો વળ એમ કહે છે અહીં. આહા..હા..! આત્માને સ્વરૂપમાં સ્થાપ. આહા..હા..! એ બોલ આવી ગયો છે.

પછી '**चेव झाहि तं चेय**' '**સમસ્ત અન્ય ચિંતાના નિરોધ વડે...**' સમસ્ત અન્ય ચિંતા વિકલ્પમાત્રની ચિંતા છોડી દઈને. આહા..હા..! સમસ્ત અન્ય ચિંતા છેને. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ પણ એ ચિંતા છે. આહા..હા..! '**સમસ્ત અન્ય ચિંતાના નિરોધ વડે અત્યંત એકાગ્ર થઈને...**' આહા..હા..! ભગવાન આત્મદળ આનંદ સ્વરૂપ તેમાં એકાગ્ર થઈને, અત્યંત એકાગ્ર થઈને. આહા..હા..! '**દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યા;...**' પર્યાયને ધ્યા એમ કીધું. મૂળ તો પર્યાયથી લખાણ છે. દર્શન-જ્ઞાન-ચારિત્રને ધ્યા એટલે? વસ્તુના સ્વરૂપ ઉપર દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ ધ્યાન દર્શન-જ્ઞાન-ચારિત્રનું એમ કહેવામાં આવે. આહા..હા..! ત્યાં સુધી તો આવી ગયું છે કાલે.

ત્રીજો બોલ છે આજ. '**चेय**' છેલ્લો બોલ છેને? ગાથા-૪૧૨. '**चेय**' '**चेय**' '**झाहि तं चेय**' '**चेय**' એટલે અનુભવ કર. તેને ચેત-ચેત. આહા..હા..! '**સમસ્ત કર્મચેતના...**' ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ હો, એ બધો રાગ કર્મચેતના છે. વિકારી પરિણામનું ત્યાં એકાગ્રપણું એ કર્મચેતના છે. આહા..હા..! એ બધી કર્મચેતના અને કર્મફળચેતના. એ રાગમાં હરખ આવવો એ બધા કર્મફળચેતના '**તેના ત્યાગ વડે...**' શરીર ને સ્ત્રી-કુટુંબ ને પરિવારના ત્યાગ વડે એમ નહિ. એ તો એનો ત્યાગ અંદર છે જ તે. વસ્તુમાં એને ગ્રહણ કરી નથી, એથી તેનો ત્યાગ છે જ; પણ અહીંયાં તો આ રાગના કર્તૃત્વ અને રાગનું ભોગવવું એની પર્યાયના અસ્તિત્વમાં છે, આહા..હા..! એના ત્યાગ વડે. આ ત્યાગ છે અંદર. આહા..હા..!

ઝીણી વાતું બહુ. આહા..હા..!

**'કર્મફળચેતનાના ત્યાગ વડે...'** નાસ્તિથી પહેલી વાત કરી. **'શુદ્ધજ્ઞાનચેતનામય થઈને...'** આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ જ્ઞાનમાં જ્ઞાનની ચેતના વડે. આહા..હા..! સ્વભાવ જેનો જ્ઞાયક ચૈતન્ય છે, જેની હયાતી ચેતનામય છે એમાં એકાગ્ર થઈને. આહા..હા..! **'દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત-'** એ ચેતનો અર્થ કર્યો છે. છેલ્લો છેને **'चेय'** શબ્દ. બીજી લીટીનો છેલ્લો. એને અનુભવ. આહા..હા..! એ પુણ્ય અને પાપના... ગજબ વાતું બાપુ આ તો! આહા..હા..! શુભ અને અશુભભાવ ચાહે તો મહાવ્રતનો હો કે ભક્તિ આદિનો હો કે ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ હો, એ બધી કર્મચેતના રાગના કાર્ય છે ઈ. આહા..હા..! એના ત્યાગ વડે. પર્યાયબુદ્ધિમાં રાગની રુચિ છે તેના ત્યાગ વડે. આવી વાતું છે.

**'શુદ્ધજ્ઞાનચેતનામય થઈને...'** ત્રણે ચેતના લઈ લીધી. આહા..હા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાન એ જ્ઞાનમાં જ્ઞાનમાં એકાગ્ર થઈને એ શુદ્ધજ્ઞાનચેતના એમ લીધુંને પાછું. ઓલી કર્મ અને કર્મચેતના એ તો અશુદ્ધ હતી. આહા..હા..! એને **'શુદ્ધજ્ઞાનચેતનામય થઈને...'** એમ ભાષા છેને? આહા..હા..! જ્ઞાનસ્વભાવથી ભરેલો ભગવાન એમાં એકાગ્ર થઈને શુદ્ધ જ્ઞાનચેતનાને જાગૃત કરીને. આહા..હા..! શરતું બહુ, જવાબદારી ઘણી, પણ એના ફળ પણ અનંત આનંદ અને અનંત શાંતિ. આહા..હા..! અરે! ભાઈ! કહે છે, પ્રભુ! તું એકવાર અંતર તો જો. આહા..હા..! અનંત-અનંત શાંતિ અને આનંદ આદિની ઋદ્ધિથી ભરેલો ભગવાન છે. પોતાની સંપદાથી ભરેલો એ ભગવાન છે. આહા..હા..! એ સંપદામાં એકાગ્ર થા. પુણ્ય અને પાપના ભાવ એ તો વિપદા છે. એ આવી ગયું છે. અપદ છે. આવી ગયું છેને. શુભ-અશુભભાવ તે અપદ છે, તારું સ્થાન નહિ, પ્રભુ! આહા..હા..! તારું નિજપદ આનંદ, જ્ઞાનપદ છે એ નિજપદ છે. એમાં અનુભવને. આહા..હા..! આવી વાત છે. **'દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત-અનુભવ;...'** જોયું! **'શુદ્ધચેતનામય થઈને...'** ભગવાન ચૈતન્યસ્વરૂપ તેને જ્ઞાનમય થઈને. શુદ્ધચેતના કીધીને. **'દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત-અનુભવ;...'** એ મોક્ષનો માર્ગ છે, એ બંધનથી, સંસારથી છૂટવાનો એ રસ્તો, પંથ છે. આહા..હા..!

હવે જરી કહે છે. **'तत्थेव विहर'** છેને? ચોથો બોલ આવ્યો **'तत्थेव विहर'**. શેમાં વિચર? કે **'દ્રવ્યના સ્વભાવને વશે...'** ભગવાન આત્મા દ્રવ્ય છે વસ્તુ એના સ્વભાવને કારણે **'જે ક્ષણે ક્ષણે પરિણામો ઊપજે છે...'** વીતરાગી હોં અહીંયાં. આહા..હા..! દ્રવ્યના ચૈતન્યમૂર્તિ ધ્રુવ જે અનંત શક્તિનો સંગ્રહ-સ્થાન એવું દ્રવ્યના પરિણામના દ્રવ્યના વશે, એના સ્વભાવના વશે. આહા..હા..! **'(પોતાને) ક્ષણે ક્ષણે જે પરિણામો ઊપજે છે...'** ક્ષણે-ક્ષણે વસ્તુનો જે સ્વભાવ તેના આશ્રયથી ક્ષણે ક્ષણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ જે ઉત્પન્ન થાય છે. આહા..હા..! આવું છે. **'તે-પણા વડે (અર્થાત્ પરિણામીપણા વડે)...'** એ પરિણામ-પરિણામ. પરમસ્વભાવ ભગવાન, એના વર્તમાન ક્ષણે ક્ષણે થતાં પરિણામ વડે

એ પરિણામ નિર્મળ પરિણામની વાત છે. દ્રવ્યના સ્વભાવવશે તો નિર્મળ પરિણામ થાય. પુણ્ય-પાપના એ પરિણામ દ્રવ્યના સ્વભાવ વશે નથી. એ તો નિમિત્તના આશ્રયે, લક્ષે ઉત્પન્ન થતા વિકાર દુઃખરૂપ ભાવ. આહા..હા..! હવે આવો ઉપદેશ એટલે લોકોને.. આહા..હા..!

'**દ્રવ્યના સ્વભાવના વશે...**' દ્રવ્ય વશે એમ ન કહ્યું. દ્રવ્ય જે ભગવાન આત્મા એના સ્વભાવને વશે દ્રવતિ, દ્રવ્યને દૃષ્ટિમાં લીધું છે માટે એનો સ્વભાવ દ્રવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અનંતગુણની નિર્મળ પરિણતિથી દ્રવે છે. એવા પરિણામ વડે '**તન્મય પરિણામવાળો થઈને...**' આહા..હા..! એવા પરિણામમાં તન્મય-તન્મય થઈને. આહા..હા..! '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ વિહર;...**' ત્યાં વિહાર, વિચર. આહા..હા..! રાગ અને દ્વેષ ને પુણ્ય-પાપમાં વિચર્યો બહુ. અનંતકાળથી તેં વિહાર કર્યો એમાં. આહા..હા..! એના ફળ તો ચાર ગતિ દુઃખના મળ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? આ વિહર... વિહર... વિહર... વિચર. આનંદસ્વરૂપ ભગવાન એના પરિણામ ક્ષણે ક્ષણે જે નિર્મળ થાય તેમાં વિચર. આવી ભાષા. અહીં તો સંસારના કામથી નવરો થાતો નથી. એકલા પાપના પોટલા બાંધે આખો દિ'. આખો દિ' એમાં રચ્યોપચ્યો. પાપ હોં. પુણ્ય તો ક્યાંય ન મળે, ધર્મ તો ક્યાં છે? આહા..હા..!

હવે અહીં તો કહે છે કે એકવાર હવે સાંભળ પ્રભુ! એ પાપના પરિણામ અને પુણ્યના પરિણામ બે દુઃખરૂપ છે, તેના ફળ પણ દુઃખ છે. આહા..હા..! એ નરક અને નિગોદ અને સ્વર્ગ એના ફળ, પણ એ બધા ચાર ગતિ તે દુઃખરૂપ છે. આહા..હા..! એવા જ્ઞાનમાં વિહર. આહા..હા..!

'**ણિચ્ચં**' છેને? જ્ઞાનસ્વરૂપ થઈને '**એકને જ અચળપણે અવલંબતો થકો,...**' શું કહે છે? અન્ય દ્રવ્યમાં ન વિચર એટલે કે રાગાદિમાં ન જા. એ રાગ જે દયા, દાન, વ્રત, ભક્તિનો પણ છે રાગ એ વિકલ્પ એમાં ન જા, એમાં વિચર નહિ, ભાઈ! એ તો દુઃખને પંથે જાવું છે. આહા..હા..! સુખના પંથ ત્યાં લૂંટાય છે. આહા..હા..! અરે! એને સાંભળવા મળે નહિ, એને વિચારવા મળે નહિ એ કે દિ' કરે? આહા..હા..! આવી વાતું છે. એના જ્ઞાનમાં પહેલો નિર્ધાર તો કરે કે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, એના ક્ષણે ક્ષણે જે પરિણામ દ્રવ્યદૃષ્ટિને લઈને, દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોવાથી દ્રવે, એ જ્ઞાનદર્શન અને શાંતિ અને આનંદના પરિણામ ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય એમાં વિચરને. આહા..હા..! આવી વાતું છે. આ તો અંદર પરમાત્મા બિરાજે છે ત્યાં જાને કહે છે. આહા..હા..! ભાઈ! તને તારી ખબર નથી. પ્રભુ તું છો, પરમેશ્વર છો. આહા..હા..! વસ્તુ છે એ તો કૃતકૃત્ય ત્રિકાળી આનંદનો નાથ ભગવાન છે. એના ઉપર દૃષ્ટિ દેતા ક્ષણે ક્ષણે સ્વભાવને વશે.. આહા..હા..! જે કાંઈ સમ્યગ્જ્ઞાન આદિ પરિણામ થાય. આહા..હા..! તે પરિણામવાળો થઈને '**જ્ઞાનરૂપને એકને જ અચળપણે અવલંબતો થકો,...**' ઓહો..હો..! એ જ્ઞાન એટલે આત્મા. એ આત્માને

એકરૂપે અચળપણે અવલંબતો. આહા..હા..! જેને પુણ્ય-પાપ અને પર્યાયનું અવલંબન છૂટી જાય છે. આહા..હા..! છેલ્લી ગાથાઓ પણ એકદમ સારવાળી છેને. અરે! આ તો નિવૃત્તિવાળાને બેસે એવું છે. નિવૃત્ત તત્ત્વ જેને રુચતું હોય. બાકી બહાર તો હો..હા.. આ અપવાસ કર્યા ને આ વર્ષીતપ કર્યા અને ઉપધાન કર્યા. એ બધી રાગની ક્રિયાઓ છે, બાપુ! આહા..હા..! એ જીવના સ્વભાવના પરિણામ નહિ. એમાંથી ખસી જઈને દ્રવ્ય સ્વભાવને વશે જે પરિણામ થાય તેમાં વિચર અને વિચરતા એક જ્ઞાયકનું અવલંબન લે. આહા..હા..! પરિણામમાં વિચરવાનું કહ્યું, પણ છતાં અવલંબનમાં એ પરિણામ નહિ. અવલંબન તો ભગવાન પૂર્ણાનંદનો નાથ નિત્યાનંદ પ્રભુ એના અવલંબનને લે. આહા..હા..! આહા..હા..!

આ તીર્થંકરદેવ જ્યારે સમવસરણમાં બિરાજતા હોય, ઈન્દ્રો આવીને... આહા..હા..! સેંકડો સિંહ, સેંકડો નાગ અને ઈન્દ્રો મોટા અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર અને ઈશાનઈન્દ્ર... આહા..હા..! તેની દિવ્યધ્વનિ સાંભળતા હશે એ કેવી ચીજ હશે! આહા..હા..! ભગવાનના ૐ ધ્વનિ 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' આહા..હા..! ભાઈ! વિરહ પડ્યા તેના. પણ પ્રભુ તારા દ્રવ્યસ્વભાવનો વિરહ કોઈ દિ' નથી, કહે છે. આહા..હા..! પ્રભુ આનંદનું દળ છેને અંદર. આહા..હા..! અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય શાંતિ... શાંતિ... શાંતિ... એ તો ધ્રુવ છેને. આહા..હા..! એનું અવલંબન લે. પરિણામમાં વિચરવાનું કહ્યું, પણ અવલંબન જ્ઞાયકનું. આહા..હા..! હવે આવા ધર્મમાં પહોંચવું ક્યારે? આહા..હા..! પણ આ દુનિયા આખી દેખાદેખી કરતો હોય, એ જેમ દુનિયા કરે એમ હું પણ કરું. દેવજીભાઈ! આહા..હા..! એના સરવાળા તો ચાર ગતિમાં રખડવાના છે. આહા..હા..!

અહીં તો પ્રભુ કહે છે કે જેમાં ભવ અને ભવનો ભાવ એનાથી રહિત પ્રભુ છે. આહા..હા..! તને ક્યાંય ચેન પડે એવી ચીજ બીજે ક્યાંય નથી. સમજાણું કાંઈ? તને ચેન પડે એવી ચીજ તો ચૈતન્યસ્વરૂપ છે. આહા..હા..! એ '**જ્ઞાનરૂપને એકને જ અચળપણે...**' ભાષા દેખો! ક્ષણે ક્ષણે વ્યવહારનો તો નકાર કરતા જાય છે. પણ અત્યારે તો લોકોમાં એવું ચાલે છે બધે, વ્યવહારથી (લાભ) માનતા નથી, વ્યવહારથી લાભ માનતા નથી, પ્રભુ! વ્યવહાર તો બંધનું કારણ છે. આહા..હા..! એનાથી તો છૂટો પડ, જુદો થા. આહા..હા..! અને એક ચૈતન્યમૂર્તિ ભગવાન જ્ઞાન એટલે આત્મા, એકલું આત્મદ્રવ્ય જે અનંત શક્તિનો પિંડ એના અવલંબે. ભાષા શું છે? '**એકને જ અચળપણે અવલંબતો...**' ત્યાં તો એકાંત થઈ ગયું. કથંચિત્ પર્યાયનું અવલંબન અને કથંચિત્ દ્રવ્યનું અવલંબન એમ ન લીધું. ભગવાનજીભાઈ! આવી વાતું, બાપા! આહા..હા..!

અરે! તારા દુઃખના દહાડા બાપા વયા જાય છે. આહા..હા..! એક ઘરમાં બે વર્ષ અને ત્રણ વર્ષે એક ખાટલો બાયડીનો ઉઠે ત્યાં છોકરો માંદો પડે, છોકરો સાજો થાય ત્યાં દીકરી આવી સુવાવડ કરવા એ પાછી માંદી છ મહિના પડે. બે વર્ષથી ખાટલો ખાલી થાતો નથી

ઘરમાંથી. એ રાડું પાડે. આહા..હા..! એક પછી એક થયા જ કરે છે કહે છે. અહીં કહે છે કે પ્રભુ! તેં અનંતકાળથી દુઃખના ખાટલા ખાલી કર્યા નથી કોઈ દિ'. આહા..હા..! દુઃખને ખાટલે સૂઈ રહ્યો છે, પ્રભુ! તને ખબર નથી. આહા..હા..! એ તો વર્ષ, બે વર્ષ થાય ત્યાં થાકી જાય. આ તો અનંતકાળથી આ રાગ અને દ્વેષના ભવમાં, પ્રભુ! તું થાક્યો નહિ. આહા..હા..! એકવાર તો હવે જાગને. આહા..હા..! ચેતનસ્વરૂપ ભગવાન એકનું જ અવલંબન લે. આહા..હા..! એકનું જ અવલંબન લે. નિમિત્તનું અવલંબન નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રનું નહિ, આહા..હા..! રાગનું અવલંબન નહિ, પર્યાયનું અવલંબન નહિ. એ શુદ્ધ પર્યાય ભલે હો, પણ એનું અવલંબન નહિ. આહા..હા..! આવી વાત સાંભળતા કઠણ પડે હજી એને કોઈ દિ'. આહા..હા..! આ દુનિયાની હોશુંમાં હરખના દા'ડા ગાળે છે. ઓલા હરખ જમણ નથી કરતા? લગનમાં. પહેલા હતું નવ ટંક જમે તો દસમે ટંકે હરખજમણ કરતા. વાણિયામાં કરતા આપણે. અમારે ત્યાં બ્રાહ્મણ છે ત્રિવાડી. એ તો મહિનો-મહિનો જાન રહે. એક મહિનો જાન. એક ટંક વરવાળાનું જમણ અને એક ટંક કન્યાના ઘરનું જમણ. એક મહિનો હોય. પણ નવરાશ તો હતી ત્યારે. અત્યારે નવરાશ ક્યાં છે. અત્યારે તો મુંબઈમાં તો ચાર વાગે પરણે અને ત્યાં ને ત્યાં કાંઈક વીશી હોય મોટી ત્યાં જમાડી દે અને રાતે ઘરે. નવરાશ ક્યાં છે? ફુરસદ ક્યાં? આહા..હા..! અહીં તો કહે છે કે એ તો નવરાશ નથી, પણ બધી રીતે નવરાશ લેવી પડશે, પ્રભુ! આહા..હા..! ભાઈ! તું દુઃખી થઈને રખડે છો. તારા દુઃખના દા'ડા તેં ગાળ્યા છે. એ તને દેખીને, તારા દુઃખને દેખીને આંસુડા વહ્યા છે જગતને. એટલા દુઃખ ભાઈ તું ભૂલી ગયો. આહા..હા..!

અહીં કહે છે... આહા..હા..! પ્રભુ! એકવાર તું તારા એકરૂપ ચૈતન્યનું અવલંબન લેને. આહા..હા..! એનો આધાર લે. આહા..હા..! ભગવાન આત્મા અંદર ચૈતન્યમૂર્તિ પ્રભુ, ચેતન જેનો ચેતના ત્રિકાળી સ્વભાવ. આહા..હા..! ભાઈ! એ ચેતના સ્વભાવરૂપ ચેતન એનું અવલંબન લે તો તને ધર્મ થાય, નહિતર ધર્મ ત્રણકાળમાં થાય એવો નથી. આહા..હા..! પર્યાયના અવલંબે પણ ધર્મ ન થાય. રાગના દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામના અવલંબે ન થાય. એ તો રાગ વિકાર છે. આહા..હા..! અરે! નિર્મળ પર્યાય પ્રગટી હોય તો એને અવલંબે પણ નવી પર્યાય ન થાય. આહા..હા..! બહુ ઝીણું, બાપુ! ઘણું ઝીણું. તીર્થંકરદેવ ત્રિલોકનાથ, સર્વજ્ઞદેવ પરમાત્માનો આ (પોકાર) છે. એના વિરહ પડ્યા, પણ એની વાણી રહી ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? એ તીર્થંકરદેવની દિવ્યધ્વનિનો પોકાર છે. પ્રભુ! એકવાર તારા ત્રિકાળી આનંદના નાથનું અવલંબન લેને તું. આહા..હા..! એ વ્યવહારના વ્રત ને તપ ને ભક્તિના રાગ એ તો બંધના કારણ છે. આહા..હા..! એને અવલંબે તારું કલ્યાણ નથી, પણ એને જાણનારી જ્ઞાનની પર્યાય એને અવલંબે તારું કલ્યાણ નથી. આકરી વાત, પ્રભુ! શું થાય? આહા..હા..!

ભગવાન! ભગવાન તરીકે આ ભગવાન બોલાવે છે. પ્રભુ! તું ભગવાન છો અંદર હોં! જો ભગવાન ન હોય તો પર્યાયમાં ભગવાન થાશે ક્યાંથી? અરિહંત સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા ત્રિકાળ જ્ઞાની, ત્રિકાળી દર્શી, આનંદના ધરનારા થયા એ ક્યાંથી આવી? ભાઈ! એ દશા ક્યાંથી આવી? કોઈ દશામાંથી દશા આવી? રાગની ક્રિયામાંથી આવી? આહા..હા..! ભગવાન તું મોટો પ્રભુ અંદર છો. તને ખબર નથી, ભાઈ! તારી ખાણમાં તો અનંત આનંદ પડ્યો છે. પ્રભુ! તારી ખાણમાં તો અતીન્દ્રિય અનંત જ્ઞાન પડ્યું છે. તારી ખાણમાં તો શાંત... શાંત.. વીતરાગતાનો રસકંદ પડ્યો છે. આહા..હા..! અરેરે! આવું ક્યાંથી? આહા..હા..! એ જ્ઞાન શબ્દે આત્મા લેવો અહીંયાં. છેને?

'**જ્ઞાનરૂપને એકને જ અચળપણે અવલંબતો થકો,...**' આહા..હા..! એ આત્મા જે વસ્તુ છે, ભાઈ! તને ખબર નથી. એમાં અનંત અમાપ શક્તિઓનો, ગુણનો પિંડ છે એ. આહા..હા..! જેના ગુણનું માપ નથી. અમાપ ગુણનો અમાપ... અમાપ... અમાપ... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ગમે તેટલા વર્ગ કરો તો એથી અનંત-અનંત ગુણા ગુણો છે પ્રભુ તારામાં. આહા..હા..! એવા અનંતગુણનો સાગર પરમાત્મા પોતે એનું અવલંબન લે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, બાપા! જગતને તો આકરું પડે એવું (છે). શું થાય? માર્ગ તો આ છે. દુનિયાએ તો બહારથી અપવાસ કરવા, દયા પાળવી, ભક્તિ કરવી, જાત્રા કરવી, ઉપધાન કરવા અને એમાંથી કલ્યાણ (થાય). ભાઈ! એ બધી ચીજો, ભાઈ! તને ખબર નથી. એ બધી રાગની ક્રિયાઓ છે, પ્રભુ! રાગનો સ્વભાવ તારો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, પણ મતમદિરા કે પાનસો મતવાલા સમજે ન' આહા..હા..! પરમાત્માનો પોકાર છે જિનેન્દ્રદેવનો કે ઘટ ઘટ અંતર આત્મા તે જિનસ્વરૂપે બિરાજમાન છો તું, ભાઈ! આહા..હા..! કેમ બેસે? આ જ્ઞેય કીધુંને, ત્રિકાળી વસ્તુ. 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' જૈન કોઈ સંપ્રદાય નથી. જૈન કોઈ વાડો નથી. અંતર આનંદનો નાથ ભગવાન પૂર્ણ શક્તિનું સ્વરૂપ તેમાં એકાગ્ર થઈને રાગને જીતવો તે જૈન છે. એ જૈનપણું ઘટ ઘટ અંદર વસે છે. કોઈ બહારના લિબાસ ને વેષાદિ કે ક્રિયાકાંડ તે જૈનપણું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? 'પણ મત મદિરા...' પોતાના અભિપ્રાયના દારૂ પીધા છેને. આહા..હા..! 'મત મદિરા કે પાનસો' પોતાના અભિપ્રાયમાં દારૂ પીધા છે. રાગથી કલ્યાણ થાય અને દયા, દાન, વ્રત કરતાં-કરતાં કલ્યાણ (થશે), એ મિથ્યાત્વના મતનો દારૂ પીધો છે. આહા..હા..! દેવજીભાઈ! આવી વાતું છે, ભાઈ! શું થાય? 'મત મદિરા કે પાનસો મતવાલા સમજે ન.' એ મતવાળા અભિપ્રાય બાંધ્યા ઊંધા એને આ આત્મા શું ચીજ છે એ એને નહિ બેસે. આહા..હા..!

અહીં કહે છે... અમૃતચંદ્રાચાર્ય ટીકા કરનાર છે, શ્લોક કુંદકુંદાચાર્યના છે. ભગવાન પાસે

ગયા હતા. ત્રિલોકનાથ પરમાત્મા મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે અત્યારે. આહા..હા..! પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. પ્રભુ બિરાજે છે ત્યાં આઠ દિન ગયા હતા. સંવત્ ૪૯, બે હજાર વર્ષ થયા. ત્યાં આઠ દિન રહી ભગવાનનું સાંભળ્યું, શ્રુતકેવળી પાસેથી ચર્ચા કરીને... આ તો મુનિ, આત્મજ્ઞાની આનંદી, પણ વિશેષ સ્પષ્ટ (કરવા ચર્ચા કરી). આવીને આ શાસ્ત્રો રચ્યા. આહા..હા..! ભગવાનનો આ સંદેશ છે એ હું લાવ્યો છું. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન એમ કહે છે કે તારું જ્ઞેય જે ચૈતન્યસ્વભાવ,.. ભાષા ભલે બીજી હો. આહા..હા..! અંદર આનંદનો કંદ પ્રભુ પાતાળમાં ભરેલું પાણી. આહા..હા..! પાતાળમાં જેમ પાણી ભર્યા છે જોરદાર, એમ તારા ધ્રુવમાં આનંદ આદિ, જ્ઞાન આદિ પાતાળમાં અનંત આનંદ પાતાળ પાણી પડ્યું છે. આહા..હા..! અરે..! પણ એ શું કહે? એકવાર રાગની એકતાની તડને તોડી નાખ. તને અંદર આનંદની ધારા વહેશે. પાતાળ ફૂટે ને જેમ પાણી આવે બહાર. ભગવાન તારામાં અનંત આનંદ અને અનંત જ્ઞાનનું પાતાળમાં પાણી પડ્યું છે ધ્રુવ. આહા..હા..! એ ધ્રુવનું અવલંબન લેને, આહા..હા..! એનો આશ્રય લેને, એને પડખે જાને. પર્યાયને, રાગને પડખે તો અનાદિકાળ ગાળ્યો પ્રભુ તેં... આહા..હા..! પણ કરવટ ન ફેરવી તેં. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, બાપુ! વીતરાગમાર્ગ બહુ ઝીણો છે. આહા..હા..! અત્યારે તો બહારથી કોલાહલ આ કરો ને આ કરો ને આ કરો. આ ઉપધાન કર્યા એટલે થઈ ગયા ધર્મ. દોઢ દોઢ મહિના સુધી ભગવાનને વંદન કરે. બાપુ! એ તો બધી, ભાઈ! તને ખબર નથી. તારો નાથ તો જ્ઞાતા દૃષ્ટાના સ્વભાવથી ભરેલો છે. એના અવલંબન લે. એ અવલંબનથી એના **'એકને જ અચળપણે અવલંબતો...'** પાછું ભાષા (એમ છે) એકનું જ અવલંબન લે. આહા..હા..! એ નિર્મળ પર્યાય પ્રગટ થાય એનું પણ અવલંબન ન લે. જાણ ખરું કે છે, પણ અવલંબન તો ત્રિલોકનાથ ચૈતન્ય ધ્રુવ પ્રભુનું અવલંબન. એકને જ અચળપણે, ત્રિકાળીને એકને જ અચળપણે. ચળે નહિ એ રીતે. આહા..હા..! દૃષ્ટિમાં ધ્રુવને ધ્યેય બનાવી... આહા..હા..! આવો ધર્મ કઈ જાતનો હશે? આ જૈન ધર્મ આવો હશે? આ તો કહે અપવાસ કરવા, છપરબી બ્રહ્મચર્ય પાળવું, ચોવિહાર (કરવો), રાતે આહાર ન કરવો, દયા પાળવી એવી વાતું તો સાંભળી પણ આવી ક્યાંથી વાતું કાઢી આ? ભાઈ! તને ખબર નથી. બાપુ! તારા મારગડા અંદરના જુદાં છે, ભાઈ! આ શું ભાષા કહે છે?

આત્માને **'એકને જ અચળપણે અવલંબતો થકો,...'** આહા..હા..! જેની દૃષ્ટિમાં ભગવાન આવ્યા ચિદાનંદ પ્રભુ, એ ત્યાંથી કેમ ખસે હવે? આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. આ તો હજી સમ્યગ્દર્શનની વાત છે. ચોથું ગુણસ્થાન હજી, શ્રાવક મુનિ તો ક્યાંય, બાપા! એ તો કોને કહેવા? અરે! એ તો વાતું બહુ આકરી, ભાઈ! અહીં તો પ્રથમ ચોથે ગુણસ્થાને એને કહે છે કે એકલા ભગવાન ત્રિલોકના નાથ આત્મા પોતે છે તેનું અવલંબન હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! અનંત તીર્થંકરોનો આ પોકાર છે, દિવ્યધ્વનિનો

આ અવાજ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**‘જ્ઞાનરૂપને...’** જ્ઞાનરૂપ એનું સ્વરૂપ એમ. ભગવાન આત્માનું તો જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનરૂપ છે, એમાં કોઈ પુણ્ય-પાપના વિકલ્પ એ કાંઈ એનું સ્વરૂપ નથી. આહા..હા..! એવા જ્ઞાન આત્મસ્વરૂપને **‘એકને જ...’** એકાંત થઈ જાય છે. સ્યાદ્વાદ માર્ગ છેને અનેકાંત? કે ભાઈ! વ્યવહાર કરતાં-કરતાં થાય અને નિશ્ચયથી થાય એવો સ્યાદ્વાદ છેને. એ સ્યાદ્વાદ નહિ, પ્રભુ! તને ખબર નથી. એ તો એકાંતવાદ છે. અહીંયા તો એકને જ અવલંબે થાય અને વ્યવહારથી ન થાય એનું નામ અનેકાંત છે. આહા..હા..! ભગવાનજીભાઈ! આવી વાતું છે, બાપુ! શું થાય? આહા..હા..! અરે! વખત મળ્યો પ્રભુ તને મનુષ્યપણું, એમાં જૈન પરમેશ્વરનો સંપ્રદાય, એમાં વીતરાગની વાસ્તવિક વાત મળવી મુશ્કેલ પડે એ આવી મળી. આહા..હા..! હવે તો કરવાનું તો કરને. આહા..હા..! ત્રણલોકનો નાથ બિરાજે છે, પ્રભુ! તું અરિહંત પરમેશ્વર જ છો. પર્યાયમાં થયા એ પરમેશ્વરપણું પર્યાયમાં, અવસ્થામાં લાવ્યા ક્યાંથી? એ અંદરમાં પડ્યું છે પરમેશ્વરપદ. આહા..હા..! એને અવલંબે જ. એકને અવલંબે જ **‘અચળપણે અવલંબતો થકો,...’** આહા..હા..!

**‘જેઓ જ્ઞેયરૂપ હોવાથી ઉપાધિસ્વરૂપ છે...’** આહા..હા..! કહે છે કે એ પુણ્યના પરિણામ થાય, દયા, દાન, વ્રત, ભક્તિ એ ઉપાધિભાવ રાગ છે, એ તો જ્ઞેય છે. આહા..હા..! આકરું કામ, પ્રભુ! દુનિયા સાથે મેળ કરવો... હીરાભાઈ! આહા..હા..! વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વરનું તો આ કથન છે. **‘એકને જ અવલંબતો થકો, જેઓ જ્ઞેયરૂપ હોવાથી ઉપાધિસ્વરૂપ છે...’** આહા..હા..! એ જે વિકલ્પ ઉઠે છે બધા દયા, દાન ને વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગની વાસના એ તો બધી જ્ઞેયરૂપ ઉપાધિ છે. એ તારા સ્વરૂપની નહિ અને સ્વરૂપમાં નહિ. આહા..હા..! છે? **‘જેઓ જ્ઞેયરૂપ હોવાથી ઉપાધિસ્વરૂપ છે...’** આહા..હા..! અરે! હો, ભાવ આવે, ધર્મીને પણ શુભભાવ આવે, પણ છે એ જ્ઞેયરૂપ ઉપાધિ. આહા..હા..! શરીર, વાણી, મનની અહીં વાત નહિ, એ તો પર છે. અહીંયાં તો અંદરમાં શુભભાવના વિકલ્પો ઉઠે એ ખરેખર સ્વજ્ઞેય નથી, એ પરજ્ઞેય છે, એ ઉપાધિ છે. આહા..હા..!

એ ઉપાધિ **‘જ્ઞેયરૂપ હોવાથી ઉપાધિસ્વરૂપ છે...’** જોયું! ઓલાને એમ હતું જ્ઞાનરૂપ કહો કે સ્વરૂપ કહો. આ **‘ઉપાધિસ્વરૂપ છે એવાં સર્વ તરફથી ફેલાતાં...’** આહા..હા..! ચારે કોરથી વિકલ્પ ઉઠે તને. આહા..હા..! ભગવાન તો એમ કહે ત્રિલોકનાથ તીર્થંકરદેવ, પ્રભુ! તું મારી સામું જોઈશ તો તને રાગ થશે, એ ઉપાધિ તને થશે. આહા..હા..! આ વાત વીતરાગ કહે. સમજાણું કાંઈ? અમારા મુનિઓને પણ, સાચા સંત જે આત્મજ્ઞાની ધર્માત્મા એને પણ તું આહાર-પાણી દેવાનો ભાવ (કરે) પણ એ શુભરાગ વિકલ્પ છે હોં એ. આહા..હા..! આવે, પણ છે ઉપાધિ, એ સમાધિ નહિ, એ ભગવાન આત્માનો સ્વભાવ નહિ. આહા..હા..!

'**સર્વ તરફથી ફેલાતાં**...' શું કહે છે? આહા..હા..! ચારે કોરના દ્રવ્યો, ક્ષેત્ર, કાળ, ભાવ બહાર પડ્યા છે એના ઘેરામાં પડ્યો, ચારે તરફથી ઉઠે વિકલ્પ, આમ જુઓ તો ઉઠે, આમ જુઓ તો ઉઠે. આહા..હા..! એ વિકલ્પની લાગણીઓ ઉપાધિ રાગની છે. આહા..હા..!

એ '**ફેલાતાં સમસ્ત પરદ્રવ્યોમાં**...' સમસ્ત એ પરદ્રવ્ય છે. વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ પણ વિકલ્પ પરદ્રવ્ય છે, એ સ્વદ્રવ્ય નહિ. આહા..હા..! આકરી વાતું બહુ. એ પાછો ભાવ આવ્યા વિના રહે નહિ જ્ઞાનીને પણ. વ્યવહાર શુભભાવ આવે, પણ છે એ ઉપાધિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**જ્ઞેયરૂપ હોવાથી ઉપાધિસ્વરૂપ છે એવા સર્વ તરફથી ફેલાતાં સમસ્ત પરદ્રવ્યોમાં જરા પણ ન વિહર.**' ભાષા તો જુઓ, આહા..હા..! શુદ્ધ ચૈતન્યના અવલંબે થતાં શુદ્ધ નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન વીતરાગી પર્યાયમાં વિચર. અવલંબન જ્ઞેયનું લે ત્રિકાળી ભગવાનનું અને આવા રાગમાં જરાય ન વિચર. આહા..હા..! ભાષા તો જુઓ! આ લોકો અત્યારે કહે છેને વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ તે રાગ વ્યવહાર, પંચમહાવ્રતના પરિણામ પણ રાગ તે વ્યવહાર. આહા..હા..! એ શાસ્ત્રના તરફ જુકાઈને ભણતર કરવા એ બધો રાગ વ્યવહાર. ભગવાન! કઠણ પડે, ભાઈ! એમાં ન વિચર કહે છે. ભાષા... છે?

'**જરા પણ ન વિહર.**' જરીએ ન આશ્રય લે. આહા..હા..! હજી એના સાચા જ્ઞાનના પણ ઠેકાણા ન મળે. અરે! એને અંદરમાં અવલંબન લઈને વ્યવહારમાં જરીએ ન વિચરવું, નિશ્ચયમાં રહેવું (ક્યારે થાય?) આહા..હા..! સમજાણું કાંઈ? એ 'પ્રભુનો માર્ગ છે શુરાનો એ કાયરના નહિ કામ ત્યાં.' એ શુરવીરના કામ છે. જેને આત્મા તરફનો જુકાવ થયો છે તેમાં વિચર અને રાગાદિમાં ન વિચર, જરાપણ ન વિચર. આહા..હા..! ગાથા તે ગાથા છેને! આહા..હા..! બાર અંગનો સાર છે. ભગવાનના શ્રીમુખે નીકળેલી (વાણી છે). 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' ત્રિલોકનાથ પરમાત્માના શ્રીમુખે ૐ ધ્વનિ નીકળે છે. આવી ભાષા ન હોય એને. 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' સંતો, આત્મજ્ઞાની એના અર્થ વિચારે. 'રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે.' સંતો જ્યારે રચના બાર અંગની કરે અને તેને સાંભળીને ભવ્ય નામ લાયક પ્રાણી સંશયને ટાળે. એ સિવાય કોઈ ઠેકાણે બીજો માર્ગ છે નહિ. આહા..હા..! સર્વજ્ઞ ત્રિલોકનાથ વીતરાગના માર્ગ સિવાય ક્યાંય માર્ગ છે નહિ, ભાઈ! આહા..હા..! 'ભવિક જીવ સંશય નિવારે.' લાયક પ્રાણી તે સંશયને છેદે. આહા..હા..! '**જરા પણ ન વિહર.**' આહા..હા..!

'**ભાવાર્થ :- પરમાર્થરૂપ આત્માના પરિણામ**...' ખરેખર પરમાર્થ. પરમાર્થ એટલે આ પરની દયા પાળવી એ પરમાર્થ નહિ. આહા..હા..! પરમાર્થ—પરમ અર્થ પદાર્થ પ્રભુ. આહા..હા..! ચૈતન્યરતન હીરલો ચિંતામણિ ભગવાન અંદર આત્મા. આહા..હા..! એવો પરમાર્થરૂપ પ્રભુ. એ ભગવાન બધા ભગવાન છે અંદર હોં! દેહને ન જો, રાગને ન જો,

પર્યાય ઉપર નજર ન કર. આહા..હા..! ભગવાન છેને બધા, પ્રભુ! તો તારા ભગવાન સામું જોને હવે. આહા..હા..! ત્રણલોકના નાથ એમ પોકારે છે કે અમારી સામું જોતા તને રાગ થાશે, અમે પરદ્રવ્ય છીએ. તારું દ્રવ્ય નહિ, અમે તો પરદ્રવ્ય છીએ. આહા..હા..! આ વાત વીતરાગ સિવાય ક્યાંય હોય નહિ. આહા..હા..! આ તો મોઢા સામો કોળિયો કોને ન ગોઠે? અમારી ભક્તિ કરો, તમારું કલ્યાણ થાશે, અમને આહાર-પાણી આપો, તમારું કલ્યાણ થાશે. આ તો ત્રણલોકનો નાથ તો એમ પોકારે કે અમે તીર્થંકરપણે છદ્મસ્થ હોઈએ ત્યારે પણ અમને આહાર આપનારને કલ્યાણ થાય નહિ, એને શુભભાવ-પુણ્ય થાય. આહા..હા..!

**શ્રોતા :-** પગ દાબે મુનિવરોના.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પગ દાબે કોણ? આ જડ માટી ધૂળ છે. આ તો માટી ધૂળ પુદ્ગલ પરમાણુ માટી છે. એને દાબે. આહા..હા..! એમણે કહેલી આજ્ઞાને પાળે તે સેવા કરી કહેવાય. કાંઈ પગ દાબવાને એ કાંઈ સેવા (નથી). આહા..હા..! ઝીણી વાતું, પ્રભુ! આહા..હા..! દુનિયા સાથે મેળ કરવા જાય તો ઝઘડા ઊભા થાય એવું છે. આ તો જંગલમાં પડ્યા છીએ. આહા..હા..! માર્ગ આ છે, બાપુ! વાડામાં તો રહેવા ન દે નહિતર. આહા..હા..!

પ્રભુ! તું કોણ છો? આહા..હા..! તારા સ્વભાવની એક સમયની રાડ નાખતા તને કેવળજ્ઞાન થાય એવી તારી તાકાત છે. આહા..હા..! સિંહની ગર્જના સાંભળતા બકરાના ટોળા ચાલ્યા જાય, એમ ત્રણલોકનો નાથ ભગવાન આત્મા જ્યાં અંદર જાગે, ત્યાં પુણ્ય-પાપના બકરા જેવા ટોળા ચાલ્યા જાય એવું છે. આહા..હા..! આવી વાત છે.

**'પરમાર્થરૂપ આત્માના પરિણામ...'** જોયું! આત્માના પરિણામ કોને કહેવા કહે છે. **'દર્શન-જ્ઞાન-ચારિત્ર...'** એ સમ્યગ્દર્શન જે શુદ્ધ ચૈતન્યની પ્રતીતિ અનુભવ, આનંદનો અનુભવ કરીને, અતીન્દ્રિય આનંદનો અનુભવ કરીને પ્રતીતિ કરવી એ દર્શન પરિણામ એ આત્માના પરિણામ છે. પુણ્ય અને પાપના પરિણામ એ આત્માના નહિ. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ આત્માના પરિણામ નહિ. રાડ નાખેને. સમજાણું કાંઈ? કહ્યું હતુંને એક ફેરી. ૮૫ની સાલ. કેટલા વર્ષ થઈ ગયા? ૪૯. બોટાદમાં, બોટાદમાં હતાને આમાં સંપ્રદાયમાં. સભા મોટી. નામ તો મોટું હતુંને પહેલેથી. ૧૫૦૦ માણસની સભા. અપાસરામાં સમાય નહિ તો ગલીમાં ભરાય. ૮૫ના પોષ મહિનાની વાત છે. સંવત્ ૧૯૮૫. બે વાત કરી હતી. પ્રભુ! કીધું સાંભળો એકવાર, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. ધર્મથી બંધન હોય નહિ અને જે ભાવે બંધન થાય એ ધર્મ નહિ. આહા..હા..! કાળીદાસભાઈ! તે દિ' તો તમે ક્યાંય સૂતા હશો. હકમીચંદભાઈ હતા. હસમુખભાઈ પણ ત્યાં નહોતા. આ તો ઘણા વર્ષ થઈ ગયાને. એ ગાંધી કુટુંબમાં હસમુખ એક નીકળ્યો અત્યારે. નિવૃત્તિ લઈને (અહીંયા રહે છે). આહા..હા..! બાપુ! આ તો કરવાનું આ છે. ખાવાનું સાધારણ આજીવિકા મળે, તોપણ કરવાનું તો આ છે, બાપુ! અરે! જીવન ચાલ્યા જાય, દેહ છૂટી જશે, ભાઈ!

એની મુદતે છૂટીને જાવું છે ક્યાં તારે? આત્મા તો અનંતકાળ રહવાનો છે ભવિષ્યમાં. હવે એ રાગની રુચિના પ્રેમમાં હશે તો મિથ્યાત્વમાં રહેશે અનાદિ. આહા..હા..! પણ એ રાગની રુચિ તે ભવની રુચિ છે. આહા..હા..! એથી એ ભવમાં રહેશે. પણ જેણે રાગની રુચિ છોડીને પરમાત્મા ભગવાન ચિદાનંદ પ્રભુ એની રુચિ કરી એણે ભવના અભાવની રુચિ કરી, એને હવે ભવ નહિ રહે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એના પરિણામ તો આ શુભાશુભ પરિણામ આત્માના પરિણામ જ ગણ્યા નહિ, એ તો વિભાવભાવ છે. આહા..હા..! આ તો અપવાસ કર્યા, આઠ અપવાસ કર્યા અને અપવાસ એટલે તપસ્યા અને તપસ્યા એટલે નિર્જરા. અરે! ધૂળમાંય નથી નિર્જરા સાંભળને, ભાઈ! તને ખબર નથી, બાપુ! આહા..હા..! જેને આત્માના આનંદના સ્વભાવનું અવલંબન લઈને અતીન્દ્રિય આનંદની ઉગ્ર દશા પ્રગટ થઈ નથી તેને તપ હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. શબ્દે-શબ્દે, ભાવે-ભાવે ફેર છે, બાપુ! એ ખબર નથી? આહા..હા..!

‘**તે જ મોક્ષમાર્ગ છે.**’ આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી પર્યાય (તે મોક્ષમાર્ગ છે). જિનસ્વરૂપી ભગવાન એના જિન પરિણામી વીતરાગ પરિણામ જિનસ્વરૂપને અવલંબે થાય એ જ આત્માના પરિણામ છે અને તે જ મોક્ષનો માર્ગ છે. ‘**તેમાં જ આત્માને સ્થાપવો,...**’ એ કહી ગયા છે એ વાત નાખી. ‘**તેનું જ ધ્યાન કરવું, તેનો જ અનુભવ કરવો...**’ ચેત. ‘**તેમાં જ વિહરવું-પ્રવર્તવું, અન્ય દ્રવ્યોમાં ન પ્રવર્તવું.**’ આહા..હા..! ‘**અહીં પરમાર્થે એ જ ઉપદેશ છે કે નિશ્ચય મોક્ષમાર્ગનું સેવન કરવું,...**’ આહા..હા..! વ્યવહાર મોક્ષમાર્ગ એ તો રાગ છે. અરે! આકરી વાતું આવી છે. ‘**કેવળ વ્યવહારમાં જ મૂઢ ન રહેવું.**’ વ્યવહાર આવે, પણ એનાથી કલ્યાણ થશે એમ મૂઢ ન રહેવું. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ ધર્મીને પણ વ્યવહાર તો આવે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિ, પણ એમાં મૂઢતા ન કરવી કે આ કલ્યાણનું કારણ છે. સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ-૧૪, ગુરુવાર, તા. ૨૪-૧૧-૧૯૭૭, કળશ-૨૪૦, પ્રવચન નં. ૫૧૯

૪૧૨ ગાથાનો કળશ, ૨૪૦.

एको मोक्षपथो य एष नियतो दृग्ज्ञप्तिवृत्त्यात्मक-
स्तत्रैव स्थितिमेति यस्तमनिशं ध्यायेच्च तं चेतति।
तस्मिन्नेव निरन्तरं विहरति द्रव्यान्तराण्यस्पृशन्
सोऽवश्यं समयस्य सारमचिरान्नित्योदयं विन्दति।।२४०।।

આહા..હા..! જે કોઈ '**दृग्-ज्ञप्ति-वृत्ति-आत्मक यः एषः एकः नियतः मोक्षपथः**' એક શ્લોકે કેટલું કહ્યું છે! '**દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ...**' '**आत्मक**' છેને? ભગવાન પૂર્ણાનંદ અતીન્દ્રિય અનંત અતીન્દ્રિય ગુણનું નિધાન એવું જે જ્ઞાનસ્વરૂપ તેને પકડીને તેની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા કરવી એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષમાર્ગ છે. આહા..હા..! દર્શન એટલે સમ્યગ્દર્શન એટલે વસ્તુ સ્વરૂપ પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન આદિ અનંતગુણના સંગ્રહસ્વરૂપ જે વસ્તુ તેની દૃષ્ટિ એટલે સન્મુખ થઈને, તે દ્રવ્યનું જ્ઞાન કરીને તેમાં પ્રતીતિ, તેનું જ્ઞાનનું જ્ઞાન અને જ્ઞાનસ્વભાવમાં રમણતા... આહા..હા..! આ મોક્ષમાર્ગ છે. મોટી તકરાર અત્યારે ચાલે છેને. વ્યવહારને માનતા નથી, વ્યવહારથી થાય એમ કહેતા નથી. બાપુ! વ્યવહાર હોય છે.

**શ્રોતા :-** નિશ્ચયમાં વ્યવહાર કેવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચય હોય છે ત્યાં વ્યવહાર હોય છે, પૂર્ણ વીતરાગ ન થાય (ત્યાં સુધી), પણ એ વ્યવહાર બંધનું કારણ છે. આહા..હા..! વસ્તુસ્વરૂપ ભગવાન આત્મા અનંત-અનંત જ્ઞાન, અનંત દર્શન આદિ શક્તિઓનો પિંડ પ્રભુ. આહા..હા..! જેની શક્તિઓની સંખ્યાઓનું માપ નથી એવો જે અમાપ શક્તિનો ધરનારો ભગવાન એને આ પુણ્ય ને પાપ દયા, દાન અને વ્રત અને ભક્તિના પરિણામ એનાથી જુદો પાડી. આહા..હા..! એ જ્ઞાયક સ્વરૂપ જે ચિદાનંદ દ્રવ્ય વસ્તુ, તેની અંતરમાં વેદનમાં પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એ એક જ મોક્ષનો માર્ગ છે. છે? આહા..હા..! '**આ એક નિયત મોક્ષમાર્ગ છે.**' ભાષા એમ છે જોયું! એક જ આ મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગ બે નથી. બેનું તો કથન આવ્યું છે, વસ્તુ બે નથી. આહા..હા..!

**શ્રોતા :-** એક વસ્તુ હોય એના બે કથન?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કથન નિરૂપણ પણ બે પ્રકારે હોય—એક યથાર્થ અને એક આરોપિત, પણ વસ્તુ છે મોક્ષનો માર્ગ એ એક જ છે. સાધન પણ એક છે. સાધન કહો કે માર્ગ કહો કે ઉપાય કહો. આહા..હા..! આ જુઓને એક ક્ષણમાં દેહ છૂટી જાય છે. આહા..હા..! શેના ભરોસા?

ધ્રુવ-ધ્રુવ નિત્ય અંદર પ્રભુ ઊભો છેને. આહા..હા..! ધ્રુવપણે ટકી રહેલું તત્ત્વ છેને. જેમાં અનંત-અનંત આનંદ, અનંત સ્વચ્છતા, પ્રભુતા, ઈશ્વરતા એવી અનંત રતનની ખાણ છે એ તો. આહા..હા..! એને અંતર્મુખ થઈને અંતર આત્માને પકડવો. આહા..હા..! બહિર્મુખની વૃત્તિઓનું લક્ષ છોડી દેવું. એ વસ્તુ કાંઈ બહારમાં નથી, વસ્તુ તો અંદરમાં છે. આહા..હા..! જ્યાં વસ્તુ છે અંતરમાં તેના અંતરમાં દૃષ્ટિ કરીને એનું જ્ઞાન અને રમણતા તે એક જ મોક્ષનો માર્ગ છે. છે? '**આ એક નિયત મોક્ષમાર્ગ છે.**' આહા..હા..! હવે આમાં રાડ પાડે છે. એક જ નિશ્ચય. વ્યવહાર છે એટલે એ છે જ નહિ માર્ગ એમ, એ તો કથન છે. આહા..હા..!

ભગવાનમાં શું ખામી છે? શું ઉણપ છે? એના વસ્તુના અનંતગુણમાં ક્યાં વિપરીતતા

છે? એવો પ્રભુ ચૈતન્યરત્ન ભગવાન અંદર... આહા..હા..! એને રાગથી ભિન્ન પડી અને અરાગી જિનસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ તેને પકડવો. આહા..હા..! એ પકડવામાં જે પ્રતીત થઈ છે તે સમ્યગ્દર્શન, જે જ્ઞાને એને પકડ્યું તે જ્ઞાન અને એમાં રમણતા તે ચારિત્ર. આવું છે, ભગવાનજીભાઈ! અરે! પ્રભુ! શું થાય? આહા..હા..! લોકો વિરોધ... વિરોધ.. વિરોધ... કરુણાદીપ છે એક પત્ર છે. કેટલો વિરોધ લખ્યો છે. એક પત્ર આવે છે કરુણાદીપ નામનું. જેમ એક જિનદર્શન આવે છેને. જબલપુરમાં બહુ વિરોધ કર્યો બાબુભાઈના નામનો.. ઓલો ગોકુળચંદ નથી? અરે! ભગવાન! ત્યાં તો બેય જણાને અભિનંદન આપ્યા. આહા..હા..! ત્યારે એમ કહે બાબુભાઈએ બચાવ કર્યો હતો. વ્યવહાર આવે છે અશુભથી બચવા. પણ આવે છે એ નિશ્ચયવાળાની વાત છે એમ કહ્યું એમણે. જેને સ્વ આશ્રયે ભગવાન પરમાત્મસ્વરૂપે બિરાજમાન આત્મા એનો આશ્રય લઈ, અવલંબન લઈ અને જે દશામાં દર્શન, જ્ઞાન અને ચારિત્રના આનંદના વેદનવાળી દશા, અતીન્દ્રિય આનંદના વેદનવાળી દશા... આહા..હા..! શું થાય? પ્રભુ! શું થાય? સર્વોત્કૃષ્ટ આ જગતમાં એના જેવી કોઈ ચીજ નથી. ભગવાન સર્વોત્કૃષ્ટ ઋદ્ધિનો ધણી છે. એનામાં ઋદ્ધિ છે એવી જગતમાં ક્યાંય નથી. આહા..હા..! ક્ષેત્ર ભલે નાનું પણ એની શક્તિઓનો સમાવેશ અનંત શક્તિ, એવા અમાપ શક્તિઓનું એકરૂપ પ્રભુ એની દૃષ્ટિ કરતાં, એ દ્રવ્યની દૃષ્ટિ કરતાં જે પ્રતીત થઈ અને એનું જ્ઞાન કરતાં જે જ્ઞાન થયું, એમાં રમણતા એ એક જ મોક્ષનો માર્ગ છે. આહા..હા..! હવે અહીંયાં એ કહે છે કે તમે બે માનતા નથી માટે એકાંત છે. આહા..હા..! બે આવી ગયા. એક નકારમાં અને એક હકારમાં. આહા..હા..!

બાપુ! એ દુઃખી છે. આહા..હા..! જેને મિથ્યાત્વની તીવ્રતા (છે), એ પુણ્યના પરિણામ મારા અને એનો જેને હરખ ચડી ગયો છે એ મિથ્યાત્વના પરિણામમાં પ્રભુ એ મિથ્યાત્વનું ફળ તત્ત્વનો વિરોધ તે નિગોદ છે. આહા..હા..! અનંતે કાળે માણસ ન થાય, ઈયળ ન થાય, પ્રભુ! એવી સ્થિતિમાં મિથ્યાત્વ વિપરીત શ્રદ્ધાનું ફળ નિગોદ કહ્યું છે. આહા..હા..! અને આ અવિપરીત સમ્યગ્દર્શન-જ્ઞાનનું ફળ હમણા કહેશે 'अचिरात्'. પંચમ આરાની વાત છેને મુનિની? એટલે પોતે કહે છે કે આ રીતે જે મોક્ષમાર્ગ 'अचिरात्'. એને ત્રીજે ભવે તો મુક્તિ થશે જ. કારણ કે પંચમકાળ છે એટલે અત્યારે કેવળજ્ઞાન નથી. આહા..હા..! છેલ્લું આવશે. 'अचिरात्' છેને? 'नित्य-उदंय समयस्य सारम् अचिरात्' એનો અર્થ કર્યો છે ટીકામાં. લખાવ્યું છે .. ગાથા. ત્રણ બોલ લખ્યા છે. પ્રતિભવે. 'अचिरात्' શબ્દ છેને. આહા..! મુનિરાજ છેને, પોતાની વાત કરે છે. આહા..હા..!

અંતર અતીન્દ્રિય આનંદના રસના કસે ચડી ગયો છે. જે અંદર કસવાળી ચીજ છે, આત્મા આનંદ આદિ કસવાળી ચીજ છે... આહા..હા..! એને જેણે માની, જાણી અને રમ્યો એમાં. પંચમ આરાના મુનિ છેને. છતાં એટલું જોર આપ્યું છે કે ત્રીજે ભવે તો અમે મોક્ષ

કેવળ લેશું, લેશું ને લેશું. આહા..હા..! પરમ અધ્યાત્મતરંગિણી. આ 'अचिरात्'નો અર્થ કર્યો છે. પહેલાં કહ્યું હતું. લખ્યું છે? આહા..હા..! જેમ સમ્યગ્દર્શનને માટે સંતો અપ્રતિહત વાત કરે છે. આહા..હા..! એમ ભગવાન આત્મા... ભાઈ! તારામાં શું ખામી છે કે તું પરમાં સુખને માટે ઝાંવા નાખે છો? આહા..હા..! તારામાં કઈ ઋદ્ધિની ખામી છે કે પર ઋદ્ધિમાં તારા ઝાંવા જાય છે? આ હોય.. આ હોય... આ હોય... આહા..હા..! શાંતિભાઈ! આહા..હા..! ભાઈ! તું અનંત આનંદ, અનંત જ્ઞાન આદિ અનંત શક્તિની ઋદ્ધિનો ધણી છો. આહા..હા..! ભાઈ! તેં તારા સ્વભાવના સામર્થ્યની સામે જોયું નથી. તારો નાથ મોટો બિરાજે છે પર્યાયની પાછળ. એક સમયની પર્યાયની પાછળ આમ નજર કર તો ત્યાં બિરાજે છે ભગવાન. આમ નજર કર તો રાગ અને પુણ્ય-પાપ તારી નજરમાં આવે. આહા..હા..! એ પુણ્ય અને પાપની નજરું તો મિથ્યાત્વ છે. પર્યાયબુદ્ધિ થઈને ઈ. આહા..હા..! એ મિથ્યાત્વમાં તો એને પશુના અવતાર અને નિગોદના અવતાર છે, ભાઈ! આહા..હા..!

ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર એનો પોકાર છે કે તારી ઋદ્ધિથી-સમૃદ્ધિથી ભરેલો ભગવાન અંદર, એને અંતર્મુખ દૃષ્ટિ કરીને જો, અંતર્મુખ જ્ઞાન કરીને જાણ, અંતર્મુખ દૃષ્ટિ કરીને પ્રતીત કર. આહા..હા..! બહારની વિસ્મયતા અને અધિકતા બધી છોડી દે. આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિના ભાવની પણ અધિકતા, વિસ્મયતા છોડી દે. આહા..હા..! તારો નાથ વિસ્મય કરવાલાયક એ છે. આહા..હા..! એવો જે ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની પ્રતીતિ, અતીન્દ્રિય આનંદનું જ્ઞાન, અતીન્દ્રિય આનંદની રમણતા નામ આનંદનો આસ્વાદ એ એક જ નિશ્ચય મોક્ષનો માર્ગ છે. આવી વાત છે, ભાઈ! શું થાય? લોકો બહારથી ક્રિયાકાંડ ને વ્રત ને નિયમ લઈને બેઠા. હવે અહીંથી આ સોનગઢથી આવી વાત નીકળી એટલે અથડામણ ઊભી કરી, ભાઈ! એણે હોં! આહા..હા..! અરે! પ્રભુ! તારા સત્યના શરણની વાતું છેને નાથ! આહા..હા..! બહારના શુભ-અશુભભાવમાં તું ગોથા ખા છો. જે તારું સ્વરૂપ એમાં નથી, એ વ્યભિચારી ભાવો છે. શુભ-અશુભભાવ એ તો વ્યભિચારી સંયોગીભાવ છે. એની પ્રીતિ છોડીને એક કોર અસંયોગી ચીજ સ્વભાવિક એની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા તે એક જ નિશ્ચય મોક્ષમાર્ગ છે. આહા..હા..! આવી વાત છે. આ તો ભાષા સાદી છે, શેઠ!

**શ્રોતા :-** ભાષા તો રોજ સાદી કહો છો, પણ ભાવ ગંભીર કહો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુ પોતે જ સાદી છે. આહા..હા..! જેને રાગના વિકલ્પના લૂગડા નથી, જેને નિર્વિકલ્પ દશાના કપડા છે. આહા..હા..! આ તો દુનિયાથી અવલદોમની વાત છે, ભાઈ! આ બહારમાં જ્યાં હોય ત્યાં શરીર સારા, મકાન મોટા ૨૫-૫૦ લાખના હોય, મૂડી બે-પાંચ કરોડની, દસ કરોડની હોય ને. આહા..હા..! એ બાયડી ને છોકરા જરી કલબલ કરતા હોય, મીઠાશથી બોલતા હોય. અરે બાપા! એ બધા દુશ્મનો વેરીઓ છે.

**શ્રોતા :-** એને વેરીઓ માનવા બહુ કઠણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વેરી એટલે કે એ પર છે એમ. તું ત્યાં નથી. તારાથી વિરુદ્ધવાળા એ તત્ત્વો છે. આહા..હા..! એની આશ્ચર્યતાની કુતૂહલતામાં તું પડ્યો. તારી ચીજને માટે કુતૂહલ ન કર્યું કોઈવાર કે આ તે શું છે પણ આવો આત્મા-આત્મા કરે છે? વીતરાગ સર્વજ્ઞો પરમેશ્વરો આત્માની આવી વાતું કરે એ છે શું પણ આ? એ અંતર્મુખ જોવા કુતૂહલ પણ ન કર્યું અને બહારની ચીજની કુતૂહલતા, વિસ્મયતા છોડી નહિ. આહા..હા..! જયસુખભાઈ! આવો માર્ગ છે.

ખૂબી તો એ છે આ શ્લોકમાં કે એક જ મોક્ષમાર્ગ અને તેનાથી ત્રણ ભવે તો મુક્તિ જ થાય. એ વિશેષ વાત છે. આહા..હા..! મુનિરાજ પોતાની વાત કરે છે, અમે પંચમ આરામાં છીએ, દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન છે પણ પૂરું નથી. એને માટે મારે હજી સ્વર્ગમાં જવું પડશે એકવાર. આહા..હા..! એ દેવના દુઃખોમાં જવું પડશે. આહા..હા..! એ શુભભાવ દુઃખ, એનું ફળ દુઃખ. પ્રવચનસારમાં કહ્યું છેને, બેના ફળ દુઃખ છે એને તું આંતરો કેમ પાડે છે કે શુભ ઠીક અને અશુભ અઠીક. આહા..હા..! એમાં બેમાં વિશેષતા કાંઈ નથી. શુભના ફળમાં પણ સ્વર્ગ અને શેઠાઈના દુઃખ છે, આકુળતા છે. આહા..હા..! આ શેઠ કહેતા હતા શોભાલાલ શેઠ કે ત્યાં સાગરમાં તો દાહ લાગે છે. કરોડોપતિ માણસ છે. ત્યાં તો અગ્નિ સળગે છે કષાય. જ્યાં ત્યાં વિકલ્પ હોયને, કષાય છેને. આહા..હા..! શેઠ કહેતા હતા. વાત સાચી. આહા..હા..! શાંતિનો સાગર તો પ્રભુ અંદર છેને આ. તારે બહાર ડોકીયું કરવાની જરૂર ક્યાં છે? આહા..હા..! અંદર ડોકીયું તો નાખ, શું છે પણ આ? આવા વખાણ! આવા વખાણ! આહા..હા..! જેમાં અનંતા આનંદની પર્યાયો એવો અનંતો આનંદ, અનંત આનંદ. એ અનંત આનંદનું માપ નહિ એટલો આનંદ. એવી એવી અનંત શક્તિઓ ગુણ, એના એક એક ગુણનું માપ નહિ એવી તાકાત. આહા..હા..! એવો જે ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે કહ્યો. પ્રભુ! તું ત્યાં નજર કરને. દેવજીભાઈ! આહા..હા..! એ દેવનો દેવ બિરાજે છે. તેની નજરુંમાં નિધાન પડે તેની નજર કરતા. આહા..હા..! અને તેની નજરમાં આનંદ આવે, શાંતિ આવે. આહા..હા..! એ આકુળતા મટીને શાંતિ આવે એવો ભગવાન આત્મા અંદર બિરાજે છે. અરેરે! ખબરું ન મળે. શું કરે? એને ખબર નથી.

'**આ**...' જોયું! આ પ્રત્યક્ષ બતાવે છે. અમારું દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માનું છે એ આ પ્રત્યક્ષ છે. આહા..હા..! '**આ એક**...' જ. '**નિયત**...' નામ નિશ્ચય '**મોક્ષમાર્ગ છે.**' આહા..હા..! એટલા શબ્દમાં કેટલું સમાડી દીધું છે! ભાઈ! તારે હિત કરવું છે કે શું કરવું છે, ભાઈ?

**શ્રોતા :-** હિત તો કરવું છે પણ એની રીતે કરવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હિતની રીતે હિત થાય કે અહિતની રીતે હિત થાય? આહા..હા..!

અરે! બાકી બધું ઘણું કર્યું, બાપુ! રાગ અને દ્વેષ. આહા..હા..! મુનિના વ્રત ધાર્યા, પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ એ બધી આકુળતાને ધારણ કરી નાથ. આહા..હા..! ભગવાન અંદર નિરાકુળ શાંતરસનો સાગર પ્રભુ તું છોને. પ્રભુ! તારી ઋદ્ધિની વાત કરે છે અહીં તો. આહા..હા..! તું તો અનંતગુણની ઋદ્ધિનો દરિયો છોને અંદર? આહા..હા..! એની સામું જોઈને શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર કરે એ એક જ મોક્ષનો માર્ગ છે. એ એક જ મોક્ષનો માર્ગ-ધર્મ છે. આહા..હા..! આ બધા વાંધા. ક્યાંક કીધું હોયને કે વ્યવહાર સાધન છે અને નિશ્ચય સાધ્ય છે. એટલે ત્યાં વળગ્યા. આ શ્રીમદ્‌માં આવે છેને 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોય.' ક્યા સાધન પણ? તો 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોય' એમ છે. ઓલું તો લક્ષમાં રાખવું. સાધન જ આ છે. આહા..હા..! ત્યાં ભક્તિની વાતું કરેને ભક્તિથી થાય કલ્યાણ, આનાથી કલ્યાણ થાય. લોકોને ઠીક (પડે). હવે અહીં વાત કહે છે, ભગવાનની સાક્ષાત્ ભક્તિ પણ બંધનું કારણ છે. ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજે છે ત્યાં તું સમવસરણમાં અનંતવાર ગયો છો, ભાઈ! મહાવિદેહમાં તારા જન્મ કાંકરીએ-કાંકરીએ અનંતા ભવ થયા છે મહાવિદેહના ક્ષેત્રમાં. અને ત્યાં મહાવિદેહમાં તીર્થંકર અને કેવળીનો કોઈ દિ' વિરહ નથી. ત્યાં પણ તું ગયો છો, પણ તારી ચીજને તેં અડવા દીધી નથી કે શું છે આ તે આત્મા? એ તો ભક્તિ ને પૂજા ને વ્રત ને તપ ને વિકલ્પની લાગણી એમાં ઘૂંચાઈ ગયો. આહા..હા..!

**'આ એક નિયત મોક્ષમાર્ગ છે.'** 'तत्र एव यः स्थितिम् एति' **'તેમાં જ...'** તેમાં જ જે આત્મા સ્થિતિ પામે છે. **'જે પુરુષ સ્થિતિ પામે છે...'** આહા..હા..! **'અર્થાત્ સ્થિત રહે છે,...'** અહીં તો પ્રગટેલી દશામાં અપ્રતિહતની વાત છે. સમજાણું? જોકે ચારિત્ર છે એ પડી જાય છે. સ્વર્ગમાં જતાં ચારિત્ર રહેતું નથી, પણ એ ચારિત્રની સાથે દર્શન-જ્ઞાન છે એ તો સાથે કાયમ રહે છે. જ્ઞાનધારા અને શ્રદ્ધાધારા એ તો કાયમ રહે છે. એ કાયમ રહેનારી સ્થિતિમાં જે સ્થિરતા કરી એ મોક્ષનો માર્ગ એમ કહે છે. આહા..હા..! આ બહારની જંજાળ મારી નાખે. આહા..હા..! સ્મશાનના હાડકામાં ફોસ્ફરસ છેને, એમ ફોસ્ફરસ આ બધી મકાન ને મોટા બંગલા ને... આહા..હા..!

રાવણને ઘરે સ્ફટિક મણિની લાદી હતી. સ્ફટિક મણિની લાદી. આહા..હા..! અજાણ્યો માણસ ચાલતા ખબર ન પડે આ તે ક્યાં છે? આમ દેખે તો માથુ દેખાય, શરીર દેખાય, પગ ક્યાં મૂકવો? અને સ્ફટિક મણિની નિસરણી. નિસરણી શું કહેવાય આ? દાદરો ઉપર જવાનો. સ્ફટિક મણિનો દાદરો, સ્ફટિક મણિ એક એક સ્ફટિક મણિની કરોડોની કિંમત. આહા..હા..! એ રાવણ તેમાં રહેતો, પણ દૃષ્ટિની વિપરીતતા અને વ્યભિચારી પરિણામ. આહા..હા..! એ નરકના મહેમાન થયા. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે, આ ભગવાનની સામું જોઈને જો પ્રતીત, જ્ઞાન અને રમણ કર. આહા..હા..! તને ત્રણ ભવે તો મોક્ષ થશે. અત્યારે નથી કેવળજ્ઞાન માટે તું મૂંઝાઈશ નહિ. અરેરે! કેવળજ્ઞાન

નથી. માટે એમ કહે છેને કેટલાક. મોક્ષ અત્યારે નથી માટે પુણ્ય કરવું. અરે! ભગવાન! એ તો પૂર્ણ મોક્ષ નથી, પણ દૃષ્ટિમાં મુક્ત સ્વરૂપની દૃષ્ટિ, મુક્ત સ્વરૂપનું જ્ઞાન અને મુક્ત સ્વરૂપની રમણતા એ તો અત્યારે છે. આહા..હા..! એ પર્યાયમાં મુક્તિ જે પૂર્ણ જોઈએ તે નથી, પણ મુક્તસ્વરૂપ ભગવાન અબદ્ધસ્પૃષ્ટ મુક્તસ્વરૂપ પ્રભુ છે એને માન્યો એની મુક્તિ થઈ ગઈ પર્યાયમાં અંશે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું. એમાં જુવાન શરીર હોય અને પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડ પૈસા હોય અને બંગલા હોય, જુઓ ફાટફાટ ત્યારે. ક્યાંય વિચાર પણ ન આવે કે હું ક્યાં જઈશ? આહા..હા..! હું ક્યાંનો મહેમાન થઈશ? કઈ ગતિનો મહેમાન થઈશ? આહા..હા..!

**શ્રોતા :-** સિદ્ધગતિનો મહેમાન.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સિદ્ધગતિનો ક્યાંથી થાય? એ તો આ કરે તો થાય. બહારના પદાર્થમાં વિસ્મય તને કઈ ગતિ (થાય)? આહા..હા..! એમાં સ્થિતિ સ્થિત રહે છે. એ ગાથામાં હતુંને એને કળશમાં ઉતાર્યું છે. '**मोक्खपहे अप्पाणं ठवेहि**' એમાં સ્થિર રહે છે. આહા..હા..! આનંદની નદીયું જ્યાં વહે છે, આનંદના પૂર જ્યાં વહે છે. આહા..હા..! પાણીના લોઢ આવેને જેમ એક પછી એક, એમ આનંદના નાથની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા કરતાં અતીન્દ્રિય આનંદના લોઢ આવે. આહા..હા..! ભાઈ! તેં જોયું નથી. આહા..હા..! એમાં સ્થિર થા. એમાં સ્થિતિને પામ, બાપુ! આ ભવભ્રમણ કરીને મરી ગયો (પણ) થાક્યો નથી. આહા..હા..!

'**સ્થિત રહે છે,...**' એક વાત. '**तम् अनिशं ध्यायेत्**' '**તેને જ નિરંતર ધ્યાવે છે,...**' ધ્યાનમાં ધ્યેયને એને જ લ્યે છે. આહા..હા..! એ વિષયકુરુ આમાં પણ આવે છે કળશટીકામાં. કળશટીકામાં ધ્યાનમાં વિષયકુરુ એને. બધે ઠેકાણે આવે છેને. ધ્યાનમાં વિષય કુરુ, ધ્યાનની પર્યાયમાં ત્રિકાળી દ્રવ્યને વિષય બનાવ. આહા..હા..! એ પુરુષાર્થ અનંત છે. આહા..હા..! એ લોકો તો એમ કહે છે કે સોનગઢવાળા તો, જેમ બનવાનું હોય એમ બને, નિયત માને એટલે પુરુષાર્થ બધો ઉડાડી દે છે. એમ કહે છે. નાખ્યું છે આમાં ખૂબ. નિયતિવાદી છે એ લોકો, મિથ્યાદૃષ્ટિ છે. ગોમ્મટસારનું. બાપુ! થવાનું હોય એ થાય છે, એ વસ્તુ તો એમ જ છે, પણ એનો નિર્ણય કરનારો દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે ત્યારે એને નિર્ણય યથાર્થ થાય. થવાનું થાય છે (એમ માનનાર) તેની કર્તાબુદ્ધિ ઉડી જાય છે. થવાનું થાય છે (એમ માનનાર) એની કર્તાબુદ્ધિ ઉડી જાય છે, (એમ માનનાર) તેની જ્ઞાતાબુદ્ધિ પ્રગટ થાય છે. આહા..હા..! આ પુરુષાર્થ છે એને જોતા નથી. આ કાંઈક વ્રત પાળે ને અપવાસ કરે ને નાગા થાય ને... આહા..હા..! શું કરે? બાપુ! આ આત્માના હિતનો માર્ગ છે. બહેને વચનામૃતમાં મુનિની વ્યાખ્યા બહુ સારી કરી છે. મીઠી ભાષા આવી છે. મીઠી ભાષા. એકવાર મારા તો મનમાં એવું થઈ જાય કે આ વાંચશે તો એને પણ કંઈક હૃદયમાં હલશે. મીઠી ભાષા, સાદી ભાષા, ગુજરાતી ભાષા. મુનિઓ આવા હોય. આહા..હા..! આ છે, આ ચાલે છે. આહા..હા..!

તેમાં નિરંતર ધ્યાન કર. આહા..હા..! હવે આવું નિરંતર ધ્યાન! મુનિપણાની અપેક્ષાની વાત છે અત્યારે. છેલ્લો અધિકાર છેને એટલે ચારિત્રની વ્યાખ્યા છે આ બધી. સમ્યગ્દર્શનપૂર્વક, સમ્યગ્જ્ઞાનસહિત સ્વરૂપમાં રમણતા એ ચારિત્રવંતને કહે છે કે પ્રભુ! તારામાં નિરંતર ધ્યાન કર તેનું. આહા..હા..! ન રહી શક તો રાગમાં આવે, પણ તે દુઃખનું વેદન છે. આહા..હા..! આવી વાત કરે, લ્યો! પરમાત્માની ભક્તિનો ભાવ આવે પણ એ ભાવ દુઃખરૂપ છે. આહા..હા..! હવે એને સાધન માનવું છે. ભાઈ! એ સાધન ન હોય. ભગવાન! એ તારા હિતની વાત છે. આહા..હા..! કહે છે, નિરંતર તેનું ધ્યાન કર. આહા..હા..! છેને? '**अनिशं**' નિરંતર. આહા..હા..!

એ ભગવાન પૂર્ણાનંદ પ્રત્યેનું ત્રાટક લગાવ. કોઈ ચીજ ઉપર આમ નજર કરે છેને. સ્થિર ઉપર નજર કરે તો નજર સ્થિર થાય, અસ્થિર ઉપર નજર કરે તો નજર સ્થિર થાય જ નહિ. ભગવાન અંદર નિત્યાનંદ જ્ઞાયકભાવ ધ્રુવ સ્થિરબિંબ પડ્યું છે. એના ઉપર નજર કર તો દૃષ્ટિ સ્થિર થશે. આહા..હા..! રાગ અને પુણ્ય અને પર્યાય ઉપર નજર કરતાં દૃષ્ટિ સ્થિર નહિ થાય. આહા..હા..! આવી વાતું. પણ એનું સાધન? એ બધા એમ કહેતા. એ અગાસમાં એમ પૂછ્યું. એનો છોકરો આવ્યો હતોને બ્રહ્મચારી અહીંયાં. એનો બાપ ફુલચંદજી છે આરોનનો. આ બધી વાત પણ સાધન? એમ કે આ ભક્તિ કરવી એ બધું સાધન. બાપુ! આહા..હા..! એ રાગના ભાવ સાધન ત્રણકાળમાં છે નહિ. એને તો રાગથી ભિન્ન પાડીને સ્વરૂપમાં એકાગ્ર (થાય) તે સાધન છે. સમજાણું કાંઈ? ભૂરાભાઈના ભાઈ ત્યાં છે અગાસમાં. ઓલો બાબુભાઈ છેને. ભૂરાભાઈ નહિ પોરબંદરવાળા. એ ત્યાં હમણાં રહે છે. ભાઈ હમણા જાદવજીભાઈ ગયા હતા. મળ્યા હશે, મહારાજને વંદન કર્યા. ત્યાં સહેલી ભાષા અને સહેલી વાતું કરે (એટલે) લોકોને ઠીક પડે. અહીં તો કહે ત્રણલોકના નાથ સાક્ષાત્ તીર્થંકર બિરાજતા હોય અને તેની ભક્તિ અને તેના દર્શન તે શુભભાવ છે, એનાથી આત્માને જરીએ લાભ થતો નથી. અરેરે! આવી વાતું હવે. એ કહેશે હમણા. અન્ય દ્રવ્યાંતર. બીજા દ્રવ્યનું લક્ષ છોડી દે. આહા..હા..!

'**તેને જ અનુભવે છે,...**' છે? '**तं चेतति**' '**તેને જ ચેતે-અનુભવે છે,...**' આનંદના નાથ અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ તેમાં અતીન્દ્રિય આનંદની મીઠાશના સ્વાદમાં જ રમે છે કહે છે. આહા..હા..! '**द्रव्यान्तराणि**' છે? **अस्पृशन् तस्मिन् एव निरन्तरं विहरति**' '**અને અન્ય દ્રવ્યને નહિ સ્પર્શતો થકો...**' આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રને તો નહિ, પણ એમની માન્યતા અને ભક્તિનો રાગ એ અન્ય દ્રવ્ય છે. આહા..હા..! '**અન્ય દ્રવ્યોને નહિ સ્પર્શતો...**' આહા..હા..! એ વ્યવહારરત્નત્રયનો રાગ એને પણ નહિ અડતો એમ કહે છે. આવો માર્ગ, બાપુ! આહા..હા..! એને શ્રદ્ધામાં, પક્ષમાં તો લે પહેલો. આહા..હા..! માર્ગ તો આ છે. એ સિવાય કોઈ માર્ગ છે નહિ તારા સંસારથી ઉદ્ધારના. આહા..હા..! મોંઘો

પડે, દુર્લભ લાગે, પણ એ અશક્ય નથી. આહા..હા..! છે તેને પામવું છે એમાં અશક્ય શું? એમ કહે છે. છતી ચીજ છેને અંદર બિરાજે છે પ્રભુ. આહા..હા..! ફક્ત દૃષ્ટિને ફેરવી નાખવાની છે. આહા..હા..! આવું છે. આહા..હા..! કહો, પોપટભાઈને ખબર હશે ઉંઘતા પહેલાં કે જાગીને બે મિનિટે મારે પરભવમાં જાવું છે. આહા..હા..! છ છોકરા અને પોતે. પાંચ-પાંચ લાખના તો રહેવાના સ્થાન છે એક-એકને. ૩૫ લાખના તો. બનાવ્યા છે કે વેચાતા લીધા છે? વેચાતા લીધા. તે દિ' અઢી-અઢી લાખ હતા. હવે તો કિંમત વધી ગઈને. છ છોકરાને રહેવાને માટે. આહા..હા..! હવે એને સૂતા ઊંઘ આવી ગઈ. હવે ઉઠીને જાવું છે પરભવમાં. આહા..હા..! ક્યાંય આ મકાન નહિ, શરીર નહિ, બાયડી નહિ, કુટુંબ નહિ, આબરૂ નહિ, પૈસા નહિ, કોઈ ઓળખનારા ત્યાં કોઈ નહિ. અહીંના ઓળખનારા જ્યાં જાય ત્યાં કોઈ નહિ. આહા..હા..!

**શ્રોતા :-** એ તો થોડિકવારમાં બીજાની સાથે ઓળખાણ થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ તો સંબંધ અહીં છે માન્યો એવો સંબંધ પાછો કરે બીજા સાથે. આહા..હા..! ઓલું કીધું નહિ? કેદમાં (હતો) સવારે ફાંસી ચડવી છે. નક્કી થઈ ગયું રાતે સૂતો નિરાંતે. ભજન કર્યું, ભક્તિ કરી, ઈશ્વરની ભક્તિ. સૂતો ચાર કલાક ત્રણ કલાક. સવારે નક્કી છે કે ફાંસી છે. તોપણ ઉંઘી ગયો. એમ નહિ હવે ભલે.. એણે જે માન્યું હોય કે ભાઈ આપણે ઈશ્વરની ભક્તિ .. સવારે તો જાવું છે દેહ છોડીને. આહા..હા..!

અહીં કહે છે **'અન્ય દ્રવ્યોને નહિ સ્પર્શતો થકો...'** આહા..હા..! છે? અસ્પર્શ છે જોયું! એટલે? કે સ્વદ્રવ્યને સ્પર્શતો અને અન્ય દ્રવ્યને અસ્પર્શતો. આવી વ્યાખ્યા હવે. આહા..હા..! બાપુ! અનંતકાળમાં પરિભ્રમણમાં ભવના અનંતકાળના અંત લેવા, બાપુ! એ મારગડા જુદાં. આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ અંદર એને સ્પર્શતો, અન્ય દ્રવ્યને અસ્પર્શતો. એ વ્યવહારરત્નત્રયનો રાગ છે દયા, દાન, દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એને પણ અસ્પર્શતો. આહા..હા..! શ્લોક બહુ ઊંચો છે. આહા..હા..! એમાં વ્યવહારરત્નત્રયના રાગને પણ અણસ્પર્શતો એમ કહે છે. બાપુ! આવું છે, ભાઈ! આહા..હા..!

એમાં ક્યાં ખામીનું એ તત્ત્વ છે? પૂર્ણ સમૃદ્ધિથી ભરેલું એ તત્ત્વ છે એને રાગનો સ્પર્શ કરીને તને શું કામ છે? એ રાગ વ્યવહાર છે માટે અહીં અંદરમાં જાય છે (એમ નથી). આહા..હા..! વ્યવહારના રાગની દિશા તો પર તરફ છે અને આની દિશા સ્વ તરફ છે. હવે પરદશા તરફ વળે તો સ્વદિશા તરફ જાય એમ છે? આહા..હા..! આથમણો ખૂબ દોડે તો ઉગમણો ઝટ હાથ આવે એમ હશે? આહા..હા..! એમ પુણ્યના પરિણામ એ તો પરલક્ષી છે, એને અસ્પર્શતો. આહા..હા..! એનાથી થાય એ તો પ્રશ્ન નથી. આહા..હા..! આવી વાતું. એને એકવાર તારી શ્રદ્ધાના દોરમાં જો તો ખરો. આહા..હા..! એ જ્ઞાનના પર્યાયમાં તેને રાગને અસ્પર્શતો અને સ્વભાવને સ્પર્શતો... આહા..હા..! એવો જે મોક્ષમાર્ગ. આહા..હા..!

**'અન્ય દ્રવ્યોને નહિ સ્પર્શતો થકો તેમાં જ નિરંતર...'** છેને? **'तस्मिन् एव निरन्तरं' 'एव'**-નિશ્ચય. તેમાં જ નિરંતર વિહાર કર. આહા..હા..! તારે વિહાર કરવો છેને. આહા..હા..! એ આનંદના નાથની દશામાં રમને, વિહાર કરને. આનંદનો બાગ છે એ પ્રભુ! આહા..હા..! અરેરે! અતીન્દ્રિય આનંદના, જેમ બાગમાં ફૂલ ભિન્ન-ભિન્ન જાતના હોયને સૂંઘવા જાય છેને, એમ ભગવાનમાં અતીન્દ્રિય આનંદનો બાગ પડ્યો છે અંદર. આહા..હા..! એમાં એના દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર વિહાર કરે છે. આહા..હા..! એમાં જે રમે છે, વિચરે છે. એ રાગ ને પુણ્યમાં તો અનંતકાળથી વિચરી અને વિહરી રહ્યો છે. એ તો બધા સંસારના રખડવાના બીજડા છે. આહા..હા..! બહુ ફેરવવું પડે. દુનિયા માનો, ન માનો, માર્ગ તો આ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એ આવ્યું હતુંને ઓલામાં નહિ? વિદ્વાનો ભૂતાર્થ ત્યજી વ્યવહારમાં વર્તન કરે. આહા..હા..! શ્લોક છે સમયસારમાં. વિદ્વાનો વાંચી વાંચીને, જાણી જાણીને કાઢ્યું તેં શું, ભાઈ? ભૂતાર્થ ભગવાન અંદર ત્રિકાળી પરમાત્મસ્વરૂપ બિરાજે છે એને છોડીને વ્યવહારમાં વર્તન કરે એને તો સંસાર ફળે. સ્વભાવને આશ્રયે જાય તો એનો નિર્વાણ થાય. આહા..હા..! વિદ્વાન શબ્દ વાપર્યો છે, લ્યો! આ એક કોર સમકિતીને વિદ્વાન કીધો છે. ઓલો મિથ્યાદૃષ્ટિને વિદ્વાન એટલે તેં જાણી જાણીને કાઢ્યું શું? વ્યવહાર કાઢ્યો. આહા..હા..! ભાઈ! તારે રખડવાની વાતું તેં કાઢી. ફોતરા આવશે એમાં. ફોતરા ખાંડ્યા ચોખા ન આવ્યા હાથ. આહા..હા..!

**'નિરંતર વિહાર કરે છે,...'** **'सः नित्य-उदयं समयस्य सारम् अचिरात् अवश्यं विन्दति'** ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્ય મહારાજ દિગંબર સંત ભાવલિંગી, જેને અંતર અતીન્દ્રિય આનંદનું ભાવલિંગનું વેદન છે. આહા..હા..! એ મુનિરાજ પંચમ આરાના મુનિ છે. એ એમ કહે છે, **'તે પુરુષ, જેનો ઉદય નિત્ય રહે છે...'** જે પ્રગટ થાય સમયસાર એટલે પર્યાય પ્રગટ થાય મોક્ષની એ નિત્ય કાયમ રહે છે. આહા..હા..! **'એવા સમયના સારને (અર્થાત્ પરમાત્માના રૂપને)...'** પૂર્ણને. આહા..હા..! જે પ્રગટ થઈ દશા પરમાત્મદશા એ તો કાયમ સાદિઅનંત રહેશે. આહા..હા..! ભૂતકાળથી પણ ભવિષ્યકાળ અનંતગુણો, એ અનંતગુણી નિર્મળદશા તારી રહેશે. આહા..હા..! નિત્ય રહે એવો સમયસાર **'(અર્થાત્ પરમાત્માના રૂપને) થોડા કાળમાં જ..'** એટલે ત્રણ ભવમાં જ ઉત્કૃષ્ટે. ચોથા આરાનો જીવ હોય અને કેવળજ્ઞાન હોય તો કેવળજ્ઞાન એ ભવે પામે. સમજાણું કાંઈ? પણ મુનિરાજ તો પંચમઆરાના છે. એ પોતાની વાત કરે છે. આહા..હા..! અને બીજા પ્રાણીઓને માટે કહે છે, તું ભલે પંચમ આરાનો મુનિ હો, પણ આ રીતે જેને દર્શન, જ્ઞાન અને ચારિત્રના સેવન થયા એ તો ત્રીજે ભવે તો બસ એક અહીંથી સ્વર્ગ અને પછી મનુષ્ય. આહા..હા..! સમજાણું કાંઈ? પાંચમો આરો છે એટલે પુરુષાર્થ નબળો છે, કેવળજ્ઞાન લઈ શકે એવો પુરુષાર્થ અત્યારે નથી, પણ આ રીતે આવા મોક્ષમાર્ગને જો સેવીશ તો કાંઈક પુણ્ય બાકી છે, સ્વર્ગમાં જઈશ. ત્યાંથી મનુષ્ય થઈને કેવળજ્ઞાન પામીને મોક્ષ જઈશ. આહા..હા..!

આ સાગમટે નોતરું આપ્યું. આહા..હા..! જો તું તારી સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતામાં રહીશ તો કોલકરાર પંચમ આરાના જીવને માટે પણ અમે કહીએ છીએ આહા..હા..! ભગવાન! તું ત્રીજે ભવે ભગવાન થઈશ પર્યાયમાં, દ્રવ્યમાં તો છે. આહા..હા..! કોલકરાર અમે મહાવ્રતધારી છીએ, સત્ય બોલનારા છીએ એ તને કહીએ છીએ. આહા..હા..! દિગંબર સંતોની વાતું કંઈ અલૌકિક વાતું છે, બાપા! આહા..હા..! આ તો સનાતન જૈનદર્શન એના ફળ શું છે એ કહે છે. આહા..હા..! જૈનદર્શન એ કોઈ બહારમાં રહેતું નથી. અંતર તત્ત્વની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા તે જૈનદર્શન છે. આહા..હા..!

જે પોતાના દ્રવ્યના આશ્રયે પડ્યો દર્શન, જ્ઞાન અને ચારિત્રની રમણતામાં તેના ફળ તરીકે કાયમ કેવળજ્ઞાન અને અતીન્દ્રિય આનંદ રહેશે, સિદ્ધની પર્યાય કાયમ રહેશે, અનંતકાળ. એવા ઉદય નિત્ય રહે છે એવા સમયસારને એટલે પરમાત્માના રૂપને. આહા..હા..! '**अचिरात्**' શબ્દ તો '**अचिरात्**' છેને? '**अचिरात्**'—ચિર નહિ, લાંબો કાળ નહિ લાગે પ્રભુ તને એમ કહે છે. આહા..હા..! ચિરાત નહિ લાગે, '**अचिरात्**'-અલ્પકાળમાં. આહા..હા..! તારા ભવના અંત આવશે અને સિદ્ધપદની તને અલ્પકાળમાં પ્રાપ્તિ થશે. આહા..હા..! કરવાનું હોય તો આ છે અને એને કરને. આહા..હા..! બાકી બહારનું તો કાંઈ કરી શકતો નથી કોઈનું. કરે છે તો પુણ્ય અને પાપ ને મિથ્યાશ્રદ્ધા ઈ કરે. એ સિવાય એને ઓળંગીને પર રજકણને પણ ફેરવી શકે એ તો તાકાત છે નહિ એનામાં. આહા..હા..!

તો અહીં કહે છે કે એકવાર પણ જો આ રીતે તારા સ્વરૂપનું, સ્વભાવ સ્વરૂપ, આત્માનું સ્વરૂપ અનંતગુણ આદિનું સ્વરૂપ, તેમાં જેની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા થઈ તે અલ્પકાળે નિત્ય ઉદય રહે એવી સિદ્ધદશાને પામશે. આહા..હા..! બહુ સરસ વાત. અને કદાચિત્ ચારિત્ર નહિ હોય, દર્શન અને જ્ઞાનની શુદ્ધિ થઈ હશે તોપણ તેને અમુક પંદર ભવે કે અમુકમાં અને કોઈને તો ત્રીજે જ ભવે મુક્તિ થશે ત્યાં પણ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત હવે.

'**સમયના સારને થોડા કાળમાં...**' '**अचिरात्**' '**અવશ્ય પામે છે—**' જોયું! આહા..હા..! અવશ્ય પામે છે. આહા..હા..! બહેનનો એ શબ્દ છેને જુઓને, 'જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય?' જુઓ તો ખરા ભાષા! સાદી ભાષા અને તત્ત્વ. જીવ ઊભો છેને. ઊભો છેને એટલે જાગતો-જાગતો નિત્ય છેને. જ્ઞાયકભાવથી ભરેલો જ્ઞાયક નિત્ય છેને. ક્યાં જાય એ? છે તેના ઉપર નજર કરવી છે અને આદર કરવો છે. આહા..હા..! જરૂર પ્રાપ્ત થશે. ત્યાં એ શબ્દ પડ્યો છે. અવશ્ય પ્રાપ્ત થશે. ભાઈ! તને જરૂર મળશે. આહા..હા..! અહીં તો કેવળજ્ઞાન જરૂર મળશે એ વાત છે. ઓલા દ્રવ્યને મળશે એની વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ ગૂંચવણમાં ગૂંચાઈ ગયું સૂતર. આહા..હા..!

પહેલા લગન થતાંને ૫૦-૬૦ વર્ષ પહેલાં. લગનમાં એક સૂતરનો ફાળકો આપતા

ગૂંચવણવાળો. ફાળકો સમજો છો? સૂતર-સૂતર. ફાળકો નથી હોતો? એ ઘૂંચીને આપતા. એટલે કે આ પરણવા આવ્યો છે એને વેગમાં ધીરજ રહેશે કે નહિ આ ગૂંચવણ કાઢવાની. સૂતર-સૂતર એના ફાળકામાં ઘૂંચ-ઘૂંચ, આંટી મારે આંટી, આડી આંટી આમ. એટલે આ પરણવાના વેગમાં એને આટલી ધીરજ છે કે નહિ કે આ સૂતરના ફાળકાની ગૂંચ કાઢે. એવું જોતા પહેલાં. હવે તો ક્યાં છે એ બધું. આહા..હા..!

એમ આ અજ્ઞાનની ગૂંચ કાઢવા... આહા..હા..! તારે પરમાત્મપદ જોઈતું હોય તો એ ગૂંચ કાઢી નાખ. આહા..હા..! ભગવાનને રાગમાં સલવી નાખ્યો છે, પુણ્ય અને પાપના વિકલ્પમાં એ ગૂંચ નાખી છે તેં મોટી. આહા..હા..! તારે પરમાત્મા થવું હોય, પૂર્ણાનંદની પ્રાપ્તિના લગન કરવા હોય... આહા..હા..! તો 'રાગ મારો છે' એ ગૂંચને કાઢી નાખ. આહા..હા..! આવી વાતું. હવે આમાં પકડવું શું? ઓલું વ્રત પાળવા, દયા પાળવી, સત્ય કરવું, બ્રહ્મચર્ય પાળવું, અપવાસ કરવા, તપસ્યાઓ કરવી, રસ છોડવા, જાત્રાઓ કરવી, પાંચ-પચ્ચીસ લાખ ખરચવા એ તો વાત સમજાય પણ ખરી. શું સમજવું છે એમાં? એ તો અનાદિથી માની રાખ્યું છે.

ભગવાન અંદર ત્રણલોકનો નાથ પૂર્ણાનંદ પ્રભુ એની પ્રતીત, જ્ઞાન અને રમણતા કરતા જરૂર તને પૂર્ણ પદની પ્રાપ્તિ થશે. આહા..હા..! બીજી રીતે કહીએ તો આત્મા વસ્તુ છે તેની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા (પૂર્ણ થવા માટે) સાધકભાવને અસંખ્ય સમય જોઈએ. અનંતકાળ રહેવાની મોક્ષદશા માટે સાધકનો કાળ અસંખ્ય સમય જોઈએ, એને અનંત સમય જોતો નથી. આહા..હા..! શું કહ્યું ઈ? ભગવાન અનાદિ અનંત, ગુણ અનંત, દ્રવ્ય અનંત, પણ એને મોક્ષ થવા માટે અનંતકાળ ન જોવે. એનું સાધકપણું સાધવામાં અસંખ્ય સમયે જ કેવળજ્ઞાન થાય. ભલે પછી એક, બે, પાંચ, પંદર ભવ કરે તોપણ અસંખ્ય સમય (જોઈએ), અનંત સમય એને ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? અંદર દેહથી (ભિન્ન) ભગવાન આત્મા ચૈતન્યચમત્કારી વસ્તુ છે. આહા..હા..! આ દેહ તો માટી, હાડકા, ધૂળ છે. અંદર ભગવાન આત્મા જે બિરાજે છે એ તો અનંતગુણનો રત્નાકર દરિયો છે. આહા..હા..! ચૈતન્યરત્નાકર એમાં આવ્યું હતુંને. એને જે શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરશે એને અલ્પકાળમાં સંસારનો અંત અને મુક્તિની પ્રાપ્તિ (થશે). અનાદિશાંત સંસાર થશે અને સિદ્ધ સાદિઅનંત થઈ જશે. આહા..હા..! સમજાણું કાંઈ? **'અવશ્ય પામે છે—'** એટલે કે પૂર્ણ પર્યાયને **'અનુભવે છે.'** આવા સાધકજીવ અલ્પકાળમાં પૂર્ણ દશાને અનુભવશે. સમજાણું કાંઈ? એને લાંબો કાળ રહેશે નહિ.

**'ભાવાર્થ :- નિશ્ચયમોક્ષમાર્ગના સેવનથી થોડા જ કાળમાં મોક્ષની પ્રાપ્તિ થાય છે એ નિયમ છે.'** એ નિયમ છે. એ કુદરતના સ્વભાવનો જ એ નિયમ છે. આહા..હા..! વ્યવહાર મોક્ષમાર્ગ એ કોઈ વ્યવહાર છે જ નહિ. એ આકરી વાત છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ-૧૫, શુક્રવાર, તા. ૨૫-૧૧-૧૯૭૭,
## કળશ-૨૪૧, પ્રવચન નં. ૫૨૦

૨૪૧ કળશ છે, સમયસાર.

ये त्वेनं परिहृत्य संवृतिपथप्रस्थापितेनात्मना
लिङ्गे द्रव्यमये वहन्ति ममतां तत्त्वावबोधच्युताः।
नित्योद्योतमखण्डमेकमतुलालोकं स्वभावप्रभा-
प्राग्भारं समयस्य सारममलं नाद्यापि पश्यन्ति ते।।२४१।।

બહુ શ્લોક (ઊંચો). શું કહે છે? 'ये तुं एन परिहृत' '**જે પુરુષો આ પૂર્વોક્ત પરમાર્થસ્વરૂપ મોક્ષમાર્ગને...**' પરમાર્થસ્વરૂપ એટલે આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય આનંદસ્વભાવ (છે) એની અંતર સન્મુખ થઈને નિશ્ચય સમ્યગ્દર્શન, એનું જ્ઞાન અને એમાં રમણતા એ પરમાર્થે યથાર્થ નિશ્ચય મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? એ વાત આવી ગઈ છે શ્લોકમાં. આ ચૈતન્ય, શરીરથી તો ભિન્ન, કર્મથી જુદો, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુણ્યથી પણ જુદો અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, પાપથી પણ જુદો અને પોતાના અનંત જ્ઞાન, આનંદ સ્વભાવથી અભિન્ન. આહા..હા..! એવો આત્મસ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન અનાકુળ આનંદકંદ પ્રભુ એની સન્મુખનું નિશ્ચય સમ્યગ્દર્શન, એનું સમ્યગ્જ્ઞાન અને એમાં રમણતા એ પરમાર્થે નિશ્ચય યથાર્થ મોક્ષમાર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એને '**છોડીને...**' અંતરનો આત્મા અનુભૂતિ, આત્મા વસ્તુ ભગવાન સર્વજ્ઞ જિનેન્દ્રે કહી એ આત્મા અંતર અનંત આનંદ અને અમાપ શક્તિનો સાગર છે. આહા..હા..! એને ન જોતાં, ન માનતા, ન દેખતા, ન ઠરતાં વ્યવહારે જે વાત કરી હોય છે પંચમહાવ્રત ને દયા, દાન, વ્રત, ભક્તિ, તપ એ શુભરાગની ક્રિયા કહી છે એમાં રોકાણા છે અને એને ધર્મ માને છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આવી વાત છે. છે? '**પરમાર્થસ્વરૂપ મોક્ષમાર્ગ...**' અંતર આત્મા ચૈતન્ય જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ એવા સ્વભાવનો અનુભવ-અનુભૂતિ, એમાં રમણતા એવો જે મોક્ષનો માર્ગ એ યથાર્થ પરમાર્થ છે. એને તો લક્ષ પણ છોડી દઈને જે પુરુષો '**વ્યવહારમોક્ષમાર્ગમાં સ્થાપેલા...**' શાસ્ત્રમાં વ્યવહાર આવે. નિશ્ચયનો આત્મા અનુભવ થયો, આનંદનું જ્ઞાન, શાંતિ થઈ એવાને પણ પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિનો ભાવ આવે વ્યવહારે સ્થાપેલામાં ત્યાં (ધર્મ) માની બેસે છે. આહા..હા..! આકરી વાત છે. જેટલી શુભરાગની ક્રિયા વ્રતની, તપની, ભક્તિની, પૂજાની, જાત્રાની, એ બધો શુભરાગ ક્રિયા છે. એ વ્યવહાર સ્થાપ્યો છે આચાર્યે ભગવાને, પણ ઓલો નિશ્ચય હોય

તો. સ્વનો, આત્માનો આનંદનો અનુભવ હોય, અતીન્દ્રિય આનંદનો આત્માનું સમ્યગ્દર્શન હોય અને સ્વરૂપમાં રમણતા હોય એને પૂર્ણ ન હોય ત્યારે વ્યવહાર વચમાં આવ્યા વિના રહેતો નથી. એ વ્યવહાર સ્થાપેલો છે એમ સ્થાપ્યું છે, પણ અજ્ઞાની નિશ્ચયને છોડીને ફક્ત વ્યવહારમાં કહેલા માર્ગમાં ત્યાં મમતા કરે છે કે આ મને મોક્ષમાર્ગ છે, આનાથી મને કલ્યાણ થશે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આવી વાત છે.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગભાવે મોક્ષમાર્ગ કહે છે. એ વીતરાગભાવ એ ત્રિકાળી ભગવાન આત્મા પૂર્ણ આનંદનો કંદ એને આશ્રયે વીતરાગભાવ થાય છે અને તે મોક્ષનો માર્ગ અને બંધનથી છૂટવાનો રસ્તો છે. એને છોડી દે છે, એનું ધ્યાન પણ નથી, એની દૃષ્ટિ નથી અને નિશ્ચયસહિતમાં વ્યવહાર સ્થાપન કર્યું છે. વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ વ્યવહારે હોય છે, એને સ્થાપેલો છે એને વળગે છે કે આ મોક્ષનો માર્ગ છે. આહા..હા..! આવું છે. છે?

બે વાત થઈ. કે '**પરમાર્થસ્વરૂપ મોક્ષમાર્ગ...**' માથે આવી ગયું છે. '**एको मोक्षपथो**' પહેલો કળશ આવી ગયો. ચૈતન્ય જ્ઞાનસ્વરૂપી, પરમાત્મસ્વરૂપી બિરાજમાન... એ તો કહ્યુંને, ઘણીવાર કહીએ છીએ સમયસાર નાટકનું. 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિનપ્રવચન કા મર્મ.' અથવા 'ઘટ ઘટ અંતર જિન વસે,' ઘટ ઘટ અંતર ભગવાન અંદર જિનસ્વરૂપે આત્મા બિરાજે છે. અરે..અરે..! 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન' એ જિનસ્વરૂપી ભગવાન આત્મા એનો અનુભૂતિ, અનુભવ કરીને ઠરવું એમાં એનું નામ જૈન. એ જૈન ઘટ ઘટમાં છે અંદર, બાહ્ય ક્રિયાથી નથી કાંઈ. આહા..હા..! આવો માર્ગ છે. અનંતકાળ-અનંતકાળ ગયો.

'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો,' મુનિવ્રત લીધા, પંચમહાવ્રત (લીધા), હજારો રાણી છોડી, પાંચ મહાવ્રત, પાંચ સમિતિ-ગુપ્તિ, વ્યવહાર શુભરાગની ક્રિયા અનંતવાર કરી. આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ રાગથી ભિન્ન ભગવાન આત્મા એનો આનંદનો સ્વાદ લેવો જોઈએ, સમ્યગ્દર્શનમાં અનુભૂતિ હોવી જોઈએ, તેના વિના એ લેશ પણ સુખ ન પામ્યો. એનો અર્થ? કે એ પંચમહાવ્રત, બાર વ્રત આદિના તપના, અપવાસ આદિના પરિણામ એ બધા દુઃખરૂપ છે, રાગ છે. આહા..હા..! આકરી વાત છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો,' આ ચૌદ બ્રહ્માંડમાં ગ્રૈવેયક છે ત્યાં આગળ નવ ગ્રૈવેયકના વિમાનના પાસડા છે ત્યાં અનંતવાર ઉપજ્યો, 'પણ આતમ જ્ઞાન' સહજાત્મસ્વરૂપ ભગવાન એને સ્પર્શીને અતીન્દ્રિય આનંદનું વેદન જોઈએ, તેની પ્રતીતિ, સમ્યગ્દર્શન એ વિના જરીએ સુખને ન પામ્યો. એનો અર્થ એ થયો કે પંચમહાવ્રત આદિ જે ક્રિયાકાંડ છે એ રાગ અને દુઃખ છે. આહા..હા..! આવ્યું કે નહિ એમાં? છ ઢાળામાં આવે છે. અરે! ક્યાં પડી છે? મારું શું થશે? દેહ તો છૂટી જવાનો. આ તો માટી છે.

આહા..હા..! વીતરાગ પરમેશ્વર જે સાચો સત્ય મોક્ષમાર્ગ કહે છે એની ખબરું ન મળે અને બહારની ક્રિયાઓ એકલી વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને જાત્રા એ રાગની ક્રિયા તો હોય, નિશ્ચય જેને આત્મ જ્ઞાન થયું હોય, અનુભવ હોય એને પણ પાપથી બચવા એ ભાવ હોય, પણ એ ભાવ મોક્ષનો માર્ગ નહિ. આહા..હા..! એ ભાવ બંધનો માર્ગ છે. આહા..હા..! આવી વાત વીતરાગની. 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' આહા..હા..! અંદર સહજાત્મસ્વરૂપ ત્રિકાળી અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ ધ્રુવ એને આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન થવું જોઈએ એ કર્યું નહિ અને વ્યવહારે સ્થપાયેલા, વ્યવહાર ક્રિયાકાંડના ભાવમાં મોક્ષમાર્ગ માનીને કાળ ગાળ્યો એણે. આહા..હા..! છે? '**પરમાર્થસ્વરૂપ મોક્ષમાર્ગને છોડીને વ્યવહારમોક્ષમાર્ગમાં સ્થાપેલા...**' વ્યવહાર છે ખરો. આત્માના સ્વભાવનો આનંદનો સ્વાદ આવ્યા છતાં પૂર્ણ વીતરાગ ન થાય તો એને વ્યવહાર વચમાં આવે. એટલે વ્યવહાર છે ખરો, પણ એ વ્યવહાર બંધનું કારણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી આકરી વાતું છે. એક જ લીટીમાં વ્યવહાર અને નિશ્ચય બેને સિદ્ધ કર્યા છે.

જેણે સચ્ચિદાનંદ પ્રભુ... દાખલો તો આપીએ છીએને ઘણીવાર શક્કરકંદનો, નહિ શક્કરિયા? આ શક્કરકંદ થાય છેને. એ શક્કરકંદની લાલ છાલ છે ઉપર એ લાલ છાલ ન જુઓ, તો અંદર શક્કરકંદ—સાકરના કંદની મીઠાશ છે. શક્કરકંદ-શક્કરિયા કહે છેને? મૂળ તો સાકરની મીઠાશનો પિંડ છે ઈ. એ લાલ છાલ વિના. એમ આ ભગવાન આત્મા દેહ તો પર છે એની સાથે કર્મ પર છે, પણ અંદર દયા, દાન, વ્રત, ભક્તિ, તપના ભાવ થાય એ પણ લાલ છાલ છે. આહા..હા..! એ લાલ છાલની પાછળ અંદર જોવે તો, જેમ એ શક્કરકંદ-સાકરના કંદનો મીઠાશ છે, એમ આ આત્મા અતીન્દ્રિય આનંદની મીઠાશનો પિંડ છે. અરે! ક્યાં જોવે? કે દિ' જોવે? આહા..હા..! બહાર જોઈ જોઈને મરી ગયો અનંતકાળથી, પણ અંતર સ્વરૂપ શું છે અંદર? જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમાત્મા શું કહે છે? એની એને ખબરું નથી. આહા..હા..!

એ અંતરનો જે સ્વભાવ પૂર્ણ બ્રહ્મ આનંદકંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો પિંડ એની સન્મુખ થઈને અનુભવ કરવો, એનું જ્ઞાન કરવું અને એમાં રમવું એ ખરો મોક્ષનો માર્ગ એક છે. એને છોડી દઈ અજ્ઞાની વ્યવહારમાં સ્થાપેલી દ્રવ્યક્રિયાને મોક્ષમાર્ગ માનીને અંગીકાર કરે છે. આહા..હા..! ભારે આકરું કામ, ભાઈ! સમજાણું કાંઈ? આ બધા જાત્રા-બાત્રાનો ભાવ એ શુભરાગ છે. અંદર જાત્રાનો ભાવ એ શુદ્ધ છે. ચૈતન્ય આનંદનો નાથ એના ઉપર આરૂઢ થવું. પૂર્ણ આનંદ જિનસ્વરૂપી ભગવાન આત્મા. આહા..હા..! સ્વરૂપ એનું જિનસ્વરૂપ જ છે. જો જિનસ્વરૂપ ન હોય તો પર્યાયમાં અરિહંતદેવ જિન કઈ રીતે વીતરાગ થશે? એ વીતરાગપણું આવશે ક્યાંથી? બહારથી કાંઈ આવશે? આહા..હા..! એના અંતરમાં એ પડ્યું

છે, જિનસ્વરૂપ જ ભગવાન આત્મા છે. બેસવું કઠણ. આહા..હા..! એ જિનસ્વરૂપી ભગવાન આત્મા અનાદિ દ્રવ્ય-ક્ષેત્ર-ભાવમાં એ પોતે પવિત્ર જ છે. આહા..હા..! એ પવિત્ર પરમાત્માની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ નિર્વિકલ્પ વીતરાગદશા એ મોક્ષનો માર્ગ છે. એને છોડી દઈ અજ્ઞાની પોતાના... કહે છેને?

**'વ્યવહારમોક્ષમાર્ગમાં...'** કહ્યો હતો ખરો એને મોક્ષમાર્ગ વ્યવહારે. નિશ્ચય હોય એને રાગની મંદતાના ભાવને વ્યવહારમોક્ષમાર્ગનો આરોપ અપાય છે. આહા..હા..! એ **'વ્યવહારમોક્ષમાર્ગમાં...'** ભાષા જુઓ, વ્યવહાર તો મોક્ષમાર્ગ કહ્યો. નિશ્ચય જ્યાં આત્માના આનંદનો સ્વાદ આવ્યો સમ્યગ્દર્શનમાં, ત્યારે હજી અપૂર્ણતા છે એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિના ભાવ આવે, તો એને વ્યવહારનો આરોપ કરીને વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો, પણ ઓલો નિશ્ચય હોય એને. આહા..હા..! નિશ્ચયની તો ખબર ન મળે અને એકલા વ્યવહારે સ્થાપેલાના મોક્ષમાર્ગ માનીને રોકાઈ ગયા ત્યાં. આહા..હા..!

એ **'પોતાના આત્મા વડે દ્રવ્યમય લિંગમાં...'** દ્રવ્યમય લિંગ. આહા..હા..! ક્રિયાકાંડ જે પંચમહાવ્રત, ભક્તિ, પૂજા, જાત્રા આદિ. આ શું કહેવાય? પૂજા કરે છેને ઘણી પ્રકારની? એ પૂજાનો ભાવ પણ શુભભાવ છે, એ ધર્મ નથી. ધર્મ તો શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ અને શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન ને રમણતા તે ધર્મ. એવા ધર્મી જીવને અશુભરાગથી બચવાનો શુભરાગ વ્યવહારે કહેવામાં આવ્યો છે. એને વળગીને એક જ વાત-નિશ્ચય છોડી દે છે, વસ્તુની ખબર નથી. આહા..હા..! વ્યવહારમાં સ્થપાયેલા માર્ગમાં... આહા..હા..! છે? **'દ્રવ્યમય લિંગ...'** દ્રવ્યલિંગ છે એ તો. બાહ્યમાં નગ્નપણું, અંદરમાં પંચમહાવ્રતના અઠ્યાવીશ મૂળગુણના પરિણામ એ બધું દ્રવ્યલિંગ છે, એ આત્માની ક્રિયા નહિ. આહા..હા..! આવી વાત છે. અવલદોમ વાત લાગે. કોઈ દિ' કર્યું નથી અને દરકાર પણ ક્યાં! આહા..હા..! આખો દિ' સંસાર-સંસાર, રળવું, બાયડી, છોકરા, દુકાન, ધંધો. આહા..હા..! છ-સાત કલાક ઉંઘે, બે-ચાર કલાક બાયડીને રાજી કરવામાં રહે રમણ કરવામાં, ભોગ વિષયમાં અને છોકરા થાય તો એને સાચવવામાં રહે. અરર! આ જિંદગી ચોવીસ કલાકમાં બાવીસ કે ત્રેવીસ કલાક ત્યાં ગાળે. એકાદ કલાક મળે ક્યાંક સાંભળવા જાય, ત્યાં સંભળાવનારા એવા મળે. શ્રીમદ્ કહે છે કે કુગુરુ એનું જીવન લૂંટી લે. આહા..હા..! એને એમ બતાવે કે તું તારે વ્રત કર, અપવાસ કર, તપ કર, ભક્તિ કર, તારો મોક્ષ થશે. એ કુગુરુ એનું જીવન લૂંટી લે છે. આહા..હા..!

અહીં કહે છે કે એ વ્યવહારમાં સ્થાપેલા. ભાષા બે જ કીધી. **'વ્યવહારમોક્ષમાર્ગમાં સ્થાપેલા...'** એમ શબ્દ છેને? વ્યવહાર છે. નિશ્ચય જેને આત્મજ્ઞાન અને આનંદનો અનુભવ થયો, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો એને સમકિતી કહે. આહા..હા..! એને આ વ્યવહાર વચમાં રાગ આવે એવું સ્થાપન કર્યું છે અને એને વ્યવહારમોક્ષમાર્ગનો આરોપ પણ કહેવામાં આવે છે, ઓલા નિશ્ચય હોય એને. આહા..હા..! પણ નિશ્ચયની તો અંદર દૃષ્ટિ છે જ નહિ

ખબર. આહા..હા..! વ્યવહારના સ્થાપેલા માર્ગમાં '**પોતાના આત્મા વડે...**' એમ કે કર્મ વડે એમ માને છે કે એ નહિ, એ તો પોતાની ઊંધાઈથી માને છે. '**દ્રવ્યમય લિંગમાં મમતા કરે છે...**' આહા..હા..! એ દ્રવ્યલિંગ, નગ્નપણું, પંચમહાવ્રતના પરિણામ એ બધા દ્રવ્યલિંગ ક્રિયા રાગ છે, એમાં મમતા કરે છે. આહા..હા..! આકરી વાત, ભાઈ! જન્મ-મરણરહિત થવાનો રસ્તો અલૌકિક છે. આહા..હા..! આ તો કલાક, બે કલાક સાંભળવા જાય ત્યાં સાંભળવાનું પણ ઊંધું મળે. હવે જીવન ચાલ્યા જાય છે, બાપા! આહા..હા..!

**શ્રોતા :–** એ સહેલું દેખાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ સહેલું કહ્યું છે પરમાર્થવચનિકામાં. એ આગમની વ્યવહાર ક્રિયા સહેલી લાગે છે માટે ત્યાં જોડાઈ ગયો છે અને અધ્યાત્મનો વ્યવહાર પણ જાણતો નથી. પરમાર્થવચનિકા છેને બનારસીદાસની એમાં એ લખ્યું છે. ઓલો નિશ્ચય છે એને જાણતો નથી, પણ આગમે વ્યવહાર સ્થાપેલો એ આગમથી એને સહેલો લાગે માટે એમાં જોડાઈ ગયો છે એ, પણ અધ્યાત્મનો વ્યવહાર પણ જાણતો નથી. એટલે? અધ્યાત્મનો વ્યવહાર કોણ? કે ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ એ તો નિશ્ચય છે, પણ એને આશ્રયે જે નિર્મળ, નિર્વિકારી આનંદ ને જ્ઞાન ને શાંતિ પ્રગટ થાય એ વ્યવહાર અધ્યાત્મ કહેવામાં આવે છે. વ્યવહાર અધ્યાત્મ. આહા..હા..! આવી વાતું છે. સમજાણું કાંઈ? પરમાર્થ વચનિકામાં છે. પરમાર્થ વચનિકામાં. આગમ સહેલું છે વ્યવહારે એટલે એ ક્રિયામાં જોડાઈ ગયા. તે વખત કેટલો? કલાક, બે કલાક. બાકી બધા બાવીસ કલાક તો બાયડી, છોકરા, કુટુંબ ને ધંધો. આહા..હા..! પાપના પોટલા બાવીસ કલાક. બે કલાક, કલાક મળે ક્યાંક જાત્રા એમાં શુભભાવ હોય થોડો, પણ એરણની ચોરી ને સોયના દાન. એરણ સમજ્યા લોઢાની. આ સોની-સોની. એરણની ચોરી ને સોયનું દાન. આહા..હા..! આકરું કામ, ભાઈ!

અનંતકાળ વીત્યો પરિભ્રમણ કરતાં-કરતાં. ક્યાંય સુખ નથી. એ સુખ આત્મામાં છે એને છોડી અને પૈસામાં, બાયડીમાં, શરીરમાં સુખ માને, અરે! પાપના પરિણામમાં ઠીક માને, અરે! પુણ્યના પરિણામમાં સુખ માને તે મિથ્યાદૃષ્ટિ છે. ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદનો રસકંદ છેને એ. આહા..હા..! એની દૃષ્ટિ અને એનો સ્વીકાર અને એના જ્ઞાન ને રમણતા એ જ સાચો વીતરાગ પરમેશ્વરે મોક્ષમાર્ગ કહ્યો, એને તો છોડી દે છે અને નિશ્ચયસહિતમાં વ્યવહારનું સ્થાપન શાસ્ત્રએ કર્યું છે એવા વ્યવહારના સ્થાપેલામાં મમતા કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે?

'**લિંગમાં મમતા કરે છે (અર્થાત્ એમ માને છે કે આ દ્રવ્યલિંગ જ અમને મોક્ષ પમાડશે),...**' આહા..હા..! એ ક્રિયાકાંડનો શુભભાવ એ દ્રવ્યલિંગ છે, એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..! એ અમને મોક્ષ પમાડશે. આહા..હા..! છે? '**ते तत्त्व-अवबोध-च्युताः अद्य अपि समयस्य सारम् न पश्यन्ति**' આહા..હા..! '**તે પુરુષો તત્ત્વના**

**યથાર્થ જ્ઞાનથી રહિત...'** આહા..હા..! એ રાગની ક્રિયાને જ મોક્ષમાર્ગ માનનારા, તત્ત્વજ્ઞાન જે રાગથી ભિન્ન ભગવાન આત્મા... કેમકે નવ તત્ત્વમાં રાગ છે તે પુણ્યતત્ત્વ અને પાપતત્ત્વ છે અને આત્મા તો જ્ઞાયકતત્ત્વ ભિન્ન ચૈતન્ય છે. આહા..હા..! હવે એને રાગથી જુદો માનવો. હજી અહીં શરીરથી જુદો, શરીરને જુદું માનવો કઠણ પડે. આ તો માટી છે. આહા..હા..! રજકણ, માટી, ધૂળ છે. સ્મશાનની રાખ થઈને ઉડી જશે. આટલી રાખ પણ નહિ થાય. બળશે એટલે આટલી થાશે. એમાં પવનનો ઝપટ (વાગશે). આહા..હા..! કોઈએ સવારમાં કીધું નહિ કાંઈક? આંધ્રદેશમાં વાવાઝોડું થયું બહુ. પાણીના ઝપટ વાગ્યા. દસ હજાર માણસ મરી ગયા. હિલોળે પાણી ચડ્યું દરિયાનું વાવાઝોડામાં. આહા..હા..! આવા જીવન. એવા અનંતવાર જીવન કર્યા છે હોં! એના એમ નહિ. અનાદિ... અનાદિ... અનાદિ... અનાદિ... અનાદિ... આદિ ક્યાંય નથી એટલા કાળમાં રખડતો... રખડતો... રખડતો... મુસાફર અહીં મનુષ્યપણે આવ્યો અત્યારે. આહા..હા..! એમાં એ રખડવાની ક્રિયાનું કારણ કોણ છે એની એને ખબર નથી અને રખડવાના રહિતની ક્રિયા કઈ છે એની એને ખબર નથી. આહા..હા..!

ભગવાન આત્મા તો અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો રસકંદ તેના (તરફ) જુકાવ, તેની સન્મુખ થઈને આત્મ અવલોકન, આત્મ અનુભૂતિ, આત્મદર્શન અને આત્મસ્થિરતા... આહા..હા..! તે સત્ય વીતરાગ પરમેશ્વરે કહેલો મુક્તિનો માર્ગ એ સત્ છે. એને છોડી દઈ, એનું તો લક્ષ જ નહિ, ખબર નહિ કાંઈ. આહા..હા..! અને વ્યવહાર મોક્ષમાર્ગમાં સ્થાપેલા. ભાષા એમ છેને? વ્યવહાર છે ખરો. નિશ્ચયવાળાને પણ પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં એને પણ વ્યવહાર આવે, અશુભથી બચવા શુભભાવ આવે. એ શુભભાવને સ્થાપે કે આ છે. છે એટલું, ધર્મ છે એમ નહિ. એ વ્યવહાર મોક્ષમાર્ગના સ્થાપેલામાં મમતા કરે છે કે આનાથી મારો મોક્ષ થશે. આહા..હા..!

**'તે પુરુષો તત્ત્વના યથાર્થ જ્ઞાનથી રહિત...'** વાસ્તવિક તત્ત્વ એના યથાર્થ જ્ઞાનથી રહિત. આહા..હા..! ચૈતન્ય અંદર જ્ઞાનાનંદ સ્વભાવથી ભરેલો, છલોછલ ભરેલો આનંદ અને જ્ઞાનથી એના જ્ઞાનથી રહિત. એવા તત્ત્વજ્ઞાનનું જ્ઞાન ન મળે. આહા..હા..! અરે! આહા..હા..! રાંકા-વરાંકા કહ્યા છે શાસ્ત્રમાં. પ્રભુમાં અનંત લક્ષ્મી આનંદની પડી છે. 'રિદ્ધિ, સિદ્ધિ, વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા' ધર્મી સમકિતી જીવને રિદ્ધિ અંદર આનંદનો નાથ અનંત સમૃદ્ધિથી પડ્યો છે. આહા..હા..! અનંત-અનંત જેના ગુણનું માપ નથી, એવા અમાપ ગુણનો દરિયો ભગવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

આકાશ છેને? આકાશની વાત ઘણીવાર કરીએ છીએ. આકાશ છેને આકાશ? આ લોકમાં આકાશ છે અને પછી ખાલી છેને આકાશ અલોક-અલોક. આ તો અસંખ્ય યોજનમાં છે આ ચૌદ બ્રહ્માંડ, પછી ખાલી ભાગ જેને આકાશ કહીએ. એ આકાશનો અંત ક્યાં? આકાશ ક્યાં થઈ રહે? આહા..હા..! જે આકાશ અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત...

અનંત... અનંત... દશે દિશાઓમાં. આ લોક તો અસંખ્ય યોજન. એ લોક અલોકની હિસાબે લોક તો એક રાઈ જેટલો વચમાં છે. સમજાણું કાંઈ? ભલે અસંખ્ય યોજન છે, પણ અનંત... અનંત... અંનત... અલોક ખાલી ક્યાંય ચાલ્યા જાવ... ચાલ્યા જાવ... પછી એનો અંત ક્યાં? અંત તો પછી શું? અરે! કોઈ દિ' વિચાર પણ કર્યો નથી. આહા..હા..! એવા આકાશના અનંત અમાપ પ્રદેશો. આહા..હા..! એના કરતાં પણ આત્મામાં એ પ્રદેશની સંખ્યા કરતાં અનંતગુણા ગુણ છે. આહા..હા..! જ્યાં અંત નથી, અંત નથી. નાસ્તિકને પણ માનવું પડે, ન માનતો હોય એને કે આ શું છે પણ આ બધું? આ બધું ક્યાં સુધી હશે? કે આ બધું અસંખ્ય યોજન સુધીમાં છે, પછી અનંત ખાલી ભાગ એમને એમ આકાશ... આકાશ... આકાશ... દશે દિશામાં અનંત અનંત અલોક એમાં આ ચૌદ બ્રહ્માંડ તો એક રાય તુલ્ય છે. અનંતમાં... અનંતમાં... અનંતમાં... અનંતમાં... ભાગે આ તો છે. આહા..હા..! એવો આકાશ તે અનંત છે એના પ્રદેશ કેટલા? એક પરમાણુ છે એને જેટલામાં મૂકે એને પ્રદેશ કહીએ, તો એ અમાપના પ્રદેશ કેટલા? આહા..હા..! ક્યાંય અંત છેડો શું એનો? પછી શું હશે? આહા..હા..!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે ક્ષેત્રના સ્વભાવનું પણ જ્યાં વર્ણન અમાપ કહ્યું અને એના પ્રદેશની સંખ્યા અનંત કીધી, એના કરતા એક આત્મામાં અનંતગુણા ગુણ છે. આહા..હા..! એ જેમ ક્ષેત્રનું માપ નથી, એમ અહીં ગુણની સંખ્યાનું માપ નથી, અમાપ છે. અરેરે! ક્યાં એ જોવા જાય? કે દિ' જોવે? આ બહાર બાયડી, છોકરા, કુટુંબ ને ધંધો અને બહુ તો દયા, દાન, વ્રતના પરિણામને જોવે. આહા..હા..! જે મર્યાદિત ચીજ છે અને આ સ્વરૂપ અંદર અમર્યાદિત છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એવા જીવને ન જાણતા...

'**તત્ત્વના યથાર્થ જ્ઞાનથી રહિત વર્તતા થકા હજુ સુધી સમયના સારને (અર્થાત્ શુદ્ધ આત્માને) દેખતા-અનુભવતા નથી.**' આહા..હા..! એ રાગની ક્રિયાથી ભિન્ન ભગવાન અંદર છે. અને ભગવાનસ્વરૂપે ન હોય તો અરિહંત ભગવાન પર્યાયમાં ક્યાંથી થયા? આહા..હા..! સમજાણું કાંઈ? લીંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે. એને લઢવાથી આવી ક્યાંથી? પથરાથી આવી? પથરાથી આવે તો કોલસા અને લાકડા ઘસવા જોઈએ. એમાં ચોસઠપહોરી તીખાશ ભરી છે. લીંડીપીપર નાની ગણાય, કદે નાની, રંગે કાળી અને અંદર તીખો રસ અમાપ ચોસઠ પહોર એટલે રૂપિયે રૂપિયો, સોળ આના (ભર્યો છે). આહા..હા..! એ તીખાશ જ્યારે બહાર આવે છે, એ અંદર છે એ બહાર આવે છે; એમ ભગવાન આત્મામાં સર્વજ્ઞ અને અનંત આનંદનો એનો સ્વભાવ છે. સર્વજ્ઞ કહો અને સર્વ આનંદ. આહા..હા..! એવી અનંતી શક્તિઓ સર્વ પરિપૂર્ણ પડી છે. આહા..હા..! એને અંતરમાં ઘૂંટવાથી પર્યાયમાં અનંત શક્તિઓ પ્રગટ થાય છે. આહા..હા..! એ આ ક્રિયાકાંડથી થતી નથી. આહા..હા..! એવી વાતું આકરી પડે. શું થાય, ભાઈ? આહા..હા..!

હમણાં હમણાં ત્રણ જણા મરી ગયા જુઓને. અહીં બેસતા. બુધવારે અહીં હતા પોપટભાઈ. પોપટલાલ મોહનલાલ. બે કરોડ રૂપિયા, છ છોકરા. આ બુધવારે અહીંયાં હતા. બુધવારે ત્યાં ગયા, શનિવારે બાર વાગે ખલાસ. ઉપડી ગયા પરભવ. આહા..હા..! શું એના રૂપિયા ને દીકરા. આહા..હા..! શેઠ આવ્યા હતા લ્યોને અહીં, ... નહિ? શાહુજી. અહીં ખુરશી બેસતા. ત્રણ દિ' વ્યાખ્યાન સાંભળ્યું બિચારાએ. એ તો ૬૬ વર્ષની ઉંમર. ૬૬. ઉપડી ગયા. ૪૦ લાખના મકાનમાં. આહા..હા..! ભાઈ નવનીતભાઈ લ્યોને. અહીં રહેનારા ખાસ, અહીં બંગલા (છે). ઉપડી ગયા એ. બાપુ! આ તો નાશવાન છેને. એ તો નાશવાન છે, પણ વ્યવહાર મોક્ષમાર્ગ નાશવાન છે. એ તો રાગ છે. આહા..હા..! આકરું કામ છે. બહુ આકરું લાગે લોકોને. સાંભળ્યું નથી અને નિવૃત્તિ નથી. આહા..હા..!

અંદર આ ચૈતન્ય કોણ છે રત્ન ઝળકતો? અનંતગુણથી ભરેલો, અમાપ શક્તિનો દરિયો છે એ. આહા..હા..! એના માપ કરતાં આવડ્યા નથી અને એનું માપ સમ્યગ્દર્શન અને જ્ઞાનથી થાય છે. એ સમ્યગ્દર્શન અને જ્ઞાન અમાપનું માપ કરે એ પોતે જ અમાપ ચીજ છે અને વ્યવહાર રાગાદિ તો અલ્પ છે વસ્તુ. આહા..હા..! મર્યાદિત વસ્તુ છે. આહા..હા..! આવી વાતું. સમજાણું કાંઈ?

એ શુદ્ધ.. આવું અનંતકાળથી કર્યું કહે છે. મુનિપણું પાળ્યું, પંચમહાવ્રત લીધા, દીક્ષા લીધી, પણ દીક્ષામાં દુઃખને ન ટાળ્યું. એ ક્રિયા બધી દુઃખની હતી. આહા..હા..! અંદર ભગવાન આનંદનો નાથ પ્રભુ નિત્યાનંદ પ્રભુ એના ભાનથી રહિત, એના શ્રદ્ધાથી રહિત દ્રવ્યલિંગની ક્રિયા અનંતકાળ કરી અને વખત ગાળ્યો, પણ આત્મા મળ્યો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? છે? **'હજુ સુધી...' 'તત્ત્વના યથાર્થ જ્ઞાનથી રહિત વર્તતા થકા હજુ સુધી...'** આહા..હા..! **'अद्य अपि'** એમ છેને? આજ સુધી. અરેરે! અનંતકાળ ગયો એનો તો. અનંતમાં અશુભભાવ અનંતવાર કર્યા. **'अद्य अपि'** એમ શબ્દ છે. આજ સુધી, અત્યાર સુધી. આહા..હા..! તું કોણ છો અંદર આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ, એનું જ્ઞાન અને સમ્યગ્દર્શન હજુ સુધી, અત્યાર સુધી એણે ન કર્યું કહે છે. આહા..હા..! વેઠું આ બધી મજૂરીયું કરી. આહા..હા..! અશુભભાવના મજૂર ઈ છે મોટા. એને તો ભગવાને ભિખારી કીધા છે. એ અબજોપતિ હોય તોપણ રાંકા છે, ભિખારી છે. કેમકે પોતાની લક્ષ્મીની ખબર નથી અને બહારમાં જાણે સુખ છે, ભિખારી ભગવાન થઈને ભીખ માગે છે. કાંઈકથી મને સુખ આપજો, કાંઈકથી સુખ આપજો, કાંઈકથી, બાયડીમાંથી, પૈસામાંથી, આબરૂમાંથી, દાગીનામાંથી, શરીરના સુંદરમાંથી. ધૂળમાંય નથી. આ તો માટી છે. આહા..હા..!

**'હજુ સુધી...'** એમ ભાષા છે પાઠ. આહા..હા..! સંતો જગતને જાહેર કરે છે. ભગવાન! તેં અત્યાર સુધી શુભરાગને સેવીને સ્વરૂપનું જ્ઞાન તેં કર્યું નહિ, સ્વરૂપનો અનુભવ કર્યો નહિ. આહા..હા..! **'સમયના સારને...'** સમયસાર એટલે શુદ્ધ આત્મા. શુદ્ધ આત્મા. જડ શરીરથી

જુદો, કર્મથી જુદો અને પુણ્ય-પાપના રાગથી જુદો એવા સમયસારને તેં જાણ્યો નહિ. આહા..હા..! જાણનારને જાણ્યો નહિ, માથાકૂટ કરી બધી તેં. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**સમયના સારને દેખતા-અનુભવતા નથી.**' જોયું! છેને? '**न पश्यन्ति**'નો અર્થ કર્યો. દેખતા નથી એટલે આત્માને અનુભવતા નથી. આહા..હા..! આત્મા અનુભવ કરવાલાયક છે એવી માન્યતા પણ કરતો નથી. આહા..હા..! અને આ બહારની ક્રિયાકાંડમાં ગરકાવ થઈ જિંદગી અત્યાર સુધી ગાળી પ્રભુ તેં. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**દેખતા-અનુભવતા નથી.**' '**पश्यन्ति**' એટલે દેખતા નથી એટલે અનુભવતા નથી. રાગને અનુભવે છે વ્યવહાર ક્રિયાકાંડના. એ તો કર્મકાંડનો રાગ કર્મચેતના છે, આહા..હા..! એ જ્ઞાનચેતના નહિ. એ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની ચેતના એ જ્ઞાનચેતના અને રાગનું થવું એ કર્મચેતના. કર્મ એટલે રાગ વિકાર કાર્ય. આહા..હા..! આવી ઝીણી વાતું હવે કલાકમાં સાંભળીને ઘરે જાય તો શું કહેવું? શું કહેતા હતા કાંઈક. કોણ જાણે આવું કહેતા હતા. આમ છે.. આમ છે.. અરે! બાપુ! તને ખબર નથી, ભાઈ! જગતમાં તારાથી કોઈ સર્વોત્કૃષ્ટ ચીજ છે નહિ. અંદર ચીજ જે અંદર ભગવાન આત્મા એનાથી સર્વોત્કૃષ્ટ જગતમાં કોઈ ચીજ નથી. આહા..હા..! સિદ્ધની પર્યાય પણ તેના દ્રવ્ય આગળ સર્વોત્કૃષ્ટ નહિ. આહા..હા..! જેમાં સિદ્ધપર્યાયના અનંતા પર્યાયના પિંડ પડ્યા છે અંદર. એવો સર્વોત્કૃષ્ટ પ્રભુ આત્મા એની સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન અત્યાર સુધી કરી નહિ, તેં દેખ્યો નહિ, અનુભવ્યો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

કેવો છે ભગવાન? કેવો છે આત્મા? નિત્ય ઉદ્યોત છે. આહા..હા..! એ તો કાયમ પ્રકાશનો પિંડ છે એ તો પ્રભુ. સૂરજ તો સવાર ઉગે, બપોરે મધ્ય થાય અને સાંજે આથમી જાય. આ તો નિત્ય ઉદ્યોત છે. આહા..હા..! શું કહ્યું ઈ? એ કાયમનો નિત્ય ભગવાન પ્રકાશનો પિંડ તો ત્રિકાળ ધ્રુવ છે. આહા..હા..! ચૈતન્યના પ્રકાશના નૂરના તેજનો પૂર છે એ. અરે! આહા..હા..! પાંચ-પચ્ચીસ હજાર પેદા થાય ત્યાં રાજી રાજી થઈ જાય. કરો આજ લાપસીના આંધણ. લાપસી કરો લાપસી. ધૂળમાંય નથી હવે. આહા..હા..! અનુભૂતિ થાય તેને આનંદની લાપસીના આંધણ છે. આહા..હા..!

ભગવાન આત્મા પૂર્ણ આનંદથી શક્તિથી ભરેલો એના સન્મુખ થતાં, રાગ અને નિમિત્તથી વિમુખ થતાં જે સ્વભાવનો અનુભવ થાય એને આત્માના આનંદનો લાભ અને લાપસીનો ખોરાક મળ્યો એને. આવી વાત છે. આહા..હા..! સ્વર્ગના સુખમાં પણ ઝેર છે. આહા..હા..! આ કરોડોપતિ, અબજોપતિ એ બિચારા ભિખરા છે, વરાંકા. ભગવાન એને વારાંકા-રાંકા કહે છે. તારી લક્ષ્મીની તને ખબર નહિ અને આ માગણ, ભિખારા આ લાવ... આ લાવ... આ લાવ... (કરે છે), શું છે પણ આ તને? ભગવાનને ક્યાં પડી છે જગતની. એ તો સત્ય વાત જગત પાસે જાહેર કરે. આહા..હા..! અનંત આનંદનો નાથ અંદર બિરાજે એની સામું જોતો નથી અને આ રાંક જેવી ચીજ પુણ્ય અને પાપ, ભિખારાવેડા કરીને ત્યાં પડ્યો.

ભિખારી છો. ભગવાન થઈને ભિખારી થઈ ગયો. આહા..હા..!

એ અહીં કહે છે '**શુદ્ધ આત્મા?**' નિત્ય ઉદ્યોત છે. આહા..હા..! નિત્ય એને '**પ્રતિપક્ષી થઈને જેના ઉદયનો નાશ કરી શકતું નથી,...**' ધ્રુવને કોણ નાશ કરે? સમજાણું કાંઈ? આ શબ્દ નહોતો કહ્યો ત્યાં હમણા બહેનના વચનામૃતમાં? અંદર કહ્યો હતો આવ્યા હતા ત્યારે. 'જાગતો જીવ ઊભો છે એ ક્યાં જાય?' એ જાગતો આ નિત્ય ઉદય. આહા..હા..! શબ્દ થોડા, ભાવ બહુ ઊંડા. નિત્ય ઉદય. એ નિત્ય ધ્રુવ છેને ચૈતન્યસાગર ભગવાન અંદર. આહા..હા..! જેમાં ઘટ-વધ કાંઈ નથી એવું એ દ્રવ્ય છે. આહા..હા..! એ નિગોદમાં ગયો, તોપણ એના દ્રવ્યસ્વભાવમાં ઘટ-વધ થઈ નથી. સ્વર્ગમાં ગયો તો ત્યાં કાંઈ એને ગુણમાં વૃદ્ધિ નથી. આહા..હા..! શું કહે છે આ? એ સ્વભાવનો ચૈતન્યચમત્કાર ભગવાન નિત્ય ઉદ્યોત-પ્રકાશમાન છે. '**નિત્ય પ્રકાશમાન**' અંદર બિરાજે છે, પ્રભુ! તને ખબર નથી. તેં તેની સામું જોયું નથી. આહા..હા..!

એક મોટું માણસ આવ્યું હોય કરોડપતિ. ત્યાં છોકરો બે વર્ષનો હોય એની સાથે રમતમાં ચડી ગયો તો ઓલો મોટો માણસ વાતચીત કરવી હતી તો ઊઠીને વયો ગયો. છોકરા સાથે રમવા માંડ્યો. એમ આ ભગવાન નિત્ય ઉદ્યોત પ્રભુ એની સામે જોવું જોઈએ એ ન જોતાં રાગની રમતમાં રોકાઈ ગયો અને આ રહી ગયો એક કોર. આહા..હા..! એ કહે છે, જેનો નિત્ય ઉદય છે. એ અનંતગુણના સાગરનો નાથ પ્રભુ નિત્ય પ્રકાશમાન છે. પૂર્ણ પૂર્ણ નિત્ય પ્રકાશમાન છે, પૂર્ણ નિત્ય પ્રકાશમાન છે. આહા..હા..! આ આત્મા. અરે! આ વળી પૂર્ણ.

એની વર્તમાન પર્યાયને ભાળી છે એણે. અવસ્થા જે છેને વ્યક્ત પ્રગટ એને ભાળી. જ્ઞાનનો થોડો ઉઘાડ હોય, વાતું કરે. સંસારની વાતું કરવા બેઠો હોય તો ડાહ્યાનો દીકરો જાણે ઉતર્યો. એવી વાતું કરે, એનું આમ છે.. એનું આમ છે... એનું આમ છે... શું છે પ્રભુ? શું કરે છે તું આ? વિકથા છે બધી પાપકથા. તારો નાથ અંદર બિરાજે એની સામું જોતો નથી અને રાંકા-ભિખારાની સામું જોઈને ચાલ્યો જાય છે. આહા..હા..! પુણ્ય અને પાપના ભાવ પણ ભિખારાવેડા છે. ભાવ હોં! એના ફળ તો ધૂળ બધી આ બે-પાંચ કરોડની ધૂળ ને માટી, એ તો ક્યાંય જડ પુદ્ગલ છે. આહા..હા..! અહીં તો કહે છે કે એ પુણ્યના ભાવ એ ભિખારાવેડા છે, રાંકા છે, દુઃખમય છે. આહા..હા..! એની રમતુંમાં તારો કાળ ગયો પ્રભુ, તારી રમત રહી ગઈ. નિત્ય ઉદ્યોતમય. આહા..હા..!

'**અખંડ છે...**' શું કહે છે ઈ? વસ્તુ અખંડ છે અખંડ. જેમાં એક સમયની પર્યાયનો પણ વસ્તુમાં ભેદ નથી. વસ્તુ અખંડ આ શું કહેવું છે? આહા..હા..! એક સમયની જે વિચારધારા બહાર ઉઘડેલી છે એટલો તો ભેદ છે પર્યાયમાં, વસ્તુમાં ભેદ નથી. જે સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી ભગવાન આત્મા એ તો અખંડ છે. આહા..હા..! આવું સાંભળવું.. શું થાય, ભાઈ! વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેન્દ્રદેવના તો આ ફરમાન છે. એને તેં સાંભળ્યા પણ નહિ,

દરકાર કરી નહિ અને જિંદગીયું ચાલી જાય છે. આહા..હા..! ક્યાં ઉતારા થાશે? આહા..હા..! આત્મામાં ઉતારો ન કર્યો તો ઉતારા ક્યાં થાશે પ્રભુ તારા? એમ કહે છે. આવો નિત્ય ઉદ્યોત અખંડ પ્રભુ ત્યાં દૃષ્ટિને સ્થાપી નહિ, ઉતારા ન કર્યા. એ વંટોળિયાના તરણા ઉડીને ક્યાં જઈને પડશે? આહા..હા..! એમ દેહ છોડીને પ્રભુ ક્યાં જઈશ તું? તારા રાગની મંદતા અને રાગ મારો એ દુઃખના દરિયે ડૂબકી મારી છે અંદર. આહા..હા..! એકવાર સામું તો જો કહે છે. આહા..હા..! અંદર ભગવાન બિરાજે છે ચૈતન્ય સનાથ. આહા..હા..! સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ છે. જો સર્વજ્ઞ સ્વભાવી ન હોય તો પર્યાયમાં સર્વજ્ઞ ક્યાંથી થશે? આકરી વાતું, બાપુ! આહા..હા..! આ દેહમાં બધા ભગવાન સર્વજ્ઞ સ્વભાવી છે. આહા..હા..!

એટલે? નિત્ય ઉદ્યોત નામ સર્વજ્ઞ સ્વભાવથી પ્રકાશમાન ત્રિકાળ છે. આહા..હા..! પણ એને જોવે ને માને એનેને. ન માને એને ક્યાં છે? આહા..હા..! એને તો આ રાગ ને પુણ્યની ક્રિયા અને બહારની આ પાપની ક્રિયા... આહા..હા..! જે વસ્તુથી ભિન્ન છે. એને પોતાનું માનીને પોતાની ચીજને જોવા નવરો નથી થયો. આહા..હા..! જે કરવાનું હતું તે ન કર્યું. નહિ કરવાના કરીને રખડી મર્યો છે. આહા..હા..!

વળી '**(અર્થાત્ જેમાં અન્ય જ્ઞેય આદિના નિમિત્તે ખંડ થતા નથી)**,...' શું કહે છે? ગમે તેટલું જ્ઞાન થાય તો કાંઈ ખંડ થતો નથી. જાણવાના જ્ઞેયોને જાણતા જ્ઞાનમાં ખંડ થતો નથી. અખંડ વસ્તુ છે અંદર. આહા..હા..! જેમાં પર્યાય વર્તમાન છે એનો પણ જેમાં ભાવ નથી. એ તો પૂર્ણાનંદ અખંડ ચીજ છે. આહા..હા..! હવે આને કેવી રીતે માનવી? અભ્યાસ ન મળે અને આવી વાત સાંભળવા પણ મળે નહિ, એ પ્રભુ કે દિ' વિચારે અને ક્યારે બેસે વાત આ? આહા..હા..! અરેરે! જિંદગીમાં સમયો... મૃત્યુનો જે સમય છે તે નક્કી છે. જે કાંઈ દિવસ-રાત્રી જાય છે તે મૃત્યુના સમીપે જાય છે, મરણની નજીક જાય છે. આહા..હા..! આ જાણે કે હું મોટો થયો, મા જાણે કે દીકરો મોટો થયો, પ્રભુ કહે છે કે મૃત્યુને સમીપ એ તો જાય છે. આહા..હા..! દેહ છૂટવાના કાળનો નિર્ણય છે. કેવળજ્ઞાનમાં ભગવાનને નિર્ણય છે કે આ ક્ષેત્રે, આ કાળે, આ રીતે દેહ છૂટશે. આહા..હા..! એ સમયને કોઈ ફેરવી શકે, કેવળી ફેરવી શકે નહિ. આહા..હા..! એવા કાળમાં તેં આ આત્માનું જ્ઞાન ન કર્યું, જે અખંડ પ્રભુ છે તેને ન જાણ્યો, પ્રભુ! તેં શું કર્યું? આહા..હા..! તારે શું કરવાનું હતું? આહા..હા..! એક છે.

'**(અર્થાત્ પર્યાયોથી અનેક અવસ્થારૂપ થવા છતાં જે એકરૂપપણાને છોડતો નથી)**,...' શું કહે છે? ઝીણી વાત તો છે, પ્રભુ! પર્યાય થાય છેને જાણવાની-દેખવાની, એવા અનંતગુણની પર્યાય, અનંત પર્યાય હો, પણ વસ્તુ તો એકરૂપે ત્રિકાળ દ્રવ્ય છે. આહા..હા..! આહા..હા..! એવી ચીજની દૃષ્ટિ અને અનુભવ થવો એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મની શરૂઆત પહેલી છે. મોક્ષમહેલની પહેલી સીઢી. છ ઢાળામાં આવે છે, મોક્ષ મહેલની પહેલી સીઢી

હજી આ. આહા..હા..!

એ સમ્યગ્દર્શન પામે છે ચક્રવર્તીના રાજકુમારો. આહા..હા..! અને પછી સ્વરૂપમાં રમણ કરવા જંગલમાં ચાલ્યા જાય છે. આહા..હા..! એ હજારો રાણી છોડી, માતાને છોડી. આહા..હા..! માતા પણ રજા ન આપે તો (કહે છે), માતા! અમારો આનંદનો નાથ અમને હવે મળ્યો છે. હવે એમાં અમારે એને પ્રગટ કરવો છે વિશેષ એ માટે અમે જંગલમાં ચાલ્યા જશું. આહા..હા..! અરે! જેને મખમલની ગાદીઓમાં સૂનારા એ તમે જંગલમાં ક્યાં જશો? ત્યાં પથરા, ત્યાં હવા. માતા! જનેતા! રજા દે. અમે અમારા સ્વરૂપમાં રમવાને માટે અમે નિવૃત્તિ લઈએ છીએ. આહા..હા..! અને એમ કહે, માતા! તારે રોવું હોય તો રોઈ લે, બા! પણ ફરીને અમે જનેતા નહિ કરીએ. અમે ભવરહિત થઈને મોક્ષમાં જાશું, માતા! કોલકરાર કરીએ છીએ. આહા..હા..!

એ જેને... કહ્યું નહોતું કાલે પરમ દિ'? રાવણને ઘરે સ્ફટિક મણિની લાદી. આ લાદી સ્ફટિક મણિની. રાવણ-રાવણ. લક્ષ્મણને બાણે માર્યોને એણે. સ્ફટિક મણિની લાદી, સ્ફટિક મણિની નિસરણી, સ્ફટિક મણિનો માળ. અજાણ્યો માણસ તો આમ ચાલી શકે નહિ. કારણ કે આમ દેખાય... આમ દેખાય... આહા..હા..! એ મરીને નરકે ગયો. આહા..હા..! અત્યારે નરકમાં રાડ પાડે (છે), દુઃખી છે, ભાઈ! રાવણ નરકમાં ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! એ વસ્તુ એવી છે. લક્ષ્મણજીએ બાણ માર્યું, છતાં એ તો મહાપુરુષો હતા. બાળવા ગયા તો સાથે ગયા. એણે રાણીને કહ્યું કે અમે તો વાસુદેવ-બળદેવ છીએ, માતા! બીજો કોઈ ઉપાય નથી, અમારી સામે કરેલો. અમે વાસુદેવ છીએ અટલે આ રીતે થવું. માતા! ક્ષમા કરજે. બાળવા ગયા તો સાથે ગયા. જેણે માર્યા બાણ એ સાથે ગયા. તળાવને કાંઠે બાળે અને તળાવને કાંઠે બેઠા રામ અને લક્ષ્મણ. આહા..હા..! આવી નાશવાન ચીજનો નાશ થયો માતા! આહા..હા..! અમે વાસુદેવ-બળદેવ (છીએ), બીજું શું થાય? આહા..હા..! સમ્યગ્દષ્ટિ (હતા). એ રાગની ક્રિયા થઈ પણ પોતે નિંદા કરે છે. આહા..હા..! આ અમારા કામ નહિ હોં. અમે તો આત્મામાં રમે તે રામ. આનંદના સ્વરૂપમાં રમે એ રામ. આ ક્રિયા થઈ, માતા! વાસુદેવ-બળદેવની ભૂમિકાને લઈને .. થઈ ગયા. સમજાણું કાંઈ? આહા..હા..!

એ અહીંયાં એકરૂપ છે. વસ્તુ અંદર એકરૂપ છે. ગમે તેટલી પર્યાયો થાવ, અવસ્થાઓ, પણ વસ્તુ તો એકરૂપ ત્રિકાળ સામાન્ય છે. આહા..હા..! એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ-૧, શનિવાર, તા. ૨૬-૧૧-૧૯૭૭,**
**કળશ-૨૪૧, ગાથા-૪૧૩, પ્રવચન નં. ૫૨૧**

સમયસાર, ૨૪૧ કળશ ફરીને લઈએ. '**ये तुं एन परिह्यत संवृत्ति-पथ-प्रस्थापितेन आत्मना द्रव्यमये लिङ्गे ममतां वहन्ति**' ઓહો..હો..! '**જે પુરુષો આ પૂર્વોક્ત પરમાર્થસ્વરૂપ મોક્ષમાર્ગને છોડીને...**' આ ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ અને પૂર્ણ શક્તિ, અમાપ શક્તિનો સાહેબો... બોલ લેશે છ, એવો જે ભગવાન પૂર્ણાનંદ પવિત્ર તેની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર નિશ્ચય. સ્વદ્રવ્યનું જ્ઞાન, અનુભવ, સ્વદ્રવ્યની શ્રદ્ધા અને સ્વદ્રવ્યનું આચરણ એનું નામ મોક્ષનો માર્ગ. એ સાચો મોક્ષનો માર્ગ એ એક જ સત્ય. ચૈતન્યસ્વરૂપ ભગવાન એના અવલંબને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ નિર્વિકલ્પ અને વીતરાગી પર્યાય હોય. એ એક જ મોક્ષનો માર્ગ છે. એને... છેને? એવા '**પરમાર્થસ્વરૂપ મોક્ષમાર્ગને છોડીને...**' એ દ્રવ્યને આશ્રયે આનંદને વેદન શ્રદ્ધામાં લેવું અને સ્વરૂપની રમણતા કરવી. ઝીણી વાત છે. એ મોક્ષનો માર્ગ ખરેખર પરમાર્થે એક જ છે. એને છોડીને,

'**વ્યવહારમોક્ષમાર્ગમાં સ્થાપેલા...**' શું કહે છે? વ્યવહારનયથી દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું ભણતર રાગ એને વ્યવહારે મોક્ષમાર્ગ કહ્યો છે. એ કલ્પિત રીતે કહ્યો છે. આહા..હા..! એ કલ્પિત નવ તત્ત્વની વ્યવહારુ શ્રદ્ધા રાગ, પંચમહાવ્રતના પરિણામ... ઝીણી વાત, ભાઈ! અને શાસ્ત્રનું જ્ઞાન, એ તરફના વલણવાળો રાગ એને શાસ્ત્રએ વ્યવહારનયે સ્થાપન કર્યું છે. વ્યવહારનયે એને મોક્ષમાર્ગ કલ્પિત આરોપિતથી મોક્ષમાર્ગ કહ્યો છે. સમજાણું કાંઈ? શબ્દ આ છે. વ્યવહારનયનો વિષય છે, સ્થાપન કરવાલાયક છે. છે એમ સ્થાપન કરવાલાયક છે, પણ આદર કરવાલાયક નથી. આહા..હા..! આવી વાત છે.

અરે! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો પોકાર છે, પ્રભુ! તું અંતર નિર્વિકલ્પ આનંદ સચ્ચિદાનંદ પ્રભુ, અતુલ ઉપમા વિનાની ચીજ તારી છે અંદર. એવી ચીજને અવલંબીને દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય તે જ નિર્વિકલ્પ અને વીતરાગી પર્યાય, સત્ય પંથ મોક્ષનો એ સાચો માર્ગ છે. પણ એને છોડી દઈને શાસ્ત્રમાં વ્યવહારનયે એવા નિશ્ચય મોક્ષમાર્ગમાં રહ્યા છે એને પૂર્ણ વીતરાગતા ન હોય ત્યારે એને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ એવો રાગ છે, સ્થાપન કર્યો છે, છે એમ સ્થાપ્યું છે, વ્યવહારનો વિષય છે એમ સ્થાપન કર્યું છે, પણ એ વિષય આદરણીય નથી. આહા..હા..!

બે અર્થ કર્યા છે એમાં—કલ્પિત અને આરોપિત. વ્યવહાર કીધું છેને? '**વ્યવહારમોક્ષમાર્ગમાં સ્થાપેલા પોતાના આત્મા વડે દ્રવ્યમય લિંગમાં...**' એ પંચમહાવ્રતના પરિણામ, દેવ-

ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ, પૂજા, જાત્રા આદિનો ભાવ એ વ્યવહાર. નિશ્ચય જેને આત્માનું ભાન છે એને એવો વ્યવહાર હોય છે એમ સ્થાપન કર્યું છે, પણ તેને જોતા, આત્માના અંતરના આનંદના સ્વરૂપને ન અવલોકન કરતાં એ વ્યવહારે સ્થાપેલા-કહેલા કલ્પિત અને આરોપિત માર્ગમાં પડ્યો છે ગ્રહણ કરીને એ મિથ્યાદૃષ્ટિ આત્માને નહિ પામે. આહા..હા..! આકરી વાતું છે, ભાઈ! વીતરાગમાર્ગ સર્વજ્ઞનો બહુ ઝીણો છે. આહા..હા..! એમ સિદ્ધ કર્યું કે આત્મા પરમાનંદની મૂર્તિ પ્રભુ એનું સમ્યગ્દર્શન, એનું જ્ઞાન અને એના આત્માના આનંદના સ્વાદમાં રમણતા એ સાચો મોક્ષનો માર્ગ છે એમ ભગવાને કહ્યું છે. એની સાથે વ્યવહાર પણ સ્થાપ્યો છે. સમજાણું કાંઈ? વ્રત, તપ, ભક્તિ, પૂજા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ એવો ભાવ, વ્યવહાર આવે એને કલ્પિત મોક્ષમાર્ગ કહ્યો છે. વાડીભાઈ! આવી વાતું છે. આહા..હા..! એ વ્યવહારમાર્ગ સ્થાપ્યો છે, છે એમ સિદ્ધ કર્યું છે, પણ એ કલ્પિત છે, એ વાસ્તવિક માર્ગ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! આવો માર્ગ! વીતરાગ પરમાત્મા કહે છે કે બે નયની શ્રદ્ધા કરવાલાયક છે. જયસુખભાઈ! શું કીધું ઈ? કે આત્મા ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ નિર્વિકારી દશા એ મોક્ષમાર્ગ છે એમ એણે જાણવું, માનવું જોઈએ અને જોડે રાગ આવે, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા, જાત્રા, વ્રત એ વ્યવહાર છે તેમ એણે માનવું જોઈએ, પણ વ્યવહાર છે તે બંધનું કારણ છે એમ ભેગું માનવું જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? એ આવે છેને મોક્ષમાર્ગમાં કે અમે નિશ્ચયને માનીએ અને વ્યવહારની પ્રવૃત્તિ રાખીએ. કહે ના, બેયની શ્રદ્ધા તો બરાબર કરવી જોઈએ. પણ વ્યવહારની શ્રદ્ધા કરીને છોડવાલાયક છે એમ માનવું. ચંદુભાઈ! મોક્ષમાર્ગ (પ્રકાશકમાં) છે સાતમા અધ્યાયમાં. આહા..હા..! આ મોટા ઝઘડા અત્યારે આ છે.

પરમાત્મા જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ એમ ફરમાવે છે, પ્રભુ! સાંભળ એકવાર શાંતિથી. તું અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ છો અંદર. એની શ્રદ્ધામાં આનંદનો સ્વાદ આવવો જોઈએ સમકિતમાં, એના જ્ઞાનમાં પણ આનંદનો સ્વાદ આવવો જોઈએ અને એમાં સ્થિરતામાં તો આનંદનો ઉગ્ર સ્વાદ આવવો જોઈએ. આહા..હા..! એને અહીંયાં સાચો મોક્ષમાર્ગ કહ્યો. તેની સાથે પૂર્ણ વીતરાગ ન હોય એથી એને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ, મહાવ્રત આદિના પરિણામ આવે એને કલ્પિતને વ્યવહાર મોક્ષમાર્ગ સ્થાપ્યો છે પણ એ રાગ છે, એ કાંઈ મોક્ષમાર્ગ છે નહિ. આહા..હા..! અરર! આવી વાતું છે. આ તો અત્યારે ધમાધમ બહારની વાતુંમાં. આહા..હા..! આવો માર્ગ પ્રભુનો છે, ભાઈ! ચંદુભાઈ!

વ્યવહાર સ્થાપેલો છે, વ્યવહાર છે, વ્યવહાર નથી એમ નહિ, પણ એ વ્યવહાર બંધનું કારણ છે. એ વ્યવહાર કલ્પિત છે, આરોપિત છે. નિશ્ચય જે આત્મા એના આશ્રયે જે આનંદ અને જ્ઞાન, દર્શન, ચારિત્ર થાય તે યથાર્થ સત્ય અણઆરોપિત મોક્ષમાર્ગ છે. એની સાથે આવો રાગ આવે સ્થિર થઈ શકે નહિ ત્યારે, તો એ રાગ છે એને વ્યવહાર મોક્ષમાર્ગ તરીકે

વ્યવહારનયથી સ્થાપન કર્યું છે, પણ છે એ બંધનું કારણ. આહા..હા..! આવો માર્ગ!

ત્રિલોકનાથ જિનેન્દ્ર પરમાત્માનું આ ફરમાન છે કે એ પરમાર્થ જે માર્ગ છે એનું તો દૃષ્ટિ અને લક્ષ કરતો નથી અને વ્યવહારમાં સ્થાપેલા કલ્પિત માર્ગમાં મમતા કરે છે. (ઈ છે એમ) માનવાલાયક છે, પણ માન્યતા છોડવાલાયક છે. આહા..હા..! જયસુખભાઈ! આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..! અનંતકાળથી લૂંટાણો છે ઈ. વ્યવહારની દયા, દાન, વ્રત, ભક્તિ આદિની ક્રિયા એ રાગની છે. એ અનંતવાર એવી કરી છે. અને ધર્મીને પણ એ વ્યવહાર આવ્યા વિના રહેતો નથી, પણ તેથી તેને વ્યવહારનું, મોક્ષમાર્ગનું આરોપિત, કલ્પિત સ્થાન આપ્યું, પ્રસ્થાપિત .. કર્યું, પણ એમાં જ મમતા કરે છે. હવે એ કહ્યું જોયું! આહા..હા..!

એને '**છોડીને વ્યવહારમોક્ષમાર્ગમાં સ્થાપેલા...**' કલ્પિત અને આરોપિત એવા માર્ગમાં '**પોતાના આત્મા વડે દ્રવ્યમય લિંગમાં...**' એ પંચમહાવ્રતના પરિણામ અને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એમાં મમતા કરે એ તો દ્રવ્યલિંગ છે, રાગ છે. સ્થાપ્યું છે કે હોય છે, પણ એ મને મોક્ષ કરશે અને મોક્ષનું કારણ છે એમ જે મમતા કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આવો માર્ગ ભારે આકરો! છે? એ વ્યવહાર મોક્ષમાર્ગ સ્થાપેલો કીધો, કલ્પિત છે, આરોપિત છે, છે ખરો પણ આરોપિત છે. આહા..હા..!

એવા '**પોતાના આત્મા વડે...**' એટલે કે ભગવાનની તો આજ્ઞા નથી. છે એમ સ્થાપ્યો છે, પણ આદરવાલાયક છે અને એનાથી ધર્મ થાય એમ ભગવાનની આજ્ઞા નથી. આહા..હા..! પણ '**પોતાના આત્મા વડે...**' પોતાના સ્વચ્છંદે. આહા..હા..! કેટલી વાત થોડામાં મૂકી છે! જિનેશ્વર વીતરાગનો માર્ગ આ છે. એવો માર્ગ ક્યાંય નથી. વીતરાગ સિવાય ક્યાંય નથી. એના વાડામાં રહેલાને ખબરું ન મળે. આહા..હા..! પ્રભુ! તું અંદર આત્મા આનંદનો નાથ છોને. અનાકુળ સુખનો સાગર છો. આહા..હા..! એવા અનાકુળ સુખના સાગરની શ્રદ્ધા, એમાં અનાકુળ સુખનો સ્વાદ આવે ભેગો. એ અનાકુળ આનંદનું જ્ઞાન એમાં અનાકુળ આનંદનો સ્વાદ આવે સાથે અને અનાકુળ આનંદના નાથમાં રમણતા એ અનાકુળ આનંદની ઉગ્રતા જેમાં આવે. સમજાય છે કાંઈ? આહા..હા..! એને પરમાર્થ માર્ગ પરમાત્માએ પ્રભુએ કહ્યો. અને જોડે રાગ આવે તેને સ્થાપ્યો કે છે, કલ્પિત છે, આરોપિત છે, વ્યવહાર છે. એને જ પકડીને બેઠા અને આત્માને અંદર જાણતા નથી, એ મિથ્યાદૃષ્ટિ આત્માને નહિ પામે, ચાર ગતિમાં રખડશે. આહા..હા..! જયસુખભાઈ! છેને એમાં? લોજિકથી છે ન્યાયથી. આહા..હા..!

જ્યાં જવું જોઈએ ભગવાન બિરાજે છે પૂર્ણાનંદનો નાથ પ્રભુ ત્યાં જતો નથી, એનો આશ્રય લેતો નથી અને વ્યવહારમાં સ્થાપેલા, કલ્પિત કહેલા માર્ગમાં એ વ્યવહારના દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં મમતા કરે છે કે આ મને મોક્ષનો માર્ગ છે. આહા..હા..! પ્રભુ તો અકષાય કરુણા ભગવાન વીતરાગ છે, એને કાંઈ કષાય છે નહિ. અકષાય કરુણાથી

એ તો વાત કરે છે. આહા..હા..! ભગવાન! તારો ભગવાન તો અંદર આનંદનો નાથ બિરાજે છેને. એના સમીપની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર તો કરતો નથી અને એનાથી વિરુદ્ધ જે વ્યવહાર સ્થપાયેલો છે નિશ્ચય હોય એને અને એ નિશ્ચય તો તું છોડી દે છો. આહા..હા..! અને એ વ્યવહાર એટલે કલ્પિત, આરોપિત મોક્ષનો માર્ગ એમાં મમતા કરે છે કે આ મારી ચીજ છે અને આ મને લાભ કરશે. આહા..હા..! એ આત્માને નહિ પામે. છે? જુઓ.

'**મમતા કરે છે...**' દ્રવ્યલિંગ એ તો ક્રિયા. આહા..હા..! જેમાં આત્માનું અવલોકન અને આત્માનું દર્શન અને આનંદ તો આવ્યો નથી અને આવી ક્રિયાકાંડ જે છે તેમાં મમતા કરે છે. આહા..હા..! '**(અર્થાત્ એમ માને છે કે આ દ્રવ્યલિંગ જ અમને મોક્ષ પમાડશે),...**' એ પંચમહાવ્રતના પરિણામ અને શાસ્ત્રનું જ્ઞાન અને નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા રાગ એ અમને મોક્ષ પમાડશે, એમ મિથ્યાદૃષ્ટિ (માને છે). આહા..હા..! આકરી વાતું છે. ચંદુભાઈ! આવો માર્ગ છે. દિગંબરમાં જન્મ્યા એને ખબર ન મળે. દિગંબર છીએ અમે. આહા..હા..! આના વાંધા ઉઠ્યા છેને બધા હવે, કે સોનગઢવાળા તો નિશ્ચય મોક્ષમાર્ગને માર્ગ એકલો માને છે. વ્યવહારને મોક્ષમાર્ગ માનતા નથી. માનીએ છીએ, પણ એ બંધનું કારણ છે, એ આરોપિત મોક્ષમાર્ગ કહેવાય છે, કલ્પિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! નિશ્ચય-વ્યવહારના આ બે ઝઘડા. સત્ય વસ્તુ જે ભગવાન આત્મા જેની સમીપમાં જવું જોઈએ એનાથી દૂર જે રાગ છે તેની મમતા કરે અને રાગથી મને કલ્યાણ થશે. આહા..હા..! બાપુ! માર્ગ ધર્મનો, સર્વજ્ઞ વીતરાગનો માર્ગ કોઈ અલૌકિક છે. આહા..હા..!

'**તે પુરુષો...**' '**तत्त्व-अवबोध-च्युताः**' '**તે પુરુષો તત્ત્વના યથાર્થ જ્ઞાનથી રહિત વર્તતા થકા...**' આહા..હા..! ભલે એ વ્યવહારમાં મમતા કરીને પડ્યા, પણ ભગવાન આનંદનો નાથ પ્રભુ વ્યવહારથી ભિન્ન છે, એના બોધથી તે ચ્યુત છે. આહા..હા..! ડાહ્યાભાઈ! આવી વાતું છે. ડાહ્યા તો તેને કહીએ કે આત્માને પકડે તો, એમ કહે છે. નહોતું કહ્યું એક ફેરી? ૬૭-૬૮ની વાત હશે કે ૬૫-૬૬ની. ભરૂચ-ભરૂચ. ભરૂચ ગયેલા. સ્થાકનવાસી હતાને અમે તો. તો સ્થાનકવાસી સાધુ આવે તો અમે ધ્યાન રાખતા. આસપાસમાં આવે અમે જઈએ. અમારું ઘર મુખ્ય ત્યાં ગણાય. એ આવે જાય એનું બધું ધ્યાન અમે રાખીએ. મુંબઈથી સાધુ આવતા હતા તો ગયા હતા ભરૂચ. હું અને અમારા ફાવાભાઈ. આ મનહર આવે છેને એનો બાપ. સુરતથી મનહર નથી આવતો? અત્યારે તો એની પાસે પોણો કરોડ રૂપિયા થઈ ગયા છે. કરોડ કહે છે પણ ૭૦-૭૫ લાખ તો પાક્કા કહે છે. તે દિ' તો દસ હજાર પણ નહોતા. એ બધા સાથે અમે ગયેલા. પછી સાધુ મળ્યા. સ્ટેશન છે ભરૂચનું એની સામે ધર્મશાળા છે. એમાં મોહનલાલજી હતા બરવાળાવાળા સ્થાનકવાસી હતા. મળ્યા એટલે પછી વખત રહ્યો એટલે ચાલો જોવા જઈએ કહીએ. એ ડાહ્યાભાઈનું એક મોટું નાટક હતું. ડાહ્યાભાઈ

વાંકાનેરવાળા વૈષ્ણવ હતા ડાહ્યાભાઈ ધોળશા. ડાહ્યાભાઈ ધોળશાનું મોટું નાટક આઠ દિ'માં બે નાટક પાડતા. ત્રણ.. એક એક રાતના પંદરસો રૂપિયા. તે દિ' હોં! ૬૫-૬૬માં પંદરસો એક રાતના. બહુ નાટક મોટા.

મીરાંબાઈનું નાટક હતું તે દિ' અમે ગયા ત્યારે. બહુ વૈરાગી. તે દિ' તો વૈરાગી નાટક હતાને. અત્યારે તો આ જુઓ ફિલ્મો-બિલ્મોએ કાળાકેર કરી નાખ્યા. તે દિ' તો ભલે મિથ્યાદષ્ટિની વાતું હોય, વૈરાગની વાતું. આહા..હા..! એ પછી... આહા..હા..! ડાહ્યાભાઈ જ્યારે મરવા પડ્યા. નાટક બહુ બનાવેલા અને પૈસા બહુ થયેલા. મરવા પડ્યા પછી ડાહ્યાભાઈ કહે છે, એ ડાહ્યા! તારું ડહાપણ ત્યારે કહીએ કે અત્યારે શાંત અને સમાધિમરણથી દેહ છોડ તો. બધા તેં નાટક પાડ્યા અને બહારમાં પડ્યા ને પૈસા ઉઘરાવ્યા. ભગવાનજીભાઈ! ૬૫ની સાલ, ૬૬ની સાલ. આહા..હા..! આઠ દિ'માં ત્રણ નાટક પાડતા. સાડા ચાર હજાર રૂપિયા. આઠ દિ'માં સાડા ચાર હજાર. એવા હુશિયાર બહારમાં. મરતાં વશી ગયા. એ ડાહ્યા! તેં બહુ ડહાપણ કરીને નાટકો કર્યા હોં! પણ ડાહ્યા! તારું ડહાપણ ત્યારે કહીએ કે અત્યારે સમાધિ શાંતિ અને આનંદથી દેહ છોડ તો ડહાપણ કહેવાય. વાડીભાઈ! વૈષ્ણવ હતા મોટા.

એમ અહીં કહે છે પ્રભુ! તેં તો શું કર્યું અત્યાર સુધી? અમે જે નિશ્ચય મોક્ષમાર્ગ કહ્યો તેને તો તેં આદર્યો નહિ અને અવલોક્યો નહિ, જાણ્યો નહિ અને માન્યો નહિ અને અમે નિશ્ચવાળાને જે વ્યવહાર આવે છે, વ્યવહાર સ્થાપ્યો છે કલ્પિત એને તું મોક્ષમાર્ગ માનીને ત્યાં ચોંટ્યો. આહા..હા..! છે? **'ते तत्त्व-अवबोध-च्युताः'** **'તે પુરુષો તત્ત્વના યથાર્થ જ્ઞાનથી રહિત...'** ભ્રષ્ટ છે. આહા..હા..! એ વ્યવહાર વ્રત, તપના, ભક્તિના ભાવને મોક્ષનો માર્ગ અને ધર્મ માને એ તત્ત્વથી ચ્યુત, ભ્રષ્ટ છે, તત્ત્વના જ્ઞાનથી ભ્રષ્ટ છે. હવે આવી તો વાત ચોખ્ખી છે અને રાડેરાડ પાડે છે બધા સોનગઢને નામે.. નામે. આહા..હા..! પ્રભુ! તું રહી જા છો અંદર એક. એ શાસ્ત્રના ભણતર પણ અનંતવાર કર્યા. એ ભણતરને ફેરવ્યા બહુ અનંતવાર. એમાં ક્યાં આત્મા હતો? આહા..હા..! આત્મા તો આનંદનો નાથ અંદર જ્ઞાન, સચ્ચિદાનંદ પ્રભુ એના અંદરમાં પેસીને આત્માનું જ્ઞાન, આત્માનું દર્શન અને આચરણ ન કર્યું અને એનાથી વ્યવહાર સ્થાપેલાની ક્રિયાકાંડમાં મમતા કરી એ તત્ત્વબોધથી ચ્યુત ભ્રષ્ટ છે.

**'समयस्य सारम् न पश्यन्ति'** અત્યાર સુધી અનંત-અનંતકાળમાં એણે... એમ કહે છે. વ્યવહારની ક્રિયાકાંડમાં મમતા કરીને રહ્યો, અત્યાર સુધી તે આત્માને પામ્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો છે, બાપુ! ત્રિલોકનાથ સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં પરમાત્મા. એનાથી આવેલી આ વાત છે. આહા..હા..! કહે છે, તને નિશ્ચયની વાત તો અમે કરી, એને તો તેં છોડી દીધી અને વ્યવહારની વાતું કરી તેને પકડીને બેઠો તે તત્ત્વજ્ઞાનથી ચ્યુત છો. એ વ્યવહારના રસીલાઓ એનાથી વ્યવહાર કરતાં-કરતાં ધર્મ થશે એ બધા તત્ત્વજ્ઞાન, આત્મજ્ઞાનથી ખાલી શૂન્ય છે. આહા..હા..! આવી વાતું છે. અને **'समयस्य**

**सारम् न पश्यन्ति'** 'હજુ સુધી...' **'अद्य अपि'**. આહા..હા..! જ્યાં સુધી તારી રાગમાં વ્યવહારરત્નત્રયમાં પ્રેમ અને રુચિ છે, ત્યાં સુધી તું આત્માને પામીશ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'अद्य अपि'** શબ્દ છેને? અત્યાર સુધી. ત્યાં સુધી આચાર્ય કહે છે. આહા..હા..! તું જૈન વાડામાં આવ્યો, જૈનની વાતું સાંભળી, નિશ્ચય-વ્યવહારની બેય વાતું તને કાને પડી, પણ અત્યાર સુધી તું સમયસાર આત્માને પામ્યો નથી. આહા..હા..! એ વ્રત ને નિયમ ને તપ ને ભક્તિ ને શાસ્ત્રના જ્ઞાન ને, એ રાગની બધી ક્રિયાઓ ત્યાં રોકાઈ ગયો, અત્યાર સુધી તું રાગમાં રહ્યો છો. આહા..હા..! એવી વ્યવહારની ક્રિયાઓ તેં અનંતવાર કરી છે અને હજુ પણ વ્યવહારમાં તું રસીક થઈને પડ્યો છો તો **'अद्य अपि'** અત્યાર સુધી પણ ભગવાન આત્મા સમયસાર, શુદ્ધ આત્મા વ્યવહારના વિકલ્પથી, રાગથી ભિન્ન એવો શુદ્ધ પ્રભુ આત્મા એને એ પામ્યો નહિ. આહા..હા..! કહો, ..ભાઈ! આવી વાત છે. ફોટા બહુ પાડ્યા પણ આત્માનો ન પાડ્યો એમ કહે છે. આહા..હા..!

વ્યવહારનો મોક્ષમાર્ગ એટલે અપવિત્ર પરિણામ. આહા..હા..! હવે આવી તો ચોખ્ખી વાત પડી છે. સોનગઢવાળા દિગંબર ધર્મ નથી એવું કહે છે. હે ભગવાન! તને શું થયું, બાપુ! ભાઈ! તને ખબર નથી. તું શું કરે છો તને ખબર નથી. આહા..હા..! જ્યાં ચૈતન્યનો દ્રવ્ય પરમાત્મસ્વરૂપ બિરાજે છે અંદર તેને પડખે ચડ્યો નહિ, એને અવલોક્યા નહિ, એને જાણ્યા નહિ, એને જોયા નહિ, એને માન્યા નહિ. આહા..હા..! અને એકલી આ ક્રિયાકાંડ બધા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, દાન, જાત્રા, મોટી રથયાત્રા, ગજરથ અને જાવજીવના બ્રહ્મચર્ય પાળ્યા. આહા..હા..! એ બધી તો રાગની જ ક્રિયા છે, પ્રભુ! તને ખબર નથી. આહા..હા..!

**શ્રોતા :-** ... સીધું તરત જ દેખાય છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તરત જ દેખાય છે અજ્ઞાન.. વાત થઈ. બહારથી દેખાય છે. એ કહ્યું હતું. આગમનો વ્યવહાર તે સહેલો છે, એને એ લોકો માને છે, પણ અધ્યાત્મનો વ્યવહાર તેને ખ્યાલમાં આવતો નથી. અધ્યાત્મનો વ્યવહાર એટલે મોક્ષમાર્ગ નિશ્ચય. નિશ્ચય દ્રવ્ય છે... એ આત્મવ્યવહાર કહ્યો છેને પ્રવચનસારમાં? આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ પૂર્ણ પ્રભુ એનું આચરણ અંદર નિર્મળ નિર્વિકાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માનો એ વ્યવહાર છે. દયા, દાન, વ્રત એ આત્માનો વ્યવહાર નહિ, એ તો મનુષ્યનો વ્યવહાર, ચાર ગતિનો વ્યવહાર. આહા..હા..! અરે! ૯૪ ગાથામાં કહ્યું છે પ્રવચનસાર. આત્મવ્યવહાર. આહા..હા..! એ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ આદિનો ભાવ તો મનુષ્યનો વ્યવહાર, એ તો સંસાર વ્યવહાર. આહા..હા..! ભગવાન આત્માનો વ્યવહાર એ અહીં જેને નિશ્ચયમોક્ષમાર્ગ કહ્યો તે આત્માનો વ્યવહાર. આહા..હા..! કેમકે ત્રિકાળી ચીજ ભગવાન પરમાનંદનો નાથ બિરાજે છે, પોતે પ્રભુ છે અંદર, પરમાત્મા છે.

કહ્યું હતુંને એક નહિ? 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, ઘટ ઘટ અંતર જિન વસે.' એ જિનસ્વરૂપી ઘટઘટમાં બિરાજે છે. વાડીભાઈ! આત્મા એ જિનસ્વરૂપે છે. આહા..હા..! 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન,' જૈન કોઈ બહારની ક્રિયાકાંડ એ નથી એમ કહે છે. એ રાગને ટાળી અને સ્વભાવની દૃષ્ટિનો અનુભવ કરવો એ જૈન છે. એ ઘટમાં અંદરમાં વસે છે. એ બાહ્ય ક્રિયામાં એ જૈનપણું નથી આવતું કાંઈ. આહા..હા..! 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન' આહા..હા..! 'પણ મતમદિરા કે પાનસો' રાગના રસીલા પોતાના અભિપ્રાયમાં 'વ્યવહારથી કલ્યાણ થશે' એવા મતના દારૂ પીધેલાઓ 'મત મદિરાકે પાનસો એ મતવાલા સમજે ન.' એ મતવાલા સમજે નહિ. આહા..હા..! ભગવાન અનંત આનંદ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ આત્મા સત્ શાશ્વત ચિદ્ જ્ઞાન અને આનંદનો દરિયો છે એ તો. આહા..હા..! અરે! ક્યાં બેસે? એવા દરિયાને ભગવાનના સ્વભાવને મતવાલાઓ પામી નહિ શકે. એવા અભિપ્રાયમાં પડી ગયા. વ્યવહારથી થશે, આનાથી થશે. અમે આ રાગની મંદતા કરીએ છીએ એ કરતાં-કરતાં થશે. એવા મતવાલા એ જિનના સ્વરૂપને નહિ પામે. જિન એટલે પોતે. એ અહીં કહે છે, સમયના સારને નહિ પામે. આહા..હા..!

'**(અર્થાત્ શુદ્ધ આત્માને) દેખતા-અનુભવતા નથી.**' આહા..હા..! જ્યાં જોવાનું છે ત્યાં જોતા નથી અને જ્યાંથી ખસવાનું છે એમાં જોવામાં પડ્યા છે કહે છે. એ બધી વ્યવહારરત્નત્રયની ક્રિયાઓ રાગ, તેમાંથી ખસી જવાનું છે અને ભગવાન આનંદના નાથની સમીપમાં જવાનું છે. એને ઠેકાણે સમીપમાં ન જતાં રાગના સમીપમાં પડ્યો એ આત્માના શુદ્ધ સ્વરૂપને અનુભવતા નથી, રાગને અનુભવે છે. આહા..હા..! રાગ હોય છે એ સિદ્ધ કર્યું છે હોં! વ્યવહારનય સ્થાપન કરવાલાયક છે. બે નય છે. એક જ નય છે એમ નહિ. પણ બે નયમાં એક નય છે એ છોડવાલાયક છે અને એક નય આદરવાલાયક છે. કારણ કે બે નયનો વિરોધ છે. બે પડે કેમ? આહા..હા..! એટલે વ્યવહારથી પણ કલ્યાણ થાય અને નિશ્ચયથી પણ કલ્યાણ થાય તો બે નય ન રહી. આહા..હા..! આવો માર્ગ દુર્લભ-દુર્લભ થઈ પડ્યો છે. વીતરાગમાર્ગ સાંભળવાને દુર્લભ થઈ પડ્યો. આહા..હા..!

કહે છે કે જેને વ્યવહારના સ્થાપેલા માર્ગમાં વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા ને એને અમે વ્યવહાર છે એમ સ્થાપ્યું છે, પણ એનાથી મને કલ્યાણ થશે એમ જે પડ્યા છે એ આત્માને નહિ પામે, એ આત્માને નહિ દેખે. આહા..હા..! આવો માર્ગ છે વીતરાગનો. નવરા ક્યાં છે? હજી તો સંસારની પ્રવૃત્તિ આડે નવરો ન મળે. એમાં નવરો થાય તો પાછો આ ધર્મના નામની ક્રિયા, દયા, દાન ને વ્રત-તપમાં રોકી નાખે. આહા..હા..! અહીં કહે છે કે એવા જીવો રાગના વિકલ્પથી ભિન્ન પ્રભુ અંદર એને નહિ પામે, તત્ત્વજ્ઞાનથી ચ્યુત ભ્રષ્ટ છે. વ્યવહારના રસીલાઓ તત્ત્વજ્ઞાનથી ચ્યુત છે. આહા..હા..! ડાહ્યાભાઈ! આવી વાતું છે. આહા..હા..!

અતીન્દ્રિય આનંદનો સાગર અંદર ઉછળે છે. પ્રભુ તો અતીન્દ્રિય આનંદનો સાગર છે આત્મા. એના સમીપમાં તું નહિ જઈ શકે. રાગના રસીલાઓ વીતરાગ સ્વભાવમાં સમીપ નહિ જઈ શકે. આહા..હા..! ભારે માર્ગ, ભાઈ! આહા..હા..! આ તો આવ્યું છે કાલ સુધી. આ તો નવા લોકો... વ્યવહાર અને નિશ્ચયનું હતુંને તો વધારે સ્પષ્ટીકરણ આપ્યું. આહા..હા..! આ તો જ્યારે વાંચે ત્યારે નવું જ આવે કાંઈક. આહા..હા..! વીતરાગમાર્ગ છે. દિગંબર સંતોએ તો આહા..હા..! જગતને ન્યાલના રસ્તા બતાવ્યા છે. આહા..હા..! આવો જે ભગવાન અંદર આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ... આહા...! એના સમીપમાં ન જતાં એનાથી દૂર જે વ્યવહાર મોક્ષમાર્ગ સ્થાપ્યો, છે એમ કહ્યું ત્યાં ચોંટ્યો કે ઠીક આ પણ મોક્ષમાર્ગ છે. આહા..હા..! એ આ ભગવાન આનંદનો નાથ અંદર નહિ પામે, એને શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ નહિ થાય. કહો, બરાબર છે? ભગવાનજીભાઈ! ન્યાય-લોજિકથી તો વાત છે. આહા..હા..!

**'આત્માને દેખતા નથી-'** કોને? શુદ્ધ આત્માને. કેવો છે એ શુદ્ધ આત્મા? નિત્ય ઉદ્યોતમય છે એ તો. આહા..હા..! નિત્ય પ્રકાશમાન છે. ચૈતન્યના પ્રકાશથી નિત્ય ભરેલો ભગવાન છે. એમાં રાગ અને વ્યવહારની ગંધ નથી અંદરમાં. એવો જે આત્મા... આહા..હા..! નિત્ય ઉદ્યોતમય છે. આહા..હા..! ચૈતન્યના પ્રકાશના નૂરના પૂર એવો એ ભરેલો ભગવાન છે અંદર. આહા..હા..! નિત્ય ઉદ્યોત-કાયમ પ્રકાશની મૂર્તિ પ્રભુ અંદર છે જ્ઞાનની. આહા..હા..! સાંભળ્યું ન મળે. એ કોણ છે અને કેવડો છે અને કેમ છે? આહા..હા..!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ હોં! અજ્ઞાનીઓ આત્મા-આત્મા કરે એ વાત નહિ. વીતરાગ પરમાત્મા જિનેશ્વરદેવ એને આત્મા કહે છે કે જે નિત્ય ઉદ્યોતમય છે અંદર. પ્રકાશની મૂર્તિ, ચૈતન્યપ્રકાશની નિત્ય મૂર્તિ છે. જેની પાસે રાગના અંધારાની ગંધ નથી. આહા..હા..! સૂર્યના પ્રકાશમાં અંધારાની ગંધ નથી. આહા..હા..! ભગવાન આત્મા નિત્ય ઉદ્યોતમય પ્રકાશની મૂર્તિ, ચૈતન્યપ્રકાશની મૂર્તિ. આહા..હા..! વળી એક જણો એમ કહેતો હતો કે આવી જો મૂર્તિ છે તો અમને કેમ ખબર પડતી નથી? પણ તેં જોયું છે કે દિ'?

એ અમારે ભગવાનજી વકીલ હતા એક રાજકોટના. ઓળખતા? જયસુખભાઈ! ભગવાનજી વકીલ હતા. બુદ્ધિ બહુ સાધારણ પણ હવે એ વખતે વકીલાત કરીને લાખો પેદા કર્યા ઘણા લાખો. બુદ્ધિ બહુ સાધારણ. રામજીભાઈના મિત્ર હતા. વ્યાખ્યાનમાં આવે. તો એકવાર બોલે બહુ વાત જ્યારે કરીને કે આવો મહારાજ તમે વખાણો છો પણ ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? લ્યો આ વકીલ. પણ જ્યાં છે ત્યાં તારી નજર નથી તો ગયો ક્યાં? તારી નજરું રાગ ને પુણ્ય અને પાપમાં પડી છે. એ નજરમાં તેથી નથી આવતો. સમજાણું કાંઈ? આહા..હા..! એવું એ કહેતા. બહુ બુદ્ધિ સાધારણ હતી, પણ વકીલ હતા અને ઘણા લાખો પેદા કર્યા. પુણ્યની વાતું છે એ તો પુણ્યના પરમાણુ હોય. ત્યાં કાંઈ બુદ્ધિની જરૂર પડતી નથી. બુદ્ધિના બારદાન કરોડોપતિ, અબજોપતિ દેખાય છે. આહા..હા..! બુદ્ધિના બારદાન. બારદાન સમજાણું?

કોથળા. અને બુદ્ધિના ખાં હોય એને પાંચ હજાર પેદા કરવા પડે મહિને (તો) પરસેવા ઉતરતા હોય. એ તો પુણ્ય-પાપનું ખાતું છે બધું બહારનું. અહીંયાં આત્માનો પુરુષાર્થ કરે તો પૈસા મળે એવું કાંઈ છે નહિ. આહા..હા..! અહીંયાં તો પુરુષાર્થ કરવાનો ભગવાન આત્મા તરફ છે. રાગનો પુરુષાર્થ એ પણ વાસ્તવિક પુરુષાર્થ નહિ કહે છે. આહા..હા..! અંતર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ નિત્યાનંદ નિત્ય ઉદ્યોત-પ્રકાશ એવી મૂર્તિ પ્રભુ અંદર છે. અરે! ક્યાં? એક બોલ.

'**(અર્થાત્ કોઈ પ્રતિપક્ષી થઈને જેના ઉદયનો નાશ કરી શકતું નથી),...**' નિત્ય ઉદય એમ. કાયમ પ્રકાશનમાન. ચૈતન્ય... ચૈતન્ય નિરાવરણ આત્મા. આહા..હા..! એક બોલ. બીજો. '**અખંડ છે (અર્થાત્ જેમાં અન્ય જ્ઞેય આદિના નિમિત્તે ખંડ થતા નથી),...**' એ જ્ઞાન અનંત જ્ઞેયોને જાણે છતાં જ્ઞાનમાં ખંડ નથી, અખંડ જ્ઞાન છે. ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ અખંડ અંદર છે. આહા..હા..! ક્યાં જોવું? કોઈ દિ' નવરો થતો નથી બહારના જોવા આડે. અંદર ભગવાન આત્મા વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે તીર્થંકરદેવ કેવળીએ કહેલો આત્મા એ નિત્ય પ્રકાશમાન અખંડ અંદર બિરાજે છે. આહા..હા..! જેમાં ખંડ, અનેક જ્ઞેયોને જાણતા છતાં તેમાં ભેદ પડતો નથી એવી એ નિત્ય ઉદયમય અખંડ ચીજ છે, આહા..હા..! જે સમ્યગ્દર્શનનો વિષય છે, એ અખંડ દ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આવી વાતું હવે માણસને બેસે નહિ એટલે એકાંત નિશ્ચય છે, નિશ્ચય છે એમ કરીને કાઢી નાખે છે, ભાઈ! અહીં વખત થઈ રહેવા આવ્યો છે. પા કલાક ગુજરાતી ચાલે છેને અત્યારે, પહેલા આવ્યા હોત તો થઈ જાત.

'**અખંડ છે...**' કેવો છે ભગવાન આત્મા અંદર? નિત્ય ઉદ્યોતમય ચૈતન્યના પ્રકાશનું નૂર અને અખંડ છે. સૂર્યનો જેમ પ્રકાશ એકરૂપ અખંડ છે એમ ચૈતન્યપ્રકાશ અંદર અખંડ છે. તેને અનાદિથી તેણે માન્યો અને જોયો નથી અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં રોકાઈ સ્વરૂપને જોયું નહિ એણે. આહા..હા..! સમજાણું કાંઈ? **(અર્થાત્ જેમાં અન્ય જ્ઞેય આદિના નિમિત્તે ખંડ થતા નથી),...**' બે બોલ. '**એક છે...**' પર્યાયથી અનેક. ઝીણી વાતું, બાપા! ભગવાન વીતરાગ પરમાત્માનો પંથ (સૂક્ષ્મ છે). કહે છે કે એ વસ્તુ છે ભગવાન આત્મા એ એકરૂપ છે. પર્યાય એટલે અવસ્થાઓ અનેક હોવા છતાં એકરૂપ એનું મટતું નથી ત્રિકાળી. એકરૂપ અંદર બિરાજે છે. આહા..હા..! નિત્ય ઉદ્યોતમય છે, અખંડ છે, એક છે. એ ત્રણ વિશેષણ તો આવ્યા હતા. '**(અર્થાત્ પર્યાયોથી અનેક અવસ્થારૂપ થવા છતાં જે એકરૂપપણાને છોડતો નથી),...**' ત્યાં સુધી તો આવ્યું હતું કાલે. આહા..હા..!

'**अतुल अलोकं**' '**અતુલ (-ઉપમારહિત) જેનો પ્રકાશ છે...**' આહા..હા..! ચૈતન્યના પ્રકાશનું નૂર પ્રભુ અતુલ એને સૂર્યના પ્રકાશની પણ તુલના આપી શકાય નહિ, એવું ચૈતન્યનું નૂર અંદર ભર્યું છે કહે છે. આહા..હા..! મોટો દરિયો હોય દરિયો સમુદ્ર એને કાંઠે ચાર

હાથનું .. હોય કપડાની તો એ કપડાને દેખે, દરિયો ન દેખે. કારણ કે એ ચાર હાથ ઉંચો અને કપડું એટલું હોય ત્યાં. નજરું ત્યાં કપડા ઉપર રહી ગઈ, દરિયો આખો દેખાય નહિ; એમ જે પુણ્ય અને પાપના પરિણામના પ્રેમમાં પડ્યો, એની આડમાં નિત્યાનંદ પ્રભુ દેખાતો નથી એને. આહા..હા..! દરિયો ભર્યો છે અંદર. અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર પ્રભુ છે, પણ જેને એ પુણ્યની દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એની જેને રુચિ છે એની આડમાં એ ભગવાન દેખાતો નથી એને. આહા..હા..! આવું સ્વરૂપ છે. છે?

'**એક છે (અર્થાત્ પર્યાયોથી અનેક અવસ્થારૂપ થવા છતાં જે એકરૂપપણાને છોડતો નથી),...**' આહા..હા..! ચોથો બોલ થયો. '**अतुल अलोकं**' '**અતુલ (-ઉપમારહિત) જેનો પ્રકાશ છે (કારણ કે જ્ઞાનપ્રકાશને સૂર્યાદિકના પ્રકાશની ઉપમા આપી શકાતી નથી),...**' ચૈતન્યના પ્રકાશને સૂર્યના પ્રકાશની પણ ઉપમા આપી શકાતી નથી, એવો એ ચૈતન્યના પ્રકાશનો નૂર અંદર પ્રભુ છે. આહા..હા..! કોઈ દિ' સામું જોયું નથી, માન્યું નથી. આહા..હા..! બહારની આ વ્રત ને તપ ને ભક્તિ ને જાત્રા ને પૂજા એ રાગની ક્રિયામાં પડ્યો, મથ્યો. એને લઈને અંદર આત્મા આનંદ છે એને જોવા નવરો થયો નથી, આહા..હા..! એથી એને આત્મા પમાતો નથી. રાગને પામે અને રાગથી ચાર ગતિમાં રખડે. આહા..હા..! પુણ્યાદિ હોય તો વળી સ્વર્ગમાં (જાય) કાં ધૂળનો શેઠ થાય, પાપ હોય તો નરક અને ઢોરમાં જાય, પણ રાગથી એને સંસાર ટળે એ વાત છે નહિ. આહા..હા..! એ આત્મા નિત્ય એકરૂપ અનંત આનંદનો અતુલ જેના પ્રકાશની તુલના નથી.

'**स्वभाव-प्रभा-प्राग्भारं**' એ પાંચમો બોલ. શું કહે છે? '**સ્વભાવપ્રભાનો પુંજ છે (અર્થાત્ ચૈતન્યપ્રકાશના સમૂહરૂપ છે),...**' આહા..હા..! આત્મદ્રવ્ય વસ્તુ એવી છે કે ચૈતન્યપ્રકાશના પ્રભાનો સમૂહ છે. સૂર્ય જેમ પ્રકાશનો સમૂહ છે એમ આ ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશનો સમૂહ છે. આહા..હા..! એમાં રાગ ને પુણ્ય ને દયા, દાનના વિકલ્પની ગંધ નથી. એ તો બધો અંધકાર છે. આહા..હા..! એવો જે ભગવાન અંદર આત્મા એને એ રાગના પ્રેમીઓ, વ્યવહારના રસીલાઓ પામી શકતા નથી. સમજાણું કાંઈ? આકરી વાતું, બાપુ! વીતરાગનો માર્ગ બહુ ઝીણો, ભાઈ! દુનિયા સાથે મેળ કરવા જાય તો મળે નહિ. આહા..હા..!

'**અમલ છે...**' છઠ્ઠો બોલ. નિર્મળ છે. પુણ્ય અને પાપના રાગના વિકારથી પ્રભુ અંદર ભિન્ન છે. કેમકે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુણ્ય. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગના ભાવ પાપ અને પુણ્ય-પાપથી ભિન્ન આત્મતત્ત્વ, નવ તત્ત્વમાં તો એ પુણ્ય-પાપના તત્ત્વથી ભિન્ન છે. નવ તત્ત્વ છે કે નહિ? આહા..હા..! તો એ ચૈતન્યનું નૂર-પૂર પ્રકાશ એ તો પુણ્ય-પાપના વિકારના અંધકારથી ભિન્ન છે. આહા..હા..! આવો આત્મા જેની દૃષ્ટિમાં-અનુભવમાં ન આવે એને ધર્મ ન થાય અને મોક્ષ ન થાય. આવી વાતું છે. એ કરોડો-અબજોના દાન

કરે, કરોડો મંદિરો બનાવે, કરોડો મંદિરની પૂજાઓ (કરે) એ બધી રાગની ક્રિયા, રાગમાં રોકાણા, ચૈતન્યને જોયો નહિ એણે. આહા..હા..!

અહીં પરમાત્માનું એ ફરમાન છે કે રાગના રસીલાઓ રાગરહિત સ્વભાવને જોતા નથી, અંતર્મુખમાં દૃષ્ટિ કરતા નથી. બહિર્મુખ રાગના પ્રેમમાં પડ્યા, વ્યભિચારમાં પડ્યા. આહા..હા..! આકરી વાતું છે. એ વ્રતના પરિણામ, તપના, અપવાસના પરિણામ એ બધા રાગ છે. ભક્તિના અને જાત્રાના, સમ્મેદશિખરની પૂજા, જાત્રા એ બધો ભાવ રાગ છે, વિકલ્પ છે, બાપુ! તને ખબર નથી. આહા..હા..! એવી રાગની ક્રિયાઓ તો અનંતવાર કરી છે. એ રાગ જેના સ્વરૂપમાં નથી એવો એ ભગવાન છે. કેમકે રાગ નીકળી જાય છે. સિદ્ધ થતાં રાગ નીકળી જાય એટલે એની ચીજ નથી. આહા..હા..! એ પર છે તેને પોતાનો મોક્ષનો માર્ગ માની અને રોકાઈ ગયા ત્યાં. આત્મા અંદર કોણ છે એને ભગવાન કહે છે એણે જોયો નહિ, સાંભળ્યો નહિ. આહા..હા..! જિંદગીયું મજૂરીની પેઠે મજૂર. મોટા કરોડોપતિ અને અબજોપતિ એ બધા રાગના મજૂર. શાંતિભાઈ! આવી વાતું છે બાપા અહીં તો. આહા..હા..! વીતરાગ જિનેશ્વરદેવનો માર્ગ ક્યાંય દુનિયામાં નથી. એના વાડાવાળાને ખબર નથી તો બીજે તો ક્યાં હોય? આહા..હા..!

પ્રભુ! તું કોણ છો? એ કહે છે, અમલ (છે). એ તો નિર્મળાનંદ પ્રભુ છે. આહા..હા..! જેને દયા, દાન, વ્રતના, પરિણામની રાગની મલિનતા એના સ્વરૂપમાં નથી. આહા..હા..! એવા આત્માને રાગ વ્યવહારના પ્રેમીઓ આવા આત્માને પામતા નથી, એને સમ્યગ્દર્શન થતું નથી. આહા..હા..! એ બહારની પ્રવૃત્તિમાં પડ્યા અને હરખમાં હોંશીડા હરખના હોંશીડા ત્યાં રોકાઈ ગયા, પણ પ્રભુ આનંદનો નાથ છે તેને જોવા, જાણવા, માનવા વખત લીધો નહિ. આહા..હા..! કહો, શેઠ આ તો સાદી ભાષા છે. આહા..હા..! ભાષા સાદી, ભાવ તો ભલે જે હોય એ. આહા..હા..! શું થાય?

એ કહે છે, '**અમલ છે (અર્થાત્ રાગાદિ-વિકારરૂપી મળથી રહિત છે).**' એ કળશ થયો પૂરો લ્યો. '**(આ રીતે, જેઓ દ્રવ્યલિંગમાં મમત્વ કરે છે...**' 'જેઓ એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ રાગ છે અને એ મને મોક્ષનું કારણ છે' એમ જે મિથ્યાદૃષ્ટિ મમતા કરે છે તેને આત્મા પ્રાપ્ત થતો નથી, તેને ધર્મ થતો નથી. આહા..હા..! આવો પંથ! છે? '**તેમને નિશ્ચય-કારણસમયસારનો અનુભવ નથી; તો પછી તેમને કાર્યસમયસારની પ્રાપ્તિ ક્યાંથી થાય?)**' એ ગાથા કહે છે.

पासंडीलिंगेसु व गिहिलिंगेसु व बहुप्पयारेसु।
कुव्वंति जे ममत्तिं तेहिं ण णादं समयसारं।।४१३।।

**બહુવિધના મુનિલિંગમાં અથવા ગૃહીલિંગો વિષે,**
**મમતા કરે, તેણે નથી જાણ્યો 'સમયના સાર'ને. ૪૧૩.**

થોડું છે. છ મિનિટ. હિન્દી લોકોનું છ મિનિટ લઈએ. કારણ કે ઓલું પૂરું થયુંને? શું

કહે છે સાંભળો. '**જેઓ ખરેખર હું શ્રમણ છું,...**' જે કાંઈ પંચમહાવ્રતની ક્રિયા પાળે, અઠ્યાવીશ મૂળગુણ પાળે અને એમ માને કે હું શ્રમણ છું, સાધુ છું. '**હું શ્રમણોપાસક (-શ્રાવક) છું...**' અને શ્રાવક પંચમહાવ્રત બાર વ્રતના વિકલ્પ કરે, ભક્તિ, પૂજા આદિ કરે અને માને કે હું શ્રાવક છું, હું ધર્મી સમકિતી છું. છે? '**શ્રમણોપાસક...**' '**એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે...**' એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ રાગની ક્રિયામાં, જે રાગની ક્રિયામાં મમત્વ કરે છે તે મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! આકરી વાતું, ભગવાન! વીતરાગનો માર્ગ વીતરાગ ભાવથી ઉત્પન્ન થાય, રાગથી ઉત્પન્ન થતો નથી. છે? '**ખરેખર હું શ્રમણ છું,...**' પંચમહાવ્રતના પરિણામ ચોખ્ખા પાળે, તોપણ એ રાગ છે, એ કાંઈ ધર્મ નથી. એમાં મમકાર કરે છે કે અમે સાધુ છીએ, અમે સાધુ છીએ. મિથ્યાદષ્ટિ છે. એમ શ્રાવક નામ ધરાવીને બાર વ્રત પાળે, ભક્તિ કરે, પૂજા કરે, દાન કરે, એવા રાગની ક્રિયા કરે અને માને કે અમે શ્રાવક છીએ, તો એને આત્માની દષ્ટિની ખબર નથી. એને આત્મા શું ચીજ છે એની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ કામ આકરું. લોકોને બહારમાંથી આમ થાય. આહા..હા..! શું કર્યું જાણે! અત્યારે આ કારતક સુદ પૂનમ. કેટલા માણસો જાત્રામાં ભેગા થયા હશે. જાણે અમે ધર્મ કર્યો. આહા..હા..! એ તો એક રાગની મંદતા કરી હોય તો શુભભાવ છે અને એમાં ધર્મ માન્યો છે તો મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! આવો માર્ગ છે. છે?

'**મિથ્યા અહંકાર કરે છે,...**' એટલે જૂઠો અહંકાર કરે છે. આહા..હા..! હું શ્રાવક છું. પણ શ્રાવક કોને કહેવો? સહજ વસ્તુનું ભગવાને કહ્યું તેનું શ્રવણ કરી અને વિકલ્પનો દયા, દાન, વ્રતનો વિકલ્પ છે એનાથી ભિન્ન થઈને વિવેક કરી, શ્રવણ કરીને વિવેક કરીને અંદરમાં રમવું. શ્રાવક-કરવું. રાગથી ભિન્ન થવું એનું નામ શ્રાવક છે. આ તો સાવજ છે. આહા..હા..! રાગને પોતાનો માને છે અને રાગરહિત ભગવાન આત્મા અંદર પડ્યો જ્ઞાયક તત્ત્વને માનતા-જાણતા નથી, એ તો આત્માની શાંતિનું ખૂન કરે છે. આહા..હા..! આવી વાતું છે. છે? '**મિથ્યા અહંકાર કરે છે, તેઓ અનાદિરૂઢ...**' એ વ્યવહારની ક્રિયા તો અનાદિની ચાલી આવે છે એમ કહે છે. અનંતવાર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અનંતવાર કરી છે, એ કાંઈ નવી ચીજ નથી. પંડિતજી! નિગોદમાં પણ ભગવાન તો એમ કહે છે, નિગોદ-નિગોદ, ડુંગળી, લસણ એમાં પણ શુભ અને અશુભભાવ નિરંતર થયા કરે છે. ભગવાન પરમાત્માના આગમમાં લેખ છે કે એકેન્દ્રિય જીવ નિગોદ એને પણ ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ, ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ.. શુભ-અશુભ ધારા કર્મની એને પણ થાય છે, એ કોઈ નવી ચીજ નથી. આહા..હા..! ભગવાનજીભાઈ! આહા..હા..! અહીં તો એટલા ઠેકાણા ન મળે. આખો દિ' આ અશુભભાવ, એમાંથી થોડાક કલાક બે કલાક—જાત્રા, ભક્તિ, શ્રવણ કરે શુભભાવ હોય (તો) માની લે કે ધર્મ થઈ ગયો. આહા..હા..!

અહીં કહે છે, '**વ્યવહારમાં મૂઢ વર્તતા થકા...**' અનાદિ કાળથી વ્યવહારમાં મૂઢ વર્તતા થકા. આહા..હા..! એ વ્યવહારની દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં મૂઢ વર્તતા થકા. એ ચીજ રાગ છે, મારી ચીજ અંદર ભિન્ન છે એનું ભાન નથી, તેને અહીંયાં મૂઢ કહે છે. આહા..હા..! ચાહે તો દિગંબર સાધુ હોય, પણ પંચમહાવ્રતના પરિણામ એ રાગ છે, એનાથી મને કલ્યાણ થશે એ મૂઢ છે. આહા..હા..! આવી વાતું બાપુ છે આકરી. જૈન પરમેશ્વરનો માર્ગ કાંઈ દુનિયાથી ભિન્ન છે. આહા..હા..! સાંભળવા મળે નહિ, કરે કે દિ'? જિંદગી ચાલી જાય છે એમને એમ. આહા..હા..! '**વ્યવહારમાં મૂઢ...**' કેવા છે? અનાદિરૂઢ. એ તો વ્યવહાર મૂઢ તો અનાદિની વાત છે કહે છે. અનાદિથી ક્રિયા છે એ. શુભ અને અશુભ, શુભ અને અશુભ અનાદિથી કર્યા છે, એ કોઈ નવી ચીજ નથી. આહા..હા..! શુભ અને અશુભના રાગથી ભગવાન આત્મા ભિન્ન, એના અંતરમાં દૃષ્ટિ અને જ્ઞાન નહિ, એને ધર્મનું કારણ નહિ, એને ધર્મ નથી, એને સંસાર બંધનું કારણ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૨, રવિવાર, તા. ૨૭-૧૧-૧૯૭૭, ગાથા-૪૧૩, પ્રવચન નં. ૫૨૨

સમયસાર, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર, ૪૧૩. બહુ તત્ત્વની દૃષ્ટિનો વિષય છે એકદમ. આહા..હા..! ૪૧૩ ગાથામાં ઘણું રહસ્ય ભરેલું તત્ત્વ છે. કહે છે કે '**જેઓ ખરેખર...**' 'હું સાધું છું' એમ પંચમહાવ્રત આદિની ક્રિયા કરીને, અઠ્યાવીશ મૂળગુણ આદિ રાગની ક્રિયા (કરીને) 'હું સાધુ છું' એમ માને છે એ વસ્તુના સ્વભાવથી વિરુદ્ધ છે. આહા..હા..! મહાવ્રત પાળે છે, શ્રાવક બાર વ્રત પાળે અને શ્રાવક દેવદર્શન આદિ હમેંશા છ પ્રકાર (કરે). છ આવે આવશ્યક છેને. દેવદર્શન, ગુરુ પૂજા, સેવા, દાન, તપ એ હંમેશા કરે, પણ એ બધો શુભરાગ છે. એ શુભરાગમાં 'હું શ્રાવક છું' અને પંચમહાવ્રતની ક્રિયા કરતા 'હું મુનિ છું' એમ જે ખરેખર માને છે. '**એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે...**' આહા..હા..! એ તો પંચમહાવ્રત ને બાર વ્રત ને ક્રિયાકાંડનો ભાવ રાગ છે, એ દ્રવ્યલિંગ છે, એ આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..! આવી વાત છે.

'**દ્રવ્યલિંગમાં મમકાર વડે...**' એ ક્રિયા મારી મુનિની છે, એ ક્રિયા મારી શ્રાવકની છે એમ મમકાર વડે '**અહંકાર કરે છે,...**' આહા..હા..! કહો હવે દુકાન, ધંધો છોડ્યો હોય, બાયડી-છોકરા છોડ્યા હોય, નગ્નપણું અંગીકાર કર્યું હોય, પંચમહાવ્રતના પરિણામ જોવે એવા

નિરતિચાર હોય. આહા..હા..! એને માટે ચોકા-આહાર કરીને લે નહિ, એષણા સમિતિમાં પણ એની નિર્દોષ ક્રિયા ૪૨ દોષ રહિત આહારની ક્રિયા હોય એ બધી ક્રિયાઓ રાગની છે. આહા..હા..! એ રાગની ક્રિયામાં 'હું સાધુ છું' અને 'હું શ્રાવક છું' એમ મમકાર વડે, એ ક્રિયા મારી છે અને એને લઈને હું સાધુ અને શ્રાવક છું. આહા..હા..! એ '**વડે અહંકાર કરે છે,...**' એવી રાગની ક્રિયામાં પોતાપણું માને છે. ઝીણી વાતું બહુ. નિર્દોષ ક્રિયા હોય એની પંચમહાવ્રતની. એને માટે આહાર કરીને લે નહિ, એષણા સમિતિથી નિર્દોષ આહાર લે, ઈર્યા સમિતિથી જોઈને ચાલે, વ્યવહારથી વિચારીને બોલવાનો ભાવ હોય, અદત્ત લે નહિ કોઈનું ચોરીને અને બ્રહ્મચર્ય શરીર વડે બરાબર મન વડે, વચન વડે પાળે. આહા..હા..! અને પરિગ્રહમાં વસ્ત્રનો કટકો પણ ન હોય એવી પંચમહાવ્રતની ક્રિયા છે એમાં મમકાર કરે છે કે 'આ હું સાધુ.' ચંદુભાઈ! આ તો વાડામાં પડ્યા કોઈ દિ' સાંભળ્યું નથી ત્યાં અંદર. દિગંબર છીએ, અમે દિગંબર છીએ. કેમ ચંદુભાઈ! આ તો એક દાખલો. સૌના માટે છે. આહા..હા..! બાપુ! દિગંબરપણું એ કોઈ અલૌકિક ચીજ છે.

અહીંયાં તો કહે છે કે એવી ક્રિયાઓ કરે અને અહંકાર કરે એ સાધુપણું છે, એ શ્રાવકપણું છે તો એ મૂઢ જીવ છે. આહા..હા..! એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. હવે હજારો રાણી છોડી હોય, કરોડોની પેદાશુ દુકાન મૂકી હોય, બાયડી, છોકરા મોટા રઝળતા મૂકીને દીક્ષા લે અને પંચમહાવ્રતના ભાવ ચોખ્ખા શુભભાવ નિરતિચાર હોય, પણ એ મારું કર્તવ્ય છે અને હું શ્રાવક અને મુનિ એને લઈને છું, એ મમકાર-અહંકાર કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે કહે છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! અત્યારે તો રાડુ પાડે છે માણસ. હજી પંચમહાવ્રત જોઈએ તેના ઠેકાણા નથી અને એમ કે સાધુ અમને કેમ માનતા નથી? ભાઈ! બાપુ! પ્રભુ! મારગડા જુદાં, ભાઈ!

અહીંયાં એ કહે છે, '**તેઓ અનાદિરૂઢ...**' એ તો અનાદિની ક્રિયાઓ કરતો આવે છે, એ કાંઈ નવી નથી કહે છે. આહા..હા..! અશુભભાવ છોડીને શુભભાવમાં અનંતવાર આવ્યો. નવમી ગ્રૈવેયક ગયો જ્યારે.. આહા..હા..! 'મુનિવ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો,' પણ રાગની ક્રિયાને એણે મુનિપણું માન્યું. આહા..હા..! એ અનાદિરૂઢ. છે? '**(અનાદિ કાળથી ચાલ્યા આવેલો)...**' એ કાંઈ નવી ચીજ નથી કહે છે. જેમ અશુભભાવ અનાદિકાળથી ચાલ્યો આવે છે, એમ આવી શુભક્રિયાનો ભાવ પણ અનાદિકાળથી ચાલ્યો આવે છે, અનંતવાર એવું કર્યું છે. આહા..હા..! ઝીણું બહુ માણસને લાગે. આ સોનગઢનું છે એમ છે? આ છે કોનું આમાં? આહા..હા..! ભાઈ! તને ખબર નથી. આ હિતના પંથની વાતું છે. એ વ્યવહાર ક્રિયાકાંડમાં હિત માને છે અને એમાં ધર્મ માને છે, એમાં મુનિપણું માને છે એ અનાદિરૂઢ વ્યવહારમાં મૂઢ છે. છે શબ્દ? ગાથા બહુ ઊંચી છે. રવિવારે બરાબર ભાવનગરવાળા આવે છેને. સવારે ઠીક હતું. આહા..હા..! અમારે પ્રવિણભાઈ ને એ બધા આવે છેને. સૌ

સાંભળે છે. આહા..હા..!

ભગવાન! તારું સ્વરૂપ તો રાગથી રહિત, રાગની ક્રિયાથી રહિત અનાકુળ શાંતરસનો કંદ પ્રભુ છે, એ શાંતિને સ્પર્શતો નથી જ્ઞાયક ચૈતન્યરસ, જ્ઞાયક ચૈતન્યરસ એને એ સ્પર્શતો નથી અને આ રાગની ક્રિયામાં મુનિપણું માને છે એ અનાદિરૂઢ વ્યવહારમાં મૂઢ છે. છે? ગાથા બહુ સારી આવી છે આ. આહા..હા..! '**અનાદિરૂઢ (અનાદિ કાળથી ચાલ્યો આવેલો)**...' એવો શુભભાવ તો અનંતવાર કર્યો છે અને એને લઈને એવો જે શુભભાવ, જેનાથી નવમી ગ્રૈવેયક મળે એવો શુભભાવ તો અત્યારે છે પણ નહિ. આહા..હા..! એવો શુભભાવ પણ અનાદિકાળથી રૂઢપણે ચાલ્યો આવે છે કહે છે. આહા..હા..! કેમકે નિગોદના જીવ જે છે, ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર એમના જ્ઞાનમાં ભગવાને જોયું કે લસણની એક રાઈ જેટલી કટકી લ્યો, લસણ, લસણ કે ડુંગળી, બટાટા અત્યારે બહુ તકરારમાં છે, નથી બોલતા. બટાટામાં તકરાર છે ચર્ચામાં. કોઈ કહે છે કે એ પ્રત્યેક છે અને કોઈ કહે છે સાધારણ છે. એટલે નામ નથી લીધું. ઉપર ઉગે છેને એટલે પ્રત્યેક છે એમ કહે છે હવે. અત્યાર સુધી તો આપણે અનંતકાય માનીએ છીએ. આહા..હા..! એવી ચર્ચા ચાલી છે. પણ આ લસણ, ડુંગળા, આ મૂળા કંદ, ધોળા કંદ હોય છેને ધોળો ભાગ, એની એક રાય જેટલી કટકી અસંખ્ય તો શરીર છે અને એક શરીરમાં અનંત જીવ. પ્રત્યેક જીવમાં વીતરાગ પરમેશ્વરના જ્ઞાનમાં જોયું કે એને પણ ક્ષણમાં શુભ-અશુભ, શુભ-અશુભ આવ્યા જ કરે છે. આહા..હા..! એને પણ શુભભાવ થાય છે. જ્યાં પાંચ ઇન્દ્રિય નથી, મન નથી, એક સ્પર્શ ઇન્દ્રિય છે. મન નથી, કોઈ દાન દેવાનો પ્રસંગ નથી, કોઈ શાસ્ત્ર વાંચન કરવું, સાંભળવું કે પરની દયા પાળવી એવો પ્રસંગ જ્યાં નથી એને પણ, વીતરાગ પરમાત્મા કહે છે કે એને પણ શુભભાવ ક્ષણમાં, બીજે ક્ષણે અશુભ, ત્રીજે ક્ષણે શુભ એવું થયા જ કરે છે. કર્મધારા એને વહે છે. આહા..હા..! એ કહે છે કે એ તો અનાદિરૂઢનો વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શરીરના ભરોસા (નથી). ઘડીકમાં શરીર ફરી જાય છે, ઘડીકમાં પક્ષઘાત થઈ જાય. આહા..હા..! ગળાના કેન્સર થાય, છાતીના કેન્સર થાય. આહા..હા..! અને રાગનું પોતાપણું માને એને અંતરનું કેન્સર છે. જયસુખભાઈ! આહા..! એને પક્ષઘાત થઈ ગયો છે. ચૈતન્યનો આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એના પક્ષમાં ન જતા રાગના પક્ષમાં આવીને ચૈતન્યના પક્ષનો એણે ઘાત કર્યો છે. આહા..હા..! અરે! એની કિંમત જ એની મહિમા જ આવતી નથી. એ તે કોણ છે અંદર? જેના તળિયામાં અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન ભર્યા છે, જેના પાતાળ કૂવામાં જેમ પાણી હોય, એમ જેના ધ્રુવમાં પર્યાયની પાછળ એક સમયના ઉત્પાદ-વ્યય પાછળ એની સમીપમાં ધ્રુવપણું જે પડ્યું છે એ અનંત અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય શાંતિ... શાંતિ... શાંતિ... એને સ્પર્શતો નથી, તેને અડતો

નથી, તેને અનુભવતો નથી; અને આ ક્રિયાકાંડની દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવમાં અનાદિરૂઢ જે અનાદિથી ચાલ્યો આવેલો વ્યવહાર... છે? એમાં મૂઢ થયો મોહી. '**મૂઢ વર્તતા થકા...**' આહા..હા..! એમ કેમ કહ્યું? એ કર્મના જોરે વર્તે છે એમ નહિ કે કર્મનું એને જોર છે માટે વ્યવહારમાં મૂઢપણે વર્તે છે. એની પોતાની ઊંધાઈને લઈને વર્તે છે. આહા..હા..!

અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનો સાગર એનાથી રાગની ક્રિયા મહાવ્રતની કે બાર વ્રતની આગમે કહેલી વ્યવહારક્રિયા એમાં જે મૂઢ છે. આહા..હા..! ચૈતન્યરત્નાકર ભગવાન અંદર અનંત ચૈતન્યના રત્નનો સાગર પ્રભુ છે એનો આશ્રય કરતો નથી, એનો વિશ્વાસ લાવતો નથી, એનું જ્ઞાન કરતો નથી અને તેથી તેમાં તે ઠરતો નથી અને આ રાગની ક્રિયામાં અનાદિરૂઢના વ્યવહારમાં મૂઢ થઈ ગયો. આહા..હા..! વાડીભાઈ! આવી વાત છે, બાપુ! ભાઈ! તું તારા સ્વભાવનો, વ્યવહારની ક્રિયાના પ્રેમમાં સ્વભાવનો અનાદર કરે છો. આહા..હા..!

મહાપ્રભુ અંદર બિરાજે છે. જેની એક એક શક્તિમાં પ્રભુત્વ ભર્યું છે, એવી અનંતી અનંતી સંખ્યાએ શક્તિનો પ્રભુત્વ એની પાછળ આ શુભભાવ તો રાંક-ભિખારી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અનાદિરૂઢ એટલે અનાદિથી ચાલ્યો આવે. રૂઢનો અર્થ એ છે. અનાદિથી એ તો શુભભાવ અનંતવાર કર્યો છે. નિયમસારમાં એક કળશ છે કે કથનમાત્ર, કહેવામાત્ર જે વ્યવહારરત્નત્રય એ તો અનંતવાર કર્યું છે. આત્માના અંતર જ્ઞાન અને સમ્યગ્દર્શન વિના સ્વરૂપના અનુભવ વિના, સ્વરૂપ એનો સ્વભાવ એનો આનંદ અને જ્ઞાન પ્રભુ, એના વેદન, આનંદના વેદન વિના તેં આવા રૂઢ વ્યવહાર અનંતવાર કર્યા છે. આહા..હા..! એ અનાદિરૂઢ વ્યવહારમાં મૂઢ છે.

'**(મોહી) વર્તતા થકા,...**' આહા..હા..! અત્યારે તો પ્રરૂપણા પણ એ ચાલે છે કે વ્રત ને તપ ને ભક્તિને કરો એમાંથી તમારું કલ્યાણ થશે. આહા..હા..! કહે છે કે એ તો અકલ્યાણનો રસ્તો છે. આહા..હા..! એને રાગની ક્રિયાથી ભગવાન ભિન્ન અંદર છે એવો ચૈતન્ય મહાસાગર એની એને ખબર પણ નથી અને આ વ્યવહારની ક્રિયામાં મૂઢ થઈને વર્તી રહ્યો છે. આહા..હા..! સંસારના પાપના પરિણામ તો ક્યાંય રહી ગયા. આહા..હા..! આખો દિ' પાપ, ધંધો, બાયડી, છોકરા, કુટુંબ એના પાલવવા પોષણ કરવા, એને રાખવા, એને ભણાવવા, એને ઠેકાણે પાડવા, ઠેકાણે પાડવા એટલે લગન-બગન કરીને, એમાં એનો બિચારાનો વખત પાપમાં જાય છે. આહા..હા..! એવા પાપના પરિણામથી તો દુર્ગતિ મળે. આહા..હા..! આવા શુભ પરિણામથી પણ સ્વર્ગાદિ મળે, પણ ધર્મ નહિ અને આત્માના ભવનો અભાવ ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેઓ અનાદિરૂઢ વ્યવહારમાં મૂઢ (મોહી) વર્તતા થકા,...**' મિથ્યાત્વભાવમાં વર્તતા, એ મારું કલ્યાણ કરશે, એ ક્રિયા મોક્ષના માર્ગની છે. આહા..હા..! મોટો આ વાંધો અત્યારે છે સત્ય સિદ્ધાંતની સામે. આ અમે કરીએ છીએને, વ્રત પાળીએ છીએ, મહાવ્રત પાળીએ

છીએ, શરીરથી બ્રહ્મચર્ય પાળીએ છીએ, સ્ત્રીનો વિષય છોડી દીધો છે. આહા..હા..! બાપુ! પણ અભિપ્રાયમાં 'રાગ મારો છે' ત્યાં મિથ્યાત્વ છે, ત્યાં કાંઈ છોડ્યું નથી એણે. આહા..હા..! જે અનંત સંસારનું મૂળિયું એ તો મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વના મૂળને તો નાશ કર્યું નથી અને અમે આ બાયડી છોડ્યા, છોકરા છોડ્યા, દુકાન છોડી, ધંધા છોડ્યા, અમે મુનિ થયા છીએ, બાપુ! વ્યવહારમાં મૂંઝાઈ ગયો પ્રભુ તું. ઓલો વ્યવહાર પાપનો હતો, આ પુણ્યનો. આકરી વાત છે, ભાઈ! પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથનો પંથ કોઈ અલૌકિક! જગતમાં ક્યાંય છે નહિ. એવી વાત પરમેશ્વર સિવાય ક્યાંય સાંભળવા મળે નહિ. આહા..હા..! એના પંથમાં જન્મેલાને પણ મળે નહિ સાંભળવી. આહા..હા..! કહે છે કે એ અનાદિરૂઢ મૂઢ થઈ ગયો છે. એવો વ્યવહાર તો અનંતવાર થઈ ગયો, એ રૂઢ વ્યવહાર છે એ કાંઈ નવો નથી. આહા..હા..! શ્લોક બહુ ઊંચો છે. આહા..હા..!

**'અનાદિરૂઢ (અનાદિ કાળથી ચાલ્યા આવેલા)...'** શું? **'વ્યવહારમાં મૂઢ વર્તતા થકા,...'** આહા..હા..! એક વ્યવહારની ક્રિયાઓ અમને મોક્ષ કરશે, એ અમારું મુનિપણું છે એમ જે મૂઢ થઈને પડ્યા છે. આહા..હા..! એક વાત. બીજી વાત હવે. **'પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય પર અનારૂઢ વર્તતા થકા,...'** શું કહે છે? એ રાગની ક્રિયાથી પ્રૌઢ વિવેક (અર્થાત્) ભિન્ન પાડવાની ક્રિયા. આહા..હા..! એ રાગના વિકલ્પથી ભિન્ન પ્રૌઢ. આહા..હા..! ઓલો અનાદિરૂઢ, આ પ્રૌઢ. અંતરના રાગના પરિણામથી ભિન્ન પાડીને નિશ્ચયમાં અનારૂઢ છે. રાગની ક્રિયાથી ભિન્ન પાડીને જે સ્વરૂપ શુદ્ધ છે તેમાં અનારૂઢ છે, રાગમાં એ આરૂઢ છે. આહા..હા..! રાગને ઘોડે ચડ્યો છે એ, પણ ભગવાન અંદર રાગથી ભિન્ન છે... પ્રૌઢ વિવેક, મહાવિવેક. આહા..હા..! ભેદજ્ઞાન. એ રાગની ક્રિયાથી ભિન્ન ભગવાન આત્મા તેમાં અનાદિથી અનારૂઢ છે, આરૂઢ છે નહિ. આહા..હા..! રાગને ઘોડે ચડ્યો, રખડી મર્યો. શુભભાવ... આહા..હા..!

મરતા પીડાનો પાર ન હોય, પૈસાના ઢગલા હોય, બાયડી-છોકરા ઉભા કલબલ કરતા હોય. આહા..હા..! શું શરણ? શું શરણ છે? એ શુભભાવ કર્યો તો એનાથી પુણ્ય બંધાણું રજકણો એમાં અત્યારે શરણ શું તને? સમજાણું કાંઈ? એ રાગથી ભિન્ન પાડીને આત્માનું જેણે જ્ઞાન અને અનુભવ કર્યો હશે એને મરતા શાંતિ ત્યાં થશે. આહા..હા..! બાકી મોઢા ફાટીને મરીને ચાલ્યા જવાના. એ કરોડોપતિ અને અબજોપતિ અહીં દેખાય, પણ સમયને આંતરે પશુમાં ચાલ્યા જાય. આહા..હા..! કેમકે માંસ ને દારૂ આદિના ખોરાક ન હોય, તેમ શુભભાવના આચરણ જે હંમેશા શુભભાવ બે-ચાર કલાક શ્રવણ કરવું, નિવૃત્તિ લેવી એવા શુભભાવના ઠેકાણા ન મળે. આહા..હા..! ચોવીસ કલાકમાં એકાદ કલાક સાંભળવા જઈએ એમાં (ઊંધું સાંભળવા મળે). આહા..હા..! ૨૩ કલાક તો પુષ્ટ પાપ માટે અને એક કલાક ઢીલા-ઢીલા જેવો શુભભાવ. આહા..હા..!

અહીં કહે છે કે એ શુભભાવમાં અનાદિથી આવ્યો, પણ શુભભાવથી ભિન્ન શુદ્ધ સ્વરૂપ

ચૈતન્ય છે, વીતરાગમૂર્તિ પ્રભુ અંદર છે એમાં અનારૂઢ છે. વ્યવહારમાં રાગમાં આરૂઢ છે, અનાદિરૂઢ-આરૂઢ અને એનાથી ભિન્ન ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ. આહા..હા..! જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યરસથી ભરેલો, આનંદરસથી ભરેલો, પ્રભુત્વ અને ઈશ્વરશક્તિની અનંત શક્તિઓના ભંડારથી ભરેલો. આહા..હા..! એના ઉપર અનારૂઢ છે, એના ઉપર આરૂઢ છે નહિ. વ્યવહારના આરૂઢમાં નિશ્ચયમાં અનારૂઢ છે. આહા..હા..! આવું સાંભળવું મુશ્કેલ પડે એવી વાતું એને. આહા..હા..! એ શુભભાવની પંચમહાવ્રતની ક્રિયા મન, વચન, કાયાથી નિર્દોષ કરતો હોય તોપણ તે રાગ અને વિકાર છે, એ મુનિપણું નહિ, એ શ્રાવકપણું નહિ, એ સમકિતપણું નહિ. આહા..હા..!

એ કહે છે '**પ્રૌઢ વિવેક...**' પ્રૌઢ વિવેક. મહા પુરુષાર્થથી થતો રાગથી ભિન્ન એવો વિવેક. આહા..હા..! અંદર જ્ઞાયકભાવ જે પૂર્ણ ભરેલો (છે) એ રાગથી ભિન્ન પાડીને પ્રૌઢ એવો નિશ્ચય, વિવેક એટલે ભેદજ્ઞાન, એવો '**(-નિશ્ચયનય) પર અનારૂઢ...**' છેને નીચે? '**નહિ આરૂઢ; નહિ ચડેલા.**' જ્ઞાનાનંદ સ્વભાવ ઉપર નહિ ચડેલો અને વ્યવહારના રાગના ઘોડે ચડી ગયો. આવી વાતું છે. લોકો પછી એમ કહેને, સોનગઢવાળા એકલો નિશ્ચયને માને. બેયને માને, બાપુ! તને ખબર નથી. બે નય છે, બેયનો વિષય છે. નિશ્ચય છે એ સ્વભાવને આશ્રયે થાય છે અને તેમાં જેટલી હજી કચાશ છે એને વ્યવહાર આવે છે. વ્યવહાર આવે છે અને વ્યવહાર તરીકે એને શ્રદ્ધવો જોઈએ, છે એમ, પણ એનાથી કલ્યાણ થાય એ વાત નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ હવે. ઓલો કહે વ્રત પાળવા, દયા પાળવી, લીલોતરી ન ખાવી, કંદમૂળ ન ખાવા, અપવાસ કરવો, ઉણોદરી કરવી, દૂધ-દહીં રસ છોડવા સહેલુંસટ લાગે, લ્યો! આહા..હા..! બાપુ! એ તો ક્રિયા રાગની બહુ સ્થૂળ. આ તો પંચમહાવ્રતની ક્રિયા. આહા..હા..! જેમાં શુભરાગ શુક્લલેશ્યા એવો જેનો શુભરાગ. આહા..હા..! શુક્લલેશ્યા હોં! શુક્લધ્યાન નહિ. શુક્લલેશ્યા એવો શુભભાવ તો અભવિને પણ હોય છે અને ભવિએ પણ અનાદિથી કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે... આહા..હા..! અનાદિથી ભગવાન આનંદ અને જ્ઞાતા-દૃષ્ટા સ્વરૂપ આ ચૈતન્ય પ્રભુ... આહા..હા..! એના પ્રત્યે તો અનારૂઢ છે અને રાગ પ્રત્યે આરૂઢ છે. આહા..હા..! ધર્મીને આત્મજ્ઞાન અને શુદ્ધ ચૈતન્યનું ભાન હોવા છતાં, આત્માના આનંદનો સ્વાદ આવ્યા છતાં એને પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી એને રાગ હોય છે. એણે રાગને વ્યવહાર તરીકે માનવો જોઈએ, પણ એ રાગથી કલ્યાણ થાય એ માનવું છોડી દેવું જોઈએ. સમજાણું કાંઈ? એ આપણે આવી ગયું છે, વ્યવહાર મોક્ષમાર્ગમાં સ્થપાયેલા, વ્યવહાર મોક્ષમાર્ગ છે એમ વ્યવહારનય સ્થાપે છે, પણ એ બંધનું કારણ છે. વ્યવહાર મોક્ષમાર્ગમાં સ્થાપેલા. વીતરાગની વાણીમાં પણ નિશ્ચય સ્વભાવનો આશ્રય લઈને નિશ્ચય સમ્યગ્દર્શન—જ્ઞાન થાય એને પણ રાગનો શુભરાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા એવો ભાવ આવે એને માનવો જોઈએ, છે એમ, પણ એનાથી કલ્યાણ થાય એ માન્યતા છોડી દેવી જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ?

તો અહીંયાં કહે છે કે અનાદિનો અજ્ઞાની એ મહાવ્રત ને ભક્તિ ને પૂજા દાન, દયા... આહા..હા..! એવા ભાવને વ્યવહારમાં મૂઢ થઈ ગયો છે ઈ. પણ એ વ્યવહારથી ભિન્ન ભગવાન અંદર છે એવું પ્રૌઢ ભેદજ્ઞાન. વિવેક છેને? રાગથી ભિન્ન પડીને પ્રૌઢ ભેદજ્ઞાન એનામાં અનારૂઢ છે. આહા..હા..! આવી વાતું છે. વ્યવહારમાં આરૂઢ છે અને રાગથી ભિન્ન પાડીને નિશ્ચય પ્રત્યે અનારૂઢ છે. બે શબ્દ લીધા. આહા..હા..! વ્યવહાર, સમકિતીને પણ હોય છે, પણ એમાં આરૂઢ નથી. આહા..હા..! એને જાણે છે કે છે એટલું બસ. આરૂઢ તો જ્ઞાનાનંદ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા પૂર્ણાનંદનો નાથ એનામાં આરૂઢ છે, વ્યવહાર આવે તેમાં આરૂઢ નથી, તેનો તે જાણનાર અને દેખનાર છે, 'છે' એમ જાણે-દેખે છે બસ. આહા..હા..! સમજાણું કાંઈ?

બે બોલમાં સમાડી દીધું. એક તો વ્યવહાર છે અનાદિનો રૂઢ છે. એવા પંચમહાવ્રતના પરિણામ અને શુક્લલેશ્યા એ તો અનાદિથી કરતો આવે (છે), એ કોઈ નવી ચીજ નથી. આહા..હા..! કેમકે એવા પંચમહાવ્રતના પરિણામ પણ, મુનિપણું પણ અનંતવાર લીધું છે. તેથી તેને અનાદિરૂઢ કહ્યો, અનાદિનો ચાલતો એવો વ્યવહાર કહ્યો અને તેનાથી ભિન્ન પાડીને જ્ઞાનાનંદ પ્રભુ આત્મા... આહા..હા..! એમાં આરૂઢ થવું જોઈએ તેને છોડીને તેનામાં અનારૂઢ વર્તતો થકો, અને વ્યવહારમાં આરૂઢ વર્તતો થકો, વ્યવહારમાં મૂઢ થયેલો. આહા..હા..! ધર્મીને વ્યવહાર આવે તો એને એ જાણે, મૂઢ નથી એ વ્યવહારમાં. રાગ હોય છે, ધર્મીને પણ શુભરાગ હોય છે, પણ એ એમાં મૂઢ નથી, જાણે છે કે આ પ્રમાણે શુભભાવની મર્યાદા ભૂમિકામાં છે, પણ એનાથી મારું કલ્યાણ થાય છે, એ ધર્મ છે અને ધર્મનું કારણ છે એમ માનતો નથી. આહા..હા..! આવી વાતું છે. એક તો સંસારના ધંધા, બાયડી, છોકરા, કુટુંબ એના ધ્યાન રાખવા, સંભાળ કરવી એમાં ઘણો વખત ચાલ્યો જાય બિચારાનો. આહા..હા..! કલાક, બે કલાક મળે એમાં સાંભળવા જાય ત્યાં કુગુરુ લૂંટી લે. એને બહારની ક્રિયાકાંડના વ્યવહારમાં ધર્મ મનાવી... આહા..હા..!

શ્રીમદ્ એમ કહે છે, શ્રીમદ્‌માં એમ આવે છે કે એક તો ૨૨-૨૩ કલાકમાં ૬-૭ કલાક ઉંઘ, ૨-૪ કલાક સ્ત્રી સાથે રમવામાં જાય, ૨-૩ કલાક ત્રણ વખત ખાવામાં અને ચા પીવામાં ત્રણ કલાક જાય, ૨-૩ કલાક છોકરાઓને રાજી રાખવા, એને પરણાવવા, એને કેળવણી દેવી, એને સારે ઠેકાણે પરણાવવા, દીકરીયુંને સારે ઠેકાણે નાખવી એના વિચારમાં જાય, આહા..હા..! એકાદ કલાક મળે ત્યાં સાંભળવા જાય ત્યાં લૂંટારા લૂંટે એને. એને કહે તમે નિવૃત્તિ લઈને આવ્યા છો, બાપુ! વ્રત પાળો છો, પૂજા, ભક્તિ કરો, દાન કરો છો લાખો-કરોડોના, તમારું કલ્યાણ થશે. શશીભાઈ! એમ લૂંટી નાખ્યા માણસને અને હોંશે લૂંટાણા. આહા..હા..! 'મહારાજ કહે છેને, મહારાજ કહે છેને.' અરે! પણ... આહા..હા..!

અહીં વીતરાગ પરમાત્માની વાણી એ સંતો પોતે આડતિયા થઈને એનો માલ જગતને

જાહેર કરે છે. આહા..હા..! ભાઈ! તારે માલ જોઈતો હોય તો માલ તો આત્મામાં છે. જેમાં આનંદ ને જ્ઞાન ને શાંતિ પડી છે, પ્રભુ! તું એકલી વ્યવહાર ક્રિયાકાંડમાં ધર્મ માનીને પડ્યો છો અને રાગથી વ્યવહારથી ભિન્ન ભગવાન આત્મા એમાં અનારૂઢ છો, એનો આશ્રય કર્યો નથી, પરિભ્રમણના કારણમાં પડ્યો છો પ્રભુ તું. આહા..હા..! શુભભાવ કરે તો બિચારો નિવૃત્તિ લઈ બાયડી-છોકરા છોડે, ધંધા-પાણી છોડે, અબજોની પેદાશું હોય એ મૂકી... આહા..હા..! ભાઈ! જેવો અશુભભાવ છે બંધનું કારણ એવો જ શુભભાવ બંધનું જ કારણ છે. અને પ્રવચનસારમાં તો ત્યાં સુધી કહ્યું કે શુભ અને અશુભભાવમાં જો કાંઈ તફાવત માને (તો એ) મહાસંસારમાં ડૂબેલા ઘોર સંસારમાં રખડવાના. એવો પાઠ છે. આહા..હા..! પુણ્ય અને પાપના બે ભાવમાં ફેર છે, પાપ કરતા પુણ્યમાં, એમાં કાંઈક મોક્ષના માર્ગની ગંધ છે કાંઈક એમાં, શુભભાવમાં પણ છે એમ જે માને છે એ ઘોર સંસારમાં રખડવાના છે કહે છે. આહા..હા..! આવી વાતું છે. પ્રવચનસારમાં છે. છેને શશીભાઈ! પ્રવચનસારમાં. કેમકે બેય સંસારના મૂળિયા છે. શુભ અને અશુભભાવ બેય સંસારના મૂળ છે, પ્રભુ! તને ખબર નથી. આહા..હા..! એ પરિભ્રમણના ભવના કારણો છે અને એ રાગની ક્રિયાથી ભિન્ન ભગવાન આત્મા જેને રાગથી પ્રૌઢ-વિવેક ભેદજ્ઞાન વર્તે છે તે તો નિશ્ચયમાં આરૂઢ છે અને તે વ્યવહાર આવે છે તેનો તે જાણનાર છે.

અજ્ઞાની વ્યવહારમાં મૂઢ થયેલો રાગથી ભિન્ન ભગવાન ઉપર અનારૂઢ રહેલો... આહા..હા..! આવો માર્ગ છે. આકરું લાગે શું થાય? સત્ય તો આ છે. આહા..હા..! અમે બાયડી છોડી, છોકરા છોડ્યા, બ્રહ્મચર્ય પાળ્યા જાવજીવના. એ શું થયું? ભાઈ! એ તો એક શુભરાગ છે. બ્રહ્મ તો આત્મા આનંદનો નાથ એમાં રમવું તે બ્રહ્મચર્ય છે. એ બ્રહ્મ નામ બ્રહ્માનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનું બ્રહ્મ સ્વરૂપ એમાં ચરવું, એમાં રમવું એ શુદ્ધતા અને તે બ્રહ્મચર્ય છે. શરીરની ક્રિયાથી બ્રહ્મચર્ય પાળ્યું એ તો એક શુભભાવ છે. આહા..હા..! આવી વાતું છે. હજી તો ધંધા આડે નવરો થાતો નથી. કોનું પણ કરવું? બાયડી પરણ્યો એનું કાંઈક કરવું કે નહિ? છોકરા થયા એને કાંઈક ઠેકાણે પાડવા કે નહિ? પોતે ઠેકાણે પડવું કે નહિ એ નહિ, પણ એને ઠેકાણે પાડવા કે નહિ? આ ૨૦-૨૦ વર્ષની, ૨૨ વર્ષની સાંઢડા જેવી દીકરીયું થાય એને ક્યાંક વરાવવી કે નહિ? નહિતર કાંઈકનું કાંઈક થઈ જશે. આહા..હા..! અપલખણે કાંઈક ચડી જશે તો મુશ્કેલ પડી જશે. આહા..હા..! આ ચિંતા અને આ ચિંતામાં રોકાય. જયસુખભાઈ! શુભભાવ કરવામાં પણ નવરો નથી.

અહીં તો કહે છે, શુભભાવમાં એટલો શુભભાવ કર્યો કે જેને પંચમહાવ્રતના પરિણામ અને પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિના શુભભાવ... આહા..હા..! એને માટે આહાર કરીને લે પ્રાણ જાય તોપણ ન લે એવી જેની એષણા વ્યવહારસમિતિ, જોઈને આમ ચાલે, કોઈપણ પ્રાણીને મારાથી દુઃખ ન થાય એવી જોઈને ઈર્યા ચાલે આમ, પણ એ તો બધો શુભભાવ છે.

આહા..હા..! ચંદુભાઈ! એમાં પાછું શરીર મોળું પડી જાય. આહા..હા..! પ્રભુ! એકવાર સાંભળ આવું મનુષ્યપણું મળ્યું તને. ત્રણલોકનો નાથ પરમેશ્વર વીતરાગ જિનેશ્વરદેવનું ફરમાન આ છે કે જે કોઈ વ્યવહાર ક્રિયાકાંડ દયા, દાન, ભક્તિ, જાત્રા, પૂજા આ ગીરનારની જાત્રા ને શેત્રુંજયની જાત્રા અને સમ્મેદશિખરની જાત્રા એ બધો શુભભાવ પુણ્ય છે, ધર્મ નહિ. એનાથી ધર્મ થાય નહિ, એ પોતે ધર્મ નહિ. આવું આકરું પડે. બાપુ! વીતરાગ તો અહીં એમ કહે છે.

વીતરાગ તો ત્યાં સુધી કહે મોક્ષપાહુડમાં '**परदव्वादो दुग्गइ**'. તારો ચૈતન્ય આનંદનો નાથ છે એને છોડીને જેટલું સ્ત્રી, કુટુંબ, પરિવાર ઉપર લક્ષ ગયું અને દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર લક્ષ ગયું એ બધો રાગ, દુર્ગતિ છે, ચેતનની ગતિ નથી એ. આહા..હા..! એ વીતરાગ એમ કહે. વીતરાગ પરમેશ્વર ત્રણલોકનો નાથ ઈન્દ્રની સમીપમાં, એકભવતારી ઈન્દ્રની સમીપમાં પ્રભુ એમ કહેતા કે અમારી ભક્તિમાં તને રાગ છે. અમે પરદ્રવ્ય છીએ, તારું સ્વદ્રવ્ય છે એનાથી અમે જુદી ચીજ છીએ. અમારા ઉપર તને પ્રેમ જે ભક્તિનો વર્તે છે એ શુભરાગ છે. આહા..હા..! એ ચૈતન્યની ગતિ નહિ, એ દુર્ગતિ છે. એટલે? એમાંથી ગતિ મળશે કે સ્વર્ગાદિ એ દુર્ગતિ છે. સિદ્ધગતિ મળે તે સુગતિ છે. એમાં વળી આ પૈસા કાંઈક મળે બે, પાંચ, દસ કરોડ, અબજ રૂપિયા અને એમાં જો ગાંડા, પાગલ થઈ જાય. આહા..હા..! ઉદ્યોગપતિ, ઉદ્યોગ કર્યો મોટો, બાહુબળે રળ્યા, બાપ કાંઈ મૂકી નહોતા ગયા, પોતે બાહુબળે ભેગું કર્યું. શું કર્યું પણ એણે? આહા..હા..! પાપ કર્યું હતું. દુનિયા પાગલ એને વખાણે.

અહીં તો કહે છે કે એ પાપના પરિણામ પણ છોડીને જેણે મહાવ્રત લીધા. આહા..હા..! અને આમ જોઈને ચાલે, કોઈ પ્રાણીને દુઃખ ન થાય, કોઈનું અહિત ન થાય તેમ વિચારીને બોલે, એક દાણો કે એક તરણું પણ વગર આજ્ઞાએ ન લે, બ્રહ્મચર્ય નવ-નવ કોટીએ મન-વચન-કાયાથી શીળ પાળે અને પરિગ્રહનો-વસ્ત્રનો ટૂકડો પણ ન રાખે. એવા પંચમહાવ્રત હોય તોપણ એ શુભભાવ છે. આહા..હા..! એમાં જે મૂઢ થઈને પડ્યા છે કે આ મારું મુનિપણું અને આ મારો ધર્મ, એને ભગવાન એકવાર સંભળાવે છે, પ્રભુ! સાંભળને. તું બીજે રસ્તે છો હોં! તું આત્માને રસ્તે, મોક્ષના માર્ગના રસ્તે નથી. આહા..હા..!

એ કહ્યુંને? અનાદિરૂઢ, વ્યવહારમાં મૂઢ, નિશ્ચયમાં અનારૂઢ. ત્રણ બોલ લીધા. આહા..હા..! ગાથા ગાથા આવી છેને. મનસુખભાઈ! આ બધા તમે રવિવારે આવો છો તો આવું આવે છે. માખણ છે આ તો. આહા..હા..! કહે છે કે એ પુણ્યભાવ તો છાશ છે. આહા..હા..! આનંદઘનજીમાં આવે છે એ, 'ગગનમંડળ મેં ગૌઆ વિયાણી વસુધા દૂધ જમાયા, માખણ થા સો વિરલા રે પાયા સંતો, છાશે જગત ભરમાયા. અબધુ સો જોગી રે ગુરુ મેરા, ઈન પદ કા કરે રે નિવેડા, અબધુ સો જોગી રે ગુરુ મેરા. ગગન મંડળ મેં ગૌઆ વિયાણી.' આહા..હા..! ભગવાનની વાણી ૐકાર ધ્વનિ નીકળ્યો અંદર. 'વસુધા દૂધ જમાયા.' માણસને

કાને પડી. 'પણ માખણ થા સો વિરલા રે પાયા.' એ રાગથી ભિન્ન ભગવાનને ઓળખનારા કોઈ વિરલ નીકળ્યા. બાકી વ્યવહારની છાશમાં ભરમાઈ ગયા. વ્યવહાર ક્રિયાકાંડ આનાથી કરશું. આહા..હા..! સમજાણું કાંઈ?

'ગગન મંડળ મેં અધબીચ કૂઆ, વહાં હૈ અમી કા વાસા.' એ શુભરાગ તો ઝેર છે, એ મહાવ્રતના પરિણામ ઝેર, પ્રભુ! તને ખબર નથી. આહા..હા..! તારો અમૃતનો સાગર અંદર ભરેલો ભગવાન. 'ગગન મંડળમેં અધ બીચ કૂઆ.' અદ્ધરમાં આત્મા છે અંદર જુઓ. 'વહાં હૈ અમી કા વાસા.' ત્યાં અમૃતનો વાસ છે, અમૃત ભરેલું છે ત્યાં. શુભભાવ તો ઝેર છે. આહા..હા..! 'ગગન મંડળ મેં અધ બીચ કૂઆ વહાં હૈ અમી કા વાસા, સુગુરા હો સો ભરભર પીવે, એ નગુરા જાવે રે પ્યાસા.' સુગુરુ એને સમજાવે કે નાથ તારો અમૃતનો સાગર અંદર ભર્યો છે એનો અનુભવ કર, એનો સ્વાદ લે, એમાં જા અને સુગુરુ હોય તો પીવે અને 'નગુરા જાવે પ્યાસા.' એ રાગની ક્રિયામાં માનાનારા કુગુરુ એને મળે. આહા..હા..! ભગવાનજીભાઈ! આવી વાતું છે, બાપુ! આહા..હા..!

દુનિયા ગમે તે કહો, પણ માર્ગ તો કોઈ જુદી જાત છે. આહા..હા..! આ તો શેત્રુંજયની જાત્રા કરી અને થઈ ગયો ધર્મ, સમ્મેદશિખરની જાત્રા કરી. આવે છેને એમાં 'એકવાર વંદે જો કોઈ, નરક પશુ નહિ હોઈ.' પણ એમાં શું દાળિયા થયા? કદાચિત્ બહુ ભક્તિનો ભાવ ઘણો જ બે-પાંચ-પચ્ચીસ વર્ષ કર્યો હોય તો સ્વર્ગમાં જાય કદાચિત. આહા..હા..! સમજાણું કાંઈ? નરકમાં ન જાય, પણ પછી સ્વર્ગમાંથી નીકળી મનુષ્ય થઈને તિર્યંચ થઈને નરકમાં જશે. આહા..હા..! જેણે ભવના અભાવની વાત કાઢી નથી, ત્રણલોકનો નાથ અંદર ચૈતન્ય બિરાજે સર્વોત્કૃષ્ટ ચીજ એનો અનુભવ કર્યો નથી, તેનો આશ્રય લીધો નથી, તેને પડખે ચડતો નથી અને રાગની ક્રિયા વ્યવહાર વ્રત ને મહાવ્રત ને જાત્રા ને ભક્તિ ને પૂજા એને પડખે ચડીને ધર્મ માને છે એ મૂઢ જીવો ચોર્યાસીના પરિભ્રમણમાં રખડશે. આવી વાત છે.

આ પરમાત્મા એમ કહે છે, બાપુ! જિનેશ્વરદેવ. આહા..હા..! જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોક જેણે જોયા. પ્રભુ બિરાજે છે. મહાવીર આદિ તીર્થંકરો પ્રભુ તો સિદ્ધમાં પહોંચ્યા. એ તો નમો સિદ્ધાણંમાં અત્યારે છે. સીમંધર ભગવાન અત્યારે નમો અરિહંતાણંમાં છે. ચાર કર્મનો નાશ થયો, ચાર કર્મ બાકી છે. આહા..હા..! એની વાણીમાં આ આવ્યું છે, એ વાણી કુંદકુંદાચાર્ય અહીં લઈને આવ્યા અને આ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! હવે એક અહીંયાં આવ્યો હતો એક મહિના પહેલાં, ત્રણ મહિના પહેલાં. વ્યાખ્યાન સાંભળ્યું. મહિના પહેલા કાગળ હતો. એના મહિના પહેલા કે હું તીર્થંકર છું, હું કેવળી છું, ચાર કર્મનો નાશ થયો છે, ચાર કર્મ બાકી છે, હું ત્યાં આવું તો મારી માટે સગવડતા કરજો. લ્યો ઠીક! આહા..હા..! એ આવ્યો પછી અહીં. અહીં વ્યાખ્યાનમાં બેઠો હતો. સાંભળ્યું વ્યાખ્યાન. પછી અંદર આવ્યો. બધા બેઠા હતા રામજીભાઈ. હું સાચું કહું છું હોં હું કેવળી છું, હું

તીર્થંકર છું, ચાર કર્મનો નાશ કર્યો છે અને ચાર કર્મ બાકી છે. ભગવાનને ચાર કર્મ બાકી હતા તો પૈસા નહોતા એની પાસે. તો મારી પાસે પૈસા નથી તો મને સગવડતા કરી દ્યો. કહો, હવે આ. મારી નાખ્યા. વાડીભાઈ! સાંભળ્યું હતું આ? નહોતું સાંભળ્યું? અહીં આવી ગયો. પાછું મેં એને કહ્યું, બાપુ! તારી દૃષ્ટિ મિથ્યાત્વ છે હોં! તોપણ સાંભળે, પાછો ઉભો થઈને પગે લાગે બરાબર. અરે! પણ શું છે આ તે? હજી સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબરું ન મળે અને તીર્થંકર થઈ ગયા. કેવળી પાછું કાગળમાં એવું આવ્યું કે મેં ચાર કર્મનો નાશ કર્યો છે, એ કેમ નાશ થાય એ ત્યાં હું શીખવીશ લોકોને. શશીભાઈ! આવા પણ આવે છે અહીં. આહા..હા..! અરે! બાપુ! તીર્થંકર કોને કહેવા? કેવળી કોને કહેવા? બાપુ! અહીં તો હજી સાધુ કોને કહેવા એની ખબરું નથી. જેને પાંચ મહાવ્રત ચોખ્ખા પાળે, પાંચ સમિતિ, ગુપ્તિ બરાબર રાખે તોપણ એ સાધુ નથી. એ તો રાગની ક્રિયાવાળો, બંધનવાળો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે.

૪૧૩ ગાથા આ ચાલે છે. આહા..હા..! એક તો કુંદકુંદાચાર્યની ગાથા અને એમાં ટીકાકાર અમૃતચંદ્રચાર્ય. અલૌકિક દિગંબર સંત, જેને આત્મા આનંદના રસના પ્યાલા ફાટ્યા છે અંદરથી. અતીન્દ્રિય આનંદના પ્યાલાના પીનારા, નિર્વિકલ્પરસના પીનારા, ઉગ્ર પીનારા. આહા..હા..! એ શું હશે નિર્વિકલ્પ? આહા..હા..! એ મુનિરાજ એમ કહે છે કે જે કોઈ મહાવ્રત પાળીને, વ્યવહારની ક્રિયા પાંચં સમિતિ, ગુપ્તિ પાળીને 'અમે મુનિ છીએ' અને બાર વ્રત પાળીને 'અમે શ્રાવક છીએ' એ બધા વ્યવહારમાં મૂઢ જીવો, નિશ્ચયમાં અનારૂઢ વસ્તુસ્વરૂપ ભગવાન આત્મા એના તરફ આરૂઢ નથી, તે પ્રૌઢ વિવેકવાળા '**અનારૂઢ વર્તતા થકા, પરમાર્થસત્ય...**' આહા..હા..! '(**- જે પરમાર્થે સત્યાર્થ છે એવા**)' ભગવાન અંદર એ શુભક્રિયાના રાગથી ભિન્ન છે, એવો જે ભગવાન આ આત્મા. આહા..હા..! એને ભગવાન કહેતા સાંભળી શકે નહિ. છે? '**ભગવાન સમયસારને દેખતા નથી.**' જે કોઈ એવી રાગની ક્રિયામાં મૂઢ થઈને માને છે કે અમે મુનિ છીએ, બાર વ્રત પાળનારા એમ માને કે 'અમે શ્રાવક છીએ' તો એ મૂઢ જીવો, ભગવાન આત્મા સમયસાર આત્માને પામતા નથી. આહા..હા..! ગાથા બહુ સારી આવી, શેઠ! બરાબર હાજરી તમારી. મોટા શેઠ તો આવે ત્યારે... આવી વાત છે, બાપા! શું કરીએ? આહા..હા..! કાને પડવી વાત... એવી વાતું છે. મશ્કરી લોકો કરે એવી છે હોં! છે બાપુ, બધી ખબરું છેને. આહા..હા..!

અહીં ૬૪ વર્ષ તો દુકાન છોડ્યા થયા, દીક્ષા લીધા. આ માગશર સુદ નોમે ૬૫મું બેઠશે. શરીરને ૮૮ ચાલે છે. ૮૮ અઠ્યાશી. અહીં તો ૧૭ વર્ષની ઉંમરથી ધંધો આ છે. ૭૧ વર્ષથી. દુકાને પણ, પિતાજીની દુકાન હતી ઘરની, હું તો વાંચતો શાસ્ત્રો બધા સ્થાનકવાસીના. સ્થાનકવાસી હતાને. પિતાજી સ્થાનકવાસી હતા. ત્યાં બધા આચારાંગ, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, સૂયગડાંગ દુકાન ઉપરબ ધધા વાંચેલા. ૧૭ વર્ષની, ૧૮ વર્ષની ઉંમરે. પણ માર્ગ કોઈ બીજો.

આહા..હા..! જ્યાં સમયસાર હાથમાં આવ્યું ૭૮(ની સાલમાં).. ઓહો..! આ માર્ગ બીજો છે. શરીરરહિત થવું હોય તો માર્ગ આ છે. આહા..હા..! એ રાગથી ભિન્ન પડેલો ભગવાન એનો અનુભવ કરવો એ મોક્ષનો ઉપાય ને માર્ગ ને ધર્મ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આકરું લાગે લોકોને. નવા માણસને તો એવું લાગે કે શું કહે છે આ? આ તો બધો વ્યવહારને ઉથાપી નાખે છે. અમે તો વ્યવહાર કરીએ છીએ. ભક્તિ કરીએ, જાત્રા કરીએ, પૂજા કરીએ, હવે એ કહે કે ધર્મ નથી. એથી કરીને શુભભાવ છોડીને પાપમાં આવવું એમ અહીં પ્રશ્ન નથી, પણ એ શુભભાવ ધર્મ નથી, એને છોડીને અંતર દૃષ્ટિ કરવી. આહા..હા..! જયસુખભાઈ! ગાથા બહુ સરસ આવી ગઈ છે.

એવો ભગવાન સમયસાર અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ એ પુણ્ય પરિણામ અને મહાવ્રતમાં રુચિમાં પડ્યા છે એ આત્માને જાણતા નથી. ભગવાન અનાકુળ આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા એને એ જાણતા નથી, અનુભવતા નથી, વેદતા નથી, એમાં ઠર્યા નથી, એને આત્મા નહિ મળે, એને ચાર ગતિ મળશે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૩, સોમવાર, તા. ૨૮-૧૧-૧૯૭૭, ગાથા-૪૧૩, કળશ-૨૪૨, પ્રવચન નં. ૫૨૩

સમયસાર ગાથા ૪૧૩. એનો ભાવાર્થ. 'અનાદિ કાળનો **પરદ્રવ્યના સંયોગથી થયેલો વ્યવહાર તેમાં જ જે પુરુષો મૂઢ અર્થાત્ મોહિત છે, તેઓ એમ માને છે કે 'આ બાહ્ય મહાવ્રતાદિરૂપ ભેખ છે તે જ અમને મોક્ષ પ્રાપ્ત કરાવશે',...**' શું કહે છે? આત્મા તો જ્ઞાયકસ્વરૂપ એનો ભેખ, વ્યવહારે એનો ભેખ સંવર, નિર્જરા અને મોક્ષ. સામ્ય લીધું છેને સામ્ય. આહા..હા..! ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ વસ્તુ એને તો આ ભેખ પણ નથી, તેમ તેને સંવર, નિર્જરા અને મોક્ષનો ભેખ જ્ઞાયકમાં નથી. આહા..હા..! આવી વાત. કેમકે એ પર્યાય છે. સંવર, નિર્જરા એ મોક્ષનો માર્ગ અને મોક્ષ એ એનું ફળ, એ ત્રણે ખરેખર તો પર્યાયનો ભેખ છે. આહા..હા..! મોક્ષ થયો હતો એમ કહ્યુંને મોક્ષનો સ્વામી. પૂર્ણ સ્વરૂપ. આહા..હા..! જ્ઞાયકસ્વભાવ પૂર્ણ સ્વરૂપ એનો આશ્રય લઈને જે સંવર, નિર્જરા, મોક્ષનો માર્ગ પ્રગટે એ પણ એક ભેખ છે અને પૂર્ણ મોક્ષ પ્રગટે એ પણ એક વેશ-સ્વાંગ છે. આહા..હા..! ઝીણી વાત છે.

અહીંયાં કહે છે કે આ '**અનાદિ કાળનો પરદ્રવ્યના સંયોગથી થયેલો...**' એ કર્મનું

નિમિત્ત અથવા પુણ્ય મહાવ્રતાદિના ભાવ એ બધા પરદ્રવ્યના સંયોગથી (થયેલા) ભાવ છે. પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ વ્યવહાર દયા, દાન, પૂજા, ભક્તિનો ભાવ એ બધો પરદ્રવ્યના સંયોગથી સંયોગીભાવ છે. આહા..હા..! આવી વાત છે. '**અનાદિ કાળનો પરદ્રવ્યના સંયોગથી થયેલો જે વ્યવહાર...**' પરદ્રવ્યના સંયોગથી થયેલો વ્યવહાર. તેમાં જ જે પુરુષો મૂઢ મોહિત છે. આહા..હા..! એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાનો ભાવ એ સંયોગી પરદ્રવ્યના સંયોગથી થયેલી વિકારદશા એમાં જે પ્રાણી મૂઢ છે કે આ જ મને મોક્ષ કરાવશે. આકરી વાતું ભારે! એ મોક્ષનો માર્ગ છે એમ માને છે. છે બંધનો માર્ગ વ્રતાદિના ભાવ. આહા..હા..!

'**તેઓ એમ માને છે કે આ બાહ્ય મહાવ્રતાદિ...**' બાહ્ય કેમ કીધા? કે અંદર જે સ્વરૂપ છે આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદઘન એમાં સ્થિર થવું એ તો નિશ્ચયવ્રત છે, પણ આ બાહ્ય વિકલ્પો પંચમહાવ્રતાદિના ભાવ કે સાધુના અઠ્યાવીશ મૂળગુણનો ભાવ એ બધો બાહ્ય ભેખ છે. છે? '**બાહ્ય મહાવ્રતાદિરૂપ ભેખ છે તે જ અમને મોક્ષ પ્રાપ્ત કરાવશે.**' આહા..હા..! અત્યારે તો આ રાડું પાડે છે ઈ. અમે આ કરીએ છીએ, વ્રત ને તપ ને... એ પણ સમજવા જેવા છે, એ અમને મોક્ષનું કારણ છે એમ અમને માનો. ભાઈ! માર્ગ બહુ ઝીણો, બાપુ! આહા..હા..! જે સ્વદ્રવ્ય ચૈતન્ય આનંદસ્વરૂપ એની અંતરની દશા આનંદની અધૂરી પ્રગટ થાય તે તો એનો મોક્ષમાર્ગનો ભેખ છે અને આનંદની પૂર્ણ દશા મોક્ષને થાય એ મોક્ષનો એક ભેખ સ્વાંગ છે. વસ્તુ તો ત્રિકાળ જ્ઞાયક છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ એ એને માહાત્મ્યમાં આવતું નથી. કેમકે અનાદિથી વર્તમાન પર્યાયની રમતુંમાં રમેલો એને પર્યાયની પાછળ ભગવાન મહાપ્રભુ બિરાજે છે એની એને ખબર નથી. અંતર નજરું કરી નથી, અંતર નજર કરવા જેવી છે એવી માન્યતા પણ કરી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન ને રથયાત્રા, મોટી જાત્રાઓ, લાખો-કરોડો રૂપિયા ખર્ચવા અને પછી ધામધુમ થાય. એવી વ્રતાદિના શુભભાવની ક્રિયા એ અમને મોક્ષ કરાવશે એમ માનનારા મૂઢ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! અવ્રતના ભાવ એ તો પાપ છે પણ વ્રતના ભાવ એ પુણ્ય છે. એ પુણ્ય મને ધર્મ કરાવીને મોક્ષ કરાવશે એમ મોહિતજીવો. છેને? '**મૂઢ અર્થાત્ મોહિત છે, તેઓ એમ માન કે આ મહાવ્રતાદિરૂપ...**' સમિતિ, ગુપ્તિ, નિર્દોષ આહાર-પાણી લેવા, જોઈને બરાબર ચાલવું, વિચારીને બોલવું, શરીરથી બ્રહ્મચર્ય પાકુ પાળવું એ બધા મહાવ્રતાદિ બાહ્ય આચરણ '**તે જ અમને મોક્ષ પ્રાપ્ત કરાવશે,...**' આહા..હા..!

'**પરંતુ જેનાથી ભેદજ્ઞાન થાય છે...**' પણ એ વ્રતાદિના વિકલ્પથી ભેદ પડીને, ભેદજ્ઞાનનો અભ્યાસ કરીને, એનાથી જુદું પાડવાનો અભ્યાસ કરીને. જુદો છે. આહા..હા..! આવો માર્ગ એટલે આકરો પડે માણસને એટલે વ્યવહારમાં દોરાઈ ગયા અને.. આહા..હા..! સાધુએ પણ એ પ્રરૂપણા કરવા માંડી. પ્રભુ! આ તો માર્ગ, ભાઈ! તારા હિતના પંથની વાત છે, ભાઈ!

આહા..હા..! એ તો અનાદિકાળથી એવી આચરણની ક્રિયાઓ તો કરી છે, એ કાંઈ નવી વાત નથી. આહા..હા..! જેમ અવ્રતના ભાવ, પાપના ભાવ અનાદિથી કર્યા છે. આહા..હા..! એમ આવા મહાવ્રતાદિના ભાવો પણ અનાદિમાં અનંતવાર કર્યા છે. આહા..હા..! એ તો સંયોગીભાવ, વિકારીભાવ એ અમને સ્વભાવની પ્રાપ્તિ મોક્ષ કરાવશે એમ માને છે, પરંતુ એ રાગથી ભિન્ન ભગવાન ભેદજ્ઞાન દ્વારા પ્રાપ્ત થાય. આહા..હા..! એ મહાવ્રતના પરિણામથી પણ ભેદજ્ઞાન, ભિન્ન ભગવાન અંદર છે એને ભેદજ્ઞાનના અભ્યાસથી આત્માની પ્રાપ્તિ થાય એની એને ખબર નથી. આહા..હા..!

આ જુઓને ઓલું છોડીની વાત કરે છે. એવું લખાણ છે કંપારી ઉઠે એવું. સવારમાં નહોતું એ? તૂટ્યું શું કહેવાય એ તમારું? વિમાન. વિમાન તૂટ્યું તો ટૂકડે ટૂકડા અને બધા માણસ મરી ગયા. આ એક જીવતી રહી ગઈ. તે અસાધ્ય થઈ ગઈ હતી, પણ એમાં સાધ્ય જ્યાં આવી ત્યાં... આહા..હા..! જુએ ઉપર તો ઝાડ... ઝાડ... ઝાડ.. દેખાય, નીચે વરસાદના ધોધ ચાલતા હોય અને દેડકા ઝેરીલા પગ મૂકે ત્યાં બટકા ભરે, એમાં જીવાત પડે. આહા..હા..! મોટું લખાણ એવું આકરું લખ્યું છે. એવી સ્થિતિમાં પણ આ જીવ અનંતવાર આવ્યો છે, એની વાત છે. અનાદિ કાળના અનંત પ્રવાહમાં જેનો આદિ નથી એવા કાળમાં એવા ભવમાં આ આત્મા પણ અનંતવાર એવી સ્થિતિના સંયોગમાં આવી ગયો છે. આહા..હા..! એણે એ વખતે દુઃખ સહન કર્યા એ કેવા હશે? બાપુ! આહા..હા..! ક્યાંય નજરું પડે નહિ, ક્યાંય રસ્તો ન મળે, ગામ ક્યાં? વસ્તી ક્યા? હજારો ગાવ છેટું જંગલ મોટું. આહા..હા..! એકલી માણસ, બાકી પશુ. આહા..હા..! આખું શરીર ઝેરી જનાવરોથી કરડી બટકા ભરી. જીવતર આયુષ્ય હતું તો રહી ગઈ. આહા..હા..! એવી સ્થિતિ બીજાની છે એમ નહિ. આહા..હા..! બાપુ! અનંતકાળ ગયોને, ભાઈ! જેને આદિ છે કે આ પહેલાં... આ પહેલાં... આ પહેલાં... પહેલાં નહોતું? આહા..હા..! આમ અનંતભવ... અનંતભવ... અનંતભવ... અનંતભવ... અનંતભવ... આમ કરતાં-કરતાં ક્યાંય આદિ છે કે હવે થઈ રહ્યા? અરે! એણે વિચાર કે દિ' કર્યો છે? હું ક્યાં રખડ્યો છું, કઈ રીતે દુઃખી થયો છું? અનંતભવ આમ ભૂતકાળનો એક નહિ એવા અનંતગુણા અનંત. તોપણ ત્યાં આદિ નથી કાંઈ. આહા..હા..! એવા ભવમાં આવા ભાવમાં જંગલમાં એકલા પણ ભવ અનંત ગાળ્યા છે, બાપુ! અહીં કહે છે કે માણસપણું મળ્યું અને મહાવ્રતાદિ લીધા એટલે એને એમ થયું કે હું હવે કાંઈક છૂટ્યો. આહા..હા..! દુકાનના ધંધા બંધ કર્યા, કરોડો, લાખોના વેપાર બંધ કર્યા અને મેં મહાવ્રત દીક્ષા લીધી. ભાઈ! એ બધા મહાવ્રતાદિના ભાવ એ શુભરાગ કર્મના સંયોગે ઉત્પન્ન થયેલા સંયોગીભાવ છે, એ સ્વભાવભાવ નથી. આહા..હા..!

એ અહીં કહે છે. '**પરંતુ જેનાથી ભેદજ્ઞાન થાય છે એવા નિશ્ચયને તેઓ જાણતા નથી.**' આહા..હા..! એ મહાવ્રતાદિ વ્યવહાર વ્રતના વિકલ્પ રાગથી ભેદ, જુદો ભગવાન

એવું ભેદજ્ઞાનથી પ્રાપ્ત થાય છે, કંઈ રાગથી પ્રાપ્ત થતો નથી. આહા..હા..! એણે અંતર્મુખ દૃષ્ટિ કરવાની છે. રાગ છે એ તો બહિર્મુખ વૃત્તિ છે. જ્યાં પૂર્ણાનંદનો નાથ દળ પડ્યું છે એમાં રાગથી ભિન્ન પડીને અંદરમાં ભેદજ્ઞાન કરીને તેને પ્રાપ્ત કરવાનો છે. પ્રવિણભાઈ! આહા..હા..! આવી વાતું હવે. ઓલા દુકાનના ધંધા હોય, નવરો થાય, આવે એટલે એને બતાવી દે કે તમારે આ ધર્મ છે. લ્યો. જુઓ, તમે આવ્યાને. આ સાંભળવા આવ્યા, વ્રત કરો છો, બ્રહ્મચર્ય પાળો છો, છપરબી કંદમૂળ ખાતા નથી, વનસ્પતિ ખાતા નથી એ તમારો ધર્મ છે. એમ બિચારાને મિથ્યાત્વમાં રોક્યા. પણ એ વ્રતના ભાવ અને તપના ભાવ એ રાગ છે અને એનાથી ભેદજ્ઞાન કરવું, એ ક્ષણિક રાગ છે, ભગવાન ત્રિકાળી સ્વભાવ ધ્રુવ આનંદકંદ છે, એને રાગથી ભિન્ન પાડીને ચૈતન્યને પકડવો. આહા..હા..! જ્ઞાયક સ્વભાવભાવ આનંદ એની પ્રતીત કરીને તેમાં રમવું એ ભાવ ભૂલી ગયા અને આ રાગની ક્રિયા માનીને ધર્મ છે, મોક્ષ થશે એમ માનીને બેઠા. આહા..હા..!

એક તો ઓલા નિવૃત્તિ જ ન હોય એટલે એકલા પ્રવૃત્તિમાં પડ્યા હોય, એટલે પાપમાં બહુ પડ્યા હોય એટલે એને છૂટો કર્યો તો પુણ્યમાં આવ્યો એટલે તેં કાંઈક કર્યું. આહા..હા..! એમ મનાવે છે અને માને છે, કહે છે કે એ વસ્તુ તદ્દન ઉંધી છે. એમાં ધર્મ નથી અને એ ધર્મનું કારણ પણ નથી. આહા..હા..! ધર્મ, આનંદ સ્વરૂપનું વેદન એનું કારણ તો કારણ પરમાત્માસ્વરૂપ પોતે એનું કારણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આરે..! એને વાતે વાતે સમજવું. એ ભેદજ્ઞાનથી થાય છે. '**એવા નિશ્ચયને તેઓ જાણતા નથી.**' આહા..હા..! ભગવાન અંદર રાગથી ભિન્ન પડે ત્યારે જણાય એવો છે. રાગને આશ્રયે જણાય એવો નથી. આહા..હા..! એ રાગથી ભિન્ન પડી ભેદજ્ઞાનના અભ્યાસ દ્વારા જણાય એવો છે. એને તો જાણતા પણ નથી.

'**આવા પુરુષો સત્યાર્થ,...**' વ્રતાદિ છે એ બધો અસત્યાર્થ ભાવ અને આ સ્વરૂપનો આશ્રય કરીને ભાવ થાય તે સત્યાર્થ છે. '**પરમાત્મરૂપ, શુદ્ધજ્ઞાનમય સમયસારને દેખતા નથી.**' આહા..હા..! આવા આત્માઓ સત્યાર્થ પરમાત્મસ્વરૂપ ભગવાન જેમાં પર્યાયનો પણ પ્રવેશ નથી. એવું દ્રવ્યસ્વરૂપ ભગવાન આનંદનો દળ કંદ અનાદિ-અનંત એકરૂપે રહેલું તત્ત્વ તેને તે દેખતા નથી. આહા..હા..! અને આ વ્રતના વિકલ્પ ને રાગ એને દેખે છે, જે વિકાર છે, જે સ્વરૂપમાં નથી. આહા..હા..! આવો માર્ગ છે, જયસુખભાઈ! આવું સાંભળવા મળવું મુશ્કેલ પડે. અરે! અનાદિ-અનાદિ અનંતકાળ એક એક ગતિમાં અનંત ભવ કર્યા અને તે અનંત ભવની આદિ નહિ એના અંત લાવવા, એનો અંત લાવવો અને મોક્ષના માર્ગની શરૂઆત કરવી એ કોઈ અલૌકિક વાત છે. સમજાણું કાંઈ? અરે! વીતરાગ ત્રિલોકનાથનો તો આ પોકાર છે, પ્રભુ! તું વ્રતાદિના ભાવમાં રોકાઈને અમને ધર્મ થશે, મોક્ષ થશે એમ માની બેસી ગયો, પણ એનાથી ભિન્ન ભગવાન રાગથી ભિન્ન છે તેનું ભેદજ્ઞાન ન કર્યું. તેથી તે

સત્યાર્થ એવો પરમાત્મસ્વરૂપ ભગવાન એને અનુભવતા નથી. એટલે કે દેખતા નથી એટલે અનુભવતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવું મોંઘુ લાગે એટલે બિચારા લોકો...

ઘણા ઓલા શ્રીમદ્‌માં જાય કલાક વ્યાખ્યાન આપ્યુને તો સાંભળ્યું બધાએ. પછી એક મારવાડી આવ્યો. હમણા આવ્યો હતો. એનો દીકરો બ્રહ્મચારી વાંચે છે. એમાં એનો બાપ આવ્યો, મહારાજ! આ વાત (સાચી), પણ એનું સાધન શું? એમ કે આ ભક્તિ કરવી, વાંચવું, સાંભળવું, દેવ-ગુરુની ભક્તિ કરવી, આદર કરવો એવું કાંઈક સાધન ખરું કે નહિ? આહા..હા..! અને આત્મસિદ્ધિમાં એવું આવે છે 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોય.' ક્યું સાધન? અહીં તો રાગથી ભિન્ન પડીને સ્વરૂપનો અનુભવ કરવો એ સાધન છે. આકરી વાત. એકાંત થઈ જાય છે (એમ કહે છે). એ જ અનેકાંત છે. રાગથી ભિન્ન પડી અને સ્વરૂપનો અનુભવ તે જ મોક્ષનો માર્ગ, વ્યવહાર તે માર્ગ નહિ એનું નામ અનેકાંત છે. વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય એ અનેકાંત નથી, એ તો મિથ્યાએકાંત છે. આવી વાતું કડક પડે, શું થાય ભાઈ? આહા..હા..! ૨૫-૫૦-૫૦-૬૦ વર્ષ ધંધાના પાપના વર્ષમાં ગાળ્યા હોય. અમે આમ કર્યા, અમે આમ કર્યા અને આમ કર્યા, અમે આમ રળ્યા, અમે બાયડી પણ આમ રાખી, છોકરા આમ થયા, એને મોટા કર્યા. અરે! પ્રભુ! શું કર્યું તેં? આહા..હા..! મિથ્યાત્વના અભિપ્રાયના પોષણ કર્યા.

અહીંયાં તો કહે છે કે ત્યાંથી છૂટીને કદાચિત્ મહાવ્રતાદિમાં આવ્યો તોપણ એ જાત તો વિકારની છે. આહા..હા..! પ્રવચનસારમાં તો કહ્યું ૭૭ ગાથામાં. શુભ અને અશુભ બે ભાવમાં વિશેષ જે જાણે, તફાવત જાણે એ ઘોર સંસારમાં રખડવાના છે. આહા..હા..! વ્યવહારે પાપ કરતા પુણ્ય એમ ઠીક કહેવાય, પણ પરમાર્થે તો બેય બંધના જ કારણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આજે કાગળ આવ્યો છે હસમુખભાઈનો ચંદુભાઈ ઉપર અને હિંમતભાઈ ઉપર. બાપુજીને એમ કે આમ થયું. સાડા દસે સૂતા, બારે ઉઠ્યા, ધ્યાન કરવા બેઠા. એમ લખ્યું છે હોં. એમાં એકદમ કહે, મને દુઃખે છે, ગભરામણ થાય છે. આવ્યો છે કાગળ. જ્યાં હું આવ્યો ત્યાં તો, બાપુજી! કેમ છે? એમ કીધું ત્યાં તો દેહ છૂટી ગયો. આહા..હા..! લ્યો, આ સ્થિતિ. હવે અહીં બેઠા હતા બુધવારે સવારમાં. છ-છ છોકરાઓ રળાવ પાપના અને પાંચ-પાંચ લાખના મકાન રહેવાના. સાત જણાને ૩૫ લાખના. એ સિવાય ધંધાના પૈસા. આહા..હા..! કોઈ શરણ નથી. બાપુજી! કેમ છે એમ કીધું ત્યાં તો દેહ છૂટી ગયો. થઈ રહ્યું. આહા..હા..! એમ લખ્યું છે એમાં હોં, નહિ? એમ કે ઘરડ્યો ચાલે અને એવું નથી લખ્યું. કંઈક બહાનું હોય. હસમુખનો છે ચંદુભાઈ ઉપર અને હિંમતભાઈ ઉપર બેય ઉપર કાગળ છે. આહા..હા..! અહીં બેસતા સાંભળવા. પડકાર એનો સારો હોં! આ સમજે છૂટકો છે એમ બોલે. આ વિના કોઈ નિવેડો નથી એમ બોલે. આહા..હા..! અરે! ક્યાં શરણ? કોણ શરણ? ભાઈ! મહાવ્રતના પરિણામ પણ પુણ્ય છે અને એનાથી બંધાણા તો રજકણ

છે. હવે એ શરણ છે? અને વર્તમાન શુભભાવ હોય તો એ વિકાર છે. ભગવાન નિર્વિકારી આત્મા આનંદમૂર્તિ પ્રભુ એનું શરણ ન લે એ ઉત્તમ મંગળ અને શરણ એ છે. આહા..હા..! પણ એના માપ કરતા આવડ્યા નથીને. આહા..હા..! અંદર વસ્તુ શું છે? આહા..હા..! અનંત-અનંત ગુણની સંખ્યાના અમાપ સંખ્યાનો પિંડ એ છે. આહા..હા..! એ વિચાર કરે તો કાંઈક એને (બેસે). કેટલી સંખ્યાવાળા ગુણ છે એનામાં. વસ્તુ એક. આ વ્રતનો વિકલ્પ તો એક ક્ષણિક વિકૃત છે, પણ એનામાં ગુણ જે પવિત્ર છે એ તો અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંત છે. આ તો કહીએ છીએ એટલા, પણ એથી અનંતને અનંત વર્ગે ગુણો, એક અનંત છે એને અનંતુ બીજું, એને અનંતથી એકવાર ગુણો અને પછી આંકડો આવે, એને બીજી વાર એટલા અનંતે ગુણો, એને ત્રીજી વાર આવ્યું એટલા અનંતા ગુણો એમ અનંતવાર એને ગુણો તોપણ અંત ન આવે. આહા..હા..! આવી વસ્તુ છે, ભાઈ! કોઈ અમાપ ચીજ છે અંદર. આહા..હા..! એ ચીજમાં રાગથી ભેદ પાડવો જોઈએ એને ન પાડતા, એને ન દેખતા એમાં માનીને બેઠા છે એ રખડશે.

એ '**સમયસારને દેખતા નથી.**' છેને? એ સમયસાર એટલે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પરમાત્મસ્વરૂપ સત્યાર્થસ્વરૂપ સમયસારસ્વરૂપ તેને દેખતા નથી. આહા..હા..! આ બહારના જાણપણા શાસ્ત્ર આદિના એ પણ બંધના જ કારણ છે. એને માનનારા કહે, અમને પણ કાંઈક આવડે છે. એ મહાવ્રતના જેમ અભિપ્રાય છે એમ આનો અભિપ્રાય એક જ જાતનો છે. આહા..હા..! આવો માર્ગ. શ્લોક-શ્લોક. ૨૪૨ છેને?

**व्यवहारविमूढदृष्टयः परमार्थं कलयन्ति नो जनाः।**
**तुषबोधविमुग्धबुद्धयः कलयन्तीह तुषं न तण्डुलम्।।२४२।।**

આહા..હા..! '**व्यवहार-विमूढ-दृष्टयः जनाः परमार्थं नो कलयन्ति**'. '**વ્યવહારમાં જ જેમની દૃષ્ટિ (-બુદ્ધિ) મોહિત છે...**' આહા..હા..! વ્યવહાર આ સંસારના વ્યવહારની વાત નથી હોં! સંસારનો વ્યવહાર તો એકલો પાપ છે. આહા..હા..! અહીંયાં તો ધર્મના નામનો મહાવ્રતાદિનો વ્યવહાર. આહા..હા..! '**જેમની દૃષ્ટિ (-બુદ્ધિ) મોહિત છે એવા પુરુષો પરમાર્થને જાણતા નથી,...**' પરમાર્થ ચૈતન્યમૂર્તિ ભગવાન એને ઓળખતા નથી. આહા..હા..! બહારના ફંદામાં ફંસી ગયા છે. વ્યવહાર ક્રિયાકાંડ ચોવીસે કલાક આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. આહા..હા..! આ ઉપધાનની વાતું સાંભળીએ છીએ. આપણે તો કોઈ દિ' (કર્યા નથી). સો વાર તો કહે છે કે શું કહેવાય એ? ભગવાન ખમાસણા દેવા પડે સો વાર એક દિ'માં. આ ઉપધાન કરે છેને દોઢ મહિનો. ખમાસણા દોઢ મહિનો. આહા..હા..! એક ટંક ખાય, વિવિધ પ્રકારના ભોજન બનાવ્યા હોય. આહા..હા..! એ બધી રાગની ક્રિયાઓ છે, બાપુ! આહા..હા..! ભારે આકરું પડે. ત્યારે ઓલો છેને. કાંતિલાલ નહિ? સર્વોદય. મુંબઈ-મુંબઈ. મોટો શું કહેવાય? હોસ્પિટલ. સર્વોદય હોસ્પિટલ. એને આ અમારી પાસે એમ ન

બોલે, પણ એમ કહે કે મહારાજ! તમારો ધર્મ છે એ તો મને ચાર હજાર ભવ પછી સમજાશે. આહા..હા..! કરોડપતિ માણસ છે. દીકરો નથી, એક જ દીકરી. પૈસા દવાખાનામાં લાખો ખર્ચે, લાખો ખર્ચે, વર્ષોથી લાખો ખર્ચે. એ ત્યાં કાંતિભાઈને ત્યાં ઉતર્યા હતાને મોટાણી, લાઠીવાળા, મુંબઈ. ત્યાં આવ્યા હતા. ત્યાં આવ્યા અને પછી આમ વાત કરી હોં. મહારાજ! આ ધર્મ તો ચાર હજાર ભવ પછી સમજાશે મને. કીધું ચાર હજાર ભવ પછી ક્યાં (હશો)? અને અહીં હમણા આવ્યા હતા. પાંચ મિનિટ બેઠા હશે. ત્યાં ધર્મવિજય છેને શ્વેતાંબર. એને ઓલું મંદિર કરાવ્યું છેને શ્વેતાંબરનું નહિ ત્યાં? ઘાટકોપર. દેવ-દેવ ચારે કોર મૂર્તિઓ શ્વેતાંબરની, મોટા ઘણાં લાખો ખર્ચ્યા. પૈસા બહુ ખરચે છે. પૈસા ઘણાં પેદા થાય છે અને કરોડો રૂપિયા છે. શ્વેતાંબરની મૂર્તિ. મોટો હોલ છે દસ હજાર માણસ સમાય એટલો. ચારે કોર મૂર્તિઓ શ્વેતાંબરની. એ એણે કરાવ્યું, બધા વખાણ કરે એના. આહા..હા..! તમે તો ભારે ઉદાર, તમે તો આ કરાવ્યું, તમે તો દેવદત્ત... શું એનું નામ છે? દેવદર્શન હોલ. મોટો દસ હજાર માણસ સમાય આવે. ત્યાં વ્યાખ્યાન આપીએ. દસ હજાર માણસ આવે. કારણ કે એ તો શ્વેતાંબરનો હોલ કહેવાય અને શ્વેતાંબરની વસ્તી ત્યાં ઘણી ઘાટકોપર. બહુ માણસ રહે. આહા..હા..! એ હમણા આવ્યા હતા, બે મિનિટ બેઠા હશે. વયા ગયા ત્યાં ધર્મવિજય પાસે. પાલિતાણા. આમને આમ રખડપટ્ટી કરી કરીને મરી ગયો છે માણસ. આહા..હા..! ટાણા આવ્યા ત્યારે કહે, હવે ચાર હજાર ભવ પછી તમારો મને ધર્મ સમજાશે. ચાર હજાર ભવ ક્યાં કરવાના હશે? અહીં તો ત્રસમાં રહે તો બે હજાર સાગર રહે એવો પાઠ સિદ્ધાંત છે. ત્રસપણે રહે કીડી, કાગડા, કૂતરા, નારકી, દેવ, મનુષ્ય, ઢોર એમાં ત્રસપણે રહે તો બે હજાર સાગર રહે, બસ. પછી મરીને નિગોદમાં એકેન્દ્રિયમાં જાય. એવો ભગવાનનો લેખ છે. આહા..હા..! હવે અહીં કહે, ચાર હજાર ભવ. અરેરે! મેં કીધું, શું આને કહેવું? વાણિયા થઈને... આહા..હા..! કાંઈ નરક ને નિગોદમાં પડ્યો હશે. આહા..હા..! એની ખબરું ન મળે અને અહીં સાધુ વખાણ કરે પૈસા બહુ ખરચે એટલે અને એને માન મળે સાધુને. શ્વેતાંબર બહુ લોકો ત્યાં. સભામાં દસ હજાર માણસ આવતા હોય. એટલે એને એમ કે ઓહો..હો..! કેવી ધર્મ પ્રભાવના આપણે થાય છે! બાપુ! પ્રભાવના એ નથી, એ તો બધી રાગ મંદ કરતો હો તો શુભ છે. કરતો હો તો. માન માટે તો અને એના માટે (કરતો હોય) તો એ પાપ છે. આહા..હા..!

હવે દૃષ્ટાંત આપે છે આચાર્ય કે '**એવા પુરુષો પરમાર્થને જાણતા નથી,...**' કોની પેઠે? '**इह तुष-बोध-विमुग्ध-बुद्धयः तुषं कलयन्ती, न तण्डुलम्**' '**જેમ જગતમાં તુષના જ્ઞાનમાં જ...**' સંતોષ. ફોતરા-ફોતરા. ફોતરા કહે છેને? છિલકા-ફોતરા, ભુસા, ભુસા ખાંડે. એક બાઈ ખાંડતી હતી. લાખોપતિની બાઈ હતી. ઓલું ખાંડણું હોયને ખાંડણું? ચોખા ખાંડતી હતી. મૂળ તો ચોખા ખાંડતી હતી. પણ ઉપર ફોતરા હોય એટલે એક બાઈ ગરીબ જોવા

આવી કે આ તો ફોતરા ખાંડે છે માટે એમાં કાંઈક હશે. ઘરે આવીને ધણીને કહ્યું કે ફોતરા લઈ આવો મણ-બે મણ, આપણે પણ કૂટીએ. કારણ કે ઓલી લાખોપતિની બાઈ કૂટે છે તો કાંઈક હશે કે નહિ અંદર? પણ ઓલા ફોતરા ઉપર અને ચોખા અંદર રહે. ખાંડતા ખાંડતા ચોખા નીચે રહી જાય, ફોતરા ઉપર હોય એને દેખે. એમ અજ્ઞાની ધર્માત્મા અંદર દૃષ્ટિ અને અનુભવની દૃષ્ટિમાં પડ્યા હોય છે અને એને મહાવ્રતના વિકલ્પ બહાર ફોતરા દેખાય એ બીજો ભાળે કે જુઓ આ પણ કરે છે કે નહિ? તો અમે પણ કરશું. આહા..હા..! જુઓને, ગણધર જેવા પંચમહાવ્રત પાળે છે કે નહિ? એ ફોતરા છે. અંદર રાગરહિત આનંદકંદની અનુભવની દૃષ્ટિ, સ્થિરતા એ બીજી ચીજ, ભિન્ન ચીજ છે. એ ફોતરામાંથી કસ નથી આવતો. અને કસ અંદર પડ્યો છે આત્મામાં. કસ કહે છે? શું કહે છે? સાર, કસ, માલ. અંતર આત્માના સ્વભાવમાં ધ્રુવમાં માલ પડ્યો છે આખો. એના અનુભવથી તે માલ બહાર આવે છે. એના ઉપર પછી આ ફોતરા મહાવ્રતના હોય છે. મુનિ સાચા હોય પણ એ પાંચ મહાવ્રતના વિકલ્પમાં હોય એ અજ્ઞાની દેખે, જુઓ એ કરે છે. પણ એની દૃષ્ટિ ત્યાં નથી, એની દૃષ્ટિ અંદરમાં છે. એ અહીં કહે છે.

'**જગતમાં તુષના જ્ઞાનમાં જ...**' ફોતરા કીધાને? બાજરીના ફોતરા કે અનાજના ફોતરા. આહા..હા..! ભુસા. '**જેમની બુદ્ધિ મોહિત છે (-મોહ પામી છે)...**' આહા..હા..! ચોખાને દેખતા નથી. અંદર જે ચાવલ છે એને દેખતા નથી, પણ ચાવલના ઉપરના ફોતરાને દેખે છે. એમ પંચમહાવ્રતના પરિણામ એ તો તુષ-ભુસા છે. એની અંદરનો આખો ચોખો તો આનંદકંદ પ્રભુ નિર્મળાનંદ તેનો અનુભવ તે મોક્ષનો માર્ગ છે. આહા..હા..! આવું કામ હવે. '**જેમની બુદ્ધિ મોહિત છે એવા પુરુષો તુષને જ જાણે છે,...**' એ મહાવ્રતના પરિણામ તુષ જેવા છે એ એમાં ફોતરાને જાણે પણ અંદર ચોખો જુદો છે એને જાણતા નથી. એમ અજ્ઞાની મહાવ્રતના પરિણામ ફોતરા જેવા, ભુસા જેવા છે એને માને પણ પાછળ ભગવાન અખંડ આનંદનો નાથ જેની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતામાં પવિત્રતા પ્રગટી છે એને એ જોતો નથી. આહા..હા..!

છેને? '**તુષને જ જાણે છે,...**' 'જ' પાછો હોં ઈ. ફોતરાને જ જાણે છે. ચોખો અંદર પડ્યો છે ભિન્ન ફોતરાથી જુદો (એને દેખતા નથી). આ ચોખા કરે છેને? શું હોય એના ફોતરા? શું કહેવાય એ? કમોદ-કમોદના ચોખા. ડાંગર. ઉપરના ફોતરા, અંદર ચોખો જુદો હોય. ફોતરાથી જુદો હોય, પણ અંદર જે લાલ છાલ જરી, ચોખામાં લાલ હોય લાલ એનાથી જુદો હોય છે. આહા..હા..! એમ આ ફોતરા એટલે બહારથી શરીર, વાણી, મન એ ફોતરા એ તો જુદો પણ અંદરમાં લાલ છાલ એટલે દયા, દાન, વ્રતના પરિણામ એ લાલ રંગ છે એનાથી ચોખો અંદર જુદો છે. આહા..હા..! એ ચોખાને જોતા નથી, પણ ફોતરાને જોનારા છે. આહા..હા..! એમ અજ્ઞાની મહાવ્રત ને પંચ સમિતિ-ગુપ્તિનો વ્યવહાર

પુણ્યના પરિણામ ફોતરા જેવા છે એને જોવે છે, પણ એની પાછળ ભગવાન આનંદનો નાથ કસવાળો પડ્યો છે એને એ જોતા નથી. આહા..હા..! રખડી મરે છે એમને એમ. આહા..હા..! એવા પંચમહાવ્રત અને દીક્ષા પણ અનંતવાર લીધી, એ કાંઈ નવી ચીજ નથી. આહા..હા..! એ બધા શુભભાવ છે. પંચમહાવ્રત, સિમિતિ, ગુપ્તિ, આહાર નિર્દોષ લેવો, નગ્નપણું રાખવું એ તો બધો બહારની ચીજ અજીવની છે અને પુણ્યના પરિણામ છે એ વિકારના પરિણામ છે. એ પણ પરમાર્થે તો અજીવ છે. આહા..હા..!

એ જીવ અધિકારમાં આવી ગયું છે. શુભભાવ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો ભાવ એ રાગ છે એ અજીવ છે, એમાં જીવ ચૈતન્ય આનંદનો સાગરનો અંશ એમાં નથી. જ્ઞાનસૂર્ય પ્રભુ, જ્ઞાનચંદ્ર, જ્ઞાન જિનચંદ્ર એવો આત્મા તેના જ્ઞાનનો અંશ એ રાગમાં નથી. આહા..હા..! એ રાગની ક્રિયાને ધર્મ માને અને અંદર રાગથી ભિન્ન ભગવાન છે એને એ જોતા નથી. આહા..હા..! આવી વાતું આકરી પડે હવે. સંપ્રદાયવાળાને તો કઠણ પડે. શું થાય? માર્ગ તો આ છે, રહી ગયો છેને એ. અને એવો શુભભાવ અનંતવાર કર્યો, નવમી ગ્રૈવેયકે ગયો એવો. એવો તો અત્યારે છે પણ નહિ. અત્યારે તો સાધારણ મહાવ્રતના પરિણામ સાધારણ, શુભરાગ અને એનાથી ધર્મ અને સંવર અને નિર્જરા થઈ અમારે એમ અજ્ઞાની માને છે. આહા..હા..! એ ફોતરાને માને છે. અંદર ચાવલ-ચોખાને જોતા નથી. આહા..હા..! એમ અજ્ઞાની ફોતરાને જેમ જોવે છે અને ચોખાને (જોતા નથી), એમ આ પોતે પુણ્યની ક્રિયાને દેખે છે (કે) વ્રત પાળ્યા અને અહિંસા પાળી, દયા પાળી, વ્રત કર્યા, તપસ્યા કરી, આહા..હા..! આ વર્ષીતપ કરે છે. કરે છેને? એક દિ' ખાવું અને એક દિ' ન ખાવું. એ બધી રાગની ક્રિયા મંદ કરતો હોય તો પુણ્ય છે, ફોતરા છે. આહા..હા..! એને અજ્ઞાની જોવે છે, પણ એની પાછળ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન છે એને તે માનતો નથી, જોતો નથી, વિશ્વાસ કરતો નથી, તેને શરણે જતો નથી. આહા..હા..! ભારે આકરું કામ! તેથી આકરું લાગેને. સોનગઢે નવો ધર્મ કાઢ્યો એમ વાત કરે છે. બાપુ! નવો નથી ભાઈ! આ તો અનાદિનો ભગવાનનો તીર્થંકરદેવ, જિનેન્દ્રદેવ અનાદિનો આ જ કહી રહ્યા છે. '**તંદુલને જાણતા નથી.**' જેમ એ ફોતરાને જાણે તે ચોખાને જાણતા નથી. એમ મહાવ્રતની ક્રિયાને દેખનારા એ ફોતરા જેવાને દેખે છે, પણ અંદર રાગથી રહિત ચૈતન્ય આત્મ જ્ઞાનસ્વરૂપને એ જાણતા નથી.

'**ભાવાર્થ :- જેઓ ફોતરાંમાં મુગ્ધ થઈ રહ્યા છે,...**' આહા..હા..! ફોતરાં કીધા છેને ગુજરાતી ભાષા. ભુસો-ભુસો તંદુલ. '**ફોતરાંને જ કૂટ્યા કરે છે, તેમણે તંદુલને જાણ્યા જ નથી;...**' એણે ચોખો અંદર ભિન્ન છે એવું જાણ્યું નથી. '**તેવી રીતે જેઓ દ્રવ્યલિંગ આદિ વ્યવહારમાં મુગ્ધ થઈ રહ્યા છે (અર્થાત્ શરીર આદિની ક્રિયામાં મમત્વ કર્યા કરે છે),...**' આહા..હા..! શરીરની ક્રિયા અને વ્યવહાર વ્રતની ક્રિયા. આદિ

શબ્દ છેને. શરીર આદિની. આદિ શબ્દે વ્રતાદિની ક્રિયા, દેહની ક્રિયાથી નગ્નપણું રહે, બ્રહ્મચર્ય પાળે એ તો પરની, જડની ક્રિયા છે અને ભાવ હોય અંદર બ્રહ્મચર્યનો તો એ શુભભાવ છે, એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! બ્રહ્મચર્ય તો આત્મા આનંદસ્વરૂપ બ્રહ્મ નામ આત્મા આનંદમાં ચરવું, રમવું એનું નામ બ્રહ્મચર્ય છે. એ બ્રહ્માનંદ પ્રભુની તો ખબર નથી. આહા..હા..! આવું આકરું પડે. માર્ગ આ છે, ભાઈ! સંસારના ઉદ્ધારનો પંથ (આ છે). આહા..હા..! ચોર્યાસીના અવતાર કરી કરીને બાપુ! તને થાક લાગ્યો નહિ. થાક લાગ્યો હોય તો વિસામાનું સ્થાન ભગવાન આત્મા છે અંદર. આહા..હા..! એ પુણ્ય પરિણામ એ થાક ઉતારવાનું કારણ નથી, એ તો પોતે થાક છે, દુઃખ છે. મહાવ્રતના પરિણામ એ દુઃખ છે. રાડ નાખે. તત્ત્વાર્થ સૂત્રમાં એને આસ્રવ કહ્યા છે. આસ્રવ છે તે દુઃખ છે. આહા..હા..! એને ક્રિયાકાંડને જોનારા એ તંદુલને જોતા નથી, ચોખાને જોતા નથી એમ આત્માને જોતા નથી અંદર. એ રાગથી ભિન્ન મારો નાથ અંદર બિરાજે છે. આહા..હા..!

રાગ તો ઉપરનું ફોતરું છે મહાવ્રત, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ પણ એ ફોતરાની પાછળ ભગવાન આનંદસ્વરૂપ જ્ઞાનસ્વભાવ એને એ જોતો નથી, જાણતો નથી, માનતો નથી, અનુભવતો નથી. આહા..હા..! કહો, આવી ચોખ્ખી વાત છે આમાં તોપણ લોકો વિરોધ કરે કે નહિ, એ વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય. લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવે. ઝેર પીતા પીતા અમૃતનો સ્વાદ આવે એમ હશે? આહા..હા..! એમ આ મહાવ્રતના પરિણામ તો શુભરાગ ઝેર છે, એ તો વિષકુંભ છે. મોક્ષ અધિકારમાં ઝેરનો ઘડો છે (એમ કહ્યું). આહા..હા..! અવ્રતના પરિણામની તો શું વાત કરવી? આહા..હા..! હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, દુકાનના ધંધાને જાળવવા, ધ્યાન રાખવા, વ્યાજ ઉપજાવવા એ પાપના પરિણામની તો શું વાત કરવી? એ તો ઝેરનો મોટો ઘડો આકરો. આહા..હા..! પણ આવા પંચમહાવ્રતના પરિણામને ત્રણલોકના નાથ જગત પાસે જાહેર કરે છે, પ્રભુ! એ ઝેરનો ઘડો છે અને તું અમૃતનો સાગર છો અંદર, ઘડો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

બહેને એક નાખ્યું છેને મુનિનું. મુનિ છે એ આત્મજ્ઞાની આનંદના રસીલા અંદર હોય છે. બાહ્યમાં નગ્ન હોય, અંતરમાં અતીન્દ્રિય આનંદના રસીલા હોય છે. તો વળી એક મૂક્યું છે બહેને કે આ આનંદનો જે રસ આવે છે એ ઘડામાંથી પાતળી ધારાએ આવે છે. મારે તો પૂરું અમૃત પીવું છે. મુનિને એમ છે. છે એમાં? આવ્યું છે? પ્રવિણભાઈ! પણ એકવાર નહિ ઝાઝી વાર વાંચવું પડશે. ઘડો હોયને ઘડો આ? એમાંથી પાતળી ધારાએ, ધીમી ધારાએ પાણી નીકળેને. એમ મુનિને, સાચા સંતને મહાવ્રતના પરિણામ તો રાગ અને ઝેર છે, એનાથી ભિન્ન પડીને આત્માના આનંદની ધારા વહે છે એને એ અનુભવે છે. તો કહે છે કે પણ એ મારા અનુભવનો જે સાગર એમાંથી પાતળી ધારા એટલે હળવી ધારાએ થોડું અમૃત આવે છે. પાતળી સમજો છો? મારે તો હવે પૂર્ણ અમૃતની ધારા પીવી છે. આહા..હા..!

આવી વાત છે. ઘડો ભર્યો હોય પાણીનો. હળવી ધારાએ થોડું થોડું નીકળે, એમ આત્મા અતીન્દ્રિય આનંદનો મોટો સાગર છે. સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં અને સમ્યક્ ચારિત્રમાં એ અતીન્દ્રિય સાગરમાંથી ધારા વહે છે. આહા..હા..! પણ એ પાતળી ધારા છે, થોડી છે. તો મુનિ કહે છે કે અમને આવી પાતળી ધારાએ હવે સંતોષ નથી. આહા..હા..! અમારે તો આખો સાગર ઉછળે, પર્યાયમાં પૂર્ણ આનંદ આવે એ પીવાના અભિલાષી છીએ. આહા..હા..!

જેમ આ પાંચ-દસ લાખવાળા કરોડપતિને દેખે તો કહે ૯૦ લાખની ખાધ પાડે. એની પાસે કરોડ છે અને મારી પાસે દસ લાખ છે, એટલે મારે કરોડ થાય ત્યારે સખ આવે. એ તૃષ્ણામાં તણાઈ ગયા છે. અહીંયાં આત્માની ભાવનામાં આવી ગયા છે. આહા..હા..! મારો પ્રભુ અતીન્દ્રિય આનંદસ્વરૂપ શુદ્ધ ચિદાનંદ આત્મા જિનેશ્વર સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો, એવું એ આનંદનું ઘર છે, અતીન્દ્રિય આનંદનો પૂરો ડુંગર છે. આહા..હા..! એમાં અમને પાતળી ધારાએ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે એ મુનિપણું, પણ અમને એટલાથી સંતોષ નથી હવે. આહા..હા..! આખો ઘડો ઉછળીને બહાર આવે હવે, આહા..હા..! આવી ભાવના હોય છે. એ પુણ્યના પરિણામની ભાવના હોતી નથી એને. આવે છે પણ એને દુઃખરૂપ જાણે છે. આહા..હા..! આ તો અનાદિનો રાગને દેખનાર ઝેરને ધારાવાહી પીવે છે. એમાંથી કહે છે સમ્યગ્દર્શન થયું, ધર્મીને અંતર આત્માના આનંદનો અનુભવ થઈને પ્રતીત થઈ ત્યારે આનંદની બહુ થોડી ધારા આવે અતીન્દ્રિયની. મુનિ થાય એને વિશેષ આવે, છતાં એ અતીન્દ્રિય આનંદ જે પૂર્ણ કેવળીને (આવે) એવા આનંદની ધારા આગળ આ પાતળી ધારા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. જગતથી તો નિરાળી છે, બાપુ! બધી ખબર છેને. આવા મુનિ હોય એને મુનિ કહીએ. જેને અતીન્દ્રિય આનંદના સ્વાદ આવ્યા છે, અતીન્દ્રિય અમૃતનો સાગર જેની પર્યાયમાં ભરતીમાં આવ્યો છે. દરિયો જેમ પાણીમાં બાઢ અને ભરતી આવે. આહા..હા..! એમ સંતોને, સાચા સંતને અતીન્દ્રિય આનંદની બાઢ-ભરતી પર્યાયમાં આવે છે. એને એમ એ કહે છે કે આ તો પાતળી ધારાએ આવ્યું. આહા..હા..! અમારે તો ધોધમાર અતીન્દ્રિય પૂર્ણ આનંદ જોઈએ છે. એવી મુનિઓની ભાવના હોય છે. મુનિ, બાપા! મુનિ કોને કહેવા, ભાઈ! આહા..હા..! આકરી વાતું પડે દરેકમાં, શું થાય?

અહીંયાં એ કહ્યું, '**વ્યવહારમાં મુગ્ધ થઈ રહ્યા છે (અર્થાત્ શરીરાદિની ક્રિયામાં મમત્વ કર્યા કરે છે), તેમણે શુદ્ધાત્મ-અનુભવરૂપ પરમાર્થને જાણ્યો જ નથી;...**' આહા..હા..! એ વ્યવહારના વ્રત, દયા, દાન, ભક્તિ ને પૂજા ને એના ભાવમાં રોકાઈ ગયા છે એણે આત્મા આનંદસ્વરૂપ છે તેને જાણ્યો જ નથી. આહા..હા..! એને આત્માનો અનુભવ જ નથી. એ પુણ્યના રાગનો અનુભવ ઝેરનો છે. આહા..હા..! 'અજર પ્યાલા પીવો મતવાલા ચિન્હી અધ્યાત્મ વાસા, આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોક તમાશા.' આહા..હા..! આત્મા

એને કહ્યો, ભાઈ! આહા..હા..! હજી તો સમ્યગ્દર્શન ધર્મની પહેલી શ્રેણી થાય તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે, પણ ઘણો થોડો આવે. પાંચમે ગુણસ્થાને શ્રાવક સાચા હોય, આ વાડાને છે એ કોઈ શ્રાવક-બાવક નથી, એ તો બધા (સાવજ છે). આહા..હા..! જેને અંતરમાં પાંચમું ગુણસ્થાન આવે એને આનંદની ધારા થોડી વિશેષ હોય, મુનિને આનંદની ધારા વિશેષ હોય. આહા..હા..! સર્વાર્થસિદ્ધના દેવ એકભવતારી એને પણ જે આનંદ આવે એના કરતા મુનિને આનંદ બહુ હોય છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદ હોય એ મુનિપણું. પંચમહાવ્રત અને નગ્નપણું એ કાંઈ મુનિપણું નથી. વંદનિક છે એ કાંઈ નગ્નપણું અને મહાવ્રત એ વંદનિક નથી. આહા..હા..! વંદનિક તો અંદર આત્માના આનંદની ધારા શુદ્ધ આત્માનું પરિણમન એ વંદનિક છે. આહા..હા..!

અહીં એ કહે છે કે એ જીવો '**શુદ્ધાત્મ-અનુભવનરૂપ પરમાર્થને જાણ્યો જ નથી;...**' આહા..હા..! છે? '**અર્થાત્ એવા જીવો શરીરાદિ પરદ્રવ્યને જ આત્મા જાણે છે,...**' શરીર તે હું, એ વ્રતના પરિણામ તે હું. આહા..હા..! શરીર અજીવ છે, વ્રતના પરિણામ પુણ્યતત્ત્વ છે, ભગવાન અજીવ અને પુણ્યતત્ત્વથી ભિન્ન છે. આહા..હા..! નવ તત્ત્વ છે કે નહિ? તો નવમાં પુણ્યતત્ત્વ તે આત્મા? વ્રત આદિની ક્રિયા છે એ તો પુણ્યતત્ત્વ છે. આહા..હા..! આ દેહાદિ અને વાણી જડ છે એની ક્રિયા તો અજીવની ક્રિયા છે આ તો. ભગવાન અંદર જે છે એ તો પુણ્યની ક્રિયા અને અજીવની ક્રિયાથી જુદો છે અંદર. આહા..હા..! અરે! ક્યાં પહોંચે અને ક્યાં જાય? સાંભળવા મળે નહિ સાચી વાત. કરવા જેવું જે છે એ મળે નહિ અને નથી કરવા જેવું એ મળીને ત્યાંને ત્યાં પડ્યો રહે. આહા..હા..!

'**પરમાર્થ આત્માનું સ્વરૂપ તેઓ જાણતા જ નથી.**' એ વ્રતાદિના પરિણામને આત્મા માનીને ત્યાં રોકાઈ ગયા છે, એ પરમાર્થ છે, રાગથી રહિત વ્રતના પરિણામથી રહિત આત્મા આનંદસ્વરૂપ છે તેને જાણતા નથી, અનુભવતા નથી અને તેને ઓળખતા પણ નથી. એથી એ ચાર ગતિમાં રખડનારા છે. આહા..હા..! વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૪, મંગળવાર, તા. ૨૯-૧૧-૧૯૭૭, કળશ-૨૪૨, પ્રવચન નં. ૫૨૪

સમયસાર, ૨૪૩ શ્લોક છે.

द्रव्यलिङ्गममकारमीलितै-
र्दृश्यते समयसार एव न।
द्रव्यलिङ्गमिह यत्किलान्यतो
ज्ञानमेकमिदमेव हि स्वतः।।२४३।।

શું કહે છે? 'द्रव्यलिङ्ग-ममकार-मीलितैः समयसारः एव न दृश्यते' '**જેઓ દ્રવ્યલિંગમાં મમકાર વડે અંધ-વિવેકરહિત છે,...**' શું કહે છે? ભગવાન જિનેન્દ્રદેવ પરમેશ્વર વીતરાગ જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જેણે જાણ્યા, એક સેકન્ડના અસંખ્યભાગ એવો એક સમય તેમાં પરમાત્મા જિનેન્દ્રદેવે ત્રણકાળ ત્રણલોક જોયા, એની દિવ્યધ્વનિ નીકળી, એ દિવ્યધ્વનિ (થઈ એમાંથી) શાસ્ત્ર રચાણા, એ શાસ્ત્રમાં સિંહનાદ આવ્યો. શું સિંહનાદ આવ્યો? ભગવાન! તું પરમાત્મસ્વરૂપ છો. એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ તો પુણ્ય છે, રાગ છે, પરદ્રવ્ય છે, એ તારું સ્વરૂપ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? દિવ્યધ્વનિ એટલે સિંહની જેમ ગર્જના નીકળે એમ ભગવાનની વાણી (નીકળે છે). પરમાત્મા બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર પરમાત્મા. સીમંધરદેવ વીસ વિહરમાન ભગવાન બિરાજે છે. એની દિવ્યધ્વનિ સિંહની ગર્જના નીકળી. આહા..હા..! જેમ બકરાના ટોળામાં સિંહનું બચ્ચું આવી ગયું હોય તો એને ખબર નથી કે હું સિંહ છું. બકરાના ટોળામાં 'બકરું છું' એવું માન્યું. એમ અનાદિથી અજ્ઞાની 'પુણ્ય અને પાપના ભાવ વિકારી અને શરીરાદિ મારા' એવા મમકારમાં બકરાના ટોળામાં ભળી ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! એમાં પરમાત્માની દિવ્યધ્વનિની ગર્જના આવી. આહા..હા..! પ્રભુ! તું પરમાત્મા છોને. મારી જાતની જાત જ તારામાં છે. આહા..હા..! એ સર્વજ્ઞ વીતરાગ એમ કહે કે હું સર્વજ્ઞ વીતરાગ દશામાં થયો એવી શક્તિ તારી પરમાત્મ સર્વજ્ઞ સર્વદર્શી અને પૂર્ણ આનંદ તારું સ્વરૂપ છે. આહા..હા..! એ બકરાના ટોળામાં દયા ને દાન ને વ્રત ને ભક્તિમાં ધર્મ માનનારા બકરાના ટોળામાં સિંહ ગરી ગયો અંદર. એ કહ્યુંને?

'**જેઓ દ્રવ્યલિંગમાં મમકાર વડે અંધ—**' થઈ ગયા. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! આ શરીર તો જડ, માટી, ધૂળ છે. અંદરમાં હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એવા ભાવ એ પાપ છે અને દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજાનો ભાવ તે પુણ્ય છે. એ

પુણ્ય અને પાપને પોતાના માન્યા એ સિંહ એ બકરું થઈ ગયો. આહા..હા..! અરે! પ્રભુ! તું કોણ છો? તને તારી ખબર નથી. એવી ક્રિયાકાંડથી તને આત્માને લાભ થાય એવો તું છો નહિ. આહા..હા..! આકરી વાતું, બાપુ! એણે અનંતકાળમાં જિનેશ્વર, પરમેશ્વર પરમાત્માએ કહેલું આત્મતત્ત્વ શું છે એને એણે જાણ્યું જ નથી અને એ તત્ત્વને જાણ્યા વિના પ્રવૃત્તિની ક્રિયાકાંડમાં એક તો જાણે સંસારના પાપને આડે નવરો નથી. એમાં મુંબઈ જેવી નગરી તે મોહમયી. આખો દિ' હોળી સળગતી હોય. બે-પાંચ કરોડ રૂપિયા હોય, ધૂળ કરોડ હોય કાંઈક તો બસ જાણે આહા..હા..! બકરાના ટોળામાં સિંહ બકરું થઈ ગયો. સમજાણું કાંઈ?

અહીં તો પરમાત્માનો એ પોકાર છે કે પ્રભુ! તું તો અનંત-અનંત બેહદ આનંદ અને અનંત જ્ઞાન અને અનંત શાંતિનો સાગર પ્રભુ તું છો. અમારો સિંહનાદ દિવ્યધ્વનિ તારા સિંહને પોકાર કરે છે. આહા..હા..! તું આ પુણ્ય અને પાપની ક્રિયાકાંડ વડે તને લાભ થાય એ અજ્ઞાનમાં મળી ગયો તું, અંધકાર-આંધળો થઈ ગયો છો. આહા..હા..! ઝીણી વાતું, ભાઈ! સમજાણું કાંઈ? છે? '**જેઓ દ્રવ્યલિંગમાં મમકાર...**' એ હું એમ. પણ અંદર ભાવ આનંદનો નાથ પ્રભુ છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદ અનંત અમાપ જેમાં ભર્યો છે, અતીન્દ્રિય જ્ઞાન અમાપ જેમાં ભર્યું છે એવી અનંત શક્તિનો સાગર મહા એને સર્વજ્ઞ સિંહ એની વાણી ગર્જના એમ પોકારે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

દિવ્યધ્વનિ છેને. સાક્ષાત્ ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. ત્યાં વાઘ અને સિંહ, ઈન્દ્રો અને રાજા સભામાં જાય છે. આ કૂતરીના બચ્ચાની જેમ ઈન્દ્રો સાંભળે આમ. એ પ્રભુની વાણી અને પ્રભુ શું, બાપુ! એને ખબર નથી. આહા..હા..! એક તો આ દુનિયાની મજૂરીમાં નવરો થાતો નથી. એ.. વીરચંદભાઈ! આ હસમુખનું સાંભળ્યું? હસમુખ ગાંધી. બોટાદના હસમુખ ગાંધી છે. ૪૨ વર્ષની ઉંમર. અહીં રહે છે અને હમણા ભાવનગર. લાખોની પેદાશ, મુંબઈમાં લોઢાની દુકાન છે. લાખોની પેદાશ. ૪૨ વર્ષની ઉંમર. પોતે દુકાન કરેલી. આ બધા પૈસાવાળાને સાંભળવા જેવું છે. આહા..હા..! એય..! એને પૈસો ક્યાં છે? એના છોકરા પાસે છેને. આહા..હા..! એ ભાઈઓને કહે.. ત્રણ ભાઈઓ છે. બે ભાઈઓને કહે. પોતે દુકાન કરેલી, પોતે ચલાવી. ભાઈ! મને મારે ત્રીજો ભાગ રૂપિયો આવતો હોય તો મને ચાર આના આપો, મને દુકાનથી છૂટો કરો, મને હવે આ દુકાન ચલાવવી નથી. આ હમણાં જ આવ્યો છે અહીં. ભાવનગર રહે છે અને અહીં વાસ્તુ લીધું. મુંબઈમાં દુકાન છે લોઢાની. લાખોની પેદાશ છે વર્ષે. ત્રણ ભાઈઓ. એય..! મલુકચંદભાઈ! શું આ તમારા છોકરા-બોકરાને કાંઈ લખ્યું કે નહિ? મુંબઈમાં છેને એનો ઓલો શું કહેવાય? પૂનમચંદ. પૂનમચંદ મલુકચંદ આ એનો દીકરો છે. પાંચ કરોડ રૂપિયા. મોટા મકાન કરાવે છે, હોળી! અને એક છોકરો ત્યાં સ્વીત્ઝર્લેન્ડમાં છે મોટો એની પાસે ચાર કરોડ છે, આની પાસે પાંચ કરોડ છે મુંબઈ. નવરા થાતા નથી, સાંભળવા પણ નવરા થાતા નથી. પૂનમભાઈ! અહીં તો કહેવું છે કે

'એ મારા છે' એમાં રોકાઈ ગયો મમતા. અહીં તો હજી આઘા લઈ જવું છે. આહા..હા..! એના ભાઈઓને કહે, ભાઈ! મને છૂટો કરો, બાપુ! અમે નહિ કરીએ. તારી દુકાન અને અમે છૂટા શી રીતે કરીએ? તેં કરી દુકાન, તારી હિસાબે ચાલે. ભાઈસાહેબ હવે મને પાલવતું નથી. ૪૨ વર્ષની ઉંમર. એક દીકરી અને દીકરો, બે. દીકરી છે ૧૩ વર્ષની, છોકરો એક ૧૧ વર્ષનો. આહા..હા..! એણે પણ બેસાડ્યું છેને. અહીં આવે છે. આજે નથી આવ્યા. આવ્યા છે? સવારે હતા. અત્યારે નથી આવ્યા. ભાવનગર. ભાઈને મૂકવા આવ્યા હશે. ચાલતી લાખોની પેદાશ અને પોતે કર્તાહર્તા. અરે! પણ ધૂળમાં શું છે? મરીને જાવું છે ક્યાં? એ લોકોએ પાંચ લાખ આપ્યા. મોટી દુકાન છે, મોટી પેદાશ છે. બસ, મારે બસ છે. હવે હું દુકાનનો માલિક પણ નહિ, દુકાનમાં આવવાનો નહિ, દુકાનમાં મારો હક નહિ, હું દુકાને નહિ આવું, મારે હવે કાંઈ કામ નથી. એય..! વીરચંદભાઈ! અહીં હમણાં વાસ્તુ લીધું. છે?

**શ્રોતા :-** બરાબર સમજાઈ ગયું કે એમાં મારાથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મને ભાગ આવતો હોય... ત્રણ ભાઈઓ, એનો મને ભાગ આવતો હોય એનો ચોથો મને આપો, પણ મને છૂટો કરો. હવે હું દુકાને નહિ આવું. ૪૨ વર્ષની ઉંમર. મોટી દુકાન છે ત્યાં મુંબઈ. આ તો કરવાનું કોણ છે, બાપુ? મરી ગયો આમને આમ કરી કરીને. આહા..હા..! અહીં તો ત્યાં સુધી અટક્યો, એ તો પાપમાં અટક્યો, પણ અહીં તો પરમાત્મા એમ પોકારે છે કે કદાચિત્ તું સાધુ થયો અને પંચમહાવ્રત લીધા, શ્રાવક થયો અને બાર વ્રત લીધા, પણ એ પંચમહાવ્રત અને બાર વ્રત એ બધી રાગની ક્રિયા છે, ભાઈ! તને ખબર નથી. તારો નાથ અંદર રાગ વિનાનો બિરાજે છે. આહા..હા..! અનંત વીતરાગતા અને અનંત આનંદનો સાગર પ્રભુ અંદર છે, જેને રાગનો સ્પર્શ નથી. આહા..હા..! એ મહાવ્રતની ક્રિયા છે દયા એ રાગની ક્રિયા છે. એવી અનંતવાર કરી છે, પ્રભુ! તને ખબર નથી. આહા..હા..! તું અંદર આનંદનો નાથ, અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતપ્રભુતા એવી સિંહની ચીજ ક્રિયાનો સ્વામી તું છો, એને સિંહનાદ પરમાત્માનો આવ્યો કે પ્રભુ! તું મારા જેવો જ છો. આહા..હા..! અને તેમાં તું આ મહાવ્રતાદિની ક્રિયામાં રોકાઈને આ મને લાભ થાશે, મિથ્યાદૃષ્ટિ મૂઢ છો.

**શ્રોતા :-** .. મૂઢ થઈ ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહ્યાને. મૂઢ થઈ ગયો ભાન નહિ માટે. બકરીનું બચ્ચું થઈ ગયો સિંહ. આહા..હા..! આ જંગલમાં બચ્ચા હોય છેને. સિંહણ અને સિંહનું બચ્ચુ નાનું હોય અને બહુ વરસાદ હોયને સિંહ અને બચ્ચુ જુદાં પડી જાય. ધ્રુજી ઉઠે ઠંડીમાં. એમાં કોઈ ગામ નજીક હો ત્યાં ગરમી લેવા કે ઓથ લેવા જાય, કોઈ ભીંતને (ઓથે). એમાં કોઈ નીકળે અંદરનો માણસ કોઈ. ભાઈ, આપણી બકરી આવી હતીને ક્યાં ગઈ? આવી નથી. તો આ બકરી લાગે છે. એમ કરીને .. મારીને ઘરમાં લઈ જાય. બકરીની પેઠે બાંધે એને દોરડી. અને એને બહાર લઈ જાય અને એમાં બહાર લઈ જતાં ઓલી સિંહણ ગોતતી

હતી એને. એમાં બહાર સિંહનો અવાજ આવ્યો, આને ખબર પડી કે આ તો મારી મા. છલાંગ મારીને દોરડા તોડીને ત્યાં ચાલ્યું ગયું. એમ આઠ કર્મના દોરડે બંધાઈ ગયેલો અજ્ઞાની બકરાની જેમ રાંક થઈ ગયો. જ્યાં પાંચ લાખ, દસ લાખ રૂપિયા મળે તો આહા..હા..! અમે શું છીએ? સાંભળને ભિખારી રાંકા. તારી અંતર લક્ષ્મીની તને ખબર નથી અને બહારની લક્ષ્મીનો માંગણ. એય..! નંદાભાઈ! અહીં તો એવું છે, બાપુ! આહા..હા..! સિદ્ધાંતમાં કહ્યું છે હોં વરાંકા. ભગવાને વરાંકા, રાંકા કીધા છે. જેને આત્મા અનંત આનંદનો નાથ અંદર છે. અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન અનંત-અનંત એ પ્રભુતાનો એને વિશ્વાસ નથી અને આ પુણ્ય અને પાપની ક્રિયાનો વિશ્વાસ કે આ મારી છે અને એનાથી મને કાંઈક ઠીક થશે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અહીં પરમાત્મા પોકારે છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઈન્દ્રો અને સિંહ અને વાઘને સર્પની વચ્ચે પોકારે છે. સભામાં તો સિંહ હોય, વાઘ હોય, બધા આવે ભગવાનની વાણી સાંભળવા. આહા..હા..! કહે છે કે એ કોઈપણ પ્રાણી એ વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિનો છે એને પોતાનો માની અને 'એટલો હું છું' એમ માને છે એ રાંકો, બકરું, ભિખારી છે. એને ભગવાન અંદર આનંદનો નાથ પ્રભુ અનંત પરમેશ્વરની શક્તિનો સાગર... પણ કેમ બેસે? બે બીડી સરખાઈની પીવે ત્યારે ભાઈસાહેબને દસ્ત ઉતરે પાયખાને જાય ત્યારે. આવા તો અપલક્ષણ. એને એમ કહે કે તું પરમાત્મા છો અંદર. બેસે કેમ એને? એય..! આહા..હા..! એક જ્યાં પાંચ પચાસ હજાર પૈસા મળે એક દિ'માં એકસાથે. કરો લાપસીના આંધણ. શું ધૂળમાં છે? મરી ગયો આમાં તું. આનંદનો નાથ અંદર છે એને વિરુદ્ધ ભાવમાં તેં રખડાવી માર્યો. આહા..હા..! ભગવાનજીભાઈ! આવી વાતું છે. આહા..હા..!

**શ્રોતા :-** અમારે રૂપિયા હોય તો કરવું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાં? કોના હતા રૂપિયા? રૂપિયા તો જડના છે. જડના રહે અને જડને કારણે રહે અને જડને કારણે જાય. એ આત્માને કારણે આવે અને આત્મા આપી શકે એ ક્રિયા એની છે નહિ. આકરી વાતું, બાપુ! વીતરાગમાર્ગ જગતથી જુદો છે. અરેરે! એને સાંભળવા મળે નહિ. આહા..હા..!

અહીં તો પોકાર છે કે '**દ્રવ્યલિંગમાં મમકાર...**' એટલે આ મારા એમ. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ એ શુભરાગનો વિકલ્પ છે, રાગ છે, એ અન્ય પદાર્થના સંયોગે ઉત્પન્ન થયેલી ઉપાધિ છે. એનામાં મમકાર (કરે કે) આ હું છું, એમ આંધળાઓ. આહા..હા..! છે? '**મમકાર વડે અંધ-વિવેકરહિત છે,...**' આહા..હા..! આકરું કામ, બાપા! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરની... ક્યાં પડી છે એને? હું ક્યાં જઈશ? આંખો મીંચીને ક્યાં ચાલ્યો જઈશ? આહા..હા..! વંટોળીયાના તરણા ઉડીને ક્યાં જઈને પડે? એમ જેને આત્માનું ભાન નથી અને રાગાદિમાં પરમાં મમતા કરીને પડ્યા છે એ મિથ્યાત્વના વંટોળીયે ઉડી જશે અને ચાર

ગતિમાં ક્યાંય પડાવ નાખશે રખડવા. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ઝીણી વાત, બાપુ! અત્યારે આ વાત સાંભળવી કઠણ પડે એવી છે.

બાપુ! તું પ્રભુ છો. આત્મામાં પ્રભુત્વશક્તિ છે, ભગવાને કીધી છે. ત્રિલોકનાથ એ પ્રભુ થયા ક્યાંથી? એ પ્રભુત્વ શક્તિ પડી છે એમાંથી થયા છે. આહા..હા..! પરમેશ્વર અરિહંત સર્વજ્ઞદેવ, નમો અરિહંતાણં ચાર કર્મનો નાશ, ચાર કર્મ બાકી છે પ્રભુને. સીમંધર ભગવાન અરિહંતપણે બિરાજે છે અને મહાવીર પરમાત્મા આદિ સિદ્ધપણે બિરાજે છે. એ નમો સિદ્ધાણંમાં છે. એને કાંઈ હવે શરીર-બરીર નથી અને આ ભગવાન બિરાજે એને શરીર છે અને કેવળી છે. આહા..હા..! એમની વાણીનો પોકાર છે. વાણી અરિહંતને હોયને? સિદ્ધને હોય? શરીરરહિત થઈ ગયા નમો સિદ્ધાણં. ચોવીસ તીર્થંકરો સિદ્ધપદ થઈ ગયા, એને વાણી ન મળે, શરીર ન મળે. આ તો પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં. એની વાણી-દિવ્યધ્વનિ આવે છે એમાં આવેલી આ વાત છે. આહા..હા..!

અરે! ભગવાન તું મારી જાતનો, નાતનો. આહા..હા..! પરમાત્મસ્વરૂપે જ તું છો અંદર. એનો તને વિશ્વાસ નહિ. એનાથી મને લાભ થશે એવું પરમાત્મસ્વરૂપ શું? તેને પરમાત્મસ્વરૂપને આશ્રયે નિર્વિકલ્પ જે દશા છે વસ્તુ, એવી નિર્વિકલ્પ પરિણતિ થાય તે મારા મોક્ષના માર્ગને માટે છે. કેમકે વસ્તુ નિર્વિકલ્પ પૂર્ણ પરમાત્મા અને એનું સાધન અંતર સ્વરૂપને આશ્રયે થયેલી નિર્વિકલ્પ રાગ વિનાની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા અને એનું ફળ પૂર્ણ વીતરાગતા, વીતરાગ નિર્વિકલ્પદશા. સમજાણું કાંઈ? જયસુખભાઈ! આહા..હા..! અરે! પ્રભુ! તેં તારી વાત પણ સાંભળી નહિ અને દુનિયાની વેઠું કરીને મરી ગયો.

અહીં એ કહે છે કે એવી ક્રિયાકાંડ પંચમહાવ્રત. એના ઠેકાણા ક્યાં છે એને. અહીં તો કહે છે પંચમહાવ્રત કર્યા, દયા પાળી, વ્રત લીધા, તપસ્યાઓ કરી એ બધી રાગની ક્રિયા છે, તને ખબર નથી. પરદ્રવ્યના સંયોગે ઉપાધિ છે. એમાં જેનો મમકાર છે એ સ્વરૂપના આંધળા જે સ્વરૂપ નથી તેમાં પોતાનું માનીને પડ્યો છે એ ચોર્યાસી લાખ (યોનિમાં) રખડી મરશે. આહા..હા..!

‘**દ્રવ્યલિંગમાં મમકાર વડે...**’ ‘**मीलितैः**’ છેને? અંધ થઈ ગયો છે. આંખો બંધ થઈ ગઈ છે અંદર. આહા..હા..! ભગવાન જે આત્મા આનંદસ્વરૂપને જોવાની આંખો બંધ કરી દીધી અને રાગને જોવા અને રાગથી મને લાભ થાશે ત્યાં આંધળો થઈ ગયો. આહા..હા..! ઝીણી વાત, બાપુ! પરમાર્થ વીતરાગમાર્ગ છે. એવો માર્ગ બીજે ક્યાંય નથી જિનેશ્વર પરમેશ્વર સિવાય. એને તો અત્યારે જૈન માર્ગમાં જૈન પરમેશ્વરની વાત રહી નથી. પોતાની કલ્પનાની વાતું કરી કરીને જગતને ધર્મ બતાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

પ્રભુ! એકવાર સાંભળ કહે છે. આહા..હા..! તું સિંહ જેવો પરમાત્મસ્વરૂપ એનો વિશ્વાસ અને એની દૃષ્ટિ અને એની સન્મુખતાને છોડી દઈ અને જે પુણ્યની ક્રિયા દયા, દાન, વ્રત,

ભક્તિ જે રાંક, એ રાંક અને રાગ એમાં મમકાર વડે 'આ હું' (એમ માને છે). શબ્દ શું છે જુઓ, **'વિવેકરહિત છે,...' 'समयसारः एव न दृश्यते'** તે ભગવાન પરમાત્મસ્વરૂપ અંદર બિરાજે છે તેને જોતો નથી. આહા..હા..! આવી વાતું છે, ભાઈ! અરેરે! રાગના રસિયા કહે છે, એ વીતરાગ સ્વરૂપ બિરાજે જિન એને દેખતો નથી. આહા..હા..! શું કીધું? સમયસાર. સમયસાર એટલે આત્મા શરીરથી રહિત, કર્મથી રહિત અને પુણ્ય-પાપના પરિણામના વિકલ્પથી રહિત એનું નામ સમયસાર એટલે આત્મા. આહા..હા..! એ રાગને દેખનારા રાગ વિનાનો ભગવાન છે તેને તે દેખતા નથી. આહા..હા..! એ થોડા શબ્દોમાં કેટલું ભર્યું જોયું! અંદર અનંત આનંદ અને અનંત જ્ઞાન, અનંત પ્રભુતા એવી અનંત શક્તિઓનો સાગર પ્રભુ એની સામું જોતો નથી, તેને પોતાનો વિશ્વાસ કરતો નથી અને એનાથી વિરુદ્ધ એવા શુભભાવ, મુનિની ક્રિયાઓ અને શ્રાવકની ક્રિયાઓ જે શુભભાવ એમાં મમકાર વડે, આ મમકાર જોઈએ એને ઠેકાણે આ મમકાર વડે. આહા..હા..! ક્યાં પણ એ વાત વિચારવાનો વખત પણ ક્યાં અત્યારે? દોડમદોડ ચાલી. એમાં બે-પાંચ કરોડ રૂપિયા થઈ જાય (ત્યાં) હું પહોળો ને શેરી સાંકડી થઈ જાય. આહા..હા..! પાગલપણું વધી જાય. આહા..હા..!

કહે છે.. બહુ ટૂંકા શબ્દોમાં ઘણું ટૂંકું અને મોટી વાત. છેલ્લી ગાથાઓ છે. પ્રભુ! અંદર સમયસાર છેને. સમય નામ આત્મા અને એનો સાર એટલે રાગરહિત પૂર્ણ આનંદ, અનંત બેહદ અપરિમિત આનંદ, અનંત બેહદ અપરિમિત જેનું સ્વરૂપ જ્ઞાન, એવો અપરિમિત બેહદ જેની શ્રદ્ધાનો સ્વભાવ એવા અપરિમિત બેહદ અનંત શક્તિઓનો સાગર એવા પરમાત્માને ન દેખતા. છે? **'સમયસારને જ દેખતા નથી;...'** આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. શુભની ક્રિયાને દેખનારાઓ એ શુદ્ધ આનંદના નાથને જોતા નથી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અને બકરાના ટોળામાં ગરી ગયો સિંહ અને પછી એણે માન્યું કે બકરું. એમ આ ક્રિયાકાંડના કરનારાની ભેગો ભળી ગયો અંદર, હું પણ રાગની ક્રિયાનો કરનાર અને રાગ મારું સ્વરૂપ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'મમકાર વડે...' 'मीलितैः' 'मीलितैः'** આંધળો થઈ ગયો. આહા..હા..! રાગની ક્રિયા મહાવ્રતની મારી એના મમકાર વડે આંધળો થઈ ગયો છે. ભગવાન અંદર ચૈતન્યમૂર્તિ પ્રભુ એવો એને વિશ્વાસ નથી, દેખ્યો નથી અને દેખતા જે નિર્મળ પરિણતિ થાય તે જેવી વીતરાગ શક્તિ છે અને વીતરાગ સ્વરૂપ છે, પરમાત્મસ્વરૂપ છે, એવું જ પરમાત્મસ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિના સાધનરૂપ, પરમાત્માને આશ્રયે થયેલી વીતરાગી નિર્વિકલ્પદશા એને તે દેખતો, જાણતો, અનુભવતો નથી. આહા..હા..! આકરું લાગે (પણ) શું થાય, ભાઈ! પાપના પરિણામ તો એકકોર રહ્યા, હવે મહાવ્રત જેવા પરિણામ. એય..! અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ. એક કપડાનો કટકો પણ ન રાખે એવો નગ્ન મુનિ. એમાં પંચમહાવ્રતના એના ભાવ શુક્લલેશ્યા, પણ એ આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવ તેમાં મમકાર કરી, આહા..હા..! 'આ અસ્તિત્વ

મારું છે' એમ માની અને સમયસારનું આખું અસ્તિત્વ જે છે તેને તે જોતા નથી, જાણતા નથી, માનતા નથી. સમજાણું કાંઈ? આવો માર્ગ હશે? આહા..હા..!

ભગવાનનો પોકાર છે (કે) જ્યાં તારે મમત્વ કરવું જોઈએ એ ચીજ (તેને તું જોતો નથી). મમ એટલે આનંદનો અનુભવ થાય એ મમ છે. આ મમ નથી કહેતા છોકરાને? મમ કરવું છે મમ? મમતા જુદી અને મમ જુદું. એ આનંદનો નાથ ભગવાન અંદર છે એની સામું જોઈને મમ કરવાનું, આનંદનો અનુભવ કરવાનો છે. એ આનંદનો અનુભવ થોડો. પૂર્ણ વસ્તુ, પણ એને આશ્રયે થયેલી આનંદની થોડી દશા તે સાધન અને આનંદની પૂર્ણ દશા તે તેનું સાધ્ય. આ બધી રમતું અંદરમાં ને અંદરમાં છે, બહારની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! રાગના વિકલ્પની સાથે સંબંધ નથી. અહીં તો એ ઠરાવે છે આ પંચમહાવ્રત પાળીએ છીએ અને આચરીએ એ સાધન છે અને હળવે હળવે મોક્ષ થાશે. અરે! પ્રભુ! શું કરે છે, ભાઈ? તારો ભગવાન એમાં અંજાઈ ગયો. રાગની ક્રિયામાં અંજાઈ ગયો. એને અંતર સ્વરૂપ સમયસાર પરમાત્મસ્વરૂપ જોતાં, દેખતા ન આવડ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેઓ સમયસાર...**' '**एव**' શબ્દ છેને? '**समयसारः एव न दृश्यते**' આ દેખે છે, પણ સમયસાર ત્રિકાળી ચીજ છે એને જરીએ દેખતો નથી. આહા..હા..! '**સમયસારને જ દેખતા નથી;...**' એટલે? બધું દેખે કહે છે. રાગને, પુણ્યને, પાપને અને એના ફળને. આહા..હા..! એક આ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ તેને એ દેખતા નથી. આહા..હા..! જે દેખવા જેવો અને શ્રદ્ધવા જેવો છે તેને દેખતો અને શ્રદ્ધતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**यत् इह द्रव्यलिङ्गम् किल अन्यतः**' હવે સિદ્ધ કરે છે '**કે આ જગતમાં દ્રવ્યલિંગ તો ખરેખર અન્યદ્રવ્યથી થાય છે,...**' આહા..હા..! એ દયા, દાન, વ્રતના પરિણામ એ અન્ય દ્રવ્યના નિમિત્તથી થતા અન્યદ્રવ્યરૂપ છે, એ સ્વદ્રવ્ય નથી. આહા..હા..! જ્ઞાન અને આનંદસ્વરૂપ જે સ્વદ્રવ્ય એનાથી રાગની ક્રિયા અન્ય દ્રવ્ય અને અનેરી ક્રિયા છે. સમજાણું કાંઈ? આ તો નિવૃત્તિ લેવી જોઈએ, બાપુ! અને નિવૃત્તિથી એનું વાંચન જોઈએ અને સ્વાધ્યાય જોઈએ. આહા..હા..! અને એના સ્વાધ્યાયમાં પણ ભગવાન પૂર્ણ છે એ તરફ એને જુકવું જોઈએ રાગથી ભિન્ન પડીને. રાગથી ભિન્નનો અર્થ? રાગ છે એમ એના ખ્યાલમાં ભલે ન આવે, પણ આ પર ઉપર લક્ષ જાય છે એવો ભાવ તે રાગ છે, તેનાથી ખસીને ભગવાન પરમાનંદરૂપ સમયસાર એને જોવો, જાણવો અને માનવો અને વિશ્વાસમાં લેવો. આહા..હા..! એ લેતો નથી કહે છે. જે કરવાનું છે તે કરતો નથી અને નહિ કરવાનું કરીને અમે ધર્મી છીએ એમ માનીને બેસે છે. આહા..હા..!

'**यत् इह द्रव्यलिङ्गम् किल अन्यतः**' '**આ જગતમાં દ્રવ્યલિંગ...**' વ્રતની ક્રિયા, તપની ક્રિયાનો વિકલ્પ આદિ એ ખરેખર તો અન્ય દ્રવ્યથી થાય છે, એ અન્ય દ્રવ્ય જ

છે. આહા..! સ્વદ્રવ્ય આનંદકંદ પ્રભુ અનાકુળ શાંતરસનો કંદ એ એનાથી અન્ય દ્રવ્ય છે ઈ. આહા..હા..! ક્યાં ગયા ભાઈ? વાડીભાઈ! આવી વાત છે, વાડીભાઈ! આ જિનેન્દ્રનો માર્ગ. આહા..હા..! અરેરે! સાંભળવા મળે નહિ એને, એ કે દિ' વિચારે, ક્યારે રુચિ કરે અને ક્યારે પરિણમાવે? આહા..હા..! એ દુર્લભ વસ્તુ (છે), અશક્ય નહિ. પોતાની ચીજ છેને અંદર. આહા..હા..! '**જગતમાં દ્રવ્યલિંગ તો ખરેખર અન્યદ્રવ્યથી થાય છે,...**' આહા..હા..! એ મહાવ્રતના પરિણામ પણ નિશ્ચયથી તો અન્ય દ્રવ્ય પુદ્ગલ છે. પુદ્ગલના પરિણામ કહ્યા છેને. અને પછી પુદ્ગલ પણ કહ્યા છે. ૭૫-૭૬-૭૭-૭૮. જીવ અધિકારમાં એને અજીવ કહ્યા છે. આહા..હા..! જીવ તો અનંતઆનંદ અને અનંતજ્ઞાન આદિ પવિત્રતાની શક્તિનો પિંડ પરમાત્મા એ આત્માને જીવ કહીએ. એનાથી આ વિરુદ્ધ વિકલ્પ છે તે બધો અજીવ છે. મહાવ્રતના પરિણામ અજીવ છે. આહા..હા..! એ અજીવની મમતામાં જીવને જોતો નથી.

લોજિકથી તો વાત ચાલે છે. પરમાત્માનો માર્ગ તો ન્યાયથી છેને. આહા..હા..! એ રાગની ક્રિયા... આહા..હા..! ગજબ વાત છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ રાગ અજીવ છે. કારણ કે એના ફળ તરીકે તો બંધન પડે છેને અજીવનું, પરમાણુનું. તો એનું કારણ એ પોતે અજીવ છે, જીવ નહિ. આહા..હા..! જીવમાં તો અનંત અનંત શાંતિ અને વીતરાગતા અને અનંત આનંદ પડ્યો છે. એવો પરમાત્માનો વિશ્વાસ એને નથી અને આ રાગની ક્રિયાનો વિશ્વાસ કે આનાથી મારું કલ્યાણ થશે. આહા..હા..! અરે! ચાલ્યા જાય છે અવસર. એક-એક વાતું સાંભળીએ છીએ લોકોની વૈરાગ્યની તો આમ... આહા..હા..!

એ છોડીનું તો વાંચ્યું. મૂક્યું હશે કોઈએ. પ્રેમચંદ કે કોઈક હશે. પાનું મૂક્યું હતું. .. શેનું હશે? પણ વાંચન જોતા.. આહા..હા..! જંગલમાં ક્યાંય વાઘ અને વરુ તો નથી લખ્યું પણ સર્પ ને વીંછી ને દેડકા ઝેરીલા. પાણી... પાણી... પાણી... અને જીવાતના ઢગલા. પગ મૂકે ત્યાં કરડીને બટકા ભરે. ગરી ગયા અંદર જીવાત પગમાં. ૧૭ વર્ષની જર્મની બાઈ એકલી વનમાં. એમ આ ચોર્યાસી લાખના વનમાં એકલો રાગમાં રખડી રહ્યો છે. આહા..હા..! એમાં એને ઝૂંપડી મળી. અહીં કહે છે કે રખડનારને ભગવાનની વાણી મળી. આહા..હા..! વાણીએ એને ઉછેર્યો. પ્રભુ! તું રાગરૂપ નહિ હોં, ભગવંત! તું રાગરૂપ નહિ. તું તો અતીન્દ્રિય આનંદ અને વીતરાગસ્વરૂપ છોને. આહા..હા..! એને તું જોતો નથી, માનતો નથી અને જે તારામાં નથી અને તારાથી વિરુદ્ધ (છે)... આહા..હા..! એને માને છો, એના અસ્તિત્વને તું સ્વીકારે છો અને અહીં પરમાત્મસ્વરૂપ ભગવાન છે એનું અસ્તિત્વ, હયાતી, મોજૂદગી આખી પરમાત્મસ્વરૂપની મોજૂદગી એને તું માનતો નથી. પ્રભુ! તું શું કરે છે આ? આહા..હા..! આ વાત આકરી લાગે. વ્રતધારીને ધર્મ નથી? અને વ્રત છે તે ધર્મ નથી અધર્મ? અરર! એ અન્યદ્રવ્ય છે, જીવદ્રવ્ય નહિ. જીવદ્રવ્ય તો બેહદ આનંદ અને વીતરાગતાના સ્વભાવનો

પિંડ છે. રાગ એ જીવદ્રવ્ય નહિ. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાય તો જીવદ્રવ્ય ખરીને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય એ તો વ્યવહારથી કહે. વ્યવહાર અભૂતાર્થ કરીને કહે. એનું જ્ઞાન પર્યાયનું કરાવે તો પર્યાય કહે, પણ એ પર્યાય જ્યાં.. આહા..હા..! નિર્મળ પર્યાયને પણ જ્યાં પરદ્રવ્ય કીધું, તો આ તો મલિન પર્યાયને પરદ્રવ્ય... પરદ્રવ્ય... પરદ્રવ્ય... તદ્દન પર છે. આહા..હા..! હવે આ બાયડી, છોકરા, પૈસા ને હજીરા મકાન એ તો ક્યાંય રહી ગયા. એ તો પરદ્રવ્ય ક્યાંય રહી ગયા. ત્યાં ચોંટ્યો પાછો. આહા..હા..! પ્રભુ! તું ક્યાં ગયો? આહા..હા..! જેમ ઓલા કહે છેને કે મરવું હોયને તો ઢોર વાઘરીવાડે જાય, એમ આને આત્માની શાંતિને ખોવી હોયને એ રાગને વાડે જાય. આહા..હા..! શ્લોકમાં ઘણું ટૂંકું. દિગંબર સંતોની વાણીની બલિહારી છે, ભાઈ! એ તો સર્વજ્ઞની ત્રિલોકનાથની વાણી એ મુનિઓની વાણી છે. આહા..હા..!

'**इदम् ज्ञानम् एव हि एकम् स्वतः**' હવે ત્યારે તું છો કોણ? કહે છે. રાગ જે મહાવ્રતનો એ જ્યારે અન્યદ્રવ્ય, અન્યવસ્તુ, ત્યારે તું છો કોણ? આહા..હા..! '**આ જ્ઞાન જ એક પોતાથી (આત્મદ્રવ્યથી) થાય છે.**' '**इदम् ज्ञानम् एव हि**' એ જ્ઞાન જ. '**एकम् स्वतः**' એક જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ. એ જ્ઞાનથી જ્ઞાનનું થવું, જ્ઞાનથી શ્રદ્ધાનું થવું, જ્ઞાનમાં રમણતા થવી, જ્ઞાન એક જ પોતાનું સ્વરૂપ છે. આહા..હા..! '**આ જ્ઞાન જ એક પોતાથી (આત્મદ્રવ્યથી) થાય છે.**' આહા..હા..! સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો એ જ્ઞાનસ્વરૂપ જે છે એની શ્રદ્ધા ને જ્ઞાન ને રમણતા તે એક જ જ્ઞાનસ્વરૂપ છે. એમાં રાગરૂપ અને રાગનું સ્વરૂપ જરીએ નથી. આહા..હા..! જ્ઞાનસ્વભાવી પૂર્ણ પ્રભુ એ જ્ઞાન પર્યાયમાં પૂર્ણ થાય, એ જ્ઞાનસ્વભાવીની વર્તમાનમાં શુદ્ધ પરિણતિ જે જ્ઞાનની એ શ્રદ્ધા જ્ઞાન અને ચારિત્ર એ જ્ઞાનની પરિણતિ છે બધી. એ પરિણતિ તે સાધન છે અને પૂર્ણ પરિણતિ તે તેનું ફળ અને સાધ્ય છે. વ્યવહાર-બ્યવહાર સાધન છે નહિ. વ્યવહાર છે ખરો એમ સ્થાપશે. આપણે આવી ગયું છે. હમણા આવશે. વ્યવહાર છે, વ્યવહાર નથી એમ માને તો નય ન માને, વ્યવહાર નથી માનતો. પણ એ વ્યવહાર હેય છે. બે નયને માનવી. આપણે આવી ગયું છે માથે. નહોતું આવ્યું? '**વ્યવહાર મોક્ષમાર્ગમાં સ્થાપેલા પોતાના આત્મા વડે...**' કળશમાં આવ્યું હતું. ૨૪૧. છેને? '**વ્યવહાર મોક્ષમાર્ગમાં સ્થપાયેલા પોતાના આત્મા વડે...**' છે? ૨૪૧. ત્રીજી લીટી શ્લોકની. '**વ્યવહાર મોક્ષમાર્ગમાં સ્થપાયેલા...**' વ્યવહાર સ્થાપ્યો છે, વ્યવહાર છે એમ સિદ્ધ કર્યું છે, વ્યવહાર નથી એમ નહિ, પણ એ વ્યવહાર હેય છે. વ્યવહારને વ્યવહાર તરીકે ન માને તો વ્યવહાર પર્યાય છે એ માનતો નથી. માનવું જોઈએ, શ્રદ્ધા કરવી જોઈએ વ્યવહારને વ્યવહારથી, પણ એ શ્રદ્ધા છોડવાલાયક છે એમ માનવું એણે.

શ્રોતા :- જો છોડવાલાયક છે તો (શ્રદ્ધા) કરવી શું કામ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે એમ માનવું એમ. કહેશે હમણા. ત્યાં પણ કીધું છે. પાઠમાં છેને જુઓને. '**ये त्वेनं परिह्वत्य**' સ્વભાવ શુદ્ધ ભગવાનને છોડી દઈને. '**संवृतिपथप्रस्थापितेनात्मना**' '**संवृति**' એટલે વ્યવહાર. એવા વ્યવહારમાર્ગનું સ્થાપેલું. સ્થાપેલું છે. વ્યવહાર માર્ગ છે, પણ છે એ દુઃખરૂપ છે, હેય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ તો મોક્ષમાર્ગમાં કહ્યું છે કે ભાઈ, અમે તો નિશ્ચયની રાખીએ છીએ, વ્યવહારને .. નહિ, બે નયની શ્રદ્ધા કરવી પડશે. બેયની શ્રદ્ધા કરવી પડશે, પણ છોડવાલાયક છે એમ શ્રદ્ધા. આહા..હા..! આવી વાતું છે. એક જ નયને માને અને બીજી નયને ન માને તો એકાંત છે, પણ એનો અર્થ એવો નથી કે વ્યવહાર છે માટે વ્યવહાર સાધન છે. આહા..હા..! છે એમ માનવું બસ એટલું, પણ હિતકર છે એનો પ્રશ્ન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અહીંયાં કહ્યું, '**इदम् ज्ञानम् एव हि**' આહા..હા..! એ જ્ઞાન જાણકસ્વભાવ એવો ભગવાન, એનું જે જ્ઞાનપણું, એનું દર્શનપણું, એનું ચારિત્રપણું એ જ્ઞાનની બધી ક્રિયા છે, એ આત્માની જ્ઞાનમય ક્રિયા છે. તે '**જ્ઞાન જ એક પોતાથી થાય છે.**' એ નિર્મળ પરિણતિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આત્માથી થાય છે. સ્વદ્રવ્યથી થાય છે અને ઓલા રાગાદિ છે એ પરદ્રવ્યથી છે. આહા..હા..! આવી વાતું છે. એક જણો કહે કે આ સમયસાર હું પંદર દિ'માં વાંચી ગયો. અરે! બાપુ! સમયસાર એટલે શું? પંદર દિ'માં વાંચી ગયો. તમે બહુ વખાણ કરો છો પણ... બાપુ! એની એક લીટી વાંચીને એનો ભાવ બેસાડવો. આહા..હા..! સમયસાર તો કેવળીના કક્કા છે એકલા. આહા..હા..! જુઓ, હમણા ચીમનભાઈ કહેતા હતા નહિ કંદોઈ. ચીમનભાઈ આવ્યા હતાને આ જોરાવરવાળા નહિ? બહુ રસ. ચીમન કંદોઈ. પેંડા લઈને આવ્યા હતા. ચાર શેર, પાંચ શેર. ત્રણ મહિનાથી રોગ થયો એનો. એમાં બહેનનું આ પુસ્તક વાંચીને બોલ્યો. આ કેવળજ્ઞાનીનો કક્કો છે આ તો બધો. વચનામૃત એટલે કે કેવળજ્ઞાનીનો કક્કો ઘૂંટવાનો. ઓલો કંદોઈ. રસવાળો છે. બે દુકાન છે, બે છોકરા છેને. જોરાવર અને એક વઢવાણ. આહા..હા..! બાપુ! આ તો મારગડા આત્માના છે, ભાઈ! આહા..હા..! ઈ એમ બોલ્યો હતો અહીં મારી પાસે આવીને કે આ બહેનના વચનામૃત તો કેવળજ્ઞાનનો કક્કો છે. એક વાર, બે વાર, ચાર વાંચશે નહિ, દસ વાર વાંચશે ત્યારે માંડ એને હજી... આહા..હા..!

અહીં કહે છે '**આ જ્ઞાન જ એક...**' ઓલા વિકલ્પ છે મહાવ્રતના અનેક. અહિંસા ને સત્ય ને દત્ત વગેરે એ બધા વિકલ્પ રાગ છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી ત્રિકાળી એ એક જ જ્ઞાનસ્વરૂપ મોક્ષનું કારણ છે. એક પોતાથી થાય. જોયું! સ્વયં છેને? '**एकम् स्वतः**' જ્ઞાનનું પરિણમન, દર્શનનું પરિણમન, આનંદનું પરિણમન એ સ્વતઃ એક આત્માથી થાય છે. એને કોઈ પરદ્રવ્યની સહાયની જરૂર છે નહિ. આહા..હા..! ભગવાનજીભાઈ! આવું વાંચે

એની મેળાએ અને પછી... આહા..હા..! આવા હીરા પડ્યા છે. સમયસારની એક-એક ગાથાઓ. ભલે થોડો કાળ લે, થોડું વાંચે પણ મૂળ રહસ્ય લક્ષમાં આવવું જોઈએને. આહા..હા..! પરમાત્માનો પોકાર છે કે તું પરમાત્મા છો. અલ્પજ્ઞ અને વિપરીત અશુદ્ધપણે માનનારો તું નહિ. એ માન્યતા તારા સ્વરૂપમાં નથી. આહા..હા..! અલ્પજ્ઞપણું અને અશુદ્ધપણું એ માન તું તારા જીવને તો એ સ્વરૂપમાં નથી, તેં ઉભું કરેલું છે કલ્પિત. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અવલદોમની વાતું છે, પ્રભુ! આહા..હા..!

'**આ જ્ઞાન જ એક પોતાથી થાય છે.**' થાય છે એનો અર્થ એ પરિણમન છેને. વસ્તુ તો વસ્તુ છે, પણ એ જ્ઞાનસ્વરૂપી ભગવાન એનું જ્ઞાન, એનું દર્શન અને એની રમણતા એ બધું જ્ઞાનસ્વરૂપ જ છે. આહા..હા..! એમાં રાગસ્વરૂપ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એમ લખ્યુંને? '**इदम् ज्ञानम् एव हि एकम् स्वतः**' ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ આનંદનો વિશ્વાસ જેને આવ્યો એ જ્ઞાનરૂપે એનું પરિણમન થયું, એટલે કે આત્મારૂપે એનું પરિણમન થયું, એ પરિણમન છે તે મોક્ષનું કારણ છે. આહા..હા..! એ પરિણમનનું કારણ પરમાત્મસ્વરૂપ અને એ પરિણમનનું કાર્ય પરમાત્મ પર્યાય. શું કીધું ઈ? ત્રિકાળી ભગવાન આનંદ એકલો જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાનનો પિંડ એવો જે આત્મા એ જ્ઞાનસ્વરૂપ. એની શ્રદ્ધા, જ્ઞાન એ જ્ઞાનનું પરિણમન એ મોક્ષનો માર્ગ અને તેની પૂર્ણ દશા પરમાત્મપર્યાય તે તેનું ફળ. આ પરમાત્માનું પર્યાય પૂર્ણ તે તેનું ફળ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો થોડું લખ્યું ઘણું કરીને જાણજો એવી વાત છે. આહા..હા..! મુનિઓએ દિગંબર સંતોએ તો જગતને નિહાલ કરી નાખ્યા છે. આહા..હા..!

**શ્રોતા :-** બહુ કથનથી બસ થાઓ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બસ થાઓ પછી કહેશે. આહા..હા..! શું કહીએ? નાથ ભગવાન તારો તો તારામાં પરિપૂર્ણ પડ્યો છેને. આહા..હા..! એ પર્યાય જેટલો પણ નથી. અશુદ્ધ તો નથી, મોક્ષમાર્ગની પર્યાય છે એટલો એ આત્મા નથી અને મોક્ષની પર્યાય છે પ્રગટ એટલો એ આત્મા નથી. આહા..હા..! એવો પૂર્ણ પરમાત્મા એને તારા સમ્યગ્દર્શનના વિશ્વાસને રંગે લગાડી દે. આહા..હા..! એ વિશ્વાસ ને જ્ઞાનનું પરિણમન એ બધું જ્ઞાનપરિણમન છે એમ કહે છે, એ આત્માનું પરિણમન છે. ઓલો રાગ છે એ અન્યદ્રવ્યનું હતું. આહા..હા..! ત્યારે આ શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા એની પ્રતીતિ, એનું જ્ઞાન અને એની રમણતા એ બધું આત્મમય છે, એ આત્મદ્રવ્યથી થાય છે, એમાં અન્ય દ્રવ્યનું કાંઈ છે નહિ. આહા..હા..! સ્વયં છેને?

'**ભાવાર્થ :- જેઓ દ્રવ્યલિંગમાં મમત્વ વડે અંધ છે...**' આહા..હા..! '**मीलितैः**'નો અર્થ આંધળા કહ્યા. રાગની ક્રિયાથી મને કલ્યાણ થશે એમાં આંધળા (છે). આહા..હા..!

**શ્રોતા :-** એવું કોણ માને છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધા એ જ માને છેને. મહાવ્રત પાળીએ છીએ અને એનાથી મને કલ્યાણ થાય. આહા..હા..! બાયડી, છોકરા છોડ્યા છે, અહિંસા પાળીએ છીએ, વ્રત કરીએ છીએ, તપસ્યાઓ કરીએ છીએ, આઠમ, ચૌદસના અવપાસ ચોવિહારા કરીએ. એ બધી ક્રિયાઓ તો રાગની છે. આહા..હા..! એનાથી કલ્યાણ થાય એમ માને છે. પ્રભુ પરમાત્મસ્વરૂપ છે એનાથી કલ્યાણ થાય એની તો ખબરેય નથી. આહા..હા..!

'**જેઓ દ્રવ્યલિંગમાં મમત્વ વડે અંધ છે...**' એમ કેમ કહ્યું? કે જેને આત્મદર્શન, જ્ઞાન થયું એને દ્રવ્યલિંગ આદિ હોય છે. એને એ જાણે છે. આ તો આંધળા છે કહે છે. શું કીધું સમજાણું? ભાવલિંગ જે સ્વસંવેદન આત્માનું, દર્શન, જ્ઞાન અને ચારિત્ર એની સાથે સહકારી કારણ વિકલ્પો આદિ નિમિત્ત હોય છે, પણ એ નિમિત્તને જાણનારો છે, આંધળો નથી. સમજાણું કાંઈ? '**શુદ્ધાત્મદ્રવ્યનો અનુભવ જ નથી,...**' આહા..હા..! એ શુભભાવની ક્રિયામાં આંધળા થઈ ગયા આંધળા. આહા..હા..! હવે એ જ વાંધા ઉઠાવે છે કે મહાવ્રત પાળીએ, આવું પાળીએ તોપણ અમે સાધુ નહિ? ભાઈ! તારી પ્રરૂપણા ખોટી, તારી શ્રદ્ધા ખોટી, તારું આચરણ ખોટું. આહા..હા..! આવી વાત, બાપુ! તારા હિતની વાત છેને, ભાઈ! આહા..હા..!

બહેનના વચનામૃતમાં તો બહુ મીઠાશથી મુનિઓની વાત આવે છે, બહુ મીઠી. સાદી ભાષા મીઠી. મુનિ! તું તો આત્માનું અવલોકન કરનારો છોને, પ્રભુ! આહા..હા..! તું તો અતીન્દ્રિય આનંદનો ભોક્તા છોને. આહા..હા..! તને બહાર નીકળતા વિકલ્પનો બોજો લાગે તને, ભાઈ! આહા..હા..! બહારથી આવ્યો, ન આવ્યો પાછો અંદરમાં ચાલ્યો જા છો તું. આહા..હા..! સાદી ભાષા ગુજરાતી ભાષા. ભાવ તો છે એ છે. આહા..હા..! બહેનને બહાર નહોતું પડવું તે હવે આ પુસ્તકે તો આખા હિન્દુસ્તાનમાં બહાર પડશે હવે. એવું પુસ્તક. હજી છપાય છે, પણ બહાર આવશે ત્યારે ખબર પડશે. એકવાર તો દુશ્મન હશે, વિરોધી હશે એના કાળજામાં જરી ઘા વાગી જશે કે ઓય...! આહા..હા..!

અહીંયાં કહે છે '**જેઓ દ્રવ્યલિંગમાં મમત્વ વડે અંધ છે તેમને શુદ્ધાત્મદ્રવ્યનો અનુભવ જ નથી, કારણ કે તેઓ પરમાર્થને જ વ્યવહાર માનતા હોવાથી...**' જોયું! વ્યવહાર છે ખરો. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં એ નિશ્ચયના આશ્રયમાં મોક્ષમાર્ગ એને વ્યવહાર જોડે નિમિત્તરૂપે વ્યવહાર હોય છે. વ્યવહાર માનવો જોઈએ કે છે એટલું, પણ એનાથી કલ્યાણ થાય એમ અંદર છોડી દે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** તો પછી માનવો શું કરવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે. માને શું કરવા? પર્યાય છે અને પર્યાયને ન માને તો વ્યવહારને માનતો નથી. છે એને માનવું જોઈએ. બે નયનો અધિકાર છે. એ કહ્યું, પાઠ આવી ગયો આપણે એ કીધુંને. વ્યવહાર મોક્ષમાર્ગ સ્થાપેલો છે. એ .. ગાથામાં આવી ગયુંને. વ્યવહારનય

સ્થાપે છે પોતાને. જોરથી સ્થાપે છે, છે, છતાં એ આશ્રય કરવાલાયક અને ધર્મ નહિ. આહા..હા..! છે નહિ?

'**પરદ્રવ્યને જ આત્મદ્રવ્ય માને છે.**' લ્યો. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૫, બુધવાર, તા. ૩૦-૧૧-૧૯૭૭, ગાથા-૪૧૪, પ્રવચન નં. ૫૨૫

'એમ હવે ગાથામાં કહે છે :—'

ववहारिओ पुण णओ दोण्णि वि लिंगाणि भणदि मोक्खपहे।
णिच्छयणओ ण इच्छदि मोक्खपहे सव्वलिंगाणि।।४१४।।

**વ્યવહારનય એ ઉભય લિંગો મોક્ષપંથ વિષે કહે,**
**નિશ્ચય નહીં માને કદી કો લિંગ મુક્તિપથ વિષે. ૪૧૪.**

'**ટીકા :- શ્રમણ અને શ્રમણોપાસકના ભેદે બે પ્રકારનાં દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ છે—**' નિમિત્ત છેને? વ્રત, તપનો વિકલ્પ અને નગ્નપણું આદિ એ નિમિત્ત છે સહકારી કારણ. સહકારી કારણને વ્યવહાર કહેવામાં આવે છે. વ્યવહાર તરીકે વ્યવહાર છે, પણ તે નિશ્ચય તરીકે આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! એ '**દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ છે—એવો જે પ્રરૂપણ-પ્રકાર...**' કથનનો પ્રકાર છે એ. ત્યાં (મોક્ષમાર્ગ પ્રકાશકમાં) એમ કહ્યું છેને, સાતમા (અધિકારમાં) કે નિરૂપણ બે પ્રકારે છે. મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે છે, મોક્ષમાર્ગ બે નથી. આહા..હા..! એ અહીં નિરૂપણ શબ્દ વાપર્યો છે એણે ટોડરમલે. આહા..હા..! '**એવો જે પ્રરૂપણ-પ્રકાર તે કેવળ વ્યવહાર જ છે, પરમાર્થ નથી,...**' આહા..હા..! વ્યવહાર છે એમ કહેવું, છતાં તે મોક્ષનો માર્ગ સાચો નથી, આરોપિત કથન છે. એ આવી ગયું છે આપણે પહેલું કળશમાં. વ્યવહાર મોક્ષમાર્ગમાં સ્થપાયેલા, સ્થાપેલા. એ કળશમાં આવી ગયું છે. પોતાના આત્મા વડે દ્રવ્યમય લિંગમાં મમતા કરે છે. સ્થાપેલો વ્યવહારનય એ છે કે મુનિને નગ્નલિંગ જ હોય અને પંચમહાવ્રતાદિના પરિણામ જ હોય, નિમિત્ત તરીકે એ સહકારી કારણ છે, પણ એ મોક્ષમાર્ગ સાચો નથી. આહા..હા..! આ બધા વાંધા બેના.

**શ્રોતા :-** એટલે ખોટો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખોટો છે. આહા..હા..! કથન બે પ્રકારે આવે. સાધન કહો કે ઉપાય કહો-માર્ગ કહો. એ કથન બે પ્રકારે આવે, એને વ્યવહારને વ્યવહાર તરીકે જાણવું

એ બરાબર છે, પણ એ વ્યવહાર આશ્રય કરવાલાયક અને ધર્મનું કારણ છે એમ નથી. આ વાંધા મોટા છે લ્યો! આહા..હા..!

**શ્રોતા :-** પણ વ્યવહાર ધર્મ તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારધર્મનો અર્થ આરોપિત. વ્યવહાર આરોપિત છે એવી માન્યતા રાખવી, પણ એ યથાર્થ છે અને એને આશ્રયે ધર્મ થાય એમ નહિ. આહા..હા..! આવો માર્ગ છે. બે પ્રકારે કહ્યું છેને ત્યાં સાતમામાં? સહકારી કારણ દેખીને વ્યવહારથી ઉપચાર દેખીને એને આરોપથી વ્યવહાર કહ્યો છે. આરોપિત સાતમા અધ્યાયમાં છે. ટોડરમલનું મોક્ષમાર્ગ. એક છેને ત્યાં... કેવું? મલકાપુર. એક સ્વરૂપચંદ છે છોકરો. પહેલાં કુંવારો હતો, હવે પરણ્યો છે. એને આખું મોક્ષમાર્ગ કંઠસ્થ છે. એવો હુશિયાર છે. કાપડનો મોટો વેપારી છે. ૧૦-૧૦ હજાર રૂપિયાનું કાપડ (રાખે). મલકાપુર. એ આ મોક્ષમાર્ગની લીટીએ લીટીની એને ખબર છે. આ ગૃહસ્થાશ્રમમાં રહ્યા. સ્વરૂપચંદ કરીને છે. ત્યાં એણે કહ્યું હતુંને કે હું ને મારો મિત્ર બે બેઠા હતા. ૨૫ વર્ષની ઉંમર હશે. વાતું કરતા હતા. કાંઈ ન મળે, રોગ કાંઈ નહિ. ફૂ આમ થયું, આમ જોયું ત્યાં મડદું. બસ. એ સ્વરૂપચંદ પોતે, પણ અમારો મિત્ર હતો એટલે અમે તો.. લોકોને વહેમ પડી જાય કે આ નક્કી થયું શું? આણે મારી નાખ્યો? રોગ કાંઈ નહિ. ફક્ત ફૂ એટલું થયું, બસ. શ્વાસ નીકળી ગયો. એ સ્વરૂપચંદ કહેતો હતો. એની છાપ સારી છે ત્યાં મલકાપુરમાં. મલકાપુરનું નથી કોઈ અહીં? આ રમેશભાઈ મલકાપુરના છે, લ્યો! આહા..હા..!

અહીંયાં મોક્ષમાર્ગ પ્રકાશકમાં પણ ઓલો નિશ્ચય-વ્યવહારનો છેને આ પાઠ મૂક્યો છેને. નિશ્ચય વ્યવહારનો. આ વંચાય છેને વ્યાખ્યાનમાં ચાલે છે. એમાં કહ્યું છે. ઓલો કહે કે એક નિશ્ચયને માનીએ અને વ્યવહારની પ્રવૃત્તિ રાખીએ. તો કહે એમ નહિ. એક નયને માનવાથી મિથ્યાત્વ થાય છે એવી વાત છે. છેને? બે નય માનવી એ બરાબર છે. માનવી એમ હોં! પણ આશ્રય કરવાલાયક અને વાસ્તવિક તત્ત્વ છે એમ નહિ. આહા..હા..! આવી વાતું હવે. છેને એમાં એ? મોક્ષમાર્ગ પ્રકાશક. પ્રશ્ન છેને એ?

'શ્રદ્ધાન તો નિશ્ચયનું રાખીએ છીએ અને પ્રવૃત્તિ વ્યવહારરૂપ રાખીએ છીએ. એ પ્રમાણે બંને નયોને અમે અંગીકાર કરીએ છીએ. ઉત્તર - એમ પણ બનતું નથી.' ઝીણો માર્ગ બહુ બાપુ! આહા..હા..! સમજાણું કાંઈ? 'કારણ કે નિશ્ચયનું નિશ્ચયરૂપ અને વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાન કરવું યોગ્ય છે.' આહા..હા..! શ્રદ્ધાનો વિષય દ્રવ્ય છે એ અત્યારે પ્રશ્ન નથી, પણ વ્યવહાર છે એવું શ્રદ્ધાન રાખ્યું, પણ આદરણીય નથી તે. આહા..હા..! આવી વાત હવે. જેને આત્માનું હિત કરવું છે એણે તો ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ... આહા..હા..! એને ક્યાં... એનો આશ્રય લઈને જે નિર્મળદશા પ્રગટ થાય એ એક જ આત્માને બંધનથી છૂટવાનો ઉપાય છે. સમજાણું કાંઈ? બાકી વ્રત, તપ, ભક્તિ આદિ ભાવ આવે એને વ્યવહાર તરીકે માનવું,

પણ એ કાંઈ બંધનના છેદવાનું કારણ છે એમ નહિ. એ પોતે જ બંધરૂપ છે. આહા..હા..! આકરી વાતું છે.

ભગવાન આત્મા અંદર નિર્વિકલ્પ આનંદનો પ્રભુ છે. આનંદનો પ્રભુ એટલે આનંદનો ઈશ્વર છે એ, એ દુઃખનો ઈશ્વર નથી. આહા..હા..! પણ એ ક્યાં.. કારણ કે અનાદિની વર્તમાન પર્યાય પ્રગટ વ્યક્ત છે એના ઉપર એની રમતું. એ પર્યાયની પાછળ આખું મૂળ તત્ત્વ છે એની તો એને ખબર પણ ન હોય. એટલે આવો હોય તો કેમ ન દેખાય? પણ તું જો ત્યારેને. આહા..હા..! અંદર ભગવાન પૂર્ણ પરમાત્મસ્વરૂપે બિરાજે છે. ભાઈ! તને ખબર નથી. આહા..હા..! અંતરમાં દેહથી તું ભિન્ન, રાગથી ભિન્ન, પણ એક સમયની પર્યાયથી પણ વસ્તુ ભિન્ન છે. એ પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ તું આત્મા છે. આહા..હા..! એની અંતર્મુખ દૃષ્ટિ કરતાં જે સમ્યગ્દર્શન થાય, અંતર્મુખ એને જોતાં જે જ્ઞાન થાય અને અંતર્મુખમાં જે સ્થિરતા થાય એ એક જ નિશ્ચયથી મોક્ષનો માર્ગ છે. વ્યવહાર જોડે હોય છે તેને આરોપ કરીને કથન કર્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો જુઓને એ કહ્યું છે. એક નયે બનતું નથી. નિશ્ચયનું નિશ્ચય અને વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાન કરવું યોગ્ય છે. બધો ખુલાસો કર્યો છે. મોક્ષમાર્ગ પ્રકાશક.

અહીં એ કહ્યું છે. પ્રરૂપણ-કથન બે પ્રકારે આવે. આત્મા ભગવાનસ્વરૂપી આત્મા એનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એને આશ્રયે થતી નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ જ્ઞાન અને નિર્વિકલ્પ શાંતિ... આહા..હા..! એ એક જ મોક્ષનો માર્ગ છે અને એ એક જ ધર્મ છે. જોડે રાગની મંદતાને વ્યવહાર ધર્મ કહેવાય, એટલે કે છે નહિ પણ એને આરોપિત, કલ્પિતથી કહેવામાં આવે છે. આહા..હા..! એ કહ્યું હતું ઓલા ..માં. સ્મૃતિ પથમાં. સંસ્કૃત ટીકામાં એમ છે. વ્યવહાર એટલે કલ્પિત, આરોપિત. આહા..હા..! અને વસ્તુનો સ્વભાવ જે આત્મા પરમાનંદની મૂર્તિ પ્રભુ એની પ્રતીત, જ્ઞાન અને રમણતા એ યથાર્થ, અનારોપિત, નિશ્ચય. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં એ કહે છે '**શ્રમણ અને શ્રમણોપાસકના ભેદે બે પ્રકારનાં દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ છે—એવો જે પ્રરૂપણ-પ્રકાર તે કેવળ વ્યવહાર જ છે,...**' આહા..હા..! '**પરમાર્થ નથી,...**' આહા..હા..! વ્યવહાર છે એ પરમાર્થ નથી. આહા..હા..! '**કારણ કે તે પોતે અશુદ્ધદ્રવ્યના અનુભવનસ્વરૂપ...**' આહા..હા..! વ્રત, તપ, ભક્તિ, પૂજાનો વિકલ્પ રાગ એ તો અશુદ્ધદ્રવ્યની કથન શૈલી છે. આહા..હા..! અશુદ્ધદ્રવ્યના અનુભવસ્વરૂપ છે. આહા..હા..! એ તો અશુદ્ધનો અનુભવ છે. છે? '**અશુદ્ધદ્રવ્યના અનુભવસ્વરૂપ હોવાથી તેને પરમાર્થપણાનો અભાવ છે;...**' આહા..હા..! અશુદ્ધપણાનું વેદન છે એ તો અશુદ્ધનું. આહા..હા..! નિમિત્તપણે વ્યવહાર જે છે, વ્રત ને ભક્તિ ને તપ ને પૂજા આદિ એ ભાવ અશુદ્ધદ્રવ્યનો અનુભવ છે, એ શુદ્ધદ્રવ્ય જે છે એનો અનુભવ નહિ. આહા..હા..! આવું

હવે ક્યાં સમજવાનું આવે? નવરાશ એક તો સંસારના કામ આડે ન મળે, એમાં સંસારમાંથી નીકળીને બિચારો સાંભળવા જાય ક્યાંક તો કહે વ્રત કરો ને તપ કરો ને ભક્તિ કરો, દાન કરો તમારું કલ્યાણ થાશે. અહીં ભગવાન ના પાડે છે. એ તો બધો અશુદ્ધદ્રવ્યનો અનુભવ છે, એમાં આનંદનો અનુભવ નથી, એ તો દુઃખનો અનુભવ, દુઃખનું વેદન છે. આહા..હા..! શું કહ્યું? પરની દયાનો ભાવ, સત્ય બોલવું, શરીરથી બ્રહ્મચર્ય પાળવું વગેરે જે ભાવ છે એ રાગ છે. એ દ્રવ્યની અશુદ્ધતા છે, એટલે કે દ્રવ્યમાં એ દુઃખનું વેદન છે. આહા..હા..! છે? પોતે એનું સ્વરૂપ જ એવું છે કહે છે. એમ છેને શબ્દ?

'**કારણ કે તે (પ્રરૂપણા) પોતે અશુદ્ધદ્રવ્યના અનુભવસ્વરૂપ...**' આહા..હા..! છે ખરું, હોય ખરો એવો ભાવ. નિશ્ચય જ્યાં આત્માનો મોક્ષમાર્ગ અંદર પ્રગટ્યો જેને, આત્માના આનંદ સ્વરૂપનું વેદન, આનંદનું, એ આનંદનું વેદન એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને એ મોક્ષનો માર્ગ, પણ જ્યાં અપૂર્ણ હજી મોક્ષમાર્ગ પૂર્ણ નથી ત્યાં આવું અશુદ્ધ વેદન હોય છે, પણ એ તો બંધનું કારણ છે. આહા..હા..! માથામાં કેટલા સંસારના કીડા પડ્યા હોય. આ રળ્યો, આ બાયડી, આ છોકરા, આ કુટુંબ. આહા..હા..! હવે એને આ વાત. રાગના કીડા પડ્યા મોટા. અહીં કહે છે કે એ ભાવ તો દૂર રહો. સંસારના સ્ત્રી, કુટુંબ પરિવાર, ધંધા આદિના ભાવ એ તો પાપભાવ છે, એને તો વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. આહા..હા..! પણ અંદરમાં જેને પાપથી નિવર્તીને શુદ્ધમાં પ્રવૃત્તિ નથી થઈ અને થઈ છે તેટલી તો ભલે હો, પણ બીજી થઈ નથી એટલી અશુદ્ધ પ્રવૃત્તિના પરિણામ છે. આહા..હા..! અને તેનું અશુદ્ધ વેદન પણ છે. આહા..હા..!

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ જિનેન્દ્રદેવ કેવળજ્ઞાની પરમાત્મા વીતરાગદેવે જે આત્મા કહ્યો એ તો પરમ આનંદ અને પરમ ચૈતન્યના રત્નના ઢગલાથી ભરેલો છે. એ ક્યાં? એ તો અતીન્દ્રિય આનંદનો ડુંગર છે અંદર આત્મા હોં! આહા..હા..! અતીન્દ્રિય આનંદ. આ ઇન્દ્રિયના વિષયોમાં જે માન્યું છે કે મને સુખ (છે), એ તો દુઃખ છે. આહા..હા..! આ પ્રભુ તો અતીન્દ્રિય આનંદનો મોટો ડુંગર છે, મેરુ પર્વત. ક્ષેત્ર ભલે મોટું ન હો, પણ એના ભાવની અપરિમિતતા બેહદતાથી ભરેલો ગુણ છે એમાં. આહા..હા..! એને આશ્રયે જેટલી પરિણતિ થાય પર્યાય એ શુદ્ધ, એ પરમાર્થ મોક્ષનો માર્ગ. અને જેટલી અંદર રાગની આદિ ક્રિયા હોય, નિમિત્તપણે એ હોય, જ્યાં સુધી એ પૂર્ણ નથી. સહકારી કારણ તરીકે વ્રત, તપ, ભક્તિ આદિનો શુભરાગ હોય, પણ છે એ અશુદ્ધનું વેદન. એટલે કે છે એ દુઃખનું વેદન. આહા..હા..! એ દુઃખનું વેદન એ મોક્ષનું કારણ કેમ થાય? કેમકે મોક્ષ છે એ તો પરમ આનંદ આત્માના શુદ્ધ પૂર્ણ પરિણામ છે. એ આત્માના શુદ્ધ પરિણામ, મોક્ષ એટલે પૂર્ણ શુદ્ધ પરિણામ છે. એનું કારણ આત્માના શુદ્ધ પરિણામ આત્માના પરિણામ હોવા જોઈએ. આ રાગાદિ છે એ કાંઈ આત્માના પરિણામ નથી, વિભાવ પુદ્ગલ પરદ્રવ્યના પરિણામ છે.

આહા..હા..! આવી વાતું હવે. બાપુ! મારગડા જન્મ-મરણના અંત લાવવાના... આહા..હા..! એ માર્ગ અલૌકિક છે અને સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરના પંથમાં એ છે, બીજે ક્યાંય નથી. આહા..હા..!

કહે છે, એ '**અશુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ...**' ભાષા તો જુઓ! વ્યવહાર છે એને. નિમિત્ત સહકારી કારણ તરીકે શુદ્ધ ઉપાદાન આત્માનો સ્વભાવ એને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પરમાર્થસ્વરૂપ છે અને ત્યાં રાગ છે એ સહકારી સાથે નિમિત્તરૂપે કારણ ગણીને (મોક્ષમાર્ગ કહ્યું છે), પણ છે એ અશુદ્ધનું પરિણમન. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાતું હવે. આહા..હા..! શુદ્ધ અનંત શક્તિનો દરિયો ભગવાન છે. આ આત્મા અનંત શક્તિ એટલે ગુણો, એનો એ રત્નનો, અનંત રત્ન, શક્તિરૂપે રત્નનો ભંડાર છે. આહા..હા..! એ બધા શુદ્ધ છે અને શુદ્ધને આશ્રયે જે દશા થાય તે શુદ્ધ છે, તે મોક્ષનો માર્ગ છે. કેમકે એ આત્માના પરિણામ છે. મોક્ષ પણ આત્માના પરિણામ છે, મોક્ષ આત્માના પૂર્ણ શુદ્ધ પરિણામ છે અને એનો ઉપાય શુદ્ધ થોડા શુદ્ધ પરિણામ છે. જયસુખભાઈ! આહા..હા..! વાત સમજાય છે કાંઈ? આ એવો માર્ગ છે, ભાઈ! આહા..હા..! અરે! અનંતકાળથી એણે શુભભાવ પણ અનંતવાર કર્યા છે. અહીં તો શુદ્ધની સહિતના શુભને વ્યવહાર કહ્યો છે. સમજાણું કાંઈ? જેને શુદ્ધનો આશ્રય થઈ અને આનંદનું વેદન જ્યાં આવ્યું છે નિશ્ચયથી એને જે રાગાદિની મંદતાનો ભાવ (આવે) એને નિમિત્ત તરીકે ગણી, સહકારી ગણી એને વ્યવહાર કહ્યો છે. નિશ્ચય જેને નથી એને તો વ્યવહાર છે જ (નહિ), અભેદ થયું નથી ત્યાં ભેદનો વ્યવહાર છે ક્યાં એને? આહા..હા..!

શુદ્ધ સાગર ભગવાન અંદર અનંત અનંત શક્તિનો શુદ્ધ સાગર પ્રભુ. અરે! કેમ બેસે એને? આહા..હા..! જરીક એક શુભભાવ થાય ત્યાં એને એમ થઈ જાય કે આહા..હા..! આપણે તો શું કર્યું! આહા..હા..! અહીં તો શુભભાવ હોય છે અને તેને વ્યવહાર તરીકે માનવા જેવું પણ છે, પણ છે તે દુઃખનું વેદન. આહા..હા..! અને દુઃખના વેદનના પરિણામ પૂર્ણ આનંદના પરિણામનું કારણ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ.

'**તે પોતે...**' સ્વયં એમ કહે છે. વ્યવહાર છે એ સ્વયં '**અશુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી તેને પરમાર્થપણાનો અભાવ છે;...**' આહા..હા..! એ સાચો મોક્ષમાર્ગ નથી. આહા..હા..! આવી વાત સાંભળવા મળે નહિ. એ ક્યારે વિચારે અને શું કરે? અને સાંભળવા મળે તો માથા ફરી ગયા હોય, બેસવું કઠણ પડે એને. આહા..હા..! '**શ્રમણ અને શ્રમણોપાસકના ભેદોથી અતિક્રાંત,...**' એ ભેદ જે વિકલ્પો છે વ્યવહારના એનાથી અતિક્રાંત, ભિન્ન. આહા..હા..! '**અતિક્રાંત, દર્શનજ્ઞાનમાં પ્રવૃત્તિ પરિણતિમાત્ર...**' આહા..હા..! ત્રણેય લઈ લીધા. દર્શન-જ્ઞાન એવું ત્રિકાળી સ્વરૂપ એમાં દર્શન-જ્ઞાનમાં પ્રવૃત્તિ એટલે પરિણતિ '**(-માત્ર દર્શન-જ્ઞાનમાં પ્રવર્તેલી પરિણતિરૂપ) શુદ્ધ જ્ઞાન જ એક છે—**' શુદ્ધ જ્ઞાનસ્વરૂપ

એટલે પરિણતિ જે છે એ અશુદ્ધથી ભિન્ન ચૈતન્યના જ્ઞાયક સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને પરિણતિ પ્રવૃત્તિ એ એક શુદ્ધ છે. આહા..હા..! અનંતકાળથી રખડે છે. રખડાવ થઈ ગયો રખડાવ. આહા..હા..! એમાં વળી કાંઈક પૈસા-બૈસા બે-ચાર કરોડ રૂપિયા થઈ જાય અને બંગલા ૫૦ લાખના (હોય), થઈ રહ્યું, અમે સુખી છીએ. આહા..હા..! દુઃખના ડુંગરામાં પેસી ગયો છો, ખબર નથી તને. આહા..હા..!

**શ્રોતા :-** જેને બંગલા ન હોય એ બંગલાવાળાને એમ જ કહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બંગલા આ બંગલા નથી? લ્યો આવા મોટા ૨૬ લાખના. ૨૬ લાખના આ મકાન છે. ૨૬ લાખનું એકલું આરસપહાણનું છે. પણ કોનું? એ તો જડનું, પરનું છે. આહા..હા..! એમાં આત્મા રહ્યો છે? શરીરમાં પણ આત્મા નથી, શરીરથી જુદો આત્મા અંદર છે. આ તો માટી, ધૂળ છે. ભગવાન તો ચૈતન્યસૂર્ય શીતળ-શીતળ જિનચંદ્ર, શીતળસ્વરૂપે ભગવાન અંદર વસ્તુ તરીકે બિરાજે છે, પણ એની ક્યાં ખબર છે? આહા..હા..! એવો ભગવાન તો નથી રહ્યો શરીરમાં, નથી રહ્યો વાણીમાં, નથી રહ્યો કર્મમાં, તેમ નથી રહ્યો એક સમયની પર્યાયમાં. આહા..હા..! એ પર્યાય એટલે અવસ્થા એને કબુલે, જાણે, માને, ઠરે, પણ દ્રવ્ય છે એ એમાં આવતું નથી કાંઈ. આહા..હા..! ભગવાન તો જે રીતે બિરાજે છે અનંત આનંદનો કંદ પ્રભુ, એની પરિણતિ શુદ્ધ થઈ તોપણ તે તો છે તે છે. આહા..હા..! એવી જે પરિણતિ અંદર શુદ્ધ ચૈતન્યને આશ્રયે થાય તે એક જ પરમાર્થ છે. ધર્મ એક જ છે, મોક્ષનો માર્ગ એ એક જ છે. આહા..હા..! મોટા ગૃહસ્થ હોય તો દાનમાં પાંચ-પચ્ચીસ લાખ ખર્ચે, બે-પાંચ કરોડની મૂડી હોય એમાં ૧૦-૧૦ લાખ ખર્ચે એમાં શું છે? એથી શું ધર્મ છે? આહા..હા..!

**શ્રોતા :-** આપ ના પાડો છો... ધર્મ માને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાગલ લોકો એને ધર્મ કહે. આહા..હા..! એ તો અશુદ્ધ પરિણામ છે. આહા..હા..!

તે દિ' ત્યાં કહ્યું હતુંને. કહ્યું હતું ત્યાં બેંગ્લોર. બેંગ્લોરમાં નહિ બાર લાખનું મંદિર કર્યું. બેંગ્લોર. આવવાના છે આ ૪ તારીખે. ભભુતમલ મારવાડી છે. બે કરોડ. આઠ લાખ નાખ્યા મંદિરમાં. દિગંબર મંદિરમાં આઠ લાખ નાખ્યા અને સ્થાનકવાસી જુગરાજજી (છે). મહાવીર માર્કેટ મુંબઈમાં કરોડપતિ સ્થાનકવાસી. એણે ચાર લાખ નાખ્યા. બાર લાખનું મંદિર, પણ એને કહ્યું, બાપુ! તમે આ બાર લાખ નાખ્યા માટે ધર્મ થઈ ગયો એ વાતમાં માલ નથી કાંઈ. થઈ ગયા પહેલાથી જ કહેતા આવ્યા છીએ. શુભરાગ છે. રાગની મંદતાનો ભાવ હોય તો એ પુણ્ય છે, એ અશુદ્ધનું વેદન છે. એ અશુદ્ધનું વેદન એ કાંઈ શુદ્ધતાનું કારણ થાય? આહા..હા..! ભારે વાતું છે. ક્યાં પડી આ બધી બહારની ભૂતાવળ, આ બધી ભૂતાવળ બહારની, શરીર ને પૈસા ને બાયડી ને છોકરા ને કુટુંબ ને આ. છોકરાના છોકરા અને એના

છોકરા ભૂતાવળ છે બધી.

**શ્રોતા :-** ભૂતાવળ ન કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કીધું હતુંને, અમે પહેલાં જ્યારે અમે ગયાને ૫૯, ૫૯ની સાલમાં પાલેજ ગયા. પાલેજ ૫૯ની સાલ. ઉમરાળાથી. નાની ઉંમર તે દિ' ૧૩ વર્ષની ઉંમર. ૫૯. શરીર નાનું, રૂપાળું, ૧૩ વર્ષ. આ તો ૮૮ થયા. ૭૫ વર્ષ પહેલાંની વાત છે. પહેલાંવેહલા ગયેલા દેશમાંથી. પિતાજીની દુકાન હતી અને આસો મહિનો હતો. અંજવાળી રાત. દુકાનની પાછળ એક જિન હતું. જિનમાં રાસડા લેતા બાયું. અજવાળુ ખરુંને. મેં પૂછ્યું આ કોણ શું છે તે? એ ન જવા દેવા માટે કહે એ ભૂતાવળ છે. ભૂતાવળ નથી કાંઈ એ. કુદેવ છે. એ કુદેવ રાસડા લે છે. ત્યાં આપણે ન જવાય. ઉંમર નાની ૧૩ વર્ષની. મારાથી નાનો ભાઈ એ તો વળી ૧૧ વર્ષનો. દેશમાંથી પરદેશમાં પહેલા ગયેલા અને દુકાનની બહાર સૂતેલા અને ઓલા ફાવાભાઈનો.. ચુડેલ છે, ત્યાં ન જવાય. થોડા દિ' કરતાં... કરતાં... કરતાં... અરે! આ તો જિન છે અને જિનની બાયું એ તો રાસડા લેતી. પછી એ માણસો તો અમારા ગ્રાહક હતા. એ ત્યાંના માણસો ગ્રાહક હતા. તમે ક્યાં રહો છો? અમે ત્યાં રહીએ છીએ. આહા..હા..! એમ આ બધી ભૂતાવળ છે. સાચી હોં!

કીધું છેને નિયમસારમાં કે બાયડી, છોકરા, કુટુંબ એ બધા તને ધૂતારાની ટોળી મળી છે. નહિ માન. તને ખબર નથી. શું કીધું એ?

**શ્રોતા :-** ધૂતારાની ટોળી એ સાવ સાચી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાચી વાત છે. આ ૩૫ હજાર આના પાપ કરીને કર્યા અને સુમનભાઈમાં વાપર્યા. સુમનભાઈ બાપુજી બાપુજી કરે એટલે બસ. આ તો દાખલો. આ એક .. ભાઈ ગુજરી ગયાને પોપટભાઈ. પરમ દિ' આવવાના છે. બે કરોડ સાચા હોં બહુ પૈસા ઘણાં. બે કરોડથી વધારે. ૨ લાખ અને ૧૧ હજાર કાઢ્યા ધર્માદે. બહારના નામે. કાલે સમાચાર લાવ્યા હતાને ખીમચંદભાઈ! ૨ લાખ અને ૧૧ હજાર કાઢ્યા છે, મરી ગયા એટલે. ૩૧ હજાર સોનગઢ ખાતે અને બાકી કાંઈક શું હશે કહેવાય? માર્ગ કાંઈક. આપશે. પણ હવે ૨ કરોડ ઉપર પૈસા અને ૬-૬ છોકરાઓ એમાં બે લાખ એટલે શું ત્યાં? મારે હિસાબે તો સાતમો ભાગ પાડવો જોઈએ. છ છોકરા અને પોતે એનો બાપ સાત ભાગ. પણ પાડે નહિ. બહુ તો વિચાર કર્યો કે એ સાત અને બૈરાના આઠ. આઠમો ભાગ કાઢવો જોઈએ. પણ એ એટલું ક્યાં? આહા..હા..! તોપણ એ રાગની મંદતા હોય તો પુણ્ય છે, એ ધર્મ નહિ. આહા..હા..! ધર્મ તો ભગવાન અનંત આનંદનો નાથ એની સામું જોતાં જે પરિણતિ નિર્મળ થાય, પર્યાયની શુદ્ધતા થાય તે એક જ પરમાર્થે ધર્મ અને મોક્ષનો માર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે?

**'શ્રમણ અને શ્રમણોપાસકના ભેદોથી અતિક્રાંત, દર્શનજ્ઞાનમાં પ્રવૃત્ત...'** શુદ્ધ જ્ઞાન

જ એક છે. આહા..હા..! આ ત્રિકાળની વાત નથી. શુદ્ધ એકલો પવિત્રનો પિંડ પ્રભુ આત્મા અનંતગુણનો પવિત્રનો મોટો સાગર એના અંદર દર્શન-જ્ઞાન થતાં તેની પરિણતિ નામ પર્યાયમાં શુદ્ધતા આવે એનું નામ અહીંયાં મોક્ષનો માર્ગ અને શુદ્ધ પરિણતિ કહે છે. આહા..હા..! છે? '(**-માત્ર દર્શન-જ્ઞાનમાં પ્રવર્તેલી પરિણતિરૂપ) શુદ્ધ જ્ઞાન જ...**' લ્યો એકાંત કીધું. વ્યવહાર છે ભલે, પણ આ ત્રિકાળી આનંદનો નાથ ભગવાન આત્મા એનું જ્ઞાનનું એકનું શુદ્ધનું પરિણમન તે એક જ મોક્ષનો માર્ગ છે. આહા..હા..! આ આંખ મીંચીને ક્યાંય ચાલ્યો જશે. એક પાઈ કટકો પણ નહિ. આ તો ઉં.. લ્યો! મોટા પાંચ-પાંચ લાખના સાત મકાન છે. પોપટભાઈ બુધવારે અહીં હતા. અહીં બેઠતા હતા. ઓલા બુધવારે. આ બુધવારે નહિ, ઓલા બુધવારે. અને શનિવારની રાતે એકદમ દુઃખાવો ઉપડ્યો. દોઢ કલાક તો ઉંઘ આવી સાડા દસથી બાર. બાર વાગે ઉઠ્યા. કાંઈક ધ્યાન કર્યું છે એમ લખ્યું છે એમાં હોં. થોડું વિચારમાં બેસતા. ત્યાં કહે, મને દુઃખે છે, ગભરામણ થાય છે. બસ, બૈરાને જગાડ્યા, બૈરાએ સાંભળ્યું, છોકરાઓને ટોકરી વગાડી. પાંચ-પાંચ લાખના સાત તો બંગલા છે. શું કહેવાય? બંગલા ન કહેવાય ત્યાં. ઓરડા (-ફ્લેટ) પાંચ પાંચ લાખના સાત ઓરડા છે. છ છોકરા એમાં રહેતા અને એક પોતે એમ સાત. આવ્યો છોકરો કે બાપુજી કેમ છે? બાપુજી ઉડી ગયા. આહા..હા..! બાપુજી! કેમ છે? એમ કીધું ત્યાં તો દેહ છૂટી ગયો. આહા..હા..!

શનિવારની રાતની વાત છે, ઓલી શનિવારની. મુંબઈમાં. બે કરોડ ઉપર પૈસા. છ-છ છોકરા રળાવ. એમાં એક ઓલો રજની નથી ભાઈ નહોતો આવ્યો અહીં? સંઘ કાઢ્યો હતો. છે તો એ સ્થાનકવાસી ભાઈ કાંતિભાઈ. કાંતિ કોઠારી. એ હમણા આપણે મુકુંદભાઈ આવ્યા છેને મુકુંદનો છોકરો. બહેનનો ભાઈ મુકુંદ નહિ? એનો છોકરો એ કાંતિભાઈની દીકરી પરણ્યો હમણાં. આજે આવ્યા છેને. વરઘોડીયા આવ્યા છે બેય. એ કાંતિલાલની દીકરી એને ત્યાં ગયા હતા મુંબઈ. હવે એ આહા..હા..! અહીંયાં સાત જણા. કોઈ સામું જોનાર ન મળે. બાપુજી! કેમ છે? આમ જોયું ત્યાં દેહ છૂટી ગયો. એ પાંચ પાંચ લાખના બંગલા.. શું કહેવાય? ઓરડો (-ફ્લેટ) એક એક મુંબઈમાં ઘરનો કરેલો અને લીધેલો અઢી અઢી લાખમાં. અત્યારે તો.. ધૂળેય નથી ત્યાં. મમતા... મમતા... મમતા... મારે તો બીજું કહેવું છે. એનો ઓલો છોકરો છેને ભાઈ! રજની એક છોકરો. રજની. અહીં આવ્યો હતો સંઘ નીકળ્યો હતો. એણે ૫૦ હજાર ખર્ચ્યા હતા. તે દિ' અહીં ઘણા વર્ષ પહેલા. સંઘ કાઢ્યો હતો. છેને અહીંયાં. અને આ ભાઈ છે કાંતિભાઈ એણે લાખ ખર્ચ્યા હતા. સંઘ કાઢ્યો હતો. નહિતર છે તો સ્થાનકવાસી. .. એમ છે કાંતિભાઈ ધ્રાંગધ્રાના. નહિ? ખબર છેને. એક લાખ ખર્ચ્યા હતા અને આ છોકરાએ ૫૦ હજાર ગમે તે. છ છોકરામાં આ જુદી દુકાનમાં કાંઈક વધારે પેદાશ હશે. એ રજની છોકરો આવ્યો હતો એણે ૫૦ હજાર ખર્ચ્યા એવું કહેતા હતા. તે દિ' વાત સાંભળી. ઘણા વર્ષ થઈ ગયા નહિ? ૧૦-૧૫ વર્ષ (પહેલા). અહીંયાં આવ્યા હતા.

હવે આ ધૂળધાણી-વાપાણી. આહા..હા..! પણ એ ચીજ ક્યાં તારી હતી તે તારી પાસે રહે? આહા..હા..! તારી પાસે તો અંદર આનંદ અને જ્ઞાનસાગર ભર્યો છે એ છે. આહા..હા..! અરે! એની એને ખબરું ન મળે, એની એને મોટપની (ખબરું ન મળે), મોટપ કેટલી મારી છે. મારો એક એક ગુણ પ્રભુતાથી ભરેલો છે. એવા અનંતા પ્રભુત્વની ઈશ્વરની શક્તિનો ભંડાર છો. આહા..હા..!

એ જ્ઞાન અને એ મોટપ ભાસ્યા વિના જ્ઞાન એના તરફ ઢળી નહિ શકે. સમજાણું કાંઈ? આહા..હા..! અશુદ્ધ રાગમાં એ તાકાત નથી કે અંદરમાં ઢળી શકે. એ તો શુદ્ધ પરિણતિની જ્ઞાનની દશા છે કે જે અંદરમાં ઢળી શકે. આહા..હા..! બહુ માર્ગ ભાઈ ઝીણો, ભાઈ! આહા..હા..! અરે! વખત ચાલ્યા જાય છે. દેહની સ્થિતિ નક્કી થઈ ગયેલી છે. જે સમયે દેહ છૂટવાનો એ નિર્ણય છે પાક્કો. કેવળજ્ઞાનમાં એ નિર્ણય છે પરમાત્માના જ્ઞાનમાં. જે ક્ષેત્રે, જે કાળે, જે સંયોગે જ્યાં દેહ છૂટવાનો એ છૂટે જ છૂટકો. લાખ એના દેવ ઉતારે કે ડોક્ટર ઉતારે. આહા..હા..! એ મૃત્યુની સમીપ દિવસો જાય છે, ભાઈ! તારા બધા દિવસો અને રાત મૃત્યુની સમીપ જાય છે. એમાં અમર એવો ભગવાન... આહા..હા..! અમર કહો કે ધ્રુવ કહો, આ તો એક ભાષા ફરી. ધ્રુવ અમર ભગવાન અંદર અમર વસ્તુ છે ત્રિકાળી. એ અમરને શરણે ન ગયો તો તારા મૃત્યુ અનંત થશે પછી. આહા..હા..! અમરને શરણે જતાં અમરપણું પ્રાપ્ત થશે. આહા..હા..! એ આ.

'**શુદ્ધ જ્ઞાન જ એક છે—**' એ શુદ્ધ જ્ઞાન ત્રિકાળી શુદ્ધ જ્ઞાન તે અમર ચીજ છે. એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ જ્ઞાન એક જ સ્વરૂપ તે પરમાર્થે મોક્ષનો માર્ગ છે. આહા..હા..! આવી વાત છે. એટલે ઘણા પછી સોનગઢને નામે (એમ કહે છે), એ સોનગઢ તો નિશ્ચયની જ વાત કરે છે. વ્યવહારની વાત નથી કરતાં? વ્યવહાર છે એ હેય છે, દુઃખ છે અને રાગ છે. આહા..હા..! પણ વ્યવહારથી કરતાં-કરતાં થાય એમ કહેતા નથી. એ દુઃખ વેદતા-વેદતા આનંદ થાય? આહા..હા..! ભાઈ! તેં માર્ગ સાંભળ્યો નથી.

**શ્રોતા :-** સોનગઢ સિવાય બીજે સાચી વાત નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત સાચી છે. ભાઈ કહેતા. નવનીતભાઈ! બિચારા ગુજરી ગયા. કહેતા કે સમકિતની વાત સોનગઢ સિવાય ક્યાંય મળતી નથી, એમ કહેતા. અને મૂળચંદભાઈ તલાટી મૂળચંદભાઈ. દાહોદ? દાહોદ મૂળચંદભાઈ બેય ગુજરી ગયા. મૂળચંદભાઈ કહેતા આવી વાત ક્યાંય છે નહિ, હિન્દુસ્તાનમાં ક્યાંય નથી. એ ગુજરી ગયા મૂળચંદ તલાટી. ચંદુભાઈ! મૂળચંદભાઈ! આહા..હા..! એ બહુ કાગળ લખતા, આ વાત ક્યાંય છે નહિ. આહા..હા..! બાપુ! એ પ્રભુ પાસે, આત્મા પાસે છે. આહા..હા..! એ અહીં કહે છે.

'**જ્ઞાન જ એક છે—**' સ્વરૂપ ચૈતન્યમૂર્તિ ભગવાન, એનું જ્ઞાન, એની પ્રતીતિ અને એની રમણતા એ જ્ઞાનસ્વરૂપ છે એક જ, એ રાગસ્વરૂપ નથી એમ કહેવું છે. સમજાણું

કાંઈ? આવો માર્ગ હવે. ઓલા તો સામાયિક કરે, પડિક્કમણા કરે, પોષા કરે, અપવાસ કરે, અઠ્ઠમ કરે, આઠ દિ'ના અપવાસ કરે પર્યુષણના. થઈ ગયો ધર્મ. ધૂળેય નથી ધર્મ સાંભળને હવે. એ લાંઘણું છે બધી. જ્યાં આત્મા અંદર વસ્તુ ભગવાન પૂર્ણ શક્તિનો સાગર એના અંતરમાં માહાત્મ્ય આવ્યા નહિ, અધિકપણું ભાસ્યું નહિ, રાગ અને પર્યાયથી અધિક ભિન્ન છે એમ ભાસ્યું નહિ... આહા..હા..! ત્યાં બધા થોથાં છે. એ સાધુ થાય અને મરી જાય બિચારા પાંચ મહાવ્રત પાળીને. આહા..હા..! એ ટીકામાં લખ્યું છે કે ભાઈ! અહીં જે નિષેધ કર્યો છે એ એકલા નિશ્ચય વિનાનો જે વ્યવહાર છે એનો નિષેધ કર્યો છે, પણ નિશ્ચયવાળાને આવો વ્યવહાર હોય છે, એમ ટીકામાં લખ્યું છે સંસ્કૃત ટીકામાં. આહા..હા..!

'**જ્ઞાન જ એક છે—એવું જે નિસ્તુષ (-નિર્મળ) અનુભવન...**' ભાષા જુઓ. ઓલાનું અનુભવન શું હતું? '**અશુદ્ધદ્રવ્યના અનુભવન સ્વરૂપ...**' જે વ્રત, તપ, ભક્તિ, પૂજા, દાન, દયાના ભાવ એ બધા અશુદ્ધ દ્રવ્યનો અનુભવ હતો. આહા..હા..! હવે અશુદ્ધતા કેમ લાગે? એને ભાસે નહિ. આહા..હા..! '**એવું જે નિસ્તુષ...**' ઓલા તુષ હતા ફોતરા. વ્રત ને તપ ને ભક્તિ ને જાત્રાના ભાવ એ બધા ફોતરાં હતા. આહા..હા..! ત્યારે આ નિસ્તુષ. માલ છે કહે છે, ફોતરા વિનાનો માલ. આહા..હા..! પણ એ દ્રવ્યસ્વભાવ... આહા..હા..! અમારે વકીલ હતાને રામજીભાઈના મિત્ર ભગવાનજી વકીલ, ઈ એમ કહેતા, આવા બહુ વખાણ કરો છો તો ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? આ વકીલ. ભગવાનજી વકીલ હતા રાજકોટ. આવી વાતું, વકીલને કાંઈ ખબર ન મળે. આહા..હા..! એમ કે બહુ તમે આવો આત્મા કહો છો, પણ એ ધોયેલ મૂળો ગયો ક્યાં? ક્યાંય ગયો નથી, છે ત્યાં છે, પણ તારી નજરું ન મળે એટલે તને દેખાતો નથી. તારી નજરું તો દયા, દાન ને વ્રત ને ભક્તિ ને પૂજાના રાગમાં છે. આહા..હા..!

નિધાન ભગવાન અંદર પડ્યો છે રત્નનું ચોસલું. આહા..હા..! ચૈતન્ય રત્નના, સ્ફટિક રત્નના ઢગલા પડ્યા છે અંદર. આહા..હા..! કહ્યું નહોતું ઓલા લક્ષ્મણને જ્યારે રાવણ ગયા મારવા. રાવણ આવ્યો સામો, પણ આ તો વાસુદેવ, બાણ માર્યું. મરી ગયા, પણ એ રાવણના મહેલ સ્ફટિક મણિના. આવી લાદી નહિ, સોનાની નહિ. સ્ફટિક મણિની લાદી બંગલાના બંગલા આમ. માઈલ-માઈલ બબ્બે માઈલના પહોળા. આહા..હા..! સ્ફટિક મણિ એકલું. અને સ્ફટિક મણિની નિસરણીઓ અને સ્ફટિક મણિના પાઠડા. એક એક સ્ફટિક મણિની કિંમતું કરોડોની. એવા એવા આખા સ્ફટિકના પાઠડાંના પાઠડાં. આહા..હા..! એ સ્ફટિક તો જડ છે અને આ ચૈતન્ય સ્ફટિક... આહા..હા..! ઉજળો-ઉજળો શુદ્ધ એવા અનંતગુણનો ઉજળો ભગવાન એવા નિજ મહેલમાં પ્રવેશ કર. એ અશુદ્ધ રાગાદિ તે દુઃખરૂપ છે એનાથી તને કાંઈ કલ્યાણ થશે નહિ. આહા..હા..! છે?

'**એવું જે નિસ્તુષ અનુભવન...**' ઓલામાં અશુદ્ધદ્રવ્યનું અનુભવન હતું. વ્યવહાર દયા,

દાન, ભક્તિ, શ્રદ્ધા વ્યવહાર એમાં અશુદ્ધદ્રવ્યનું અનુભવન હતું અને આ જ્ઞાનસ્વરૂપી ભગવાનનું વેદન એ નિસ્તુષ રાગ વિનાનું વેદન છે, સ્વદ્રવ્યનું વેદન છે. આવું છે. બહારમાં હો.. હા.. હો.. હા.. અપવાસ કર્યા, આઠ કર્યા, ચાર કર્યા, દસ-દસ કર્યા, વીસ કર્યા, એના વરઘોડા કાઢ્યા, ધૂળેય નથી ત્યાં સાંભળને. આહા..હા..! ભગવાન અંદર નિસ્તુષ વસ્તુ પડી છે એનો જે અનુભવ એ નિસ્તુષ છે એટલે રાગના ફોતરા વિનાનો માલ મારો છે. આહા..હા..! છે? '**એવું જે નિસ્તુષ (-નિર્મળ) અનુભવન...**' ઓલું અશુદ્ધનું અનુભવન હતું. વ્યવહાર દયા, દાન, ભક્તિ, પૂજા, રત્નત્રય વ્યવહાર છતાં એ અશુદ્ધનું અનુભવન છે અને આ શુદ્ધનું અનુભવન છે. નિર્મળ એટલે શુદ્ધ. આહા..હા..! સમજાણું કાંઈ? '**નિસ્તુષ અનુભવન તે પરમાર્થ છે,...**' આહા..હા..! અનંત-અનંત ચૈતન્ય રત્નાકર સ્ફટિક મણિનો ભગવાન ધરનાર. આહા..હા..! ચૈતન્યરત્નના સ્ફટિક મણિથી ભરેલો. એની મહિમા લાવીને તેના તરફની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એ નિર્મળ પરિણામ છે. એ નિર્મળ પરિણામ તે મોક્ષનો માર્ગ છે. કહો, સમજાણું આમાં? અજાણ્યા માણસને તો એવું લાગે આ શું હશે આ તે આવી વાતું? અરે! ભાઈ! તેં સાંભળ્યું નથી, ભગવાન! વીતરાગ પરમાત્મા જિનેન્દ્રદેવ જે સત્ય મોક્ષમાર્ગ કહે છે એ ભાઈ! તેં સાંભળ્યો નથી, તને ખબર નથી. આહા..હા..!

**શ્રોતા :-** પ્રભુ! આપની...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સમજવા માટે તો આ વાત થાય છે. એની ચીજ છેને ન કેમ સમજાય? આહા..હા..! ભલે બધું છોડી ન શકે રાગાદિને, પણ શ્રદ્ધામાંથી તો છોડી શકેને? સમજાણું કાંઈ? રાગ-દ્વેષાદિ, શુભ કે અશુભ પરિણામ છોડી ન શકે, છોડી શકે તો આગળ વધી જાય વીતરાગભાવમાં, પણ શ્રદ્ધામાં તો છોડી શકેને. આહા..હા..!

**શ્રોતા :-** શ્રદ્ધામાં છોડી શકે એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલે વસ્તુના દ્રવ્યસ્વભાવની પ્રતીતિ થાય ત્યારે રાગાદિ સર્વ દ્રવ્ય શ્રદ્ધામાંથી છૂટી ગયા. એ મારા છે એમ છૂટી ગયું. રહ્યા, પણ એ 'મારા છે' એમ રહ્યા નહિ. આહા..હા..! આવું છે. ઝઘડા ઉભા કરે આ વ્યવહારથી થાય... વ્યવહારથી થાય.. લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવે એમ આ અશુદ્ધદ્રવ્યનું અનુભવન કરતાં-કરતાં શુદ્ધ અનુભવન થાય. ન્યાયથી જરી લોજિકથી સાંભળશે તો એને ખ્યાલ આવે.

વીતરાગમાર્ગ આ તો પરમાત્મા ત્રિલોકનાથ... આહા..હા..! ભરતમાં પરમાત્માના વિરહ પડ્યા, તેમ પરમાત્માપણું પ્રગટ થવાનો વિરહ પડી ગયો. આહા..હા..! એમાં આ વાત... પરમાત્મપ્રકાશમાં લીધી છેને ભાઈ! કે પહેલા તો દેવ આવતા. કઠિયારા કાલના આજે કેવળી દેખતા એટલે ધર્મ પામવું એને ઠીક (પડતું). અને આ કાળે નહિ દેવ કોઈ આવે, આવી વાત સત્ય. દેવને ખબર છે કે અહીં ફેરફાર થઈ ગયો છે. પણ દેવ ન ઉતરે, દેવ ન આવે. કોઈને અવધિજ્ઞાન ન થાય, મનઃપર્યયજ્ઞાન ન થાય. એમાં જે કોઈ સમ્યગ્દર્શન પામે છે એ

તો અલૌકિક વાત છે એમ કહે છે. અચંબો છે! આહા..હા..! સમજાણું કાંઈ? સારા કાળમાં તો કાલ કઠિયારો હતો, લાકડા લઈને વેચતો, આજે જોવે તો કેવળજ્ઞાન થયું. એને એકદમ વૈરાગ્ય થઈ ગયો અને એકદમ અંદરમાં ચૈતન્યમાં ઉતરી ગયો, સમ્યગ્દર્શન થયું અને ચારિત્ર અંગીકાર કર્યું, સ્થિરતા અને આગળ ઉતરી ગયો તો કેવળજ્ઞાન થઈ ગયું. આ ... આહા..હા..! તેવા ધર્મના પ્રસંગો ઉંચા આશ્ચર્યકારી દેખીને ધર્મ પામતા એમાં કાંઈ વિશેષતા નથી. આહા..હા..! એમ કહે છે.

આવા ધર્મના તો વિયોગ થઈ ગયા. અવધિજ્ઞાન રહ્યા નહિ, મનઃપર્યયજ્ઞાન રહ્યા નહિ, કેવળજ્ઞાન પ્રગટ થવાની લાયકાત રહી નહિ. કેવળી તો રહ્યા નહિ, પણ પ્રગટ થવાની લાયકાત રહી નહિ. આહા..હા..! એમાં આ શુદ્ધ ભગવાન આત્મા પવિત્રતાના અનંતગુણનો પિંડ પ્રભુ પાતાળ કૂવો છે એ તો મોટો. આહા..હા..! એના આશ્રયે જે શુદ્ધ પરિણતિ થાય, શુદ્ધ પર્યાય એ નિર્મળ છે, એ શુદ્ધદ્રવ્યની પર્યાય છે અને ઓલો રાગ અશુદ્ધદ્રવ્યનો અનુભવ હતો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે પરમાર્થ છે,...**' છે જુઓ, '**પરમાર્થ છે, કારણ કે તે (અનુભવન) પોતે શુદ્ધદ્રવ્યના અનુભવન-સ્વરૂપ હોવાથી...**' ઓલું અશુદ્ધદ્રવ્યનું અનુભવન હતું. આહા..હા..! શું ટીકા પણ તે ટીકા તે! આહા..હા..! સિદ્ધાંતો એકલા સત્યના સિદ્ધાંત રેલ્યા છે. આહા..હા..! એ અનુભવન... આહા..હા..! '**શુદ્ધ દ્રવ્યના અનુભવન-સ્વરૂપ હોવાથી...**' એ શું કીધું? કે આત્મા જે નિત્યાનંદ પ્રભુ ધ્રુવ ધ્રુવ ધામ પડ્યું છે. સુખધામ, સુખનું સ્થાન, સુખનું ક્ષેત્ર એણે જેણે પ્રતીતમાં સ્વસન્મુખ લઈને શ્રદ્ધા જ્ઞાન કર્યું અને સ્થિરતા કરી તે શુદ્ધદ્રવ્યની પરિણતિ છે, એ આત્મદ્રવ્યની પર્યાય છે. આહા..હા..! ભારે ગાથા. '**પોતે શુદ્ધદ્રવ્યના...**' પોતે. ઓલામાં આવ્યું હતુંને એ રીતે? ઓલામાં એમ આવ્યું જુઓ, '**પોતે અશુદ્ધદ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી...**' ત્રીજી લીટીમાં. ત્યાં એ પોતે સ્વયં. આહા..હા..! આમ ઢળતા ચૈતન્યમાં આમ જતાં... આહા..હા..! પોતે શુદ્ધસ્વરૂપ છે કહે છે. છે? '**પોતે શુદ્ધદ્રવ્યના અનુભવન-સ્વરૂપ હોવાથી તેને જ પરમાર્થપણું છે.**' આહા..હા..! ખરેખર તેને જ મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૬, ગુરુવાર, તા. ૦૧-૧૨-૧૯૭૭, ગાથા-૪૧૪, કળશ-૨૪૪, પ્રવચન નં. પ૨૬

અઢી લીટી બાકી છે. 'કારણ કે તે (અનુભવન) **પોતે શુદ્ધદ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી તેને જ પરમાર્થપણું છે.**' ત્યાં સુધી આવ્યું છે. શું કહ્યું એ? કે આત્મા ચૈતન્ય શુદ્ધ જ્ઞાનસ્વરૂપ, પૂર્ણ આનંદઘન એનો અનુભવ, એની સન્મુખતાની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ પરમાર્થે મોક્ષનો માર્ગ છે. છે? કેમકે એ શુદ્ધ દ્રવ્યના અનુભવસ્વરૂપ હોવાથી. શુદ્ધ જે દ્રવ્ય છે વસ્તુ, પણ દ્રવ્ય છે એ અસ્તિ કેવડું છે એ એની મહિમામાં આવવું જોઈએ. અનંત-અનંત ગુણરત્નાકરનો દરિયો ભગવાન છે. આહા..હા..! એવા દ્રવ્યનો. શુદ્ધદ્રવ્ય અનુભવસ્વરૂપ એને શુદ્ધને અનુસરીને ભવવું નામ આનંદની પર્યાયરૂપે થવું એને જ, એને જ પરમાર્થસ્વરૂપ છે. એ જ પરમાર્થ મોક્ષનો માર્ગ છે. હવે આવી વાત.

હવે કહે છે, '**જેઓ વ્યવહારને જ...**' ત્યાં પણ 'જ' આવ્યો છે. જે કાંઈ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના ભાવ, શાસ્ત્રના ભણતર એવો જે વિકલ્પ છે એ તો રાગ છે. આહા..હા..! એ '**વ્યવહારને જ...**' ૪૧૪ છેલ્લી ત્રણ લીટી. છેલ્લી ત્રણ લીટી. ટીકાની છેલ્લી ત્રણ લીટી. ૪૧૪ ગાથા. આહા..હા..! છે? '**જેઓ વ્યવહારને જ...**' એટલે? વ્યવહારશ્રદ્ધા, વ્યવહાર શાસ્ત્રજ્ઞાન અને વ્યવહારવર્તન-વ્રત આદિ એને જ '**પરમાર્થ બુદ્ધિથી અનુભવે છે,...**' આહા..હા..! હવે આવી તો વાત છે. એ ટીકાઓ બધી... એમ કે આ બધા વ્રત ને તપ એ બધા સાધન છે. પણ આ કરે છેને આ વ્રત, દયા પાળે, અહિંસા પાળે.

અહીં તો શ્રીમદ્દે ન કહ્યું? 'યમ નિયમ સંયમ આપ કિયો પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો.' યમ-પંચમહાવ્રત અનંતવાર પાળ્યા. આહા..હા..! નિયમ પણ આકરા અનંતવાર લીધા. 'યમ નિયમ સંયમ.' ઈન્દ્રિયદમનનું સંયમ પણ એ જાતનું અનંતવાર કર્યું. 'યમ નિયમ સંયમ આપ કિયો...' પુરુષાર્થથી કર્યો એમ કહ્યું. 'પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો.' આહા..હા..! સ્ત્રી, કુટુંબ છોડી જંગલમાં ચાલ્યો ગયો એકલો. 'પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો. વનવાસ રહ્યો, મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાઈ દિયો.' આહા..હા..! આવું અનંતવાર કર્યું કહે છે. 'પન મૌન નિરોધ સ્વબોધ કિયો, હઠયોગ પ્રયોગ સુતાર ભયો. જપ ભેદ જપે...' ભગવાન... ભગવાન... ભગવાન... નામ અરંહત, નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... 'જપ ભેદ જપે' એ અનંતવાર જપ કર્યા. આહા..હા..! 'જપ ભેદ જપે તબ ત્યોંહી તપે.' તપ એટલા કર્યા, અપવાસ છ-છ મહિનાના અપવાસ, તપ તપે. એ રાગની મંદતા છે. આહા..હા..!

'જપ ભેદ જપે તબ ત્યોં હી તપે, ઉર સે ઉદાસી લહી સબપે. સબ શાસ્ત્રન કે નયધારી' એ ક્રિયાકાંડની વાત કરી પહેલી.

હવે 'સહશાસ્ત્રન કે નય ધારી હિયે.' શાસ્ત્ર ભણ્યો, અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ લબ્ધિ થઈ. આહા..હા..! 'સબ શાસ્ત્રન કે નય ધારી હિયે.' હૈયે ધારી રાખી ધારણા વિકલ્પથી. આહા..હા..! 'મત મંડન ખંડન ભેદ લિયો, વહ સાધન વાર અનંત કિયો, તદપી કછુ હાથ હજુ ન પડ્યો.' આ તો હિન્દી ભાષા. 'અબ ક્યોં ન વિચારત હૈ મનસે કુછ ઓર રહ્યા ઉર સાધનસે.' એ સાધન નહિ. આહા..હા..! 'વહ સાધનવાર અનંત કિયો.' આહા..હા..! શાસ્ત્ર ભણ્યો, મહાવ્રત લિધા, નિયમ આકરા કર્યા, ઈન્દ્રિયદમન કર્યા, વનવાસ વેઠ્યો, મૌનપણે કાષ્ઠમૌન બસ, મૌન. આહા..હા..! પણ એ તો બધી રાગની ક્રિયા છે. આહા..હા..! 'વહ સાધન વાર અનંત કિયો. તદપિ કછુ હાથ હજુ ન પડ્યો. અબ ક્યોં ન વિચારત હૈ મનસે, કુછ ઓર રહ્યા ઉન સાધનસે.' એ સાધનથી કાંઈક ભિન્ન ચીજ રહી ગઈ છે. આહા..હા..! આ. એ વ્યવહારને જ પરમાર્થબુદ્ધિથી અનુભવે છે. આહા..હા..!

એમ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ પણ અનંતવાર કરી. પણ એ રાગને વ્યવહાર છે એને પરમાર્થ તરીકે આ ધર્મ છે, એનાથી ધર્મ થશે એમ વ્યવહારને પરમાર્થ તરીકે જાણે છે. કહો આ તો સમજાય એવી વાત છે. હવે એની ટીકા બધી થાય, લ્યો! જૈનદર્શનમાં આજે ખૂબ આવ્યું. આ દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ છેને એનો વિરોધ આવ્યો છે. અમે પાણીમાં નાખ્યા છે એ જૈનશાસ્ત્ર નહિ, એ શસ્ત્ર હતા માટે નાખ્યા છે ..માં. પાણીમાં. કારણ કે ત્યાં એમ બોલે છે નિહાલચંદ કે અમે પૂજા કરીએ, ભક્તિ કરીએ, વ્રત પાળ્યા, આવું કર્યું તોપણ, લ્યો એને તો ખોટા ઠરાવે છે. એમ. આવે છેને? આહા..હા..! અહીં શું કહે છે આ? વ્યવહાર કર્યો, પંચમહાવ્રત પાળ્યા, નગ્ન મુનિ થયો, જંગલમાં ચાલ્યો ગયો, પણ એ બધી ક્રિયાઓ રાગની. સ્વ ચૈતન્યમૂર્તિ ભગવાન અંદર કોણ છે એના ધ્યેયને ન લીધું. આહા..હા..! એને ધ્યેય ન બનાવ્યું અને આ વ્યવહારને ધ્યેય બનાવીને પરમાર્થ માનીને અનુભવ્યો. આહા..હા..! બધાની તકરાર આ છે અત્યારે સાધુઓ, પંડિતો, વિરોધ કરનારા. આહા..હા..! એની દૃષ્ટિનો. વ્યવહારથી પરમાર્થ થાય એ તમે નથી કહેતા એ જૂઠું. અહીં તો કહ્યુંને વ્યવહાર. ક્યો વ્યવહાર? આહા..હા..! નવમી ગ્રૈવેયકે જ્યારે ગયો જીવ ત્યારનો એનો વ્યવહાર છે એ વ્યવહાર તો અત્યારે છે પણ નહિ. એવી ક્રિયા મહિના-મહિનાના અપવાસ, જંગલમાં ૩૦ દિવસ રહેવા. આહા..હા..! એક વાર ભીક્ષા માટે મહિને નીકળીને ગામમાં આવે, તે પણ એને માટે કરેલો આહાર તો લે નહિ, નિર્દોષ એને લાગે કે આ મારે માટે નથી કર્યો તો જ લે. આહા..હા..! નવ વાડે બ્રહ્મચર્ય પાળે, સ્ત્રી સામું જોવે નહિ. આહા..હા..! એવી પ્રવૃત્તિ તો અનંતવાર કરી. આહા..હા..!

એ '**વ્યવહારને જ પરમાર્થબુદ્ધિથી અનુભવે છે,...**' આ એનો અર્થ છે. એ બધી

ક્રિયાકાંડનો રાગ પુણ્ય રાગ છે એને પરમાર્થ માનીને અનુભવી, એ મોક્ષનો માર્ગ એમ માને છે. આહા..હા..! છે શેઠ? આહા..હા..! 'જેઓ...' જે કોઈ પ્રાણીઓ. સંતો કહે છે દિગંબર મુનિઓ, આત્મ અનુભવીઓ, ચારિત્રના રમણતા કરનારા. આહા..હા..! જેને મસ્તી ચડી ગઈ છે આત્માની, એવા અતીન્દ્રિય આનંદના અનુભવને પ્રચુર વેદન કરનારા, એ સંત કહે છે, ભાઈ! તેં વ્યવહારને પરમાર્થબુદ્ધિથી અનુભવ્યો છે અનંતકાળમાં, આહા..હા..! પણ એ વ્યવહારની ક્રિયાકાંડના રાગથી ભિન્ન ભગવાન અંદર છે એના ધ્યેયને કોઈ દિ' તેં લક્ષમાં લીધું નથી. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા ચૈતન્ય આનંદદળ ચૈતન્યદળ, ચૈતન્ય રસકંદ એવી જે નિત્ય ધ્રુવ વસ્તુ એને તે ધ્યેયમાં લીધી નહિ. ધ્યેય તો આ વ્યવહારની ક્રિયા એ ધ્યેયમાં લીધી. આહા..હા..!

એમ શાસ્ત્રનું વાંચન કરીને પણ ભણ્યો, પણ એથી શું? એ તો પર વિકલ્પ છે. આહા..હા..! એ આવ્યું નહિ? 'સબ શાસ્ત્રન કે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ લિયે, વહ સાધન વાર અનંત કિયો.' આહા..હા..! છતાં પાછા એના જ માણસો એમ પૂછે કે પણ એ નિશ્ચય ભલે પણ સાધન? એમ કે ભક્તિ (એ સાધન). એ પૂછતો હતો ત્યાં અગાસ. વ્યાખ્યાન બપોરે થયું, સાંભળ્યું બધાએ. પછી રાતે આવ્યો. બધી વાત નિશ્ચય બરાબર, પણ એનું સાધન? હવે અહીં તો સાધનની ના પાડે છે. શ્રીમદ્ પણ ના પાડે છે કે એ બધા સાધન અનંતવાર કર્યા એ સાધન નથી. આહા..હા..! એ રાગ, પર દિશા તરફ વળેલો રાગ તેની ક્રિયામાં તો અનંતવાર તું પડ્યો. હવે તેની દિશા બદલાવીને અંતર્મુખ ચૈતન્ય જ્ઞાયકભાવથી ભરેલો ધ્રુવ તેને ધ્યેયમાં ન લઈને અનુભવ્યો નહિ તેં. આહા..હા..! વ્યવહારને પરમાર્થ માનીને અનુભવ્યો, પણ પરમાર્થને પરમાર્થ જાણીને અનુભવ્યો નહિ. આહા..હા..!

છેને? '**તેઓ સમયસારને જ નથી અનુભવતા;...**' જોયું! આહા..હા..! જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા... આહા..હા..! એવા અનંતવાર કર્યા એ રાગને અનુભવે છે, પણ સમયસારને અનુભવતા નથી. સમયસાર એટલે આત્મા. રાગ દયા, દાનના વિકલ્પથી ભિન્ન એવું નિર્વિકલ્પ ચૈતન્યતત્ત્વ તેને અનુભવતા નથી. આહા..હા..! છે? આહા..હા..! લોકોની રાડ આ છે બધી. આવું બિચારા અપવાસ કરે, વ્રત પાળે, બ્રહ્મચર્ય જાવજીવ પાળે, ઉઘાડે પગે ચાલે, તડકા સહન કરે, શિયાળાના હીમ પડ્યા હોય તો પણ કપડું ન ઓઢે, પણ એ તો ક્રિયાકાંડ બધી રાગની છે, પરલક્ષી છે, આહા..હા..! એને પરમાર્થની ખબર જ નથી. એ બસ, આ ક્રિયા એ અમારો ધર્મ અને એનાથી કલ્યાણ અમારું. આહા..હા..! આવી વાત છે.

એ '**સમયસારને જ...**' એટલે નિત્યાનંદ પ્રભુ એને નથી અનુભવતા. નિત્યાનંદ ધ્રુવ તેને અનુભવતા નથી, પર્યાયમાં એને અનુભવતા નથી. એ રાગની ક્રિયાને પરમાર્થ માનીને અનુભવે છે મિથ્યાદૃષ્ટિ, પણ સમયસારમાં ભગવાન આનંદનો નાથ પૂર્ણ આનંદ, પૂર્ણ ભિંદ, શુદ્ધ ચૈતન્યઘન એને અનુભવતો નથી એટલે પર્યાયમાં એને અનુભવતો નથી. આહા..હા..!

સમજાણું કાંઈ? આવું કઠણ સ્વરૂપ. પણ એને શ્રદ્ધામાં તો પહેલો લે કે વ્યવહારની ક્રિયાકાંડથી આત્માનું કલ્યાણ નથી. અંતર વળ્યે રાગથી ભિન્ન પડ્યે, પૂર્ણ ધ્રુવ પડ્યું છે જે તત્ત્વ એની દૃષ્ટિ અને એનો આશ્રય લેતા ધર્મ થાય, બાકી ધર્મ થતો નથી, એવી શ્રદ્ધાના પક્ષમાં તો બેસે. આ તો શ્રદ્ધા જ જૂઠી. વ્યવહાર કરતાં-કરતાં પરમાર્થ થશે. એ વ્યવહાર પોતે જ ધર્મ છે એમ કહે. આહા..હા..! શું થાય?

'તેઓ...' એમ છેને? '**જેઓ વ્યવહારને જ પરમાર્થબુદ્ધિથી અનુભવે છે, તેઓ સમયસારને નથી અનુભવતા;...**' આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન એને એ અનુભવતા નથી, આનંદના વેદનમાં એ આવતા નથી. દુઃખના વેદનમાં પરમાર્થ માને છે. એ વ્યવહાર પંચમહાવ્રતાદિની ક્રિયા દુઃખનું વેદન છે. આહા..હા..! એને અનુભવે છે, પણ શુદ્ધ સમયસારને જ્ઞાનાનંદ સ્વભાવ સહજાનંદ પ્રભુ આત્મા એવી જે ચીજ છે નિત્ય પ્રભુ તેના સન્મુખથી એનો અનુભવ કરતો નથી. વ્યવહારની સન્મુખમાં પડ્યો પરમાર્થ માને છે. આહા..હા..! કહો, આમાં છે કે નહિ?

**શ્રોતા :-** એ લોકો આનો શું અર્થ કરે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ જાણે શું કરતા હશે? એનું કારણ છેને. એક સમયની પર્યાયમાં જેનું લક્ષ છે એની રમતું બધી રાગની ક્રિયામાં છે. ભલે શુભ હો, પણ એ રાગની ક્રિયામાં રમત. એને ભગવાન અંદર એ એક સમયની પર્યાય એની પાછળ દ્રવ્ય જે વસ્તુ છે એ આખી પરિપૂર્ણ આનંદનું ઘર છે, આનંદનો મહેલ છે. આહા..હા..! એ આનંદના મહેલને પગથિયે ચડતો નથી. આહા..હા..! આવી વાત એટલે સોનગઢ સામે (વિરોધ કરે છે). જૈનદર્શનમાં આજે આવ્યું છે બહુ વિરૂદ્ધ. જૈનદર્શન અને કરુણાદીપ બે પત્ર આવે છે એમાં અહીંનો વિરોધ પાક્કો એમાં. એનો વિરોધ કરે છે એની ખબર નથી. આહા..હા..! ભાઈએ લખ્યું છેને સોગાનીએ કે 'મેં વ્રત કર્યા, તપ કર્યા, ભક્તિ કરી, પૂજાઓ કરી મેં અનંતવાર ઘણું કર્યું, પણ ક્યાંય હાથ ન આવ્યો' આત્મા એમ લખ્યું છે દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં. એની એણે ટીકા કરી છે. જુઓ, આવી ક્રિયાકાંડથી એ હાથ ન આવ્યો ત્યારે હાથ બીજી રીતે આવશે? એને ઉડાવે છે, જૈનવાણી નથી આ. આહા..હા..! વીતરાગવાણી તો આ છે કે વ્યવહારને વ્યવહાર તરીકે જાણી તેનાથી છૂટો પડીને આત્માનો અનુભવ કરે તે જૈનની વાણી કહેવાય. આહા..હા..! પછી વ્યવહાર આવે એને પરમાર્થ ન જાણે. આવે, પણ આત્માનુભવ થયા પછી દ્રવ્યનો ચૈતન્ય પૂર્ણાનંદ પ્રભુ એનો આશ્રય આવીને અનુભવ થયા છતાં, પૂર્ણ આશ્રય જ્યાં સુધી નથી ત્યાં વચમાં વ્યવહાર આવે, પણ આવે તેને એ હેય જાણે. આહા..હા..! અને અંતરમાં વલણના ભાવને જ ઉપાદેય માને. આવી વાત છે, ભાઈ! શું થાય? અરે! માંડ બહાર આવ્યું ત્યાં પાને પાને વિરોધ. બે પત્રોમાં છે. આહા..હા..! શું કરે છે ભાઈ તું? બાપુ! તારી પ્રભુતાની તને ખબર નથી. તું પ્રભુ છો. એ રાગથી ભિન્ન પડેલો નાથ

છો. એને રાગના સાથ લઈને, સથવારો લઈને એને કલ્યાણ માનવું. આહા..હા..! દુશ્મનના ભાવને સથવારો લઈને કલ્યાણ માનવું. આહા..હા..! ઝીણું તો છે, અપૂર્વ છે, પૂર્વે કદી કર્યું નથી. આહા..હા..! બાકી તો કરી કરીને મરી ગયા. આહા..હા..!

એ રાગની ક્રિયાનું ફળ તો સ્વર્ગ અને ત્યાં દુઃખ. આહા..હા..! અને ત્યાંથી પાછો નીકળીને મનુષ્ય કે ઢોર થઈને પાછો નરકે જાય. આહા..હા..! 'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો, ફીર પીછો પટક્યો.' કહ્યુંને એ? ચાર સજ્ઝાયમાળા દુકાન ઉપર વાંચેલી હતી. ૧૮-૧૯-૨૦ વર્ષની ઉંમર. ૬૮ વર્ષ પહેલાની વાત છે.

**શ્રોતા :-** વ્યવહાર..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ દ્રવ્યસંયમ, પણ એ તો એને દ્રવ્યસંયમનો અર્થ થયો. આ તો કહે છે દ્રવ્યસંયમ તો પાળ્યું છે. છતાં ફેર પટક્યો પાછો નીચે. 'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો.' ભાવસંયમ નહિ, ભાવસમકિત નહિ. આહા..હા..! શ્વેતાંબરની શૈલીની છે એ સજ્ઝાયમાળા એટલે બહુ એ ચોખવટ એમાં નહિ, પણ આટલું આવ્યું કે સંયમ દ્રવ્ય કહે છે અને એ કહે છે એનાથી કલ્યાણ ન થયું. આહા..હા..! આમ તો લેખ આમાં આવી ગયો છે ભાઈમાં. હુકમચંદજી. આત્મધર્મમાં. દેવલોકના દેવને તો સ્ત્રીનો વિષય નથી. ૩૧-૩૧ સાગર સુધી સ્ત્રી સામું નથી, સ્ત્રી છે નહિ. જો એનો ત્યાગ હોય તો એને સંયમ હોવો જોઈએ. એને ત્યાગ છે, આવો તો ત્યાગ બહારના ત્યાગથી સંયમ હોય તો એને સંયમ હોવો જોઈએ. આહા..હા..! અને તેને આહાર પણ હજારો વર્ષે, ૩૧ સાગરે જાય તો ૩૧ હજાર વર્ષે આહારની ઈચ્છા થાય. ત્યાં કાંઈ તમારે ઓછું કરે ચાર રોટલી, થોડા ચોખા, થોડુંક ઓલું.. વધારે પાક નહિ, પણ ત્યાં તો એ પણ નથી. ૩૧ હજાર વર્ષે ઈચ્છા (થાય ત્યારે) કંઠમાંથી અમૃત ઝરે. હવે એને આહાર પણ નથી બહારનો જો એને સંયમ હોય તો. સંયમ નથી. સંયમનું એ સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એને કોઈ મોટા મહેલ, મકાન, એના વરઘોડા, રથ એ કાંઈ ત્યાં છે નહિ. આહા..હા..! છતાં તે સંયમી નથી. એનો અર્થ કે અંતર સમ્યગ્દર્શનસહિત સ્વરૂપની સ્થિરતા થાય તેનું નામ સંયમ છે. એ તો સંયમ નથી. આહા..હા..! ત્યારે એનો અર્થ એવો કરે છે કે ત્યાં સંમય નથી, માટે સંયમ તો અહીં મનુષ્યપણામાં છે. માટે લઈ લ્યો વ્રત ને તપ, સંયમ કરો. આહા..હા..! અરે! ભાઈ! એ વ્રત ને તપ એ સંયમ નથી, એ તો અસંયમી ભાવ, રાગભાવ છે. આહા..હા..!

એ અહીં કહ્યું, '**તેઓ સમયસારને જ...**' વ્યવહારને જ પોતાનું સાધન માનીને પરમાર્થ માને છે. આહા..હા..! પણ અતીન્દ્રિય આનંદથી છલોછલ, લવાલવ ભરેલો ભગવાન એની સામું જોઈને આનંદનો અનુભવ કરતો નથી અને આ દુઃખના અનુભવને પરમાર્થ માને છે. આહા..હા..! અશુભ ભાવ હિંસા, જૂઠું, ચોરી, રળવું, કમાવું એ ભાવ તો પાપ, અશુભ તો દુઃખ જ છે, પણ આ શુભભાવ પણ દુઃખ છે. અમૃતસ્વરૂપ ભગવાન આત્મા આનંદનો

નાથ એનાથી વિરુદ્ધ ભાવ પંચમહાવ્રત, શાસ્ત્રના ભણતર... આહા..હા..! એ બધા વિકલ્પો રાગ છે, એ દુઃખ છે. એ દુઃખને જ સુખનું સાધન અને સુખરૂપ માનીને અનુભવે એ સુખનો સાધન આત્મા એને અનુભવતા નથી, એને આત્મતત્ત્વ છે નહિ. આહા..હા..! કેટલી ભાષા સીધી સરળ છે!

'**જેઓ પરમાર્થને પરમાર્થબુદ્ધિથી અનુભવે છે,...** ' જોયું! ઓલા વ્યવહારને પરમાર્થબુદ્ધિથી અનુભવે છે '**તેઓ જ સમયસારને અનુભવતા નથી.**' હવે? અસ્તિથી એ વાત લીધી. '**જેઓ પરમાર્થને...**' પરમ અર્થ ભગવાન આત્મા એને અનુભવે છે. પરમાર્થ પ્રભુ એકલો જ્ઞાન અને આનંદનું દળ. આહા..હા..! એવા પરમાર્થસ્વરૂપ ભગવાનને જે અનુભવે છે. '**પરમાર્થને પરમાર્થબુદ્ધિથી અનુભવે છે,...** ' ઓલા વ્યવહારને પરમાર્થબુદ્ધિથી અનુભવતો. આ પરમાર્થ છે શુદ્ધ ચૈતન્યઘન એની સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર શુદ્ધ વીતરાગી પર્યાય એ પરમાર્થબુદ્ધિથી પરમાર્થને અનુભવે છે '**તેઓ જ સમયસારને અનુભવે છે.**' આહા..હા..! '**તેઓ જ...**' ઓલા વ્યવહારવાળા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ટૂંકું અને ઘણું રહસ્ય છે. વસ્તુ આવી છે. અરે! ભગવાન બેઠો છેને અંદર અનંત ચૈતન્યરત્નથી ભરેલો. અનંત ચૈતન્ય, એક-બે-ત્રણ એમ નહિ. જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ. આહા..હા..! એવો અનંત ચૈતન્યરત્નનો મોટો ડુંગરો પ્રભુ છે એને જ એ પરમાર્થથી પરમાર્થને જ્ઞાની અનુભવે છે. અજ્ઞાની વ્યવહારને પરમાર્થબુદ્ધિથી અનુભવે એ આત્માને પામતા નથી. આહા..હા..! આવું કામ છે. '**પરમાર્થને પરમાર્થબુદ્ધિથી અનુભવે છે, તેઓ જ...**' તે જ. એ સિવાય વ્યવહારના કરનારા નહિ. આહા..હા..! '**તેઓ જ સમયસારને...**' સમયસાર એટલે પૂર્ણાનંદ પ્રભુ, સમય નામ આત્મા એનો સાર એટલે રાગરહિત, કર્મરહિત, શરીરરહિત એવું જે આત્મતત્ત્વ અંદર ભગવાન પૂર્ણ બાદશાહ એને એ અનુભવે છે. આહા..હા..! આવી વાતું છે.

'**ભાવાર્થ :- વ્યવહારનયનો વિષય તો ભેદરૂપ અશુદ્ધદ્રવ્ય છે,...**' આહા..હા..! એ વ્રત ને તપ ને ભક્તિ ને એ બધો ભાવ એ વ્યવહારનયનો વિષય તો ભેદરૂપ છે અને તે ભેદરૂપ અશુદ્ધદ્રવ્ય છે. એ દ્રવ્યની પર્યાય અશુદ્ધ છે. દ્રવ્ય અશુદ્ધ કીધું. દ્રવ્ય તો શુદ્ધ છે, પણ રાગની ક્રિયા મહાવ્રત ને બધી પંચમહાવ્રત આદિ. આહા..હા..! એ અશુદ્ધદ્રવ્ય છે એટલે કે દ્રવ્યની પર્યાયમાં એ અશુદ્ધતા છે. આહા..હા..! લાખ મંદિર બનાવે અને કરોડ રૂપિયા, અબજ રૂપિયા ખર્ચે અને પંચમહાવ્રત પાળે, જાવજીવનું બ્રહ્મચર્ય પાળે, એકેન્દ્રિય જીવના એક કણને પણ દુભવે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એ બધો વ્યવહારનયનો વિષય છે, એ નિશ્ચયનો વિષય છે નહિ. આહા..હા..! હવે ઓલા કહે દયા, દાન, વ્રત, ભક્તિથી કલ્યાણ ન માને એ શાસ્ત્ર જ નથી, એમ કહે છે. માટે અમે પાણીમાં નાખ્યા. ઠીક બાપા! એમાં શું થવાને કાળે, ભાઈ! ભગવાન તેં શું કર્યું? આહા..હા..!

અહીંયાં તો પરમાર્થ ભગવાન આત્મા.. છે? ભેદરૂપ અશુદ્ધદ્રવ્ય. એ પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ સાધુના, શાસ્ત્ર ભણતર એ બધો વિકલ્પ છે, ભેદરૂપ અશુદ્ધદ્રવ્યની પર્યાય છે. એ દ્રવ્યની અશુદ્ધ પર્યાય છે. આહા..હા..! દ્રવ્ય તો દ્રવ્ય છે. દ્રવ્ય અશુદ્ધ થતું નથી, પણ પર્યાયને એ દ્રવ્યનું અશુદ્ધપણું છે પર્યાયમાં માટે અશુદ્ધદ્રવ્ય એમ કીધું. આહા..હા..! ઓલું શુદ્ધદ્રવ્ય લેવું છેને પાછું અનુભવમાં? શુદ્ધ પરિણતિ તે શુદ્ધદ્રવ્યની છે, આ અશુદ્ધ પરિણતિ એ દ્રવ્યની અશુદ્ધ પરિણતિ છે એમ બતાવે છે. આહા..હા..! આ તો જેને આત્માની લગની લગાડવી હોય એની વાતું છે, બાપુ! આહા..હા..! લાલા પેઠા કરે અને આમાં આત્મા મળી જાય એવી આ ચીજ નથી. રખડી મર્યો છે અનંતકાળથી. આહા..હા..! એ નરકના દુઃખ ભાઈ! તેં સાંભળ્યા નથી, બાપુ! અહીં એક કાંટો વાગે પગમાં થોરનો તો રાડ નાખી જાય. અને બે-ત્રણ દિ' થાય ત્યાં સડે. આહા..હા..! હાય..હાય.. બાપુ! એના દુઃખથી અનંતગુણા દુઃખો, ભાઈ! તેં વ્યવહારને સાચો માનીને સેવતા તને ચાર ગતિ મળી રખડવાની. આહા..હા..! એ બધા દુઃખના દરિયા. આ મનુષ્યપણામાં પૈસાવાળા હો કે રાજા હો એ બધા દુઃખી છે. આહા..હા..! આત્માના અમૃતના સાગરથી ઊલ્ટી દશા એ બધું દુઃખ છે. આહા..હા..! એવા દુઃખથી મુક્ત થવા માટે એ દુઃખને સેવીને જ મુક્ત થવું એમ બને? એ કહે છે.

'**ભેદરૂપ અશુદ્ધદ્રવ્ય છે, તેથી તે પરમાર્થ નથી;...**' ત્રિકાળી ભગવાનનો અનુભવ એ નથી. એ તો દ્રવ્યની અશુદ્ધ પર્યાયનો અનુભવ છે. આહા..હા..! કહો, હજારો રાણી છોડે, મોટા નીલમણિની નીલમણિની લાદીયું હોય એવો રાજા હોય અને એ રાજા રાજ છોડીને જંગલમાં જાય, પણ ઓલી ક્રિયા રાગની બધી કરે. આહા..હા..! એ રાગથી ભિન્ન ભગવાન અંદર કોણ છે એની દૃષ્ટિ કરતો નથી, તેને વેદતો નથી, તેને જાણતો નથી, તેને અનુભવતો નથી. આહા..હા..! બહેનના (વચનામૃતમાં) એ એક છે. મિથ્યાદૃષ્ટિએ આવું કર્યું એને ઘણું કર્યું એમ એ માને છે. બાયડી, છોકરા, કરોડો પૈસા હો, દુકાન, ધંધો છોડી મુનિ થાય એણે ઘણું કર્યું એમ એ માને છે. ત્યારે સમકિતીને હજી ઘણું કરવું બાકી છે એમ એ માને છે. એ શબ્દ છે એમાં. છેને? એમાં વાત છે ન્યાય છે આખો. આ બાયડી છોડી, છોકરા છોડ્યા, ધંધા છોડ્યા, આહાર-પાણી પણ લૂખ્ખા લીધા, સારા આહાર-પાણીનો ત્યાગ. એટલે એ જાણે કે બહુ કર્યું મેં તો. ઓહો..હો..! મકાન છોડ્યા, બાયડી છોડી, છોકરા છોડ્યા, નોકરો છોડી. આહા..હા..!

**શ્રોતા** :- ઘરબાર છોડે એમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઘરબાર ક્યું પણ? અંદર ઘરને તો જોયું નથી અને ઘરબાર ક્યું? આ બહારના ધૂળના. અંદર છોડીને બેઠા એ તો રાગની મંદતા હોય તો, પણ એ કાંઈ વસ્તુ નથી. આહા..હા..! એ કહે છેને.

'**તેથી તે પરમાર્થ નથી;...**' શું કીધું? એ વ્યવહારની જેટલી ક્રિયાકાંડની, જિનદેવે

જે વ્યવહાર કહ્યો.. આવે છેને બંધ અધિકારમાં એ, જિનદેવે જે વ્યવહાર ક્રિયા કીધી એવી ક્રિયા એણે અનંતવાર કરી છે સમ્યક્ આત્માના ભાન વિના. આહા..હા..! '**નિશ્ચયનયનો વિષય...**' જોયું! ઓલો અશુદ્ધ દ્રવ્યભેદ કીધો, વિષય કીધો. એ રાગ છેને રાગ ક્રિયા? એ ભેદરૂપ અશુદ્ધ દ્રવ્યની પર્યાય-દ્રવ્યની અશુદ્ધ પર્યાય છે. શુદ્ધદ્રવ્ય તો પોતે શુદ્ધ છે પણ આ મહાવ્રતાદિના પરિણામ એ અશુદ્ધ છે. આહા..હા..! મોટા રાજ છોડે, સેંકડો સ્ત્રી છોડે, કુટુંબ છોડે, એકાકી ચાલ્યો જાય, પણ અંદર આત્માની ચીજ ઉપર દૃષ્ટિ કરતો નથી. જેને જોવું જોઈએ તેને જોતો નથી. આહા..હા..! અને બહારની આ પ્રવૃત્તિની ક્રિયામાં અમે ત્યાગ ઘણો કર્યો એમ માન્યું. ત્યારે સમ્યગ્દૃષ્ટિને આત્મા ઉપર દૃષ્ટિ હોવાથી પર્યાયમાં અલ્પતા છે એથી ઘણું કરવું અમારે બાકી છે (એમ માને છે). ચંદુભાઈ! આહા..હા..!

સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં છે એ કે રાગથી ભિન્ન પડી આત્મદર્શન થયું, સમ્યગ્દર્શન થયું, શુદ્ધ અનુભવ થયો એ એમ જાણે છે કે હું તો એક તરણાતુલ્ય જીવ છું. પર્યાયમાં હોં! વસ્તુએ પ્રભુ છું. પણ ક્યાં ચારિત્રની દશા! સ્વરૂપની રમણતા એ ચારિત્ર હોં. ક્યાં કેવળજ્ઞાન દશા! આહા..હા..! એ અપેક્ષાએ તો હું પામર છું. પર્યાયમાં પામરતા માનીને ઘણું કરવું બાકી એમ માને અને આ બહારનો ત્યાગ કરીને ઘણું કર્યું મેં (એમ માને). આહા..હા..! બેની શ્રદ્ધાની દિશામાં ફેર છે. આવું છે.

'**નિશ્ચયનયનો વિષય...**' સાચી દૃષ્ટિનો વિષય અથવા સાચા નિશ્ચય જ્ઞાનનો વિષય '**અભેદરૂપ શુદ્ધદ્રવ્ય છે,...**' આહા..હા..! શુદ્ધદ્રવ્ય અભેદ એકરૂપ વસ્તુ ત્રિકાળ તે નિશ્ચયનયનો વિષય છે, આહા..! સમ્યગ્દર્શનનો એ વિષય છે. આહા..હા..! આ સમજવું. બે લીટીમાં બે વિષય સમાડી દીધા. '**વ્યવહારનયનો વિષય...**' એટલે વ્યવહારનયનું લક્ષ ધ્યેય '**ભેદરૂપ અશુદ્ધદ્રવ્ય છે,...**' આહા..હા..! મહાવ્રત પાળે એ તો કહે છે કે દ્રવ્યની અશુદ્ધતા છે અને ભેદ છે એ તો. આહા..હા..! '**તે પરમાર્થ નથી; નિશ્ચયનયનો વિષય...**' સમ્યગ્જ્ઞાનની નિર્મળ પર્યાય તેનો વિષય અભેદરૂપ શુદ્ધદ્રવ્ય આખો પદાર્થ પરમાત્મસ્વરૂપ. '**તે અભેદરૂપ શુદ્ધદ્રવ્ય છે,...**' એ સમ્યગ્દર્શનનો વિષય આ છે. નિશ્ચયનયનો વિષય કહો કે સમ્યગ્દર્શનનો વિષય (કહો). આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય શુદ્ધ પર્યાય પણ નહિ. વ્યવહાર તો નહિ, નિમિત્ત તો નહિ, પણ એની શુદ્ધ પર્યાય એ પણ સમકિતનો વિષય નહિ. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... શાશ્વત દળ, ધ્રુવ વજ્રની ભીંત જેમ હોય વજ્રની. આહા..હા..! એમ ધ્રુવપણું જેણે ધાર્યું છે એવો જે ચૈતન્યકંદ આનંદ શાશ્વત તે શુદ્ધનયનો વિષય છે. અભેદ. જેનો વિષય પર્યાય પણ નહિ. આહા..હા..! મહાવ્રતના પરિણામ તો નહિ. આહા..હા..! લૂખ્ખું લાગેને લૂખ્ખુ એટલે માણસને ઓલી ચીજ શું છે અંદર એની મહત્તા ન આવે, એની મહિમા ન આવે અને બહારમાં ને બહારમાં ઘૂંચીને ઘૂંચવણી કરી નાખી આત્મામાં. આહા..હા..! કાંઈક અમે કર્યું છેને. કર્યું છે કે નહિ?

આહા..હા..! શું કર્યું બાપુ તેં? અશુભરાગ છોડીને શુભરાગ, પણ એ બધી કર્મકાંડની ક્રિયા, કર્મધારા છે, એ ધર્મધારા નહિ. આહા..હા..!

'**તેથી તે જ પરમાર્થ છે.**' ક્યો પરમાર્થ છે? નિશ્ચય જ્ઞાનનો વિષય ધ્યેય અભેદ ધ્રુવ શુદ્ધ દ્રવ્ય છે '**તેથી જ પરમાર્થ છે.**' ત્રિકાળ વસ્તુ. એટલે છે... છે... છે... ત્રણકાળ કહેવું એ પણ અપેક્ષિત છે. છે બસ વસ્તુ આમ એકલી બદલતી વિના. સમજાણું કાંઈ? જેને ભૂતાર્થ કીધો ૧૧મી ગાથા. છતો પદાર્થ, સત્ય પદાર્થ સત્ય. વસ્તુનું પૂર્ણ સ્વરૂપ સત્ય ધ્રુવ તે સમ્યગ્દર્શનનો વિષય. '**તેથી જ તે પરમાર્થ છે. માટે, જેઓ પરમાર્થને પરમાર્થ માનીને પ્રવર્તે...**' આહા..હા..! શુદ્ધ ધ્રુવ દ્રવ્યને અનુભવીને પરમાર્થને પરમાર્થ માનીને. માનીને જોયું! પરમાર્થ પરમ પદાર્થ તો છે ઈ છે પણ એને માનીને અનુભવે પર્યાયમાં.. આહા..હા..! '**તેઓ જ સમયસારને અનુભવે છે...**' આહા..હા..! આવો માર્ગ છે. '**(તેથી તેઓ જ મોક્ષને પામે છે).**' એટલી લીટીમાં તો કેટલું કહ્યું છે! આહા..હા..! મોટા ઝઘડા.

શ્રીમદ્દે એમ કહ્યું કે ભાઈ! યમ નિયમ એવા સાધન તો અનંતવાર કર્યા, 'વહ સાધન કુછ ઔર હૈ.' બીજું. 'કછુ ઔર રહા ઉન સાધન સે.' એ સાધનથી કોઈ સાધન કાંઈક બીજું છે. એનો અર્થ જરી ત્યાં નાખ્યું છે. 'તનસે મનસે ધનસે ગુરુ આજ્ઞા...' લોકો પછી ત્યાં ચોંટ્યા. એનો અર્થ કે ગુરુની આજ્ઞા એ છે કે ત્રિકાળી ધ્રુવની દૃષ્ટિ કર તે આજ્ઞા છે. અમારી પણ દૃષ્ટિ છોડી દે, વીતરાગની આજ્ઞા એ છે. આહા..હા..! તારી દૃષ્ટિમાં અમને પણ છોડી દે. આહા..હા..! તારી દૃષ્ટિમાં તો તારો ભગવાન પૂર્ણ છે તેને જ તું દૃષ્ટિમાં લે. અમારી સામું જોઈશ તો તને રાગ થશે. ભગવાન વીતરાગ એમ કહે... આવે છેને એ તો ૧૬મી ગાથામાં મોક્ષપાહુડ. '**परदव्वादो दुग्गइ**' પ્રભુ! તારી ચૈતન્યની ગતિ નથી ત્યાં. અમારી સામું જોતાં, અમારી ભક્તિ સામું જોતાં તને દુર્ગતિ છે એટલે ચૈતન્યની ગતિ નથી. આહા..હા..! કહો, વીતરાગી સંતો દુનિયામાં આવું બહાર પાડે. સમાજ તુલનામાં રહેશે કે નહિ? સમાજને ઠીક પડશે કે નહિ? એ નાગા બાદશાહથી આઘા. કાંઈ પડી નથી એને. માર્ગ આ છે. આહા..હા..! આ લખ્યું છેને ભાઈએ ઓલાએ. જગમોહનલાલજીએ નહિ? જગમોહનલાલજીએ લખ્યું છે તત્ત્વજ્ઞાન મીમાંસાની શરૂઆતમાં. વિદ્વાનોનું એ કામ છે કે સત્ય હોય તેનું રહસ્ય ખુલ્લું કરવું, ઉદ્‌ઘાટન કરવું. સમાજ સમતોલ રહેશે કે નહિ એવું એણે ન જોવું. આહા..હા..! સમાજમાં આના માનનારા નીકળશે કે નહિ નીકળશે એમ એને ન જોવું. આહા..હા..! જગમોનહલાલજીએ લખ્યું છે જૈનતત્ત્વમીમાંસામાં. આવી વાત છે, બાપુ! આહા..હા..!

'**જેઓ પરમાર્થને પરમાર્થ માનીને પ્રવર્તે છે તેઓ જ સમયસારને અનુભવે છે (તેથી તેઓ જ મોક્ષને પામે છે).**' ઓહો..હો..! છેલ્લી ગાથા જુઓ. હવે ૪૧૫ બાકી છે. '**બહુ કથનથી બસ થાઓ,...**' છે? પૂરું પડો, શું ઘણું કહીએ? પૂરું પડો, બસ થાઓ.

એક પરમાર્થ ત્રિકાળી આત્મા ભગવાન એને ધ્યેયમાં લઈને અનુભવો બસ. બહુ કહીને શું કહેવું તમને? કહે છે. આહા..હા..! છે? **'એક પરમાર્થનો જ અનુભવ કરો—એવા અર્થનું કાવ્ય હવે કહે છે :—'**

> अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-
> रयमिह परमार्थश्चेत्यतां नित्यमेकः।
> स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-
> न्न खलु समयसारादुत्तरं किञ्चिदस्ति।।२४४।।

આહા..હા..! ત્રણ શબ્દ વાપર્યા છે.

આહા..હા..! 'अतिजल्पैः अनल्पैः दुर्विकल्पैः अलम् अलम्' આહા..હા..! **'બહુ કહેવાથી અને બહુ દુર્વિકલ્પોથી બસ થાઓ,...'** આહા..હા..! ભેદ પાડીને કથનો બધા કરવા એથી બસ થાઓ. આહા..હા..! **'અહીં એટલું જ કહેવાનું છે કે...'** 'अयम् परमार्थः एकः नित्यम् चेत्यताम्' 'अयम्' એટલે **'આ પરમાર્થને એકને જ...'** પરમપદાર્થ ધ્રુવ નિત્યાનંદ એકને જ **'નિરંતર અનુભવો;...'** પર્યાયમાં. આહા..હા..! આ બાર અંગ અને ચાર અનુયોગનો બધાનો સાર આ છે. ચારેય અનુયોગનો સાર આ છે. વળી બીજા અનુયોગમાં બીજું કહેવું અને ત્રીજા અનુયોગમાં ત્રીજું એવું કાંઈ નથી. આહા..હા..! 'अतिजल्पैः' વિશેષ શું કહેવું? 'अनल्पैः' એ તો અનલ્પ જલ્પ ખોટા. 'दुर्विकल्पैः' બધા. આહા..હા..! **'બહુ કહેવાથી અને બહુ દુર્વિકલ્પોથી બસ થાઓ,...'** પૂરું પડો. બસ પૂરું થઈ જાઓ હવે. આહા..હા..! કહેવાનું પૂરું પડી જાઓ હવે. **'અહીં એટલું કહેવાનું છે કે...'**

**શ્રોતા :-** 'બસ થાઓ' પછી પોતે જ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પણ એ કહે છે કે કહેવાનું ઘણા જે આ રીતે ભેદ પાડવાનું કથન એનાથી બસ થાઓ, એમ કહે છે. પરમાર્થને કહેવાનું બાકી રહી ગયું, ઈ એમ કહેવા માગે છે. ભલે આ તો પરમાર્થ કહેવું છે એટલું. વક્તવ્ય છેને? આહા..હા..! નામ, નિક્ષેપે પણ વક્તવ્ય છેને? કથંચિત્ વક્તવ્ય છે અને કથંચિત્ અવક્તવ્ય છે. પણ આ દુર્વિકલ્પ જે ભેદ અને એનાથી હવે બસ થાઓ એમ કહે છે. આહા..હા..! બસ એટલી વાત. મુખ્ય એમ કહેવું છે અહીં. ભેદની વાતું સાંભળીને હવે બસ કરો, હવે બસ કરો. કથન પણ બસ કરો હવે. આહા..હા..! અભેદ વસ્તુ એના પરમાર્થને એકવાર સાંભળો બસ. એટલું કહેવાનું બાકી રહી જાય છે. આહા..હા..! ભાષા તેથી એ વાપરી છેને.

'अतिजल्पैः अनल्पैः' આહા..હા..! 'दुर्विकल्पैः' એમ કીધું છે. 'अलम् अलम्' **'અહીં એટલું જ કહેવાનું છે...'** 'इह' જુઓ, પાછું કહેવાનું તો છે. આવા ભેદના કથનો, બહુ કથનની શૈલીમાં શાસ્ત્રમાં આવે (એનાથી) બસ થાઓ, હવે બસ થાઓ. આહા..હા..! એક પૂર્ણાનંદનો નાથ અભેદ વસ્તુ અંદર, બસ એને અવલંબો, અનુભવ કરો એટલું કહેવાનું છે,

કહે છે. આહા..હા..! કહી કહીને કહેવાનું આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે માણસને સ્વપ્નામાં સમજાય નહિ એવી વાતું બહારમાં. આ શું છે પણ આ તે કહે છે આ? આહા..હા..! ભગવાન નિર્વિકલ્પ છે એવું સ્વપ્નું જો આવ્યું હોય તો એ નિર્વિકલ્પ શું છે આ? આહા..હા..! એ વસ્તુ પોતે... આહા..હા..! દૃષ્ટિ પરમાર્થે દૃષ્ટિનું કથન અભેદનું છે. એટલું કહેવું છે બસ થાઓ હવે બસ. આહા..હા..! ભેદની વાતું કરીને નિષેધી. વિકલ્પો ઘણા કહ્યા, ઘણા પ્રકારે એને ભેદ પાડ્યો આમ વ્યવહાર હોય, વ્રત આવા હોય, એનો અતિચાર ટળે આમ એ બધા વ્યવહારના દુર્વિકલ્પોથી બસ થાઓ. એક ભગવાન પૂર્ણાનંદ પ્રભુ.

**શ્રોતા :-** નિશ્ચયનું કથન સવિકલ્પ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહેવાનું આવે છે એટલું. છે ભલે વિકલ્પથી, પણ એટલું આવે કહેવાનું. આહા..હા..! કહેવાનું આ આવે છે. પરમાર્થે અભેદને પકડો એ કહેવાનું આવે છે. આહા..હા..! નહિતર તો પહેલેથી કહે છે, '**वोच्छामी समयपाहुडं**' હું સમયપ્રાભૃતને કહું છું. એટલું આવે, એમ કહેવાનું એટલું આવે, પણ એ કહેવાનું એ પરમાર્થનું કહેવાનું આવે છે. અભેદને વ્યવહાર બતાવે છે. વ્યવહાર આવે ખરો બોલવામાં, પણ બતાવે છે ઓલા અંદરને. આહા..હા..! કેમકે જ્યાં પૂર્ણ કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંત શક્તિઓની વ્યક્તતા પૂર્ણ પ્રગટ કેવળી પરમાત્માને થાય એ બધી વ્યક્તિઓની શક્તિ તો અંદર ત્રિકાળ પડી છે. આહા..હા..! એના ઉપર દૃષ્ટિ દે અને એને પકડ અને એનો અનુભવ કર એ કહેવાનું છે. બીજી બધી ભેદની વાતું બંધ કરો હવે. આહા..હા..! આકરું કામ બહુ, પણ એના ફળ પણ એવાને. અનંત અનંત સમાધિ સુખ. ભવિષ્યમાં સાદિઅનંત સુખ. આહા..હા..! કેમકે ભગવાન અનાદિ અનંત શુદ્ધ ચૈતન્ય એની જેણે દૃષ્ટિ અને અનુભવ કર્યો... આહા..હા..! એનું ફળ અનંત આનંદનું ફળ અને અનંતકાળ રહે એવું. આહા..હા..! એવી વાતું છે.

'**આ પરમાર્થને એકને જ નિરંતર અનુભવો;...**' કહ્યું તો ખરું, પણ ઓલા ભેદના કથનને આ ને આ એ બધા બંધ થાઓ હવે. અભેદને સમજાવવા માટે વાણી આ શાસ્ત્રની છે. બાર અંગ અને વીતરાગનો ધ્વનિ ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ અંદર પડ્યો છે પોતે અનાદિઅનંત છે તેને સમજાવવાને અભેદની દૃષ્ટિ કરાવવાની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરમાર્થને એકને જ નિરંતર અનુભવો;...**' જોયું! ભલે પછી વ્યવહાર આવે, પણ અનુભવો પરમાર્થને. અખંડ આનંદ પ્રભુ એવો એનો અનુભવ, નિર્વિકલ્પ અનુભવ કરો. આહા..હા..! આવી વાત આકરી પડે માણસને સાંભળવા મળે નહિ, નવરો નહિ એક તો. ધંધા આડે નવરો ન મળે એમાં નવરો થાય તો મળે આવી વાત કાંઈક. શું આ તે કહે છે? આહા..હા..! મુંબઈમાં તો આવું મળે એવું નથી, બાબુભાઈ! છે? પૈસા મળે ધૂળ. દલીચંદભાઈના દીકરા આવ્યા છે મોટા. રખડવાનું ત્યાં તો મળે. એ કહેતા હતા કે મુંબઈમાં

આવું ન મળે. આ મોટા છેને. વચેટને પંદર હજારનો પગાર છે. મહિનાનો પંદર હજાર. એક દિવસના પાંચસો. મોટી નોકરી છે. આહા..હા..!

**શ્રોતા** :- પહેલા એના વખાણ કર્યા પછી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વખાણ કર્યા નથી. એ તો એની વસ્તુ જણાવી કે આટલું આટલું આવે તોપણ બધું નિરર્થક અને આત્મામાં કાંઈ ન મળે. આહા..હા..! અરે! એ તો ક્યાંય રહી ગયું, પણ મહાવ્રતના પરિણામ થાય તોપણ કાંઈ રહ્યું નથી એના આત્મામાં. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ નિત્યાનંદ પ્રભુ તેનો અનુભવ કરવો એ પરમાર્થમાં કહેવાનો આશય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૭, શુક્રવાર, તા. ૦૨-૧૨-૧૯૭૭, શ્લોક-૨૪૪, પ્રવચન નં. ૫૨૭

સમયસાર, ૨૪૪ કળશ ફરીને. અડધું ચાલ્યું છે. '**બહુ કહેવાથી અને બહુ દુર્વિકલ્પોથી બસ થાઓ, બસ થાઓ; અહીં એટલું જ કહેવાનું છે કે...**' '**अयम् परमार्थः एकः नित्यम् चेत्यताम्**' આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! આ આત્મા છે એ નિત્ય ધ્રુવ જે છે, એની વર્તમાન પર્યાય છે, પણ એ પર્યાયથી પણ એ ભિન્ન નિત્ય ધ્રુવ ચીજ છે. આહા..હા..! ભલે એ અસંખ્ય પ્રદેશી છે અને શરીર પ્રમાણે એનો આકાર છે ભિન્ન, શરીર જુદું, એ ચીજ જુદી, છતાં એના સ્વભાવમાં અનંત-અનંત અપરિમિત અમાપ ગુણો ભર્યા છે. એ વસ્તુ પોતે આત્મા વસ્તુ તરીકે એક, પણ એમાં ગુણ તરીકે અનંત... અનંત... અનંત... અનંત... જેનું માપ નહિ એટલા અનંતા અનંતા ગુણો એમાં છે. આહા..હા..! એ ચૈતન્ય ચમત્કાર છે. આહા..હા..! અને તે ગુણથી ભરેલો ભગવાન એ નિત્ય છે. એમ કહ્યુંને?

'**આ પરમાર્થને એકને જ નિરંતર અનુભવવો;...**' આહા..હા..! વસ્તુ છે ત્રિકાળી એની સન્મુખ થઈને એકને જ અનુભવવો એ આખા શાસ્ત્રનો સાર આ છે. આહા..હા..! અદ્‌ભુત વાત છે, બાપુ! આહા..હા..! સમજાણું કાંઈ? એ ચમત્કારી વસ્તુ છે. એમાં આવ્યું નથી ઓલા કળશમાં અદ્‌ભુત અદ્‌ભુત? એકમાં અદ્‌ભુત આવ્યું છે અને બીજામાં અદ્‌ભુત-અદ્‌ભુત. આહા..હા..!

રાત્રે કહ્યું હતું. જરી ધ્યાન રાખીને ખ્યાલ રાખવો. વસ્તુ તદ્દન અજબ-ગજબની છે. આહા..હા..! જેનું ક્ષેત્ર આકાશ લ્યો તો ક્યાંય એનો અંત છે? આ ચૌદ બ્રહ્માંડ છે આ

ભરેલું એ તો અસંખ્ય યોજનમાં છે. પણ પછી અનંત... અનંત... અનંત... અનંત... ક્યાંય એનો અંત નહિ એવો અલોકઆકાશ છે. આહા..હા..! શું છે આ? નાસ્તિક પણ એકવાર વિચાર કરે તો એને એમ બેસે કે આ શું છે આ? ક્ષેત્રનો એ ચમત્કાર કે જેનો ક્યાંય અંત નહિ. આહા..હા..! એક ક્ષેત્રનો અંત નહિ એનો જાણનાર કોણ આ? આહા..હા..! જેના જ્ઞાનમાં એ ક્ષેત્રનો અંત નહિ એનું પણ જ્ઞાન થાય અને આત્મામાં, અમાપ ક્ષેત્રના જે અમાપ પ્રદેશો અનંત છે... એ ઝીણી વાત. એક રજકણને રોકે એટલો પ્રદેશ કહેવાય એને, એવા અનંતા પ્રદેશો આકાશના છે, એનાથી અનંતગુણા એક આત્મામાં ગુણ છે. આહા..હા..! એવો જે અમાપ ચૈતન્યચમત્કાર વસ્તુ નિત્યાનંદ પ્રભુ. આહા..હા..! એના ક્ષેત્રની પણ અચિંત્યતા, એના ભાવની, એના ભાવની, ક્ષેત્રની અચિંત્યતા આકાશની, પણ એની અચિંત્યતાનું જ્ઞાન તો અહીં છે. સ્વનું જ્ઞાન થતાં તેની અચિંત્યતાનું જ્ઞાન અહીં થઈ જાય છે. આહા..હા..! એવો જે ભગવાન આત્મા એનામાં જે ગુણની શક્તિ છે એ આકાશના પ્રદેશની સંખ્યા કરતા અનંતગુણી. આહા..હા..! એની એક સમયની પર્યાય જે છે એ અનંતગુણી.

અહીં તો એમ કહેવું છે કે જે આત્મા વસ્તુ છે એના અનુભવને માટે કોઈ વ્યવહાર દયા, દાન અને વ્યવહારરત્નત્રયના રાગની અપેક્ષા નથી. આહા..હા..! એકને અનુભવો એમ કીધું છેને? ઝીણી વાત, બાપુ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ બહુ અદ્‌ભુત! કહે છે કે જેના અનુભવને માટે નિત્યાનંદ પ્રભુ છે તેના અનુભવ માટે વ્યવહાર દયા, દાન, જે લોકો અત્યારે ધર્મ માનીને બેઠા છે, વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન ને એ તો બધી રાગની ક્રિયા છે. એ રાગની પણ જેને નિત્ય અનુભવ કરનારને અપેક્ષા નથી, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ એની જે પર્યાય થાય અનુભવની એ પર્યાય પણ અનંતગુણની પર્યાયનો અનુભવ એ પર્યાયને એક પર્યાયને બીજી પર્યાયની અપેક્ષા નથી. આહા..હા..! આવી વાતું છે. સમજાણું કાંઈ? અને જે આત્મા જ્યાં રહ્યો છે એ શરીર અને કર્મને આધારે રહ્યો નથી અંદર. સમજાણું કાંઈ? એની પર્યાય, એનો ગુણ અને એનું દ્રવ્ય એ કોઈ શરીરને આધારે આત્મા અંદર છે, કર્મને આધારે આત્મા છે કે વ્યવહારને આધારે નિશ્ચય છે એ વસ્તુમાં નથી. આહા..હા..! આવું આકરું પડે છે લોકોને.

એક એક ગુણની પર્યાય... આહા..હા..! અહીં અદ્ધર છે જુઓ અંદર આકાશ દ્રવ્ય. એ પર્યાયને નીચે કર્મ છે કે શરીર છે એનો આધાર નથી. કેમકે એનામાં આધાર નામનો ગુણ સ્વતઃ પડ્યો છે. વસ્તુમાં કરણ નામનો એક ગુણ છે. અનંતગુણ માયલો એક કરણ સાધન નામનો ગુણ છે. એ ગુણના પરિણમનને લઈને તે પર્યાય પર્યાયને આધારે-પોતાને આધારે રહી છે. આહા..હા..! આવી વસ્તુ. આ પ્લાસ્ટિક છે એ આ કાગળને આધારે આમ રહ્યું છે? ના. આહા..હા..! કેમકે એક દ્રવ્ય છે એ બીજા દ્રવ્યને અડતું નથી. તો આ આને અડે છે એમ પણ નહિ. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! એ અનુભવ છે એ રાગને

અડતો નથી. આહા..હા..! ધર્મની પર્યાય જે છે,.. ઝીણી વાત, બાપુ! એણે અનંતકાળમાં કોઈ દિ' કર્યું નથી. આહા..હા..!

સવારે કહ્યું નહોતું? કે ભાઈ, આ લાકડી છે. લાકડી હતીને. આ પાટને આધારે રહી છે એ ખોટી વાત છે. એ પરમાણુમાં આધાર નામનો ગુણ છે એને લઈને એની પર્યાય પોતાને આધારે ત્યાં રહી છે અદ્ધર. આ હાથને લઈને ઊંચી થઈ એમ પણ નથી. આરે! આવી વાતું! આહા..હા..! એમ અહીંયાં એક ગુણને બીજા ગુણનો આધાર નથી, પરનો આધાર તો નથી. આહા..હા..! એક પર્યાયને બીજી પર્યાયનો આધાર નથી. એવી સ્વતંત્ર પર્યાયનો ગુણ એમાં આધાર નામનો પોતાનો પોતાને લઈને છે. આહા..હા..! આવી વાત. જૈનમાં જન્મ્યા એને જૈનનું શું તત્ત્વ છે એ સાંભળવા મળે નહિ એ બિચારા ક્યાં જાય? અરે! આહા..હા..! આ જાદુઈ છે. ઓલી જાદુઈ જૂઠી છે. આ જાદુ. આહા..હા..!

**શ્રોતા :-** લાકડી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ લાકડી લાકડીને આધારે ત્યાં રહી છે, એને આંગળીનો આધાર જ નથી. આ તે જાદુઈ! આહા..હા..! ઉપરનો રજકણ આનો એ નીચલા રજકણને આધારે રહ્યો નથી. આહા..હા..! કેમકે પ્રત્યેક રજકણમાં અધિકરણ નામનો ગુણ-શક્તિ છે. એના પરિણમનની પર્યાય તે દ્રવ્ય-ગુણ-પર્યાયને આધારે પોતે પોતે છે, બીજા કોઈની પર્યાયને આધારે નથી. આહા..હા..! આ વાત. કર્મનો જે ઉદય છે અંદર જડ એ આત્માને અડતો જ નથી, સ્પર્શ્યો નથી. એમ આત્માનો રાગભાવ જે છે એ કર્મને અડ્યો જ નથી અને જે રાગભાવ છે એ અનુભવને અડ્યો નથી. આહા..હા..! ભિન્ન છે, બાપુ! આહા..હા..! આવી વસ્તુ છે એને ક્યાં.. વસ્તુનું હોવાપણું જ આ રીતે ચમત્કારિક છે. લોકો બહારના ચમત્કાર ચમત્કાર કરે છેને એની એને ખબર નથી. વસ્તુની ચમત્કાર ચીજ. આહા..હા..! આ વાળ છે એને આમ આંગળી અડે છે?-કે ના. અને એનાથી આમ ખેંચાણો વાળ માટે વાળ આંગળીથી ખેંચાણો?-કે ના, પણ આંગળી વાળને અડી જ નથીને. ચંદુભાઈ! આ શું છે આ તે? આહા..હા..!

જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વર સર્વજ્ઞે કહેલા દ્રવ્ય, ગુણ અને પર્યાય એને કોઈ કોઈનો આધાર નથી. આહા..હા..! જગતને કઠણ પડે અને એકાંત લાગે. આ આને આધારે નથી, તો પછી પડી જવી જોઈએ. ઘી તપેલીમાં છે એ તપેલીને આધારે ઘી રહ્યું નથી. આવી વાત! ઘીના રજકણોની પર્યાય તપેલીને અડી જ નથી. આવું શેઠ ઝીણું છે. કોઈ દિ' સાંભળ્યું નથી. આહા..હા..!

અહીં તો અમારે વ્યવહારથી નિશ્ચય નથી એ ઉતારવામાં આ બધી વાત લેવી છે. સમજાણું કાંઈ? કેમકે આત્મામાં એક કરણ નામનો, સાધન નામનો એક ગુણ છે એને પરિણમનને લઈને એ સાધનદશા પ્રગટ થઈ છે. એ વ્યવહાર જે દયા, દાન, વ્રતાદિના સાધન એને

છે જ નહિ. આવું આકરું કામ પડે માણસને. સમજાણું કાંઈ? આહા..હા..! કાળ લ્યો કાળ અનાદિનો. એ આત્મા અનાદિનો છે. એટલે શું? એ છે... છે... છે... છે... છે... છે... છે... છે... છે... છે... એમાં ક્યાંય 'નથી' એમ આવે? એ કાળની આદિ નહિ એટલે શું? આહા..હા..! કોઈ ચમત્કારિક વસ્તુ છે એ. જેમ ક્ષેત્રનો અંત નહિ, એ અસ્તિ છતાં અસ્તિ છે. આહા..હા..! કાળની શરૂઆત નહિ. આહા..હા..! છતાં તે કાળ અનાદિનો છે. આહા..હા..! પણ એના પહેલાં કાંઈક હશે કે નહિ પહેલાં કાંઈક? પહેલાં પણ તેનો તે કાળ છે અનાદિનો. આહા..હા..!

એમ આ ભગવાનમાં જે અનંત ગુણો છે એ અનાદિકાળના એમાં છે. ક્યારે નહોતા અને ક્યારથી શરૂ થયા એમ છે નહિ. આહા..હા..! અને એની પર્યાય પણ કેવળજ્ઞાનની પ્રગટ થયેલી અનાદિની જગતમાં છે. કેવળીઓ અનાદિના છે. કોઈ દિ' કેવળી ન હોય એમ હોઈ શકે નહિ. આહા..હા..! શું છે આ? અનાદિના કેવળજ્ઞાની. આદિ છે એની? આહા..હા..! શું કહે છે આ? બાપુ! એને બધાને કાળના, ક્ષેત્રના, ભાવના ચમત્કારિક શક્તિનો અને પર્યાય સ્વતંત્ર થાય તેની ચમત્કારિક શક્તિનો જાણનાર તો ભગવાન આત્મા છે પોતે. એના જ્ઞાનની પૂર્ણતાની મહિમા છે.

એ અહીં કહે છે જુઓ, કહે છે કે '**નિરંતર અનુભવો;...**' '**स्व-रस-विसर-पूर्ण-ज्ञान-विस्फूर्ति-मात्रात्**' '**मात्रात्**' છેને? '**समयसारात् उत्तरं खलु किञ्जित् न अस्ति**' આહા..હા..! જેની નિર્મળ અનુભવની પર્યાય થવામાં કોઈનો આશ્રય નહિ, ક્ષેત્રનો નહિ, કાળનો નહિ, ભવનો નહિ, ભાવનો નહિ. આહા..હા..! એવી જેની અદ્‌ભુતાદ્‌ અદ્‌ભુત શક્તિ પર્યાયની અને ગુણની એવી શક્તિ છે. કહે છે '**નિજરસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન...**' એટલે આત્મા. આહા..હા..! ક્યારનો એનો નિજરસનો ફેલાવ છે? જ્ઞાનનો સાગર. આહા..હા..! બપોરે તો એક શબ્દ આવ્યો હતો. ભગવાન સુખદેવ સંન્યાસી છે. ભાઈ! બપોરે વિચારમાં (આવ્યો હતો). એ સુખદેવ સંન્યાસી છે. સુખનો દેવ છે અને રાગાદિનો ત્યાગી છે. આહા..હા..! આનંદસાગર સુખદેવ સંન્યાસી પ્રભુ છે. આહા..હા..! પર્યાયમાં હોં! આહા..હા..! અહીં તો વ્યવહારનો અભાવ બતાવવો છેને એટલે. ભાઈ! ઝીણી વાત, બાપા! હો નિમિત્ત. એમ નીચે લાકડું હો, પણ એને આધારે નહિ. એમ વ્યવહાર હો, એને આધારે નિર્મળ પર્યાય ન થાય. આહા..હા..! આ બહારમાં હોળીયું સળગી રહી છે સંસારની. આ રળવું ને ખાવું ને પીવું ને ભોગ ને, એ બધી ક્રિયાઓનો પર્યાયનો કર્તા જીવ નહિ એમ કહે છે. આહા..હા..! એનામાં સંકલ્પ-વિકલ્પ થાય એનો એ અજ્ઞાની કર્તા છે. એ કેમ? કે સ્વભાવની અનંતતાના અપાર શક્તિની ખબરું નથી. એથી એ પુણ્ય અને પાપના સંકલ્પ-વિકલ્પને કરે. બાકી દુકાને બેઠો ધંધો કરે કે કોઈ નામું લખે, કોઈની નોકરી કરી શકે એ વાત છે નહિ. આહા..હા..! એ બધી એવી વાતું છે. આ તાતામાં ભાઈ રહે છે લાભુભાઈ. દલીચંદભાઈનો દીકરો છે.

તાતામાં રહે છે.

**શ્રોતા :-** આપના રિપોર્ટ તો બધા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ તપાસે છે. કલકત્તામાં ભાઈનો દીકરો. આપણે ભાઈ આવ્યા હતાને. વીંછીયાથી નહિ? જીવણભાઈનો દીકરો. એ કાલે ગયા નહિ? કાલે. ઘણાં મહિનાથી અહીંયાં હતા. એનો દીકરો ત્યાં કલકત્તામાં ડૉક્ટર પાસે કામ કરે છે બધું અહીંનું. અહીંના માણસો હોય છેને બધે. એકદમ તૈયારી કેમ કરવી એ બધું કરે. પણ એ કરવાની અહીં તો કહે છે... આહા..હા..! આકરું કામ, ભગવાન! જેને પરનો આધાર નથી, અહીં તો વ્યવહારનો નિષેધ કર્યો છેને કે વ્યવહારથી અનુભવ થાય નહિ. એનો અર્થ કે વ્યવહારની પર્યાયનો આત્માના નિત્યાનંદના અનુભવને એનો એને આધાર નથી. આહા..હા..! નિરાલંબ પ્રભુ અંદર બિરાજે છે અદ્ધર. આહા..હા..! એ આકાશનું આલંબન નથી જેને.

**શ્રોતા :-** પરનું આલંબન પૂરેપૂરું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ પરનું આલંબન છે નહિ, પોતાનું (છે). આ છેલ્લા શ્લોકો છે એ ઘણાં ઉંચા. અરેરે! એને સાંભળવા મળે નહિ સત્ય. સર્વજ્ઞ જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ સત્ય શું કહે છે એ સાંભળવા મળે નહિ. ગોટે ગોટા. અરે..! આ વ્રત પાળ્યા, તપસ્યાઓ કરી, ભક્તિ કરી એ અમારો ધર્મ છે. બાપુ! એ તો પાપ છે, સાંભળને. આહા..હા..! એ પાપના પરિણામ નિત્યનાંદ પ્રભુના અનુભવમાં સહાયક નથી, પણ પુણ્યના પરિણામ સહાયક નથી. આહા..હા..! એ ચીજ એવી છે.. અદ્દ્ભુતાદ્ અદ્દ્ભુત છેને, પછીના શ્લોકમાં ચમત્કાર આવે છે. ચિત્ચમત્કાર આવે છે. આમાં અદ્દ્ભુત લીધું છે પહેલા શ્લોકમાં, પછી અદ્દ્ભુતાદ્ અદ્દ્ભુત, પછી ચમત્કાર લીધો છે. છે સમયસાર? અંદર છે. આ સમયસાર છે. ૨૭૫. '**प्रसन्ननियमितार्चिश्चिच्चमत्कार एषः**' છે ૨૭૫ કળશ. ૨૭૩ કળશમાં '**रहो सहजमात्मनस्तदिदमद्भुतं वैभवम्**' છે? ૨૭૩નું છેલ્લું પદ. '**रहो सहजमात्मनस्तदिदम**' ભગવાન આત્મતત્ત્વ '**अद्भुतं वैभवम्**' એનો અદ્દ્ભુત વૈભવ છે. આહા..હા..! આ તમારા ધૂળના વૈભવની વાતું નથી આ. ૨૭૩ કળશ છે. આહા..હા..! ૧૦-૧૦, ૨૦-૨૦ લાખના શું કહેવાય એ? ઘરવખરા-ફર્નિચર. મોટા બંગલા ૧૦-૧૦ કરોડના અને એમાં ૧૦-૧૦ લાખના મોટા ફર્નિચર વીસ લાખના, ધૂળ છે બધી સ્મશાનની રાખ છે. આહા..હા..!

અહીં કહે છે... બીજી રાતે વાત કરી હતી. આ પગ ચાલે છેને એ જમીનને અડ્યા વિના પગ ચાલે છે. જમીનને આધારે તો નહિ, પણ જમીનને અડ્યા વિના ચાલે છે. આ વાત! ત્રીજી ગાથામાં આવ્યું છે. ત્રીજો શ્લોક છેને ત્રીજો? ત્રીજો શ્લોક છે. દરેક દ્રવ્ય પોતાના ધર્મને ચુંબે છે, પણ અન્ય દ્રવ્યના કોઈપણ ગુણ-પર્યાયને ચુંબતું-સ્પર્શતું નથી. ત્રીજો શ્લોક. શું આ કહે છે? આહા..હા..! પાણી ઊનું થાય છે એને અગ્નિ અડી નથી અને ઊનું થયેલું પાણી અગ્નિને અડ્યું નથી. પંડિતજી!

**શ્રોતા :-** અગ્નિ તો ખરીને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અગ્નિ અગ્નિની પર્યાયમાં રહી, આ આની પર્યાયમાં રહી. આહા..હા..! ગજબ વાતું, બાપુ! એ ચમત્કારિક વસ્તુ વીતરાગની ક્યાંય છે નહિ. અત્યારે તો વાડામાં પણ નથી. આહા..હા..! દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, થઈ રહ્યું. વ્રત કરો એ સંવર છે અને અપવાસ કરો એ નિર્જરા છે. ધૂળેય નથી સાંભળને, એ તો બધી રાગની ક્રિયા છે. આહા..હા..!

અહીં કહે છે. અહીં તો ઓલું આપણે ચિત્ચમત્કાર લેવું હતુંને. પહેલું લીધુંને? ૨૭૩. '**रहो सहजमात्मनस्तदिदमद्भुतं वैभवम्**' હવે આમાં તો બીજી રીતે આવશે ૨૭૪માં. '**स्वभावमहिमात्मनो विजयतेऽद्भुतादद्भुतः।**' એ ૨૭૪. એટલે શું કહે છે ત્યાં? અહો..! ભગવાન આત્મા જ્યાં અંતર્મુખ જોવે ત્યાં મુક્તસ્વરૂપ ભાસે છે અને આમ બાહ્ય તરફ જોવે ત્યાં રાગનો ભવ ભાસે છે. આહા..હા..! અંતરમાં જોવે તો એકરૂપ ભાસે છે અને આમ જાણવા તરીકે રાગાદિને જાણે તો અનેકપણું ભાસે છે. આહા..હા..! એક બાજુ કષાય ભાસે છે રાગ, એક બાજુ અકષાય શાંતિ ભાસે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ અદ્‌ભુતાદ્ અદ્‌ભુતં વસ્તુ છે એવી. આહા..હા..! બાપુ! તેં સાંભળ્યું નથી, ભાઈ! એ ચૈતન્યચમત્કાર. જગતના ક્યાંય ચમત્કાર આવે આમ હાથ ચોળે ને રાખ કાઢે ને ધૂળ કાઢે. હમણા કોક કહેતો હતો ઓલો બાવો છેને. સાંઈબાબો ધૂળ કાઢે. ધૂળ કાઢે એમાં શું દાળિયા થયા? એ તો ભાઈ કોક કહેતું હતું. કે.લાલે બતાવ્યું. કોક કહે તમે કાઢી દ્યો. કોક કહેતું હતું. જાદુગર જબરો છે કે.લાલ. કાંતિલાલ શું એનું નામ? કાંતિલાલ કે.લાલ છે. મોટો અહીં પણ આવી ગયો છેને. અહીં મારી પાસે ઘણીવાર આવી ગયો છે. રાજકોટમાં આવ્યો હતો.

**શ્રોતા :-** આપની પાસે એનો જાદુ ન ચાલે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મારી પાસે તો આવીને એમ કહ્યું. ત્યાં તો દિવસ-દિવસ, રાત્રીના પાંચ-પાંચ હજાર રૂપિયા પાડે. .. છે. ૫૦ વર્ષની ઉંમર પણ આમ જાદુગર તે જાદુગર. આમ કન્યાને કાપી નાખે બતાવે ત્યાં પાછી બોલાવે. એ જાદુગરી છે. બિચારો મારી પાસે કહેતો હતો, મહારાજ! મારું આ ધતીંગ છે બધું. અહીં મારે પાસે આવીને શું કરે ત્યાં? નહિતર એનું ખુલ્લું કરી દે બધું. મરી જશો કીધું આમને આમ આવા ધતીંગમાં. દસ લાખ ને વીસ લાખ ને પચાસ લાખ કર્યા છે, કાંઈક સાંભળ્યું છે. સાંઈબાબાને કહ્યું હતું. એમ કે ધર્મની વાત બતાવી દ્યો આત્માનું કાંઈક. તો મારી પાસે પચાસ લાખ છે તમને આપી દઉં. ઓલો કહે, તું નાસ્તિક છો, તારી સાથે વાત નથી કરવી. ઉડાવી દીધું થઈ રહ્યું જાઓ! અરે! બાપુ! દુનિયા એવી બહારની ચમત્કારી જાદુગરીમાં મૂંઝાઈને મરી ગયા બિચારા. આહા..હા..! આ ભગવાન આત્માની જાદુગરી. આહા..હા..! એક સમયનું જ્ઞાન અને ત્રણકાળ, ત્રણલોકને જાણે એ ત્રણકાળ, ત્રણલોકને અડ્યા વિના જાણે. આહા..હા..!

અહીં જેમ નિત્ય અનુભવ (કરે) તે રાગને અડ્યા વિના અનુભવ છે. આહા..હા..! એ ચૈતન્ય ચમત્કારી દશા જ એવી છે. આહા..હા..! ક્ષેત્રનો અંત નહિ, એ શું કોઈ દિ' વિચાર્યું છે એણે? કાળની શરૂઆત નહિ. શું છે આ તે? એ કાળનો અંત નહિ, એના કરતાં અનંતગુણા તો એક ક્ષેત્રના પ્રદેશ આકાશના, એનાથી અનંતગુણા એક આ આત્મામાં અનંતગુણા ધર્મ ગુણ છે. આહા..હા..! જેની સંખ્યાનું માપ નથી આકાશના. એમ અહીંયાં અનંત ધર્મ એક ક્ષેત્ર આવડું ભલે હો, આહા..હા..! પણ એમાં અનંત... અનંત... અનંત... અનંત ને અનંત વાર ગુણો, એક અનંતને એક અનંતે એટલા અનંતે ગુણો પછી જે ભાવ આવે એને પાછા એટલા અનંતે ગુણો, એમ અનંતવાર ગુણો તોપણ ગુણની સંખ્યાનું માપ એમાં આવે નહિ. આહા..હા..! એવો જે ભગવાન નિત્ય પ્રભુ... આહા..હા..! જેનું દ્રવ્યનું ચમત્કારિકપણું, ગુણનું ચમત્કારિકપણું અને પ્રત્યેક દ્રવ્યની પર્યાયનું ચમત્કારિકપણું એ કોઈને આધારે નહિ, કોઈને કારણે નહિ. આહા..હા..! એ પૂર્વની પર્યાયને કારણે પણ વર્તમાન પર્યાય એમાં નહિ. આહા..હા..!

આ બધું 'વ્યવહારથી નિશ્ચય નહિ' એમાંથી આ બધું આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ નગ્નપણું હો, પંચમહાવ્રત હો, પણ એને લઈને સમ્યગ્દર્શન અને જ્ઞાન ન થાય એમ કહે છે. આહા..હા..! ભગવાનજીભાઈ! આવી વાતું છે. આફ્રિકામાં ક્યાંય તમારે નાઈરોબીમાં મળે એવું નથી ત્યાં. આહા..હા..! એ વ્યવહારનો તો આધાર નહિ એને. વ્યવહારને નિર્મળ પર્યાય સ્પર્શતી જ નથી અને વ્યવહાર-રાગ છે એ નિર્મળ પર્યાયને સ્પર્શતો નથી. આહા..હા..! અને નિર્મળ પર્યાય જે અનુભવ થયો... શું કીધું? જુઓ, અહીંયાં ચિત્ચમત્કાર અહીં આવ્યું ૨૭૫. '**प्रसभनियमितार्चिश्चिच्चमत्कार**' '**ચૈતન્યચમત્કાર જયવંત વર્તે છે...**' આહા..હા..! '**એવો આ (પ્રત્યક્ષ અનુભવગોચર) ચૈતન્યચમત્કાર જયવંત વર્તે છે...**' ૨૭૫નો અર્થ છે નીચે. સમજાણું કાંઈ? ૨૭૫ કળશ એનો નીચે અર્થ છે. છેને? હા એ. આહા..હા..! સમયસારમાં તો દરિયા ભર્યા છે. આહા..હા..! એક એક કળશે અને એક એક શબ્દે બહુ વાતું ગજબ વાત, બાપુ! આહા..હા..! અરેરે! પોતે પોતાની ચીજને કોઈ દિ' જોઈ, જાણી અને માની નહિ. માથાકૂટ કરી કરીને મરી ગયો. આ મારા ને આ મારા ને આ મારા. આહા..હા..! મારા હોય એ જુદા પડે નહિ અને જુદા પડે એ મારા નહિ. તો રાગનો વ્યવહાર પણ જુદો પડી જાય છે તે આત્માનો નહિ. પર્યાય જુદી પડે છે, પૂર્વ પર્યાયની એ પર્યાય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! નિશ્ચયથી ઝીણી વાતું પાછી. પર્યાય દ્રવ્યની નહિ ખરેખર. ઝીણી વાતું, બાપુ! એ તો બહુ આઘે જાય. સત્ છેને? દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. ત્રણે સત્ છે. સત્ અહેતુ હોય, કોઈના હેતુની જરૂર નહિ. આહા..હા..!

**શ્રોતા :-** કોક વખત આવે આવી વાત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોક વખતે આવે, ભાઈ! આ તો રામજીભાઈએ રાતે જરી કહ્યું હતું કે સવારમાં આવે તો ઠીક. ઓલી એકફેરી વાત આવી તો રાત્રે વીમલચંદે કહ્યું, પણ

હવે એ આવે ત્યારે આવેને, એ કાંઈ... આહા..હા..! આ તો આ અધિકાર એવો છેને. આહા..હા..!

નિત્યાનંદનો નાથ એ કેમ નિત્ય છે? નિત્ય કેમ એટલે શું? છે... છે... છે... જેમ કાળ અનાદિ છે એમ આ વસ્તુ અનાદિ છે... છે... છે. આદિ શું પણ જેને? આહા..હા..! એવા અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... કાળ ચાલ્યો જાય તોપણ ક્યાંય અંત છે? આહા..હા..! શું છે આ તે? અદ્ભુતાદ્ અદ્ભુત જેને કાળનું માપ નથી અનાદિનું. આહા..હા..! એનાથી તો ભગવાન આત્મા એની શક્તિઓ તો ત્રણકાળના સમયથી અનંતગુણી છે. આદિ અંત નહિ, કાળનો આદિ નહિ, અંત નહિ. આહા..હા..! શું છે આ? કહે છે. કોઈ દિ' ધ્યાનમાં વિચાર લીધો છે એણે? જે કાળની શરૂઆત નહિ, જેનો અંત નહિ, એના જે સમયો એક સેકન્ડમાં અસંખ્ય સમય થાય, એના ત્રણકાળના સમયો એથી અનંતગુણા તો આકાશના પ્રદેશ, એથી અનંતગુણા એક દ્રવ્યના ગુણો, શક્તિ, ધર્મ. આહા..હા..! અરે! એને હું કોણ એનું માપ (નથી આવ્યું). ઘરના નળિયાની ખબર હોય, આટલા નળિયા ચડાવ્યા છે, આટલા સરિયા બે ઈંચનો અહીં નાખ્યો છે અને ત્રણ ઈંચનો અહીં નાખ્યો છે. બહારના સરિયા જાડા રાખ્યા છે અને અંદરના પાતળા રાખ્યા છે. ઉકરડા ઉકાઈના છે બધા. આહા..હા..! પણ મારામાં કેટલા ગુણોની સંખ્યા કેમ એટલી છે અને ક્યારની છે? આહા..હા..! તો પહેલું ક્યાંક હશે કે નહિ એનો પહેલો કર્તા? અરે! ભગવાન! છે એને કરવું ક્યાં આવ્યું? સત્ છે એ સત્ ત્રિકાળ છે એમાં કરવું ક્યાં આવ્યું કોકનું? હા, એની વર્તમાન પર્યાય છે તેનો એ કર્તા દ્રવ્ય કહેવાય ઉપચારથી. સમજાણું કાંઈ? રાગથી તો ધર્મ નહિ, પણ ધર્મની પર્યાયનો કર્તા દ્રવ્ય એ પણ ઉપચારથી કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાતું છે. ક્યાંય મળે એવું નથી. એલ.એલ.બી.ના પૂંછડા વળગાડે મોટા.

આ લાભભાઈનો એક ભાઈ છેને મોટો. નાના, નાનો એનાથી નાનો છે. પંદર હજારનો પગાર છે મહિને. આપણે દલીચંદભાઈ મોરબીવાળા એનો દીકરો છે મોટો. વચેટને પંદર હજાર. એક દિવસના પાંચસો. ધૂળ છે બધી. આહા..હા..! એ તો બાહ્યની ધૂળ ચીજ આવવાની હોય તે કાળે તે આવે, એની એ પર્યાય તે કાળે અહીંયાં આવવાની હોય તે આવે, આત્માને કારણે નહિ. અને રહેવાનું તે કાળે તેની સ્થિતિ રહે, આત્માને કારણે આત્મા રાખે તિજોરીમાં માટે રહે એમ નહિ. આહા..હા..!

પૈસા બહુ થાયને એટલે પછી બહારમાં દેખાવ ન થાય તો એક મકાન બનાવે કે લોકોને એમ ખ્યાલ આવે કે હા આની પાસે પૈસા થયા. ૨૦ હજારનું, ૨૫ હજારનું, ૫૦ હજારનું એક મકાન બનાવે તો લોકોને ખ્યાલ આવે. આહા..હા..! મારી નાખ્યા છેને જગતને. અને તે પણ પાછું છોકરા છોડી ન હોય એવા વાંઝિયા પણ ૫૦-૫૦ લાખના મકાન બનાવીને (રાખે). મારી નાખે જીવને. આહા..હા..! અરે! શું કરે છે જીવ આ? ક્યાં છે? શું કરે છે?

ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... અરે! આ આત્માને ક્યાં જાવું છે અને ક્યાં એને રહેવું છે, કઈ રીતે એની એને ખબર ન મળે. આહા..હા..! એય..! નંદાભાઈ! ફોટોગ્રાફી બહુ કર્યા એણે ફોટો.

**શ્રોતા :-** હવે ફોટા નથી પાડતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે તો પગ ઓલા થઈ ગયા. છોકરા કરતા હશે હવે. આહા..હા..! અહીં એ કહે છે, ફોટા વખતે પણ સામે માણસ છે એનો અહીં ફોટો પડે છે એ ત્યાંથી રજકણ નથી આવતા. ત્યાંના રજકણો એ રૂપે પરિણમી જાય છે. ગજબ વાતું. આમ જરી હસતું મોઢું રાખજો એમ નથી કહેતા? આ કહે બધા ફોટોગ્રાફર. ઉદાસ ન આવે, જરી હસતું રાખજો. ત્યાં એવું દેખે તો ત્યાંથી રજકણો આવતા હશે? આહા..હા..! નહિતર તો અમેરિકા છેને? અફ્રિકા-આફ્રિકા. સેંકડો સિંહ સાથે હોય છે. સેંકડો સિંહ. સિંહ અને બચ્ચા સેંકડો સાથે. મોટું લશ્કર હોય. પછી ફિલ્મ પાડવા જાય ત્યાં. પાંચ-પાંચ લાખની મોટરું હોય છે પાંચ-પાંચ લાખની. મોઢા આગળ સરિયા લોઢાના પાક્કા હોય કે સિંહ આવે તોપણ અંદર મોઢું ન નાખી શકે. વયો જાય પછી છેટે. એને ફિલ્મ પાડે આમ. કેટલા ફોટા પડે. જો ત્યાંથી રજકણ આવતા હોય તો ત્યાં સુકાઈ જાય. એ અહીં રજકણો ભર્યા છે એ ત્યાં એવા રજકણ ત્યાં ગોઠવાઈ જાય છે. આહા..હા..! એને લઈને, સંચા-ફંચાથી નહિ. નંદાભાઈ! આવી વાતું છે.

**શ્રોતા :-** એટલે નંદાભાઈ બહુ ધ્યાન રાખીને કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નંદાભાઈ કરતાં પહેલા આ બધું. એ તો પહેલેથી આવે છેને. ૮૦ની સાલથી એને છે. ૮૦-૮૦ બોટાદ નહિ? અપાસરાની જોડે. તે દિ'ની ખબર છેને. અપાસરાની જોડે પહેલા ઉતરેલા બહાર. ૮૦ કેટલા વર્ષ થયા? ૫૩. ૫૩ વર્ષથી જાણીએ છીએ. આહા..હા..!

અહીં કહે છે કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો તારી વૈભવની ઋદ્ધિ. આહા..હા..! એક તો એ મગજમાં આવ્યું હતું કે આ લોકો સાધુપણું કહે છે કોને? પાંચમી ગાથામાં તો એમ કહ્યું કે અરિહંત ભગવાન જે નિર્મળ જ્ઞાનમાં.. શું કીધું? વિજ્ઞાનઘનમાં નિમગ્ન. હા, નિમગ્ન શબ્દ છે. જેમ સર્વજ્ઞ પરમેશ્વર પોતાના જ્ઞાનમાં નિર્મળમાં નિમગ્ન છે, એમ ગણધર ત્યાંથી અમારા ગુરુ. કુંદકુંદાચાર્ય કહે છે, અમારા ગુરુ પણ વિજ્ઞાનઘનમાં નિર્મળમાં મગ્ન છે. આહા..હા..! એને સાધુ કહીએ. રાગની ક્રિયા કરે અને આ કરે માટે સાધુ એ વાત તદ્દન મિથ્યાત્વ છે. આહા..હા..! ત્યાં સુધી લીધું છે. અરિહંતથી માંડીને અમારા ગુરુ વિજ્ઞાનઘન એવો ભગવાન આત્મા એમાં નિમગ્ન છે. વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે. અહીં જેમ અનુભવ કહે છેને, એમ વિજ્ઞાનઘન—વિજ્ઞાનનો સમૂહ પ્રભુ આત્મા. આહા..હા..! એમાં એ નિ-મગ્ન, એકલા મગ્ન નહિ. અમારા ગુરુ એવા હતા એમ કહે છે. અમે પણ એવા છીએ એમ ન કહેતા,

અમારા ગુરુ આવા હતા એમ કહે છે. આહા..હા..! આ સાધુપણું આને કહીએ. આહા..હા..! આવો માર્ગ આકરો લોકો બિચારાને લાગે ભારે. આહા..હા..!

એવો જે ભગવાન આત્મા... અહીં આવ્યુંને? '**નિજરસના ફેલાવથી પૂર્ણ...**' એ શક્તિ હોં ત્રિકાળ. એ અંતર શક્તિનો વિસ્તાર અંદર અનંતગુણ પિંડ પ્રભુ. આહા..હા..! અચિંત્ય ચૈતન્યચમત્કાર છે, બાપા! આહા..હા..! છરી શાકને અડતી જ નથી અને શાકના કટકા થાય. એય..! રામજીભાઈ! પાગલ જ કહે કે નહિ? છરી શાકને અડતી નથી. એમ ભગવાન એમ કહે છે કે એક દ્રવ્યની પર્યાય બીજાને અડતી જ નથી, છતાં કટકા થાય. આવો ચમત્કાર. એ કટકા થવાનો સમયનો પરમાણુની પર્યાયનો કાળ છે, છરીને લઈને થયા નથી. અરેરે! આવી વાતું ક્યાં ગળે ઉતારવી? ગાંડા પાગલ થઈને ફરે. મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું... આહા..હા..! ભાઈ આવ્યા છે. મુજફરનગરના છે? ક્યાંના છે? આવ્યા છે. પાલેજ અમારે પાલેજનું નામ લીધું. કુંવરજી જાદવજીને ત્યાં. નથી આવ્યા? પાલેજમાં એની સાથે ધંધો હશે. એ નથી આવ્યા. આહા..હા..! વયા ગયા હશે. એ કહેતા હતા. મેં કીધું ભાઈ અમે પાલેજના. એ તો પાલેજ હું જાણું કુંવરજી જાદવજીને. .. કેવું કીધું? ગોળનો ધંધો છે. કુંવરજીભાઈને ત્યાં મોટો વેપાર છેને ત્યાં મોટો. એ તો ગુજરી ગયા. મોટો વેપાર છે. ૩-૪ લાખની પેદાશ. મોટો ધંધો હતો. હવે તો જુદા પડી ગયા. મેં કીધું જાણીએ છીએ. અમારે કુંવરજી જાદવજી સાથે ધંધો વેપાર. મારી નાખ્યા. આમાં પ્રસિદ્ધિ. પણ પોતાનો આત્મા અનંતગુણનો પિંડ છે એને અનુભવમાં પ્રસિદ્ધિ લેવી એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છેને '**નિજરસના ફેલાવથી...**' એટલે વિસ્તારથી. '**પૂર્ણ જે જ્ઞાન...**' એટલે આત્મા. '**તેના સ્ફુરાયમાન થવામાત્ર...**' તેનો અનુભવ. આહા..હા..! કેટલા શબ્દો સમાડી દીધા છે. '**નિજરસના...**' નિજસ્વભાવની નિજશક્તિના વિસ્તારથી પૂર્ણ એવો પ્રભુ એવું જે જ્ઞાન એટલે આત્મા. '**તેના સ્ફુરાયમાન થવામાત્ર...**' આહા..હા..! એના ઉપર નજર આપતા, નિધાન ભગવાન જે નિધાન છે તેનું સ્ફુરાયમાન પર્યાયમાં પ્રગટ થાય છે. આહા..હા..! '**સમયસાર (-પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી...**' આવો જે પરમાત્મા એને જે અનુભવમાં આવ્યો ત્યારે એને સમયસાર છે એમ આવ્યુંને એને. આહા..હા..! '**તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી...**' આ જગતમાં એનાથી ઊંચી કોઈ જગતમાં ચીજ નથી. આહા..હા..! પૂર્ણ ગુણ શક્તિ અનંત અમાપ. આહા..હા..! એ દરિયો જ્યાં ઉછળ્યો. એના ઉપર નજર પડતાં, બીજેથી નજર ખેંચી લઈને. આહા..હા..! એ નાસ્તિથી વાત છે. અસ્તિથી પરમાત્મા પોતે ભગવંતસ્વરૂપ આત્મા... આહા..હા..! એમાં નિમગ્ન થયો ત્યારે એ સ્ફુરાયમાન (થયો). પાતાળમાંથી જેમ પાણીની શેર નીકળે એમ અંદરની શેરું પર્યાયમાં અનુભવની શેરુ નીકળી. આહા..હા..! અતીન્દ્રિય આનંદની ધારા (વહે) એનું નામ મોક્ષનો માર્ગ છે. આહા..હા..! છેને?

'**સમયસાર (-પરમાત્મા) તેનાથી ઊંચું...**' કોણ પણ? '**સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર...**' એમ. પર્યાયમાં આવ્યું ભાન ત્યારે સમયસાર થયુંને એને. આહા..હા..! પર્યાય કોને કહેવી એ સાંભળ્યું ન હોય. આહા..હા..! એ આત્મા જે ત્રિકાળી શક્તિ અને ત્રિકાળી ગુણ છે એની વર્તમાન દશાને પર્યાય કહે છે. આહા..હા..! એ વર્તમાન દશાને પર્યાયમાં ત્રિકાળી જે હતી સ્ફુરાયમાન અનુભવમાં આવી. આહા..હા..! વસ્તુ વસ્તુમાં રહી, પણ એનો અનુભવ છે એ એની પર્યાયમાં અનુભવ થયો. કહો, ચંદુભાઈ! આવી વાતું છે. આહા..હા..! અરેરે! માણસપણું મળ્યું અને ઢોરની જેમ અવતાર જાય બધા. આ રળવું ને ભોગ ને બાયડી ને છોકરા ને આહા..હા..! મોટા મજૂર છે. '**मनुष्या स्वरूपेण मृगा चरन्ति**'. મનુષ્યના રૂપે મૃગલાઓ, હરણિયાઓ છે એ. આહા..હા..!

અહીંયાં કહે છે કે પોતાનો નાથ અંદર અનંતગુણથી ભરેલો ભગવાન. આહા..હા..! એને વ્યવહારથી પણ છોડી દઈને. આહા..હા..! રાગથી. રાગથી વ્યવહાર હોં. એ રાગની સ્ફુરણા થતી એ તો નિમિત્તને આધીન થતી અને આ ત્રિકાળી સ્વરૂપને આધીન સ્ફુરણા થાય એ નિર્મળ સ્ફુરણા થાય. આહા..હા..! સમજાણું કાંઈ? આકરી વાત છે, બાપા! શું થાય? તેથી લોકો ખળભળાટ કરે છે. આવી વાત. એમ કે આ બધું વ્યવહાર કરીએ, વ્રત પાળીએ, અપવાસ કરીએ, બ્રહ્મચર્ય પાળીએ અને સાધન કાંઈ કહેતા નથી તમે. હવે એવું તો અનંતવાર (કર્યું). આ તો અત્યારે છે ક્યાં? નવમી ગ્રૈવેયક ગયો ત્યારે એટલી બધી શુક્લલેશ્યા હતી. આહા..હા..! હજારો રાણી છોડી, શુભભાવ (એવો કે) શરીરના કટકા કરે તોપણ ક્રોધ ન કરે એટલી તો એને ક્ષમા પરલક્ષી હતી, પરલક્ષી. આહા..હા..! પણ આત્માના જ્ઞાન વિના બધું નિરર્થક ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, આવી શક્યા નહિ લોકો ત્યાં ગાડીમાં ફેર છે કહે છે. મોડા આવશે. જેને કાને પડવું હોય એને પડેને એને કાળે. આહા..હા..!

પાઠ છેને એમાં? '**समयसारात् उत्तरं खलु किञ्जित् न अस्ति**' છેલ્લો શબ્દ છેને? આહા..હા..! નિત્યાનંદ પ્રભુ એને અનુભવવો એનાથી આ જગતમાં કોઈ ચીજ ઊંચી નથી. આહા..હા..! બે-ચાર અબજ રૂપિયા, પૈસા થઈ જાય અને છોકરાઓ રળાવ થાય અને આઠ-આઠ, બાર છોકરાઓ. બાર ભાઈઓ છેને. વીંછીયામાં છે. બાર ભાઈઓ હતા. આપણા ધનભાઈ નહિ કેવા? ધનકુમાર છેને અત્યારે દસ ભાઈઓ. નવ ભાઈઓ પરણેલા છે અને પોતે બ્રહ્મચારી ધનકુમાર. ભાઈ છેને એક. અહીં હતા વયા ગયા? બેઠા છે. દસ ભાઈઓ છે. નવ ભાઈ પરણ્યા છે, પોતે બ્રહ્મચારી છે. અંતરિક્ષમાં બહુ ઓલું કર્યું છે. અંતરિક્ષ તાબે કર્યું એણે શ્વેતાંબરમાંથી લઈને. મૂળ દિગંબરનું છે. આહા..હા..! એમાં પણ ઝઘડા જગતના. અરેરે! પ્રભુ!

અહીં કહે છે '**ભાવાર્થ :- પૂર્ણજ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરવો;...**' આહા..હા..! આખા બાર અંગનો સાર, ચારેય અનુયોગનો આ સાર. ભગવાન પૂર્ણજ્ઞાનસ્વરૂપ. પૂર્ણ જ્ઞાન

એટલે ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ, સર્વજ્ઞસ્વરૂપ. પોતે સર્વજ્ઞસ્વરૂપ જ ત્રિકાળી છે. આહા..હા..! સર્વજ્ઞસ્વરૂપ, સર્વજ્ઞસ્વભાવ. આહા..હા..! એવો જે આત્મા એનો અનુભવ કરવો એ પર્યાય છે. '**પૂર્ણજ્ઞાનસ્વરૂપ...**' એ ગુણ, આત્મા એ દ્રવ્ય, અનુભવ કરવો એ પર્યાય. આ દ્રવ્ય, ગુણ અને પર્યાય. હવે સાંભળ્યું પણ ન હોય ત્યાં. આહા..હા..! જિનેશ્વરદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા એની આ વાણી છે. આહા..હા..!

'**પૂર્ણજ્ઞાનસ્વરૂપ આત્માનો...**' એક સમયની પર્યાય પણ અહીં ન લીધી. પૂર્ણજ્ઞાન. એકલો સર્વજ્ઞ સ્વભાવ એની સાથે અવિનાભાવ રહેલા પૂર્ણ ગુણો, એને પૂર્ણજ્ઞાનસ્વરૂપ, પૂર્ણધર્મસ્વરૂપ, પૂર્ણગુણસ્વરૂપ એવા આત્માનો અનુભવ કરવો. આહા..હા..! '**આ ઉપરાંત ખરેખર બીજું કાંઈ પણ સારભૂત નથી.**' આહા..હા..! વ્યવહારરત્નત્રય પણ સારભૂત નથી એમ કહે છે, આહા..હા..! ત્યારે બાયડી, છોકરા, ધૂળ ને ધમાહા એ તો ક્યાંય બીજે રહી ગયા. એ તો ક્યાંકનો આત્મા અને ક્યાંકનો આવીને વળગ્યો તું કે આ મારી બાયડી છે. ધૂળેય નથી સાંભળને. આહા..હા..! એ તો આત્મા ક્યાંકથી રખડતો રખડતો આવ્યો. એના શરીરના રજકણો જડ છે એમ એ રખડતા આવ્યા છે. એમાં તારું ક્યાં થઈ ગયું? અહીં તો વીતરાગ તો એમ કહે છે કે તારી પર્યાયમાં નિમિત્તને આધીન થયેલો વ્યવહાર રાગ એ પણ તારો છે નહિ. આહા..હા..!

'**પૂર્ણજ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરવો; આ ઉપરાંત ખરેખર બીજું...**' આ ઉપરાંત ખરેખર બીજું, આ એક સિવાય બીજું '**કાંઈ પણ સારભૂત નથી.**' વ્યવહારરત્નત્રયનો રાગ પણ કાંઈ સારભૂત નથી. આહા..હા..! આખું સમયસાર આવી ગયું. આહા..હા..! આવી વાત બાપા! આ તો.. આહા..હા..! થોડા ટૂંકા શબ્દોમાં કેટલી અસ્તિ-નાસ્તિ કરી નાખી! અસ્તિ-નાસ્તિ કરીને. '**પૂર્ણજ્ઞાનસ્વરૂપ આત્માનો...**' એક તો આત્મા પૂર્ણ ગુણસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ કહેતા પૂર્ણ ગુણસ્વરૂપ બધો. એવો જે આત્મા એને આત્મા કહીએ. એનો '**અનુભવ કરવો;...**' પર્યાયમાં તેનું વેદન. આહા..હા..! પૂર્ણસ્વરૂપ તરફ દૃષ્ટિ પડતાં પર્યાયમાં વેદન આવે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનું વેદન આવે એ સાર છે. આહા..હા..!

'**આ ઉપરાંત...**' તેના સિવાય '**ખરેખર બીજું કાંઈ પણ સારભૂત નથી.**' એમ. થોડોક સાર એમ નહિ, કાંઈ પણ સાર નહિ. આહા..હા..! પંચમહાવ્રતના પરિણામ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રના જ્ઞાન આવડતના એ બધા કાંઈ સારભૂત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બેને નાખ્યું છે એક ઓલામાં નહિ? (વચનામૃતમાં) નાખ્યું છે બહેને, 'મને કાંઈક આવડે છે, હું કાંઈક છું' એમ રહેવા દેજે. એ છે ક્યાંક આવડતનો. વખત થઈ ગયો છે. ૧૧૦ પાને છે. લખી લીધું છે હોં. '**ચેતીને રહેવું, 'મને આવડે છે' એમ આવડતની હૂંફના રસ્તે ચડવું નહિ.**' આહા..હા..! '**વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે. ત્યાંથી રોકવા માટે ગુરુ જોઈએ, એક પોતાની લગામ અને બીજી ગુરુની લગામ**

હોય તો જીવ પાછો વળે. આવડતના **માનથી** દૂર રહેવું સારું છે.' એ બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે. આહા..હા..! **'બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે, તે બધા પ્રસંગો નિઃસાર છે.'** લ્યો આવ્યું અહીં. આહા..હા..! **'સારભૂત એક આત્મસ્વભાવ છે'** એમ આવ્યું. આહા..હા..! વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૮, શનિવાર, તા. ૦૩-૧૨-૧૯૭૭, શ્લોક-૨૪૫, પ્રવચન નં. ૫૨૮

સમયસાર, ૨૪૫ કળશ. **'હવે છેલ્લી ગાથામાં આ સમયસાર ગ્રંથના અભ્યાસ વગેરેનું ફળ કહીને આચાર્યભગવાન આ ગ્રંથ પૂર્ણ કરશે; તેની સૂચનાનો શ્લોક પ્રથમ કહે છે :—'** અર્થ આવશે પછી હોં. એમને એમ નહિ સમજાય.

इदमेकं जगच्चक्षुरक्षयं याति पूर्णताम्।
विज्ञानघनमानन्दमयमध्यक्षतां नयत्।।२४५।।

શું કહે છે? આ છેલ્લો શ્લોક છે, સાર છે. **'आनन्दमयम् विज्ञानघनम् अध्यक्षतां नयत्'** આ આત્મા જે છે આત્મા અંદર, આ દેહ છે એ તો જડ માટી, ધૂળ છે, એનો જાણનાર ચૈતન્યસ્વરૂપ અંદર છે જેની સત્તામાં બીજું જણાય છે એ જાણનારો કેવડો છે, કેવો છે એનું સ્વરૂપ છે. આહા..હા..! શરીર, વાણી, મન એ બધા પરમાણુઓ જડ, અજીવ, ભગવાન અંદર ચૈતન્ય સ્વરૂપ એટલે જાણક સ્વભાવ, પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ ભગવાન આત્મા (છે). ઝીણી વાત છે, પ્રભુ! એ પ્રજ્ઞા જ્ઞાનસ્વરૂપી પ્રભુ કેવો છે? કે **'आनन्दमयम्'** આહા..હા..! એ તો સચ્ચિદાનંદ પ્રભુ છે. એની એને ખબર નથી. આહા..હા..! સત્-છે, ચિદાનંદ-ચિદ્ જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ. જ્ઞાન અને અનાકુળ આનંદની મૂર્તિ આત્મા છે. આહા..હા..! મૂર્તિ એટલે સ્વરૂપ. અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનું સ્વરૂપ એને મૂર્તિ કહે છે. મૂર્તિ એટલે મૂર્તિ આ નહિ. આહા..હા..! જે આ આત્મા દેહથી ભિન્ન તત્ત્વ છેને આત્મતત્ત્વ, વસ્તુ છેને? છેને? છે. તો એ છે એ અનાદિથી છે. છે એ વર્તમાન પણ પોતાના પૂર્ણ સ્વભાવથી છે, છે એ ભવિષ્યમાં પણ છે, એવું જે આત્મતત્ત્વ. એની દશામાં વિકાર જે થાય છે અનાદિથી એ તો કૃત્રિમ ઉત્પન્ન કરે છે. પુણ્ય અને પાપના ભાવો, વિકલ્પો, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ રાગના પાપની જ વાસના એ વિકૃત અવસ્થા એ સ્વરૂપમાં નથી. તેમ દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો વિકલ્પ ઉઠે છે એ પણ એક રાગની વિકારની વાસના છે. આહા..હા..! ભગવાન એ વાસનાથી પાર અંદર ચિદાનંદ પ્રભુ છે. એ આનંદમય

છે એમ કહે છે. છે? આનંદમય. આનંદવાળો એમ નહિ. આનંદવાળો તો ભેદ પડી જાય છે. આનંદમય છે. આહા..હા..!

જેમ શક્કરકંદ છે શક્કરકંદ. આ શક્કરિયા કહે છે આપણી ભાષામાં. મૂળ શક્કરકંદ છે નામ. એની લાલ છાલ જે પાતળી છે એટલી ન જુઓ તો એ શક્કરકંદ છે. શક્કર એટલે સાકરની મીઠાશનું દળ છે. આહા..હા..! એ શક્કરકંદ—શક્કર એટલે સાકર, સાકરની મીઠાશનો એ દળ-પિંડ છે, ઉપરની છાલ એ જુદી ચીજ છે; એમ આ ભગવાન આત્મા... આહા..હા..! આ શરીર-બરીર તો જુદી ચીજ છે, પણ એનામાં જે પુણ્ય અને પાપના શુભ-અશુભ રાગ વિકલ્પ ઉઠે છે એ લાલ છાલ જેવી ચીજ છે. એ લાલ છાલની પાછળ જેમ શક્કરકંદ છે એમ આત્મા આનંદમય છે. અરે..! આવી વાતું સાંભળી ન હોય ક્યાંય. જ્યાં અંદર પુણ્ય અને પાપના ભાવની વાસના ઉઠે છે એ વિકૃત છે, એ દુઃખરૂપ છે. એ ત્રિકાળી સ્વભાવથી વિપરીત ભાવ છે અને એનાથી વિપરીત અંદર આનંદનો નાથ પ્રભુ પોતે છે. એને ખબર નથી. આહા..હા..! આ તો સરવાળો આવે છે ચંદુભાઈ છેલ્લો આખા શાસ્ત્રનો.

**શ્રોતા :-** રકમ હોય એનો સરવાળો હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોય એનો સરવાળો કીધો છેને. છે, છે, છે એની આદિ નહિ, છે એનો અંત નહિ, છે એ એના સ્વભાવથી ખાલી નહિ. લોજિકથી-ન્યાયથી તો એણે સમજવું પડશે કે નહિ? એમને એમ માની લે એમ કાંઈ આત્મા છે વસ્તુ? આહા..હા..! કોઈ દિ' દરકાર કરી જ નથી. સંસારના ચોર્યાસી લાખ યોનિમાં પરિભ્રમણ કરતો... કરતો... કરતો... દુઃખી થઈને રખડે છે ઈ. આહા..હા..!

**શ્રોતા :-** એમાં રહેવું એને પસંદ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાન ન મળે. આહા..હા..! છોકરા નાના હોય, બાળક અને દૂધ પીવે જેઠ મહિનામાં. વધારે દૂધ પીધું હોય તો જોયું છે? એને શેરણા થાય અંદર. શેરણું થાય એટલે નાગુ હોય શરીર એટલે ઠંડુ લાગે અને પછી હાથ આમ કરીને આમ ચાટે. એ ચાટે એ મીઠાશ એને લાગતી હશેને? એમ આ ભગવાન આત્મા... આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ એને ભૂલીને પુણ્ય અને પાપના વિકલ્પો એ શેરણું છે, ભાઈ! ઝીણી વાત ભગવાન! અરે! એણે દરકાર કરી જ નથી. એને એ ચાટે છે.

સ્ત્રીના ભોગમાં, સ્ત્રીના શરીરનો ભોગ નથી જીવને. કેમકે એ તો માટી છે, આ તો ધૂળ છે, આ તો જડ છે અને ભગવાન આત્મા તો અરૂપી છે. જેમાં રંગ, ગંધ, રસ અને સ્પર્શ છે નહિ. તો એ ચીજ આ શરીરને ભોગવી શકે એમ હોઈ શકે નહિ. પણ તે શરીરની અનુકૂળતા અને સુંદરતા એના લક્ષમાં રાખીને રાગ ઉત્પન્ન કરે છે એ રાગને ભોગવે છે. આહા..હા..! શરીરને નહિ. આહા..હા..! સાકરને ભોગવે છે એ નહિ, સાકર તો માટી, જડ, ધૂળ છે. ફક્તે એને ઠીક-ઠીક છે એવો જે રાગ એ રાગને અનુભવે છે. આહા..હા..! એ

દુ:ખ છે, પણ એની એને ખબર નથી. આહા..હા..!

સચ્ચિદાનંદ પ્રભુ અનાદિથી સત્ છે, આનંદમય છે. આહા..હા..! જેમ એ શક્કરકંદ એ સાકરની મીઠાશનું દળ છે. અરે! પણ કેમ એને (બેસે)? કોઈ દિ' અભ્યાસ નહિ. આ અંધારાના અભ્યાસ જગતના બધા. આહા..હા..! હસમુખભાઈ! આ ધૂળમાં પૈસામાં સુખ નથી એમ કહે છે. આ પોપટભાઈના દીકરા છે. ઓળખો છો ભાઈ, ચંદુભાઈ! આ પોપટભાઈના દીકરા છે. આ ગુજરી ગયાને હમણા પંદર દિ' થયા. ઓલા શનિવારને બાર વાગે. બુધવારે અહીં હતા, એ પંદર દિ' પહેલાં સાંભળતા હતા. છ છોકરાઓ આવ્યા છે. પૈસા બે કરોડ રૂપિયા પૈસા. ધૂળેય કામ ન આવી ત્યાં. આહા..હા..!

**શ્રોતા :-** પહેલા કામ ન આવ્યા તો કાંઈ નહિ પણ હતાને રૂપિયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોને હતા? શેમાં હતા? જડ જડમાં હતા કે જડ આત્મામાં હતા? પૈસા છે એ છે કે નહિ ચીજ? અસ્તિ છે કે નહિ? છે છે કે નહિ? એ છે તો જડ જડમાં હતા કે એ જડ આત્મામાં હતા? કાંઈ ખબરું ન મળે. આંધળી દોડે અનાદિકાળથી (દોડે છે). એની તો અહીંયાં વાત પણ નથી.

અહીંયાં તો અંદરમાં જે કાંઈ શુભ અને અશુભભાવ થાય દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, ભગવાનનું સ્મરણ એ બધો શુભરાગ છે, વિકૃત વાસના છે. ભાઈ! એને ખબર નથી. કેમકે એમાં ભગવાન (આત્મામાં) અતીન્દ્રિ આનંદ છે, આત્માનો એમાં (શુભાશુભ ભાવમાં) આનંદ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ ભગવાન આત્મા આનંદમય છે. આનંદવાળો છે એમ પણ ન કહ્યું. આ તો સિદ્ધાંત અધ્યાત્મ છે, પ્રભુ! આહા..હા..! અતીન્દ્રિય આનંદ, અનાકૂળ આનંદ એનો એ પિંડ છે. આહા..હા..! આ વિકૃત અવસ્થા ઊભી કરે છે એ તો એમાં નથી અને ઊભી કરે છે શુભ-અશુભભાવ. આ સંસારનું રળવું, ભોગ, વાસના, કમાવું, ધ્યાન આપવું આ તમારે ડૉક્ટરનું ધ્યાન આપવું એ બધું શું હશે? ચંદુભાઈ! પાપ હશે કે ધર્મ હશે? એય..! આ બધા કરોડોપતિ છે. આ ભભુતમલને ઓળખો છો? બેંગ્લોર. બાર લાખનું મંદિર કરાવ્યું એમાં આઠ લાખ એમના છે. આઠ લાખ એમણે આપ્યા છે. એ તો કહ્યું હતું એને એ વખતે, ભાઈ આઠ લાખ તમે આપ્યા માટે તમને કાંઈક ધર્મ થઈ ગયો એમ છે નહિ. આહા..હા..! 'આપી શકું છું' એ વાત જ માન્યતા (વિપરીત છે). જડ તત્ત્વ છે તેની ક્રિયાઓ જડની જડને કારણે થાય છે.

**શ્રોતા :-** આઠ લાખ આપ્યા અને વીસ લાખ કમાણા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અત્યારે... આહા..હા..! એ તો વીસ લાખ નહિ, ચાલીસ લાખ કીધા છે. એમ સાંભળ્યું હતું. એના મિત્ર કહેતા હતા. બે કરોડનું સ્ટીલ પડેલું અને હું ત્યાં ગયો ત્યાં મોટું મંદિર બાર લાખનું (બનાવ્યું). માણસો ઘણાં પાંચ-પાંચ હજાર માણસો. એમાં રોકાવું પડ્યું એટલે ઓલું સ્ટીલ પડ્યું રહ્યું, એમાં એના ભાવ વધી ગયા. અહીંયાં

આઠ લાખ ખર્ચ્યા ત્યાં ચાલીસ લાખ વધી ગયા. ધૂળ વધી. હસમુખભાઈ! આ બધા છ ભાઈઓ, કરોડપતિઓ છે બધા. આ પણ કરોડપતિ છે જુઓ આ બેઠા, આ બધા કરોડપતિઓ છે. આ ભાઈની પાછળ બેઠા એ.

**શ્રોતા :–** કરોડપતિ છે કે કરોડમય છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કરોડપતિ માન્યું છે. ભેંસનો પતિ પાડો હોય, એમ જડનો પતિ માને એ જડ હોય. આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ!

તારી પ્રભુતાની તને ખબર નથી, નાથ! તું કોણ છો અંદર? શું છે અંદરમાં? તારા દરબારમાં અંદર ભર્યું છે શું? આહા..હા..! એ અહીં કહે છે પ્રથમ (કે) આનંદમય છો તું તો, પ્રભુ! તને ખબર નથી. આહા..હા..! તારા આનંદને માટે બહાર જોવાપણું છે નહિ. હરણની નાભિમાં કસ્તુરી, કસ્તુરીની ગંધ આવતા બહાર શોધે છે. એની નાભિમાં કસ્તુરી. એમ આ પ્રભુના અંતરમાં આનંદ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! આ તો પરમસત્યની વાતું છે અહીં તો. ધર્મ કોઈ એવો નથી કે આ દયા પાળી છે અને વ્રત લઈ લીધા, કોઈ સેવાઓ બીજાની કરી, દેશસેવા માટે ધર્મ (થઈ ગયો). એ ધૂળેય નથી કાંઈ.

ધર્મ તો એને કહીએ કે જે આનંદમય પ્રભુ આત્મા, એનો અંતરમાં દૃષ્ટિમાં સ્વીકાર કરી અને તેનું વેદન જેવો અતીન્દ્રિય આનંદ છે, તેવો શક્તિમાં છે, તેને વ્યક્તમાં પ્રગટ કરીને વેદન કરવું એનું નામ ધર્મ કહેવામાં આવે છે. બાકી થોથે થોથાં છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એટલે? સમજાય એ તો વાત અલૌકિક છે, પણ કાંઈ એટલે કઈ ગંધ અને કઈ પદ્ધતિએ કહેવાય છે એ ખ્યાલ આવે છે? બસ આટલી વાત. અહીં તો શબ્દે શબ્દના તોલ છે. આહા..હા..!

એહીં કહે છે કે ભગવાન આત્મા... આહા..હા..! અતીન્દ્રિય '**આનંદમય વિજ્ઞાનઘન...**' બીજો શબ્દ લીધો. આનંદમય અને જ્ઞાનનો ઘન છે, જ્ઞાનનો પૂંજ છે. આહા..હા..! ભભુતમલજી! આહા..હા..! પ્રભુ તો ચૈતન્ય જ્ઞાનસ્વરૂપી પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ, જ્ઞાનનો ઘન, જ્ઞાનનો પૂંજ. જેમ ધોકડું હોય રૂનું ધોકડું, એમ આ જ્ઞાનનું ધોકડું છે. અરેરે! કેમ કોઈ દિ' (દરકાર કરી નથી). એ આનંદમય અને વિજ્ઞાનઘન. આહા..હા..! અર્થાત્ જ્ઞાનાનંદ બીજી ભાષાએ કહીએ તો. જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા. આહા..હા..! અથવા '**(–શુદ્ધ પરમાત્માને, સમયસારને)...**' એ આનંદમય વિજ્ઞાનઘનની વ્યાખ્યા કરી કૌંસમાં કે શુદ્ધ પરમાત્મા પોતે. આહા..હા..! અંદર જેનું પરમ આત્મા, પરમ સ્વરૂપ જેનું સ્વરૂપ ચૈતન્યમય, આનંદમય જેનું સ્વરૂપ છે. આહા..હા..! આ શરીર-બરીર તો માટી, હાડકા, જડ, ધૂળ છે. અંદરમાં પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ થાય એ પણ વિકૃત વિકારીદશાથી પ્રભુ તો ભિન્ન છે અંદર. આહા..હા..! એ કહે છે કે જેઓ શુદ્ધ પરમાત્મા. એ એની વ્યાખ્યા કરી. '**આનંદમય વિજ્ઞાનઘન...**' એટલે કે ચાલતી ભાષામાં એનો અર્થ કર્યો કે '**(–શુદ્ધ પરમાત્માને,...**' પોતે પરમસ્વરૂપ, આત્મા પરમસ્વરૂપ શુદ્ધ સચ્ચિદાનંદ એવો સમયસાર. સમય એટલે આત્માનો સાર. સમ-અય, સમ-અય. સમ્યક્

પ્રકારે અય-જ્ઞાનનું ગમન-પરિણમન તેનો સાર. શરીર, વાણી, કર્મ અને પુણ્ય-પાપના ભાવથી ભિન્ન એને સમયસાર કહેવામાં આવે છે. આહા..હા..! આ કાંઈ કથા નથી. આ તો ભગવત્ કથા, ભગવાન આત્માની કથા છે. આહા..હા..!

સમયસાર એને 'પ્રત્યક્ષ કરતું...' શું કહે છે? આહા..હા..! શાસ્ત્ર તો શબ્દ છે, પણ એ શબ્દ આવા આત્માને બતાવે છે. જેમ સાકર શબ્દ છે એ શબ્દમાં સાકર નથી અને સાકર છે એમાં સાકર શબ્દ નથી, પણ સાકર શબ્દ સાકરના ગોળાને બતાવે છે આમ સાકરને; એમ આ શાસ્ત્ર શબ્દ છે, એ આત્મા આનંદમયને આનંદમયને એ બતાવે છે. આહા..હા..! આવી વાતું છે. તમારે ડૉક્ટરમાં એમ.એ.માં પણ આવતું ન હોય અને એલ.એલ.બી.માં પણ આવતું ન હોય વકીલાતમાં. રામજીભાઈ મોટા વકીલ હતા. રાજકોટ. ૩૫ વર્ષ પહેલાં. પાંચ કલાક જાતા કોર્ટમાં ૨૦૦ રૂપિયા લેતા ધૂળના. એ વકીલાત... આહા..હા..! અહીં તો પરમાત્મા ત્રણલોકનો નાથ અંદર બિરાજે છે, પ્રભુ! એનું જ્ઞાન અને એનો આનંદ એને અહીંયાં સમયસારને પરમાત્મા કહેવામાં આવે છે. આ વકીલાતનું અને ડૉક્ટરનું અને એલ.એલ.બી., એમ.એ.ના પૂંછડા બધા હોય છે એ બધા અજ્ઞાનના છે. આહા..હા..!

**શ્રોતા :-** અજ્ઞાનના એટલે લૌકિક જ્ઞાનના...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લૌકિક એટલે? પાગલો પાગલના જ્ઞાનને વખાણે. એય..! ભભુતભાઈ! ઝીણી વાત છે, બાપુ! આખી દુનિયાને જાણતા નથી અમે? બધાની ખબર છે. આહા..હા..! ૬૫ વર્ષ તો દીક્ષાનો દિવસ આ માગશર સુદ નોમ. ૬૫મું બેસશે દીક્ષા લીધા હોં! દુકાન છોડ્યા. દુકાન પાલેજમાં છેને? ભરૂચ અને વડોદરા વચ્ચે દુકાન છે પાલેજમાં. અત્યારે મોટી દુકાન છે. ૩૦-૩૫ લાખ રૂપિયા છે, ૩-૪ લાખની પેદાશ છે. મને તો ૬૫ વર્ષ થાશે દીક્ષા લીધે. ડૉક્ટર! અને આ શરીરને ૮૮. કેટલા? ૮૮. બે આઠડા ૮૮. અહીં તો જિંદગી આખી આમાંને આમાં ગઈ છે. દુકાન ઉપર પણ હું તો શાસ્ત્ર વાંચતો. પહેલેથી સંસ્કાર હતાને પૂર્વના ૧૭ વર્ષની ઉંમરથી. ૭૧ વર્ષ થયા. ૮૮. આહા..હા..! આ ચીજ બીજી કીધું બાપુ. મારગડા જગતના જુદાં છે. આહા..હા..!

અહીં કહે છે, એને 'પ્રત્યક્ષ કરતું...' ઈ શું કહે છે? કે ભગવાન આ શાસ્ત્રસાર એણે આત્માને એવો કહ્યો કે તું તારા પુણ્ય-પાપના ભાવના વિકલ્પનું લક્ષ છોડી દે અને અંતર આનંદમય પરમાત્મા જ્ઞાનઘન છે તેને તારી વર્તમાન જ્ઞાનદશા દ્વારા પ્રત્યક્ષ વેદન કર. અરે..! ઝીણી વાત છે, હસમુખભાઈ! ત્યાં મુંબઈ-બુંબઈમાં હોળી નથી મળે એવી ક્યાંય ત્યાં. બધી મોહમયી નગરી બધું જોયું છેને. એ બધું જોયું છે. આહા..હા..!

**શ્રોતા :-** ત્યાં મળે ઈ અહીં ન મળે અને અહીં મળે ઈ ત્યાં ન મળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં મળે એ ત્યાં નથી, ત્યાં મળે એ અહીં નથી. ભગવાનજીભાઈ! આહા..હા..!

અહીં કહે છે 'પ્રત્યક્ષ કરતું...' ભાષા એવી છે જરી. એ સ્વરૂપ જે છે જ્ઞાન ને આનંદમય તેને પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન પાડીને સીધો જ્ઞાનનો અનુભવ આત્માને રાગની અપેક્ષા વિના, મન અને નિમિત્તના આશ્રય વિના સીધું આનંદનું પ્રત્યક્ષ જ્ઞાનમાં વેદન થાય એમ આણે બતાવ્યું છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! 'પ્રત્યક્ષ કરતું...' કોણ? આ શાસ્ત્ર. શાસ્ત્ર શબ્દો છે, પણ ઓલી ચીજ જે છે અંદર એને પ્રત્યક્ષ બતાવતું. કે ભાઈ! જે ચીજ તું છો, છો એ કઈ ચીજ છે? શું છે તારામાં? તું તત્ત્વ છોને કોઈ. તત્ત્વ છે કે નહિ? અને તત્ત્વ છે તો તારા સ્વભાવમાં શું છે? તારો સ્વભાવ આનંદ અને જ્ઞાનમય છે. આહા..હા..! એને આ શાસ્ત્રના શબ્દો દ્વારા બતાવીને અંતરમાં પ્રત્યક્ષ કરાવ્યું છે. આહા..હા..! રતિભાઈ! આવી વ્યાખ્યા. ઓલા બિચારાને (કહે), ભગવાનની પૂજા કરો, ભગવાનનું સ્મરણ કરો, ઈશ્વરની ભક્તિ કરો કલ્યાણ થઈ જશે. અહીં કહે લાખ તારા ઈશ્વરની ભક્તિ કરને, એ બધો રાગ છે લે. તારો ઈશ્વર અહીં અંદર છે એની ભક્તિમાં ન જા ત્યાં સુધી તારું કલ્યાણ ત્રણકાળમાં નથી. સમજાણું કાંઈ? એ વિજ્ઞાનઘન, આનંદઘન ઈશ્વર આત્મા છે અંદર. આહા..હા..! ક્યા માપે પણ મપાય? માપલા ટૂંકા. આહા..હા..!

ઓલા રવિવારનો દિવસ હતો. એનો બાપ લઈ આવેલો પચાસ... આ શું કહેવાય તમારું? આલપાક. ઓલો નવરો હતો એનો છોકરો આઠ વર્ષનો. બાપા! આ તો સો હાથ છે, ભાઈ! તારા હાથના માપ કામ ન આવે. અમારા હાથથી મપાય છે કે પચાસ હાથ છે એ માપ કામ આવે. એમ અજ્ઞાનીઓ આત્માનું માપ કરવા જાય પોતાથી તેને માપ કરતા નહિ આવડે. સમજાણું કાંઈ? એ ભગવાન આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ એનું માપ તો અંદર જ્ઞાનની દશા દ્વારા માપવું થાય, એ રાગ દ્વારા નહિ, વાણી દ્વારા નહિ, ગુરુ દ્વારા નહિ, શાસ્ત્ર દ્વારા નહિ. આહા..હા..! એ વિના એના જન્મ-મરણ મટે એવા નથી. મરી ગયો ચોર્યાસીના અવતાર કરી કરીને. આહા..હા..! સમજાણું કાંઈ? હમણાં તો જુઓને આ..

**શ્રોતા :-** જન્મ-મરણ મટી શકે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, મટી શકવાની તો વાત (છે). મટી શકે. છે જ નહિ એમાં જન્મ-મરણ. જન્મ-મરણ અને જન્મ-મરણનો ભાવ વસ્તુમાં નથી. આહા..હા..! એ વસ્તુને પકડે તો એના જન્મ-મરણ રહે નહિ કોઈ દિ'. અહીં તો એ વાતું છે બાપા! જગતથી આખી જુદી છે. જગતમાં શું ચાલે એ બધી ખબર નથી? ઘણું જોયું અને ઘણું જાણ્યું. આહા..હા..! હિન્દુસ્તાનમાં ૧૦ હજાર માઈલ ત્રણવાર ફર્યા છીએ મોટર દ્વારા. શું તમારી કહેવાય મોટર ઓલી ઊંચી? શું કહેવાય? ચંદુભાઈ! મોટી આ ઊંચી નથી અમારી પાસે? પચાસ હજારની મોટર. કાંઈક .. કાંઈક શું કહે છે કોણ જાણે? આહા..હા..! આખા હિન્દુસ્તાનમાં ૧૦-૧૦ હજાર માઈલ ત્રણ વાર જઈ આવ્યા છીએ. આ વસ્તુ જુદી, બાપુ! આહા..હા..! અહીં કહે છે, વધારે તો મારે અહીં બીજું કહેવું છે કે પ્રત્યક્ષ કરતું એટલે અંદર જ્ઞાનને

જ્ઞાન દ્વારા જણાવતું. સમજાય છે કાંઈ? ભાઈ! તમારી જગતની વિદ્યાથી જુદી વાત છે આ. આહા..હા..!

પછી '**इदम् एकम्**'. આ તો અધ્યાત્મ છે, પ્રભુ! આ કાંઈ કથા-વાર્તા નથી. આ તો ભાગવત કથા ભગવત્ સ્વરૂપની વાર્તા છે. '**इदम् एकम्**' '**इदम्**' એટલે આ. એ પોતે ભગવાન આ. અનંત જ્ઞાનઘન આ. એક. એકની વ્યાખ્યા એવી કરી છે, ભાઈ! સંસ્કૃત ટીકામાં. સંસ્કૃત ટીકા છેને. આ બધા ગ્રંથો સંસ્કૃતના ભરેલા છેને બધાય. આ સંસ્કૃત ટીકામાં છે. '**एकम्**' એટલે શાસ્ત્ર જેટલા શાસ્ત્રો છે સત્‌શાસ્ત્રો એનાથી અતિશય .. એનાથી જુદી જાત એવું શાસ્ત્ર છે આ. '**एकम्**' સંસ્કૃત છે. '**सकल शास्त्र अतिशायित्वात्**' શાસ્ત્રો તો આ સત્ય છે એ બધા શાસ્ત્ર હોં. સત્‌શાસ્ત્રોમાં પણ અતિશયત્વાત. શું કહ્યું? પ્રભુ! જે કાંઈ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, આત્મા સર્વજ્ઞસ્વરૂપી જ છે, એમાંથી જેણે સર્વજ્ઞપણું પ્રગટ કર્યું પર્યાયમાં-દશામાં. શક્તિરૂપે સર્વજ્ઞ સ્વરૂપ જ્ઞાનનો પિંડ કીધુંને? વિજ્ઞાનઘન છે. એ સર્વજ્ઞસ્વરૂપ જ છે શક્તિ એનું ભાન કરીને જેણે વર્તમાન દશામાં સર્વજ્ઞપણું પ્રગટ કર્યું એની વાણીમાં એ આવ્યું કે આ સમયસાર. એની જેટલી વાણીના શાસ્ત્રો છે... આહા..હા..! એમાં પણ આ. '**सकल शास्त्रअतिशायित्वात्**' બધા શાસ્ત્રોમાં પણ આની વિશેષતા આ છે કે એ પરમાત્મસ્વરૂપને બતાવે છે. આહા..હા..! ચંદુભાઈ! આવી વાતું આ, ગાંડા જેવી વાતું લાગે છે, પાગલ જેવી. છે નહિ, પાગલોમાં પાગલ જેવું લાગે. બાપુ! તને ખબર નથી, ભગવાન! આહા..હા..!

તારી ચીજ અને આ સમયસાર એટલે? સકળ શાસ્ત્રથી અતશયત્વાત. બધા શાસ્ત્રો જે સત્ય શાસ્ત્ર જે છે એમાં પણ અતિશયત્વાત. (બીજા શાસ્ત્રો) એની વાત અહીંયાં નહિ. એની વાત તો અહીં કરી નથી. એ બહુ ખુલ્લું ન કરવું. જે સર્વજ્ઞ સિવાય શાસ્ત્રો કલ્પેલા, માનેલા છે એની વાત તો અહીં છે જ નહિ. આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માએ, સર્વજ્ઞપણે જે જોયું અને પછી જે શાસ્ત્રો થયા, એમના શાસ્ત્રોમાંથી પણ આ સમયસાર... ભભુતમલજી! આહા..હા..! સકળ શાસ્ત્ર. આ એકની વ્યાખ્યા કરી. આમાં એકની શું વ્યાખ્યા છે?

'**આ એક (-અદ્વિતીય)...**' છેને? એક, અદ્વિતીય, અજોડ. જેની જોડે જોડ થાય એવી ચીજ બીજી નથી. આહા..હા..! આ તો છેલ્લી ગાથા છેને. આ તો ૧૭ વાર વંચાઈ ગયું છે વ્યાખ્યાનમાં. આ તો ૧૮મી વાર હવે આ પૂરું થશે. અહીં તો ૪૩ વર્ષ તો અહીં થયા છે જંગલમાં. આ તો જંગલ હતું બધું. ઈ તો હવે આ બધું વસી ગયું કરોડો રૂપિયા નાખીને. આ તો તદ્દન જંગલ. પાડા બેસતા હતા અહીં બધા. અહીં ૧૭ વાર વંચાઈ ગયું છે આ સમયસાર. શબ્દે શબ્દ અર્થ કરીને હોં! આ ૧૮મી વાર ચાલે છે. આહા..હા..! શું કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. આ સર્વ શાસ્ત્ર જે સત્‌શાસ્ત્ર છે એમાં પણ આ અદ્વિતીય. અદ્વિતીય કીધુંને? દ્વિતીય નહિ, બીજું એવું નહિ. એનો અર્થ કર્યો. સકળ શાસ્ત્ર અતિશયત્વાત. સત્‌શાસ્ત્રોમાં પણ આ અતિશય-વિશેષ શાસ્ત્ર. અલૌકિક શાસ્ત્ર, બાપુ! આહા..હા..! સમજાણું

કાંઈ? પછી એનો બીજો અર્થ કર્યો.

**'सकल शास्त्र अतिशायित्वात् परमात्मस्वरूप प्रकाशत्वात्'** આહા..હા..! પરમાત્મા પોતે હોં, પરમાત્મા પોતે એનું સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે શક્તિએ, સ્વભાવે. આહા..હા..! જેમ લીંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશ અંદર ભરી છે, એ રૂપિયે રૂપિયો ભર્યો છે. ચોસઠ પહોર એટલે ચોસઠ પૈસા. લીંડીપીપર તો નાની છે આટલી. કદે નાની, રંગે કાળી, પણ ચોસઠ પહોરી તીખાશ ભરી છે અંદર કે જેથી ઘૂંટ્યે શક્તિ છે તે વ્યક્ત થાય છે. જે અંદર પ્રાપ્ત છે તેની પ્રાપ્તિ છે. અંદર છે ચોસઠ પહોરી તીખાશ એ ઘૂંટે પ્રગટ થાય. આ ઘૂંટે પ્રગટ થતી હોય તો લાકડા અને કોલસા ઘૂંટે, (પણ એમા નથી એટલે પ્રગટ થતી નથી). પણ એનામાં (લીંડીપીપરમાં) છે માટે પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મામાં સર્વજ્ઞ પર્યાય અને અનંત આનંદ જેને પ્રગટ થાય છે પરમાત્માને... આહા..હા..! એ અંદર શક્તિરૂપે છે. આહા..હા..! એનો સ્વભાવ જ એવો (છે), પ્રભુ! તત્ત્વ છે એ પૂર્ણ છે. તત્ત્વ છે એની અપૂર્ણતા ન હોય, એને અશુદ્ધતા ન હોય. આહા..હા..! વસ્તુ છે એ તો તત્ત્વ છે એ તો શુદ્ધ પરિપૂર્ણ છે. વસ્તુ કહેવી અને અપૂર્ણ કહેવી એ વસ્તુ હોઈ શકે નહિ. એ તો પર્યાયની દૃષ્ટિએ અપૂર્ણ આદિ દેખાય છે, અવસ્થા વર્તમાન હાલતની દૃષ્ટિએ. ત્રિકાળ સ્વરૂપે તો પરિપૂર્ણ અખંડ અભેદ એકરૂપ છે. આહા..હા..! આવી ભાષા હવે. આમાં વેપારમાં તમારે આવું કાંઈ આવતું હશે? ભભુતભાઈ! નથી આવતું? આહા..હા..! ધૂળધોયામાં શું આવે? ધૂળ ધોવે. સોના ઉપર નજર પડે તો સોનું ઉપાડે એમાંથી. ધૂળધોયા હોય છેને સોનીની દુકાન પાસે. ધોતા પહેલાં. ૫૦-૬૦ વર્ષ પહેલાં. એમાં ધૂળ કાઢેને. એમાં ત્રણ પ્રકાર હોય, એક તો ધૂળના કણિયા હોય, એક તો એમાં પીત્તળના ઝીણા કટકા હોય ઝીણા. બે, અને ત્રીજા બંગડી હોયને બંગડી? એનો અંદર પીળો વળ હોય છેને પીળા વળ એનો ભુક્કો ઝીણો હોય ત્રણ અને ચોથા સોનાનો કણો હોય એ ચાર હોય છે આમાં. આ તો બધું જોયેલું છે હોં. સોનીની (દુકાનની) બહાર (હોય). એમાંથી ધૂળ છે એ જુદી કરી નાખે અને એમાં પીત્તળનો કટકો ઝીણો હોય એ પીળો છે પણ એ હળવો લાગે એટલે જુદો કરી નાખે અને એનાથી બંગડીના, આ બંગડી થાયને એના વળ હોય છેને લીલા-પીળા, એ પીળાનો ભૂક્કો જરી એમાં હોય ભેગો પણ એ હળવો હોય માટે કાઢી નાખે અને સોનાનો કણ હોય એ તોલદાર હોય એ ત્રણ કરતાં એને જુદો પાડી દે.

એમ આ ભગવાન આત્મા... શરીરાદિ છે એ તો ઉપરની ધૂળ છે. કર્મ અંદર પડ્યા છે એ પીત્તળના કટકા જેવા કર્મ ધૂળ ભિન્ન છે અને પુણ્ય અને પાપ છે એ બંગડીના પીળા વળની પેઠે ઝીણા કટકા, પીળા છે પણ એ છે પરના. આહા..હા..! એમાં ભગવાન અંદર જે છે સચ્ચિદાનંદ એ સોનારૂપ છે, તોલદાર વસ્તુ છે. તોલ એટલે કિંમતી એમ. તોલ એટલે કાંઈ રૂપિયે તોલાય છે? એનો તોલ થાય એવો નથી. એ તો અરૂપી છે. આહા..હા..!

એ અહીં કહે છે. આમાં એ આવ્યુંને જુઓને આમાં. પરમાત્મપ્રકાશત્વાત્ આહા..હા..! એક અક્ષયનો અર્થ કર્યો છે, ભાઈ! અક્ષય છેને આમાં આવ્યુંને? અક્ષય. અક્ષયનો શું અર્થ કર્યો છે? તમે વાંચો તો. .. આપણે નથી કહેતા? શું કહે છે ચંદ્ર? યાવતચંદ્ર દિવાકર. ભાષા છેને? યાવતચંદ્ર દિવાકર એટલે ચંદ્ર તો સદાય પડ્યો એમને એમ છે અનાદિથી એમને એમ છે. યાવતચંદ્ર દિવાકર. એ શબ્દ લીધો. અક્ષયનો અર્થ એ લીધો છે. આચંદ્રાકર.. જાવજીવની.. ચંદ્ર છે, એમ ભગવાન અંદર વસ્તુ શાશ્વત છે. આહા..હા..! હસમુખભાઈ! આ ધંધા આડે આમાં કાંઈ સૂઝ પડે એવું નથી. રૂપિયામાં આમ દેખાય ત્યાં. એ તો ભાઈ બોલ્યા હતા. હવે તમારું ચરણ અને શરણ છે. આહા..હા..! પા કલાકમાં ગુજરી ગયા, જોયું નહિ? તમારા છ છોકરા અને બે કરોડ રૂપિયાની ધૂળ. આહા..હા..! છ છોકરને એક એક મકાન પાંચ-પાંચ લાખના. ૩૫ લાખના ઓરડા છે એમને ત્યાં મુંબઈમાં. એક-એક છ છોકરાના અને એક એનો. બધાના પાંચ-પાંચ લાખના. ભગવાન અંદર ભિન્ન છે એની ખબરું ન મળે. આહા..હા..! બહારની છાયામાં મોહાઈ ગયો એ. ભૂતાવળ છે બધી. આહા..હા..!

અહીં કહે છે, પ્રભુ! તું કોણ છો? અક્ષય. જોયું! આ.. શું કીધું ભાષા? યાવતચંદ્ર દિવાકર, એમ ભગવાન યાવતચંદ્ર દિવાકર શાશ્વત વસ્તુ છે અંદર. અસ્તિ છે, છે એનું ન હોય એમ કે દિ' બને? આહા..હા..! છે. એ છે, છે, છે. ત્રણ છે. ભૂતકાળથી છે, વર્તમાનમાં છે, ભવિષ્યમાં છે. છે તે છે રહેશે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, બાપુ! આ દુનિયાથી જુદી છે આ. આહા..હા..! યાવતચંદ્ર દિવાકરો. ભગવાન. આહા..હા..! યાવત ચંદ્ર એ શાશ્વત છે. એ શાશ્વત મૂર્તિ ધ્રુવ છે. આહા..હા..! એની વર્તમાન અવસ્થા-દશામાં ભલે પુણ્ય-પાપ આદિ વિકાર સંસાર હો, પણ સ્વરૂપ છે એ તો નિત્યાનંદ પ્રભુ ધ્રુવ છે. આહા..હા..! અને એનો આશ્રય લે તો સંસારનું દુઃખ મટે એવું છે. આહા..હા..! મોટા પુરુષનું શરણ લે તો સુખી થવાય. અમથા નથી કહેવાતા? આ દુકાળ પડે ત્યારે કણબી-કણબી કહે બધું જોયું છેને. કે સાહેબ દુકાળ પડ્યો છે. અમને દુકાળ ઉતારાવી દ્યો, તમે શેઠિયાઓ કહેવાઓ. બે-પાંચ હજાર આપીને અમને કાળ-દુકાળ ઉતરાવો. મોટાને શરણે જાય. આહા..હા..!

એમ અહીં પ્રભુ અંદર ધ્રુવ શરણ છે એને શરણે જાય તો સંસાર મટી જાય એવું છે. આ રખડવું ચોર્યાસીના અવતાર કરીને, ઘોદા ખાઈને કીડાના, કાગડાના, કૂતરાના, અનંતા ભવ કર્યા છે. ભૂલી ગયો બાપુ એ. કેમકે છે એ ભૂતકાળમાં કે દિ' નહોતો? છે... છે... છે... છે... છે... ત્યારે છે એ રહ્યો ક્યાં? આહા..હા..! અવતાર કાગડાના, કૂતરાના, કીડીના, નરકના કીડાઓ થઈને અનંત કાળ રહ્યો. આહા..હા..! માણસપણું પણ કરોડોપતિ, અબજોપતિ પણ અનંતવાર થયો છે અને સો વાર માગે અને એક વાર કોળિયો મળે એવો ભિખારી પણ અનંતવાર થયો છે. આહા..હા..! પણ પોતાની ચીજની એને ખબર ન મળે. આહા..હા..! જેને આત્મજ્ઞાન કહીએ, આત્મજ્ઞાન કહ્યું છે હોં! એમાં રાગનું જ્ઞાન ને પૈસાનું જ્ઞાન અને

પર્યાયનું જ્ઞાન એ નહિ. ચંદુભાઈ! આત્મજ્ઞાન કીધુંને? આત્મજ્ઞાન. આત્મવસ્તુ જે છે ધ્રુવ આનંદમય પ્રભુ એનું જ્ઞાન. એને જ્ઞેય બનાવી અને જ્ઞાનમાં એનું જ્ઞાન કર. આ શું પણ? એવો જે આત્મા તે અહીંયાં કહે છે કે યાવતચંદ્ર દિવાકરો.

એક અને અદ્વિતીયની વ્યાખ્યા અક્ષયની થઈ. બે શબ્દની વ્યાખ્યા થઈ. આહા..હા..! એક એટલે બધા શાસ્ત્રથી પણ આ અતિશયવાળું શાસ્ત્ર છે. અક્ષય અભેદ એટલે અક્ષય એટલે કે જાવ-કાળ જેટલો છે તેટલો કાળ રહેનારી ચીજ છે એ. આહા..હા..! **'जगत्-चक्षुः'** આહા..હા..! જેમ આંખથી દેખાય છે એમ આ શાસ્ત્રો શબ્દો જગત ચક્ષુ છે. જગત ચક્ષુ. જગતને દેખાડનારી આંખ છે. અંદરમાં જગત ચક્ષુ ભગવાન આત્મા પોતાની જ્ઞાનની પર્યાયથી-અવસ્થાથી ત્રિકાળને જોવે એ જગત ચક્ષુ છે. આહા..હા..!

ફરીને. આ તો ભાઈ આ તો અલૌકિક વાતું છે. લૌકિકની બધી વાતું છે એ બધી છે. આહા..હા..! અહીં કહે છે કે જે અંદર વસ્તુ છે... આહા..હા..! એ તો શાશ્વત જગત ચક્ષુ. એ શાસ્ત્ર આ છે એ જગતને બતાવનાર છે. જગત તે વસ્તુ છે અને શાસ્ત્ર તેનો વાચક શબ્દ છે. વાચક શબ્દ છે એ જગત તત્ત્વ નહિ, જગતના તત્ત્વોમાં એ શબ્દો નથી અને શબ્દોમાં એ જગત નથી. એમ આત્મા, એમ આત્મા એ શબ્દ છે. એમાં એ આત્મા ચીજ નથી અને આત્મા છે તેમાં આત્મા શબ્દ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવી આ ચીજ આ સમયસાર અને આત્મા જગત ચક્ષુ છે. સમયસાર શબ્દથી જગત ચક્ષુ છે, આત્મા જ્ઞાનથી જગત ચક્ષુ છે. એ તો જાણનાર જ છે એમ કહે છે. આહા..હા..! પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ ભગવાન છે. પ્રજ્ઞાબ્રહ્મ. પ્રજ્ઞા એટલે જ્ઞાન અને બ્રહ્મ એટલે આનંદ. પ્રજ્ઞાબ્રહ્મ આનંદ જ્ઞાનમય વસ્તુ છે અંદર. આહા..હા..! એને અહીંયાં જગત ચક્ષુ કીધી. સમજાણું કાંઈ?

**'पूर्णताम् याति' 'પૂર્ણતાને પામે છે.'** આ ગ્રંથ હવે પૂર્ણ થાય છે કહે છે. ૪૧૫ શ્લોક છે. ૪૧૪ થઈ ગયા. હવે એક ૪૧૫મો રહ્યો. આ એનો ઉપોદ્ઘાત છે આ તો. સમજાણું કાંઈ? આહા..હા..!

એક તો શબ્દે પૂર્ણ થાય છે અને બીજી રીતે આત્મા આનંદમય અને જ્ઞાનમય એનું ભાન કર્યું એને પૂર્ણ પરમાત્મદશા થઈ જાય છે, પૂર્ણ પ્રાપ્ત થઈ જાય છે. સમજાય છે કાંઈ? બીજી વાતું છે. ત્યાં મુંબઈમાં કાંઈ મળે એવું નથી. મોટા હજીરા મકાન મોટા. આહા..હા..! ૪૦ લાખનું મકાન કીધુંને ત્યાં આપણે. ગોવામાં નથી એક? શાંતિલાલ ખુશાલ. બે અબજ ચાલીસ કરોડ. બે અબજ ને ચાલીસ કરોડ રૂપિયા. મરી ગયો પાંચ મિનિટમાં. ૪૦ લાખનું તો મકાન છે ત્યાં ગોવામાં. આહા..હા..! ધૂળ પણ એ ચીજ ક્યાં? તું ક્યાં હતો ત્યાં? આહા..હા..! અને મરે એટલે શું? દેહનો વિયોગ થાય તેને લોકો મરણ કહે અને દેહનો સંયોગ થાય તેને લોકો જન્મ કહે. વસ્તુ જન્મે નહિ અને વસ્તુ મરે નહિ. આહા..હા..!

એ અહીં કહે છે. એ ચીજ **'પૂર્ણતાને પામે છે.'** બે અર્થ કર્યો. શબ્દેથી હવે પૂર્ણ

થઈ ગયું અને વસ્તુથી અંદર ભાન કર્યું તો એને પૂર્ણ પ્રાપ્ત થઈ ગયું, કાંઈ બાકી રહ્યું નહિ. આહા..હા..! આવું છે, ભભુતભાઈ! સ્ટીલ-બીલમાં ક્યાંય મળે એવું નહોતું. આહા..હા..! લોકો તો એમ થાય પૈસા બહુ પેદા કરતા હોય એ કર્મી કહેવાય. કર્મીને? ધર્મી નહિ. અમારો છોકરો કર્મી જાગ્યો છે. કર્મી એટલે? પાપનો કરનારો.

**શ્રોતા** :- કર્મી એટલે કમાનારો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ કમાનારો એટલે પાપનો. ધર્મી છે એમ નથી ત્યાં આવતું, એમ નથી બોલતા. આહા..હા..! બાપુ! ધર્મીનું કર્મ એ જુદી ચીજ છે. કર્મ એટલે કાર્ય. આહા..હા..!

એ અહીં કહે છે કે જેણે શબ્દો દ્વારા ભગવાન આત્માની વાત, પૂરો છે તેની વાત પૂરી થઈ ગઈ હવે. અને તે સાંભળનારને પણ... આહા..હા..! એ પૂર્ણાનંદના નાથના ધ્યેયમાં ગયો અને એને પર્યાયમાં પૂર્ણતા પ્રાપ્ત થઈ ગઈ.

**શ્રોતા** :- બધી રીતે પૂરું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પૂરો પ્રભુ પોતે જ છે. આહા..હા..! વસ્તુ છે એ અધૂરી ન હોઈ શકે. વસ્તુ છે તે પોતામાં વસેલા શક્તિઓ, ગુણો, ધર્મો એનાથી પૂર્ણ જ છે. પણ એને માટે બહુ અભ્યાસ જોઈએ. અનંતકાળમાં કર્યું નથી કોઈ દિ'. આહા..! એટલે કહે છે કે જેવું પૂર્ણ સ્વરૂપ છે દ્રવ્યમાં, ગુણમાં એવો પર્યાયે પૂર્ણ થઈ ગયો હવે એમ કહે છે, ભાઈ! આહા..હા..! નવરંગભાઈ નથી આવ્યા? ક્યાં છે? આવું છે જગત. આ '**पूर्णताम् याति**' આહા..હા..! એ શ્લોકનો અર્થ થયો. એ ત્રણ લીટી અને એક પાને છે એ પૂરો એક શ્લોકનો અર્થ થયો. પોણો કલાક થયો લગભગ. ૧૦-૧૨ મિનિટ છે.

હવે એનો ભાવાર્થ. ભાવાર્થ એટલે? એનું કહેલું સાદી ભાષામાં કહેવું એ એનો ભાવાર્થ. ભાવાર્થ. '**આ સમયપ્રાભૃત ગ્રંથ વચનરૂપે...**' જોયું! શબ્દરૂપે. આ બધા શબ્દો છેને. '**તેમ જ જ્ઞાનરૂપે—**' આહા..હા..! આત્મરૂપે. આત્મા જેવો આનંદનો નાથ પૂર્ણ છે તે રીતે પર્યાયમાં પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ ગઈ. આહા..હા..! ભલે પૂર્ણ સ્વરૂપની પર્યાયમાં પ્રાપ્તિ, પણ પૂર્ણ સ્વરૂપનું ભાન થયું ત્યારે હવે પૂર્ણ થવાની ભાવના અલ્પકાળમાં રહી એને. બીજ ઉગી એને પૂનમ થયે છૂટકો, એમ જેને આત્મા પૂર્ણાનંદનો નાથ અનુભવમાં, પ્રતીતમાં આવ્યો એને પર્યાયમાં વર્તમાન અવસ્થામાં પૂર્ણતા થયે છૂટકો, સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યે છૂટકો. આહા..હા..! આવી વાતું છે. દુનિયા સાથે તો કાંઈ મેળ ખાય એવો ન મળે. દુનિયાના ચોપડામાં ન મળે વાત આવી. આહા..હા..!

ભાવાર્થ કાઢ્યો જોયું! '**આ સમયપ્રાભૃત...**' પ્રાભૃત એટલે શાસ્ત્ર. સમયસાર. અંદર શબ્દ આવ્યો હતોને સમયસાર. આવ્યો હતોને કૌંસમાં શુદ્ધ પરમાત્મા સમયસાર. પ્રાભૃત એટલે સાર થાય છે અથવા ભેટણું થાય છે. આ શાસ્ત્રનો સાર જેણે પકડ્યો એને ભેટણું પરમાત્માનું

થયું. પોતે પરમાત્મસ્વરૂપ છે અંદર એનું. આહા..હા..! જેના જન્મ-મરણના અંત આવી ગયા અને પરમાત્મપદ જ્યાં જન્મ-મરણરહિત એ દશા જેને પ્રાપ્ત થઈ ગઈ. આહા..હા..! '**બન્ને પ્રકારે જગતને અક્ષય (અર્થાત્ જેનો વિનાશ ન થાય એવું) અદ્વિતીય નેત્ર સમાન છે,...**' અજોડ નેત્ર. આ આંખ તો ઠીક છે બધી. આહા..હા..! આ આંખ છે એ જાણનાર કોણ? આંખ જાણે છે? આ તો જડ છે. આ આંખ, નાક છે કોની સત્તામાં એ જણાય છે? કોના હોવાપણામાં એ જણાય છે? એ ચૈતન્યના હોવાપણામાં આ જણાય છે. એ ચૈતન્યવસ્તુ નથી, પણ ચૈતન્યના હોવાપણામાં આ જણાય છે. આ જણાય છે એમ કહેવું એ વ્યવહાર છે. એનું જે જ્ઞાન છે એ પોતાનું છે એ પોતાને જાણે છે. આવી વાતું છે ભાઈ! સમજાણું કાંઈ?

જન્મ-મરણરહિતનો ઉપાય ધર્મ, બાપુ! કોઈ અપૂર્વ છે. લોકો સાધારણમાં માની બેઠા છે કે મંદિર બનાવ્યા અને પાંચ-પચ્ચીસ લાખ ખર્ચ્યા. ભભુતભાઈ! એણે આઠ લાખ નાખ્યા છે. બેંગ્લોર બાર લાખનું મંદિર થયું છે ત્યાં દિગંબર મંદિર. મોટું મંદિર આમ નીચે ભોંયરું, વચમાં મંદિર છેને? આ તો સમવસરણ ઉપર કે હેઠે, વચમાં? ઉપર સમવસરણ. છેને ... ગયા હતા ત્યાં. પ્રતિષ્ઠા વખતે હાજર હતાને ત્યાં. આહા..હા..! અરે! એ તો બહારની ચીજ છે, પ્રભુ! આ મહેલ ભગવાનનો અંદર ચૈતન્યસ્વરૂપ, એ મહેલમાં પ્રવેશ કર જો અંદર શાંતિના રત્ન પડ્યા છે. આહા..હા..! અને એની પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં પૂર્ણ દશા થાય ત્યારે એ પરમાત્મા થઈ ગયો, એને જન્મ-મરણ રહ્યા નહિ પછી. આહા..હા..! સમજાણું કાંઈ? આ કલંક છે આ શરીર. આહા..હા..! એક શેર ચણાનો લોટ અને ચાર શેર ઘી પાય એને મેસુબ કહે. એ અધમણ મેસુબ ગધેડાના મરેલા ચામડાના ગંજમાં વીંટવું, એમ ભગવાન અંદર આનંદનો નાથ પ્રભુ એને સડેલા ચામડામાં રહેવું અંદર! આવી વાત છે. ભવ ધારણ કરવો એ કલંક છે. છે? યોગસારમાં. યોગસારમાં છે. આહા..હા..! ભગવાન અંદર ચૈતન્ય અને આનંદના પ્રકાશના પૂરના નૂરના તેજ પડ્યા છે. આહા..હા..! ચૈતન્યના પ્રવાહનો તેજ છે અંદર, પણ જોવે એને કે ન જોવે એને? આહા..હા..!

એ અહીં કહે છે. '**અદ્વિતીય નેત્ર સમાન છે,...**' સમયસાર. અને જ્ઞાનનો પર્યાય પણ અદ્વૈત એનો. આહા..હા..! સ્વને પૂર્ણ રીતે જોયું, અદ્વૈત નેત્ર છે. આહા..હા..! '**કારણ કે જેમ નેત્ર ઘટપટાદિને પ્રત્યક્ષ દેખાડે છે...**' આ આંખ-આંખ. ઘડો, પટ એટલે વસ્ત્ર. આ ઘટ છે, આ વસ્ત્ર છે, આ વીંછી છે, સર્પ છે, કોલસા છે કે લાકડું છે. એમ નેત્ર આદિ શબ્દ છેને આદિ? ઘટ-ઘડો, પટ એટલે વસ્ત્ર આદિ. આદિમાં બધું લેવું. આહા..હા..! એને પ્રત્યક્ષ દેખાડે છે, '**તેમ સમયપ્રાભૃત...**' આ સમયસાર અને આત્મ-સમયસાર પૂર્ણ સ્વરૂપ એ આત્માના '**શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષ અનુભવગોચર દેખાડે છે.**' આહા..હા..! અંદર અનુભવગમ્ય છે ઈ. આહા..હા..! એ રાગને અને વિકલ્પને ગમ્ય નથી. આહા..હા..!

એની જાત એની જાતમાં ગમ્ય છે. આહા..હા..! આવી વાતું ભાઈ આકરી બહુ.

**'આત્માના શુદ્ધ સ્વરૂપને...'** શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અસ્તિરૂપે, મોજૂદ ચીજ છે તેને તે જ્ઞાનની દશા પ્રત્યક્ષ અનુભવે છે. આહા..હા..! એ રીતે આ સમયસાર પૂરું થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત યાદ પણ રહેવી મુશ્કેલ. શું કહે છે આ કઈ જાતની? ભાઈ! તેં અભ્યાસ કર્યો નથી, નાથ! એ તારી ચીજનો તને અભ્યાસ નથી. આહા..હા..! જગતના અભ્યાસ માટે પણ ૧૫-૨૦ વર્ષ કાઢે છે કે નહિ? આહા..હા..! તો આના માટે થોડો વખત તો ગાળ, પ્રભુ! તું કોણ છો ને ક્યાં છો ને કેમ છો? આહા..હા..! છ મહિના કીધું છેને. **'આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષ અનુભવગોચર દેખાડે છે.'** આહા..હા..! ગુંગાને ગોળના સ્વાદ ગુંગાને પૂછો, કેવો? એ જાણે છે પણ કહી શકે નહિ. આ ગુંગા હોય છેને ગુંગા માણસ. ગોળ એને આપો તો કહે કેવો સ્વાદ? સાંભળે. આમ કરે. આહા..હા..!

**શ્રોતા :-** ઘીનો સ્વાદ કોઈ ન કહી શકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘીનો સ્વાદ કહે લાવો. લાવો. જેને ગળથુથીમાં ઘી મળ્યું છે. ઘીનો સ્વાદ કેવો? ઘી-તેલા જેવો? સાકર જેવો? ગોળ જેવો? ઘીતેલા એક થાય છે તળાવમાં. એ બધા સ્વાદથી આનો સ્વાદ ખ્યાલમાં આવે, પણ દુનિયાના કોઈ પદાર્થ સાથે મેળવાય તો ઘી જેવો જડ પદાર્થ ધૂળ છે એ તો માટી છે, એના સ્વાદનો ખ્યાલ પણ બીજા પદાર્થની સાથે મેળવી શકાય નહિ... આહા..હા..! તો ભગવાન આત્માનો અતીન્દ્રિય અનુભવ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ અનુભવગમ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેવો ઘીનો સ્વાદ હશે? ખાધું છે કે નહિ ઘી? ઘી ખાધું નથી હોં. ઘીના સ્વાદમાં એનું જ્ઞાન આવે કે આવું છે એવું જ્ઞાન, પણ એ જ્ઞાન ક્યા પદાર્થની સાથે મેળવે? સાકર જેવી મીઠાશ હશે ઘીની? ગોળ જેવી હશે? પૂરણપોળી થાય છે નહિ? આ તુવેરની દાળને આ કરીને એમાં નાખે છેને? એવો સ્વાદ હશે? તો પ્રભુ આત્મા... આહા..હા..! એ અતીન્દ્રિય આનંદનો નાથ એને અંતરમાં રાગથી ભિન્ન પાડીને અનુભવવો, એ અનુભવમાં કોઈ ગમ્ય વિકલ્પથી જણાય નહિ, શબ્દોથી પૂરું પડે નહિ એવી એ ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનુભવગમ્ય-ગોચર છે લ્યો.

**શ્રોતા :-** શાસ્ત્ર છે એ શુદ્ધાત્માને છતાં બતાડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્તથી કથન કીધુંને. બતાડે છે એટલે? સાકર સાકરને બતાવે છે, પણ સાકર શબ્દ એમાં નથી, એ તો નિમિત્ત છે; એમ શાસ્ત્ર શબ્દોથી આ આત્મા છે એમ બતાવે છે, પણ એ શાસ્ત્રો એમાં નથી અને ઈ શાસ્ત્રમાં નથી. સાકર શબ્દમાં સાકર નથી અને સાકર પદાર્થમાં સાકરનો શબ્દ નથી. આહા..હા..! લોજિક, ન્યાયથી કાંઈ સમજશે કે નહિ? એમને એમ સમજવું એ કોઈ ચીજ નથી. વિશેષ પૂરું થશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૯, રવિવાર, તા. ૦૪-૧૨-૧૯૭૭, ગાથા-૪૧૫, પ્રવચન નં. ૫૨૯

સમયસાર, છેલ્લી ગાથા છે ૪૧૫. સારમાં સાર માખણ છે. છેલ્લી ગાથા છે ૪૧૫. '**હવે ભગવાન કુંદકુંદાચાર્યદેવ...**' કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯માં ભરતક્ષેત્રમાં બે હજાર વર્ષ પહેલાં દિગંબર મુનિ થયા, નગ્ન મુનિ દિગંબર આત્મધ્યાની આનંદસ્વરૂપમાં રમનારા. એ ભગવાન પાસે ગયા હતા. સમવસરણમાં બિરાજે છે ભગવાન મહાવિદેહક્ષેત્રમાં. ત્યાં ગયા હતા, આઠ દિ' રહ્યા હતા, ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું છે. એ '**ભગવાન કુંદકુંદાચાર્યદેવ આ ગ્રંથને પૂર્ણ કરે છે...**' આ ગ્રંથને પૂર્ણ કરે છે. '**તેથી તેના મહિમારૂપે તેના અભ્યાસ વગેરેનું ફળ ગાથામાં કહે છે :—**'

जो समयपाहुडमिणं पढिदूणं अत्थतच्चदो णादुं।
अत्थे ठाही चेदा सो होही उत्तमं सोक्खं।।४१५।।
**આ સમયપ્રાભૃત પઠન કરીને, અર્થ-તત્ત્વથી જાણીને,**
**ઠરશે અરથમાં આતમા જે, સૌખ્ય ઉત્તમ તે થશે. ૪૧૫.**

પહેલો ગાથાર્થ. છેલ્લી ગાથા છેને. '**ગાથાર્થ :- 'ચેદા'** શબ્દ છેને ત્રીજી લીટીમાં '**ચેદા**' એ '**ચેદા**' એટલે આત્મા. ચેતયિતા ભગવાન આત્મા. આહા..હા..! '**જે આત્મા (-ભવ્ય જીવ)...**' લાયક જીવ હશે જે એ, આહા..હા..! '**આ સમયપ્રાભૃતને ભણીને,...**' આ સમયના સારને, સમય નામ પદાર્થ અને સમય નામ આત્મા, એમાં સાર જે આમાં કહેવામાં આવ્યો છે એને જાણીને. '**अर्थतत्त्वतः ज्ञात्वा**' વસ્તુ અર્થ નામ પદાર્થ છે તેને જાણીને અને તત્ત્વ નામ એના ભાવને જાણીને. આ આત્મા અર્થ તત્ત્વ, ભાવ વસ્તુ. એને ત્રિકાળી વસ્તુને અર્થ કહીએ અને એની શક્તિ જે ચેતયિતા-જાણવું-દેખવું-આનંદ એ એનો ભાવ તત્ત્વ કહીએ. '**અર્થ અને તત્ત્વથી જાણીને,...**' આહા..હા..! વસ્તુ કેવી છે તેને જાણીને અને વસ્તુનો સ્વભાવભાવ, વસ્તુ છે તો એનો સ્વભાવ હોયને. સ્વભાવ કાયમ રહેનારી ચીજ. એ સ્વભાવને અહીંયાં તત્ત્વ કહે છે. વસ્તુને અર્થ કહે છે. આહા..હા..!

જેમ સોનું છે એ અર્થ કહેવાય અને એની પીળાશ ને ચીકાશ ને વજન એ એનો ભાવ કહેવાય, તત્ત્વ કહેવાય. એમ ભગવાન આત્મા વસ્તુ છે એ ત્રિકાળી દ્રવ્ય તરીકે પદાર્થ તેને અર્થ કહેવાય અને એના જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવી શક્તિઓ ગુણને અહીંયાં તત્ત્વ કહેવામાં આવે છે. આવી વાતું ઝીણી વાતું છે, ભાઈ! જન્મ-મરણરહિતનો રસ્તો કોઈ અલૌકિક છે. આહા..હા..! આ જગતની મજૂરીયું કરી કરીને જિંદગી ચાલી જાય છે. આહા..હા..!

મજૂરી હશે? રજનીભાઈ! મજૂરી હશે આ બધી વેપાર? આ મજૂરી હશે વેપાર-બેપાર કરે છે એ? રાગ ને વિકારની મજૂરી છે.

અહીં કહે છે, પ્રભુ! તું એકવાર સાંભળ. ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ સર્વજ્ઞ પરમેશ્વરના શ્રીમુખેથી મેં સાંભળ્યું છે અને તે હું તને કહું છું—એમ કુંદકુંદાચાર્ય કહે છે. આહા..હા..! આ વસ્તુ જે છે અંદર આત્મા, વસ્તુ છેને? છેને? તો વસ્તુ છે એને અર્થ કહીએ અને વસ્તુમાં વસેલા ભાવને તત્ત્વ કહીએ. વસ્તુ છે તેને અર્થ કહીએ અને તેમાં વસ્તુ એટલે વસેલા, રહેલા, ટકેલા એવા જે ભાવ જ્ઞાન, આનંદ, શાંતિ એ એનું તત્ત્વ કહીએ. અર્થનું તત્ત્વ, અર્થનો ભાવ, ભાવવાનનો ભાવ. ક્યાંય બધે મળે એવું નથી ત્યાં રખડપટ્ટીમાં. સંપ્રદાયમાં પણ ન મળે. આ તો વાત ક્યાંકની ક્યાંક આવી પડી છે. આહા..હા..!

કહે છે કે જેને આત્માનું હિત કરવું હોય, જન્મ-મરણને ચોર્યાસીના આંટા દુઃખી કરી કરીને મરી ગયો છે, એ જેને ભવભ્રમણ મટાડવું હોય એણે શું કરવું? કે આ આત્મા અર્થ નામ પદાર્થ છે તેને જાણવો. શું છે તે ચીજ? અને તેનું તત્ત્વ એટલે ભાવ એનો સ્વભાવ, એનો ગુણ, એનો ત્રિકાળી સ્વભાવ. અર્થ છે એ સ્વભાવવાન છે અને ભાવ છે એ એનું તત્ત્વ એ ભાવ છે. વાર્તા નથી આ, રજનીભાઈ! એક હતી ચકલી ને ચોખાનો દાણો લાવી, ચકો લાવ્યો મગનો દાણો, પછી બનાવી ખીચડી, આવે છેને ગપ્પા. છોકરાઓને મારતા હતા ગપ્પા. આહા..હા..! ભભૂતભાઈ!

આ તો પ્રભુ ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ, પરમેશ્વર કેવળી પરમાત્મા 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વરના શ્રીમુખે 'મુખ ૐકાર' ૐ શબ્દ હોય ભગવાનને, આવી વાણી ન હોય એને. કેમકે વીતરાગને પૂર્ણાનંદની પ્રાપ્તિ જેને છે ત્યાં વાણીમાં અભેદપણું એકાક્ષરી વાણી ૐ નીકળે, ઈચ્છા વિના. 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' સંતોના ગણના ધરનારા એવા સંતો એ અર્થને ભગવાને કહ્યું એ વાણીને રચે. 'રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે.' ભવિક કીધુંને અહીંયાં? લાયક પ્રાણી છે તે આ આગમને વાસ્તવિક આ પરમાગમને જાણી અને તે આત્મા અને આત્માના ભાવને જાણી એ સંશય નિવારે નામ મિથ્યાત્વનો નાશ કરે. આહા..હા..! ઝીણી વાત છે, બાપુ! આહા..હા..!

એ અહીંયાં '**અર્થ અને તત્ત્વથી જાણીને,...**' 'જાણીને' એનો અર્થ પહેલું જાણી અને પછી અનુભવ કરવો, એમ કહેવું છે. આહા..હા..! '**તેના અર્થમાં સ્થિત થશે,...**' શું કહ્યું? ભગવાન આત્મા અર્થ વસ્તુ છે અને તેના ભાવ તે તેનું તત્ત્વ છે. એ બેયને જાણીને પછી અર્થમાં ઠરશે. આહા..હા..! ભાવ અને અર્થ એવા ગુણ-ગુણીના ભેદનું લક્ષ છોડી દઈ (અર્થમાં સ્થિર થશે). આહા..હા..! જેને જન્મ-મરણરહિત થવું હોય, નહિતર જન્મ-મરણ કરીને મરી ગયો છે. કાગડાના, કૂતરાના, નરકના, કીડાના, કંથવાના અનંત-અનંત ભવ કર્યા. જૈનનો સાધુ

પણ અનંતવાર થયો, પણ એ આત્મવસ્તુ શું છે તેનું જ્ઞાન ન કર્યું. ક્રિયાકાંડમાં રોકાય ત્યાં ને ત્યાં. આ દયા પાળી, વ્રત કર્યા, તપ કર્યા. આહા..હા..! ભભુતભાઈ! એક તો જાણે રળવા આડે નવરો થાતો નથી. હવે તમે તો બંધ કર્યું છે એવું કો'ક કહેતું હતું. પણ નવરો થાય એને સત્ય સાંભળવાનું મળતું નથી. દયા પાળો, દયા પાળો, જીવની રક્ષા કરો, બસ આવા પોકાર. એ પરની દયા ત્રણકાળમાં જીવ પાળી શકતો નથી. આહા..હા..! હવે આ વાત કોણ માને? આહા..હા..!

પરમ દિ' કહ્યું હતું. પરમ દિ' બપોરે આવવાના હતાને તમે. તેથી પોણા ત્રણે રાખ્યું હતું. ભાઈ! હસમુખભાઈ! ભગવાન! વાત બહુ ઝીણી છે કીધું, ભાઈ! આ પગ જમીન ઉપર મૂકાય છેને. સાંભળજો ભાઈ ત્રણલોકના નાથની વાણીનો અવાજ. એ પગ જમીનને અડતો પણ નથી. ઝીણું છે. ત્યાં ઓલા પૈસા રળવામાં એ તો પૂર્વનું પુણ્ય હોય છેને, બુદ્ધિના બારદાન હોય એ રળી ખાય છે બધાય. ઘણાં જોયા છે. બારદાન સમજાણું? કોથળા. ઘણાં જોયા છે બુદ્ધિનો બારદાન લાખ-લાખ પેદા કરે એક દિવસના. અત્યારે છેને એક અરબસ્તાનમાં મોટો રાજ. એક મોટો રાજ છે. એને તો વળી એક કલાકના દોઢ કરોડ રૂપિયા પેદા કરે છે, પણ એક બીજો દેશ મોટો છે.

**શ્રોતા :-** સાઉદી અરેબિયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ. એ તો એક દિવસના અબજ રૂપિયા. એક દિવસના અબજો રૂપિયા, પણ એ બધા મરીને જવાના નીચે નરકે. એક દિવસના અબજ. અરબસ્તાનમાં. એવો અવતાર, આ જીવે પણ એવા અવતાર અનંતવાર કર્યા છે. આહા..હા..! પણ એણે મિથ્યાત્વ જે એક સમયની પર્યાય જે છે તેને પોતાની માની અને કાં અંદર દયા, દાનના રાગનો ભાવ (થાય) તેને પોતાનો માન્યો, એથી એ મિથ્યાત્વનો ભાવ જે અનંત સંસારનું કારણ એ તો બીજ પડ્યું રહ્યું. આહા..હા..!

અહીં કહે છે કે એકવાર સાંભળ, પ્રભુ! આહા..હા..! એ તારા પૈસા ને ધૂળ ને ધમાહા આ શરીર-બરીર આ તો માંસ, હાડકા ને ચામડા છે જડ, માટી, ધૂળ. આહા..હા..! અનંત અનંત આનંદનો નાથ... આહા..હા..! મેસુબ છે મેસુબ. મેસુબ સમજો છો? મેસુરપાક. એક શેર ચણાનો લોટ અને ચાર શેર ઘી પાય એને મેસુબ કહે. એ સિવાય એક શક્કરપારો થાય છે. નહિ સાંભળ્યું હોય તમે. અમે તો બધું જોયેલું, ખાધેલું, બધું અનુભવેલું છે. શક્કરપારો એને કહીએ કે એક શેર ઘઉંના લોટમાં ચાર શેર ઘી પાય એને શક્કરપારો કહીએ અને ચણાના એક શેર લોટમાં ચાર ઘી પાય એને મેસુબ કહીએ. એવા અધમણ મણ મેસુબને. આહા..હા..! સડેલા ગધેડાના ચામડા મરી ગયેલા હોય, એમાં એને વીંટે. આહા..હા..! એમ અનંત આનંદનો નાથ અંદર પ્રભુ, એને આ ચામડા, સડી ગયેલા ચામડા છે આ તો, બાપા! આહા..હા..! એના વીંટાળમાં ભગવાન અંદર પડ્યો છે. આહા..હા..!

અહીં પ્રભુ એમ કહે છે, સંતો કહે છે એ પ્રભુનું જ કહે છે. સંતો એ પ્રભુના આડતિયા છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માએ જે કહ્યું, તેનો આ સંતો આડતિયા માલ વેચે છે (કે) ભગવાન આમ કહે છે, ભાઈ! આહા..હા..! કહે છે એ '**અર્થ અને તત્ત્વથી જાણીને, તેના અર્થમાં સ્થિત થશે,...**' જોયું! એ વસ્તુ છે આ આત્મા એ અર્થ અને એના ગુણો જે જ્ઞાન, દર્શન, આનંદ એવા અનંત-અનંત ગુણો છે. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંતને અનંતવાર ગણો તોપણ પાર ન આવે એટલા બધા ગુણો છે એમાં. એને અહીંયાં તત્ત્વ કહે છે. કહે છે એ ગુણોનું જ્ઞાન કર અને અર્થ વસ્તુનું જ્ઞાન કર. કરીને પછી વસ્તુમાં ઠર. જે આત્મા વસ્તુ પદાર્થ ભગવાન અનંત આનંદનો નાથ... આહા..હા..! તેમાં દૃષ્ટિ લગાવીને જ્ઞાન કરીને ઠર. આ કરવાનું છે એને. આહા..હા..! છે?

'**તેના અર્થમાં સ્થિત થશે, તે ઉત્તમ સૌખ્યસ્વરૂપ થશે.**' ઉત્તમ સુખને પામશે એમ નથી કહ્યું, એ ઉત્તમ સુખરૂપ થશે. શું કહ્યું ઈ? કેમકે પરમાત્મા પોતે આત્મા અંતર સચ્ચિદાનંદ અતીન્દ્રિય અનાકુળ આનંદ સાગર છે એને જે જાણીને અનુભવે એ આનંદમય થઈ જશે. એની દશા અતીન્દ્રિય આનંદમય થઈ જશે. છે? '**ઉત્તમ સૌખ્યસ્વરૂપ થશે.**' આનંદને પામશે એમ પણ ન કહ્યું. એ તો આનંદસ્વરૂપ પ્રભુ છે અતીન્દ્રિય આનંદ, બાપુ! એ ઝીણી વાતું, ભાઈ! દુનિયાની વાતું બધી ઘણી છે, ઘણી બધી જોઈ છે. આહા..હા..! આ વાતું બીજી વાત છે, ભાઈ! જન્મ-મરણના અંતની વાતું. આહા..હા..! '**તે ઉત્તમ સૌખ્યસ્વરૂપ થશે.**' એમ છેને? આહા..હા..!

**શ્રોતા** :- પોતે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પોતે અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ છે દ્રવ્ય એનો અનુભવ કરતાં એની દશામાં અનુભવ એનું વેદન કરતાં... કરતાં... કરતાં... રાગથી ભિન્ન પાડીને ભેદજ્ઞાન કરતાં... કરતાં... કરતાં... એની પૂર્ણ દશા આનંદરૂપ એ પરિણમી જશે. અતીન્દ્રિય આનંદરૂપ. આ સંસારના સુખ જે કહે છે એ તો ઝેરીલા દુઃખ છે. આહા..હા..! દુઃખ છે હોં એ બધા. આહા..હા..!

**શ્રોતા** :- સુખ માની રહ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- માને તો મૂર્ખ ગમે તે માને. એથી કરીને... આહા..હા..! પરમાં ઈન્દ્રિયો તરફ લક્ષ જતાં જે રાગ થાય છે એ ઝેર છે. એ ઝેરને સુખ માને છે અજ્ઞાની. આહા..હા..! સર્પ જેને કરડ્યો હોય એને લીંબડો કડવો ન લાગે. સમજાણું કાંઈ? સર્પ કરડ્યો હોયને, એને લીંબડો ખવડાવે છે કે આ ચડ્યો છે કે નહિ? જો સર્પ ચડ્યો હોય તો લીંબડો કડવો ન લાગે એને મીઠો લાગે અને સર્પ ન ચડ્યો હોય તો કડવો લાગે. ત્યારે એમ જણાય કે આને હજી ચડ્યો નથી. આહા..હા..! એમ અજ્ઞાનીને મિથ્યાશ્રદ્ધાના ઝેર ચડી ગયા છે. એને લઈને ઈન્દ્રિયોમાં સુખની મીઠાશ એને લાગે છે. આહા..હા..! ઝેર ચડી ગયું છે એને.

સમજાણું કાંઈ? લીંબડો એને કડવો ન લાગે. ડંખીલા સર્પ હોય અને કરડે એને લીંબડો કડવો ન લાગે, મીઠો લાગે. આહા..હા..! એમ જેને ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ એની જેને દૃષ્ટિ નથી, એની જેને ખબરું નથી, એ પાંચ ઇન્દ્રિયના વિષયના ઢગલામાં લક્ષ કરીને અમે સુખી છીએ એ મીઠાશ મિથ્યાત્વના ઝેરને લઈને મીઠાશ દેખાય છે. બરાબર હશે? આ તમે બધા કરોડોપતિઓ છો તો બધા દુઃખી હશે? આ બધા કરોડોપતિ છે આ જુઓ, આ.. આ.. આ.. ધૂળના પતિ આહા..હા..! તને ચૈતન્યસ્વામી થતાં આવડ્યું નથી, પ્રભુ! આહા..હા..! તારો નાથ અંદર અનંત શક્તિ અને ગુણનો દરિયો છે એમાં ઠર તો આનંદરૂપ પરિણમન થઈ જશે એમ કહે છે. આનંદરૂપ એમ કીધુંને?

**'उत्तमं सौख्यम् भविष्यति'** આનંદરૂપે થઈ જઈશ. શક્તિમાં, સ્વભાવમાં જે આનંદ છે, દ્રવ્યના આત્માના અંતર સ્વભાવમાં આનંદ છે એ અર્થ નામ દ્રવ્યમાં જો ઠરીશ, ત્યાં નજર નાખીને ઠરીશ તો તારી પર્યાયમાં આનંદરૂપ પરિણમી જશે. અતીન્દ્રિય આનંદદશા થઈ જશે. આહા..હા..! હજી તો શબ્દો સાંભળવા કઠણ પડે. એના ઘરની વાતું. આહા..હા..! અરેરે! રખડાવ થઈ ગયો અનાદિનો. હસમુખભાઈ! શું કીધું? ઝેરના પ્યાલા પીને રખડાવ થઈ ગયો. પ્રભુ કહે છે કે એકવાર તું સાંભળ અમારી વાત. તું અંદર એવો છો અંદર સચ્ચિદાનંદ પ્રભુ, તને તારી નજરુંમાં નિધાન આવ્યા નથી. એ નિધાન ઉપર તારી નજર ગઈ નથી. એક સમયની દશા, અવસ્થા, પર્યાય અને રાગ, બસ એ ઉપર એની નજર અને ત્યાં એ રમતુંમાં રમી ગયો છે અનાદિથી, પણ એક સમયની જે આ દશા છે એની પાછળ ભગવાન તત્ત્વ આખું છે આત્મા... આહા..હા..! એને જોવા તેં નિવૃત્તિ કોઈ દિ' લીધી નથી. આહા..હા..! રાગથી પણ નિવૃત્તિ લઈને અંદરમાં જવાય. આહા..હા..! સમજાણું કાંઈ? ઉત્તમ સુખરૂપ થઈ જઈશ. આહા..હા..!

અનાદિકાળથી તારી દશામાં, દુઃખની દશામાં તું રમી રહ્યો, ભાઈ! તને ખબર નથી. આહા..હા..! એ રાજા હોય અબજોપતિ, દેવ હો અબજોપતિ, માણસ હોય કોઈ એ બધા દુઃખમાં દુઃખના ડુંગરને વેદી રહ્યા છે, પણ એને ખબર નથી. કેમ? કે આનંદસ્વરૂપ પ્રભુ છે એનો નમુનો જોવે તો ખબર પડે કે આ ઝેર છે, પણ નમુના વિના મેળવે કોની સાથે એ? આહા..હા..! આ બહાર બાજરો ને જુવાર રાખે છેને કે ભાઈ આ બાજરો કેવો છે? નમૂનો જોવે તો ખબર પડે કે આ નમૂનો આવો છે, તો એની સાથે મેળવે કે આ બીજો બાજરો હલકો છે. સમજાણું કાંઈ?

એક બાજરો થાય છે ત્યાં અલીગઢ. અલીગઢ શું? જામનગર પાસે નહિ? અલીયાબાડા. અલીયાબાડા ગયા હતાને અમે? ૯૧માં. અલીયાબાડા છે જામનગરથી ચાર ગાઉ. ત્યાં અમે ગયા હતા. જામનગરથી સ્પેશ્યલ આવી હતી વ્યાખ્યાન સાંભળવા સ્પેશ્યલ મોટી રેલ આખી આવી હતી. પણ ત્યાં પછી બહુ માણસ ઘણું આવ્યુંને અને બીજે દિ' જાવું હતું ગામમાં

એટલે લોકો.. એટલે ગામના માણસ ડુંડા લાવ્યા મોટા બાજરાના. એ આપણે અહીં થાતો નથી, બાજરો ત્યાં થાય છે. એનું રાડું પાતળું નાનું. પણ એ ચાર છ ... રાડું હોય. એ સિવાય બધો બાજરો મોટો આખો. આટલું ડુંડું હોય મોટું. ડુડું એવડું મોટું. એ બાજરાની સાથે ચાલતો સાધારણ બાજરાનો મેળ કરે તો મેળ નહિ ખાય. એમ આ પ્રભુ આત્મા અંદર અંતરમાં સમ્યગ્દર્શન થતાં, ધર્મની પહેલી શ્રેણી થતાં એને અંતરના આનંદની દશા પ્રગટ થાય, એની સાથે મેળવે છે કે આ રાગ છે તે ઝેરનો પ્યાલો છે, દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે પોતે દુઃખરૂપ અને રાગરૂપ વસ્તુ નથી. આહા..હા..! એ શબ્દાર્થ કર્યો.

'**ટીકા :- સમયસારભૂત ભગવાન પરમાત્માનું—**' આહા..હા..! એને ભગવાન તરીકે તો વાત કરે છે, પ્રભુ! તને નહિ બેસે. આ આત્મા જે છે અંદર, એની વર્તમાન દશામાં ભલે વિકાર હો. જેમ લીંડીપીપર છે. લીંડીપીપર આવે છેને? એ કદે નાની છે. કદ-કદ અને રંગે કાળી છે, પણ અંદરમાં એનો સ્વભાવ ચોસઠ પહોરો તીખો સ્વભાવ ભર્યો છે. આ લીંડીપીપર નથી આપણે કહેતા? હિંદીમાં છોટીપીપર કહે છે. આહા..હા..! એ નાની કદે નાની, રંગે કાળે, છતાં સ્વભાવે તીખી અને લીલી પૂર્ણ છે. લીલો રંગ અંદર ભર્યો છે. બહારમાં કાળી દેખાય છે. અંદર તીખાશ ભરી છે. બહારમાં અલ્પ જરી તીખાશ દેખાય છે. ચોસઠ પહોરી તીખાશ. ચોસઠ એટલે? ચોસઠ પૈસા એટલે સોળ આના એટલે રૂપિયો. ચોસઠ પહોરી પીપર આવે છેને પૂરેપૂરી ઘૂંટીને. તમને ખબર ન હોય. પોપટભાઈને ખબર હોય. ડાહ્યા જેઠા હતાને? અહીં છેને તમારે વઢવાણના ડાહ્યા જેઠા નહોતા? તમને ખબર નથી. પોપટભાઈને ખબર હશે. ધીરૂભાઈ છે અત્યારે, દીકરો નહિ ડાહ્યાભાઈનો? ધીરૂભાઈ એનો બાપ હતા ડાહ્યા જેઠા. પૈસાવાળા હતા. હતા અન્યમતિ પણ પછી આપણે જૈનમાં આવી ગયા સ્થાનકવાસીમાં. એ પૈસાવાળા હતા. તો ચોસઠ પહોરી પીપરને ઘૂંટાવતા ગરીબોને આપવા માટે. સાધારણ માણસને પૈસા બેસે એટલે પોતે ચાર પહોર અને આઠે પહોર ભૈયા રાખતા. આઠ પહોર ભૈયા-ભૈયા. ડાહ્યા જેઠા ઓલી કોર મકાન છે છેલ્લા. ખબર નથી? તમે તો બધા મુંબઈના રહેનારા ખરાને. આઠે પહોર કરતાં ચોસઠ પહોર ઘૂંટે. એક મિનિટ પણ ભૈયા ખાલી ન રહે. જે ચાર ભૈયા હોય એ પૂરું થઈ જાય તો બીજા ચાર. ચોસઠ પહોર સુધી ઘૂંટે અને એ પછી ગરીબ માણસ આવે એને આપતા. કોઈને બે આની ભાર, ચાર આની ભાર. લઈ જાવ. કાપડની દુકાન છે. ડાહ્યા જેઠા અને બીજા કોણ હતા એક? નાગરભાઈ. નાગર જેઠા. નાગરભાઈનો દીકરો મોહન, ડાહ્યા જેઠાના દીકરા ધીરૂભાઈ આ. રાયચંદ ગાંધીનો જમાઈ. છેને અહીં બહેન આવ્યા હતા હમણાં. અહીં તો અમારે ઘણા વર્ષની વાતું છેને. ૬૪ વર્ષ તો દીક્ષા લીધા થયા છે. એ વખતની આ બધી વાતું.

એ પીપરમાં ચોસઠ પહોરી શક્તિ છે. ચોસઠ એટલે સોળ આના. સોળ આના એટલે રૂપિયો, રૂપિયો એટલે સર્વ. પૂરી તીખાશ ભરી છે અંદર. આહા..હા..! એ ઘૂંટીને જે આવે

છે એ ક્યાંથી આવી? ઘૂંટવાથી આવી? ઘૂંટવાથી તો લાકડા ને કોલસાને ઘૂંટેને. અંદર હતી. આહા..હા..! રૂપિયે રૂપિયો સોળ આના તીખાશ હતી. હિન્દીમાં જેને ચરપરાઈ કહે છે. તમારે ચરપરાઈ કહે છે એને. અમારે અહીંયાં તીખાશ (કહે છે). એ ચોસઠ પહોરી તીખાશ ભરી છે અને લીલો રંગ ભર્યો છે અંદર. એ કાળીનો નાશ થઈ, અલ્પ તીખાશનો નાશ થઈ, પૂર્ણ તીખાશ ને લીલો રંગ પ્રગટ થાય છે, એ અંદરમાં છે એ બહાર આવે છે; એમ આ ભગવાન આત્મામાં શરીર પ્રમાણે તેનું કદ છે અને પર્યાયમાં રાગ ને દ્વેષની મેલપ, કાળપ દેખાય છે, પણ અંદરના સ્વભાવમાં તો પૂરેપૂરો આનંદ અને પૂરું જ્ઞાન અને પૂર્ણ શાંતિ ભરી છે, ચોસઠપહોરી ભરી છે. આહા..હા..! દાખલો સમજાય. દાખલા તો શું ધૂળમાં? દાખલા દાખલા માટે છે? આહા..હા..!

એ અહીં કહે છે, '**સમયસારભૂત આ ભગવાન પરમાત્માનું—**' આહા..હા..! ભાષા તો જુઓ! એની મા સુવાડે ઘોડીયામાં તો ગાણા ગાય ત્યારે સૂઈ જાય. ખબર છે? જોયું છે? મારો દીકરો ડાહ્યો ને પાટલે બેસીને નાહ્યો, ઢીંકણું-ફીંકણું એવી વાતું કરે. આપણે સાંભળેલી હોય. ગાળ્યું દેશો તો નહિ સૂવે. એકવાર જોવું હોય તો જોઈ લેવું. મારા રોયા સૂઈ જા. તો નહિ સૂવે. એના વખાણ કરશો તો સૂશે. કેમકે એ વખાણ અવ્યક્તપણે પણ એને પ્રિય લાગે છે. આહા..હા..! અહીં પરમાત્મા, એની મા એના વખાણ સૂવા માટે કરે છે, અહીં સંતો, મુનિઓ એને જગાડવા માટે ભગવાન કહીને બોલાવે છે. જાગ રે જા નાથ! હવે સૂવું પાલવે નહિ તને. આહા..હા..! સમજાણું કાંઈ?

શું કીધું? '**સમયસારભૂત ભગવાન પરમાત્માનું—**' આહા..હા..! સમય નામ આત્મા, સાર નામ વિકારરહિત, અવિકારી આનંદકંદ પ્રભુ સમયસારભૂત પદાર્થ એવો જે ભગવાન પરમાત્મા પોતે. આહા..હા..! છે કે નહિ અંદર? આહા..હા..! ભગવાન પરમાત્મા પ્રભુ. આહા..હા..! પ્રભુ! તારામાં પરમાત્મશક્તિ પૂરી પડી છે. જે પરમાત્મા થયા કેવળીઓ એ ક્યાંથી થયા? એ કાંઈ કેવળજ્ઞાન અને અનંત આનંદ કાંઈ બહારથી આવે છે? ભાઈ! તને ખબર નથી. એ અંદર ડુંગરો ભર્યો છે આનંદનો. અતીન્દ્રિય આનંદનો ચોસઠ પહોરી તીખાશ એમ રૂપિયે રૂપિયો અંદર પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ શાંતિ પડી છે. અરે! ક્યાં માપવું કોને?

અહીં કહે છે '**સમયસારભૂત...**' સમયસારભૂત. ઓલો ભૂત વળગે એ હશે? સમયસારભૂત છતી ચીજ એમ કહે છે. આનંદનો નાથ ભગવાન પૂર્ણાનંદ સમયસારભૂત છતી ચીજ છે, ભૂત—છતી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો બીજી વાતું હોં બાપુ દુનિયા કરતાં. ઓલા કહે કે દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો, થશે ધર્મ. અહીં કહે છે કે એ બધો પુણ્ય ને રાગ છે. આહા..હા..! બાપુ! મારગડા જુદાં, ભાઈ! આહા..હા..! સમયસારભૂત છે? પાઠમાં જ છે, જુઓ સંસ્કૃત. '**यः खलु समयसारभूतस्य भगवतः**'

આહા..હા..! '**परमात्मनो**' સંસ્કૃત છે ઉપર. સંસ્કૃતનો એ અર્થ છે. આહા..હા..! કહે છે કે આ સમયસારભૂત ભગવાન, પરમાત્મા પોતે પરમસ્વરૂપ જ છે ભગવાન આત્માનું. ચોસઠ પહોરી તીખાશ જેમ ભરી છે એમ આમાં રૂપિયેરૂપિયો, પૂર્ણ પરમસ્વરૂપ અનંત આનંદ, અનંત જ્ઞાન આદિ પૂર્ણ સ્વરૂપ છે. આહા..હા..!

એ કહ્યું હતું. ઘણીવાર કહીએ છીએને. સમયસાર નાટકમાં. 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, પણ મત મદિરા કે પાનસો મતવાલા સમજે ન. ઘટ ઘટ અંતર જિન વસે,' આ ઘડાના ઘટમાં ભગવાન જેમ પાણી જુદું હોય છે, એમ આ અંદર જિનસ્વરૂપ ભગવાન છે. અરે! કેમ બેસે? રાંકો થઈને ફરે. એક અડદની દાળ સદડી ન થાય, સદડી શું કહે છે તમારે? મેળ ન ખાતો હોય. છાશને અને દાળને મેળ ન ખાય. મેળ ન ખાય એને સદડી ન સરખી થાય અને આવે એમાં કોઈ વેવાઈ આવ્યો હોય આકરી પ્રકૃતિવાળો અને લાડવા સાથે અડદની દાળ મેળ વિનાની હોય. કોણે કરી આ? હવે આવી દાળમાં ફેર થાય ત્યાં ભાઈસાહેબના પીત્તા ફાટી જાય. આહા..હા..! હવે એને કહે કે ભગવાન ત્રણલોકનો નાથ તું ચિદાનંદ, શાંતિનો સાગર એને કેમ બેસે? આહા..હા..!

અહીં તો પરમાત્માનો પહેલો જ પોકાર છે આ. '**સમયસારભૂત આ ભગવાન પરમાત્માનું—**' પરમ આત્મા એટલે પરમસ્વરૂપ. આહા..હા..! જેનું દ્રવ્યસ્વરૂપ જિનસ્વરૂપ છે. અરે! દ્રવ્ય એટલે આ પૈસો નહિ હોં! આહા..હા..! આપણે ત્યાં એક ફેરી લખ્યું હતું, અંદર છે 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ'. સ્વાધ્યાય મંદિરમાં. તો એક જણો આવ્યો હતો પોટરીવાળો. થાનમાં પોટરી છે માણેકચંદભાઈ કરીને. એ કહે, મહારાજ! આ દ્રવ્યદૃષ્ટિ એટલે સમ્યગ્દૃષ્ટિ? અહીં કરોડોપતિ ઘણાં આવેને નાનાલાલભાઈ જેવા. એટલે આ દ્રવ્ય એટલે પૈસો એ દૃષ્ટિ સમકિતદૃષ્ટિ એ? અરે! માણેકચંદભાઈ! શું વાણિયા તમે! આહા..હા..! દ્રવ્ય એટલે પૈસાનું અહીં કામ છે અમારે? એય..! દ્રવ્ય એટલે વસ્તુ, અનાદિ અનંત ચૈતન્ય દ્રવ્ય વસ્તુ એની દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે. બાકી એની દૃષ્ટિ વિના જેને પુણ્ય ને દયા ને દાનમાં ધર્મ માનનારા બધા મિથ્યાદૃષ્ટિ અજૈન છે. એને જૈન ધર્મની કાંઈ ખબર છે નહિ. ભભુતમલજી! આવું છે.

'ઘટ ઘટ અંતર જિન વસે' જિનપણું ઘટ ઘટ અંતર ભગવાન દેહમાં બિરાજે છે. આહા..હા..! અને 'ઘટ ઘટ અંતર જૈન.' જૈન કોઈ સંપ્રદાય નથી. એ જિનસ્વરૂપી વીતરાગમૂર્તિ પ્રભુ છે એને રાગથી ભિન્ન પાડીને અનુભવવો એનું નામ જૈન ધર્મ અને જૈન કહેવામાં આવે છે. આહા..હા..! એ કહે છે કે 'ઘટ ઘટ અંતર જૈન વસે.' એ જૈનપણું કોઈ શરીરમાં, ક્રિયામાં કાંઈ જૈનપણું આવતું નથી. આહા..હા..! ભગવાન પરમસ્વરૂપ પ્રભુ એની એકાગ્રતા દૃષ્ટિ કરતાં રાગ અને વિકલ્પની એકતા તૂટી જાય તેને અહીંયાં જૈન ધર્મની શરૂઆતવાળો જૈન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે. ક્યાંય સાંભળવા મળતી હોય તો

એ બધી જાત જ જુદી. એ તો ખબર નથી દુનિયામાં, અમે ત્યાં બધું કહેતા હતાને. આહા..હા..! બાપુ! મારગડા વીતરાગના જુદાં છે, ભાઈ!

એ '**સમયસારભૂત આ ભગવાન પરમાત્માનું—**' એ વસ્તુ કીધી. '**કે જે વિશ્વનો પ્રકાશક હોવાથી...**' શું કહે છે? આ આત્મા કેવો છે? કે પરમાત્મસ્વરૂપ ભગવાન સમયસારભૂત વિશ્વનો પ્રકાશક. આખી જગતની ચીજ સ્વ અને પર બધાનો પ્રકાશક છે એ તો. ચૈતન્યના નૂરના તેજથી ભરેલો ભગવાન. આહા..હા..! વિશ્વ નામ સ્વ અને પર બધી ચીજો પૂરી ત્રણકાળ ત્રણલોક આહા..હા..! એનો એ પ્રકાશક હોવાથી '**વિશ્વસમય છે...**' આહા..હા..! શું કહે છે? એ ચૈતન્યનો પૂંજ પ્રભુ, ચૈતન્ય જાણવું... જાણવું... જાણવું... જાણવાના પ્રવાહનું પૂર પ્રભુ. આહા..હા..! અનાદિ અનંત ચૈતન્યના ધ્રુવનું પૂર એ કેવી ચીજ છે? વિશ્વનો પ્રકાશક છે. આહા..હા..! કોઈ જગતની ચીજનો એ કરનાર છે એમ નહિ. એ ચીજ તો રાગની કરનાર નહિ, શરીરની ક્રિયા કરનાર નહિ. આહા..હા..! પોતા સિવાય અનંત પદાર્થ એમાં કોઈપણ પદાર્થની ક્રિયા કરી શકે એ ચૈતન્યપ્રકાશના સ્વરૂપમાં નથી, પણ અનંતને પ્રકાશે એવો એનો સ્વભાવ છે. આહા..હા..! ઘરે વાંચે તો બેસે એવું નથી. મગજ ઘૂંચાઈ ગયું હોયને ઓલું શું કહેવાય તમારું લોઢાનું? સ્ટીલ-સ્ટીલ. સ્ટીલનો ધંધો એને મોટો. બે કરોડનું સ્ટીલ રાખ્યું છે. આહા..હા..! લોઢું. એમ આ રાગ અને પર મારા એ લોઢા રાખ્યા છે. આહા..હા..! ભગવાન અંદર સોનાસ્વરૂપ ચિદાનંદ પ્રભુ... આહા..હા..!

'**વિશ્વનો પ્રકાશક હોવાથી...**' અહીં તો એ ચીજ એવી છે કે વિશ્વને પ્રકાશે છે, જાણે છે બસ એટલું. એ ચીજ એવી છે કે સ્વ અને પરને જાણે. વિશ્વમાં શું બાકી રહી ગયું? ત્રણકાળ, ત્રણલોક, અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અનંત સિદ્ધો અને અનંત નિગોદના જીવ. આહા..હા..! બધાનો પ્રકાશક આત્મા છે. એનો પ્રકાશ કરનારો, જણાવનારો, જાણનારો એ આત્મા છે. આહા..હા..! અંદર રાગ આવેને રાગ દયા, દાન, વ્રતનો એ વિકલ્પ છે, વૃત્તિની ઉત્થાન દશા છે, એનો પણ આત્મા પ્રકાશક છે. વિશ્વનો પ્રકાશક કીધુંને? આહા..હા..! શું એની શૈલી! શું એની રીત! આહા..હા..! શ્રીમદ્‌માં આવે છેને? જિનવાણી શું એની શૈલી! આહા..હા..! જાણી તેણે જાણી છે એમ લખ્યું છે શ્રીમદે. સોળ વર્ષે હોં! શરીરની અવસ્થા સોળ. શરીરની વાત છેને. આત્મા તો અનાદિ અનંત છે. ઉંમર તો આની કહેવાય છેને ધૂળની. એ સોળ વર્ષે એમ કહેતા હતા. આહા..હા..! જિનવાણી જાણી તેણે જાણી, બાપુ! આ એવી વસ્તુ છે. સોળમા વર્ષે કહે છે સોળમા વર્ષે.

અહીંયાં કહે છે '**સમયસારભૂત આ ભગવાન પરમાત્માનું—કે જે વિશ્વનો પ્રકાશક હોવાથી...**' આહા..હા..! સમસ્ત પદાર્થનો પ્રકાશક, પ્રકાશ દેનારો હોવાથી. આહા..હા..! '**વિશ્વસમય છે...**' એ આત્માને વિશ્વસમય કહીએ. વિશ્વસમય. વિશ્વ નામ બધાનો પ્રકાશક હોવાથી વિશ્વસમય, વિશ્વનો પદાર્થ, બધાને જાણનારો એવો વિશ્વસમય આત્મા. આહા..હા..!

સમ-અય, વિશ્વનો સમ-અય. સમય છેને? સમ-સમ્યક્ પ્રકારે, અય-ગતમ્ ધાતુ. પરિણમવું, જાણવું એવા પ્રકાશકની પર્યાયપણે થાય તે સ્વસમય છે આત્મા. એક કોર રામ અને એક કોર ગામ. આવી વાતું હવે. એક કોર ભગવાન વિશ્વ પ્રકાશક અને એક કોર અનંતી ચીજો બીજી બધી. અનંત આત્મા, અનંત રજકણો. આહા..હા..!

લસણની એક રાઈ જેટલી કટકી લ્યો તો એમાં અસંખ્ય શરીર છે અને એક શરીરમાં અનંતા જીવ છે. કોને બેસે? કોઈ દિ' કાંઈ ખબરું ન મળે. પરમેશ્વર શું કહે છે? વિશ્વને પ્રકાશનારો છે. હવે એમાં મારે બીજી વાત આવી મગજમાં કે અહીં જે પગ છે એને પગ જમીનને અડતો જ નથી. કેમકે પગના રજકણો અને જમીનના રજકણો ભિન્ન ભિન્ન છે એનો પ્રકાશક છે. ભિન્ન-ભિન્ન જે રીતે છે એનો પ્રકાશક છે. આહા..હા..! આવી વાતું છે. (આ લાકડી) છે એ આંગળીને આધારે રહી નથી. ... ગાંધી મોઢ હતાને એની નાતના છે. અહીંનો બહુ રસ છે, વાંચવા જાય છે. મુંબઈ ગયા હતા કે નહિ? કલકત્તા. મુંબઈ ગયા હતા એક ફેરી ગયા હતા. ક્યાં ત્યાં વચમાં ઓલા કાલબાદેવી? મુંબાદેવી. સીમંધર ભગવાનનું મંદિર છે ત્યાં.

શું કહ્યું આ? અનંત. અનંત પદાર્થનો પ્રકાશક. હવે અનંત અનંતપણે રહ્યા છે તો એને પ્રકાશે છે. તો આ છે એ આંગળીને આધારે નથી. એ એને આધારે છે, આંગળી આંગળીને આધારે છે. આવી ચમત્કારી ચીજ છે. એનો એ પ્રકાશક આ રીતે છે અને આ આ રીતે છે, આને આધારે આ નથી, આને આધારે આ નથી. પરને પ્રકાશવો એ એનો સ્વભાવ છે. ત્યાં ક્યાંય ન મળે ત્યાં બેંગ્લોર-ફેંગ્લોરમાં. ક્યાં ગયા પ્રવિણભાઈ? અરે! પ્રભુ! શું કરે છે ભાઈ? આહા..હા..! આ તો ગાંડા કહે એવું છે હોં! આ શરીર આને આધારે રહ્યું નથી. પાટને આધારે શરીર રહ્યું નથી, પાટ જમીનને આધારે રહી નથી. કેમકે અનંત પદાર્થ ભિન્ન છે એ ભિન્ન પદાર્થ પોતે પોતાને આધારે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જ્યાં રહ્યા ત્યાં રહ્યા છે. એનો વિશ્વ પ્રકાશક આત્મા છે. આહા..હા..! આવી વાતું છે, બાપા! શું કરીએ? આહા..હા..!

કહે છે કે એને આધારે આ રહ્યું નથી કહે છે. શું છે આ? કેમ? કે વિશ્વનો પ્રકાશક છેને? તો વિશ્વ અનંત પદાર્થરૂપ છે. તો અનંત પદાર્થની અસ્તિ કઈ રીતે રહી શકે? પોતે પોતાને આધારે અને પોતે પોતાને કારણે ભિન્ન રહે તો તો અનંત ગણાય, એ અનંતનો પ્રકાશક ભગવાન આત્મા વિશ્વપ્રકાશક આત્મા છે. આવી વાતું છે. આહા..હા..! ગાંડા કહે હોં! પાગલ લોકો તો પાગલ જ કહે. પરમાત્મપ્રકાશમાં આવે છે. જ્ઞાનીને જગત પાગલ કહે, જ્ઞાની જગતને પાગલ કહે. બરાબર છે? આ શું કહો છો તમે? આ વાળ છેને એ માથાને આધારે રહ્યો નથી. વાળના રજકણો છે અનંત એ પોતે પોતાને આધારે ત્યાં રહ્યા છે, આને આધારે નહિ. શું કહે છે? આ તે ગાંડા છે. સાંભળને હવે.

મારે તો બીજું આવ્યું હતું. વિશ્વસસમય છેને આ? તો વિશ્વ એટલે અનંત ભાઈ એમ

લીધું છે. અનંત પદાર્થ છે તે તે અનંતપણે જ્યાં જ્યાં રહ્યા એ પોતાને કારણે, પરને કારણે નહિ. પરને કારણે હોય તો અનંતપણે અનંતપણું રહેતું નથી. આહા..હા..! ક્યાંનું ક્યાં ગયું લ્યો, વિશ્વસમયમાંથી ત્યાં ગયું. આહા..હા..! શું ત્રણલોકના નાથની વાણી! અરે! જગતને મળે નહિ. આહા..હા..! આ ચશ્મા છે એ અહીં આંખને આધારે રહ્યા નથી. બાપુ! તને ખબર નથી, પ્રભુ! એ દ્રવ્ય અને ગુણ અને એની પર્યાય સ્વતંત્ર તે કાળે પરથી ભિન્ન. ભિન્નપણું ક્યારે રહી શકે? કોઈને આધારે ન હોય તો જ ભિન્નપણું રહી શકે. આહા..હા..! આવી વાતું છે. સંવર અધિકારમાં આવે છેને. આહા..હા..! સમજાય એટલું સમજવું, બાપુ! આ તો ભગવાનના અંતરની લહેરની લહેરું છે. આહા..હા..! લક્ષ્મીચંદભાઈ! આવી વાતું છે, બાપા! શું કહે છે આ તે? ઘડિયાળ હાથને આધારે રહી નથી કહે છે. ઘી વાસણને આધારે રહ્યું નથી ઘી વાસણમાં. શું કીધું ઈ? ઘી નામનો પદાર્થ છે, અનંત રજકણો છે. અનંત રજકણનું દળ જે છે એ સ્વતંત્ર પોતે પોતાને આધારે ત્યાં રહ્યું છે, એ વાસણને આધારે નહિ. કેમકે વાસણની ચીજના રજકણો જુદાં અને ઘીના રજકણો જુદાં. જુદાં રજકણને જુદાં રજકણનો આધાર હોઈ શકે નહિ.

**શ્રોતા** :- આવું જ્ઞાન ક્યારે થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ કહીએને. કહો, પ્રવિણભાઈ! બે જણા આવતા હતા આ .. પ્રવિણભાઈ આવતા ઘણીવાર.

**શ્રોતા** :- કામ ચાલતું હતુંને .. કામ ચાલતું હતું

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, બે ભાઈઓ આવતા. આ તો કોક કોક વખતે આવે. પોપટભાઈ વખતે આવ્યા હતા, મકાનનું ઓલું. આહા..હા..! બાપુ! અરે! તમે ગમે તે કહો, ગમે તે માનો, પણ વીતરાગનો માર્ગ કોઈ જુદી જાત છે. ઓહો..હો..!

અહીંયાં તો એટલું કાઢ્યું આમાંથી વિશ્વસમયમાંથી કાઢ્યું હોં! આ આત્મા વિશ્વસમય છે. વિશ્વ એટલે અનંત પદાર્થો જેટલા છે તે અનંત અનંતપણે પોતાને કારણે રહ્યા છે પરને કારણે નહિ, નહિતર અનંતપણું, ભિન્નપણું રહેતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? એના બે અર્થ છે. જો સમજાય જાય તો તો ઠીક, પણ કાંઈ નથી એ કઈ પદ્ધતિએ કહેવાય એની ગંધ આવે છે? એનું નામ સમજાણું કાંઈ કહેવાય છે. અહીં શબ્દો કાંઈ મફતના નથી. આહા..હા..! એક લીટીમાં તો કેટલું ભર્યું છે!

વિશ્વ એટલે અનંત. અનંત દ્રવ્યો, અનંત ગુણો, અનંત પર્યાયો... આહા..હા..! એ પોતપોતાને કારણે રહેલા છે. આહા..હા..! ત્યારે તો ભગવાન આત્મામાં અનંત પદાર્થનો પ્રકાશક ત્યારે કહેવાય કે અનંત-અનંતપણે પોતાને કારણે રહ્યા છે, બીજાને કારણે નહિ. ત્યારે તો અનંત અનંતપણે રહ્યા એનો પ્રકાશક આત્મા ભગવાન છે. આહા..હા..! એનો કરનારો નથી. આહા..હા..! આ બધું તમારા સ્ટીલના ઢગલાં ને બધા... આહા..હા..! વજુભાઈ! આવી

વાતું છે. ભાગ્ય હોય એને તો કાને પડે એવી વાત છે, બાપા! શું કહીએ? આહા..હા..! નાકના રજકણ છેને અહીં? આ અનંતા રજકણનું આ નાક છે, એક રજકણ નથી આ. કટકા કરો આના કટકા. તો કટકા કરતાં... કરતાં... કરતાં... છેલ્લો પોઈન્ટ રહે એને પરમાણુ ભગવાન કહે છે. પરમ-અણુ એટલે છેલ્લામાં છેલ્લો નાનો. એ અહીંયાં અનંતા રજકણો છે આ બધા. તો એક એક રજકણ પોતાને આધારે ત્યાં રહ્યા છે, આને આધારે નહિ, આને આધારે નહિ. સમજાણું કાંઈ?

અહીં સિદ્ધ શું કરવું છે? કે વિશ્વ એટલે અનંત પદાર્થ. વિશ્વ એટલે અનંત પદાર્થ. અને અનંત પદાર્થ અનંતપણે ક્યારે કહેવાય? કે પોતે પોતાના દ્રવ્ય, ગુણ ને પર્યાયને આધારે જ્યાં છે ત્યાં રહેલા છે. કોઈને આધારે હોય નહિ. કોઈને આધારે હોય તો એનો પરનો સહાયક થઈ, તો સ્વતંત્ર વસ્તુ રહી નહિ. ભભુતભાઈ! આહા..હા..! અરે! ભગવાનની વાણી તો જુઓ! આવી મળે ક્યાં? બાપા! શું કહીએ? આહા..હા..! ઓલા માણસ કહેને વખાના માર્યા. એક બાઈ હતી ભાઈ અહીં. પાણી ભરતી આપણે અહીં શિક્ષણ હતુંને. બાઈ સારી દેખાય. બહેન તમે આ કામ કેમ કરો છો? મહારાજ! વખાના માર્યા આ કરીએ છીએ. છોકરો મગજનું એને થઈ ગયું છે. આવો થઈ ગયો છે. આપણે શિક્ષણ શિબિર કરીએને છોકરાઓને ભણાવવાની. પછી બાઈ પાણી ભરે. પાણી પીવાનું. પણ દેખાવ ઠીક લાગે. મેં પૂછયું બહેન બા! તમે આ સ્થિતિમાં પાણી ભરો અને આવું કાંઈ? મહારાજ! વખાના માર્યા. વખા એટલે વખત. વખાના માર્યા આ કરીએ છીએ. આહા..હા..! એમ આ વખાના માર્યા અહીં ભરતમાં આવી પડ્યા છીએ અમે. અરે! વસ્તુ ક્યાંની ક્યાં છે, ભાઈ! આહા..હા..! લોકો ગાંડા જ કહે, માને નહિ. એ સાધુ પણ બિચારા ખબર ન મળે ચીજની. આહા..હા..!

આ ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય. શ્લોક છે કુંદકુંદાચાર્યના. સંવત્ ૪૯, બે હજાર વર્ષ. ટીકા છે અમૃતચંદ્રાચાર્ય. આ કુંદકુંદાચાર્ય, ઓલા અમૃતચંદ્રાચાર્ય. ટીકા એની છે. હજાર વર્ષ પહેલાંની. એ એમ કહે છે કે આ સમયસાર .. શું ચીજ છે? સમયસારભૂત ભગવાન આત્મા વિશ્વનો સમય છે પ્રકાશક એને કહેનારું છે આ. સમજાણું કાંઈ? જેમ સાકરને કહેનારા સાકર ત્રણ અક્ષર છે. સા-ક-ર એ ત્રણ અક્ષર છે એ સાકરને બતાવે છે. સાકરમાં ત્રણ અક્ષર નથી, તેમ ત્રણ અક્ષરમાં સાકર નથી. આહા..હા..! એમ આ વિશ્વસમય ભગવાન આત્મા એમ આ શબ્દો છે એ એમાં નથી અને શબ્દોમાં આ વિશ્વસમય આત્મા નથી. અરેરે! આહા..હા..! કહો, ધીરૂભાઈ! ધીરાના કામ છે આ તો, બાપુ! આહા..હા..!

**'સમયસારભૂત...'** છતી ચીજ. આહા..હા..! ભગવાન પરમાત્મા. ભગ એટલે લક્ષ્મી થાય છે. ભગ એટલે જ્ઞાનાનંદનો લક્ષ્મીવાન. જેનું લક્ષ્મી સ્વરૂપ છે, જ્ઞાન સ્વરૂપ છે. ભગવાનનો અર્થ આમ છે. ભગ એટલે જ્ઞાનાનંદ લક્ષ્મી, વાન એટલે લક્ષ્મીવાળો. એ જ્ઞાનાનંદની લક્ષ્મીવાળો આત્મા એને ભગવાન કહેવામાં આવે છે. આહા..હા..! એવો જે ભગવાન પરમાત્મા..

આહા..હા..! '**કે જે વિશ્વનો પ્રકાશક હોવાથી...**' આ આત્મા હોં! '**વિશ્વસમય છે...**' આહા..હા..! '**તેનું—પ્રતિપાદન કરતો હોવાથી જે પોતે શબ્દબ્રહ્મ સમાન છે...**' હવે એની વ્યાખ્યા લાંબી છે જરી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૯, રવિવાર, તા. ૦૪-૧૨-૧૯૭૭, ગાથા-૪૧૫, પ્રવચન નં. ૫૩૦

સમયસાર, ૪૧૫ ગાથા. '**સમયસારભૂત આ ભગવાન પરમાત્માનું...**' આ આત્મા છે એ ત્રિકાળી પરમાત્મસ્વરૂપ છે. એવા સમયસાર આત્મામાં કર્મ, નોકર્મ અને ભાવકર્મ એનાથી રહિત એવું ભગવાન પરમાત્મા '**કે જે વિશ્વનો પ્રકાશક હોવાથી...**' એ તો પ્રભુ અનંત પદાર્થનો સ્વપરનો પ્રકાશક છે. આહા..હા..!

**શ્રોતા** :- દ્રવ્ય પણ પ્રકાશક?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દ્રવ્ય પણ પ્રકાશક, ગુણ પણ પ્રકાશક અને પર્યાય પણ પ્રકાશક. દ્રવ્ય, ગુણનો એ સ્વપરપ્રકાશક સ્વભાવ છે. આહા..હા..! નિયમસારમાં આવી ગયું છે, ત્રિકાળ જ્ઞાનદર્શનની શક્તિ, ત્રિકાળને જાણવા-દેખવાની એની શક્તિ છે ધ્રુવ. આહા..હા..! એને જ્યારે પ્રતીતમાં લીધો ત્યારે પર્યાયમાં પણ સ્વપરપ્રકાશક થઈ ગયો. ઝીણી વાતું ભારે! ગાથા બહુ ઊંચી છે. સાર છેને. આહા..હા..!

સમયસારભૂત ભગવાન પરમાત્મા. ત્યાં તો ભગવત્ શબ્દ વાપર્યો છેને. ભગવત્ છે. ઓલામાં ભગવતી આવશે. આ ભગવાન '**પરમાત્માનું—કે જે વિશ્વનો પ્રકાશક હોવાથી...**' આહા..હા..! પોતે તો વિશ્વ નામ સ્વ અને પર બધાનો પ્રકાશક છે. અનંત-અનંત ચીજો છે તેમાં કોઈ ચીજ મારી છે એવો એનો સ્વભાવ નથી. એનો તો સ્વ અને પરનો વિશ્વનો પ્રકાશક સ્વભાવ છે. આહા..હા..! ત્યારે એમાં રાગ છેને? પણ એ રાગ છે એ નવ તત્ત્વમાં આસ્રવતત્ત્વ, પુણ્ય-પાપતત્ત્વમાં જાય છે. એ જીવતત્ત્વ જ્ઞાયકતત્ત્વમાં એ આવતું નથી. છે એની પર્યાયમાં પણ એ પર્યાયમાં હોવા છતાં આત્મતત્ત્વ તે પર્યાયથી રહિત છે. સમજાણું કાંઈ? કર્મને લઈને વિકાર થયો છે એમ નહિ. થયો છે પોતાથી પોતાને લઈને, પણ એ તત્ત્વથી જ્ઞાયકતત્ત્વ ભગવાન પરિપૂર્ણ સત્ય એનાથી ભિન્ન છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

એવા '**વિશ્વનો પ્રકાશક હોવાથી વિશ્વસમય છે...**' ભગવાન આત્મા તો વિશ્વસમય

છે. જગતના બધા પદાર્થોને જાણવાના સ્વભાવવાળો હોવાથી વિશ્વસમય છે. વિશ્વની આંખો છે એ. આહા..હા..! ત્યાં સુધી તો આવ્યું હતું કાલે. આવ્યું હતુંને ત્યાં? આહા..હા..! '**તેનું પ્રતિપાદન કરતું હોવાથી...**' હવે આ શાસ્ત્રને કહે છે કે આવો જે ભગવાન આત્મા વિશ્વનો પ્રકાશક હોવાથી વિશ્વ એ સમય છે એને કહેનારું હોવાથી આ. આહા..હા..! '**તેનું પ્રતિપાદન કરતું હોવાથી જે પોતે...**' કોણ પોતે? શબ્દો, આ શાસ્ત્રના શબ્દો. '**શબ્દબ્રહ્મ સમાન છે...**' શબ્દબ્રહ્મ. જેમ ભગવાન પરિબ્રહ્મ સકળનો જાણનારો, એમ એના કહેનારો શબ્દ શબ્દબ્રહ્મ. પૂર્ણ શબ્દબ્રહ્મ. પૂર્ણ શબ્દવાળું એ તત્ત્વ છે. આહા..હા..! કોણ? શબ્દ હોં! વિશ્વસમયને કહેનારો હોવાથી એ શબ્દ પણ શબ્દબ્રહ્મ છે. આહા..હા..!

**શ્રોતા :-** બ્રહ્મ બે જાતના—એક શબ્દબ્રહ્મ અને એક..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક આત્મબ્રહ્મ અને એક શબ્દબ્રહ્મ. બ્રહ્મ બે. આત્મબ્રહ્મ એ વિશ્વસસમય અને શબ્દબ્રહ્મ એ ભાષા. આ શબ્દબ્રહ્મ સમયસાર છે. આહા..હા..! પૂર્ણને કહેનારું હોવાથી તે શબ્દો શબ્દબ્રહ્મ છે. પૂર્ણ ભગવાનને કહેનાર હોવાથી એ શાસ્ત્ર પોતે શબ્દબ્રહ્મ છે. પૂર્ણ પૂર્ણ શબ્દબ્રહ્મ છે. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ?

'**પ્રતિપાદન કરતું હોવાથી પોતે શબ્દબ્રહ્મ સમાન છે...**' એટલે શું કહે છે? કે ભગવાન વિશ્વપ્રકાશક હોવાથી વિશ્વસમય છે તેને પ્રતિપાદન કરતું હોવાથી '**પોતે શબ્દબ્રહ્મ સમાન છે...**' આત્માને લઈને નહિ. આહા..હા..! એ શબ્દો જ સ્વયં બ્રહ્મ છે. એ શબ્દો જ સ્વપરને પ્રકાશે છે એ સ્વયં પોતે પોતાની તાકાતથી પ્રકાશે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે આ. આહા..હા..! એણે શાસ્ત્રનો અભ્યાસ કરવો જોઈએ, ભાઈ! આહા..હા..! અભ્યાસ કરીને એમાંથી એ જ કહે છે અહીંયાં. એ '**શબ્દબ્રહ્મ સમાન છે...**' શબ્દબ્રહ્મ સમાન છે. ભગવાનની વાણી છે એ શબ્દબ્રહ્મ છે અને આ સમયસાર પણ શબ્દબ્રહ્મ છે. એમાંથી આવેલું છે અને એને કહેલું છે એ શબ્દબ્રહ્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એવા આ શાસ્ત્રને...**' '**પોતે શબ્દબ્રહ્મ સમાન છે એવા આ શાસ્ત્રને...**' આહા..હા..! શાસ્ત્ર આ સમયસાર શાસ્ત્ર સ્વયં શબ્દબ્રહ્મ, સ્વયં પોતે પોતાથી છે. આત્માને કહે છે માટે આત્માથી શબ્દબ્રહ્મ છે એમ નહિ. આહા..હા..! એ શબ્દો જ સ્વયં બ્રહ્મસ્વરૂપ છે. જેમ સાકરને બતાવનારા શબ્દો સાકર ત્રણ અક્ષર છે એ સાકરને બતાવે માટે સાકરને બતાવનારું એ શબ્દો પણ સાકરનું વાચક છે, પૂર્ણ વાચક છે. એમ ભગવાન આત્મા... આહા..હા..! સર્વજ્ઞ સ્વભાવી વિશ્વપ્રકાશક કહ્યુંને? એટલે કે સર્વજ્ઞ સ્વભાવી ભગવાન વિશ્વસમય હોવાથી તેને પ્રતિપાદન કરનારા શબ્દો એ પણ શબ્દબ્રહ્મ છે. આહા..હા..! એના સમાન છે કહ્યું, શબ્દબ્રહ્મ સમાન છે. પૂર્ણ શબ્દબ્રહ્મ તો ભગવાનની વાણી છે એ પૂર્ણ શબ્દબ્રહ્મ છે, એના સમાન આ શબ્દબ્રહ્મ છે. ભલે થોડા છે પણ છે તો આ શબ્દબ્રહ્મનો જ અંશ છે. આહા..હા..!

'**એવા આ શાસ્ત્રને...**' જે આવા આ શાસ્ત્રને શબ્દબ્રહ્મ વિશ્વસમયને પ્રકાશવાને સમર્થ

ભગવાન તો વિશ્વસમયને જણાવનારું આ શબ્દબ્રહ્મ ભાષા, શાસ્ત્ર. આહા..હા..! આવું વીતરાગ સિવાય ક્યાં છે, બાપા? પોતે .. જુઓને. '**પોતે શબ્દબ્રહ્મ સમાન છે...**' એ શબ્દો પોતે શબ્દબ્રહ્મ સમાન છે. શબ્દબ્રહ્મ ભગવાનની વાણી શબ્દબ્રહ્મ છે એનો જ આ અંશ છે માટે આ શબ્દબ્રહ્મ સમાન છે. સમાન કીધુંને? શબ્દબ્રહ્મસ્વરૂપ નહિ, શબ્દબ્રહ્મ સમાન છે. આહા..હા..! અરે! શાસ્ત્ર આવા પડ્યા એનો અભ્યાસ પણ કરે નહિ. એ અહીં કહે છે. ભાઈ! તારા ચોપડા તપાસવામાં નવરો. અહીં સવાર સાંજ નામા લખે, આ કરે ને મેળવે ને ભેળવે શું કહેવાય તમારી ખાતાવહીને. છૂટે છૂટે લખ્યું હોય એ ખાતાવહીમાં ભેગી કરે. આહા..હા..!

'**એવા આ શાસ્ત્રને જે આત્મા ખરેખર ભણીને,...**' પહેલું શાસ્ત્રને ભણીને એમ કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! શબ્દબ્રહ્મ વ્યાપક શબ્દ. જેમ આત્મા વ્યાપક એટલે વિશ્વને જાણનારો પૂરો, એમ શબ્દબ્રહ્મ પૂરા તત્ત્વને કહેનારું હોવાથી શબ્દોને શબ્દબ્રહ્મ કહેવામાં આવ્યું છે. આહા..હા..! '**જે આત્મા...**' આવા શાસ્ત્રને જે આત્મા. આહા..હા..! '**ખરેખર ભણીને,...**' એટલે કે બીજાને સમજાવવા માટે અને બીજો જાણે એ માટે નહિ. પોતાના આત્મા માટે ખરેખર જાણીને. આહા..હા..! સમજાણું કાંઈ? મને આવડશે તો હું દુનિયાને કહી શકીશ, તો મારો દેખાવ બહારમાં આવે. એ રીતે નહિ. આહા..હા..! ખરેખર આ શાસ્ત્રને પોતાના હિતના માટે... આહા..હા..! ભણીને. જુઓ, શાસ્ત્ર ભણીને કહ્યું. એક કોર કહે શાસ્ત્ર ભણીને આત્મા જણાય નહિ, પણ આ નિમિત્ત છે. નિમિત્તથી કથન છે. આહા..હા..!

'**જે આત્મા ખરેખર ભણીને...**' આહા..હા..! '**વિશ્વને પ્રકાશવામાં સમર્થ...**' ફરીને આવ્યું પાછું. ત્રીજો શબ્દ આવ્યો. સમજાણું? આહા..હા..! '**વિશ્વને પ્રકાશવામાં સમર્થ એવા પરમાર્થભૂત,...**' પરમાર્થભૂત ભગવાન '**ચૈતન્ય-પ્રકાશરૂપ આત્માનો નિશ્ચય કરતો થકો...**' શાસ્ત્ર ભણીને આ આત્મા પ્રકાશમય, ચૈતન્યમય છે એનો નિર્ણય કરતો થકો. શું કરવું આ આવ્યું. આહા..હા..! '**એવા પરમાર્થભૂત...**' આહા..હા..! પરમપદાર્થ ભગવાન પરમાર્થભૂત '**ચૈતન્ય-પ્રકાશરૂપ આત્મા...**' આહા..હા..! આત્મા કેવો છે ઈ? ચૈતન્યપ્રકાશરૂપ એ તો. આહા..હા..! એને '**નિશ્ચય કરતો થકો...**' એનો નિર્ણય, શાસ્ત્ર ભણીને આનો નિર્ણય કરતો થકો. સમજાણું કાંઈ? આહા..હા..!

આ તો જેને ભવના ભય લાગ્યા હોય એને ભવમાંથી ભાગવું હોય એની વાતું છે, ભાઈ! શું થાય? આહા..હા..! ચોર્યાસીના અવતાર આહા..હા..! લાવ... લાવ.. ચોર્યાસીના અનાદિની એક પછી એક પછી એક એવા અનંતા અનંતા ભવ કરીને... આહા..હા..! અહીં કૂતરી હતી તે વીયાણી પહેલી. આ હમણા છે એ બીજી. વીયાણી તો એના બચ્ચાને ખાઈ ગઈ પહેલાના. પોતાના જ બચ્ચાને. કારણ કે ભૂખ લાગી અને કોઈએ નહિ આપ્યું હોય, (કોઈ નહિ) ધ્યાન રાખનારું. નહિતર તો આપે જરી કાંઈક શીરો લોટનો ભલે તેલમાં કરીને. પણ કોઈ નહોતું. બે જન્મ્યા ખાઈ ગઈ. આહા..હા..! જુઓ આ અવતાર. બે-ત્રણ મહિના

અંદર પેટમાં રહ્યું હશે. બહાર રહ્યું ત્યાં ખાઈ ગઈ. એની મા ખાઈ ગઈ. આહા..હા..! ઓલી સખત ભૂખ લાગેને. આહા..હા..! અરેરે! આવા ભવમાં તું અનંતવાર આવ્યો છો, ભાઈ! અને એ ભવનું કારણ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વને ટાળવાનો ઉપાય આ શાસ્ત્રને ભણી અને આત્મા શું ચીજ છે એનો નિર્ણય કરવો એ એનો સાર છે. આહા..હા..!

એ '**આત્માનો નિશ્ચય કરતો થકો...**' નિશ્ચય કરતો થકો પુરુષાર્થથી. આહા..હા..! આ લોકો કહે છેને કે સોનગઢવાળા તો નિયતવાદને માનનારા છે. અરે! પણ પ્રભુ નિયતનો અર્થ શું? જે સમયે જે પર્યાય જે થવાની તે થવાની નિયત છે, પણ એનો નિર્ણય કોણ કરે? એ નિર્ણય પુરુષાર્થથી થાય છે. થાય છે તો તે સમયે તે પર્યાય તે થવાની તે જ થાય છે, પણ એ નિયતનો નિર્ણય કોણ કરે? એ નિયતના સ્વભાવનો નિર્ણય કોણ કરે? આહા..હા..! એ કહેશે. 'સર્વ આરંભેણ' એમ કહેશે. પોતે જ સર્વ પુરુષાર્થથી તેનો નિર્ણય કરે. આહા..હા..! દુનિયા અનેક છંદે વર્તે છે. ભગવાનનો માર્ગ અનેક પ્રકારનો ભિન્ન-ભિન્ન રીતે એકને બતાવનારો છે.

ચૈતન્યચંદ્ર ભગવાન પૂર્ણ પ્રકાશનું બિંબ આહા..હા..! એને ભણીને આને પ્રકાશે. એવા '**પરમાર્થભૂત ચૈતન્ય-પ્રકાશરૂપ આત્માનો નિશ્ચય કરતો થકો...**' આહા..હા..! ઓલા નવ તત્ત્વને નિશ્ચય કરતો થકો એમ ન લીધું. સમજાણું કાંઈ? આનો નિર્ણય કરતો થકો એમાં નવેય તત્ત્વનો નિર્ણય આવી ગયો. આહા..હા..! એ પુણ્ય અને પાપ, આસ્રવ અને બંધ, ચૈતન્યપ્રકાશમય ભગવાન આત્મામાં નથી. આનું આવું અસ્તિત્વ છે એવા અસ્તિત્વનો જ્યાં નિર્ણય કરે છે, એમાં એમાં નથી એનો નિર્ણય ભેગો આવી જાય છે. આહા..હા..! આવી વાતું હવે. આહા..હા..!

આજનો એક રાજા અને માંસ આદિ ન ખાતો હોય બિચારો, એ મરીને ગલુડિયાપણે અવતરે, બકરીના બચ્ચાપણે અવતરે. આહા..હા..! આ સંસાર. આજે ક્યાંક આવ્યું હતું ગાયન, એ ગાયનમાં એવું છે એમ કહ્યું હતું. જૈનપ્રકાશમાં કે જૈનગેજેટમાં આવ્યું છે. કોકનું ગાયન છે. લોકો એક તો જાણે પાપના કોઠામાં પડ્યા છે અનાદિથી. પાપ, પાપ ને પાપ આખો દિ' એકલા. બાયડી માટે, છોકરા માટે, ખાવા માટે, પીવા માટે, ભોગ માટે આહા..હા..! બીજાનું ધ્યાન રાખવું એ બધા પાપના પોટલા કર્યા. એ ગાયન છે. આવ્યું છે. કોકનું ગાયન છે. આહા..હા..! એ તો આપણે તો અહીં ઘણીવાર કહીએ છીએ. હવે એમાં એને પુણ્ય કરવાના અવસર પણ ન મળે ત્યાં ધર્મ તો ક્યાં રહ્યો? આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો પાપ અને પુણ્ય તત્ત્વથી ભિન્ન ભગવાન ચૈતન્યપ્રકાશમય જે આત્મા એનો શાસ્ત્ર ભણીને નિર્ણય કરતો થકો. આહા..હા..!

એવા '**આત્માનો નિશ્ચય કરતો થકો (આ શાસ્ત્રને) અર્થથી અને તત્ત્વથી જાણીને,...**' છે? જાણીને. શાસ્ત્રમાંથી અર્થ આત્મા દ્રવ્ય કેવું છે અને એનું તત્ત્વ નામ ભાવ કેવા છે?

આહા..હા..! બેય એણે જાણવું જોઈએ. આહા..હા..! વસ્તુ છે એ અર્થ-દ્રવ્ય છે અને એના ગુણો જે છે ભાવ આહા..હા..! એ ભાવની શક્તિની સંખ્યા અમાપ છે. ક્ષેત્ર ભેલ નાનું રહ્યું અસંખ્ય પ્રદેશી પણ એના જે ભાવની સંખ્યા, ગુણની સંખ્યા એને તત્ત્વથી જાણે અને ભાવથી જાણે કે આ ભાવ આ દ્રવ્યના છે. દ્રવ્યથી જાણે અને દ્રવ્યના આ ભાવ છે એને જાણે. આવી વાતું બધી કાંઈ ચોપડામાં હાથ આવે એવી ન મળે. અત્યારે તો બહારમાં હાથ ન આવે. આહા..હા..! અરે! રખડતો મુસાફર આવી પડ્યો અહીં. ધર્મશાળામાં મુદત નાખી. સાંજ પડીને સાંજ, ચાલતા ચાલતા સાંજ પડી તો પછી ૨૦ ગાઉ જાવું હોય અને ૧૨ ગાઉ કપાણા, ૮ ગાઉ રહ્યા બાકી તો ધર્મશાળા હોય ત્યાં પડાવ નાખે, પણ એ સવારમાં નીકળવા માટે, ત્યાં રહેવા માટે નહિ. આહા..હા..! એમ ફરતો ફરતો આ શરીરમાં આવ્યો, પણ આ શરીરમાં રહેવા માટે નહિ, ફક્ત બીજે શરીરે જવામાં આની મુદ્દત છે ત્યાં સુધી રહેશે. આહા..હા..!

અહીં કહે છે, પ્રભુ! પણ તું કોણ છો? કોઈ શરીરમાં પણ નથી અને રાગમાં પણ તું નથી. આહા..હા..! એટલે કે અજીવમાં પણ તું નથી અને પુણ્ય-પાપ આસ્રવમાં પણ તું નથી. એવાથી ભિન્ન ભગવાન ચૈતન્ય પ્રકાશમય આત્માને વસ્તુને જાણતા એ અર્થ અને એના ભાવને જાણવું એ તત્ત્વ. તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં આવે છેને? તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. આવે છેને સૂત્રો? એનો અર્થ એ થયો કે દ્રવ્ય, ગુણ અને પર્યાય એ અર્થ છે અને એનો તત્ત્વ નામ ભાવ. દ્રવ્યનો શું સ્વભાવ? ગુણનો શું સ્વભાવ? પર્યાયનો શું સ્વભાવ? એ તત્ત્વાર્થ. અર્થ તેનું તત્ત્વ તેનું જ્ઞાન અને તેની શ્રદ્ધા. આહા..હા..! આવી વાતું.

'**વિશ્વને પ્રકાશવામાં સમર્થ...**' આહા..હા..! ત્રણ વાર આવ્યું. '**વિશ્વનો પ્રકાશક હોવાથી વિશ્વસમય...**' બે ત્યાં નામ આવ્યા, ત્રીજું અહીં આવ્યું. '**વિશ્વને પ્રકાશવામાં સમર્થ...**' કોણ? એવો પરમાર્થભૂત ભગવાન આત્મા અંદર. આહા..હા..! એ તો સ્વપરને જાણવાના સ્વભાવવાળું જ તત્ત્વ છે, પરને પોતાનું માનવું એ એના સ્વરૂપમાં નથી. આહા..હા..! પર મારા છે, રાગ મારો છે, શરીર મારું એવો મિથ્યાત્વભાવ એ ભાવ પદાર્થમાં નથી. આહા..હા..! પર્યાયમાં ઊભો કરેલો.. આહા..હા..! ભાવ છે. એને કહે છે કે '**(આ શાસ્ત્રને) અર્થથી...**' પદાર્થથી, દ્રવ્યથી અને તત્ત્વ નામ ભાવથી '**જાણીને,...**' આહા..હા..! જાણવાના તો દ્રવ્ય અને ગુણ બેયને જાણવા જોઈએ એમ કહે છે. સમજાણું? એ ભાવમાં પર્યાય પણ આવી ગઈ. આહા..હા..! દ્રવ્યને જાણવું, ભાવને જાણવું. ભાવમાં ગુણ અને પર્યાય બંને આવ્યા. ભાવમાં બે આવ્યા અને અર્થ દ્રવ્ય. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત. પર્યાય હજી કોણ એની ખબર ન મળે. ત્રિકાળી ભાવ અને તેની વર્તમાન પર્યાયરૂપ ભાવ. અર્થથી અને ભાવથી તેને જાણીને. આહા..હા..! સમજાણું કાંઈ? કારણ કે 'જાણીને' જાણવું એ પર્યાય છે. 'જાણીને' એ પર્યાય છે અને 'જાણીવું' છે એ દ્રવ્ય અને ગુણ ભાવ છે.

તો એમાં પર્યાયનું જ્ઞાન પણ સાથે ભેગું આવી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અર્થથી અને તત્ત્વથી...'** એટલે દ્રવ્ય અને ભાવથી, એટલે પદાર્થ અને શક્તિથી **'જાણીને, તેના જ અર્થભૂત ભગવાન એક પૂર્ણવિજ્ઞાનઘન...'** બેયને જાણ્યા, હવે એનો અર્થભૂત દ્રવ્ય જે વસ્તુ છે... ભાવને જાણવો. દ્રવ્યને, ભાવને જાણવું, પણ જાણીને ઠરવું શેમાં? આહા..હા..! આવી વાત છે. **'તેના જ અર્થભૂત ભગવાન એક...'** છે પાઠ? ભગવતી સ્વરૂપ છે. એ ભાઈએ કીધું ભગવતી એટલે ભગવાનમા લેવું છેને એટલે ભગવતી. ભગવાનમા, એમ કહે છેને. ભગવાન એક પૂર્ણ વિજ્ઞાનઘન, ભગવાન એક પૂર્ણ વિજ્ઞાનઘન. આહા..હા..! એ જ્ઞાનનો પૂંજ પ્રભુ વિજ્ઞાનઘન એકલો જ્ઞાનનો ઢગલો. પૂંજ એટલે ઢગલો. આહા..હા..! એ વિજ્ઞાન પૂર્ણ, વિજ્ઞાન પૂર્ણ, વિજ્ઞાનઘન એવો સમૂહ. આહા..હા..! એવા **'પરમબ્રહ્મમાં...'** એ પૂર્ણ વિજ્ઞાનઘન એ પરમબ્રહ્મમાં. આહા..હા..! એ પરમબ્રહ્મ જેમાં અનંતા... અનંતા... અનંતા... અનંતા... ચૈતન્યરત્નના ગુણ ભર્યા છે એ તત્ત્વ ભાવ. આહા..હા..! એને જાણીને ઠરવું ક્યાં? ભાવમાં ઠરવું નથી. આહા..હા..! ગુણી અને ગુણનો ભેદ છે એ. ઠરવું છે દ્રવ્યમાં, જવું છે વસ્તુમાં. આહા..હા..! જાણવું ત્રણેને. દ્રવ્ય-ગુણ-પર્યાય એટલે દ્રવ્ય અને ભાવ, પણ ઠરવું છે દૃષ્ટિ ક્યાં મૂકવી છે? કહે છે. આહા..હા..! છે? અર્થભૂત ભગવાન એક. અર્થ પદાર્થ વસ્તુ. દ્રવ્યભૂત. દ્રવ્ય છતી ચીજ જે છતી, છતી ચીજ અર્થ. છતો પદાર્થ ભગવાન એક પૂર્ણ વિજ્ઞાનઘન. આહા..હા..! શબ્દો તે શબ્દો છેને!

**'તેના જ...'** તેના એટલે? દ્રવ્ય, અર્થ અને ભાવને જાણીને તેના જ અર્થમાં એમ. **'ભગવાન એક પૂર્ણવિજ્ઞાનઘન પરમબ્રહ્મમાં...'** છેને? સંસ્કૃતમાં **'परमब्रह्मणि'** છે. ભાઈએ એમ કીધું કે **'परमब्रह्मणि'** કેમ? કે 'એમાં' એમ. ભગવતી કેમ? કે ભગવાનમાં. **'परमब्रह्मणि'** કેમ? કે પરમબ્રહ્મમાં. એમ ભાઈને પૂછયું હતું હિંમતભાઈને. પાઠમાં ભગવતી છે અને અર્થમાં ભગવાન કેમ કર્યો? પાઠમાં **'परमब्रह्मणि'** છે અને અર્થમાં પરમબ્રહ્મ છે. એ **'परमब्रह्मणि'** પરમબ્રહ્મમાં. આહા..હા..! **'એક પૂર્ણવિજ્ઞાનઘન...'** જોયું! ભેદ નહિ કહે છે. આહા..હા..! આ દ્રવ્ય અને આ ભાવ એવા બે ભેદ નહિ. આહા..હા..! એક સ્વરૂપ ભગવાન પૂર્ણ બ્રહ્મ ભગવાન આત્મા. આહા..હા..! એક સારું શાક થાય ત્યાં રાજી રાજી થઈ જાય. ભજીયા ભજીયા ઘીમાં તળેલા હોય, તેલમાં તળેલા તો ઠીક પણ ઘીમાં તળેલા અને પુરી હોય ઘઉંની ઘીમાં તળેલી. પુરી અને ભજીયા ખાતો હોય. આહા..હા..! ભગવાન! પણ એ તો તું ખાવાની ક્રિયા એ કાંઈ તારી નથી, એ તો જડની છે. ફક્ત તેમાં તને રાગ આવ્યો એને તું ખા છો—એને અનુભવે છો. પણ એ રાગતત્ત્વ એ કાંઈ તું (આત્મ) તત્ત્વ નથી એમ કહે છે. એ તો આસ્રવતત્ત્વ છે. આહા..હા..! એનાથી ભિન્ન ભગવાન આત્મતત્ત્વ પૂર્ણ વિજ્ઞાનઘન. આહા..હા..! પરમબ્રહ્મ. એને ને એને પરમબ્રહ્મ કીધો.

એમાં **'સર્વ ઉદ્યમથી...'** ભાષા દેખો! પાઠમાં **'सर्वारम्भेण'** છે. **'सर्वारम्भेण'** સર્વ

પુરુષાર્થથી. જે પર્યાયમાં પુરુષાર્થ પર તરફ ગતિ કરે છે... આહા..હા..! એ પુરુષાર્થને આખા સર્વ પુરુષાર્થથી અંદરમાં વાળ. આવી વાતું છે, બાપુ! આહા..હા..! આ તો અવલદોમની વાતું છે. આહા..હા..! સંસારનો અભાવ અને મોક્ષનો ભાવ એની વાતું છે. આહા..હા..! આ ભણતર વિજ્ઞાનનું વિજ્ઞાન છે આ તો. આહા..હા..! આ દુનિયામાં બધે ભણે છેને બહારના. થોથા ને થોથાને. ૧૦-૧૦ હજારના પગાર ને ૨૫-૨૫ હજારના પગાર ને આ બધા મજૂર છે મોટા. અજ્ઞાનના ભણતરમાં ગોથા ખાઈ ગયા.

આવો પરમબ્રહ્મ ભગવાન એમાં એમ કહે છે. '**परमब्रह्मणि**' છેને? એ પૂર્ણ વિજ્ઞાનઘન, પરમબ્રહ્મ એમાં સર્વ પુરુષાર્થથી વળ. સર્વ પુરુષાર્થથી તેને જાણ અંદર. આહા..હા..! તારા વીર્યની ગતિ જે પરમાં રોકાઈ ગઈ છે એ વીર્યને અંતરમાં પૂર્ણ પુરુષાર્થથી... આહા..હા..! '**સર્વ ઉદ્યમથી સ્થિત થશે,...**' આહા..હા..! જે કોઈ '**પરમબ્રહ્મમાં...**' અર્થભૂત ભગવાન એક પૂર્ણ વિજ્ઞાનઘન. આહા..હા..! આવું એક સ્ત્રીનું શરીર, બાળકનું શરીર ને આ વૃદ્ધનું શરીર એને જોવે છે, પણ એ અંદરમાં ભગવાન છે, એ પૂર્ણ બ્રહ્મ આનંદકંદ પોતે પડ્યો છે. આહા..હા..! પરમાત્મસ્વરૂપ પોતે બિરાજે છે. એવા પરમાત્મસ્વરૂપમાં, વિશ્વના પ્રકાશક સ્વરૂપમાં. આહા..હા..! '**સર્વ ઉદ્યમથી સ્થિત થશે,...**' સર્વ પુરુષાર્થથી સ્થિત થશે. ત્યારે કોઈ કહે કે પણ આમાં પુરુષાર્થથી (સ્થિત થવાનું કહો છો, તો) નિયત જે સમયે થવાનું હોય એ થાય એમાં પુરુષાર્થ ક્યાં આવ્યો? એ જે સમયે થવાનું થાય એ પુરુષાર્થથી થાય છે, ઊંધુ કે સવળું. સમજાણું કાંઈ? આહા..હા..! અહીંયાં તો એને એ પોતાના પુરુષાર્થથી અંદર વાળ કહે છે. આહા..હા..! મોટું આવ્યું છે લખાણમાં કે ત્યાં તો નિયતવાદ છે. નિયતવાદથી પુરુષાર્થ કાંઈ રહેતો જ નથી કરવાનો. અરે! પ્રભુ! શું કહે છે તું? ભાઈ! આહા..હા..!

એ તો ૭૨ની સાલની વાત છે. ૬૧ વર્ષ થયા. ૭૨ની સાલનો ફાગણ માસ હતો. ૭૨-૭૨ તમારા જન્મ પહેલાંની વાત છે. કેટલા વર્ષ થયા? ૪૯. આ તો ૭૨ની સાલની વાત છે. એ અમારા ગુરુભાઈ સંપ્રદાયના હતા એ એમ કહ્યા કરતાં. ૭૦માં દીક્ષા. બે વર્ષ સાંભળ્યું. ભગવાને દીઠું એમ થાશે, આપણે પુરુષાર્થ શું કરીએ? કેવળી ભગવાને દીઠું તે દિ' પુરુષાર્થ થશે, આપણે પુરુષાર્થ શું કરીએ? એમ બે વર્ષ તો સાંભળ્યું. નવ દીક્ષીતને, નાની ઉંમર. પછી એ વાત ઉખેળી એક ફેરી રાતે સાંજના. કીધું આ તમે જે કહો છો કે ભગવાને દીઠું એ થાશે. એમાં ભગવાન જગતમાં છે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે છે એવા કેવળજ્ઞાનની હયાતી જગતમાં છે, એણે દીઠું પછી વાત, પણ એની સત્તા છે એનો સ્વીકાર છે એને? સમજાણું કાંઈ? બરાબર છેને? મોટી તકરાર ચાલી હતી. એક દિ' છોડી દીધો હતો સંપ્રદાય આખો. ગુરુ-બુરુને છોડી (દીધા). ૭૨ના ફાગણ સુદ ૧૪ની વાત છે. આહા..હા..! એ કહે છે કે ભાઈ! સર્વજ્ઞ સર્વજ્ઞ જગતમાં એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક જ્ઞાનની એક સમયની પર્યાય અનંતા કેવળીને, અનંતા નિગોદને જાણે. એ જાણવાની

સત્તા જગતમાં છે, એવું અસ્તિત્વ છે એનો સ્વીકાર છે? પછી દીઠું એ થાય. ભભુતભાઈ! એ જેણે સ્વીકાર્યું કે એક સમયમાં આવા જગતમાં પરમાત્મા છે, એનો સ્વીકાર કરનારની જ્ઞાયકની દૃષ્ટિ, જ્ઞાન ઉપર પેસી જાય કીધું. એ જ્ઞાયક-બાયક હતું નહિ તે દિ' હજી. સમજાણું કાંઈ? આ તો ૭૨ની સાલની વાત છે. આહા..હા..!

જે પર્યાય આટલી મોટી... આહા..હા..! સમય એક, જાણે ત્રણકાળ, એટલી એક ગુણની એક પર્યાય. એવા અનંતા ગુણની પર્યાયમાં એક ગુણની એક પર્યાય. ભાઈ! પ્રવિણભાઈ! ભાઈ! એ પર્યાય આવડી જગતમાં સત્તા છે એના હોવાપણાનો સ્વીકાર એ સ્વરૂપની દૃષ્ટિ કરે ત્યારે એના હોવાપણાનો સ્વીકાર થાય. સમજાણું કાંઈ? એ જ્ઞાનસ્વરૂપ ભગવાન છે. એમાં એનો નિર્ણય કરે જ્ઞાનમાં. એ તો પુરુષાર્થ આવી ગયો. મોટા વાંધા કાંઈક બિચારા. સંપ્રદાયની વાતમાં કાંઈ (નહોતું). બિચારા હતા અમારા ગુરુ સંપ્રદાયના વૈરાગી, કષાય મંદ, નિર્દોષ આહાર-પાણી લે, એને માટે કરેલું પાણીનો બિંદુ લે નહિ. એવી ક્રિયા સખત ક્રિયા. શાંત હતા ગુરુ. પણ આ વસ્તુ નહોતી ત્યાં. આહા..હા..! એણે તો કબુલ્યું કે વાત સાચી છે આ. કાનજીની વાત સાચી છે. પણ ઓલા વસ્તુના નિર્ણયની ખબર નહિ એટલે બીજે દિ' પાછો પક્ષ લેવા ગયા મારો, પણ અરે! મુળચંદજી! પાળિયાદ છે પાળિયાદ બોટાદ પાસે. મૂળચંદજી! તું આમ માને છે ત્યાં પાંચ સમવાય સિદ્ધ થશે. જે કાળે થવું હોય એ થાય એ ... આહા..હા..! એ પણ ખબર નહિ. આહા..હા..! મૂળ ચીજ ઉપરથી દૃષ્ટિ જ ખસી ગઈ છે. બધી વાતું બહારની રહી ગઈ. આ કરો ને આ કરો ને આ કરો.

અહીં કહે છે કે જ્યાં ભગવાન પૂર્ણ પરમબ્રહ્મ. અહીં તો વસ્તુની વાત કરે છે. જ્યારે સર્વજ્ઞ પર્યાય જગતમાં છે એ દ્રવ્યની પર્યાય છેને? એ દ્રવ્યનો નિર્ણય કરે ત્યારે પર્યાયનો નિર્ણય યથાર્થ થાય એને. પ્રવિણભાઈ! આવી વાતું છે, ભાઈ! શું કરીએ? એક પ્રશ્ન એ ઉઠાવ્યો હતો આજે કોકે શાસ્ત્રીએ કે ભાઈ આ કાનજીસ્વામી મહાવિદેહમાંથી સમકિત લઈને આવ્યા છે, તો માણસ મરીને માણસ સમકિતી થાય? એવો પ્રશ્ન ઉઠાવ્યો છે. આ શ્રીમદ્‌ને માટે એમ કહે છેને કેટલાક એના ભક્તો. શ્રીમદ્ મહાવિદેહમાં ગયા છે અને મહાવિદેહમાં કેવળજ્ઞાનપણે વિચરે છે, પણ મનુષ્ય મરીને મનુષ્ય સમકિતી થાય જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! મિથ્યાત્વમાં આવે તો મનુષ્ય મરીને મનુષ્ય થાય. આહા..હા..! સમજાણું? આહા..હા..!

અહીં તો કહે છે કે આવો જે ભગવાન પૂર્ણ વિજ્ઞાનઘન પરમબ્રહ્મ એમાં સર્વ પુરુષાર્થથી પોતાના વીર્યથી, પોતાના બળથી, પોતાના સામર્થ્યથી એમ કહ્યું. એમ કહીને શું કહ્યું? કે કર્મ માર્ગ આપે તો આ પુરુષાર્થ થાય એવું છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**સર્વ ઉદ્યમથી સ્થિત થશે,...**' પોતાના પુરુષાર્થથી દ્રવ્ય તરફ ઢળશે. કાંતિભાઈ! આવી વાતું, ભાઈ! આહા..હા..! અરે! ત્રણલોકના નાથ પરમાત્મા અનંત તીર્થંકરોનું આ સ્વરૂપ છે. એને

વાડામાં મળે નહિ. વાતું બહારની ક્રિયાકાંડની કરી, દયા પાળી, વ્રત કર્યા અને અપવાસ કર્યા, થઈ ગયા ધર્મ. બાપુ! એ મારગડા જુદાં, પ્રભુ! આહા..હા..! અર્થ અને તત્ત્વથી જાણીને. શાસ્ત્રથી. જાણવું તો બેય કહે છે. અર્થ-દ્રવ્ય અને તત્ત્વ-ભાવ. જાણીને પરમબ્રહ્મ ભગવાન સ્વરૂપ એમાં ઠરવું. આહા..હા..! ત્યાં દૃષ્ટિ મૂકવી. આ તે કાંઈ વાત છે ઈ? વાતે વડા થાય એવું છે ત્યાં? આહા..હા..! છે?

**'સર્વ ઉદ્યમથી સ્થિત થશે,...'** પુરુષાર્થથી સ્થિત થશે. આહા..હા..! જે પુરુષાર્થ રાગમાં અને પુણ્ય-પાપના દયા, દાન કે કામ, ક્રોધમાં પુરુષાર્થ ચાલ્યો જાય છે... આહા..હા..! એ પુરુષાર્થ તો નપુંસક વીર્ય છે. આહા..હા..! પણ જે આત્મબળ અને વીર્યબળ અનંતબળ છે એમાં. એની અનંતી અનંતબળની એક સમયની અનંત વીર્યપર્યાય... આહા..હા..! એને સર્વ આરંભથી, સર્વ પુરુષાર્થથી, સર્વ પૂરા ઉદ્યમથી. આહા..હા..! આવો માર્ગ છે, બાપુ! ખબર પણ નથી એને તો હવે શું કરવું? **'સર્વ ઉદ્યમથી સ્થિત થશે, તે આત્મા,...'** આહા..હા..! ચિદ્‌ઘન, વિજ્ઞાનઘન પૂર્ણ એવું જે દ્રવ્યસ્વરૂપ પરમબ્રહ્મ. એટલે જ્ઞાન અને આનંદ સાથે બધું લઈને પૂર્ણ વિજ્ઞાનઘન પરમબ્રહ્મ, પરમ આનંદસ્વરૂપ. આહા..હા..! એમાં જે વર્તમાન પુરુષાર્થથી અંદરમાં સર્વ પુરુષાર્થથી અંદર જશે, દ્રવ્યમાં જશે. આહા..હા..! જે પુરુષાર્થ પર્યાય અને રાગમાં છે, એ પર્યાયબુદ્ધિનો પુરુષાર્થ તે મિથ્યાત્વ છે. આહા..હા..! જે પુરુષાર્થ સર્વ પુરુષાર્થથી અંદરમાં ભગવાન દ્રવ્યસ્વભાવ એમાં સર્વ પુરુષાર્થથી સ્થિત થશે.

**'તે આત્મા, સાક્ષાત્ તત્ક્ષણ પ્રગટ થતા...'** આહા..હા..! એ વખતે સાક્ષાત્ તત્ક્ષણ પ્રગટ થતા **'એક ચૈતન્યરસથી ભરેલા...'** આહા..હા..! ભગવાન ચૈતન્યરસથી ભરેલો પ્રભુ, જેમાં રાગરસ નથી, પુણ્યરસ નથી. આહા..હા..! તેમ તેમાં પર્યાયનો ભેદરસ પણ નથી એમ કહે છે. **'એક ચૈતન્યરસથી ભરેલા સ્વભાવમાં...'** આહા..હા..! ગાથા તે ગાથા છેને! બરાબર ઠીક આવી ગયા તમે. છેલ્લી ગાથા ૪૧૫ સાર. કળશ ચડાવેને જેમ. આહા..હા..! **'સાક્ષાત્ તત્ક્ષણ પ્રગટ થતા...'** શું પ્રગટ થતું? **'એક ચૈતન્યરસથી ભરેલા સ્વભાવમાં સુસ્થિત...'** એક ચૈતન્યરસથી ભરેલો ભગવાન સ્વભાવ એમાં સુસ્થિત, સુસ્થિત—ભલી રીતે સ્થિત. આહા..હા..! **'અને નિરાકુળ હોવાને લીધે...'** એ સુસ્થિત હોવાને લીધે **'અને નિરાકુળ હોવાને લીધે...'** આહા..હા..! અતીન્દ્રિય આનંદમય હોવાને લીધે. એ પર્યાય હોં! આહા..હા..! **'(-આકુળતા વિનાનું) હોવાને લીધે જે (સૌખ્ય) પરમાનંદ...'** પરમ-આનંદ એવા **'શબ્દથી વાચ્ય...'** પરમાનંદ એ પરમાનંદ શબ્દથી વાચ્ય. પરમાનંદ એ શબ્દ છે, એનાથી વાચ્ય શું છે? અંદર પરમાનંદ, આમ સુસ્થિત થવાથી પરમાનંદ. આહા..હા..! પર્યાયમાં પરમાનંદરૂપે થઈ જઈશ તું. આહા..હા..! આવો માર્ગ, પ્રવિણભાઈ! શું થાય? લોકોએ બગાડી માર્યો અને એક તો હજી કેટલાકને તો દરકાર પણ નથી. સંપ્રદાયમાં પડ્યા એને સંપ્રદાયના ધર્મની દરકાર નથી. જાય પર્યુષણમાં કે આઠ દિન સાંભળવાને અને પછી તો

કાંઈ નહિ. ... આહા..હા..! કોક દિ' આવે. અરે! પ્રભુ! ભાઈ! આહા..હા..!

પરમબ્રહ્મ ભગવાન શબ્દ એ શબ્દબ્રહ્મથી કહેવાયેલો એને જાણીને '**સુસ્થિત...**' દ્રવ્ય સ્વભાવ, વસ્તુસ્વભાવ તેમાં સુસ્થિત-ભલી રીતે સ્થિત થયો. આહા..હા..! રાગ અને પુણ્ય-પાપમાં હતો એ તો આકુળતાના દુઃખમાં સ્થિત હતો. આ તો સુસ્થિત થયો ભગવાન આત્માના ભાવમાં, આનંદમાં. આહા..હા..! '**પરમાનંદ શબ્દથી વાચ્ય છે,...**' એ અંદર પરમાનંદરૂપે પરિણમી જશે કહે છે. એ પરમાનંદ, પરમાનંદ શબ્દથી વાચ્ય છે. પરમાનંદ એ વાચક છે અને પરમાનંદ ભાવ તે તેનું વાચ્ય છે. સાકર શબ્દ તે વાચક છે અને સાકર પદાર્થ તે વાચ્ય છે. એ શબ્દ બતાવે કે આ સાકર. આહા..હા..! '**જે 'પરમાનંદ' શબ્દથી વાચ્ય છે,...**' ગજબ છેને. આહા..હા..! '**ઉત્તમ છે...**' ઉત્તમ દ્રવ્ય સ્વભાવમાં સ્થિત થશે તેને. આહા..હા..!

''**પરમાનંદ' શબ્દથી વાચ્ય છે,...**' અને ઉત્તમમાં ઉત્તમ પરમાનંદની પર્યાય છે '**અને અનાકુળતા લક્ષણવાળું છે...**' એ અનાકુળ લક્ષણવાળો આનંદ છે. આહા..હા..! '**એવા સૌખ્યસ્વરૂપ પોતે જ થઈ જશે.**' આહા..હા..! જે દ્રવ્યસ્વભાવ પરમાનંદસ્વરૂપ છે, દ્રવ્યસ્વભાવ પદાર્થ પ્રભુ પરમાનંદસ્વરૂપ છે, તેમાં સર્વ પુરુષાર્થથી સુસ્થિત થશે કે જેમાં આકુળતા નથી અને જે શબ્દો પરમાનંદથી, વાચ્યથી પરમાનંદ જણાય એવા પરમાનંદના ભાવપણે એ પરિણમી જશે. આહા..હા..! સંસારભાવપણે જે પરિણમ્યો છે એ છૂટી જઈને પરમાનંદરૂપે થઈ જશે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી ક્યાં વાત! આ તો મંદિર કરો, ભક્તિ કરો, પૂજા કરો થઈ રહ્યું. છેને દોઢ દોઢ મહિનાના ઉપધાન થાય છેને આ શ્વેતાંબરમાં થાય છે.

**શ્રોતા** :- મંદિરના ઉદ્‌ઘાટનમાં આપ પણ પધારો છોને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉદ્‌ઘાટન થઈ ગયું છે. મદ્રાસનું છે. એ ભાવ હોય શુભ, પણ એ કાંઈ વસ્તુ ધર્મ નહિ. એ વચ્ચે ભાવ પૂર્ણ ન હોય ત્યાં આવે.

**શ્રોતા** :- ધર્મ ન હોય એવો ભાવ આવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આવે, આવ્યા વિના રહે નહિ. પરમાનંદની પૂર્ણ દશા નથી ત્યાં અપૂર્ણ આનંદના ટાઈમમાં એને દુઃખનો, રાગનો ભાવ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! આવી વાત છે. ભાષા તો સાદી છે. ભાવ તો સાદો, ભાવ પણ સાદો છે. રાગના ઉપાધિ વિનાનો ભાવ છે એ. આહા..હા..!

તારો નાથ તો અંદર બિરાજે છેને, એ નાથમાં જાને, ભાઈ! આહા..હા..! તું ઉત્તમ આનંદરૂપે પરિણમી જઈશ. સુખ પામશે એમ પણ ન કહ્યું. તને આનંદરૂપી પરમાનંદ શબ્દથી પરમાનંદ જે વાચ્ય છે એ રૂપે તું થઈ જઈશ. વસ્તુમાં સુસ્થિતપણે રહીને... આહા..હા..! અનાકુળ આનંદમય થઈ જઈશ તું. આહા..હા..! કારણ કે અનાકુળ આનંદ તારું સ્વરૂપ છે અને એના સ્વરૂપમાં સ્થિત થવાથી તારી દશામાં અનાકુળ આનંદરૂપે તું થઈ જઈશ. આહા..હા..! અતીન્દ્રિય આનંદના શેરડા તને આવશે. આહા..હા..! એ અતીન્દ્રિય આનંદનો ધારા પ્રવાહ

ભગવાન પૂર્ણાનંદમાંથી પ્રગટ થશે. આહા..હા..! શું કહે છે આવી વાત! પાછું સાધન વ્યવહાર છે એ અહીં ન આવ્યું. એ તો દ્રવ્યસ્વભાવમાં પૂર્ણ પુરુષાર્થથી સ્થિત થતાં તે આનંદરૂપે થઈ જશે. વ્યવહાર કરતાં-કરતાં થાશે, દયા, દાન ને વ્રત ને ભક્તિ કરતાં થશે એમ આમાં તો વાત પણ આવી નહિ, ગંધેય નહિ. આહા..હા..! ભાઈ! મારગડા એવા છે, પ્રભુ! આહા..હા..!

'**એવા સૌખ્યસ્વરૂપ...**' સૌખ્યસ્વરૂપ. ત્રિકાળીસ્વરૂપ છે તેમાં ઠરતાં વર્તમાન સુખસ્વરૂપ '**પોતે જ થઈ જશે.**' એટલે કે એને રાગના સહારાની (જરૂર નથી). બીજી રીતે કહીએ તો પૂર્વની પર્યાયના સહારાની પણ જેને જરૂર નથી. આહા..હા..! પોતે જ પૂર્ણાનંદરૂપે થઈ જશે. એમ લીધું છેને? કે પૂર્વે માર્ગ હતો માટે થશે એમ પણ નહિ અહીં તો. આહા..હા..! શું એની શૈલી! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ... આહા..હા..! એવો સુખસ્વરૂપ સ્વયં જ થઈ જશે. છેને? '**स्वयमेव**' શબ્દ છે જુઓ, '**स्वयमेव**' એટલે પોતે જ. '**एव**'નો અર્થ જ કર્યો. સ્વયં '**પોતે જ થઈ જશે.**' આહા..હા..! કેમ બેસે? આહા..હા..! બે-પાંચ હજાર પેદા થાય ત્યાં લાપસીના આંધણ કરો આજે. એટલે બાયડીને ખુશી થાય કે જો આજ પાંચ હજાર પેદા થયા છે. આજે તારે માટે પાંચસોનો સાડલો, હજારનો સાડલો લઈ આવ્યો. આવું થાય છેને. આહા..હા..! પાંચ-પાંચ હજારના સાડલા કરે. લાખ-બે લાખની પેદાશ થઈ ગઈ હોય એક દિવસે. પાંચ-પાંચ હજારનો સાડલો (લાવે). બાયડી કહે શું રળ્યા તમે? અરે! શું કહીએ? ઘણું રળ્યા. જુઓ, આ તારા માટે પાંચ હજારનો (સાડલો લાવ્યો છું). આહા..હા..! અને એ પાંચ હજારનો સાડલો છોકરાની વહુને પહેરાવે અને બહાર નીકળે. બીજાની નજરું પડે, ત્યાં આ માને કે મારો સાડલો વહુને પહેરાવ્યો તો મારી આબરૂ બહાર પડે છે. બહાર પડે છે હોં. આહા..હા..! અહીં કહે, પ્રભુ! ત્રણલોકના નાથ તું ખુશી અંદર થઈ જાને. આહા..હા..! એમાં સ્થિત થતાં તું પરમાનંદરૂપે થઈ જઈશ એવું એનું સ્વરૂપ છે. આહા..હા..! લ્યો વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૧૧, સોમવાર, તા. ૦૬-૧૨-૧૯૭૭, ગાથા-૪૧૫, પ્રવચન નં. ૫૩૧

સમયસાર, ૪૧૫ ગાથાનો ભાવાર્થ. છેલ્લી ગાથા છે આ. '**આ શાસ્ત્રનું નામ સમયપ્રાભૃત છે.**' એટલે? સમય એટલે પદાર્થ અથવા સમય એટલે આત્મા-બેય અર્થ થાય છે. એ આત્મા

**'તેનું કહેનારું આ શાસ્ત્ર છે.'** અંતર આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ વસ્તુનો સ્વભાવ તેને બતાવનારું આ શાસ્ત્ર છે. **'વળી આત્મા તો સમસ્ત પદાર્થોનો પ્રકાશક છે.'** આ આત્મા છે એનું સ્વરૂપ તો સમસ્ત પદાર્થ જે પોતે અને પર બધાને જાણનારો પ્રકાશક છે. એમ કહેવામાં કોઈ પદાર્થનો એ કર્તા છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! જે અનંત આત્માઓ છે, અનંત પરમાણુઓ છે એ બધાનો સ્વપરપ્રકાશક છે. પરના અસ્તિત્વમાં પોતે નથી અને પોતાના અસ્તિત્વમાં પર નથી. ઝીણી વાત બહુ. અનંતકાળથી એણે આત્મા શું ચીજ છે, વીતરાગ પરમેશ્વર આત્મા કોને કહે છે એને જાણવાનો પ્રયત્ન જ કર્યો નથી. આહા..હા..! બધું જાણ્યું સંસારના બધા વકીલાતના, ડૉક્ટરના, આ ઉદ્યોગપતિ. પોપટભાઈના વખાણ બહુ આવ્યા છે. પત્ર નીકળે છે કોક ચેતન કરીને ઝાલાવાડનો. ખૂબ લખાણ. ઉદ્યોગ કર્યો, આમ કર્યું ને તેમ કર્યું ને પૈસા ભેગા કર્યા. બાપુ! એ ચીજ શું છે? આહા..હા..!

અહીંયાં કહે છે કે આ આત્મા જે છે આ દેહના પરમાણુ આ તો માટી છે, ધૂળ. એનાથી એનો જાણનાર અંદર ચૈતન્યતત્ત્વ ભિન્ન છે. એ ચૈતન્યતત્ત્વ છે એ શરીરરૂપે નથી, પરરૂપે નથી, ખરેખર એ તત્ત્વ છે એ પુણ્ય અને પાપના ભાવરૂપે પણ નથી વસ્તુ છે એ, પર્યાયમાં છે એ જુદી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવો જે ચૈતન્ય ભગવાન અંદર આત્મા, જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમેશ્વરે જોયો, જાણ્યો અને કહ્યો એવો જે આત્મા એ તો વિશ્વનો પ્રકાશક છે. વિશ્વ નામ સમસ્ત પદાર્થ તેનો એ જાણનાર છે. એ વિશ્વ નામ સમસ્ત આત્મા સિવાય બીજા પદાર્થ એનો એ કરનારો નથી, રાખનારો નથી, છોડનારો નથી. આહા..હા..! એ તો ચૈતન્યના પ્રકાશનું પૂર છે, પ્રભુ! આહા..હા..! ચૈતન્ય શીતળ, ચંદ્ર જેમ છે એમ શીતળ શાંત ચૈતન્યરસ એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. આહા..હા..!

એ આત્મા તેને કહેનારું.. છેને? **'સમસ્ત પદાર્થોનો પ્રકાશક છે. આવા વિશ્વપ્રકાશક આત્માને કહેતું હોવાથી...'** આહા..હા..! ચૈતન્ય પોતે પોતાને જાણે અને પરને જાણે, એવો એનો સ્વભાવ જ ત્રિકાળી છે. એવો વિશ્વપ્રકાશક ભગવાન આત્મા એને કહેનારું આ શાસ્ત્ર હોવાથી. છે? **'કહેતું હોવાથી આ સમયપ્રાભૃત શબ્દબ્રહ્મ સમાન છે;...'** શબ્દબ્રહ્મ સમાન છે. એટલે શું કહ્યું? કે સમસ્ત પદાર્થને આ ભગવાન આત્મા જાણવાના સ્વભાવવાળો છે તો એને કહેનારા શબ્દો પણ શબ્દબ્રહ્મ બધાને કહેનારા છે. આ બધાને જાણનાર છે, ત્યારે શાસ્ત્ર બધાને કહેનારા છે. આહા..હા..! એથી એને શબ્દબ્રહ્મ કહીએ આ શાસ્ત્રને. આત્મા પરમબ્રહ્મ, સ્વને-પરને પ્રકાશકની મૂર્તિ પ્રભુ એને કહેનારું હોવાથી શબ્દોને શબ્દબ્રહ્મ, પૂર્ણ શબ્દોને, પૂર્ણ વસ્તુને કહેનારું હોવાથી એને શબ્દબ્રહ્મ કહીએ. આત્માને આનંદ પ્રજ્ઞાબ્રહ્મ કહીએ. આવી વાતું!

ભગવાન અંદર આત્મા જે છે એ પ્રજ્ઞા-જ્ઞાનબ્રહ્મ અને આનંદસ્વરૂપ છે, ત્યારે આ શબ્દો છે એ શબ્દબ્રહ્મ છે. પરમબ્રહ્મને કહેનારું હોવાથી એ શબ્દોને શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે.

આહા..હા..! સાકર શબ્દને.. સાકર શબ્દ સાકરને બતાવે છે કે આ સાકર. એ સાકરના શબ્દો સાકરમાં નથી, સાકર જે પદાર્થ છે એ સાકરના શબ્દમાં નથી. છતાં એ શબ્દો સાકર, એ વાચ્ય જે સાકર એને બતાવે છે. એમ આ શબ્દો છે એમાં આત્મા નથી અને આત્મામાં શબ્દો નથી, પણ શબ્દો પૂર્ણ બ્રહ્મ આત્માને પ્રકાશે છે, માટે તેને શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે. આવી વાત હવે. આવો કેવો ઉપદેશ આવો તે? આહા..હા..! અરે! એણે જાતને જાણવાનો પ્રયત્ન કદી કર્યો નથી. મરી ગયો ચોર્યાસીના અવતાર કરી કરીને. આહા..હા..! ભગવાન તો સ્વપરનો પ્રકાશક છે, એને ઠેકાણે રાગ અને પરનો કર્તા માની (રખડી રહ્યો છે). આ બધું શું કરવા કહેવાય છે? પૂછયું હતું સવારમાં મેં, કે ભાઈ આ પગ છે એ ચાલે છે એ આત્મા ચલાવતો નથી. અરે! કેમ બેસે એને? આહા..હા..! કેમકે પોતે તો સ્વપરપ્રકાશક છે, પગને જાણનારો છે. સ્વને જાણનાર અને પગને જાણનારો છે. એ પગની ક્રિયા કરી શકે એવો એ આત્મા નથી. આહા..હા..!

**શ્રોતા :-** પરનું ન કરી શકે એ તો પાંગળો કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાંગળો જ છે પરને માટે. પાંગળો કહ્યો છે પરમાત્મપ્રકાશમાં. આહા..હા..! અરે! એને ખબરું ક્યાં છે? આ અંદર ભગવાન કોણ છે અંદર સ્વરૂપ. જેને પરમેશ્વરે ભગવાન કરીને તો સંબોધ્યો છે. આહા..હા..!

**શ્રોતા :-** તો ભગવાનને પાંગળો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પાંગળો પરને માટે પાંગળો. સ્વને માટે સ્વપરપ્રકાશક પૂરો. સ્વપરનો પ્રકાશક છે પણ પરનો કર્તા નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! આ દાખલો આપ્યો હતોને કે ભાઈ કે આ પગ ચાલે છેને, એ પગ જમીનને અડતો નથી. શું કહે છે? કદી સાંભળ્યું નથી એણે. એટલે શું? કે પરમાણુનો ઉપાદાન જે સ્વભાવ છે એને ઓલો અડતો નથી નિમિત્ત. એ ઉપાદાનની સ્વતંત્ર પર્યાયની સ્વતંત્રતાને પ્રસિદ્ધ કરે છે. એને જાણનારો આત્મા છે. આત્મા એમ જાણે છે કે આ પગ છે એ ચાલે છે એની પર્યાય એનાથી થાય છે એમ જ્ઞાન જાણે છે. એ પગ પૃથ્વીને અડીને ચાલે છે, પૃથ્વીને અડીને પગ ચાલે છે એમ જ્ઞાન જાણતું નથી. અરેરે! આવી વાતું ભાઈ! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર... એ કહેવાનો આશય એ હતો, દરેક ભાષા જે બોલાય છે એ આત્માથી નહિ. એ જડ છે ભાષા તો અવાજ છે, પરમાણુ છે. એ પરમાણુને પ્રકાશવો અને સ્વને પ્રકાશવો એવો સ્વભાવ છે, પણ એ પરમાણુની પર્યાયને કરે એવો એનો સ્વભાવ નથી. આહા..હા..! આકરું કામ ઘણું વીતરાગના માર્ગને સમજવો. પરમેશ્વર ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ તીર્થંકર એની વાણીમાં શું છે અને એણે શું કહ્યું? એ બહુ ઝીણી વાત, બાપુ! લોકોમાં તો અત્યારે તો સ્થૂળતા થઈ ગઈ બધી જાડપ. આહા..હા..!

અહીંયાં કહે છે કે દરેક પરમાણુ અને દરેક આત્મા પોતાના દ્રવ્ય-ગુણથી, દ્રવ્ય એટલે

શક્તિનો સમૂહ, ગુણ એટલે શક્તિ-ગુણ અને પર્યાય એટલે એની અવસ્થા, એ પણે છે, એ પરપણે નથી, પર સ્વપણે નથી એમ જ્ઞાન પ્રકાશે છે. આહા..હા..! એટલે? કે આત્મા સ્વપરપ્રકાશક છે, પણ પરની દયા પાળી શકે એ આત્મા નહિ. આહા..હા..! કારણ કે પરનો આત્મા અને પરનું શરીર એ સ્વતંત્ર વસ્તુ છે. એમાં શરીરમાં કેટલો કાળ રહેવું એ પોતાની યોગ્યતાથી છે. શરીર પણ શરીરની યોગ્યતાથી ત્યાં રહ્યું છે, એને બીજો જીવ રાખે તો રહે એવું સ્વરૂપ નથી. આહા..હા..!

ભગવાન આત્માને એમ કહ્યું કે એ તો વિશ્વવ્યાપક-પ્રકાશક. વિશ્વવ્યાપક એટલે ભાષા વ્યાપક. આ વિશ્વપ્રકાશક. તો એ જગતની ચીજો છે જે રીતે જે પ્રકારે થઈને રહી છે, થઈને રહી છે, અવસ્થારૂપ થઈ અને ત્રિકાળપણે રહી છે. આવો ઉપદેશ ક્યાંનો હશે? ઓલું તો ઇચ્છામી પડિમા ઇરિયા વિરિયા.. તસ્સ મિચ્છામી દુક્કડમ એય..! કાંતિભાઈ! સહેલુંસટ હતું બિચારાને રખડવાનું. તસ્સઉતરી કરણેણં તાવકાયં ઠાણેણં જાણેણં.. કાંઈ ધૂળમાંય માલ નથી. એ તો ભાષા જડ છે અને એમાં બોલે એમાં વિકલ્પ આવે એ રાગ છે, એને જાણનારો આત્મા છે. આહા..હા..!

સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેન્દ્ર પરમાત્માનો આ હુકમ છે કે પ્રભુ! તું કોણ છો? કે તું તો સ્વ અને પરનો પ્રકાશક, વિશ્વપ્રકાશક તું છો. વિશ્વની કોઈ ચીજ આત્મા પર અને પરમાણુઓ એને તું ખાઈ શકે, પી શકે કે લઈ શકે કે દઈ શકે એ તારા સ્વરૂપમાં નથી. આહા..હા..! એ દેવાય અને લેવાય અને જે ક્રિયા થાય જડમાં જડની, આત્મામાં આત્માની. એને ભગવાન આત્મા તો સ્વપરપ્રકાશક હોવાથી વિશ્વપ્રકાશક છે. અહીં તો કહે કે જે ચાલે તે આત્મા અને પરની દયા પાળે તે આત્મા, બોલે તે આત્મા. અરે! ભગવાન! સાંભળ તો ખરો, ભાઈ! તારા તત્ત્વની તને ખબર છે નહિ. આહા..હા..! છેલ્લે તો ગજબ કરી નાખ્યું ૪૧૫ ગાથા કરીને. આહા..હા..! ભાઈ! તને ખબર નથી.

તારું સ્વરૂપ છે, સ્વરૂપ—સ્વ-પોતાનું રૂપ એ તો જ્ઞાનરૂપ છે. આહા..હા..! જાણવાના સ્વરૂપે પ્રભુ તો છે. આહા..હા..! એ વિશ્વપ્રકાશક આ અપેક્ષાએ કે જેટલી ચીજ છે પોતપોતાને કારણે... આહા..હા..! તેનો એ જીવ ભગવાન સ્વ અને પરનો પ્રકાશક હોવાથી તેને કહેનારા શબ્દોને પણ શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે. પૂરાને પ્રકાશે છે આત્મા, તેવા પૂરાને કહેનાર ભાષાને પણ પૂરી શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે. આહા..હા..! આવો ઉપદેશ વીતરાગ જૈનનો હશે આ તે? ભાઈ, અમે તો સાંભળ્યો નથી ૫૦-૬૦ વર્ષમાં ક્યાંય આ. અહીં તો દયા પાળો, વ્રત કરો અને અપવાસ કરો, એવું સાંભળીએ છીએ. આહા..હા..! ભાઈ! તને ખબર નથી,

પ્રભુ! વીતરાગે કહેલો આત્મા, સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે, એ સર્વજ્ઞ પર્યાયથી ત્રણકાળ, ત્રણલોક જાણ્યા અને કહ્યું એનો અર્થ એ થયો સર્વપ્રકાશક એટલે સર્વજ્ઞસ્વભાવી તું છો. તારું સ્વરૂપ જ સર્વજ્ઞસ્વભાવી છે. સર્વજ્ઞ, સર્વને જાણવું એ તારું સ્વરૂપ છે. આહા..હા..!

વિષયવાસના અને રાગાદિ આવે 'એ મારા છે' એ માનવું એ તારા સ્વરૂપમાં નથી, પણ તેને પ્રકાશવું તેના સ્વરૂપમાં શક્તિ ને સામર્થ્ય છે. આહા..હા..! આ તો આખો દિ' ધંધામાં મશગુલ રહે. લોઢા ફેરવે, આ ફેરવે. ભાઈ નથી આવ્યા? કાલે આવશે, નહિ? હસમુખ-હસમુખ. હસમુખ ક્યાં આવ્યો છે? નથી આવ્યા. કાલે આવવાના છેને ઓલા લોહી લેવા એટલે નથી આવ્યા આજે. આ તો એક લોઢાનો વેપાર યાદ આવી ગયો. આહા..હા..! કહે છે કે એ લોઢાનો, કાપડનો, કપાસનો, કરિયાણાનો વેપાર આત્મા કરી શકે એ આત્મા નહિ.

આત્મા તો પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ એને કહે છે કે હું એ સર્વજ્ઞ પર્યાયે થયો એ સર્વજ્ઞ પર્યાયમાં સ્વપરપ્રકાશકપણું આવ્યું, પણ એ આવ્યું ક્યાંથી? એ આત્મામાં સર્વજ્ઞ સ્વપરપ્રકાશક સ્વભાવ છે એમાંથી સર્વજ્ઞપણું આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું છે બાપુ! આ તો. આહા..હા..! તીર્થંકર પરમેશ્વર ત્રિલોકનાથ એનો પંથ કોઈ અલૌકિક છે. લોકને બિચારાને સાંભળવા મળ્યું નથી. વાડામાં પડ્યા એને મળ્યું નથી. અને તે આખો દિ' ૨૨ કલાક તો આ બાયડી, છોકરા ને ધંધો, પાપમાં પચ્યા હોય આખો દિ', છ-સાત કલાક ઉંઘમાં જાય, બે કલાક ખાવા-પીવા ને ભોગમાં જાય અને બે-ત્રણ કલાક છોકરા અને બાયડીને રાજી રાખવામાં જાય, એકાદ કલાક મળે સાંભળવાનું તો જ્યાં સાંભળવા જાય ત્યાં આવી ચીજ મળે નહિ. એને એમ કહે કે વ્રત કરો, અપવાસ કરો. હવે એ કરવું-કરવું એ તો રાગ છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે થયેલો રાગ એનો આ પ્રકાશક છે, સ્વપરપ્રકાશક, વિશ્વપ્રકાશક આત્મા છે. આહા..હા..! જુઓને સિદ્ધાંત મળી ગયોને. વ્યવહારે જાણેલો પ્રયોજવાન છે, ભાઈ! ૧૨મી ગાથામાં આવી ગઈ વાત. આહા..હા..! ચારે કોરથી જુઓ તો... ભગવાન આત્મા સ્વપરપ્રકાશકનો અનુભવ થયો એ વાસ્તવિક નિશ્ચય સત્ય, હવે એની પર્યાયમાં હજી રાગ છે, શુદ્ધની દશા પણ અપૂર્ણ છે ભાન થયું છતાં, તો તેને કહે છે કે જાણેલો પ્રયોજનવાન છે. આહા..હા..! ગજબ વાત કરે છેને. એ રાગ અને અપૂર્ણ દશા છે તેને જાણવી, બસ એટલું. આહા..હા..! એથી અહીં વિશ્વપ્રકાશક કહ્યો. આહા..હા..!

તેને કહેનારો હોવાથી '**શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે.**' છેને? આહા..! '**સમસ્ત પદાર્થોનું કહેનારું હોય તેને શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે. દ્વાદશાંગશાસ્ત્ર શબ્દબ્રહ્મ છે...**' શું કહે છે? ભગવાનની શ્રીમુખે વાણી નીકળી. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે' ભગવાનની ૐ ધ્વનિ (નીકળે). હોઠ બંધ હોય, કંઠ ધ્રુજે નહિ, હાથ હલે નહિ, આખા શરીરમાંથી ૐ ધ્વનિ ઉઠે. આહા..હા..! ભગવાનને આવી વાણી ન હોય આ ભેદવાળી. એને એકાક્ષરી વાણી ૐ ધ્વનિ આખા શરીરમાંથી ઉઠે. એ 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે' સંતો આત્મજ્ઞાની મુનિઓ આનંદના રસીલા સંતો એ વાણીને રચે. આહા..હા..! એમ કહેવું એ પણ વ્યવહાર છે. એ રચાયેલી ક્રિયાને આત્મા જાણે એ

સ્વપરપ્રકાશક-વિશ્વપ્રકાશક. સમજાય છે કાંઈ? આહા..હા..! બહુ સમાડ્યું છે. છેલ્લામાં બહુ સમાડ્યું છે. આહા..હા..!

**'શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે. દ્વાદશાંગશાસ્ત્ર શબ્દબ્રહ્મ છે...'** બાર અંગ. ભગવાનના શ્રીમુખે કેવળી પરમાત્માના શ્રીમુખે, પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં સીમંધર પરમાત્મા, ચોવીસ તીર્થંકરો તો નમો સિદ્ધાણંમાં ગયા, એ તો સિદ્ધમાં ગયા, આ પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં એ તો નમો અરિહંતાણંમાં છે એથી એને વાણી હોય છે. અરિહંતને વાણી હોય છે એમ કહેવું એ પણ એક તરફ.. વાણીનો અને સ્વનો પ્રકાશક છે એ તો. ત્રિલોકનાથ તીર્થંકરદેવ વીશ વિહરમાન પરમાત્મા મનુષ્યદેહે કેવળી પરમાત્મા પૂર્ણ જ્ઞાની અરિહંતદેવ વીશ બિરાજે છે મહાવિદેહક્ષેત્ર. એના શ્રીમુખે વાણી નીકળી એ કુંદકુંદાચાર્ય ઝીલીને આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. આહા..હા..! એ શાસ્ત્રને દ્વાદશ-બાર અંગ કહેવાય છે. ઝીણી વાત બહુ. એક આચારાંગ શાસ્ત્ર કહેવાય છે. એ આચારાંગમાં ૧૮ હજાર પદ હોય છે અને એક પદમાં ૫૧ કરોડ જાજેરા શ્લોક હોય છે. એને એક આચારાંગ કહીએ, એનાથી ડબલ સૂયગડાંગ, જેમાં ૩૬ હજાર પદ. એક પદમાં ૫૧ કરોડ જાજેરા શ્લોક, એથી ડબલ ૭૨ હજાર ઠાણાંગ. એમ ડબલ કરતાં... કરતાં... કરતાં... કરતાં... ૧૧ અંગે લઈ જવું. આહા..હા..! જેના અબજો... અબજો... અબજો... શ્લોકો અને એમ કરતાં બાર અંગમાં જ્યાં લઈ જવું. બાર અંગ એટલે કે આ અલૌકિક વાત બાપા એ તો. એ ભણી ભણાય નહિ, એ તો અંદરથી પ્રગટ થાય. આહા..હા..! બાર અંગનું જ્ઞાન પ્રગટ થાય અને વાણીમાં એ બાર અંગ જ કહે છે ભગવાન. કેવળજ્ઞાની કેવળજ્ઞાન નથી કહેતા. એ દ્રવ્યશ્રુતને જ કહે છે. આહા..હા..! ભગવાનની વાણીમાં બાર અંગનું જ્ઞાન આવ્યું, એ બાર અંગને શબ્દબ્રહ્મ કહે છે. પૂર્ણ શાસ્ત્રને શબ્દબ્રહ્મ કહે છે. છે?

**'અને આ સમયપ્રાભૃતશાસ્ત્રને પણ શબ્દબ્રહ્મની ઉપમા છે.'** આહા..હા..! કારણ કે બાર અંગ શબ્દબ્રહ્મનો જ આ એક અંશ છે. આહા..હા..! શું હશે આવી વાતું તે! અહીં તો અમે નવરા નથી પાપ આડે. સંસારમાં સાંભળવાની નવરાશ મળે તો આવું તો કોઈ દિ' સાંભળતા નથી. એય..! ભગવાનજીભાઈ! આહા..હા..! બાપુ! શું કહીએ? અરે! એ રખડે છે ચોર્યાસીના અવતારમાં. આહા..હા..! એને આત્મા શું ચીજ છે એની ખબર નથી અને એની ખબરું વિના કંઈને કંઈક માની કલ્પીને આત્માને કલ્પીને બેઠો છે એ. જાણે કે હું આ કરું છું, આ વ્યવસ્થા કરું છું, બધાને આ કરું છું. આહા..હા..! વેપાર-ધંધાની ક્રિયા પણ થડે બેઠો હું કરું છું. વ્યવસ્થિત કામ આમ લેવાય, આમ દેવાય, આમ બોલાય, આમ કરાય. ભાઈ! વ્યવસ્થિત કોને કહેવું? બાપા! વ્યવસ્થિત એટલે વિશેષ અવસ્થા. એ દરેક પદાર્થની જે ક્રિયા થાય એ જ વ્યવસ્થા પદાર્થની છે. એ પદાર્થથી વ્યવસ્થા થાય છે, આત્માથી નહિ. આહા..હા..! વ્યવસ્થા કહે છેને? વ્યવસ્થાનો (અર્થ) શું? વિશેષ અવસ્થા. વ્યવસ્થા એટલે વિશેષ દશા. એટલે જે કાંઈ પરમાણુ અને આત્માની જે વિશેષ દશા છે—હાલવું,

ચાલવું ક્રિયા જે જડની થાય છે એ પદાર્થની વ્યવસ્થા છે, એ જડની વ્યવસ્થા છે, એ આત્માની નહિ. આહા..હા..! કહો, ચંદુભાઈ! આ શું તમારે રંગના .. ભર્યા છે અંદરમાં. આહા..હા..!

પ્રભુ! તને ખબર નથી. એ પરમાણુએ પરમાણુ... આ તો એક આ તો ઘણા રજકણનો પિંડ છે આ. આ કાંઈ એક ચીજ નથી. એના કટકા કરતાં... કરતાં... કરતાં... આનો પોઈન્ટ છેલ્લો એક રજકણ રહે એને પરમાત્મા જિનેન્દ્રદેવ પરમાણુ કહે છે. પરમ-અણુ. એની પણ જે અવસ્થા જે સમયે થાય તે તેની વ્યવસ્થા છે. એ આત્માથી તેની વ્યવસ્થા થઈ શકે એ ત્રણકાળમાં નથી. એ કહે છેને. માને છે. એ રામવિજયની એ બધા સાથે વાત થઈ હતીને સુમનભાઈ ને. રામજીભાઈના દીકરા સુમનભાઈ અને આ જજ. આપણે કનુભાઈ અમદાવાદમાં જજ છેને જજ. હીરાભાઈનો દીકરો. ઘણાં વર્ષ પહેલાં આ ત્યાં ગયેલા. ત્યારે કહે ભાઈ આ તો આત્મા શરીરનું કરી શકે, પરમાણુનું ન કરી શકે. અરે! પ્રભુ! શું કરે છે તું આ? અરે! ભગવાનના વિરહ પડ્યા, સર્વજ્ઞ ત્રિલોકનાથના અંતર પડ્યા અને આ તું એને નામે શું કહે છે આ? સમજાણું કાંઈ?

અહીં છોકરાઓનું હતુંને કાંઈક શું કહેવાય? કાંઈક હતું મંડળ. .. મંડળ સ્થાપ્યું હતું ઘણા વર્ષમાં. ત્યારે એ સુમનભાઈ અને કનુભાઈ બેય ગયા હતા પાલીતાણાએ. એણે પૂછ્યું રામવિજયના ગુરુને કે આ બધું શરીરનું આ કરી શકાય કે નહિ? પરનું કરી શકાય કે નહિ? કે પરમાણુ જે ઝીણો છે પોઈન્ટ એનું ન કરી શકાય, પણ આ શરીરનું, વાણીનું એનું કરી શકાય. એય..! ભગવાનજીભાઈ! પ્રભુ! બાપુ! શું કરે? ખબર નથી. એ ચીજ જ નથી અત્યારે. એ આખા ચીજના... આહા..હા..! અરેરે! પરમાણુ અને શરીરની જે અવસ્થા વર્તમાન થાય તે તે પદાર્થની તે વિશેષે વ્યવસ્થા તેની છે. એને આત્મા કરી શકે, ત્રણકાળ, ત્રણલોકમાં અજ્ઞાની માને પણ આત્મા કરી શકતો નથી. આહા..હા..!

ચોખાનો વેપાર હોય તો ચોખાની ગુણ તોળે કાંટામાં. કહે છે કે એ કાંટાની ક્રિયા અને ચોખાની ક્રિયા એ આત્મા કરી શકતો નથી તોળવાની. આહા..હા..! ચાર મણ અને અઢી શેર એમ બોલે. ત્યાં અમારી દુકાન પાસે મોટી દુકાન હતી પાલેજમાં. આ તો ૬૫ વર્ષ પહેલાંની વાતું, ૬૬ વર્ષ પહેલાંની. નદરુદિન નરુદિન વડોદરાવાળા છે વોરા. એની મોટી દુકાન. અમારી દુકાન આ બાજુ. પછી ઓલા મજૂર તોળે. લાકડાનું હોયને મોટી ઘોડી એમાં રાખે. ચાર મણ એન સાડા સાત શેર એમ બોલે મજૂર પૂરું થાય એટલે. શું છે પણ એ? એ કાંટો ચાલ્યો, ઉંચો-નીચો થયો, ચોખાની ગુણ એમાં પડી એ શું થયું? એ તો જડની અવસ્થા થઈ. આત્મા એને તોળી શકે કે ચોખાની ગુણ રાખી શકે કે કાંટામાં નાખી શકે (એમ ત્રણકાળમાં નથી). અરેરે! આવી વાતું! પાગલ જેવી વાતું છે. ભાઈ! શું થાય? પરમાત્માનો પંથ તો આ છે કે એ અવસ્થાને વિશ્વપ્રકાશક પ્રભુ હોવાથી જાણનારો છે. આહા..હા..!

છે? **'આ સમયપ્રાભૃતશાસ્ત્રને પણ શબ્દબ્રહ્મની ઉપમા છે. આ શબ્દબ્રહ્મ પરમબ્રહ્મને સાક્ષાત્ દેખાડે છે.'** આહા..હા..! એ સાકર શબ્દ એ સાકરને દેખાડે છે. એમ આ શબ્દબ્રહ્મ શાસ્ત્ર ભગવાન અંદર સ્વપર વિશ્વપ્રકાશક ચૈતન્યમૂર્તિ તેને પ્રકાશે છે, તેને બતાવે છે. આહા..હા..! ભારે વાતું બાપુ આ તો. દુનિયા સાથે મેળ કરવા જાય તો કાંઈ મેળ ખાય એવો નથી. આહા..હા..! પરમબ્રહ્મ. આહા..હા..! શબ્દબ્રહ્મ... છેને? તેને દેખાડે છે. **'જે આ શાસ્ત્રને ભણીને...'** આહા..હા..! શાસ્ત્રને ભણીને એમ કીધું છે. આહા..હા..! **'તેના યથાર્થ અર્થમાં ઠરશે,...'** આહા..હા..! શાસ્ત્ર એમ કહે છે કે તારો પદાર્થ જે છે એ વિશ્વપ્રકાશક છે. વસ્તુ છે વસ્તુ અસ્તિ છે. એને આ શાસ્ત્રથી ભણીને એ વસ્તુમાં ઠરશે. જે સ્વપર વિશ્વપ્રકાશક એટલે ચૈતન્ય ભગવાન ચૈતન્યસૂર્ય પ્રભુ એમાં દૃષ્ટિ કરીને (એમાં ઠરશે). શાસ્ત્રમાં એ કહેવાણું છે. આહા..હા..! શાસ્ત્રને આ કહેવું છે કે આ તારી ચીજ છે એ વિશ્વપ્રકાશક છે તેમાં એકાગ્ર થા. સમજાણું કાંઈ? આહા..હા..! વાતે વાતે ફેર છે. ઓલા કહે છેને, 'આણંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક ત્રાંબિયાના તેર.' એમ પરમાત્મા કહે છે કે ભાઈ! તારી માનેલી વાતમાં અને અમારી વાતમાં વાતે વાતે ફેર છે. પ્રવિણભાઈ! આહા..હા..! ભાઈ! તને તારી ચીજની ખબર નથી. એ શાસ્ત્ર બતાવે છે. આ શાસ્ત્ર એને બતાવે છે. શું? કે વિશ્વપ્રકાશક ચૈતન્ય છે તેને એ બતાવે છે. આહા..હા..!

**'આ શાસ્ત્રને ભણીને તેના યથાર્થ અર્થમાં...'** યથાર્થ અર્થ એટલે જે છે અર્થ આત્મા પદાર્થ. આહા..હા..! ચૈતન્યઘન એ તે ક્યાં જોવો એને? ચૈતન્યસ્વભાવથી ભરેલો એકલો પૂર્ણાનંદ પ્રભુ આત્મા. એ શાસ્ત્ર ભણીને આ એમાંથી કાઢવું કહે છે. શાસ્ત્રને, ભગવાનના શાસ્ત્રને કહેવું છે આ. લાખ વાતની વાત હોય. આહા..હા..! આવે છેને છ ઢાળામાં આવે છે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ઉર ધ્યાવો.' આહા..હા..! કહે છે, **'ભણીને તેના યથાર્થ અર્થ...'** યથાર્થ અર્થ. કેમકે જેવો પદાર્થ છે તે રીતે એમ. આત્મા જેવો યથાર્થ છે એવો યથાર્થ કેવો છે? કે વિશ્વપ્રકાશક છે એ યથાર્થ છે. આહા..હા..!

**'તેના યથાર્થ અર્થમાં ઠરશે, તે પરમબ્રહ્મને પામશે;...'** પરમબ્રહ્મ કોણ? પોતે ભગવાન. પરમ આનંદસ્વરૂપ પ્રભુ અંદર. આહા..હા..! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર પરમાત્મા પોતે છે. પરમાત્મા થઈ ગયા એ તો પર્યાયમાં થઈ ગયા, અવસ્થામાં. આ તો પોતાના સ્વરૂપમાં આવું એનું સ્વરૂપ છે. આહા..હા..! એવો જે અર્થમાં ઠરશે. **'યથાર્થ અર્થમાં ઠરશે,...'** એમ કીધું. જેવું એનું સ્વરૂપ છે તેમ જાણીને યથાર્થ અર્થમાં ઠરશે. આહા..હા..! શાસ્ત્રમાંથી પણ આવું એ કાઢે કે આત્મા તો વિશ્વપ્રકાશક છે. એવું કાઢીને યથાર્થ જે વિશ્વપ્રકાશક છે એવો જે આ આત્મા એમાં ઠરશે, એમાં દૃષ્ટિ દેશે અને દૃષ્ટિથી વિશેષ એમાં ઠરશે. આહા..હા..! બે વાત પૂરી કરવી છેને અહીં તો. વિશ્વપ્રકાશક પ્રભુ એમાં જે દૃષ્ટિ દેશે તેને સમ્યગ્દૃષ્ટિ

કહીએ. પછી એમાં ઠરશે તે પરમબ્રહ્મને પામશે. પરમબ્રહ્મ જેવો ભગવાન પૂર્ણાનંદ સ્વભાવ તેવો પર્યાયમાં પ્રાપ્ત થશે. આવી વાતું છે. કહો, કાંતિભાઈ! વાત તો આવી છે, બાપુ! આહા..હા..!

**'અને તેથી, જેને 'પરમાનંદ' કહેવામાં આવે છે...'** આહા..હા..! શું કહે છે ઈ? કે વિશ્વપ્રકાશક સ્વપરપ્રકાશક એવો જ્ઞાનમૂર્તિ પ્રભુ, શાસ્ત્રમાંથી ભણીને આ આવો આત્મા છે એમ કાઢશે અને ભણીને આ કાઢીને એમાં જશે. વસ્તુ સ્વપરપ્રકાશક પ્રભુ અંદર બિરાજે છે પોતે આત્મા. આહા..હા..! હવે એને ભગવાન કહીને (બોલાવે છે). બાપુ! તને ખબર નથી, પ્રભુ! તું ભગવત્ સ્વરૂપ છો અંદર. આહા..હા..! ગર્ભમાં માણસ હોય તો પ્રસવમાં માણસ આવે. ગર્ભમાં ઢોર હોય એને પ્રસવમાં માણસ આવે? આહા..હા..! એમ જેના ગર્ભમાં સર્વજ્ઞ અને પૂર્ણ આનંદ પડ્યો છે એના ગર્ભમાં અંદર શક્તિમાં, એમાં ઠરવાથી તેની પર્યાયમાં પરમ આનંદ અને પરમજ્ઞાન રૂપે પરિણમી જશે. સમજાણું કાંઈ? આવી વાતું. આ તે જૈનધર્મની આવી વાતું હશે? આપણે જૈનધર્મમાં તો ભાઈ સામાયિક કરવી, પોષા કરવા, પડિક્કમણા કરવા, ઈચ્છામી પડિક્કમણું કરવું, તસ્સ ઉતરી કરણેણં, લોગસ્સ .. બાપુ! એ બધી ક્રિયાની વાતું ભાઈ! તને ખબર નથી. આહા..હા..!

અંતર ભગવાન એ બધી ક્રિયાઓ થવાના કાળમાં પણ યથાર્થ પદાર્થ તો સ્વને-પરને જાણે એવું એનું સ્વરૂપ છે. માટે તેને જાણીને તેમાં ઠરશે. આહા..હા..! પણ એ ચીજ શું છે એ જગતને બેસવી કઠણ. કેમકે વર્તમાન પર્યાય જે અવસ્થા છે... હજી પર્યાય એટલે શું એની ખબર ન મળે. ભગવાન આખો આત્મા જે છે એની વર્તમાન દશા છે. આ ઉઘાડ છેને જ્ઞાનનો વિચાર? અલ્પજ્ઞપણું છેને એ? એમાં વિચાર ચાલે છેને. એ વિચાર અલ્પજ્ઞની દશા તેમાં જ એની રમતું અનાદિની છે. એથી એ અલ્પજ્ઞની પર્યાયની પાછળ તત્ત્વ, આત્મતત્ત્વ જે આખું પડ્યું છે એ વિશ્વપ્રકાશક છે તેને એ જોતો નથી. આહા..હા..! કહો, દેવીલાલજી!

દેવનો દેવ છો પ્રભુ તું. આહા..હા..! તને ખબર નથી. એ અરિહંત પરમેશ્વર થયા એ ક્યાંથી થયા? દશામાં અરિહંત કેવળજ્ઞાન પરમાત્મદશા થઈ, પ્રભુ! ક્યાંથી થઈ એ? કાંઈ બહારથી આવે છે? આહા..હા..! તારા પેટમાં ગર્ભમાં એ અનંત જ્ઞાન આનંદ પડ્યો છે અંદર. આહા..હા..! એવા સ્વભાવમાં શક્તિવંતમાં જે કોઈ શાસ્ત્ર ભણીને આત્મા સ્વપરપ્રકાશક છે એવું જાણીને તેમાં ઠરશે તે પૂર્ણાનંદને પામશે. સમજાણું કાંઈ? આહા..હા..! એ અતીન્દ્રિય આનંદને પામશે. આ ઈન્દ્રિયોના સુખની કલ્પના મૂઢની છે એ તો મૂર્ખાઈ ભરેલી કલ્પના છે. મને જાણે પૈસાથી સુખ મળે, બાયડીથી સુખ મળે. આહા..હા..! મકાન મોટા હજીરા કરે ૨૫-૨૫ લાખના અને ૫૦ લાખના. એમાં હિંડોળે હીંચકતો હોય અને ચૈત્ર મહિનાનો તડકો હોય અને આમ (બેઠો હોય). શું છે પ્રભુ! તને શું થયું આ?

**શ્રોતા :-** અનાદિની ઘેલછા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘેલછા છે પ્રભુ તને. તું જ્યાં છો ત્યાં આ ચીજ છે જ નહિ. એ બધી હિંડોળાના હીંચકા, મકાનો અને પૈસા ને બાયડી ને છોકરા એ બધી ચીજ તો પર છે, એ તારામાં તો છે જ નહિ. આહા..હા..!

**શ્રોતા :-** લોકોત્તર અપેક્ષાએ નથી, લૌકિક અપેક્ષાએ તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લૌકિક અપેક્ષાએ નથી, માને છે એ. માને છે એથી કાંઈ એના થઈ ગયા નથી.

**શ્રોતા :-** એના થાય તો તો નિશ્ચય થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થઈ રહ્યું તો એ માને છે. એ માન્યતા જૂઠી છે. આહા..હા..!

પરમાત્મા વીતરાગદેવ જિનેન્દ્ર પ્રભુ એમ કહે છે. આ તો ૪૧૫ ગાથા છેલ્લીએ તો ગજબ કરી નાખ્યોને! કળશ ચડાવી દીધો છે. આહા..હા..! ભાગ્યશાળીને તો કાને પડે એવી વાત છે, બાપા! શું કહીએ? આહા..હા..! અંદર ચૈતન્ય ચૈતન્યચંદ્ર પ્રભુ જેનો સ્વભાવ વિશ્વપ્રકાશક છે. બધાને જાણવું, લોકાલોકને જાણવું. આહા..હા..! એવા સ્વભાવને શાસ્ત્રમાંથી કાઢીને, ભણીને આ ભણે કે આ તો આત્મા વિશ્વપ્રકાશક સ્વરૂપ છે, એવું ભણે. પછી એમાં ઠરે. આહા..હા..! સમજાણું કાંઈ? એનો અર્થ એ થયો કે વચમાં કોઈ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવે, પણ એ તો રાગ છે, એને એ પ્રકાશનારો છે. એ એને જાણનારો છે એમાં ઠરે, રાગમાં ઠરે નહિ. આહા..હા..! એવું છે.

**'પરમાનંદ કહેવામાં આવે છે એવા ઉત્તમ, સ્વાત્મિક,...'** આહા..હા..! એની દશામાં પુણ્ય અને પાપના ભાવ તે દુઃખરૂપ છે. આહા..હા..! એને પણ સ્વપરપ્રકાશક હોવાથી જાણનારો છે. એવો જે જાણનારો ભગવાન એને પુણ્ય-પાપમાં ન ઠરતાં. કારણ કે એનો તો આ પ્રકાશક છે. આહા..હા..! એટલે કે વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ ઉઠે રાગ... આહા..હા..! ગજબ કામ કર્યું છેને! એનો તો પ્રકાશક છેને પ્રભુ તું! એનો તો તું જાણનાર છુંને! એનો તું નથી, પણ એનો તું જાણનાર છોને. આહા..હા..! પરમાત્મા જિનેશ્વરદેવ તીર્થંકરમાં આ માર્ગ છે, બીજે ક્યાંય છે નહિ. આહા..હા..! એના વાડાવાળાને પણ ખબર નથી. આહા..હા..! મજૂરી કરી કરીને મરી જવાના બધા. આહા..હા..! આ મજૂરી રળવાની. બાયડી, છોકરાને સાચવ્યા, રાખ્યા.

**શ્રોતા :-** રળવાની મજૂરી કે ખોવાની મજૂરી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આત્મા ખોવાની મજૂરી છે ઈ. બાપુ! એવો માર્ગ (છે). પ્રભુ શું કહીએ? તેં સાંભળ્યો ન હોય એટલે તને એવું લાગે કે આ તે પાગલ જેવી વાતું છે કે નહિ? એય..! પાગલોને પાગલ જેવી વાત લાગે. ભગવાન! શું કહીએ?

ત્રણલોકના નાથ પરમેશ્વર એમ ફરમાવે છે. સાક્ષાત્ ભગવાન બિરાજે છે. આહા..હા..! એને વાણી છે. અરિહંતને વાણી હોય. વાણી હોય એમ કહેવું એ નિમિત્ત છે, પણ એને

વાણી એમાં હોય, સિદ્ધને વાણી હોય નહિ. નમો સિદ્ધાણં એ તો શરીરરહિત થઈ ગયા પરમાત્મા. એ વાણીમાં આ આવ્યું છે. આહા..હા..! એને કહે છે કે પ્રભુ! એકવાર આ વાણીને ભણીને. આમાં પાછું એકાંત કોઈ તાણી જાય કે ભગવાન તો રાગરહિત જ છે, એમાં રાગ પર્યાયમાં છે જ નહિ, એમ નહિ. પર્યાયમાં રાગ છે, પણ એ રાગનો જાણનાર છે, રાગનો જાણનાર છે. પણ હોય એને જાણનારો છેને? એ મોટી તકરાર છેને.

આજે મોટું લખાણ આવ્યું છે. અહીં કહેનારા પણ પૂરું ન સમજે અને એકદમ દીધે રાખે. ચંદુભાઈ! તેથી ભાઈએ હુકમચંદજીએ બે પાના કાઢ્યા છેને. અહીંના માણસો વાંચવા જાય ૯૫ ગામમાં હિન્દુસ્તાનમાં. પણ આ પૂરું સમજ્યા વિના એકાંત તાણવા જાય કે સમકિતીને રાગ અને દ્વેષ બિલકુલ પર્યાયમાં હોતા જ નથી, એમ નથી. આહા..હા..! એણે દાખલો આપ્યો છે એમ કે આ ભરતચક્રવર્તી અને બાહુબલી બે ભાઈઓ હતા. બે વઢ્યા છેને. ત્યારે ઓલાએ કીધું કે પણ એ તો સમકિતી હતા, ત્યારે આ કહે છે કહેનારો કોઈ પ્રવચન કરનારો વડોદમાં હતો. એ તો મિથ્યાદૃષ્ટિ વખતે વઢ્યા છે. આજે લખાણ આવ્યું છે. વડોદમાં. વડોદ છેનને? અહીંનો છેને મુમુક્ષુ છે, પણ સમજ્યા વિના દીધે રાખે. આહા..હા..! એમ કે ઓલા કાઢ્યું કે એ બે સમકિતી હતા. ઋષભદેવ ભગવાનના પુત્ર ભરતચક્રવર્તી અને બાહુબલ બે વઢ્યા છે. સમજાણું? નથી અહીં. આવ્યું છેને આમ ચક્ર. ભરત ચક્ર આમ મૂકે છે બાહુબલજીને. ભરતચક્રવર્તી મોટા ભાઈ અને બાહુબલી નાના ભાઈ.

**શ્રોતા :-** મોટા ભાઈ નાના ભાઈ કરતા શરીરે નીચા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઊંચા હતા. બાહુબલીજી ઊંચા હતા. ત્રણ લડાઈ થઈ બેને. બાથં બાથે. પછી પાણીની થઈ. પાણીના હિલોળા ચડાવ્યા ઓલાએ. ભરતનું શરીર નાનું અને ઓલા બાહુબળ નાના હતા પણ શરીર મોટું એટલે પાણીનો હિલોળો ત્યાં ન પહોંચે અને આ પાણી મારે એને પહોંચે. એમાં હારી ગયા ભરત. કુસ્તીમાં હારી ગયા આંખમાં, દૃષ્ટિમાં. કારણ કે ઓલા બાહુબલજી ઊંચા હતા અને આ નાના એટલે આમ કર્યું તો દૃષ્ટિ થઈ ગઈ એ. બે લડાઈ કરી. ત્રીજી લડાઈ હવે ચક્ર મૂકવાની મૂકી ભરતે. ચક્રવર્તી હતાને. ચક્ર હોય છે એની હજાર દેવ સેવા કરે. આજે આવ્યું છે સન્મતિ સંદેશમાં. બાહુબલીજી ઊભા છે. ત્યારે કહે છે કે વખતે કે સમકિતી હતા કે મિથ્યાદૃષ્ટિ? એટલે ઓલા વાંચનારાને કાંઈ ખબર નહિ અહીંના તરફનો (હતો). એ તો મિથ્યાદૃષ્ટિ હતા એ વખતે માટે આમ લડે. તો પછી એણે પ્રશ્ન કર્યો કે તો આ વાસુદેવને છ-છ મહિના સુધી બળદેવ ઉપાડે છેને. એ મિથ્યાદૃષ્ટિ હતા? આવે છેને? વાસુદેવ ગુજરી જાય. નાના ભાઈ હોય. બળદેવ મોટા ભાઈ હોય. ત્રણ ખંડના ધણી. પ્રેમ ઘણો એટલે આમ ઉપાડીને છ મહિના સુધી રાખે, પણ છતાં સમકિતી હતા. એ રાગ અને ક્રિયા થાય છે તેના એ જાણનાર રહેતા. રાગ નથી જ, એ ક્રિયા નથી જ એને એમ નહિ. આવી વાત છે.

અહીં તો ત્યાં સુધી કહ્યું હતું. શેઠિયાને એ થઈ ગયું હતુંને. દીપચંદ શેઠિયાને. અહીં તો કાયમ આવનારા. એને એમ થઈ ગયું કે ઓલાએ લખ્યું નિહાલભાઈએ દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં કે સમકિતીને પણ જે શુભભાવ થાય એ ભઠ્ઠી છે. એ ન એને ગમ્યું. નહિ, સમકિતીને ભઠ્ઠી લાગે જ નહિ. એને દુઃખ ભઠ્ઠી લાગે એ તીવ્ર કષાયવાળો છે. આહા..હા..! નહિતર કેટલો ભણેલો, વાંચેલો અહીં કેટલા નિવૃત્તિવાળો માણસ, ઘણા લાખોપતિ. પણ ફરી ગયું અને એને લઈને કેટલાય ફરી ગયા. હજી ફરતા નથી. બે જણા આવી ગયા હતા. આવી ગયા. બાપુ! એ ત્યાં સુધી... અરે! ચૌદમે ગુણસ્થાને પણ હજી અસિદ્ધ છે. એટલી અશુદ્ધતા છે કે નહિ? એ તો સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનો વિષય ચાલતો હોય ત્યારે તેને અશુદ્ધતા નથી, શુદ્ધ પરિણમન છે એમ કહેવાય, પણ જ્યારે એની સાથેનું જ્ઞાન છે એ તો ક્ષણ ક્ષણની જે વિકૃત અવસ્થા 'તે મારી છે અને મારાથી પરિણમન છે' એમ એ જાણે છે. દેવીલાલજી! આહા..હા..!

વીતરાગમાર્ગ અનેકાંત જે રીતે છે એ રીતે ન સમજે અને એમને એમ અનાદિથી ચાલ્યો જાય છે રખડતો-રખડતો. આહા..હા..! એ માણસ મરીને ઢોર થાય, ઢોર મરીને નરકે જાય. નરકમાં પીડાનો પાર નહિ, બાપુ! એવા અનંતા નરકના ભવ કર્યા. એને સાચા સમ્યગ્દર્શન શું એની ખબર ન મળે. ક્રિયાકાંડો કરી બહુ, વ્રત કર્યા, તપ કર્યા તો મરીને સ્વર્ગમાં જાય, ત્યાંથી મરીને મનુષ્ય થાય અને તિર્યંચ થઈને મરીને નરકે જવાના. આહા..હા..! જેને આત્મા જે ચીજ છે એનું સમ્યગ્દર્શન જ નથી... આહા..હા..! એટલે એ સમ્યક્ શ્રદ્ધા અને સમ્યક્ ચીજ છે તેવી પ્રતીતિ જ નથી, એ બધા ચાહે તો સાધુ હોય તોપણ એ મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં રખડવાના. આહા..હા..!

અહીં એ કહે છે. ''**પરમાનંદ' કહેવામાં આવે છે એવા ઉત્તમ,...**' આહા..હા..! એની દશામાં સ્વરૂપ જે શુદ્ધ ત્રિકાળ છે તેમાં અનંત આનંદ ભર્યો છે, અતીન્દ્રિય જ્ઞાન અનંત બેહદ જેમાં ભર્યું છે, અનંતી બેહદ જેમાં અપરિમિત શાંતિ પડી છે અંદર. એમાં જે ઠરશે દૃષ્ટિ કરીને એ પર્યાયમાં પરમાનંદ અને પરમ શાંતિનું પરિણમન એને થઈ જશે. એનું નામ મોક્ષ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ''**પરમાનંદ' કહેવામાં આવે છે એવા ઉત્તમ, સ્વાત્મિક,...**' પોતાનું સ્વાત્મિક તે સુખ છે. આ ઈન્દ્રિયોમાં જે કલ્પ્યું છે એ તો દુઃખ છે. વિષયમાં, ભોગમાં, ખાવા-પીવાના મેસુબ ખાતો હોય. ચાર શેર ઘીનો પાયેલો મેસુબ અને પતરવેલીયા. શું કહેવાય? અળવીના પાન. અળવીના પાન હોયને મોટા અને ચણાનો લોટ. પછી વાટા કરીને, કટકા કરીને ઘીએ તળે અને ખાતો હોય ત્યારે આહા..હા..! પણ એ તો ધૂળ છે માટી. એમાં સ્વાદ આવ્યો શું તને? આહા..હા..! એ વખતે એ રાગનો સ્વાદ લે છે, એ મેસુબનો અને પતરવેલીયાનો નહિ. ધર્મી જ્યારે થાય છે ત્યારે અંદર દૃષ્ટિ આત્મામાં જાય છે ત્યારે અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે છે. આહા..હા..! આવો ફેરફાર છે

મોટો. બહુ ફેરફાર છે, બાપુ!

'**ઉત્તમ, સ્વાત્મિક, સ્વાધીન,...**' એ પરમ આનંદ સ્વાધીન પ્રગટે છે. આહા..હા..! જે અંતરમાં પ્રાપ્ત અતીન્દ્રિય આનંદ છે એની પ્રાપ્તિ પર્યાયમાં અતંરદષ્ટિથી થાય છે. અંતરના ધ્યાનથી પર્યાયમાં તેની પ્રાપ્તિ થાય છે, તેથી સ્વાધીન છે. '**બાધારહિત,...**' છે. એને કોઈ વિઘ્ન કરનાર ન મળે. આહા..હા..! જેમ દ્રવ્ય અને ગુણમાં કોઈ વિઘ્ન છે જ નહિ, એમ પર્યાય નિર્મળ થાય એમાં કોઈ વિઘ્ન કરનાર ન મળે. પરમાત્મા થયો આત્મા પરમાનંદની પ્રાપ્તિ, હવે એને સંસાર અને ભવ થાય એવું કોઈ છે જ નહિ. આહા..હા..! '**અવિનાશી સુખને પામશે. માટે, હે ભવ્ય જીવો! તમે પોતાના કલ્યાણને અર્થે આનો અભ્યાસ કરો,...**' આહા..હા..! એક એલ.એલ.બી. અને એમ.એ.ના પૂંછડા વળગાડવા ૨૦-૨૦ વર્ષ ભણે, આ વકીલો ને ડૉક્ટરો. આ ડૉક્ટર રહ્યા. આહા..હા..! ભાઈ! એ તો પાપનો અભ્યાસ છે. આનો અભ્યાસ કરને એકવાર. તું કોણ છો? એ શાસ્ત્રનો અભ્યાસ કર. આહા..હા..!

'**આનો અભ્યાસ કરો, આનું શ્રવણ કરો,...**' આનું શ્રવણ કરો. સમયસાર શાસ્ત્ર એનું શ્રવણ કરો. જે શબ્દબ્રહ્મ છે, વિશ્વબ્રહ્મને પ્રકાશનારું તેને શ્રવણ કરો. આહા..હા..! સમજાણું કાંઈ? '**નિરંતર આનું જ સ્મરણ...**' આહા..હા..! આ વેપારી બહુ હોયને એવા, એવા વેપારમાં મશગુલ હોયને તે રાતે પણ સ્વપ્નામાં એમ આવે. લ્યો.. લ્યો.. ચાર હાથ લ્યો... પછેડી ઓઢી હોયને એ ફાડે ફડાક દઈને. હા, હા. આમ બનેલું છે. આ તો આપણે અહીં ભગત હતાને રાણપુર. ભગત નહોતા? મોહનજી ભગત. નારણભાઈના નોકર હતાને. નારણભાઈના બાપના નોકર હતા. ..વાળા. બધા ઘણાં જોયા છેને. રાતે ઉઠે તો લ્યો! .. ફાડ્યો. અહીં તો કહેવું છે કે જેમ એને લગની સ્વપ્નમાં પણ એ છે... આહા..હા..! એમ આની લગની લગાવ. સમજાણું કાંઈ?

'**નિરંતર આનું જ સ્મરણ અને ધ્યાન રાખો કે જેથી અવિનાશી સુખની પ્રાપ્તિ થાય. આવો શ્રી ગુરુઓનો ઉપદેશ છે.**' આમ પરમાત્માના સંતો જૈન પરમેશ્વરના સંતો આત્મજ્ઞાનીઓ અનુભવીઓ એનો આ ઉપદેશ છે. આ કરો. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

પ્રકાશક
**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર**
સોનગઢ